# જ્ઞાનસાર અષ્ટક અને દેશના-સંગ્રહ

શ્રી કૈલાસસાગરસુરિશ્વરજી સ્મૃતિ
ગ્રંથ – ૧,

अर्हं

ન્યાયવિશારદ ન્યાયાચાર્ય શ્રીમદ્
યશોવિજયોપાધ્યાય વિરચિત

# જ્ઞાનસાર અષ્ટક

સ્વોપજ્ઞ ભાષાર્થ અને શ્રીમદ્ દેવચંદ્રજી વિરચિત
જ્ઞાનમંજરી ટીકાના ભાષાન્તર સહિત


–: પ્રકાશક :–
શ્રી કૈલાશ કંચન ભાવસાગર શ્રમણ સંઘ સેવા ટ્રસ્ટ
૧૧૭/૬ જવાહર નગર, રોડ નં. ૮,
ગોરેગાંવ (વે) મુંબઇ-૪૦૦ ૦૬૨.

મુદ્રક : કાન્તિલાલ છેડા, છેડા ફોટો ઓફસેટ,
વડાલા, મુંબઈ-૩૧. ટે. નં. ૪૧૨ ૪૧ ૪૧


आत्माज्ञानभवं दुःखं आत्मज्ञानेन हन्यते ।
अभ्यस्यं तत् तथा येन आत्मा ज्ञानमयो भवेत् ॥

દુઃખ આત્માના અજ્ઞાનથી થયેલું છે અને તે આત્મજ્ઞાનથી નાશ પામે છે. માટે આત્મજ્ઞાનનો અભ્યાસ કરવા યોગ્ય છે, જેથી આત્મા જ્ઞાનમય થાય.

# નિ વે દ ન

જ્ઞાનસાર એ જ્ઞાનના સારએટલે નવનીતરૂપ છે. તેનું જેમ જેમ વાંચન અને મનન કરવામાં આવે તેમ તેમ નવીનતા જણાય છે. ઉત્તમ ગ્રન્થોનું લક્ષણ એ છે કે જેમ જેમ તેનું વધારે પરિશીલન થાય તેમ તેમ તેથી નવીન ભાવોની સ્ફુરણા થાય છે. તે જ કોટિનો આ જ્ઞાનસાર ગ્રન્થ છે. તેથી તેના સંપાદનમાં મને તો ખૂબ રસ પડ્યો છે. જ્ઞાનસારની રચના ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજય ઉપાધ્યાયે કરી છે અને તેના ઉપર તેમણે પોતે જ ભાષાર્થ (બાલાવબોધ) લખ્યો છે. તે સંક્ષિપ્ત છે, તોપણ તેમાં જ્ઞાનસારના ભાવને વિશદ (સ્પષ્ટ) કર્યો છે. તે સિવાય શ્રીમદ્ દેવચંદ્રજીએ જ્ઞાનસાર ઉપર જ્ઞાનમંજરી નામની ટીકા રચી છે. તેમાં તેમણે પ્રસંગે પ્રસંગે અનેક શાસ્ત્રીય બાબતોનું વિવેચન કર્યું છે, એટલું જ નહિ પરન્તુ અનેક પ્રસંગે અનેક શાસ્ત્રના ઉતારા આપી જ્ઞાનસારના રસની પુષ્ટિ કરી છે. "अध्यात्मरससेवायां रसो निरवधिः पुनः" અધ્યાત્મરસની ઉપાસનામાં અમર્યાદિત રસનો અનુભવ થાય છે અને જ્ઞાનસારના વાંચન અને મનનથી તેની સહજ પ્રતીતિ થાય છે.

જ્ઞાનસાર સાથે ભાષાર્થ અને જ્ઞાનમંજરીનો અનુવાદ આપવાથી ગ્રન્થની ઉપયોગિતામાં ઘણો વધારો થયો છે.

ભાષાર્થના સંપાદનમાં તેની એક પ્રતિ શાન્તિસાગરના ભંડારની મળી હતી તે સંવત ૧૯૪૯ ની સાલમાં કચ્છના કોડાય ગામમાં લખેલી તદ્દન નવીન પ્રતિ હતી. તેને અન્તે જણાવ્યું હતું કે "સંવત ૧૭૯૮ ના વર્ષે ચૈત્ર શુદિ ૧૫ ગુરુવારે પં. શ્રી યશોવિજય ગણીના શિષ્ય પં. શ્રી જિતવિજય ગણિના શિષ્ય પં. શ્રી સૌભાગ્યવિજય ગણીએ પોતાના ગુરુભાઈ રૂપવિજયને વાંચવા માટે લખી હતી," તેના ઉપરથી

# નિવેદન

આ પ્રતનો ઉતારો કરવામાં આવ્યો છે. તે એક પ્રતિ ઉપરથી ભાષાર્થનું સંપાદન કરવામાં આવ્યું છે. તેમાં પણ ભાષાર્થના શબ્દો કાયમ રાખી તેને અન્વયના ક્રમથી મૂકયા છે અને જ્યાં ન સમજાય ત્યાં જ સરલતાથી સમજવા માટે ભાષાર્થના ભાવને કાયમ રાખી થોડા શબ્દોનો ફેરફાર કરવો પડયો છે.

જ્ઞાનમંજરી ટીકાનો અનુવાદ કરવામાં અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ તરફથી પ્રકાશિત થયેલ શ્રીમદ્ દેવચંદ્ર ભાગ પહેલામાં મુદ્રિત થયેલ જ્ઞાનમંજરી ટીકાનો ઉપયોગ કર્યો છે. પણ તે પુસ્તક ઘણું અશુદ્ધ છપાયેલું હોવાથી અને કેટલાક પાઠો રહી ગયેલા હોવાથી અનુવાદ કરવામાં ઘણી મુશ્કેલી નડી હતી. ત્યારબાદ ભાવનગરના સંઘના ભંડારની જ્ઞાનમંજરી ટીકાની પ્રત શેઠ શ્રીકુંવરજીભાઈ આણંદજી તરફથી મળી. પરન્તુ તે પ્રતિ પણ અશુદ્ધ અને તેના અક્ષરો ભુંસાઈ ગએલા હતા, છતાં અનુવાદ કરવામાં તેની કીમતી મદદ મળી છે.

તદુપરાંત જ્ઞાનસારના સંસ્કૃત શ્લોકોનો શબ્દશઃ અર્થ પણ નીચે ટિપ્પણમાં આપવામાં આવ્યો છે.

અનુવાદ કરવામાં અને તેના સંશોધનમાં ઘણી કાળજી રાખવામાં આવી છે. અન્ય ગ્રન્થોના જે આધારભૂત પાઠો જે જે ગ્રન્થોમાંથી મળી શકયા તે તે ગ્રન્થોના પાઠ સાથે મેળવી શુદ્ધ કરીને મૂકયા છે, છતાં મતિમન્દતાના કારણે, દૃષ્ટિદોષથી કે અક્ષરયોજકના પ્રમાદથી ભૂલો રહી ગઈ હોય તેને સુધારી લેવા સુજ્ઞ વાચકોને વિનંતિ છે.

—અનુવાદક

# પ્ર સ્તા વ ના

આ જ્ઞાનસારના કર્તા ન્યાયવિશારદ ન્યાયાચાર્ય ઉપાધ્યાય શ્રીયશોવિજયજી છે. જેમ મહાપુરુષ સંબન્ધે તેમના પ્રામાણિક ઇતિહાસના અભાવે સત્ય, અર્ધ સત્ય અને અસત્ય અનેક જાતની કિંવદન્તીઓ પ્રચલિત થાય છે તેમ ઉપાધ્યાય શ્રીયશોવિજયજી સંબન્ધે સાચી ખોટી અનેક કિંવદન્તીઓ પ્રચલિત થઇ હતી. પરન્તુ જ્યારથી તેઓશ્રીના સમકાલીન શ્રીકાન્તિવિજય ગણિએ રચેલો સુજસવેલીભાસ મળી આવ્યો તે ઉપરથી તેમના જીવન સંબન્ધે થોડી પણ વિશ્વસનીય હકીકત જાણવામાં આવી છે. તે [1]ભાસને અનુસરી અહીં તેમનું સંક્ષિપ્ત જીવનચરિત્ર આપવામાં આવ્યું છે.

ગુજરાતમાં કલોલ પાસે કનોડું નામે ગામ છે. ત્યાં નારાયણ નામે વેપારી રહેતો હતો, તેને સૌભાગ્યદેવી નામે પત્ની હતી. તેને જસવંત અને પદ્મસિંહ નામના બે પુત્રો હતા. જ્યારે પંડિત નયવિજયજી કુણગેર ગામમાં ચાતુર્માસ કરી વિ. સં. ૧૬૮૮ માં કનોડે આવ્યા ત્યારે માતાની સાથે જસવંતકુમાર સાધુને વન્દન કરવા ગયા, અને ગુરુના ઉપદેશથી વૈરાગ્ય પામી પાટણ જઇને વિ. સં. ૧૬૮૮ માં દીક્ષા લીધી અને સાથે પદ્મસિંહે પણ તે પ્રસંગથી પ્રેરિત થઇને દીક્ષા લીધી. જસવંતકુમારનું યશોવિજય અને પદ્મસિંહનું પદ્મવિજય નામ રાખ્યું. તેમની વડી દીક્ષા પણ તે જ સાલમાં વિજયદેવસૂરિના હાથે થઇ. તેઓ બન્નેએ

---

૧ શ્રી૦ મોહનલાલ દેશાઈ સંપાદિત સુજસવેલી ભાસમાંથી આ જીવનચરિત્ર લેવામાં આવ્યું છે.



શાસ્ત્રવિશારદ યોગનિષ્ઠ જૈનાચાર્ય ૧૦૮ ગ્રંથપ્રણેતા

**શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ**

જન્મ : વિક્રમ સંવત ૧૯૩૦ માહા વદિ ૧૪, વિજાપુર

દીક્ષા : વિક્રમ સંવત ૧૯૫૭ માગસર સુદિ ૬, પાલનપુર

આચાર્યપદ : વિક્રમ સંવત ૧૯૭૦ માગશર સુદિ ૧૫, પેથાપુર

નિર્વાણ : વિક્રમ સંવત ૧૯૮૧ જેઠ વદિ ૩, વિજાપુર



મ્હેસાણા શ્રી સીમન્ધરસ્વામી
જિન તીર્થ નિર્માતા
પ. પૂ. આર્યદેવશ્રી
કૈલાસસાગરસુરિશ્વરજી મ. સા.



પ. પૂ. આ. ભ. કૈલાસસુરિશ્વરજી
મ. સા. ના શિષ્યરત્ન
મુ. શ્રી કંચનસાગરજી મ. સા.



પ. પૂ, આ. ભ. કૈલાસસાગર-
સુરિશ્વરજી મ. સા. ના
શિષ્યરત્ન કંચનસાગરજી
મ. સા. ના તપસ્વી
મુ. શ્રી ભાવસાગરજી મ. સા.

યોગોદ્વહન કરતા સામાયિકાદિ સૂત્રોનો અભ્યાસ કર્યો.

ત્યારબાદ શ્રીયશોવિજયજી ગુરુની સાથે વિહાર કરતા વિ. સં. ૧૬૯૯ માં અમદાવાદમાં આવ્યા અને ત્યાં સંઘ-સમક્ષ આઠ અવધાન કર્યા. તે વખતે અમદાવાદના રહીશ શાહ ધનજી સૂરાએ ગુરુ શ્રીનયવિજયજીને વિનંતિ કરી કે શ્રીયશોવિજયજી વિદ્યાનું યોગ્ય પાત્ર છે, તેથી જો કાશી જઈ ષડ્દર્શનના ગ્રન્થોનો અભ્યાસ કરે તો બીજા હેમ-ચંદ્રાચાર્ય થાય, અને જિનમાર્ગની પ્રભાવના કરે. ગુરુ શ્રી-નયવિજયજીએ કહ્યું કે એ કામ ધનસાધ્ય છે. કારણ કે અન્યમતી પંડિતો વિના સ્વાર્થે નવીન ન્યાયશાસ્રનો અભ્યાસ ન કરાવે. ત્યારે શાહ ધનજી સૂરાએ ઉત્સાહપૂર્વક કહ્યું કે તે કામમાં હું ધનની સહાય કરીશ અને પંડિતનો સત્કાર કરીશ. માટે 'યશોવિજયજીને કાશી જઈ અભ્યાસ કરાવો' એવી મારી ઇચ્છા છે.

ધનજી સૂરાની વિનંતિ માન્ય રાખી પંડિત શ્રીનયવિ-જયજીએ યશોવિજયજી સાથે કાશી તરફ પ્રયાણ કર્યું અને સરસ્વતીના ધામ કાશી પહેોંચ્યા. ત્યાં છ દર્શનોનું રહસ્ય જાણનાર તાર્કિકશિરોમણિ ભટ્ટાચાર્ય રહેતા હતા. તેમની પાસે સાતસો શિષ્યો મીમાંસાદિ શાસ્રોનો અભ્યાસ કરતા હતા. તેમની પાસે યશોવિજયજીએ ન્યાય, મીમાંસા, બૌદ્ધ અને વૈશેષિક દર્શનો તથા ચિન્તામણિ આદિ નવ્ય ન્યાય-શાસ્રનો અભ્યાસ શરૂ કર્યો. એ પ્રમાણે તેમણે નિરન્તર ત્રણ વરસ સુધી રસપૂર્વક અધ્યયન કર્યું.

ત્યારબાદ ત્યાં એક વિદ્વાન્ સંન્યાસી મોટા આડંબર

સાથે વાદ કરવા આવ્યો અને પંડિત યશોવિજયજીએ વિદ્વાનોની સભા સમક્ષ વાદમાં તેને જીતી લીધો. તેથી પંડિતોએ તેમને ન્યાયવિશારદનું બિરુદ આપ્યું. ત્યારબાદ તેમને કાશીમાં વિદ્વાનોએ ન્યાયાચાર્યની પદવી આપી. ન્યાયાચાર્ય પદવીનો ઉલ્લેખ સુજસવેલીભાસમાં નથી, તોપણ 'તર્કભાષાની[1] પ્રશસ્તિમાં તેનો સ્પષ્ટ ઉલ્લેખ મળે છે.

ત્યારબાદ યશોવિજયજી કાશીથી આગ્રા આવ્યા અને ત્યાં ન્યાયાચાર્યની પાસે તર્કશાસ્ત્રના કઠણ ગ્રન્થોનો અભ્યાસ કર્યો, અને પછી તેઓ આગ્રાથી નીકળી વાદીઓને જીતતા અમદાવાદ આવ્યા અને નાગોરી સરાહમાં ઉતર્યા. તેમની વિદ્વત્તાની કીર્તિ રાજસભામાં ગુજરાતના સુબા મહોબતખાને સાંભળી અને વિદ્વાન યશોવિજયજીને જોવાની તેને ઇચ્છા થઇ, તેથી તેઓ રાજસભામાં આવ્યા અને ખાનના કહેવાથી ત્યાં અઢાર અવધાન કરી બતાવ્યા. મહોબતખાન ખુશ થયો અને તેમની બુદ્ધિની પ્રશંસા કરી તથા વાજતે ગાજતે તેમને પોતાના સ્થાનકે પહોંચાડ્યા.

---

૧ पूर्वं न्यायविशारदत्वबिरुदं काश्यां प्रदत्तं बुधै-
न्यायाचार्यपदं ततः कृतशतग्रन्थस्य यस्यार्पितम् ।
शिष्यप्रार्थनया नयादिविजयप्राज्ञोत्तमानां शिशुः ।
तत्त्वं किञ्चिदिदं यशोविजय इत्याख्याभृदाख्यातवान् ॥

કાશીમાં પંડિતોએ પહેલાં જેને ન્યાયવિશારદનું બિરુદ આપ્યું અને ત્યારબાદ સો ગ્રન્થો કર્યા પછી ન્યાયાચાર્યનું બિરુદ આપ્યું, તે નયવિજય પંડિતના શિષ્ય યશોવિજયે કંઇક તત્ત્વ લેશમાત્રથી કહ્યું છે.

ત્યારબાદ સકળ સંઘે ગચ્છનાયક શ્રીવિજયદેવસૂરિને વિનંતિ કરી કે યશોવિજયજી બહુશ્રુત અને અદ્વિતીય પંડિત છે અને તેથી તે ઉપાધ્યાયપદને યોગ્ય છે. ગચ્છપતિએ પણ યોગ્યતા જાણી તેમને ઉપાધ્યાયપદવી આપવાનો મનમાં નિશ્ચય કર્યો. તે પછી પંડિત યશોવિજયજીએ વીશસ્થાનકનું તપ વિધિપૂર્વક કર્યું અને વિ. સં. ૧૭૧૮ માં વિજયપ્રભસૂરિએ તેમને ઉપાધ્યાય પદવી આપી.

વિ. સં. ૧૭૪૩ માં ઉપાધ્યાય યશોવિજયજી ડભોઈમાં ચાતુર્માસ રહ્યા, અને ત્યાં અનશન કરી સ્વર્ગસ્થ થયા. જે સ્થળે તેમને અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો તે સ્થળે વિ. સં. ૧૭૪૫ માં તેમની પાદુકા સ્થાપન કરવામાં આવી.

ઉ૦ યશોવિજયજીએ વિ. સં. ૧૬૮૮ માં દીક્ષા લીધી, સં. ૧૬૯૯ માં કાશી ગયા અને ત્યાં ત્રણ વરસ રહી અભ્યાસ કર્યો. વિદ્વાનોની સભામાં વિદ્વાન્ વાદીને જીતી ન્યાયવિશારદનું બિરુદ મેળવ્યું. ત્યારબાદ કાશીથી નીકળી આગ્રા આવ્યા અને ત્યાં રહી ચાર વરસ પર્યન્ત તર્કશાસ્ત્રના ગ્રન્થોનો અભ્યાસ કર્યો. આગ્રાથી નીકળી અમદાવાદ આવ્યા. ત્યાં. સં. ૧૭૧૮ માં ઉપાધ્યાયપદવી લીધી અને સં. ૧૭૪૩ માં ડભોઈમાં તેમનો સ્વર્ગવાસ થયો. આટલી સાલવાર હકીકત સુજસવેલી ભાસમાં મળે છે, પરન્તુ તેમનો જન્મસંવત્ આપવામાં આવ્યો નથી, તેથી તેમનું આયુષ કેટલું હતું તેનો ચોક્કસ નિર્ણય થઈ શકતો નથી. તોપણ દીક્ષા સમયે તેમની ઉંમર લગભગ બાર વરસની હોય એમ સંભવે છે, તેથી તેમનો જન્મ વિ. સં. ૧૬૭૬ માં હોવો

જોઈએ અને તેમનો સ્વર્ગવાસ વિ. સં. ૧૭૪૩ માં થયો એટલે તેમનું આયુષ લગભગ ૬૭ વરસનું કલ્પી શકાય છે.

ઉ૦ યશોવિજયજી શ્રીવિજયહીરસૂરીશ્વરના શિષ્ય મહોપાધ્યાય કલ્યાણવિજયજીના શિષ્ય પંડિત લાભવિજયજીના શિષ્ય પંડિત જિતવિજયના ગુરૂભ્રાતા પંડિત નયવિજયજીના શિષ્ય થાય. તેઓ પ્રખર તાર્કિક, શાસ્ત્રજ્ઞ તથા સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના મહાન્ વિદ્વાન્ હતા. તેમણે તર્ક, આગમ, અધ્યાત્મ, યોગ, સાહિત્ય ઈત્યાદિ વિષયો સંબન્ધી સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં સેંકડો ગ્રન્થોની રચના કરી છે, એટલું જ નહિ પણ ગુજરાતી ભાષામાં પણ દ્રવ્યગુણપર્યાયનો રાસ વગેરે શાસ્ત્રીય મહાન્ ગ્રન્થોની રચના કરી છે. તેમણે જ હરરાજ દેવરાજના પત્રમાં લખ્યું છે કે 'સ્યાદ્વાદ પદ્ધતિથી બૌદ્ધાદિની એકાન્તયુક્તિનું ખંડન કરી બે લાખ શ્લોક પ્રમાણ ન્યાયગ્રન્થની રચના કરી છે.' તેમાંના ઘણા ગ્રન્થો અત્યારે મળતા નથી. કાશીમાં રહીને જે સો ગ્રન્થો રચ્યા તેનો તો આજે પત્તો મળતો નથી, તે સિવાય બીજા [1]રહસ્યપદાંકિત એક સો આઠ ગ્રન્થો કરવાનો તેમનો વિચાર હતો. તેમાં પ્રમારહસ્ય અને સ્યાદ્વાદરહસ્યની રચના કર્યાનો ઉલ્લેખ તો તેમણે ભાષા રહસ્યના અવતરણમાં કરેલો છે. તેમાં પ્રમારહસ્ય અને સ્યાદ્વાદરહસ્ય તો મળતા નથી, માત્ર ભાષારહસ્ય, ઉપદેશરહસ્ય અને નયરહસ્ય એ ત્રણ ગ્રન્થો મળે છે. તે એકસો

---

૧ "ततो भाषाविशुद्धयर्थं रहस्यपदाङ्कितया चिकीर्षिताष्टोत्तरशतग्रन्थान्तर्गतप्रमारहस्यस्याद्वादरहस्यसजातीयं प्रकरणमिदमारभ्यते ॥"

આઠ ગ્રન્થોમાં કેટલાની રચના કરી તે જાણવાનું કંઇ પણ સાધન નથી. અધ્યયન અધ્યાપનની પ્રવૃત્તિને અભાવે અને આપણી બેદરકારીને પરિણામે તેમના અગાધ પાંડિત્યપૂર્ણ અનેક મહાન્ ગ્રન્થરત્નો માત્ર અઢીસો વરસ જેટલા કાળમાં લુપ્ત થઇ ગયાં છે. દા. ત. આજથી લગભગ પચીશ વરસ પહેલાં હું ડેલાના ભંડારની ટીપ કરતો હતો, તે વખતે ત્યાં કાઢી નાખેલા પરચુરણ પાનાનો કોથળો ભર્યો હતો, તે તપાસતાં તેમાંથી યશોવિજયજી વિરચિત તત્ત્વાર્થ ટીકાના એક અધ્યાય જેટલો ભાગ મળી આવ્યો હતો. બાકીનો ભાગ મેળવવા માટે ઘણી તપાસ કરી પણ મળી શક્યો નહિ. આવી રીતે બેદરકારીથી તેમના અનેક ગ્રન્થો નાશ પામ્યા હશે. વળી તેમણે પોતાના ગ્રન્થોમાં પણ અનેક સ્થળે સ્વરચિત ગ્રન્થોનો ઉલ્લેખ કર્યો છે, તે ગ્રન્થોમાં પણ કેટલાએક ગ્રન્થો હજુ મળી શક્યા નથી, છતાં અત્યારે જે [1]ગ્રન્થો મળે છે તેની પણ મોટી સંખ્યા છે, જેને વાંચવા અને વિચારવા માટે સમગ્ર જીવન પણ પર્યાપ્ત નથી.

શ્રી હેમચન્દ્રાચાર્ય પછી સમર્થ વિદ્વાન્ અને વિચારક ઉપાધ્યાયજી જેવા કોઇ હજુ સુધી થયા નથી. ભાસમાં પણ તેમને શ્રીહરિભદ્રાચાર્યસૂરિના લઘુબાંધવ અથવા બીજા હરિભદ્રાચાર્ય તરીકે ઓળખાવ્યા છે તે યોગ્ય છે. કારણ કે તેમણે શ્રીહરિભદ્રસૂરિના શાસ્ત્રવાર્તા સમુચ્ચય, ષોડશક ઇત્યાદિ ગ્રન્થો ઉપર વિચારપૂર્ણ ટીકાઓ રચી છે તથા તેમના

૧ ઉપાધ્યાયજી વિરચિત લભ્ય અને અલભ્ય ગ્રન્થોની યાદી માટે જુઓ પં. સુખલાલજી સંપાદિત તર્કભાષાની પ્રસ્તાવના.

ગ્રન્થોનું વસ્તુ લઈને અનેક સ્વતંત્ર ગ્રન્થોની રચના કરી છે. તેમની સૂક્ષ્મ વિવેચક દૃષ્ટિ છેક ગ્રન્થના મર્મ સુધી પહોંચે છે. તેમના ગ્રન્થોમાં તેમની સ્વતંત્ર પ્રતિભા અને સૂક્ષ્મ મર્મગ્રાહી દૃષ્ટિનો અનુભવ થાય છે. પાતંજલ યોગભાષ્ય ઉપર તેમણે વૃત્તિ કરી છે અને યોગશાસ્ત્રના પદાર્થોનો જૈન દૃષ્ટિથી સમન્વય કર્યો છે. તે સિવાય તેમણે દિગંબર વિદ્યાનન્દસૂરિની અષ્ટસહસ્રી ઉપર અષ્ટસહસ્રી ટીકા કરી છે, તેમાં તેમણે પોતાની અગાધ વિદ્વત્તા અને વિશાલ દૃષ્ટિનો પરિચય કરાવ્યો છે. તેઓ ટીકાના પ્રારંભમાં જણાવે છે કે "જેમ સમુદ્રમાં પ્રવેશ કરવાના નદીઓના અનેક જુદા જુદા માર્ગો હોય છે તેમ સ્યાદ્વાદના અનુયોગમાં વિદ્વાનોના જુદા જુદા સંપ્રદાયો ગમે તેટલા હોય, તોપણ તેમાંના એક પણ સંપ્રદાયને વિષે પોતાની કલ્પના વડે અરુચિ કરવી યોગ્ય નથી, કારણ કે એકાન્તમતનું પ્રતિપાદન કરનારા દુર્વાદિના સમૂહને જીતવાને જિનોક્ત સમયને જાણનારા બધા શું સહાયક થતા નથી"? તદુપરાન્ત ગુજરાતી ભાષામાં નયરહસ્યગર્ભિત સવાસો ગાથાનું સિમંધર જિનસ્તવન, પ્રતિમાના સ્થાપન વિષે [1]દોઢસો ગાથાનું મહાવીર જિન સ્તવન અને સિદ્ધાન્તરહસ્યગર્ભિત સાડાત્રણસો ગાથાના સિમંધરજિનના સ્તવનની તથા દ્રવ્યાનુયોગના વિષયમાં [2]દ્રવ્યગુણપર્યાયરાસ વગેરેની ઉત્કૃષ્ટ રચનાઓ કરી છે.

---

૧ ૧૫૦ ગાથાનું મહાવીર સ્તવન વિ. સં. ૧૭૩૩ ઈદિલપુરમાં વિજયાદશમીએ રચ્યું છે.

૨ દ્રવ્યગુણપર્યાયરાસની રચના વિ. સં. ૧૭૧૧ માં સિદ્ધપુરમાં કરી છે.

ઉપાધ્યાયજી મહાન્ તાર્કિક, અદ્વિતીય વિદ્વાન અને સમર્થ વિચારક હતા એટલું જ નહિ, પણ તેઓ મહાન્ આધ્યાત્મિક અને યોગી હતા. તેમનામાં વિદ્વત્તા સાથે અધ્યાત્મનો યોગ સુવર્ણ સાથે સુગંધના મેળ જેવો હતો. તેમને મહાન્ યોગી આનન્દઘનજીનો સમાગમ થયો અને તેથી તેમને ઘણો આનન્દ થયો હતો. તે આનન્દના પ્રકટીકરણરૂપે તેમણે આનન્દઘનસ્તુતિરૂપ અષ્ટપદીની રચના કરી છે. આનન્દઘનજી આત્મિક આનન્દમાં મસ્ત રહેતા. તેના સંબન્ધે ચોથા પદમાં કહ્યું છે કે—

કોઉ **આનન્દઘન** છિદ્ર હી પેખત,
        **જસરાય** સંગ ચડી આયા;
**આનન્દઘન** આનન્દરસ ઝીલત,
        દેખત હી **જસ** ગુણ ગાયા.

ઉપાધ્યાયજીને આનન્દઘનજીના સમાગમથી અપૂર્વ આધ્યાત્મિક લાભ થયો હતો, તેનું વર્ણન તેઓએ આઠમા પદમાં કર્યું છે—

**આનન્દઘન**કે સંગ **સુજસ** મિલે જબ,
        તબ આનન્દસમ ભયો **સુજસ**;
પારસસંગ લોહા જો ફરસત,
        કંચન હોત હી તાકો કસ.

તેમણે અધ્યાત્મના વિષય ઉપર અનેક ગ્રન્થો રચ્યા છે, તેમાં અધ્યાત્મસાર અને જ્ઞાનસાર મુખ્ય છે. જ્ઞાનસારમાં બત્રીશ અષ્ટકો છે અને એક એક અષ્ટકમાં એક એક વિષયનું અદ્ભુત અને રહસ્યપૂર્ણ વર્ણન કરવામાં

આવ્યું છે. તેમણે જ ઉપસંહારમાં જ્ઞાનસારનું ફળ બતાવ્યું છે કે 'નિર્વિકાર અને બાધા રહિત જ્ઞાનસારને પ્રાપ્ત થયેલા, પરની આશા રહિત મહાત્માઓનો અહીં જ મોક્ષ છે'. જ્ઞાનસારની વાણીના તરંગો વડે જેનું ચિત્ત ભીંજાયેલું છે તે મનુષ્ય તીવ્ર મોહાગ્નિના દાહની પીડા પામતો નથી. ક્રિયાથી કરેલો ક્લેશનો ક્ષય દેડકાના ચૂર્ણ સમાન છે અને જ્ઞાનસારથી કરેલો કર્મક્ષય બળી ગયેલા દેડકાના ચૂર્ણ સરખો છે.

જ્ઞાનસારની પૂર્ણતા સિદ્ધપુરમાં દિવાળીના દિવસે કરવામાં આવી છે. પરન્તુ તેમણે કઇ સાલમાં તેની રચના કરી તે જણાવ્યું નથી. છતાં તે ગ્રન્થ જ્ઞાનની પરિપકવ દશામાં પોતાની ઉત્તરાવસ્થામાં છેવટે રચ્યો હોવો જોઇએ તેમ સહજ અનુમાન થઇ શકે છે.

**ભાષાર્થ**–જ્ઞાનસાર ઉપર ઉપાધ્યાયજીએ પોતે ભાષાર્થ (ટબો) લખ્યો છે. તેમણે તેના ઉપર અવચૂર્ણિ લખી હતી, પણ અત્યારે તે મળતી નથી. ભાષાર્થની રચના સંક્ષિપ્ત છે, તોપણ તેમને જ્યાં જ્યાં લખવાની જરૂર લાગી ત્યાં ત્યાં ગ્રન્થના ભાવને ઘણી સ્પષ્ટ રીતે પ્રગટ કર્યો છે. દા. ત. પૂર્ણાષ્ટકમાં સચ્ચિદાનન્દપૂર્ણ આત્મા સમસ્ત જગતને પૂર્ણરૂપે જુએ છે. અહીં શંકા થાય કે અપૂર્ણ જગતને પૂર્ણ રૂપે જુએ છે તો તેને ભ્રાન્તિ કેમ ન કહેવાય? તેના ઉત્તર રૂપે ભાષાર્થમાં લખ્યું છે કે "નિશ્ચયનયની દૃષ્ટિએ ભ્રાન્તિ નથી". એટલે પૂર્ણ આત્માની નિશ્ચયનયની દૃષ્ટિ છે, તેથી તેમાં ભ્રાન્તિ નથી. આવો સ્પષ્ટ ખુલાસો જ્ઞાનમંજરી

ટીકામાં અને પં. ગંભીરવિજયજીની ટીકામાં મળતો નથી. એ રીતે તેમણે જ્ઞાનસારનું તાત્પર્ય ઘણે સ્થળે સ્પષ્ટપણે બતાવ્યું છે.

ભાષાર્થના સંબન્ધે છેવટે તેમણે લખ્યું છે કે "આ બાલબોધ બાળકોને લાળ ચાટવા જેવો નીરસ નથી, પણ યુક્તિના સમૂહરૂપ અમૃતના પ્રવાહ તુલ્ય છે તેથી તેનો આસ્વાદ લઈ મોહરૂપ હાલાહલની શાન્તિ થવાથી વિશાલ બુદ્ધિવાળા થાઓ."

જ્ઞાનસાર ઉપરનો બાલાવબોધ વિદ્વાનોને પ્રિય એવી સંસ્કૃત ભાષામાં ન લખતાં પ્રાકૃત (ગુજરાતી) ભાષામાં કેમ લખ્યો તેનો ઉત્તર પણ તેમણે ભાષાર્થને છેવટે આપ્યો છે કે–

"आतन्वाना भा-रती भारती नस्तुल्यावेशा संस्कृते प्राकृते च।
शुक्तिसूक्तिर्युक्तिमुक्ताफलानां भाषाभेदो नैव खेदोन्मुखः स्यात्॥"

"પ્રતિભા અને પ્રીતિ ઉત્પન્ન કરનારી તથા સંસ્કૃત અને પ્રાકૃત—લોકભાષામાં સમાન પ્રયત્નવાળી યુક્તિરૂપ મુક્તાફળોની જન્મભૂમિ છીપ જેવી સરસ ઉક્તિરૂપ અમારી વાણી છે, તેથી ભાષાનો ભેદ ખેદજનક થતો નથી." તાત્પર્ય એ છે કે સંસ્કૃત ભાષા કે લોકભાષામાં ગ્રન્થની રચના હોય પરન્તુ તેમાં યુક્તિ હોય તો તે રચના લોકોને આદરણીય થાય છે. છેવટે તેમણે જણાવ્યું છે "શ્રીયશોવિજય વાચકેસૂરજીના પુત્ર શાન્તિદાસના હૃદયને આનન્દ આપવાના વિનોદથી, આત્મજ્ઞાન પ્રાપ્ત કરવામાં વિશ્રાન્તિ આપનાર આ ભાષાર્થની રચનાનો શ્રમ (પ્રયત્ન) કર્યો છે."

જ્ઞાનમંજરી—જ્ઞાનસારના વિષયને પુષ્ટ કરવાના હેતુથી

અને ટીકાકારના શબ્દોમાં કહીએ તો જ્ઞાનસારના આસ્વાદની વૃદ્ધિ કરવાના ઇરાદાથી શ્રી દેવચંદ્રજીએ વિ. સં. ૧૭૯૬માં જ્ઞાનસારની જ્ઞાનમંજરી નામે ટીકાની રચના કરી છે. તેમાં તેમણે ભાષાર્થ, તત્ત્વાર્થ, ધર્મસંગ્રહણી અને કર્મપ્રકૃતિ આદિ ગ્રન્થોનો આધાર લીધો છે. જ્ઞાનમંજરી ટીકામાં શ્રી-દેવચંદ્રજીએ આત્મા પ્રમાદ દૂર કરી જાગૃત થાય અને આત્મજ્ઞાન મેળવવા પ્રયત્નશીલ થાય તે માટે પ્રસંગે પ્રસંગે ઉપદેશની ધારા વરસાવી છે. જ્યારે ઉપાધ્યાયજી થોડા શબ્દોમાં ભાષાર્થમાં જ્ઞાનસારના ભાવને વિશદ (સ્પષ્ટ) કરે છે ત્યારે દેવચંદ્રજી પ્રસંગને અનુકૂલ શાસ્ત્રના ઉતારાઓ તથા સ્વતન્ત્ર ઉપદેશ દ્વારા જ્ઞાનસારના ભાવને ઝીલવા આત્માને અભિમુખ કરે છે. ઉપાધ્યાયજીએ ભાષાર્થમાં જ્ઞાન-સારના આશયને સ્પષ્ટ કરવા પૂરતી થોડા શબ્દમાં ટૂંકી અને ઉપયોગી નોંધ કરી છે, ત્યારે જ્ઞાનમંજરીમાં દેવચંદ્રજીએ જ્ઞાનસારના વિષયને લગતી અને પ્રાસંગિક એવી અનેક બાબ-તોનું લંબાણથી વિવેચન કર્યું છે. જ્ઞાનમંજરીમાં પાંડિત્યનો ચ-મત્કાર નથી, તો પણ તેમનો ત્યાગ, વૈરાગ્ય અને અધ્યાત્મનો સીધો ઉપદેશ આત્માને સચોટ અને ઊંડી અસર કરે છે.

સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતી ભાષામાં અનેક ગ્રન્થોની રચના કરનાર શ્રીદેવચંદ્રજી ખરતરગચ્છની શાખામાં થયેલા રાજસાગર ઉપાધ્યાયના શિષ્ય જ્ઞાનધર્મ પાઠકના શિષ્ય દીપ-ચંદ્ર પાઠકના શિષ્ય હતા. તેમણે પોતાના ગુરુની પરંપરા જ્ઞાનમંજરીની પ્રશસ્તિમાં આપી છે. તેમણે સંસ્કૃત અને પ્રાકૃતભાષા કરતાં ગુજરાતી ભાષામાં ઘણા ગ્રન્થો રચ્યા છે. તેઓ આધ્યાત્મિક પુરુષ હતા, તેથી તેમના ગ્રન્થો વૈરાગ્ય

અને આધ્યાત્મિકભાવથી પૂર્ણ છે. તેમની બધી કૃતિઓનો સંગ્રહ અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળે શ્રીમદ્ દેવચંદ્ર ભાગ પહેલા અને બીજામાં છપાવી પ્રગટ કર્યો છે.

તેમનું જીવન[1]વૃત્તાન્ત અનુપલબ્ધ હતું, પરન્તુ તેમના શિષ્યે તેમના મૃત્યુબાદ તેર વરસે સં. ૧૮૨૫ માં દેવવિલાસની રચના કરી છે, તે પ્રાપ્ત થતાં તેમના જન્મ આદિ સંબન્ધે ચોક્કસ હકીકત મળી છે તેના ઉપરથી તેમના જીવન સંબન્ધી સંક્ષિપ્ત વૃત્તાન્ત અહીં આપવામાં આવેલ છે.

મારવાડના બીકાનેર પાસેના ચંગ નામે ગામમાં લુણીયા ગોત્રના ઓસવાળ તુલસીદાસજી રહેતા હતા. તેને ધનબાઇ નામની પત્ની હતી. એક વખતે ત્યાં રાજસાગર ઉપાધ્યાય આવ્યા. તેમને વંદન કરવા માટે દંપતી ગયાં. ગુરુને વંદન કરીને ધનબાઇએ કહ્યું કે જો મારે પુત્ર થશે તો હું આપને ભાવપૂર્વક અર્પણ કરીશ. વિ. સં. ૧૭૪૬માં ધનબાઇએ પુત્રને જન્મ આપ્યો, અને તેનું નામ દેવચંદ્ર પાડ્યું. તે આઠ વર્ષનો થયો ત્યારે ત્યાં વિહાર કરતા રાજસાગર ઉપાધ્યાય આવ્યા અને તેમને માતપિતાએ પોતાના પૂર્વના સંકલ્પ પ્રમાણે દેવચંદ્રને અર્પણ કર્યો.

ત્યારબાદ રાજસાગર ઉપાધ્યાયે વિ. સં. ૧૭૫૬ માં દેવચંદ્રને પ્રથમ દીક્ષા આપી તથા જિનચન્દ્રસૂરિએ વડી દીક્ષા આપી અને તેમનું નામ રાજવિમલ રાખ્યું. પછી રાજસાગર ઉપાધ્યાયે દેવચંદ્રજીને સરસ્વતીનો મન્ત્ર આપ્યો,

---

૧ દેવચંદ્રજીનું જીવનવૃત્તાન્ત દેવવિલાસ અને તેની શ્રી મોહનલાલ દેશાઇની પ્રસ્તાવના ઉપરથી લખવામાં આવ્યું છે.

જેથી તેમણે બેલાડા ગામમાં વેણા નદીના કઠિ ભોંયરામાં બેસી સરસ્વતીનું આરાધન કર્યું. સરસ્વતી પ્રસન્ન થયાં અને તેમની જિહ્વામાં વાસ કર્યો. પછી દેવચંદ્રજીએ વ્યાકરણ, કાવ્ય, કોશ, અલંકારાદિ તથા તત્ત્વાર્થ, આવશ્યકબૃહદ્વૃત્તિ, વિશેષાવશ્યક ભાષ્ય, કર્મગ્રન્થ, કર્મપ્રકૃતિ તથા આગમ ગ્રન્થોનો અભ્યાસ કર્યો. અને હેમચંદ્રાચાર્ય, હરિભદ્રાચાર્ય અને ઉ૦ યશોવિજયજી વગેરેના ગ્રન્થો સારી રીતે પરિચિત કર્યા. તદુપરાંત દિગંબરીય ગોમટ્ટસાર વગેરે ગ્રન્થોનું વાંચન કર્યું. તેઓએ મુલતાનમાં ચાતુર્માસ કરી વિ. સં. ૧૭૬૬માં શુભચંદ્રાચાર્યકૃત જ્ઞાનાર્ણવ ઉપરથી ધ્યાનદીપિકા ચતુષ્પદી રચી. વિ. સં. ૧૭૬૭ માં ષડ્દ્રવ્યના વર્ણનરૂપ દ્રવ્યપ્રકાશની રચના કરી. સં. ૧૭૭૪ માં રાજસાગર ઉપાધ્યાય અને સં. ૧૭૭૫ માં જ્ઞાનધર્મ પાઠકનો સ્વર્ગવાસ થયો. ત્યારબાદ સં. ૧૭૭૬ માં પોતાના મિત્ર દુર્ગાદાસને સમજાવવા મરુટકોટમાં આગમસારની રચના કરી. સં. ૧૭૭૭ માં દેવચંદ્રજી ગુજરાતમાં પાટણ શહેરમાં પધાર્યા. ત્યાં તેમણે પાપ અને પરિગ્રહ દૂર કરી ક્રિયોદ્ધાર કર્યો. સં. ૧૭૭૮ માં તેમના ગુરુ દીપચંદ્રજી પાઠક સ્વર્ગસ્થ થયા. ત્યારબાદ દેવચંદ્રજી નવાનગર આવ્યા અને ત્યાં તેમણે ૧૭૯૬ ના કાર્તિક સુદિ ૫ મે જ્ઞાનસારની જ્ઞાનમંજરી ટીકા સંપૂર્ણ કરી.

દેવચંદ્રજી ઉત્તમ વ્યાખ્યાનકાર હતા અને તેમનું વ્યાખ્યાન તત્ત્વજ્ઞાનમય હતું. તેઓ ખરતરગચ્છના હોવા છતાં તેમને ગચ્છનો કદાગ્રહ નહોતો. તેમનો વિહાર મારવાડ અને ગુજરાત ઉપરાંત મુલતાન સુધી હતો. તેમણે પાટણ, અમદાવાદ, શત્રુંજય વગેરે સ્થળે અનેક ચૈત્યો અને બિમ્બોની

પ્રતિષ્ઠા કરી, અનેક જીવોને પ્રતિબોધ પમાડી વીતરાગ માર્ગમાં સ્થિર કર્યાં. વિ. સં. ૧૮૧૨ માં તેઓ રાજનગરમાં આવ્યા અને ત્યાં તેમને ઉપાધ્યાય પદવી આપવામાં આવી. રાજનગરમાં દોશીવાડાની પોળમાં દેવચંદ્રજી બિરાજતા હતા ત્યાં તેમને એક દિવસે વાયુના પ્રકોપથી વમનાદિનો વ્યાધિ થયો અને શરીરે અસમાધિ થઈ. તેથી તેમણે મનરૂપજી વગેરે પોતાના શિષ્યોને બોલાવ્યા, અને તેમના માથે હાથ મૂકી કહ્યું કે–'મારી અવસ્થા ક્ષીણ થતી જાય છે, અનિત્યતા એ તો પુદ્ગલનો સ્વભાવ છે, હવે મારી વિદાયની વેળા આવી પહોંચી છે, માટે તમે સમયાનુસારે વિચરજો, હૃદયમાં પાપ-બુદ્ધિ ન રાખશો, યથાશક્તિ કર્તવ્યનું પાલન કરજો અને સંઘની આજ્ઞા માનજો', ઇત્યાદિ શિખામણ આપી દશવૈકાલિક અને ઉત્તરાધ્યયનનું શ્રવણ કરતાં અરિહંતનું ધ્યાન કરતા વિ. સં. ૧૮૧૨માં ભાદરવા વદિ અમાવાસ્યાએ કાલધર્મ પામ્યા.

દેવચંદ્રજીએ ઘણા ગ્રન્થોની રચના કરી અને તેમાં તેમણે સંસ્કૃત અને પ્રાકૃતભાષા કરતાં ગુજરાતી ભાષામાં પુષ્કળ ગ્રન્થો લખ્યા. સંસ્કૃતમાં માત્ર તેમણે નયચક્ર અને જ્ઞાનસાર અષ્ટકની જ્ઞાનમંજરી ટીકા રચી છે. દેવચન્દ્રજીનો ઝોક વૈરાગ્ય અને આત્મજ્ઞાન તરફ હતો અને તે તેમના ગ્રન્થોમાં સ્પષ્ટપણે દેખાય છે. તેઓ ગુણી અને ગુણાનુ-રાગી હતા. તેમને ઉ૦ યશોવિજયજી તરફ ઘણો આદર હતો. તેમના અસાધારણ પાંડિત્ય, અધ્યાત્મ અને તત્ત્વજ્ઞાન પ્રચુર ગ્રન્થોની તેમના ઉપર ઊંડી છાપ પડી હતી. તેઓએ જ્ઞાનમંજરી ટીકાના અન્તે 'અહીં સૂત્રકાર ન્યાયાચાર્ય, વાગ્વાદી, સરસ્વતીનું વરદાન પામેલા અને દુર્વાદીરૂપ મેઘનો

નાશ કરવામાં પવન સમાન ઉપાધ્યાય શ્રીયશોવિજયજી છે' ઇત્યાદિ વિશેષણોથી ઉપાધ્યાયજી તરફ પોતાની ભક્તિ પ્રદર્શિત કરી છે.

શ્રી દેવચન્દ્રજી કવિ હતા અને તેમની કવિતાનો વિષય ભક્તિ, વૈરાગ્ય, અધ્યાત્મ અને તત્ત્વજ્ઞાન હતો. તેમના સ્તવનો ભાવવાહી અને તાત્ત્વિક છે. સામાન્ય જનસમાજને ઉપકાર થાય તે માટે સંસ્કૃતભાષામાં નહિ લખતાં લોકભાષામાં જ ઘણા ગ્રન્થોની રચના કરી છે. તેમણે કહ્યું છે કે—

**संस्कृत वाणी वाचणी कोइक जाणे जाण ।**
**ज्ञाता जनने हितकर जाणी भाषा करुं वखाण ॥**

ध्यानदीपिका ४

એકંદર તેમના ગ્રન્થોમાં વિદ્વત્તા કરતાં આત્મજ્ઞાન, ત્યાગ, વૈરાગ્ય અને ભક્તિની પ્રધાનતા છે. જિજ્ઞાસુને આત્મજ્ઞાનની તત્પરતા કરે એવી તેમની ઉપદેશાત્મક શૈલી છે.

તેમને શુદ્ધ જ્ઞાન, શુદ્ધ ક્રિયા તરફ પ્રેમ હતો. તેમણે શુષ્ક જ્ઞાન અને ક્રિયાજડતાનો નિષેધ કર્યો છે. જ્ઞાનસાર એ તેમનો પ્રિય ગ્રન્થ હતો, તેમણે જ્ઞાનમંજરી ટીકાની સમાપ્તિમાં લખ્યું કે મોક્ષમાર્ગમાં પ્રયાણ કરનારે ભાતા સમાન આ જ્ઞાનસાર અભ્યાસ કરવા યોગ્ય છે.

છેવટે તેમણે 'આ જ્ઞાનમંજરીની ટીકાના વાંચન અને અભ્યાસથી મને જે લાભ થાય તેથી હું ધર્મસાધક થાઉં અને બીજા ભવ્ય જીવો પણ ધર્મસાધનામાં તત્પર થાય', એ ઇચ્છા પ્રદર્શિત કરી જ્ઞાનમંજરી ટીકા સમાપ્ત કરી છે.

જૈન સોસાઈટી ૧૫
શારદાભવન
અમદાવાદ.

ભગવાનદાસ હરખચંદ દોશી

# સંક્ષિપ્ત વિષયાનુક્રમ


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૧ પૂર્ણાષ્ટક | ૨ |
| ૨ મગ્નાષ્ટક | ૧૭ |
| ૩ સ્થિરતાષ્ટક | ૪૧ |
| ૪ મોહત્યાગાષ્ટક | ૫૨ |
| ૫ જ્ઞાનાષ્ટક | ૬૮ |
| ૬ શમાષ્ટક | ૯૨ |
| ૭ ઇન્દ્રિયજયાષ્ટક | ૧૦૭ |
| ૮ ત્યાગાષ્ટક | ૧૨૧ |
| ૯ ક્રિયાષ્ટક | ૧૪૦ |
| ૧૦ તૃપ્ત્યષ્ટક | ૧૫૫ |
| ૧૧ નિર્લેપાષ્ટક | ૧૬૯ |
| ૧૨ નિઃસ્પૃહાષ્ટક | ૧૮૫ |
| ૧૩ મૌનાષ્ટક | ૧૯૪ |
| ૧૪ વિદ્યાષ્ટક | ૨૧૫ |
| ૧૫ વિવેકાષ્ટક | ૨૩૦ |
| ૧૬ માધ્યસ્થાષ્ટક | ૨૪૯ |
| ૧૭ નિર્ભયાષ્ટક | ૨૭૯ |
| ૧૮ અનાત્મશંસાષ્ટક | ૨૮૮ |
| ૧૯ તત્ત્વદૃષ્ટિઅષ્ટક | ૩૦૧ |
| ૨૦ સર્વસમૃદ્ધયષ્ટક | ૩૧૬ |
| ૨૧ કર્મવિપાકચિન્તનાષ્ટક | ૩૨૬ |
| ૨૨ ભવોદ્વેગાષ્ટક | ૩૩૯ |
| ૨૩ લોકસંજ્ઞાત્યાગાષ્ટક | ૩૪૯ |
| ૨૪ શાસ્ત્રાષ્ટક | ૩૫૭ |
| ૨૫ પરિગ્રહાષ્ટક | ૩૬૮ |
| ૨૬ અનુભવાષ્ટક | ૩૭૮ |
| ૨૭ યોગાષ્ટક | ૩૮૯ |
| ૨૮ નિયાગાષ્ટક | ૪૦૯ |
| ૨૯ પૂજાષ્ટક | ૪૧૮ |
| ૩૦ ધ્યાનાષ્ટક | ૪૨૫ |
| ૩૧ તપઅષ્ટક | ૪૩૫ |
| ૩૨ સર્વનયાશ્રયણાષ્ટક | ૪૪૫ |
| અષ્ટકોનો નામનિર્દેશ | ૪૬૨ |
| ઉપસંહાર | ૪૬૮ |
| પ્રશસ્તિ | ૪૮૨ |
| મૂળ શ્લોકો | ૪૮૮ |

# વિષયાનુક્રમ


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **૧ પૂર્ણાષ્ટક** | |
| ભાષાર્થ અને ટીકાકારનું મંગલ ... ... ... | ૨ |
| પૂર્ણ આત્માની દૃષ્ટિ કેવી હોય તેનું વર્ણન. ... ... | ૩ |
| સ્વાભાવિક અને ઉપાધિજન્ય પૂર્ણતાનું સ્વરૂપ. ... | ૫ |
| વિકલ્પથી થયેલ અવાસ્તવિક પૂર્ણતા અને વાસ્તવિક પૂર્ણતાનું નિરૂપણ. ... ... ... ... | ૬ |
| તૃષ્ણાને દૂર કરનાર જ્ઞાનદૃષ્ટિ જાગૃત હોવાથી પૂર્ણાનન્દને દીનતાનો અભાવ. ... ... ... | ૭ |
| પૌદ્ગલિક પરિગ્રહની ઉપેક્ષા જ પૂર્ણતા છે અને આવી પૂર્ણતાની દૃષ્ટિ જ્ઞાનીને હોય છે. ... ... ... | ૮ |
| પૂર્ણાનન્દ સ્વભાવના અદ્ભુતપણાનું વર્ણન. ... ... | ૧૧ |
| પરવસ્તુમાં સ્વપણાની બુદ્ધિથી મોટા ચક્રવર્તી પણ પોતાની અપૂર્ણતા જુએ છે, પણ પોતાના સ્વરૂપમાં સ્વપણાની બુદ્ધિવાળા જ ખરેખર પૂર્ણ છે. ... ... | ૧૨ |
| કૃષ્ણપાક્ષિકપણું ક્ષીણ થતાં અને શુકલપાક્ષિકપણાનો ઉદય થતાં પૂર્ણાનન્દરૂપ ચન્દ્રની સંપૂર્ણ કલાનો પ્રકાશ. ... | ૧૩ |
| **૨ મગ્નાષ્ટક** | |
| મગ્નપણાનું સ્વરૂપ. ... ... ... ... | ૧૭ |
| મગ્નને વિષે નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવનિક્ષેપની યોજના. | ૧૭ |
| પરબ્રહ્મમાં મગ્ન થયેલાની બીજા વિષયોમાં પ્રવૃત્તિનો અભાવ. | ૨૦ |
| સ્વભાવસુખમાં મગ્ન થયેલાનું પરભાવોનું કર્તાપણું નથી પણ સાક્ષીપણું છે. ... ... ... ... | ૨૧ |

પરબ્રહ્મમાં મગ્ન થયેલાને પૌદ્‌ગલિક કથામાં રસ હોતો નથી. ૨૬
'સાધુને ચારિત્રના પર્યાયની વૃદ્ધિ થવાથી તેજોલેશ્યારૂપ શુભ પરિણામની વૃદ્ધિ થાય છે' તે સંબન્ધે ભગવતીસૂત્રનું પ્રતિપાદન. ... ... ... ... ૨૭
સંયમ સ્થાનકનું સ્વરૂપ. ... ... ... ૨૯
ચારિત્રના પર્યાયની વૃદ્ધિ થવાથી તેજોલેશ્યાની વૃદ્ધિ થવા સંબંધે ભગવતીસૂત્રનો પાઠ. ... ... ... ૩૧
જ્ઞાનમાં મગ્ન થયેલાનું સુખ અનિર્વચનીય છે ... ... ૩૫
જે જ્ઞાનામૃતના બિન્દુની પણ મહાકથાઓ પ્રવર્તે છે, તો તેમાં સર્વાંગે મગ્ન થયેલાનું વર્ણન કરવાની અશક્યતા. ... ૩૭
શુભ જ્ઞાન અને ધ્યાનમાં મગ્ન થયેલા યોગીને નમસ્કાર... ૪૦

## ૩ સ્થિરતાષ્ટક

ભમી ભમીને ખિન્ન થયેલાને સ્થિરતાનો ઉપદેશ અને પાસે રહેલા નિધિને બતાવનાર સ્થિરતાનું નિરૂપણ. ... ૪૧
અસ્થિરતાથી ક્ષોભદ્વારા જ્ઞાનરૂપ દૂધનો વિનાશ અને તે માટે સ્થિર થવાનો ઉપદેશ. ... ... ... ૪૪
ચિત્ત અસ્થિર હોય તો વાણી, નેત્ર અને આકૃતિને છુપાવનારી ચેષ્ટા કલ્યાણ કરનાર થતી નથી. ... ... ૪૫
અન્તરનું શલ્ય દૂર ન થાય ત્યાંસુધી ક્રિયા ગુણ કરનારી થતી નથી. ... ... ... ... ૪૬
મન, વચન અને કાયા વડે સ્થિરતાના પરિણામવાળા યોગી બધેય સમદૃષ્ટિવાળા હોય છે. ... ... ... ૪૭
સદા પ્રકાશ કરનાર સ્થિરતારૂપ રત્નનો દીવો જ અત્યન્ત આદર કરવા યોગ્ય છે. ... ... ... ... ૪૮
અસ્થિરતારૂપ પવન ધર્મમેઘ સમાધિનો ભંગ કરનાર છે ... ૫૦
સિદ્ધોમાં પણ સ્થિરતારૂપ ચારિત્ર છે માટે સ્થિરતા માટે પ્રયત્ન કરવા યોગ્ય છે. ... ... ... ... ૫૧

## ૪ મોહત્યાગાષ્ટક

મોહના મન્ત્ર અને પ્રતિમન્ત્રનું સ્વરૂપ. ... ... ૫૨
'હું શુદ્ધ આત્મદ્રવ્યરૂપ છું', ઇત્યાદિ ભાવના જ મોહને નાશ કરવાનું તીવ્ર શસ્ત્ર છે. ... ... ... ૫૭
જે ઔદયિકભાવોમાં મુંઝાતો નથી તે પાપથી લેપાતો નથી. ૫૮
વિવેકી પરદ્રવ્યના નાટકને જોતાં ખેદ પામતો નથી. ... ૬૨
વિકલ્પો વડે મોહમદિરાનું પાન કરનાર પ્રાણી સંસારરૂપ દારૂપીઠામાં રહે છે. ... ... ... ૬૩
આત્માના સ્વરૂપની સ્ફટિકની પેઠે નિર્મલતા છે, પરન્તુ તેમાં ઉપાધિના સંબન્ધનો આરોપ કરનાર અવિવેકીને થતો મોહ. ૬૪
મોહના ત્યાગથી થતા સ્વાભાવિક સુખનો અનુભવ કરવા છતાં તેનું વર્ણન કરવામાં જ્ઞાનીને થતું આશ્ચર્ય. ... ... ૬૬
જ્ઞાનરૂપ દર્પણમાં સમસ્ત આચારનું સ્થાપન કરવાથી યોગીને પરદ્રવ્યમાં થતા મોહનો અભાવ. ... ... ૬૭

## ૫ જ્ઞાનાષ્ટક

અજ્ઞાનીની અજ્ઞાનમાં અને જ્ઞાનીની જ્ઞાનમાં મગ્નતાનું વર્ણન. ૬૮
ભાવનાજ્ઞાનની સર્વોત્તમતાનું પ્રતિપાદન. ... ... ૭૩
સ્વસ્વરૂપની પ્રાપ્તિના સંસ્કારના કારણભૂત જ્ઞાનનું ઇષ્ટપણું. ૭૪
વાદ અને પ્રતિવાદથી તત્ત્વની પ્રાપ્તિનો અભાવ. ... ૭૭
પોતાના દ્રવ્ય, ગુણ અને પર્યાયની પરિણતિરૂપ મુષ્ટિજ્ઞાન આત્મસંતોષનું કારણ છે. ... ... ... ૭૯
ગ્રન્થિના ભેદથી થતા જ્ઞાનની ઉપયોગિતા. ... ... ૮૦
ગ્રન્થિભેદનું સ્વરૂપ અને પ્રસંગથી યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણનું સ્વરૂપ. ... ... ૮૧
યોગીની ઇન્દ્રની સાથે સમાનતા. ... ... ... ૯૦
જ્ઞાનની અમૃત, રસાયન અને ઐશ્વર્યરૂપતા. ... ... ૯૧

## ૬ શમાષ્ટક

જ્ઞાનના પરિપાકરૂપ શમનું વર્ણન.... ... ... ૯૨
કર્મકૃત ભેદને નહિ ગણનાર અને આત્માથી અભિન્નપણે જગતને જોનાર યોગીને મોક્ષનો અધિકાર. ... ... ૯૬
સમાધિયોગ ઉપર ચઢવાની ઇચ્છાવાળા યોગીને શુદ્ધિનું કારણ બાહ્ય ક્રિયા હોય છે અને યોગારૂઢની શુદ્ધિનું કારણ શમ છે. ૯૮
શમથી જ વિકારનું ઉન્મૂલન. ... ... ... ૯૯
શમથી જ ગુણોની પ્રાપ્તિ. ... ... ... ૧૦૨
વૃદ્ધિ પામતા સમતારસવાળા મુનિને ચરાચર જગતમાં ઉપમાનો અભાવ. ... ... ... ... ૧૦૩
શમભાવના સુભાષિતથી સિંચાયેલું મન રાગરૂપ સાપના ઝેરની અસરથી મુક્ત હોય છે. ... ... ... ૧૦૫

## ૭ ઇન્દ્રિયજયાષ્ટક

મુમુક્ષુને ઇન્દ્રિયો ઉપર જય મેળવવા માટે પુરુષાર્થ કરવાની આવશ્યકતા. ... ... ... ... ૧૦૭
દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિયનું સ્વરૂપ. ... ... ૧૦૮
તૃષ્ણારૂપ જળથી ભરેલા ઇન્દ્રિયરૂપ ક્યારા વડે વૃદ્ધિ પામેલા વિષવૃક્ષોથી તીવ્ર મોહની ઉત્પત્તિ કરે છે. ... ... ૧૧૨
ઇન્દ્રિયો તૃપ્ત થતી નથી માટે અન્તરાત્મા વડે તૃપ્ત થવાનો ઉપદેશ. ... ... ... ... ૧૧૩
સંસારવાસથી વિમુખ આત્માને ઇન્દ્રિયો વિષયો વડે બાંધે છે. ૧૧૬
અવિવેકી મનુષ્યોની જ્ઞાનામૃતને છોડીને ઇન્દ્રિયોના વિષયોમાં પ્રવૃત્તિ. ... ... ... ... ૧૧૭
એક એક ઇન્દ્રિયના દોષથી પ્રાણી દુર્દશા પામે છે, તો પાંચે ઇન્દ્રિયોને વશવર્તી પ્રાણીને માટે શું કહેવું ? ... ૧૧૮
સમાધિરૂપ ધન લુંટનાર ઇન્દ્રિયોથી જે જિતાયો નથી તે જ ધીર પુરુષોમાં મુખ્ય છે. ... ... ... ૧૧૯

## ૮ ત્યાગાષ્ટક

શુદ્ધ ઉપયોગરૂપ પિતા અને ધૃતિરૂપ માતાનો તથા શીલાદિ બન્ધુઓનો આશ્રય કરી લૌકિક માતાપિતા તથા બન્ધુઓનો ત્યાગ કરવાની ભાવના. ... ... ... ૧૨૧
સમતારૂપ સ્ત્રી તથા સમાન આચારવાળા સાધુઓરૂપ જ્ઞાતિનો આશ્રય કરી ધર્મસંન્યાસવાળો થઈ ઔદયિક ભાવના ધર્મોને ત્યાગ કરવાનો ઉપદેશ. ... ... ... ૧૨૮
સત્સંગથી ઉત્પન્ન થયેલા ક્ષાયોપશમિક ધર્મોનો ત્યાગ. ... ૧૨૯
ગુરુસેવાની મર્યાદા. ... ... ... ... ૧૩૨
જ્ઞાનાચારાદિની પોતપોતાના શુદ્ધ પદની પ્રાપ્તિ સુધીની મર્યાદા. ૧૩૪
યોગસંન્યાસથી સમગ્ર યોગોનો ત્યાગ. ... ... ૧૩૬
આત્માના સર્વથા નિર્ગુણપણાનો નિષેધ. ... ... ૧૩૮

## ૯ ક્રિયાષ્ટક

ક્રિયામાં તત્પર એવા જ્ઞાનીનું સંસારસમુદ્રથી તરવા અને બીજાને તારવાનું સામર્થ્ય. ... ... ... ૧૪૦
ક્રિયારહિત એકલા જ્ઞાનની નિરર્થકતા ... ... ૧૪૪
વ્યવહારક્રિયાના નિષેધ કરનારને દોષ. ... ... ૧૪૬
સત્ક્રિયા ભાવની ઉત્પત્તિમાં અને તેને ટકાવી રાખવામાં કારણ છે. ... ... ... ... ૧૪૭
પતિતને પણ ભાવની વૃદ્ધિનું કારણ ક્રિયા. ... ... ૧૪૯
ગુણની વૃદ્ધિ માટે અને તેથી પડી ન જવાય તે માટે ક્રિયાની ઉપયોગિતા. ... ... ... ... ૧૫૧
વચનાનુષ્ઠાનથી અસંગક્રિયાની પ્રાપ્તિ. ... ... ૧૫૨

## ૧૦ તૃપ્ત્યષ્ટક

જ્ઞાન, ક્રિયા અને સમભાવ એ તૃપ્તિનું કારણ છે. ... ૧૫૫
પોતાના ગુણો વડે જ કદી વિનાશ ન પામે તેવી તૃપ્તિ થાય છે,

તેથી જ્ઞાનીને વિષયોનું પ્રયોજન નથી. ... ... ૧૫૮
શાન્તરસના આસ્વાદથી અનુભવગમ્ય જે તૃપ્તિ થાય છે, તે જિહ્વાદ્વારા ષડ્રસના ભોજનથી થતી નથી. ... ૧૫૯
મિથ્યા તૃપ્તિ અને વાસ્તવિક તૃપ્તિનું સ્વરૂપ. ... ... ૧૬૦
પુદ્ગલોથી પુદ્ગલોની અને આત્માથી આત્માની તૃપ્તિ. ... ૧૬૧
પરબ્રહ્મને વિષે તૃપ્તિ વચનને અગોચર છે. ... ... ૧૬૩
પુદ્ગલોથી અતૃપ્ત થયેલા અને જ્ઞાનથી તૃપ્ત થયેલાનું લક્ષણ. ૧૬૫
વિષયથી અતૃપ્ત ઇન્દ્રાદિને પણ સુખ નથી, પણ જ્ઞાનથી તૃપ્ત થયેલ ભિક્ષુ સુખી છે. ... ... ... ૧૬૬

## ૧૧ નિર્લેપાષ્ટક

સંસારમાં રહેતા સ્વાર્થી કર્મથી લેપાય છે, પણ જ્ઞાની કર્મથી લેપાતા નથી. ... ... ... ... ૧૬૯
'હું પુદ્ગલભાવોનો કર્તા, કરાવનાર તથા અનુમોદન કરનાર નથી', એવી બુદ્ધિવાળા આત્મજ્ઞાનીને કર્મનો લેપ લાગતો નથી. ૧૭૧
'પુદ્ગલો પુદ્ગલોવડે બંધાય છે, પણ હું પુદ્ગલોથી બંધાતો નથી', એમ ધ્યાન કરનાર આત્મા કર્મથી લેપાતો નથી. ૧૭૨
પુદ્ગલોના બન્ધનું સ્વરૂપ. ... ... ... ૧૭૩
નિર્લેપજ્ઞાનમાં મગ્ન થયેલા યોગીને ક્રિયાની ઉપયોગિતા. ... ૧૭૬
ક્રિયાવાળાને પણ તપશ્રુત આદિના અભિમાનથી કર્મબન્ધનો સંભવ અને નિષ્ક્રિય જ્ઞાનીને કર્મના લેપનો અસંભવ. ... ૧૭૭
નિશ્ચય અને વ્યવહારનયથી આત્માના લિપ્તપણા અને અલિપ્તપણાનું સ્વરૂપ અને તેની શુદ્ધિનું કારણ ... ... ૧૮૦
જ્ઞાનદૃષ્ટિ અને ક્રિયાદૃષ્ટિનો સાથે જ વિકાસ થાય છે, પણ તેમાં એકએકની મુખ્યતાનું કારણ. ... ... ... ૧૮૧
જેનું જ્ઞાનસહિત અનુષ્ઠાન દૂષિત નથી એવા શુદ્ધ સ્વભાવવાળા ભગવંતને નમસ્કાર. ... ... ... ૧૮૩

## ૧૨ નિઃસ્પૃહતાષ્ટક


નિઃસ્પૃહતાનું કારણ. ... ... ... ... ૧૮૫
સ્પૃહાવાળા મનુષ્યો બધાની પ્રાર્થના કરે છે, પણ નિઃસ્પૃહને તો જગત તૃણતુલ્ય છે. ... ... ... ૧૮૭
સ્પૃહારૂપ વિષલતા જ્ઞાનરૂપ દાતરડા વડે છેદવા યોગ્ય છે. ... ૧૮૮
પૌદ્ગલિક ભાવમાં રતિનું કારણ સ્પૃહા ચિત્તરૂપ ઘરથી બહાર કાઢવા યોગ્ય છે. ... ... ... ... ૧૮૯
સ્પૃહાવાળા બધા કરતાં હલકા છે, છતાં તે ભવસમુદ્રમાં બુડે છે એ આશ્ચર્ય. ... ... ... ... ૧૯૦
સ્પૃહારહિત સાધુ પોતાના ગૌરવ, પ્રતિષ્ઠા અને ખ્યાતિને પ્રગટ કરતો નથી. ... .. ... ... ૧૯૧
નિઃસ્પૃહને ચક્રવર્તી કરતાં પણ અધિક સુખ છે. ... ૧૯૨
સુખ અને દુઃખનું લક્ષણ નિઃસ્પૃહતા અને પરસ્પૃહા છે. ... ૧૯૩
મુનિનું લક્ષણ મૌન(મુનિપણું) અને સમ્યક્ત્વની એકતા. ૧૯૪
મુનિને જ્ઞાન, શ્રદ્ધા અને આચારની અભેદપરિણતિ. ... ૧૯૮
શુદ્ધ જ્ઞાનનયની દૃષ્ટિથી જ્ઞાનની જ જ્ઞાન, દર્શન અને ચારિત્ર-રૂપતા અને ક્રિયાનયના અભિપ્રાયે ક્રિયાની ત્રિરૂપતા. ... ૨૦૧
મણિના દૃષ્ટાન્તથી ચારિત્રરહિત જ્ઞાન અને શ્રદ્ધાની અવાસ્તવિકતા. ... ... ... ... ૨૦૩
ભવોન્માદને નિરર્થક જાણતા મુનિને આત્મતૃપ્તિ હોય છે. ... ૨૦૬
વાસ્તવિક મૌનનું સ્વરૂપ. ... ... ... ૨૦૭
યોગસ્થાનકોનું સ્વરૂપ. ... ... ... ૨૦૮
જેની બધી ક્રિયા ચૈતન્યમય છે એવા યોગીઓનું સર્વોત્કૃષ્ટ મૌન. ૨૧૩


## ૧૪ વિદ્યાષ્ટક


વિદ્યા અને અવિદ્યાનું સ્વરૂપ. ... ... ... ૨૧૫
જે આત્માને નિત્ય અને પરસંયોગને અનિત્ય જાણે છે તેને

મોહ કંઈ પણ કરી શકતો નથી. ... ... ૨૧૮
લક્ષ્મી, આયુષ અને શરીરની અનિત્યતાનો વિચાર. ... ૨૧૯
અવિવેકીને થતા શરીરની પવિત્રતાના વિચારની ભયંકરતા.... ૨૨૦
અન્તરાત્માની પવિત્રતાનો વિચાર. ... ... ૨૨૨
દેહાદિને વિષે આત્મબુદ્ધિ જ બન્ધનું કારણ છે. ... ૨૨૩
ચૈતન્યપરિણામથી પરસ્પર મળેલા જીવ અને પુદ્ગલ દ્રવ્યના ભેદનો અનુભવ. ... ... ... ... ૨૨૪
યોગીને આત્મામાં જ પરમાત્માના દર્શનનો અનુભવ. ... ૨૨૯

## ૧૫ વિવેકાષ્ટક

વિવેકનું સ્વરૂપ. ... ... ... ... ૨૩૦
દેહ આત્મા આદિના વિવેકની અતિ દુર્લભતા. ... ૨૩૨
આત્મામાં અવિવેકથી વિકારોનું ભાન. ... ... ૨૩૪
શુદ્ધ આત્મામાં કર્મસ્કન્ધોના ફળનો અવિવેકથી આરોપ. ... ૨૩૫
અવિવેકથી દેહાદિમાં આત્માના અભેદની ભ્રાન્તિ. ... ૨૩૬
વિવેકરૂપ પર્વતથી નહિ પડવાના કારણનો ઉપદેશ. ... ૨૩૭
ગુણશ્રેણિનું સ્વરૂપ અને તેના પ્રકાર. ... ... ૨૩૯
જે આત્માને વિશે આત્માના છ કારકોનો સંબન્ધ કરે છે તેને અવિવેકરૂપ જ્વરની વિષમતાનો અભાવ. ... ... ૨૪૧
વિવેકરૂપ સરાણથી તીક્ષ્ણ ધારવાળા સંયમરૂપ શસ્ત્રનું કર્મનો નાશ કરવાનું સામર્થ્ય. ... ... ... ૨૪૮

## ૧૬ માધ્યસ્થ્યાષ્ટક

બાહ્યોચિત ચપલતાને તજી મધ્યસ્થ થવાનો ઉપદેશ. ... ૨૪૯
મધ્યસ્થનું મન યુક્તિને અનુસરે છે અને કદાગ્રહીનું મન યુક્તિને ખેંચે છે.... ... ... ... ૨૫૧
બધા નયોમાં સમાન દૃષ્ટિવાળા મુનિનું મધ્યસ્થપણું હોય છે. ૨૫૨
નયોનું સ્વરૂપ. ... ... ... ... ૨૫૩

પોતપોતાના કર્મને આધીન મનુષ્યોમાં મધ્યસ્થને રાગ–દ્વેષનો અભાવ. ... ... ... ... ૨૭૦
મન જ્યાંસુધી પરના દોષ અને ગુણગ્રહણ કરવામાં લાગેલું છે, ત્યાંસુધી તેને આત્માની ભાવનામાં પ્રવર્તાવવું. ... ૨૭૧
મધ્યસ્થના જુદા જુદા માર્ગ હોય તોપણ તેને પરબ્રહ્મની પ્રાપ્તિ. ૨૭૩
મધ્યસ્થ દૃષ્ટિવડે સ્વસિદ્ધાન્તનો આદર અને પરસિદ્ધાન્તનો ત્યાગ. ૨૭૩
બધા અપુનર્બન્ધકાદિને વિષે ચારિસંજીવની ચરાવવાના ન્યાયથી હિતની ઇચ્છા. ... ... ... ... ૨૭૫

## ૧૭ નિર્ભયાષ્ટક

પરની અપેક્ષારહિત અને કેવળ આત્મસ્વભાવના અનુગામીને ભયની ભ્રાન્તિથી થતા ખેદનો અભાવ. ... ... ૨૭૯
ભયસહિત સંસારના સુખની નિરર્થકતા અને ભયરહિત જ્ઞાનના સુખની વિશેષતા.... ... ... ... ૨૮૦
જ્ઞાન વડે જ્ઞેય પદાર્થને જોનાર મુનિને નિર્ભયતા. ... ૨૮૧
આત્મજ્ઞાનરૂપ શસ્ત્રને ધારણ કરી મોહરૂપ સેનાનો નાશ કરતા મુનિનું નિર્ભયપણું. ... ... ... ૨૮૩
જ્યાં જ્ઞાનદૃષ્ટિ છે ત્યાં ભયનો અભાવ. ... ... ૨૮૩
જ્ઞાનરૂપ બખ્તરને ધારણ કરતા મુનિ મોહના શસ્ત્રને નિષ્ફળ કરે છે. ... ... ... ... ૨૮૪
ભયરૂપ વાયુવડે મૂઢ મનુષ્યો અહીં તહીં ભ્રમણ કરે છે, પણ તેથી જ્ઞાનીને કંઇ પણ ભય હોતો નથી. ... ... ૨૮૫
ચિત્તમાં ચારિત્રની પરિણતિવાળાને ભયનો અભાવ. ... ૨૮૬

## ૧૮ અનાત્મશંસાષ્ટક

ગુણસહિત હોય કે ગુણરહિત હોય તોપણ બન્ને રીતે આત્મપ્રશંસાની નિરર્થકતા. ... ... ... ૨૮૮
આત્મપ્રશંસાથી ફળની હાનિ. ... ... ... ૨૯૨

પોતાના અભિમાનરૂપ જ્વરની શાન્તિનો ઉપાય. ... ૨૯૩
ચિદાનન્દસ્વરૂપ આત્માને શરીરાદિ પરવસ્તુના ધર્મ વડે અભિ-
માનનો અભાવ. ... ... ... ... ૨૯૫
શુદ્ધ પર્યાયો અને અશુદ્ધ પર્યાયો મહામુનિને ઉત્કર્ષનું કારણ નથી. ૨૯૭
'અભિમાન ગુણોનો નાશક છે,' એવો આત્માને ઉપદેશ. ... ૨૯૯
નિરપેક્ષ અને દેશ કાળની મર્યાદા રહિત ચૈતન્યસ્વરૂપ યોગીને
ઉત્કર્ષ અને અપકર્ષની કલ્પનાનો અભાવ. ... ૩૦૦

## ૧૯ તત્ત્વદૃષ્ટિઅષ્ટક

પૌદ્ગલિક રૂપવાળી દૃષ્ટિ અને અરૂપી તત્ત્વદૃષ્ટિનું પોતાના
સ્વરૂપમાં મગ્નપણું. ... ... ... ૩૦૧
તત્ત્વદૃષ્ટિ ભ્રાન્તિરૂપ વિષતરુની છાયામાં સુખની ઇચ્છાથી
સૂતો નથી. ... ... ... ... ૩૦૩
બાહ્યદૃષ્ટિને જે મોહનું કારણ છે તે જ તત્ત્વદૃષ્ટિને વૈરાગ્યનું
કારણ થાય છે. ... ... ... ... ૩૦૬
સુન્દર સ્ત્રીશરીરાદિ પરત્વે બાહ્યદૃષ્ટિ અને તત્ત્વદૃષ્ટિની માન્યતા. ૩૦૮
'ભસ્મ અને કેશનો લોચ', ઇત્યાદિ કષ્ટવડે મહાત્માપણાની બાહ્ય-
દૃષ્ટિની માન્યતા અને તત્ત્વદૃષ્ટિની જ્ઞાનની પ્રભુતાવડે
મહાત્માપણાની માન્યતા. ... ... ... ૩૧૧
વિશ્વના ઉપકારને માટે જ તત્ત્વદૃષ્ટિ પુરૂષોનું નિર્માણ. ... ૩૧૩

## ૨૦ સર્વસમૃદ્ધિઅષ્ટક

બાહ્યદૃષ્ટિનો પ્રચાર રોકવાથી જ મહાત્માઓને અન્તરમાં સર્વ
સમૃદ્ધિનું પ્રગટ થવું. ... ... ... ૩૧૬
મુનિની ઇન્દ્ર, ચક્રવર્તી, નાગરાજ, શિવ અને કૃષ્ણની સાથે
સમાનતા. ... ... ... ...
બ્રહ્માની સૃષ્ટિ કરતાં મુનિની અન્તર્ગુણ સૃષ્ટિની અધિકતા. ... ૩૨૪
યોગસિદ્ધ પુરુષને અર્હતની પદવીનું સુલભપણું. ... ૩૨૫

## ૨૧ કર્મવિપાકાષ્ટક

કર્મના વિપાકને પરવશ જગતને જાણવા મુનિને દુઃખની પ્રાપ્તિ થયે દીનપણાનો અને સુખની પ્રાપ્તિમાં વિસ્મયનો અભાવ. ૩૨૬
કર્મના વિપાકની વિષમતાનો વિચાર. ... ... ૩૩૦
જ્ઞાનીને પણ કર્મના વિપાકથી સંસારમાં પરિભ્રમણ. ... ૩૩૩
કર્મના વિપાક સિવાય બીજી બધી સામગ્રીનું અકિંચિત્કરપણું. ૩૩૬
કર્મવિપાકથી ચરમપુદ્ગલપરાવર્ત પહેલાનાં પુદ્ગલપરાવર્તોમાં વર્તતા આત્માના ધર્મનો અપ્રગટભાવ અને ચરમપુદ્ગલપરાવર્તમાં વર્તતા સાધુને ધર્મ પ્રગટ થયે પ્રમાદાદિ દોષનો સંભવ. ... ... ... ... ૩૩૭
કર્મવિપાકને ચિંતવનાર સમભાવી સાધુ જ જ્ઞાનાનન્દનો ભોક્તા બને છે. ... ... ... ... ૩૩૮

## ૨૨ ભવોદ્વેગાષ્ટક

ભવનું સ્વરૂપ અને તેથી ઉદ્વિગ્ન થયેલા જ્ઞાની પુરૂષની તેને સર્વ પ્રયત્નથી તરવાના ઉપાયની ઇચ્છા. ... ... ૩૩૯
સંસારથી ભયભીત થયેલા મુનિની ચારિત્રક્રિયામાં એકાગ્રતા. ૩૪૪
વ્યવહારનયે સંસારના ભયથી જ મુનિની સ્થિરતા અને આત્માની સમાધિમાં સંસારના ભયનો અભાવ. ... ... ૩૪૭

## ૨૩ લોકસંજ્ઞાત્યાગાષ્ટક

લોકોત્તર માર્ગમાં સ્થિતિ કરનાર મુનિને લોકસંજ્ઞામાં આસક્તિનો અભાવ. ... ... ... ... ૩૪૯
જે લોકને ખુશી કરવા સદ્ધર્મનો ત્યાગ કરે છે તે માટે થતો ખેદ. ૩૫૦
સામાન્ય જનસમૂહનું લોકસંજ્ઞાના પ્રવાહને અનુસરણ, પણ રાજહંસરૂપ મહામુનિનું સામે પ્રવાહે ચાલવું. ... ૩૫૨
'લોકપ્રવાહને અનુસરીને કર્તવ્ય કરવાનું હોય તો મિથ્યાદષ્ટિનો ધર્મ કદી પણ તજવા યોગ્ય ન હોય', એ દોષનું બતાવવું. ૩૫૩

લોક અને લોકોત્તર માર્ગમાં કલ્યાણના અર્થીની વિરલતા. ... ૩૫૪
લોકસંજ્ઞાથી હણાયેલાને પોતાના સત્યવ્રતમાં મર્માઘાતની મહા વેદના. ... ... ... ... ૩૫૪
આત્માની સાક્ષીએ ધર્મની સિદ્ધિ અને લોકવ્યવહારની નિરર્થકતા. ૩૫૫
લોકસંજ્ઞાના ત્યાગી સાધુને સુખ ... ... ... ૩૫૬

## ૨૪ શાસ્ત્રાષ્ટક

સાધુઓ શાસ્ત્રરૂપ ચક્ષુવાળા હોય છે. ... ... ૩૫૭
જ્ઞાનીને શાસ્ત્રચક્ષુ વડે ઊર્ધ્વ, અધો અને તિરછાલોકમાં રહેલા સર્વ ભાવોનું દર્શન. ... ... ... ૩૬૧
શાસ્ત્રનો આદર સર્વ સિદ્ધિનું કારણ છે. ... ... ૩૬૩
શાસ્ત્રરૂપ દીવા સિવાય પરોક્ષ પદાર્થની પાછળ દોડતા અવિવેકી મનુષ્યોને થતા ખેદનો અનુભવ. ... ... ૩૬૪
શાસ્ત્રની આજ્ઞારહિતને શુદ્ધ ભિક્ષા આદિ પણ હિતકર નથી. ૩૬૫
અજ્ઞાન અને સ્વચ્છન્દતાને દૂર કરનાર તથા ધર્મની પુષ્ટિ કરનાર શાસ્ત્ર છે. ... ... ... ... ૩૬૬
શાસ્ત્રોક્ત આચાર પાળનાર, શાસ્ત્રજ્ઞ, શાસ્ત્રનો ઉપદેશ કરનાર અને શાસ્ત્રની દૃષ્ટિવાળા યોગીને પરમ પદની પ્રાપ્તિ. ... ૩૬૭

## ૨૫ પરિગ્રહાષ્ટક

પરિગ્રહરૂપ ગ્રહની વિલક્ષણતા. ... ... ... ૩૬૮
પરિગ્રહરૂપ ગ્રહના આવેશથી વેષધારીઓના વિકારયુક્ત પ્રલાપો. ૩૭૦
બાહ્ય અને અભ્યન્તર પરિગ્રહના ત્યાગી ત્રણ જગતને ઉપાસના કરવા યોગ્ય છે. ... ... ... ... ૩૭૧
અંતરંગ પરિગ્રહથી ચિત્ત વ્યાકુલ હોય તો બાહ્ય પરિગ્રહના ત્યાગનું નિરર્થકપણું. ... ... ... ૩૭૨
પરિગ્રહના ત્યાગથી જ સકલ કર્મનો ક્ષય. ... ... ૩૭૩
બાહ્ય પરિગ્રહના ત્યાગી, મૂર્છારહિત યોગીને પુદ્ગલના બન્ધનનો અભાવ. ... ... ... ... ૩૭૪

ધર્મોપકરણો વડે પણ નિષ્પરિગ્રહતાની પ્રાપ્તિ.... ... ૩૭૫
પરિગ્રહનું કારણ મૂર્છા અને અપરિગ્રહનું કારણ મૂર્છાનો અભાવ. ૩૭૭

## ૨૬ અનુભવાષ્ટક

કેવલજ્ઞાન અને શ્રુતજ્ઞાનથી ભિન્ન અનુભવનું સ્વરૂપ. ... ૩૭૮
સંસારસમુદ્ર પાર પહોંચવાનું કારણ અનુભવ જ છે. ... ૩૮૩
અતીન્દ્રિય પરમાત્મસ્વરૂપ, વિશુદ્ધ અનુભવ સિવાય શાસ્ત્રની સેંકડો યુક્તિઓ વડે જાણવું અશક્ય છે. ... ... ૩૮૩
હેતુવાદ (તર્કની યુક્તિ)થી અતીન્દ્રિય પદાર્થના જ્ઞાનનો અસંભવ. ૩૮૪
કલ્પનાથી શાસ્ત્રમાં પ્રવેશ કરનારા ઘણા હોય છે, પણ અનુભવથી તેના રસને જાણનારા થોડા છે. ... ... ૩૮૬
લિપિમય, વાણીમય કે મનોમય દૃષ્ટિથી વિશુદ્ધ અનુભવ સિવાય વિશુદ્ધ બ્રહ્મ જાણી શકાય નહિ. ... ... ૩૮૬
અનુભવ એ સુષુપ્તિ, સ્વપ્ન કે જાગૃત દશા નથી, પણ ચોથી ઉજ્જાગર દશા છે. ... ... ... ૩૮૭
પૂર્વે શાસ્ત્રદૃષ્ટિથી શબ્દબ્રહ્મ જાણી પછી અનુભવથી પરબ્રહ્મ જાણવાનો ઉપદેશ. ... ... ... ૩૮૮

## ૨૭ યોગાષ્ટક

યોગનું સ્વરૂપ અને તેના સ્થાનાદિ પાંચ ભેદો ... ... ૩૮૯
પાંચ પ્રકારના યોગમાં કર્મયોગ અને જ્ઞાનયોગનો વિભાગ. ૩૯૨
યોગના ઇચ્છાદિ ભેદો અને તેનું કાર્ય. ... ... ૩૯૪
ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થિરતા અને સિદ્ધિનું સ્વરૂપ ... ... ૩૯૬
ચૈત્યવન્દનાદિ ક્રિયામાં સ્થાન અને વર્ણોચ્ચારને વિષે પ્રયત્ન તથા અર્થ અને આલમ્બનનું વારંવાર સ્મરણ યોગીને હિતકર છે. ૩૯૯
આલમ્બન અને અનાલમ્બનનું સ્વરૂપ. ... ... ૪૦૦
પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ અનુષ્ઠાનના ભેદથી સ્થાનાદિ પ્રત્યેક યોગના પ્રકારો. ... ... ... ૪૦૪
સ્થાનાદિ યોગરહિતને સૂત્ર શિખવવામાં મહાદોષ. ... ૪૦૭

## ૨૮ નિયાગાષ્ટક


ભાવયજ્ઞરૂપ નિયાગનું સ્વરૂપ. ... ... ... ૪૦૯
નિષ્કામ જ્ઞાનયજ્ઞ કરવાનો ઉપદેશ અને કર્મયજ્ઞની નિરર્થકતા. ૪૧૧
કર્મયજ્ઞને પણ મનની શુદ્ધિદ્વારા જ્ઞાનયજ્ઞરૂપ માનવામાં દોષ. ૪૧૧
ગૃહસ્થને વીતરાગની પૂજા આદિ કર્મ બ્રહ્મયજ્ઞરૂપ છે અને યોગીને જ્ઞાન જ બ્રહ્મયજ્ઞ છે. ... ... ... ૪૧૨
ભિન્ન ઉદ્દેશથી શાસ્ત્રમાં ઉપદેશેલું કર્મ કર્મનો ક્ષય કરવાને સમર્થ નથી. ... ... ... ... ૪૧૪
કર્મના કર્તાપણાના અભિમાનને બ્રહ્માગ્નિમાં હોમવું તે જ બ્રહ્માર્પણ છે. ... ... ... ... ૪૧૫
બ્રહ્મયજ્ઞનો વિધિ અને બ્રહ્મયજ્ઞ કરનારને કર્મલેપનો અભાવ. ૪૧૭


## ૨૯ પૂજાષ્ટક


દ્રવ્યપૂજાના રૂપકદ્વારા ભાવપૂજાનું સ્વરૂપ. ... ... ૪૧૮
આઠ મદસ્થાનના ત્યાગરૂપ અષ્ટમંગલનું સ્વરૂપ. ... ૪૨૧
ધર્મસંન્યાસરૂપ અગ્નિ વડે ક્ષાયોપશમિક ધર્મના ત્યાગરૂપ લુણ ઉતારવાપૂર્વક સામર્થ્યયોગરૂપ આરતી કરવાનો ઉપદેશ. ૪૨૧
અનુભવરૂપ મંગલદીવો અને સંયમયોગરૂપ નૃત્ય અને વાદિત્ર વડે પૂજા કરવાનો ઉપદેશ. ... ... ... ૪૨૨
ઉલ્લસિત મનવાળા અને સત્યરૂપ ઘંટા વગાડનાર ભાવપૂજામાં આસક્ત થયેલાને હથેળીમાં મોક્ષપ્રાપ્તિ. ... ... ૪૨૩


## ૩૦ ધ્યાનાષ્ટક


એકાગ્રચિત્તવાળા ધ્યાનીને દુઃખનો અભાવ. ... ... ૪૨૫
ધ્યાતા, ધ્યેય અને ધ્યાનનું સ્વરૂપ. ... ... ૪૨૬
મણિના દૃષ્ટાન્તવડે સમાપત્તિનું સ્વરૂપ. ... ... ૪૨૯
સમાપત્તિથી આપત્તિ અને સંપત્તિની પ્રાપ્તિ ... ... ૪૩૧
ધ્યાનના ફળરૂપ સમાપત્તિથી વીશસ્થાનકાદિ તપનું ઉચિતપણું. ૪૩૧

ધ્યાતા કેવા પ્રકારનો હોય તેનું સવિસ્તર વર્ણન. ... ૪૩૨

## ૩૧ તપઅષ્ટક

તપનું સ્વરૂપ. ... ... ... ... ૪૩૫
જ્ઞાની પુરુષોની સામે પ્રવાહે ચાલવાની વૃત્તિ પરમ તપરૂપ છે. ૪૩૭
તત્ત્વજ્ઞાનીને શીતતાપાદિ કષ્ટ સહન કરવારૂપ તપ દુષ્કર નથી. ૪૩૮
તપસ્વી એવા જ્ઞાનીને સાધ્યના મધુરપણાથી હમેશાં આનન્દની વૃદ્ધિ હોય છે. ... ... ... ... ૪૩૮
'તપ દુઃખરૂપ હોવાથી નિરર્થક છે', એમ માનનારા બૌદ્ધોની બુદ્ધિનું કુંઠિતપણું... ... ... ... ૪૪૦
શુદ્ધ તપનું લક્ષણ. ... ... ... ... ૪૪૧
તપ કરવાનો વિધિ. ... ... ... ... ૪૪૨
મૂલ અને ઉત્તરગુણની પ્રાપ્તિ માટે બાહ્ય અને અભ્યન્તર તપ કરવાનો ઉપદેશ. ... ... ... ... ૪૪૩

## ૩૨ સર્વનયાશ્રયણાષ્ટક

બધા નયોની વસ્તુભાવમાં સ્થિરતા હોવાથી ચારિત્રગુણમાં લીન થયેલ સાધુને સર્વ નયોનો આશ્રય. ... ... ૪૪૫
જુદા જુદા નયો પરસ્પર વાદ અને પ્રતિવાદથી કદર્થના પામેલા છે તેથી સમભાવના સુખના અનુભવી જ્ઞાનીને સર્વ નયોનો આશ્રય. ... ... ... ... ૪૪૯
પ્રમાણ અને અપ્રમાણની વિશેષતા. ... ... ૪૫૧
સર્વ નયોને જાણનારાઓનું મધ્યસ્થપણું અથવા ઉપકાર બુદ્ધિ અને જુદાજુદા નયોના આગ્રહવાળાને અભિમાન અથવા અત્યન્ત ક્લેશ. ... ... ... ... ૪૫૪
સર્વ નયોના જાણનારાઓનું ધર્મવાદથી કલ્યાણ. ... ૪૫૬
સર્વ નયાશ્રિત માર્ગને પ્રકાશ કરનારા અને તેની પરિણતિવાળાને નમસ્કાર ... ... ... ... ૪૫૭

| | |
|---|---|
| પરમાનન્દમય સર્વનયાશ્રિત જ્ઞાની પુરુષોનો જય. | ... ૪૬૦ |
| અષ્ટકોનો નામનિર્દેશ ... ... | ... ૪૬૨ |
| ઉપસંહાર. ... ... ... | ... ૪૬૮ |
| પ્રશસ્તિ. ... ... ... | ... ૪૮૨ |
| મૂળ શ્લોકો. ... ... ... | ... ૪૮૮ |


---

ૐ હ્રીં અર્હં નમઃ

**શ્રી કૈલાસ કંચન ભાવસાગર શ્રમણ સંઘ સેવા ટ્રસ્ટના પ્રકાશનો**

(૧) દેશના સમુચ્ચય ભા–૨ શ્રી સિદ્ધચક્ર મહાત્મ્ય પેજ ૭૨૫

(૨) ભગવતી સૂત્ર ભા–૨, પ્રશમરતિ પ્રકરણ–સંબોધ કારિકા–શાશ્વતી ઓળીના તાત્વિક વ્યાખાનો પેજ ૮૨૫

(૩) આનંદ સુધા સિંધુ ભા–૧ (વિભાગ–૧) પેજ ૫૨૫

(૪) આનંદ સુધા સિંધુ ભા–૧ (વિભાગ–૨) અંતિમ સાધના–પર્યુષણ પર્વનું મહાત્મ્ય–ગજસિંહકુમારની કથા પેજ ૫૭૫

(૫) આનંદ સુધા સિંધુ ભા–૨ પેજ ૬૨૫

(૬) શ્રી જૈન કથારત્ન મંજૂષા પેજ ૫૦૦

(૭) ઠાણાંગ સૂત્રના પાંચમા ઠાણાંગ ઉપરના વ્યાખ્યાનો ભા–૧–૨ પેજ ૬૦૦

(૮) બારસા સૂત્ર સચિત્ર પેજ ૧૬૮

(૯) જ્ઞાનસાર અષ્ટક પેજ ૨૨૦

(૧૦) રત્નપાલ નૃપાલ કથા પેજ ૬૪

(૧૧) અનુત્તરોપપાતિકદશા પેજ ૧૮

ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજયોપાધ્યાય વિરચિત

# જ્ઞાનસાર અષ્ટક

[ સ્વોપજ્ઞ ભાષાર્થ અને શ્રીમદ્ દેવચંદ્રજીકૃત
જ્ઞાનમંજરી ટીકાના અનુવાદ સહિત ]

---

ऐन्द्रवृन्दनतं नत्वा वीरं तत्त्वार्थदेशिनम् ।
अर्थः श्रीज्ञानसारस्य लिख्यते लोकभाषया ।।

ઇન્દ્રના સમૂહવડે નમાયેલા અને તત્ત્વાર્થના ઉપદેશ કરનારા મહાવીર ભગવંતને નમસ્કાર કરીને જ્ઞાનસારનો અર્થ લોકભાષામાં લખું છું.

## ટીકાનો અનુવાદ

શુદ્ધ સ્યાદ્વાદના ઉપદેશ કરનારા શ્રીપાર્શ્વનાથ જિનને નમસ્કાર કરીને આત્માના વિશુદ્ધ આનન્દની પ્રાપ્તિ માટે હું જ્ઞાનસારનું વિવરણ કરું છું. પૂર્વે ગુણરૂપી રત્નોના રોહણાચલ સમાન અને પરોપકાર કરવામાં તત્પર એવા અનેક

મુનિઓ થયા છે, તેઓના સુવાક્યરૂપી અમૃતના પાનથી પુષ્ટ થયેલો હું પોતાના આત્માને હિતકારક અને સુખપૂર્વક બોધ થાય એવી ટીકા કરું છું.

આ લોકમાં મારા કરતાં બીજો કોઇ પણ સંસારના હેતુઓમાં ધીર–તત્પર એવો ઉપકારને પાત્ર નથી, તેથી મારા પોતાના બોધ માટે ભાષ્ય વગેરે શાસ્ત્રના અર્થનું અવલંબન કરીને ટીકા કરું છું.

અહીં શિષ્ટાચારનું પાલન કરવા માટે મંગલ વગેરે કરવું જોઇએ. જો કે અહીં શુદ્ધ આત્મસ્વરૂપનું પ્રતિપાદન કરવામાં આવેલું હોવાથી સર્વ ગ્રન્થ મંગલરૂપ છે, તોપણ ગ્રન્થનો વિચ્છેદ ન થાય, સુખપૂર્વક બોધ થાય અને શિષ્યની બુદ્ધિનો વિકાસ થાય તે માટે પંચપરમેષ્ઠી મંગલના બીજભૂત શ્રીમુનિરાજ વગેરે પાંચ પદના સ્મરણ રૂપ મંગલ કરેલું છે. ગુણનો સ્તુતિપાઠ, અંજલિ કરવી અને (મનો)-યોગના આનન્દ વગેરે કારણથી ઉત્પન્ન થયેલા આત્માના ગુણને વિષે અરિહંતાદિના બહુમાનની એકતા રૂપ ભાવમંગલ અને કર્તાની વિદ્યાસિદ્ધિના બીજભૂત 'ઐં'કારના સ્મરણરૂપ મંગલપ્રતિપાદક આદિ શ્લોક ગ્રન્થકર્તા કહે છે—

## ૧ પૂર્णाष्टक

**ऐन्द्रश्रीसुखमग्नेन लीलालग्नमिवाखिलम् ।**
**सच्चिदानन्दपूर्णेन पूर्णं जगदवेक्ष्यते ॥१॥**

૧ ऐन्द्रश्रीसुखमग्नेन=ઇન્દ્ર સંબન્ધી શ્રી–લક્ષ્મીના સુખમાં મગ્ન થયેલા પુરુષ વડે. लीलालग्नं=સુખમાં મગ્ન થયેલું, સુખી. इव=જેમ.

જેમ ઈન્દ્રની લક્ષ્મીના સુખમાં મગ્ન થયેલો આત્મા સંપૂર્ણ જગતને લીલા-સુખમાં લાગેલું જુએ છે, તેમ સત્-સત્તા ચિત્-જ્ઞાન અને આનન્દ-સુખ એ ત્રણે અંશ વડે પરિપૂર્ણ જ્ઞાની જગતને દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણે અંશે પૂર્ણ જુએ છે. તાત્પર્ય એ છે કે જેમ સુખી સર્વને સુખી જાણે છે તેમ પૂર્ણ બધાને પૂર્ણ જાણે છે. નિશ્ચય નયની દૃષ્ટિએ ભ્રાન્તિ નથી.

**नैवास्ति राजराजस्य यत्सुखं नैव देवराजस्य।**
**तत्सुखमिहैव साधोर्लोकव्यापाररहितस्य॥**

**ચક્રવર્તીને જે સુખ નથી, અને જે સુખ ઈન્દ્રને પણ નથી તે સુખ અહીં લોકૈષણા રહિત સાધુને હોય છે.**

યથાર્થ ક્ષાયોપશમિક ઉપયોગવાળા મુનિ, ઉપાધ્યાય અને આચાર્ય; ક્ષાયિક ઉપયોગવાળા શ્રીઅરિહંત અને સિદ્ધ પરમાત્મા તથા ન્યાયસરસ્વતી બિરુદના ધારણ કરનારા શ્રીમદ્ યશોવિજય ઉપાધ્યાય પૂર્ણ-સકલ, અશુદ્ધ અને પર-પૌદ્ગલિક સંયોગથી ગમન કરવાનો-નવા નવા પર્યાયને પ્રાપ્ત કરવાનો સ્વભાવ હોવાથી યથાર્થ નામવાળા જગતને 'लीलालग्नमिव' કલ્પના વડે કલ્પિત સુખમાં મુગ્ધ થયેલું હોયની શું તેવું દેખે છે. આ કથનથી શુદ્ધ અને અમૂર્ત આત્માના આનન્દના અનુભવમાં લીન થયેલા યોગી પર-પૌદ્ગલિક અનુભવમાં મગ્ન થએલા જનોને મૂઢપણે જુએ છે-એમ

---

अखिलं=સર્વ જગત. सच्चिदानन्दपूर्णेन=सत्-સત્તા, चित्=જ્ઞાન અને आनन्द=સુખથી પૂર્ણ યોગી વડે. पूर्ण=જ્ઞાન, દર્શન અને ચારિત્રથી પરિપૂર્ણ. जगत्=વિશ્વ. अवेक्ष्यते=દેખાય છે.

જણાવ્યું. પર વસ્તુમાં કંઇ પણ ભોગ્યપણું નથી, તેથી વાસ્તવિક રીતે પોતાના ગુણપર્યાયનો અનુભવ કરવો એ જ ઉચિત છે. માટે પરસ્વરૂપમાં મગ્ન થયેલા મૂઢ છે એ તાત્પર્ય છે. કેવા પ્રકારના યોગી આ જગતને કલ્પના વડે કલ્પિત સુખમાં મુગ્ધ–ભ્રાન્ત થયેલું હોય એમ જુએ છે– ऐन्द्रश्रीसुखमग्नेन' જ્ઞાનાદિ ઐશ્વર્યના સંબન્ધથી [1]ઇન્દ્ર–આત્મા, તેની શ્રી–આત્મગુણ રૂપ લક્ષ્મી, તેના સુખ–આનન્દમાં મગ્ન, એકતાને પ્રાપ્ત થયેલા, વળી સત્–શુભ અથવા શાશ્વત, ચિત્–જ્ઞાન અને આનંદ વડે પૂર્ણ એટલે શાશ્વત જ્ઞાનાનન્દથી ભરપૂર એવા યોગી જગતને મિથ્યાત્વ અને અસંયમમાં મગ્ન–મૂઢ થયેલું જુએ છે. પૂર્ણ પુરુષો અપૂર્ણ જગતને ભ્રાન્ત જાણે છે. તેથી પૂર્ણાનન્દ સ્વરૂપ આત્માના સ્મરણ વડે પૂર્ણાનન્દ સાધ્ય છે.

---

૧ અહીં દેવચંદ્રજી મહારાજ ઇન્દ્ર શબ્દનો અર્થ 'આત્મા' કરે છે, પરન્તુ ઉપાધ્યાયજી 'દેવેન્દ્ર' એવો અર્થ કરે છે અને તે વધારે ઉચિત હોય તેમ લાગે છે, કારણ કે તેમણે તે જ રીતે ઉપમા અલંકાર ઘટાવેલ છે. જેમ સુખી સર્વને સુખી માને છે તેમ પૂર્ણ જ્ઞાની બધાને પૂર્ણ માને છે. અહીં 'પૂર્ણ જ્ઞાની અપૂર્ણ જગતને પૂર્ણ માને તો તેમને ભ્રાન્તિ કેમ ન કહેવાય?' એ પ્રશ્નના ઉત્તરમાં મૂળ ગ્રન્થકારે ટબામાં 'તેમની નિશ્ચય દૃષ્ટિ હોવાથી તેમાં ભ્રાન્તિ નથી' એવો ખુલાસો કર્યો છે. દેવચંદ્રજી મહારાજ 'પૂર્ણ જ્ઞાની જગતને મિથ્યાત્વ અને અસંયમમાં મગ્ન–મૂઢ થયેલું જાણે છે' એવો અર્થ ઘટાવે છે, પરન્તુ ઉપાધ્યાયજીએ 'પૂર્ણ જ્ઞાની જગતને પૂર્ણ જાણે છે' એ અર્થ કર્યો છે. અને એ અર્થ વધારે સંગત છે, અન્યથા મૂળ શ્લોકમાં કહેલ પૂર્ણપદનો અર્થ કોઇ પણ રીતે ઘટી શકતો નથી.

હવે પૂર્ણતાનું સ્વરૂપ બતાવે છે.

**पूर्णता या परोपाधेः सा याचितकमण्डनम् ।**
**या तु स्वाभाविकी सैव जात्यरत्नविभानिभा ॥२॥**

જે પર વસ્તુ-આત્મદ્રવ્યથી ભિન્ન ધન ધાન્ય પરિગ્રહાદિ રૂપ ઉપાધિ-નિમિત્તથી પૂર્ણતા છે (અર્થાત્ પરની ઉપાધિથી માની લીધેલી પૂર્ણતા છે) તે વિવાહાદિ અવસરે બીજા પાસેથી માગી લાવેલા ઘરેણાના જેવી છે. પરન્તુ જે સ્વાભાવિકી-જ્ઞાન, દર્શન અને ચારિત્રની સ્વભાવસિદ્ધ પૂર્ણતા છે તે ઉત્તમ રત્નની કાન્તિ સમાન છે. (ઉપાધિની પૂર્ણતા જાય, પણ સ્વભાવની પૂર્ણતા કદાપિ ન જાય એ ભાવાર્થ છે.)

પર-પુદ્ગલના સંયોગથી થયેલી શરીર, ધન, સ્વજન અને યશ-કીર્તિરૂપ જે ચક્રવર્તી અને ઇન્દ્ર વગેરેના જેવી પૂર્ણતા છે તે માગેલા આભરણની શોભાથી માની લીધેલા ધનવાનપણા જેવી છે. જે આત્માની અશુદ્ધતાનું કારણ છે અને જેને જગતના જીવોએ અનન્તવાર ભોગવીને છોડી દીધી છે તેના સંબન્ધ વડે સ્વરૂપાનુભવથી ભ્રષ્ટ થયેલાને તે શોભારૂપ નથી, પણ તત્ત્વરસિક પુરુષોને સ્વાભાવિક-જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ સકલ આત્મસ્વભાવના આવિર્ભાવથી થયેલી શોભા તે જ ઉત્તમ રત્નની કાન્તિ સરખી છે. જે પુદ્ગલાદિ પરવસ્તુના સંયોગથી ઉત્પન્ન થયેલી પૂર્ણતા છે તે સ્ફટિકના રક્ત પુષ્પાદિના સંનિધાનથી

---

पूर्णता=પૂર્ણપણું. या=જે. परोपाधेः=પર વસ્તુના નિમિત્તથી. सा=તે. याचितकमण्डनम्=માગી લાવેલા ઘરેણા સમાન. स्वाभाविकी=સ્વભાવ સિદ્ધ. सैव=તે જ. जात्यरत्नविभानिभा=ઉત્તમ રત્નની કાન્તિ જેવી.

ભાસમાન થયેલા ઔપાધિક વર્ણ તુલ્ય છે અને જે સ્વાભાવિક પૂર્ણતા છે તે ઉત્તમ માણિક્ય રત્નની કાંતિના જેવી છે. આ હેતુથી પોતાની શુદ્ધ અને સ્વાભાવિક પૂર્ણતાને વિષે રુચિ, જ્ઞાન અને રમણતા કરવા યોગ્ય છે.

અવાસ્તવિક અને વાસ્તવિક પૂર્ણતાનું સ્વરૂપ—

**अवास्तवी विकल्पैः स्यात् पूर्णताऽब्धेरिवोर्मिभिः।**
**पूर्णानन्दस्तु भगवांस्तिमितोदधिसन्निभः ॥३॥**

તરંગો વડે સમુદ્રની પૂર્ણતા જેવી વિકલ્પો વડે અવાસ્તવિક પૂર્ણતા હોય છે અને પૂર્ણાનન્દ સ્વરૂપ ભગવાન્ સ્થિર-નિશ્ચલ સમુદ્રના જેવા છે.

જેમ સમુદ્રની પૂર્ણતા તરંગો વડે હોય છે તેમ 'હું ધનવાન છું, હું રૂપવાન છું, હું પુત્ર અને સ્ત્રીવાળો છું' ઇત્યાદિ સંકલ્પ-વિકલ્પો વડે અવસ્તુથી ઉત્પન્ન થયેલી જૂઠી-સાચી નહિ એવી કલ્પિત પૂર્ણતા હોય છે, પરન્તુ પૂર્ણાનન્દ-આનન્દથી પરિપૂર્ણ ભગવાન-શુદ્ધ સ્વભાવવાળો આત્મા સ્થિર સમુદ્રના જેવો (પ્રશાન્ત) હોય છે. આત્મારૂપ સમુદ્રની જ્ઞાનાદિ રત્નો વડે સદાય પૂર્ણતા છે એમ વિચારવું. બાહ્ય દૃષ્ટિ વિકલ્પરૂપ કલ્લોલો વડે પૂર્ણ માને છે. એ ભાવાર્થ છે.

વસ્તુ-તત્ત્વ, પદાર્થ, તેના સંબન્ધથી થએલ તે વાસ્તવિક, અને જે વાસ્તવિક ન હોય તે અવાસ્તવિક. અર્થાત

૧ अवास्तवी=અવસ્તુથી થએલી-કલ્પિત. विकल्पैः=કલ્પનાઓ વડે. स्यात्=હોય. अब्धेः=સમુદ્રના. ऊर्मिभिः=તરંગો વડે. पूर्णानन्दः=પૂર્ણ આનન્દવાળો. भगवान्=શુધ્ધ સ્વભાવવાળો આત્મા. स्तिमितोदधिसन्निभः=સ્થિર સમુદ્રના જેવો.

પરવસ્તુના સંયોગથી ઉત્પન્ન થયેલી પૂર્ણતા છે તે રાગ, દ્વેષ અને મોહાદિથી ઉત્પન્ન થએલા વિકલ્પો વડે થાય છે. તે કલ્લોલો વડે થયેલી સમુદ્રની પૂર્ણતા જેવી છે. જેમ તરંગો વડે સમુદ્ર અગ્રાહ્ય છે એટલે તેનું વાસ્તવિક સ્વરૂપ પ્રતીયમાન થતું નથી અને તે પ્રવેશ કરવાને પણ અયોગ્ય છે તેમ આત્મા પણ રાગદ્વેષરૂપ તરંગો વડે અગ્રાહ્ય છે. એટલે તેથી તેના વાસ્તવિક સ્વરૂપની પ્રતીતિ થતી નથી તથા તે પ્રવેશ કરવાને પણ અયોગ્ય છે. અને પૂર્ણાનંદ-પોતાની અનન્ત સંપત્તિના અનુભવ સ્વરૂપ અને જેમાં પરમાત્મપણું પ્રકટ થયું છે એવા પરમ ઐશ્વર્યરૂપ ભગવાન્ સ્થિર સમુદ્રના જેવા છે. માટે ચંચલતાને છોડી સ્થિરસ્વરૂપ થવું. પોતાના સ્વભાવમાં સ્થિર થયેલો આત્મા નિર્વિકલ્પ-વિકલ્પ રહિત હોય છે, માટે નિર્વિકલ્પદશા સાધવા પ્રયત્ન કરવો.

**[1]जागर्ति ज्ञानदृष्टिश्चेत् तृष्णाकृष्णाहिजाङ्गुली ।**
**पूर्णानन्दस्य तत् किं स्याद् दैन्यवृश्चिकवेदना ॥४॥**

**જો તૃષ્ણારૂપ કૃષ્ણ સર્પને વિષે જાંગુલી વિદ્યા સમાન પૂર્ણતા જ્ઞાનની દૃષ્ટિ જાગૃત થાય છે તો પૂર્ણાનન્દમય આત્માને દીનતારૂપ વીંછીની વેદના કેમ હોય?**

પૂર્ણતા જ્ઞાનની દૃષ્ટિ તૃષ્ણાનો નાશ કરે છે, અપૂર્ણને તૃષ્ણા વધે છે. જેનાથી સર્પના વિષની પીડાનો નાશ

---

૧ जागर्ति=જાગે છે, પ્રગટ થાય છે. ज्ञानदृष्टिः=તત્ત્વજ્ઞાન રૂપ ચક્ષુ. चेत्=જો. तृष्णाकृष्णाहिजांगुली=તૃષ્ણારૂપ કાળા સાપના ઝેરનો નાશ કરનાર જાંગુલી-ગારૂડી મન્ત્ર સમાન. पूर्णानन्दस्य=પૂર્ણ આનન્દવાળાને. तत्=તો. किम्=કેમ. स्यात्=હોય. दैन्यवृश्चिकवेदना=દીનતારૂપ વીંછીની પીડા.

**થાય, તેનાથી વીંછીની પીડાનો નાશ કેમ ન થાય? જે પૂર્ણ હોય તે તૃષ્ણાથી દીન ન હોય એ ભાવાર્થ છે.**

જો જ્ઞાનદૃષ્ટિ–તત્ત્વજ્ઞાનરૂપ દૃષ્ટિ જાગૃત–પ્રગટ થાય છે, તો પૂર્ણાનન્દ સ્વરૂપના પ્રગટ થવા વડે ચિદાનન્દ યુક્ત ભગવંતને દીનતારૂપ વીંછીની વેદના કેમ હોય? અર્થાત્ ન હોય. તેને દીનતા હોતી જ નથી, કારણ કે તેને પોતાના સ્વાભાવિક અકૃત્રિમ આનન્દની પૂર્ણતા હોય છે. વળી તે જ્ઞાનદૃષ્ટિ તૃષ્ણા–પૌદ્‌ગલિક ભોગની પિપાસારૂપ કૃષ્ણસર્પને દમન કરવામાં જાંગુલી–ગારૂડી મન્ત્ર સમાન છે. અહીં આ ભાવાર્થ છે–સંસાર ચક્રમાં રહેલા અને પોતાના અસંખ્ય પ્રદેશમાં વ્યાપ્ત થયેલા જ્ઞાનાદિ ગુણના આસ્વાદ રહિત તથા પૌદ્‌ગલિક ભોગની તૃષ્ણા રૂપ સાપે જેને ડંખ મારેલો છે એવા આત્માને સ્વ અને પરના વિવેકરૂપ જ્ઞાનદૃષ્ટિ સમાન જાંગુલી મન્ત્રના સ્મરણ વડે પર વસ્તુની તૃષ્ણારૂપ વિષ ઉતરી જાય છે અને શુદ્ધ સ્વરૂપની એકતારૂપ ધ્યાનમાં મગ્ન થયેલા અને ક્ષાયિક ભાવના આનન્દને પ્રાપ્ત કરનાર એવા તે પૂર્ણ જ્ઞાનીને દીનતા હોતી નથી. કારણ કે તત્ત્વની શ્રદ્ધા વડે યુક્ત, આત્માને આત્મસ્વરૂપે અને પરને પરસ્વરૂપે નિશ્ચિત કરી વિચરતો અવિરતિ સમ્યગ્દૃષ્ટિ તૃષ્ણાથી પીડિત થતો નથી. તો પછી પૂર્ણાનન્દમાં મગ્ન થયેલા આત્માઓને માટે તો શું કહેવું? અર્થાત્ તેમને તૃષ્ણાજન્ય દીનતા હોતી નથી.

**[1]पूर्यन्ते येन कृपणास्तदुपेक्षैव पूर्णता ।**
**पूर्णानन्दसुधास्निग्धा दृष्टिरेषा मनीषिणाम् ॥५॥**

૧ पूर्यन्ते=પૂરાય છે. येन=જે ધનધાન્યાદિ પરિગ્રહવડે. कृपणाः=

**જે ધનધાન્યાદિ પરિગ્રહવડે કૃપણો-હીનસત્ત્વ, લોભી પ્રાણી પૂરાય છે તે ધનધાન્યાદિ પરિગ્રહની ઉપેક્ષા-એ પૂર્ણતા છે. (અહીં ધનધાન્યાદિ પરિગ્રહનું ઉપાદાન-ગ્રહણ સવિકલ્પરૂપ છે અને ઉપેક્ષા નિર્વિકલ્પ છે માટે અહીં ઉપેક્ષાનું ગ્રહણ કરેલું છે). પૂર્ણાનન્દરૂપ અમૃત વડે સ્નિગ્ધ-આર્દ્ર થએલી આ દૃષ્ટિ પંડિતોની હોય છે.**

**આત્મદ્રવ્યના શુદ્ધ જ્ઞાનાદિ પર્યાયની પૂર્ણતા સદા અવસ્થિત છે, પરન્તુ ત્યાં પુદ્ગલ સંકલ્પિત અપૂર્ણતા જણાતી નથી. પરમ ઉપેક્ષા વડે સ્ફુરાયમાન સ્વરૂપવાળી પૂર્ણતા જ પ્રકાશે છે-એ ભાવાર્થ છે.**

લોભમાં મગ્ન થયેલા, આત્મધર્મની સંપત્તિથી રહિત અને પરવસ્તુના આસ્વાદમાં રસિક હોવાથી પોતાને ધન્ય માનતા તથા વસ્તુધર્મમાં સ્થિરતા રહિત કૃપણ આત્માઓ જે ધનધાન્યાદિ પૌદ્ગલિક વસ્તુઓના સંબન્ધથી પૂરાય છે, તે પૂર્ણતા ઉપાધિજન્ય છે અને તેથી તે ઉપેક્ષા કરવા યોગ્ય છે. અર્થાત્ અંગીકાર કરવા યોગ્ય નથી. અથવા તે પૂર્ણતા ઉપેક્ષા-આરોપિત છે, વાસ્તવિક પૂર્ણતા નથી, પણ પૂર્ણતા રૂપે આરોપ કરેલો હોવાથી ઔપચારિક પૂર્ણતા છે. જેમકે પાણી વિનાનો ઘટ બહારની ચિકાશથી ઉત્પન્ન થયેલા મેલ વડે વ્યાપ્ત છે તો તે મેલથી ભરેલો કહેવાય

---

હીનસત્ત્વવાળા, લોભી. तदुपेक्षा=તેની ઉપેક્ષા एव=જ. पूर्णता=સ્વાભાવિક જ્ઞાનાદિ ગુણની પરિપૂર્ણતા. पूर्णानन्दसुधास्निग्धा=પૂર્ણાનન્દરૂપ અમૃતથી આર્દ્ર થયેલી. दृष्टिः=તત્ત્વજ્ઞાનરૂપ ચક્ષુ. एषा=આ. मनीषिणाम्=તત્ત્વજ્ઞાનીની.

છે, કેમકે તેની પૂર્ણતા મેલથી ઉત્પન્ન થયેલી છે, તે શું જલપૂર્ણ ઘટની અવસ્થાને પ્રાપ્ત કરે ? ન જ કરે, તેમ પોતાના અનન્ત જ્ઞાનાદિ સ્વરૂપ વડે શૂન્ય આત્માની પૂર્ણતા કર્મની ઉપાધિથી થયેલી છે તેને શું તત્ત્વના આસ્વાદ વડે પૂર્ણતાને પ્રાપ્ત થયેલા જ્ઞાની પુરુષો પૂર્ણતા સ્વરૂપે સ્વીકારે ? અર્થાત્ ન જ સ્વીકારે. એમ જાણીને તેની ઉપેક્ષા કરવી. આ જ હેતુથી અનાદિ કાળથી સ્વરૂપથી ભ્રષ્ટ થયેલા આત્માને પર વસ્તુની ઉપાધિથી થયેલી પૂર્ણતા છે, કારણ કે પરવસ્તુમાં અભેદ પરિણતિથી તન્મયપણે પ્રવૃત્તિ કરે છે. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ રત્નત્રયીની ભેદરૂપ પૂર્ણતા સ્વાભાવિક છતાં નવીન અભ્યાસથી સવિકલ્પરૂપ હોય છે, કારણ કે તેનો ક્ષય થાય છે. અને રત્નત્રયના અભેદ રૂપ પરિણામથી પરિણત થયેલા આત્માની સ્વાભાવિક પૂર્ણતા નિર્વિકલ્પ હોય છે, સવિકલ્પ પૂર્ણતાનું સાધ્ય નિર્વિકલ્પ પૂર્ણતા હોવાથી તે માટે તત્ત્વની સાધનામાં રસિક થવું એ ઉપદેશ છે. શુદ્ધ શ્રદ્ધા અને જ્ઞાનપૂર્વક સ્વભાવમાં રમણ કરવાને અનુકૂલ વીર્યની પ્રવૃત્તિવાળા પંડિતોની પૂર્ણાનન્દરૂપ સુધા–અમૃત વડે સ્નિગ્ધ–આર્દ્ર થયેલી આ દૃષ્ટિ છે. અર્થાત્ સ્વાભાવિક સ્વરૂપ વડે પૂર્ણ અને આત્માના આત્યંતિક (શાશ્વત), ઐકાન્તિક નિર્દ્વન્દ્વ–બાધારહિત આનન્દ વડે સ્નિગ્ધ દૃષ્ટિ તત્ત્વજ્ઞાનીની હોય છે. આત્મજ્ઞાની સ્વરૂપાનન્દની પૂર્ણતાને જ પૂર્ણતા રૂપે માને છે. ત્યાં પૌદ્ગલિક પૂર્ણતાનો સંકલ્પ જ નથી. કારણ કે તેઓએ તેનો ઉપાધિરૂપે નિર્ધાર કરેલો છે.

**अपूर्णः पूर्णतामेति पूर्यमाणस्तु हीयते।**
**पूर्णानन्दस्वभावोऽयं जगदद्भुतदायकः ॥६॥**

**ત્યાગના ભાવથી ધનધાન્યાદિ પુદ્ગલ વડે અપૂર્ણ છતાં આત્મા (આત્મગુણોવડે) પૂર્ણતાને પામે છે અને ધનધાન્યાદિ પુદ્ગલવડે પૂર્ણ થતો આત્મા (જ્ઞાનાદિ ગુણની) હાનિ પામે છે. પુદ્ગલના નહિ ગ્રહણ કરવાથી જ્ઞાનાદિની પૂર્ણતા અને પુદ્ગલના ઉપચયથી જ્ઞાનાદિ ગુણની હાનિ એ પ્રસિદ્ધ જ છે. આ પૂર્ણાનન્દ શુદ્ધ આત્માનો સ્વભાવ જગતને આશ્ચર્ય કરનાર છે. લૌકિક ભંડાર પ્રમુખ અપૂર્ણ હોય તો એ પૂરાતો નથી, પૂર્ણ હોય તો હાનિ પામતો નથી, અને આત્માનો સ્વભાવ તેથી વિપરીત છે માટે આશ્ચર્યકર છે.**

ત્યાગની પરિણતિથી સકલ પુદ્ગલોના ત્યાગની રૂચિ-વાળો જે પુદ્ગલો વડે અપૂર્ણ છે તે આત્માના જ્ઞાનાદિ ગુણો વડે પૂર્ણતાને પામે છે, અને પુદ્ગલો વડે પૂર્ણ થતો આત્માનંદથી રહિત થાય છે, આ અનુભવગોચર પૂર્ણાનન્દ આત્માનો સ્વભાવ જગતને આશ્ચર્ય કરનારો છે. પૂર્ણાનન્દ સ્વભાવની આ અદ્ભુતતા છે કે પરવસ્તુના સંગનો ત્યાગ કરવાથી તેની વૃદ્ધિ થાય છે અને પરભાવની પૂર્ણતામાં હાનિ થાય છે. ભાવાર્થ આ છે–

---

૧ अपूर्णः=ધનધાન્યાદિ પરિગ્રહ રહિત पूर्णतां=જ્ઞાનાદિની પૂર્ણતાને. एति=પામે છે. पूर्यमाणः=ધનધાન્યાદિ પરિગ્રહથી પૂરાતો. हीयते=હાનિ પામે છે. पूर्णानन्दस्वभावः=આનંદથી પરિપૂર્ણ આત્માનો સ્વભાવ. अयं=આ. जगदद्भुतदायकः=જગતને આશ્ચર્ય કરનાર.

આત્માને સકલસ્વરૂપના આવિર્ભાવના અનુભવથી ઉત્પન્ન થયેલો આનન્દ અનાદિકાળની પૌદ્ગલિક પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થએલા અને પુદ્ગલાનન્દના ભોક્તા જગતને વિસ્મયરૂપ છે અને શુદ્ધ તત્ત્વથી પરિપૂર્ણ થએલાને પોતાનું સ્વરૂપ હોવાથી વિસ્મયરૂપ નથી. તેથી પૂર્ણાનન્દના સાધનભૂત વિશુદ્ધ સમ્યગ્જ્ઞાનાદિ રત્નત્રયને સાધવામાં યત્ન કરવા યોગ્ય છે.

**परस्वत्वकृतोन्माथा भूनाथा न्यूनतेक्षिणः ।**
**स्वस्वत्वसुखपूर्णस्य न्यूनता न हरेरपि ॥७॥**

**પરદ્રવ્યમાં સ્વપણાની બુદ્ધિથી જેણે વ્યાકુલતા કરી છે એવા રાજાઓ પણ બીજાની અપેક્ષાએ ન્યૂનતા ( અપૂર્ણતા ) જોવાના સ્વભાવવાળા છે. અર્થાત્ બીજાની અપેક્ષાએ પોતાનામાં અપૂર્ણતા જુએ છે. પરન્તુ આત્મદ્રવ્યમાં આત્મપણાના સુખ-નિરપેક્ષ અનવચ્છિન્ન આનન્દ વડે પૂર્ણ થએલા જ્ઞાનીને ઇન્દ્ર કરતાં પણ ન્યૂનતા નથી. સ્વભાવ સુખ સર્વને સરખું છે, ત્યાં કોઇનાથી અધિકતા કે ન્યૂનતા નથી.**

જેના સંગ અને મમત્વભાવથી વિભાવ પરિણતિ થએલી છે તે પર વસ્તુમાં જેણે વ્યાકુળતા કરી છે એવા ચક્ર-

परस्वत्वकृतोन्माथाः=જેઓએ પરવસ્તુમાં આત્મપણાની બુદ્ધિથી उन्माथ-વ્યાકુલતા કરી છે એવા भूनाथाः=રાજાઓ. न्यूनतेक्षिणः= ન્યૂનતાને જોનારા, અલ્પતાનો અનુભવ કરનારા. स्वस्वत्वसुखपूर्णस्य= આત્માને વિશે આત્મપણાના સુખથી પૂર્ણ થએલાને. न=નથી. न्यूनता= ઓછાપણું. हरेरपि=ઇન્દ્ર કરતાં પણ.

વર્તી રાજાઓ પણ બીજા કરતા પોતાનામાં ન્યૂનતા-અપૂર્ણતા જોવાના સ્વભાવવાળા છે. કારણ કે પૌદ્ગલિક સંપત્તિમાં રક્ત થએલાને ચિન્તામણિની અનન્ત કોટિ પ્રાપ્ત થવા છતાં પણ તૃપ્તિ થતી નથી. કેમકે તૃષ્ણા અનન્તગુણી છે, અને તેની પૂર્ણતા નહિ થતી હોવાથી તેઓ પોતાની અપૂર્ણતાને જ જુએ છે. માટે તૃષ્ણા વિભાવ હોવાથી તેના ત્યાગમાં જ સુખ છે. અહીં સ્વશબ્દ આત્મવાચક છે. આત્મામાં આત્મપણાની બુદ્ધિથી ઉત્પન્ન થયેલા, આત્મસ્વભાવનો નિશ્ચય, જ્ઞાન અને સ્વરૂપરમણના અનુભવરૂપ સુખથી પૂર્ણ થયેલા જ્ઞાનીને ઇન્દ્રથી પણ ન્યૂનતા નથી. કારણ કે તત્ત્વરસિક પુરુષો શુભાધ્યવસાય વડે બાંધેલા પુણ્યના વિપાકને ભોગવનારા અને આત્મગુણના અનુભવ વડે શૂન્ય એવા ઇન્દ્રાદિનું દીનપણું જ જુએ છે. સ્વરૂપ સુખનો લેશ પણ જીવનનું પરમ અમૃત છે અને પુણ્યના ઉદયથી ઉત્પન્ન થયેલું કોટીગણું સુખ પણ પોતાના ગુણના આવરણરૂપ હોવાથી મહાદુઃખરૂપ છે. અહોહો !! કર્મના બન્ધ અને સત્તાથી પણ ઉદયકાળ ભયંકર છે, જેથી આત્મગુણો અતરાય છે. માટે સ્વરૂપ સુખમાં રુચિ કરવા યોગ્ય છે.

**कृष्णे पक्षे परिक्षीणे शुक्ले च समुदञ्चति ।**
**द्योतन्ते सकलाध्यक्षाः पूर्णानन्दविधोः कलाः ॥८॥**

---

कृष्णे पक्षे परिक्षीणे=(સતિ સપ્તમી) જ્યારે કૃષ્ણપક્ષનો ક્ષય થાય છે ત્યારે. शुक्ले च समुदञ्चति=શુક્લપક્ષનો ઉદય થાય છે ત્યારે. द्योतन्ते= પ્રકાશમાન થાય છે. सकलाध्यक्षाः=સર્વને પ્રત્યક્ષ. पूर्णानन्दविधोः=પૂર્ણાનન્દરૂપ ચન્દ્રની. कलाः=અંશ. ચૈતન્ય પર્યાય.

કૃષ્ણપક્ષનો ક્ષય થતાં અને શુકલ પક્ષની વૃદ્ધિ થતાં સર્વને પ્રત્યક્ષ એવી પૂર્ણાનન્દરૂપ ચન્દ્રમાની કલા શોભે છે.

ચન્દ્રપક્ષે કૃષ્ણપક્ષ-અંધારીયાનું પખવાડીઉં, અને શુકલપક્ષ-અજવાળીયાનું પખવાડીઉં. કલા-સોળમો ભાગ. પૂર્ણાનન્દપક્ષે કૃષ્ણપક્ષ-અર્ધ પુદ્ગલપરાવર્તથી અધિક સંસારપરિભ્રમણશક્તિ, શુકલપક્ષ-અર્ધપુદ્ગલપરાવર્તની અંદરનો સંસાર, કલા-ચૈતન્યપર્યાયરૂપ જાણવી.

**जेसिमवड्ढो पुग्गलपरिअट्टो सेसओ अ संसारो ।**
**ते सुक्कपक्खिआ खलु अवरे पुण कण्हपक्खिआ ॥**

જેઓનો કંઈક ન્યૂન અર્ધ પુદ્ગલપરાવર્ત સંસાર બાકી છે તે શુકલપાક્ષિક અને બીજા (તેથી અધિક સંસારવાળા) કૃષ્ણપાક્ષિક જાણવા.

**जो जो किरियावाई सो भव्वो णियमा सुक्कपक्खिओ**
**अंतो पुग्गलपरिअट्टस्सु सिज्झइ ॥**

જે જે ક્રિયાવાદી (આત્મવાદી) છે તે ભવ્ય છે અને અવશ્ય શુકલપાક્ષિક છે. તે પુદ્ગલપરાવર્તની અંદર સિદ્ધ થાય છે. એ દશાશ્રુત ચૂર્ણિના અનુસારે પુદ્ગલપરાવર્તથી અધિક સંસાર તે કૃષ્ણપક્ષ અને તેની અંદરનો કાળ તે શુકલપક્ષ જાણવો.

કૃષ્ણપક્ષ ક્ષીણ થતાં અને શુકલપક્ષનો ઉદય થતાં સકલ જનને પ્રત્યક્ષ ચન્દ્રમાની કલા શોભે છે.—એ લોકપ્રસિદ્ધ પ્રવૃત્તિ છે. એ પ્રમાણે કૃષ્ણ પક્ષ એટલે અર્ધપુદ્ગલપરાવર્તથી અધિક સંસારનો ક્ષય થતાં અને શુકલપક્ષ એટલે અર્ધપુદ્ગલપરાવર્તની અંદરનો કાળ પ્રાપ્ત થતાં

પૂર્ણ આનન્દવાળા આત્માની, સ્વરૂપને અનુકૂલ ચૈતન્યપર્યાયના આવિર્ભાવરૂપ કલા શોભે છે. શુકલપક્ષ પ્રાપ્ત થાય છે ત્યારે આત્માને વિષે ચૈતન્ય પર્યાય શોભે છે અને કૃષ્ણપક્ષમાં અનાદિ ક્ષયોપશમરૂપ ચેતના અને વીર્યાદિનો પરિણામ મિથ્યાત્વ અને અસંયમની સાથે એકતા થવાને લીધે સંસારનો હેતુ હોવાથી શોભતો નથી. માટે આ આત્માની સ્વરૂપ સાધનની અવસ્થા જ પ્રશસ્ત છે. કૃષ્ણપક્ષ અને શુકલપક્ષનું લક્ષણ આ પ્રમાણે કહ્યું છે–

**जेसिं अवड्ढपुग्गलपरियट्टो सेसओ य संसारो ।**
**ते सुक्कपक्खिया खलु अवरे पुण कण्हपक्खिया ॥**
**जो जो किरियावाई सो भव्वो णियमा सुक्कपक्खिओ ।**
**अंतो पुग्गलपरिअट्टस्स उ सिज्झइ णियमा ॥**

પૂર્ણતા ગુણરૂપ હોવાથી ગુણવાળા આત્મા સિવાય હોતી નથી. તે પૂર્ણપણું વસ્તુના સ્વરૂપની સિદ્ધિમાં હોય છે. તેમાં કોઇનું 'પૂર્ણ' એવું શબ્દથી બોલાવવારૂપ નામ હોય તે નામ પૂર્ણ. જેને વિશે પૂર્ણનો આકાર હોય અથવા આરોપ કરાય તે સ્થાપના. જેમકે પૂર્ણ ઘટની સ્થાપના–આકૃતિ તે સ્થાપનાપૂર્ણ. દ્રવ્ય વડે પૂર્ણ ધનાઢ્ય અથવા જળ વગેરેથી ભરેલો ઘટ વગેરે, અથવા દ્રવ્યથી પૂર્ણ એટલે પોતાના કાર્યથી પરિપૂર્ણ. જેમકે ઘટપટાદિ દ્રવ્યો, કેમકે 'અર્થની ક્રિયા કરનાર હોય તે દ્રવ્ય' એવું દ્રવ્યનું લક્ષણ છે. અથવા દ્રવ્યોમાં પૂર્ણ તે દ્રવ્યપૂર્ણ. ધર્માસ્તિકાયનો સ્કન્ધ વગેરે. અથવા "अणुवओगो दव्वं" અનુપયોગ એ

દ્રવ્યનું લક્ષણ હોવાથી પૂર્ણ પદનો અર્થ જાણનાર પણ તેના ઉપયોગ શૂન્ય તે આગમથી દ્રવ્યપૂર્ણ કહેવાય છે. નોઆગમથી દ્રવ્યપૂર્ણ ત્રણ પ્રકારે છે–જ્ઞશરીર, ભવ્યશરીર અને તદ્વ્યતિરિક્ત. તેમાં પૂર્ણપદનો અર્થ જાણનાર મુનિ વગેરેનું જીવરહિત શરીર તે જ્ઞશરીર, ભવિષ્યમાં પૂર્ણપદનો અર્થ જાણનાર લઘુ શિષ્ય વગેરે ભવ્યશરીર અને ગુણાદિ વડે સત્તારૂપે ( શક્તિરૂપે ) પૂર્ણ, પરન્તુ તેની પ્રવૃત્તિરહિત, કર્મ વડે ઘેરાયેલો અને જેમાં પૂર્ણતાના સ્વભાવની વિવક્ષા કરાયેલી નથી એવો આત્મા તે તદ્વ્યતિરિક્ત દ્રવ્યપૂર્ણ કહેવાય છે. એ સંબંધે વાદિવેતાલ શાંતિસૂરિએ "तव्वइरित्ते य जीवदव्वं तु" (उत्त० अ० ३६) ની ટીકામાં કહ્યું છે કે "[1]જીવથી વ્યતિરિક્ત દ્રવ્ય જીવ કહેવાય છે. તુ શબ્દ વિશેષ-અર્થનો દ્યોતક છે.તે વિશેષ અર્થ આ પ્રમાણે છે—કદી પણ તેના પર્યાય વડે રહિત દ્રવ્ય હોતું નથી, તો પણ જ્યારે (જ્ઞાનાદિ) પર્યાય રહિત દ્રવ્યની વિવક્ષા કરાય ત્યારે તે દ્રવ્યનું પ્રધાનપણું હોવાથી દ્રવ્યજીવ કહેવાય છે" પૂર્ણપદનો અર્થ જાણનાર અને તેને વિશે ઉપયોગવાળો આગમથી ભાવપૂર્ણ અને નોઆગમથી જ્ઞાનાદિગુણો વડે પૂર્ણ ભાવપૂર્ણ કહેવાય છે. તે સંગ્રહનય વડે સર્વ જીવો,

१ "नवरं तद्व्यतिरिक्तश्च 'जीवद्रव्यं' द्रव्यजीव उच्यते इति प्रक्रमः। तुः विशेषद्योतकः, स चायं विशेषः–यथा न कदाचित् तत्पर्यायवियुक्तं द्रव्यम् , तथाऽपि च यदा तद्वियुक्ततया विवक्ष्यते तदा तद्द्रव्यप्राधान्यतो द्रव्यजीवः" ॥ उत्तरा. अ. ३६ टीका.

અને નૈગમનય વડે નજીકના કાળમાં મોક્ષગામી પૂર્ણાનન્દના અભિલાષી જીવો ભાવપૂર્ણ છે. વ્યવહારથી તેના અભ્યાસવાળા જીવો ભાવપૂર્ણ છે. ઋજુસૂત્રથી પૂર્ણતાના વિકલ્પવાળા જીવો ભાવપૂર્ણ છે. શબ્દનયથી સમ્યગ્દર્શનાદિ સાધક ગુણના આનંદથી પૂર્ણ જીવો ભાવપૂર્ણ છે. સમભિરૂઢ નયથી અરિહંત, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓ સ્વાભાવિક સુખના અનુભવ વડે ભવથી ઉદ્વિગ્ન થએલા હોવાથી ભાવપૂર્ણ છે. તથા એવંભૂતનયથી અનન્તગુણના આનન્દ અને અવ્યાબાધ સુખ વડે પૂર્ણ હોવાથી સિદ્ધો ભાવપૂર્ણ છે.

અહીં (એવંભૂત નયથી) ભાવનિક્ષેપ સાધ્ય છે અને તેથી આવા પ્રકારનો પૂર્ણાનન્દ સાધન તરીકે સ્વીકારેલો છે. શુદ્ધ સિદ્ધ નિર્મલ અનન્ત સ્વાભાવિક સ્વરૂપભૂત સર્વ સ્વભાવના આવિર્ભાવના અનુભવ રૂપ પૂર્ણાનન્દ સાધ્ય છે અને જે સાધન છે તેને સમ્યગ્ આત્મગુણના અનુભવના આનન્દરૂપે પરિણમાવી પૂર્ણાનન્દની સાધના કરવા યોગ્ય છે. એ પ્રમાણે પૂર્ણાષ્ટકની વ્યાખ્યા કરી.

## २ मग्नाष्टक

**प्रत्याहृत्येन्द्रियव्यूहं समाधाय मनो निजम् ।**
**दधच्चिन्मात्रविश्रान्तिं मग्न इत्यभिधीयते ॥१॥**

---

૧ प्रत्याहृत्य=પ્રત્યાહાર કરીને, વિષયોથી નિવૃત્ત કરીને. इन्द्रियव्यूहं=ઇન્દ્રિયોના સમૂહને. समाधाय=આત્મદ્રવ્યમાં એકાગ્ર કરીને. निजं मनः=પોતાના મનને. दधत्=ધારણ કરતો. चिन्मात्रविश्रान्तिं=ચૈતન્યસ્વરૂપ આત્માને વિશે સ્થિરતાને. मग्नः=લીન થએલો. इति=એમ. अभिधीयते=કહેવાય છે.

ઇન્દ્રિયોના સમૂહને પ્રત્યાહરીને—પોતપોતાના વિષયરૂપ સંસારથી નિવૃત્ત કરીને અને પોતાના મનને વિષયાન્તર સંચારથી આત્મદ્રવ્યને વિશે [એકાગ્ર] કરીને ચિન્માત્ર -જ્ઞાનમાત્રને વિષે વિશ્રાન્તિ-સ્થિરતા કરતો આત્મા મગ્ન કહેવાય છે. અર્થાત્ સર્વ ભાવના જ્ઞાનરૂપ ભાવને ધારણ કરનાર મગ્ન કહેવાય છે.

હવે મગ્નાષ્ટકની વ્યાખ્યા કરાય છે. તેમાં નામ અને સ્થાપના સુગમ છે. 'મગ્ન' એવું નામ તે નામમગ્ન. મગ્ન એવા યોગીની પ્રતિકૃતિ તે સ્થાપનામગ્ન. દ્રવ્ય વડે-ધન અથવા મદિરાપાનાદિ વડે મગ્ન થયેલો દ્રવ્યમગ્ન; દ્રવ્યથી -ધન અને સુવર્ણાદિ દ્રવ્યથી મગ્ન અથવા શરીરાદિ દ્રવ્યને વિશે મગ્ન થયેલો દ્રવ્યમગ્ન કહેવાય છે. અથવા દ્રવ્યમગ્ન આગમથી અને નોઆગમથી બે પ્રકારે છે. તેમાં મગ્નપદના અર્થનો જાણનાર અને તેના ઉપયોગ રહિત આગમથી દ્રવ્યમગ્ન કહેવાય છે. નોઆગમથી [1]જ્ઞશરીર અને ભવ્યશરીર પૂર્વની પેઠે જાણવા. અને મૂઢ, શૂન્ય અથવા જડ તદ્વ્યતિરિક્ત દ્રવ્યમગ્ન કહેવાય છે. ભાવમગ્ન બે પ્રકારના છે. અશુદ્ધ અને શુદ્ધ. તેમાં ક્રોધાદિમાં મગ્ન, વિભાવ વડે ભાવિત છે આત્મા જેનો એવો અશુદ્ધ ભાવમગ્ન કહેવાય છે. શુદ્ધમગ્ન બે પ્રકારે છે—સાધક અને સિદ્ધ. તેમાં વસ્તુસ્વરૂપને અભિમુખ, પ્રથમના ચાર નયને આશ્રયી [2]નિરનુષ્ઠાન અને [3]દગ્ધ વગેરે

---

૧ મગ્નપદના અર્થને જાણનાર મુનિ વગેરેનું અચેતન શરીર તે જ્ઞશરીર અને ભવિષ્યમાં મગ્નપદનો અર્થ જાણનાર તે ભવ્યશરીર.

૨-૩ ઉપયોગના અભાવે સંમૂર્છિમની પ્રવૃત્તિ તુલ્ય જે ક્રિયા તે નિરનુષ્ઠાન. આ લોકની ઇચ્છાથી જે ક્રિયા કરવામાં આવે તે

દોષ રહિત, વિધિસહિત દ્રવ્યક્રિયાની પ્રવૃત્તિમાં પરિણતિવાળો અને વસ્તુસ્વરૂપ સાધવાની રુચિવાળો તથા શબ્દાદિનયની. અપેક્ષાએ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રાદિરૂપ આત્મસમાધિમાં મગ્ન થએલો સાધક ભાવમગ્ન કહેવાય છે. આવરણ રહિત સંપૂર્ણ વસ્તુસ્વરૂપમાં મગ્ન થએલો સિદ્ધ ભાવમગ્ન કહેવાય છે. અહીં ગુણસ્થાનાદિના ક્રમ વડે વિશુદ્ધ સ્વસ્વરૂપના આનન્દમાં મગ્નતા હોય છે, તેમાં મગ્નનું સ્વરૂપ બતાવવા આચાર્ય કહે છે--સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર–એ ઇન્દ્રિયોના વ્યૂહ–સમૂહનો પ્રત્યાહાર કરીને એટલે વિષયરૂપ સંસારથી નિવારીને. કારણ કે "प्रत्याहारस्त्विन्द्रियाणां विषयेभ्यो समाहृतिः" વિષયોથી ઇન્દ્રિયોને નિવૃત્ત કરવી એ પ્રત્યાહાર કહેવાય છે. તથા ચેતના અને વીર્યની એકતાના વિકલ્પરૂપ પોતાના મનને સમાધિમાં સ્થાપીને એટલે વિષયનો નિરોધ કરી અને, આત્મદ્રવ્યની સાથે એકાગ્રતા કરીને "समाधिस्तु तदेवार्थमात्राभासनपूर्वकम्" ધ્યેય અર્થ માત્રનો પ્રકાશ થવો–આભાસ થવો તેને સમાધિ કહે છે. એટલે માત્ર આત્મસ્વરૂપના પ્રકાશની એકતા તે સમાધિ, તેને વિશે મનને સ્થાપીને, ચિન્માત્ર–ચૈતન્યસ્વરૂપ –જ્ઞાનસ્વરૂપ આત્માને વિશે વિશ્રાન્તિ–સ્થિરતા કરનાર આત્મા મગ્ન કહેવાય છે, કારણકે મુખ્યત્વે આત્મા દર્શન અને જ્ઞાનમય છે–"उवउत्तो णाणदंसणगुणेहिं" આત્મા જ્ઞાન અને દર્શનગુણ વડે ઉપયોગવાળો છે. માટે જ્ઞાનસ્વરૂપ સ્વદ્રવ્યને વિષે સ્થિરતા કરનાર આત્મા મગ્ન જાણવો.

---

વિષાનુષ્ઠાન, પારલૌકિક ઇચ્છાથી જે કરાય તે ગરાનુષ્ઠાન–એ અને દગ્ધાનુષ્ઠાન કહેવાય છે.

અનાદિ કાળથી આ આત્મા મનોજ્ઞ એવા પૌદ્ગલિક સ્કન્ધના વર્ણ, ગન્ધ, રસ, સ્પર્શ અને શબ્દસ્વરૂપ વિષયોમાં અને સ્વજનાદિમાં ભ્રાન્તિવાળો થઈ કોટાકોટી વિકલ્પોને કરતો ઈષ્ટ વિષયોને ઇચ્છતો અને અનિષ્ટ વિષયોને નહિ ઇચ્છતો વાયુ વડે ઉડેલા સૂકા પાંદડાની જેમ ભમે છે. કદાચિત્ સ્વપરના વિવેકરૂપ ભેદજ્ઞાન પામીને અનન્ત જ્ઞાન, દર્શન અને આનન્દમય પોતાના ભાવને સ્વસ્વરૂપે નિર્ધારણ કરીને અને 'આ વિષયસંગ વગેરે મારું સ્વરૂપ નથી', તેમ 'હું તેનો ભોક્તા નથી, આ તો ઉપાધિરૂપ છે. મારામાં પરવસ્તુનું કર્તાપણું, ભોક્તાપણું અને ગ્રાહકપણું નથી, મેં સ્વરૂપથી ભ્રષ્ટ થઈને આ બધું કર્યું છે, હવે જિનાગમરૂપી અંજન વડે મને સ્વપરની વિવેકદૃષ્ટિ પ્રાપ્ત થઈ છે, માટે વિષયાદિમાં રમણ કરવું યુક્ત નથી," એમ વિચારી સ્વરૂપ વડે અનન્ત, ગુણપર્યાયના સ્વભાવવાળા, સ્યાદ્વાદરૂપ અનન્ત–અવિનશ્વર આત્માને વિશે વિશ્રાન્તિને પ્રાપ્ત થએલો પોતાને અનન્ત આનન્દ યુક્ત જાણીને પરમાત્માના સત્તાસ્વરૂપમાં લીન થાય છે તે મગ્ન કહેવાય છે.

જે આત્માના અનુભવમાં મગ્ન થએલો છે તે કેવા સ્વરૂપવાળો હોય છે તે કહે છે—

**[1]यस्य ज्ञानसुधासिन्धौ परब्रह्मणि मग्नता।**
**विषयान्तरसंचारस्तस्य हालाहलोपमः ॥२॥**

---

૧ यस्य=જેને. ज्ञानसुधासिन्धौ=જ્ઞાનરૂપ અમૃતના સમુદ્ર જેવા, परब्रह्मणि=પરમાત્માને વિશે, मग्नता=મગ્નપણું, તલ્લીનપણું. विषयान्तरसंचारः=પરમાત્મા સિવાય બીજા વિષયમાં પ્રવૃત્તિ કરવી. तस्य=તેને. हालाहलोपमः=ઝેર જેવી

જેને જ્ઞાનરૂપ અમૃતના સમુદ્ર જેવા પ્રપંચ રહિત શુદ્ધ આત્મજ્યોતિરૂપ પરબ્રહ્મ-પરમાત્મસ્વરૂપને વિશે મગ્નતા છે તેને જ્ઞાન સિવાય બીજા રૂપરસાદિ વિષયોમાં પ્રવૃત્તિ કરવી તે ઝેર જેવી લાગે છે.

જેમ માલતીના પુષ્પમાં રક્ત થએલો ભ્રમર કેરડાના ઝાડ ઉપર ન બેસે, તેમ અંતરંગ સુખમાં રક્ત થએલો બાહ્ય પ્રવૃત્તિએ ચાલે નહિ.

જે અનાદિ વિભાવ પ્રવૃત્તિથી નિવૃત્ત થએલ અને જ્ઞાનસુધાસિન્ધુ-જ્ઞાનરૂપ અમૃતના સમુદ્ર પરમાત્મસ્વરૂપમાં મગ્ન થએલ-લીન થએલ છે તે જીવને વિષયાન્તરરૂપ-બીજા વર્ણ-ગન્ધાદિ વિષયોમાં પ્રવૃત્તિ કરવી તે તીવ્ર ઝેરના ભક્ષણ કરવા જેવી લાગે છે.

જે અમૃતના આસ્વાદમાં મગ્ન થએલો છે તે વિષયરૂપ વિષને ભક્ષણ કરવામાં કેમ પ્રવૃત્ત થાય? જેમ માલતી પુષ્પના ભોગમાં લંપટ થએલો ભ્રમર કેરડા, બાવળ વગેરેમાં જઇને બેસતો નથી, તેમ શુદ્ધ, નિઃસંગ, નિરામય (ભાવ રોગ રહિત), કલેશરહિત, પોતાની આત્મજ્યોતિમાં મગ્ન થએલો, અનન્ત જીવના એંઠવાડ રૂપ અને પોતે જ અનન્તવાર ભોગવીને છોડેલા, વાસ્તવિક રીતે નહિ ભોગવવા યોગ્ય એવા પોતાના ગુણના આવરણરૂપ વિષયોમાં પ્રવૃત્ત થતો નથી-એ તાત્પર્ય છે.

ફરીથી તે જ બાબતને સ્પષ્ટ કરે છે—

**[1]स्वभावसुखमग्नस्य जगत्तत्त्वावलोकिनः।**
**कर्तृत्वं नान्यभावानां साक्षित्वमवशिष्यते ॥३॥**

---

1 स्वभावसुखमग्नस्य=સ્વાભાવિક આનન્દમાં મગ્ન થએલા. जगत्०

સહજાનન્દમાં મગ્ન થએલા અને જગતના તત્ત્વનું–સ્યાદ્વાદ વડે શુદ્ધ સ્વરૂપનું પરીક્ષણ કરીને અવલોકન કરનાર આત્માને અન્ય ભાવોનું–પોતાના આત્માથી ભિન્ન બીજા પદાર્થોનું કર્તાપણું નથી, પણ સાક્ષીપણું બાકી રહે છે.

માટી વગેરે ભાવો ઘટાદિરૂપે પરિણમે છે તેમાં કુંભાર વગેરે સાક્ષી માત્ર છે, તો તે કેમ અભિમાન રાખે કે અમે ઘટાદિ પદાર્થના કર્તા છીએ. તેવી રીતે ભાષાવર્ગણાદ્રવ્ય વર્ણપણે, વર્ણ પદપણે, પદ વાક્યપણે, વાક્ય મહાવાક્યપણે અને મહાવાક્ય ગ્રન્થપણે પરિણમે છે, તેમાં ગ્રન્થકાર સાક્ષી માત્ર છે, તો તે કેમ અભિમાન રાખે કે 'હું ગ્રન્થકર્તા છું". સર્વ દ્રવ્યો સ્વ સ્વ પરિણામના કર્તા છે, પર પરિણામનો કોઈ કર્તા નથી. એ ભાવનાએ અન્ય ભાવોનું કર્તાપણું નથી, પણ સાક્ષીપણું છે.

સ્વાભાવિક–એકાન્તિક અને આત્યન્તિક (શાશ્વત) આનન્દમાં મગ્ન–તન્મય થએલા અને જગત–લોકના તત્ત્વ–ધર્મને યથાર્થપણે અવલોકન કરનારા–દેખનારા પુરુષને અન્ય ભાવોનું–રાગાદિ વિભાવોનું, જ્ઞાનાવરણાદિ કર્મોનું અને ઘટપટાદિ બાહ્ય સ્કન્ધોને લેવા મૂકવામાં કર્તાપણું નથી, પણ આત્માનો જ્ઞાયક સ્વભાવ હોવાથી સાક્ષીપણું છે. કર્તાપણું એટલે એક પોતાના આશ્રયમાં રહેલી ક્રિયાનું કરવું. એ હેતુથી જીવ પોતાના આશ્રિત ભાવોનો કર્તા છે,

---

त्त्वावलोकिनः=જગતના તત્ત્વને–સ્યાદ્વાદથી શુદ્ધ સ્વરૂપને જોનાર યોગીને. कर्तृत्वम्=કર્તાપણું, न=નથી. अन्यभावानाम्=અન્યભાવોનું. साक्षित्वम्=સાક્ષાત્ દ્રષ્ટાપણું. अवशिष्यते=બાકી રહે છે.

પણ પરાશ્રિત ભાવોનો કર્તા નથી. જીવને વિશે જીવગુણોનું જ કર્તાપણું ચેતનના વીર્યને ઉપકારક કારકસમુદાયની અપેક્ષાએ હોય છે. જેથી ધર્માસ્તિકાયાદિ દ્રવ્યને વિશે એક આશ્રયમાં ક્રિયા નહિ હોવાથી કર્તાપણું નથી, જીવને વિશે પણ કર્તાપણું પોતાના કાર્યનું છે. કોઇ પણ જીવ જગતનો કર્તા નથી, પણ પોતાના કાર્યરૂપે પરિણામ પામતા ગુણપર્યાયનો જ કર્તા છે, પર ભાવોનો કર્તા નથી. જો પર ભાવોનો કર્તા હોય તો જેણે લોકાલોકનું સ્વરૂપ જાણ્યું છે એવા આત્માને મિથ્યા આરોપ અને સિદ્ધિનો—મોક્ષનો[1] અભાવ વગેરે દોષો લાગે. એ હેતુથી જ જીવ પરભાવોનો કર્તા નથી, પરન્તુ સ્વભાવથી મૂઢ અને અશુદ્ધ પરિણતિથી પરિણત થએલો આત્મા અશુદ્ધ નિશ્ચય નયવડે રાગાદિ વિભાવનો કર્તા છે, અને અશુદ્ધ વ્યવહાર વડે જ્ઞાનાવરણાદિ કર્મનો કર્તા છે, તો પણ તે જ આત્મા સહજ સુખની રૂચિવાળો થતા અનન્ત અવિનાશી સ્વરૂપવાળા સુખરૂપ આત્માને જાણીને આત્માના પરમાનન્દનો ભોક્તા થાય છે ત્યારે પરભાવોનો કર્તા નથી, પરન્તુ જ્ઞાયક જ હોય છે.

આ આત્મા પોતાના સ્વરૂપનો સંગી હોવાથી પોતાના ગુણરૂપ કરણ વડે સત્પ્રવૃત્તિવાળા પોતાના વિશેષ સ્વભાવોનો કર્તા હોવા છતાં પણ ગુણરૂપ કરણના આવરણથી પર ભાવના અનુયાયી જ્ઞાનચેતના અને વીર્યાદિ

---

૧ જો નિશ્ચય નયની દૃષ્ટિથી રાગાદિ પરભાવોનો કર્તા હોય, તો તે જીવનું જ સ્વરૂપ હોવાથી તેથી નિવૃત્ત ન થઇ શકે અને તેથી મોક્ષનો અભાવ થાય.

ક્ષાયોપશમિક ગુણોનો અને તેના સહકારથી કર્તાપણું વગેરે પરિણામોનો કર્તા છે, પરભાવના કર્તાપણાદિરૂપે વિભાવ પરિણમન થવાથી પરભાવનું કર્તાપણું વગેરે પ્રાપ્ત થયા છતાં પણ તે જ ગુણો સ્વભાવને સન્મુખ થતાં કર્તૃત્વાદિ ભાવોનું પરાવર્તન થાય છે, એટલે સ્વભાવનું કર્તાપણું હોય છે અને પરભાવનું કર્તાપણું હોતું નથી. તેથી સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રપરિણામથી સ્વરૂપસાધનનું કર્તાપણું વગેરે કરતો પૂર્ણ ગુણ કરણ વડે સાધનનું કર્તાપણું કરીને ગુણની પ્રવૃત્તિરૂપ શુદ્ધ આત્મસ્વરૂપનું કર્તૃત્વાદિ કરે છે. માટે સ્વરૂપને સન્મુખ થએલા સાધક સન્મુનિઓને પરભાવનું કર્તાપણું નથી, પરન્તુ જ્ઞાયકપણું જ છે.

પ્ર૦—જો મુનિઓને પરભાવનું અકર્તાપણું માનો છો તો [1]કષાય અને યોગ એ બે હેતુથી તેઓને કર્મનું કર્તાપણું કેમ હોય?

ઉ૦—પોતાના સ્વભાવમાં મગ્ન થએલા સાધક મુનિઓને ઇચ્છા સિવાય સ્વાભાવિક પ્રવૃત્ત થએલ વીર્ય અને તે વડે યુક્ત ચેતના-[2]કર્મચેતના વડે કર્મબન્ધનું કર્તાપણું છે, તો પણ પોતાને આધીન ગુણની પ્રવૃત્તિ સ્વભાવને

---

૧ કર્મબન્ધના મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચાર હેતુઓ છે, તેમાં મુનિઓને સમ્યગ્દર્શન અને ચારિત્ર હોવાથી મિથ્યાત્વ અને અવિરતિપ્રયુક્ત બન્ધ હોતો નથી, પણ કષાય અને યોગરૂપ બે હેતુથી કર્મનો બન્ધ થાય છે.

૨ રાગદ્વેષાદિરૂપ ભાવ કર્મ તે કર્મચેતના કહેવાય છે.

અનુકૂળ હોવાથી. [1]અકર્તાપણું છે. અથવા એવંભૂત નયની દૃષ્ટિથી સિદ્ધપણાના અનુભવના આનન્દમાં મગ્ન થએલાને તો પરભાવનું કર્તાપણું નથી. અથવા સમ્યગ્દર્શનાદિ ગુણની પ્રાપ્તિ થયે વસ્તુનું સ્વરૂપ પ્રકાશિત થએલું હોવાથી અને સ્વરૂપને અનુકૂલ વીર્ય હોવાથી આત્મામાં પરભાવનું કર્તાપણું નથી જ, પણ જ્ઞાયકપણું જ છે.

---

૧ શબ્દાદિનયની અપેક્ષાએ આત્મા વિભાવાદિ પરભાવોનો કર્તા નથી, ઋજુસૂત્રનયની દૃષ્ટિથી રાગદ્વેષાદિ વિભાવોનો કર્તા છે પણ પૌદ્ગલિક કર્મનો કર્તા નથી, અને નૈગમ અને વ્યવહાર નયથી પૌદ્ગલિક કર્મનો કર્તા છે.

पराश्रितानां भावानां कर्तृत्वाद्यभिमानतः ।
कर्मणा बध्यतेऽज्ञानी ज्ञानवांस्तु न लिप्यते ॥

પર--પુદ્ગલાશ્રિત પર્યાયોના કર્તાપણાદિના અભિમાનથી અજ્ઞાની કર્મથી બંધાય છે, પણ જ્ઞાની બંધાતો નથી. તાત્પર્ય એ છે કે વાસ્તવિક રીતે આત્મા પરભાવનો કર્તા નથી, પણ કર્તાપણાના અભિમાનથી અજ્ઞાની કર્મવડે બંધાય છે. જ્ઞાનીને કર્તાપણાનું અભિમાન નહિ હોવાથી તે બંધાતો નથી.

कर्तैवमात्मा नो पुण्यपापयोरपि कर्मणोः ।
रागद्वेषाशयानां तु कर्तेष्टानिष्टवस्तुषु ॥
आत्मा न व्याप्ृतस्तत्र रागद्वेषाशयं सृजन् ।
तन्निमित्तोपनम्रेषु कर्मोपादानकर्मसु ॥

अध्यात्मसार अ. ६ श्लो. ११०--११४

એ પ્રમાણે આત્મા શુભાશુભ કર્મનો કર્તા નથી, પણ ઇષ્ટ અને અનિષ્ટ વસ્તુ નિમિત્તે થતા રાગદ્વેષરૂપ આશયનો કર્તા છે. રાગ-

તેથી સ્વરૂપને વિશે રસિક પુરૂષોને સર્વભાવનું જ્ઞાયકપણું અને પોતાના પારિણામિક ભાવોનું કર્તાપણું છે. માટે પોતાના આત્માને એકાન્તે સ્થિર કરી અનાદિ કાળની ભ્રાન્તિથી ઉત્પન્ન થએલું પરભાવનું કર્તાપણું, ભોક્તાપણું અને ગ્રાહકપણું નિવારવા યોગ્ય અને અખંડ આનંદનું કર્તાપણું અને ભોક્તાપણું કરવા યોગ્ય છે

**[1]परब्रह्मणि मग्नस्य श्लथा पौद्गलिकी कथा।**
**क्वामी चामीकरोन्मादाः स्फारा दारादराः क्व च ॥४॥**

**પરબ્રહ્મ-પરમાત્મસ્વરૂપને વિષે મગ્ન થએલા પુરૂષને પુદ્ગલ સંબન્ધી કથા-વાર્તા શ્લથા-શિથિલ-નીરસ લાગે**

---

રૂપરૂપ આશયને કરતો આત્મા તે નિમિત્તે પ્રાપ્ત થતા કર્મને ગ્રહણ કરવાની ક્રિયામાં પ્રવૃત્ત થતો નથી. (આ ઋજુસૂત્રનયનું કથન છે).

અધ્યાત્મસાર અ. ૬ શ્લો. ૧૧૦–૧૧૮

नैगमव्यवहारौ तु ब्रूतः कर्मादिकर्तृताम् ।
व्यापारः फलपर्यन्तः परिदृष्टो यदात्मनः ॥

अध्यात्मसार अ. ६ श्लो. ११६

નૈગમ અને વ્યવહાર નય કર્મ વગેરેનું કર્તાપણું કહે છે. કારણ કે આત્માનો વ્યાપા ફળના અન્ત સુધી હોય છે. તાત્પર્ય એ છે કે આત્મા ભાવકર્મના કર્તા છે અને તેનું ફળ દ્રવ્યકર્મનો બન્ધ છે અને ફળપર્યન્ત આત્માનો વ્યાપાર હોવાથી આત્મા દ્રવ્યકર્મનો કર્તા છે.

૧ परब्रह्मणि=પરમાત્મ સ્વરૂપમાં. मग्नस्य=લીન થએલાને. पौद्गलिकी=પુદ્ગલ સંબન્ધી. कथा=વાત. श्लथा=નીરસ (લાગે છે). अमी=આ. चामीकरोन्मादाः=ધનનું અભિમાન. क्व=ક્યાં (હોય). च=અને स्फाराः=દેદીપ્યમાન, ચિત્તને ચમત્કારી. दारादराः=સ્ત્રીના આદરો. क्व=ક્યાં (હોય).

છે, તો પછી તેને આ ધનના ઉન્માદો ક્યાંથી હોય અને દેદીપ્યમાન એવા સ્ત્રીના આલિંગનાદિરૂપ આદર પણ ક્યાંથી હોય?

પરમાત્મસ્વરૂપમાં મગ્ન–તન્મય થએલા અને સ્વરૂપના અવલોકન તથા રમણથી રંગાએલા યોગીને પુદ્ગલસંબન્ધી કથા શિથિલ–નીરસ લાગે છે, કારણ કે તે પરવસ્તુ હોવાથી ગ્રહણ કરવા યોગ્ય નથી, તેમ ભોગવવા યોગ્ય પણ નથી એવો તેને નિશ્ચય થયેલો છે. જેની વાત પણ નીરસ લાગે, તો પછી તેનું ગ્રહણ તે ક્યાંથી હોય? એ હેતુથી તેને ધનનો ઉન્માદ ક્યાંથી હોય? શુદ્ધ આત્મગુણની સંપત્તિવાળાને તે પરવસ્તુ હોવાથી અને પાપસ્થાનનું કારણ હોવાથી ધનનો પરિગ્રહ જ હોતો નથી, તો પછી તેનું અભિમાન તો ક્યાંથી હોય? વળી સુન્દર સ્ત્રીઓનાં હાવભાવ, રૂપ, શૃંગારાદિને વિશે આદર પણ ક્યાંથી હોય? સ્વાભાવિક સુખના ભોગીને પૌદ્ગલિક વસ્તુનો ભોગ જ હોતો નથી, માયાની કુટી, રાગની પટી–સાડી જેવી અને અશુદ્ધ વિભાવની ઉત્તેજક નટી સમાન એવી સ્ત્રીના કટી વગેરે અંગોમાં તેને આદર કેમ હોય?

**तेजोलेश्याविवृद्धिर्या साधोः पर्यायवृद्धितः ।**
**भाषिता भगवत्यादौ सेत्थंभूतस्य युज्यते ॥५॥**

---

૧ या=જે. तेजोलेश्याविवृद्धिः=તેજોલેશ્યા–ચિત્તસુખની વિશેષ વિશેષ વૃદ્ધિ. साधोः=સાધુને. पर्यायवृद्धितः=માસાદિ ચારિત્રપર્યાયની વૃદ્ધિ થવાથી. भगवत्यादौ=ભગવતી પ્રમુખ ગ્રન્થમાં. भाषिता=કહેલી (છે.) सा=તે. इत्थंभूतस्य=આવા પ્રકારના જ્ઞાનમગ્નને. युज्यते=ઘટે છે.

ચારિત્રવંત સાધુને માસાદિક ચારિત્ર પર્યાયની વૃદ્ધિ થવાથી ચિત્તસુખની પ્રાપ્તિરૂપ તેજોલેશ્યાની વિશેષ વૃદ્ધિ ભગવતીસૂત્ર પ્રમુખ ગ્રન્થને વિષે કહી છે તે આવા પ્રકારના ક્રમે ક્રમે જ્ઞાનમગ્ન હોય તેને ઘટે છે, બીજા જે મન્દસંવેગી હોય તેને એ ભાવ ન હોય. (તે સંબન્ધે ભગવતીસૂત્રનો પાઠ વગેરે અને તેનો અનુવાદ, આ શ્લોકની ટીકાના અનુવાદમાં આવેલો છે માટે, અહીં આપવામાં આવ્યો નથી).

તેજોલેશ્યા-સ્વાભાવિક જ્ઞાનાનન્દના આસ્વાદરૂપ ચિત્તસુખની પ્રાપ્તિ, તેમાં મુનિઓને જ્ઞાનાનન્દના અનુભવથી ઉત્પન્ન થએલ ચિત્તસુખની પ્રાપ્તિરૂપ તેજોલેશ્યા હોય છે. તે ચિત્તસુખની વિશેષતઃ વૃદ્ધિ નિર્ગ્રન્થ સાધુને માસ-વર્ષ વગેરે ચારિત્રપર્યાયની વૃદ્ધિ થવાથી થાય છે, તે ભગવંતે પાંચમા અંગ ભગવતીસૂત્ર વગેરે ગ્રન્થમાં કહી છે, તે નિર્મલ સુખના અનુભવરૂપ ચિત્તસુખની વૃદ્ધિ આવા પ્રકારના આત્મજ્ઞાનનિમગ્ન અને રત્નત્રયની એકતામાં રમણ કરનાર મુનિને ઘટે છે, તે સિવાયના બીજા મન્દસંવેગીને ઘટતી નથી.

અહીં પ્રારંભમાં પ્રથમ સંયમનું સ્વરૂપ દર્શાવાય છે. આત્મામાં ચારિત્ર નામનો ગુણ અનન્ત પર્યાય સહિત અનન્ત અવિભાજ્ય અંશોના સમુદાય રૂપ છે. વિશેષાવશ્યક ભાષ્યમાં કહ્યું છે કે "દાનાદિ પાંચ લબ્ધિઓ અને ચારિત્ર સિદ્ધને પણ હોય છે, કારણ કે તેનું આવરણ કરનાર અન્તરાયકર્મ અને ચારિત્રાવરણ-મોહનીયકર્મનો સિદ્ધને વિશે અભાવ છે આવરણરૂપ કર્મનો અભાવ હોવા

છતાં દાનાદિ લબ્ધિઓ અને ચારિત્રનો અભાવ હોય તો ક્ષીણમોહાદિ ગુણસ્થાનકે ચારિત્રાદિના અભાવનો પ્રસંગ થાય, તેથી તેમના મતે સિદ્ધ અવસ્થામાં ચારિત્રાદિનો સદ્-ભાવ હોય છે.

ચારિત્ર ચારિત્રમોહનીય કર્મથી ઢંકાયેલું છે અને તે તત્ત્વશ્રદ્ધા-સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વડે પૂર્ણાનન્દની ઇચ્છાનો આવિર્ભાવ અને પશ્ચાત્તાપાદિથી ક્ષયોપશમાવસ્થાને પ્રાપ્ત થાય છે ત્યારે ચારિત્રમોહનીય કર્મના ઉદયપ્રાપ્ત પુદ્ગલોને ભોગવીને ક્ષય કરવાથી અને ઉદયમાં નહિ આવેલા પુદ્ગલોના ઉપશમ-ઉદયનો નિરોધ કરવાથી તથા કેટલાએક પુદ્ગલોને પ્રદેશોદય રૂપે વેદવાથી ચારિત્રગુણના અંશો પ્રગટ થાય છે. તેમાં સર્વથી હીન સંયમસ્થાનકે સર્વાકાશના પ્રદેશથી અનન્તગુણા ચારિત્રના પર્યાયો પ્રગટ થાય છે, તે પ્રથમ સંયમસ્થાનક છે.

**ते कत्तिया पएसा सव्वागासस्स मग्गणा होइ ?।**
**ते तत्तिया पएसा अविभागाओ अणंतगुणा ॥**

ચારિત્રના કેટલા પ્રદેશો-પર્યાયો છે? સર્વ આકાશની માર્ગણા થાય છે. સર્વ આકાશના પ્રદેશોને અનન્તગુણા કરતાં જેટલા પ્રદેશો થાય તેટલા તેના પર્યાયો [1]છે.

---

१ चार कषाय क्षय उपशमे जी सरवविरतिगुणठाण ।
तेना आदिमठाणमां जी पर्यवनुं परिमाण ॥
सरवाकाश प्रदेशथी जी अणंतगुणा अविभाग ।
बृहत्कल्पना भाष्यमां जी भाषे तुं महाभाग ॥
संयमश्रेणि ढाळ १ गा० ४-५

પ્રથમ સંયમસ્થાનક સર્વોત્કૃષ્ટ દેશવિરતિના વિશુદ્ધ સ્થાનકથી અનન્તગુણુ વિશુદ્ધ છે. પ્રથમ સંયમસ્થાનકથી તેના અનન્તમા ભાગના અવિભાજ્ય અંશોની વૃદ્ધિ કરવાથી બીજું સંયમસ્થાનક થાય છે. એ પ્રમાણે ત્રીજું, ચોથું ઇત્યાદિ સંયમસ્થાનકો જાણવાં. એ રીતે અનન્તભાગની વૃદ્ધિ કરવા વડે અંગુલ પ્રમાણ આકાશના અસંખ્યાતમા ભાગમાં રહેલા અસંખ્યાતા આકાશપ્રદેશ પ્રમાણ સંયમસ્થાનકો થાય છે ત્યારે પ્રથમ કંડક થાય છે. ત્યાર પછી અસંખ્યાતમા ભાગની વૃદ્ધિરૂપ બીજું કંડક થાય છે. તે આ પ્રમાણે—પ્રથમ કંડકના છેલ્લા સંયમસ્થાનકમાં જેટલા અવિભાજ્ય અંશો હોય તેના અસંખ્યાતમા ભાગે જેટલા અંશો હોય તેટલાની વૃદ્ધિ કરવાથી તેટલા અધિક ક્ષયોપશમવાળું બીજા કંડકનું પ્રથમ સંયમસ્થાનક હોય છે. ત્યાર પછી અનન્ત ભાગની વૃદ્ધિ કરવારૂપ અસંખ્યાતા સ્થાનો હોય છે અને તે અંગુલના અસંખ્યાતમા ભાગમાં રહેલા અસંખ્ય આકાશપ્રદેશના રાશિ જેટલા છે, ત્યાર પછી એક અસંખ્યાતભાગ વૃદ્ધિનું સ્થાનક હોય છે. એ પ્રમાણે અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અનન્ત ભાગની વૃદ્ધિ જેના વચ્ચે આવેલી છે એવી અસંખ્યાતભાગની વૃદ્ધિ અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ થાય છે. એ બીજું સ્થાનક થયું. ત્યારબાદ સંખ્યાતભાગ વૃદ્ધિ રૂપ તૃતીય સ્થાનક થાય છે. ત્યારપછી અનન્ત ભાગની વૃદ્ધિ-

---

અનન્તાનુબન્ધી સિવાયના બાકીના બાર કષાયના ક્ષયોપશમથી સર્વવિરતિ ગુણસ્થાન પ્રાપ્ત થાય છે. તેના પ્રથમ સંયમસ્થાનમાં સર્વાકાશથી અનન્તગુણા પર્યાયો—અંશો છે તેમ બૃહત્કલ્પ ભાષ્યમાં કહ્યું છે

વાળા અસંખ્યાતા સ્થાનક થાય છે, ત્યારબાદ એક અસંખ્યાતભાગ વૃદ્ધિનું સ્થાનક હોય છે. ત્યારપછી અસંખ્યાતા અનન્તભાગ વૃદ્ધિના સ્થાનક હોય છે, ત્યારબાદ એક અસંખ્યાત ભાગ વૃદ્ધિનું સ્થાનક હોય છે. એ પ્રમાણે વચ્ચે વચ્ચે અનન્તભાગ વૃદ્ધિના અંતરવાળા અસંખ્યાતા અસંખ્યાત ભાગ વૃદ્ધિનાં સ્થાનકો થયા પછી એક સંખ્યાતભાગવૃદ્ધિનું સ્થાનક આવે છે. એવા અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સંખ્યાતભાગ વૃદ્ધિના સ્થાનકો વ્યતીત કર્યા પછી એ જ ક્રમથી સંખ્યાતગુણ વૃદ્ધિ, અસંખ્યાતગુણ વૃદ્ધિ અને અનન્તગુણ વૃદ્ધિનાં અસંખ્યાતા સંયમસ્થાનકો થાય છે. (ત્યારબાદ અસંખ્યાતગુણ વૃદ્ધિવગેરે ક્રમથી પાંચ સ્થાનકો થાય છે. એમ અસંખ્યાતા ષડ્ગુણ વૃદ્ધિના સ્થાનકો થાય છે). સર્વ સંયમસ્થાનકોની સંખ્યા અસંખ્યાતા લોકાકાશના પ્રદેશો જેટલી છે અને ઉત્તરોત્તર વિશુદ્ધ હોય છે. શરૂઆતથી જ અનુક્રમે સંયમસ્થાન ઉપર ચઢતો અવશ્ય નિર્વાણ પદને પ્રાપ્ત થાય છે. તથા શરૂઆતથી જ ઉત્કૃષ્ટ અને પછી મધ્યમ સંયમસ્થાન ઉપર ચઢતો અવશ્ય પડે છે એ પ્રમાણે પ્રથમ સ્થાનથી જ અનુક્રમે સંયમના ક્ષયોપશમવાળાને તેના ચારિત્રપર્યાયો નિર્મલ થયા હોવાથી સુખરૂપ ચારિત્ર હોય છે. અને એ સંબન્ધે ભગવતીસૂત્રનો પાઠ આ પ્રમાણે છે—

"जे इमे अज्जत्ताए समणा निग्गंथा विहरन्ति ते णं कस्स तेउलेस्सं वितिवयंति । गोयमा ! मासपरिआए समणे निग्गंथे वाणमंतराणं देवाणं तेउलेस्सं वितिवयति । एवं दुमासपरिआए समणे निग्गंथे असु-

रिंदवज्जियाणं भवणवासीणं देवाणं तेउलेस्सं वितिवयति। तिमासपरिआए समणे निग्गंथे असुरिंदकुमाराणं देवाणं तेउलेस्सं वितिवयति। चउमासपरिआए समणे निग्गंथे चंदिमसूरवज्जियाणं गहगण–नक्खत्त–तारारूवाणं जोइसिआणं तेउलेस्सं वितिवयति। पंचमासपरिआए समणे निग्गंथे चंदिमसूरिआणं जोइसिआणं तेउलेस्सं वितिवयति। छमासपरिआए समणे निग्गंथे सोहम्मीसाणाणं देवाणं तेउलेस्सं वितिवयति। सत्तमासपरिआए समणे निग्गंथे सणंकुमार–माहिंदगाणं देवाणं तेउलेस्सं वितियति। अट्ठमासपरिआए समणे निग्गंथे बंभलोग–लंतगदेवाणं तेउलेस्सं वितिवयति। नवमासपरिआए समणे निग्गंथे महासुक्क–सहस्साराणं देवाणं तेउलेस्सं वितिवयति। दसमासपरिआए समणे निग्गंथे आणय-पाणय-आरण–अच्चुआणं देवाणं तेउलेस्सं वितिवयति। एकारसमासपरिआए समणे निग्गंथे गेविज्जगाणं देवाणं तेउलेस्सं वितिवयति। बारसमासपरिआए समणे निग्गंथे अणुत्तरोववाइआणं देवाणं तेउलेस्सं वितिवयति। तेणं परं सुक्के सुक्काभिजाती भवित्ता सिज्झइ बुज्झइ मुच्चइ परिनिव्वाइ सव्वदुक्खाणमंतं करेइ॥"

भगवती श० १४–उ० ९

"જે અત્યારે શ્રમણ નિર્ગ્રન્થો વિચરતા હોય છે તેઓ કોની તેજોલેશ્યાને-ચિત્તસુખની પ્રાપ્તિને ઓળંગી જાય છે? હે ગૌતમ! એક માસના પર્યાયવાળો શ્રમણ નિર્ગ્રન્થ વાનવ્યન્તર દેવોના સુખને ઓળંગી જાય છે. બે માસના પર્યાયવાળો શ્રમણ નિર્ગ્રન્થ અસુરેન્દ્ર સિવાયના ભવનવાસી દેવોના સુખને ઓળંગી જાય છે. ત્રણ માસના પર્યાયવાળો

શ્રમણ નિર્ગ્રન્થ અસુરકુમાર દેવોના સુખને ઓળંગી જાય છે. ચાર માસના પર્યાયવાળો શ્રમણ નિર્ગ્રન્થ ચન્દ્ર અને સૂર્ય સિવાયના ગ્રહગણ, નક્ષત્ર અને તારારૂપ જ્યોતિષિક દેવોના સુખને ઓળંગી જાય છે. પાંચ માસના પર્યાયવાળો શ્રમણ નિર્ગ્રન્થ ચન્દ્ર અને સૂર્યરૂપ જ્યોતિષિક દેવોના સુખને ઓળંગી જાય છે. છ માસના પર્યાયવાળો શ્રમણ નિર્ગ્રન્થ સૌધર્મ અને ઈશાન દેવોના સુખને ઓળંગી જાય છે, સાત માસના પર્યાયવાળો શ્રમણ નિર્ગ્રન્થ સનત્કુમાર અને માહેન્દ્ર દેવોના સુખને ઓળંગી જાય છે. આઠ માસના પર્યાયવાળો શ્રમણ નિર્ગ્રન્થ બ્રહ્મલોક અને લાન્તક દેવોના સુખને, નવ માસના પર્યાયવાળો શ્રમણ નિર્ગ્રન્થ મહાશુક્ર અને સહસ્રાર દેવોના સુખને, દસ માસના પર્યાયવાળો શ્રમણ નિર્ગ્રન્થ આનત, પ્રાણત, આરણ અને અચ્યુત દેવોના સુખને, અગિયાર માસના પર્યાયવાળો શ્રમણ નિર્ગ્રન્થ ગ્રૈવેયક દેવોના સુખને, અને બાર માસના પર્યાયવાળો શ્રમણ નિર્ગ્રન્થ અનુત્તરૌપપાતિક દેવોના સુખને ઓળંગી જાય છે. ત્યારબાદ સંવત્સર પછી શુક્લ-વિશુદ્ધ, અભિન્ન ચારિત્રવાળો, અમત્સરી, કૃતજ્ઞ, સદારંભી, હિતાનુબન્ધી (નિરતિચાર ચારિત્રવાળો), શુક્લાભિજાત-પરમશુક્લપરિણામવાળો, અકિંચન, સદાગમ વડે વિશુદ્ધ થઈને સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, મુક્ત થાય છે, નિર્વાણ પામે છે અને સર્વ દુઃખોનો અન્ત કરે છે. એ સંબન્ધે કહ્યું છે કે—

**आकिञ्चन्यं मुख्यं ब्रह्मातिपरं सदागमविशुद्धम् ।**
**सर्वं शुक्लमिदं खलु नियमात्संवत्सरादूर्ध्वम् ॥**

મુખ્ય અકિંચનપણુ, બ્રહ્મને વિશે અતિ તત્પરતા અને સદાગમ–સત્‌શાસ્ત્ર વડે વિશુદ્ધ એ સર્વ શુકલ છે અને તે એક વર્ષના ચારિત્ર પછી અવશ્ય હોય છે"

આ સ્થિતિ અમુક જ શ્રમણને આશ્રયી કહેલી છે, પણ બધા શ્રમણો આવા પ્રકારના હોતા નથી. અહીં માસાદિના પર્યાયવાળો શ્રમણ નિર્ગ્રન્થ કહેલ છે તે સંયમશ્રેણિની અંદર રહેલા સંયમના સ્થાનોને માસાદિના પર્યાયવડે પ્રાપ્ત થયેલ સંયમ ભાવ વડે ઓળંગી તેટલા પ્રમાણવાળા સંયમસ્થાનને સ્પર્શ કરનાર શ્રમણ નિર્ગ્રન્થ જાણવો. અહીં પરંપરા આ પ્રમાણે છે–જઘન્યથી ઉત્કૃષ્ટ સુધી અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ પ્રમાણ ક્રમથી કે ક્રમ સિવાયના સંયમસ્થાનોમાં વર્તતા નિર્ગ્રન્થોમાં માસથી આરંભી બાર માસ સુધીમાં સંયમસ્થાનોને ઉલ્લંઘી ઉપરના સંયમસ્થાનકોમાં વર્તતો સાધુ આવા પ્રકારના દેવોના સુખને ઓળંગી જાય છે. અર્થાત્ તેના કરતાં અધિક આત્મિક સુખનો અનુભવ કરે છે.

એ સંબન્ધે ધર્મબિન્દુમાં કહ્યું છે કે—

**उक्तं मासादिपर्यायवृद्धया द्वादशभिः परम् ।**
**तेजः प्राप्नोति चारित्री सर्वदेवेभ्य उत्तमम् ॥**

અ૦ ૬ શ્લો૦ ૨૬.

ચારિત્રવાળા સાધુ માસાદિ ચારિત્રપર્યાય વધતા બાર

માસના પર્યાયવડે સર્વ દેવો કરતાં ઉત્તમ એવું પર-ઉત્કૃષ્ટ સુખ પામે છે.

અહીં ધર્મબિન્દુની ટીકામાં "तेजश्चित्तसुखलाभलक्षणम्" તેજ એટલે ચિત્તસુખનો લાભ એ અર્થ જણાવેલો છે. એ પ્રમાણે આત્મજ્ઞાનમાં નિમગ્ન થએલાને આત્મિક સુખની વૃદ્ધિ થાય છે.

**[1]ज्ञानमग्नस्य यच्छर्म तद्वक्तुं नैव शक्यते।**
**नोपमेयं प्रियाश्लेषैर्नापि तच्चन्दनद्रवैः ॥६॥**

**જ્ઞાનમાં મગ્ન થયેલાને જે સુખ છે તે કહી શકાય તેવું નથી. તેમ તે સ્ત્રીના આલિંગનના સુખ સાથે સરખાવવા યોગ્ય નથી, તથા બાવનાચન્દનના વિલેપનની સાથે પણ સરખામણી કરવા યોગ્ય નથી. કારણ કે સંસારમાં બીજી કોઈ ઉપમા નથી.**

જ્ઞાનમાં નિમગ્ન થયેલાને-આત્મિક સુખના અનુભવ કરનારને જે સ્પર્શજ્ઞાનના અનુભવનું સુખ છે, તે અનિર્વચનીય છે, વચન દ્વારા વર્ણવી શકાય તેવું નથી, કારણ કે તે ઇન્દ્રિયોને તથા વાણીને અગોચર છે. તે આધ્યાત્મિક સુખ ઇષ્ટ સ્ત્રીના આલિંગન સાથે તથા ચન્દનના વિલેપનની સાથે સરખાવી શકાય તેવું નથી. કારણ કે પુષ્પમાલા, સ્ત્રી અને ચન્દન વગેરેથી થયેલું વાસ્તવિક સુખ જ નથી, આત્મિક

---

૧ ज्ञानमग्नस्य=જ્ઞાનમાં મગ્ન થયેલાને. यत्=જે. शर्म=સુખ. तद्=તે वक्तुं=કહેવાને. नैव=નહિ જ. शक्यते=શકાય. એટલે કહી શકાય નહિ. न=નથી. उपमेयं=સરખાવવા યોગ્ય. प्रियाश्लेषैः=પ્રિય સ્ત્રીના આલિંગન વડે, न=નથી अपि=પણ. तत्=તે. चन्दनद्रवैः=ચન્દનના વિલેપન વડે.

સુખથી વંચિત થએલા પુરૂષોએ સુખની બુદ્ધિથી કલ્પેલું છે. જગતમાં પુદ્‌ગલના સંયોગજનિત કલ્પિત સુખ દુઃખની જ જાતિ છે—અર્થાત્ તે દુઃખથી ભિન્ન નથી. વિશેષાવશ્યકભાષ્યમાં કહ્યું છે કેઃ—

जत्तो च्चिय पच्चक्खं सोम्म सुहं नत्थि दुक्खमेवेदं ।
तप्पडियारविभत्तं तो पुण्णफलं ति दुक्खं ति ॥
विसयसुहं दुक्खं च्चिय दुक्खपडियारओ तिगिच्छ व्व ।
तं सुहमुवयाराओ न उवयारो विणा तच्चं ॥
सायासायं दुक्खं तव्विरहम्मि य सुहं जओ तेणं ।
देहिंदिएसु दुक्खं सोक्खं देहिंदियाभावे ॥

वि० आ. भा. गा. २७०५

હે સૌમ્ય, તે પ્રત્યક્ષ જણાતું સુખ સુખ નથી જ, પણ દુઃખરૂપ છે. કારણ કે તે દુઃખના પ્રતીકારમાત્ર વડે દુઃખથી જુદું કહ્યું છે. તેથી પુણ્યનું ફળ પણ દુઃખ જ છે.

વિષયસુખ દુઃખના પ્રતીકારરૂપ હોવાથી ચિકિત્સાની પેઠે વસ્તુતઃ દુઃખ જ છે. પરન્તુ તે ઉપચારથી સુખ છે. ઉપચાર પણ બીજી સત્ય વસ્તુ સિવાય હોતો નથી. અર્થાત્ વિષયસુખ સિવાયનું બીજું પરમાર્થિક સુખ છે, અને તેથી તેનો વિષયસુખમાં આરોપ કરવામાં આવે છે.

સાતા અને અસાતા દુઃખ જ છે, તેના અભાવમાં સુખ છે. તે શરીર અને ઇન્દ્રિયોના આધારે થતું હોવાથી દુઃખ છે અને શરીર અને ઇન્દ્રિયોના અભાવમાં સુખ છે. કહ્યું છે કેઃ—

**औत्सुक्यमात्रमवसादयति प्रतिष्ठा**
**क्लिश्नाति लब्धपरिपालनवृत्तिरेव ।**
**नातिश्रमापगमनाय न च श्रमाय**
**राज्यं स्वहस्तधृतदण्डमिवातपत्रम् ॥**

પ્રતિષ્ઠા રાજાના ઓત્સુક્ય માત્રનો નાશ કરે છે અને પ્રાપ્ત વસ્તુના રક્ષણ કરવાની વૃત્તિ એને ક્લેશ ઉત્પન્ન કરે છે. પોતાના હાથમાં જેનો દંડ ધારણ કરેલો છે એવા છત્રની પેઠે રાજ્ય કેવળ શ્રમને માટે નથી, તેમ અત્યન્ત શ્રમને દૂર કરવા માટે પણ નથી. રાજ્ય એ આભિમાનિક સુખ અને દુઃખરૂપ છે.

તે માટે સંસાર સર્વ દુઃખમય જ છે. સ્વાભાવિક આનન્દ એ જ સુખ છે. "જ્યાં સુધી ઇન્દ્રિયસુખમાં સુખ-બુદ્ધિ છે ત્યાં સુધી સમ્યગ્દર્શન અને જ્ઞાનમાં મગ્ન થયેલો નથી" એમ તત્ત્વાર્થટીકામાં કહ્યું છે. તેથી આધ્યાત્મિક સુખને પુદ્ગલોના સંબન્ધથી થયેલા સુખની ઉપમા આપી શકાય નહિ. અર્થાત્ આધ્યાત્મિક સુખની પૌદ્ગલિક સુખની સાથે તુલના કરી શકાય નહિ.

**[1]शमशैत्यपुषो यस्य विप्रुषोऽपि महाकथाः ।**
**किं स्तुमो ज्ञानपीयूषे तत्र सर्वाङ्गमग्नताम् ॥७॥**

---

૧ शमशैत्यपुषः=ઉપશમરૂપ શિતળતાને પોષણ કરનારી. यस्य=જે જ્ઞાનામૃતના. विप्रुषः=બિન્દુની. अपि=પણ. महाकथाः=મહા વાર્તાઓ. किम्=કેમ, શી રીતે. स्तुमः=સ્તુતિ કરીએ. तत्र ज्ञानपीयूषे=તે જ્ઞાનરૂપ અમૃતને વિશે. सर्वाङ्गमग्नतां=સર્વ અંગે મગ્નપણાની.

જે (જ્ઞાનામૃતના) બિન્દુની પણ ઉપશમની શીતળતાને પોષણ કરનારી (જ્ઞાનાદિના દૃષ્ટાન્તે) મહાકથાઓ છે, તે જ્ઞાનામૃતને વિશે સર્વાંગે મગ્નપણાની શી રીતે સ્તુતિ કરીએ? જે જ્ઞાનામૃતના બિન્દુરૂપ ધર્મકથા સાંભળતાં મહાસુખ ઉપજે છે તે જ્ઞાનામૃતમાં સર્વાંગે મગ્ન થએલા છે તેના સુખની શી વાત કરવી? અનુભવે તે જાણે.

શમ–ઉપશમ, રાગ દ્વેષનો અભાવ, આત્માને વિશે તત્ત્વનું આસ્વાદકપણું નિર્ધારીને ઇષ્ટ અને અનિષ્ટ વસ્તુને વિશે રાગાદિ પરિણામની શાન્તિ થવી તે શમ. રાગાદિ કોઈ પણ વસ્તુનો પરિણામ નથી, પરન્તુ વિભાવથી ઉત્પન્ન થએલ ભ્રાંતિનો પરિણામ છે. વળી પુદ્ગલાદિનો શુભાશુભ પરિણામ કોઇ જીવને નિમિત્તે થએલો નથી, પરન્તુ તે પૂરણ અને ગલનરૂપ પારિણામિક ભાવથી થાય છે. જો વર્ણાદિ જનક કર્મના વિપાકથી શુભાશુભ પરિણામ થાય છે તો તેમાં રાગદ્વેષ કરવા એ ભ્રાન્તિ જ છે. કહ્યું છે કે–

**"कणगो लोहो न भणइ रागे दोसे कुणंतु मज्झ तुमं।**
**नियतत्तविलुत्ताणं एस अणाइअपरिणामो ॥**

"સુવર્ણ અને લોહ એમ નથી કહેતા કે તમે મારામાં રાગ દ્વેષ કરો. પરન્તુ સ્વરૂપથી ભ્રષ્ટ થએલા જીવોનો આ અનાદિ કાળનો પરિણામ છે".

પોતાનું સ્વરૂપ પોતાને અધીન અને પોતાને જ ભોગવવા યોગ્ય હોવાથી પરવસ્તુના સંયોગ અને વિયોગ વડે ઇષ્ટપણા અને અનિષ્ટપણાની કલ્પના એ ઉપાધિ છે. એ પ્રમાણે ઉપશમભાવના શીતલપણાને પોષણ

કરનારી જે જ્ઞાનામૃતના બિન્દુમાત્રની મહાવાર્તાઓ છે, ઉપશમભાવને પુષ્ટ કરનાર જે જ્ઞાનામૃતનો બિન્દુ પણ દુર્લભ છે, તે જ્ઞાનામૃતમાં સર્વાંગે મગ્નપણાનું શી રીતે વર્ણન કરીએ? તેનું વર્ણન કરવાને અમે અસમર્થ છીએ એ તાત્પર્ય છે. જે સ્વરૂપજ્ઞાનનો અનુભવ છે તે અત્યન્ત પ્રશંસનીય છે. કહ્યું છે કે—

लब्भइ सुरसामित्तं लब्भइ पहुअत्तणं न संदेहो।
इक्को नवरि न लब्भइ जिणिंदवरदेसिओ धम्मो ॥

धम्मो पवित्तिरूवो लब्भइ कइया वि निरयदुक्खभया।
जो नियवत्थुसहावो सो धम्मो दुल्लहो लोए ॥

नियवत्थुधम्मसवणं दुलहं वुत्तं जिणिंदआणसुअं।
तप्फासणमेगत्तं हुंति केसिं चि धीराणं ॥

"દેવોનું સ્વામીપણું પ્રાપ્ત થાય છે, અને ઐશ્વર્ય મળે છે એમાં સંદેહ નથી. પણ એક જિનેશ્વરે કહેલો ધર્મ પ્રાપ્ત થતો નથી. કદાચિત્ નરકગતિના દુઃખના ભયથી પ્રવૃત્તિસ્વરૂપ-ક્રિયારૂપ ધર્મ પ્રાપ્ત થાય પણ જે વસ્તુના સ્વભાવરૂપ ધર્મ છે તે જગતમાં મળવો દુર્લભ છે. નિજ-વસ્તુના ધર્મનું શ્રવણ કરવું, જિનેન્દ્રની આજ્ઞાનું શ્રવણ અને તેનો સ્પર્શ કરવો એ દુર્લભ છે અને તે બધું કોઈક ધીર પુરૂષોમાં હોય છે. આથી વસ્તુસ્વરૂપ ધર્મના સ્પર્શ વડે અત્યન્ત શાન્ત થએલા મહાત્માઓનું અત્યન્ત પૂજ્યપણું છે.

**યસ્ય દૃષ્ટિઃ કૃપાવૃષ્ટિર્ગિરઃ શમસુધાકિરઃ।**
**તસ્મૈ નમઃ શુભજ્ઞાનધ્યાનમગ્નાય યોગિને ॥૮॥**

**જેની દૃષ્ટિ કરૂણાની વૃષ્ટિ-વર્ષા પ્રવાહ જેવી છે અને વાણી ઉપશમરૂપ અમૃતનો છંટકાવ કરનારી છે એવા શુભ-પ્રશસ્ત જ્ઞાન અને ધ્યાનમાં મગ્ન-લીન થયેલા યોગીને-યોગમાર્ગના સ્વામીને નમસ્કાર હો.**

શુભ-શુદ્ધ યથાર્થ વસ્તુના સ્વરૂપને જણાવનારું જ્ઞાન, ભેદજ્ઞાન વડે સ્વ-પરનો વિવેક કરી સ્વરૂપની એકતાનો-તન્મયતાનો અનુભવ તે ધ્યાન, તેમાં મગ્ન થએલા-લીન થએલા, રત્નત્રયના અભ્યાસવડે શુદ્ધ સાધ્યને સાધનારા, અને જેની દૃષ્ટિ કરુણાની વૃષ્ટિરૂપ છે-પરમ કરુણાને વરસાવનારી છે, તથા જેની વાણી શમ-ક્રોધાદિના ઉપશમને સિંચન કરનારી છે એવા ચિત્તની કિલષ્ટ વૃત્તિઓને રોકનારા યોગીને નમસ્કાર થાઓ.

અનાદિ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગની પ્રવૃત્તિ વડે જેના આત્મસ્વભાવનો ઘાત થએલો છે અને ઇષ્ટ અને અનિષ્ટ પરભાવના ગ્રહણ અને ત્યાગમાં રૂચિવાળા હોવાથી તેની પ્રાપ્તિ અને અપ્રાપ્તિમાં રતિ અને અરતિના અશુદ્ધ અધ્યવસાયમાં જે મગ્ન થએલા છે તેઓમાં સ્વરૂપમગ્નપણું ક્યાંથી હોય? આથી શંકાદિ અતિચાર રહિત

---

૧ यस्य=જેની. दृष्टिः=ચક્ષુ. कृपावृष्टिः=કૃપાની વૃષ્ટિ गिरः=વાણી. शमसुधाकिरः=ઉપશમરૂપ અમૃતનો છંટકાવ કરનારી. तस्मै=તે (ને). शुभज्ञानध्यानमग्नाय=પ્રશસ્ત જ્ઞાન અને ધ્યાનમાં લીન થએલા(ને). योगिने=યોગીને. नमः=નમસ્કાર.

વિશુદ્ધ દર્શનને પ્રાપ્ત થએલો શુદ્ધાશયવાળો જીવ દુઃખી, મોહરૂપ મોટાં કાષ્ઠો વડે પ્રજ્વલિત થએલા કર્મરૂપ અગ્નિમાં બળતા, અશરણ એવા ત્રણ ભુવનના પ્રાણીઓને જોઇને આત્મિક ગુણના આવરણથી દુઃખવડે ઉદ્વિગ્ન થએલો, અચલિત તત્ત્વની શ્રદ્ધાવાળો, આસ્રવની નિવૃત્તિ અને સંવરની તન્મયતાની પ્રતિજ્ઞા ઉપર આરૂઢ થઇને તેને દૃઢ કરવા માટે મહાવ્રતોની પચીસ ભાવનાઓ વડે અન્તરાત્માને વાસિત કરનાર, બાર ભાવનાઓ વડે અધ્યવસાયને સ્થિર કરનાર, પૂર્વ કર્મની નિર્જરા અને નવીન કર્મના નહિ ગ્રહણ કરવા વડે પ્રગટ થએલ સ્વરૂપસંપત્તિના અનુભવમાં મગ્ન થએલ મહાત્મા સુખી હોય છે. એ હેતુથી શાસ્ત્ર શ્રવણ, વિભાવ પરિણતિનો ત્યાગ, તત્ત્વનો વિચાર અને આત્મતત્ત્વમાં એકાગ્રતા વગેરે ઉપાયો વડે સ્વરૂપાનુભવમાં મગ્ન થવા યોગ્ય છે. સંસારને વિશે કર્મકલેશની પરંપરા જાણીને સંસારથી ઉદ્વિગ્ન થઇને વૈરાગ્યમાર્ગમાં પ્રવૃત્તિ કરતાં આત્મસ્વરૂપના આવિર્ભાવના કારણ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રમાં વર્તવા યોગ્ય છે.

## ३ स्थिरताष्टक

**वत्स किं चञ्चलस्वान्तो भ्रान्त्वा भ्रान्त्वा विषीदसि।**
**निधिं स्वसन्निधावेव स्थिरता दर्शयिष्यति ॥१॥**

---

१ वत्स !=હે વત્સ ! किम्=કેમ. चञ्चलस्वान्तः=ચંચલ અન્તઃકરણવાળો. भ्रान्त्वा भ्रान्त्वा=ભમી ભમીને. विषीदसि=ખેદ પામે છે. निधिं=નિધાનને. स्वसन्निधौ=પોતાની પાસે રહેલા. एव=જ. स्थिरता=સ્થિરપણું. दर्शयिष्यति=બતાવશે.

**હે વત્સ ! ચંચલ ચિત્તવાળો થઇ [ઠામે ઠામે ગામે ગામે] ભમી ભમીને કેમ ખેદ પામે છે ? ( જો તું નિધાનનો અર્થી છે તો ) સ્થિરતા તારી પાસે જ રહેલા નિધાનને દેખાડશે.**

હવે મગ્નપણું સ્થિરતાથી થાય છે, માટે અહીં સ્થિરતાષ્ટક કહેવામાં આવે છે. તેમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એ ત્રણ દ્રવ્યોમાં અક્રિયપણું હોવાથી સ્થિરતા છે, અને પુદ્‌ગલની સ્થિરતા સ્કન્ધાદિને આશ્રિત છે, પરન્તુ તે આત્મસાધનનો હેતુ નથી, માટે તેનો વિચાર અહીં કરવામાં આવ્યો નથી, જે વાસ્તવિક રીતે સ્થિર છે, પણ પર વસ્તુની ઉપાધિથી ચંચલ થયેલ છે એવા આત્માની સમ્યગ્દર્શનાદિ ગુણની પ્રાપ્તિ થતાં પરભાવને વિશે નહિ પ્રવૃત્તિ કરવા રૂપ સ્થિરતા છે તેનો વિચાર અહીં કરવામાં આવ્યો છે. તેમાં નામ અને સ્થાપના નિક્ષેપ સુગમ છે. દ્રવ્યથી સ્થિરતા મન, વચન અને કાયયોગની ચેષ્ટાને રોકવારૂપ છે. દ્રવ્યને વિશે સ્થિરતા મમ્મણ શેઠની પેઠે જાણવી. દ્રવ્યવડે સ્થિરતા વાતરોગાદિ વડે શરીરાદિની જડતારૂપ છે. દ્રવ્યરૂપ સ્થિરતા તે આગમથી અને નોઆગમથી બે પ્રકારે છે. તેમાં આગમથી દ્રવ્યસ્થિરતા સ્થિરતાપદના અર્થને જાણનાર પણ તેના ઉપયોગ રહિતને હોય છે. સ્વરૂપના ઉપયોગશૂન્ય તથા સાધ્ય દૃષ્ટિ વિનાના આત્માની પ્રાણાયામાદિને વિશે સ્થિરતા અથવા કાયોત્સર્ગાદિરૂપ સ્થિરતા નોઆગમથી દ્રવ્યસ્થિરતા કહેવાય છે. ભાવથી સ્થિરતા બે પ્રકારે છે–અશુદ્ધ અને શુદ્ધ. તેમાં રાગ–દ્વેષ સહિત મનોજ્ઞ વિષયોમાં તન્મયપણારૂપ એકતા તે અશુદ્ધ ભાવસ્થિરતા, અને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રાદિ આત્મ-

સ્વરૂપને વિશે તન્મયતા તથા ધર્મધ્યાન અને શુક્લ ધ્યાનાદિને વિશે અચલતાભાવરૂપ સ્થિરતા તે શુદ્ધ ભાવ સ્થિરતા. શુદ્ધ સાધ્ય રહિત યોગ વગેરેની સ્થિરતા તે દુર્નયરૂપ છે. જે સાધ્યની વાર્તા વડે સાધ્યને સિદ્ધ કરવાના પરિણામ રહિત સ્થિરતા તે નયાભાસરૂપ છે. અને જે સાધ્યના અભિલાષ તથા સાધ્યના ઉદ્યમના પરિણામવડે સહિત કારણભૂત એવી મન, વચન અને કાયા વગેરેની દ્રવ્યાશ્રવના ત્યાગ કરવા રૂપ સ્થિરતા છે તે પ્રથમના નૈગમ, સંગ્રહ, વ્યવહાર અને ઋજુસૂત્ર--એ ચાર નયને સંમત છે. જે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ સ્વરૂપના સાધનથી સાધ્યને સિદ્ધ કરવાના અભ્યાસવાળી સ્થિરતા છે તે શબ્દ નયને માન્ય છે. જે ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં રહેલી અને સ્વરૂપથી નહિ પડવાના પરિણામવાળી સ્થિરતા છે તે સમભિરૂઢ નયને સંમત છે. અને જે ક્ષાયિક દર્શન, જ્ઞાન, ચારિત્ર, વીર્ય અને સુખ વગેરેથી અપતિત સ્વભાવવાળી સ્થિરતા તે એવંભૂત નયને સંમત છે. વિભાવ દશામાં પણ તત્ત્વના વિકલ્પોની–વિચારોની સ્થિરતા સર્વનયરૂપ હોય છે, તો પણ અહીં પરમાનન્દસમૂહના અનુભવરૂપ અને સિદ્ધત્વના સાધનભૂત જે સ્વભાવસ્થિરતા છે. તેનો અવસર હોવાથી તેની જ અહીં વ્યાખ્યા કરવામાં આવે છે. અનાદિ અશુદ્ધતામાં મગ્ન થએલો અને સ્વરૂપસુખની અપ્રાપ્તિમાં ઇન્દ્રિયસુખની ઇચ્છાથી જીવ ચંચલ થએલો છે, તેના ઉપર કરુણાબુદ્ધિથી ગુરૂ કહે છે–

હે વત્સ ! તું ચપલ અન્તઃકરણવાળો થઇ અહીં તહિં

ભમતો એક વસ્તુનો ત્યાગ કરતો, બીજી વસ્તુને ગ્રહણ કરતો અતિ દીન થઈને કેમ ખિન્ન થાય છે? તું પરવસ્તુની અપ્રાપ્તિ વડે દીન થાય છે અને પ્રાપ્તિ વડે અતૃપ્ત થાય છે, માટે પરભાવમાં વિષાદ જ છે, કારણ કે સુખની બુદ્ધિથી ગ્રહણ કરેલ પર વસ્તુમાં સ્વતઃ સુખરૂપતા નહિ હોવાથી તેની પ્રાપ્તિમાં પણ સુખ નથી, માટે તેમાં પ્રવૃત્તિ કરવી તે પરિણામે ખેદરૂપ જ છે. રે વત્સ! તારી સમીપે જ આત્માને વિશે સ્વગુણની સંપત્તિના ભાજન રૂપ નિધિ રહેલો છે, તેને જ્ઞાન, દર્શન અને ચારિત્રના ભેદ અને અભેદની એકતા રૂપ સ્થિરતા બતાવશે. તને તેનું જ્ઞાન કરાવશે. માટે અનાદિ વિષયના આસ્વાદરૂપ ચંચલતાને છોડી શુદ્ધ જ્ઞાનાદિ અનન્તગુણના સમુદાય રૂપ આત્માને વિશે સ્થિરતા કર.

**ज्ञानदुग्धं विनश्येत लोभविक्षोभकूर्चकैः ।**
**अम्लद्रव्यादिवास्थैर्यादिति मत्वा स्थिरो भव ॥२॥**

**જ્ઞાનરૂપ દૂધ અસ્થિરતારૂપ ખાટા પદાર્થથી લોભના વિક્ષોભ-વિકારરૂપ કૂચા થવા વડે નાશ પામે છે, બગડી જાય છે-એમ જાણીને સ્થિર થા.**

ઇષ્ટ પૌદ્‍ગલિક વસ્તુનું ગ્રહણ અને અનિષ્ટના ત્યાગ કરવા રૂપ અસ્થિરતાના પરિણામથી લોભના વિક્ષોભ-પરભાવની અભિલાષા લક્ષણ અશુદ્ધ પરિણામરૂપ કૂચા થવા

---

૧ ज्ञानदुग्धं=જ્ઞાન રૂપ દૂધ. विनश्येत=વિનાશ પામે, બગડી જાય. लोभविक्षोभकूर्चकैः=લોભના વિક્ષોભ-વિકાર રૂપ કૂચા થવા વડે. अम्लद्रव्याद्=ખાટા પદાર્થથી. इव=જેમ अस्थैर्याद्=અસ્થિરતાથી. इति=એમ. मत्वा=માનીને. स्थिरः=સ્થિરતાવાળો. भव=થા.

વડે આત્મતત્ત્વના અનુભવની તન્મયતારૂપ જ્ઞાન નાશ પામે છે. લોભ, લોલુપતા, ઇચ્છા, મૂર્છા, ગૃદ્ધિ અને આકાંક્ષા એ લોભના પર્યાયો છે. લોભનો પરિણામ આત્મસ્વરૂપના અનુભવના નાશનો હેતુ છે. જેમ ખાટા પદાર્થના યોગથી દૂધ નાશ પામે છે, તેમ લોભના પરિણામથી આત્મસ્વરૂપના અનુભવ જન્ય સુખનો નાશ થાય છે. લોભનો પરિણામ તે પરભાવને ગ્રહણ કરવાની ઇચ્છાનો પરિણામ છે, એમ જાણીને વર્ણ, ગન્ધ, રસ અને સ્પર્શરહિત અખંડાનન્દ અને ચૈતન્ય સ્વરૂપ આત્માને વિશે શ્રદ્ધા, જ્ઞાન અને રમણ કરવા વડે સ્થિર થા.

**[१]अस्थिरे हृदये चित्रा वाङ्नेत्राकारगोपना।**
**पुंश्चल्या इव कल्याणकारिणी न प्रकीर्तिता ॥३॥**

ચિત્ત અસ્થિર-સર્વત્ર ફરતું હોય તો વિચિત્ર વાણી, નેત્ર અને આકાર-આકૃતિ વેષાદિકને ગોપન કરવા રૂપ (ક્રિયા) અસતી-કુલટા સ્ત્રીની પેઠે કલ્યાણ કરનારી કહી નથી.

હૃદય સ્થિર કર્યા સિવાય અનેક ક્રિયા કપટરૂપ કરે તેથી કોઇ પણ પ્રકારે અર્થની સિદ્ધિ ન થાય એ ભાવાર્થ છે.

ચિત્ત અસ્થિર-પરભાવનું અભિલાષી છતાં ચિત્ર-અનેક પ્રકારની વાણી, નેત્ર અને આકાર-વેષાદિકને ગોપવવા રૂપ

---

૧ अस्थिरे हृदये=ચિત્ત અસ્થિર હોય ત્યારે. चित्रा=વિવિધ પ્રકારે वाङ्नेत्राकारगोपना=વાણી, નેત્ર અને આકારનું ગોપન કરવું. पुंश्चल्याः=કુલટા સ્ત્રીની. इव=જેમ. कल्याणकारिणी=કલ્યાણ કરનારી. प्रकीर्तिता=કહેલી. न=નથી.

દ્રવ્યક્રિયા અસતી સ્ત્રીની પેઠે હિતકારી કહેલ નથી. જૈનોની દ્રવ્યક્રિયા ભાવધર્મસહિત કે ભાવની ઇચ્છાવાળી જ પ્રશંસનીય છે, ભાવધર્મની ઇચ્છારહિત ક્રિયા બિલાડીના સંયમના જેવી છે. તાત્ત્વિક રીતે કરાતી દ્રવ્યક્રિયા કેટલાએકને પરંપરાએ ધર્મના હેતુરૂપે થયેલી છે, પરન્તુ તે દેવાદિસુખની તથા આ લોકના યશ વગેરેની અભિલાષા રહિતને જ ભાવધર્મનું કારણ થાય છે, પરંતુ લોકસંજ્ઞાએ પ્રવૃત્તિ કરનારને થતી નથી. માટે તત્ત્વસ્વરૂપની સન્મુખ થઇને આત્મધર્મની સાથે તન્મયતા કરીને ચિત્તને સ્થિર કરવું.

**अन्तर्गतं[1] महाशल्यमस्थैर्यं यदि नोद्धृतम् ।**
**क्रियौषधस्य को दोषस्तदा गुणमयच्छतः ॥४॥**

**જો હૃદયમાં રહેલા મહાશલ્યરૂપ અસ્થિરપણું દૂર કર્યું નથી, તો પછી ગુણ નહિ કરનાર ક્રિયારૂપ ઔષધનો શો દોષ છે? શલ્ય અન્તર્ગત હોય તો ઔષધ ગુણકારક ન થાય તે ઔષધનો દોષ નથી, પણ શલ્યનો દોષ છે. માટે શલ્ય કાઢવું જોઇએ.**

ચિત્તમાં મહાશલ્યરૂપ પરભાવને અનુસરનાર, પરભાવને પ્રાપ્ત થએલ ચેતના અને વીર્યની પરિણતિરૂપ અસ્થિરતા છે, એથી આત્મપરિણતિને પોતપોતાનું કાર્ય નહિ કરવામાં પર-

૧ अन्तर्गतं=અંદર રહેલું. महाशल्यं=મોટું સાલ. अस्थैर्यं=અસ્થિરપણું. यदि=જો. उद्धृतं=બહાર કાઢેલું, દૂર કરેલું. न=નથી तदा=તો. गुणं=ફાયદો, લાભ. अयच्छतः=નહિ આપનાર. क्रियौषधस्य=ક્રિયારૂપ ઔષધનો. कः=શો. दोषः=દોષ.

ભાવને સન્મુખ પ્રવૃત્તિ કરવારૂપ અસ્થિરતા દૂર કરી નથી, તો પછી ક્રિયારૂપ ઔષધ પોતાના આત્મસ્વભાવને પ્રગટ કરવારૂપ ગુણ ન આપે તો તેમાં તેનો શો દોષ છે? ક્રિયા એ પ્રવૃત્તિસ્વરૂપ છે, અને ભાવપરિણતિ આત્મગુણની શુદ્ધિરૂપ છે. અન્દર શલ્ય હોય તો ક્રિયારૂપ ઔષધ વડે ભાવરોગ દૂર થતો નથી. માટે પરભાવનું અનુયાયીપણું, પરભાવનું કર્તાપણું અને પરભાવના વ્યાપકપણારૂપ અભ્યન્તર શલ્ય દૂર કરવું.

**स्थिरता वाङ्मनःकायैर्येषामङ्गाङ्गितां गता ।**
**योगिनः समशीलास्ते ग्रामेऽरण्ये दिवा निशि ॥५॥**

જે પુરુષોને સ્થિરતા વાણી, મન અને કાયા વડે અંગાંગિપણાને–ચન્દનગન્ધની પેઠે એકીભાવને–તન્મયપણાને પ્રાપ્ત થયેલી છે તે યોગીઓ ગ્રામ-નગરમાં અને અરણ્યમાં, દિવસે અને રાત્રિએ સમસ્વભાવવાળા છે.

જે મહાપુરુષોને મન, વચન અને કાયયોગ વડે આત્મગુણનું નિર્ધારણ, ભાસન અને રમણતાની એકતારૂપ સ્થિરતા તન્મયપણાને પ્રાપ્ત થએલી છે, તે યોગીઓ સમસ્વભાવવાળા છે. સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવરૂપ આત્માના સ્વરૂપથી ભિન્ન પરદ્રવ્યને વિશે બીજું પરત્વસ્વરૂપ છે, તેને સમભાવરૂપે જાણવાથી પોતાના આત્માથી જે બીજું

---

૧ स्थिरता=સ્થિરપણું. वाङ्मनःकायैः=વાણી, મન અને કાયાવડે. येषां=જેઓને. अङ्गाङ्गितां=એકીભાવને, તન્મયતાને. गता=પ્રાપ્ત થએલ છે. ते=તે. योगिनः=યોગીઓ. ग्रामे=ગામમાં. अरण्ये=જંગલમાં. दिवा=દિવસે. निशि=રાત્રે. समशीलाः=સમભાવવાળા.

છે તે બધું ભિન્ન છે–એ પ્રમાણે જેને સમભાવ પ્રાપ્ત થએલો છે તેને ગ્રામ–જનસમુદાયમાં અને અરણ્ય–નિર્જન પ્રદેશમાં તુલ્યપણું છે–એટલે ત્યાં ઇષ્ટપણા અને અનિષ્ટપણાનો અભાવ છે, તેમજ તેઓને દિવસે અને રાત્રે રાગ દ્વેષના અભાવરૂપ સમ પરિણામ છે.

**[1]स्थैर्यरत्नप्रदीपश्चेद् दीप्रः संकल्पदीपजैः ।**
**तद्विकल्पैरलं धूमैरलं धूमैस्तथाऽऽस्रवैः ॥६॥**

જો સ્થિરતારૂપ રત્નનો દીવો સદા દેદીપ્યમાન છે તો સંકલ્પરૂપ દીપથી ઉત્પન્ન થએલા વિકલ્પરૂપ ધૂમનું શું કામ છે? અર્થાત્ તેનું કંઈ પણ પ્રયોજન નથી. તથા અત્યન્ત ધૂમ–મલીન એવા પ્રાણાતિપાતાદિક આસ્રવોનું પણ શું કામ છે?

સંકલ્પરૂપ દીવો ક્ષણવાર પ્રકાશ કરે છે અને (વિકલ્પ રૂપ) અતિશય ધૂમથી ચિત્તગૃહ મલીન કરે છે, તે માટે સદા પ્રકાશી નિષ્કલંક સ્થિરતારૂપ દીપ જ આદર કરવા યોગ્ય છે.

જો સ્થિરતારૂપ રત્નનો દીવો જે પુરુષને હમેશાં દેદીપ્યમાન હોય તો તેને સંકલ્પરૂપ દીપથી ઉત્પન્ન થએલા વિકલ્પરૂપ ધૂમથી સર્યું. પરભાવની ચિન્તાને અનુસરનાર અશુદ્ધ

---

૧ चेद्=જો. स्थैर्यरत्नप्रदीपः=સ્થિરતારૂપ રત્નનો દીવો. दीप्रः=દેદીપ્યમાન, પ્રકાશમાન. तत्=તો संकल्पदीपजैः=સંકલ્પરૂપ દીવાથી ઉત્પન્ન થએલા. विकल्पैः=વિકલ્પોરૂપ. धूमैः=ધૂમાડાઓનું अलं=( નિષેધાર્થક અવ્યય ). કામ નથી. तथा=વળી. अलंधूमैः=અત્યંત મલીન. आस्रवैः= પ્રાણાતિપાત વગેરે આસ્રવો–કર્મબન્ધના હેતુઓનું (કામ નથી )

ચપલતારૂપ સંકલ્પ છે, અને તેનું વારંવાર સ્મરણ કરવા રૂપ વિકલ્પ કહેવાય છે. એવા સંકલ્પ વિકલ્પરૂપ ધૂમનું કંઇપણ પ્રયોજન નથી. જેને સ્વરૂપની એકતારૂપ સ્થિરતા પ્રકાશિત છે તેને સંકલ્પ-વિકલ્પો હોતા નથી. જો કે જ્ઞાન, દર્શન અને ચારિત્રના અભેદ કાળે નિર્વિકલ્પ સમાધિ હોય છે, તો પણ સ્વરૂપમાં લીન થએલાને સાંસારિક સંકલ્પ-વિકલ્પોનો અભાવ હોય છે. તથા અત્યન્ત ધૂમના જેવા મલિન-દોષવાળા આસ્રવોનું પણ કંઈ પ્રયોજન નથી. આથી સંકલ્પ-વિકલ્પરૂપ ચલાયમાન પરિણતિનો ત્યાગ કરીને દ્રવ્ય અને ભાવરૂપ પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહરૂપ આસ્રવોનો ત્યાગ કરવો. જે આત્મસંમાધિમાં રતિવાળો અને પોતાના સ્વભાવમાં સ્થિર છે તેને આસ્રવો ક્યાંથી હોય? કારણ કે સ્વભાવનું કર્તાપણું, યથાર્થ જ્ઞાન-સ્વરૂપનું ગ્રાહકપણું, પોતાના ગુણોનું ભોક્તાપણું અને પોતાના સ્વભાવના રક્ષકપણાના ગુણમાં પરિણમેલ આત્માને આસ્રવો હોતા નથી; પણ પરભાવપણે પરિણમેલા એ સ્વભાવોના આસ્રવો હોય છે. સ્વરૂપની ભ્રાન્તિ જ સ્વપરિણામને પરભાવના કર્તાપણે પરિણમાવે છે. જ્યારે આત્માને સ્વરૂપનો બોધ અને સ્વકાર્ય કરવાનો નિશ્ચય થાય છે ત્યારે સ્વપરિણામને સ્વભાવરૂપ કાર્ય કરવામાં પ્રવર્તાવે છે, પર-ભાવના કર્તાપણામાં પ્રવર્તાવતો નથી. સ્વરૂપમાં મૂઢ થએલાને વિશે કારકનો સમુદાય પણ પરભાવના કર્તાપણા આદિ વ્યાપાર વડે અશુદ્ધ કરાયેલ છે. જ્યારે આવા પ્રકારના સ્વપરના વિવેક વડે હું આત્મસ્વરૂપ છું અને પર તે પરજ છે, હું પરભાવનો કર્તા નથી અને ભોક્તા પણ નથી-એમ

ભેદજ્ઞાનવાળો થઈને પોતાના કારકસમુદાયને પોતાનું કાર્ય કરવામાં પ્રવર્તાવે છે–એટલે આત્મા, આત્માને, આત્માં વડે આત્મા માટે આત્માથી અને આત્માને વિશે–એમ કારકસમુદાયને પ્રવર્તાવે છે ત્યારે એ પ્રકારે સ્વરૂપમાં પરિણમેલાને આસ્રવો હોતા નથી.

**उदीरयिष्यसि स्वान्तादस्थैर्यं पवनं यदि।**
**समाधेर्धर्ममेघस्य घटां विघटयिष्यसि ॥७॥**

**જો અન્તઃકરણથી અસ્થિરતારૂપ પવન ઉત્પન્ન કરીશ તો ધર્મમેઘ સમાધિની શ્રેણિને વિખેરી નાંખીશ.**

**પાતંજલ યોગશાસ્ત્રમાં ધર્મમેઘ સમાધિને [2]અસંપ્રજ્ઞાત સમાધિ કહી છે. તેની ઘટાને એટલે આવતા કેવળજ્ઞાનને વિખેરી નાંખીશ.**

જો અન્તઃકરણથી અસ્થિરતારૂપ પવનને તું પ્રવર્તાવીશ તો સ્વરૂપમાં વિશ્રાન્તિરૂપ ધર્મમેઘ નામે સમાધિની ઘટાને દૂર કરીશ. અસ્થિર આત્માને વિશે સમાધિનો નાશ થાય છે. માટે આત્મધર્મને વિશે સ્થિરતા કરવા યોગ્ય છે.

---

૧ यदि=જો. स्वान्तात्=અન્તઃકરણથી अस्थैर्यं=અસ્થિરતારૂપ. पवनं=પવનને. उदीरयिष्यसि=પ્રેરીશ, ઉત્પન્ન કરીશ (તો) धर्ममेघस्य=ધર્મમેઘ નામની. समाधेः=સમાધિની घटां=ઘટાને. विघटयिष्यसि=વિખેરી નાંખીશ

૨ જ્યાં ચિત્તની ક્લિષ્ટ વૃત્તિઓનો રોધ કરવામાં આવે છે તે સંપ્રજ્ઞાત યોગ અને ક્લિષ્ટ અને અક્લિષ્ટ બન્ને પ્રકારની વૃત્તિઓનો રોધ કરવામાં આવે છે તે અસંપ્રજ્ઞાત યોગ કહેવાય છે.

**चारित्रं स्थिरतारूपमतः सिद्धेष्वपीष्यते ।**
**यतन्तां यतयोऽवश्यमस्या एव प्रसिद्धये ॥८॥**

**યોગની સ્થિરતારૂપ ચારિત્ર છે, એ હેતુથી સિદ્ધને વિશે પણ કહ્યું છે, માટે હે યતિઓ! આજ સ્થિરતાની પ્રકૃષ્ટ-પરિપૂર્ણ સિદ્ધિ માટે અવશ્ય પ્રયત્ન કરો.**

**સિદ્ધોમાં સર્વ આત્મપ્રદેશોની સ્થિરતા એ સિદ્ધાન્તસિદ્ધ છે, પણ સિદ્ધોમાં ચારિત્ર નિષેધ્યું છે તે ક્રિયારૂપ ચારિત્ર સમજવું. સિદ્ધમાં જે ભાવ હોય તે જાતિસ્વભાવ ગુણ કહેવાય, એવી સ્થિરતા છે, તે માટે સર્વ પ્રકારે તેની સિદ્ધિ કરવી એ ઉપદેશ છે.**

ચારિત્ર સ્થિરતારૂપ છે, આ કારણથી સકલ કર્મથી મુક્ત થએલા સિદ્ધાત્માને વિશે પણ ચારિત્ર હોય છે. ભગવતી સૂત્રમાં સિદ્ધોને ચારિત્રનો અભાવ કહ્યો છે તે ક્રિયા-યોગની પ્રવૃત્તિરૂપ ચારિત્ર સમજવું, પણ જે સ્થિરતારૂપ ચારિત્ર છે તે વસ્તુનો ધર્મ હોવાથી અવશ્ય હોય છે. એ પ્રમાણે પ્રજ્ઞાપના, તત્ત્વાર્થ અને વિશેષાવશ્યકાદિ ગ્રન્થોમાં સ્પષ્ટ વ્યાખ્યા કરી છે. કારણ કે આવરણના અભાવમાં આવરણ કરવા યોગ્ય ગુણ પ્રગટ થાય છે, તેથી જેનો ચારિત્રમોહ ગયેલો છે તેને ચારિત્ર પ્રકટ થાય છે, માટે સિદ્ધોને પણ સ્થિરતારૂપ ચારિત્ર હોય છે. એવી સ્થિરતા સાધવા યોગ્ય છે. પ્રથમ સમ્યગ્દર્શનવડે

---

૧ चारित्रं=ચારિત્ર. स्थिरतारूपं=સ્થિરતારૂપ. अतः=એ હેતુથી. सिद्धेषु=સિદ્ધોમાં. अपि=પણ. इष्यते=ઇચ્છાય છે, માનવામાં આવે છે. यतयः=હે યતિઓ! अस्याः=આ સ્થિરતાની. एव=જ. प्रसिद्धये=પરિપૂર્ણ સિદ્ધિને માટે. अवश्यं=અવશ્ય. यतन्ताम्=યત્ન કરો.

શ્રદ્ધાની સ્થિરતા કરીને સમ્યગ્ જ્ઞાનસ્વરૂપમાં વિશ્રાન્તિ અને સ્વરૂપની એકાગ્રતારૂપ સ્થિરતા કરે છે, ત્યારબાદ સમસ્ત ગુણ અને પર્યાયોની પોતાના કાર્યમાં પ્રવૃત્તિ કરવારૂપ સ્થિરતા નિષ્પન્ન કરીને સર્વ આત્મિકપરિણતિની અસંગ દશારૂપ પરમ સ્થિરતાને પ્રાપ્ત કરે છે. એ હેતુથી સર્વ પ્રકારની ચપલતાનો ત્યાગ કરી યોગની સ્થિરતા કરીને અને ઉપયોગની સ્થિરતા વડે સ્વરૂપનું કર્તાપણું, સ્વરૂપમાં રમણ અને સ્વરૂપના ભોક્તાપણારૂપ સ્થિરતા સાધવા યોગ્ય છે. તેથી સ્થિરતાનું સાધન કરવામાં યત્ન કરવો એ ઉપદેશ છે.

## ૪ मोहत्यागाष्टक

[1]अहं ममेति मन्त्रोऽयं मोहस्य जगदान्ध्यकृत्।
अयमेव हि नञ्पूर्वः प्रतिमन्त्रोऽपि मोहजित्॥

'હું અને મારું' એ મોહરાજાનો મન્ત્ર છે તે જગતને આંધળું કરનાર છે અને નકારપૂર્વક આજ વિરોધી મન્ત્ર પણ છે તે મોહને જિતનાર છે.

'अहं' અને 'मम' એ ચાર અક્ષરનો પ્રાણીઓને સર્વ સંસારચક્રવાલમાં ભમાડવાને માટે મોહરાજાનો મન્ત્ર છે. 'नाहं અને न मम' એ તેનો વિરોધી મન્ત્ર મોહને જિત-

૧ अहं मम इति=હું અને મારું એવો. अयं=આ मोहस्य=મોહનો. मन्त्र=દેવાધિષ્ઠિત વિદ્યા. जगदान्ध्यकृत्=જગતને આંધળું કરનાર, જ્ઞાનરૂપ ચક્ષુનો નાશ કરનાર. अयमेव=આ જ મન્ત્ર. नञ्पूर्वः=નકારપૂર્વક. प्रतिमन्त्रः=વિરોધી મન્ત્ર. अपि=પણ. मोहजित्=મોહને જીતનાર.

નાર છે. ચારિત્રધર્મ રાજા એ મન્ત્રનો જાપ દઈ ભવ્ય પ્રાણીઓના મોહનો નાશ કરે છે.

સ્થિરતા એ મોહના ત્યાગથી થાય છે અને આત્માના પરિણામની ચપલતા મોહના ઉદયથી થાય છે. મોહનો ઉદય એ તત્ત્વના નિશ્ચયરૂપ સમ્યગ્દર્શન અને સ્વરૂપને વિશે રમણતા કરવારૂપ ચારિત્રને રોકે છે. અને તેથી ક્ષયોપશમવાળો જીવ ચેતના અને વીર્યાદિ ગુણોનો વિપર્યાસ, પરરમણતા અને સંતાપાદિ રૂપે પરિણમે છે. તેથીજ ચપલતા–અસ્થિરતા થાય છે અને મોહના ઉદયનું નિવારણ કરવાથી સ્થિરતા થાય છે. તેથી અહીં મોહત્યાગાષ્ટકની વ્યાખ્યા કરવામાં આવી છે–તેમાં નામ અને સ્થાપના સુગમ છે. દ્રવ્ય વડે–મદિરાપાન વગેરેથી મૂઢતાનો પરિણામ, અથવા દ્રવ્યથી–ધન અને સ્વજનાદિના વિયોગથી મોહ, અથવા દ્રવ્યને વિશે–શરીર અને પરિગ્રહાદિને વિશે મોહ તે દ્રવ્યમોહ. અથવા ગવૈયા વગેરેના મોહોત્પાદક સંગીતાદિને વિશે મોહ તે પણ દ્રવ્યમોહ છે. અથવા દ્રવ્યમોહ આગમ અને નોઆગમથી બે પ્રકારે છે. મોહ પદના અર્થને જાણવા છતાં તેને વિશે ઉપયોગ રહિત તે આગમથી દ્રવ્યમોહ અને મોહ પદના અર્થને જાણનાર જીવરહિત શરીરાદિ તે નોઆગમથી [1]દ્રવ્યમોહ રાગની પેઠે જાણવો. ભાવથી મોહ પ્રશસ્ત અને અપ્રશસ્ત એમ બે પ્રકારે છે. સર્વ પાપસ્થાનના કારણભૂત દ્રવ્યને

---

૧ મોહનીય કર્મના પરમાણુઓનો સમૂહ એ પણ દ્રવ્યમોહ છે અને તે ભાવમોહનું કારણ છે.

વિશે મોહ તે અપ્રશસ્ત અને મોક્ષમાર્ગને વિશે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપનું કારણ સુદેવ, સુગુરુ અને સદ્ધર્મને વિશે મોહ તે પ્રશસ્ત મોહ. મોહનો ત્યાગ કરવો એટલે આત્માથી તેને ભિન્ન કરવો. અહીં જે અપ્રશસ્ત મોહ છે તે સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે. કારણ કે તે આત્માની અશુદ્ધિનું કારણ છે. જે પ્રશસ્ત મોહ છે તે આત્મસાધનનું અસાધારણ કારણ હોવાથી પૂર્ણ તત્ત્વની નિષ્પત્તિની પૂર્વે કરવા યોગ્ય હોવા છતાં તે ઉપાદેય તો નથી, માટે તેને શ્રદ્ધાથી વિભાવરૂપે જાણવો. જો કે પ્રશસ્તમોહ ઉત્તમ વૃત્તિ છે, શુભ પરિણામ છે, તો પણ તે અશુદ્ધ પરિણતિ છે, માટે સાધ્ય દૃષ્ટિએ તો સર્વ પ્રકારના મોહનો ત્યાગ કરવો એજ શ્રદ્ધા કરવા યોગ્ય છે. તેમાં પ્રથમના ચાર નયની અપેક્ષાએ કર્મવર્ગણાના પુદ્‌ગલોને, તેના સંબન્ધોને, તેના ગ્રહણ કરવાની પ્રવૃત્તિથી થતા સંકલ્પને, બંધાતા, સત્તામાં રહેલા, ચલિત થયેલા, ઉદીરણાને પ્રાપ્ત થએલા અને ઉદયમાં આવેલા કર્મપુદ્‌ગલોને તથા અશુદ્ધ વિભાવ પરિણામના કારણોને મોહ કહેવાય છે. શબ્દાદિ ત્રણ નયની અપેક્ષાએ મિથ્યાત્વ, અસંયમ તથા પ્રશસ્ત અને અપ્રશસ્ત મોહરૂપે પરિણમેલ ચેતનાના પરિણામને મોહ કહેવાય છે. આથી નવીન કર્મને ગ્રહણ કરવાનું કારણભૂત મોહનો પરિણામ છે. મોહથી જ જગત બંધાયેલું છે. મોહથી મૂઢ થએલા જીવો સંસારમાં ભ્રમણ કરે છે. જે હેતુથી જ્ઞાનાદિ ગુણો અને સ્વાભાવિક સુખને રોકનાર તથા અનન્ત જીવોએ અનન્તવાર ભોગવીને છોડી દીધેલા જડ, નહિ ગ્રહણ કરવા યોગ્ય

ઈષ્ટ અને અનિષ્ટ પુદ્ગલોને ગ્રહણ કરવા અને ત્યાગ કરવા રૂપ વિકલ્પ મોહથી ઉત્પન્ન થએલો છે. તેથી પુદ્ગલમાં આસક્ત થએલો, મોહની પરિણતિથી પુદ્ગલોનો અનુભવ કરનાર અને સ્વસ્વરૂપને નહિ જાણવાથી તેમાં મૂઢ થયેલો જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે. માટે મોહનો ત્યાગ કરવો એજ હિતકારક છે. એ સંબંધે કહ્યું છે કે—

"आया नाणसहावी दंसणसीलो विसुद्धसुहरूवो ।
जो संसारे भमई एसो दोसो खु मोहस्स ॥
जो उ अमुत्ति अकत्ता असंग-निम्मल सहावपरिणामी ।
सो कम्मकवयबद्धो दीणो सो मोहवसगत्ते ॥
ही दुक्खं आयभवं मोहमप्पाणमेव धंसेइ ।
जस्सुदए णियभावं सुद्धं सव्वं पि नो सरइ ॥"

"જ્ઞાનસ્વભાવવાળો, દર્શનસ્વભાવવાળો અને વિશુદ્ધ સુખ રૂપ આત્મા સંસારમાં પરિભ્રમણ કરે છે તે મોહનો દોષ છે.

જે અમૂર્ત, અકર્તા, સંગરહિત, નિર્મલ અને સ્વભાવથી પરિણામી આત્મા છે તે કર્મરૂપ કવચથી બંધાએલો, દીન અને મોહની પરવશતાથી દુઃખી થયેલો છે.

આત્માથી ઉત્પન્ન થએલો મોહ આત્માનો જ પરાભવ કરે છે એજ દુઃખ છે. જેના ઉદયથી આત્મા પોતાના સંપૂર્ણ શુદ્ધસ્વભાવનું પણ સ્મરણ કરતો નથી"

માટે એ પ્રમાણે મોહની ચેષ્ટા જાણીને તેનો ત્યાગ કરવા યોગ્ય છે. એ બાબત અહીં જણાવે છે. આત્માના

અશુદ્ધ પરિણામરૂપ મોહની 'નૃપ' એવી સંજ્ઞા છે, તે મોહ રાજાનો 'अहं' 'मम' 'હું' અને 'મારૂં' એ મન્ત્ર જગતના જીવોને અંધ કરનાર છે, જગતના જ્ઞાનરૂપ ચક્ષુને રોકનાર છે. સ્વરૂપના અજ્ઞાનથી ઉન્માદ થવો તે 'अहं', પરભાવને કરવામાં કર્તાપણારૂપ અભિમાન તે 'अहं'ભાવ છે. સર્વ સ્વરૂપ દ્રવ્યથી ભિન્ન એવા પુદ્ગલ અને જીવાદિ પદાર્થને વિશે 'આ મારું છે' એવો મમત્વનો પરિણામ મમ કાર છે. 'હું અને મારૂં' એ પરિણામ વડે સર્વ પરવસ્તુને પોતાની કરેલી છે. આ મોહથી થએલો અશુદ્ધ અધ્યવસાય છે અને તે મોહને પ્રગટ કરનાર છે. શુદ્ધ જ્ઞાનાંજન રહિત જીવોને અન્ધ કરનાર એટલે સ્વરૂપને અવલોકન કરવાની શક્તિનો નાશ કરનાર છે. જો આજ મન્ત્ર નકારપૂર્વક હોય તો તે 'अहं न, मम न' 'હું' નથી અને મારૂં નથી–એ વિરોધી મન્ત્ર મોહનો પરાજય કરનાર થાય છે. આ જે પરભાવો છે તે 'હું નથી' તેમ આ પરભાવો મારા નથી, આ તો ભ્રાન્તિ છે. હવે વસ્તુસ્વરૂપનું યથાર્થ જ્ઞાન થવાથી 'હું પરવસ્તુનો સ્વામી નથી કે પરભાવો મારા નથી.' એ સંબન્ધે કહ્યું છે કે—

"एगो हं नत्थि मे कोइ नाहमन्नस्स कस्सइ ।
एवं अदीणमणसो अप्पाणमणुसासइ ॥
एगो मे सासओ अप्पा नाणदंसणसंजुओ ।
सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा ॥
संजोगमूला जीवेण पत्ता दुक्खपरंपरा ।
तम्हा संजोगसंबंधं सव्वं तिविहेण वोसिरे ॥

"હું એક (આત્મસ્વરૂપ) છું, મારૂં કોઇ નથી. તેમ હું અન્ય કોઇનો પણ નથી. એ પ્રમાણે દીનતારહિત મનવાળો આત્માને ઉપદેશ કરે.

એક મારો શાશ્વત આત્મા જ્ઞાન-દર્શન વડે સહિત છે. બાકીના મારાથી બાહ્ય-ભિન્ન પદાર્થો છે અને તે સાંયોગિક-સંયોગથી થએલા છે.

જીવે સંયોગના કારણથી જ દુઃખની પરંપરા પ્રાપ્ત કરેલી છે, તેથી સર્વ પ્રકારના સંયોગ સંબન્ધ મન, વચન અને કાયા વડે ત્યાગ કરવા યોગ્ય છે.

એમ વિચારીને દ્રવ્ય કર્મ, શરીર, ધન અને સ્વજનોની ભિન્નતાની ભાવના કરી સ્વભાવમાં એકતા-તન્મયતા કરવા વડે મોહનો જય થાય છે- અને એથી જ અહંભાવ અને મમત્વભાવનો ત્યાગ ઇષ્ટ છે.

**[1]शुद्धात्मद्रव्यमेवाहं शुद्धज्ञानं गुणो मम ।**
**नान्योऽहं न ममान्ये चेत्यदो मोहास्त्रमुल्बणम् ॥२॥**

શુદ્ધ-નિજસત્તા વ્યવસ્થિત આત્મદ્રવ્ય જ હું છું વિભાવે અશુદ્ધ નથી. એ સંબન્ધે કહ્યું છે કે—

**मग्गणगुणठाणेहिं चउदस य हवंति तह य असुद्धणया।**
**विण्णेया संसारी सव्वे सुद्धा उ सुद्धणया" ॥**

---

૧ शुद्धात्मद्रव्यं=શુદ્ધ આત્મ દ્રવ્ય. एव=જ. अहं=હું (છું.) शुद्धज्ञानं=કેવલજ્ઞાન. मम=મારો. गुणः=ગુણ (છે.) अन्यः=તેથી ભિન્ન अहं=હું. न=નથી. च=અને. अन्ये=બીજા પદાર્થો. मम=મારા. न=નથી. इति=એ પ્રમાણે. अदः=આ उल्बणं=તીવ્ર. मोहास्त्रं=મોહને નાશ કરવાનું શસ્ત્ર. (છે.)

"અશુદ્ધ નયની દૃષ્ટિથી માર્ગણાસ્થાનક અને ગુણસ્થાનકની અપેક્ષાએ ચૌદ પ્રકારના સંસારી જીવો છે અને શુદ્ધનયની અપેક્ષાથી બધા જીવો શુદ્ધ છે." શુદ્ધ જ્ઞાન-કેવળજ્ઞાન જ મારો ગુણ છે. તેથી હું બીજો નથી, તેમ બીજા ધર્માસ્તિકાયાદિ પાંચ દ્રવ્યો મારા નથી. એ ધ્યાવું તે મોહને હણવાનું આકરૂં શસ્ત્ર છે.

શુદ્ધ-નિર્મલ-સર્વ પુદ્ગલના સંબન્ધરહિત, જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, અવ્યાબાધ સુખ, અમૂર્તત્વ વગેરે અનન્તગુણ પર્યાયરૂપ, નિત્ય અનિત્યાદિ અનન્તધર્મમય, અસંખ્યપ્રદેશી, સ્વભાવથી પરિણામી, સ્વરૂપનું કર્તાપણું અને ભોક્તાપણું વગેરે ધર્મ સહિત શુદ્ધ આત્મદ્રવ્યરૂપ હું છું. વળી અનન્ત સ્યાદ્વાદરૂપ સ્વસત્તાને પ્રગટ કરવામાં રસિક, નિરન્તર આનન્દ વડે પરિપૂર્ણ, પરમાત્મા અને પરમ જ્યોતિરૂપ છું. તથા શુદ્ધ, આવરણરહિત સૂર્યચન્દ્રાદિની સહાય વિના પ્રકાશક, એક સમયે ત્રણ કાળના ત્રણ લોકમાં રહેલા સર્વ દ્રવ્ય અને પર્યાયના ઉત્પાદ, વ્યય અને ધ્રુવપણાને જાણનાર કેવલજ્ઞાન એ મારો ગુણ છે. હું જ્ઞાનનો કર્તા છું, મારું કાર્ય જ્ઞાન છે. જ્ઞાનરૂપ કરણ વડે યુક્ત, જ્ઞાન દાનનું પાત્ર, જ્ઞાનથી જાણતો અને જ્ઞાનનો આધાર છું. જ્ઞાન જ મારૂં સ્વરૂપ છે એમ જાણતો, બીજા ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય, આકાશ અને પુદ્ગલો મારા પોતાનાથી ભિન્ન છે. બીજા જીવ પણ જુદા છે, જીવ અને પુદ્ગલના સંયોગથી જે અન્ય વિભાવ પરિણામ છે તે સર્વ અન્ય છે, તે હું નથી. આ બધા પૂર્વોક્ત પદાર્થો મારાથી જુદા છે. કારણ કે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી મારૂં ભિન્ન-

પણું છે. જે [1]વ્યાપ્યવ્યાપકભાવથી ભિન્ન છે તે મારા નથી. જે અસંખ્યાતપ્રદેશરૂપ પોતાના ક્ષેત્રમાં અભેદરૂપે પોતાના પર્યાયનો પરિણામ છે તે મારો છે. કેમકે સ્વસ્વરૂપને વિશે સ્વપણું અને પરસ્વરૂપને વિશે પરપણું છે. આ ભેદજ્ઞાન મોહને છેદનાર ઉગ્ર શસ્ત્ર છે. કારણ કે આવા પ્રકારના ભેદજ્ઞાનથી વિભક્ત-જુદા થએલા આત્માના મોહનો ક્ષય થાય છે. માટે સર્વ પરભાવથી ભિન્નપણું કરવા યોગ્ય છે. એથી જ નિર્ગ્રન્થો આસ્રવોનો ત્યાગ કરે છે. ગુરુના ચરણોનો આશ્રય કરે છે. વનમાં વસે છે. કર્મના ઉદય સમયે ઉદાસીન રહે છે. આગમોનો અભ્યાસ કરે છે. કારણ કે ઉત્તમ પુરૂષોનો અનાદિ પરભાવનો ઉચ્છેદ કરવા માટે પ્રયત્ન હોય છે.

**[2]यो न मुह्यति लग्नेषु भावेष्वौदयिकादिषु ।**
**आकाशमिव पङ्केन नासौ पापेन लिप्यते ॥२॥**

જે લાગેલા [3]ઔદયિકાદિ ભાવોમાં મુંઝાતો નથી,

---

૧ આત્મદ્રવ્ય અને તેના ગુણ-પર્યાયનો વ્યાપ્ય-વ્યાપકભાવ છે, પરન્તુ તેનાથી બીજા ભાવોનો આત્માની સાથે વ્યાપ્યવ્યાપકભાવ નથી.

૨ यः=જે लग्नेषु=લાગેલા, औदयिकादिषु=ઔદયિક વગેરે, भावेषु=ભાવોમાં, न मुह्यति=મુંઝાતો નથી. असौ=તે, આ. पङ्केन=કાદવવડે. आकाशं=આકાશની. इव=જેમ. पापेन=પાપ વડે. न लिप्यते=લેપાતો નથી.

૩ ભાવ પાંચ પ્રકારના છે. ૧ ક્ષાયિક, ૨ ક્ષાયોપશમિક, ૩ ઔપશમિક, ૪ ઔદયિક અને ૫ પારિણામિક. એ સંબન્ધે જુઓ 'નવતત્ત્વ વિવેચનસહિત' પા. ૧૬૬

**પાંચ પ્રકારના કર્મના ઉદય અને ક્ષયોપશમાદિ ભાવને પામી સ્વભાવથી અવિચલિતપણે રાગદ્વેષ કરતો નથી, તે જેમ આકાશ કાદવથી લેપાતું નથી તેમ પાપથી લેપાતો નથી. કામભોગાદિના નિમિત્ત માત્રથી કર્મબન્ધ થતો નથી, પણ તેમાં મોહ આવે છે તેથી કર્મબન્ધ થાય છે. કહ્યું છે કે-**

**ण कामभोगा समयं उविंति, णया वि भोगा विगइं उविंति।**
**जो तप्पओसी अ परिग्गही अ [सो तेसु मोहा विगइं उवेइ] ॥**
**समो अ जो तेसु स वीयरागो ॥**

उत्तरा० अ. ३२ गा. १०१

કામભોગો સમભાવને પ્રાપ્ત થતા નથી, તેમ ભોગો વિકારને પ્રાપ્ત થતા નથી, એટલે કામભોગો સમભાવ અને વિકારનું કારણ નથી. પરન્તુ જે તેનો દ્વેષ કરે છે અને તેમાં પરિગ્રહ-મૂર્છા કરે છે તે તેમાં મોહ-રાગ દ્વેષ કરવાથી વિકાર પામે છે. જે સમપરિણામવાળો છે તે વીતરાગ છે.

જે તત્ત્વવિલાસી જીવ પોતાને વિશે લાગેલા ઔદયિક ભાવ-શુભાશુભ કર્મના ઉદયરૂપ વિપાકમાં, આદિ શબ્દથી પરભાવને અભિમુખ પ્રવૃત્તિ કરતા ક્ષાયોપશમિક ભાવમાં અને તેથી અશુદ્ધ થએલા પારિણામિક ભાવમાં મુંઝાતો નથી, તન્મયતા અનુભવતો નથી, પરન્તુ ભેદજ્ઞાનરૂપ વિવેકથી પરવસ્તુના સંયોગનો ત્યાગ કરી અવશ્ય ઉદયમાં આવેલા કર્મફળમાં નિર્લેપ રહે છે, ઉદાસીનભાવે રહે છે, જેમ આકાશ કાદવથી લેપાતું નથી, તેમ તે કર્મથી લેપાતો નથી. આકાશમાં રહેલ કાદવ આકાશને લેપ કરનાર થતું નથી, કારણ કે તે કાદવરૂપે પરિણમતું નથી, તેમ શમ, સંવેગ અને

નિર્વેદ વડે પરભાવને રોકનાર આત્માને અવશ્ય કર્મના ઉદયરૂપ ફળ ભોગવતાં છતાં તેમાં તન્મય ન થતો હોવાથી કર્મનો બન્ધ થતો નથી. તે માત્ર પૂર્વ કર્મની નિર્જરા કરે છે, કારણ કે પોતાના પરિણામને ભિન્ન રાખવાથી તેને પરભાવનું કર્તાપણું નથી. એ સંબન્ધે અધ્યાત્મબિન્દુમાં કહ્યું છે કે—

"स्वत्वेन स्वं परमपि परत्वेन जानन् समस्ता–
न्यद्रव्येभ्यो विरमणमिति यच्चिन्मयत्वं प्रपन्नः ।
स्वात्मन्येवाभिरतिमुपनयन् स्वात्मशीली स्वदर्शी–
त्येवं कर्ता कथमपि भवेत्कर्मणो नैष जीवः" ॥

"પોતાને સ્વસ્વરૂપે અને પરવસ્તુને પરરૂપે જાણતો આત્મા સર્વ પરદ્રવ્યોથી વિરામ પામે છે. તેથી ચૈતન્યમય સ્વરૂપને પ્રાપ્ત થઈ પોતાના આત્માને વિષે જ રતિ કરતો, પોતાનું જ અનુશીલન કરતો અને પોતાને જ જોતો કોઈ-પણ રીતે કર્મનો કર્તા થતો નથી"

(न कामभोगा–ઈત્યાદિ ગાથા અને તેનો અનુવાદ ભાષાર્થમાં આવેલ હોવાથી અહીં આપવામાં આવેલ નથી.)

એ પ્રમાણે જે પરદ્રવ્યમાં રતિ કરતો નથી તે આત્મા મૂકાય છે. માટે સર્વ સંગનો ત્યાગ કરવો, કારણ કે સંગ એ મોહનું નિમિત્ત છે. મોહના ત્યાગનો અર્થી મોહના નિમિત્તભૂત એવા ધન, સ્વજન, સ્ત્રી, ભોગ અને ભોજનાદિનો ત્યાગ કરે છે, કારણ કે કારણના અભાવે કાર્યનો અભાવ હોય છે. ભાવાશ્રવની પરિણતિનો રોધ કરવો એ સંયમ છે

તેના રક્ષણ અને તેની વૃદ્ધિ માટે મુનિઓને દ્રવ્યાશ્રવનો ત્યાગ કરવો હિતાવહ છે. જેઓએ પરભાવોને અભોગ્ય અને અગ્રાહ્ય કર્યા છે, તે પરભાવમાં તેઓ કેમ રતિ કરે?

**पश्यन्नेव परद्रव्यनाटकं प्रतिपाटकम्।**
**भवचक्रपुरस्थोऽपि नामूढः परिखिद्यति ॥४॥**

અનાદિ અનન્ત કર્મપરિણામ રાજાની રાજધાની સ્વરૂપ ભવચક્ર નામના નગરમાં રહેતા છતાં પણ એકેન્દ્રિય વિકલેન્દ્રિયાદિ નગરની પોળે પોળે પરદ્રવ્ય-પુદ્ગલદ્રવ્યનું જન્મ, જરા અને મરણાદિરૂપ નાટક જોતો મોહ રહિત આત્મા ખેદ પામતો નથી. 'खिद्यति काव्ये न मौर्ख्ये स्त्रे' ઇત્યાદિ પાઠમાં खिद् ધાતુ પરસ્મૈપદ છે. માટે અહીં દોષ રૂપ નથી.

સ્વરૂપથી ચ્યુત ન થાય એવા આત્મધર્મની તન્મયતામાં અમૂઢ-મૂઢતા રહિત તત્ત્વજ્ઞાની, સ્વરૂપના સાધનમાં તત્પર થએલો આત્મા એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય જીવ રૂપ દરેક પોળે મનુષ્ય, તિર્યંચ, દેવ અને નરકરૂપ સઘળા સ્થાને પરદ્રવ્ય-પુદ્ગલદ્રવ્યનું જન્મ, જરા અને મરણાદિરૂપ સંસ્થાન, નિર્માણ અને વર્ણાદિના ભેદ વડે વિચિત્ર નાટક જોતાં ખેદ પામતો નથી. પુદ્ગલરૂપ કર્મના વિપાકથી ઉત્પન્ન થએલી વિચિત્રતાને જાણે છે, પરન્તુ તેને પોતાનું સ્વરૂપ માનતો નથી, અજ્ઞાની કર્મકૃત વિચિત્રતાને પોતાનુ

૧ प्रतिपाटकं=પોળે પોળે. परद्रव्यनाटकं=જન્મ જરા મરણાદિરૂપ પુદ્ગલ દ્રવ્યના નાટકને. पश्यन्=જોતો. एव=જ. भवचक्रपुरस्थः-ભવચક્ર નામના નગરમાં રહેતો. अपि=પણ. अमूढः=મોહરહિત. न परिखिद्यति= ખેદ પામતો નથી.

સ્વરૂપ માને છે પણ તત્ત્વજ્ઞાનીની માન્યતા તેવી નથી. તે મૂઢતારહિત તત્ત્વજ્ઞાની અનાદિકાળથી પોતે કરેલા કર્મપરિણામરૂપ નૃપની રાજધાનીભૂત ચાર ગતિરૂપ સંસારચક્રમાં રહેવા છતાં પણ આત્માને તેથી ભિન્ન જાણતો [1]ખેદ પામતો નથી. આથી કર્મના ફળની વિચિત્રતાને ભોગવવા છતાં પણ જ્ઞાનીને ખેદ થતો નથી. જો કર્મ કરવાના સમયે અરતિ અને અનાદર નથી, તો પછી ભોગવવાના સમયે શો દ્વેષ કરવો ? ઉદયમાં આવેલા કર્મને ભોગવવાના સમયે રાગદ્વેષનો પરિણામ જ નવીન કર્મના બન્ધનું કારણ છે. એ હેતુથી ઉદયમાં તટસ્થભાવે રહેવું. શુભકર્મનો ઉદય પણ આવરણ છે, અશુભ કર્મનો ઉદય પણ આવરણ છે. શુભ અશુભ બન્ને કર્મનો ઉદય આત્માના ગુણને આવરણ કરવા રૂપે સરખો છે, તો તેમાં ઇષ્ટપણું અને અનિષ્ટપણું શું છે ?

**विकल्पचषकैरात्मा पीतमोहासवोऽप्ययम् ।**
**भवोच्चतालमुत्तालप्रपञ्चमधितिष्ठति ॥५॥**

---

૧ અહીં મૂળ પાઠમાં खिद् ધાતુ આત્મનેપદી હોવા છતાં પરસ્મૈપદમાં વાપર્યો છે તે દોષરૂપ નથી, કારણ કે 'खिद्यति काव्ये जडः' એવો પરસ્મૈપદી પાઠ પણ જોવામાં આવે છે.

૨ विकल्पचषकैः-વિકલ્પરૂપ મદિરા પીવાના પાત્રોવડે. पीतमोहासवः=જેણે મોહરૂપ મદિરા પીધી છે એવો. अयं=આ. आत्मा=જીવ. ही=ખરેખર. उत्तालप्रपञ्चं=જ્યાં હાથ ઉંચા કરી તાળીઓ આપવાની ચેષ્ટા કરવામાં આવે છે એવા. भवोच्चतालं=સંસારરૂપ દારૂના પીઠાનો अधितिष्ठति=આશ્રય કરે છે.

**વિકલ્પરૂપ મદ્ય પીવાના પાત્ર વડે જેણે મોહરૂપ મદિરાનું પાન કરેલું છે એવો આ આત્મા જ્યાં ઉંચા હાથ કરીને તાળીઓ આપવાની ચેષ્ટા કરવામાં આવે છે એવા સંસારરૂપ પાનગોષ્ઠી-દારુના પીઠાનો આશ્રય કરે છે.**

વિકલ્પો-પર પદાર્થોને વિશે 'આ સારુ' 'આ ખરાબ' એવા મનના તરંગોરૂપ દારુ પીવાના પાત્રો છે. તે વડે જેણે મોહરૂપી આસવ-માદક રસનું પાન કરેલું છે એવો આત્મા સંસારરૂપ દારુના પીઠાનો આશ્રય કરી વારંવાર મોટા અવાજે હાથની તાળીઓ આપવાની ચેષ્ટા કરે છે. મોહવાળો જીવ દારુ પીધેલાની પેઠે ઉન્મત્ત થઈને ચંચલતા અને વિકલતાની ચેષ્ટા કરે છે. તે પરવસ્તુને પોતાની જાણતો અને પોતાના સ્વરૂપને પરરૂપે જાણતો અકાર્ય કરવામાં નિપુણ ગણી પોતાને પ્રવર્તાવતો પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ થઈને ભમે છે, માટે મોહનો ત્યાગ કરવો એ શ્રેયસ્કર છે.

**निर्मलं स्फटिकस्येव सहजं रूपमात्मनः ।**
**अध्यस्तोपाधिसंबन्धो जडस्तत्र विमुह्यति ॥६॥**

**આત્માનું સહજ-સ્વભાવસિદ્ધ સ્વરૂપ સ્ફટિકના જેવું નિર્મલ છે, તેમાં સ્થાપ્યો છે ઉપાધિનો સંબન્ધ જેણે એવો જડ-મૂર્ખ અવિવેકી ત્યાં મુંઝાય છે, મોહ પામે છે. જેમ સ્ફટિક સ્વભાવે નિર્મલ છે, કાળા અને રાતા ફુલના યોગથી**

---

૧ स्फटिकस्य=સ્ફટિકના. इव=જેવું. निर्मलं=મેલરહિત, સ્વચ્છ. आत्मनः=આત્માનું. सहजं=સ્વભાવ સિદ્ધ रूपं=સ્વરૂપ છે. अध्यस्तोपाधिसंबन्धः=આરોપ્યો છે ઉપાધિનો સંબન્ધ જેણે એવો. जडः=અવિવેકી. तत्र=તેમાં. विमुह्यति=મુંઝાય છે.

કાળું અને રાતું કહેવાય, તેને જે સ્ફટિકસ્વભાવ જાણે તે મૂર્ખ-અવિવેકી છે, તેમ શુદ્ધ આત્મદ્રવ્યને ઉપાધિના સંબન્ધથી એકેન્દ્રિયાદિ ઉપાધિરૂપ જ જાણે તે અવિવેકી સમજવો. ઘણા મોહી જીવો પર વસ્તુમાં આત્મભાવને આરોપી સુખ માને છે તે મિથ્યા સુખ છે.

નિર્દોષ, નિરાવરણ અને ઉપાધિરહિત સ્ફટિકના જેવું, જાણવાના સ્વભાવવાળા આત્મદ્રવ્યનું સ્વાભાવિક શુદ્ધ સ્વરૂપ છે. આથી વાસ્તવિક રીતે આત્મા સ્ફટિકના જેવો નિર્મલ-નિસ્સંગ છે. સંગ્રહનયથી આત્મા પરવસ્તુરૂપ ઉપાધિના સંબન્ધવાળો નથી, પણ પરમ જ્ઞાયક અને ચિદાનન્દસ્વરૂપ છે. પ્રાપ્ત થયેલ કર્મપુદ્‌ગલના સંબન્ધથી એકેન્દ્રિયાદિરૂપ ઉપાધિના સંબન્ધવાળો અનેક પ્રકારનો રોગી અને શોકાતુર અવસ્થાવાળો, અવિવેકી-વસ્તુસ્વરૂપના જ્ઞાન રહિત જીવ તે ઉપાધિભાવમાં મુંઝાય છે, તન્મયતા પામે છે. જેમ કોઈ મૂર્ખ કાળા, લીલા અને પીળા વગેરે પુષ્પના સંયોગથી સ્ફટિકને અભેદ રૂપે કાળા, લીલા અને પીળા વગેરે સ્વભાવવાળું જાણે છે, તેમ વસ્તુસ્વરૂપના જ્ઞાન રહિત જીવ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગના નિમિત્તે બાંધેલા એકેન્દ્રિયાદિ નામકર્મના ઉદયથી પ્રાપ્ત થએલ એકેન્દ્રિયાદિ ભાવને એકેન્દ્રિયાદિરૂપ જ માને છે. 'હું એકેન્દ્રિય, વિકલેન્દ્રિય કે પંચેન્દ્રિય છું' એમ જાણે છે, પરન્તુ પોતાના શુદ્ધ નિર્મલ સચ્ચિદાનન્દ સ્વરૂપને જાણતો નથી-એ અવિવેકનો પરિણામ છે. જેમ રત્નની પરીક્ષા કરનાર ઝવેરી ખાણમાં રહેલા રત્નને મલિન, આવરણવાળા અને માટી સહિત હોવા છતાં રત્નરૂપે જાણે છે તેમ જે તત્ત્વજ્ઞાની છે તે જ્ઞાનાવરણાદિથી

ઢંકાયેલા, તદાકાર રહિત અને જ્ઞાનરૂપ જ્યોતિના પ્રકાશ રહિત હોવા છતાં આત્માને પૂર્ણાનન્દસ્વરૂપ, સ્વાભાવિક, અકૃત્રિમ, આનન્દઘનરૂપ, સર્વજ્ઞ અને સર્વ તત્ત્વના સ્વરૂપથી અભિન્ન છે એમ સમ્યગ્ જ્ઞાનથી નિશ્ચય કરે છે. આથી આત્મા શુદ્ધ જ છે એવી શ્રદ્ધા કરવી. ઉપાધિદોષ હોવા છતાં પણ તેનો આત્માની સાથે અભેદ નહિ હોવાથી અને તે માત્ર સંસર્ગથી ઉત્પન્ન થએલ હોવાથી આત્મા તેથી ભિન્ન જ છે એમ નિર્ધારણ કરવા યોગ્ય છે.

**अनारोपसुखं मोहत्यागादनुभवन्नपि ।**
**आरोपप्रियलोकेषु वक्तुमाश्चर्यवान् भवेत् ॥७॥**

**મોહના ત્યાગ–ક્ષયોપશમથી આરોપ રહિત સ્વભાવનું સુખ યોગી અનુભવતો હોવા છતાં આરોપ-જૂઠું જેને પ્રિય છે એવા લોકને વિશે કહેવાને આશ્ચર્યવાળો થાય છે.**

પોતાના જ્ઞાનરૂપ ગુણના નિર્ધારથી પ્રગટ થતા સહજ સુખને મોહના ક્ષયોપશમથી અનુભવવા છતાં પણ આરોપ–મિથ્યાસુખની કલ્પના જેઓને પ્રિય છે એવા લોકોને વિશે આરોપિત સુખનું વર્ણન કરવાને આશ્ચર્યવંત થાય ? અર્થાત્ ન થાય. જેણે આરોપિત સુખ પ્રાપ્ત કરેલું છે તેને આરોપિત સુખમાં આશ્ચર્ય થાય છે. અથવા સહજ સુખનો અનુભવી કલ્પિત સુખમાં પ્રીતિવાળા લોકોની પાસે

---

૧ मोहत्यागाद्=મોહના ત્યાગ કરવાથી. ક્ષયોપશમથી. अनारोपसुखं=સહજ સુખને. अनुभवन्=અનુભવતો. अपि=પણ. आरोपप्रियलोकेषु આરોપ–અસત્ય છે પ્રિય જેને એવા લોકોમાં. वक्तुं=કહેવાને. आश्चर्यवान्=આશ્ચર્યવાળો. भवेत्=થાય.

આરોપિત સુખ 'સુખ છે' એ કહેવાને આશ્ચર્યવન્ત થાય છે. એટલે તેને સુખરૂપે કહેવાને સમર્થ થતો નથી. કારણ કે તે સુખ નથી અને સુખનું કારણ પણ નથી. ખરી રીતે દુઃખને 'સુખ છે' એમ લોકોને સમજાવવા કહેવું પડે છે, તોપણ સ્વયં તેને આશ્ચર્ય થાય છે કે મેં આ શું કહ્યું? આ સુખ તો નથી જ. પર વસ્તુના સંબંધથી ઉત્પન્ન થએલું સુખ સુખાભાસરૂપ છે અને એ હેતુથી તે નિવારણ કરવા યોગ્ય છે, કારણ કે તેનું કારણ મોહ છે. પૌદ્ગલિક સુખમાં સુખની ભ્રાન્તિ જ અભ્યન્તર મિથ્યાત્વ છે.

**[1]यश्चिद्दर्पणविन्यस्तसमस्ताचारचारुधीः ।**
**क्व नाम स परद्रव्येऽनुपयोगिनि मुह्यति ॥८॥**

**જે જ્ઞાનરૂપ દર્પણને વિશે સ્થાપન કરેલા સમસ્ત જ્ઞાનાદિ પાંચ આચાર વડે સુન્દર બુદ્ધિવાળો છે તે યોગી અનુપયોગી-કામમાં ન આવે એવા પરદ્રવ્યને વિશે ક્યાં મુંઝાય? મોહ પામે?**

આગમને અનુકૂલ આશયવાળો અને સર્વ પદાર્થને જાણનાર જ્ઞાનરૂપી દર્પણને વિશે સ્થાપેલા સમસ્ત જ્ઞાનાદિ આચારો વડે મનોહર બુદ્ધિવાળા યોગી અનુપયોગી-કોઇ પણ કામમાં ન આવે એવા ગ્રહણ કરવાને અયોગ્ય પુદ્ગલાદિ દ્રવ્યમાં ક્યાં મોહ પામે? જે જ્ઞાનાદિ પાંચ આચાર

---

૧ विद्दर्पणविन्यस्तसमस्ताचारचारुधीः=ચિદ્-જ્ઞાનરૂપ દર્પણને વિશે સ્થાપેલા સમસ્ત જ્ઞાનાદિ આચાર વડે સુન્દર બુદ્ધિવાળો. यः= જે છે. सः=તે. अनुपयोगिनि=ઉપયોગ રહિત, કામ ન આવે એવા. परद्रव्ये=પુદ્ગલ દ્રવ્યમાં. क्व=ક્યાં. मुह्यति=મુંઝાય, મોહ પામે.

વડે સંસ્કારને પામેલા ઉપયોગવાળો આત્મા જ્ઞાનરૂપી દર્પણને વિશે સહજ સુખને જોતો પરદ્રવ્યને વિશે કેમ મોહ પામે ? ન જ પામે.

તત્ત્વજ્ઞાન રહિત, અનાદિ મિથ્યાત્વ અને અસંયમવાળા, સ્વરૂપના અનુભવથી શૂન્ય આત્માઓને પરદ્રવ્યને વિશે સુખનો અનુભવ થાય છે, તેમાં જે સુખની ભ્રાન્તિ છે તે મોહ છે. સ્વભાવ ધર્મના નિશ્ચય, જ્ઞાન અને રમણતાના અનુભવરૂપ સુખના આસ્વાદમાં લીન થએલાને મોહ હોતો નથી. માટે આત્મસ્વરૂપની તન્મયતા જ મોહને ત્યાગ કરવાનો ઉપાય છે. એથી અનાદિ કાળની ભ્રાન્તિ છોડીને આત્માનો અનુભવ કરવામાં રસિક થવું. આત્મસ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન, રમણ અને અનુભવ કરવો એ તાત્પર્ય છે. આગમના શ્રવણ અને સત્સંગથી થએલ તત્ત્વરુચિ અને તત્ત્વજ્ઞાનના બળથી સંયોગજન્ય બધું અનિત્ય, અશરણ અને સંસારનું કારણ છે, આત્મા એક છે, અન્ય સર્વ પદાર્થો આત્માથી ભિન્ન છે, પર વસ્તુનો સંબન્ધ એ જ અશુચિ છે. પરભાવને અનુસરવું તે આસ્રવ, સ્વરૂપને અનુસરવું તે સંવર અને ઉદયમાં અમગ્નપણું—ઇત્યાદિ પરિણામ વડે મોહનો ત્યાગ કરવો.

## ૫ ज्ञानाष्टकम्

**मज्जत्यज्ञः किलाज्ञाने विष्टायामिव शूकरः ।**
**ज्ञानी निमज्जति ज्ञाने मराल इव मानसे ॥१॥**

---

१ अज्ञः=અજ્ઞાની. किल=ખરેખર. अज्ञाने=અજ્ઞાનમાં निमज्जति=

જેમ ડુક્કર વિષ્ટામાં મગ્ન થાય છે, તેમ અજ્ઞાની ખરેખર અજ્ઞાનમાં મગ્ન થાય છે. જેમ હંસ માન સરોવરમાં નિમગ્ન થાય છે તેમ જ્ઞાની પુરુષ જ્ઞાનમાં નિમગ્ન થાય છે.

મોહનો ત્યાગ જ્ઞાનથી થાય છે માટે ત્યારબાદ જ્ઞાનાષ્ટકનું કથન કરવામાં આવ્યું છે. તેમાં શબ્દરૂપ વ્યવહારથી અવિરૂદ્ધ, સર્વ પદાર્થોને જાણવા રૂપ, સામાન્ય અને વિશેષ રૂપ પદાર્થોમાં વિશેષ ધર્મના બોધરૂપ જ્ઞાન છે. જે વડે વિશેષરૂપે પદાર્થનો બોધ થાય તે જ્ઞાન. ઉત્તરાધ્યયનમાં કહ્યું છે કે-

**एयं पंचविहं नाणं दव्वाण य गुणाण य ।**
**पज्जवाणं च सव्वेसिं नाणं नाणीहिं देसियं ॥**

अध्य० २८ गा० ५

સર્વ દ્રવ્યો, ગુણો અને પર્યાયોનું જ્ઞાન જ્ઞાની પુરુષોએ ઉપદેશ્યું છે અને એ જ્ઞાન પાંચ પ્રકારનું છે.

જ્ઞાન એ આત્માનું વિશેષ-અસાધારણ લક્ષણ છે, તેમાં જ્ઞાન એવા શબ્દરૂપ નામજ્ઞાન, અથવા કોઇનું 'જ્ઞાન' એવું નામ પાડવામાં આવે તે નામજ્ઞાન. સિદ્ધચક્રાદિને વિશે જ્ઞાનપદની સ્થાપના તે સ્થાપના જ્ઞાન. જ્ઞાનપદને જાણનાર પણ તેને વિશે ઉપયોગ રહિત તે આગમથી દ્રવ્યજ્ઞાન. "ઉપયોગ રહિત અવસ્થા તે દ્રવ્યજ્ઞાન" એમ [1]તત્ત્વાર્થ

---

નિમગ્ન થાય છે. इव=જેમ. विष्टायां=વિષ્ટામાં. शूकरः=ડુક્કર. ज्ञानी=જ્ઞાનવાળો. ज्ञाने=જ્ઞાનમાં. (મગ્ન થાય છે.) इव=જેમ. मानसे=માન સરોવરમાં मरालः=હંસ.

१ "तथा द्रव्यज्ञानमनुपयुक्तताऽवस्था" तत्त्वार्थटीका अ. १ सू. ५.

ટીકામાં કહ્યું છે. તેથી પુસ્તક પત્રાદિમાં રહેલું તે નોઆગમથી દ્રવ્યજ્ઞાન કહેવાય છે. અથવા વાચના, પૃચ્છના, પરાવર્તના અને ધર્મકથાદિ અનુપ્રેક્ષા-મનનરહિત દ્રવ્યજ્ઞાન છે અને ઉપયોગનો પરિણામ એ ભાવજ્ઞાન છે. તે મતિ વગેરે ભેદવાળું અને સ્વપરનો વિવેક કરનાર છે. તેના જ્ઞાન, અવલોકન અને ભાસન વગેરે પર્યાય શબ્દો છે.

તેમાં નૈગમ નય વડે ભાષાદિ સ્કંધોનું જ્ઞાન છે. સંગ્રહ નય વડે અભેદ ઉપચારથી સર્વ જીવોનું જ્ઞાન છે. વ્યવહાર નયથી પુસ્તકાદિનું જ્ઞાન છે. ઋજુસૂત્ર નયવડે તેના પરિણામ અને સંકલ્પરૂપ જ્ઞાન છે. અથવા નૈગમ નય વડે જ્ઞાનના હેતુભૂત વીર્ય, સંગ્રહનયવડે આત્મા, વ્યવહારનય વડે ક્ષયોપશમથી થએલ જ્ઞાનના ભેદો, ઋજુસૂત્રવડે યથાર્થ અને અયથાર્થ સ્વરૂપવાળો ઉભયરૂપ વર્તમાન બોધ, શબ્દ નયવડે સમ્યગ્દર્શનપૂર્વક યથાર્થ અવબોધરૂપ, કાર્ય-કારણની અપેક્ષાવાળું સ્વપરપ્રકાશરૂપ સ્યાદ્‌વાદયુક્ત, અર્પિત-અપેક્ષા અને અનર્પિત (ભિન્ન અપેક્ષા) વગેરે સહિત સમ્યગ્જ્ઞાન, સમભિરૂઢનયવડે સકલ જ્ઞાનના વાચક પર્યાય શબ્દોની ભિન્ન ભિન્ન અર્થમાં શક્તિની પ્રવૃત્તિરૂપ અને એવંભૂતનયવડે મત્યાદિ જ્ઞાનના સ્વસ્વરૂપની પૂર્ણતા. વાસ્તવિક રીતે કેવલજ્ઞાન એ એવંભૂત નયથી જ્ઞાન કહેવાય છે. તેમાં મિથ્યાદર્શનમાં વિપર્યાસ સહિત જ્ઞાન છે અને તે મોહત્યાગનું કારણ નથી. એથી સમ્યગ્દર્શનપૂર્વક સ્વસ્વરૂપની ઉપાદેયતા અને પરભાવની હેયતાના ઉપયોગરૂપ સમ્યગ્જ્ઞાન અહીં ગ્રહણ કરેલું છે અને તે જ સંસાર ઉપરની ઉદાસીનતાનું કારણ છે. એ સંબન્ધે કહ્યું છે કે—

"तज्ज्ञानमेव न भवति यस्मिन्नुदिते विभाति रागगणः।
तमसः कुतोऽस्ति शक्तिर्दिनकरकिरणाग्रतः स्थातुम्"॥

તે જ્ઞાન જ નથી કે જેનો ઉદય થતાં રાગદ્વેષાદિ રહે, કારણ કે સૂર્યના કિરણોની પાસે રહેવાની અંધકારની શક્તિ ક્યાંથી હોય?

એ માટે તત્ત્વના અવબોધરૂપ જ્ઞાન આત્માના સ્વ સ્વભાવના આવિર્ભાવનું કારણ અને મોક્ષમાર્ગનું મૂળ છે. 'ज्ञानक्रियाभ्यां मोक्षः' "જ્ઞાન અને ક્રિયા વડે મોક્ષ થાય છે" "पढमं नाणं तओ दया, एवं चिट्ठइ सव्वसंजए"। [1] 'પ્રથમ જ્ઞાન અને પછી દયા' એ પ્રમાણે જ્ઞાનપૂર્વક દયાનો સ્વીકાર કરીને સર્વ પ્રકારના સંયમી રહે છે. અહીં અનુપ્રેક્ષા-મનનસહિત સ્પર્શજ્ઞાનનો અવસર છે, માટે તેની વ્યાખ્યા કરે છે—

સ્વભાવ અને વિભાવનો વિવેક નહિ કરનારો અજ્ઞાની અજ્ઞાન-અયથાર્થ ઉપયોગમાં મગ્ન થાય છે. એટલે જે યથાર્થ બોધ રહિત છે તે અજ્ઞાનમાં લીન થાય છે. જેમ ભુંડ સારૂં ભક્ષ્ય છોડી વિષ્ટામાં મગ્ન થાય છે તેમ અજ્ઞાની નહિ ભોગવવા યોગ્ય, આત્મગુણોના આવરણનું કારણ પરવસ્તુમાં, સાતાદિના વિપાકરૂપ ઇન્દ્રિયના વિષયમાં મગ્ન થાય છે. જે જ્ઞાની છે, યથાર્થ બોધવાળા છે, તે તત્ત્વના અવબોધરૂપ આત્મસ્વરૂપમાં મગ્ન થાય છે, તન્મય થાય છે. આત્મસ્વરૂપના અવબોધ અને અનુભવમાં લીન થએલા યોગી ઇન્દ્રાદિને વિસ્મય પમાડનારા મનોજ્ઞ શબ્દાદિ વિષયોને તૃણતુલ્ય ગણે છે, પોતાના સ્વરૂપમાં રમણ

૧ દશવૈકાલિક અ. ૪ ગા. ૧૦

કરે છે, ભયંકર ગ્રીષ્મઋતુના તાપથી સંતપ્ત શિલા ઉપર રહ્યા હોય તો પણ શીતલતાનો અનુભવ કરે છે, અત્યંત ઠંડીમાં પણ કંપાયમાન થતા નથી, આત્મતત્ત્વોનું ધ્યાન કરે છે, જગતને ક્ષોભ પમાડનારા ઉત્પાતો વડે પણ ક્ષોભ પામતા નથી, ઇન્દ્રની સ્પર્ધા કરે તેવા ચક્રવર્તીના વૈભવોનો ત્યાગ કરે છે. વધારે શું કહેવું? આત્માનન્દના અનુભવમાં રસિક પુરૂષોને બીજું બધું દોષયુક્ત ભાસે છે. યથાર્થ, સંપૂર્ણ અને પ્રત્યક્ષ આત્માને વિશે રસિક મહાત્માઓ પરિષહો સહન કરે છે, શ્રેણિનો પ્રારંભ કરે છે, સ્વરૂપની તન્મયતારૂપ ધ્યાન કરે છે. માટે જ્ઞાનનો આસ્વાદ લેનારા સત્પુરુષો જ ધન્યવાદને પાત્ર છે. સંવેગરંગશાલામાં કહ્યું છે કે—

"ते धन्ना सुकयत्था जेसिं नियतत्तबोहरुई जाया।
जे तत्तबोहभोई ते पुज्जा सव्वभव्वाणं ॥
जेसिं निम्मलनाणं जायं तत्तसहावभोगित्तं।
ते परमा तत्तसुही तेसिं नामं पि सुहयरं" ॥

"તેઓ ધન્ય અને કૃતાર્થ છે કે જેઓને આત્મતત્ત્વના બોધની રુચિ થએલી છે. જેઓ તત્ત્વબોધના ભોગી છે તેઓ સર્વ ભવ્ય જીવોને પૂજવા યોગ્ય છે.

જેઓમાં નિર્મલ જ્ઞાન અને તત્ત્વ સ્વભાવનું ભોક્તાપણું છે, તેઓ તાત્ત્વિક રીતે પરમ સુખી છે અને તેનું નામ પણ કલ્યાણ કરનારું છે."

જેઓ આત્મ તત્ત્વબોધની રુચિવાળા છે તેઓનો જન્મ

અને જીવિત સફલ છે, એથી જ જેમ હંસ માન સરોવરમાં મગ્ન રહે છે તેમ જ્ઞાની પુરુષ જ્ઞાનને વિશે મગ્ન રહે છે.

**निर्वाणपदमप्येकं भाव्यते यन्मुहुर्मुहुः ।**
**तदेव ज्ञानमुत्कृष्टं निर्बन्धो नास्ति भूयसा ॥२॥**

એક પણ મોક્ષના સાધનભૂત પદ-વચનની જે વારંવાર ભાવના કરાય, એથી આગમ અને શ્રુતયુક્તિથી મનનું વારંવાર સ્મરણરૂપ નિદિધ્યાસન બતાવ્યું, તે જ જ્ઞાન ઉત્કૃષ્ટ છે. કારણ કે તેથી તત્ત્વજ્ઞાન ઉપજે છે. સામાયિક પદ માત્રની ભાવનાથી અનન્ત સિદ્ધો થએલા શાસ્ત્રમાં સાંભળીએ છીએ. ઘણું ભણવાનો આગ્રહ નથી. ભાવનાજ્ઞાન થોડું હોય તો પણ ઘણું છે અને તે વિના ઘણું જ્ઞાન તે શુકપાઠરૂપ છે.

સમસ્ત કર્મના ક્ષયને નિર્વાણ અથવા મોક્ષ કહેવાય છે. તેના સાધનભૂત એક પણ સ્યાદ્વાદસાપેક્ષ પદની વારંવાર આત્માના તન્મયપણાથી જે ભાવના કરાય, એટલે વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા(મનન), ધર્મચિન્તન, પરિશીલન, નિદિધ્યાસન રૂપે કરવું, કર્તાપણું, કાર્યપણું, કારણપણું, આધારપણું, આસ્વાદ, વિશ્રામ અને સ્વરૂપમાં એકતા કરાય તે જ જ્ઞાન ઉત્કૃષ્ટ છે. જેથી આત્મા સ્વરૂપમાં લીન થાય છે. અનાદિ કાળથી નહિ અનુભવેલા આત્મસુખને અનુભવે છે. તેવા એક પદનો પણ અભ્યાસ, તેની વારંવાર

---

૧ एकं=એક. अपि=પણ. निर्वाणपदं=મોક્ષનું સાધન પદ. मुहुर्मुहुः=વારંવાર. भाव्यते=વિચારાય છે. तदेव=તે જ. ज्ञानं=જ્ઞાન. उत्कृष्टं=શ્રેષ્ઠ છે. भूयसा=ઘણા જ્ઞાન વડે निर्बन्धः=આગ્રહ. नास्ति=નથી.

ભાવના કરવી તે બસ છે, બાકીના વાણીના વિસ્તાર રૂપ ઘણા જ્ઞાનનો શો આગ્રહ છે? ઘણા બકવાદ કરવા રૂપ જ્ઞાનનું શું પ્રયોજન છે? ભાવના જ્ઞાન થોડું હોય તો પણ અમૃત સમાન છે અને તે અનાદિ કાળના કર્મરોગને દૂર કરવાને સમર્થ છે.

**[1]स्वभावलाभसंस्कार[2]कारणं ज्ञानमिष्यते।**
**ध्यान्ध्यमात्रमतस्त्वन्यत् तथा चोक्तं महात्मना॥३॥**

આત્મસ્વભાવની પ્રાપ્તિના સંસ્કાર-વાસનાનું કારણભૂત જ્ઞાન ઇચ્છીએ છીએ; એટલે થોડાં ઘણાં વીતરાગ વચનથી વિચારણા થતાં વીતરાગનું સ્મરણ થવાથી આત્મામાં તદ્રૂપતાનું કારણ જ્ઞાન ઇચ્છવા યોગ્ય છે. એ સિવાય બીજું જે અધિક ભણવું તે બુદ્ધિનું અન્ધપણું છે. તેજ પ્રમાણે મહાત્માએ (પતંજલિ ઋષિએ) કહ્યું છે. અહીં પતંજલિ ઋષિને પ્રથમ યોગની દૃષ્ટિથી મહાત્મા કહેલ છે.

જ્ઞાનાદિ અનન્તગુણ-પર્યાય રૂપ આત્મસ્વભાવની પ્રાપ્તિનો સંસ્કાર-વાસનાના પ્રગટ થવાથી તેનું સ્મરણ-હમેશાં તેના ઉપયોગ રૂપ જ્ઞાન તે અહીં ઇચ્છવા યોગ્ય છે, કારણકે તેથી તત્ત્વની પ્રાપ્તિ થાય છે.

તે સિવાયનું બીજું બધું વાણીના વિલાસરૂપ, સ્વસ્વ-

---

૧ स्वभावलाभसंस्कारकारणं=સ્વભાવની પ્રાપ્તિના સંસ્કારનું કારણ. ज्ञानं=જ્ઞાન. इष्यते=ઇચ્છાય છે. अतः=એથી. तु=વળી. अन्यत्=બીજું. ध्यान्ध्यमात्रं=માત્ર બુદ્ધિનું આંધળાપણું. तथा=તે પ્રમાણે. महात्मना=મહાપુરુષે. उक्तं=કહ્યું છે.

૨ -स्मरणं पाठान्तरम् ।

રૂપને સ્પર્શ નહિ કરનારું લૌકિક અને લોકોત્તર શાસ્ત્રના વિકલ્પ રૂપ બાહ્ય જ્ઞાન છે તે બુદ્ધિનુ અન્ધપણું છે, ચિત્તના વ્યાક્ષેપરૂપ છે. જે જ્ઞાન સ્વપરનો વિવેક, આત્મામાં એકતા–તન્મયતા અને પરવસ્તુના ત્યાગ માટે થતું નથી તે બધું અરણ્યરુદન સમાન છે. હરિભદ્રાચાર્યે કહ્યું છે કેઃ–"अकुत्था-संयतं वाणं सुअपाठु व्व विन्नेयं।" અસંયમની જુગુપ્સા રહિત જ્ઞાન શુકપાઠના જેવું જાણવું. અનુયોગદ્વારમાં કહ્યું છે કે–

**"सिक्खियं ठियं जियं मियं जाव गुरुवायणोवगयं वायणाए पुच्छणाए परिअट्टणाए धम्मकहाए नो अणुप्पेहाए ता दव्वसुयं।"**

"જે પુરુષમાં શિખવાયેલું, સ્થિર કરેલું, વારંવાર યાદ કરેલું, અને ગુરુની વાચનાદ્વારા પ્રાપ્ત થએલું શ્રુતજ્ઞાન હોય અને તે વાચના, પૃચ્છના, પરાવર્તના અને ધર્મકથા કરતો હોય તો પણ જો અનુપ્રેક્ષા–મનન રૂપ ઉપયોગમાં ન હોય તો તે દ્રવ્યશ્રુત છે."

એમ જેણે ચેતનાનો ક્ષયોપશમ પ્રાપ્ત કર્યો છે એવા આત્માને આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ–એ ચાર સંજ્ઞાઓમાં આ લોકની ઇચ્છાથી કે પરલોકની ઇચ્છાથી જ્ઞાન, ઇચ્છા પ્રવૃત્તિ વગેરે શું શું થતું નથી? પરન્તુ જે સકલ પુદ્ગલોથી ઉદ્વિગ્ન થયેલો છે અને સ્વસ્વરૂપ પ્રાપ્ત કરવાનો અભિલાષી છે તે યથાર્થ સ્વરૂપે આત્માને જાણે છે તે જ જ્ઞાન છે. માટે સ્વસાધ્યની સિદ્ધિ માટે આત્મજ્ઞાન મેળવવા ઉદ્યમ કરવા યોગ્ય છે. કહ્યું છે કેઃ—

"आत्माज्ञानभवं दुःखं आत्मज्ञानेन हन्यते।
अभ्यस्यं तत् तथा तेन येनात्मा ज्ञानमयो भवेत् ॥"

[1]આત્માના અજ્ઞાનથી થએલું દુઃખ આત્માના જ્ઞાનથી નાશ પામે છે. તેથી આત્મજ્ઞાનનો તેવા પ્રકારે અભ્યાસ કરવા યોગ્ય છે કે જેથી આત્મા જ્ઞાનમય થાય.

स्वल्पज्ञानेन नो शान्तिं याति दृप्तात्मनां मनः।
स्तोकवृष्ट्या यथा तप्तभूमिरूष्मायतेतराम् ॥"

[2]જ્ઞાનના લેશમાત્રથી ગર્વિષ્ઠ થયેલા આત્માઓનું મન શાન્ત થતું નથી. કેમકે થોડી વૃષ્ટિથી તપેલી ભૂમિ વધારે ગરમ થાય છે.

આથી અતિચાર અને આશંસા રહિત યથાર્થ આત્મબોધમાં રસિક થવું. તેના માટે જ મુનિઓને અંગ, ઉપાંગ અને યોગોપધાનાદિનો અભ્યાસ કરવાનો કહ્યો છે. અને તે

---

१ आतम अज्ञाने करी, जे भवदुःख लहिये।
आतमज्ञाने ते टळे, एम मन सद्दहिये। आतमतत्त्व विचारिए ॥

य० सिमंधरजिनस्तवन।

२ अज्ञः सुखमाराध्यः सुखतरमाराध्यते विशेषज्ञः।
ज्ञानलवदुर्विदग्धं ब्रह्माऽपि तं नरं न रञ्जयति ॥

भर्तृहरि.

અજ્ઞાનીને સહેલાઈથી સમજાવી શકાય, વિશેષ જ્ઞાનીને ઘણી સહેલાઈથી સમજાવી શકાય, પણ જ્ઞાનના લેશમાત્ર વડે પંડિતાઈના અભિમાનવાળાને બ્રહ્મા પણ સમજાવી શકતો નથી.

પ્રમાણે મહાત્મા પતંજલિ વગેરેએ તથા યશસ્વી અને સૂક્ષ્મબુદ્ધિવાળા હરિભદ્રસૂરિએ યોગદૃષ્ટિસમુચ્ચયમાં કહ્યું છે–

**वादांश्च प्रतिवादांश्च वदन्तोऽनिश्चितांस्तथा।**
**तत्त्वान्तं नैव गच्छन्ति तिलपीलकवद् गतौ ॥४॥**

અનિશ્ચિત-અનિર્ધારિત અર્થવાળા વાદ-પૂર્વપક્ષ અને પ્રતિવાદ-ઉત્તરપક્ષને કહેતાં તે પ્રમાણે ૭ માસ સુધી કંઠશોષ કરે, પણ ગમન કરવામાં ઘાંચીના બળદની પેઠે તત્ત્વનો પાર પામે નહિ.

**पढे पार कहां पावतो, मिटी न मनकी आस ।**
**ज्यूं कोल्हूके बयलको, घरही कोस पंचास ॥**

બીજાનો પરાજય અને પોતાનો જય મેળવવાની ઇચ્છાથી પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષ રૂપ, જેમાં વસ્તુના સ્વરૂપનો નિર્ણય થતો નથી એવા વિવાદ અને શુષ્કવાદાદિ કરતાં વસ્તુધર્મરૂપ તત્ત્વનો પાર પામતા નથી. એટલે અત્યન્ત અને સ્વાભાવિક આત્મજ્ઞાનના અનુભવ રૂપ ફળને મેળવી શકતા નથી. જેમ ગમન કરવા છતાં ઘાણીની આસપાસ ફરતો ઘાંચીનો બળદ એક સ્થાનેથી બીજા સ્થાને પહોંચતો નથી, તેમ તત્ત્વજ્ઞાનની ઇચ્છા સિવાય અનેક શાસ્ત્રના અભ્યાસનો પરિશ્રમ કરવા છતાં પણ તત્ત્વાનુભવને પ્રાપ્ત કરતો નથી. તેથી યથાર્થ તત્ત્વજ્ઞાનની રુચિવાળા થવું.

---

૧ अनिश्चितान्=તત્ત્વના નિર્ણય વિનાના. वादान्=પૂર્વપક્ષને. च= અને. प्रतिवादान्=ઉત્તરપક્ષને. तथा=તે પ્રમાણે. वदन्तः=કહેનારા. गतौ= ગમન કરવામાં. तिलपिलकवद्=ઘાંચીના બળદની પેઠે. तत्त्वान्तं=તત્ત્વના પારને. नैव गच्छन्ति=પામતા નથી જ.

**स्वद्रव्यगुणपर्यायचर्या वर्या पराऽन्यथा ।**
**इति दत्तात्मसंतुष्टिर्मुष्टिज्ञानस्थितिर्मुनेः ॥५॥**

પોતાના શુદ્ધ આત્મદ્રવ્યમાં, પોતાના શુદ્ધ જ્ઞાન, દર્શન અને ચારિત્રાદિ ગુણમાં અને પોતાના શુદ્ધ [2]અર્થ અને વ્યંજન પર્યાયમાં ચર્યા–પરિણતિ શ્રેષ્ઠ છે, અને પરદ્રવ્ય, ગુણ અને પર્યાયમાં ગ્રહણ અને ઉત્પત્તિરૂપ પરિણતિ અન્યથા–શ્રેષ્ઠ નથી. એ પ્રમાણે જેણે આત્માને સંતોષ આપ્યો છે એવી મુષ્ટિજ્ઞાનની–સંક્ષેપથી રહસ્યજ્ઞાનની સ્થિતિ–મર્યાદા મુનિને હોય છે. એ સંબન્ધે કહ્યું છે કેઃ– "आत्मैव दर्शन-ज्ञान-चारित्राण्यथवा यतेः ।" ઇત્યાદિ. અથવા મુનિને દર્શન, જ્ઞાન અને ચારિત્ર આત્મા જ છે.

જ્ઞાનાદિ ગુણના આશ્રય રૂપ શુદ્ધ આત્માને વિશે, એક દ્રવ્યમાં રહેલા સહભાવી અનન્ત પર્યાય વડે સહિત જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ સ્વગુણમાં અને દ્રવ્ય અને ગુણ ઉભયના આશ્રયે રહેલા અર્થ અને વ્યંજનાદિ ભેદવાળા સ્વપર્યાયને વિશે ચર્યા–તન્મયતાની પરિણતિ તે શ્રેષ્ઠ છે. કારણ કે સ્વદ્રવ્ય–ગુણ–પર્યાયમાં પરિણતિ તે આત્માને હિતકારક છે. એ સંબન્ધે કહ્યું છે કેઃ–

---

૧ स्वद्रव्यगुणपर्यायचर्या=પોતાના દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં ચર્યા–પરિણતિ. वर्या=શ્રેષ્ઠ. परा=અન્ય પરિણતિ. अन्यथा=અન્ય પ્રકારે. इति=એમ. मुनेः=મુનિની. दत्तात्मसंतुष्टिः=આપ્યો છે આત્માને સંતોષ જેણે એવી. मुष्टिज्ञानस्थितिः=સંક્ષેપમાં રહસ્યજ્ઞાનની મર્યાદા. (છે.)

૨ વર્તમાન કાળના પર્યાય તે અર્થપર્યાય અને ત્રૈકાલિક પર્યાય તે વ્યંજન પર્યાય. જેમકે માટી તે વ્યંજનપર્યાય અને ઘટ તે અર્થપર્યાય.

**आया सहावनाणी भोई रमई वि वत्थुधम्मंमि।**
**सो उत्तमो महप्पा अवरे भवसूयरा जीवा ॥**

જે આત્મા સ્વભાવનો જ્ઞાની, સ્વભાવનો ભોક્તા અને વસ્તુધર્મમાં રમણ કરે છે તે ઉત્તમ મહાત્મા છે અને બીજા જીવો સંસારરૂપ કાદવમાં રમણ કરનારા ડુક્કર સમાન છે.

પરદ્રવ્ય–ગુણ–પર્યાયનું સ્મરણ અને અનુભવ રૂપ પરિણામ અકર્તવ્ય અને અહિતકારક છે. કારણ કે પરભાવને વિશે પરિણમન એ જ ભવભ્રમણનું કારણ છે. એ સંબન્ધે કહ્યું છે કેઃ—

**"परसंगेण बंधो मुक्खो परभावचायणे होइ।**
**सव्वदोसाण मूलं परभावाणुभवपरिणामो ॥"**

"પરભાવના સંગથી બંધ થાય છે અને પરભાવના ત્યાગથી મોક્ષ થાય છે. પરભાવના અનુભવનો પરિણામ સર્વ દોષોનું મૂળ છે."

એથી જ દેશવિરતિવાળા શ્રાવકો અને સર્વવિરતિવાળા સાધુ પરિગ્રહાદિનું પ્રત્યાખ્યાન કરે છે, સ્વજન–પરિજનનો ત્યાગ કરે છે, એકાકી વિહારને અંગીકાર કરે છે. આત્માની સત્તાની કથા સાંભળે છે, આત્માના અનન્ત ધર્મોનો વિચાર કરે છે, આત્માના ગુણ–પર્યાયના પરિણામનું ધ્યાન કરે છે, આત્માના અનુભવ વડે આત્મસ્વરૂપમાં મગ્ન થાય છે અને સર્વ પરભાવોના અનુમોદનનો ત્યાગ કરે છે. એ પ્રમાણે ત્રણે કાળે વિષય સંગ રહિત તત્ત્વજ્ઞાની મુનિની આત્માને સંતોષ આપનાર મુષ્ટિજ્ઞાનની–સંક્ષિપ્ત રહસ્ય

જ્ઞાનની મર્યાદા છે. આત્માનું ગ્રહણ અને પરભાવનો ત્યાગ એ નિર્ગ્રન્થના જ્ઞાનની મર્યાદા છે.

**अस्ति चेद् ग्रन्थिभिज्ज्ञानं किं चित्रैस्तन्त्रयन्त्रणैः ।**
**प्रदीपाः क्वोपयुज्यन्ते तमोघ्नी दृष्टिरेव चेत् ॥६॥**

**જો ગ્રન્થિના ભેદથી ઉત્પન્ન થએલું જ્ઞાન છે, (અહીં કારણમાં કાર્યનો ઉપચાર છે.) વિષયપ્રતિભાસ ફલ રહિત આત્મપરિણતિવાળું જ્ઞાન છે તો વિવિધ પ્રકારના શાસ્ત્રોના બંધનનું શું કામ છે? કારણ કે એજ અભ્યાસના પરિપાકથી તત્ત્વસંવેદન થાય ત્યારે ભાવચારિત્ર પરિણમે. અહીં દૃષ્ટાન્ત-અંધકારને નાશ કરનારી દૃષ્ટિ જ છે તો દીવાઓ ક્યાં ઉપયોગી થાય?**

જો ગ્રન્થિભેદથી ઉત્પન્ન થએલું વિષયપ્રતિભાસ રહિત, કેવળ વેદ્ય એવા આત્મધર્મના સંવેદનરૂપ જ્ઞાન હોય તો અનેક પ્રકારના પરસાધન રૂપ શાસ્ત્રના બન્ધનનું શું કામ છે? કંઇ પણ નથી. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર રૂપ ભાવપરિણતિવાળાને પરની અપેક્ષાનું શું પ્રયોજન છે? જો દૃષ્ટિ જ અંધકારનો નાશ કરનારી છે તો દીવાનો ક્યાં ઉપયોગ કરવો? દૃષ્ટિ સર્વ પદાર્થનું અવલોકન કરવામાં સમર્થ છે તો જોવામાં સાધનભૂત દીવાનું શું કામ છે?

અહીં ગ્રન્થિભેદનું સ્વરૂપ બતાવે છે-પંચેન્દ્રિયપણું,

---

૧ चेद्=જો. ग्रन्थिभिज्ज्ञानं=ગ્રન્થિભેદથી થએલું જ્ઞાન. अस्ति=છે. (તો) चित्रैः=અનેક પ્રકારના. तन्त्रयन्त्रणैः किम्=શાસ્ત્રના બન્ધનોનું શું કામ છે? चेद्=જો. तमोघ्नी=અંધકારને હણનારી. दृष्टिः=ચક્ષુ. एव=જ. (છે તો) प्रदीपाः=દીવાઓ. क्व=ક્યાં. उपयुज्यन्ते=ઉપયોગી થાય.

સંજ્ઞિપણું અને [1]પર્યાપ્તપણારૂપ ત્રણ લબ્ધિઓ વડે સહિત અથવા ઉપશમલબ્ધિ, ઉપદેશશ્રવણલબ્ધિ અને ત્રણ કરણના હેતુભૂત ઉત્કૃષ્ટ યોગલબ્ધિ—એ ત્રણ લબ્ધિવાળો આત્મા યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ પહેલા પણ અન્તર્મુહૂર્ત સુધી પ્રતિસમય અનન્તગુણ વૃદ્ધિ વડે વિશુદ્ધ થતા ચિત્તના પરિણામવાળો હોય છે. તે ગ્રન્થિને પ્રાપ્ત થયેલા અભવ્ય જીવોની વિશુદ્ધિ કરતાં વિશુદ્ધ છે. ત્યાર બાદ તેથી અનન્તગુણ વિશુદ્ધિવાળો થઈ મતિ, શ્રુત અને વિભંગ જ્ઞાનમાંથી કોઈ પણ સાકાર ઉપયોગમાં વર્તતો, ત્રણ વિશુદ્ધ લેશ્યામાંની કોઇ પણ એક લેશ્યાના પરિણામવાળો, જઘન્યથી તેજોલેશ્યાના, મધ્યમપણે પદ્મલેશ્યાના અને ઉત્કૃષ્ટપણે શુક્લલેશ્યાના પરિણામવાળો પૂર્વે આયુષ સિવાયના સાત કર્મની સ્થિતિને [2]અન્તઃકોટાકોટી સાગરોપમ

---

૧ આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન એ છ પર્યાપ્તિઓ છે. તેમાં જે જીવે પોતાના ભવને યોગ્ય જેટલી પર્યાપ્તિઓ છે તેટલી પૂરી કરી લીધી છે તે પર્યાપ્ત કહેવાય છે, બાકીના અપર્યાપ્ત કહેવાય છે.

૨ જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય અને અન્તરાય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીશ કોટાકોટી સાગરોપમ પ્રમાણ છે, મોહનીયકર્મની સિત્તેર કોટાકોટી સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે, નામ અને ગોત્ર કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ વીશ કોટાકોટી સાગરોપમ પ્રમાણ છે, અને આયુષ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીશ સાગરોપમની છે. તેમાં આયુષ સિવાયનાં બાકીનાં સાત કર્મની સ્થિતિનો ક્ષય કરી પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન એક કોટાકોટી સાગરોપમ પ્રમાણ સ્થિતિ બાકી રાખે તે અન્તઃકોટાકોટી સાગરોપમ પ્રમાણ સ્થિતિ કહેવાય છે.

પ્રમાણ કરે છે, અને તેમ કરીને અશુભ કર્મના ચાર સ્થાનકવાળા અનુભાગ-રસને બેસ્થાનકવાળો કરે છે અને શુભ કર્મના બે સ્થાનકવાળા રસને ચાર સ્થાનકવાળો કરે છે. તથા સુડતાળીશ [1]ધ્રુવબંધી પ્રકૃતિને બાંધતો આયુષ સિવાય પોતપોતાના ભવને યોગ્ય [2]પરાવર્તમાન શુભ પ્રકૃતિઓનો જ બન્ધ કરે છે કારણ કે અત્યન્ત વિશુદ્ધ પરિણામવાળો આયુષનો બન્ધ કરતો નથી. માટે 'આયુષ સિવાય' કહ્યું છે. જો તિર્યંચ અને મનુષ્ય હોય તો પ્રથમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં દેવગતિને યોગ્ય શુભ પ્રકૃતિઓ જ બાંધે છે. જો દેવ અને નારક હોય તો પ્રથમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં મનુષ્યગતિને યોગ્ય શુભ પ્રકૃતિઓ બાંધે છે. સાતમી નરક પૃથિવીનો નારક હોય તો તિર્યંચગતિ યોગ્ય તિર્યંચદ્વિક અને નીચગોત્રનો બંધ કરે છે. વળી જે પ્રકૃતિઓનો બન્ધ કરે છે તેની અન્તઃકોટાકોટી સાગરોપમ પ્રમાણ સ્થિતિ બાંધે છે, અધિક બાંધતો નથી. યોગને લીધે ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય પ્રદેશબન્ધ કરે છે એટલે ઉત્કૃષ્ટ યોગમાં વર્તતો ઉત્કૃષ્ટ, મધ્યમ યોગમાં વર્તતો મધ્યમ અને જઘન્ય યોગે

---

૧ બન્ધહેતુઓના સદ્ભાવમાં જેનો અવશ્ય બન્ધ થાય છે તે ધ્રુવબન્ધિની પ્રકૃતિ કહેવાય છે, પાંચ જ્ઞાનાવરણ, નવ દર્શનાવરણ, મિથ્યાત્વ, સોળ કષાય, ભય, જુગુપ્સા, તૈજસ નામ, કાર્મણ નામ, વર્ણ, ગન્ધ, રસ, સ્પર્શ, અગુરુલઘુ, ઉપઘાત, નિર્માણ અને પાંચ અન્તરાય-એ સુડતાળીશ ધ્રુવબન્ધિની પ્રકૃતિઓ છે.

૨ બન્ધ અને ઉદયમાં પરસ્પર વિરુદ્ધ પ્રકૃતિઓ પરાવર્તમાન કહેવાય છે. જેમકે મનુષ્યગતિ, દેવગતિ, તિર્યંચગતિ અને નરકગતિનામ, એ બન્ધમાં અને ઉદયમાં પરાવર્તમાન પ્રકૃતિ છે.

વર્તતો જઘન્ય પ્રદેશબન્ધ કરે છે. સ્થિતિબન્ધ પૂર્ણ થાય એટલે પૂર્વના સ્થિતિબન્ધની અપેક્ષાએ પલ્યોપમના સંખ્યાતમા ભાગે ન્યૂન અન્ય સ્થિતિબન્ધ કરે છે, તે સ્થિતિબન્ધ પૂર્ણ થાય એટલે પૂર્વના સ્થિતિબન્ધથી પલ્યોપમના સંખ્યાતમા ભાગે ન્યૂન અન્ય સ્થિતિબન્ધ કરે છે. એ પ્રમાણે પૂર્વ પૂર્વના સ્થિતિબન્ધની અપેક્ષાએ પલ્યોપમના સંખ્યાતમા ભાગે ન્યૂન અન્ય અન્ય સ્થિતિબન્ધ કરે છે. અશુભ પ્રકૃતિઓ બંધાતી હોય તો તેનો બે ઠાણીઓ રસ બાંધે છે અને તે પણ પ્રતિસમય અનન્તગુણ હીન બાંધે છે. શુભ પ્રકૃતિઓનો ચોઠાણીઓ રસ બાંધે છે અને તેને પ્રતિસમય અનન્તગુણ વૃદ્ધિવાળો કરે છે. એ પ્રમાણે યથાપ્રવૃત્તકરણ કરે છે. ત્યારબાદ અપૂર્વકરણ અને તે પછી અનિવૃત્તિકરણ કરે છે. કરણ એ અમુક પ્રકારનો વિશુદ્ધ પરિણામ છે. એ ત્રણે કરણો પૈકી પ્રત્યેક કરણનો કાળ અન્તર્મુહૂર્ત પ્રમાણ છે. અને બધાં કરણોનો કાળ પણ અન્તર્મુહૂર્ત છે, ત્યાર પછી ચોથો ઉપશાન્તનો (ઉપશમનો) કાળ છે. તેનો પણ કાળ અન્તર્મુહૂર્તનો છે. એ સંબન્ધે કર્મપ્રકૃતિમાં કહ્યું છે:—

**अणुसमयं वड्ढंतो अज्झवसाणाण णंतगुणणाए।**
**परिणामट्ठाणाणं दोसु वि लोगा असंखिज्जा॥**

कर्मप्रकृति उपशमना गा० ९

પ્રતિસમય અનન્તગુણ વિશુદ્ધિવડે વિશુદ્ધ અધ્યવસાયો કરણની સમાપ્તિ થાય ત્યાં સુધી વધે છે. યથાપ્રવૃત્ત અને

અપૂર્વ એ બન્ને કરણના અધ્યવસાયો પ્રતિસમય અસં-ખ્યાતા લોકાકાશપ્રદેશપ્રમાણ હોય છે. તે આ પ્રમાણે–યથાપ્રવૃત્ત કરણના પ્રથમ સમયે વિશુદ્ધિ સ્થાનકો જુદા જુદા જીવોની અપેક્ષાએ અસંખ્યાતા લોકાકાશપ્રદેશપ્રમાણ હોય છે. તેથી બીજા સમયે વિશેષાધિક હોય છે. તેથી ત્રીજા સમયે વિશેષાધિક હોય છે. એમ છેલ્લા સમય સુધી કહેવું. એ પ્રમાણે અપૂર્વકરણમાં પણ જાણવું. આ યથા-પ્રવૃત્ત અને અપૂર્વકરણના અધ્યવસાયસ્થાનકો કલ્પના વડે સ્થાપન કરીએ તો વિષમ ચતુષ્કોણ ક્ષેત્રને રોકે છે. તે અધ્યવસાયો ઉપર ઉપર અનન્તગુણ વૃદ્ધિથી વધે છે અને તીરછા છ સ્થાનકને પ્રાપ્ત થાય છે. ત્યારબાદ અનિવૃત્તિ-કરણના અધ્યવસાયસ્થાનકો મોતીની માળાની જેમ ઉપર ઉપર અનંતગુણ વૃદ્ધિથી પ્રવર્તે છે. યથાપ્રવૃત્તકરણમાં આ પ્રમાણે ક્રમથી વિશુદ્ધિની વૃદ્ધિ થાય છે–જેમકે બે પુરુષો એક સાથે યથાપ્રવૃત્તકરણને પ્રાપ્ત થએલા છે. તેમાં એક સૌથી જઘન્ય વિશુદ્ધિને પ્રાપ્ત થયેલો છે અને અન્ય સૌથી ઉત્કૃષ્ટ વિશુદ્ધિને પ્રાપ્ત થએલો છે. પ્રથમ જીવને પ્રથમ સમયે જઘન્ય મન્દ વિશુદ્ધિસ્થાનક છે. તેને બીજા સમયે જઘન્ય વિશુદ્ધિ અનન્તગુણ છે. તેથી પણ ત્રીજા સમયે જઘન્ય વિશુદ્ધિ અનન્તગુણ છે. એ પ્રમાણે યથાપ્રવૃત્ત કરણના સંખ્યાતમા ભાગ સુધી જાણવું. ત્યારબાદ બીજા જીવની પ્રથમ સમયે ઉત્કૃષ્ટ વિશુદ્ધિ તેથી અનન્તગુણ છે. ત્યાર પછી જે જઘન્ય સ્થાનથી નિવૃત્ત થએલ છે તેના ઉપરના સમયે જઘન્ય વિશુદ્ધિ અનન્તગુણ છે. ત્યાર પછી અન્ય જીવની બીજા સમયે ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનન્તગુણ છે. ત્યારબાદ તેના

ઉપરની જઘન્ય વિશુદ્ધિ અનન્તગુણ છે. ત્યારબાદ ઉપર અને નીચે એક એક વિશુદ્ધિસ્થાન અનતગુણ બન્ને જીવનું ત્યાં સુધી જાણવું યાવત્ છેલ્લા સમયે જઘન્ય વિશુદ્ધિસ્થાનક આવે. ત્યારબાદ બાકીનાં ઉત્કૃષ્ટ વિશુદ્ધિસ્થાનકો છેલ્લા સમય સુધી અનુક્રમે નિરંતર અનન્તગુણ કહેવાં. એ પ્રમાણે યથાપ્રવૃત્તકરણનું સ્વરૂપ બતાવ્યું. આ યથાપ્રવૃત્તકરણનું 'પૂર્વપ્રવૃત્ત' એવું બીજું નામ છે. કારણ કે બીજા અપૂર્વકરણાદિની પહેલાં પ્રવૃત્ત થએલું હોય છે.

આ યથાપ્રવૃત્ત કરણમાં સ્થિતિઘાત, રસઘાત કે ગુણશ્રેણિ હોતી નથી, કેવળ પૂર્વોક્ત સ્વરૂપવાળી વિશુદ્ધિ જ અનન્તગુણ હોય છે. આ કરણમાં રહેલો જે અશુભ કર્મ બાંધે છે તેનો દ્વિસ્થાનક રસ બાંધે છે અને જે શુભકર્મ બાંધે છે તેનો ચતુઃસ્થાનક રસ હોય છે. એક સ્થિતિબન્ધ પૂર્ણ થયા પછી અન્ય સ્થિતિબન્ધ કરે છે, તે પૂર્વના સ્થિતિબન્ધ કરતાં પલ્યોપમના સંખ્યાતમા ભાગે ન્યૂન હોય છે.

હવે અપૂર્વકરણનું સ્વરૂપ બતાવે છેઃ—"बीयस्स बीयसमये जहण्णमवि अणंतरुक्कस्सा" "બીજા અપૂર્વકરણના બીજા સમયે જઘન્ય વિશુદ્ધિસ્થાનક પણ અનન્તર–પ્રથમ સમયના ઉત્કૃષ્ટ વિશુદ્ધિસ્થાનકથી અનન્તગુણ કહેવું". તાત્પર્ય એ છે કે યથાપ્રવૃત્તકરણની પેઠે પ્રથમથી જ જઘન્ય વિશુદ્ધિસ્થાનકો નિરન્તર અનન્તગુણ ન કહેવાં, પરન્તુ અપૂર્વકરણના પ્રથમ સમયે જઘન્ય વિશુદ્ધિ સૌથી થોડી હોય છે. તે પણ યથાપ્રવૃત્તકરણના છેલ્લા સમયના ઉત્કૃષ્ટ વિશુદ્ધિસ્થાનકથી અનન્તગુણ હોય છે. તેથી પ્રથમ સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ

અનન્તગુણ છે. તેથી બીજા સમયની જઘન્ય વિશુદ્ધિ અનન્તગુણ છે. ત્યારબાદ તેજ બીજા સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનન્તગુણ છે. એ પ્રમાણે પ્રતિસમય છેલ્લા સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ સુધી કહેવું. અપૂર્વ એવા કરણ–સ્થિતિઘાતાદિ જેને વિશે છે તે અપૂર્વકરણ. તે આ પ્રમાણે–અપૂર્વકરણમાં પ્રવેશ કરતો પ્રથમ સમયે જ સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ અને અન્ય સ્થિતિબન્ધનો એક સાથે આરંભ કરે છે. તેમાં સત્તાગત કર્મની સ્થિતિના અગ્રભાગથી ઉત્કૃષ્ટ સાગરોપમપૃથક્ત્વ–ઘણા સેંકડો સાગરોપમ પ્રમાણ અને જઘન્યથી પલ્યોપમના સંખ્યાતમા ભાગપ્રમાણ સ્થિતિખંડને ઉખેડે છે. ઉખેડીને નીચે જે સ્થિતિને ખંડન કરવાની નથી તેમાં પ્રતિસમય તે કર્મદલિકને નાંખે છે. અન્તર્મુહૂર્ત કાલમાં તે સ્થિતિખંડ સંપૂર્ણ ખાલી કરી નાંખે છે. એ પ્રમાણે બીજો, ત્રીજો એમ હજારો સ્થિતિખંડોનો ઘાત કરે છે. આથી અપૂર્વકરણના પ્રથમ સમયે જે સત્તાગત સ્થિતિ હતી તેનાથી તેના છેલ્લા સમયે સંખ્યાતગુણ હીન સ્થિતિ રહે છે.

રસઘાત–અશુભ પ્રકૃતિઓનો સત્તાગત જે રસ છે તેનો અનન્તમો ભાગ છોડીને બાકીના અનન્ત અનુભાગના અંશેનો નાશ કરે છે. ત્યારબાદ બાકી રહેલા રસનો અનન્તમો ભાગ છોડીને બાકીના અનુભાગનો નાશ કરે છે. એ પ્રમાણે હજારો અનુભાગખંડોનો એક સ્થિતિખંડમાં નાશ થાય છે અને એવા હજારો સ્થિતિખંડો વડે બીજું અપૂર્વકરણ સમાપ્ત થાય છે. અન્યસ્થિતિબન્ધ–સ્થિતિબંધનો કાળ અપૂર્વકરણના પ્રથમ સમયે અન્ય–અપૂર્વ

પલ્યોપમના સંખ્યાતમા ભાગ હીન સ્થિતિનો બન્ધ કરે છે. સ્થિતિઘાત અને સ્થિતિબંધનો એક સાથે આરંભ અને સમાપ્તિ પણ એક સાથે જ થાય છે. ગુણશ્રેણિનું સ્વરૂપ આ પ્રમાણે છે—

**गुणसेढी निक्खेवो समये समये असंखगुणणाए।**
**अद्धादुगाइरित्तो सेसे सेसे य निक्खेवो ॥**

कर्मप्रकृति उप० गा० १५

ગુણશ્રેણિ–ઘાત કરવા યોગ્ય સ્થિતિખંડના મધ્યમાંથી દલિક લઈને ઉદયસમયથી આરંભી પ્રતિસમય અસંખ્યાતગુણ અસંખ્યાતગુણ નાંખે છે. ઉદય સમયમાં થોડાં નાંખે છે, બીજા સમયમાં અસંખ્યાતગુણા, ત્રીજા સમયમાં અસંખ્યાતગુણા એમ અન્તર્મુહૂર્ત સુધીના સમયોમાં નાંખે છે. આ પ્રથમ સમયે ગ્રહણ કરેલા કર્મદલને નાંખવાનો પ્રકાર છે. એ પ્રમાણે બીજા ત્રીજા ઇત્યાદિ સમયે ગ્રહણ કરેલા કર્મદલિકને નાંખવાનો પ્રકાર જાણવો. એટલે પ્રથમ સમયે થોડા, બીજા સમયે અસંખ્યાતગુણા, ત્રીજા સમયે અસંખ્યાતગુણા–એમ ગુણશ્રેણિના છેલ્લા સમય સુધી જાણવું. કર્મપુદ્ગલની રચના કરવા રૂપ ગુણશ્રેણિનો કાળ અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ એ બન્ને કરણના કાળથી વિશેષ અધિક છે. પ્રથમ સમયે જેટલો ગુણશ્રેણિનો કાળ છે તેને સમયે સમયે વેદવાથી ઓછો થાય છે, તેથી કર્મપુદ્ગલોની રચના બાકી રહેલા સમયોમાં થાય છે, પણ ગુણશ્રેણિની ઉપરના સમયોમાં થતી નથી. એમ અપૂર્વકરણનું સ્વરૂપ કહ્યું.

અનિવૃત્તિકરણના પ્રથમ સમયે જે જીવો અતીત કાળે હતા, અત્યારે છે અને ભવિષ્ય કાળમાં હશે તે બધાની વિશુદ્ધિ સમાન–એક જ પ્રકારની હોય છે. બીજા સમયે પણ જે જીવો અતીતકાળે હતા, વર્તમાનકાળે હોય છે અને ભવિષ્યકાળે હશે તે બધા જીવોની વિશુદ્ધિ એકસરખી હોય છે. એ પ્રમાણે અનિવૃત્તિકરણના બધા સમયોમાં જાણવું, પરન્તુ પૂર્વના સમય કરતા પછીના સમયે અનન્તગુણ અધિક વિશુદ્ધિ હોય છે. એ પ્રમાણે છેલ્લા સમય સુધી સમજવું. આ કરણમાં એક સાથે પ્રવેશ કરેલા જીવોના અધ્યવસાયોમાં પરસ્પર નિવૃત્તિ–ભિન્નતા હોતી નથી તેથી તે અનિવૃત્તિકરણ કહેવાય છે. અનિવૃત્તિકરણના જેટલા સમયો છે તેટલા જ અધ્યવસાયસ્થાનકો હોય છે અને પૂર્વ પૂર્વના અધ્યવસાયથી પછીના અધ્યવસાય અનન્તગુણ વિશુદ્ધ હોય છે. અનિવૃત્તિકરણના સંખ્યાતા ભાગો ગયા પછી અને એક સંખ્યાતમો ભાગ બાકી હોય છે ત્યારે ઉદયસમયથી અન્તર્મુહૂર્ત માત્ર નીચે છોડીને મિથ્યાત્વનું અન્તરકરણ કરે છે, અન્તરકરણનો કાળ અન્તર્મુહૂર્ત પ્રમાણ છે, અન્તરકરણ કરતો ગુણશ્રેણિનો સંખ્યાતમો ભાગ અન્તરકરણના દલિકની સાથે ઉકેરે છે, ઉકેરીને તે કર્મદલિક પ્રથમ સ્થિતિ અને બીજી સ્થિતિમાં નાંખે છે. એમ [1]ઉદીરણા અને આગાલના બળથી

---

[1] પ્રથમ સ્થિતિમાંથી દલિક ગ્રહણ કરીને ઉદયસમયમાં નાખે છે તે ઉદીરણા અને અન્તરકરણની નીચેની બીજી સ્થિતિમાંથી કર્મદલિક લઈને ઉદય સમયમાં નાંખે છે તે આગાલ કહેવાય છે. એ પ્રમાણે ઉદય અને ઉદીરણા વડે મિથ્યાત્વની પ્રથમ સ્થિતિ અનુભવતા જ્યારે બે આવલિકા બાકી રહે છે ત્યારે આગાલની નિવૃત્તિ થાય

મિથ્યાત્વનો ઉદય નિવારીને જીવ ઔપશમિક સમ્યક્ત્વ પામે છે. એ સંબન્ધે કહ્યું છે કેઃ—

**मिच्छत्तुदए खीणे लहइ सम्मत्तमोवसमियं सो।**
**लंभेण जस्स लब्भइ आयहियं अलद्धपुव्वं जं॥**

જ્યારે મિથ્યાત્વનો ઉદય ક્ષીણ થાય છે ત્યારે જીવ ઔપશમિક સમ્યક્ત્વ પામે છે. જેની પ્રાપ્તિથી પૂર્વે નહિ પ્રાપ્ત થએલ આત્માને હિતકારી અર્હત્પ્રણીત તત્ત્વની શ્રદ્ધા વગેરે થાય છે. જેમ જન્માન્ધ પુરુષને ચક્ષુની પ્રાપ્તિ થતાં અને મહાવ્યાધિથી પીડિત થએલા મનુષ્યને વ્યાધિ દૂર થતાં મહાન્ આનન્દ થાય છે, તેમ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થવાથી યથાવસ્થિત તત્ત્વનો પ્રકાશ અને તાત્ત્વિક આનન્દ થાય છે. અહીં સિદ્ધાન્તના મતે[1] અપૂર્વકરણ

---

છે, પણ ઉદીરણા હોય છે અને એક આવલિકા બાકી રહે છે ત્યારે ઉદીરણા પણ નિવૃત્ત થાય છે. ત્યારબાદ કેવલ ઉદય વડે આવલિકા પૂરી થયા પછી મિથ્યાત્વનો ઉદય નિવૃત્ત થાય છે અને ઔપશમિક સમ્યક્ત્વ પામે છે.

૧ સિદ્ધાન્તનો મત આ પ્રમાણે છે—અનાદિ મિથ્યાદષ્ટિ તથાવિધ સામગ્રીના યોગે અપૂર્વકરણ વડે ત્રણ પુંજ કરીને શુદ્ધ પુદ્ગલોને વેદતો ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા સિવાય પ્રથમ જ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. અને બીજો કોઈ જીવ યથાપ્રવૃત્તિ વગેરે ત્રણ કરણના ક્રમથી અન્તરકરણ કરીને ઔપશમિક સમ્યક્ત્વ પામે છે, પરંતુ ત્રણ પુંજ કરતો નથી. ત્યારબાદ ઔપશમિક સમ્યક્ત્વથી પડી અવશ્ય મિથ્યાત્વ ગુણસ્થાનકે જાય છે.

કર્મગ્રન્થનો મત આ પ્રમાણે છે—અથાય મિથ્યાદષ્ટિ પ્રથમ

વડે ત્રણ પુંજ કરીને સમ્યકત્વ પુંજ વેદતો પ્રથમ ક્ષયોપશમ સમ્યક્ત્વ પામે છે અને કર્મગ્રન્થના મતે ત્રણ કરણ કરીને પ્રથમ ઉપશમ સમ્યકત્વ પામે છે અને ત્રણ પુંજ કરે છે. માટે ગ્રન્થિભેદથી ઉત્પન્ન થએલું જ્ઞાન તત્ત્વોપયોગી છે, અને તેને અન્ય વિકલ્પોની આવશ્યક્તા નથી.

**मिथ्यात्वशैलपक्षच्छिद् ज्ञानदम्भोलिशोभितः।**
**निर्भयः शक्रवद् योगी नन्दत्यानन्दनन्दने ॥७॥**

**મિથ્યાત્વરૂપ પર્વતની પાંખને છેદનાર અને જ્ઞાનરૂપ વજ્રવડે શોભાયમાન શક્રની જેમ નિર્ભય યોગી આનન્દરૂપ નન્દનવનને વિશે ક્રીડા કરે છે-સુખને અનુભવે છે.**

મોક્ષના કારણભૂત જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ યોગવાળા યોગી શક્ર-ઇન્દ્રની પેઠે આત્માના સહજ આનન્દરૂપ નન્દન વનને વિશે ક્રીડા કરે છે, જેમ ઇન્દ્ર વજ્રવડે પર્વતની પાંખ કાપનાર કહેવાય છે તેમ યોગી જ્ઞાન રૂપ વજ્રવડે મિથ્યાત્વ રૂપ પર્વતની પાંખો કાપી નાંખે છે. એથી

---

સમ્યકત્વ પામવાના સમયે યથાપ્રવૃત્ત્યાદિ ત્રણ કરણપૂર્વક અન્તરકરણ કરીને ઔપશમિક સમ્યકત્વ પામે છે અને ત્રણ પુંજ પણ અવશ્ય કરે છે. ઔપશમિક સમ્યકત્વથી પડી શુદ્ધ પુંજનો ઉદય થવાથી ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ થાય છે, મિશ્રપુંજનો ઉદય થાય તો મિશ્રદૃષ્ટિ અને અશુદ્ધપુંજનો ઉદય થાય તો મિથ્યાદૃષ્ટિ થાય છે.

૧ मिथ्यात्वशैलपक्षछिद्=મિથ્યાત્વરૂપ પર્વતની પાંખને છેદનાર. ज्ञानदम्भोलिशोभितः=જ્ઞાનરૂપ વજ્રથી શોભિત. निर्भयः=ભયરહિત योगी=યોગવાળો. शक्रवत्=ઇન્દ્રની પેઠે. आनन्दनन्दने=આનન્દરૂપ નન્દનવનમાં नन्दति=સુખ અનુભવે છે.

એમ જણાવ્યું કે મિથ્યાત્વને ભેદનાર જ્ઞાનરૂપ વજ્રવડે સહિત સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની પરિણતિવાળા નિર્ગ્રંથ યોગી શુદ્ધાત્માના આનન્દરૂપ નન્દનવનમાં ક્રીડા કરે છે.

**[1]पीयूषमसमुद्रोत्थं रसायनमनौषधम् ।**
**अनन्यापेक्षमैश्वर्यं ज्ञानमाहुर्मनीषिणः ॥८॥**

**જ્ઞાન સમુદ્રથી નહિ ઉત્પન્ન થએલું અમૃત, જરા અને મરણને હરનાર રસાયન, પણ ઔષધરહિત; બીજું રસાયન ઔષધજનિત હોય છે. જ્યાં અન્ય હાથી ઘોડા પ્રમુખની અપેક્ષા નથી એવું ઐશ્વર્ય-ઠાકરપણું, બીજું (ઐશ્વર્ય) અન્ય સાપેક્ષ હોય છે. એમ મોટા પંડિતો (જ્ઞાની પુરુષો) કહે છે.**

અમૃત સમુદ્રમાંથી ઉત્પન્ન થએલું છે એ લોકોક્તિ છે પણ જ્ઞાન સમુદ્રથી નહિ ઉત્પન્ન થએલું અમૃત છે. જરા અને મરણનો નાશ કરનાર રસાયન કહેવાય છે રસાયન ઔષધજનિત છે અને જ્ઞાન એ ઔષધ સિવાય જરા અને મરણાદિનો નાશ કરનાર છે. હાથી, ઘોડા વગેરે બાહ્ય વસ્તુ સાપેક્ષ ઐશ્વર્ય છે અને જ્ઞાન પર વસ્તુની અપેક્ષા રહિત ઐશ્વર્યરૂપ છે. 'आश्चर्यम्' એવો પાઠ પણ છે, તેથી આશ્ચર્યકારી-ચમત્કારી સ્વ-પરવસ્તુ પ્રગટ કરનાર જ્ઞાન છે એમ પંડિતો કહે છે.

---

૧ ज्ञानं=જ્ઞાનને असमुद्रोत्थं=સમુદ્રથી નહિ ઉત્પન્ન થએલું. पीयूषं=અમૃત. अनौषधं=ઔષધ વિનાનું. रसायनम्=જરા અને મરણનો નાશ કરનાર. अनन्यापेक्षं=બીજાની અપેક્ષા વિનાનું. ऐश्वर्यं=પ્રભુત્વ. मनीषिणः=પંડિતો. आहुः=કહે છે.

આથી વાસ્તવિક રીતે મરણનું નિવારણ કરનાર અને સર્વ રોગની મુક્તિનું કારણ રસાયન જ્ઞાન છે અને તાત્ત્વિક દૃષ્ટિથી જોતાં અનુભવ વડે ચમત્કારી જ્ઞાન જ છે. તેથી યથાર્થ બોધસ્વરૂપ અને પરભાવના ત્યાગરૂપ લક્ષણવાળું આત્મજ્ઞાન પરમ ઉપાદેય છે. અનાદિ પરભાવની પરિણતિવાળા, મિથ્યાત્વ, અજ્ઞાન અને અસંયમમાં મૂઢ થએલા જીવની, પરભાવથી ઉત્પન્ન થએલી, આત્મસ્વરૂપનો રોધ કરનારી પરિણતિને તત્ત્વરૂપે અંગીકાર કરતો પરભાવમાં મોહિત થએલો જીવ સૂક્ષ્મનિગોદાદિ ચૌદ જીવસ્થાનકોમાં ભમે છે અને તત્ત્વજ્ઞાનરૂપ અમૃતના પરિણામવાળો આત્મા મિથ્યાત્વાદિ દોષોને દૂર કરીને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની સ્થિતિને પ્રાપ્ત થઇ સ્વરૂપના અનુભવજન્ય આનન્દયુક્ત અને સર્વ દોષથી રહિત થાય છે. એથી જ્ઞાન એ અમૃત, અને રસાયનરૂપ છે, અને તેથી તેને માટે જ ઉદ્યમ કરવો જોઇએ એમ જણાવ્યું.

## ६ शमाष्टकम् ।

**विकल्पविषयोत्तीर्णः स्वभावालम्बनः सदा।**
**ज्ञानस्य परिपाको यः स शमः परिकीर्तितः ॥१॥**

ચિત્તના વિભ્રમરૂપ વિકલ્પના વિષયથી નિવૃત્ત થએલ અને નિરન્તર આત્માના શુદ્ધ સ્વરૂપનું આલંબન જેને

---

૧ विकल्पविषयोत्तीर्णः=વિકલ્પના વિષયથી નિવૃત્ત થયેલ. सदा=નિરન્તર. स्वभावालम्बनः=આત્માના શુદ્ધ સ્વભાવનું આલંબન જેને છે એવો. ज्ञानस्य=જ્ઞાનનો. यः=જે. परिपाकः=પરિણામ. सः=તે. शमः=સમભાવ. परिकीर्तितः=કહેલો છે.

છે એવો જ્ઞાનનો પરિપાક-શુદ્ધ પરિણામ તે શમ કહેવાય છે. એથી જ અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિ-ક્ષય એ પાંચ પ્રકારના યોગમાં સમતા નામે ચોથો યોગનો ભેદ કહ્યો છે.

પાંચમા જ્ઞાનાષ્ટકના કથન પછી છઠ્ઠા શમાષ્ટકનો પ્રારંભ કરાય છે. જ્ઞાની જ્ઞાનવડે ક્રોધાદિથી ઉપશાન્ત થાય છે, એથી ત્યારબાદ શમાષ્ટક કહેવામાં આવ્યું છે. આત્માની કષાયાદિના ક્ષયોપશમાદિથી ઉત્પન્ન થએલી પરિણતિ સ્વભાવપરિણામ રૂપે પરિણમે છે, પણ ક્રોધાદિરૂપ સંતમસભાવે પરિણમતી નથી તે શમ કહેવાય છે. તેમાં નામ અને સ્થાપના નિક્ષેપ સુગમ છે. એટલે કોઇનું શમ એવું નામ પાડવામાં આવે તે નામ શમ. શમવાળા મુનિની પ્રતિકૃતિ-ચિત્ર, મૂર્તિ વગેરે તે સ્થાપના શમ. અસમાધિનો પરિણામ હોવા છતાં પ્રવૃત્તિનો સંકોચ કરવો તે દ્રવ્યશમ. શમના સ્વરૂપને જાણતો હોવા છતાં પણ તેમાં ઉપયોગરહિત તે આગમથી દ્રવ્યશમ. માયા વડે લબ્ધિની સિદ્ધિ વગેરે માટે કે દેવગત્યાદિ માટે [1]ઉપકાર, અપકાર કે વિપાક ક્ષમાદિથી ક્રોધનો ઉપશમ એ પણ દ્રવ્ય-

---

૧ ઉપકારી, અપકારી, વિપાક, વચન અને ધર્મોત્તર-એ પાંચ પ્રકારની ક્ષમા છે. 'આ મારો ઉપકારી છે, તો તેના દુર્વચનાદિ સહન કરવા યોગ્ય છે' એમ સમજી ઉપકારીને વિશે ક્ષમા રાખવી તે ઉપ-કારીક્ષમા. 'હું તેના દુર્વચનાદિ નહિ સહન કરું તો તે મારો અપકાર કરશે' એ ભાવનાથી અપકારીને વિશે ક્ષમાનો પરિણામ તે અપકારી ક્ષમા. નરકાદિ દુર્ગતિમાં કર્મના ફળનો અનુભવ કરવો પડશે-એવા વિચારથી દુઃખથી બીરુ હોવાને લીધે ક્ષમાનો પરિણામ થવો તે વિપાકક્ષમા. 'ક્રોધ ન કરવો' ઇત્યાદિ આગમને અવલંબીને ક્ષમાનો

શમ કહેવાય છે. તે ઉપશમના સ્વરૂપમાં જે ઉપયોગનો પરિણામ તે આગમથી ભાવશમ કહેવાય છે. મિથ્યાત્વનો ત્યાગ કરીને યથાર્થજ્ઞાનપૂર્વક ચારિત્રમોહનીયના ઉદયનો અભાવ હોવાથી ક્ષમાદિ ગુણનો પરિણામ તે નોઆગમથી ભાવશમ છે. શમ લૌકિક અને લોકોત્તર એમ બે પ્રકારે છે. લૌકિક શમ વેદાન્તાદિ દર્શનવાળાને હોય છે અને જૈન પ્રવચનને અનુસારે આત્માનાં શુદ્ધ સ્વરૂપને વિશે રમણ કરવું તે લોકોત્તર શમ. પ્રથમના નૈગમ, સંગ્રહ, વ્યવહાર અને ઋજુસૂત્ર એ ચાર નયની અપેક્ષાએ ભાવક્ષમાદિ સ્વરૂપ ગુણના પરિણમનનું કારણ મન વચન કાયાનો સંકોચ, વિપાકનું ચિન્તન અને તત્ત્વજ્ઞાનની ભાવના વગેરે શમ કહેવાય છે. છેલ્લા ત્રણ નયની અપેક્ષાએ કષાયના ક્ષયોપશમાદિથી થએલ ક્ષમાદિનો પરિણામ. તેમાં શબ્દનયની અપેક્ષાથી ક્ષપકશ્રેણિના મધ્યવર્તીને, સમભિરૂઢનયની અપેક્ષાએ સૂક્ષ્મ કષાયના ઉદયવાળા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકવાળાને અને એવંભૂતનયની અપેક્ષાએ ક્ષીણમોહાદિને શમ હોય છે. અહીં તાત્પર્ય એ છે કે ચિન્તા, સ્મૃતિ, વિપાક અને ભયાદિના કારણથી કે અન્ય કોઈ ક્ષયોપશમભાવાદિના સાધનથી ક્ષાયિક શમ સાધ્ય છે. એ પ્રમાણે શમની પરિણતિ કર્તવ્ય છે. કારણ કે એ આત્માનો મૂળ સ્વભાવ છે અને મૂળ ધર્મનું પરિણમન હિતાવહ છે. તે જ કારણથી

---

પરિણામ તે વચનક્ષમા. શરીરનો છેદ દાહ વગેરે થાય તો પણ બીજાનો ઉપકાર કરનાર સહજ ભાવે થએલો ક્ષમાનો પરિણામ તે ધર્મોત્તરક્ષમા કહેવાય છે. જુઓ દશમ ષોડશક ગા. ૧૦

શુદ્ધ આત્મપદની પ્રવૃત્તિ થાય છે. માટે સંગનો ત્યાગ, આત્મધ્યાન અને સંવરમાં તત્પરતા કરવા યોગ્ય છે.

વિકલ્પ—ચિત્તના વિભ્રમરૂપ શુભાશુભ સંકલ્પોના વિસ્તારથી નિવૃત્ત થએલ એટલે આત્મસ્વરૂપના અનુભવથી વર્ણાદિરૂપ પૌદ્ગલિક વિષયથી વિરામ પામેલ, અનન્તગુણ અને પર્યાયયુક્ત, સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્ર સ્વરૂપ આત્માનો શુદ્ધ સ્વભાવ જેનું આલંબન છે એવો ઉપયોગલક્ષણ જ્ઞાનનો પરિપાક—પ્રૌઢ અવસ્થા તે શમ કહેવાય છે, એથી આત્માના સ્વભાવને જોનાર, આત્માના સ્વભાવને જાણનાર, આત્મસ્વભાવમાં જ રમણ કરનાર, આત્મસ્વભાવમાં વિશ્રાન્તિ—સ્થિરતા કરનાર, આત્મસ્વભાવનો આસ્વાદ—અનુભવ કરનાર અને શુદ્ધતત્ત્વની પરિણતિયુક્ત આત્માના ઉપયોગરૂપ જ્ઞાનનો પરિણામ શમ છે એ જણાવ્યું. અહીં શ્રીહરિભદ્રાચાર્યે યોગના પાંચ પ્રકાર કહ્યા છે–૧ [1]અધ્યાત્મયોગ, ૨ ભાવનાયોગ, ૩ ધ્યાનયોગ, ૪ સમતાયોગ અને ૫ વૃત્તિ-

---

૧ ઉચિત પ્રવૃત્તિવાળા વ્રતધારીનું મૈત્રી વગેરે ભાવસહિત શાસ્ત્રથી જીવાદિ તત્ત્વનું ચિન્તન તે ૧ અધ્યાત્મયોગ. અધ્યાત્મનોજ પ્રતિદિવસ વૃદ્ધિ પામતો ચિત્તવૃત્તિના નિરોધ સહિત અભ્યાસ તે ૨ ભાવનાયોગ. પ્રશસ્ત એક પદાર્થના વિષયવાળું સ્થિર દીવાના સમાન, ઉત્પાત વગેરે સંબન્ધી સૂક્ષ્મ ઉપયોગ સહિત ચિત્ત તે ૩ ધ્યાનયોગ. અજ્ઞાનથી કલ્પેલા ઇષ્ટપણા અને અનિષ્ટપણાની કલ્પનાનો ત્યાગ કરીને શુભ અને અશુભ વિષયોનો સમાનપણે વિચાર કરવો તે સમતાયોગ. મનદ્વારા વિકલ્પરૂપ અને શરીરદ્વારા પરિસ્પન્દ—ચલન ક્રિયારૂપ અન્ય વસ્તુની સંયોગાત્મક વૃત્તિઓને ફરીથી નહિ થવા વડે નિરોધ કરવો તે વૃત્તિસંક્ષયયોગ. જુઓ યોગવિંશિકા ટીકા. ગા. ૩

ક્ષયયોગ. તેમાં જે અનાદિ પરભાવને ઔદયિક ભાવની રમણતારૂપે નિર્ધારી તેની પુષ્ટિનિમિત્તે ક્રિયા કરતો, અધર્મને ધર્મની વૃત્તિથી ઇચ્છતો પ્રવૃત્ત થએલો છે, તે જ આત્મા જ્યારે, નિરામય, નિઃસંગ અને શુદ્ધ આત્મભાવના વડે વાસિત અન્તઃકરણવાળો થઇને 'સ્વભાવ એ જ ધર્મ છે' એવા પ્રકારની યોગવૃત્તિથી પ્રવૃત્ત થાય છે ત્યારે તે અધ્યાત્મયોગી કહેવાય છે. સર્વ પરભાવોને અનિત્યાદિ ભાવના વડે જાણીને અનુભવ ભાવનાથી સ્વરૂપને અભિમુખ યોગવૃત્તિમાં રહેલો જે આત્માને મોક્ષના ઉપાયમાં જોડે તે ભાવનાયોગી કહેવાય છે. તેજ આત્મા પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત ધ્યાનના પરિણામવાળો સ્વરૂપમાં તન્મય થએલો ધ્યાનયોગી કહેવાય છે. ધ્યાનના બળથી મોહનીયકર્મનો નાશ કરનાર, સંતાપાદિના પરિણામ રહિત સમતાયોગી કહેવાય છે. તથા યોગને અધીન કર્મના ઉદયથી થયેલી અનાદિકાળની જીવની વૃત્તિના અભાવવાળો સ્વરૂપની વૃત્તિયુક્ત વૃત્તિક્ષયયોગી કહેવાય છે. એ પાંચ યોગોમાં સમતાયોગી આત્મસાધના કરવામાં તત્પર હોય છે, માટે જ્ઞાનની પૂર્ણ અવસ્થા શમ કહેવાય છે.

**अनिच्छन् कर्मवैषम्यं ब्रह्मांशेन समं जगत् ।**
**आत्माभेदेन यः पश्येदसौ मोक्षं गमी शमी ॥२॥**

---

૧ कर्मवैषम्यं=કર્મથી કરેલા વિવિધ ભેદને. अनिच्छन्=નહિ ઇચ્છતો. ब्रह्मांशेन=બ્રહ્મના અંશ વડે. समं=એક સ્વરૂપવાળા. जगत्=જગતને. आत्माभेदेन=આત્માથી અભિન્નપણે. यः=જે. पश्येत्=જુએ. असौ=એ. शमी=ઉપશમવાળો. मोक्षं गमी=મોક્ષગામી હોય છે.

કર્મકૃત વર્ણાશ્રમાદિ ભેદને નહિ ઇચ્છતો, દ્રવ્યાસ્તિક નયના મતે બ્રહ્મનાં અંશ-ચૈતન્ય સત્તા વડે સમ-એકરૂપ વાળા ચરાચર જગતને આત્માથી અભિન્નપણે જે જુએ છે એ ઉપશમવાળો યોગી મોક્ષગામી થાય છે.

ભગવદ્દગીતામાં પણ કહ્યું છે કે—

विद्याविनयसंपन्ने ब्राह्मणे गवि हस्तिनि ।
शुनि चैव श्वपाके च पंडिताः समदर्शिनः ॥
इहैव तैर्जितः सर्गो येषां साम्ये स्थितं मनः ।
निर्दोषं हि समं ब्रह्म तस्माद् ब्रह्मणि ते स्थिताः ॥

गीता अ० ५, श्लो० १८–१९

વિદ્યા અને વિનયવાળા બ્રાહ્મણમાં, ગાયમાં, હાથીમાં, કૂતરામાં અને ચંડાળમાં જ્ઞાની પુરૂષો સમદૃષ્ટિવાળા હોય છે.

જેઓનું મન સમભાવમાં રહેલું છે તેઓએ અહીં જ સંસારને જીત્યો છે, કારણ કે બ્રહ્મ નિર્દોષ અને એકસ્વરૂપ છે, તેથી તેઓ બ્રહ્મ-પરમાત્મામાં રહેલા છે.

એટલી વિશેષતા છે કે ત્યાં એકાન્ત અભેદ કહે છે અને અહીં નયના ભેદે નયની વાસના માર્ગાનુસારી છે.

કર્મથી થએલા હીનાધિકપણાના ભેદને નહિ ઇચ્છતો એટલે કર્મના ઉદયથી થએલ ગતિ, જાતિ, વર્ણ, સંસ્થાન, બ્રાહ્મણ, ક્ષત્રિયાદિની વિવિધતાને તથા જ્ઞાન-વીર્યના ક્ષયોપશમરૂપ કાર્યની વિવિધતાને નહિ ઇચ્છતો, ઉદયથી અને આવરણના ક્ષયોપશમથી ભેદ હોવા છતાં પણ ચૈતન્યરૂપ બ્રહ્મના અંશ વડે, અથવા દ્રવ્યાસ્તિક નયથી અસ્તિત્વ,

વસ્તુત્વ, સત્ત્વ, અગુરુ-લઘુત્વ, પ્રમેયત્વ, ચેતનત્વ, અમૂર્તત્વ અને અસંખ્યેયપ્રદેશરૂપ પરિણામ વડે ચરાચર જગતને આત્મતુલ્ય વૃત્તિથી જે જુએ છે, અર્થાત્ સર્વ જીવોમાં સમભાવની દૃષ્ટિથી રાગદ્વેષરહિતપણે વર્તે છે એ યોગી સર્વ કર્મના ક્ષયરૂપ મોક્ષને પ્રાપ્ત થાય છે. જે સર્વ જીવોને વિશે આત્મતુલ્ય વૃત્તિથી રાગદ્વેષની પરિણતિ દૂર કરીને આત્મસ્વભાવને અનુસરે છે એ ઉપશમવાળો યોગી મોક્ષગામી થાય છે.

**आरुरुक्षुर्मुनिर्योगं श्रयेद् बाह्यक्रियामपि ।**
**योगारूढः शमादेव शुध्यत्यन्तर्गतक्रियः ॥२॥**

સમાધિયોગ ઉપર ચઢવાને ઇચ્છતો મુનિ બાહ્ય ક્રિયા-આચારને પણ સેવે છે. એ ભાવસાધક પ્રીતિ, ભક્તિ અને વચનરૂપ શુભ સંકલ્પમય ક્રિયા વડે અશુભ સંકલ્પને દૂર કરતો આરાધક થાય છે. યોગરૂપ ગિરિશિખર ઉપર ચઢેલો પુરુષ અન્તર્ગતક્રિયાવાળો ઉપશમથી જ શુદ્ધ થાય છે. સિદ્ધયોગી તો રાગદ્વેષના અભાવરૂપ ઉપશમથી જ કૃતાર્થ છે. તેને અસંગ ક્રિયા છે તે લક્ષ્યરૂપ છે, પણ આલંબનરૂપ નથી.

મોક્ષના ઉપાયભૂત જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ સમાધિયોગ ઉપર ચઢવાની ઇચ્છાવાળો મુનિ બાહ્ય આચા-

1 मुनिः=સાધુ. योगं=સમાધિ ઉપર. आरुरुक्षुः=ચઢવાને ઇચ્છતો. बाह्यक्रियां=બાહ્ય ક્રિયાને-આચારને. अपि=પણ. श्रयेद्=સેવે, આચરે. योगारूढः=યોગ ઉપર ચઢેલો. अन्तर्गतक्रियः=અભ્યન્તરક્રિયાવાળો. शमाद्=શમથી, સમભાવથી. एव=જ. शुध्यति=શુદ્ધ થાય છે.

રને પણ સેવે છે. એ ભાવના સાધક [1]પ્રીતિ, ભક્તિ અને વચનરૂપ શુભ સંકલ્પમય ક્રિયાવડે અશુભ સંકલ્પનું નિવારણ કરતો આરાધક થાય છે, આત્માના સાધનભૂત રત્નત્રય–સમ્યગ્દર્શન, જ્ઞાન, અને ચારિત્રરૂપ યોગ ઉપર આરૂઢ થએલો અને સહજ વીર્યગુણની પ્રવૃત્તિરૂપ અન્તર્ગત ક્રિયાવાળો સિદ્ધયોગી તો રાગદ્વેષના અભાવથી જ ઉપશમવાળો અને કૃતાર્થ થએલો છે. તેથી તે શમથી જ–રાગદ્વેષના અભાવથી જ નિર્મલ થાય છે. એ પ્રમાણે અભ્યન્તરક્રિયાવાળો, રત્નત્રયની પરિણતિવાળો જ્ઞાનના પરિણામરૂપ શમથી જ ક્ષમા, મૃદુતા, નિર્લોભતાની પરિણતિવાળો થઇને શુદ્ધ થાય છે.

**[2]ધ્યાનવૃષ્ટેર્દયાનદ્યાः शमपूरे प्रसर्पति ।**
**विकारतीरवृक्षाणां मूलादुन्मूलनं भवेत् ॥४॥**

---

૧ પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ–એમ ચાર પ્રકારના અનુષ્ઠાન છે. જે ક્રિયામાં અતિશય પ્રયત્ન અને અભ્યુદયકારક અત્યન્ત પ્રીતિ હોય, તેમ બીજાં બધાં કાર્યનો ત્યાગ કરી યોગ્ય સમયે એક નિષ્ઠાથી કરે તે પ્રીત્યનુષ્ઠાન કહેવાય છે તે જ અનુષ્ઠાન બુદ્ધિશાલી મનુષ્ય બહુ માનપૂર્વક કરે ત્યારે ભક્ત્યનુષ્ઠાન કહેવાય છે. શાસ્ત્ર વચનને અનુસરી ઉચિતપણે ધર્મક્રિયામાં પ્રવૃત્તિ કરે તે વચનાનુષ્ઠાન અને અતિશય અભ્યાસના બળથી ચન્દનના ગન્ધની પેઠે સ્વરૂપભૂત ક્રિયા થાય તે અસંગાનુષ્ઠાન કહેવાય છે.–જુઓ ૧૦ ષોડશક.

૨ ध्यानवृष्टेः=ધ્યાનરૂપ વૃષ્ટિથી. दयानद्याः=દયારૂપ નદીનું. शमपूरे=ઉપશમરૂપ પૂર. प्रसर्पति=વધે છે ત્યારે. विकारतीरवृक्षाणां=વિકારરૂપ કાંઠાના ઝાડોનું. मूलाद्=મૂળથી. उन्मूलनं=ઉખડી જવું. भवेत्=થાય છે.

ધ્યાનરૂપ વૃષ્ટિથી દયારૂપ નદીનું શમરૂપ પૂર વૃદ્ધિ પામે છે ત્યારે વિકાર-ચિત્તના અન્યથા ભાવરૂપ કાંઠાના વૃક્ષોનું મૂળથી જ ઉન્મૂલન થાય છે.

ધ્યાન-ધર્મધ્યાન અને શુકલધ્યાન-એ પ્રશસ્ત ધ્યાન લેવાં. અન્તર્મુહૂર્ત સુધી ચિત્તની એક વિષયમાં સ્થિતિ તે ધ્યાન. કહ્યું છે કે-

**"अंतोमुहुत्तमित्तं चित्तावत्थाणमेगवत्थुम्मि ।**
**छउमत्थाणं झाणं जोगनिरोहो जिणाणं तु" ॥**

ध्यानशतक गा० ३

"અન્તર્મુહૂર્ત સુધી એક વસ્તુમાં ચિત્તનું રહેવું તે ધ્યાન છદ્મસ્થોને હોય છે અને યોગના નિરોધરૂપ ધ્યાન જિન-કેવલજ્ઞાનીને હોય છે."

અહીં ધ્યાનના નિમિત્તરૂપ દેવ, ગુરુ અને ધર્મના સ્વરૂપને વિશે અદ્‌ભુતપણા વગેરે યુક્ત ચિત્તની તન્મયતા તે ધર્મધ્યાન. તેના ચાર પ્રકાર છે-૧ આજ્ઞાવિચય, ૨ અપાયવિચય, ૩ વિપાકવિચય અને ૪ સંસ્થાનવિચય. તેમાં શ્રી જિનની આજ્ઞાનું નિર્ધારણ કરવું તે સમ્યગ્દર્શનરૂપ છે. જિનેન્દ્ર કથિત આજ્ઞાનું અનન્તપણું, પૂર્વાપર અવિરોધીપણું ઇત્યાદિ સ્વરૂપને વિશે ચમત્કારપૂર્વક ચિત્તની સ્થિરતા તે આજ્ઞાવિચય ધર્મધ્યાન. એ પ્રમાણે રાગદ્વેષાદિ અપાયરૂપ છે, કર્મના પરિણામનું ચિન્તન અને લોકના સ્વરૂપની વિચારણા ઇત્યાદિનું નિર્ધારણ, ભાસન અને પૂર્વના અનુભવ સહિત ચિત્તની સ્થિરતા તે અનુક્રમે અપાયવિચય, વિપાકવિચય અને સંસ્થાનવિચય ધર્મધ્યાન છે. એમ શુકલધ્યાનનું

સ્વરૂપ પણ શાસ્ત્રથી સમજી લેવું. સ્વ અને પરના ભાવ પ્રાણને આઘાત નહિ કરવારૂપ ભાવ દયા, અને તેની વૃદ્ધિ અને તેના રક્ષણનું કારણ હોવાથી સ્વ પરના દ્રવ્ય પ્રાણને રક્ષણ કરવારૂપ દ્રવ્ય દયા પણ દયારૂપે આરોપિત છે–એમ [1]વિશેષાવશ્યકભાષ્યમાં ગણધરવાદના અધિકારને વિશે કહ્યું છે. દ્રવ્ય દયા કારણરૂપ છે અને ભાવ દયા દયાધર્મરૂપ છે. એ પ્રમાણે ધ્યાનરૂપ વૃષ્ટિ–વરસાદ થવાથી દયારૂપ નદીનું શમ રૂપ પૂર વૃદ્ધિ પામે છે, સર્વ કષાયના પરિણામની શાન્તિ તે શમ એટલે રાગદ્વેષનો અભાવ તે રૂપ પૂર વધે છે ત્યારે વિકાર–કામક્રોધાદિ અશુદ્ધ આત્માના પરિણામ છે તે રૂપ કાંઠાના ઝાડોનું મૂલથી ઉન્મૂલન થાય છે. એથી ધ્યાન યોગથી દયાનદીનું સમભાવરૂપ પૂર વધે છે, અને તે વધતું જતું પૂર કામક્રોધાદિરૂપ નદીના કીનારાના વૃક્ષોનું ઉચ્છેદન કરે છે–એ બતાવ્યું. આ આત્મા વિષય–કષાયના વિકારથી પીડિત થએલો સ્વગુણને આવરણ કરનારા કર્મના ઉદયથી

---

૧ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિયુક્ત, સર્વથા જીવરક્ષાના પરિણામવાળા જ્ઞાની અહિંસક છે અને તેથી વિપરીત લક્ષણવાળો હિંસક છે, કારણ કે તેના અશુભ પરિણામ છે.

જે અશુભ પરિણામ છે તે નિશ્ચય નયથી હિંસા છે. તે કોઈ વાર બાહ્ય જીવઘાતની અપેક્ષા રાખે છે અથવા રાખતો નથી. કારણ કે બાહ્ય નિમિત્ત અનૈકાન્તિક છે. બાહ્ય જીવઘાત થવા છતાં પણ અહિંસક હોય છે અને બાહ્ય જીવઘાત ન હોવા છતાં પણ હિંસક હોય છે.

અશુભ પરિણામ પૂર્વક જે જીવનો ઘાત થાય છે તે હિંસા છે. જેને અશુભ પરિણામ નિમિત્તરૂપ નથી તેને જીવઘાત થવા છતાં હિંસા નથી. જુઓ વિશેષાવશ્યક ભાષ્ય ગા. ૧૭૬૫–૧૭૬૭

પરિભ્રમણ કરે છે, તે જ આત્મા આત્મસ્વરૂપને ગ્રહણ કરવાથી તત્ત્વની સાથે એકતા થતાં વૃદ્ધિ પામતું શમરૂપ પૂર વિકારોને મૂળથી ઉખેડી નાંખે છે.

**[1]ज्ञानध्यानतपःशील-सम्यक्त्वसहितोऽप्यहो।**
**तं नाप्नोति गुणं साधुर्यमाप्नोति शमान्वितः ॥५॥**

**જ્ઞાન-તત્ત્વનો અવબોધ, ધ્યાન-સજાતીય પરિણામની ધારા, ઈચ્છાના નિરોધ લક્ષણ બાર પ્રકારનો તપ, શીલ-બ્રહ્મચર્ય, સમ્યક્ત્વ-તત્ત્વનું શ્રદ્ધાન, રૂચિ એટલા ગુણો વડે સહિત હોવા છતાં પણ સાધુ તે ગુણને પ્રાપ્ત કરતો નથી કે જે ગુણને શમગુણ વડે અલંકૃત પુરુષ પ્રાપ્ત કરે છે.**

તત્ત્વના અવબોધરૂપ જ્ઞાન, પરિણામની સ્થિરતારૂપ ધ્યાન, ઈચ્છાને રોકવારૂપ તપ, શીલ-બ્રહ્મચર્ય, સમ્યક્ત્વ-તત્ત્વની શ્રદ્ધા-ઈત્યાદિ ગુણ સહિત સમ્યગ્દર્શનાદિ રત્નત્રય વડે મોક્ષને સાધનાર સાધુ પણ જે નિરાવરણ-આવરણ રહિત કેવલજ્ઞાનાદિ ગુણને પ્રાપ્ત કરતો નથી તે ગુણને સમભાવરૂપ ચારિત્રવાળો પ્રાપ્ત કરે છે. અહીં જ્ઞાનાદિ ગુણો આવરણ રહિત નિર્મલ કેવલજ્ઞાનનું પરંપરા કારણ છે અને શમ-કષાયના અભાવરૂપ યથાખ્યાતસંયમ કેવલજ્ઞાનનું નિકટવર્તી કારણ છે. [2]અશ્વકર્ણ, સમીકરણ અને

---

૧ ज्ञानध्यानतपःशीलसम्यक्त्वसहितः=જ્ઞાન, ધ્યાન, તપ, શીલ-બ્રહ્મચર્ય અને સમ્યક્ત્વ સહિત. साधुः=સાધુ. अपि=પણ. अहो=આશ્ચર્ય અર્થમાં વપરાય છે. तं=તે. गुणं=ગુણને. न आप्नोति=પ્રાપ્ત કરતો નથી. यं=જે ગુણને. शमान्वितः=શમયુક્ત સાધુ. प्राप्नोति=પ્રાપ્ત કરે છે.

૨ નવમા અનિવૃત્તિકરણ ગુણસ્થાનકે આત્માની વિશુદ્ધિથી

કિટ્ટીકરણ વીર્ય વડે સૂક્ષ્મ લોભના ખંડ ખંડ કરીને ક્ષય કર્યા પછી નિર્વિકલ્પ સમાધિમાં સમ્યગ્દર્શનાદિ રત્નત્રયના અભેદ પરિણામવાળો ક્ષીણમોહની અવસ્થામાં યથાખ્યાત-ચારિત્રવાળો પરમ શમગુણ વડે સહિત જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અન્તરાય કર્મનો ક્ષય કરે છે અને સંપૂર્ણ નિર્મલ કેવલજ્ઞાન, કેવલદર્શન અને પરમ દાનાદિ લબ્ધિઓને પ્રાપ્ત કરે છે. એ હેતુથી ક્ષાયોપશમિક જ્ઞાની જે ગુણને પ્રાપ્ત કરતો નથી તે ગુણને પરમ શમગુણયુક્ત યોગી પ્રાપ્ત કરે છે. એથી જ દર્શન અને જ્ઞાનને વિશે નિપુણ ધીર પુરુષો પૂર્વોનો અભ્યાસ કરે છે, ગુરુકુલવાસનો આશ્રય કરે છે, નિર્જન વનમાં રહે છે અને તેથી આત્માની વિશુદ્ધિનો અર્થી શમની પૂર્ણતા માટે ઉદ્યમ કરે છે.

**[1]स्वयंभूरमणस्पर्द्धिवर्धिष्णुसमतारसः ।**
**मुनिर्येनोपमीयेत कोऽपि नासौ चराचरे ॥६॥**

---

સંજ્વલન ક્રોધ, માન, માયા અને લોભના પૂર્વ સ્પર્ધકોનો પ્રતિ-સમય અનન્તગુણ હીનરસ કરીને અપૂર્વ સ્પર્ધકો કરે તે અશ્વકર્ણ-કરણ. ત્યારબાદ પૂર્વ અને અપૂર્વ સ્પર્ધકોની કર્મવર્ગણાને લઈ તેને અનન્તગુણ હીનરસવાળાં કરી વર્ગણાઓના ક્રમમાં મોટું અંતર કરવું તે કિટ્ટીકરણ. પછી સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે તેનો સંખ્યાતા ભાગ ગયા બાદ લોભની સ્થિતિ ઘટાડી બાકીના ગુણસ્થાનકના કાળના જેટલી રાખવી તે સમીકરણ.

૧ स्वयंभूरमणस्पर्धि-वर्धिष्णुसमतारसः=સ્વયંભૂરમણ સમુદ્રની સ્પર્ધા કરનાર અને વૃદ્ધિ પામતો સમતારસ જેનો છે એવા. मुनिः=સાધુ. येन=જેનાથી. उपमीयेत=સરખાવાય. असौ=એ. कोऽपि=કોઈપણ. चरा-चरे=જગતમાં. नास्ति=નથી.

**સ્વયંભૂરમણ—અર્ધ રજ્જુપ્રમાણ છેલ્લા સમુદ્રની સ્પર્ધા કરનાર અને વૃદ્ધિશીલ-વધવાના સ્વભાવવાળો સમતારસ-ઉપશમ રસ જેનો છે એવા મુનિની જે વડે સરખામણી કરી શકાય એવો કોઈ પણ ચરાચર-જગતમાં નથી.**

અર્ધ રજ્જુપ્રમાણ છેલ્લા સ્વયંભૂરમણ સમુદ્રની સાથે સ્પર્ધા કરનાર અને પ્રતિ સમય વધતો સમતારસ જેનો છે એવા પ્રકારના, ત્રણે કાળે વિષયાતીત થએલા-એટલે અતીતકાલના રમ્ય વિષયના સ્મરણના અભાવવાળા, વર્તમાનકાળે ઇન્દ્રિયને ગોચર-પ્રાપ્ત થએલા વિષયમાં રતિના અભાવવાળા, અને અનાગતકાળના મનોજ્ઞ વિષયની ઇચ્છા રહિત એવા મુનિ છે, તેની સાથે જે ઉપમાન વડે સરખામણી કરી શકાય એવો કોઇ પણ પદાર્થ આ ચરાચર વિશ્વમાં નથી. કારણ કે બધું અચેતન પુદ્ગલસ્કન્ધથી ઉત્પન્ન થએલ અને મૂર્ત-રૂપી છે. તેને સ્વાભાવિક, શાશ્વતિક અને નિરુપમ ચરિતવાળા શમભાવરૂપ એવા સમતારસ સાથે શી રીતે સરખાવાય? કારણ કે સમતારસ દુર્લભ છે અને તે સર્વ જગતના શુભ અને અશુભ ભાવથી પર હોવાને લીધે તેમાં રાગ દ્વેષરહિતપણે વૃત્તિરૂપ શુદ્ધ આત્માનો અનુભવ છે. એ સંબન્ધે કહ્યું છે કે—

"वंदिज्जमाणा न समुक्कसंति
हिलिज्जमाणा न समुज्जलंति ।
दंतेण चित्तेण चरंति धीरा
मुणी समुग्घाइयरागदोसा" ॥

आव० नि० गा. ८६६

"बालाभिरामेसु दुहावहेसु
न तं सुहं कामगुणेसु रायं ।
विरत्तकामाण तवोधणाणं
जं भिक्खुणो सीलगुणे रयाणं" ॥

उत्तराध्ययन अ. १३ गा. १७.

"જેઓએ રાગ-દ્વેષનો નાશ કર્યો છે એવા ધીર મુનિઓ તેઓને વંદન કરવામાં આવે તો પણ હર્ષ પામતા નથી, તેઓની નિન્દા કરવામાં આવે તો ગુસ્સે થતા નથી, પરન્તુ તેઓ દાન્ત-ઉપશાન્ત થયેલા ચિત્ત વડે વિચરે છે.

હે રાજન્ ! બાલ-અજ્ઞ જીવોને મનોહર લાગતા અને દુઃખ આપનારા એવા કામગુણોને વિશે તે સુખ નથી કે જે કામભોગથી વિરક્ત થએલા, તપરૂપ ધનવાળા અને શીલગુણોને વિશે રતિવાળા સાધુઓને હોય છે.

એ પ્રમાણે સમતા રસનો અનુભવ કરનારાને ચક્રવર્તી નરેશના ભોગો રોગો જેવા, ચિન્તામણિના સમૂહો કાંકરાના ઢગલા જેવા અને દેવો બાળકો-અજ્ઞાની જેવા લાગે છે, માટે પરવસ્તુના સંયોગથી ઉત્પન્ન થએલી રતિ દુઃખરૂપ છે અને સમતા એ જ મહા આનન્દરૂપ છે.

**शमसूक्तसुधासिक्तं येषां नक्तंदिनं मनः ।**
**कदाऽपि ते न दह्यन्ते रागोरगविषोर्मिभिः ॥७॥**

---

૧ येषां=જેઓનુ. मनः=મન. नक्तंदिनं=રાતદિવસ. शमसूक्तसुधासिक्तं=શમના સુભાષિતરૂપ અમૃત વડે સિંચાયેલું છે. ते=તેઓ. कदाऽपि=કદી પણ. रागोरगविषोर्मिभिः=રાગરૂપ સર્પના વિષની લહરીઓ વડે. न दह्यन्ते=બળતા નથી.

**શમ—ઉપશમ રસના વર્ણન કરનારા સુભાષિત રૂપ સુધા-અમૃત વડે જેઓનું મન રાત્રિ-દિવસ સિંચાયેલું છે તેઓ કદી પણ રાગરૂપ સર્પના વિષના તરંગો વડે બળતા નથી.**

જે મહાત્માઓનું મન શમ-કષાયોના અભાવરૂપ ચારિત્રપરિણામના સૂક્ત-સુભાષિત રૂપ અમૃત વડે રાત-દિવસ સિંચાએલું હોય છે તેઓ રાગ-આસક્તિ રૂપ સર્પના વિષની ઊર્મિ-તરંગો વડે કદાપિ બળતા નથી. રાગરૂપ સર્પે જગતના બધા જીવોને ડસેલા છે અને તેના ઝેરના તરંગો વડે ભાન ભૂલીને [1]ઇષ્ટ વસ્તુના સંયોગ અને અનિષ્ટ વસ્તુના વિયોગની ચિન્તાથી ભમે છે. બહુ પ્રકારની ભવિષ્યકાળની ચિન્તાઓ યુક્ત કલ્પનાઓ કરે છે, જગતના એઠવાડ રૂપ અનેક પ્રકારના પુદ્ગલસ્કન્ધોનો સંગ્રહ કરે છે, બહુ પ્રકારે ધન મેળવવાના ઉપાયોની યાચના કરે છે, કુવામાં પેસે છે, વહાણોમાં બેસી દરિયાની મુસાફરી કરે છે, અહિતકારી દ્રવ્યાદિ વસ્તુઓને હિતકારી માને છે, પરંતુ જ્યારે તેઓ જગતના ઉપકાર કરનારા તીર્થંકરનાં વાક્યો સાંભળીને સમતારૂપ ધનને પ્રાપ્ત થાય છે ત્યારે સ્વરૂપાનન્દના ભોગી થઇને સ્વભાવનું જ્ઞાન, સ્વભાવમાં રમણતા અને સ્વભાવના અનુભવ વડે હમેશાં અસંગ ભાવમાં મગ્ન થઇને આત્મ-ગુણરૂપ નન્દનવનમાં વિચરે છે. માટે સર્વ પરભાવની તન્મયતાને છોડીને અને રાગદ્વેષરૂપ વિભાવપરિણતિને દૂર કરી શમભાવ પ્રાપ્ત કરવા યોગ્ય છે.

---

૧ આર્તધ્યાનના ચાર પ્રકાર છે-ઇષ્ટવિયોગ, અનિષ્ટસંયોગ, રોગચિન્તા અને અગ્રશૌચ-ભવિષ્યની ચિન્તાયુક્ત કલ્પના.

**गर्जज्ज्ञानगजोत्तुंगरंगद्ध्यानतुरंगमाः ।**
**जयन्ति मुनिराजस्य शमसाम्राज्यसंपदः ॥८॥**

**જેમાં ગર્જના કરતા જ્ઞાનરૂપ હાથીઓ અને ખેલતા ધ્યાનરૂપ ઘોડાઓ છે એવી મુનિરૂપ રાજાની શમ–ઉપશમના સામ્રાજ્ય-ઐશ્વર્યની સંપત્તિ જયવંતી વર્તે છે.**

મુનિરૂપ રાજાની શમના સામ્રાજ્યની સંપત્તિ જયવંતી વર્તે છે. જેમાં સ્ફુરાયમાન સ્વપરના પ્રકાશક જ્ઞાનરૂપ ગર્જના કરતા હાથીઓ અને ઉત્તુંગ–ઉંચા અને નૃત્ય કરતા ધ્યાનરૂપ અશ્વો છે. એથી જ્ઞાનરૂપ ગજો અને ધ્યાનરૂપ અશ્વોથી નિર્ગ્રન્થરૂપ રાજાની રાજ્ય સંપત્તિ સર્વોત્કૃષ્ટ છે અને સમતાના આવાસરૂપ મુનિઓનું મહારાજપણું હમેશાં સર્વોત્કૃષ્ટ છે. એ માટે શમના અભ્યાસવાળા થવું એ ઉપદેશ છે.

## ૭ इन्द्रियजयाष्टक

**बिभेषि यदि संसाराद् मोक्षप्राप्तिं च काङ्क्षसि ।**
**तदेन्द्रियजयं कर्तुं स्फोरय स्फारपौरुषम् ॥१॥**

---

૧ गर्जज्ज्ञानगजोत्तुङ्गरंगद्ध्यानतुरंगमाः=ગર્જના કરતા જ્ઞાનરૂપ હાથીઓ અને ઉંચા નૃત્ય કરતા ધ્યાનરૂપ ઘોડાઓ જેમાં છે એવી. मुनिराजस्य=મુનિરૂપ રાજાની. शमसाम्राज्यसंपदः=શમરૂપ સામ્રાજ્યની સંપત્તિ. जयन्ति=જયવંતી–સૌથી ઉત્કૃષ્ટ છે.

૨ यदि=જો. संसारात्=સંસારથી, ભવભ્રમણથી. बिभेषि=તું ભય પામે છે. च=અને. मोक्षप्राप्तिं=મોક્ષની પ્રાપ્તિને. काङ्क्षसि=ઇચ્છે છે. तदा=તો. इन्दियजयं=ઇન્દ્રિયોનો જય. कर्तुं=કરવાને. स्फारपौरुषं=દેદીપ્યમાન પરાક્રમને. स्फोरय=પ્રવર્તાવ.

**જો તું સંસારથી ભય પામે છે અને મોક્ષના લાભને ઈચ્છે છે તો ઇન્દ્રિયોનો જય કરવાને માટે સ્ફાર-દેદીપ્યમાન પરાક્રમને ફોરવ.**

શમભાવને પ્રાપ્ત કરવામાં અન્તરાય કરનાર ઈન્દ્રિયોના સુખની અભિલાષા છે, તેથી ઇન્દ્રિયોનો જય કરવાથી જ શમભાવની સ્થિતિ ઘટે છે, માટે ત્યારબાદ ઈન્દ્રિયજયાષ્ટકનું વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં સર્વ પ્રકારના પરમ ઐશ્વર્યના યોગથી [1]ઇન્દ્ર-જીવ, તેનું લિંગ-ચિહ્ન તે ઇન્દ્રિય. ઇન્દ્રિયો જીવને સૂચવે છે, પ્રદર્શિત કરે છે, જણાવે છે, પ્રગટ કરે છે તેથી તે જીવનું ચિહ્ન છે. જીવ ઈન્દ્રિય દ્વારા વિષયને જાણે છે તેથી જીવમાં જ્ઞાયકપણું સિદ્ધ થાય છે. તેની સિદ્ધિમાં 'उवओगलक्खणो जीवो' "ઉપયોગ લક્ષણવાળો જીવ છે" તેથી જીવની સિદ્ધિ થાય છે. [2]ઇન્દ્રિયો બે પ્રકારે છે- દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય. તેમાં દ્રવ્યેન્દ્રિયના બે પ્રકાર છે-

---

૧ इन्द् ધાતુનો અર્થ ઐશ્વર્યવાળા થવું એવો થાય છે.

૨ ઇન્દ્રિયોના દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય એ બે પ્રકાર છે. દ્રવ્યેન્દ્રિય પુદ્ગલરૂપ છે અને ભાવેન્દ્રિય આત્મિક પરિણામરૂપ છે. દ્રવ્યેન્દ્રિયના બે પ્રકાર છે-નિર્વૃત્તિ અને ઉપકરણ. નિર્વૃત્તિના બે ભેદ છે. બાહ્ય નિર્વૃત્તિ અને અભ્યન્તર નિર્વૃત્તિ. ઇન્દ્રિયોનો નાક કાન વગેરે બાહ્ય આકાર તે બાહ્ય નિર્વૃત્તિ. અને વિષય ગ્રહણ કરવાની શક્તિ સહિત સ્વચ્છ પુદ્ગલોથી બનેલો અંદરનો આકાર તે અભ્યન્તર નિર્વૃત્તિ. અભ્યન્તર નિર્વૃત્તિની વિષય ગ્રહણ કરવાની શકિતરૂપ ઉપકરણેન્દ્રિય કહેવાય છે. ભાવેન્દ્રિય લબ્ધિ અને ઉપયોગ એ બે પ્રકારે છે. મતિજ્ઞાનાવરણાદિ કર્મના ક્ષયોપશમથી થએલી, આત્માની પોતપોતાના વિષયને ગ્રહણ કરવાની શકિત તે લબ્ધીન્દ્રિય અને સ્પર્શાદિ વિષયને

નિર્વૃત્તીન્દ્રિય અને ઉપકરણેન્દ્રિય. તેમાં નિર્વૃત્તિ એટલે અંગોપાંગનામકર્મથી થએલા ઇન્દ્રિયનાં દ્વારો, નિર્માણનામ અને અંગોપાંગનામ કર્મના હેતુથી થએલા શરીરના ભાગો, કર્મવિશેષથી સંસ્કાર પામેલા શરીરના પ્રદેશો. ઉપકરણેન્દ્રિય બે પ્રકારે છે—બાહ્ય ઉપકરણ અને અભ્યન્તર ઉપકરણ. ઉત્પન્ન થએલી નિવૃત્તીન્દ્રિયની શક્તિનો ઉપઘાત નહિ થવાથી અને તેના અનુગ્રહથી આત્માને વિષયગ્રહણ કરવામાં ઉપકારી, પોતપોતાના વિષયને ગ્રહણ કરવાની શક્તિરૂપ ઉપકરણેન્દ્રિય છે. ભાવેન્દ્રિય બે પ્રકારે છે—લબ્ધિ અને ઉપયોગ. મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ અને વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થએલી સ્પર્શાદિ વિષયોને ગ્રહણ કરનારી આત્માની શક્તિ તે લબ્ધિ અને સ્પર્શાદિ વિષયોનું જ્ઞાન તે ઉપયોગ. અર્થાત્ લબ્ધિનું સ્પર્શાદિ વિષયોનું જ્ઞાનરૂપ ફલ તે ઉપયોગેન્દ્રિય છે.

અહીં ઇન્દ્રિયોને વર્ણાદિનું જ્ઞાન થાય છે,તેથી વર્ણાદિજ્ઞાન ઇન્દ્રિયોના વિષયરૂપ નથી, પરન્તુ જ્ઞાનથી જાણેલા મનોજ્ઞ અને અમનોજ્ઞ એવા વર્ણાદિ વિષયોમાં ઇષ્ટપણું અને અનિષ્ટપણું થવાથી ઇષ્ટ વિષયોમાં અભિમુખપણું અને અનિષ્ટ વિષયોમાં વિમુખતારૂપ મોહનો પરિણામ થાય છે તે વિષય છે. જો જ્ઞાનને મોહપરિણતિરૂપ વિષયવાળું માનીએ તો

---

ગ્રહણ કરવારૂપ વ્યાપાર તે ઉપયોગેન્દ્રિય. પરન્તુ તત્ત્વાર્થભાષ્યમાં નિર્વૃત્તીન્દ્રિયના બાહ્ય અને અભ્યન્તર ભેદ બતાવ્યા નથી પણ ઉપકરણેન્દ્રિયના બાહ્ય અને અભ્યન્તર એ બે ભેદ બતાવ્યા છે.

સિદ્ધ ભગવંતોને પણ મોહપરિણતિરૂપ વિષયવાળું જ્ઞાન થવાનો દોષ લાગે. તેથી રાગદ્વેષરૂપે પ્રવૃત્તિ કરાવતું જ્ઞાન એ ઇન્દ્રિયોના વિષયરૂપ છે. અહીં કારણ અને કાર્યની એકતા છે. ચારિત્રમોહના ઉદયથી નહિ રમણ કરવા યોગ્ય પરભાવમાં રમણ કરવું તે અસંયમ છે. ત્યાં વર્ણાદિ તો માત્ર જાણવા યોગ્ય છે એમ નથી, પણ રમ્ય હોવાથી તેમાં રમણ કરવું એટલે વિષયને ગ્રહણ કરનાર ઇન્દ્રિયદ્વારા પ્રવૃત્ત થએલ જ્ઞાનનું ઇષ્ટપણે અને અનિષ્ટપણે પરિણમન કરવું, તેનો જય કરવો એટલે ઇષ્ટ અને અનિષ્ટ-પણે પરિણમતા જ્ઞાનને રોકવું તે ઇન્દ્રિયોનો જય. તાત્પર્ય એ છે કે જે દ્વારા વર્ણાદિનું જ્ઞાન થાય, પણ ઇષ્ટપણું કે અનિષ્ટપણું ન થાય તે ઇન્દ્રિયજય છે. તે અનાદિ કાળની અશુદ્ધ અસંયમની પ્રવૃત્તિને નિવારણ કરવારૂપ છે. જ્ઞાન એ આત્માનું પોતાનું લક્ષણ હોવાથી સ્વપર વસ્તુના બોધ થવારૂપ છે, પરન્તુ તેમાં ઇષ્ટપણા અને અનિષ્ટપણારૂપ વિભાવ જ પર વસ્તુના સંગથી થએલ અનાદિ પરંપરાજન્ય અશુદ્ધ પરિણામ છે તે સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે. માટે ઇન્દ્રિયોનો જય કરવા યોગ્ય છે. તેમાં દ્રવ્ય જય એ ઇન્દ્રિ-યોની પ્રવૃત્તિનો સંકોચ કરવા વગેરે રૂપ છે. ભાવ જય એ આત્માના ચેતના અને વીર્યગુણોની સ્વરૂપને અનુકૂલ પ્રવૃત્તિ કરવા રૂપ છે.

તેમાં નૈગમ નય વડે નિર્વૃત્તિ અને ઉપકરણ રૂપે પરિણમનને યોગ્ય પુદ્ગલસ્કન્ધો, સંગ્રહ નય વડે જીવ અને પુદ્ગલો, વ્યવહાર નયથી નિર્વૃત્તિ અને ઉપકરણપણે

પરિણમેલ, નિર્માણાદિ નામકર્મના વિપાકથી ઉત્પન્ન થએલ ઇન્દ્રિયોનું સંસ્થાન-આકાર છે. ઋજુસૂત્ર નય વડે પોતપોતાના વિષયને ગ્રહણ કરવામાં તત્પર નિર્વૃત્તિ અને ઉપકરણેન્દ્રિય છે, શબ્દનયવડે સંજ્ઞારૂપે ગ્રહણ કરાયેલ લબ્ધિના ઉપયોગપરિણામની પ્રવૃત્તિ. સંજ્ઞારૂપે ગ્રહણ કરાયેલ અને નહિ ગ્રહણ કરાયેલ વિષય ક્ષેત્રમાં પ્રાપ્ત થએલા વિષયોનું જ્ઞાન, અને એવંભૂત નયવડે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને વીર્યાન્તરાયના ક્ષયોપશમથી અન્તે જે જ્ઞાન થાય છે તે. તેમાં અસંયમીને ઇષ્ટપણા અને અનિષ્ટપણા સહિત જ જ્ઞાન હોય છે. તેથી 'વિષય' એ સંજ્ઞા ભોક્તાપણાની અશુદ્ધતા રૂપ આત્માનો અશુદ્ધ પરિણામ છે. તેનો જય કરવો તે પણ પ્રથમના ચાર નયની અપેક્ષાએ કારણ રૂપ શબ્દાદિ વિષયોમાં સંયમગુણના પ્રગટભાવસહિત ચેતનાદિનો પરિણામ દ્રવ્ય જય છે, તો પણ તે ભાવ જયનું કારણ હોવાથી અભ્યાસ કરવા યોગ્ય છે અને ભાવ જય તે આત્માનો ધર્મ હોવાથી સાધ્ય જ છે. તે માટે જ્ઞાની પુરુષોનો ઉપદેશ છે—

હે ભવ્ય! જો તું સંસારથી ભય પામે છે અને સકલ કર્મના ક્ષય કરવા રૂપ મોક્ષપ્રાપ્તિને ઇચ્છે છે, તો તું ઇન્દ્રિયોનો જય કરવા માટે દેદીપ્યમાન-તેજસ્વી પરાક્રમ-પુરુષાર્થને ફોરવ-પ્રવર્તાવ. આથી મહા કદર્થના રૂપ ભવકૂપથી ઉદ્વિગ્ન થએલો અને શુદ્ધ ચિદાનન્દનો અભિલાષી જીવ હાલાહલ ઝેરના જેવા ઇન્દ્રિયોના વિષયોનો ત્યાગ કરે છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે—

**"सल्लं कामा विसं कामा कामा आसीविसोपमा।**
**कामे पत्थेमाणा अकामा जंति दुग्गइं॥"**

उत्तरा० अ० ९ गा. १३

કામ એ શલ્યરૂપ છે, કામ હલાહલ ઝેર છે અને કામ સર્પના જેવા છે. કામ-ઇન્દ્રિયના વિષયથી રહિત હોવા છતાં, કામોની અભિલાષા કરતા દુર્ગતિમાં જાય છે.

**वृद्धास्तृष्णाजलापूर्णैरालवालैः किलेन्द्रियैः।**
**मूर्च्छामतुच्छां यच्छन्ति विकारविषपादपाः॥२॥**

**લાલસારૂપ જળવડે ભરેલા ઇન્દ્રિયોરૂપ ક્યારાઓ વડે વૃદ્ધિ પામેલા વિષવૃક્ષો ખરેખર આકરી-તીવ્ર મૂર્છા-મોહને આપે છે.**

લોભથી થએલ વ્યાકુલતારૂપ તૃષ્ણા છે, તે રૂપ જલથી ભરેલા, વિષયોનો ઉપભોગ કરવામાં રસિક ઇન્દ્રિયો રૂપ ક્યારા વડે મોટા થએલા વિષવૃક્ષો-ઝેરી ઝાડો તીવ્ર મોહ ઉત્પન્ન કરે છે. એથી "અનાદિ સ્વરૂપથી ભ્રષ્ટ થએલા પરભાવમાં રમણ કરનારા, અભોગ્ય પરભાવને ભોગ્યપણે માનનારા જીવોને સ્પર્શાદિ વિષયને ગ્રહણ કરનાર સ્પર્શનાદિ ઇન્દ્રિયો વડે વૃદ્ધિ પામેલા વિકારરૂપ વિષવૃક્ષો મહામોહ ઉત્પન્ન કરે છે" એમ જણાવ્યું. તૃષ્ણાની પ્રેરણાથી જ ઇન્દ્રિય

---

૧ तृष्णाजलापूर्णैः=તૃષ્ણારૂપ જળથી ભરેલા. इन्द्रियैः=ઇન્દ્રિયો રૂપ. आलवालैः=ક્યારાવડે. वृद्धाः=વૃદ્ધિ પામેલા, મોટા થએલા. विकारविषपादपाः=વિકારરૂપ ઝેરી ઝાડો. अतुच्छां=ઘણી. मूर्च्छां=મમતાને. ચૈતન્યની અવસ્થાને. यच्छन्ति=આપે છે, ઉત્પન્ન કરે છે.

૩૫ ઘોડાએ। દોડે છે. તૃષ્ણાનું અનન્તપણું છે. એ સંબન્ધે કહ્યું છે કેઃ—

"सुवन्नरुप्पस्स य पव्वया भवे,
सिया हु केलाससमा असंखया।
नरस्स विलुद्धस्स न हुन्ति किंचि,
इच्छा हु आगाससमा अणंतया" ॥

उत्तरा० अ. ९ गा. ४८

"वारमणंतं भुत्ता वंता चत्ता य धीरपुरिसेहिं।
ते भोगा पुण इच्छइ भोत्तुं तिण्हाउलो जीवो" ॥

"સોના અને રૂપાના પર્વતો હોય અને તે કૈલાસના જેવડા (મોટા) અને અસંખ્યાતા હોય, તો પણ અત્યંત લોભી મનુષ્યને 'કંઈ પણ નથી' એમ લાગે છે. કારણ કે ઇચ્છા આકાશ સમાન અનન્ત છે."

"જે ભોગોને જીવોએ અનન્તી વાર ભોગવીને છોડી દીધેલા છે અને જેનો ધીર પુરૂષોએ ત્યાગ કરેલો છે તે ભોગોને તૃષ્ણાથી વ્યાકુલ થએલો જીવ ભોગવવાને ઇચ્છે છે."

તૃષ્ણાથી વ્યાકુલ થએલા જીવને વિષયો રમણીય લાગે છે, અને તે તૃષ્ણા અનાદિ અભ્યાસથી અને વિષયના પ્રસંગથી વધે છે. માટે ઇન્દ્રિયોના વિષયોનો ત્યાગ કરવો યુક્ત છે.

**संरित्सहस्रदुष्पूरसमुद्रोदरसोदरः।**
**तृप्तिमान् नेन्द्रियग्रामो भव तृप्तोऽन्तरात्मना ॥३॥**

---

१ सरित्सहस्रदुष्पूरसमुद्रोदरसोदरः=હજારો નદીઓ વડે ન પૂરાઈ

**હજારો નદીઓવડે ન પૂરી શકાય એવા સમુદ્રના ઉદર-પેટ સમાન ઇન્દ્રિયોનો સમૂહ તૃપ્ત થતો નથી, એમ જાણી હે વત્સ! અન્તરાત્મા વડે સમ્યક્ શ્રદ્ધાન કરી તૃપ્ત થા.**

હે ભવ્ય! આ ઇન્દ્રિયોનો સમૂહ કદી પણ તૃપ્ત થતો નથી; કારણ કે નહિ ભોગવેલા વિષયોમાં ઇચ્છા થાય છે, ભોગવાતા વિષયોમાં મમતા થાય છે અને પૂર્વે ભોગવેલા વિષયોનું સ્મરણ થાય છે–એ પ્રમાણે ત્રણે કાળમાં અશુદ્ધ પ્રવૃત્તિ ચાલુ છે. માટે ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત થએલાને તેનાથી તૃપ્તિ થતી નથી. જે ઇન્દ્રિયોનો સમૂહ હજારો નદીઓના પૂર વડે ન પૂરાઇ શકે એવા સમુદ્રના ઉદર સમાન છે. આ હેતુથી ઇન્દ્રિયોની અભિલાષા પૂરવા છતાં અપૂર્ણ રહે છે અને તે શમ અને સંતોષથી જ પૂર્ણ થાય છે. તે માટે આ હિતોપદેશ છે–હે ઉત્તમ પુરૂષ! અન્તરાત્માથી–આત્માના અન્તર્ગત સ્વરૂપથી જ તૃપ્ત થા. કારણકે આત્મસ્વરૂપના અવલમ્બન સિવાય તૃષ્ણાનો ક્ષય થતો નથી. આ જીવ સંસાર–ચક્રમાં ગ્રહણ કરેલા પર ભાવોને આત્મસ્વરૂપે માનતો 'શરીર જ આત્મા છે' એમ બાહ્ય પદાર્થોમાં આત્મબુદ્ધિ કરીને મોહથી ઘેરાયેલો બહિરાત્મા અનન્ત પુદ્ગલ પરાવર્ત કાળ સુધી ભમે છે, અને તે જ નિસર્ગ–સ્વભાવ અને અધિગમ–ગુરુના ઉપદેશાદિ બાહ્ય નિમિત્તથી સ્વ અને પરનો વિવેક કરવા વડે 'હું શુદ્ધ આત્મ-

---

શકે એવા સમુદ્રના પેટ જેવો. इन्द्रियग्रामः=ઇન્દ્રિયોનો સમુદાય. तृप्तिमान्=તૃપ્ત. (થતો) न=નથી. (માટે) अन्तरात्मना=અન્તર આત્મા વડે तृप्तः=સંતોષી. भव=થા.

સ્વરૂપ છું' એવો નિશ્ચય કરી સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ આત્માને આત્મસ્વરૂપે જાણતો રાગાદિ પર ભાવોને પરરૂપે નિર્ધારણ કરતો સમ્યગ્દૃષ્ટિ અન્તરાત્મા કહેવાય છે. તે જ જીવ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સમયે નિર્ધારણ કરેલા તત્ત્વસ્વરૂપની પૂર્ણ પ્રાપ્તિ થાય ત્યારે પરમાત્મા, પરમાનન્દમય અને સંપૂર્ણ પ્રગટ થએલા સ્વધર્મનો ભોગી સિદ્ધ થાય છે. તેથી મિથ્યાત્વનો ત્યાગ કરી આત્મ સ્વરૂપનો ઉપભોગ કરવાથી એઠવાડ, મેલ અને કાદવના જેવા વિષયોને છોડે છે. કહ્યું છે કે-

**"विसयविसं हालाहलं, विसयविसं उक्कडं पीयंताणं ।**
**विसयविसाइन्नं पिव, विसयविसविसुइया होइ" ॥**

उपदेशमाला० गा० २१३

**"कामभोगग्रहो दुष्टः कालकूटविषोपमः ।**
**तद्व्यामोहनिवृत्त्यर्थमात्मभावोऽमृतोपमः ॥"**

"વિષયરૂપ વિષ સંયમરૂપ જીવિતનો નાશ કરનાર હોવાથી હાલાહલ-ઝેર સમાન છે, એ વિષયવિષનું ઉત્કટપણે પાન કરનારને વિષયરૂપ વિષથી અજીર્ણની પેઠે વિષયવિષની વિશુચિકા (ઝાડા-ઉલટી) થાય છે."

"કામભોગ દુષ્ટ ગ્રહરૂપ છે અને કાળકૂટ ઝેરસમાન છે. તેનો વ્યામોહ (ભ્રાન્તિ) દૂર કરવા માટે આત્મભાવ અમૃતતુલ્ય છે."

**આ હેતુથી આત્મસ્વરૂપના અનુભવથી તૃપ્ત-સંતુષ્ટ થા.**

**आत्मानं विषयैः पाशैर्भववासपराङ्मुखम् ।**
**इन्द्रियाणि निबध्नन्ति मोहराजस्य किंकराः ॥४॥**

મોહરાજાના કિંકર-ચાકરરૂપ ઇન્દ્રિયો સંસારવાસથી પરાઙ્મુખ-વિમુખ થએલા આત્માને વિષયરૂપ પાશ વડે બાંધે છે. કારણ કે મોહરાજાનો મોટો પુત્ર રાગકેસરી છે, તેનો વિષયાભિલાષ નામે પ્રધાન છે, તેની સંતતિ ઇન્દ્રિયો છે.

સંસારવાસથી પરાઙ્મુખ-ઉદ્વિગ્ન થએલા આત્માને ઇન્દ્રિયો વિષયરૂપ પાશ વડે દૃઢ બાંધે છે-એટલે સંસાર-વાસને દૃઢ કરે છે, કારણ કે એઓ મોહના કિંકર-પરિવાર રૂપ છે. ઉપમિતિમાં જગતને વ્યામોહ-ભ્રાન્તિ ઉત્પન્ન કરનાર મોહરાજાનો પુત્ર રાગ કેશરી છે, તેનો પ્રધાન વિષયાભિલાષ છે, માટે સંસારવાસનું મૂળ વિષયાભિલાષનો ત્યાગ કરવો હિતકારક છે.

**गिरिमृत्स्नां धनं पश्यन् धावतीन्द्रियमोहितः ।**
**अनादिनिधनं ज्ञान-धनं पार्श्वे न पश्यति ॥५॥**

ઇન્દ્રિયના વિષયોમાં મૂઢ થએલો જીવ પર્વતની માટીને સુવર્ણ-રજતાદિ ધનરૂપે જોતો ચારે તરફ દોડે છે. પણ પાસે

---

१ मोहराजस्य=મોહરાજાના. किंकराः=દાસ. નોકરો. इन्द्रियाणि=ઇન્દ્રિયો. भववासपराङ्मुखं=સંસારવાસથી ઉદ્વિગ્ન થએલા. आत्मानं=આત્માને. विषयैः=વિષયોરૂપ. पाशैः=બન્ધનો વડે. निबध्नन्ति=બાંધે છે.

२ इन्द्रियमोहितः=ઇન્દ્રિયોના વિષયોમાં મોહિત થએલો. गिरिमृत्स्नां=પર્વતની માટીને. धनं=ધનરૂપે. पश्यन्=જોતો. धावति=દોડે છે. (પણ) पार्श्वे=પાસે રહેલા. अनादिनिधनं=અનાદિ અનન્ત. (એવા) ज्ञानं=જ્ઞાનરૂપ. धनं=ધનને. न पश्यति=જોતો નથી.

રહેલા અનાદિ અનન્ત સત્તાવિશ્રાન્ત-સત્તારૂપે રહેલ જ્ઞાનરૂપ ધનને જોતો નથી. કહ્યું છે કે—

"केवलनाणमणंतं जीवसरूवं तयं निरावरणं"।

અનન્ત અને નિરાવરણ-આવરણ રહિત કેવલજ્ઞાન જીવનું સ્વરૂપ છે.

ઇન્દ્રિયના વિષયોમાં આસક્ત થએલો મૂઢ જીવ પર્વતની માટી રૂપ સુવર્ણ રજતાદિને ધનરૂપે જોતો અહીં તહીં દોડે છે, પણ પાસે રહેલા જ્ઞાનરૂપ ધનને જોતો નથી. જે જ્ઞાન સ્વલક્ષણ ભૂત, તત્ત્વના અવબોધરૂપ અનાદિ અનન્ત છે. સત્તા વડે જેની આદિ તથા અન્ત નથી. અર્થાત્ જે સત્તા-વિશ્રાંતસ્વરૂપ છે. એ સંબન્ધે કહ્યું છે કે—

केवलनाणमणंतं जीवसरूवं तयं निरावरणं।

કેવલજ્ઞાન અનન્ત અને આવરણ રહિત જીવના સ્વભાવભૂત છે. કારણ કે સિદ્ધાવસ્થામાં તેનો નાશ થતો નથી. નિગોદાવસ્થામાં પણ અત્યન્ત બોધરૂપ જ્ઞાન મહામોહનો ઉદય હોવા છતાં પણ સત્તારૂપે રહેલ છે. સમ્યગ્દૃષ્ટિ, દેશ-વિરતિ અને સર્વવિરતિનું સાધ્ય, શુક્લધ્યાનનું ફળ, નિર્વિકલ્પ સમાધિરૂપ અરિહંત અને સિદ્ધોનું પરમ સ્વરૂપ કેવલજ્ઞાનરૂપ ધન પોતાનું સહજ સ્વરૂપ છે. તેને ભૂલીને ઉપાધિ વડે કલ્પિત માટી અને પત્થરરૂપ ધનમાં અવિવેકી જનો મોહ પામે છે.

**[1]पुरः पुरः स्फुरत्तृष्णा मृगतृष्णानुकारिषु।**
**इन्द्रियार्थेषु धावन्ति त्यक्त्वा ज्ञानामृतं जडाः॥६॥**

---

૧ पुरः पुरः स्फुरत्तृष्णाः=આગળ આગળ વધતી જતી તૃષ્ણા

**આગળ આગળ વધતી જતી તૃષ્ણા જેઓને છે એવા એવા જડ-મૂર્ખ જનો જ્ઞાનરૂપ અમૃતને છોડીને ઝાંઝવાના જળ સરખા ઇન્દ્રિયોના રૂપ, રસ, ગન્ધ, સ્પર્શ અને શબ્દ રૂપ વિષયોમાં ચોતરફ દોડે છે.**

આગળ આગળ વધતી જતી તૃષ્ણા–ભોગની અભિલાષા જેઓને છે એવા જડ–સ્યાદ્‌વાદ રીતે વસ્તુસ્વરૂપના બોધરહિત મૂર્ખ, અવિનાશી પદના કારણ જ્ઞાનરૂપ અમૃતને છોડીને મૃગતૃષ્ણા–ઝાંઝવાના જળ સમાન રૂપ, રસ, ગન્ધ, સ્પર્શ અને શબ્દરૂપ ઇન્દ્રિયોના વિષયોમાં દોડે છે. ભોગની અભિલાષાથી પીડિત થાય છે. તેને માટે દંભના વિકલ્પોની કલ્પના કરે છે, તેને માટે ખેતી વગેરે સમારંભ કરે છે. જેમ મૃગતૃષ્ણાનું જલ પાણીની તૃષાને દૂર કરતું નથી, કારણ કે તે જળની ભ્રાન્તિ રૂપ છે, તેમ ઇન્દ્રિયના ભોગો સુખનું કારણ નથી, સુખરૂપ નથી, માત્ર તત્ત્વજ્ઞાન રહિત અજ્ઞાનીને તેમાં સુખની ભ્રાન્તિ થાય છે.

**[1]पतङ्ग–भृङ्ग–मीनेभ–सारङ्गा यान्ति दुर्दशाम् ।**
**एकैकेन्द्रियदोषाच्चेद् दुष्टैस्तैः किं न पञ्चभिः ॥७॥**

---

જેઓને છે એવા. जडाः=મૂર્ખ, અજ્ઞાની. ज्ञानामृतं=જ્ઞાનરૂપ અમૃતને. त्यक्त्वा=છોડીને. मृगतृष्णानुकारिषु=ઝાંઝવાના જળ જેવા. इन्द्रियार्थेषु= ઇન્દ્રિયોના વિષયોમાં. धावन्ति=દોડે છે.

૧ चेद्=જો. पतङ्गभृङ्गमीनेभसारङ्गाः=પતંગિયાં, ભ્રમર, માછલાં, હાથી અને હરણ. एकैकेन्द्रियदोषात्=એક એક ઇન્દ્રિયના દોષથી. दुर्दशां=ખરાબ અવસ્થાને. यान्ति=પામે છે. (તો) दुष्टैः तैः पञ्चभिः= દોષવાળી તે પાંચે ઇન્દ્રિયો વડે. किं न=શું ન થાય ?

**જો પતંગિયા, ભ્રમર, મત્સ્ય, હાથી અને સારંગ-હરણ એક એક ઇન્દ્રિયના દોષથી મરણરૂપ માઠી દશાને પામે છે, તો દોષવાળી પાંચે ઇન્દ્રિયો વડે શું ન હોય?**

પતંગ રૂપમાં આસક્ત છે, મીન-મત્સ્ય રસમાં આસક્તિવાળો છે, ભ્રમર ગન્ધમાં આસક્ત છે, હાથી સ્પર્શમાં આસક્ત છે અને હરણ શબ્દમાં આસક્તિવાળો છે. એ પ્રાણીઓ એક એક ઇન્દ્રિયના દોષથી દુષ્ટ-દીન અવસ્થાને પામે છે એટલે મૃત્યુરૂપ માઠી દશાને પ્રાપ્ત થાય છે, તો દોષવાળી પાંચે ઇન્દ્રિયો હોય તો તેથી શું દુઃખ ન થાય? આ હેતુથી જ મહાન્ ચક્રવર્તી, વાસુદેવો, માંડલિક રાજાઓ અને કંડરીક વગેરે વિષયોથી ભ્રાન્તચિત્તવાળા નરકમાં દીન અવસ્થાને પ્રાપ્ત થએલા છે. વધારે શું કહેવું? માટે વિષયરૂપ વિષનો પ્રસંગ કરવા યોગ્ય નથી.

**विवेकद्वीपहर्यक्षैः समाधिधनतस्करैः ।**
**इन्द्रियैर्यो न जितोऽसौ धीराणां धुरि गण्यते ॥८॥**

**વિવેકરૂપ હાથીને હણવાને સિંહ સમાન અને નિર્વિકલ્પ ધ્યાનરૂપ સમાધિધનને લુંટવાને તસ્કર-ચોરરૂપ ઇન્દ્રિયોવડે જે જિતાયો નથી, ઇન્દ્રિયોને વશ થયો નથી, તે ધીર પુરુષોમાં મુખ્ય ગણાય છે.**

સ્વ અને પરના ભેદજ્ઞાનરૂપ હાથીને મારવામાં સિંહ સમાન, સ્વરૂપાનુભવના સુખમાં સ્થિરતા રૂપ સમાધિધનને

---

૧ विवेकद्वीपहर्यक्षैः=વિવેકરૂપ હાથીને હણવાને હર્યક્ષ-સિંહ સમાન. समाधिधनतस्करैः=સમાધિરૂપ ધનને લુંટવાને ચોરના જેવી. इन्द्रियैः=ઇન્દ્રિયો વડે. यः=જે. न जितः=જિતાયો નથી. सः=તે. धीराणां=ધીર પુરુષોની. धुरि=આદિમાં. गण्यते=ગણાય છે.

હરણ કરવામાં ચોર જેવી ઇન્દ્રિયો વડે નમિ રાજર્ષિ, ગજ સુકુમાલ વગેરેની પેઠે જે જિતાયો નથી-જે ઇન્દ્રિયોને આધીન થયો નથી તે ધીર પુરુષોમાં પ્રથમ ગણાય છે-વખાણાય છે. એ સંબન્ધે કહ્યું છે કેઃ—

**धन्यास्ते ये विरक्ता गुरुवचनरतास्त्यक्तसंसारभोगाः,**
**योगाभ्यासे विलीना गिरिवनगहने यौवनं ये नयन्ति।**
**तेभ्यो धन्या विशिष्टाः प्रबलवरवधूसंगपञ्चाग्नियुक्ताः,**
**नैवाक्षौघे प्रमत्ताः परमनिजरसं तत्त्वभावं श्रयन्ति॥१॥**

"જેઓએ વિરક્ત થઈ અને ગુરુના વચનમાં રક્ત થઇને સંસારના ભોગોનો ત્યાગ કરેલો છે, જેઓ યોગના અભ્યાસમાં તલ્લીન થઈ પર્વત અને વનના ગહન પ્રદેશમાં પોતાનું યૌવન વ્યતીત કરે છે તેઓને ધન્ય છે. પરન્તુ જેઓ ઉત્તમ વધૂના સંગ રૂપ પ્રબલ-ઉત્કટ પંચાગ્નિ યુક્ત હોવા છતાં ઇન્દ્રિયોના સમૂહમાં પ્રમાદી નહિ થતાં પરમ આત્માના અનુભવ રૂપ તત્ત્વજ્ઞાનનો આશ્રય કરે છે તેઓ તેનાથી પણ ધન્ય છે અને ઉત્તમ છે."

અહો ! પૂર્વ ભવમાં અનુભવેલ સમભાવના સુખનું સ્મરણ થવાથી [1]લવસત્તમ દેવો અનુત્તર વિમાનના સુખને ગણતા નથી, વિષયના સ્વાદનો ત્યાગ કરવાને અસમર્થ

[1] ઉપશમશ્રેણિને પ્રાપ્ત થએલા મુનિઓ આયુષનો ક્ષય થવાથી ઉપશમ શ્રેણિથી પડીને અનુત્તરવિમાનવાસી દેવ થાય છે. જો તેનું સાત લવનું આયુષ અધિક હોત તો તેઓ આત્મિક વિશુદ્ધિના બળથી ક્ષપકશ્રેણિ ઉપર ચઢી કેવલજ્ઞાન પામી મોક્ષે જાત. તે લવસત્તમ દેવો કહેવાય છે.

ઇન્દ્રાદિક દેવો પૃથ્વી ઉપર મુનિઓના ચરણકમળમાં આળોટે છે. આ હેતુથી અનાદિ કાળે અનેક વાર ભોગવેલા વિષયોથી નિવૃત્તિ કરવા યોગ્ય છે, તેનો સંગ પણ કરવા યોગ્ય નથી, તેનો પૂર્વ પરિચય સ્મરણ કરવા યોગ્ય નથી, એ સંસારના કારણ ઇન્દ્રિયોના વિષયો પ્રતિસમય જુગુપ્સા કરવા યોગ્ય છે. આથી નિર્ગ્રન્થ મુનિઓ વાચનાદિ વડે તત્ત્વના અવલોકન અને વિચારણા વગેરેમાં કાળ વ્યતીત કરે છે. કહ્યું છે કેઃ—

**"निम्मलनिक्कलनिस्संगसिद्धसब्भावफासणा कइया"**

"નિર્મલ, નિષ્કલ, (પરિપૂર્ણ) સંગ રહિત એવા સિદ્ધ ભગવંતના સ્વરૂપનો સ્પર્શ ક્યારે થશે ?" ઇત્યાદિ રુચિવડે રત્નત્રયની પરિણતિવાળા સ્થવિરકલ્પ અને જિનકલ્પમાં સ્થિર થાય છે. માટે સર્વ ભવ્યોનું એ જ કર્તવ્ય છે.

## ૮ त्यागाष्टकम्

**संयतात्मा[1] श्रये शुद्धोपयोगं पितरं निजम् ।**
**धृतिमम्बां च पितरौ तन्मां विसृजतं ध्रुवम् ॥१॥**
**युष्माकं संगमोऽनादिर्बन्धवो[2]ऽनियतात्मनाम् ।**
**ध्रुवैकरूपान् शीलादिबन्धूनित्यधुना श्रये ॥२॥**

---

૧ संयतात्मा=સંયમને અભિમુખ થએલો હું. शुद्धोपयोगं=શુદ્ધ-ઉપયોગરૂપ. निजं=પોતાના. पितरं=પિતાનો. च=અને. धृतिं=આત્મ-રતિરૂપ. अम्बां=માતાનો. श्रये=આશ્રય કરું છું. (તો) पितरौ=હે માતા-પિતા! मां=મને. ध्रुवं=અવશ્ય. विसृजतं=છોડો.

૨ बन्धवः=હે બન્ધુઓ! अनियतात्मनां=અનિશ્ચિત છે આત્મા-

નિશ્ચય નયથી 'કરવા માંડયું' તે 'કર્યું' સંયમ 'ગ્રહવા માંડ્યો' તે 'ગ્રહ્યો'-એમ સંયતાત્મા એટલે સંયમને અભિમુખ થએલો હું શુદ્ધોપયોગ-રાગદ્વેષરહિત શુદ્ધ આત્મજ્ઞાનરૂપ પોતાના પિતાનો અને ધૃતિ-આત્મરતિ રૂપ માતાનો આશ્રય કરું છું, તો હે માતાપિતા! મને અવશ્ય છોડો.

હે બન્ધુઓ! 'બન્ધુ તે શત્રુ થાય અને શત્રુ તે બન્ધુ થાય' એમ અનિશ્ચિત છે આત્મા-પર્યાય જેનો એવા તમારો સંગમ-મેળો પ્રવાહથી અનાદિ છે. ધ્રુવ-નિશ્ચયથી અવિચલિત છે એક સ્વરૂપ જેઓનું એવા જે શીલ, સત્ય, શમ, દમ, સંતોષાદિ બન્ધુઓનો હમેશાં અવિચલિત સ્વરૂપ હોવાથી હવે આશ્રય કરું છું.

ઇન્દ્રિયનો જય મોહના ત્યાગથી વધે છે, આત્માના સ્વરૂપથી અન્ય જે પર ભાવ છે તે તજવા યોગ્ય છે, માટે ત્યારબાદ ત્યાગાષ્ટકનું કથન કરવામાં આવ્યું છે. તજવું તે ત્યાગ, પરભાવનો ત્યાગ કરવો એ સર્વને સુખરૂપ છે. ત્યાગ એટલે છોડવું. તેમાં "સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ અને સ્વભાવપણે વસ્તુનું કથંચિત્ અસ્તિત્વ છે." એ સપ્તભંગીમાંના પ્રથમ ભંગનો વિચાર કરતાં આત્મામાં રહેલા આત્માના પરિણામરૂપ સ્વધર્મનો સમવાયસંબન્ધથી આત્માની સાથે અભેદ હોવાને લીધે તેનો ત્યાગ થઈ શકતો નથી, પરન્તુ સમ્યગ્જ્ઞાનાદિ રૂપ સાધનથી વિસરી ગયેલ સ્વભાવનું સ્મરણ થતું હોવાથી, સત્તારૂપે રહેલા જ્ઞાનાદિ સ્વરૂપનું પ્રગટપણું

---

પર્યાય જેનો એવા. युष्माकं=તમારો. संगमः=મેળાપ. अनादिः=અનાદિ છે. इति=એ હેતુથી. ध्रुवैकरूपान्=નિશ્ચિત એક સ્વરૂપવાળા. शीलादिबन्धून्=શીલ વગેરે બન્ધુઓનો. अधुना=હવે. श्रये=આશ્રય કરું છું.

થવાથી અને નહિ ભોગવેલ સ્વરૂપને ઉપભોગ થતો હોવાથી આત્મામાં તેનું ઉપાદેયપણું છે. બાકીના બધા પર ભાવો સાંયોગિકપણે જાણવાથી તેનું હેયપણું જ છે. યદ્યપિ સદ્દેવ, ગુરુ, અને ધર્મરૂપ નિમિત્તોનું, શુભ આચાર વગેરેનું અને ધ્યાન વગેરે આત્મસાધન પરિણામોનું, અનાદિ અશુદ્ધ પરિ-ણુતિને ગ્રહણ કરવાની વૃત્તિનું નિવારણ કરવા માટે, ગ્રહણ કરાય છે, તો પણ આત્માની સિદ્ધાવસ્થામાં એ હોતા નથી, તેથી ઉત્સર્ગમાર્ગે તો તેને ગ્રહણ કરવાના નથી. પૂર્વે અનાદિ મિથ્યાદૃષ્ટિ અને કુદેવાદિમાં રક્ત થએલો આત્મા છે, તે સમ્યગ્દર્શનના બળથી નિર્ધારિત કરેલા સ્વધર્મની રુચિવાળો થઈને શુદ્ધ દેવાદિ તત્ત્વને ગ્રહણ કરે છે, તોપણ તેને પરરૂપે તો જાણે છે જ. અપ્રશસ્તનો ત્યાગ કરે છે અને પ્રશસ્તને ગ્રહણ કરે છે, ત્યાર બાદ પ્રશસ્તનો ત્યાગ કરી સ્વસાધનની પરિણતિ ગ્રહણ કરી સિદ્ધ થાય છે. તેમાં નામ ત્યાગ તે શબ્દથી બોલવા રૂપ છે. દશ યતિધર્મની પૂજા વગેરેમાં ત્યાગધર્મની સ્થાપના તે સ્થાપનાત્યાગ. દ્રવ્યથી એટલે બાહ્યવૃત્તિથી અથવા ઇન્દ્રિયસુખની અભિલાષાથી કે ઉપયોગના શૂન્યપણાથી ત્યાગ કરવો તે દ્રવ્યત્યાગ. આહાર, ઉપધિ–ઉપકરણ પ્રમુખ એક દ્રવ્ય કે અનેક દ્રવ્યોનો ત્યાગ કરવો તે દ્રવ્યત્યાગ. તે આગમથી અને નોઆગમથી એમ બે પ્રકારનો છે. તેમાં ત્યાગના સ્વરૂપનો જાણનાર, પણ તેમાં ઉપયોગ રહીત આત્મા તે આગમથી દ્રવ્યત્યાગ. નોઆગમથી ત્યાગના સ્વરૂપને જાણનાર મુનિ વગેરેનું અચે-તન શરીર તે જ્ઞશરીર દ્રવ્યત્યાગ, ત્યાગના સ્વરૂપને ભવિષ્યમાં જાણનાર લઘુ શિષ્ય વગેરે ભવ્ય શરીર દ્રવ્યત્યાગ અને

પુદ્ગલની આશંસા, આ લોક કે પરલોકની આશંસા રહિત, સ્વરૂપનું સાધન કરવામાં તત્પર થએલો જીવ બાહ્ય ઉપધિ, શરીર, અન્નપાન કે સ્વજનાદિનો ત્યાગ કરે તે તદ્વ્યતિરિક્ત દ્રવ્યત્યાગ કહેવાય છે. અભ્યન્તર રાગ–દ્વેષ અને મિથ્યાત્વાદિ આસ્રવની પરિણતિનો ત્યાગ, આત્માના ક્ષાયોપશમિક જ્ઞાનાદિ ગુણોની પરભાવથી નિવૃત્તિ તે ભાવત્યાગ. તે સમ્યગ્જ્ઞાન-પૂર્વક ચારિત્ર અને વીર્યના સાંકર્ય–મિશ્રતાથી થએલો આત્માનો પરિણામ છે.

નૈગમ અને સંગ્રહનય નામ અને સ્થાપના ત્યાગને માને છે. વ્યવહાર નય [1]વિષાનુષ્ઠાન અને ગરલાનુષ્ઠાન રૂપ ત્યાગને ઇચ્છે છે. ઋજુસૂત્ર નય કર્મના અશુભ વિપાકના ભયથી થએલા ત્યાગને માને છે. શબ્દ અને સમભિરૂઢ નય તદ્ધેતુક્રિયારૂપ ત્યાગ માને છે અને એવંભૂતનય ત્યાગ કરવા યોગ્ય પરભાવના સર્વથા ત્યાગને ત્યાગરૂપે માને છે.

---

૧ આ લોકની ઇચ્છાથી જે અનુષ્ઠાન કરવામાં આવે તે વિષાનુષ્ઠાન, પરલોકની ઇચ્છાથી જે અનુષ્ઠાન થાય તે ગરલાનુષ્ઠાન. તત્કાળ પ્રાણનો નાશ કરે તે વિષ અને ધીમે ધીમે કાલાન્તરે પ્રાણનો નાશ કરે તે ગરલ કહેવાય છે. ઓઘસંજ્ઞાથી કે લોકસંજ્ઞાથી ગતાનુગતિકપણે કે ઉપયોગશૂન્યતાથી જે અનુષ્ઠાન કરવામાં આવે તે અનનુષ્ઠાન. સદ્ અનુષ્ઠાનના રાગથી મોક્ષના હેતુરૂપે જે અનુષ્ઠાન કરાય તે તદ્ધેતુઅનુષ્ઠાન અને શુદ્ધ ચન્દનના ગન્ધની પેઠે સહજ ભાવધર્મ રૂપ અનુષ્ઠાન અમૃતાનુષ્ઠાન કહેવાય છે. તેમાં પ્રથમના ત્રણ અસદનુષ્ઠાન છે અને ત્યારપછીના બે સદનુષ્ઠાન છે. તેમાં છેલ્લું અમૃતાનુષ્ઠાન મોહના ઉગ્ર વિષને નાશ કરનાર હોવાથી સર્વ શ્રેષ્ઠ છે.

અથવા પ્રથમના ચાર નયને અનુસરી આહારાદિ બાહ્ય વસ્તુનો ત્યાગ છે અને શબ્દાદિ ત્રણ નયના મતથી અભ્યન્તર ત્યાગ છે અને તે કરવા યોગ્ય છે એવો ગ્રન્થકર્તા ઉપદેશ કરે છે.

સંયમને અભિમુખ થએલો આત્મા શુદ્ધ ઉપયોગરૂપ પોતાના પિતાનો આશ્રય કરે એટલે રાગદ્વેષ રહિત થએલો આત્મજ્ઞાનનો સ્વીકાર કરે અને આત્મરતિરૂપ માતાનો આશ્રય કરે. આહારપર્યાપ્તિ નામકર્મના ઉદયથી જીવ જેનામાં ઉત્પન્ન થએલો છે તે માતા. માતાને ભોગવનાર તે પિતા. એ પ્રકારનો લૌકિક સંબન્ધ છે. તેથી લૌકિક માતાપિતાને કહે છે કે હે માતપિતા! મને છોડો. વસ્તુતઃ હું તમારો પુત્ર નથી, તમે મારાં માતપિતા નથી. આ તો લૌકિક વ્યવહાર છે. આ સંબન્ધે એક દૃષ્ટાન્ત છે—

"એક સમયે ભરતક્ષેત્રમાં મગધ દેશની સુવપ્રાનગરીમાં શત્રુને વશ કરનારો, રાજનીતિમાં કુશલ વજ્રજંઘ નામે રાજા હતો. તેને ધારિણી નામે રાણી હતી. સુભાનુ નામે રાજકુમાર હતો. તે દેવના જેવો સુન્દર કુમાર અનુક્રમે વિદ્યામાં ઇન્દ્ર જેવો, લાવણ્યયુક્ત અને સ્વભાવથી જિનધર્મ, સાધુવંદન અને પૂજનમાં તત્પર હતો. તે અનુક્રમે કન્દર્પ ક્રીડાને યોગ્ય યુવાવસ્થાને પ્રાપ્ત થયો. ત્યારે પિતાએ તેને રૂપ, લાવણ્ય, શીલ અને કલાયુક્ત સો રાજકન્યાઓ પરણાવી. તે તેની સાથે વિષયસુખ ભોગવતો ત્રિલોકના નાથ, ત્રિલોક બન્ધુ ભગવંતની સેવામાં અનુરક્ત થઇને રહેવા લાગ્યો.

ત્યારબાદ એક વખતે અનેક કેવલજ્ઞાની, અનેક વિપુલમતિ અને ઋજુમતિ–મનઃપર્યવજ્ઞાની, અનેક અવધિજ્ઞાની,

અનેક પૂર્વધરો, અનેક આચાર્ય-ઉપાધ્યાય, અનેક તપસ્વીઓ, અનેક નવીન દીક્ષિત મુનિઓ તથા અનેક દેવ દેવીઓના પરિવારસહિત શ્રીસંભવનાથ તીર્થંકર સર્વજ્ઞ, સર્વદર્શી, આકાશમાં રહેલા છત્ર વડે, આકાશમાં રહેલા ચક્ર વડે, વીંજાતા શ્વેત ચામરો વડે અને આગળ ચાલતા ધર્મધ્વજ વડે શોભતા, નગરની બહાર સમોસર્યા. દેવોએ ત્રણ ગઢવાળું સમવસરણ રચ્યું. વનપાલે કુમારને વધામણી આપી કે તમારા પુણ્યના યોગે જેનું પ્રતિદિવસ દર્શન ઇચ્છો છો તે, સર્વ જગતના જીવોના વત્સલ તીર્થંકર સમોસર્યા છે. તે સમયે કુમાર સો સ્ત્રીઓ વડે ઘેરાયેલો હતો. તેથી તેણે તે સ્ત્રીઓને કહ્યું કે સાંભળો-'મને તારનાર, મમત્વ રહિત, અહંકાર રહિત, અકિંચન, સર્વજ્ઞ, સર્વદર્શી, જિન, વીતરાગ અને શુદ્ધ ધર્મના ઉપદેશક આવેલા છે, માટે હું તેમને વન્દન કરવા માટે જઉં છું.' એમ કહી રોમાંચયુક્ત થઇને ઉઠ્યો અને શ્રીજિનના વંદનને માટે ચાલ્યો. માર્ગમાં પણ લોકના સમુદાયને કહેતો હતો કે 'અહો ! મારા ભગવાન્ અકિંચન-પરિગ્રહ રહિત છે, મારા ભગવાન્ તૃષ્ણારહિત છે, જો તમે સુખના અર્થી હો તો વંદન કરવા ચાલો. તમને સર્વ સંશયને છેદનાર પરમેશ્વરના દર્શન થશે.' એમ બોલતો તે સ્ત્રીઓના પરિવાર સાથે ઉદ્યાનમાં પહોંચ્યો. તીર્થંકરના અતિશયો જોઇને કહે છે કે 'હે ભદ્રે ! ત્રિભુવનના જનના મનને આશ્ચર્ય કરનાર અને સુરેન્દ્રો વડે વંદિત છે ચરણ જેના એવો ખુશ થતો બીજો કોઈ છે ?' એમ અરિહંતની સન્મુખ જોઇને પ્રફુલ્લિત થએલા નેત્ર અને વદનકમલવાળો તે કુમાર બોલ્યો—

'અહો ! મારો પુણ્યાંકુર સફળ થયો. અહો ! આજ મારે અમૃતની વૃષ્ટિ થઈ કે વીતરાગનું દર્શન થયું.' એમ અનુમોદન કરતો પાંચ અભિગમપૂર્વક તીર્થંકરના ચરણો વાંદીને સ્તુતિ કરતો ઉભો છે, તેટલામાં ચારિત્રમોહના ક્ષયોપશમ વડે વિરતિના પરિણામવાળો થઈને કહે છે-'હે નાથ ! હે અશરણના શરણરૂપ ! હે મહાસાર્થવાહ ! હે ભવસમુદ્રના નિર્યામક ! મને સામાયિકનો ઉપદેશ કરો, જેથી મારા કષાયનો ક્ષય થાય.'

એ પ્રમાણે કહ્યું એટલે અરિહંતે સામાયિક આપ્યું. વ્રત ગ્રહણ કરીને તે શ્રમણ થયો, તેટલામાં આયુષનો ક્ષય થવાથી તે કુમારશ્રમણ મૃત્યુ પામ્યો. ત્યારબાદ તેનો પિતા રાજા પરિવારસહિત ત્યાં આવ્યો. પોતાના પુત્રને મૃત્યુ પામેલો જાણી ખેદ પામ્યો. માતા પણ વિલાપ અને રુદન કરવા લાગી. એટલામાં તે સુભાનુ કુમારનો જીવ દેવપણું પામી તુરત તીર્થંકરની પાસે આવ્યો. અને માતાપિતાને વિલાપ કરતાં જોઈને કહે છે કે 'એવું કયું દુઃખ છે કે તમે પરમ સુખ આપનારા જિનચરણોને પ્રાપ્ત કરીને રુદન કરો છો ?' ત્યારે માતાપિતા બોલ્યાં કે–અમારો અત્યન્ત વહાલો પુત્ર મરણ પામ્યો છે તેથી અમને તેનો વિયોગ થયો છે, તેના વિયોગનું દુઃખ દુઃસહ છે. ત્યારે દેવે કહ્યું કે રાજન્ ! તે કુમારનું શરીર પ્રિય છે કે તેનો જીવ પ્રિય છે ? જો જીવ પ્રિય છે તો તે હું જ છું, મારા ઉપર રાગ કરો. જો તેનું શરીર પ્રિય હોય તો તેના આ શરીર ઉપર રાગ કરો. વળી કહો કે તમારો પુત્ર કયાં છે, શરીરમાં છે કે જીવમાં છે ?

તે બન્ને હોવા છતાં તમે કેમ રડો છો? ત્યારે તેનો પિતા ઉત્તર આપે છે કે તે શરીર અથવા જીવને વિશે રાગનો ઉલ્લાસ થતો નથી. ત્યારબાદ દેવે કહ્યું કે—આ તો માન્યતા છે. 'આ મારો પુત્ર છે, આ માતા છે' ઇત્યાદિ વિકલ્પો કરીને અવસ્તુરૂપ સંબન્ધમાં કેમ મોહ પામો છો? આ વચનથી તે બધાએ પ્રતિબોધ પામી પ્રવ્રજ્યા લીધી. આ લોકમાં જે સંબન્ધ છે તે ભ્રાન્તિરૂપ છે. હે માતપિતા, હે બન્ધુઓ, અનિયત—સંયમ રહિત એવા અથવા અનિશ્ચિત સ્વરૂપવાળા એવા તમારો સંબન્ધ પ્રવાહથી અનાદિ છે. કેમકે મિત્ર શત્રુ થાય છે અને શત્રુ મિત્ર થાય છે. હવે ધ્રુવ—નિશ્ચિત એક—સ્વરૂપવાળા, અનેક પ્રકારના ભાવ રહિત એવા શીલ, સત્ય, શમ, દમ, સંતોષાદિ હિતકારક બંધુઓનો હમેશાં આશ્રય કરું છું, અર્થાત્ સાધક એવા શુદ્ધ આત્મગુણરૂપ બન્ધુઓનો સ્વીકાર કરું છું.

**कान्ता[1] मे समतैवैका ज्ञातयो मे समक्रियाः ।**
**बाह्यवर्गमिति त्यक्त्वा धर्मसंन्यासवान् भवेत् ॥२॥**

**વહાલી સ્ત્રી મને એક સમતા જ છે, બીજી સ્ત્રી નથી. સમાન ક્રિયા—આચારવાળા સાધુઓ જ મારા સગા છે, બીજા સગા કંઇ પણ કામના નથી. એ પ્રમાણે નિશ્ચય ભાવે કરી બાહ્ય પરિવારનો ત્યાગ કરીને ગૃહસ્થધર્મ—ઋદ્ધિ પ્રમુખ**

---

૧ मे=મારે. समता=સમભાવ. एव=જ. एका=એક. कान्ता=વહાલી સ્ત્રી છે. मे=મારે. ज्ञातयः=સગાવહાલાં. समक्रियाः=સમાન આચારવાળા સાધુઓ છે. इति=એ પ્રમાણે. बाह्यवर्गं=બાહ્ય વર્ગને. त्यक्त्वा=છોડીને. धर्मसंन्यासवान्=ધર્મસંન્યાસવાળો. भवेत्=થાય.

ઔદયિક ભાવનાં ત્યાગવાળો થાય. અર્થાત્ ઔદયિક ભાવને છોડી ક્ષયોપશમભાવવાળો થાય.

તત્ત્વજ્ઞાની અભ્યન્તર સંબન્ધને વિશે રતિ કરે છે તે જણાવે છે–હું સ્વરૂપસાધનમાં તત્પર થએલો છું, તો મારે સમતા એક જ ભોગયોગ્ય પ્રિય સ્ત્રી છે. કારણ કે પરમાર્થનું અવલંબન કરનારને સમતા રૂપ વનિતા હોય છે, સમાન આચારવાળા સાધુઓ મારા જ્ઞાતિ–સગાસંબન્ધી છે–એમ વિચારીને ધર્મસંન્યાસવાન્–ગૃહસ્થ ધર્મનો ત્યાગી થાય એટલે ઔદયિક સંપત્તિને છોડી ક્ષાયોપશમિક સાધનસંપત્તિને સ્વીકારે. જીવ અનાદિ કાળથી પરવસ્તુનો સંગ વગેરે વિભાવસંપદાને ઇચ્છતો, ગ્રહણ કરતો અને ભોગવતો ભવાટવીમાં પરિભ્રમણ કરે છે અને તે જ આત્મા સમ્યગ્જ્ઞાન અને દર્શનવડે ચારિત્રધર્મના પરિણામવાળો થઈ મોક્ષનો સાધક થાય છે.

**धर्मास्त्याज्याः सुसंगोत्थाः क्षायोपशमिका अपि ।**
**प्राप्य चन्दनगन्धाभं धर्मसंन्यासमुत्तमम् ॥४॥**

**ભાવનાચન્દનના ગન્ધ સમાન ક્ષાયિકપણાથી ઉત્તમ ધર્મસંન્યાસને પ્રાપ્ત કરીને સત્સંગથી ઉત્પન્ન થએલા ક્ષાયોપશમિક–ક્ષયોપશમથી પ્રાપ્ત થએલા ક્ષમાદિક ધર્મો પણ ત્યાગ કરવા યોગ્ય છે.**

---

૧ चन्दनगन्धाभं=ચન્દનના ગન્ધ સમાન. उत्तमं=શ્રેષ્ઠ. धर्मसंन्यासं=ધર્મસંન્યાસને. प्राप्य=પ્રાપ્ત કરીને. सुसंगोत्थाः=સત્સંગથી ઉત્પન્ન થયેલા. क्षायोपशमिकाः=ક્ષયોપશમથી પ્રાપ્ત થએલા. अपि=પણ. धर्माः=ધર્મો. त्याज्याः=તજવા લાયક છે.

એ અતાત્ત્વિક ધર્મસંન્યાસ કહેવાય છે. તાત્ત્વિક ધર્મ-સંન્યાસ તો ક્ષપકશ્રેણિમાં આઠમે ગુણસ્થાનકે હોય. કહ્યું છે કે—

"द्वितीयापूर्वकरणे प्रथमस्तात्त्विको भवेत् ॥"

પ્રથમ અપૂર્વકરણ સમ્યક્ત્વ લાભનું અને બીજું અપૂર્વકરણ આઠમા ગુણસ્થાનકનું જાણવું. ત્યાં પ્રથમોક્ત ધર્મસંન્યાસ તાત્ત્વિક-પારમાર્થિક હોય. યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રન્થમાં એ જ બાબત કહેવામાં આવી છે.

ચન્દનના ગન્ધ સરખા ઉત્તમ ક્ષાયિક જ્ઞાન, દર્શન અને ચારિત્રના અભેદરૂપ સહજ સ્વધર્મના પરિણામસ્વરૂપ ધર્મ-સંન્યાસને પ્રાપ્ત કરીને ક્ષાયોપશમિક–જ્ઞાન દર્શન ચારિત્રના ભેદ રૂપ અને સત્સંગ–દેવ–ગુરુના પ્રસંગથી ઉત્પન્ન થએલા ધર્મો પણ ત્યાગ કરવા યોગ્ય છે. ઉત્તમ ધર્મસંન્યાસ ચન્દનના ગન્ધ તુલ્ય છે, તૈલાદિકની સુગન્ધ અન્ય સુગન્ધી પુષ્પ વગેરે પદાર્થના સંસર્ગથી પુરુષાદિના નિમિત્તે થાય છે અને ચંદનમાં સુગન્ધ સહજરૂપે–તાદાત્મ્યરૂપે સ્વાભાવિક ઉત્પન્ન થએલી છે. આથી આત્મામાં પોતાનું સ્વરૂપ સ્વાભાવિક હોવાથી ધર્મનો પરિણામ સહજ છે, પરન્તુ તે અશુદ્ધતાથી ઢંકાયેલ છે અને તે સદ્‌ગુરુરૂપ નિમિત્ત મળવાથી પ્રગટ થાય છે. તેમાં પ્રથમ જીવ સવિકલ્પપણે સાંભળેલ જિનોપદેશાદિ નિમિત્તની અપેક્ષાથી સમ્યગ્દર્શનાદિને પ્રગટ કરે છે. ત્યારબાદ વૃદ્ધિ પામતા તે સમ્યગ્દર્શનાદિ ગુણોથી નિમિત્તાદિની અપેક્ષા વિના નિર્વિકલ્પ રત્નત્રયીના અભેદરૂપ ગુણપરિણામ સહજ ધર્મપરિણામરૂપે પરિણમે છે, ત્યારે સવિકલ્પ સાધના

ત્યાગ કરવા યોગ્ય છે. એ સંબન્ધે યોગદૃષ્ટિસમુચ્ચયમાં કહ્યું છે કેઃ—"द्वितीयापूर्वकरणे प्रथमस्तात्त्विको भवेत्" તેમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં પ્રથમ અપૂર્વકરણ છે અને ક્ષપકશ્રેણિમાં આઠમા નિવૃત્તિબાદર ગુણસ્થાનકે બીજું અપૂર્વકરણ હોય છે. તેમાં બીજા અપૂર્વકરણે સામર્થ્યયોગના પ્રથમ ભેદરૂપ ધર્મસંન્યાસ તાત્ત્વિક—પારમાર્થિક હોય છે. તાત્પર્ય એ છે કે સમ્યગ્દર્શનાદિ ક્ષાયોપશમિક ગુણો યદ્યપિ અરિહંતપ્રવચનાદિ સ્વજાતિને અબાધક એવા વિજાતિ પરદ્રવ્ય અવલંબીને પ્રવર્તે છે અને પરનું અવલંબન હોવાથી અતાત્ત્વિક છે, કેમકે સ્વસ્વરૂપમાં તન્મયતા નથી, અરિહંતાદિના ગુણનું અવલમ્બન લે છે, પરને અનુસરી વિષયકષાયાદિરૂપ આશ્રવની પરિણતિનો ત્યાગ કરે છે અને નિર્વિષય અને નિઃસંગ તીર્થંકરાદિનું અવલંબન કરે છે, તો પણ પરાનુયાયિપણું છે જ, એ હેતુથી અતાત્ત્વિક છે. જેને સમ્યગ્દર્શનાદિ ગુણના ક્ષયોપશમસ્વરૂપનું નિર્ધારણ, જ્ઞાન અને રમણરૂપ અન્ય નિમિત્તાદિના અવલમ્બન સિવાય સહજ ભાવે છે તે તાત્ત્વિક છે. અહીં રત્નત્રયીના સ્વરૂપમાં વીતરાગ સર્વજ્ઞે કહેલા યથાર્થ તત્ત્વની શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન, યથાર્થ તત્ત્વનો બોધ તે સમ્યગ્જ્ઞાન, તત્ત્વમાં રમણતા તે સમ્યક્ચારિત્ર. એમ ત્રણ ગુણનો ક્ષયોપશમ અરિહંતના વાક્યાદિના અવલંબનથી થાય છે તે સાધકપણારૂપ સ્વગુણ હોવા છતાં પણ કરણ હોવાથી ક્રમથી કારણ થાય છે. તે અતત્ત્વરૂપ છે, કારણ કે વિકલ્પપૂર્વક અન્તર્મુહૂર્ત સુધી ઉપાદેયપણે સ્વતત્ત્વનું નિર્ધારણ, જ્ઞાન અને રમણરૂપ તથા હેયબુદ્ધિથી પરભાવના ત્યાગનું નિર્ધારણ, ભાસન અને રમણતા

સહિત રત્નત્રયીનો પરિણામ થાય છે તે ભેદરત્નત્રયીરૂપ છે. જે સકલ વિભાવના હેયપણાના અવલોકન વગેરેથી રહિત છે, તથા વિચારણા, સ્મરણ અને ધ્યાનાદિથી મુક્ત છે, એક સમયે જ સંપૂર્ણ આત્મધર્મના નિર્ધારણ, ભાસન અને રમણતારૂપ નિર્વિકલ્પ સમાધિમય છે તે અભેદ રત્નત્રયીનું સ્વરૂપ છે. એ સંબન્ધે ધ્યાનપ્રકાશમાં કહ્યું છે કે—

**जो य वियप्पो चिरकालिओ सपरोभयालंबणे होइ।**
**जिट्ठि व्व पुरस्स चलणे निमित्तगाही भवे तेइ ॥**

સ્વ, પર અને ઉભયના આલંબનમાં જે વિકલ્પ લાંબા કાળથી છે, તે આગળ ચાલવામાં લાકડીની પેઠે નિમિત્તરૂપે ઉપકારી થાય છે, તે ભેદ રત્નત્રયીનો પરિણામ છે.

**एगसमयेण नियवत्थुधम्मंमि जं गुणतिगं रमई।**
**परदव्वाणुवओगी निमित्तचाई अभेई सो ॥**

એક સમયે નિજ વસ્તુધર્મમાં જે જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ત્રણ ગુણ રમણ કરે છે તે પરદ્રવ્યના ઉપયોગ રહિત નિમિત્તનો ત્યાગ કરનાર રત્નત્રયીનો અભેદ પરિણામ છે.

આવા અભેદરત્નત્રયીની પરિણતિવાળાએ પ્રયાસ અને આશંકા સહિત રત્નત્રયીના ભેદનો પરિણામ ત્યાગ કરવા યોગ્ય છે.

**गुरुत्वं स्वस्य नोदेति शिक्षासात्म्येन यावता।**
**आत्मतत्त्वप्रकाशेन तावत्सेव्यो गुरूत्तमः ॥५॥**

---

१ यावता=જ્યાં સુધી. शिक्षासात्म्येन=શિક્ષાના સમ્યક્ પરિણામથી.

**જ્યાં સુધી [૨]ગ્રહણશિક્ષા અને આસેવનાશિક્ષા એ બન્ને શિક્ષાના સમ્યક્ પરિણામે શુદ્ધાત્મસ્વરૂપના પ્રકાશ-સંશય અને વિપર્યાસરહિત બોધ વડે પોતાના આત્મામાં ગુરુપણું ન ઉદય પામે-પ્રગટ ન થાય ત્યાં સુધી ઉત્તમ ગુરુ-જ્ઞાનોપદેશાચાર્ય સેવવા યોગ્ય છે. હે ગુરુ! તમારી કૃપાથી મારા આત્માને વિશે ગુરુપણું ન આવે ત્યાં સુધી સૂત્રોક્ત વિધિએ મારે તમારી સેવા કરવાની છે. એમ ગુરુ સાથે સંકેત કરવો.**

જ્યાં સુધી આ સાધકના આત્મામાં શિક્ષા-ઉપદેશના પરિણામે આત્મતત્ત્વના પ્રકાશવડે ગુરુપણું ન આવે, એટલે પોતે જ પોતાનો ઉપદેશક ન થાય, આત્મધર્મના પ્રગટ થવા વડે સંશય અને વિપર્યાસ રહિત શુદ્ધ આત્મતત્ત્વનો પ્રકાશક ન થાય ત્યાં સુધી ઉત્તમ, સ્વપરને ઉપકારી, જ્ઞાન-દર્શન ચારિત્રરૂપ રત્નત્રયની પરિણતિવાળા, દ્રવ્ય અને ભાવ એવા ગુરુના ગુણ સહિત, તત્ત્વના ઉપદેશક ગુરુની સેવા કરવી. હે ગુરો! અતીત અનન્ત કાળે નહિ પ્રાપ્ત થએલ, પણ તમારા ઉપદેશરૂપ અંજનથી આત્મધર્મનું નિર્ધારણ, ભાસન અને રમણ રૂપ આત્માના અનુભવનું સુખ ભોગવ્યું. અહો ગુરુની કૃપા! કે જેનાથી પરમ અમૃતનું આસ્વાદન થાય છે. એ હેતુથી જ્યાં સુધી પૂર્ણાનન્દ પ્રાપ્ત થાય ત્યાં સુધી

---

आत्मतत्त्वप्रकाशेन=આત્મસ્વરૂપના બોધ વડે. स्वस्य=પોતાનું. गुरुत्वं=ગુરુપણું. न उदेति=ન પ્રગટ થાય. तावत्=ત્યાંસુધી. गुरूत्तमः=ઉત્તમ ગુરુ सेव्यः=સેવવા યોગ્ય છે.

૨ વ્રત, ધર્મ અને પડ્જીવનિકાય વગેરેના સ્વરૂપના પરિજ્ઞાન-રૂપ ગ્રહણશિક્ષા છે અને તેઓના પાલનરૂપ આસેવનાશિક્ષા છે.

તમારા ચરણો મને શરણરૂપ થાઓ. એ સંબન્ધે કહ્યું છે કે

**"नाणस्स होइ भागी थिरयरो दंसणे चरित्ते य।**
**धन्ना आवकहाए गुरुकुलवासं न मुञ्चंति"॥**

वि० आव० भाष्य गा० ३४५९

"જ્ઞાનનો ભાગી થાય છે, દર્શન અને ચારિત્રમાં સ્થિર થાય છે. તેથી ભાગ્યવંત પુરુષો જીવન પર્યન્ત ગુરુકુલવાસનો ત્યાગ કરતા નથી."

એ હેતુથી તત્ત્વના જિજ્ઞાસુ ચક્રવર્તીપણું કે શ્રેષ્ઠિપણું છોડીને શ્રમણપણું ગ્રહણ કરે છે અને સદ્ગુરુના ચરણારવિન્દ સેવે છે.

**ज्ञानाचारादयोऽपीष्टाः शुद्धस्वस्वपदावधि।**
**निर्विकल्पे पुनस्त्यागे न विकल्पो न च क्रिया॥६॥**

**જ્ઞાનાચારાદિ પણ શુદ્ધ એવા પોતપોતાના પદની મર્યાદા સુધી ઇષ્ટ છે. જ્ઞાનાચાર પ્રતિ એમ કહેવું કે જ્યાં સુધી તારા પ્રસાદથી તારું શુદ્ધ પદ કેવલજ્ઞાન ન આવે ત્યાંસુધી મારે તારી સેવા કરવાની છે. એમ દર્શનાચારની સેવા ક્ષાયિક સમ્યક્ત્વરૂપ શુદ્ધ પદનો લાભ થાય ત્યાં સુધી, ચારિત્રાચારની સેવા તેના શુદ્ધ પદ યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિ થાય ત્યાં સુધી, તપાચારનું આચરણ પરમ શુક્લ-**

---

૧ ज्ञानाचारादयः=જ્ઞાનાચાર વગેરે આચારો. अपि=પણ. शुद्धस्वस्वपदावधि=શુદ્ધ એવા પોતપોતાના પદની મર્યાદા સુધી. इष्टाः=ઇષ્ટ છે. (પણ) निर्विकल्पे=વિકલ્પ-ચિન્તારહિત, त्यागे=ત્યાગની અવસ્થામાં. न विकल्पः=વિકલ્પ નથી. च=અને. न क्रिया=ક્રિયા પણ નથી.

**ધ્યાનનો લાભ થાય ત્યાં સુધી અને વીર્યાચારની સેવા વીર્યની સર્વથા શુદ્ધિ થાય ત્યાં સુધી કરવાની છે. એ શુદ્ધ સંકલ્પપૂર્વક સર્વ ક્રિયા લેખે લાગે. સંકલ્પહીન કર્મ ફળે નહિ. એ શુભોપયોગ દશામાં સવિકલ્પ ત્યાગીની મર્યાદા કહી. જ્યારે વિકલ્પરહિત ત્યાગ થાય છે ત્યારે વિકલ્પ નથી તેમ પરિસ્પન્દાદિક ક્રિયા પણ નથી.**

ગુણની વૃદ્ધિ માટે જેનું આચરણ-પાલન કરાય તે આચારો. તેમાં યોગ્ય કાળે ભણવું, ગુરુનો વિનય કરવો ઇત્યાદિ જ્ઞાનાચાર, તત્ત્વમાં નિઃશંક થવું ઇત્યાદિ દર્શનાચાર, સમિતિ ગુપ્તિ વગેરે ચારિત્રાચાર, બાહ્ય અને અભ્યન્તર તપનું ગ્લાનિ સિવાય કરવું તે તપાચાર, શક્તિને છુપાવ્યા સિવાય સદનુષ્ઠાનમાં વીર્યની પ્રવૃત્તિ તે વીર્યાચાર. તે બધા જ્ઞાનાચારાદિ આચારો પણ શુદ્ધ પોતપોતાના પદની મર્યાદા સુધી પાલન કરવા યોગ્ય છે-એટલે શુભોપયોગ દશામાં જ્યાં સુધી સવિકલ્પપણું છે ત્યાં સુધી ઇષ્ટ છે. 'આ ત્યાગ કરવા યોગ્ય છે, આ ગ્રહણ કરવા યોગ્ય છે' એવા વિકલ્પ રહિત ત્યાગદશામાં સ્વાભાવિક સ્વરૂપની તન્મયતામાં વિકલ્પ હોતો નથી અને બલ-વીર્યની પ્રવૃત્તિ રૂપ ક્રિયા પણ હોતી નથી. ત્યાં સ્વરૂપના અવલંબન કરનાર ગુણની પ્રવૃત્તિમાં વીર્ય પોતાના ક્ષેત્રમાં જ રહેલું હોવાથી ચલનાદિ ક્રિયા થતી નથી, પરન્તુ પરભાવનું ગ્રહણ હોય છે ત્યારે પરભાવના ગ્રાહકપણે અભિમુખ થએલા વીર્યની પ્રવૃત્તિમાં કાર્યના નિકટવર્તીપણાને લીધે વીર્યની વિષમતા થવાથી ચલનાદિ રૂપ ક્રિયા હોય છે. આથી સ્વરૂપમાં મગ્ન થએલાને પોતપોતાના પ્રદેશમાં વ્યાપ્ત થએલા ગુણોની તે તે પ્રદેશમાં

રહેલા વીર્યની સહાયથી પ્રવૃત્તિ થવાથી એક પ્રદેશથી અન્ય પ્રદેશમાં જવારૂપ વીર્યની ચલનાદિ ક્રિયા થતી નથી. ક્રિયા બે પ્રકારની છે. બાધક અને સાધક. તેમાં મિથ્યાત્વ, અસંયમ અને કષાયની પ્રેરણાથી ચેતનાનો પરિણામ પરવસ્તુની અભિલાષાવાળો હોવાથી પર વસ્તુને ગ્રહણ કરવા માટે વીર્યને પ્રવર્તાવે છે તે આભ્યન્તર ક્રિયા છે અને કુદેવની સેવાદિરૂપ બાહ્ય ક્રિયા છે. તે બન્ને પ્રકારની ક્રિયા કર્મબન્ધનો હેતુ હોવાથી બાધક કહેવાય છે. જે શુદ્ધ દેવગુરુની સેવા, આસ્રવનિરોધ અને સંવરના પરિણમન રૂપ કર્મના બન્ધને રોકનારી ક્રિયા છે તે સાધક ક્રિયા છે. યદ્યપિ નિર્વિકલ્પ ધ્યાન–સમાધિમાં બાધક ક્રિયા અને ભાવસાધક બાહ્ય ક્રિયાનો અભાવ છે, પરન્તુ ગુણને અનુસરનાર વીર્યના પરિણમનરૂપ અભ્યન્તર ક્રિયા હોય છે, તો પણ ગ્રહણ અને ત્યાગરૂપ ક્રિયાના અભાવમાં 'ક્રિયા નથી' એમ કહ્યું છે.

યોગનો રોધ કરવાથી યોગસંન્યાસ હોય છે તે કહે છે–

**योगसंन्यासतस्त्यागी योगानप्यखिलांस्त्यजेत् ।**
**इत्येवं निर्गुणं ब्रह्म परोक्तमुपपद्यते ॥७॥**

(ધર્મ)સંન્યાસનો ત્યાગી યોગસંન્યાસથી સર્વ યોગોનો પણ ત્યાગ કરે. એ યોગસંન્યાસ ચૌદમા ગુણસ્થાનકે હોય. કહ્યું છે કે:—

---

૧ योगसन्न्यासतः=યોગનો રોધ કરવાથી त्यागी=ત્યાગી થએલો. अखिलान्=બધા. योगान्=યોગોનો. अपि=પણ. त्यजेत्=ત્યાગ કરે. इति= એમ. एवं=એ રીતે. परोक्तं=બીજાએ કહેલ. निर्गुणं=ગુણરહિત. ब्रह्म= આત્મસ્વરૂપ. उपपद्यते=ઘટે છે.

**"आयोज्यकरणादूर्ध्वं द्वितीय इति तद्विदः" ॥**

**"આયોજ્યકરણ કર્યા બાદ બીજો યોગસંન્યાસ હોય છે" કેવલજ્ઞાન વડે અચિન્ત્ય વીર્યશક્તિથી ભવોપગ્રાહી કર્મને તેવા પ્રકારની સ્થિતિમાં આણીને ક્ષય કરવાની ક્રિયા તે આયોજ્યકરણ. તેનું ફળ શૈલિશી–યોગોની અત્યન્ત સ્થિરતા છે. ત્યારબાદ બીજો યોગસંન્યાસ નામે સામર્થ્ય યોગ છે. એમ તેના સ્વરૂપને જાણનારા કહે છે. શૈલિશી અવસ્થામાં કાયાદિ યોગના ત્યાગ કરવાથી 'અયોગ' નામે સર્વસંન્યાસ રૂપ સર્વોત્તમ યોગની પ્રાપ્તિ થાય છે. એ પ્રમાણે બીજાએ કહેલ નિર્ગુણ–ગુણરહિત બ્રહ્મ–આત્મસ્વરૂપ ઘટે છે. જે વાદીઓ એમ કહે છે કે સ્વભાવગુણ જાય, તે જુઠા છે. એમ તો ગુણના અભાવે ગુણીનો અભાવ થાય, પણ ધર્મસંન્યાસના ત્યાગથી ઔપાધિક ધર્મ-યોગના અભાવે નિર્ગુણ શબ્દનો અર્થ ઘટાવવો.**

બાહ્ય અભ્યન્તર સર્વ પરભાવના ત્યાગી [1]આવર્જીકરણ કર્યા બાદ યોગનો રોધ કરવાથી બધા વીર્યની ચેષ્ટારૂપ યોગોનો ત્યાગ કરે છે. એમ સમસ્ત યોગોનો રોધ કરવાથી પર–ઉત્કૃષ્ટ સર્વજ્ઞોએ (?) (પર–અન્ય દર્શનોએ) કહેલ નિર્ગુણ–યોગાદિ રહિત સત્ત્વ, રજસ્ અને તમોગુણ રહિત બ્રહ્મ–ચૈતન્યમય આત્મસ્વરૂપ ઘટી શકે છે. યોગનો રોધ કરવા રૂપ આત્માનું વાસ્તવિક સ્વરૂપ છે.

---

૧ કેવલજ્ઞાની અન્તર્મુહૂર્તનું આયુષ બાકી હોય ત્યારે આયુષ કરતાં અધિક વેદનીયાદિ કર્મોનો ઘાત કરવારૂપ સમુદ્ઘાત કરવા પહેલાં આવર્જીકરણ કરે છે. તે શુભ મન, વચન અને કાયયોગના વ્યાપારરૂપ છે. મોક્ષ પ્રતિ આત્માને સન્મુખ કરવાની ક્રિયા તે

'નિર્ગુણ એટલે સાંસર્ગિક ગુણ વડે રહિત' એમ કહેવાથી 'આત્મા હમેશાં નિર્ગુણ છે' એનો નિષેધ કરે છે—

**वस्तुतस्तु गुणैः पूर्णमनन्तैर्भासते स्वतः।**
**रूपं त्यक्तात्मनः साधोर्निरभ्रस्य विधोरिव ॥८॥**

**વાદળાં રહિત ચન્દ્રની પેઠે ત્યાગવન્ત છે આત્મા જેનો એવા સાધુનું સ્વરૂપ પરમાર્થથી અનન્ત જ્ઞાનાદિ ગુણો વડે પૂર્ણ સ્વપ્રકાશની મર્યાદાએ ભાસે છે. આવરણના જવાથી સ્વભાવગુણ પ્રગટ થાય પણ જાય નહિ.**

પરમાર્થથી એટલે પદાર્થના મૂળ સ્વરૂપે શુદ્ધ આત્મા

---

આવર્જીકરણ. કેટલાએક કેવલજ્ઞાની સમુદ્ઘાત કરે અથવા ન પણ કરે. કારણ કે જેના આયુષ કરતાં વેદનીયાદિ કર્મો અધિક હોય તે સમુદ્ઘાત કરે અને જેના આયુષ કરતાં વેદનીયાદિ કર્મો અધિક નથી તેઓ સમુદ્ઘાત કરતા નથી. પરન્તુ શુભ યોગની પ્રવૃત્તિરૂપ આવર્જીકરણ તો બધા કેવલજ્ઞાની અવશ્ય કરે છે. (જુઓ પ્રજ્ઞાપના ટીકા પા. ૬૦૪) વિશેષાવશ્યક ભાષ્યમાં "आवज्जणमुवओगो वावारो वा" એ ગાથાની વ્યાખ્યામાં 'મારે હવે આ કરવા યોગ્ય છે' એવા પ્રકારનો કેવલજ્ઞાનીનો ઉપયોગ અથવા ઉદયાવલિકામાં કર્મને નાંખવારૂપ વ્યાપારને આવર્જીકરણ કહેલું છે. (વિ. આવ. ગા. ૩૦૫૦) ત્યારબાદ સમુદ્ઘાત કરે છે અને સમુદ્ઘાત કર્યા પછી યોગનો રોધ કરે છે. જેઓ સમુદ્ઘાત કરતા નથી તેઓ આવર્જીકરણ કર્યા પછી યોગનો રોધ કરવાની ક્રિયા કરી સમગ્ર યોગોનો ત્યાગ કરે છે.

૧ निरभ्रस्य=વાદળાં રહિત. विधोः=ચન્દ્રની. इव=પેઠે. त्यक्तात्मनः=ત્યાગી છે આત્મા જેનો એવા, साधोः=સાધુનું સ્વરૂપ. वस्तुतः=પરમાર્થથી. अनन्तैः=અનન્ત, गुणैः=ગુણો વડે. पूर्णं=પૂર્ણ. स्वतः=સ્વયં. भासते=ભાસે છે.

પોતાના સ્વભાવથી અનન્ત ગુણો વડે પરિપૂર્ણ ભાસે છે. સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપરૂપ સાધનના પરિણમન વડે અનાદિ પરવસ્તુના સંગનો ત્યાગ કરવાથી સ્વરૂપનું જ્ઞાન, રમણ અને અનુભવથી નવીન કર્મનું નહિ ગ્રહણ કરવારૂપ સ્વરૂપની એકતામાં તન્મયપણાથી પૂર્વ કર્મની નિર્જરા વડે જ્યારે આ આત્મા શુદ્ધ અને સકલ પુદ્ગલની ઉપાધિરહિત થાય છે ત્યારે જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, અગુરુલઘુ, અવ્યાબાધ, અસંગ, અમૂર્ત, પરમ દાન, લાભ, ભોગ, ઉપભોગ, અક્રિયતા અને અસિદ્ધત્વાદિ અનન્તગુણો વડે પૂર્ણ પ્રકાશમાન થાય છે. જેણે પરભાવને વિશે આત્મબુદ્ધિનો ત્યાગ કર્યો છે એવા મોક્ષપદના સાધક સાધુનું સ્વરૂપ મેઘના આવરણ રહિત ચન્દ્રના સ્વરૂપ જેવું પ્રકાશે છે. જેમ વાદળારહિત ચન્દ્રનું સ્વરૂપ નિર્મલ હોય છે તેમ જ્ઞાનાવરણાદિ કર્મના આવરણ રહિત શુદ્ધ આત્માનું સ્વરૂપ નિર્મલ હોય છે. એ હેતુથી બાધક પરિણતિના હેતુનો ત્યાગ કરી સાધકપણાનું અવલમ્બન કરી, સાધકપણામાં પણ વિકલ્પરૂપ વર્તમાન અપવાદ સાધનાનો ત્યાગ કરતો અને ઉત્સર્ગ સાધનાને ગ્રહણ કરતો, પુનઃ ઉત્સર્ગ સાધનાનો ત્યાગ કરી પૂર્ણાવસ્થાને પ્રાપ્ત કરતો અને એ ક્રમથી આત્મા બધા સાંયોગિક ભાવોના નિવારણ કરવાથી નિર્મલ, નિષ્કલંક, અસંગ, સર્વ આવરણ રહિત, સચ્ચિદાનન્દ સ્વરૂપ થઇ આત્યન્તિક, એકાન્તિક, દ્વન્દ્વરહિત, સહજ, નિરુપમ ચારિત્ર સુખ વડે પરિપૂર્ણ થાય છે. આ હેતુથી સમ્યગ્ જ્ઞાનના બળથી હેયોપાદેય તત્ત્વનો વિવેક કરી સર્વ પ્રકારના હેય ભાવોનો ત્યાગ કરવો યોગ્ય છે. કારણ કે ત્યાગ નિર્-

રાનું મૂળ છે. પરભાવનું ગ્રહણ જ આત્માને અહિતકારક છે. માટે આત્મસ્વરૂપની અભિલાષાવાળાએ પરભાવનો ત્યાગ કરવો જ જોઇએ..

## ९ क्रियाष्टक

**ज्ञानी[1] क्रियापरः शान्तो भावितात्मा जितेन्द्रियः।**
**स्वयं तीर्णो भवाम्भोधेः परांस्तारयितुं क्षमः ॥१॥**

**જે સમ્યગ્ જ્ઞાનવાળા, ક્રિયાને વિશે તત્પર, ઉપશમવાળા, (જ્ઞાનાદિ ગુણ વડે) વાસિત કર્યો છે આત્મા જેણે એવા અને જિતેન્દ્રિય છે તે પોતે સંસારસમુદ્રથી તરેલા છે અને બીજાને તારવાને સમર્થ છે.**

પર ભાવનો–પૌદ્ગલિક ભાવનો ત્યાગ કરવો એ જ મોક્ષસાધક ક્રિયા છે. એ હેતુથી ત્યાગાષ્ટક પછી ક્રિયાષ્ટકનું પ્રતિપાદન કરવામાં આવ્યું. છે આત્માના કર્તાપણાથી જે કરાય તે ક્રિયા–એટલે દ્રવ્યના કર્તૃત્વભાવની પ્રવૃત્તિ. સ્વરૂપને અનુકૂલ દર્શન અને જ્ઞાનશક્તિનો બોધરૂપ વ્યાપાર તે જ્ઞાન અને સ્વરૂપને અનુકૂલ વીર્યની પ્રવૃત્તિ તે ક્રિયા. 'ज्ञान-क्रियाभ्यां मोक्षः' જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ થાય છે. તેમાં જ્ઞાન એ સ્વપરપ્રકાશનરૂપ છે અને ક્રિયા સ્વરૂપમાં

---

૧ ज्ञानी=સમ્યગ્જ્ઞાનવાળા. क्रियापरः=ક્રિયામાં તત્પર. शान्तः=ઉપશમયુક્ત. भावितात्मा=ભાવિત છે આત્મા જેનો એવા. जितेन्द्रियः=ઇન્દ્રિયોને જિતનાર. भवाम्भोधेः=સંસારરૂપ સમુદ્રથી. स्वयं=પોતે. तीर्णः=તરેલ છે. (અને) परान्=બીજાને. तारयितुम्=તારવાને. क्षमः=સમર્થ છે.

રમણ કરવારૂપ છે. તેમાં ચારિત્ર અને વીર્યગુણની અભેદ પરિણતિ તે ક્રિયા. તે મોક્ષસાધક ક્રિયા છે. આ અનાદિ જગતમાં કાયિકી વગેરે અશુદ્ધ ક્રિયાની પ્રવૃત્તિથી સંસાર થયો છે અને તે જ સંસાર વિશુદ્ધ સમિતિ, ગુપ્તિ વગેરે તથા વિનય–વૈયાવૃત્ય આદિ સત્ક્રિયા કરવાથી નિવૃત્ત થાય છે. તેથી સંસારનો નાશ કરવા માટે સંવર અને નિર્જરા-રૂપ ક્રિયા કરવા યોગ્ય છે. તેમાં નામ અને સ્થાપના સુગમ છે. દ્રવ્યક્રિયા શુદ્ધ અને અશુદ્ધ એમ બે પ્રકારની છે. તેમાં સ્વરૂપને અનુકૂલ યોગની પ્રવૃત્તિ રૂપ શુદ્ધ ક્રિયા અને કાયિકી વગેરે ક્રિયા તે અશુદ્ધ ક્રિયા છે. ભાવક્રિયા વીર્યની પ્રવૃત્તિ રૂપ છે. પૌદ્‌ગલિક ભાવને અનુકૂલ ઔદારિકાદિ કાયવ્યા-પારને સન્મુખ વીર્યની પ્રવૃત્તિ તે અશુદ્ધ ભાવક્રિયા, અને પોતાના ગુણોનું સ્વરૂપે પરિણમન થવામાં નિમિત્તભૂત વીર્યવ્યાપારરૂપ ક્રિયા તે શુદ્ધ ભાવક્રિયા. તેમાં નૈગમ નય વડે ક્રિયાનો [1]સંકલ્પ તે ક્રિયા કહેવાય છે. સંગ્રહ નયથી બધા સંસારી જીવો સક્રિય છે. વ્યવહાર નયથી શરીરપર્યાપ્તિ પૂરી થયા પછી ક્રિયા કહેવાય છે. ઋજુસૂત્ર નયથી કાર્ય સાધન માટે જેમાં યોગની પ્રવૃત્તિ મુખ્ય છે એવી વીર્યના પરિણામરૂપ ક્રિયા છે. શબ્દનય વડે વીર્ય-શક્તિની પ્રવૃત્તિરૂપ ક્રિયા કહેવાય છે, સમભિરૂઢ નય વડે ગુણની સાધના માટે કરવા યોગ્ય સર્વ વ્યાપાર તે ક્રિયા.

---

૧ નૈગમ સંકલ્પગ્રાહી છે અને સંગ્રહનય સત્તાગ્રાહી છે. જેમ પ્રસ્થના સંકલ્પથી જંગલમાં લાકડું લેવા જનાર 'પ્રસ્થ માટે જાય છે' એ વ્યવહાર થાય છે, તે નૈગમનયનો વિષય છે.

એવંભૂત નયથી તત્ત્વની એકતા અને વીર્યની ઉત્કટતાને સહાયક ગુણના પરિણમનરૂપ ક્રિયા કહેવાય છે.

અહીં મોક્ષમાર્ગના સાધકને માટે સાધનરૂપ ક્રિયાનો અવસર છે. કારણ કે જ્ઞાન અને ચારિત્રથી મોક્ષ થાય છે. તેથી ગુણની પ્રવૃત્તિરૂપ સ્વરૂપનું ગ્રહણ અને પરભાવના ત્યાગરૂપ ક્રિયા મોક્ષની સાધક છે. માટે તત્ત્વને જાણી પરમાર્થની સાધના માટે સમ્યક્ ક્રિયા કરવા યોગ્ય છે અને તેને માટે આ ઉપદેશ છે–ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય ત્યાં સુધી જિનોક્ત તત્ત્વમાં નિઃશંકપણું વગેરે આઠ પ્રકારના દર્શનાચારની સેવા કરવી. કેવલજ્ઞાન સુધી કાળ, વિનયાદિ જ્ઞાનાચારનું નિરંતર પાલન કરવું, યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિ પર્યન્ત ચારિત્રાચારની સેવા કરવી. પરમ શુક્લધ્યાન સુધી તપ આચારનું પાલન કરવું. સર્વ સંવર સુધી વીર્યાચારની સાધના અવશ્ય કરવી. પાંચ પ્રકારના આચાર સિવાય મોક્ષની પ્રાપ્તિ થતી નથી. દર્શનથી જ સ્વગુણોની પ્રવૃત્તિ રૂપ ક્રિયા દર્શનાદિ ગુણની વિશુદ્ધિ માટે થાય છે, તે નિમિત્તનું અવલંબન કરી પ્રવૃત્તિ કરવી તે આચાર. એ હેતુથી ગુણની પૂર્ણતા થાય ત્યાં સુધી આચારો સેવવા યોગ્ય છે. કેમકે આચારથી ગુણોની પૂર્ણતા થાય છે અને પૂર્ણગુણવાળાની આચરણા તો બીજાના ઉપકાર માટે છે. એ હેતુથી કહે છે—

યથાર્થ તત્ત્વના સ્વરૂપને જાણનારા જ્ઞાની, મોક્ષ સાધનને અનુકૂલ યોગની પ્રવૃત્તિરૂપ અથવા આત્માના ગુણને અનુકૂલ વીર્યની પ્રવૃત્તિરૂપ ક્રિયાને વિશે તત્પર, શાન્ત–

કષાયના સંતાપ રહિત, ભાવિતાત્મા—શુદ્ધ સ્વરૂપમાં રમણતામય આત્મા જેનો છે એવા અને જિતેન્દ્રિય—ઇન્દ્રિયોને જીતનાર ભવસમુદ્રથી પોતે તરેલા છે અને ઉપદેશ વગેરેથી પોતાના આશ્રિત બીજાને તારવાને સમર્થ છે.

જે સમ્યગ્દર્શન, જ્ઞાન, અને ચારિત્રની પરિણતિવાળા, આત્મસ્વરૂપમાં રમણ કરનારા, આત્માને વિશે સ્થિરતા કરનારા અને આત્માના અનુભવમાં મગ્ન થએલા છે તે સ્વયં સંસારથી નિવૃત્ત થએલા છે, અને તેની સેવા કરનાર બીજાને તારે છે. અહીં ભાવનારહિત વચનવ્યાપાર અને મનના વિકલ્પરૂપ સંવેદન જ્ઞાન સુધી દ્રવ્યજ્ઞાન છે અને ભાવજ્ઞાન તે તત્ત્વના અનુભવરૂપ ઉપયોગનું કારણ છે. દ્રવ્યક્રિયા યોગની પ્રવૃત્તિરૂપ છે અને તે પણ સ્વગુણને અનુકૂલ સ્વરૂપની પ્રવૃત્તિરૂપ ભાવક્રિયાનું કારણ છે. અહીં જ્ઞાનનું ફળ વિરતિ છે અને તેથી જ્ઞાન વિરતિનું કારણ છે. તત્ત્વાર્થ ટીકામાં કહ્યું છે કે—"दर्शनज्ञाने चारित्रस्य कारणं, चारित्रं मोक्षकारणम्" દર્શન અને જ્ઞાન ચારિત્રનું કારણ છે અને ચારિત્ર એ મોક્ષનું કારણ છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે—

**नादंसणिस्स नाणं नाणेण विणा न हुंति चरणगुणा।**
**अगुणिस्स नत्थि मोक्खो नत्थि अमुक्खस्स निव्वाणं॥**

अध्ययन २८ गा० ३०

"તેથી સમ્યગ્દર્શનરહિતને જ્ઞાન હોતું નથી, જ્ઞાન સિવાય ચારિત્રગુણો હોતા નથી, ચારિત્રગુણરહિતનો મોક્ષ થતો નથી અને મોક્ષરહિતનું નિર્વાણ થતું નથી."

આ કારણથી ક્રિયા સહિત જ્ઞાન હિતકારક છે, પણ એકલું જ્ઞાન હિતકારક થતું નથી–એ બાબત કહે છે–

[1]क्रियाविरहितं हन्त ज्ञानमात्रमनर्थकम्।
गतिं विना पथज्ञोऽपि नाप्नोति पुरमीप्सितम्॥२॥

ક્રિયારહિત એકલું જ્ઞાન અનર્થક–મોક્ષરૂપ ફળ સાધવાને અસમર્થ છે. માર્ગનો જાણનાર પણ પાદવિહાર સિવાય ઇચ્છિત નગરે પહોંચતો નથી.

મોક્ષના સાધનમાં પ્રવૃત્તિ કરવારૂપ ક્રિયા વિનાનું એકલું સંવેદનરૂપ (જાણવારૂપ) જ્ઞાન નિરર્થક છે એટલે મોક્ષરૂપ કાર્યનું સાધક થતું નથી. તેને વિશે આ દૃષ્ટાન્ત છે–માર્ગનો જાણનાર છતાં પણ પગે ચાલવાની ક્રિયા સિવાય ઇચ્છિત નગરે પહોંચતો નથી. પગે ચાલવાથી જ ઇચ્છિત નગરે પહોંચાય છે. કેમકે–"नाणचरणेण मोक्खो" જ્ઞાન અને ચારિત્ર વડે મોક્ષ થાય છે એવું શાસ્ત્રવચન છે.

सन्नाणनाणोवगए महेसी अणुत्तरं चरिउं धम्मसंचयं।
अणुत्तरेनाणधरे जसंसी ओभासइ सूरिएवंतलिक्खे ॥

उत्तरा० अ० २१ गा० २७

"સમ્યક્ અનેક પ્રકારના જ્ઞાનને પ્રાપ્ત થયેલા તે મહર્ષિ પ્રધાન ક્ષમાદિ ધર્મના સમુદાયને આચરીને અનુત્તર–પ્રધાન

---

[1] क्रियाविरहितं=ક્રિયા વિનાનું. हन्त=ખેદસૂચક અવ્યય. ज्ञानमात्रं=એકલું જ્ઞાન. अनर्थकं=નિરર્થક છે. गतिं विना=ચાલવાની ક્રિયા સિવાય. पथज्ञोऽपि=માર્ગનો જાણનાર પણ. ईप्सितं=ઇચ્છિત. पुरं=નગરે. नाप्नोति=પહોંચતો નથી.

કેવલજ્ઞાનને ધારણ કરનારા આકાશમાં સૂર્યની પેઠે પ્રકાશે છે.

જ્ઞાનીને પણ ક્રિયાની આવશ્યકતા છે—એ બતાવે છે—

**[1]स्वानुकूलां क्रियां काले ज्ञानपूर्णोऽप्यपेक्षते ।**
**प्रदीपः स्वप्रकाशोऽपि तैलपूर्त्यादिकं यथा ॥३॥**

**જેમ દીવો પોતે સ્વપ્રકાશરૂપ છે તો પણ તેલ પૂરવા વગેરે ક્રિયાની અપેક્ષા રાખે છે, તેમ પૂર્ણજ્ઞાની પણ અવસરે સ્વભાવરૂપ કાર્યને અનુકૂલ ક્રિયાની અપેક્ષા રાખે છે. (અર્થાત્ પૂર્ણજ્ઞાનીને પણ અવસરે સ્વભાવને અનુકૂલ ક્રિયાની આવશ્યકતા છે).**

સ્વ અને પરના વિવેકવાળા પૂર્ણજ્ઞાની પણ કાર્ય કરવાના અવસરે સ્વભાવની પોષક એવી સાધનકાર્યને કરવારૂપ ક્રિયાની અપેક્ષા રાખે છે. હેયોપાદેય તત્ત્વનો જ્ઞાતા સમ્યગ્જ્ઞાની પ્રથમ સંવરરૂપ કાર્યની રુચિવાળો દેશવિરતિ અને સર્વવિરતિરૂપ ક્રિયાનો આશ્રય કરે છે. વળી ચારિત્રયુક્ત તત્ત્વજ્ઞાની કેવલજ્ઞાનરૂપ કાર્યને ઉત્પન્ન કરવાની ઇચ્છાવાળા શુક્લધ્યાનારૂઢ થવાની ક્રિયાનો આશ્રય કરે છે. અને કેવલજ્ઞાની સર્વસંવર અને પૂર્ણાનન્દ પ્રાપ્ત કરવાના અવસરે યોગના નિરોધ કરવારૂપ ક્રિયા કરે છે. એ હેતુથી જ કહેવામાં આવ્યું છે કે 'જ્ઞાનીને પણ ક્રિયાની અપેક્ષા

---

૧ स्वानुकूलां=સ્વભાવને અનુકૂલ, પોષક. क्रियां=આવશ્યકાદિ ક્રિયાની. काले=અવસરે. ज्ञानपूर्णः=જ્ઞાનવડે પરિપૂર્ણ, પૂર્ણજ્ઞાની. अपि=પણ. अपेक्षते=અપેક્ષા રાખે છે. यथा=જેમ. प्रदीपः=દીવો. स्वप्रकाशः=પોતે પ્રકાશરૂપ. (છતાં) अपि=પણ. तैलपूर्त्यादिकं=તેલનું પૂરવું વગેરેની (અપેક્ષા રાખે છે.)

છે'. તે માટે જ મુનિઓને શાસ્ત્રમાં આવશ્યક ક્રિયા કરવાની કહેલી છે. તેમાં આ દૃષ્ટાન્ત છે—જેમ દીવો સ્વભાવથી પ્રકાશરૂપ હોવા છતાં તેલ પૂરવા વગેરે ક્રિયાની અપેક્ષા રાખે છે, તેમ જ્ઞાની પણ પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ ક્રિયાનુષ્ઠાનમાં તત્પર હોય છે. ક્રિયા એ વીર્યની શુદ્ધિનું કારણ છે, અશુદ્ધ વીર્ય વડે આસ્રવયુક્ત જીવ સંસારમાં ભ્રમણ કરે છે અને તેજ જીવ ગુણી પુરુષની સેવાથી ગુણને પ્રગટાવવામાં તત્પર થએલો સંવરવાળો થાય છે. કર્મપ્રદેશોનું ગ્રહણ યોગદ્વારા થાય છે અને યોગો વીર્યથી થાય છે. તેથી યોગોને પરમાત્માને વન્દન, સ્વાધ્યાય અને અધ્યયનાદિમાં જોડ્યા હોય તો તે કર્મને ગ્રહણ કરવા માટે સમર્થ થતા નથી. યોગોની સત્પ્રવૃત્તિ કરવી એ જ ક્રિયા છે.

**बाह्यभावं पुरस्कृत्य ये क्रियां व्यवहारतः ।**
**वदने कवलक्षेपं विना ते तृप्तिकांक्षिणः ॥४॥**

**બાહ્ય ક્રિયાના ભાવને આગળ કરીને જેઓ વ્યવહારથી ક્રિયાનો નિષેધ કરે છે તેઓ મુખમાં કોળીઓ નાંખ્યા સિવાય તૃપ્તિને ઇચ્છે છે.**

જેઓએ ગુરુના ચરણની સેવા કરી નથી એવા જે જીવો બાહ્ય ભાવને આગળ કરીને વ્યવહારથી ક્રિયાનો નિષેધ કરે છે, અર્થાત્ 'વ્યવહારક્રિયા એ બાહ્યભાવ છે,

---

૧ बाह्यभावं=બાહ્ય ભાવને. पुरस्कृत्य=આગળ કરીને. ये=જેઓ. व्यवहारतः=વ્યવહારથી. क्रियां=ક્રિયાનો (નિષેધ કરે છે). ते=તેઓ. वदने=મોઢામાં. कवलक्षेपं=કોળીઓ નાંખ્યા. विना=સિવાય. तृप्तिकांक्षिणः=તૃપ્તિને ઇચ્છનારા છે.

તેથી શું વળવાનું હતું ?" એમ કહીને ક્રિયા કરવામાં મન્દ પ્રયત્નવાળા થાય છે તે મનુષ્યો મુખમાં કોળીઓ નાંખ્યા સિવાય તૃપ્તિને ઇચ્છનારા છે.

**गुणवद्बहुमानादेर्नित्यस्मृत्या च सत्क्रिया।**
**जातं न पातयेद् भावमजातं जनयेदपि ॥५॥**

અધિક ગુણવંતના બહુમાનાદિથી, (આદિ શબ્દથી પાપની જુગુપ્સા, અતિચારની આલોચના–વ્રતમાં લાગેલા દોષો સદ્ગુરુ સમક્ષ પ્રગટ કરવા, દેવગુરુની ભક્તિ અને ઉત્તર ગુણની શ્રદ્ધા લેવી.) તથા લીધેલા નિયમોને હમેશાં સંભારવા વડે સત્ક્રિયા–શુભ ક્રિયા ઉત્પન્ન થયેલા ભાવને ન પાડે, તેનો નાશ ન કરે અને નહિ ઉત્પન્ન થયેલા ભાવને પણ ઉત્પન્ન કરે. એ સંબન્ધે વિંશતિકામાં શ્રીહરિભદ્રાચાર્યે કહ્યું છે—

**"तम्हा णिच्चसईए बहुमाणेणं च अहिगतगुणम्मि ।**
**पडिवक्खदुगंछाए परिणइआलोअणेणं च ॥**
**तित्थंकरभत्तीए सुसाहुजणपज्जुवासणाए अ ।**
**उत्तरगुणसद्धाए एत्थ सया होइ जइअव्वं ॥**
**एवमसंतो वि इमो जायइ जाओ अ न पडइ कयावि ।**
**ता एत्थं बुद्धिमया अपमाओ होइ कायव्वो" ॥**

श्रावकधर्मविंशिका. गा० ९–१८

---

१ गुणवद्बहुमानादेः=ગુણિજનના બહુમાન વગેરેથી. च=અને. नित्यस्मृत्या=વ્રતાદિના હમેશાં સ્મરણ વડે. सत्क्रिया=શુભ ક્રિયા. जातं=ઉત્પન્ન થએલા. भावं=ભાવને. न पातयेत्=ન પાડે. (પરન્તુ) अजातं=નહિ ઉત્પન્ન થએલા ભાવને. अपि=પણ. जनयेत्=ઉત્પન્ન કરે.

"તે માટે વ્રતનું નિત્ય સ્મરણ, ગુણી જનોનું બહુમાન, વ્રતના પ્રતિપક્ષની જુગુપ્સા, પરિણામની આલોચના, તીર્થંકરની ભક્તિ, સુસાધુ પુરુષોની સેવા અને ઉત્તર ગુણની શ્રદ્ધા વડે અહીં સદા પ્રયત્ન કરવા યોગ્ય છે.

એ પ્રમાણે કરનારને જો ભાવ ઉત્પન્ન ન થયો હોય તો થાય છે અને થયો હોય તો તે કદી પણ પડતો નથી. તેથી બુદ્ધિમાન પુરુષે અહીં પ્રમાદનો ત્યાગ કરવો, સાવધાન થવું."

સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, ક્ષમા, માર્દવ–નમ્રતા, આર્જવ–સરલતા આદિ ગુણવાળા પુરુષોનું બહુમાન, પોતાનાથી અધિક ગુણવાળાનો આદર, આદિશબ્દથી દોષનો પશ્ચાત્તાપ, પાપની જુગુપ્સા, અતિચારોનું આલોચન; દેવ, ગુરુ અને સાધર્મિકની ભક્તિ, ઉત્તરગુણોની પ્રાપ્તિ વગેરે બધું ગ્રહણ કરવું. વળી પૂર્વે ગ્રહણ કરેલા વ્રતનું સ્મરણ, નવીન પ્રત્યાખ્યાન, સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, ગુરુવંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પચ્ચખ્ખાણ વગેરેના હમેશાં સ્મરણ વડે સત્ક્રિયા–શુભક્રિયા થાય છે. (આ સંબન્ધે પૂજ્ય હરિભદ્રાચાર્યવિરચિત વિંશતિકાની ત્રણ ગાથાઓ તથા તેનો અનુવાદ ઉપર ભાવાર્થમાં આવી ગયેલ હોવાથી અહીં આપવામાં આવેલ નથી.)

"सुहपरिणामो णिच्चं चउसरणगमाई आयरं जीवो।
कुसलपयडीओ बंधइ बद्धाओ सुहाणुबंधाओ ॥"

चउसरणपइन्नयं. गा० ५९

"હમેશાં ચાર શરણનું ગ્રહણ કરવું ઇત્યાદિનું આચરણ કરતો શુભ પરિણામવાળો જીવ કર્મની શુભ પ્રકૃતિઓ બાંધે

છે અને પૂર્વે બાંધેલી અશુભ પ્રકૃતિઓ શુભ અનુબન્ધવાળી કરે છે".

ઈત્યાદિ ક્રિયાકલાપ ઉત્પન્ન થએલા સમ્યગ્જ્ઞાનાદિ સંવેગ અને નિર્વેદરૂપ ભાવને પડવા દેતા નથી, પરન્તુ નહિ ઉત્પન્ન થયેલા ધર્મધ્યાન અને શુકલધ્યાનાદિ ભાવને પણ ઉત્પન્ન કરે છે. શ્રેણિક અને કૃષ્ણ વગેરેને ગુણી જનના બહુમાનથી, મૃગાવતીને પશ્ચાત્તાપથી, આલોચના વડે અતિ મુક્ત નિર્ગ્રન્થને, ગુરુભક્તિથી ચંડરુદ્રાચાર્યના શિષ્યને-ઈત્યાદિ અનેક મુનિઓને પરમાનન્દની પ્રાપ્તિ આગમમાં સંભળાય છે.

**क्षायोपशमिके भावे या क्रिया क्रियते तया।**
**पतितस्यापि तद्भावप्रवृद्धिर्जायते पुनः ॥६॥**

ક્ષાયોપશમિક ભાવે વર્તતાં તપ-સંયમને અનુકૂલ જે ક્રિયા કરાય છે, તે ક્રિયા વડે પડી ગયેલાને પણ તે ભાવની-ક્રિયાભાવની વૃદ્ધિ થાય છે. કહ્યું છે કે—

"खाओवसमिगभावे दढजत्तकयं सुहं अणुट्ठाणं।
पडिवडियं पि हु जायइ पुणो वि तब्भाववुड्ढिकरं" ॥
२ पंचाशक गा० ३४

ક્ષાયોપશમિક ભાવમાં વર્તતાં દઢ યત્નથી કરેલું શુભ અનુષ્ઠાન પતિત-પડી ગએલાને પણ ફરીથી તે ક્ષાયોપશમિક ભાવની વૃદ્ધિ કરનાર થાય છે.

---

૧ क्षायोपशमिके भावे=ક્ષાયોપશમિક ભાવમાં. या=જે. क्रिया=તપ-સંયમને અનુકૂલ ક્રિયા. क्रियते=કરાય છે. तया=તે ક્રિયા વડે. पतितस्य=પડી ગયેલાને. अपि=પણ. पुनः=ફરીથી. तद्भावप्रवृद्धिः=તેના ભાવની વૃદ્ધિ. जायते-ઉત્પન્ન થાય છે.

ચારિત્રને અનુસરતા વીર્યનો ક્ષયોપશમ થવાથી જે વન્દન–નમસ્કારાદિ ક્રિયા કરાય છે તે ક્રિયાથી પતિત–ગુણથી પરાઙ્મુખ થએલા જીવને પણ ફરીથી તે ભાવની વૃદ્ધિ થાય છે. (એ સંબન્ધે 'खाओवसमिगभावे' ઇત્યાદિ ગાથા અને તેનો અર્થ ઉપર આવી ગયેલ હોવાથી અહીં આપવામાં આવેલ નથી.)

ઔદયિક ભાવમાં ક્રિયા થાય છે, પરન્તુ તેવા પ્રકારના ગુણની વૃદ્ધિ કરનારી થતી નથી. ઉચ્ચગોત્ર, સુભગનામ, આદેયનામ અને યશનામકર્મના ઉદયથી તથા અન્તરાય કર્મના ઉદયથી ઔદયિકી ક્રિયા થાય છે 'ઉચ્ચગોત્રના ઉદયથી તપ અને શ્રુત આદિનો લાભ થાય છે' તે પ્રજ્ઞાપના[1] સૂત્રથી જાણવું. જ્ઞાનાવરણ, દર્શનાવરણ, દર્શનમોહનીય, ચારિત્રમોહનીય અને અન્તરાય કર્મના ક્ષયોપશમથી શુદ્ધ ધર્મને પ્રગટ કરવાને માટે જે ક્રિયા થાય છે તે આત્માના ગુણને પ્રગટ કરનારી છે.

હવે તે જ બાબતને દર્શાવે છે—

**[2]गुणवृद्ध्यै ततः कुर्यात् क्रियामस्खलनाय वा।**
**एकं तु संयमस्थानं जिनानामवतिष्ठते ॥७॥**

---

१ "उच्चागोत्तस्स कम्मस्स जीवेणं बद्धस्स जाव अट्ठविहे अणुभावे पन्नत्ते। तं जहा–१ जातिविसिट्ठया, २ कुलविसिट्ठया, ३ बलविसिट्ठया, ४ रूवविसिट्ठया, ५ तवविसिट्ठया, ६ सुयविसिट्ठया, ७ लाभविसिट्ठया, ८ इस्सरियविसिट्ठया।"

જીવે બાંધેલા ઉચ્ચગોત્ર કર્મનો યાવત્ આઠ પ્રકારનો વિપાક કહેલો છે. તે આ પ્રમાણે–વિશિષ્ટ જાતિ, કુલ, બલ, રૂપ, તપ, શ્રુત, લાભ અને ઐશ્વર્ય. જુઓ પ્રજ્ઞાપના પદ ૨૩ પા. ૪૫૯

૨ ततः=તેથી. गुणवृद्ध्यै=ગુણની વૃદ્ધિ માટે. वा=અથવા. अस्ख-

**તે હેતુથી ગુણની વૃદ્ધિ કરવા માટે અથવા ગુણથી પડી ન જવાય તે માટે ક્રિયા કરવી જોઈએ. એક સંયમ-સ્થાન તો કેવલજ્ઞાનીને સ્થિર રહે છે.**

તેથી સ્વધર્મને પ્રગટ કરવાનું કારણ હોવાથી જ્ઞાનાદિ ગુણની વૃદ્ધિ-વિસ્તાર માટે, પરન્તુ આહાર વગેરે +પંદર સંજ્ઞા નિમિત્તે નહિ, તથા ગુણથી પડી ન જવાય તે માટે સત્પ્રવૃત્તિરૂપ ક્રિયા કરવી જોઈએ. ક્રિયારહિત સાધકપણામાં રહેવાને અસમર્થ છે. કારણ કે વીર્યનું ચપલપણું છે. ક્રિયાવાળાને સત્ક્રિયામાં જોડેલું વીર્ય પડવા માટે થતું નથી. અન્યથા અનાદિ પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થયેલો જીવ ગુણથી પતિત થાય છે અને ક્રિયા વડે ઉત્તરોત્તર વિશુદ્ધ સ્થાનને પ્રાપ્ત થાય છે એમ આગમમાં સંભળાય છે. એક અપ્રતિપાતી ( નહિ પડવાના સ્વભાવવાળું ) પૂર્ણ સ્વરૂપની એકતારૂપ સંયમસ્થાન જિનોને એટલે ક્ષાયિક જ્ઞાન અને ચારિત્રવાળાને હોય છે, બીજાને હોતું નથી. આ હેતુથી સાધકે નવીન ગુણોની વૃદ્ધિ માટે ક્રિયા કરવી જોઈએ. માટે નિર્ગ્રન્થો વનમાં વસે છે, ચૈત્યની યાત્રા માટે નન્દીશ્વરાદિ દ્વીપોમાં જાય છે, શરીરના મમત્વનો ત્યાગ કરે છે,

---

लनाय=નહિ પડવા માટે. क्रियां=ક્રિયા. कुर्यात्=કરવી જોઇએ. एकं=એક. संयमस्थानं तु=સંયમનું સ્થાનક તો. जिनानां=કેવલજ્ઞાનીને. अवतिष्ठते= રહે છે.

+ ૧ આહાર, ૨ ભય, ૩ મૈથુન, ૪ પરિગ્રહ, ૫ ક્રોધ, ૬ માન, ૭ માયા, ૮ લોભ, ૯ ઓઘ, ૧૦ લોક, ૧૧ સુખ, ૧૨ દુઃખ, ૧૩ મોહ, ૧૪ શોક, ૧૫ જુગુપ્સા અને ૧૬ ધર્મ—એ સોળ સંજ્ઞાઓ છે. તેમાં ધર્મસંજ્ઞા સિવાયની પંદર સંજ્ઞા અહીં લેવી.

વીરાસનવડે શરીરને સંકોચે છે, અનશન કરવામાં ઉત્સુક થયેલા સંલેખના કરે છે–શરીરને કૃશ કરે છે તથા પરિહારવિશુદ્ધિ અને જિનકલ્પાદિ અભિગ્રહોને ગ્રહણ કરે છે.

**वचोऽनुष्ठानतोऽसङ्गक्रियासंगतिमङ्गति।**
**सेयं ज्ञानक्रियाऽभेदभूमिरानन्दपिच्छला ॥८॥**

**વચનાનુષ્ઠાનથી નિર્વિકલ્પ સમાધિરૂપ અસંગ ક્રિયાની યોગ્યતાને પ્રાપ્ત થાય છે. તે આ જ્ઞાન–ક્રિયાની અભેદ ભૂમિકા છે. કારણ કે અસંગ ભાવરૂપ ક્રિયા શુદ્ધ ઉપયોગ અને શુદ્ધ વીર્યોલ્લાસની સાથે તાદાત્મ્ય (તન્મયતા) ધારણ કરે છે. વળી તે અભેદ ભૂમિકા સ્વાભાવિક આનન્દ રૂપ અમૃતરસથી આર્દ્ર–ભીંજાયેલી છે.**

વિષ, ગર અને અન્યોન્યાનુષ્ઠાનથી દૂષિત ક્રિયા સંસારનું કારણ છે, તેથી જે ક્રિયા સાધનનો હેતુ છે તેને કહે છે–વચન એટલે અરિહંતની આજ્ઞા, તેને અનુસરીને થતી ક્રિયા ધર્મનું કારણ થાય છે. કારણ કે—

**"प्रशान्तचित्तेन गभीरभावेनैवादृता सा सफला क्रिया च।**
**अंगारवृष्टेः सहसा न चेष्टा नासंगदोषैकगुणप्रकर्षा ॥"**

"અતિ શાન્ત ચિત્તથી અને ગંભીર ભાવથી આદર પૂર્વક કરાયેલી ક્રિયા તે સફલ ક્રિયા છે. પણ [2]અંગારવૃષ્ટિથી

---

૧ वचोऽनुष्ठानतः=વચનાનુષ્ઠાનથી. असंगक्रियासंगतिं=અસંગક્રિયાની યોગ્યતાને. अङ्गति=પામે છે. सा=તે. इयं=આ (અસંગક્રિયા) ज्ञानक्रियाऽभेदभूमिः=જ્ઞાન અને ક્રિયાની અભેદભૂમિ–એકતારૂપ છે. (અને) आनन्दपिच्छला=આત્માના આનન્દ વડે આર્દ્ર–ભીંજાયેલી છે.

૨ જે ક્રિયા કરતો હોય તેથી અન્ય ક્રિયામાં પ્રમોદ થવો તે

કે અનાભોગથી કરાયેલી, તથા એક ગુણના પ્રકર્ષ (ઉત્કર્ષ) કરનારી આસંગદોષવાળી ક્રિયા ઇષ્ટ નથી."

વિષ, ગર અને અન્યોન્યાનુષ્ઠાનના ત્યાગથી શ્રીમદ્ વીતરાગ ભગવંતના વચનને અનુસારે ઉત્સર્ગ અને અપવાદની અપેક્ષાવાળી વચનાનુષ્ઠાન ક્રિયા કરવાથી નિર્વિકલ્પ અને સહજ સ્વરૂપ અસંગ ક્રિયાનો યોગ પામે છે. વચનક્રિયાવાળો અનુક્રમે અસંગક્રિયા પામે છે એ તાત્પર્ય છે. તે અસંગક્રિયા જ જ્ઞાનક્રિયાની અભેદભૂમિ જાણવી. અસંગક્રિયા રૂપ ભાવક્રિયા શુદ્ધોપયોગ અને શુદ્ધ વીર્યોલ્લાસના તાદાત્મ્યભાવને ધારણ કરે છે. 'જ્ઞાન અને વીર્યની એકતા જ જ્ઞાન-ક્રિયાનો અભેદ છે'. એ કથનથી 'જ્યાં સુધી ગુણની પૂર્ણતા ન થાય ત્યાં સુધી નિરનુષ્ઠાન (વચનાનુષ્ઠાન) રૂપ ક્રિયા કરવી જોઇએ' એમ જણાવ્યું. તત્ત્વજ્ઞાની ક્રિયાનો નિષેધ કરતા નથી, પરન્તુ ક્રિયાદિ શુદ્ધ રત્નત્રયીરૂપ ધર્મનું સાધન કરવામાં કારણ હોવાથી ધર્મરૂપે માને છે. મુખ્ય ધર્મ તો આત્મામાં જ છે. એ સંબન્ધે પૂજ્ય હરિભદ્રસૂરિએ દશવૈકાલિક સૂત્રની ટીકામાં કહ્યું છે. "धर्मसाधनत्वाद् धर्मः" ધર્મનું સાધન હોવાથી ધર્મ છે. એથી દ્રવ્યક્રિયાને ધર્મરૂપે

---

અંગારવૃષ્ટિ નામનો ચિત્તનો દોષ છે. જેમકે સામાયિક કરતો હોય ત્યારે તેને જિનપૂજામાં પ્રીતિ થવી. અહીં પ્રસ્તુત અનુષ્ઠાનમાં અનાદર હોવાથી તે દોષરૂપ છે. જે ક્રિયા કરતો હોય તેમાં 'આ જ સુન્દર છે' એવા એક ગુણના પ્રકર્ષવાળી ક્રિયા આસંગદોષયુક્ત છે. આસંગદોષસહિત ક્રિયા ગૌતમસ્વામીની ગુરુભક્તિના દૃષ્ટાન્તથી તે જ ગુણસ્થાનકમાં સ્થિતિ કરાવે છે, પણ મોહના નાશ દ્વારા કેવલજ્ઞાનની ઉત્પત્તિ માટે સમર્થ થતી નથી.

માને છે તે કારણમાં કાર્યનો ઉપચાર જ છે. એવા પ્રકારની શ્રદ્ધારહિત જીવોને ક્રિયા ધર્મનો હેતુ થતી નથી. ષષ્ટિશતકમાં કહ્યું છે કે—

"बहुगुणविज्ञानिलओ उस्सुत्तभासी तहा वि मुत्तव्वो।
जह पवरमणिजुत्तो विग्घकरो विसहरो लोए ॥१८॥"

"ઉત્સૂત્રભાષી બહુ ગુણવાળો અને વિદ્વાન હોય તો પણ તેનો ત્યાગ કરવો. જેમ વિષધર શ્રેષ્ઠ મણિયુક્ત હોય તો પણ લોકમાં વિઘ્ન કરનાર ગણાય છે. એટલે તે ત્યાગવા યોગ્ય છે." તથા આચારાંગ સૂત્રમાં 'ભય અને વિચિકિત્સામાં સંયમ નથી' એમ કહ્યું છે. એથી અસંગ ક્રિયાનું નિમિત્ત હોવાથી નિરનુષ્ઠાન—વચનાનુષ્ઠાનરૂપ ક્રિયા કરવા યોગ્ય છે. આ અસંગક્રિયા સ્વાભાવિક આનન્દરૂપ અમૃત રસથી ભીંજાયેલી છે. આ કારણથી આત્મતત્ત્વના અનુભવનો આનન્દ પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળાએ સત્પ્રવૃત્તિરૂપ અને અસત્પ્રવૃત્તિના ત્યાગરૂપ નિરનુષ્ઠાન ક્રિયા દ્રવ્યથી અને ભાવથી સ્યાદ્વાદરૂપ સ્વગુણને અનુકૂલ વીર્યની વૃદ્ધિ કરનારી, અને નવીન ગુણને પ્રગટ કરનારી, આત્મતત્ત્વમાં તન્મયતા રૂપ ક્રિયા સંયમસ્થાન ઉપર ચઢવા માટે સાધ્યના સાપેક્ષપણે પ્રતિસમય કરવા યોગ્ય છે. એથી "ज्ञानक्रियाभ्यां मोक्षः" જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ થાય છે—એ નિર્ધારણ કરવા યોગ્ય છે. દ્રવ્ય—ક્રિયામાં ઉદ્યમવંત જીવ ભાવ ક્રિયાવાળો થાય છે અને ભાવક્રિયાથી આત્મા સ્વરૂપનું ભાજન થાય છે.

## ૧૦ તૃપ્ત્યષ્ટક

**પીત્વા જ્ઞાનામૃતં મુક્ત્વા ક્રિયાસુરલતાફલમ્ ।**
**સામ્યતામ્બૂલમાસ્વાદ્ય તૃપ્તિં યાન્તિ પરાં મુનિઃ ॥૧॥**

**જ્ઞાનરૂપ અમૃત પીને, ક્રિયારૂપ સુરલતા-કલ્પવલ્લીના ફળને ખાઇને અને સમતા પરિણામરૂપ તામ્બૂલને આસ્વાદીને-ચાખીને મહાસાધુ ઉત્કૃષ્ટ તૃપ્તિ પામે છે.**

ક્રિયા કરનારા જીવો કદાચિત્ મદ અને લોભના આવેશથી સદ્ અભ્યાસને નિષ્ફળ કરે છે, તેથી ક્રિયાષ્ટક બાદ કષાયના ત્યાગપૂર્વક સ્વરૂપના અનુભવથી ઉત્પન્ન થયેલ તૃપ્તિરૂપ અષ્ટકનું વર્ણન કરવામાં આવે છે. અહીં તૃપ્તિ નામ આદિ ભેદથી ચાર પ્રકારની છે. તેમાં કોઇ જીવ કે અજીવનું 'તૃપ્તિ' એવું નામ કરાય તે તૃપ્તિ શબ્દથી બોલાવવા રૂપ નામતૃપ્તિ. અક્ષરોથી લખવા રૂપ તે સ્થાપના તૃપ્તિ. તૃપ્તિ પદના અર્થને જાણનાર, પણ તેમાં ઉપયોગ-રહિત તે આગમથી દ્રવ્યતૃપ્તિ. નોઆગમથી દ્રવ્યતૃપ્તિ જ્ઞશરીર, ભવ્યશરીર અને તદ્વ્યતિરિક્તના ભેદથી ત્રણ પ્રકારે છે. તૃપ્તિ પદના અર્થને જાણનાર મુનિ વગેરેનું અચેતન શરીર તે જ્ઞશરીર, ભવિષ્યમાં તૃપ્તિપદના અર્થને જાણનાર લઘુ શિષ્ય વગેરે ભવ્યશરીર અને દ્રવ્યથી એટલે આહાર, ધન અને ઉપકરણ વડે તૃપ્તિ તે તદ્વ્યતિરિક્ત

---

૧ ज्ञानामृतं=જ્ઞાનરૂપ અમૃત. पीत्वा=પીને. क्रियासुरलताफलं=ક્રિયા રૂપ કલ્પવેલના ફળને. भुक्त्वा=ખાઇને. साम्यताम्बूलं=સમભાવરૂપ તામ્બૂલને. आस्वाद्य=ચાખીને. मुनि=સાધુ. परां=અત્યન્ત. तृप्तिं=તૃપ્તિ. याति=પામે છે.

દ્રવ્યતૃપ્તિ કહેવાય છે. તૃપ્તિપદના અર્થને જાણનાર અને તેમાં ઉપયોગવંત હોય તે આગમથી ભાવતૃપ્તિ અને સ્વરૂપથી જ્ઞાનાનન્દ વડે પૂર્ણ અને નિરન્તર સહજ આત્માનન્દના અનુભવ કરનારને નોઆગમથી ભાવતૃપ્તિ હોય છે. નૈગમનયથી જીવ અને અજીવ વડે તૃપ્તિ, સંગ્રહ અને વ્યવહારનયવડે ગ્રહણ કરવા યોગ્ય દ્રવ્યની પ્રાપ્તિમાં તૃપ્તિ, ઋજુસૂત્રનયથી ઇચ્છિત પદાર્થની પ્રાપ્તિમાં તૃપ્તિ અને શબ્દાદિ નયોની અપેક્ષાએ નિરાવરણ અને પૂર્ણ સ્વસ્વરૂપને નિર્વિઘ્નપણે ઉપભોગ કરવાથી તૃપ્તિ જાણવી. આ પદ્ધતિ [1]ઓઘનિર્યુક્તિની ટીકામાં અહિંસામાં નયની વિચારણા

---

૧ ઓઘનિર્યુક્તિની ટીકામાં અહિંસા અને હિંસા સંબન્ધે નીચે મુજબ નયની વિચારણા કરી છે–

નૈગમ નયના મતે જીવ અને અજીવને વિશે હિંસા છે. લોકમાં એમ કહેવાય છે કે એણે જીવનો નાશ કર્યો, એણે ઘટનો નાશ કર્યો. અહીં બન્ને ય હિંસા શબ્દનો સંબન્ધ હોવાથી નૈગમ નયના મતે જીવ અને અજીવમાં હિંસા છે. અહિંસા પણ એમ જ જાણવી. સંગ્રહ અને વ્યવહાર નયના મતે છ જીવનિકાયમાં હિંસા છે. અહીં દેશગ્રાહી–વિશેષગ્રાહી સંગ્રહ કે નૈગમની અન્તર્ગત સામાન્યરૂપ સંગ્રહ જાણવો, વ્યવહાર નય સ્થૂલ વિશેષને ગ્રહણ કરનાર અને લોકમાં વ્યવહાર કરવાના સ્વભાવવાળો છે. તે સંબન્ધે કહે છે કે–લોક ઘણું કરીને છ જીવનિકાયમાં જ હિંસા માને છે. ઋજુસૂત્ર નય પ્રત્યેક જીવમાં જુદી જુદી હિંસા માને છે. શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત નય આત્માને જ હિંસારૂપ અને આત્માને જ અહિંસારૂપ માને છે. એ નિશ્ચય નયનો અભિપ્રાય છે, કારણ કે જે પ્રમાદયુક્ત જીવ છે તે હિંસક છે અને જે પ્રમાદરહિત છે તે અહિંસક છે–જુઓ ઓઘનિર્યુક્તિ ગાથા ૭૫૪ની ટીકા.

કરી છે તેની પેઠે જાણવી. અહીં કારણરૂપે નામ વગેરે ત્રણ નિક્ષેપો નૈગમાદિ નયને માન્ય છે. વાસ્તવિક રીતે શબ્દાદિ નયને માન્ય ભાવનિક્ષેપરૂપ તૃપ્તિ ગ્રહણ કરવા યોગ્ય છે. તે સાધનકાળે અપવાદથી ઉત્પન્ન થયેલી અને સિદ્ધ અવસ્થામાં ઔત્સર્ગિક તૃપ્તિ ગ્રહણ કરવા યોગ્ય છે. હવે તે તૃપ્તિ સંબન્ધે કહે છે—

સાવદ્ય–પાપયુક્ત ભાષા નહિ બોલનારા, પોતાના આત્માના અનુભવમાં લીન થયેલા, મુનિ યથાર્થ પોતાને અને પરપદાર્થના સ્વરૂપને પ્રકાશ કરનાર જ્ઞાનામૃતનું પાન કરીને, એટલે શુદ્ધ, અત્યન્ત, નિરવચ્છિન્ન જ્ઞાનધારા વડે પરીક્ષા કરાયેલા હેય અને ઉપાદેય વસ્તુના અવલોકનનો ઉપયોગ કરીને; શુભયોગની પ્રવૃત્તિરૂપ ક્રિયા એટલે તત્ત્વના પ્રગટ થવાથી રાગદ્વેષાદિ વિભાવના અભાવ વડે ભાવિત ચેતના અને શ્રદ્ધાપૂર્વક વીર્યની પ્રવૃત્તિ, તે રૂપ કલ્પવલ્લીના ફળને એટલે સ્થિરતાથી આત્માના અનુભવ રૂપ ફળને ખાઇને; શુભ અને અશુભ પુદ્ગલાદિમાં સમભાવરૂપ તામ્બૂલને આસ્વાદીને ઉત્કૃષ્ટ તૃપ્તિ પામે છે. સાંસારિક ઉપાધિરૂપ પુદ્ગલથી ઉત્પન્ન થયેલ વિભાવ વડે ભાવિત છે આત્મા જેનો એવા, અનાદિ મિથ્યાત્વ, અજ્ઞાન અને અસત્ક્રિયામાં રાગ–દ્વેષ સહિત એવા આત્માને, જગતની એઠ જેવા અને નહિ ભોગવવા લાયક વર્ણાદિના અનુભવમાં મગ્ન હોવાથી જે આરોપિત તૃપ્તિ થાય છે, તે ખરેખર તૃપ્તિ નથી, કારણ કે તેની પ્રાપ્તિ થયા છતાં પણ તૃષ્ણા વધતી જાય છે અને તેથી તૃપ્તિ થતી નથી. નિરન્તર આનન્દના અનુભવથી જ તૃપ્તિ થાય છે. એથી જ

સત્પુરુષો વિજળીના જેવા ચપલ સ્ત્રીના વિલાસોને તજે છે, ઉદયમાં આવેલા પુણ્યવિપાકોને નિન્દે છે, ભોગની આસક્તિવાળા પુરુષના સંગનો ત્યાગ કરે છે, શરીર ઉપરના રાગને દૂર કરે છે, સ્વાધ્યાય અને અધ્યયન વડે તત્ત્વશ્રવણ, મનન, નિદિધ્યાસનના અભ્યાસમાં પ્રવેશ કરે છે અને પરમ અવસ્થાને ઉત્તમ માને છે.

ફરીથી નિત્ય તૃપ્તિની વ્યાખ્યા કરે છે—

**[1]स्वगुणैरेव तृप्तिश्चेदाकालमविनश्वरी ।**
**ज्ञानिनो विषयैः किं तैर्यैर्भवेत्तृप्तिरित्वरी ॥२॥**

**જો જ્ઞાની પુરૂષને પોતાના દર્શન, જ્ઞાન અને ચારિત્રગુણ વડે જ સદાકાળ વિનાશ ન પામે તેવી તૃપ્તિ હોય તો જે વિષયો વડે થોડા કાળની તૃપ્તિ થાય તે વિષયોનું શું પ્રયોજન છે? અર્થાત્ કંઇ પણ નથી.**

જો ચૈતન્યના સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવભૂત એવા અમૂર્ત, અસંગ, અનાકુલ અને ચિદાનન્દરૂપ પોતાના ગુણોથી જ (જકાર અન્યયોગનો નિષેધ કરવા માટે છે) એટલે પરગુણોથી નહિ એવી, ભવિષ્યકાળે પણ વિનાશ રહિત, સ્વાભાવિક હોવાથી નિત્ય તૃપ્તિ યથાર્થરૂપે તત્ત્વને જાણનારા જ્ઞાની પુરૂષોને હોય તો તેમને સ્પર્શ, રસ, વર્ણ, ગન્ધ અને શબ્દરૂપ વિષયોનું શું કામ છે? કંઇ

---

૧ चेत्=જો. ज्ञानिनः=જ્ઞાનીને. स्वगुणैः=પોતાના જ્ઞાનાદિગુણો વડે. एव=જ. आकालं=હમેશાં. अविनश्वरी=વિનાશ નહિ પામે તેવી. तृप्तिः=તૃપ્તિ. भवेत्=થાય. (તો) यैः=જે વિષયો વડે. इत्वरी=થોડા કાળની. तृप्तिः=તૃપ્તિ થાય છે. तैः=તે વિષયોનું. किम्=શું પ્રયોજન છે.

પણ નથી. જે સ્વરૂપના અનુભવી છે તે વિભાવના હેતુરૂપ ઇન્દ્રિયના વિષયોને ગણુતા નથી. જે શબ્દાદિ વિષયો વડે થોડા કાળની ઔપચારિક તૃપ્તિ થાય તેવા પરવસ્તુના વિલાસરૂપ વિષયોનું સ્પર્શજ્ઞાનવાળાને શું પ્રયોજન છે? અર્થાત્ કંઈ પણ નથી. પર વસ્તુનો વિલાસ બન્ધનુ કારણ છે. તાત્પર્ય એ છે કે અનેક વાર વિષયો ભોગવ્યા, તો પણ આત્મસ્વરૂપ પ્રાપ્ત ન થયું, તેમ એ વિષયો સુખના કારણ પણ થતા નથી, પરન્તુ તેમાં કૃત્રિમ સુખની બુદ્ધિ થાય છે. તેથી સ્વરૂપના રસિક પુરૂષોને વિષય તરફ વૃત્તિ જ હોતી નથી. એ હેતુથી આત્માના ગુણો વડે જ તૃપ્તિ કરવા યોગ્ય છે.

તે જ તૃપ્તિનો વિચાર કરે છે—

**यां शान्तैकरसास्वादाद् भवेत् तृप्तिरतीन्द्रिया।**
**सा न जिह्वेन्द्रियद्वारा षड्रसास्वादनादपि ॥२॥**

**શાન્તરૂપ અદ્વિતીય રસના આસ્વાદ-અનુભવથી જે ઇન્દ્રિયને અગોચર કેવલ અનુભવગમ્ય તૃપ્તિ થાય છે તે જિહ્વેન્દ્રિય વડે ષટ્રસના ચાખવાથી પણ થતી નથી. બીજી સર્વ તૃપ્તિથી જ્ઞાનતૃપ્તિ અધિક દેખાડી એ વ્યતિરેકાલંકાર છે.**

જે શાન્ત રસના અનુભવથી ઇન્દ્રિયના વિષયરહિત

---

૧ शान्तैकरसास्वादात्=જે શાન્તરૂપ અદ્વિતીય રસના અનુભવથી. अतीन्द्रिया=ઇન્દ્રિયને અગોચર. या=જે. तृप्तिः=તૃપ્તિ. भवेत्=થાય છે. सा=તે. जिह्वेन्द्रियद्वारा=જિહ્વેન્દ્રિય વડે. षड्रसास्वादनात्=છ રસના ભોજનથી. अपि=પણ. न=થતી નથી.

તૃપ્તિ થાય છે, તે તીખા, ખાટા, મધુર, તુરા, ખારા અને કડવા રસના ભોજનથી જિહ્વેન્દ્રિયદ્વારા થતી નથી. કારણ કે જીભ વડે પૌદ્‌ગલિક રસનો અનુભવ થાય છે. આત્મા સ્વરૂપનો અનુભવી અને પુદ્‌ગલના ગુણોને જાણનાર છે, પણ તેનો ભોક્તા નથી. પુદ્‌ગલના ગુણો ભોગવવા યોગ્ય નથી જ. મોહના ઉદયથી અને આહારસંજ્ઞાથી રસનું આસ્વાદન થાય છે, પણ સ્વરૂપથી થતું નથી. સ્વરૂપ તો જ્ઞાનના અનુભવરૂપ છે. માટે આત્મગુણના અનુભવથી તૃપ્તિ થાય છે, પણ પુદ્‌ગલગુણના અનુભવથી થતી નથી.

**संसारे स्वप्नवन्मिथ्या तृप्तिः स्यादाभिमानिकी ।**
**तथ्या तु भ्रान्तिशून्यस्य साऽऽत्मवीर्यविपाककृत् ॥४॥**

**જેમ સ્વપ્નમાં મોદક ખાધા, દીઠા, તેથી તૃપ્તિ ન થાય, તેમ સંસારમાં અભિમાનસિદ્ધ-માની લીધેલી જુઠી તૃપ્તિ થાય છે. સાચી તૃપ્તિ તો મિથ્યાજ્ઞાન રહિત સમ્યગ્દૃષ્ટિને હોય છે. તે તૃપ્તિ આત્માના વીર્યનો પરિપાક-પુષ્ટિ કરનારી હોય છે. તૃપ્તિનું લક્ષણ વીર્યની પુષ્ટિ છે.**

દ્રવ્યથી ચારગતિરૂપ અને ભાવથી મિથ્યાત્વાદિ વિભાવરૂપ સંસારમાં મિથ્યા અભિમાનથી ઉત્પન્ન થયેલી એટલે પુદ્‌ગલાદિની પ્રાપ્તિમાં માન્યતારૂપ તૃપ્તિ હોય છે. તે સ્વપ્નની પેઠે મિથ્યા-અસત્ય કલ્પનારૂપ છે. કારણ કે અજ્ઞાની

---

૧ स्वप्नवद्=સ્વપ્નની પેઠે. संसारे=સંસારમાં. आभिमानिकी=અભિમાન-માન્યતાથી થએલી. तृप्तिः=તૃપ્તિ. स्याद्=હોય છે. (પણ) तथ्या तु=સાચી તૃપ્તિ તો. भ्रान्तिशून्यस्य=મિથ્યા જ્ઞાન રહિતને હોય છે. सा=તે. आत्मवीर्यविपाककृत्=આત્માના વીર્યને પુષ્ટિ કરનાર છે.

અને તૃષ્ણાની જાળમાં ગુંથાએલા જીવ પોતાની કલ્પના વડે કલ્પિત ઇષ્ટતાથી ઇચ્છેલા પુદ્ગલસ્કન્ધની પ્રાપ્તિમાં 'અહો ! મને મણિ અને રત્નાદિનો નિધિ પ્રાપ્ત થયો, વળી દુઃખના સમયે મધુર વચન બોલવામાં ચતુર એવો સ્વજનસમુદાય પણ મળ્યો' એવી માન્યતાથી તૃપ્ત થાય છે. પરન્તુ તે કલ્પનારૂપ હોવાથી, કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલ હોવાથી, પર વસ્તુ હોવાથી અને આત્માની સત્તા-સ્વરૂપને રોકનારા આઠ પ્રકારના કર્મબન્ધના કારણ રાગ-દ્વેષને ઉત્પન્ન કરનાર હોવાથી દુઃખરૂપ જ છે. તેથી જે તૃપ્તિ થાય છે તે ઝાંઝવાના જળ જેવી અને સુખનું કારણ થતી નથી. પરન્તુ મિથ્યાજ્ઞાનરહિત, સમ્યગ્જ્ઞાનના ઉપયોગવાળા અને આત્મતત્ત્વને અભિમુખ થયેલા જ્ઞાની પુરુષને સ્વભાવના પ્રગટ થવાથી આત્મગુણના અનુભવરૂપ તૃપ્તિ સુખનું કારણ થાય છે. તે તૃપ્તિ આત્માના વીર્યની પુષ્ટિ કરનારી છે. તાત્પર્ય એ છે કે સ્વભાવરૂપ ગુણના અનુભવથી થયેલી તૃપ્તિ આત્માના સહજ વીર્યને પુષ્ટ કરે છે અને તેના સામર્થ્યથી ગુણો પ્રગટ થાય છે. માટે સદ્ગુરુના ચરણની સેવા, આગમનું શ્રવણ અને તત્ત્વનું ગ્રહણ વગેરે કારણોથી આધ્યાત્મિક તૃપ્તિ કરવા યોગ્ય છે, એ ઉપદેશ છે.

**[1]पुद्गलैः पुद्गलास्तृप्तिं यान्त्यात्मा पुनरात्मना ।**
**परतृप्तिसमारोपो ज्ञानिनस्तन्न युज्यते ॥५॥**

---

૧ पुद्गलैः=પુદ્ગલો વડે. पुद्गलाः=પુદ્ગલો. तृप्तिं=પુદ્ગલના ઉપચયરૂપ તૃપ્તિને. यान्ति=પામે છે. आत्मना=આત્માના ગુણ વડે. आत्मा= આત્મા. तृप्तिं=તૃપ્તિ. यान्ति=પામે છે. तत्=તે કારણથી. ज्ञानिनः=

પુદ્ગલો વડે પુદ્ગલો ઉપચયલક્ષણ તૃપ્તિ પામે છે. વળી આત્મગુણપરિણામથી આત્મા તૃપ્તિ પામે છે. તે કારણથી પર પુદ્ગલની તૃપ્તિનો સમારોપ-આત્મામાં ઉપચાર અભ્રાન્ત જ્ઞાનવન્તને ઘટતો નથી. અન્ય દ્રવ્યનો ધર્મ પરમાં-અન્યમાં આરોપે તે સમ્યગ્જ્ઞાની કેમ કહેવાય ?

શરીર, ધન, વસ્ત્ર, ભોજન અને સ્વજનાદિરૂપ પુદ્ગલો વડે શરીરાદિ પુદ્ગલો પુદ્ગલના ઉપચયરૂપ તૃપ્તિ પામે છે. એટલે પુદ્ગલોપચયથી વૃદ્ધિ પામે છે, અને અમૂર્ત જ્ઞાનાનન્દસ્વરૂપ આત્મા જ્ઞાન, ચારિત્ર અને આનન્દાદિરૂપ આત્મગુણપરિણામથી તૃપ્તિ પામે છે. સ્વરૂપના અનુભવમાં રસિક પુરૂષોને સ્વરૂપના અનુભવ વડે જ તૃપ્તિ થાય છે. તે કારણથી અનેકાન્તરૂપ અનન્તધર્માત્મક સ્વ-પર પદાર્થની પરીક્ષામાં કુશળ એવા જ્ઞાની પુરૂષને પુદ્ગલોની તૃપ્તિમાં આત્માની તૃપ્તિને માનવારૂપ ભ્રાન્તિથી થએલ અભિમાન ઘટતું નથી.

તાત્પર્ય એ છે કે સમ્યગ્જ્ઞાનથી યથાર્થ બોધવાળા જ્ઞાની, આત્મામાં આત્મધર્મને જ સ્વીકારે છે. પરવસ્તુ પરસ્વરૂપે હોવાથી પરવસ્તુમાં પરધર્મનું સ્થાપન કરે છે અને સ્વધર્મ સ્વસ્વરૂપે હોવાથી પોતાનામાં સ્વધર્મનું સ્થાપન કરે છે. આ કારણથી સમ્યગ્દૃષ્ટિ પૌદ્ગલિક ઉપચયમાં રાગ કરતો નથી. પુદ્ગલના અનુભવમાં સુખ લાગે છે તે મિથ્યાજ્ઞાન છે. કહ્યું છે કે-

---

સમ્યગ્જ્ઞાનવંતને. परतृप्तिसमारोपः=પુદ્ગલની તૃપ્તિમાં આત્માનો ઉપચાર. न युज्यते=ઘટતો નથી.

"तवइ तवं चरइ चरणं सुअं पि नव पुव्व जाव अब्भसइ।
जा परसुहे सुहत्तं ता नो सम्मत्तविन्नाणं ॥"

"તપ તપે, ચારિત્ર આચરે અને શ્રુતનો પણ નવ પૂર્વ સુધી અભ્યાસ કરે, પરન્તુ જ્યાં સુધી પર વસ્તુથી થતા સુખમાં સુખબુદ્ધિ છે ત્યાં સુધી સમ્યગ્જ્ઞાન નથી"

વળી પૂજ્ય હરિભદ્રસૂરિએ કહ્યું છે કે–

"सुअवं सीलवं चाई जिणमग्गायरणारई।
परं वा परसंगं वा धम्मं मन्नइ जो जडो ॥"

શ્રુતજ્ઞાની, શીલવંત, ત્યાગી અને જિનમાર્ગની આચરણામાં પ્રીતિવાળો જે પરવસ્તુને કે પરવસ્તુના સંગને ધર્મ માને તે જડ–અવિવેકી સમજવો."

આત્માના જે જ્ઞાનાદિ ગુણો સહજ સ્વરૂપ છે તે ધર્મ છે એ તાત્પર્ય સમજવું.

**[1] मधुराज्यमहाशाकाग्राह्ये बाह्ये च गोरसात्।
परब्रह्मणि तृप्तिर्या जनास्तां जानतेऽपि न ॥६॥**

**मधु–राज्य**=મનોહર રાજ્યની **महाशाक**=મોટી આશાઓ છે જેને એવા પુરુષથી **अग्राह्य**–અપ્રાપ્ય–ન પ્રાપ્ત થઈ શકે

---

૧ मधु–राज्य–महाशाका–ग्राह्ये=મનોહર રાજ્યમાં મોટી આશા જેઓને છે એવા પુરુષો વડે ન પ્રાપ્ત થઈ શકે એવા. गोरसाद्=વાણીથી बाह्ये=બહાર–અગોચર. परब्रह्मणि=પરમાત્માને વિષે. या=જે तृप्तिः=તૃપ્તિ થાય છે. तां=તેને. जनाः=લોકો. जानतेऽपि न=જાણતા પણ નથી. ભોજન मधुराज्य=મિષ્ટ ઘી અને महाशाक=મોટાં શાકોથી ગ્રહણ કરવા યોગ્ય છે અને गोरस=દૂધ–દહીં વગેરેથી બાહ્ય નથી.

એવા અને गोरसात्=વાણીના રસથી બહાર પરબ્રહ્મમાં જે તૃપ્તિ છે તેને લોકો જાણતા પણ નથી, તો પામે ક્યાંથી?

ભોજનાદિમાં જે તૃપ્તિ છે તે મધુર-आज्य=મિષ્ટ ઘી અને મોટા શાકથી ग्राह्य=ગ્રહણ કરવા યોગ્ય છે અને ગોરસથી (દૂધ-દહીં વગેરેથી) બાહ્ય નથી. "भोजने व्यञ्जनोपेते को रसो गोरसोज्झिते" "શાકાદિ સહિત પણ ગોરસ વિનાના ભોજનમાં શો રસ છે?" એ વચનથી જાણી લેવું. પરબ્રહ્મ તો ગોરસ-વાણીથી બાહ્ય છે. "यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह" જેથી મનસહિત વાણી પ્રાપ્ત થયા સિવાય પાછી ફરે છે-એવું વેદવાક્ય છે. 'अपयस्स पयं नत्थि" પદ રહિત આત્માના સ્વરૂપને કહેવા માટે કોઇ પણ પદ સમર્થ નથી. ઇત્યાદિ સિદ્ધાન્તના વચનથી જાણવું. એ બે અર્થ કહ્યા. અહીં વ્યતિરેકાલંકાર છે.

અમૂર્ત, અનન્ત વિજ્ઞાનઘન અને અમૃતસ્વરૂપ પરબ્રહ્મમાં સ્વરૂપથી સમભાવને પ્રાપ્ત કરવાથી આનન્દ અને ચૈતન્યના વિલાસરૂપ જે તૃપ્તિ થાય છે એવી શુદ્ધ, અત્યન્ત, ઐકાન્તિક અધ્યાત્મસ્વભાવને અનુભવ કરવારૂપ તૃપ્તિને લોકો જાણતા પણ નથી, જેનું જ્ઞાન પણ નથી, તેનો અનુભવ તો ક્યાંથી હોય? જે તૃપ્તિ મધુર આજ્ય-ઘી અને મોટા શાકોથી ગ્રહણ કરવા યોગ્ય અને ગોરસથી-દૂધ-દહીં વગેરેથી યુક્ત એવા ભોજનમાં નથી. મધુ-મિષ્ટ રાજ્યને વિશે મોટી આશા જેને છે એવા પરિગ્રહ અને ઐશ્વર્યની અભિલાષા કરનારા વડે નહિ પ્રાપ્ત કરવા યોગ્ય અને ગોરસ વાણીથી બાહ્ય એટલે વાણીને અગોચર, કારણકે જેથી મન સહિત વાણી પાછી ફરે છે-એટલે જે મન અને વાણીને અગોચર છે એવું ઉપનિષદ્દનું કથન છે. વળી

આચારાંગસૂત્રમાં "अपयस्स पयं नत्थि" પદરહિત એવા આત્માનું સ્વરૂપ જણાવવાને કોઇ પદ સમર્થ નથી એમ કહ્યું છે. આ પ્રકારના પરબ્રહ્મમાં–પરમાત્મામાં જે તૃપ્તિ મળે છે તેને લોકો જાણી શકતા પણ નથી. માટે પુદ્ગલોના હજારો ઉપચારોથી તૃપ્તિ પ્રાપ્ત થતી નથી.

**विषयोर्मिविषोद्गारः स्यादतृप्तस्य पुद्गलैः ।**
**ज्ञानतृप्तस्य तु ध्यानसुधोद्गारपरम्परा ॥७॥**

**પુદ્ગલોથી તૃપ્ત નહિ થયેલાને વિષયના કલ્લોલરૂપી ઝેરના માઠા ઓડકાર હોય છે અને જ્ઞાનથી તૃપ્ત થયેલાને તો ધ્યાનરૂપ અમૃતના ઓડકારની પરમ્પરા હોય છે.**

**બહુ પુદ્ગલભોજન તે વિષભોજન છે, તેથી વિષયવિષના અજીર્ણે માઠા ઓડકાર આવે અને જ્ઞાનામૃતનું ભોજન કરનાર મહાતૃપ્તિવંતને અમૃતના ઓડકાર જ આવે. એ મહાતૃપ્તિનું લક્ષણ છે.**

સ્વરૂપના અનુભવ રહિત અને સ્ત્રીના આલિંગનાદિરૂપ પુદ્ગલોથી નહિ તૃપ્ત થયેલાને વિષયોર્મિ–ઇન્દ્રિયના વિલાસરૂપ ઝેરના ઓડકાર પ્રગટ થાય છે; કહ્યું છે કે—

**"जह जह पुग्गलभोगो तह तह वड्ढइ विसयंपि (यवि) कसा(हा)ई ।**
**इंदियसुहा दुहा खलु अगिज्झा तओ विरत्ताणं ॥"**

"જેમ જેમ પુદ્ગલનો ઉપભોગ થાય છે તેમ તેમ

---

૧ विषयोर्मिविषोद्गारः=વિષયના તરંગરૂપ ઝેરનો ઓડકાર. पुद्गलैः=પુદ્ગલોથી. अतृप्तस्य=નહિ તૃપ્ત થયેલાને. स्यात्=હોય છે. ज्ञानतृप्तस्य तु=જ્ઞાનથી તૃપ્ત થયેલાને તો. ध्यानसुधोद्गारपरम्परा=ધ્યાનરૂપ અમૃતના ઓડકારની પરંપરા હોય છે.

તે વિષય અને કષાયને (વિકથાને) વધારે છે. ખરેખર ઇન્દ્રિયોના સુખો દુઃખરૂપ છે અને તેથી વિરક્ત થયેલાને તે ગ્રહણ કરવા યોગ્ય નથી."

જ્ઞાનથી તૃપ્ત થયેલા—પોતાના આત્મતત્ત્વના અનુભવથી પૂર્ણ થયેલાને આત્મતત્ત્વમાં તન્મયતારૂપ ધ્યાનામૃતના ઓડકારની પરમ્પરા હોય છે. દ્રવ્ય અને ભાવ એ બન્ને પ્રકારના રોગરહિત અને નિર્મલ પરમાત્મ તત્ત્વનો અનુભવ એ તૃપ્તિનું લક્ષણ છે. અને તેથી તત્ત્વની ભાવના, તત્ત્વજ્ઞાન, અને તત્ત્વના ધ્યાનરૂપ અમૃતના ઓડકારની પરમ્પરાની વૃદ્ધિ થાય છે.

**सुखिनो विषयातृप्ता नेन्द्रोपेन्द्रादयोऽप्यहो।**
**भिक्षुरेकः सुखी लोके ज्ञानतृप्तो निरञ्जनः ॥८॥**

**વિષયથી નહિ તૃપ્ત થયેલા ઇન્દ્ર, કૃષ્ણ વગેરે સુખી નથી એ આશ્ચર્ય છે. ચૌદ રાજલોકમાં જ્ઞાનથી તૃપ્ત થયેલ નિરંજન—કર્મમલિનતા રહિત એક ભિક્ષુ-સાધુ સુખી છે.**

આશ્ચર્ય છે કે ઇન્દ્ર, કૃષ્ણ વગેરે ઇન્દ્રિયના સંયોગરૂપ મનોજ્ઞ વિષયોથી તૃપ્ત થયેલા નથી. અનેક સ્ત્રીઓના વિલાસ, ષડ્રસ ભોજન, સુગંધી પુષ્પોની વાસ, રમ્ય આવાસ, કોમળ શબ્દનું શ્રવણ, સુન્દર રૂપોનું અવલોકન ઇત્યાદિ ભોગો ઘણો કાળ ભોગવવા છતાં તૃપ્તિ પામ્યા

---

૧ विषयातृप्ताः=વિષયથી નહિ તૃપ્ત થયેલા. इन्द्रोपेन्द्रादयः=ઇન્દ્ર, કૃષ્ણ વગેરે. अपि=પણ. सुखिनः=સુખી. न=નથી. अहो=એ આશ્ચર્ય છે. लोके=જગતમાં. ज्ञानतृप्तः=જ્ઞાનથી તૃપ્ત થયેલો. निरञ्जनः=કર્મમેલ રહિત. एकः=એક. भिक्षुः=સાધુ. सुखी=સુખી છે.

નથી. કારણકે એ ભોગો તૃપ્તિનું કારણ થતા નથી, માત્ર તૃપ્તિનો ખોટો આરોપ કરવામાં આવે છે. ચૌદ રજ્જુપ્રમાણ અને કર્મ સહિત અનન્તજીવાત્મક આ લોકમાં એક આહારની તૃષ્ણારહિત, કેવળ સંયમનો નિર્વાહ કરવા માટે ભિક્ષા કરનારા, પરિગ્રહના ત્યાગી ભિક્ષુ–સાધુ સુખી છે. જે સ્વરૂપના અવબોધરૂપ જ્ઞાનથી તૃપ્ત અને નિરંજન–રાગાદિની મલિનતા રહિત છે. કારણ કે તે સ્વધર્મના ભોગસહિત છે. જે વસ્તુમાં જે ધર્મ નથી તેથી તૃપ્તિ થતી નથી. વિશેષાવશ્યકભાષ્યમાં કહ્યું છે કે—

**जत्तो च्चिय पच्चक्खं सोम्म ! सुहं नत्थि दुक्खमेवेदं ।**
**तप्पडियारविभत्तं तो पुण्णफलं ति दुक्खं ति ॥**
**विसयसुहं दुक्खं चिय दुक्खपडियारओ तिगिच्छ व्व ।**
**तं सुहमुवयाराओ न उवयारो विणा तच्चं ॥**
**सायासायं दुक्खं तव्विरहंमि सुहं जओ तेण ।**
**देहेन्दिएसु दुक्खं सुक्खं देहिंदियाभावे ॥**

विशेषा० भाष्य गा. २००५–७

"હે સૌમ્ય ! પ્રત્યક્ષ જણાતું સુખ સુખ જ નથી, પણ દુઃખ જ છે. તે દુઃખના પ્રતીકારરૂપ હોવાથી જુદું કહ્યું છે. તેથી પુણ્યનું ફળ પણ દુઃખ જ છે.

દુઃખના પ્રતીકારરૂપ હોવાથી ચિકિત્સાની પેઠે વિષયસુખ પરમાર્થથી દુઃખ જ છે. પરન્તુ તે ઉપચારથી સુખ છે. પરંતુ સત્ય વસ્તુ વિના ઉપચાર હોતો નથી. તાત્પર્ય એ છે કે વિષયસુખ સિવાય બીજું વાસ્તવિક સુખ છે અને

તેનો વિષયસુખમાં આરોપ કરવામાં આવે છે.

સાતા અને અસાતા બન્ને દુઃખ જ છે અને તે બન્નેના અભાવમાં સુખ છે. કારણ કે તે શરીર અને ઇન્દ્રિયોના નિમિત્તે થતું હોવાથી દુઃખ છે, અને શરીર અને ઇન્દ્રિયોના અભાવમાં સુખ છે."

એમ સાતા અને અસાતાના ફળનો જ ભેદ છે, પણ આવરણમાં ભિન્નતા નથી. અવ્યાબાધ સુખને આવરણ કરવાનો તો બન્નેનો સ્વભાવ છે. જે આત્માના ગુણનો ઘાત કરે છે તે દુઃખ છે, તેને સુખરૂપે કોણ માને? આત્માના જ્ઞાન અને આનન્દના અનુભવરૂપ તૃપ્તિ પ્રશંસા કરવા યોગ્ય છે, પણ ઉપાધિ-પર નિમિત્તથી થયેલી તૃપ્તિ પ્રશંસાને યોગ્ય નથી. એ હેતુથી આત્માના અનુભવરૂપ તૃપ્તિને માટે સમ્યગ્દૃષ્ટિ જીવ અરિહંતની સ્તુતિ કરે છે, પરમાત્માને પૂજે છે, દેશવિરતિવાળા પણ સામાયિક અને પૌષધોપવાસ કરે છે, મુનિઓ આત્માનુભવનો આસ્વાદ લેવા એકાન્તે રહે છે, તેને પ્રાપ્ત કરવા હિંસાદિ પાંચ આસ્રવોનો ત્યાગ કરે છે, તે આસ્રવોને છોડવા ભયંકર ગ્રીષ્મ ઋતુમાં તપેલી શિલાના તાપની આતાપના લે છે, શિશિર ઋતુમાં ઠંડાં ચન્દ્રનાં કિરણોના સ્પર્શથી ક્ષોભ પામવા છતાં વસ્ત્ર વિના વનમાં વસે છે, આગમોનો સ્વાધ્યાય કરે છે, ક્ષમાદિ ધર્મ દ્વારા આત્માને વાસિત કરે છે, તત્ત્વજ્ઞાન વડે ગુણશ્રેણિના શિખર ઉપર ચઢે છે, અને આત્માની એકતાનો વિચાર કરે છે. તત્ત્વમાં સમાધિને માટે પ્રાણાયામાદિનો પ્રયત્ન અને જિનકલ્પાદિ આચારો છે. માટે મુમુક્ષુએ પોતાના સ્વભાવના અનુભવરૂપ તૃપ્તિનો અભ્યાસ કરવા યોગ્ય છે.

## ૧૧ નિર્લેપાષ્ટક

**संसारे निवसन् स्वार्थसज्ज: कज्जलवेश्मनि।**
**लिप्यते निखिलो लोक: ज्ञानसिद्धो न लिप्यते ॥१॥**

કાજળના ઘર જેવા સંસારમાં રહેતો સ્વાર્થમાં તત્પર સમગ્ર લોક લેપાય છે. (કર્મથી બંધાય છે) પણ જે જ્ઞાનવડે સિદ્ધ છે તે પુરુષ લેપાતો નથી.

જે કર્મથી અલિપ્ત છે તેને તત્ત્વમાં ચિત્તની સ્થિરતા થાય છે, પૂર્ણાનન્દની તૃપ્તિ પણ નિર્લેપને હોય છે, તેથી અહીં નિર્લેપાષ્ટકનું વર્ણન કરવામાં આવે છે. ચૈતન્યને સર્વ પરભાવના સંબન્ધનો અભાવ થવાથી વ્યાપ્યત્વ, વ્યાપકત્વ, ગ્રાહકત્વ, કર્તૃત્વ અને ભોક્તૃત્વ વગેરે આત્માની શક્તિઓનું પ્રગટ થવું તે નિર્લેપ અવસ્થા છે. બોલાવવારૂપ જીવ અને અજીવ પદાર્થનું નિર્લેપ એવું નામ તે નામ-નિર્લેપ. નિર્ગ્રન્થ મુનિ વગેરેનો આકાર વગેરે તે સ્થાપના નિર્લેપ. કાંસાનાં પાત્ર વગેરે તે તદ્વ્યતિરિક્ત દ્રવ્યનિર્લેપ. બાકી બધું પૂર્વની પેઠે જાણવું. ભાવનિર્લેપ જીવ અને અજીવના ભેદથી બે પ્રકારે છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયાદિ અજીવભાવનિર્લેપ અને સર્વ વિભાવના સંબન્ધથી રહિત મુક્તાત્મા તે જીવભાવનિર્લેપ.

---

૧ कज्जलवेश्मनि=કાજળના ઘર જેવા. संसारे=સંસારમાં. निवसन्=રહેતો. स्वार्थसज्ज:=સ્વાર્થમાં તત્પર. निखिलो लोक:=સમસ્ત લોક. लिप्यते=કર્મથી લેપાય છે. પણ ज्ञानसिद्ध:=જ્ઞાન વડે સિદ્ધ–પરિપૂર્ણ. न लिप्यते=લેપાતો નથી.

નૈગમ અને સંગ્રહ નયની અપેક્ષાએ જીવો જાતિથી અલિપ્ત છે. દ્રવ્યથી પરિગ્રહના ત્યાગી વ્યવહાર નયની અપેક્ષાએ અલિપ્ત છે. ( ઋજુસૂત્રનયથી નિર્લેપ પરિણામવાળો નિર્લેપ કહેવાય છે.) શબ્દનયથી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનથી જાણીને પરભાવનો ત્યાગ કરનાર તથા તેના નિમિત્તરૂપ ધન, સ્વજન અને ઉપકરણાદિમાં અનાસક્ત અલિપ્ત કહેવાય છે. સમભિરૂઢ નયથી અરિહંતાદિનાં નિમિત્તો વડે થતા ઘણા પ્રકારના પરિણામોથી અલિપ્ત હોવાથી મોહનો ક્ષય કરનાર બારમા ગુણસ્થાનકવર્તી જિન અને કેવલજ્ઞાની અલિપ્ત છે. અને એવંભૂત નયથી સર્વ વિભાવ પર્યાયો વડે અલિપ્ત હોવાથી સિદ્ધ ભગવંત અલિપ્ત છે.

અન્ય વાચના પ્રમાણે દેશ પ્રસિદ્ધ આકાર અને રૂપ વડે અંશતઃ ત્યાગી તે નૈગમ નયથી અલિપ્ત કહેવાય છે. સંગ્રહ નયથી સમ્યગ્દર્શની નિર્લેપ છે, કારણ કે સત્તાથી આત્માને સર્વથા ભિન્ન જાણે છે. વ્યવહાર નયથી શ્રદ્ધા વડે અપ્રશસ્ત રાગાદિ લેપનો ત્યાગ કરનાર નિર્લેપ કહેવાય છે. ઋજુસૂત્ર નય વડે પ્રશસ્ત નિમિત્તોનું રાગ રહિતપણે અવલંબન કરવાથી નિર્લેપ છે. શબ્દ નય વડે અભિસંધિજ વીર્ય અને બુદ્ધિપૂર્વક ઉપયોગ રાગાદિરૂપે નહિ પરિણમતો હોવાથી નિર્લેપ છે. સમભિરૂઢ નયની અપેક્ષાએ સર્વ ચેતના અને સર્વ વીર્ય વિભાવના સંબન્ધ રહિત થવાથી નિર્લેપ છે. અને એવંભૂત નય વડે પૂર્વાભ્યાસ રૂપ ચક્રભ્રમણના દૃષ્ટાન્તથી ભવોપગ્રાહી સર્વ પુદ્ગલના સંબન્ધ રહિત સિદ્ધનુ નિર્લેપપણું છે. પ્રથમના ત્રણ નિક્ષેપ નૈગમાદિ

નયોને માન્ય છે અને ભાવનિક્ષેપને અલિપ્ત પર્યાય હોવાને લીધે શબ્દાદિ ત્રણ નયો માને છે. અહીં તો સમ્યક્ સાધન કરનાર ભાવનિર્લેપનો અધિકાર છે.

રાગાદિ પાપસ્થાનકરૂપ વિભાવ અને તેના નિમિત્તભૂત ધન-સ્વજનાદિરૂપ કાજળના ઘર સમાન સંસારમાં રહેતો, સ્વાર્થ-સ્વ-આરોપિત-આત્માએ-બહિરાત્માએ કરેલ અહંકાર અને મમકારાદિરૂપ અર્થમાં સાવધાન એવો સર્વ લોક રાગાદિ ભાવ કર્મના સંબન્ધથી સમસ્ત આત્માનો ક્ષયોપશમભાવ પરભાવને અનુસરતાં સર્વ સત્તાને ઢાંકનાર ભાવકર્મ, દ્રવ્ય-કર્મ અને નોકર્મથી લેપાય છે. તથા હેય અને ઉપાદેયની પરીક્ષાથી સર્વ ભાવોને પારખી પોતાના આત્મામાં આત્મ-પણું અને પરવસ્તુમાં પરપણાના ઉપયોગવાળો, પોતાના આત્મામાં રમણ કરનાર, સ્વરૂપનો વિલાસી જ્ઞાનસિદ્ધ આત્મા કર્મથી લેપાતો નથી-એટલે વિવિધ પ્રકારના કર્મના સંચય વડે બંધાતો નથી. આ હેતુથી આત્મધર્મનું જ્ઞાન મેળવવામાં ઉપાદેય બુદ્ધિથી પ્રયત્ન કરવા યોગ્ય છે એ ઉપદેશ છે.

**नाहं पुद्गलभावानां कर्ता कारयिताऽपि च।**
**नानुमन्ताऽपि चेत्यात्मज्ञानवान् लिप्यते कथम्?॥२॥**

હું પૌદ્ગલિક ભાવોનો કરનાર, કરાવનાર અને અનુ-

---

૧ अहं=હું. पुद्गलभावानां=પૌદ્ગલિક ભાવોનો. कर्ता=કરનાર. कारयिता=કરાવનાર. अपि च=અને. अनुमन्ता=અનુમોદન કરનાર. न=નથી. इति=એવા વિચારવાળો. आत्मज्ञानवान्=આત્મજ્ઞાની. कथं=કેમ. लिप्यते=લેપાય.

**મોહન કરનાર નથી. એવા આત્મજ્ઞાની શમવંત (કર્મથી) કેમ લેપાય?**

હું નિર્મલ કેવલજ્ઞાનમય છું, પોતાના પારિણામિક ભાવરૂપ પર્યાયોનો ઉત્પાદ, વ્યય, ધ્રુવપણું, જ્ઞાયકપણું, ભોક્તાપણું અને રમણતા આદિ આત્મિક ભાવોનો કર્તા છું, પણ દ્રવ્યકર્મ, નોકર્મ અને હિંસાદિ પાપવ્યાપારોનો તથા યોગની પ્રવૃત્તિનો કર્તા નથી, પુદ્ગલોને ગ્રહણ કરવા અને મૂકવાનું મારું કાર્ય નથી, વર્ણાદિનું ગ્રહણ અને તેની પ્રાપ્તિમાં હું કર્તા નથી, તેમજ પૂર્વોક્ત પુદ્ગલભાવોનો બીજાની પાસે કરાવનાર નથી, વળી પૌદ્ગલિક શુભ વર્ણાદિનું અનુમોદન કરનાર પણ નથી–એવા પ્રકારે ભેદજ્ઞાનરૂપ યથાર્થજ્ઞાન વડે ભિન્ન જાણેલું છે આત્માનું સ્વરૂપ જેણે એવા આત્મજ્ઞાનવંત કેવી રીતે લેપાય? ન જ લેપાય. એ રીતે આત્મામાં સકલ પુદ્ગલોનું ત્રણે કાળે અગ્રાહકપણું, અભોક્તાપણું અને અકારકપણું હોવાથી આત્મજ્ઞાની લેપાતા નથી, પુદ્ગલને અનુસરનાર કર્મચેતના વડે લેપ–કર્મબન્ધ થાય છે, પરન્તુ સર્વથા સંગ રહિત આત્માને લેપ થતો નથી.

**लिप्यते पुद्गलस्कन्धो न लिप्ये पुद्गलैरहम् ।**
**चित्रव्योमाञ्जनेनेव ध्यायन्निति न लिप्यते ॥२॥**

**પુદ્ગલનો સ્કન્ધ પુદ્ગલો વડે સંક્રમાદિ ઉપચયે (પૂર્વના પુદ્ગલો સાથે બીજા પુદ્ગલો મળવા વડે ઉપચય થવાથી)**

---

૧ पुद्गलस्कन्धः=પુદ્ગલોનો સ્કન્ધ. पुद्गलैः=પુદ્ગલોવડે. लिप्यते=લેપાય છે. પણ अहं=હું. न लिप्ये=લેપાતો નથી. इव=જેમ. अञ्जनेन=અંજન વડે चित्रव्योम=વિચિત્ર આકાશ. इति=એમ. ध्यायन्=ધ્યાન કરતો આત્મા. न लिप्यते=લેપાતો નથી.

**લેપાય છે. જેમ ચિત્રામણુવાળું (વિવિધ વર્ણવાળું) આકાશ અંજનથી લેપાતું નથી, તેમ પુદ્ગલો વડે હું લેપાતો નથી, એ પ્રમાણે ધ્યાન કરતો આત્મા લેપાતો નથી (કર્મથી બંધાતો નથી).**

પરસ્પર મળવાથી સંક્રમાદિ પરિણામ વડે પુદ્ગલ સ્કન્ધ અન્ય પુદ્ગલો વડે લેપાય છે-ઉપચયવાળો થાય છે. [પુદ્ગલોનો બન્ધ થવામાં તેઓનો પરસ્પર સંબંધ થવો એ અપેક્ષિત નથી, પણ પુદ્ગલ દ્રવ્યનો સ્વજાતિ દ્રવ્યની સાથે સ્નિગ્ધપણા અને રૂક્ષપણાનો પરિણામ પરસ્પર બન્ધનો હેતુ છે. એટલે સ્નિગ્ધ પરિણામવાળા અને રૂક્ષ પરિણામવાળા પુદ્ગલોનો પરસ્પર બન્ધ થાય છે, પરન્તુ તેમાં અપવાદ છે કે જઘન્યગુણવાળા સ્નિગ્ધ અને જઘન્ય ગુણવાળા રૂક્ષ પુદ્ગલોનો પરસ્પર બંધ થતો નથી. જેમકે-એકગુણવાળા સ્નિગ્ધ પુદ્ગલોનો એકગુણવાળા રૂક્ષ પુદ્ગલોની સાથે પરસ્પર બન્ધ થતો નથી, પરન્તુ એકગુણવાળા સ્નિગ્ધનો દ્વિગુણ ત્રિગુણાદિ રૂક્ષ પુદ્ગલોની સાથે બન્ધ થાય છે. એમ સ્નિગ્ધ અને રૂક્ષ પુદ્ગલોનો વિજાતીય બન્ધ કહ્યો. હવે સ્નિગ્ધ પુદ્ગલોનો સ્નિગ્ધની સાથે અને રૂક્ષ પુદ્ગલોનો રૂક્ષની સાથેના સજાતીય બન્ધની મર્યાદા જણાવે છે. ગુણની સમાનતા હોય ત્યારે સજાતીય-સ્નિગ્ધનો સ્નિગ્ધની સાથે અને રૂક્ષનો રૂક્ષની સાથે બન્ધ થતો નથી, પણ ગુણની વિષમતા હોય ત્યારે સજાતીય પુદ્ગલોનો પરસ્પર બન્ધ થાય છે. એટલે તુલ્યગુણવાળા સ્નિગ્ધનો તુલ્યગુણવાળા સ્નિગ્ધની સાથે કે તુલ્યગુણવાળા રૂક્ષનો તુલ્યગુણવાળા રૂક્ષની સાથે બન્ધ થતો નથી. પરન્તુ વિષમગુણવાળા

સ્નિગ્ધ કે રૂક્ષનો વિષમગુણવાળા સ્નિગ્ધ કે રૂક્ષની સાથે બન્ધ થાય છે. તેમાં પણ એટલી મર્યાદા છે કે દ્વિગુણાદિ અધિક સજાતીય પુદ્ગલોનો પરસ્પર બન્ધ થાય છે. એટલે એકગુણવાળા સ્નિગ્ધનો ત્રિગુણ, ચતુર્ગુણ ઇત્યાદિ સ્નિગ્ધગુણવાળાની સાથે કે રૂક્ષનો તેવા પ્રકારના રૂક્ષગુણવાળા પુદ્ગલોની સાથે પરસ્પર બન્ધ થાય છે. એ પ્રમાણે ત્રિગુણનો પંચગુણ સાથે, પંચગુણનો સપ્તગુણ સાથે બન્ધ થાય છે. એમ બધેય વિચાર કરવો. એવી રીતે દ્વિગુણ ચતુર્ગુણ સાથે, ચતુર્ગુણ ષડ્ગુણની સાથે અને ષડ્ગુણ અષ્ટગુણની સાથે બંધાય છે. એટલે એકરૂપ પરિણામ થાય છે*] અહીં સ્પર્શમાં રહેલા સ્નિગ્ધ અને રૂક્ષ સ્પર્શ એકાન્તે સ્કન્ધનું ઉપાદાન કારણ નથી, કારણ કે સ્પર્શગુણ હોવાથી સ્કન્ધ કરવામાં ઉપાદાનરૂપ થતા નથી, રસ પણ કારણ નથી. કારણ કે રસ આસ્વાદનરૂપ છે, માટે પૂરણ અને ગલન ધર્મવાળા પુદ્ગલો જ દ્વિગુણાદિ અધિક સ્નિગ્ધ અને રૂક્ષ પરિણામ સહિત સ્કન્ધનું ઉપાદાન કારણ છે. આ કારણથી પુદ્ગલોની સાથે પુદ્ગલો જ લેપાય છે. હું નિર્મલ–કર્મમેલરહિત, આનન્દ અને ચૈતન્યસ્વરૂપ છું, પણ પુદ્ગલોની સાથે સંબન્ધવાળો નથી. માટે શુદ્ધ આત્મા પુદ્ગલોથી લેપાતો નથી. વાસ્તવિક રીતે પુદ્ગલ અને આત્માનો તાદાત્મ્ય (તદ્રૂપતા) સંબન્ધ જ નથી. સંયોગસંબન્ધ તો ઉપાધિથી થએલો છે. અને તે ચિત્ર–વિચિત્ર અંજનરંગોની સાથે આકાશના જેવો છે. એમ

[ ] આ કોષ્ટની અંદરનો પુદ્ગલોના બન્ધની મર્યાદા જણાવનારો ટીકાનો ભાગ અસ્પષ્ટ અને અશુદ્ધ હોવાથી તેટલો ભાગ તત્ત્વાર્થ ભાષ્યમાંથી લીધો છે. અનુ.

ધ્યાન કરતો આત્મા કર્મથી લેપાતો નથી. જેમ આકાશ વિચિત્ર રંગો વડે રંગાવા છતાં વાસ્તવિક રંગાતું નથી. તેમ હું પણ અમૂર્ત્ત આત્મસ્વભાવરૂપ છું, તેથી એક આકાશરૂપ ક્ષેત્રમાં અવગાહેલા પુદ્‌ગલો વડે લેપાતો નથી.

જે આત્મસ્વરૂપને જાણે છે તે પોતાનું વીર્ય અને જ્ઞાનાદિ શક્તિને આત્મામાં પ્રવર્તાવતો નવા કર્મબન્ધનથી બંધાતો નથી. જેટલી આત્માની શક્તિ પરભાવને અનુસરે છે તેટલો આસ્રવ છે અને જેટલી સ્વશક્તિ સ્વરૂપને અનુસરે છે તે સંવર છે એ રહસ્ય છે. અહીં આત્મજ્ઞાનમાત્રથી સંતુષ્ટ થયેલા પરન્તુ રાગ-દ્વેષયુક્ત અને સમ્યગ્દર્શનાદિ ગુણથી ભ્રષ્ટ થએલા આત્માને કર્મનો બન્ધ થતો નથી એમ આત્માને અબન્ધસ્વરૂપે માને છે તે મત અગ્રાહ્ય છે એમ જણાવ્યું. ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે કે—

**भणंता अकरंता य बन्धमुक्खपइन्निणो ।**
**वायाविरियमित्तेण समासा संति अप्पयं ॥**
**न चित्ता तायए भासा कओ विज्ञाणुसासणं ।**
**विसन्ना पावकम्मेहिं बाला पंडियमाणिणो ॥**

अध्य० ६ गा. १०–११

"બન્ધ અને મોક્ષની પ્રતિજ્ઞાવાળા, મુખથી બોલતા પરંતુ કંઇ પણ નહિ કરતા વાણીની શક્તિમાત્રથી પોતાને આશ્વાસન આપનારા છે.

વિચિત્ર એવી ભાષા તેમનું રક્ષણ કરતી નથી, તો વિદ્યાનું અનુશાસન તો ક્યાંથી રક્ષણ કરે? અજ્ઞાની છતાં પોતાને પંડિત માનનારા તેઓ પાપકર્મથી ખિન્ન થએલા છે."

આ કારણથી જ તત્ત્વની શ્રદ્ધારૂપ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના ઉપયોગવાળા જ્યારે આત્માની કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થએલી ચેતના અને વીર્યાદિ શક્તિઓને પરભાવરૂપ વિભાવથી ખેંચીને આત્માના ગુણમાં પ્રવર્તાવે છે, ત્યારે તેમને તેટલું અબન્ધકપણું છે અને જેટલી પરભાવને અનુસરતી વિષય અને કષાયની ચપલતા સહિત શક્તિ છે તેટલું બન્ધકપણું છે. એમ જ્યારે સર્વ આત્માની શક્તિ સ્વરૂપમાં સ્થિરતા અને રમણતાયુક્ત હોય છે ત્યારે સર્વથા અબન્ધકભાવ હોય છે એ સિદ્ધાન્ત છે.

**लिप्तताज्ञानसंपातप्रतिघाताय केवलम् ।**
**निर्लेपज्ञानमग्नस्य क्रिया सर्वोपयुज्यते ॥४॥**

નિર્લેપ જ્ઞાનમાં મગ્ન-'હું નિર્લેપ છું' એવી જ્ઞાનધારામાં આરૂઢ થયેલા યોગીની સર્વ ક્રિયાઓ વ્યુત્થાનદશામાં વ્યવહારભાવથી લિપ્તપણાના જ્ઞાનના સંપાતનું (આગમનનું) કેવળ નિવારણ કરવા માટે ઉપયોગી થાય છે-કામમાં આવે છે. એ કારણથી જ ધ્યાનારૂઢને આવશ્યકાદિ ક્રિયા તેવા પ્રકારની શુદ્ધિથી આત્મધ્યાનની ધારાથી પડતા રાખવા માટે આલંબન કહી છે.

શુદ્ધ સ્યાદ્વાદરૂપ આત્મજ્ઞાનમાં મગ્ન થએલા પુરુષને અવશ્ય કરવારૂપ આવશ્યકાદિ ક્રિયા લિપ્તપણાના જ્ઞાનરૂપ

---

१ निर्लेपज्ञानमग्नस्य='આત્મા નિર્લેપ છે' એવા નિર્લેપપણાના જ્ઞાનમાં મગ્ન થયેલાને. सर्वा=બધી. क्रिया=આવશ્યકાદિ ક્રિયાઓ केवलं=કેવળ. लिप्तताज्ञानसंपातप्रतिघाताय='આત્મા કર્મબદ્ધ છે' એવા લિપ્તપણાના જ્ઞાનના આગમનને રોકવા માટે. उपयुज्यते=ઉપયોગી થાય છે.

વિભાવચેતનાના ઉપયોગમાં પડવાનું નિવારણ કરવા માટે કેવળ ઉપકારી થાય છે. આ કથનથી એમ જણાવ્યું કે 'ધ્યાનમાં આરૂઢ થએલાને ક્રિયા કરવાની નથી, પરન્તુ ભાવના અને ચિન્તાજ્ઞાનવાળાને વિઘ્નનું નિવારણ કરવા માટે ક્રિયા ઉપકારી છે. ધ્યાનારૂઢ–અવિનાશી આત્મસ્વરૂપના અનુભવમાં રહેલાને તો વિઘાત કરનારી છે. આગમમાં પણ કહ્યું છે કે 'જે ક્રિયા પૂર્વે અમૃત કુંભના જેવી હતી તે પછી વિષ-કુંભના જેવી થાય છે. કહ્યું છે કે—

**जा किरिया सुट्ठुयरी सा विसुद्धीए न अप्पधम्मो त्ति।**
**पुव्विं हिया य पच्छा अहिया जह निस्सहाइतिगं॥**

જે ક્રિયા સારું કરનારી છે તે આત્મવિશુદ્ધિ માટે થાય છે, પણ તે આત્મધર્મરૂપ નથી. એ હેતુથી દુર્બલાદિ ત્રણના દૃષ્ટાંતે પૂર્વે હિતકારક અને પછીથી અહિતકારી છે.

તેથી આત્મસ્વરૂપના અવબોધની એકતા હિતકારી છે.

**[1]तपःश्रुतादिना मत्तः क्रियावानपि लिप्यते।**
**भावनाज्ञानसंपन्नो निष्क्रियोऽपि न लिप्यते॥५॥**

**તપ અને શ્રુતપ્રમુખે કરીને અભિમાનવાળો ક્રિયાવાન્ હોય તો પણ કર્મથી લેપાય છે. ભાવનાજ્ઞાન–તત્ત્વજ્ઞાન વડે સંપૂર્ણ ક્રિયારહિત હોય તો પણ લેપાતો નથી.**

જિનકલ્પાદિના જેવી ઉત્કૃષ્ટ ક્રિયાનો અભ્યાસી પણ

---

૧ तपःश्रुतादिना=તપ અને શ્રુતપ્રમુખે કરીને. मत्तः=અભિમાન-વાળો. क्रियावानपि=ક્રિયાવાન્ હોય તો પણ. लिप्यते=લેપાય છે. भावनाज्ञानसंपन्नो=ભાવનાજ્ઞાન–તત્ત્વજ્ઞાન વડે સંપૂર્ણ. निष्क्रियोऽपि=ક્રિયારહિત હોય તો પણ. न लिप्यते=લેપાતો નથી.

તપ–શ્રુત આદિથી અભિમાની હોય તો નવીન કર્મબન્ધન વડે લેપાય છે. ક્રોધ વડે ઉત્કૃષ્ટ દયાવાળી ક્રિયા હિતકારી થતી નથી. આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે--

**"से वंता कोहं च माणं च मायं च लोभं च एयं पासगस्स दंसणं उवरयसत्थस्स पलियंतकरस्स आयाणं सगडब्भि ॥"**

आचारांग अध्य० ३ उ० ४ सू० १२१

"જ્ઞાનાદિગુણસહિત આત્મા ક્રોધ, માન, માયા અને લોભનો ત્યાગ કરશે. એ સર્વદર્શી, અસંયમરૂપ ભાવશસ્ત્રના ત્યાગી અને સંસારનો અન્ત કરનારા જિનનું દર્શન છે. અને તે આદાન–આસ્રવોનો ત્યાગ કરી પોતે કરેલા કર્મનો નાશ કરશે."

**"वंता लोगसन्नं से मइमं परक्कमेज्जासि त्ति बेमि"**

आचारांग अध्य० २ उ० ६ सू० ९८

વળી 'તે બુદ્ધિમાન લોકસંજ્ઞાને વમીને સંયમમાં પરાક્રમ કરે' એમ કહું છું.

**"परिन्नाय लोगसन्नं च सव्वसो। बाले पुण णिहे कामसमणुन्ने असमियदुक्खे दुक्खी दुक्खाणमेव आवट्टं अणुपरियट्टइ त्ति बेमि"**

आचारांग अध्य० २ उ० ६ सू० १०४

"લોકસંજ્ઞાને જાણીને તેનો સર્વથા ત્યાગ કરે. વળી જે બાલ–અજ્ઞાની, રાગવાળો, કામને ઇચ્છતો, જેનું વિષય-કષાયાદિરૂપ દુઃખ ઉપશમભાવને પામ્યું નથી એવો અને શારીરિક અને માનસિક દુઃખવાળો દુઃખોના આવર્તરૂપ સંસારમાં પરિભ્રમણ કરે છે"

એ હેતુથી ક્રિયાદિ કરનારને "આહાર, ભય, મૈથુન, પરિગ્રહ–એ ચાર સંજ્ઞાઓ, ક્રોધ, માન, માયા અને લોભ એ ક્રોધાદિ ચાર કષાય તથા ઓઘ, લોક, સુખ, દુઃખ, શોક, વિચિકિત્સા (જુગુપ્સા) અને મોહ એ બધી મળી પંદર સંજ્ઞા વડે ધર્મોભ્યાસની પ્રવૃત્તિ તે ધર્મ નથી" એમ આચારાંગસૂત્રની ટીકામાં કહ્યું છે. ભાવના–અનુપ્રેક્ષા (મનન) રૂપ જ્ઞાનમાં મગ્ન થયેલો નિષ્ક્રિય એટલે તેવા પ્રકારના તીવ્રતર વીર્યની પ્રવૃત્તિ રહિત હોય તો પણ બંધાતો નથી. સૂત્રકૃતાંગમાં કહ્યું છે કે—

**"न कम्मुणा कम्म खवंति बाला,**
**अकम्मुणा कम्म खवंति वीरा ।**
**मेहाविणो लोभमयादतीता,**
**संतोसिणो नो पकरंति पावं ॥"**

अध्य० १२ गा० १५

"અજ્ઞાની કર્મ–ક્રિયા વડે કર્મનો ક્ષય કરતા નથી, પણ વીર પુરુષો અકર્મ–અક્રિયભાવ વડે કર્મનો ક્ષય કરે છે. પંડિતો લોભ અને ભયથી રહિત અને સંતોષી થઈ પાપ કર્મ કરતા નથી".

**"जहा कुम्मो सअंगाइं सए देहे समाहरे ।**
**एवं पावाइं मेहावी अज्झप्पेणं समाहरे ॥"**

सूत्रकृ० अ० ८ श्लो० १६

"જેમ કાચબો પોતાના અંગોને પોતાના શરીરમાં સંકોચી લે છે, તેમ પ્રજ્ઞાવાળા મહાત્મા અધ્યાત્મ વડે પાપ-કર્મને સંકોચી લે છે".

એ કારણથી આત્મતત્ત્વની એકતાના અનુભવ સહિત સમ્યગ્જ્ઞાન રૂપ ભાવનાજ્ઞાનવાળા જ્ઞાનીપુરુષ કર્મથી લેપાતા નથી. સર્વ પ્રકારે સત્ક્રિયાનો અભ્યાસ શુદ્ધ સિદ્ધ આત્મ-સ્વરૂપને પ્રગટ કરવારૂપ સાધ્યની સિદ્ધિને માટે આત્મ-તત્ત્વના અનુભવજ્ઞાનવાળાને હિતકારક થાય છે.

**[1]अलिप्तो निश्चयेनात्मा लिप्तश्च व्यवहारतः ।**
**शुद्धयत्यलिप्तया ज्ञानी क्रियावान् लिप्तया दृशा ॥६॥**

**નિશ્ચય નયથી આત્મા લેપાએલ નથી ( કર્મથી બંધાએલો નથી ) અને વ્યવહાર નયથી લેપાએલો છે ( કર્મથી બંધાએલો છે ). જ્ઞાનયોગી શુદ્ધ ધ્યાનથી અલિપ્ત દૃષ્ટિએ શુદ્ધ થાય છે અને ક્રિયાવાળો લિપ્તપણાની દૃષ્ટિએ શુદ્ધ થાય છે. લેપ ટાળવા અભ્યાસને અવલંબે છે.**

નિશ્ચય નયથી આત્મા સ્વરૂપે એટલે સ્વભાવની અપેક્ષાએ અલિપ્ત—નિર્લેપ છે—કર્મના સંબન્ધરહિત છે અને વ્યવહાર નયથી બાહ્ય પ્રવૃત્તિની ઉપાધિથી આત્મા કર્મથી લેપાએલો છે. આ કારણથી પર વસ્તુના સંબન્ધથી થયેલ વ્યવહારનો ત્યાગ કરવામાં પ્રયત્ન કરવા યોગ્ય છે. એ માટે અલિપ્ત એટલે શુદ્ધ ચિદાનન્દસ્વરૂપનું અવલોકન કરવારૂપ દૃષ્ટિથી આત્માને આત્મસ્વરૂપે અને પર વસ્તુને

---

૧ निश्चयेन=નિશ્ચય નયથી. आत्मा=જીવ. अलिप्तः=કર્મથી બંધાએલો નથી. च=અને. व्यवहारेण=વ્યવહાર નયથી. लिप्तः=કર્મથી બંધાએલો છે. ज्ञानी=જ્ઞાનવાળો. अलिप्तया दृशा=અલિપ્ત દૃષ્ટિ વડે शुध्यति=શુદ્ધ થાય છે. અને क्रियावान्=ક્રિયાવાળો. लिप्तया दृशा=લિપ્ત દૃષ્ટિથી શુદ્ધ થાય છે.

પરરૂપે રાગ-દ્વેષ રહિત દૃષ્ટિથી વેદ્ય વસ્તુને જાણનાર સ્વસંવેદન જ્ઞાની શુદ્ધ થાય છે. એટલે સર્વ વિભાવરૂપ મેલને દૂર કરવા વડે નિર્મલ થાય છે. બીજો ક્રિયાવાળો જીવ 'હું અશુદ્ધાચરણ વડે લેપાએલો છું, તેથી શુદ્ધ આચરણ વડે પૂર્વની પ્રકૃતિઓનો ક્ષય કરીને અને નવીન કર્મપ્રકૃતિઓને નહિ બાંધવા વડે આત્માને છોડાવું' એવી લિપ્ત દૃષ્ટિથી વન્દન-નમસ્કારાદિ ક્રિયા કરતો શુદ્ધ થાય છે-નિર્મલ થાય છે. એમ નિશ્ચય અને વ્યવહારને ગૌણ અને મુખ્યતાએ માનનારનો સાધનનો ક્રમ બતાવ્યો.

**ज्ञानक्रियासमावेशः सहैवोन्मीलने द्वयोः ।**
**भूमिकाभेदतस्त्वत्र भवेदेकैकमुख्यता ॥७॥**

**બન્ને દૃષ્ટિ સાથે ઉઘડતાં જ્ઞાન અને ક્રિયાનો સમાવેશ-એકીભાવ હોય છે અને ગુણસ્થાનકરૂપ ભૂમિકાના ભેદથી અહીં જ્ઞાન-ક્રિયામાં એક એકની મુખ્યતા હોય છે. ધ્યાનદશામાં જ્ઞાનની મુખ્યતા અને વ્યવહારદશામાં ક્રિયાની મુખ્યતા હોય છે.**

બન્ને દૃષ્ટિનો સાથે જ વિકાસ થતાં જ્ઞાન-ક્રિયાનો સમાવેશ એટલે એકીભાવ થાય છે. એકાન્તે જ્ઞાનની રુચિવાળો સમ્યગ્દૃષ્ટિ નથી, તેમ એકાન્તે ક્રિયાની રુચિવાળો પણ સમ્યગ્દૃષ્ટિ નથી, પરન્તુ સાપેક્ષ દૃષ્ટિવાળો સમ્યગ્દૃષ્ટિ

૧ द्वयोः=બન્ને દૃષ્ટિ. सहैव=સાથે. उन्मीलने=ઉઘડતાં. ज्ञानक्रियासमावेशः=જ્ઞાન-ક્રિયાની એકતા છે. अत्र=અહીં જ્ઞાનક્રિયામાં. भूमिकाभेदतः=ગુણસ્થાનકરૂપ અવસ્થાના ભેદથી. एकैकमुख्यता=એક એકનું મુખ્યપણું. भवेद्=હોય.

છે. માટે જ્ઞાન–ક્રિયાનો સમાવેશ એટલે બન્નેનો સંયોગ સાધન રૂપે નિર્ધારવા યોગ્ય છે. તેમાં જેમ કચરાવાળા મોટા ઘરને સાફ કરવામાં દીવો અને પુરુષ વગેરેના પ્રયત્નની જરૂર પડે છે, તેમ જીવનું સ્વરૂપ કર્મરૂપ કચરાથી ઢંકાયેલું છે, તેને શુદ્ધ કરવામાં જ્ઞાનાદિ ગુણોના ભિન્ન ભિન્ન સ્વભાવની પ્રવૃત્તિ છે. તે સંબન્ધે આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે—

**"नाणं पगासगं सोहगो तवो संजमो उ गुत्तिकरो।**
**तिण्हं पि समाओगे मुक्खो जिणसासणे भणिओ॥"**

"જ્ઞાન પ્રકાશ કરનાર છે–સદ્ અસદ્ વસ્તુનું ભાન કરાવનાર છે, તપ શુદ્ધિ કરનાર છે અને સંયમ રક્ષણ કરનાર છે, એ ત્રણેના યોગે મોક્ષ થાય છે–એમ જિનપ્રવચનમાં કહ્યું છે"

ઉપદેશપદ પ્રકરણમાં કહ્યું છે કે–"ક્રિયાથી થએલો કર્મનો ક્ષય દેડકાના કલેવરના ચૂર્ણ સમાન અને જ્ઞાનથી થયેલો કર્મનો ક્ષય દેડકાના શરીરની ભસ્મ તુલ્ય છે. જેમ દેડકાના શરીરનું ચૂર્ણ પાણીમાં નાંખવાથી સંમૂર્ચ્છિમ ઘણાં દેડકાઓ ઉત્પન્ન થાય છે, તેમ ક્રિયાથી અકામનિર્જરાના યોગે ઘણા કર્મનો ક્ષય થાય પરન્તુ કર્મના બીજરૂપ મોહનો નાશ નહિ થયેલો હોવાથી બીજાં ઘણાં કર્મ બંધાય છે. જેમ દેડકાના શરીરની ભસ્મથી બીજા દેડકાઓ ઉત્પન્ન થતા નથી, તેમ જ્ઞાનથી કર્મના બીજ રૂપ મોહનો નાશ થવાથી સકામ નિર્જરા થાય છે અને બીજાં નવાં કર્મ બંધાતા નથી."

અહીં સાધનના અવસરે જ્ઞાન અને ક્રિયામાં એકએકની મુખ્યતા હોય છે તે ગુણસ્થાનક રૂપ ભૂમિકાના—અવસ્થાના ભેદના લીધે છે. ધ્યાનાદિના અવસરે જ્ઞાન મુખ્ય છે અને પહેલાં વ્યવહારદશામાં ક્રિયા જ મુખ્ય છે. તથા બધે ય જ્યાં જેની ઉપયોગિતા હોય ત્યાં તે સાધનસામગ્રી કરવા યોગ્ય છે. ભગવતીસૂત્રની ટીકામાં કહ્યું છે કે—

**"जइ जिणमयं पवज्जह ता मा ववहारनिच्छए मुयह।**
**इक्केण विणा तित्थं छिज्जइ अन्नेण उ तच्चं ॥"**

"જો તું જિનમતનો સ્વીકાર કરે, તો વ્યવહાર અને નિશ્ચયને છોડીશ નહિ. કેમકે એક વ્યવહાર વિના તીર્થનો ઉચ્છેદ થાય અને અન્ય નિશ્ચય વિના સત્યનો નાશ થાય".

એ હેતુથી સાધન કરવામાં તત્પર થયેલા સર્વને યથાયોગ્ય સ્થાને સ્થાપે છે.

**[1]सज्ञानं यदनुष्ठानं न लिप्तं दोषपङ्कतः।**
**शुद्धबुद्धस्वभावाय तस्मै भगवते नमः ॥८॥**

જ્ઞાન સહિત જેનું ક્રિયારૂપ અનુષ્ઠાન દોષરૂપ કચરાથી લેપાયેલું નથી એવા, શુદ્ધ-નિર્મલ, બુદ્ધ-ટંકોત્કીર્ણ જ્ઞાન-રૂપ સ્વભાવ છે જેનો એવા તે ભગવંતને નમસ્કાર હો.

આ લોકની ઇચ્છા, પરલોકની ઇચ્છા અને ક્રોધ—માન વગેરે દોષોથી જેનું સમ્યગ્જ્ઞાન સહિત આચરણ દૂષિત

---

૧ सज्ञानं=જ્ઞાનસહિત. यदनुष्ठानं=જેનું ક્રિયારૂપ અનુષ્ઠાન. दोषपङ्कतः=દોષરૂપ કચરાથી. न लिप्तं=લેપાએલું નથી. એવા અને शुद्धबुद्धस्वभावाय=શુદ્ધ ટંકોત્કીર્ણ જ્ઞાનરૂપ સ્વભાવવાળા. तस्मै=તે. भगवते=ભગવંતને. नमः=નમસ્કાર હો.

થયું નથી એવા તથા શુદ્ધ-સર્વ પ્રકારના પુદ્ગલના સંબન્ધથી રહિત અને બુદ્ધ-જ્ઞાનમય સ્વભાવવાળા પૂજ્ય ભગવંતને નમસ્કાર થાઓ. આ કહેવાથી એમ જણાવ્યું કે જેવા પ્રકારનું સત્તામાં સ્વરૂપ હતું તેવા પ્રકારે આવરણ રહિત સિદ્ધનું સ્વરૂપ પ્રગટ થાય છે, તેને સાધનારા જ્ઞાન અને ક્રિયામાં સાવધાન હોય છે. તેનો ભાવાર્થ આ પ્રમાણે છે—અનાદિ કાળના અભ્યાસથી રૂઢ થયેલી પરભાવમાં આત્મબુદ્ધિરૂપ મિથ્યાજ્ઞાન વડે પરભાવનો આસ્વાદ કરવાથી વિભાવદશા પ્રાપ્ત થયેલી છે અને તે વિભાવદશારૂપ વાદળા વડે તત્ત્વજ્ઞાનરૂપ સૂર્ય ઢંકાઈ જવાથી મિથ્યાત્વ-અસંયમ અને મહામોહરૂપ ગાઢ અંધકાર વડે પ્રાણીઓ અંધ-વિવેકહીન થએલા છે. તેમાંના કેટલાએક પ્રાણી સદાગમરૂપ અંજન અને તત્ત્વની પ્રીતિરૂપ પાણી પીવાથી ઉત્પન્ન થયેલા સદ્વિવેકને પ્રાપ્ત થઇ જ્ઞાનાવરણાદિ કર્મથી ઢંકાયેલા, રાગ-દ્વેષાદિ વિભાવરૂપ મેલમાં તન્મય થએલા, શરીરાદિ પુદ્ગલસ્કન્ધોની સાથે એકતાને પ્રાપ્ત થયેલા, મૂર્ત અને ખંડિતસ્વરૂપવાળા જણાવા છતાં પણ અમૂર્ત, અખંડ, જ્ઞાનમય, આનન્દમય અને અનન્ત અવ્યાબાધ સ્વરૂપ એવા આત્માને જુએ છે. વિષયોનો ઉપભોગ કરવા છતાં પણ તેઓ આત્મતત્ત્વના અનુભવની રુચિવાળા હોય છે. અનેક પ્રકારના ઉપાયોથી મેળવેલ અને વિવિધ વિચિત્રતાથી ભરપૂર ધનના સમૂહનો ત્યાગ કરે છે. સ્વજન વર્ગને છોડે છે, ક્રોડો રૂપિયાનું દાન કરનારા પણ ભિક્ષા માગે છે, માખણ અને ફૂલ જેવી કોમળ શય્યામાં સુનારા પણ ઉંચી નીચી પત્થરની ભૂમિ ઉપર સૂવે છે અને એક

આત્મતત્ત્વની સહજ સ્વભાવરૂપ અમૂર્ત આનન્દ લીલામાં મગ્ન થયેલા જ્ઞાન અને ક્રિયાના અભ્યાસથી આવરણરહિત આત્યન્તિક, ઐકાન્તિક અને સુખ–દુઃખાદિના કલેશરહિત, કર્મરૂપ રોગરહિત અને અવિનાશી એવા સિદ્ધસ્વરૂપને સાધે છે. એવા પ્રકારના આત્મસાધનમાં ઉદ્યમવંત થએલા ભગવંતને નમસ્કાર હો.

## १२ निःस्पृहाष्टक

**[१]स्वभावलाभात् किमपि प्राप्तव्यं नावशिष्यते।**
**इत्यात्मैश्वर्यसंपन्नो निःस्पृहो जायते मुनिः॥१॥**

**આત્માના સ્વભાવની પ્રાપ્તિથી બીજું કંઈ પણ પ્રાપ્ત કરવાનું બાકી રહેતું નથી. એ પ્રકારે આત્માના ઐશ્વર્ય-પ્રભુતાને પ્રાપ્ત થએલ મુનિ નિઃસ્પૃહ–સ્પૃહારહિત થાય છે.**

હવે નિર્લેપપણાને દૃઢ કરવા માટે નિઃસ્પૃહતાનું સ્વરૂપ બતાવે છે. સર્વ પરભાવની અભિલાષાનો ત્યાગ કરવો, ઇચ્છા અને મૂર્છાને છોડવી તે નિઃસ્પૃહતા. સ્પૃહા એટલે ઇચ્છા અને તેનો અભાવ તે નિસ્પૃહતા. તેમાં શબ્દથી બોલવારૂપ તે નામનિઃસ્પૃહ. સ્પૃહારહિત મુનિની પ્રતિમા વગેરે તે સ્થાપનાનિઃસ્પૃહ. આલોક અને પરલોકમાં અધિક સુખાદિની અભિલાષાથી અલ્પ સુખાદિને નહિ ઇચ્છનાર,

---

૧ स्वभावलाभात्=આત્મસ્વભાવની પ્રાપ્તિથી. किमपि=બીજું કંઇ-પણ. प्राप्तव्यं=પ્રાપ્ત કરવા યોગ્ય. न अवशिष्यते=બાકી રહેતું નથી. इति=એમ. आत्मैश्वर्यसंपन्नः=આત્માના ઐશ્વર્યથી યુક્ત. मुनिः=સાધુ. निःस्पृहः=સ્પૃહારહિત. जायते=થાય છે.

અથવા ભાવધર્મના અનુભવ સિવાય આત્મસ્વરૂપથી અન્ય-વસ્તુનું જ્ઞાન થવાથી ધનાદિની ઇચ્છારહિત દ્રવ્યનિઃસ્પૃહ કહેવાય છે. ભાવનિઃસ્પૃહ પ્રશસ્ત અને અપ્રશસ્ત એમ બે પ્રકારે છે. વેદાન્તાદિ એકાન્તવાદી દર્શનના ઉપદેશથી એકા-ન્તરૂપે માનેલી મુક્તિમાં અનુરક્ત થયેલો ધનાદિમાં નિઃસ્પૃહ થાય તે અપ્રશસ્ત ભાવનિઃસ્પૃહ અને સ્યાદ્‌વાદ–અનેકાન્ત દૃષ્ટિથી પરીક્ષા કરીને જાણેલા આત્મતત્ત્વના અનુભવ, રુચિ અને પિપાસાવાળા સત્પુરુષો બધા ય પરભાવને તજે છે અને સ્વરૂપમાં લીન થાય છે તે પ્રશસ્ત ભાવનિઃસ્પૃહ કહેવાય છે.

પ્રથમના ચાર નયો નિઃસ્પૃહતાના સાધન માટે છે અને છેલ્લા ત્રણ નયની અપેક્ષાએ નિઃસ્પૃહતા સિદ્ધ છે. નૈગમ નયથી જીવ અને અજીવમાં નિઃસ્પૃહ, સંગ્રહ અને વ્યવહારથી અજીવમાં નિઃસ્પૃહ, ઋજુસૂત્ર નયથી પોતાને ભોગવવા યોગ્ય પદાર્થમાં નિઃસ્પૃહ, શબ્દ અને સમભિરૂઢ નયથી શુભ નિમિત્તોને પરાધીન સાધનના પરિણામોમાં નિઃસ્પૃહ અને એવંભૂત નયવડે પોતાના સાધનના પરિણા-મથી પ્રાપ્ત ભેદજ્ઞાન, સવિકલ્પ ચારિત્ર, શુકલધ્યાન અને શૈલેશીકરણ વગેરેમાં નિઃસ્પૃહ કહેવાય છે.

અહીં પ્રથમના ચાર નયથી નિઃસ્પૃહ છે તેનું નિરૂપણ કરવાનો અવસર છે. તાત્પર્ય એ છે કે અનાદિ સંસારમાં સ્પૃહાથી વ્યાકુલ થએલા જીવોએ ઘણીવાર લાખો દુઃખ પ્રાપ્ત કર્યાં છે, તેથી પરભાવની સ્પૃહાથી રહિત થવું એ ઉપદેશ છે.

જ્ઞાન, દર્શન, ચારિત્ર (સ્વરૂપરમણતા), અમૂર્તપણું

અને અવ્યાબાધ આનન્દસ્વરૂપ વડે નિરન્તર સિદ્ધપણાના શુદ્ધ પરિણામરૂપ આત્મધર્મથી બીજું કંઈ પણ પ્રાપ્ત કરવા યોગ્ય બાકી રહેતું નથી. કારણ કે આત્મસ્વરૂપથી બીજા ભાવો જીવે અનન્તી વાર પ્રાપ્ત કર્યા છે. બાકી રહેલ આત્મસ્વરૂપનો લાભ એ જ ખરેખર લાભ છે. એમ જાણીને આત્માના ઐશ્વર્ય–સ્વરૂપસામ્રાજ્ય વડે સહિત મુનિ જ્ઞ–પરિજ્ઞાથી જાણીને અને પ્રત્યાખ્યાનપરિજ્ઞાથી દ્રવ્યાસ્રવ અને ભાવાસ્રવનો ત્યાગ કરીને સર્વ શરીર, ઉપકરણ, પરિવાર, યશ અને બહુમાનાદિને વિશે નિઃસ્પૃહ–ઇચ્છારહિત થાય છે. કારણ કે અનાદિ કાળની તૃષ્ણા આત્મસ્વરૂપના અનુભવ સિવાય શાન્ત થતી નથી.

**[1]संयोजितकरैः के के प्रार्थ्यन्ते न स्पृहावहैः ।**
**अमात्रज्ञानपात्रस्य निःस्पृहस्य तृणं जगत् ॥२॥**

સ્પૃહાવાળા પુરુષો હાથ જોડીને કોની કોની પાસે પ્રાર્થના કરતા નથી–માગતા નથી? અર્થાત્ બધા દાતા પુરુષની પાસે માગે છે. અપરિમિત જ્ઞાનના પાત્ર એવા નિઃસ્પૃહ મુનિને તો સર્વ જગત્ તૃણતુલ્ય છે.

**"तिणसंथारनिसन्नो मुणिवरो भट्ठरागमयमोहो ।**
**जं पावइ मुत्तिसुहं कत्तो तं चक्कवट्टी वि ॥"**

"તૃણના સંથારા ઉપર બેઠેલા અને જેણે રાગ, મદ

---

૧ संयोजितकरैः=હાથ જોડેલાં છે જેણે એવા. स्पृहावहैः=સ્પૃહાવાળા પુરુષોએ के के=કોણ કોણ. न प्रार्थ्यन्ते=પ્રાર્થના કરાતા નથી. अमात्रज्ञानपात्रस्य=અમર્યાદિત જ્ઞાનના પાત્ર. निःस्पृहस्य=નિઃસ્પૃહ મુનિને. जगत्=જગત્. तृणं=તૃણવત્ છે.

**અને મોહનો નાશ કર્યો છે એવા મહામુનિ જે મુક્તિ-નિઃસ્પૃહતાનું સુખ પામે છે તેને ચક્રવર્તી પણ ક્યાંથી પામે?**

ઇચ્છાઓમાં મગ્ન થયેલા સ્પૃહાવાળા પુરુષો હાથ જોડીને પરિગ્રહભારથી નમી ગએલા એવા કયા કયા પુરુષોની પાસે યાચના કરતા નથી? એથી 'વિષયની આશામાં લુબ્ધ થએલા પુરુષો અનેક રાજાઓ વગેરેની સેવા કરવામાં તત્પર થાય છે' એમ જણાવ્યું. અપરિમિત જ્ઞાનના ભંડાર એવા સ્પૃહારહિત સાધુને જગત તરખલા તુલ્ય લાગે છે. સારાંશ એ છે કે પરભાવની ઇચ્છાથી મુક્ત થયેલા નિર્ગ્રન્થ મુનિને જગત્ તૃણના જેવું નિઃસાર લાગે છે, તેઓ માત્ર આત્મસ્વરૂપને જ સારભૂત માને છે.

('तिणसंथारनिसन्नो०' એ ગાથા અને તેનો અર્થ ઉપર આવી ગયેલ હોવાથી અહીં આપવામાં આવેલ નથી.)

**आयसहावविलासी आयविसुद्धो वि जो निए धम्मे ।**
**नरसुरविसयविलासं तुच्छं निःसार मन्नंति ॥**

"જે આત્મસ્વભાવનો વિલાસી એવો વિશુદ્ધ આત્મા પોતાના ધર્મમાં રહેલો છે તે મનુષ્ય અને દેવોના વિષયસુખને તુચ્છ અને અસાર માને છે."

**छिन्दन्ति ज्ञानदात्रेण स्पृहाविषलतां बुधाः ।**
**मुखशोषं च मूर्च्छां च दैन्यं यच्छति यत्फलम् ॥३॥**

---

૧ यत्फलं=જે લતારૂપ વિષલતાના ફળ. मुखशोषं=મુખનું સુકાવું. मूर्च्छां=મૂર્છા. च=અને. दैन्यं=દીનપણું. यच्छति=આપે છે. स्पृहा विषलतां=તે સ્પૃહારૂપ વિષવેલીને. बुधाः=અધ્યાત્મજ્ઞાની પંડિત પુરુષો. ज्ञानदात्रेण=જ્ઞાનરૂપ દાતરડા વડે. छिन्दन्ति=છેદે છે.

**જે સ્પૃહા-લાલસારૂપ વિષલતાના ફળ [1]મુખનું સુકાવું, મૂર્છા અને દીનપણું આપે છે તે સ્પૃહારૂપ વિષવેલીને અધ્યાત્મજ્ઞાની પંડિત પુરુષો જ્ઞાનરૂપ દાતરડા વડે છેદે છે.**

તત્ત્વજ્ઞાની જ્ઞાનરૂપ દાતરડા વડે સ્પૃહા-તૃષ્ણારૂપ વિષવેલીને છેદે છે. જે સ્પૃહારૂપ વિષલતાનું ફળ મુખનું સુકાવું, મૂર્છા અને દીનપણું આપે છે. તાત્પર્ય એ છે કે સ્પૃહારૂપ વિષલતા મુખશોષ વગેરે ફળ આપે છે. ઇચ્છનાર દીનપણું પામે છે. તેથી હલાહલ ઝેર જેવા વિષયની સ્પૃહા તજવા યોગ્ય છે.

**[2]निष्कासनीया विदुषा स्पृहा चित्तगृहाद् बहिः ।**
**अनात्मरतिचाण्डालीसंगमङ्गीकरोति या ॥४॥**

**જે ( સ્પૃહા ) આત્મવિરુદ્ધ પુદ્‌ગલની રતિરૂપ ચાંડાલીનો પ્રસંગ-સહવાસ સ્વીકારે છે-આદરે છે તે સ્પૃહા પંડિતે ચિત્તરૂપ ઘરથી બહાર કાઢી મૂકવા યોગ્ય છે.**

આત્મસમાધિને સાધવામાં તત્પર થયેલા પંડિતે પારકી આશા મનરૂપ ઘરથી બહાર કાઢી મૂકવી જોઇએ. કારણ કે

---

૧ જેમ વિષલતા ખાવાથી મુખશોષ-મોઢું સુકાઇ જાય, મૂર્છા-બેભાન થઇ જાય અને દૈન્ય-મોઢા ઉપર ફીકાશ આવે તેમ સ્પૃહાથી યાચના કરતા મુખશોષ-મોઢું સૂકાય, મૂર્છા-આસક્તિ અને દૈન્ય-દીનપણું આવે.

૨ विदुषा=વિદ્વાને. स्पृहा=તૃષ્ણા. चित्तगृहाद्=મનરૂપ ઘરથી. बहिः=બહાર. निष्कासनीया=કાઢી મૂકવા યોગ્ય છે. या=જે. अनात्मरतिचाण्डालीसंगं=આત્માથી ભિન્ન પુદ્‌ગલમાં રતિરૂપ ચંડાલણીનો સંગ. अंगीकरोति=અંગીકાર કરે છે.

સ્પૃહા–આશા એ લોભનો પર્યાય છે અને લોભ કષાયનો પરિણામ છે. તેથી તેનો ત્યાગ કરવો એ શ્રેયસ્કર છે. જે સ્પૃહા આત્માથી વિરૂદ્ધ પરભાવમાં રમણીયપણાના પરિણામરૂપ ચાંડાલીનો સંગ કરે છે. માટે સ્પૃહા તજવા લાયક છે.

**"जे परभावे रत्ता मत्ता विसएसु पावबहुलेसु ।**
**आसापासनिबद्धा भमंति चउगइमहारन्ने" ॥**

"જેઓ પરભાવમાં રતિવાળા છે અને ઘણા પાપવાળા વિષયોમાં મસ્ત છે, તેમ જ આશારૂપ જાળમાં બંધાયેલા છે, તેઓ ચારગતિરૂપ મોટા અરણ્યમાં ભમે છે"

પરભાવમાં વૃત્તિ એ જ વિભાવ છે અને તે આત્મશક્તિનો નાશ કરવામાં મુદ્ગર સમાન છે. એથી નિર્ગ્રન્થ મુનિઓ પારકી આશારૂપ જાળને છેદીને સ્વરૂપનું ચિન્તન, સ્વરૂપમાં રમણતા અને સ્વરૂપના અનુભવમાં લીન થાય છે, તત્ત્વના આનન્દથી પુષ્ટ થાય છે, સ્વરૂપમાં રમણ કરે છે અને વિષયરૂપ જીર્ણ ભવકૂપમાં પડવાથી અટકે છે.

**[1]स्पृहावन्तो विलोक्यन्ते लघवस्तृणतूलवत् ।**
**महाश्चर्यं तथाप्येते मज्जन्ति भववारिधौ ॥५॥**

સ્પૃહાવાળા–લાલચુ જીવો તૃણ અને આકડાના રૂ જેવા હલકા દેખાય છે, તો પણ એ સંસારરૂપ સમુદ્રમાં

१ स्पृहावन्तः=સ્પૃહાવાળા. तृणतूलवत्=તરખલા અને આકડાના રૂની પેઠે. लघवः=હલકા. विलोक्यन्ते=દેખાય છે. तथाऽपि=તો પણ. एते=એઓ. भववारिधौ=સંસારસમુદ્રમાં. मज्जन्ति=બુડે છે. (त) महाश्चर्यं=મોટું આશ્ચર્ય છે.

ડુબે છે એ મોટું આશ્ચર્ય છે. બીજા જે હલકા હોય તે બૂડે નહિ. કહ્યું છે કે—

"तूलं तृणादपि लघु तूलादपि हि याचकः ।
वायुना किं न नीतोऽसौ मामयं प्रार्थयिष्यति" ॥

"તૃણથી આકડાનું રૂ હલકું છે અને આકડાના રૂથી પણ હલકો યાચક છે. તો પણ 'મારી પાસે માગશે' એવા ભયથી વાયુ તેને ખેંચી જતો નથી."

પરવસ્તુની ઇચ્છામાં આસક્ત થયેલા સ્પૃહાવન્ત જીવો તૃણ અને આકડાના રૂ જેવા હલકા, તુચ્છ અને મલિન જણાય છે, અને હલકા હોવા છતાં પણ એઓ સ્પૃહા વગેરેથી ભવસમુદ્રમાં બુડે છે તે આશ્ચર્ય છે. લૌકિક વ્યવહારમાં લઘુપણું તરવાનું કારણ છે અને અહીં જે લઘુપણું છે તે સંસારમાં બુડવાનું કારણ છે. જો કે તેઓ પ્રાર્થના વગેરેના વ્યવહારવાળા છે અને એથી હલકા સ્વભાવવાળા છે, તોપણ ત્રણ ભુવનના ધન અને સ્વજનની તૃષ્ણાથી ભારે થયેલા હોવાથી બુડે છે એ ભાવાર્થ છે.

**गौरवं पौरवन्द्यत्वात् प्रकृष्टत्वं प्रतिष्ठया ।**
**ख्यातिं जातिगुणात् स्वस्य प्रादुष्कुर्यान्न निःस्पृहः ॥**

સ્પૃહારહિત સાધુ નગરવાસી લોકોને વન્દનીય હોવાથી પોતાની મોટાઇને, પ્રતિષ્ઠા-શોભાથી ઉત્તમપણાને અને જાતિકુલસંપન્નપણાથી પ્રસિદ્ધિને ન પ્રગટ કરે.

---

૧ निःस्पृहः=સ્પૃહારહિત મુનિ. पौरवन्द्यत्वात्=નગરવાસીઓથી વંદન કરવા યોગ્ય હોવાથી. गौरवं=મોટાઇને. प्रतिष्ठया=પ્રતિષ્ઠા વડે. प्रकृष्टत्वं=સર્વોત્તમપણાને. स्वस्य=પોતાના. जातिगुणात्=ઉત્તમ જાતિગુણથી. ख्यातिं=પ્રસિદ્ધિને. न प्रादुष्कुर्यात्=ન પ્રગટ કરે.

લૌકિક સ્પૃહારહિત મુનિ લોકમાન્યપણાથી પોતાની મોટાઈને પ્રતિષ્ઠાથી ઉત્તમતાને અને જાતિગુણસંપન્ન હોવાથી કુલીનતાદિ પ્રસિદ્ધિને પ્રગટ કરતો નથી. તાત્પર્ય એ છે કે નિઃસ્પૃહ પુરુષો પોતાનું મહત્ત્વ બીજાને જણાવતા નથી. તે સંબન્ધે સ્પષ્ટતા કરતા નથી. કારણ કે નિઃસ્પૃહને યશ કે મોટાઈની અભિલાષા હોતી નથી.

**[1]भूशय्या भैक्षमशनं जीर्णं वासो गृहं वनम् ॥**
**तथाऽपि निःस्पृहस्याहो चक्रिणोऽप्यधिकं सुखम् ॥७॥**

પૃથિવી તે જ સુખશય્યા, ભિક્ષાસમૂહથી મળેલ આહાર, જૂનું ફાટેલું વસ્ત્ર અને વન એ જ ઘર છે તો પણ આશ્ચર્ય છે કે સ્પૃહારહિતને ચક્રવર્તી કરતાં પણ અધિક સુખ છે.

મુનિને વસુંધરા એજ સુવાનો પલંગ અને ભિક્ષાથી પ્રાપ્ત થયેલ ભોજન છે, એ સંબન્ધે કહ્યું છે કે—

**"अहो जिणेहिं असावज्जा वित्ती साहूण देसिया।**
**मोक्खसाहणहेउस्स साहुदेहस्स धारणा" ॥**

"મોક્ષના સાધનભૂત સાધુના શરીરને ધારણ કરવા માટે જિનોએ સાધુઓને નિર્દોષ વૃત્તિનો ઉપદેશ કર્યો છે એ આશ્ચર્યકર છે."

તથા જૂનુ વસ્ત્ર અને વન એ ઘર છે, તોપણ આશ્ચર્ય

---

૧ निःस्पृहस्य=સ્પૃહારહિત મુનિને. भूशय्या=પૃથિવીરૂપ શય્યા. भैक्षं=ભિક્ષાથી મળેલ. अशनं=ભોજન. जीर्णं=જૂનું. वासः=વસ્ત્ર. અને वनं=અરણ્યરૂપ. गृहं=ઘર. (છે). तथापि=તોપણ. अहो=આશ્ચર્ય છે કે. (તેમને). चक्रिणोऽपि=ચક્રવર્તીથી પણ अधिकं=અધિક. सुखं=સુખ છે.

છે કે બાહ્ય સંપત્તિ રહિત નિઃસ્પૃહ મુનિને ચક્રવર્તીથી પણ અધિક સુખ છે. ચક્રવર્તી વગેરે, વિનશ્વર અને ઉપાધિથી પ્રાપ્ત થયેલાં સુખોથી પૂર્ણ છે અને મુનિ સ્વરૂપથી ઉત્પન્ન થયેલાં, અવિનશ્વર એવા પરમાનન્દ સુખથી પરિપૂર્ણ છે. તેથી ચક્રવર્તી કરતાં પણ નિઃસ્પૃહ મુનિને અધિક સુખ છે. કારણ કે ઇન્દ્રિયસુખ અને આત્માનું સુખ બન્ને જુદી જાતનાં છે. ઇન્દ્રિયથી થયેલા સુખમાં સુખપણું આરોપિત જ છે. પુદ્ગલ-સ્કંધમાં તો સુખ નથી, તેમ સુખનું કારણપણું પણ નથી. આત્મામાં જ અવિચ્છિન્ન સુખની પરંપરા છે. સુખના કર્તા-પણું વગેરે છ કારકો આત્મામાં જ છે. તેથી વાસ્તવિક સુખ જિનની આજ્ઞાથી પરભાવને રોકનાર નિઃસ્પૃહ મુનિને જ હોય છે. તેથી તેમને ચક્રવર્તી કરતાં પણ ઇન્દ્રિયને અગોચર સ્વાભાવિક મોટું સુખ હોય છે.

**[1]परस्पृहा महादुःखं निःस्पृहत्वं महासुखम् ।**
**एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ॥८॥**

પરની આશા-લાલસા કરવી તે મહાદુઃખ છે અને નિઃસ્પૃહપણું તે મહાસુખ છે. એ સંક્ષેપથી સુખ અને દુઃખનું લક્ષણ કહ્યું છે.

પરવસ્તુની, અથવા બીજા પાસેથી આશા રાખવી તે મહાદુઃખ છે અને નિઃસ્પૃહપણું–ઇચ્છારહિતપણું તે મહા આનન્દરૂપ છે–એમ સંક્ષેપથી સુખ અને દુઃખનું લક્ષણ કહ્યું

---

૧ परस्पृहा=પર વસ્તુની ઇચ્છા. महादुःखं=મહાદુઃખરૂપ છે. निःस्पृहत्वं=નિઃસ્પૃહપણું. महासुखं=મોટા સુખરૂપ છે. एतद्=એ. समासेन=સંક્ષેપથી. सुखदुःखयोः=સુખ અને દુઃખનું. लक्षणं=ચિહ્ન. उक्तं=કહ્યું છે.

છે. એ પ્રકારે કહેવાથી એમ જણાવ્યું કે પરની આશા જ દુઃખ છે. જો વિકારરહિત, અખંડ, સચ્ચિદાનન્દમય અને સ્વાભાવિક આત્મધર્મના ભોક્તાને પરભાવનો અભિલાષ માત્ર જ દુઃખરૂપ છે તો પરવસ્તુની આશા કેમ કરવી? એમ સ્વ-પરના વિવેક વડે પરભાવને રોકવાથી જેણે આત્માનો અનન્ત આનન્દ પ્રગટ કર્યો છે એવા આત્માનો નિઃસ્પૃહપણું એ ધર્મ છે અને તેના અનુભવથી સુખ છે. માટે સ્પૃહા તજવા યોગ્ય છે. કારણ કે સ્પૃહા આત્મિક સામર્થ્યહીન મનુષ્યને થાય છે, પરન્તુ આ આત્મા તો પૂર્ણ આનન્દવાળો, સંપૂર્ણ જ્ઞેયને જાણનાર, સર્વ પદાર્થને જાણવાના સ્વભાવવાળો અને શુદ્ધ આત્માનન્દનો ભોક્તા પરમ પદાર્થ છે, અનાદિકાળથી સ્વતત્ત્વના અનુભવથી ભ્રષ્ટ થયો હોવાને લીધે તેને પરવસ્તુની સ્પૃહા થાય છે, તો પણ અવ્યાબાધસ્વરૂપ આત્માની ભાવના વડે ટંકોત્કીર્ણ ન્યાયથી જેણે આત્માનું સ્વરૂપ જાણ્યું છે તેને પરવસ્તુની સ્પૃહા થતી નથી.

## १३ मौनाष्टक

**मन्यते यो जगत्तत्त्वं स मुनिः परिकीर्तितः ।**
**सम्यक्त्वमेव तन्मौनं मौनं सम्यक्त्वमेव वा ॥१॥**

'જે જગતના તત્ત્વને જાણે તે મુનિ' એમ તીર્થંકર-ગણ-

---

૧ यः=જે. जगत्तत्त्वं=જગતના સ્વરૂપને. मन्यते=જાણે છે. सः=તે. मुनिः=મુનિ. परिकीर्तितः=કહેલ છે. तत्=તેથી. सम्यक्त्वं=સમ્યક્ત્વ. एव=જ. मौनं=મુનિપણું. (છે) वा=અને. मौनं=મુનિપણું. सम्यक्त्वमेव=સમ્યક્ત્વ જ છે.

ધરોએ કહ્યું છે. તે કારણથી–મુનિપદની વ્યુત્પત્તિના નિમિત્તરૂપ જગતના તત્ત્વનું જ્ઞાન હોવાથી સમ્યક્ત્વ જ મુનિપણું છે અથવા મુનિપણું એ સમ્યક્ત્વ જ છે. આથી જ 'બધા ય શબ્દો ક્રિયાવાચી છે' એવો એવંભૂત નયનો અભિપ્રાય લઇને આચારાંગસૂત્રમાં કહ્યું છે કે—

**जं सम्मं ति पासहा तं मोणं ति पासहा, जं मोणं ति पासहा तं सम्मं ति पासहा। ण इमं सक्कं सिढिलेहिं अदिज्जमाणेहिं गुणासाएहिं वंकसमायारेहिं पमत्तेहिं गारमावसंतेहिं।**

**मुणी मोणं समायाए धुणे कम्मसरीरगं।**
**पंतं लूहं च सेवन्ति वीरा संमत्तदंसिणो ॥"**

अध्य० ५ उ० ३ सू० १५५.

જે સમ્યક્ત્વ છે તે જ મુનિપણું છે, જે મુનિપણું છે તે જ સમ્યક્ત્વ છે. એ મૌન (મુનિપણું) શિથિલ–મન્દવીર્ય વાળા, આર્દ્ર–રાગવાળા, શબ્દાદિ વિષયોનો આસ્વાદ લેનારા, વક્ર આચારવાળા–માયાવી, અને પ્રમાદી ગૃહસ્થોએ પાલન કરવું શક્ય નથી. મુનિ મૌનને ગ્રહણ કરીને કાર્મણ શરીરનો નાશ કરે. તેને માટે સમ્યક્ત્વદર્શી વીરપુરુષો પ્રાન્ત અને રૂક્ષ ભોજન કરે છે.

પૂર્વે કહેલા એ બધા ગુણો નિર્ગ્રન્થ (પરિગ્રહરહિત) મુનિને હોય છે, માટે મુનિનું સ્વરૂપ બતાવે છે. અથવા લોકમાં નિર્ગ્રન્થ નહિ હોવા છતાં નિર્ગ્રન્થપણાના આરોપથી નિર્ગ્રન્થ તરીકે મનાતા અને આત્માના અશુદ્ધ અભિમાનથી તત્ત્વના વિવેકથી રહિત એવા જીવો હોય છે, તેઓને ઉપદેશ કરવા અને વિશુદ્ધ ગુરુતત્ત્વનો બોધ થવા માટે

કહે છે–ત્રણે કાળે જે આત્માને જાણે તે મુનિ. તેમાં નામમુનિ અને સ્થાપનામુનિ સુગમ છે. દ્રવ્યમુનિ જ્ઞશરીર, ભવ્યશરીર અને તદ્વ્યતિરિક્તના ભેદથી ત્રણ પ્રકારે છે. ઉપયોગ રહિત, વેષધારી, દ્રવ્યક્રિયાની વૃત્તિવાળો, સાધ્યના ઉપયોગ રહિત, પ્રવૃત્તિના વિકલ્પાદિમાં કષાય રહિત, પરન્તુ પરિણામ ધારામાં અસંયમના પરિણામવાળો દ્રવ્યનિર્ગ્રન્થ છે. ચારિત્રમોહનીયના ક્ષયોપશમ, ઉપશમ અને ક્ષયથી પ્રગટ થયેલ સ્વરૂપમાં રમણતાયુક્ત, પરભાવથી નિવૃત્તિ કરનાર પરિણતિ અને વિકલ્પોની પ્રવૃત્તિમાં આદિના બાર કષાયના ઉદયથી મુક્ત થયેલા ભાવમુનિ છે.

નૈગમ, સંગ્રહ અને વ્યવહાર નયના અભિપ્રાયે દ્રવ્યક્રિયામાં પ્રવૃત્તિ કરતા અને દ્રવ્યાસ્રવથી વિરક્ત થયેલાને મુનિપણું હોય છે. ઋજુસૂત્ર નયના મતે ભાવનિર્ગ્રન્થપણાના અભિલાષ અને સંકલ્પવાળાને મુનિપણું છે. શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત નયની અપેક્ષાએ પ્રમત્તગુણસ્થાનકથી આરંભી ક્ષીણમોહ પર્યન્ત પરિણતિના સામાન્ય વિશેષ સમુદાયરૂપ આત્મતત્ત્વમાં તન્મયતા અને પરમ શમરૂપ અમૃતમાં મગ્ન થયેલાને મુનિપણું હોય છે. અહીં સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર જેને પ્રગટ થયેલું છે એવા, દ્રવ્ય અને ભાવાસ્રવની વિરતિવાળા અને સ્વરૂપમાં રમણ કરનારા મુનિના સ્વરૂપનું વર્ણન કરવાનો અવસર છે.

શમ, સંવેગ, નિર્વેદ, અનુકમ્પા અને આસ્તિક્ય લક્ષણ સહિત જે જીવ અને અજીવરૂપ જગતના તત્ત્વને યથાર્થ ઉપયોગ વડે, દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક, સ્વભાવ, ગુણ અને

પર્યાયરૂપે, નિમિત્ત, ઉપાદાન, કાર્યકારણભાવ, ઉત્સર્ગ અને અપવાદની પદ્ધતિથી જાણે છે તે તત્ત્વને જાણનાર મુનિ છે, એમ તીર્થંકર–ગણધરોએ કહેલ છે. નિર્ગ્રન્થ મુનિનો સ્વભાવ-ધર્મ તે મુનિપણું. તે જ સમ્યક્ત્વ છે. જે પ્રકારે જાણેલું છે તેવા પ્રકારનું આચરણ તે સમ્યક્ત્વ અને એ જ મુનિપણું છે. અથવા મુનિપણું એ સમ્યક્ત્વ જ છે. અહીં જે શુદ્ધ શ્રદ્ધા વડે નિર્ધારિત આત્મસ્વભાવમાં રહેવું તે ચારિત્ર. સમ્યગ્દર્શન વડે જેનો નિર્ણય કરેલો છે અને સમ્યગ્જ્ઞાન વડે જેને પુદ્ગલાદિથી ભિન્નરૂપે જાણેલ છે તે આત્મસ્વરૂપનું ઉપાદેયપણું છે, તેમાં તે પ્રકારે રમણ કરવું તે ચારિત્ર કે મુનિપણું છે. માટે સમ્યક્ શ્રદ્ધા વડે નિર્ધારિત આત્મસ્વરૂપને પ્રકટ કરવું તે એવંભૂત નયથી સમ્યક્ત્વ છે અને એવંભૂત નયથી મુનિપણું છે. એ સમ્યક્ત્વ અને મૌનનું યથાર્થ સ્વરૂપ છે. એમ જ્ઞપરિજ્ઞા અને પ્રત્યાખ્યાનપરિજ્ઞાથી પ્રાપ્ત થયેલ સ્વરૂપ જ એ પ્રમાણે કાર્યસાધક છે, તેથી સમ્યક્ત્વ અને મુનિપણું અભેદરૂપ છે. ચોથા ગુણસ્થાનકમાં રહેલા સમ્યગ્દૃષ્ટિઓને જે સાધ્યરૂપે નિર્ધારિત છે તે પ્રમાણે મુનિ-ભાવમાં પ્રવૃત્તિ કરતાં સિદ્ધ અવસ્થામાં સ્વરૂપની વ્યક્તિ (આવિર્ભાવ) થાય છે. એથી શુદ્ધ સિદ્ધપણાનો નિર્ધાર તે સમ્યક્ત્વ છે. આચારાંગસૂત્રમાં કહ્યું છે કે–"સમ્યક્ત્વ જ મુનિપણું છે અને જે મુનિપણું છે તે સમ્યક્ત્વ જ છે. તે મુનિપણાનું આચરણ, શિથિલ, આર્દ્ર (રાગી), શબ્દાદિ વિષ-યોમાં આસક્ત, વક્ર આચારવાળા, પ્રમત્ત અને ગૃહસ્થ ધર્મીને શક્ય નથી. મુનિ મુનિભાવને સ્વીકારીને કાર્મણ

શરીરને ધુજાવે. અને તે માટે સમ્યક્ત્વદર્શી વીર પુરુષો પ્રાન્ત અને રૂક્ષ આહાર કરે છે".

તથા પંચાસ્તિકાયમાં ચેતનાલક્ષણવાળો જીવ છે અને તે પોતે બંધાયેલો અને વિભાવ પરિણતિથી ઘેરાયેલો હોવા છતાં પણ સત્તા વડે કર્મમલ રહિત અને જ્ઞાનાનન્દસ્વરૂપ છે, તો તેને તેવા સ્વરૂપે નિર્ધારીને તેનું આવરણ મટાડવા માટે મોહના કારણ અને હેયરૂપે જાણેલા દ્રવ્યાસ્રવોને દૂર કરે છે. એ પ્રમાણે સમ્યક્ત્વ એ જ મુનિનું સ્વરૂપ છે.

**[1]आत्माऽऽत्मन्येव यच्छुद्धं जानात्यात्मानमात्मना ।**
**सेयं रत्नत्रये ज्ञप्तिरुच्याचारैकता मुनेः ॥२॥**

આત્મા આત્મસ્વભાવરૂપ આધારને વિષે શુદ્ધ-કર્મોપાધિરહિત એકત્વ-પૃથક્ત્વપૃથક્પરિણત-અભેદ અને ભેદરૂપે પૃથક્પરિણતિવાળા સ્વદ્રવ્યરૂપ આત્માને આત્મા વડે જ્ઞપરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા એમ દ્વિવિધ પરિજ્ઞાએ જાણે, તે આ રત્નત્રયમાં જ્ઞાન, રુચિ-શ્રદ્ધા અને આચરણની અભેદપરિણતિ મુનિને હોય છે. કહ્યું છે કે—

"आत्मानमात्मना वेत्ति मोहत्यागाद् यदात्मनि ।
तदेव तस्य चारित्रं तज्ज्ञानं तच्च दर्शनम् ॥"

"આત્મા મોહના ત્યાગથી આત્માને વિષે આત્મા વડે

---

૧ आत्मा=આત્મા. आत्मनि=આત્માને વિષે. एव=જ. शुद्धं=કર્મરહિત-વિશુદ્ધ. आत्मानं=આત્માને. यद्=જે. जानाति=જાણે છે. सा=તે. इयं=આ. रत्नत्रये=જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ત્રણ રત્નમાં. ज्ञप्तिरुच्याचारैकता=જ્ઞાન, શ્રદ્ધા અને આચારની અભેદ પરિણતિ. मुनेः=મુનિને (હોય છે).

આત્માને જે જાણે છે તે જ તેનું ચારિત્ર છે, તે જ્ઞાન છે અને તે દર્શન છે".

આ જ કારણથી જે શ્રુતજ્ઞાનથી કેવળ આત્માને જાણે તે અભેદ નયની અપેક્ષાએ તથા જે કેવલ સંપૂર્ણ શ્રુતને જાણે તે ભેદનયથી શ્રુતકેવલી છે-એમ સમયપ્રાભૃતમાં કહ્યું છે—

जो हि सुएणभिगच्छइ अप्पाणमिणं तु केवलं सुद्धं ।
तं सुअकेवलिमिसिणो भणंति लोगप्पदीवयरा ॥
जो सुअनाणं सव्वं जाणइ सुअकेवलिं तमाहु जिणा ।
नाणं आया सव्वं जम्हा सुअकेवली तम्हा ॥

समय० गा० ९–१०

જે શ્રુતજ્ઞાન વડે કેવળ શુદ્ધ આત્માને જાણે છે તેને લોકમાં પ્રકાશ કરનારા ઋષિઓ શ્રુતકેવલી કહે છે.

જે સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે તેને જિનો શ્રુતકેવલી કહે છે. કારણ કે આત્મા સર્વ જ્ઞાનરૂપ છે તેથી તે શ્રુતકેવલી કહેવાય છે.

"रिसहो पंच धणुस्सय नव पासो सत्त रयणीओ वीरो।
सेसट्ठ–पंच–अट्ठ य पन्ना–दस–पंच–परिहीणा" ॥*

ઋષભદેવનું શરીર પાંચસો ધનુષ પ્રમાણ છે. પાર્શ્વનાથનું નવ હાથ અને મહાવીર પ્રભુનું સાત હાથનું છે. બાકીના આઠ તીર્થંકરોના શરીર તેમાંથી પચાસ પચાસ ધનુષ ઓછા કરવા. ત્યાર બાદ પાંચ તીર્થંકરોનું દસ દસ ધનુષ ઘટાડવું અને પછીના પાંચ તીર્થંકરોનું શરીર તેમાંથી

* ઉપાધ્યાજીકૃત ટબામાં આ ગાથા આપેલી છે, પણ તેનો પૂર્વાપર સંબન્ધ માલુમ પડતો નથી. —અનુ.

**પાંચ પાંચ ધનુષ ઓછું કરવું.**

અભિન્ન એવા જ્ઞાન, દર્શન અને ચારિત્ર ગુણોના ઉપાદાન સ્વરૂપ આત્માને વિષે જાણવાનુ કાર્ય કરનાર પોતે આત્મા જ છે, તે છ કારકના સમુદાયરૂપ છે, તે સ્વયમેવ કર્તા અને કર્મરૂપ હોવા છતાં સ્વતઃ કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણરૂપ છે—એમ પૂજ્ય જિનભદ્રગણિક્ષમાશ્રમણે વિશેષાવશ્યક ભાષ્યમાં વ્યાખ્યા કરી છે. એ કારણથી આત્મા એટલે કર્તારૂપ જીવ આત્મા વડે એટલે આત્મસ્વરૂપ જ્ઞાન અને વીર્ય વડે અનન્ત અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, સત્ત્વ, પ્રમેયત્વ અને સિદ્ધત્વાદિ ધર્મસહિત આત્માને અસ્તિત્વાદિ અનન્ત ધર્મો અને પર્યાયોના આધારભૂત આત્માને વિશે જાણે છે, તે આ જાણવા રૂપ પ્રવૃત્તિ તે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ ત્રણ રત્નમાં બોધરૂપ જ્ઞાન, સ્વરૂપના નિર્ધારણરૂપ રુચિ અને આચારનો અભેદ પરિણામ મુનિને હોય છે. એથી એમ જણાવ્યું કે આત્મા વડે આત્માને જાણી તેની રુચિ અને તેનું આચરણ એ મુનિનું સ્વરૂપ છે. તાત્પર્ય એ છે કે મિથ્યાત્વ, અજ્ઞાન અને અસંયમમાં તન્મયતા હોવાને લીધે પૌદ્ગલિક સુખને સુખરૂપે નિર્ધારી અને જાણીને તેવા પ્રકારના પૌદ્ગલિક સુખમાં પ્રવૃત્ત થએલો તે તત્ત્વના અજ્ઞાનથી જેમ દાહજ્વરથી પીડિત થયેલાને માટીનો લેપ કરવામાં આવે તેમ માટીના લેપ જેવા કર્મપુદ્ગલો વડે લેપાય છે અને તેથી તેને તત્ત્વશ્રદ્ધાન, જ્ઞાન અને રમણતાનો લેશમાત્ર અનુભવ થતો નથી. પરન્તુ તેને જ્યારે નિસર્ગ—સ્વભાવથી અથવા ગુરુના ઉપદેશાદિ રૂપ નિમિત્તથી આ જીવ અનાદિ અનન્ત, અનન્ત જ્ઞાનાદિ પર્યાયવાળો,

કર્મ વડે અલિપ્ત અને અમૂર્ત્તસ્વભાવવાળો અનુભવગોચર થાય છે અને તેનો નિર્ધાર થાય છે, ત્યારે તેને 'હું સાધ્ય, સાધક અને સિદ્ધસ્વરૂપ છું, તથા જ્ઞાન, દર્શન અને આનન્દાદિ અનન્તગુણમય છું,' એવી તીવ્ર જ્ઞાનદશા જાગૃત થાય છે. એ પ્રકારે જ્ઞાન, રુચિ અને આચરણરૂપ અભેદ-પરિણતિ મુનિનું સ્વરૂપ છે. એ સંબન્ધે કહ્યું છે કે-"મોહના ત્યાગથી આત્મા આત્મા વડે આત્માને આત્માને વિશે જે જાણે છે તે જ તેનુ ચારિત્ર, જ્ઞાન અને દર્શન છે" પૂજ્ય હરિભદ્રાચાર્યે ષોડશકમાં કહ્યું છે કે-

**"बालः पश्यति लिङ्गं मध्यमबुद्धिर्विचारयति वृत्तम् ।**
**आगमतत्त्वं तु बुधः परीक्षते सर्वयत्नेन" ॥**

षोडशक १ गा. २

વિવેક રહિત અજ્ઞાની બાહ્ય વેષને પ્રધાનપણે જુએ છે. કારણ કે વેષમાં જ તેની રુચિ હોય છે. તે દ્વારા ધર્મનો નિર્ણય કરે છે. મધ્યમ બુદ્ધિવાળો આચરણનો વિચાર કરે છે. એટલે તે આચરણને જ મુખ્યપણે માને છે. પરન્તુ વિશિષ્ટ વિવેકસંપન્ન સર્વ પ્રકારના યત્નથી આગમતત્ત્વનો-સિદ્ધાન્તના પરમાર્થનો વિચાર કરે છે. માટે આત્મતત્ત્વમાં તન્મયતા કરવી એ ચારિત્ર છે.

એ જ અર્થને નયના ભેદે વિવરણ કરીને બતાવે છે—

**[1]चारित्रमात्मचरणाद् ज्ञानं वा दर्शनं मुनेः ।**
**शुद्धज्ञाननये साध्यं क्रियालाभात् क्रियानये ॥३॥**

१ आत्मचरणात्=આત્માને વિષે ચાલવાથી. चारित्रं=ચારિત્ર છે.

**આત્માને વિષે જ ચાલવાથી-પુદ્ગલ થકી નિવૃત્તિ કરવાથી ચારિત્ર, બોધસ્વરૂપ હોવાથી જ્ઞાન અને જિનોક્ત ભાવની શ્રદ્ધારૂપ હોવાથી દર્શન, એમ શુદ્ધ જ્ઞાન નય એટલે જ્ઞાનાદ્વૈત નયના અભિપ્રાયે મુનિને સાધ્ય છે; તે એક વસ્તુને વ્યાવૃત્તિ-ભેદનયની અપેક્ષાએ ત્રિરૂપ કહે છે. જ્ઞાનના ફલરૂપ ક્રિયાના લાભથી ક્રિયાનયના અભિપ્રાયે એકતા જાણવી. વિષયપ્રતિભાસવ્યાપારે જ્ઞાન, આત્મપરિણામ વ્યાપારે તે જ સમ્યકત્વ, અને આસ્રવને રોકવાથી તત્ત્વજ્ઞાનવ્યાપારે તે જ ચારિત્ર. એમ વ્યાપારના ભેદથી એક જ્ઞાન ત્રિરૂપ કહેવું.**

આત્મસ્વરૂપમાં રમણ કરવાથી અને પરભાવની પ્રવૃત્તિનો ત્યાગ કરવાથી ચારિત્ર, આત્મસ્વરૂપના અવબોધરૂપ જ્ઞાન, અને પોતાના અસંખ્યાતા પ્રદેશોમાં વ્યાપક હોવાથી 'સ્વાભાવિક જ્ઞાનાદિ અનન્તપર્યાયવાળો હું છું, અન્ય પુદ્ગલાદિ તેવા પ્રકારના નથી' એવો નિર્ધાર તે સમ્યગ્દર્શન. એ પ્રકારે જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ-એમ બે પ્રકારના ઉપયોગગુણવાળો આત્મા છે. એ પ્રમાણે ભાષ્યમાં કહ્યું છે- "જેઓ આત્માના બે ગુણની જ વ્યાખ્યા કરે છે, તેના મતે જ્ઞાનમાં સ્થિરતા એ ચારિત્ર છે. તેથી જ્ઞાન અને ચારિત્રનો અભેદ જ છે. આત્મપરિણામના વ્યાપારવાળું જ્ઞાન તે સમ્યકત્વ. આસ્રવને રોકવારૂપ તત્ત્વજ્ઞાનમાં એકતા તે ચારિત્ર. એમ વ્યાપારના ભેદથી જ્ઞાનની જ ત્રણ અવસ્થા છે. કહ્યું છે કે—

---

(તે) शुद्धज्ञाननये=શુદ્ધ જ્ઞાન નયના અભિપ્રાયે. मुनेः=મુનિને. ज्ञानं वा दर्शनं=જ્ઞાન અને દર્શન. साध्यं=સાધ્ય છે. क्रियानये=ક્રિયાનયના અભિપ્રાયે. क्रियालाभात्=જ્ઞાનના ફલરૂપ ક્રિયાના લાભથી સાધ્યરૂપ છે.

**"एवं जिणपण्णत्ते सद्दहमाणस्स भावओ भावे।**
**पुरिसस्साभिणिबोहे दंसणसद्दो हवइ जुत्तो ॥"**

सन्मति० कां २ गा० २२

"એમ જિનોક્ત ભાવોને ભાવથી શ્રદ્ધા કરનાર પુરૂષના અભિનિબોધને વિષે (મતિજ્ઞાનને વિષે) દર્શન શબ્દ યુક્ત છે."

તથા ક્રિયાનયના અભિપ્રાયે ક્રિયાના લાભથી સાધ્યની સિદ્ધિ કરવા યોગ્ય છે. પ્રથમ ક્રિયાનયથી સાધ્યની સિદ્ધિ કરવી અને જ્યારે આત્મતત્ત્વ પ્રગટ થાય ત્યારે બધું જ્ઞાન-નયથી સાધ્ય થાય છે. વાસ્તવિક રીતે તો જ્ઞાનની પ્રવૃત્તિ એ જ ચારિત્ર છે. કારણ કે જ્ઞાનસ્વરૂપ આત્માની સેવા તે આત્માનો ધર્મ છે. તેથી જ્ઞાનસ્વરૂપ જ આત્મા છે.

**[1]यतः प्रवृत्तिर्न मणौ लभ्यते वा न तत्फलम्।**
**अतात्त्विकी मणिज्ञप्तिर्मणिश्रद्धा च सा यथा॥४॥**

**જેમ જેથી મણિને વિશે પ્રવૃત્તિ ન થાય અથવા વિનિ-યોગ-અલંકારાદિમાં યોજના કરવા રૂપ પ્રવૃત્તિનું ફળ પણ ન પ્રાપ્ત થાય તો તે મણિનું જ્ઞાન અને 'આ મણિ છે' એવી શ્રદ્ધા અવાસ્તવિક-અસત્ય છે.**

અશુદ્ધ જ્ઞાનનું નિષ્ફળપણું દઢ કરે છે-જેમ જે મણિ નથી તેમાં મણિનો આરોપ કરવાથી કે ખોટા મણિમાં

---

૧ यथा=જેમ. यतः=જેથી. मणौ=મણિને વિષે. प्रवृत्तिः=પ્રવૃત્તિ. न=ન થાય. वा=અથવા. तत्फलं=પ્રવૃત્તિનું ફળ. न लभ्यते=ન પ્રાપ્ત થાય. सा=તે. अतात्त्विकी=અવાસ્તવિક. मणिज्ञप्तिः=મણિનું જ્ઞાન. च= અને. मणिश्रद्धा=મણિની શ્રદ્ધા. (જાણવી).

મણિની શ્રદ્ધા કરવાથી તે મણિથી ઝેરને દૂર કરવારૂપ પ્રવૃત્તિ થતી નથી, તેમજ તેનું ફળ પણ મળતું નથી. કારણ કે મણિનુ જ્ઞાન અને શ્રદ્ધા વાસ્તવિક નથી. ઝેર ઉતારવારૂપ પ્રવૃત્તિ સાચા મણિથી થાય, પણ ખોટા મણિથી ન થાય. એ સંબન્ધે કહ્યું છે કે--

**"पुल्लेव मुट्ठी जह से असारे अयंतिए कूडकहावणे वा ।**
**राढामणी वेरुलियप्पगासे अमहग्घओ होइ हु जाणएसु" ॥**

उत्तरा० अध्य० २० गा० ४२

"જેમ અસાર એવી ખાલી મુઠી, અયંત્રિત–પ્રસિદ્ધિને નહિ પામેલો ખોટો કાર્ષાપણ (એક જાતનો સિક્કો) અને વૈડૂર્યરત્નના જેવા પ્રકાશવાળો કાચનો મણિ એ બધાં જાણનાર માણસોમાં કિંમત વિનાના ઠરે છે."

**तथा[1] यतो न शुद्धात्मस्वभावाचरणं भवेत् ।**
**फलं दोषनिवृत्तिर्वा न तज्ज्ञानं न दर्शनम् ॥५॥**

**તેમ જેથી શુદ્ધ આત્મસ્વભાવનું આચરણ ન થાય અથવા શુદ્ધ આત્માના લાભનું ફળ રાગ, દ્વેષ અને મોહરૂપ દોષની નિવૃત્તિ ન થાય તે જ્ઞાન નથી અને દર્શન–સમ્યક્ત્વ પણ નથી.**

તે પ્રકારે એકાન્તરૂપે આત્મદ્રવ્યના નિર્ધારરૂપ દર્શનથી અથવા તત્ત્વના અવબોધરૂપ જ્ઞાનથી શુદ્ધ એટલે

૧ तथा=તેમ. यतः=જેથી. शुद्धात्मस्वभावाचरणं=શુદ્ધ આત્મસ્વભાવનું આચરણ. वा=અથવા. दोषनिवृत्तिः=દોષની નિવૃત્તિરૂપ. फलं=ફળ. न भवेद्=ન થાય. तत्=તે. ज्ञानं=જ્ઞાન. न=નથી. (અને) दर्शनं=શ્રદ્ધા. न=નથી.

પરભાવરહિત જે સ્વરૂપલક્ષણરૂપ આત્મસ્વભાવ છે તેમાં આચરણ-એકતારૂપ તન્મયપણું ન થાય, તે પ્રવૃત્તિ વડે શુદ્ધ આત્મસ્વભાવના લાભરૂપ પરમાત્મપદની પ્રાપ્તિ ન થાય, અથવા રાગાદિ દોષની નિવૃત્તિ ન થાય તો તે સર્વ પ્રવૃત્તિ બાળકની ક્રીડા જેવી છે. કારણ કે શુદ્ધ આત્મસ્વરૂપના અવલંબન સિવાય અવેદ્ય-નહિ જાણવા યોગ્ય વિષયને જાણવારૂપ જ્ઞાન તે ખરેખર જ્ઞાન જ નથી. તથા 'સકલ પરભાવના સંગરૂપ ઉપાધિજન્ય આત્માના અશુદ્ધ અધ્યવસાયથી મુક્ત, અમૂર્ત, ચિન્મય અને આનન્દમય, આત્માના સહજ સ્વભાવરૂપ હું છું" એવા નિર્ધારથી રહિત તે સમ્યગ્દર્શન નથી. એ માટે શ્રુતથી થતું કેવળ આત્મજ્ઞાન તે અભેદજ્ઞાન અને ઉત્સર્ગ જ્ઞાન તો શ્રુતના અક્ષરોને આધારે થતું સર્વ દ્રવ્યના ઉપયોગરૂપ ભેદજ્ઞાન છે. સર્વ અક્ષરને જાણનાર જ્યાં સુધી દ્રવ્ય શ્રુતનું અવલંબન લે છે ત્યાં સુધી તે ભેદજ્ઞાની છે. સમયપ્રાભૃતમાં કહ્યું છે કે "જે શ્રુતજ્ઞાન વડે કેવળ શુદ્ધ આત્માને જાણે છે તેને લોકને પ્રકાશ કરનારા ઋષિઓ શ્રતકેવલી કહે છે. જે સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે તેને પણ જિનો શ્રુતકેવલી કહે છે. કારણ કે સર્વ પ્રકારનું જ્ઞાન આત્મા છે અને તેથી તે શ્રુતકેવલી છે."

કહ્યું છે કે—

**अहमिक्को खलु सुद्धो निम्ममओ नाणदंसणसमग्गो ।**
**तंमि ठिओ तच्चित्तो सव्वे एए खयं नेमि ॥**

समयसार गा० ७३.

"ખરેખર હું એક, શુદ્ધ, મમત્વરહિત અને જ્ઞાન-દર્શન વડે પરિપૂર્ણ છું. વળી શુદ્ધ ચૈતન્યસ્વભાવમાં રહેલો અને ચૈતન્યના અનુભવમાં લીન થયેલો હું એ બધા ક્રોધાદિ આસ્રવોનો ક્ષય કરૂં છું."

નિર્મલ અને નિષ્કલંક જ્ઞાન-દર્શન ઉપયોગવાળો આત્મા છે અને તે આત્માનું જ્ઞાન તે ખરેખર જ્ઞાન છે. કહ્યું છે કે—

"देहादेवलि जो वसे देव अणाइअणंत।
सो परजाणहु जोईया अन्न न तं तं नमंत"॥

"દેહરૂપ દેવલમાં જે અનાદિ અનન્ત દેવ વસે છે તે પરમ જ્ઞાની છે. તેને હે યોગીશ્વરો! જાણો. બીજા તે તે દેવને ન નમો."

આત્મજ્ઞાનથી જ સિદ્ધિ થાય છે. સાધ્ય પણ પૂર્ણ આત્મજ્ઞાન જ છે. તે માટે અન્ય દર્શનવાળા વાદવિવાદ કરે છે, શ્વાસ-પ્રશ્વાસની રેચકાદિ પ્રાણાયામ ક્રિયા કરે છે, મૌન ધારણ કરે છે, પર્વત, વન અને ઉદ્યાનમાં ભમે છે. તો પણ અર્હંતે ઉપદેશેલા આગમના શ્રવણથી સ્યાદ્વાદ વડે સ્વ અને પરની પરીક્ષાથી નિર્ધારિત સ્વસ્વભાવરૂપ ઔષધ સિવાય કાર્યસિદ્ધિ થતી નથી. તેથી આ પ્રાપ્ત થયેલા અવસરે આત્માને વિષે આત્મા વડે અનન્તગુણપર્યાયસ્વરૂપ આત્મજ્ઞાન કરવા યોગ્ય છે. કહ્યું છે કે—

"आत्माज्ञानभवं दुःखमात्मज्ञानेन हन्यते।
अभ्यस्यं तद् यथा येनात्मा ज्ञानमयो भवेत्"॥

"આત્માના અજ્ઞાનથી થયેલું દુઃખ આત્માના જ્ઞાનથી નાશ પામે છે. તે માટે જેથી આત્મા જ્ઞાનમય થાય તેવા પ્રકારનો અભ્યાસ કરવા યોગ્ય છે"

**[1]यथा शोफस्य पुष्टत्वं यथा वा वध्यमण्डनम् ।**
**तथा जानन् भवोन्मादमात्मतृप्तो मुनिर्भवेत् ॥६॥**

**જેમ સોજાનું પુષ્ટપણું અથવા વધ કરવાને લઇ જતા પુરુષને કરેણના ફુલની માળા વગેરે આભરણ પહેરાવવામાં આવે છે, તેના જેવા સંસારના ઉન્માદ-ઘેલછાને જાણતા મુનિ આત્માને વિશે જ સંતુષ્ટ હોય.**

જેમ સોજાથી થયેલ શરીરનું સ્થૂલપણું વિકારરૂપ હોવાથી પુષ્ટિ માટે તેને કોઇ ઇચ્છતું નથી, અથવા વધ કરવા માટે લઈ જવામાં આવતા પુરુષને કરેણના ફુલની માલા વગેરે આભૂષણ પહેરાવવામાં આવે છે, તે પણ અનિષ્ટ છે, તેની પેઠે જ સંસારના ઉન્માદને જાણતા સમસ્ત પરભાવના ત્યાગી મુનિ અનન્તગુણરૂપ આત્મસ્વરૂપમાં સંતુષ્ટ થાય છે. તાત્પર્ય એ છે કે સંસારનું સ્વરૂપ અસાર, નિષ્ફળ અને નહિ ભોગવવા યોગ્ય જાણી મુનિ આત્મસ્વરૂપમાં મગ્ન થાય છે.

**[2]सुलभं वागनुच्चारं मौनमेकेन्द्रियेष्वपि ।**
**पुद्गलेष्वप्रवृत्तिस्तु योगानां मौनमुत्तमम् ॥७॥**

---

૧ यथा=જેમ. शोफस्य=સોજાનું. पुष्टत्वं=પુષ્ટપણું. वा=અથવા. वध्यमण्डनम्=વધ કરવા યોગ્ય પુરુષને કરેણની માળા વગેરેથી શણગારવું. तथा=તેમ. भवोन्मादं=સંસારની ઘેલછાને. जानन्=જાણનાર. मुनिः=મુનિ. आत्मतृप्तः=આત્માને વિષે જ સંતુષ્ટ. भवेद्=થાય.

૨ वागनुच्चारं=વાણીના નહિ ઉચ્ચારવારૂપ. मौनं=મૌન. एके-

**વચનના નહિ ઉચ્ચારવારૂપ મૌન એકેન્દ્રિય જીવોમાં સુલભ (સુખે પામીએ તેવું) છે, પરન્તુ પુદ્ગલમાં યોગોની (મન-વચન-કાયાની) અવ્યાપારરૂપ અપ્રવૃત્તિ છે તે ઉત્કૃષ્ટ મૌન છે. એ જ મુનિનું મૌન છે.**

વચનલબ્ધિ નહિ હોવાથી વાણીની અપ્રવૃત્તિરૂપ મૌન એકેન્દ્રિયોમાં પણ સુલભ છે. પરન્તુ તે મૌન મોક્ષ-સાધક નથી. પુદ્ગલસ્કન્ધમાં થએલા વર્ણ, ગન્ધ, રસ, સ્પર્શ અને આકૃતિ વગેરેમાં દ્રવ્ય અને ભાવથી મન-વચન-કાયાની અપ્રવૃત્તિરૂપ શ્રેષ્ઠ મૌન છે, અને શ્રેષ્ઠ હોવાથી તેનું બધા જીવોમાં વ્યાપકપણું નથી, પણ તેની વિરલતા છે. તે પુદ્ગલસ્કન્ધો પ્રતિ વીર્યની પ્રવૃત્તિ કે અપ્રવૃત્તિથી રહિત મૌન ઉત્તમ અને પ્રશંસનીય છે. ભાવાર્થ એ છે કે પરભાવને અનુકૂલ ચેતના અને વીર્યની પ્રવૃત્તિરૂપ ચપલતાને રોકવી તે ઉત્કૃષ્ટ મૌન છે અને પરિણામે આત્માને હિતકારી છે. યોગની ચપલતા તે આત્માનું કાર્ય નથી, તેથી તેનો રોધ કરવો એ શ્રેયસ્કર છે.

યોગનું સ્વરૂપ કર્મપ્રકૃતિમાં આ પ્રમાણે બતાવ્યું છે- વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલ આત્માના વીર્યગુણનાં અસંખ્ય યોગસ્થાનકો છે. તેમાં સૌથી જઘન્ય પ્રથમ યોગસ્થાનક સૂક્ષ્મનિગોદના જીવોનું છે અને તે સૂક્ષ્મનિગોદમાં ઉત્પન્ન થતા જીવને ઉત્પત્તિના પ્રથમ સમયે

---

न्द्रियेषु=એકેન્દ્રિયોમાં. अपि=પણ. सुलभं=સુખેથી પ્રાપ્ત થઇ શકે એવું છે. तु=પરન્તુ. पुद्गलेषु=પુદ્ગલોમાં. योगानां=મન, વચન અને કાયાની. अप्रवृत्तिः=પ્રવૃત્તિ ન થવી તે. उत्तमं=શ્રેષ્ઠ. मौनं=મૌન છે.

હોય છે. અહીં જીવના વીર્યને કેવલજ્ઞાનીની પ્રજ્ઞારૂપ શસ્ત્રથી છેદતાં છેદતાં છેવટે જ્યારે તેના બે ભાગ ન થઇ શકે ત્યારે તે અન્તિમ વિભાગને અવિભાગ અંશ કહેવાય છે. વીર્યના તે અવિભાગો એક એક જીવપ્રદેશે જઘન્યથી પણ અસંખ્યાતા લોકાકાશ પ્રદેશપ્રમાણ છે અને ઉત્કૃષ્ટથી પણ તેટલા જ છે. તોપણ જઘન્ય સ્થાનકના અવિભાગો કરતાં ઉત્કૃષ્ટ પદે અસંખ્યાતગુણા હોય છે. જે જીવપ્રદેશોમાં સમાન સંખ્યાવાળા વીર્યના અવિભાગો હોય અને બીજા જીવપ્રદેશોમાં રહેલા વીર્યના અવિભાગો કરતાં થોડા હોય તેવા ઘનરૂપે કરાયેલા લોકના અસંખ્યાતમા ભાગમાં રહેલા અસંખ્યાતા પ્રતરના પ્રદેશરાશિપ્રમાણ જીવપ્રદેશોનો સમુદાય તે પ્રથમ વર્ગણા. તે થોડા અવિભાગવાળી હોવાથી જઘન્ય વર્ગણા છે. તે જઘન્ય વર્ગણાથી જે બીજા જીવપ્રદેશો એક એક અવિભાગ વડે અધિક હોય તેવા ઘનીકૃત લોકના અસંખ્યાતમા ભાગમાં રહેલા અસંખ્યાતા પ્રતરના પ્રદેશ જેટલા જીવપ્રદેશોનો સમુદાય તે બીજી વર્ગણા. ત્યાર બાદ બે વીર્યાવિભાગ વડે અધિક સંખ્યાવાળા જીવપ્રદેશોનો સમુદાય તે ત્રીજી વર્ગણા. એમ એક એક અવિભાગ વડે વધતા જીવ પ્રદેશોના સમુદાયરૂપ અસંખ્યાતી વર્ગણાઓ થાય છે. તે વર્ગણાઓ ઘનીકૃત લોકની એક એક પ્રદેશની પંક્તિરૂપ સૂચિ શ્રેણિના અસંખ્યાતમે ભાગે રહેલા આકાશ પ્રદેશો જેટલી હોય તેટલી વર્ગણાનો સમુદાય તે પ્રથમ સ્પર્ધક જાણવું. જ્યાં વર્ગણાઓ પરસ્પર એક એક અવિભાગની વૃદ્ધિથી સ્પર્ધા કરે તે સ્પર્ધક કહેવાય છે. ઉપર કહેલા સ્પર્ધકની છેલ્લી વર્ગણાથી એક વીર્યાવિભાગ વડે અધિક

બીજા કોઇ જીવના પ્રદેશો નથી, તેમ બે, ત્રણ, સંખ્યાતા વીર્યાવિભાગ વડે અધિક જીવપ્રદેશો નથી, પરન્તુ અસંખ્યાતા લોકાકાશપ્રદેશપ્રમાણ અસંખ્યાતા વીર્યાવિભાગ વડે અધિક જીવપ્રદેશો હોય છે, તેઓનો સમુદાય તે બીજા સ્પર્ધકની પ્રથમ વર્ગણા. ત્યાર બાદ એક વીર્યાવિભાગ વડે અધિક જીવપ્રદેશોનો સમુદાય તે બીજી વર્ગણા. બે વીર્યાવિભાગ વડે અધિક જીવપ્રદેશોનો સમુદાય તે ત્રીજી વર્ગણા. એમ ત્યાં સુધી કહેવું કે સૂચિશ્રેણિના અસંખ્યાતમા ભાગે જેટલા આકાશપ્રદેશો હોય તેટલી વર્ગણાઓ થાય. તે બધી વર્ગણાઓનો સમુદાય તે બીજું સ્પર્ધક. ત્યારબાદ અસંખ્યાતા લોકાકાશપ્રદેશ પ્રમાણ વીર્યાવિભાગ વડે અધિક જીવપ્રદેશોનો સમુદાય તે ત્રીજા સ્પર્ધકની પ્રથમ વર્ગણા. એ પ્રમાણે સૂચિશ્રેણિના અસંખ્યાતમા ભાગના આકાશ પ્રદેશ પ્રમાણ વર્ગણાઓનો સમુદાય તે ત્રીજું સ્પર્ધક. એમ અસંખ્યાતા સ્પર્ધકો કહેવા. પૂર્વે કહેલા શ્રેણિના અસંખ્યાતમા ભાગના અસંખ્યાતા આકાશપ્રદેશ પ્રમાણ સ્પર્ધકોનો સમુદાય તે જઘન્ય યોગસ્થાનક. તે સૌથી અલ્પવીર્યવાળા સૂક્ષ્મ નિગોદના જીવને ઉત્પત્તિના પ્રથમ સમયે હોય છે. પ્રથમ યોગસ્થાનકના છેલ્લા સ્પર્ધકની છેલ્લી વર્ગણાથી અસંખ્યાતા લોકાકાશપ્રદેશપ્રમાણ અધિક વીર્યાંશવાળા અન્ય જીવના અલ્પવીર્યવાળા જીવપ્રદેશોનો સમુદાય તે પ્રથમ વર્ગણા. તેથી એક વીર્યાવિભાગ વડે અધિક જીવપ્રદેશોનો સમુદાય તે બીજી વર્ગણા. બે અવિભાગ વડે અધિક જીવપ્રદેશોનો સમુદાય તે ત્રીજીવર્ગણા. એમ એક એક વીર્યાવિભાગ વડે વધતા વધતા શ્રેણિના અસંખ્યાતમા

ભાગમાં રહેલા આકાશપ્રદેશપ્રમાણ અસંખ્યાત વર્ગણાઓ થાય છે. તે વર્ગણાઓનો સમુદાય તે બીજા યોગસ્થાનકનું પ્રથમ સ્પર્ધક. ત્યારબાદ પૂર્વના યોગસ્થાનકમાં બતાવેલા ક્રમથી દ્વિતીયાદિ સ્પર્ધકો કહેવા. શ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશના જેટલા અસંખ્યાતા સ્પર્ધકોનો સમુદાય તે બીજું યોગસ્થાનક. તેથી અધિક વીર્યવાળા અન્ય જીવને ઉપર કહ્યા પ્રમાણે ત્રીજું યોગસ્થાનક થાય છે. એમ અન્ય અન્ય જીવની અપેક્ષાએ સર્વોત્કૃષ્ટ યોગસ્થાનક સુધી યોગસ્થાનકો કહેવાં. તે યોગસ્થાનકો વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમની વિચિત્રતાથી શ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશ જેટલા અસંખ્યાતા હોય છે.

પ્ર૦—જીવો અનન્તા છે અને દરેક જીવને યોગસ્થાનક હોય છે, તો અનન્ત યોગસ્થાનકો કહેવાં જોઈએ, અસંખ્ય યોગસ્થાનકો કેમ કહો છો ?

ઉ૦—યોગસ્થાનકો અસંખ્યાતા છે, પરન્તુ એક એક સરખા યોગસ્થાનકમાં અનન્તા સ્થાવર જીવો રહેલા છે, તેથી સર્વ જીવોની અપેક્ષાએ પણ બધા મળીને અસંખ્યાતા યોગસ્થાનકો સર્વજ્ઞ ભગવંતે કેવલજ્ઞાનથી જાણેલાં છે, તેથી અધિક નથી. એક યોગસ્થાનકે એક જીવ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટ આઠ સમય સુધી રહે છે. સર્વ જીવમાં યોગસ્થાનનું તારતમ્ય હોવાથી તેનું ક્રમશઃ અધિકપણું નીચેની ગાથામાં કહેલું છે.

"सुहुमनिगोआइखणप्पजोग–बायरय–विगल–अमण–मणा।
अपज्जलहु पढमदुगुरू पजहस्सियरो असंखगुणो॥
असमत्ततसुक्कोसो पज्जहन्नियरु एव ठिइठाणा।
अपजेयरसंखगुणा परमपजबिए असंखगुणा"॥

पंचम कर्मग्रन्थ गा० ५३–५४.

સૌથી અલ્પવીર્યવાળા લબ્ધિ અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદના જીવને ઉત્પત્તિના પ્રથમ સમયે અલ્પ યોગ હોય છે (૧). તેથી લબ્ધિ અપર્યાપ્ત બાદર એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય અને સંજ્ઞી પંચેન્દ્રિયનો પ્રથમ સમયે જઘન્ય યોગ ક્રમશઃ અસંખ્યાતગુણો જાણવો (૭). તેથી લબ્ધિ અપર્યાપ્ત પ્રથમદ્વિક–સૂક્ષ્મનિગોદ અને બાદર એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટયોગ અનુક્રમે અસંખ્યાતગુણો જાણવો. (૯) તેથી પર્યાપ્ત સૂક્ષ્મ નિગોદ અને બાદર એકેન્દ્રિયનો જઘન્ય યોગ અને ઉત્કૃષ્ટ યોગ ક્રમશઃ અસંખ્યાતગુણો કહેવો (૧૩). તેથી લબ્ધિ અપર્યાપ્ત ત્રસ–બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય અને સંજ્ઞી પંચેન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણો છે. (૧૮) તેથી પર્યાપ્ત બે ઇન્દ્રિયાદિ ત્રસનો જઘન્ય યોગ ક્રમશઃ અસંખ્યાતગુણ જાણવો (૨૩). તેથી પર્યાપ્ત બેઇન્દ્રિયાદિ ત્રસ જીવોનો ઉત્કૃષ્ટ યોગ અનુક્રમે અસંખ્યાતગુણો છે (૨૮). જે ક્રમથી યોગસ્થાનકો કહ્યાં તે જ પ્રમાણે સ્થિતિસ્થાનો પણ જાણવાં. જઘન્ય સ્થિતિથી માંડીને એક એક સમયની વૃદ્ધિ કરતાં સર્વોત્કૃષ્ટ સ્થિતિ સુધીના જે સ્થિતિના ભેદો તે સ્થિતિસ્થાનકો કહેવાય છે. પરન્તુ સ્થિતિસ્થાનકો ઉત્તરોત્તર સંખ્યાતગુણા કહેવાં. તેમાં એટલી

વિશેષતા છે કે અપર્યાપ્તા બેઇન્દ્રિયને અસંખ્યાતગુણા સ્થિતિસ્થાનકો કહેવાં.

એ પ્રમાણે અઠ્યાવીશ ભેદોનું અલ્પબહુત્વ જાણવું. અધિક યોગ હોય ત્યારે જીવ ઘણાં કર્મ ગ્રહણ કરે છે અને અલ્પ યોગ હોય ત્યારે થોડાં કર્મ ગ્રહણ કરે છે. તેથી યોગોની પુદ્ગલની ગ્રહણ કરવારૂપ પ્રવૃત્તિને રોકવી તે ઉત્તમ મૌન છે. તૃષ્ણાવાળો જીવ બાહ્ય યોગોને રોકે તેથી શું થાય ? માટે સંપૂર્ણ નિર્મલ જ્ઞાનાદિ અનન્તગુણના સમૂહથી મહાપ્રભાવરૂપ પરમાત્મભાવમાં રસિક જનોએ આત્માની પુદ્ગલાનુસારી યોગની પ્રવૃત્તિ રોકવા યોગ્ય છે એ ઉપદેશ છે.

**ज्योतिर्मयीव[1] दीपस्य क्रिया सर्वाऽपि चिन्मयी।**
**यस्यानन्यस्वभावस्य तस्य मौनमनुत्तरम् ॥८॥**

જેમ દીવાનો ઊંચે ગમન કરવા અને નીચે ગમન કરવા રૂપ વગેરે બધી ય ક્રિયા પ્રકાશમય છે તેમ અનન્યસ્વભાવે એટલે પુદ્ગલભાવે નહિ પરિણામ પામેલા એવા જેની આહાર-વ્યવહારાદિ સઘળી ક્રિયા જ્ઞાનમય છે તેનું મૌન ઉત્કૃષ્ટ છે.

**"वस्तुस्वभावानुरोधादेव तत्कारकात् वियत्।**
**संपूर्णता तदुत्पत्तौ कुम्भस्यैव(स्येव) दशाऽऽत्मनः" ॥**

---

૧ इव=જેમ. दीपस्य=દીવાની. सर्वाऽपि=બધી ય. क्रिया=જ્યોતિની ઊંચે, નીચે, આડીઅવળી થવારૂપ ક્રિયા. ज्योतिर्मयी=પ્રકાશમય છે. (તેમ) अनन्यस्वभावस्य=અન્ય સ્વભાવે નહિ પરિણમેલા(ની). यस्य=જે આત્માની. (સર્વ ક્રિયા) चिन्मयी=જ્ઞાનમય છે. तस्य=તેનું. मौनं=મુનિપણું. अनुत्तरं=સર્વોત્કૃષ્ટ છે.

**"વસ્તુસ્વભાવને અનુસરીને તેની કારણસામગ્રીથી કાર્યની ઉત્પત્તિ થતાં આકાશની પૂર્ણતા થાય છે. જેમ કારણસામગ્રીથી ઘટની ઉત્પત્તિ થતાં ઘટાકાશની પૂર્ણતા થાય છે તેમ આત્માની બધી ક્રિયાઓ જ્ઞાનદૃષ્ટિ વડે ચૈતન્યમય થઈ જાય છે."**

આત્મતત્ત્વની એકતામાં પરિણત થયેલાનું યોગનો નિગ્રહ કરવારૂપ મૌન સર્વોત્કૃષ્ટ છે. એટલે સ્વધર્મનો પ્રગટભાવ કરવામાં કર્તાપણા અને ભોક્તાપણામાં જેણે પોતાનું બધું વીર્ય પ્રવર્તાવેલું છે અને કર્મનો નાશ કરવામાં અપૂર્વકરણ તથા કિટ્ટીકરણાદિમાં જેણે પોતાનું વીર્ય સ્થિર કર્યું છે એવા મુનિની પરભાવમાં પ્રવૃત્તિ નહિ થતી હોવાથી યોગની ચપલતાને રોકવારૂપ તેનું મૌન ઉત્કૃષ્ટ છે. કારણ કે ગુણનો ઉત્કર્ષ સાધવા માટે વીર્યની પ્રવૃત્તિરૂપ તેની ક્રિયા ચિન્મય–સ્વરૂપથી જ્ઞાનમય અથવા આત્માના અનુભવની એકતારૂપ છે. જેમ દીવાની ઊંચી, નીચી, આડી અવળી થવારૂપ બધી ક્રિયા પ્રકાશમય છે તેમ પરભાવથી રહિત એટલે પરભાવમાં વ્યાપ્ત થતી ચેતના અને અભિસંધિજ વીર્યની પ્રવૃત્તિ રહિત સહજ ભાવે થતી વન્દન, નમન વગેરે ક્રિયા તથા ગુણસ્થાનક ઉપર ચઢવારૂપ સાધુની ક્રિયા તત્ત્વજ્ઞાનના પ્રકાશમય હોય છે. તેથી તેનું મૌન સર્વશ્રેષ્ઠ છે. કહ્યું છે કે–**"વસ્તુ સ્વભાવને અનુસરી તેની કારણસામગ્રીથી કાર્યની ઉત્પત્તિ થવામાં આકાશની પૂર્ણતા થાય છે. જેમ ઘટની ઉત્પત્તિ થતાં ઘટાકાશની પૂર્ણતા થાય છે. એમ જ્ઞાનદૃષ્ટિ વડે આત્માની ક્રિયાઓ જ્ઞાનમય થઈ જાય છે".** એ ન્યાયથી જ્ઞાનીની ક્રિયા કાર્ય સાધનમાં ઉપકારક જાણવી. આત્મતત્ત્વમાં એકતાના

અભ્યાસવાળા જ્ઞાનમય આત્માના સ્વરૂપને અનુકૂલ જે ક્રિયા છે તે જ્ઞાનસ્વરૂપ પ્રકાશનું કારણ છે. આવરણનું નિમિત્ત અસત્ક્રિયા થાય છે અને આવરણ દૂર કરવા માટે સત્ક્રિયા નિમિત્તભૂત છે. પરન્તુ તત્ત્વમાં મગ્ન થયેલાને નિમિત્તરૂપ થતી નથી. માટે તત્ત્વજ્ઞાન અને સ્વરૂપની એકતારૂપ ધ્યાનમાં લીન થએલા તે મુનિઓના ચરણમાં નમસ્કાર હો.

## ૧૪ વિદ્યાષ્ટક

**नित्यशुच्यात्मताख्यातिरनित्याशुच्यनात्मसु ।**
**अविद्या तत्त्वधीर्विद्या योगाचार्यैः प्रकीर्तिता ॥१॥**

**અનિત્ય એટલે આત્માથી ભિન્ન પરસંયોગને વિષે નિત્યપણાની બુદ્ધિ, તથા નવ દ્વારોથી મળને વહેતાં અશુચિ-અપવિત્ર શરીરને વિષે પવિત્રપણાની બુદ્ધિ અને આત્માથી ભિન્ન પુદ્ગલાદિ પદાર્થને વિષે આત્મપણાની બુદ્ધિ એટલે અહંબુદ્ધિ તથા મમત્વબુદ્ધિ એ અવિદ્યા કહી છે. તત્ત્વબુદ્ધિ એટલે શુદ્ધ આત્મદ્રવ્યમાં નિત્યપણાની, શુચિપણાની અને આત્મપણાની બુદ્ધિરૂપ યથાર્થ જ્ઞાન તે વિદ્યા. એમ યોગ દૃષ્ટિસંપન્ન પતંજલિપ્રમુખ યોગાચાર્યોએ કહ્યું છે.**

આવા પ્રકારનું મૌન (મુનિપણું) યથાર્થ જ્ઞાનરૂપ વિદ્યા વડે આત્મતત્ત્વમાં ઉપયોગવાળા જ્ઞાનવંતને હોય છે, માટે મૌનાષ્ટક **પછી** વિદ્યાષ્ટકનો ઉપદેશ કર્યો છે. તેમાં

---

૧ अनित्याशुच्यनात्मसु=અનિત્ય, અશુચિ અને આત્માથી ભિન્ન પુદ્ગલાદિમાં. नित्यशुच्यात्मताख्यातिः=નિત્યપણા, શુચિપણા અને આત્મપણાની બુદ્ધિ. अविद्या=અવિદ્યા (અને) तत्त्वधीः=તત્ત્વની બુદ્ધિ. विद्या=વિદ્યા. योगाचार्यैः=યોગાચાર્યોએ. प्रकीर्तिता=કહી છે.

જીવનુ 'વિદ્યા' એવું નામ કરવામાં આવે તે નામવિદ્યા. સ્થાપનાચાર્ય, કોડા, કાષ્ઠ અને પુસ્તકાદિમાં વિદ્યાની અથવા વિદ્યાવંતની સ્થાપના કરાય તે સ્થાપનાવિદ્યા. શિલ્પાદિરૂપ લૌકિક વિદ્યા તે દ્રવ્યવિદ્યા. લોકોત્તર વિદ્યા બે પ્રકારે છેઃ ભારત, રામાયણ અને ઉપનિષદ્‌વિદ્યા તે કુપ્રાવચનિક લોકોત્તર વિદ્યા; અને આવશ્યક, આચારાંગાદિરૂપ સુપ્રાવચનિક લોકોત્તર વિદ્યા જાણવી. જ્ઞશરીર,ભવ્યશરીર તથા વિદ્યાનો અભ્યાસ કરવા છતાં તેના ઉપયોગથી શૂન્ય હોય ત્યારે તદ્‌વ્યતિરિક્ત દ્રવ્ય વિદ્યા કહેવાય છે. અથવા હેય અને ઉપાદેયની પરીક્ષા રહિત, ઉપયોગશૂન્ય, અનુપ્રેક્ષા રહિત વાચના, પૃચ્છના, પરાવર્તના અને ધર્મકથારૂપ સર્વપ્રકારની વિદ્યા જ્ઞાનરૂપ ચેતનાનું કારણ હોવાથી દ્રવ્યવિદ્યા કહેવાય છે. લોકોત્તર અર્હંત પ્રણીત આગમના રહસ્યના અભ્યાસીની નિત્ય–અનિત્યાદિ અનન્ત પર્યાય સહિત ચૈતન્ય સ્વરૂપ આત્માની ઉપાદેયબુદ્ધિ અને વિભાવાદિ અનન્ત પરભાવના ત્યાગની બુદ્ધિ તે ભાવવિદ્યા છે. અહીં ભાવવિદ્યાના અભ્યાસનો પ્રસંગ છે.

તેમાં નૈગમનયથી મત્યાદિ જ્ઞાનના ક્ષયોપશમનું નિમિત્ત ઇન્દ્રિયાદિ વિદ્યા કહેવાય છે. બધા જીવદ્રવ્યો સંગ્રહનયથી વિદ્યારૂપ છે. પુસ્તકાદિમાં લખેલું દ્રવ્યશ્રુત વ્યવહાર નયથી વિદ્યા છે. વાચનાદિ પાંચ પ્રકારનો સ્વાધ્યાય ઋજુસૂત્રનયથી વિદ્યા છે. યથાર્થ ઉપયોગ તે શબ્દનયથી વિદ્યા છે. કારણ–કાર્યાદિના સંકરરૂપ (અભેદરૂપ) સવિકલ્પ ચેતના તે સમભિરૂઢ નયથી વિદ્યા છે. અને ક્ષાયોપશમિક નિર્વિ-

કલ્પ ચેતનારૂપ સાધકની અવસ્થા એવંભૂત નયથી વિદ્યા છે. તેમાં નિર્વિકલ્પરૂપ વિદ્યા તાત્ત્વિક અને પરમપદ સાધક છે. તથા કેટલાએક કેવલજ્ઞાનરૂપ સિદ્ધવિદ્યાને એવંભૂત નયથી વિદ્યા કહે છે. પ્રથમના ચાર નયો દ્રવ્યનિક્ષેપને માને છે તેથી તેના મતે કારણરૂપ વિદ્યાનું ગ્રહણ કર્યું છે અને છેલ્લા ત્રણ નયો ભાવગ્રાહી હોવાથી તેના મતે કાર્યરૂપ ઉત્તરોત્તર સૂક્ષ્મ વિદ્યાનું ગ્રહણ કર્યું છે. તેમાં કારણને વિષે પ્રયત્ન કરવા વડે કાર્યમાં આદરવાળા થવું યોગ્ય છે.

અનિત્ય, અશુચિ અને આત્માથી ભિન્ન શરીરાદિ પદાર્થોમાં નિત્યતા, અશુચિતા અને આત્મપણાની બુદ્ધિ તે અવિદ્યા છે. અનિત્ય એટલે ચેતનથી ભિન્ન જાતિના મૂર્ત્ત પુદ્ગલના ગ્રહણથી ઉત્પન્ન થએલા પરસંયોગમાં નિત્યપણાની બુદ્ધિ તે અવિદ્યા. નવ દ્વારરૂપ છિદ્રોથી નિરંતર મળને બહાર કાઢતા શરીરાદિ અપવિત્ર પદાર્થોમાં પવિત્રતાની બુદ્ધિ અને આત્માથી ભિન્ન પુદ્ગલાદિ પદાર્થોમાં તથા શુદ્ધ સ્વરૂપને આવરણ કરનારા રાગાદિ વિભાવપરિણામમાં આત્મપણાની બુદ્ધિ એટલે અહંભાવ અને મમત્વભાવની માન્યતા, 'આ શરીર મારું છે, શરીર એ હું જ છું, તે પુષ્ટ થતાં હું પુષ્ટ થાઉં છું' એવી [1]બુદ્ધિ, કથન,

[1] घने वस्त्रे यथाऽऽत्मानं न घनं मन्यते तथा ।
घने स्वदेहेऽप्यात्मानं न घनं मन्यते बुधः ॥

समाधिशतक. ।।

જેમ જાડું વસ્ત્ર પહેરનાર પોતાને જાડો (પુષ્ટ) માનતો નથી, તેમ પોતાનું શરીર જાડું હોય તોપણ પંડિત આત્માને પુષ્ટ માનતો નથી.

જ્ઞાન અને તેમાં રમણતા એ અવિદ્યા કે અજ્ઞાન છે. જે શુદ્ધ આત્મામાં નિત્યપણા, શુચિપણા અને આત્મપણાની બુદ્ધિ છે તે તત્ત્વબુદ્ધિ, વિદ્યા કે તત્ત્વવિવેક છે. અહીં સર્વ પદાર્થો ઉત્પાદ, વ્યય અને ધ્રુવતારૂપ હોવા છતાં દ્રવ્યાર્થિક નયની વિવક્ષા અને પર્યાયાર્થિક નયની અવિવક્ષાથી તેનું કૂટસ્થ નિત્યપણું સમજવું. આ વિદ્યા પરમાર્થનું સાધન કરવામાં સમર્થ છે એમ યોગ–જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ મોક્ષના ઉપાયમાં કુશલ યોગાચાર્યોએ કહ્યું છે. અહીં ભેદજ્ઞાન એ સાધન છે. અધ્યાત્મબિન્દુમાં કહ્યું છે કે–

"ये यावन्तो ध्वस्तबन्धा अभूवन्
भेदज्ञानाभ्यास एवात्र मूलम्।
ये यावन्तोऽध्वस्तबन्धा भ्रमन्ति
भेदज्ञानाभाव एवात्र बीजम्" ॥

"જેટલા અને જેઓ બંધનો નાશ કરી મુક્ત થયા છે તેમાં ભેદજ્ઞાનનો અભ્યાસ જ કારણ છે, અને જેટલા અને જેઓ બન્ધનો નાશ કર્યા સિવાય સંસારમાં ભમે છે તેમાં ભેદજ્ઞાનનો અભાવ જ કારણ છે"

**यै पश्येन्नित्यमात्मानमनित्यं परसंगमम्।**
**छलं लब्धुं न शक्नोति तस्य मोहमलिम्लुचः ॥२॥**

१ यः=જે. आत्मानं=આત્માને. नित्यं=સદા અવિનાશી. पश्येत्=જુએ છે. (અને) परसंगमं=પર વસ્તુના સંબન્ધને. अनित्यं=વિનશ્વર (જુએ છે). तस्य=તેના. छलं=છિદ્ર. लब्धुं=મેળવવાને. मोहमलिम्लुचः=મોહરૂપ ચોર. न शक्नोति=સમર્થ થતો નથી.

**જે નિત્ય-સદા અવિચલિત સ્વરૂપવાળા આત્માને દેખે છે અને પરસંયોગને અધ્રુવ-અસ્થિર દેખે છે તેનું છલ-છિદ્ર મેળવવાને મોહરૂપ ચોર સમર્થ થતો નથી.**

જે આત્માર્થી આત્માને સદા અવિચલિતસ્વરૂપે જુએ છે અને શરીરાદિ પરસંયોગને અનિત્ય-અશાશ્વત જુએ છે. એવા આત્મસાધનમાં તત્પર થયેલાને મિથ્યાત્વાદિ ભ્રાન્તિરૂપ ચોર છળવાને સમર્થ થતો નથી. આ કથનથી એમ જણાવ્યું કે યથાર્થ જ્ઞાનીને રાગાદિ દોષો વધતા નથી અને તેનો આત્મા મોહને આધીન થતો નથી.

**तरङ्गतरलां लक्ष्मीमायुर्वायुवदस्थिरम् ।**
**अदभ्रधीरनुध्यायेदभ्रवद् भङ्गुरं वपुः ॥३॥**

**નિપુણ બુદ્ધિવાળો સમુદ્રના કલ્લોલ જેવી ચપલ લક્ષ્મીને, વાયુ જેવા અસ્થિર આયુષને અને વાદળાંના જેવા વિનાશ પામવાના સ્વભાવવાળા શરીરને ચિન્તવે.**

પ્રખરબુદ્ધિવાળો 'લક્ષ્મી સમુદ્રના કલ્લોલ જેવી ચપલ છે' એમ વિચારે. 'જીવિત વાયુની પેઠે પ્રતિસમય વહન કરવાના સ્વભાવવાળું [૨]અધ્યવસાયાદિ વિઘ્નયુક્ત છે' એમ

---

૧ अदभ्रधीः=નિપુણ બુદ્ધિવાળો. लक्ष्मीं=લક્ષ્મીને. तरङ्गतरलां=સમુદ્રના તરંગ જેવી ચપલ. आयुः=આયુષને. वायुवद्=વાયુના જેવું. अस्थिरं=અસ્થિર. (અને) अभ्रवद्=વાદળાં જેવું. भङ्गुरं=વિનશ્વર. वपुः=શરીરને. अनुध्यायेद्=વિચારે.

૨ અધ્યવસાયાદિ સાત પ્રકારે આયુષ ક્ષીણ થાય છે.

"अज्झवसाण-निमित्ते आहारे वेयणा पराघाए ।
फासे आणापाणू सत्तविहं भिज्जए आउं" ॥

बृहत्संग्रहणी गा. ३२२.

ચિંતવે. અને પુદ્ગલસ્કંધોના મળવાથી બનેલું શરીર વાદળાંની પેઠે નાશ પામવાના સ્વભાવવાળું છે એમ વિચારે. એ વિચાર યથાર્થ છે. ભાવાર્થ એ છે કે આત્મિક સંપત્તિ રહિત પુરૂષે પૃથિવીકાયના પૌદ્ગલિક સ્કન્ધો સંપત્તિરૂપે કલ્પેલા છે, પણ તે વાસ્તવિક સંપત્તિ નથી. તથા જીવ જ્ઞાન, દર્શન, વીર્ય અને આનન્દરૂપ ભાવ પ્રાણો વડે જીવે છે. આયુષરૂપ જીવન તો બાહ્ય પ્રાણના સંબન્ધની સ્થિતિનું નિમિત્ત હોવાથી તે આત્માનું સ્વરૂપ નથી. વર્ણ, ગન્ધ, રસ અને સ્પર્શવાળું, ઉપચયને પ્રાપ્ત થયેલું અચેતન શરીર પણ આત્માનુ સ્વરૂપ નથી, અને તે બધાંય અસ્થિર છે. તો પછી અસ્થિર અને આત્મધર્મનો વિનાશ કરનાર પરભાવમાં મોહ શો કરવો ? તે માટે ચેતના અને વીર્યાદિ આત્મિક ગુણોને પરભાવને ગ્રહણ કરવાની સન્મુખ કોણ પ્રવર્તાવે ? તેથી આત્માને વિષે આત્મગુણોની પ્રવૃત્તિ જ કરવા યોગ્ય છે.

**शुचीन्यप्यशुचीकर्तुं समर्थेऽशुचिसंभवे ।**
**देहे जलादिना शौचभ्रमो मूढस्य दारुणः ॥४॥**

---

૧ રાગ, સ્નેહ અને ભયરૂપ અધ્યવસાય, ૨ શસ્ત્રાદિ નિમિત્ત, ૩ ઘણો આહાર, ૪ વેદના, ૫ પરાઘાત, ૬ સર્પાદિ–ઝેરી પ્રાણીના સ્પર્શ અને ૭ શ્વાસોચ્છ્વાસનો રોધ કરવો–એ સાત પ્રકારે આયુષનો ક્ષય થાય છે.

૧ शुचीनि=પવિત્ર પદાર્થને. अपि=પણ. अशुचीकर्तुं=અપવિત્ર કરવાને. समर्थे=સમર્થ. ( અને ) अशुचिसंभवे=અપવિત્ર પદાર્થથી ઉત્પન્ન થયેલા એવા. देहे=શરીરને વિષે. मूढस्य=મૂઢ પુરુષને. जलादिना=પાણી વગેરેથી. शौचभ्रमः=પવિત્રતાનો ભ્રમ. दारुणः=ભયંકર છે.

કપૂર, કસ્તૂરી પ્રમુખ પવિત્ર વસ્તુને પણ અપવિત્ર કરવાને સમર્થ તથા માતાનું રુધિર અને પિતાના વીર્ય-રૂપ અશુચિ પદાર્થથી ઉત્પન્ન થયેલા શરીરને વિષે જળ-માટી વગેરેથી પવિત્રપણાનો ભ્રમ મોહથી મુંઝાયેલા શ્રોત્રી-યાદિકને ( વેદપાઠી બ્રાહ્મણાદિને ) કદી ન ટળી શકે એવો ભયંકર છે.

યથાર્થ ઉપયોગ રહિત મૂઢ-અજ્ઞાની વેદપાઠી બ્રાહ્મ-ણાદિને ઇન્દ્રિયોના આધારરૂપ દેહને વિષે પાણી-માટી વગેરેના સંયોગથી પવિત્રતાનો ભયંકર ભ્રમ હોય છે. જે સ્વભાવથી જ અપવિત્ર છે તે શું પાણીના પ્રવાહથી પવિત્ર થાય ? આ દેહ કપૂર આદિ પવિત્ર પદાર્થોને પણ અપવિત્ર કરવાને સમર્થ છે. કારણ કે શરીરના સંબન્ધથી ચંદનના વિલેપન વગેરે પણ અપવિત્ર થાય છે. વળી આ દેહ અપ-વિત્ર એવા માતાના રક્ત અને પિતાના વીર્યથી ઉત્પન્ન થયેલો છે. ભવભાવનામાં કહ્યું છે કે—

"सुक्कं पिउणो माऊए सोणियं तदुभयं पि संसट्ठं ।
तप्पढमाए जीवो आहारइ तत्थ उप्पन्नो ॥
काकाइसुणयभक्खे किमिकुलवासे य वाहिखित्ते य ।
देहम्मि मधुविहुरे सुसाणत्थाणे य पडिबंधे" ॥

"પિતાનુ શુક્ર અને માતાનું રુધિર એ બન્નેનો સંસર્ગ થવાથી ત્યાં ઉત્પન્ન થયેલો જીવ પ્રથમ તેનો આહાર કરે છે.

કાગડા અને કૂતરા વગેરેના ભક્ષ્યરૂપ, અનેક કૃમિઓ-ને રહેવાનું સ્થાન, વ્યાધિને ઉપજવાનું ક્ષેત્ર, શોભારહિત

અને સ્મશાન જેનું સ્થાન છે એવા શરીરમાં જીવ પ્રતિબન્ધ-મોહ કરે છે."

તેથી અસ્થિર, અપવિત્ર, ઉપાધિરૂપ, નવીન કર્મબન્ધનું કારણ અને દ્રવ્ય-ભાવ અધિકરણરૂપ શરીરનો સ્નાનાદિથી શો સંસ્કાર કરવો ?

હવે દેહમાં આત્મપણાનો આરોપ કરવો તે બહિરાત્મભાવ અનેક દોષના સમુદાયરૂપ છે. તેથી તેનું નિવારણ કરીને પોતાના સ્વરૂપમાં જ આત્માની પવિત્રતા કરવા યોગ્ય છે, તે સંબન્ધે ઉપદેશ કરે છે-

**[1]યઃ સ્નાત્વા સમતાકુણ્ડે હિત્વા કશ્મલજં મલમ્ ।**
**પુનર્ન યાતિ માલિન્યં સોઽન્તરાત્મા પરઃ શુચિઃ ॥૫॥**

**જે સમતારૂપ કુંડમાં સ્નાન કરીને અને પાપથી ઉત્પન્ન થએલા મેલને છાડીને ફરીથી મલિનપણું પામતો નથી તે અન્તરાત્મા-સમ્યકત્વવાસિત આત્મા અત્યન્ત પવિત્ર છે.**

**"बंधेण न वोलइ कयावि" સમ્યગ્દૃષ્ટિ કદાપિ બન્ધ વડે અન્તઃકોટાકોટી સાગરોપમની સ્થિતિને ઉલ્લંઘતો નથી, એટલે તેથી અધિક સ્થિતિબન્ધ કરતો નથી. એ ન્યાયે સમ્યગ્દૃષ્ટિ થયો એટલે જ અંશે સ્નાતક (કેવલજ્ઞાની) થયો, જેથી ઉત્કૃષ્ટ સ્થિતિબન્ધરૂપ મેલ સમ્યગ્દૃષ્ટિને ન આવે એ જ સહજ પવિત્રપણું જાણવું.**

---

૧ यः=જે. समताकुण्डे=સમતારૂપ કુંડમાં. स्नात्वा=સ્નાન કરીને. कश्मलजं=પાપથી ઉત્પન્ન થયેલા. मलं=મેલને. हित्वा-તજીને. पुनः=ફરીથી. मालिन्यं=મલિનપણાને. न याति=પામતો નથી. सः=તે. अन्तरात्मा=અન્તરાત્મા. परः=અત્યન્ત. शुचिः=પવિત્ર. (છે.)

શરીરથી ભિન્ન આત્માને જાણનાર, સ્વ-પરના વિવેકવાળો અન્તરાત્મા અત્યન્ત પવિત્ર છે. જે રાગદ્વેષરહિત સમભાવરૂપ કુંડમાં સ્નાન કરીને અને પાપથી ઉત્પન્ન થયેલાં મેલને તજીને ફરીથી મલિનતા પામતો નથી તે સમ્યક્ત્વવાસિત આત્મા પરમ પવિત્ર છે. "बंधेण ण बोलइ कया वि" તે કદાપિ બન્ધ વડે અન્તઃકોટાકોટી સાગરોપમની સ્થિતિ કરતાં અધિક બન્ધ કરતો નથી-એ શાસ્ત્રના વચનથી સમ્યગ્દૃષ્ટિ અંશતઃ સ્નાતક થયેલો છે, તેથી તે ઉત્કૃષ્ટસ્થિતિ બાંધતો નથી. એ જ તેનું સહજ પવિત્રપણું છે.

**[1]आत्मबोधो नवः पाशो देहगेहधनादिषु।**
**यः क्षिप्तोऽप्यात्मना तेषु स्वस्य बन्धाय जायते॥**

શરીર, ઘર અને ધન વગેરે પદાર્થમાં આત્મપણાની બુદ્ધિ એટલે 'હું અને મારું' એવો અહંભાવ અને મમત્વભાવનો પરિણામ તે નવીન (લોકોત્તર) પાશ છે. જે પાશ આત્માએ દેહાદિકને વિશે નાંખ્યો છે તો પણ આત્માના (પોતાના જ) બન્ધને માટે થાય છે. બીજો લૌકિક પાશ તો જેના ઉપર નાંખ્યો હોય તેને બાંધે. દેહાદિમાં આત્મબોધરૂપ પાશ તો દેહાદિક ઉપર નાંખ્યો છે,તેતેને બાંધતો નથી, પણ નાંખનારને બાંધે છે એ આશ્ચર્ય છે.

હે ભવ્યો! શરીર, ઘર અને ધનાદિને વિષે (न वः पाशः) તમને આત્મજ્ઞાન એ પાશ-બન્ધનરૂપ થતું નથી. પણ દેહા-

---

૧ देहगेहधनादिषु=શરીર, ઘર અને ધનાદિમાં. आत्मबोधः=આત્મપણાની બુદ્ધિ તે. नवः=નવો, અલૌકિક. पाशः=પાશ છે. तेषु=શરીરાદિમાં. आत्मना=આત્માએ. क्षिप्तः=નાંખેલો. यः=જે પાશ. स्वस्य=પોતાના. बन्धाय=બન્ધને માટે. जायते=થાય છે.

દિમાં આત્માએ (પોતે) રાગના પરિણામરૂપ પાશ નાંખેલો છે તે તેને બાંધતો નથી પણ પોતાના જ બન્ધને માટે થાય છે. આ કથનથી એમ જણાવ્યું કે જે દેહ અને ગૃહાદિમાં રક્ત છે તે સર્વ પ્રકારનાં સંસારનાં બન્ધનોથી પોતાને બાંધે છે. એટલે પોતે જ પોતાના બન્ધનું કારણ થાય છે. તાત્પર્ય એ છે કે રાગાદિ પરભાવો આત્માના બન્ધની વૃદ્ધિનાં કારણો છે.

**[1]मिथोयुक्तपदार्थानामसंक्रमचमत्क्रिया।**
**चिन्मात्रपरिणामेन विदुषैवानुभूयते ॥७॥**

પરસ્પર મળેલા જીવ-પુદ્‌ગલાદિ દ્રવ્ય-પર્યાયરૂપ પદાર્થના લક્ષણ અને સ્વરૂપના અસંકરણ-ભિન્નતાનો ચમત્કાર જ્ઞાનમાત્ર પરિણામ વડે વિદ્વાનથી અનુભવાય છે. જ્ઞાનમાત્ર પરિણામવંત, તે અન્ય વિશેષ પર્યાય છે તેને જ્ઞાનાદિ સ્વલક્ષણ વડે અનુભવે છે. સન્મતિમાં કહ્યું છે કે—

**अन्नोन्नाणुगयाणं इमं तं च त्ति विभयणमसक्कं।**
**जह दुद्धपाणियाणं जावंत विसेसपज्जाया॥**

(कांड १ गा. ४७)

"દૂધ અને પાણીની પેઠે પરસ્પર મળેલા-ઓતપ્રોત થયેલા જીવ અને પુદ્‌ગલ દ્રવ્યોના જેટલા વિશેષ પર્યાયો છે તેમાં 'આ જીવ છે અને આ પુદ્‌ગલ દ્રવ્ય છે' એવો વિભાગ કરવો અશક્ય છે, પરન્તુ તે બન્નેના અવિભક્ત પર્યાયો સમજવા જોઇએ."

---

૧ मिथोयुक्तपदार्थानां=પરસ્પર મળેલા જીવ-પુદ્‌ગલાદિ પદાર્થોનો. असंक्रमचमत्क्रिया=ભિન્નતારૂપ ચમત્કાર. विदुषा=વિદ્વાનથી જ. चिन्मात्रपरिणामेन=જ્ઞાનમાત્ર પરિણામવડે. अनुभूयते=અનુભવાય છે.

પરસ્પર મળેલા–એક ક્ષેત્રરૂપ આશ્રયમાં રહેલા અને પોતાના ક્ષેત્રમાં પરિણામ પામતાં ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો અને પુદ્ગલ દ્રવ્યોના એક બીજાના સ્વરૂપમાં નહિ પ્રવેશ કરવારૂપ ભેદનો ચમત્કાર વિદ્વાન વડે અનુભવાય છે એટલે પંડિતો તેને 'સ્વરૂપથી ભિન્ન છે' એમ જાણે છે. તે બધાં દ્રવ્યો એક ક્ષેત્રમાં રહેલાં હોવા છતાં પરસ્પર એક બીજાની ક્રિયા કરતા નથી, પણ પોતાની જ ક્રિયા કરે છે, તેથી જુદાં જ છે. એ ભેદનો ચમત્કાર જ્ઞાનમાત્ર પરિણામથી એટલે જ્ઞાન માત્રના બળથી વિદ્વાન અનુભવે છે. એક ક્ષેત્રમાં રહેલા પંચાસ્તિકાયો અગુરુલઘુ વગેરે સાધારણ ગુણોથી સમાન હોવા છતાં ગતિ, સ્થિતિ, અવકાશ, ચેતના અને પૂરણ-ગલનાદિ લક્ષણરૂપ અસાધારણ ધર્મો વડે ભિન્ન છે. આત્માની અશુદ્ધ ગ્રાહકતા વડે ગ્રહણ કરેલા પુદ્ગલોમાં પણ આત્માના ગુણનો પ્રવેશ થતો નથી, તેમ આત્મામાં પુદ્ગલના ગુણોનો પ્રવેશ થતો નથી. આ ભેદનો ચમત્કાર ભિન્ન દ્રવ્ય અને સજાતીય દ્રવ્યમાં જાણવો. એક દ્રવ્યને આશ્રયી રહેલા ગુણ–પર્યાયો આધારાધેયભાવરૂપે અભિન્ન હોવા છતાં સ્વસ્વધર્મના પરિણામરૂપે ભિન્ન છે. એમ દ્રવ્યથી દ્રવ્યનો, ગુણથી ગુણનો અને પર્યાયથી પર્યાયનો સ્વભાવભેદરૂપ ચમત્કાર પંડિતો અનુભવે છે દ્રવ્યાનુયોગના જ્ઞાનરહિત બીજો કોઈ અનુભવતો નથી. સન્મતિતર્કમાં કહ્યું છે કે "દૂધ અને પાણીની પેઠે પરસ્પર મળેલા જીવ અને પુદ્ગલ દ્રવ્યમાં 'આ અને તે' એવો વિભાગ કરવો અશક્ય છે. જેટલા વિશેષ પર્યાયો છે તે બન્નેના છે. એટલે પુદ્ગલના પર્યાયો છે તે જીવના છે અને જીવના પર્યાયો છે તે પુદ્ગલના

છે." પૂજ્ય હરિભદ્રસૂરિએ કહ્યું છે કે—

**"जं दव्वखित्तकाले एगयाणं पि भावधम्माणं ।**
**सुअनाणकारणेणं भेए नाणं तु सा विज्जा" ॥**

"દ્રવ્ય, ક્ષેત્ર અને કાળમાં એક સાથે રહેલા ભાવ-ધર્મોનું શ્રુતજ્ઞાનના કારણથી જે ભેદજ્ઞાન થાય તે વિદ્યા કહેવાય છે."

દ્રવ્યાનુયોગનું મહત્ત્વ શાસ્ત્રકારે બતાવેલું છે, કારણ કે દ્રવ્યાનુયોગમાં લીન થયેલાને આધાકર્માદિ દોષોનું મુખ્ય-પણું માન્યું નથી. ભગવતીસૂત્રમાં કહ્યું છે કે—

"समणोवासगस्स णं भंते ! तहारूवं समणं वा माहणं वा अफा-सुएणं अणेसणिज्जेणं असणपाणखाइमसाइमेणं पडिलाभेमाणे किं कज्जइ ? गोयमा ! बहुतरा से निज्जरा किरइ । अप्पतरे से पावे कम्मे कज्जइ" ॥

तद्वृत्तिः—'इह च केचिन्मन्यन्ते—असंस्तरणादिकारणे एवाप्रा-सुकादिदाने बहुतरा निर्जरा भवति नाकारणम् । यत उक्तम्—

**"संथरणम्मि असुद्धं दोण्ह वि गेण्हंतदिंतयाण हियं ।**
**आउरदिट्ठंतेणं तं चेव हियं असंथरणे" ॥**

अन्ये त्वाहुः—कारणेऽपि गुणवत्पात्रायाप्रासुकादिदाने परिणाम-वशाद् बहुतरा निर्जरा भवति, अल्पतरं च पापकर्म, निर्विशेषत्वात् सूत्रस्य परिणामस्य च प्रामाण्यात्' ।

"હે ભગવન્ ! તેવા પ્રકારના શ્રમણ અથવા બ્રાહ્મ-ણને અપ્રાસુક ( અચિત્ત ) અને અનેષણીય ( નહિ ગ્રહણ

કરવા યોગ્ય દોષવાળા ) અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ આહારને આપનાર શ્રમણોપાસકને ( શ્રાવકને ) શો લાભ થાય ? હે ગૌતમ ! તેને ઘણી નિર્જરા થાય અને તે ઘણું થોડું પાપ કર્મ બાંધે.

એ સંબન્ધે ભગવતીસૂત્રની ટીકામાં કહ્યું છે–"અહીં કેટલાએક આચાર્યો માને છે કે નિર્વાહ ન થતો હોય ઇત્યાદિ કારણે અપ્રાસુકાદિ દોષવાળા આહારાદિ દાનમાં આપનારને ઘણી નિર્જરા થાય છે, પણ વિના કારણે આપવામાં આવે તો તેમ થતું નથી. કહ્યું છે કે–"નિર્વાહ થતો હોય ત્યારે અશુદ્ધ આહારાદિ આપનાર અને લેનાર બન્નેને અહિતકારક થાય છે, પણ નિર્વાહ ન થતો હોય ત્યારે રોગીના દૃષ્ટાન્તથી આપનાર અને લેનાર બન્નેના હિત માટે થાય છે."

બીજા આચાર્યો તો આ પ્રમાણે કહે છે–કારણવશે ગુણવાન પાત્રને અપ્રાસુકાદિ આહાર આપવામાં આવે તો પણ પરિણામની વિશુદ્ધિને લીધે ઘણી નિર્જરા થાય છે અને ઘણો થોડો પાપકર્મનો બન્ધ થાય છે. કારણ કે સૂત્રમાં નિર્વિશેષતા હોવાથી અને પરિણામની પ્રધાનતા હોવાથી ઉપરનું કથન છે. કહ્યું છે કે—

**"परमरहस्समिसीणं समत्तगणिपिडगझरियसाराणं।**
**परिणामियं पमाणं निच्छयमवलंबमाणाणं" ॥**

"સમસ્ત દ્વાદશાંગીનો સાર જાણનારા ઋષિઓનું પરમ રહસ્ય છે કે નિશ્ચયનું અવલંબન કરનારને પરિણામ જ પ્રમાણભૂત છે.

"चरणकरणप्पहाणा ससमयपरसमयमुक्तवावारा ।
चरणकरणस्स सारं निच्छयसुद्धं न याणंति" ॥

सन्मति कां. ३ गा० ६७.

"પાંચ મહાવ્રતો અને સમિતિ–ગુપ્તિ વગેરેમાં તત્પર હોવા છતાં પણ જેણે સ્વદર્શન અને પરદર્શનને જાણવાની પ્રવૃત્તિ છોડી દીધી છે એવા પુરુષો નિશ્ચયથી શુદ્ધ ચરણ–કરણરૂપ ચારિત્રનો સાર જાણતા નથી".

સૂત્રકૃતાંગમાં કહ્યું છે કે––

"अहागडाइं भुंजंति अन्नमण्णे सकम्मुणा ।
उवलित्ते वियाणिज्जा अणुवलित्ते त्ति वा पुणो ॥
एतेहिं दोहिं ठाणेहिं ववहारो ण विज्जइ ।
एतेहिं दोहिं ठाणेहिं अणायारं तु जाणए" ॥

आचारश्रुताध्ययन गा० ८–९.

"જે સાધુઓ આધાકર્મિક (પોતાને ઉદ્દેશી તૈયાર કરેલા) આહાર વગેરેનો પરસ્પર ઉપભોગ કરે છે તેઓ પોતાના કર્મથી લેપાય છે એમ ન સમજવું, અથવા લેપાતા નથી એમ પણ ન સમજવું. કારણ કે એ બન્ને પક્ષમાંથી કોઇ પણ એક પક્ષે વ્યવહાર કરવો યોગ્ય નથી. એ બન્ને પક્ષમાંથી કોઈ પણ એક પક્ષે વ્યવહાર કરતાં અનાચાર થાય છે એમ સમજવું."

જે અકલ્પનીય હોય છે તે ગીતાર્થને કલ્પે છે. એ લબ્ધિ તત્ત્વજ્ઞાનીને જ હોય છે.

**अविद्यातिमिरध्वंसे दृशा विद्याञ्जनस्पृशा ।**
**पश्यन्ति परमात्मानमात्मन्येव हि योगिनः ॥८॥**

યોગીઓ મિથ્યાજ્ઞાનરૂપ અન્ધકારનો નાશ થતાં તત્ત્વબુદ્ધિરૂપ અંજનનો સ્પર્શ કરનારી દૃષ્ટિ વડે પોતાના અન્તરાત્માને વિષે જ પરમાત્માને એટલે ઉત્કૃષ્ટ જ્ઞાનવંત કેવળ આત્માને દેખે છે. અહીં યોગીઓ સમાધિદશામાં પ્રવૃત્તચક્ર સદસત્ યોગાયોગી જાણવા.

બાહ્યાત્મા મિથ્યાજ્ઞાની પ્રથમ ગુણસ્થાનકે, અન્તરાત્મા સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનકથી માંડી બારમા ગુણસ્થાનક સુધી અને પરમાત્મા કેવલજ્ઞાની તેરમા અને ચૌદમા ગુણસ્થાનકે હોય છે. વ્યક્તિસ્વરૂપે (પ્રગટભાવે) બાહ્યાત્મા હોય તે શક્તિએ અન્તરાત્મા હોય. વ્યક્તિથી અન્તરાત્મા હોય તે શક્તિથી પરમાત્મા હોય. પરમાત્મા ભૂતપૂર્વ ન્યાયે બાહ્યાત્મા કહેવાય, પણ વ્યક્તિરૂપે પરમાત્મા હોય. જે પરમાત્મા હોય તે બાહ્યાત્મા તથા અન્તરાત્મા ભૂતપૂર્વ ન્યાયે કહેવાય. એ નયવચનિકા જાણવી.

સમાધિદશામાં પ્રવૃત્તચક્ર યોગીઓ અજ્ઞાન અથવા અયથાર્થ ઉપયોગરૂપ અન્ધકારનો નાશ થવાથી તત્ત્વબુદ્ધિરૂપ અંજનનો સ્પર્શ કરનારી દૃષ્ટિ વડે આત્મામાં જ સંપૂર્ણપણે પ્રગટ થયેલ સિદ્ધત્વસ્વરૂપ જેનું છે એવા પરમાત્માને જુએ છે. એટલે આત્મામાં પરમાત્મતત્ત્વનો નિર્ધાર કરે છે, તાત્પર્ય

---

૧ योगिनः=યોગીઓ. अविद्यातिमिरध्वंसे=અજ્ઞાનરૂપ અંધકારનો નાશ થતાં. विद्याञ्जनस्पृशा=તત્ત્વબુદ્ધિરૂપ અંજનનો સ્પર્શ કરનારી. दृशा=દૃષ્ટિ વડે. आत्मनि=આત્માને વિષે. एव=જ. परमात्मानं=પરમાત્માને. पश्यन्ति=જુએ છે.

એ છે કે મિથ્યાજ્ઞાનરૂપ અન્ધકારનો નાશ થતાં સમ્યગ્દૃષ્ટિ આત્માઓ આત્માને વિષે પરમાત્મસ્વરૂપને જુએ છે.' તેથી જ અનેક પ્રકારના ઉપયોગ વડે શાસ્ત્રના અભ્યાસથી તત્ત્વની પરીક્ષા વડે આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવા યોગ્ય છે. યથાર્થ આત્મસ્વરૂપના જ્ઞાનરૂપ વિદ્યા અત્યન્ત ઉપકારક છે એમ જાણવું.

## ૧૫ विवेकाष्टक

**कर्म जीवं च संश्लिष्टं सर्वदा क्षीरनीरवत्।**
**विभिन्नीकुरुते योऽसौ मुनिहंसो विवेकवान् ॥१॥**

**દૂધ અને પાણીની પેઠે જ્ઞાનાવરણાદિ કર્મ અને જીવ સદા એકઠાં મળેલાં છે. તેને જે સાધુરૂપ રાજહંસ લક્ષણ આદિના ભેદથી ભિન્ન કરે તે વિવેકવંત કહેવાય છે. જીવ અને અજીવનું જે ભેદજ્ઞાન તે વિવેક.**

તત્ત્વવિદ્યા સ્વ-પરના ભેદ જ્ઞાનરૂપ વિવેક વડે સ્પષ્ટ થાય છે, તેથી વિવેકનો અભ્યાસ કરવા યોગ્ય છે. વિવેચન કરવું એટલે હેય અને ઉપાદેયની પરીક્ષા કરવી તે વિવેક. તેમાં નામ અને સ્થાપના સુગમ છે. દ્રવ્યવિવેક લૌકિક અને લોકોત્તર એમ બે પ્રકારનો છે. ધન મેળવવામાં, રાજનીતિમાં અને કુળની નીતિમાં કુશળ મનુષ્યને લૌકિક દ્રવ્ય વિવેક હોય છે. લોકોત્તર દ્રવ્યવિવેક ધર્મની નીતિમાં

---

૧ सर्वदा=હમેશાં. क्षीरनीरवत्=દૂધ અને પાણીની પેઠે. संश्लिष्टं=મળેલાં. कर्म जीवं च=કર્મ અને જીવને. यः=જે. मुनिहंसः=મુનિરૂપ રાજહંસ. विभिन्नीकुरुते=ભિન્ન કરે છે. असौ=તે. विवेकवान्=વિવેકવંત છે.

નિપુણ પુરૂષને હોય છે. ભાવથી વિવેક બાહ્ય અને અભ્યન્તર એમ બે પ્રકારનો છે. સ્વજન, ધન અને શરીર ઉપરનો રાગ દૂર કરવો તે ભાવથી બાહ્ય વિવેક છે. જ્ઞાનાવરણાદિ દ્રવ્ય કર્મ અને અશુદ્ધ ચેતનાથી ઉત્પન્ન થયેલ વિભાવાદિ ભાવ કર્મની એકતાને ભિન્ન કરવારૂપ અભ્યન્તર વિવેક છે. આગમમાં તેનું સ્વરૂપ આ પ્રમાણે છે—

**"पुव्विं रागाइया विभावा सव्वओ विभज्जिज्जा ।**
**पच्छा दव्वा कम्मा सव्वविभिन्नो निओ अप्पा" ॥**

"પૂર્વે રાગાદિ વિભાવોથી સર્વથા આત્માને ભિન્ન કરવો, પછીથી દ્રવ્ય કર્મથી સર્વથા આત્મા ભિન્ન થાય છે.

પ્રાભૃતમાં કહ્યું છે કે–જેમ રત્નપરીક્ષક (ઝવેરી) બધા કાચના કકડામાં પડેલા રત્નને ગ્રહણ કરે છે તેમ સમ્યગ્દૃષ્ટિ સર્વ વિભાવરૂપ પરભાવની પરિણતિના મધ્યમાં રહેલા અચલ, અખંડ, અવ્યય અને જ્ઞાનાનન્દમય આત્માને સ્વરૂપે ભિન્ન કરીને ગ્રહણ કરે છે." શ્રીહરિભદ્રસૂરિએ કહ્યું છે કે–"પ્રથમ ક્ષુદ્રત્વાદિ દોષોનો ઉપશમ થવાથી માર્ગાનુસારી ગુણો વડે તત્ત્વજિજ્ઞાસા પ્રગટે છે. પછી તત્ત્વજ્ઞાની ગુરુની સેવાથી અત્યન્ત પ્રીતિ વડે શાસ્ત્રશ્રવણમાં રસિક થઇને યથાર્થ જીવ અને અજીવના વિવેકથી સર્વ પરભાવથી ભિન્ન આત્માને જાણીને ભેદજ્ઞાની થાય છે. અને તે અનુક્રમે આત્માથી ભિન્ન પર વસ્તુને છોડી સર્વ પરભાવોનો ત્યાગી થઈ સિદ્ધ થાય છે.

પ્રથમના ત્રણ નયના મતે લૌકિક અને લોકોત્તર વિવેક જાણવો. ઋજુસૂત્ર નયની અપેક્ષાએ ધર્મસાધનરૂપ

વિવેક સમજવો અને શબ્દાદિ ત્રણ નયના મતે અનુક્રમે વિભાવ પરિણતિને દૂર કરવા રૂપ ક્ષયોપશમ ભાવના સાધન ઉપયોગથી માંડી ક્ષાયિક ભાવની સાધક પરિણતિ સુધી વિવેક જાણવો. તેમાં આત્માની કર્મની સાથે જે એકતા થયેલી છે, તેનો વિવેક બતાવે છે–

જ્ઞાનાવરણાદિ કર્મ અને સચ્ચિદાનન્દરૂપ જીવની દૂધ અને પાણીની પેઠે સદા એકમેકતા થયેલી છે, તેને જે લક્ષણાદિના ભેદથી ભિન્ન કરે છે એટલે જુદા જુદા સ્વરૂપે અનુભવે છે તે મુનિરૂપ હંસ વિવેકવાળા--ભેદજ્ઞાની છે. જીવ નિત્ય છે, પુદ્ગલસંગ અનિત્ય છે, જીવ અમૂર્ત છે, પુદ્ગલો મૂર્ત છે; જીવ અચલ છે, પુદ્ગલો ચલાયમાન છે; જીવ જ્ઞાનાદિ અનન્ત ચૈતન્યલક્ષણવાળો છે, પુદ્ગલો અચેતન છે; જીવ સ્વરૂપનો કર્તા, સ્વરૂપનો ભોક્તા અને સ્વરૂપની રમણતામાં સ્થિર છે. પુદ્ગલો કર્તૃત્વાદિ ભાવરહિત છે–ઇત્યાદિ લક્ષણથી ભેદજ્ઞાન કરીને જે વૈરાગ્યવંત **થયેલ** છે તે મુનિ વિવેકયુક્ત છે એમ જાણવું.

**[1]देहात्माद्यविवेकोऽयं सर्वदा सुलभो भवे।**
**भवकोट्याऽपि तद्भेदविवेकस्त्वतिदुर्लभः ॥२॥**

**સંસારમાં શરીર, આત્મા, આદિ શબ્દથી વચન, ચિત્ત, ચૈતન્યાદિનો અવિવેક–અભેદ એ સદા સુલભ છે. તે**

૧ भवे=સંસારમાં. सर्वदा=હમેશાં. देहात्माद्यविवेकः=શરીર અને આત્મા વગેરેનો અવિવેક. सुलभः=સુખેથી પ્રાપ્ત થઇ શકે એવો છે. (પરન્તુ) भवकोट्या=કોટી જન્મ વડે. अपि=પણ. तद्भेदविवेकः=તેનું ભેદજ્ઞાન. अतिदुर्लभः=અત્યન્ત દુર્લભ છે.

દેહાત્માદિનું ભેદપરિજ્ઞાન-આત્માની એકતાનો નિશ્ચય કોટિ જન્મો વડે પણ અત્યન્ત દુર્લભ છે. સંસારમાં બધા ય ભવસ્થ જીવો શરીર અને આત્માના અભેદની વાસનાથી વાસિત જ છે. ભેદજ્ઞાની કોઇક જ હોય છે. સમયપ્રાભૃતમાં કહ્યું છે કે—

"सुदपरिचिताणुभूता सव्वस्स वि कामभोगबंधकहा।
एगत्तस्सुवलंभो णवरि ण सुलभो विभत्तस्स" ॥

समयसार गा० ४.

"સર્વ જીવોને પણ કામભોગના બન્ધની કથા સાંભળવામાં આવી છે, પરિચયમાં આવી છે અને અનુભવમાં આવેલી છે, તેથી સુલભ છે. પરન્તુ વિભક્ત-શરીરાદિથી ભિન્ન એવા આત્માની એકતા સાંભળવામાં આવી નથી, પરિચયમાં આવી નથી અને અનુભવમાં આવી નથી, તેથી સુલભ નથી"

આત્મા ત્રણ પ્રકારે છે—બાહ્યાત્મા, અન્તરાત્મા અને પરમાત્મા. જેને શરીર, મન અને વચનાદિમાં આત્મપણાની બુદ્ધિ છે, 'શરીર જ આત્મા છે' એમ જેને સર્વ પૌદ્ગલિક પ્રવૃત્તિમાં આત્મપણાની બુદ્ધિ છે તે બહિરાત્મા છે અને તે મિથ્યાદૃષ્ટિ છે. કર્મસહિત અવસ્થામાં પણ જ્ઞાનાદિ ઉપયોગવાળા, શુદ્ધચૈતન્ય લક્ષણયુક્ત, મહાનન્દસ્વરૂપ, નિર્વિકાર, અમૃત, અવ્યાબાધરૂપ અને સમસ્ત પરભાવથી મુક્ત થયેલા આત્મામાં આત્મપણાની બુદ્ધિ તે અન્તરાત્મા. સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકથી ક્ષીણમોહ ગુણસ્થાનક સુધી અન્તરાત્મા કહેવાય છે. જે સર્વ કર્મથી મુક્ત, કેવલજ્ઞાન-દર્શનના ઉપયોગવાળા શુદ્ધ સિદ્ધ સ્વરૂપ છે તે પરમાત્મા.

સયોગી કેવલી, અયોગી કેવલી અને સિદ્ધ એ પરમાત્મા કહેવાય છે. બધે ય પરમાત્મપણાની સત્તા સમાન છે, તેથી ભેદજ્ઞાન વડે સર્વ સાધવા યોગ્ય છે. શરીર, આત્મા અને આદિ શબ્દથી મન, વચન અને કાયાદિમાં 'આ આત્મા છે' એવો અવિવેક સંસારમાં સુલભ છે. પણ શરીર અને આત્માના ભેદજ્ઞાનરૂપ વિવેક અત્યન્ત દુર્લભ છે. અનાદિ કાળથી જેઓએ એક પોતાના સ્વરૂપે પરભાવને ગ્રહણ કરેલા છે તેઓને પોતપોતાના લક્ષણના ભેદ વડે ભેદજ્ઞાન થવું અતિદુર્લભ છે. સમ્યગ્દષ્ટિ જ ભેદજ્ઞાન કરે છે. બીજા આત્માને તેનો નિશ્ચય થવો કઠણ છે. સમયપ્રાભૃતમાં કહ્યું છે કે-"બધા ય જીવોને કામભોગ સંબન્ધી કથા સાંભળવામાં આવેલી, પરિચિત અને અનુભૂત છે, તેથી સુલભ છે. પરન્તુ શરીરાદિથી ભિન્ન આત્માના એકત્વનો અનુભવ થવો અત્યન્ત દુર્લભ છે." આત્મા જ્ઞાનાનન્દમય છે અને રાગાદિ પરભાવો છે, તેને આત્માથી ભિન્ન કરવા વડે આત્મસ્વરૂપમાં રસવૃત્તિનો ઉપયોગ કરવો દુર્લભ છે.

**[1]शुद्धेऽपि व्योम्नि तिमिराद् रेखाभिर्मिश्रता यथा।**
**विकारैर्मिश्रता भाति तथाऽऽत्मन्यविवेकतः ॥२॥**

જેમ શુદ્ધ આકાશમાં પણ તિમિર રોગથી નીલપીતાદિ

---

૧ यथा=જેમ. शुद्धे=સ્વચ્છ એવા. व्योम्नि=આકાશમાં. अपि=પણ. तिमिरात्=તિમિર રોગથી. रेखाभिः=નીલ, પીત વગેરે રેખાઓ વડે. मिश्रता=મિશ્રપણું. भाति=ભાસે છે. तथा=તેમ. आत्मनि=આત્મામાં. अविवेकतः=અવિવેકથી. विकारैः=વિકારો વડે. मिश्रता=મિશ્રપણું (ભાસે છે.)

રેખાઓ વડે મિશ્રતા-ચિત્રવિચિત્રતા ભાસે છે, તેમ શુદ્ધાત્માને વિષે કામક્રોધાદિ વિકારો વડે અવિવેકથી વિકારરૂપ વિચિત્રતા ભાસે છે. પરન્તુ શુદ્ધાત્મા નિર્વિકાર છે.

જેમ શુદ્ધ આકાશમાં દૃષ્ટિને વિષે ભ્રાન્તિ ઉત્પન્ન કરનાર તિમિરરોગ થવાથી લીલી, પીળી વગેરે રેખાઓથી મિશ્રપણું-કાબરચિત્રાપણું દેખાય છે, તેમ આત્મામાં અસદ્ ઉપયોગરૂપ અવિવેકથી રાગાદિ અશુદ્ધ અધ્યવસાયરૂપ વિકારો વડે મિશ્રપણું-એકતા જણાય છે. એટલે આત્મા અનાદિ વિકારોની વિક્રિયાના પરિણામવાળો ભાસે છે. તાત્પર્ય એ છે કે નિશ્ચય નયથી નિર્વિકાર, અખંડ અને ચૈતન્યરૂપ આત્મા છે, તોપણ પરભાવની સાથે તન્મયતા થવાથી વિકારયુક્ત ભાસે છે.

જો આત્મા પરભાવનો કર્તા નથી, તો પર ઉપાધિથી થયેલ વિકાર વડે તે વિકારી કેમ કહેવાય ? એ પ્રશ્નનો ઉત્તર આપે છે-

**[1]यथा योधैः कृतं युद्धं स्वामिन्येवोपचर्यते।**
**शुद्धात्मन्यविवेकेन कर्मस्कन्धोर्जितं तथा ॥४॥**

જેમ સુભટોએ કરેલા યુદ્ધનો સ્વામીને વિષે જ ઉપચાર કરાય છે, સેવકોનો જય અને પરાજય ઉપચારથી સ્વામીનો જય-પરાજય કહેવામાં આવે છે, તેમ અવિવેકે કરેલા કર્મપુદ્ગલોનો પુણ્યાપુણ્ય ફલરૂપ વિલાસ શુદ્ધ

---

૧ यथा=જેમ. योधैः=યોદ્ધાઓએ. कृतं=કરેલું. युद्धं=યુદ્ધ. स्वामिनि=સ્વામી-રાજા વગેરેમાં. एव=જ. उपचर्यते=આરોપાય છે. तथा=તેમ. अविवेकेन=અવિવેક વડે. कर्मस्कन्धोर्जितं=કર્મસ્કન્ધનું પુણ્યપાપરૂપ ફળ. शुद्धात्मनि=શુદ્ધ આત્મામાં ( આરોપાય છે ).

**આત્મામાં આરોપાય છે, તેથી તે ઉપચારથી શુદ્ધ આત્માનો ગણાય છે.**

જેમ યોદ્ધાઓએ કરેલું યુદ્ધ તેના સ્વામી રાજાને વિષે આરોપાય છે. જેમકે રાજાએ યુદ્ધ કરે છે, તેથી યુદ્ધમાં થયેલ જય–પરાજય અને તે નિમિત્તે થતા હર્ષ, ખેદ, કીર્તિ –અપકીર્તિ વગેરે સ્વામીના જ ગણાય છે 'જેમકે આ રાજા જિત્યો, આ પરાજય પામ્યો' એમ લોકમાં કહેવાય છે તે સ્વામિપણાનો અંશ મમત્વને લીધે એકતાની માન્યતાથી છે. તેમ સંગ્રહ નયથી શુદ્ધ આત્મામાં અજ્ઞાન અને અસંયમરૂપ અવિવેકે કરેલ જ્ઞાનાવરણાદિ કર્મના સમૂહના પુણ્યપાપરૂપ વિપાકનું સામ્રાજ્ય પ્રવર્તે છે, તેથી સ્વરૂપનું કર્તાપણું અને ભોક્તાપણાનું પરાવર્તન થતાં ગ્રાહકતાદિ શક્તિનો સ્વીકાર કરવાથી તેના કર્તાપણાનો ઉપચાર કરાય છે. અસત્–ખોટો આરોપ કરવો તે ઉપચાર છે. પરભાવના કર્તાપણાદિ પરિણતિના અભાવમાં ઉપાધિથી થયેલ કર્તાપણાદિનો ઉપચાર વાસ્તવિક નથી.

ફરીથી દષ્ટાન્ત દ્વારા પરભાવના પ્રસંગથી ચૈતન્યની ભ્રાન્તિ દર્શાવે છે––

**[1]इष्टकाद्यपि हि स्वर्णं पीतोन्मत्तो यथेक्षते ।**
**आत्माऽभेदभ्रमस्तद्वद् देहादावविवेकिनः ॥५॥**

---

१ यथा=જેમ. पीतोन्मत्तः=જેણે ધતૂરો પીધો છે એવો. इष्टकादि=ઈંટ વગેરેને. अपि=પણ. स्वर्णं=સુવર્ણ. ईक्षते=જુએ છે. तद्वत्=તેની પેઠે. अविवेकिनः=વિવેકરહિત, જડ બુદ્ધિવાળાને. देहादौ=શરીર વગેરેમાં. आत्माऽभेदभ्रमः=આત્માના અભેદનો ભ્રમ–વિપર્યાસ (જાણવો.)

**જેણે ધતૂરો પીધો છે તે જેમ ઇંટપ્રમુખને પણ ખરેખર સુવર્ણ દેખે છે, તેમ વિવેકરહિત પુરૂષને શરીરાદિને વિષે આત્મા સાથે એકપણાનો વિપર્યાસ જાણવો.**

જેમ [1] કોઇ ધતૂરો પીવાથી ઉન્મત્ત થએલો મનુષ્ય માટીના સ્કન્ધરૂપ ઇંટ વગેરેને ખરેખર સુવર્ણરૂપે દેખે છે. તેની પેઠે તત્ત્વજ્ઞાન રહિત અવિવેકી પુરુષને શરીરાદિને વિષે આત્માની સાથે અભેદ–એકપણાની ભ્રાન્તિ થાય છે. તેને શુદ્ધ આગમનું શ્રવણ નહિ થવાથી તે સ્વ–પરના ભેદને જાણતો નથી, તેથી પર વસ્તુને આત્મસ્વરૂપે જાણતો અને આત્માની દેહાદિ પરવસ્તુની સાથે એકતા માનતો અનન્ત કાળ સુધી ભમે છે. માટે અવિવેક તજવા યોગ્ય છે.

ફરીથી શુદ્ધતાના હેતુનો ઉપદેશ કરે છે—

**[2] इच्छन् न परमान् भावान् विवेकाद्रेः पतत्यधः ।**
**परमं भावमन्विच्छन् नाविवेके निमज्जति ॥६॥**

---

૧ ટીકાકાર જણાવે છે કે 'पीतोन्मत्तः' એ શબ્દનો અર્થ पंक्तिरथ ના ન્યાયને અનુસરીને કરવો. જેમ પંક્તિબદ્ધ રથ પંક્તિરથ કહેવાય છે તેમ અહીં पीतधत्तूरकोन्मत्तः શબ્દમાં धत्तूरक શબ્દનો લોપ કરવાથી 'ધતૂરાના પાન વડે ઉન્મત્ત થયેલો' એવો અર્થ થાય છે. પરન્તુ સ્વોપજ્ઞ ભાષાર્થમાં ઉન્મત્ત શબ્દનો અર્થ ધતૂરો કરેલો છે, તેથી 'જેણે ધતૂરો પીધો છે એવો' અર્થ કરવામાં આવ્યો છે.

૨ परमान् भावान्=પરમ ભાવોને. न इच्छन्=નહિ ઇચ્છતો. विवेकाद्रेः=વિવેકરૂપ પર્વતથી. अधः=નીચે. पतति=પડે છે. (અને) परमं भावं=પરમ ભાવને. अन्विच्छन्=શોધતો. अविवेके=અવિવેકમાં. न निमज्जति=નિમગ્ન થતો નથી.

પરમ ભાવોને નહિ ઇચ્છતો એટલે પરમભાવગ્રાહક નયસંમત શુદ્ધચૈતન્યભાવને ટાળી બીજા સાત્વિક, રાજસ અને તામસ ભાવને ઇચ્છતો વિવેકરૂપ પર્વતના અપ્રમત્ત-ભાવરૂપ શિખર ઉપરથી નીચે પડે છે. સર્વવિશુદ્ધ આત્મભાવનું અન્વેષણ કરતો અવિવેકમાં નિમગ્ન થતો નથી. એથી જ સાધુ અપૂર્વકરણે અનન્ત ઋદ્ધિ પામે, પણ ત્યાં આસક્તિ ધારણ ન કરે.

"सातर्द्धिरसेष्वगुरुः प्राप्यर्द्धिविभूतिमसुलभामन्यैः ।
सक्तः प्रशमरतिसुखे न भजति तस्यां मुनिः संगम् ॥
या सर्वसुरवरर्द्धिर्विस्मयनीया न जात्वनगारर्द्धि(र्द्धेः) ।
नार्घति(अर्घति) सहस्रभागं कोटिशतसहस्रगुणिताऽपि" ॥

"અન્ય પ્રાણીઓને દુર્લભ એવી ઋદ્ધિ-લબ્ધિની વિભૂતિને પામીને સાતાગૌરવ, ઋદ્ધિગૌરવ અને રસગૌરવ રહિત મુનિ પ્રશમરતિના સુખમાં મગ્ન થાય છે, પરન્તુ તે ઋદ્ધિના સુખમાં આસક્તિ રાખતા નથી.

જે વિસ્મય પમાડે તેવી સર્વ દેવોની ઋદ્ધિ છે તેને લાખવાર કોટીગુણી કરીએ તો પણ કદી સાધુની આત્મિક સંપત્તિના હજારમા ભાગે ઘટતી નથી."

પરમભાવગ્રાહક નયને સંમત શુદ્ધ ચૈતન્યને અનુકૂલ સર્વ ધર્મના પરિણામ વડે ઉત્સર્ગથી શુદ્ધ નયે ઉપદેશેલા નિત્ય-અનિત્યાદિ અનન્ત એવા પરમ ભાવોને નહિ ઇચ્છતો તત્ત્વજ્ઞાન અને તત્ત્વમાં રમણતારૂપ ગિરિના શિખરથી નીચે પડે છે એટલે વિવેકભ્રષ્ટ થાય છે. શુદ્ધ તાદાત્મ્ય સ્વરૂપ સર્વવિશુદ્ધ આત્મસ્વભાવને સ્યાદ્વાદના ઉપયોગ વડે ગવેષતો, શુદ્ધ ચૈતન્યને ઉપાદેયરૂપે કરતો આત્મા અજ્ઞાન

કે અસંયમમાં પડતો નથી. અધ્યાત્મસ્વરૂપની એકતાનો અનુભવ કરવામાં પ્રવૃત્ત થએલો પરભાવનું ચૂર્ણ કરવામાં ચક્રવર્તી જ છે. માટે સમસ્ત પરભાવના ઉન્માદને દૂર કરવામાં સમર્થ શુદ્ધ આત્મજ્ઞાનની રમણતાના અનુભવમાં પ્રયત્ન કરવા યોગ્ય છે, પણ વર્તમાન પરભાવની પરિણતિમાં યત્ન કરવા યોગ્ય નથી. એ હેતુથી અપૂર્વકરણમાં પ્રવેશેલા મુનિને અનેક ઋદ્ધિનો લાભ થાય તોપણ તેમાં તેને આસક્તિ થતી નથી. સર્વ નવીન ગુણોની પ્રાપ્તિમાં અપૂર્વકરણ થાય છે. તે નવા ગુણો પ્રાપ્ત કરતાં [1]ગુણશ્રેણિ થાય છે. કહ્યું છે કે—

**सम्मं-दरे-सव्वविरई अणविसंजोय-दंसखवगे य ।**
**मोहसम-संत-खवगे खीण-संजोगी-यर गुणसेढी ॥**

पंचम कर्म. गा. ८२

સમ્યકત્વની પ્રાપ્તિમાં પ્રથમ ગુણશ્રેણી, દેશવિરતિની પ્રાપ્તિ નિમિત્તક બીજી ગુણશ્રેણી, સર્વવિરતિની પ્રાપ્તિ નિમિત્તક ત્રીજી ગુણશ્રેણી, અનન્તાનુબન્ધીની વિસંયોજના કરનારને

---

૧ ઉદયસમયથી આરંભી પ્રતિસમય અસંખ્યગુણા અસંખ્યગુણા કર્મપુદ્ગલોની રચના તે ગુણશ્રેણિ કહેવાય છે. તાત્પર્ય એ છે કે પ્રથમ સમયે ઉપરની સ્થિતિથી કર્મપુદ્ગલો ઉતારીને ઉદયસમયથી માંડી અન્તર્મુહૂર્ત કાલમાં ઉત્તરોત્તર અસંખ્યગુણા અસંખ્યગુણા અધિક કર્મપુદ્ગલો નાંખે છે, તેમજ બીજા સમયે પણ તેના કરતાં પણ અસંખ્યાતગુણા કર્મપુદ્ગલો ઉપરની સ્થિતિમાંથી લઈ અન્તર્મુહૂર્ત કાલમાં પૂર્વના ક્રમથી નાખે છે. એમ ત્રીજા સમયે, ચોથા સમયે, યાવત્ અન્તર્મુહૂર્ત સુધી તેમ કરે છે. એ ગુણશ્રેણિ કહેવાય છે. ઉત્તરોત્તર ગુણશ્રેણિમાં પૂર્વ કરતાં અસંખ્યગુણ અસંખ્યગુણ કર્મની નિર્જરા કરે છે.

ચોથી ગુણશ્રેણી, દર્શનમોહનીયનો ક્ષય કરવામાં પાંચમી ગુણશ્રેણી, મોહનીયનો ઉપશમ કરનાર ઉપશમશ્રેણિમાં અનિવૃત્તિબાદર અને સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકે વર્તતો હોય ત્યારે છઠ્ઠી ગુણશ્રેણિ, ઉપશાન્તમોહ ગુણસ્થાનકે સાતમી ગુણશ્રેણિ, મોહનીયનો ક્ષય કરનાર ક્ષપકશ્રેણિમાં નવમા અને દશમા ગુણસ્થાનકે આઠમી ગુણશ્રેણિ, બારમા ગુણસ્થાનકે ક્ષીણમોહને નવમી ગુણશ્રેણિ, સયોગી કેવલીને દશમી ગુણશ્રેણિ અને અયોગીકેવલી ને અગિયારમી ગુણશ્રેણિ હોય છે.

એમ અગિયાર ગુણશ્રેણિ છે. તેમાં પ્રથમ સમ્યક્ત્વ ગુણશ્રેણિમાં ત્રણ કરણ થાય છે. બાકીની દસ ગુણશ્રેણિમાં અપૂર્વકરણ અને અનિવૃત્તિરૂપ બે કરણ[1] થાય છે. એમ અપૂર્વ એવા અપૂર્વ કરણ ઉપર ચઢવાથી કર્મનો નાશ થાય છે. અને અપૂર્વ પ્રશમ સુખની પ્રાપ્તિ થાય છે.

કહ્યું છે કે-"સાતા, ઋદ્ધિ અને રસના ગૌરવરહિત મુનિ અન્યને દુર્લભ ઋદ્ધિ-લબ્ધિની વિભૂતિને પામીને પ્રશમ

---

૧ અહીં દેવચંદજી મહારાજે જ્ઞાનમંજરીમાં સમ્યક્ત્વપ્રાપ્તિનિમિત્ત ગુણશ્રેણિમાં ત્રણ કરણ અને બાકીની દસ ગુણશ્રેણિમાં અપૂર્વકરણ અને નિવૃત્તિકરણ એ બે કરણ થાય છે' એમ કહ્યું છે તે વાસ્તવિક નથી. પરન્તુ કર્મપ્રકૃતિ વગેરેમાં કહ્યું છે કે પ્રથમ સમ્યક્ત્વપ્રાપ્તિમાં અનન્તાનુબન્ધિની વિસંયોજનામાં દર્શનમોહનીયની ક્ષપણામાં, મોહનીય કર્મના ઉપશમમાં અને ચારિત્રમોહનીયની ક્ષપણામાં ત્રણે કરણ થાય છે દેશવિરતિ અને સર્વવિરતિની પ્રાપ્તિમાં યથાપ્રવૃત્તિ અને અપૂર્વકરણ એ બે કરણ થાય છે. ઉપશાન્તમોહ, ક્ષીણમોહ સયોગી અને અયોગી ગુણશ્રેણિમાં કોઇ પણ કરણ નથી.

રતિના સુખમાં મગ્ન થાય છે અને ઋદ્ધિમાં આસક્તિ ધારણ કરતા નથી. જે વિસ્મય પમાડે તેવી દેવોની ઋદ્ધિને લક્ષ-કોટીથી ગુણાકાર કરતાં તે અનગારના ઋદ્ધિના હજારમા ભાગે પણ ઘટી શકતી નથી".

**आत्मन्येवात्मनः कुर्यात् यः षट्कारकसंगतिम् ।**
**क्वाविवेकज्वरस्यास्य वैषम्यं जडमज्जनात् ॥७॥**

જે આત્માને વિષે જ આત્માના છ કારકના અર્થનો અનુગમ-સંબન્ધ કરે છે તેને જડ-પુદ્ગલના પ્રસંગથી અવિવેકરૂપ જ્વરનું વિષમપણું ક્યાંથી હોય? જલમજ્જ-નથી-જલસ્નાનથી અવિવેકી જ્વરવાળાને વિષમ જ્વર હોય છે તે શ્લેષછાયા છે.

આત્મા સ્વતંત્રપણે જ્ઞપ્તિ (જાણવાની) ક્રિયા કરે છે માટે આત્માનો કર્તા છે. જ્ઞાનસહિત નિર્વર્ત્ય, વિકાર્ય અને પ્રાપ્યરૂપ પરિણામનો આશ્રય કરે છે તેથી કર્મ છે. ઉપયોગ વડે આત્મા જ્ઞપ્તિક્રિયામાં સાધકતમ (અત્યંત ઉપકારક) થાય છે માટે તે કરણ છે. આત્મા પોતે જ શુભ પરિણામનું દાનપાત્ર છે માટે તે સંપ્રદાન છે. પૂર્વ પૂર્વના જ્ઞાન-પર્યાયથી ઉત્તરોત્તર જ્ઞાનપર્યાય શ્રેષ્ઠ છે, માટે વિશ્લેષમાં અવધિ હોવાથી અપાદાન છે. સામાન્ય ધારામાં વિશેષ પરિણમે છે. જેમ સામાન્ય ધારામાં કડા કુંડલાદિ પર્યાય, એ રૂપે આધાર છે. એ અભેદને આશ્રયી ષટ્કારકના સંબન્ધની

---

૧ यः=જે. आत्मनि=આત્મામાં. एव=જ. आत्मनः=આત્માના. षट्कारकसंगतिं=છ કારકનો સંબન્ધ. कुर्यात्=કરે. अस्य=એને. जडमज्जनात्=જડ-પુદ્ગલમાં મગ્ન થવાથી. अविवेकज्वरस्य=અવિવેકરૂપ જ્વરનું. वैषम्यं=વિષમપણું. क्व=ક્યાંથી હોય.

**વ્યાખ્યા કરી. નયમાં નિપુણ પુરૂષે નયાન્તરને પણ આશ્રયી વ્યાખ્યા કરવી.**

જે આત્માના કર્તાપણા વગેરે વ્યાપારનો વિભાગ કરવામાં કુશલ પુરુષ એક પોતાના આત્મદ્રવ્યમાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણરૂપ છ કારકનો અભેદરૂપ સંબન્ધ કરે છે તે પુરુષને જડ પુદ્ગલમાં મગ્ન થવાથી અવિવેક–અજ્ઞાનરૂપ જ્વરની વિષમતા ક્યાંથી હોય? 'जडिमजवात्' એવું પાઠાન્તર છે. જડતા–મૂઢતાના વેગથી અવિવેકરૂપ વિષમજ્વર કેમ હોય? 'जलमज्जनात्' જ્વરવાળાને જળથી સ્નાન કરવાને લીધે અથવા 'जडिमजवात्' જડતા–ઠંડીના વેગથી વિષમ જ્વરની ઉત્પત્તિ થાય છે. એ શ્લેષ છે.

અહીં છ કારકની વ્યાખ્યા વિશેષાવશ્યક ભાષ્યને અનુસરીને કરવામાં આવે છેઃ આત્મા કર્તા છે અને જે આત્મા કર્તા છે તે બીજા કારકના સમુદાય સહિત જ છે. સ્વગુણના પરિણમનરૂપ જ્ઞપ્તિ–જાણવાની ક્રિયાનો કરનાર હોવાથી આત્મા કર્તા છે. જ્ઞાનાદિ અનન્તગુણની પ્રવૃત્તિ કાર્ય (કર્મ) છે, ગુણો કરણરૂપ છે, ઉત્પાદરૂપ ગુણપર્યાયોનું પાત્ર હોવાથી આત્મા સંપ્રદાન છે, નાશ પામેલા પર્યાયોના વિશ્લેષ–વિયોગનું સ્થાન હોવાથી આત્મા અપાદાન છે, તથા અનન્તગુણ પર્યાયોનો આધાર હોવાથી આત્મા અધિકરણ છે. આત્મા, આત્મામાં, આત્મસ્વરૂપને, આત્મા વડે, આત્મા માટે, આત્માથી પરિણમનની વૃત્તિથી કરે છે. પૂજ્ય જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે કહ્યું છે કે—

**"कारणमहवा छद्धा कत्ता सतंतो त्ति कारणं कत्ता।**
**कज्जपसाहगतमं करणंमि उ पिंडदंडाइ" ॥**

વ્યાખ્યા—અથવા કારણ છ પ્રકારે છે. તેમાં સ્વતંત્ર—સ્વાધીનપણે ક્રિયા કરનાર તે કર્તા. જેમ ઘટનો કર્તા કુંભાર છે. આત્મામાં અભેદરૂપે વ્યાપીને રહેલા ગુણોની સ્વસ્વરૂપે પરિણમનરૂપ કાર્યના વ્યાપારરૂપ ક્રિયા કરે છે તેથી આત્મા કર્તા છે. કાર્યને સાધવામાં અત્યન્ત ઉપકારક કારણ તે કરણ. તેના ઉપાદાન અને નિમિત્ત એ બે ભેદ છે. જેમ માટીનો પિંડ ઘટનું ઉપાદાન કારણ છે અને દંડ વગેરે નિમિત્ત કારણ છે; તેમ આત્મા કર્તા અને જ્ઞાનાદિ કાર્ય છે. તેમાં સ્વસત્તાનો પરિણામ તે ઉપાદાન કારણ છે. સ્વરૂપની સિદ્ધિરૂપ શુદ્ધ પારિણામિક કાર્યમાં નિમિત્તનો અભાવ છે. કર્મના ક્ષય કરવાથી શુદ્ધ આત્મસ્વરૂપને પ્રગટ કરવારૂપ કાર્યમાં પણ આત્મા કર્તા છે. તત્ત્વની સિદ્ધિ કાર્ય છે. સ્વધર્મના સાધનનું અવલંબન કરનારા જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યરૂપ ગુણો ઉપાદાન કારણ છે અને નિર્વિકાર વીતરાગના વાકય વગેરે નિમિત્ત કારણ છે.

**"कम्मं किरिया कारणमिह निच्चिट्ठो जओ न साहेइ।**
**अहवा कम्मं कुंभो स कारणं बुद्धिहेउ त्ति ॥**

**भव्वो त्ति व जोग्गो त्ति व सक्को ति व सो सरूवलाभस्स।**
**कारणसंनिज्झंमि वि जं नागासत्थमारंभो ॥**
**वज्झनिमित्तावेक्खं कज्जं वि य कज्जमाणकालंमि।**
**होइ सक्कारणमिहरा निवज्जयाऽभावया होज्जा" ॥**

કર્તા વડે (क्रियते) જે કરાય એ વ્યુત્પત્તિથી તે કર્મ કહેવાય છે. તે ક્રિયા ઘટ પ્રત્યે કર્તાના વ્યાપારરૂપ છે અને તે ઘટ રૂ કાર્યનું કારણ છે એ પ્રસિદ્ધ છે. અહીં કોઇ પ્રશ્ન કરે કે અહીં કુંભાર જ ઘટ કરતો જણાય છે, પણ ઘટ બનાવામાં પ્રવર્તતી કોઇ ક્રિયા તો દેખાતી નથી. તેનો ઉત્તર એ છે કે ચેષ્ટારહિત કુંભાર પણ ઘટ કરી શકતો નથી, તેથી જે કુંભારની ચેષ્ટા છે તે ક્રિયા છે, તો તે ઘટનું કારણ કેમ ન હોય? અથવા કર્તાને ઘટ કરવો ઇષ્ટ હોવાથી ઉત્પન્ન કરાતો ઘટ જ કર્મ છે. જો એમ છે તો તે કાર્ય જ છે અને કાર્ય હોય તે કારણ કેમ હોય? કેમકે અત્યન્ત તીક્ષ્ણ સોયનો અગ્રભાગ પણ પોતાને વિંધી શકતો નથી. તેથી કાર્યરૂપે ઉત્પન્ન થતો ઘટ પોતાનું કારણ થાય તે અયુક્ત છે. એ પ્રશ્નનું સમાધાન એ છે કે ઘટ-બુદ્ધિનું કારણ હોવાથી ઘટ કારણ છે. તાત્પર્ય એ છે કે 'બધા ય મનુષ્યો બુદ્ધિમાં સંકલ્પ કરીને ઘટાદિ કાર્ય કરે છે' એવો વ્યવહાર છે. તેથી બુદ્ધિમાં સંકલ્પ કરેલા ઘટનું કરવાને ઇચ્છેલો માટીનો ઘટ ઘટબુદ્ધિના અવલંબનરૂપે કારણ છે જ. અહીં એ શંકા કરવી યોગ્ય નથી કે ઘટ ઉત્પન્ન થયેલો નહિ હોવાથી અસત્ છે અને અસત્ (અવિદ્યમાન) ઘટ બુદ્ધિના અવલંબનરૂપે કારણ કેમ થાય? તેનો ઉત્તર એ છે કે દ્રવ્યરૂપે ઘટ સદા વિદ્યમાન છે.

પ્ર૦—જે માટીના કાર્યરૂપ ઘટ છે, તેના કારણનો વિચાર અહીં પ્રસ્તુત છે અને બુદ્ધિમાં કલ્પેલો ઘટ તેથી ભિન્ન છે અને તેથી બુદ્ધિમાં વિચારેલા ઘટના કારણનું કથન અપ્રાસંગિક છે.

ઉ૦–તમારી શંકા યોગ્ય છે, પરન્તુ 'भाविनि भूतवदुपचारः' ભાવી પદાર્થમાં ભૂતના જેવો આરોપ થાય છે. એ ન્યાયે બુદ્ધિકલ્પિત અને ઉત્પન્ન થતા ઘટનો અભેદ હોવાથી દોષ નથી. સ્થાસ, કોશ ઇત્યાદિ આકૃતિ કરવાના સમયે 'શું કરે છે' એમ કોઈ કુંભારને પૂછે તો તે 'ઘટ કરૂં છું' એવો ઉત્તર આપે છે. કારણ કે તેણે બુદ્ધિકલ્પિત ઘટની સાથે ઉત્પન્ન થવાના ઘટની એકતાનો નિર્ણય કરેલો છે. અથવા જે સ્વરૂપના લાભને (ઉત્પત્તિને) યોગ્ય છે તેને જ ઉત્પન્ન કરી શકાય છે. તે માટે કરી શકાય તેવું હોવાથી કાર્ય પણ પોતાનું કારણ થાય છે. માટે અવશ્ય કર્મને પણ કારણ માનવું જોઇએ. કારણ કે બધાં કારણો મળવા છતાં પણ કુંભાર આકાશને માટે પ્રયત્ન કરતો નથી, પરન્તુ પ્રસ્તુત ઘટરૂપ કાર્ય માટે તેનો પ્રયત્ન છે. માટે ઘટની સાથે ઘટ કરવાની ક્રિયાનો નિયત સંબન્ધ હોવાથી કાર્ય પણ પોતાનું કારણ છે. એ બાબતનો જ વિચાર કરે છે–કુંભાર, ચાકડો, દોરી વગેરે જે બાહ્ય નિમિત્તો છે તેની અપેક્ષાએ ક્રિયા કરવાને સમયે અંતરંગ બુદ્ધિથી વિચારેલ કાર્ય પોતાનું કારણ થાય છે, અન્યથા જો બુદ્ધિથી પૂર્વે નહિ વિચારેલું કાર્ય કરે તો કાર્ય કરવાના સમયે વિચાર કર્યા સિવાય શૂન્યમનથી આરંભનો વિપર્યાસ થાય એટલે ઘટનાં કારણો મળવા છતાં પણ અન્ય કોઇક શકોરા વગેરે કાર્ય થઇ જાય. અથવા કાર્યનો અભાવ થાય, અર્થાત્ કંઇ પણ કાર્ય ન થાય. તેથી બુદ્ધિમાં કલ્પેલું કાર્ય પોતાનું કારણ થાય છે એમ માનવું જોઇએ. વધારે શું કહેવું? જ્યાં જ્યાં જે જે રીતે યુક્તિથી ઘટે તે તે પ્રકારે બુદ્ધિમાને કર્મને કારણ

માનવું. જો કર્મને કારણ ન માનવામાં આવે તો 'करोतीति कारकम्'-જે કરે તે કારક એવી વ્યુત્પત્તિ થતી હોવાથી છ કારક ઘટી શકે નહિ.

**देओ स जस्स तं संपयाणमिय त पि कारणं तस्स ।**
**होइ तदत्थित्ताओ न कीरए तं विणा जं सो ।**

તે ઘટાદિ નવીન પર્યાય ( કાર્ય ) જેને આપવાનો છે તે તેના પ્રતિ સંપ્રદાન કહેવાય છે. તે સંપ્રદાન પણ કાર્યનું કારણ છે. કારણ કે તેનો કોઇ અર્થી હોવાથી તે નવીન પર્યાયરૂપે થાય છે. જો તેનો કોઇ અર્થી ન હોય તો નવીન પર્યાયરૂપે કાર્યની ઉત્પત્તિ ન થાય. તાત્પર્ય એ છે કે નવીન પર્યાયને કોઈ પણ ગ્રહણ કરનાર હોવાથી જ કાર્યની ઉત્પત્તિ થાય છે.

**भूपिंडावायाओ पिंडो वा सक्करादवायाओ ।**
**चक्कमहावाओ वाऽवादाणं कारणं तं पि ॥**

પૃથ્વીથી પિંડનો અપાય-વિશ્લેષ થતાં સ્થિર હોવાથી પૃથ્વી અપાદાન છે, મૃતપિંડથી શર્કરા-કાંકરા વગેરે જુદા થતાં સ્થિર હોવાથી પિંડ અપાદાન છે. અથવા ઘટનો અપાય-વિયોગ થવાથી ચક્ર-ચાક અથવા ભઠ્ઠી અપાદાન છે. તાત્પર્ય એ છે કે પૃથ્વીથી પિંડ જુદો થતાં પૃથ્વી ધ્રુવ છે માટે પૃથ્વી અપાદાન છે. અથવા વિવક્ષાને લીધે માટીના પિંડથી કાંકરા જુદા થવાથી પિંડ ધ્રુવ છે માટે અપાદાન છે, અથવા ચાક અને ભઠ્ઠીથી ઘટ જુદો થતાં સ્થિર હોવાથી ચાક અને ભઠ્ઠી અપાદાન છે.

**वसुहागासं चक्कं सरूत्रमिच्चाइ संनिहाणं जं ।**
**कुंभस्स तं पि कारणमभावओ तस्स जदसिद्धी ॥**

ઘટનો આધાર ચાક છે, ચાકનો પણ આધાર પૃથ્વી છે, તેનો આધાર આકાશ છે અને તે પોતાના સ્વરૂપમાં રહેલું હોવાથી તેનો આધાર પોતાનું સ્વરૂપ છે ઇત્યાદિ નજીક અને પરંપરાએ ઘટના આધારની વિવક્ષા કરીએ તે બધાં તેનાં કારણ છે. કારણ કે તેના અભાવે ઘટની ઉત્પત્તિ થતી નથી.

એ પ્રમાણે આત્મા સંબન્ધે પણ જાણવું. જેમકે આત્મા પોતાના જ્ઞાન, દર્શન, રમણતા અને અનુભવરૂપ ગુણોનો કર્તા છે. તે ગુણોની પ્રવૃત્તિ તે કાર્ય. સત્તામાં રહેલા આવરણરહિત ગુણો કરણરૂપ છે. તે ગુણોના ઉત્પાદ પર્યાયરૂપ પરિણામના આવિર્ભાવનું દાનપાત્ર થવાથી તે સંપ્રદાન. તે જ જ્ઞાનાદિ પર્યાયોમાં પૂર્વના પર્યાયનો નાશ થવાથી અપાદાન અને સમસ્ત ગુણપર્યાયોના આશ્રયભૂત આત્માના અસંખ્યાતપ્રદેશરૂપ ક્ષેત્ર તે આધાર. એમ સર્વકાર્યની નિષ્પત્તિરૂપે પરિણમેલા છ કારકોનું જ્ઞાન તે સદ્વિવેક. અને સદ્વિવેકવાળાને સર્વ વિષમતાનો અભાવ થાય છે. એ પ્રમાણે શ્લોકનો અર્થ કહ્યો.

હવે પ્રસંગને અનુસરી કહીએ છીએ–આત્મપરિણામની કર્તૃત્વરૂપ આત્મશક્તિનો પરિણામ તે કારકપણું. તે પરિણામ હમેશાં આવરણ રહિત હોવા છતાં બન્ધકાર્યના કર્તાપણે કર્મરૂપ પરિણામનો કર્તા છે. સમ્યગ્જ્ઞાનોપયોગ વડે ગ્રહણ કરેલા સ્વરૂપનો અભિલાષી થઈ પોતાના ગુણોને પ્રગટાવવારૂપ સ્વસાધનના કાર્યનો કર્તા થતાં પૂર્ણાનન્દરૂપ સિદ્ધપ-

ણામાં પૂર્ણતાને પામી સ્વરૂપમાં ગુણના પરિણમનરૂપ જ્ઞાયકતાદિ મૂળસ્વરૂપ કાર્યનો કર્તા થાય છે.

**संयमास्त्रं विवेकेन शाणेनोत्तेजितं मुनेः।**
**धृतिधारोल्बणं कर्मशत्रुच्छेदक्षमं भवेत् ॥८॥**

**વિવેકરૂપ સરાણે કરીને ઉત્કૃષ્ટ તેજ-તીક્ષ્ણ કરેલું, અને ધૃતિ-સંતોષરૂપ ધારવડે ઉત્કટ એવું સંયમાસ્ત્ર મુનિના કર્મરૂપ શત્રુનું છેદન કરવામાં સમર્થ થાય છે.**

સ્વપરના વિવેકરૂપ સરાણવતી અત્યન્ત તેજસ્વી કરેલું અને સંતોષરૂપ ઉગ્ર ધારવાળું પરભાવથી નિવૃત્તિ કરવારૂપ લક્ષણવાળું સંયમરૂપ શસ્ત્ર છે, તે મુનિના જ્ઞાનાવરણાદિ કર્મરૂપ શત્રુનો ઉચ્છેદ કરવામાં સમર્થ થાય છે. અનાદિ મિથ્યાત્વ, અસંયમ અને અજ્ઞાનમાં મગ્ન થયેલો જીવ વિશિષ્ટ અને ઉત્કૃષ્ટરૂપ સ્વધર્મની ભ્રાન્તિવડે પરભાવમાં એકતા થવા વડે ઉત્પન્ન થએલા વિપર્યાસથી કર્તાપણું, ભોક્તાપણું અને ગ્રાહકપણું વગેરે અશુદ્ધ પરિણતિ વડે કર્મરૂપ ઉપાધિને ગ્રહણ કરી તેના વિપાકથી પ્રાપ્ત થએલા શુભાશુભ સંયોગના ભોગવડે રાગદ્વેષની પરિણતિવાળો થઇને સંસારમાં ભમે છે તે જ જીવ ત્રણ લોકના વત્સલ અર્હન્ત પરમાત્માએ કહેલા પરમ આગમના યોગવડે તત્ત્વનું રહસ્ય જાણીને સ્વપરના વિવેકથી પરભાવ અને વિભાવથી નિવૃત્ત થઇને

---

૧ विवेकेन=વિવેકરૂપ. शाणेन=સરાણ વડે. उत्तेजितं=અત્યન્ત તીક્ષ્ણ કરેલું. धृतिधारोल्बणं=સંતોષરૂપ ધારવડે ઉગ્ર. मुनेः=મુનિનું. संयमास्त्रं=સંયમરૂપ શસ્ત્ર. कर्मशत्रुच्छेदनक्षमं=કર્મરૂપ શત્રુનો નાશ કરવામાં સમર્થ. भवेत्=થાય.

શુદ્ધ આત્મસ્વભાવમાં રુચિવાળો થતા સર્વ આસ્રવને રોકી પરમાત્મભાવનો સાધક થાય છે. માટે સ્વ-પરના ભેદજ્ઞાન-રૂપ વિવેક કરવા યોગ્ય છે.

## ૧૬ માધ્યસ્થાષ્ટક

**स्थीयतामनुपालम्भं मध्यस्थेनान्तरात्मना ।**
**कुतर्ककर्करक्षेपैस्त्यज्यतां बालचापलम् ॥१॥**

શુદ્ધ અન્તરંગ પરિણામે રાગ-દ્વેષને બન્ને પડખે રાખી મધ્યસ્થ થઇને ઉપાલંભ (ઠપકો) ન આવે તેવી રીતે રહો. કુતર્ક-કુયુક્તિરૂપ કાંકરા નાંખવાથી બાલ્યાવસ્થાની ચપ-લતાનો ત્યાગ કરો. કુતર્કરૂપ કાંકરા નાંખવાથી ઘણાનો ઠપકો ખાવો પડે છે.

વિવેકી રાગદ્વેષ રહિત હોય છે, અને તેથી શુભાશુભ સંયોગમાં મધ્યસ્થ રહે છે. માટે અહીં મધ્યસ્થપણાનું સ્વરૂપ બતાવે છે—અહીં ધર્મધ્યાનના આલંબનરૂપ ભાવનાના ચાર પ્રકાર છે-૧ મૈત્રી, ૨ પ્રમોદ, ૩ કરુણા અને ૪ માધ્યસ્થ. કહ્યું છે કેઃ—

**"मा कार्षीत् कोऽपि पापानि मा च भूत् कोऽपि दुःखितः।**
**मुच्यतां जगदप्येषा मतिर्मैत्री निगद्यते ॥**
**अपास्ताशेषदोषाणां वस्तुतत्त्वावलोकिनाम् ।**
**गुणेषु पक्षपातो यः स प्रमोदः प्रकीर्तितः ॥**

---

૧ अन्तरात्मना=શુદ્ધ અંતરંગ પરિણામે. मध्यस्थेन=(રાગદ્વેષને બન્ને પડખે રાખી) મધ્યસ્થ થઇને. अनुपालम्भं=ઉપાલંભ (ઠપકો) ન આવે તેવી રીતે. स्थीयतां=રહો. कुतर्ककर्करक्षेपैः=કુતર્ક-કુયુક્તિરૂપ કાંકરા નાંખવાથી. बालचापलम्=બાલ્યાવસ્થાની ચપલતાનો. त्यज्यतां=ત્યાગ કરો.

दीनेष्वार्त्तेषु भीतेषु याचमानेषु जीवितम् ।
प्रतीकारपरा बुद्धिः कारुण्यमभिधीयते ॥
क्रूरकर्मसु निःशङ्कं देवतागुरुनिन्दिषु ।
आत्मशंसिषु योपेक्षा तन्माध्यस्थ्यमुदीरितम्" ॥

योग० प्र० ४ श्लो० ११७–१२१

"કોઈ પણ પાપ ન કરો, કોઈ પણ દુઃખી ન થાઓ અને જગત્ મુક્ત થાઓ, એવી બુદ્ધિ તે મૈત્રીભાવના કહેવાય છે.

બધા દોષોનો ત્યાગ કરનારા અને વસ્તુતત્ત્વનું અવલોકન કરનારા મહાપુરુષોના ગુણોને વિશે પક્ષપાત–આદર તે પ્રમોદભાવના કહેવાય છે.

દીન, દુઃખી, ભયભીત થયેલા અને જીવિતની યાચના કરનારા પ્રાણીઓના દુઃખનો પ્રતીકાર કરવાની બુદ્ધિ તે કરુણાભાવના કહેવાય છે.

નિશંકપણે ક્રૂર કામ કરનારા, દેવ અને ગુરુની નિન્દા કરનારા અને પોતાની પ્રશંસા કરનારાને વિશે ઉપેક્ષા–સમભાવની વૃત્તિ તે માધ્યસ્થભાવના કહેવાય છે."

એમ વ્યવહારનયથી ભાવનાઓનું લક્ષણ યોગશાસ્ત્રમાં કહેલું છે. નિશ્ચયનયથી શુભ અને અશુભરૂપે પરિણમેલા સર્વ જીવ અને પુદ્ગલમાં રાગ–દ્વેષરહિત પરિણતિ તે માધ્યસ્થભાવના. મધ્યસ્થપણું નામાદિના ભેદથી ચાર પ્રકારે છે. તેમાં નામ અને સ્થાપના સુગમ છે. ઉપયોગ રહિત અને સાધ્ય–સાધનના વિચારશૂન્યને દ્રવ્યમાધ્યસ્થ હોય છે.

મુનિની માધ્યસ્થ ભાવની પરિણતિ તે ભાવમાધ્યસ્થ કહેવાય છે. પ્રથમના ચાર નયની અપેક્ષાએ દ્રવ્યમાધ્યસ્થ છે અને છેલ્લા ત્રણ નયની અપેક્ષાએ સાધન કરવાના અવસરે સાધના રૂપ ભાવમાધ્યસ્થ છે. વીતરાગને સર્વ અન્ય જીવો અને પુદ્ગલના સમુદાયમાં રાગ અને દ્વેષના અભાવરૂપ એ સિદ્ધમાધ્યસ્થ ઉત્સર્ગથી એવંભૂતનયની અપેક્ષાએ છે. હવે ભાવમાધ્યસ્થ સંબન્ધે કહે છે—

હે ઉત્તમ પુરુષો, કુયુક્તિરૂપ કાંકરા નાંખવા વડે એકાન્ત અજ્ઞાનથી રંગાયેલા અજ્ઞાનીના વસ્તુસ્વરૂપથી નિરપેક્ષ વચનરૂપ ચપલપણું તજો. ત્યારે શું કરવું? તે બતાવે છે—મધ્યસ્થ—રાગદ્વેષ રહિત સાધક આત્મારૂપે થઈને અન્તરાત્મા વડે સાધક દશામાં દોષ ન લાગે તેવી રીતે રહો. અહીં મધ્યસ્થને સ્વભાવના ત્યાગરૂપ ઉપાલંભ સમજવો.

**मनोवत्सो युक्तिगवीं मध्यस्थस्यानुधावति ।**
**तामाकर्षति पुच्छेन तुच्छाग्रहमनःकपिः ॥२॥**

મધ્યસ્થ પુરૂષનો મનરૂપ વાછડો યુક્તિરૂપ ગાયની પાછળ દોડે છે. તુચ્છ આગ્રહવાળા પુરુષનો મનરૂપ વાંદરો તેને પુંછડા વડે ખેંચે છે. જ્યાં યુક્તિ હોય ત્યાં મધ્યસ્થનું ચિત્ત આવે અને કદાગ્રહીનું ચિત્ત યુક્તિની કદર્થના કરે એ અર્થ છે.

---

૧ मध्यस्थस्य=મધ્યસ્થ પુરુષનો. मनोवत्सः=મનરૂપ વાછડો. युक्तिगवीं=યુક્તિરૂપ ગાયની. अनुधावति=પાછળ દોડે છે. तुच्छाग्रहमनःकपिः=તુચ્છ આગ્રહવાળા પુરુષનો મનરૂપ વાંદરો. तां=યુક્તિરૂપ ગાયને. पुच्छेन=પુંછડા વડે. आकर्षति=ખેંચે છે.

મધ્યસ્થ પુરુષના મનરૂપ વાછડો યથાર્થ વસ્તુસ્વરૂપનું જ્ઞાન કરવા માટે યુક્તિરૂપ ગાયની પાછળ જાય છે. કારણ કે તેને પક્ષપાત નહિ હોવાથી વસ્તુનો યથાર્થ બોધ થાય છે. તે સમ્યગ્જ્ઞાનના કારણભૂત યુક્તિરૂપ ગાયને તુચ્છ—સ્યાદ્‌વાદ, ઉત્સર્ગ અને અપવાદાદિ અનન્ત ઉપયોગશૂન્ય એવા કદાગ્રહવાળા પુરુષનું મનરૂપ માંકડું પુંછડા વડે ખેંચે છે એટલે યુક્તિની ગતિને રોકે છે. કદાગ્રહવાળા પુરુષના મનમાં તેવા પ્રકારની યથાર્થ યુક્તિ પ્રવેશ કરતી નથી. તેનામાં પક્ષની જ દૃષ્ટિ હોય છે, તત્ત્વદૃષ્ટિ હોતી નથી.

**[1]नयेषु स्वार्थसत्येषु मोघेषु परचालने ।**
**समशीलं मनो यस्य स मध्यस्थो महामुनिः ॥३॥**

પોતપોતાના અભિપ્રાયે સાચા અને બીજા નયની યુક્તિથી ચલાવે ત્યારે નિષ્ફળ એવા નયોમાં જેનું મન પક્ષપાત રહિત સમાન સ્વભાવને ધારણ કરે છે તે મહામુનિ મધ્યસ્થ છે. સર્વ નયો સપ્રતિપક્ષ છે. જે એક નયપક્ષપાતી તે અદૃષ્ટસિદ્ધાન્ત (સિદ્ધાન્તનો અજ્ઞાની) કહીએ. કહ્યું છે કે:—

**"नियनियवयणिज्जसच्चा सव्वनया परवियालणे मोहा ।**
**ते पुण ण दिट्ठसमओ विभयइ सच्चे व अलिए वा" ॥**

सन्मति कां० १ गा० २८

---

૧ स्वार्थसत्येषु=પોતપોતાના અભિપ્રાયે સાચા. परचालने=બીજા નયોના વક્તવ્યનું નિરાકરણ કરવામાં. मोघेषु=નિષ્ફળ (એવા). नयेषु=નયોમાં. यस्य=જેનું. मनः=મન. समशीलं=સમસ્વભાવવાળું છે. सः=તે. महामुनिः=મહાન્ મુનિ. मध्यस्थ=મધ્યસ્થ છે.

**સર્વે નયો પોતપોતાના વક્તવ્યમાં સાચા છે. પણ બીજાના વક્તવ્યનું નિરાકરણ કરવામાં ખોટા છે. પરન્તુ અનેકાન્ત સિદ્ધાન્તનો જ્ઞાતા તે નયોનો 'આ સાચા છે અને આ ખોટા છે' એવો વિભાગ કરતો નથી.**

પોતાના વક્તવ્ય અર્થમાં સાચા એટલે પોતાના ઇષ્ટ અર્થનું સ્થાપન કરવામાં કુશલ અને તેથી અન્ય અર્થનું સ્થાપન કરવામાં નિષ્ફળ એવા નયોમાં એટલે બીજા નયો વડે પ્રતિપાદન કરાયેલ વસ્તુધર્મ અને તેની પ્રવૃત્તિમાં જેનું મન સમભાવવાળું છે, પક્ષપાત રહિત છે તે મહામુનિ મધ્યસ્થ છે. નયો પોતાના મતનું સ્થાપન કરવામાં કુશલ અને પર પક્ષનું નિરાકરણ કરવામાં અસત્ય છે. તે નયોમાં રાગ-દ્વેષ રહિત ઉપયોગવાળા અને યથાર્થ ભેદને સમજવાવાળા મુનિ મધ્યસ્થ છે. અહીં નયોનું સ્વરૂપ બતાવીએ છીએ—

અનેક ધર્મના સમૂહયુક્ત વસ્તુનું એક ધર્મ વડે નિશ્ચયાત્મક જ્ઞાન, અર્થાત વસ્તુના એક અંશને દર્શાવનાર જ્ઞાન તે નય કહેવાય છે. નયો પોતપોતાના અર્થને ગ્રહણ કરે છે. 'આ નિત્ય જ છે અથવા અનિત્ય જ છે,' આવા પ્રકારનું એક પક્ષને સ્થાપન કરવારૂપ એકાન્ત (એક ધર્મના નિર્ણય રૂપ) મિથ્યા જ્ઞાન છે. સર્વ નયોનું વક્તવ્ય સ્થાપન કરવામાં તત્પર સર્વ સ્વભાવાત્મક વસ્તુસ્વરૂપની અપેક્ષાવાળું ગૌણ-મુખ્યપણે અમુક ધર્મની વિવક્ષા અને તેથી અન્યધર્મની અવિવક્ષાના ઉપયોગવાળું એક અંશનું જ્ઞાન તે નય. તેથી અન્ય નયના વક્તવ્યનો નિષેધ કરનારું જ્ઞાન તે દુર્નય કહેવાય છે. સાપેક્ષપણે સ્વરૂપવૃત્તિનું જ્ઞાન તે સુનય છે. સન્મતિતર્કમાં કહ્યું છે કે:—

"तम्हा सव्वे वि नया मिच्छादिट्ठी सपक्खपडिबद्धा।
अण्णोण्णनिस्सिया उण हवंति संमत्तसब्भावा" ॥
सन्मति कां. १ गा० २१

"તેથી માત્ર પોતપોતાના પક્ષમાં લાગેલા બધા નયો મિથ્યાદૃષ્ટિ છે, પરન્તુ એ જ બધા નયો પરસ્પર સાપેક્ષ હોય તો સમ્યગ્રૂપ થાય છે."

તે નયો સાત પ્રકારના છે. ૧ નૈગમ, ૨ સંગ્રહ, ૩ વ્યવહાર, ૪ ઋજુસૂત્ર, ૫ શબ્દ, ૬ સમભિરૂઢ અને ૭ એવંભૂત. તેમાં પ્રથમના ચાર નયો દ્રવ્યાર્થિક છે અને છેલ્લા ત્રણ નયો પર્યાયાર્થિક છે, એમ પૂજ્ય જિનભદ્રગણિ ક્ષમાશ્રમણનો અભિપ્રાય છે. સિદ્ધસેન દિવાકર પ્રથમના ત્રણ નયોને દ્રવ્યાર્થિક અને છેલ્લા ચાર નયોને પર્યાયાર્થિક માને છે. તેમાં જે 'निगम्यन्ते' જાણી શકાય તે નિગમો એટલે લૌકિક અર્થો, તેમાં થયેલ જે અધ્યવસાય-જ્ઞાનનો અંશ. એટલે લૌકિક અર્થને ગ્રહણ કરનાર જ્ઞાનાંશ તે નૈગમ. તે સામાન્ય બુદ્ધિનું કારણ અને સામાન્ય વચનનું કારણ સામાન્યથી પણ વ્યવહાર કરે છે, વિશેષરૂપે અત્યન્ત ભિન્ન પદાર્થો હોવા છતાં સત્તામાત્રની અપેક્ષાએ તેમાં સામાન્ય બુદ્ધિરૂપ ચેતના તેઓને એકરૂપે સ્વીકારે છે. જેમકે અશોક વનાદિમાં અનેક જાતિનાં વૃક્ષ હોવા છતાં વનસ્પતિરૂપ સામાન્ય હોવાથી 'આ વન છે' એવો સામાન્યરૂપ બોધ થાય છે. સામાન્ય વચનનું કારણ પણ સામાન્ય છે. જેમકે જીવ અને અજીવના ભેદ રહિત 'દ્રવ્ય' કહેવાય છે. વિશેષ બુદ્ધિ અને વિશેષ વચનના કારણરૂપ ચેતના સામાન્યથી

અત્યંત ભિન્ન વિશેષરૂપે વ્યવહાર કરે છે. જેમકે પરમાણુમાં રહેલા વિશેષો. તથા સર્વ ગોપિંડમાં ગોત્વાદિની અનુવૃત્તિરૂપ અને અશ્વાદિની વ્યાવૃત્તિ સ્વરૂપ સામાન્ય વિશેષરૂપે પણ વ્યવહાર કરે છે. જેમકે સર્વ જાતની ગાયોમાં 'ગોત્વ છે' એવો બોધ થાય છે. લોકો ઉપર કહેલા બધા પ્રકારે વ્યવહાર કરે છે તેમ નૈગમ પણ સામાન્ય, વિશેષ અને સામાન્યવિશેષરૂપે વ્યવહાર કરે છે. આગમમાં વસતિ અને પ્રસ્થકના દૃષ્ટાન્તથી નૈગમ નયનો વિચાર કરેલો છે. તે નય વૈશિષિક દર્શનના સિદ્ધાન્તનું મૂલ કારણ છે.

નૈગમ નય અંશગ્રાહી અને સંકલ્પગ્રાહી એમ બે પ્રકારે છે. અંશગ્રાહી નૈગમ વસતિના દૃષ્ટાન્તથી અને સંકલ્પગ્રાહી પ્રસ્થકના દૃષ્ટાન્તથી જાણવો. પ્રસ્થ (લાકડાનું માપ) બનાવવા માટે લાકડું લેવા જનાર માણસને કોઈ પૂછે કે 'તું ક્યાં જાય છે?' ત્યારે તે પ્રસ્થના સંકલ્પથી જાય છે માટે 'પ્રસ્થ માટે જઉં છું' એમ ઉત્તર આપે છે. તે સત્, અસત, યોગ્યતા, ભૂતપૂર્વના આરોપથી તથા અતીત, અનાગત અને વર્તમાન સંબન્ધી આરોપાદિના ભેદથી અનેક પ્રકારે છે. જેમકે કોઈ રાજા પદભ્રષ્ટ થયો હોય તો પણ ભૂતપૂર્વ નૈગમ નયથી રાજા કહેવાય છે. રાજકુમાર રાજા નહિ હોવા છતાં રાજા થવાની યોગ્યતાવાળો છે માટે તે રાજા કહેવાય છે. તે નૈગમનયની પ્રવૃત્તિ નામ, સ્થાપના અને દ્રવ્ય એ ત્રણ નિક્ષેપને વિષે છે. તે અંશના જ્ઞાનમાં સંપૂર્ણ વસ્તુનો આરોપ કરે છે. બીજા નયોનો નિષેધ ન કરતાં તેની અપેક્ષા રાખે તો તે નૈગમ નય સુનય કહેવાય છે.

વસ્તુગત સામાન્ય વડે અભેદરૂપે સર્વનો સંગ્રહ કરે તે સંગ્રહ નય કહેવાય છે. તે વસ્તુની અંદર રહેલ સત્તારૂપ મહાસામાન્યને ગ્રહણ કરનાર છે. જો ભવનના સંબન્ધથી ભાવના ભાવત્વનો (પદાર્થપણાનો) સ્વીકાર કરીએ તો તે જ તેનું સંપૂર્ણ આત્મસ્વરૂપ હોવાથી ભ્રાન્તિના કારણભૂત ઘટાદિ ભેદોની કલ્પના નિરર્થક થાય. ઘટાદિ ભેદો પણ ભવનની પ્રવૃત્તિને લીધે છે, તો તે તેનાથી ભિન્ન નહિ હોવાના લીધે પોતાના સ્વરૂપની પેઠે ભાવ જ છે એમ માનવું જોઈએ. જો ભવન–સત્તાથી ભિન્ન માનીએ તો તે ઘટાદિ ભેદો આકાશકમલની પેઠે અસત્ ઠરે. અથવા ખરશૃંગાદિનું સત્ત્વ ઠરે. એવી આ દર્શનની માન્યતાથી સર્વનું નિત્યત્વ, એકત્વ અને અકારણપણાના વાદો તથા કાલ, પુરુષ અને સ્વભાવાદિ વાદો ઉપસ્થિત થયા છે. અહીં દ્રવ્યાસ્તિકના ભેદરૂપ સંગ્રહ જીવ, અજીવ, યોગ્યત્વ, સદ્દ્રવ્ય, ઉપચાર દ્રવ્ય, એકત્વ, અભેદરૂપ ગોચર–વિષયના ભેદથી અનેક પ્રકારે છે. અથવા સંગ્રહ નય બે પ્રકારે છે–સત્તારૂપ મહાસામાન્યને ગ્રહણ કરનાર અને દ્રવ્યત્વાદિ અવાન્તર સામાન્યને ગ્રહણ કરનાર.

સત્તારૂપ મહાસામાન્યથી અભિન્નપણે સંગ્રહ કરેલા પદાર્થોનો વિધિપૂર્વક અવસ્થાના ભેદથી વિભાગ કરવો–ભેદ પાડવો, તે પદાર્થના ધર્મની પ્રવૃત્તિથી ભિન્ન જ્ઞાનરૂપ વ્યવહાર નય કહેવાય છે. જો ઘટાદિ પદાર્થોના ભેદ શ્રવણ કરવાથી ઘટત્વાદિ સામાન્ય યુક્ત અને અન્ય સામાન્યના સંબન્ધરહિત પદાર્થનું સાંભળવા પ્રમાણે ગ્રહણ ન થાય, પરન્તુ સર્વ વિશેષ નામોથી વિશેષ વ્યક્તિનો અભાવ જ

માત્ર ભાવરૂપે વ્યક્ત થાય, એટલે સર્વ ઘટપટાદિ વિશેષ વ્યવહારથી પ્રગટ થયેલો ભાવ જ તે તે ઘટપટાદિરૂપે વ્યક્ત થાય તો ઘટાદિ કોઇ પણ વ્યક્તિનું શ્રવણ કરતાં સર્વ પ્રકારના ભેદરૂપ ભાવની પ્રતીતિ થાય અને તેથી ઘટ, પટ અને પાણી વગેરે સર્વ ભાવની પ્રતીતિ થતાં કંઇ પણ નિશ્ચય નહિ થાય. તથા ઉપદેશ, ક્રિયા, ઉપભોગ અને મોક્ષની વ્યવસ્થા વગેરેનો અભાવ સિદ્ધ થવાથી બધા વ્યવહારનો ઉચ્છેદ થાય. વળી સર્વ વિશેષોનો સ્વીકાર ન કરવામાં આવે તો તેના નિમિત્તે ભવનનો (સત્તાનો) અભાવ થવાથી પદાર્થનો પણ અભાવ થાય. વિશેષતાના અભાવથી, અભેદ હોવાથી અને નિરૂપણ ન થઈ શકે તેમ હોવાથી ઇત્યાદિ કારણે ગધેડાના શિંગડાની પેઠે પદાર્થનો જ અભાવ થાય. જ્યારે વ્યવહાર પ્રાપ્ત સામાન્યના આશ્રયભૂત દ્રવ્ય પૃથિવી અને ઘટાદિ રૂપે કહેવાય છે ત્યારે જ ત્રણ લોકમાં અભિન્ન સ્વરૂપવાળું, સતત, અવસ્થિત અને જેણે પોતાના સામાન્યનો ત્યાગ નથી કર્યો એવું દ્રવ્ય મહાસામાન્યનો ત્યાગ કરીને વ્યવહાર માર્ગમાં આવે છે. આવા પ્રકારના વ્યવહારનયનો સ્વીકાર કરવાથી વર્ણાશ્રમ સાથે સંબન્ધ ધરાવતા યમ, નિયમ, ગમ્ય, અગમ્ય અને ભોજનાદિની વ્યવસ્થા ઘટી શકે છે. તથા કુંભાર વગેરેની માટીનું લાવવું, અવમર્દન (પલાળીને ખુંદવું), શિવક (મૃત્પિંડ), સ્થાસક વગેરે કરવાની પ્રવૃત્તિમાં વેતન (મૂલ્ય) આપવાનું સફળપણું છે. વ્યવહારને યોગ્ય નહિ હોવાથી આકાશકમળ વગેરેની પેઠે બાકીની અવસ્તુ છે.

ઋજુ—અતીત અને અનાગત વસ્તુના સ્વીકારરૂપ

વક્રતાનો ત્યાગ કરી સરલ–વર્તમાન વસ્તુનો સ્વીકાર કરનાર, અથવા સુતાર જેમ સીધું સૂતર છાંટે છે તેમ સરલ છે શ્રુત–સિદ્ધાંતમર્યાદા જેની તે ઋજુસૂત્ર નય કહેવાય છે. કારણ કે તે ભૂત અને ભવિષ્ય વસ્તુનો ત્યાગ કરી વર્તમાન કાળની મર્યાદા સહિત હોવાથી પદાર્થની વર્તમાન અવસ્થાને અનુસરે છે. તે ભાવના પ્રકારરૂપ અતીત અને અનાગત વસ્તુના પરિત્યાગના વિષયમાં પ્રવૃત્ત થયેલ છે, તથા સર્વ પ્રકારના ભેદની કલ્પના રહિત અત્યન્ત મૂઢ સંગ્રહના આગ્રહથી મુક્ત ન હોવાને લીધે પગ વિનાના લંગડા માણસને ગરુડના જેવા વેગવાળા કહેવાની પેઠે વ્યવહાર નયનું અયથાર્થપણું માનતો ઋજુસૂત્ર વર્તમાન ક્ષણસ્થાયી પારમાર્થિક વસ્તુનું સ્થાપન કરે છે. તેના મતે ભૂત અને ભવિષ્ય વસ્તુનો સ્વીકાર કરવો તે ગધેડાને શિંગડા માનવા બરાબર છે. બળી ગયેલ, મરી ગયેલ કે નાશ પામેલ પદાર્થ કોઈનો વિશ્વાસપાત્ર નથી. અઘટાદિ લક્ષણવાળી માટી વગેરેથી અભિન્ન હોવાથી ઘટાદિ કરવાના કાળે પણ ઘટાદિ નહિ થાય. એક જ માટીરૂપ દ્રવ્ય અન્ય પ્રકારે વર્તે છે એમ ન કહેવું. ત્યારે શું કહેવું? અન્ય જ દ્રવ્ય કહેવું. કારણ કે તેની ભિન્ન પ્રતીતિ થવાથી અન્ય પ્રકારે ઉત્પન્ન થાય છે. તેથી પિંડાદિની ક્રિયા કરવાના સમયે કુંભાર તરીકે વ્યવહાર થતો નથી. જો અન્ય વસ્તુ કરતો હોય અને અન્યનો કર્તા કહેવાય તો પટાદિ કરવામાં પ્રવૃત્ત થયેલો પટાદિ સિવાય અન્ય કુંભાદિ વિજ્ઞાનની પરિણતિ રહિત કુંભાર કહેવાય અને તેથી બધા લોકવ્યવહારનો ઉચ્છેદ થાય, માટે અતીત અને અનાગત અંશ

રહિત સર્વ વસ્તુમાં રહેલ વર્તમાનકાળ જ સત્ય છે, પણ અતીત અનાગત સત્ય નથી. એ દર્શનમૂલક વર્તમાનવાદી નાસ્તિકાદિની માન્યતા છે કે 'ખાઓ, પીઓ, આનન્દ કરો, જેટલો ઇન્દ્રિયોને ગોચર છે તેટલો જ લોક છે' ઇત્યાદિ. ઋજુસૂત્રના સૂક્ષ્મ એક સમયના વર્તમાન પર્યાયને ગ્રહણ કરનાર સૂક્ષ્મ ઋજુસૂત્ર અને મનુષ્યાદિ સ્થૂલ વર્તમાન પર્યાયગ્રાહી સ્થૂલ ઋજુસૂત્ર કહેવાય છે.

શબ્દનય—સામાન્ય અને વિશેષ પરિણતિરૂપ ક્ષાયોપશમિક અને ઔદયિકાદિ પર્યાયગ્રાહી શબ્દનય છે. આ નય અર્થકૃત વસ્તુની વિશેષતાનો નિષેધ કર્યા સિવાય શબ્દકૃત અર્થની વિશેષતાને માને છે. જો કેવળ અર્થને આધીન વિશેષતા હોય અને શબ્દકૃત વિશેષતા ન હોય તો ઘટના વર્તમાન કાળે કોઇ પણ જાતની વિશેષતા રહિત જ ઘટ હોય અને કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને સ્વામી વગેરેની વિશેષતાને ન પામે, તેથી 'घटं पश्यति' ઘટને દેખે છે, ઇત્યાદિ કારકથી કરાયેલા વ્યવહારનો લોપ થાય. માટે શબ્દનય સમાનલિંગાદિવાળા શબ્દથી પ્રગટ કરાયેલ વસ્તુને જ સ્વીકારે છે, અને બીજા અર્થને સ્વીકારતો [1]નથી. પુરુષ

---

[1] "कालादिभेदेन ध्वनेरर्थभेदं प्रतिपद्यमानः शब्दः" કાળ, કારક, લિંગ, સંખ્યા (વચન), પુરુષ અને ઉપસર્ગના ભેદથી શબ્દના અર્થનો ભેદ માનનાર શબ્દ નય છે. જેમકે સુમેરુ પર્વત હતો, છે અને હશે. અહીં અતીત, વર્તમાન અને ભવિષ્યકાળનો ભેદ હોવાથી શબ્દનય સુમેરુ પર્વતને ભિન્ન ભિન્ન માને છે, પરન્તુ તે દ્રવ્યરૂપે અભિન્ન છે તેની ઉપેક્ષા કરે છે. ઘટ કરે છે, ઘટ કરાય છે. અહીં કર્તા અને કર્મ કારકના ભેદથી ઘટ ભિન્ન છે. કુવો અને કુઇ. અહીં

એ સ્ત્રી નથી, જો તેનો ભેદ સ્વીકારવામાં ન આવે તો વાક્યના અર્થની હાનિ થાય. કારણ કે અર્થની ભિન્નતા જણાવવા માટે વચન બોલવામાં આવે છે. સ્વાતિ, તારા, નક્ષત્ર. એમાં લિંગ—જાતિનો ભેદ હોવાથી તે ભિન્ન છે. લીંબડા, આંબા અને કદંબો વન છે. એમાં વચનનો ભેદ છે. 'તે રાંધે છે, તું રાંધે છે, હું રાંધુ છું, અમે બે રાંધીએ છીએ, અમે રાંધીએ છીએ' એ બધામાં પહેલા પુરૂષ, બીજા પુરૂષ અને ત્રીજા પુરૂષ અને વચનનો ભેદ હોવાથી તેઓનો ભિન્ન ભિન્ન અર્થ છે. ઇત્યાદિ સર્વ વિશેષ વડે પરસ્પર વિરુદ્ધ હોવા છતાં એકરૂપ માનવામાં આવે તો અવસ્તુરૂપ થાય. માટે પરસ્પર વિશેષોથી વિરુદ્ધ હોવાથી એકતા અવસ્તુરૂપે સ્વીકારવી જોઇએ. જેમકે 'અગ્નિ ઠંડો છે, એ પરસ્પર વિરૂદ્ધ હોવાથી અવસ્તુ છે. તેમ तटः, तटी, तटम् એ પણ પરસ્પર વિરૂદ્ધ હોવાથી તેની એકતા અવસ્તુ છે. જેમ રાતું અને કાળું. જે વસ્તુ પરસ્પર અવિરૂદ્ધ વિશેષવાળી છે તેને સત્પુરૂષો સ્વીકારે છે. જેમકે ઘટ, કુંભ અને કુટ વગેરે. જ્યાં અર્થ શબ્દનો વ્યભિચારી થતો નથી તે અભિધાન—શબ્દ છે. એટલે સમાન લિંગ, સંખ્યા અને પુરૂષનો વાચક શબ્દ કહેવાય છે. એ માન્યતાને લીધે કહેવાય છે કે "अर्थप्रवृत्तितत्त्वानां शब्द एव निबन्धनम्" અર્થની પ્રવૃત્તિના

---

પુંલિંગ અને સ્ત્રીલિંગના ભેદથી ભિન્ન અર્થ છે. દારા (બહુવચન) અને કલત્ર. અહીં વચનના ભેદથી બન્નેનો અર્થ પરસ્પર ભિન્ન છે. હું રાંધું છું, તું રાંધે છે. અહીં પુરુષના ભેદથી રાંધવાની ક્રિયા ભિન્ન છે. આહાર, વિહાર, સંહાર. અહીં ઉપસર્ગના ભેદથી ભિન્ન ભિન્ન અર્થ છે.—જુઓ "રત્નાકરાવતારિકા" પરિ૦ ૭ સૂ૦ ૩૨—૩૩.

તત્ત્વનું કારણ શબ્દ જ છે.

તત્ત્વાર્થમાં શબ્દનયના ત્રણ ભેદ છે—સામ્પ્રત, સમભિરૂઢ અને એવંભૂત.

સામ્પ્રત—વર્તમાન ભાવરૂપ વસ્તુને સ્વીકારે છે માટે સામ્પ્રતનય કહેવાય છે. એટલે વર્તમાન ક્ષણમાં રહેલી વસ્તુ સંબન્ધી અધ્યવસાય—નિશ્ચય તે સાંપ્રત અથવા સામ્પ્રતિક કહેવાય છે. અનુયોગદ્વારાદિ સૂત્રોમાં શબ્દનયના જુદા કથન વડે તેની ભિન્ન વ્યાખ્યા કરવામાં આવી છે. અર્થાત્ તેમાં સાત મૂળ નયોનું પ્રતિપાદન કરેલું હોવાથી શબ્દનયની મૂળ નયમાં ગણના કરી છે.

સમભિરૂઢ—જે જે શબ્દ કહેવામાં આવે તેના ભિન્ન ભિન્ન અર્થનો આશ્રય કરે તે સમભિરૂઢ. એટલે શબ્દપર્યાયના ભેદે ભિન્ન અર્થનો સ્વીકાર કરનાર સમભિરૂઢ નય કહેવાય છે. તે નય કહે છે કે લિંગ વગેરેના ભેદથી પરસ્પર વિરુદ્ધ હોવાને લીધે રક્ત અને નીલની પેઠે અર્થનો ભેદ માનવામાં આવે તો શબ્દના ભેદથી અર્થનો ભેદ કેમ ન માનવો? કારણ કે શબ્દ વડે વ્યુત્પત્તિદ્વારા અર્થ કહેવાય છે. આવા પ્રકારની વ્યુત્પત્તિ થાય છે માટે તેનો આ અર્થ છે. જ્યાં વ્યુત્પત્તિનો ભેદ છે ત્યાં અર્થનો ભેદ માનવો જોઈએ, પૂર્વના સામ્પ્રત—શબ્દનયથી તો ઈન્દ્ર, શક્ર વગેરેને એક કરીને કહેવામાં આવે છે, પરન્તુ તે અવાસ્તવિક છે. કારણ કે ઘટ અને અગ્નિની પેઠે તે બન્નેનાં ભિન્ન પ્રવૃત્તિનિમિત્ત છે. તેથી બન્નેની એકતાનો સ્વીકાર કરવો તે અવાસ્તવિક છે. એમ ઘટ અને કુટમાં પણ ચેષ્ટા અને કુટિલતા (વક્રતા)

રૂપ પ્રવૃત્તિનિમિત્તના ભેદથી તે બન્ને જુદા છે. તેમ પ્રકૃતિ (મૂળ શબ્દ) અને પ્રત્યયથી ગ્રહણ કરેલ પ્રવૃત્તિનિમિત્તના ભેદથી શક્ર અને ઇન્દ્ર શબ્દ બન્ને એકાર્થક નથી, કારણ કે બળદ અને ઘોડાની પેઠે બન્નેના શક્તિ અને ઐશ્વર્યરૂપ પ્રવૃત્તિનિમિત્ત ભિન્ન છે. યથાર્થ પ્રતીતિ થવાથી અને લોકમાં રૂઢિ હોવાને લીધે ઇન્દ્ર શબ્દના પુરન્દરાદિ પર્યાયો છે, એ માનવું પણ અયુક્ત છે. કારણ કે જો એમ હોય તો સામાન્ય અને વિશેષવાચી શબ્દો પણ પર્યાય શબ્દો ગણાય. જેમ 'પીપળો' કહેવાથી પ્રથમ વૃક્ષના અસ્તિત્વની પ્રતીતિ થાય છે. અસ્તિત્વની યથાર્થ પ્રતીતિ થતી હોવાથી બીજી સંજ્ઞાની કલ્પના કરવામાં આવે તો અહીં પણ કહેલા અર્થથી નહિ કહેલા અર્થની પ્રતીતિ થતાં તે બન્ને શબ્દો પર્યાયરૂપ થવાનો પ્રસંગ પ્રાપ્ત થશે. જેમકે प्रविश, पिण्डीम्– 'ઘરમાં પ્રવેશ કર અને પિંડ ખા' એવો અધ્યાહારથી નિર્ણય થાય છે. તથા જ્યાં કોઈ પણ ક્રિયાપદનો પ્રયોગ ન કર્યો હોય ત્યાં ત્રીજા પુરુષમાં 'अस्ति' ક્રિયાપદનો અધ્યાહાર થાય છે. તેથી 'પીપળો વૃક્ષ છે' એમ જાણી શકાય છે. માટે 'अस्ति' એ પીપળાનો પર્યાય થશે. માટે પર્યાયશબ્દના અર્થનો ભેદ માનવો યોગ્ય છે. દન્તી અને હસ્તીને એકાર્થક માનીએ તો દન્ત અને હસ્ત–સુંઢને પણ એકાર્થક માનવાનો પ્રસંગ આવશે. એમ અન્યની સંજ્ઞા વડે અન્ય અર્થનું પ્રતિપાદન કરવું અયોગ્ય છે.

એવંભૂત–પ્રવૃત્તિનિમિત્તરૂપ ક્રિયાને લીધે શબ્દની અર્થમાં પ્રવૃત્તિ થાય તે એવંભૂતનય. આ નયના મતે કોઇ

યદૃચ્છા (સ્વેચ્છાપૂર્વક પ્રવર્તતો) શબ્દ નથી, પણ બધા ક્રિયાવાચક શબ્દો છે. તેથી ઘટન–ચેષ્ટા કરતો હોય તે ઘટ, કુટિલતા–વક્રતા યુક્ત હોય તે કુટ, અને દૈત્યના નગરનો નાશ કરવામાં પ્રવૃત્ત થયેલો પુરંદર, તથા દંડના સંબન્ધનો અનુભવ કરતો હોય તે દંડી કહેવાય. જો એમ ન માનીએ તો વ્યવહારનો લોપ થાય. જ્યાં નિમિત્તરૂપ ક્રિયા ન હોય ત્યાં તેનો અર્થ નથી. અર્થાત્ સેવા કરતો હોય ત્યારે સેવક અને રસોઇ કરતો હોય ત્યારે રસોયો કહેવાય. અન્ય ક્રિયા સમયે સેવક અને રસોયો ન કહેવાય.

હવે નયોની તેનાં અવયવોના વિભાગ કરીને વ્યાખ્યા કરવામાં આવે છે.

**નૈગમ**–निगम्यते शब्दा येषु જ્યાં શબ્દો ઉચ્ચારાય તે નિગમ એટલે દેશ કહેવાય. તે દેશમાં ઉચ્ચારેલા ઘટાદિ શબ્દો અને તેઓનો જળને ધારણ વગેરે કરવામાં સમર્થ ઘટાદિરૂપ અર્થ છે. એમ ઘટાદિ શબ્દના વાચ્ય ઘટાદિરૂપ અર્થનો અવબોધ થાય તે નૈગમ નય. અર્થાત્ ઘટ શબ્દથી આ ઘટરૂપ અર્થ કહેવાય છે, આ ઘટરૂપ અર્થનો આ ઘટ શબ્દ વાચક છે એવા પ્રકારનો અધ્યવસાય તે નૈગમ નય. તે નય સામાન્ય અને વિશેષનું ગ્રહણ કરતો હોવાથી તેના દેશગ્રાહી–વિશેષગ્રાહી અને સમગ્રગાહી–સામાન્યગ્રાહી એ બે ભેદ છે. જ્યારે આ નય સ્વરૂપથી ઘટનું નિરૂપણ કરે છે ત્યારે સર્વ સમાન વ્યક્તિમાં રહેલા 'ઘટ' એવા નામ અને ઘટાકાર પ્રતીતિનું કારણ સામાન્ય ઘટનો આશ્રય કરે છે તેથી તે સમગ્રગાહી નૈગમ નય છે. તથા

વિશેષરૂપે સોનાનો, માટીનો કે રૂપાનો શ્વેત વર્ણનો ઘટ છે–ઇત્યાદિ વિશેષ ઘટનું નિરૂપણ કરે છે ત્યારે તે દેશગ્રાહી નૈગમ કહેવાય છે.

**સંગ્રહ**–હવે સંગ્રહનયના અવયવનો અર્થ કહે છે. સામાન્ય અને વિશેષરૂપ અર્થનો અભેદરૂપે ગ્રહણ કરવારૂપ અધ્યવસાય સંગ્રહ નય કહેવાય છે. અભેદરૂપે ગ્રહણ કરવાનું આ રીતે જાણવું. નૈગમ નયે *માનેલા સામાન્ય–વિશેષને એક કરીને સંગ્રહ નય સત્તાસ્વરૂપ કેવળ સામાન્યને જ સ્વીકારે છે. કારણ કે સત્તાથી વિશેષો ભિન્ન નથી.

**વ્યવહાર**–હવે વ્યવહારનયનું લક્ષણ કહે છે–લૌકિકસમ, બહુ પ્રકારના ઉપચારવાળો અને વિસ્તૃત વિષયવાળો વ્યવહાર નય કહેવાય છે. લૌકિક પુરુષોના જેવો વ્યવહાર નય છે. જેમ લોકો વિશેષરૂપ ઘટાદિ વડે વ્યવહાર કરે છે, તેમ વ્યવહારનય પણ વિશેષ વડે વ્યવહાર કરે છે માટે લૌકિક જેવો કહેવાય છે. અન્ય સ્થળે સિદ્ધ વસ્તુનો અન્ય સ્થળે આરોપ કરવો તે ઉપચાર. જેમકે કુંડી ઝરે છે, રસ્તો જાય છે. કુંડીમાંનું પાણી ઝરે છે તો પણ 'કુંડી ઝરે છે' એમ કહેવાય છે. રસ્તામાં પુરૂષ જાય છે છતાં 'રસ્તો જાય છે' એમ કહેવાય છે. માટે બહુ ઉપચારવાળો વ્યવહારનય છે. તથા સંકલ્પાદિ અનેક અર્થવાળો હોવાથી વિસ્તૃત વિષયવાળો વ્યવહારનય છે.

**ઋજુસૂત્ર**–ઋજુસૂત્રનયની વ્યાખ્યા કરે છે. વિદ્યમાન વર્તમાન અર્થોને ગ્રહણ કરનાર શબ્દ અને અવબોધરૂપ ઋજુસૂત્રનય છે. આ નય વિદ્યમાન અર્થને ગ્રહણ કરે છે

પણ આકાશપુષ્પના જેવા અવિદ્યમાન અર્થને ગ્રહણ કરતો નથી. વિદ્યમાન છતાં પણ વર્તમાન અર્થને ગ્રહણ કરનાર શબ્દ અને તેનું જ્ઞાન તે ઋજુસૂત્ર નય છે. તાત્પર્ય એ છે કે વ્યવહારનયે માન્ય કરેલા વિશેષોનો આશ્રય કરતો વિદ્યમાન-વર્તમાનક્ષણવર્તી પદાર્થનો સ્વીકાર કરે છે, અને વર્તમાન શબ્દનો સ્વીકાર કરે છે, ભૂત અને ભવિષ્યને સ્વીકારતો નથી. કારણ કે વર્તમાન શબ્દ વડે ભૂત અને ભવિષ્યનો કોઇ પણ પદાર્થ કહી શકાતો નથી. તથા વર્તમાન જ્ઞાનનો સ્વીકાર કરે છે, ભૂત અને ભવિષ્ય જ્ઞાનનો સ્વીકાર કરતો નથી. કારણ કે અતીત અનાગત જ્ઞાન વડે પદાર્થના સ્વભાવનો નિશ્ચય થઇ શકતો નથી. તેથી વસ્તુનું નામ અને જ્ઞાન વર્તમાનરૂપે સ્વીકારનાર અધ્યવસાય તે ઋજુસૂત્ર.

શબ્દ-યથાર્થરૂપ અર્થને કહેનાર શબ્દનય છે. કારણ કે નામ, સ્થાપના અને દ્રવ્ય રહિત ભાવરૂપ ઘટાદિ પદાર્થ યથાર્થ કહેવાય છે. તેને કથન કરવારૂપ શબ્દને આશ્રયી જે અધ્યવસાય તે શબ્દ નય. તે વર્તમાન, પોતાના સ્વરૂપભૂત ભાવ ઘટનો જ આશ્રય કરે છે, બીજાનો આશ્રય કરતો નથી. શબ્દનયના ત્રણ પ્રકાર છેઃ ૧ સામ્પ્રત, ૨ સમભિરૂઢ અને ૩ એવંભૂત.

સામ્પ્રત-નામાદિને વિષે પૂર્વે પ્રસિદ્ધ એવા શબ્દથી અર્થને વિષે બોધ થવો તે સામ્પ્રત નય કહેવાય છે. ભાવાર્થ એ છે કે વિશિષ્ટ વર્તમાન પર્યાયને પ્રાપ્ત થયેલા નામાદિને વિષે જે શબ્દ વાચકરૂપે પ્રસિદ્ધ છે એવા ભાવરૂપ અર્થને

કહેનારા તે શબ્દથી ભાવરૂપ વાચ્ય અર્થને વિષે પ્રવૃત્ત થયેલ અધ્યવસાય તે સામ્પ્રત નય કહેવાય છે. કારણ કે શબ્દનો વાચ્ય અર્થ ભાવ જ છે અને તેનાથી જ ઇષ્ટ કાર્યની સિદ્ધિ થાય છે.

**સમભિરૂઢ**—હવે સમભિરૂઢનયનું લક્ષણ દર્શાવે છે. વિદ્યમાન—વર્તમાન પર્યાયને પ્રાપ્ત થયેલા ઘટાદિ અર્થમાં અસંક્રમ એટલે તેને છોડીને બીજા પર્યાય શબ્દના અર્થમાં શબ્દની પ્રવૃત્તિ ન કરે તે સમભિરૂઢ નય. જેમકે વિદ્યમાન ચેષ્ટારૂપ ઘટને છોડીને બીજા કુટાદિ પદાર્થને કહેવાનું ઘટ-શબ્દનું સામર્થ્ય નથી. કારણ કે ઘટશબ્દનું અભિધેય ચેષ્ટારૂપ ઘટ જ છે. જો ઘટશબ્દનો અભિધેય—વાચ્ય કુટાદિરૂપ અર્થ હોય તો પૂર્વે કહેલા સંકરત્વાદિ દોષો ઉપજે. અન્ય શબ્દનો અર્થ અન્ય શબ્દથી કહી શકાય નહિ. એમ અસં-ક્રમ--અન્ય શબ્દની અન્ય અર્થમાં સંક્રમ—પ્રવૃત્તિ ન થવા-રૂપ અર્થની ગવેષણા કરવામાં તત્પર સમભિરૂઢ નય કહેવાય છે.

**એવંભૂત**—એવંભૂત નયનું સ્વરૂપ કહે છે. વ્યંજન—શબ્દ અને તેના અર્થનું સંઘટન કરનાર એવંભૂતનય છે, એટલે વ્યુત્પત્તિના અર્થના સંબન્ધથી નિયત થયેલા અર્થનો બોધ કરનાર એવંભૂતનય કહેવાય છે. ઘટ એ શબ્દ તે ચેષ્ટામાં પ્રવૃત્ત થયેલા, જલ લાવવા અને ધારણ કરવામાં સમર્થ અર્થનો વાચક છે અને જલાદિને લાવવાની ચેષ્ટા કરતો હોય ત્યારે જ ઘટ કહેવાય છે. પણ ચેષ્ટાથી નિવૃત્ત થયેલો ઘટ કહેવાતો નથી. એ પ્રમાણે શબ્દનું યથાર્થપણું સ્વીકારનાર અધ્યવસાય એવંભૂતનય કહેવાય છે.

નય એ શો પદાર્થ છે? नीयन्ते–प्रदर्श्यन्ते इति नयाः જે ભિન્ન ભિન્ન અભિપ્રાયરૂપે દેખાડાય તે નયો. એટલે જે જીવાદિ પદાર્થને સામાન્યાદિરૂપે અંશતઃ પ્રકાશિત કરે તે નય. પોતાને ઇષ્ટ યુક્તિઓ વડે આત્મામાં તે તે અર્થને પ્રાપ્ત કરાવે છે, માટે નયો પ્રાપક કહેવાય છે. આત્માને તે તે પ્રકારનું જ્ઞાન ઉત્પન્ન કરે છે માટે કારક કહેવાય છે. અપૂર્વ અર્થને સાધે છે એટલે પરસ્પર ભેદરૂપ જ્ઞાન ઉત્પન્ન કરે માટે નયો સાધક છે. નિશ્ચિત એવા પોતાના અભિપ્રાયથી ઉત્પન્ન થયેલા અધ્યવસાય નિવૃત્ત થતા નથી માટે નિર્વર્તક કહેવાય છે. વસ્તુના અંશને જણાવનાર હોવાથી નિર્ભાસક કહેવાય છે. વિશિષ્ટ ક્ષયોપશમની અપેક્ષાએ અત્યન્ત સૂક્ષ્મ એવા તે તે પદાર્થોને જણાવે છે માટે નયો ઉપલંભક કહેવાય છે. પોતાના અભિપ્રાયથી વસ્તુને સ્પષ્ટ કરે છે માટે વ્યંજક કહેવાય છે. અહીં કર્તા અને ક્રિયાનો અત્યન્ત ભેદ નથી, કારણ કે સ્વતંત્ર હોવાથી તે જ પદાર્થ કર્તા છે એમ કહેવાય છે અને તે જ પદાર્થ સાધ્યરૂપે વર્તતો હોય ત્યારે ક્રિયા કહેવાય છે, માટે કર્તા અને ક્રિયાનો અત્યન્ત ભેદ નથી.

આ વસ્તુના આંશિક જ્ઞાનમાં પ્રવૃત્ત થયેલા નૈગમાદિ નયો ભિન્ન ભિન્ન દર્શનો છે, કે જિનવચનનો વિભાગ કરનારા પોતાની બુદ્ધિના ભેદ વડે પ્રવૃત્ત થયેલા સ્વતન્ત્ર ગ્રાત પક્ષો છે? આચાર્ય ઉત્તર આપે છે કે–એ ભિન્ન ભિન્ન દર્શનો નથી, તેમ બુદ્ધિભેદથી પ્રવર્તેલા પક્ષો પણ નથી, પણ જીવાદિ જ્ઞેય પદાર્થના કે વાચ્ય ઘટપટાદિ પદાર્થના વિજ્ઞાનના પ્રકારો છે. તાત્પર્ય એ છે કે અનેક ધર્માત્મક વસ્તુનું અનેક પ્રકારના જ્ઞાન વડે નિરૂપણ કરવામાં આવે છે, માટે

વસ્તુ સંબન્ધી જ્ઞાનના વિશેષો(ભેદો) છે. તેને ઉદાહરણ દ્વારા સમજાવે છે—'ઘટ' એમ કહેવાથી લોકપ્રસિદ્ધ કુંભારની ચેષ્ટાથી બનેલો, વિશાલ, તળ અને પેટ વગેરે આકારવાળો, પાણી, ઘી, દૂધ વગેરેને લાવવા અને લઈ જવામાં સમર્થ, ભઠ્ઠીમાં પકાવવા વગેરે ક્રિયાથી ઉત્પન્ન થયેલો દ્રવ્યવિશેષ ઘટ છે. તે સામાન્ય ઘટને અને સુવર્ણ, માટી અને રૂપા વગેરેના વિશેષ ઘટને અભેદપણે ગ્રહણ કરનાર નૈગમનય છે. તે સંકલ્પ, યોગ્યતા અને વસતિ વગેરેને ગ્રહણ કરનાર જ્ઞાનવિશેષ વડે ઘટને જાણે છે, તેમ લોકપ્રસિદ્ધ ચેતના અને યોગના વ્યાપારરૂપ ચેષ્ટાવાળો, શરીરાકારે રહેલા અસંખ્યાતા પ્રદેશ વાળો, અનેક સંસ્થાનરૂપ, આહાર–વિહારાદિ ક્રિયા કરવામાં સમર્થ, મનુષ્ય, તિર્યંચ, દેવ અને નારકરૂપ, જ્ઞશરીરાદિ તથા અપર્યાપ્તાદિ સમગ્ર પર્યાયાદિ વિશિષ્ટ દ્રવ્યવિશેષ જીવ છે એમ જાણે છે. એક ઘટમાં અથવા નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવરૂપ તથા અતીત, અનાગત અને વર્તમાન પર્યાયરૂપ ઘટમાં સામાન્યરૂપે ઘટનું જ્ઞાન થવું તથા એક જીવમાં કે અનેક જીવોમાં અને તેના ત્રિકાલવર્તી પર્યાયોમાં, સૂક્ષ્મ નિગોદથી આરંભી સિદ્ધ પર્યન્ત બધા જીવોમાં, તેના જ્ઞશરીર અને ભવ્યશરીરોમાં સમાનપણે જીવની સત્તા ગ્રહણ કરનાર જ્ઞાનવિશેષ તે સંગ્રહનયનો અધ્યવસાય–નિશ્ચય છે. અધિકપણે નિશ્ચય થાય જે વડે તે અધ્યવસાય કહેવાય છે. વ્યવહારનય જળ લાવવા લઇ જવાના વ્યવહારને યોગ્ય ઘટને ઘટરૂપે માને છે, તેમ સુખદુઃખાદિને જાણવા આદિ વ્યવહારમાં તત્પર જીવને જીવરૂપે માને છે. ઋજુસૂત્રનય વર્તમાન નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવઘટની ચેષ્ટાદિ

પર્યાયનો વાચક ઘટ શબ્દ છે એમ માને છે. એમ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવસ્વરૂપ દ્રવ્ય અને ભાવ પ્રાણને ધારણ કરવારૂપ જીવત્વરૂપે વસ્તુતાએ વર્તતો જીવ છે એમ ઋજુસૂત્રનય માને છે.

શબ્દનય ઘટ શબ્દના વર્તમાન સર્વ પર્યાયને ગ્રહણ કરે છે, પણ જીવના દેશ પ્રદેશને જીવરૂપ માનતો નથી. ઘટમાં ઘટના પર્યાય કલશાદિ શબ્દોના અસંક્રમ–અપ્રવૃત્તિરૂપ સમભિરૂઢનય છે. જીવના અન્ય પર્યાયમાં અસંક્રમ (અપ્રવૃત્તિરૂપ) સ્વપર્યાયનો વાચક જીવ શબ્દ છે એમ સમભિરૂઢનય માને છે. એવંભૂતનય 'જ્ઞાન–દર્શનના સંપૂર્ણ પર્યાયની પ્રવૃત્તિમાં વર્તતો જીવ છે' એમ કહે છે.

તત્ત્વાર્થની ટીકામાં કહ્યું છે કે–'અંશગ્રાહી નૈગમનય વડે, સામાન્યગ્રાહી સંગ્રહનય વડે, વિશેષગ્રાહી વ્યવહારનય વડે, વર્તમાન વસ્તુગ્રાહી ઋજુસૂત્રનય વડે, વર્તમાન ભાવરૂપ વસ્તુ ગ્રહણ કરનાર શબ્દનય વડે, દરેક શબ્દના ભિન્ન અર્થને ગ્રહણ કરનાર સમભિરૂઢનય વડે અને પોતપોતાના ક્રિયાવિશિષ્ટ પર્યાયને ગ્રહણ કરનારા એવંભૂતનય વડે અનેક જીવાજીવાદિ તત્ત્વને વિષે વિચાર થાય છે તે તત્ત્વાર્થની ટીકાથી જાણવો.

જ્ઞાન સંબન્ધે નયનો વિચાર કરવામાં આવે છે–નૈગમ નય વડે એકેન્દ્રિયની અવસ્થામાં અક્ષરના અનન્ત ભાગરૂપ ચેતનાનો અંશ છે તે જ્ઞાન કહેવાય છે. સંગ્રહનયથી સામાન્ય સત્તામાં રહેલ જ્ઞાનનો પરિણામ જ્ઞાન કહેવાય છે. વ્યવહારનયથી પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન મળી આઠ પ્રકારના

જ્ઞાન વસ્તુને જાણવામાં સમર્થ હોવાથી જ્ઞાન કહેવાય છે. ઋજુસૂત્રનય વડે જિનોક્ત તત્ત્વની શ્રદ્ધા કરનાર સમ્યગ્દૃષ્ટિના ઇન્દ્રિય કે અનિન્દ્રિયથી (મનથી) થએલા સર્વ પ્રકારના જ્ઞાનને જ્ઞાન કહેવાય છે. મિથ્યાદૃષ્ટિના બધા જ્ઞાનને મિથ્યારૂપ માનવામાં આવે છે. શબ્દનય શ્રુતજ્ઞાન અને કેવલજ્ઞાનને જ્ઞાનરૂપે માને છે. તેમાં સામ્પ્રતનય શ્રુતાદિ ચાર જ્ઞાનને જ્ઞાનરૂપે માને છે, સમભિરૂઢ શ્રુતજ્ઞાન અને કેવલજ્ઞાનને જ્ઞાનરૂપે માને છે અને એવંભૂતનય કેવલજ્ઞાનને જ જ્ઞાન તરીકે માને છે. એમ પોતાના પક્ષનું સ્થાપન કરવામાં તત્પર અને પોતાના મતને પ્રગટ કરનારા નયો વડે અનેક વક્તાઓ વિવાદ કરે છે. તે નયોમાં જેઓનું મન સમભાવવાળું છે તે મુનિઓ મધ્યસ્થ કહેવાય છે. માટે મધ્યસ્થપણાનો આશ્રય કરવો યોગ્ય છે.

**[1]स्वस्वकर्मकृतावेशाः स्वस्वकर्मभुजो नराः ।**
**न रागं नापि च द्वेषं मध्यस्थस्तेषु गच्छति ॥४॥**

પોતપોતાના કર્મમાં જેણે આગ્રહ કર્યો છે એટલે પોતાના કર્મને પરવશ થયેલા અને પોતપોતાના કર્મના ફળના ભોક્તા મનુષ્યો છે, તે મનુષ્યોમાં મધ્યસ્થ પુરુષ રાગ-દ્વેષને પ્રાપ્ત થતો નથી.

કર્મના ઉદયમાં સમચિત્તવાળા મધ્યસ્થ પુરુષ રાગ-

---

૧ स्वस्वकर्मकृतावेशाः=પોતપોતાના કર્મમાં જેણે આગ્રહ કર્યો છે એવા. स्वस्वकर्मभुजः=પોતપોતાના કર્મને ભોગવનારા. नराः=મનુષ્યો છે. तेषु=તેમાં. मध्यस्थः=મધ્યસ્થ પુરૂષ. रागं=રાગને. अपि च=અને. द्वेषं=દ્વેષને. न गच्छति=પ્રાપ્ત થતો નથી.

દ્વેષ કરતા નથી; કારણ કે મનુષ્યો પોતપોતાના કર્મમાં આગ્રહ કરનારા છે એટલે પોતાના કર્મને પરાધીન છે, અને બધા પોતાના કર્મના ભોક્તા છે, તેથી પોતે કરેલા કર્મના શુભ અથવા અશુભ કર્મવિપાકોદયને વિષે સમભાવવાળા મહાપુરુષો, તેમના ચરણકમળને ઇન્દ્રો વંદન કરે, કે શીકારી અને મચ્છીમાર જેવા ક્ષુદ્ર મનુષ્યો વિડંબના કરે તોપણ તેને વિષે રાગ-દ્વેષ કરતા નથી, તેથી તે મધ્યસ્થ-સમચિત્તવૃત્તિવાળા મુનિ છે. આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કેઃ—

**"वंदिज्जमाणा न समुक्कसंति, हेलिज्जमाणा न समुज्जलंति।**
**दंतेण चित्तेण चरंति धीरा, मुणी समुग्घाइयरागदोसा"॥**

"કોઈ વંદન કરે તો તે પોતાનો ઉત્કર્ષ માનતા નથી અને કોઈ નિન્દા કરે તો ગુસ્સે થતા નથી; પરન્તુ વશ કરેલા મન વડે રાગ-દ્વેષનો નાશ કરનારા ધીર મુનિઓ વિચરે છે."

**मनः[1] स्याद् व्यापृतं यावत् परदोषगुणग्रहे।**
**कार्यं व्यग्रं वरं तावन्मध्यस्थेनात्मभावने ॥५॥**

જ્યાંસુધી પારકાના દોષ અને ગુણ ગ્રહણ કરવામાં મન પ્રવર્તેલું હોય ત્યાંસુધી મધ્યસ્થ પુરુષે આત્મધ્યાનને

---

૧ यावत्=જ્યાંસુધી. मनः=મન. परदोषगुणग्रहे=પારકા દોષ અને ગુણને ગ્રહણ કરવામાં. व्यापृतं=પ્રવર્તેલું. स्यात्=હોય. तावत्=ત્યાં સુધી. मध्यस्थेन=મધ્યસ્થ પુરુષે. आत्मभावने=આત્મધ્યાનમાં व्यग्रं=આસક્ત. कार्यं=કરવું. वरं=શ્રેષ્ઠ છે.

**વિષે આસક્ત કરવું સારૂં છે. પરને વિશે મન તે ચિન્તા-સ્વરૂપ હોય અને આત્માને વિષે સમાધિસ્વરૂપ હોય એટલો વિશેષ છે.**

જ્યાંસુધી પરના દોષ અને ગુણ ગ્રહણ કરવામાં મન પ્રવર્તે છે ત્યાંસુધી મધ્યસ્થ-સમભાવનું આસ્વાદન કરવામાં રસિકપુરૂષે તેને આત્મસ્વરૂપના ચિન્તનમાં વ્યગ્ર-રોકવું આત્માને આધિન કરવું એ શ્રેષ્ઠ કાર્ય છે. તે વખતે અમૂર્ત ષડ્ગુણ હાનિ-વૃદ્ધિરૂપે પરિણામ પામતા અગુરુલઘુના ઉત્પાદ, વ્યય અને ધ્રુવતારૂપ આત્મસ્વરૂપના ચિન્તનમાં પ્રવૃત્તિ કરવી અને અન્ય ગુણોના સહકારની પ્રવૃત્તિનું ચિન્તનાદિ કરવું. તે ચિન્તનમાં વ્યગ્ર થયેલા જીવને સાંસારિક ગુણ-દોષના વિચારનો અવકાશ જ હોતો નથી. તેથી જ નિર્ગ્રન્થો બાર ભાવનાઓનો વિચાર કરે છે, દ્રવ્યાનુયોગના ગ્રન્થોનો અભ્યાસ કરે છે, સ્વભાવ અને વિભાવના પરિણામ સંબન્ધે પ્રશ્ન કરે છે, આવરણ સહિત અને આવરણ રહિત આત્મસ્વરૂપનું અવલોકન કરે છે, કર્મબન્ધના હેતુઓથી થયેલા પરિણામનો વિભાગ કરે છે, અશુદ્ધ નિમિત્તોનો ત્યાગ કરે છે, નિક્ષેપોનો વિચાર કરે છે, નયના અનુયોગ (વિચાર)નો સમન્વય કરે છે, ધ્યાનાદિમાં તન્મય થાય છે; જેથી અનાદિ વિભાવને અનુસરેલી ચેતના અને વીર્યની પ્રવૃત્તિ વડે પરસ્વરૂપનું ઉપાદેયપણું ગ્રહણ કરેલું હોવાથી પારકાના દોષ અને ગુણના અવલોકન વડે અશુદ્ધ ચિન્તન થાય છે તેનું નિવારણ કરવા માટે સ્યાદ્વાદને અવલંબી પંચાસ્તિકાયના સ્વરૂપના અવલોકનથી અજીવના હેયપણાનું અને જીવતત્ત્વના ઉપાદેયપણાનું જ્ઞાન કરવા યોગ્ય છે.

**विभिन्ना अपि पन्थानः समुद्रं सरितामिव ।**
**मध्यस्थानां परं ब्रह्म प्राप्नुवन्त्येकमक्षयम् ॥६॥**

જેમ નદીઓના જુદા જુદા પણ માર્ગો સમુદ્રને પ્રાપ્ત કરે છે, તેમ અપુનર્બન્ધક, સમ્યગ્દૃષ્ટિ પ્રમુખ મધ્યસ્થોના જિનકલ્પ અથવા સ્થવિરકલ્પાદિક ભિન્ન ભિન્ન માર્ગો, એક, ક્ષયરહિત, ઉત્કૃષ્ટ બ્રહ્મ એટલે સર્વ પ્રપંચબોધ વિશિષ્ટ કેવલજ્ઞાનને પ્રાપ્ત કરે છે.

દ્રવ્ય આચરણથી માંડીને શુક્લધ્યાન સુધીના અનેક પ્રકારના ભિન્ન ભિન્ન સાધનની પદ્ધતિઓ, સાધનના ઉપાયો જિનકલ્પ–સ્થવિરકલ્પાદિક હોવા છતાં પણ અપુનર્બન્ધક સમ્યગ્દૃષ્ટિ પ્રમુખ મધ્યસ્થ ભાવમાં વર્તતા પુરૂષોને એક ક્ષયરહિત શાશ્વત પરબ્રહ્મ પ્રાપ્ત થાય છે. આથી બધા સાધનના ઉપાયો એક શુદ્ધ આત્મસ્વરૂપમાં મળે છે. કારણ કે સર્વ મુમુક્ષુઓનું એક જ સાધ્ય છે.

જેમ નદીઓના ભિન્ન ભિન્ન માર્ગો હોવા છતાં તેઓ સમુદ્રને મળે છે, તેમ તત્ત્વમાં એકત્વ પરિણતિવાળા સાધકોનું સર્વ સાધન શુદ્ધ આત્મભાવને મળે છે. માટે રાગદ્વેષના અભાવરૂપ મધ્યસ્થપણું હિતકારક છે.

**[2]स्वागमं रागमात्रेण द्वेषमात्रात् परागमम् ।**

---

૧ मध्यस्थानां=મધ્યસ્થોના. विभिन्ना अपि=જુદા જુદા પણ. पन्थानः=માર્ગો. एकं=એક. अक्षयं=ક્ષય રહિત. परं=ઉત્કૃષ્ટ. ब्रह्म=પરમાત્મ-સ્વરૂપને. प्राप्नुवन्ति=પ્રાપ્ત કરે છે. इव=જેમ. सरितां=નદીઓના. (જુદા જુદા માર્ગો) समुद्रं=સમુદ્રને (મળે છે).

૨ स्वागमं=પોતાના શાસ્ત્રને. रागमात्रेण=કેવળ રાગથી. न श्रयामः=

**न श्रयामस्त्यजामो वा किन्तु मध्यस्थया दृशा ॥७॥**

પોતાના સિદ્ધાન્તનો વિચાર રહિત કેવળ રાગથી અમે સ્વીકાર કરતા નથી, અને પર સિદ્ધાન્તનો વિચાર રહિત કેવળ દ્વેષથી ત્યાગ કરતા નથી, પણ મધ્યસ્થ દૃષ્ટિથી વિચાર કરીને સ્વસિદ્ધાન્તનો આદર અથવા પર-સિદ્ધાન્તનો ત્યાગ કરીએ છીએ. કહ્યું છે કે—

**"पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।**
**युक्तिमद्वचनं यस्य तस्य कार्यः परिग्रहः" ॥**

"મને શ્રીમહાવીરનો પક્ષપાત નથી, તેમ કપિલાદિ મુનિઓ ઉપર દ્વેષ નથી, પણ જેનું વચન યુક્તિવાળું છે તે અંગીકાર કરવા યોગ્ય છે."

**"न श्रद्धयैव त्वयि पक्षपातो न द्वेषमात्रादरुचिः परेषु ।**
**यथावदाप्तत्वपरीक्षया तु त्वामेव वीरप्रभुमाश्रिताः स्मः" ॥**

"હે વીરપ્રભુ ! અમને કેવળ શ્રદ્ધાથી તમારા ઉપર પક્ષ-પાત નથી, તેમ કેવળ દ્વેષથી અન્ય ઉપર અરુચિ નથી, પણ યથાર્થ આપ્તપણાની પરીક્ષાથી અમે તમારો આશ્રય કરીએ છીએ."

ગણધર ભગવંતે કહેલા આગમનો માત્ર રાગથી અમે સ્વીકાર કરતા નથી. જેમકે 'અમારી પરંપરામાં થયેલા પુરુષોએ આ શાસ્ત્રો માન્ય કરેલાં છે, માટે અમારે માનવાં જોઇએ' એવા રાગની આતુરતાથી અમને જિના-

---

સ્વીકારતા નથી. वा=અને. परागमं=પરના શાસ્ત્રને. द्वेषमात्रात्=કેવળ દ્વેષથી. न त्यजामः=તજતા નથી. किन्तु=પરન્તુ. मध्यस्थया दृशा=મધ્ય-સ્થ દૃષ્ટિ વડે. (સ્વીકાર અને ત્યાગ કરીએ છીએ.)

ગમ ઉપર આદર નથી, અથવા કપિલાદિ મુનિઓનાં શાસ્ત્ર ઉપર પારકા હોવાથી કેવળ દ્વેષથી અનાદર છે એમ નથી, પરન્તુ મધ્યસ્થ દૃષ્ટિ વડે યથાર્થ વસ્તુસ્વરૂપની પરીક્ષા કરીને જિનાગમનો આશ્રય કરીએ છીએ. કારણ કે તે સમ્યગ્જ્ઞાનનું કારણ છે અને નિત્ય, અનિત્ય આદિ અનન્ત વસ્તુધર્મના કથનમાં તેનું અવિરોધીપણું છે. તથા અન્ય આગમ વસ્તુના સ્વરૂપનું નિરૂપણ વિપર્યાસ સહિત કરતા હોવાને લીધે પરીક્ષામાં ટકી શકે તેમ નહિ હોવાથી તજવા યોગ્ય ધારી તેનો ત્યાગ કરીએ છીએ, પણ દ્વેષમાત્રથી ત્યાગ કરતા નથી.

**[1]मध्यस्थया दृशा सर्वेष्वपुनर्बन्धकादिषु।**
**चारिसंजीविनीचारन्यायादाशास्महे हितम् ॥८॥**

**બધા અપુનર્બન્ધકાદિને વિષે-આદિ શબ્દથી માર્ગાભિમુખ-માર્ગની સન્મુખ થયેલા, માર્ગપતિત-માર્ગને પ્રાપ્ત થયેલા, અવિરતિ સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ અને સર્વવિરતિને વિષે-મધ્યસ્થ દૃષ્ટિવડે, સંજીવિનીનો ચારો ચરાવવાના ન્યાયથી-અજાણપણે સંજીવિની પાલો ચરાવતાં જેમ પશુ ટાળી મનુષ્ય કરે તે [2]દૃષ્ટાન્તે-હિત ઇચ્છીએ છીએ. યદ્યપિ**

---

૧ सर्वेषु=બધા. अपुनर्बन्धकादिषु=અપુનર્બન્ધકાદિમાં. मध्यस्थया=મધ્યસ્થ. दृशा=દૃષ્ટિ વડે. चारिसंजीवनीचारन्यायाद्=સંજીવનીનો ચારો ચરાવવાના દૃષ્ટાન્તથી. हितं=કલ્યાણ. आशास्महे=ઇચ્છીએ છીએ.

૨ સ્વસ્તિમતી નગરીમાં એક બ્રાહ્મણની પુત્રી અને તેની અત્યન્ત પ્રીતિપાત્ર સખી રહેતી હતી. પરન્તુ વિવાહ થવાથી તે બન્નેને જુદા જુદા સ્થળે રહેવાનું થયું. એક વાર બ્રાહ્મણની પુત્રી સખીને મળવા માટે તેના ઘેર ગઇ. સખીએ કહ્યું કે મારો પતિ મારે આધીન ન હોવાથી હું બહુ જ દુઃખી છું. બ્રાહ્મણપુત્રીએ સખીને કહ્યું કે તું

**મૈત્રીભાવના સર્વ વિષે છે, તોપણ પ્રવૃત્તિને અનુકૂલ ભાવના અપુનર્બન્ધકાદિ આશ્રિત જ કહી છે.**

સર્વ મૈત્રી, પ્રમોદ અને કરુણાદિ ભાવનાઓમાં મધ્યસ્થ દૃષ્ટિ વડે અપુનર્બન્ધકાદિને વિષે ચારિસંજીવિની ચરાવવાના દૃષ્ટાન્તથી કલ્યાણ ઇચ્છીએ છીએ. અપુનર્બન્ધકનું સ્વરૂપ પૂજ્ય હરિભદ્રસૂરિના વચનથી [1] જાણવું. આદિ

---

ચિન્તા ન કર, હું તારા પતિને જડી ખવરાવી બળદ બનાવી દઇશ. બ્રાહ્મણપુત્રી જડી આપીને તેના ઘેર ગઇ. પાછળથી તે સ્ત્રીએ જડી ખવરાવી પોતાના પતિને બળદ બનાવી દીધો. પતિ બળદ બનવાથી તેની પત્ની ઘણી દુઃખી થઈ. તે હમેશાં પોતાના બળદરૂપ પતિને ચરાવવા લઈ જતી હતી અને તેની સેવા–શુશ્રૂષા કરતી હતી. એક દિવસે તે વડના ઝાડની નીચે બેસી બળદને ચરાવતી હતી ત્યારે એક વિદ્યાધરનું યુગલ વડની શાખા ઉપર બેસી આરામ લેતું હતું. તે બન્નેની વાતચિતના પ્રસંગે વિદ્યાધર બોલ્યો કે આ સ્વભાવથી બળદ નથી, પણ જડી ખવરાવવાથી પુરુષ મટીને બળદ થયેલો છે. જો તેને સંજીવની નામે જડી ખવરાવવામાં આવે તો તે બળદ મટીને ફરીથી પુરુષ થાય. તે સંજીવની આ વડની નીચે જ છે. તે સાંભળી તે સ્ત્રીએ બળદને સંજીવની ચરાવવાનો વિચાર કર્યો, પરન્તુ તે સંજીવનીને ઓળખતી નહોતી, તેથી તેણે વડની નીચેની બધી વનસ્પતિ બળદને ચરાવી દીધી. તે બધી વનસ્પતિની સાથે સંજીવની ખાવામાં આવી હોવાથી બળદનું રૂપ ત્યાગ કરી તે ફરીથી મનુષ્ય થયો.

૧ જે તીવ્ર ભાવથી પાપ કરતો નથી તે અપુનર્બન્ધક, તેને એક પુદ્ગલ પરાવર્તથી અધિક સંસાર હોતો નથી. ક્ષુદ્રપણું વગેરે ભવાભિનન્દી દોષોનો ક્ષય થવાથી શુક્લ પક્ષના ચંદ્રમાની પેઠે વૃદ્ધિ પામતા ગુણવાળો અપુનર્બન્ધક છે. માર્ગપતિત અને માર્ગાભિમુખ એ અપુનર્બન્ધકની જ અવસ્થાવિશેષ છે. માર્ગ એટલે સાપને

શબ્દથી માર્ગાભિમુખ–માર્ગને સન્મુખ થયેલ, માર્ગપ્રાપ્ત–માર્ગને પ્રાપ્ત થયેલ, અવિરતિ સમ્યગ્દષ્ટિ, દેશવિરતિ અને સર્વવિરતિ જાણવા. ચારિસંજીવિની ચરાવવાનું દૃષ્ટાન્ત આ પ્રમાણે છે—

જેમ કોઇ સ્ત્રી વૃષભરૂપે થયેલા પોતાના પતિને સંજીવિનીને નહિ ઓળખવા છતાં પણ અજાણપણે સંજીવિનીનો પાલો ખવરાવવાથી પશુપણાનો ત્યાગ કરાવી મનુષ્યપણાને પ્રગટ કરવારૂપ હિત કરે છે તેમ ચારિત્ર વગેરેમાં મન્દ પ્રયત્નવાળો છતાં પણ અધ્યાત્મને અનુકૂલ સમભાવની પરિણતિવાળો થઈ આત્માને અનાદિ પશુપણાના ભાવથી દૂર કરીને સ્વરૂપના જ્ઞાનમાં કુશલ અને ભેદજ્ઞાનરૂપ દિવ્ય ચક્ષુના પ્રકાશવાળો કરે છે. એથી જ સાધ્યની અપેક્ષાવાળાને સાધન હિતકારક થાય છે અને સાધ્ય નિરપેક્ષને સાધન બાળકની ક્રીડારૂપ છે. વીતરાગ સ્તોત્રમાં કહ્યું છે કે—

"तथाऽपि श्रद्धामुग्धोऽहं नोपालभ्यः स्खलन्नपि।
विशृंखलाऽपि वाग्वृत्तिः श्रद्दधानस्य शोभते" ॥

"તોપણ શ્રદ્ધા વડે મુગ્ધ એવો હું ભૂલ કરવા છતાં પણ દોષપાત્ર નથી. કારણ કે શ્રદ્ધાવાળાની સંબંધ વિનાની વાણી પણ શોભે છે."

---

દરમાં પેસવાની જેમ ચિત્તનું સરલ પ્રવર્તન, વિશિષ્ટ ગુણસ્થાનની પ્રાપ્તિને યોગ્ય સ્વાભાવિક ક્ષયોપશમવિશેષ. તેને પ્રાપ્ત થયેલો તે માર્ગપતિત અને માર્ગમાં પ્રવેશ કરવાને યોગ્ય ભાવને પ્રાપ્ત થયેલો તે માર્ગાભિમુખ કહેવાય છે. જુઓ અપુનર્બન્ધકદ્વાત્રિંશિકા.

પરભાવમાં રાગદ્વેષરહિત આત્મસ્વભાવની અનુકૂલતા એ જ સાધન છે. યોગશાસ્ત્રમાં કહ્યું છે કે—

"आत्मैव दर्शनज्ञानचारित्राण्यथवा यतेः ।
यत्तदात्मक एवैष शरीरमधितिष्ठति ॥
आत्मानमात्मना वेत्ति मोहत्यागात् यदात्मनि ।
तदेव तस्य चारित्रं तज्ज्ञानं तच्च दर्शनम् ॥
आत्माज्ञानभवं दुःखमात्मज्ञानेन हन्यते ।
तपसाऽप्यात्मविज्ञानहीनैश्छेत्तुं न शक्यते ॥
सोऽयं समरसीभावस्तदेकीकरणं मतम् ।
आत्मा यदपृथक्त्वेन लीयते परमात्मनि" ॥

અથવા મુનિનો આત્મા જ દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ છે. કારણ કે જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ આ આત્મા જ શરીરમાં રહે છે.

મોહના ત્યાગથી આત્મા આત્મામાં આત્માને જાણે છે તે જ તેનું ચારિત્ર છે, તે જ્ઞાન છે અને તે દર્શન છે.

આત્માના અજ્ઞાનથી થયેલું દુઃખ આત્મજ્ઞાનથી નાશ પામે છે. તે દુઃખને આત્મજ્ઞાનરહિત જીવો તપથી પણ છેદી શકતા નથી.

આત્મા જેથી અભિન્નપણે પરમાત્મામાં લીન થાય છે તે સમરસભાવ છે, અને તે આત્મા અને પરમાત્માની એકતા કરવારૂપ માનેલ છે.

# ૧૭ નિર્ભયાષ્ટક

**यस्य नास्ति परापेक्षा स्वभावाद्वैतगामिनः।**
**तस्य किं नु भयभ्रान्तिक्लान्तिसन्तानतानवम् ॥१॥**

**જેને પરની અપેક્ષા નથી અને સ્વભાવના અદ્વૈતને-એકપણાને પ્રાપ્ત કરનાર છે એટલે કેવળ આત્મસ્વભાવની પ્રાપ્તિવાળા છે તેને ભયની ભ્રાન્તિથી થયેલા ખેદની પરંપરાનું અલ્પપણું કેમ ન હોય? અર્થાત્ તેને ભયની ભ્રાન્તિથી થતો ખેદ અલ્પતાને પામે છે.**

મધ્યસ્થપણામાં સ્થિરતા નિર્ભયને થાય છે, ભયમોહનીયના ઉદયથી પરિણામની ચંચલતા થાય છે, તેથી ભય તજવા યોગ્ય છે. આત્મા શુદ્ધ જ્ઞાનસ્વરૂપ અને અવિનાશી છે અને તેથી તે નિર્ભય જ છે. તેના નામ અને સ્થાપનાનિક્ષેપ સુગમ છે. સાત પ્રકારના ભય રહિત દ્રવ્યનિર્ભય છે અને કર્મબન્ધના કારણરૂપ વિભાવ પરિણતિથી રહિત ભાવનિર્ભય છે. બન્ધના હેતુરૂપ રાગ-દ્વેષનો પરિણામ આત્માની સત્તાને રોકનાર નવીન કર્મનો બન્ધ કરનાર હોવાથી મહાભયરૂપ છે, તે સંવરપરિણામની પરિણતિવાળાને હોતો નથી.

નૈગમનય વડે સર્વ દ્રવ્યો નિર્ભય છે, સંગ્રહનયથી

---

૧ यस्य=જેને. परापेक्षा=બીજાની અપેક્ષા નથી. (અને) स्वभावाद्वैतगामिनः=સ્વભાવની એકતાને પ્રાપ્ત થનારા. तस्य=તેને. भयभ्रान्तिक्लान्तिसन्तानतानवं=ભયની ભ્રાન્તિથી થયેલ ખેદની પરંપરાનું અલ્પપણું. किं नु=કેમ ન હોય?

વસ્તુની સત્તામાં નિર્ભયપણું છે. કારણ કે સત્તા વાસ્તવિક રીતે અવિનાશી છે. વ્યવહારનય વડે કર્મના ઉદયમાં લીન નહિ થનાર ધીરપુરુષને નિર્ભયતા છે. ઋજુસૂત્રનયથી નિર્ગ્રન્થ-દ્રવ્ય-ભાવરૂપ પરિગ્રહરહિત મુનિને નિર્ભયતા છે. શબ્દનય વડે આત્મધ્યાનમાં રહેલા મુનિને નિર્ભયતા છે. સમભિરૂઢનયથી કેવલજ્ઞાનીને નિર્ભયતા છે અને એવંભૂત-નય વડે અવિનાશી સર્વગુણો પ્રગટ થવાથી સિદ્ધ ભગવંતને નિર્ભયતા છે.

અહીં યથાર્થ આત્મસ્વરૂપને જાણનારા અને ઔદયિક (કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલા) ભાવમાં મમત્વ-રહિત મુનિને સાધનમાં નિર્ભયતા હોય છે, તેથી અહીં નિર્ભયાષ્ટકની વ્યાખ્યા કરવામાં આવે છે–

જેને પરની અપેક્ષા–પરાશ્રય કે પરની આશા નથી અને જે સ્વભાવની એકતા પ્રતિ જનારા એટલે કેવળ આત્મ-સ્વભાવમાં રહેનારા છે તે મહાપુરુષને ભય, ત્રાસ, ભ્રાન્તિ–ભ્રમ, કલાંતિ–ખેદની પરંપરાનો નાશ કેમ ન હોય ? અર્થાત તેના ભયાદિ દોષો નાશ પામે છે. પરવસ્તુનું સંરક્ષણ કર-વામાં પરની આશા વગેરેથી ભય ઉપજે છે. પણ જે પર-ભાવથી નિઃસ્પૃહ છે, તેને પરભાવમાં મમત્વ નહિ હોવાથી ખેદ ક્યાંથી થાય ?

**भवसौख्येन किं भूरिभयज्वलनभस्मना ।**
**सदा भयोज्झितज्ञानसुखमेव विशिष्यते ॥२॥**

---

૧ भूरिभयज्वलनभस्मना=ઘણા ભયરૂપ અગ્નિથી ભસ્મીભૂત થયેલા.

**ઘણા ત્રાસરૂપ અગ્નિથી ભસ્મીભૂત થએલા સંસાર સુખનું શું પ્રયોજન છે? તેથી તો હમેશાં ભયરહિત જ્ઞાન-સુખ જ સર્વાધિક છે.**

પુનઃ નિર્ભયતાનું મૂળ ભાવના દર્શાવે છે—આ લોક અને પરલોકાદિ અનેક પ્રકારના ભયરૂપ અગ્નિથી ભસ્મીભૂત થયેલા એટલે ચોર, ભાગીદાર અને રાજભયાદિરૂપ અગ્નિથી બળી ગયેલા ઇન્દ્રિયોના માની લીધેલા સંસારના સુખ દુઃખની જ જાતિ છે, તેવા સુખોનુ શું કામ છે? કંઈ પણ કામ નથી. આત્મતત્ત્વના અનુભવનું સુખ હમેશાં ભયરહિત છે અને તેથી તે સર્વ કરતાં અધિક છે. જ્ઞાનમાં જ ખરું સુખ છે. પૌદ્ગલિક સુખમાં સુખનો આરોપ કરવો એ ભ્રાન્તિ જ છે. કહ્યું છે કે—

**"जं पुग्गल जं सुहं दुक्खं चेव त्ति जहय तत्तस्स।**
**गिम्हे मट्टिअलेवो विडंबणाखिंसणामूलं"॥**

"જે પુદ્ગલથી થયેલું સુખ છે તે દુઃખ જ છે, માટે તે તજવા યોગ્ય છે. તે ગ્રીષ્મ ઋતુમાં શરીર ઉપર માટીનો લેપ કરવા જેવું વિડંબના અને નિન્દાનું મૂળ કારણ છે. તેથી પુદ્ગલોનું ગ્રહણ સુખરૂપ નથી, માટે તે અકર્તવ્ય છે.

**[1]न गोप्यं क्वापि नारोप्यं हेयं देयं च न क्वचित्।**
**क्व भयेन मुनेः स्थेयं ज्ञेयं ज्ञानेन पश्यतः ॥३॥**

---

भवसौख्येन=સંસારના સુખથી. किं=શું. सदा=હંમેશાં. भयोज्झितज्ञान-सुखमेव=ભયરહિત જ્ઞાનસુખ જ. विशिष्यते=સર્વાધિક છે.

૧ ज्ञेयं=જાણવા યોગ્ય તત્ત્વને. ज्ञानेन=સ્વાનુભવ વડે. पश्यतः=

**જાણવા યોગ્ય વસ્તુને જ્ઞાન વડે જાણતા મુનિને ક્યાંય ગોપવવા-છુપાવવા યોગ્ય નથી, સ્થાપન કરવા યોગ્ય નથી, તેમ ક્યાંય છાંડવા-યોગ્ય કે દેવા યોગ્ય નથી, તો તેમને ભયથી ક્યાં રહેવાનું છે? અર્થાત્ મુનિને ક્યાંય ભય નથી.**

જાણવા યોગ્ય સ્વ-પર પદાર્થને સ્વાનુભવ વડે જાણતા, સાધ્યરૂપ પરમાત્મભાવના સાધનમાં રતિવાળા અને આત્મતત્ત્વના સ્વસંવેદનરૂપ અનુભવમાં કુશલ એવા મુનિને ક્યાંય ગોપવવા યોગ્ય કોઇ વસ્તુ નથી. કારણ કે બીજાથી સ્વધર્મને ગ્રહણ કરી શકાતો નથી. માટે તે ગોપવવા યોગ્ય નથી, તો તેને છુપાવવાનું ક્યાં હોય? તેમ આરોપ કરવા યોગ્ય પણ કંઈ નથી, કારણ કે આરોપ એટલે અવિદ્યમાન ગુણોનું સ્થાપન કરવું. કેમકે સ્વયં અનન્તગુણસ્વરૂપ હોવાથી પરના ગુણ વડે ગુણિપણાનો પ્રસંગ પ્રાપ્ત થતો નથી, તેથી ક્યાંય આરોપવા યોગ્ય પણ નથી, ક્યાંય છાંડવા યોગ્ય નથી, કારણ કે સર્વ છાંડવા યોગ્ય પરભાવનો ત્યાગ કરેલો છે. તથા ક્યાંય આપવા યોગ્ય પણ નથી, કારણ કે પોતાનો ધર્મ બીજાને આપી શકાતો નથી. તેથી રક્ષણ કરવાની ઇચ્છાવાળા થઈ ભય સહિત મુનિને ક્યાં રહેવાનું છે? કારણ કે તે પરવસ્તુની ઇચ્છા રહિત છે અને પોતાના સ્વરૂપનું રક્ષણ કરવામાં પોતે જ સમર્થ છે.

---

જોતા. मुनेः=મુનિને. क्वापि=ક્યાંય પણ. न गोप्यं=છુપાવવા યોગ્ય નથી. (અને) न आरोप्यं=મૂકવા યોગ્ય નથી.(તેમ) क्वचित्=ક્યાંય. हेयं=છોડવા યોગ્ય. (અને) देयं=દેવા યોગ્ય નથી. (તો) भयेन=ભયથી. क्व=ક્યાં. स्थेयं=રહેવા યોગ્ય છે.

**एकं ब्रह्मास्त्रमादाय निघ्नन् मोहचमूं मुनिः ।**
**बिभेति नैव संग्रामशीर्षस्थ इव नागराट् ॥४॥**

**એક બ્રહ્મજ્ઞાનરૂપ શસ્ત્રને ધારણ કરી મોહરૂપ સેનાને હણતા મુનિ સંગ્રામના મોખરા ઉપર રહેલા મદોન્મત્ત હાથીની પેઠે ભય પામતા નથી.**

સ્વરૂપના અવલંબન વડે પરભાવથી વિરામ પામેલા મુનિ એક આત્મસ્વરૂપના અવબોધરૂપ બ્રહ્માસ્ત્રને ગ્રહણ કરીને મોહરૂપ સૈન્યનો નાશ કરતા, સંગ્રામની આગળ રહેલા ગજરાજની પેઠે ભય પામતા નથી. જેમ મદોન્મત્ત શ્રેષ્ઠ હાથી યુદ્ધમાં ભય પામતો નથી તેમ કર્મનો પરાજય કરવામાં પ્રવૃત્ત થયેલ મુનિ ભય પામતા નથી. જે આત્મસ્વરૂપમાં આસક્તિવાળા અને પરભાવનો ધ્વંસ કરવામાં તત્પર થયેલા છે તેને ભય હોતો નથી. જ્યારે પરવસ્તુના સંયોગનો નાશ થાય છે ત્યારે ભય ઉપજે છે. તેનો નાશ તો મુનિ કરવાના છે, કારણ કે તેમણે શરીરાદિ સર્વ પરભાવોમાં મમત્વનો ત્યાગ કરેલો છે, માટે મુનિને ભય નથી.

**मयूरी ज्ञानदृष्टिश्चेत् प्रसर्पति मनोवने ।**
**वेष्टनं भयसर्पाणां न तदाऽऽनन्दचन्दने ॥५॥**

---

१ एकं=એક. ब्रह्मास्त्रं=પરમાત્મજ્ઞાનરૂપ શસ્ત્રને. आदाय=ગ્રહણ કરીને. मोहचमूं=મોહની સેનાને. निघ्नन्=હણતા. मुनिः=મુનિ. संग्रामशीर्षस्थः=સંગ્રામના મોખરે રહેલા. नागराट्=ઉત્તમ હસ્તીની. इव=પેઠે. न बिभेति=ભય પામતા નથી.

२ चेत्=જો. ज्ञानदृष्टिः=જ્ઞાનની દૃષ્ટિરૂપ. मयूरी=ઢેલ. मनोवने=મનરૂપ વનમાં. प्रसर्पति=વિચરે છે. तदा=તો. आनन्दचन्दने=આત્માના

**જો આત્મજ્ઞાનની દૃષ્ટિરૂપ મયૂરી (મોરણી) મનરૂપ વનમાં સ્વચ્છન્દપણે વિચરે છે તો આનન્દરૂપ ભાવનાચન્દનના ઝાડને વિષે ભયરૂપ સર્પોનું વીંટાવું હોતું નથી.**

જો ચિત્તરૂપ ઉદ્યાનમાં સ્વભાવ અને પરભાવનો વિવેક કરનારી જ્ઞાનદૃષ્ટિરૂપ મયૂરી સ્વેચ્છાએ વિચરે છે તો સ્વરૂપાનુભવના આનન્દરૂપ ચન્દનવૃક્ષમાં ભયરૂપ સર્પો વીંટાતા નથી. તાત્પર્ય એ છે કે જ્ઞાન વડે સ્વ-પરનો વિવેક કરવાથી પોતાનામાં અમૂર્ત આનન્દઘનરૂપ સ્વરૂપનો અને પરવસ્તુમાં પરસ્વરૂપનો નિર્ધાર થતાં ભયની ઉત્પત્તિ થતી નથી.

**[1]कृतमोहास्त्रवैफल्यं ज्ञानवर्म बिभर्ति यः।**
**क्व भीस्तस्य क्व वा भङ्गः कर्मसंगरकेलिषु ॥६॥**

**કર્મના સંગ્રામની ક્રીડામાં મોહરૂપ શસ્ત્રને નિષ્ફળ કરનાર જ્ઞાનરૂપ બખ્તરને જે ધારણ કરે છે તેને ક્યાં ભય હોય અથવા તેનો પરાજય ક્યાંથી થાય?**

જે મોહરૂપ શસ્ત્રને નિષ્ફળ કરનાર જ્ઞાનરૂપ બખ્તર પહેરે છે તે સ્વરૂપાનન્દના ભોક્તાને કર્મના ક્ષય કરવાના સંગ્રામમાં ભય ક્યાં હોય અથવા તેનો પરાજય પણ ક્યાંથી હોય? સર્વમોહનો નાશ કરનાર જ્ઞાનરૂપ બખ્તરને ધારણ

---

આનન્દરૂપ ચન્દનના ઝાડમાં. भयसर्पाणां=ભય રૂપ સાપોનું. वेष्टनं=વીંટાવું. न=થતું નથી.

૧ कृतमोहास्त्रवैफल्यं=જેણે મોહરૂપ શસ્ત્રનું નિષ્ફળપણું કર્યું છે એવું. ज्ञानवर्म=જ્ઞાનરૂપ બખ્તર. यः=જે. बिभर्ति=ધારણ કરે છે. तस्य=તેને. कर्मसंगरकेलिषु=કર્મના સંગ્રામની ક્રીડામાં. भीः=ભય. क्व=ક્યાંથી હોય. वा=અને. भंगः=પરાજય. क्व=ક્યાંથી હોય.

કરનાર મુનિને કર્મથી કરાયેલા આત્માના ગુણને ઘાત કરવાનો ભય ક્યાંથી હોય? તાત્પર્ય એ છે કે જેણે નયના વિભાગ વડે સ્વ અને પર ભાવનો નિર્ણય કર્યો છે તેને મોહાદિનો ભય નથી.

**तूलवल्लघवो मूढा भ्रमन्त्यभ्रे भयानिलैः।**
**नैकं रोमापि तैर्ज्ञानगरिष्ठानां तु कम्पते ॥७॥**

**આકડાના રૂની પેઠે હલકા મૂઢ પુરુષો ભયરૂપ વાયુ વડે આકાશમાં ભમે છે. પરન્તુ જ્ઞાન વડે અત્યંત ભારે એવા મહાપુરુષોનું એક રૂંવાડું પણ કમ્પતું નથી.**

તત્ત્વજ્ઞાનરહિત મૂઢ—અવિવેકી હલકા પુરુષો આકડાના રૂની પેઠે ભયરૂપ પવનની પ્રેરણાથી આકાશમાં ભમે છે, પણ જ્ઞાન વડે અત્યંત ભારે એવા પુરુષોનું ભયરૂપ પવનથી એક રૂવાડું પણ ફરકતું નથી. એથી સાત પ્રકારના ભયોમાંથી કોઇ પણ ભય આવી પડતાં પરભાવ અને આત્મસ્વરૂપના જ્ઞાનમાં વિવેકરહિત મૂઢબુદ્ધિવાળા પરવસ્તુના વિયોગના ભયથી ધ્રૂજતા અહીં તહીં ભમે છે. જે અસંખ્યાત પ્રદેશરૂપ અનન્ત જ્ઞાનમય આત્માના સ્વરૂપનું અવલોકન કરનારા, જ્ઞાનથી ભારે થયેલા છે અને અવિનાશી ચૈતન્યભાવથી રંગાયેલા છે તેઓનો અધ્યવસાયરૂપ એક રોમ પણ કંપતો નથી. 'જે વસ્તુ નાશ પામવાના સ્વભાવવાળી

---

૧ तूलवद्=આકડાના રૂની પેઠે. लघवः=હલકા. मूढाः=અવિવેકી જનો. भयानिलैः=ભયરૂપ વાયુથી. अभ्रे=આકાશમાં. भ्रमन्ति=ભમે છે. (પણ) ज्ञानगरिष्ठानां=જ્ઞાન વડે અત્યન્ત ભારે એવા પુરૂષોનું. एकं=એક रोमापि=રૂવાડું પણ. न कम्पते=ફરકતું નથી.

છે તે નાશ પામે તો તેથી શું થયું ?" એવા વિચારથી કેવળ અધ્યાત્મના અભ્યાસમાં આનન્દ વડે પ્રસન્ન રહેતા હમેશાં નિર્ભય થઇને સ્વરૂપમાં સ્થિર થાય છે.

**चित्ते परिणतं यस्य चारित्रमकुतोभयम् ।**
**अखण्डज्ञानराज्यस्य तस्य साधोः कुतो भयम् ॥८॥**

જેનાથી કોઇને ભય નથી (અથવા જેને કોઇથી ભય નથી) એવું ચારિત્ર જેના ચિત્તમાં પરિણમેલું છે એવા અખંડ જ્ઞાનરૂપ રાજ્યવાળા સાધુને કોનાથી ભય હોય? અર્થાત્ તેને કોઇથી પણ ભય ન હોય. પ્રશમરતિમાં કહ્યું છે કેઃ—

**आचाराध्ययनोक्तार्थभावनाचरणगुप्तहृदयस्य ।**
**न तदस्ति कालविवरं यत्र क्वचनाभिभवनं स्यात् ॥**

આચારાંગના અધ્યયનમાં કહેલા અર્થની ભાવના અને ચારિત્રથી જેનું મન સુરક્ષિત છે, તેને એવું કાલરૂપ છિદ્ર નથી કે જ્યાં તેનો ક્યાંય પણ પરાભવ થાય.

જે નિર્ગ્રન્થ મુનિના ચિત્તમાં જેને કોઇથી ભય નથી એવું સ્વરૂપમાં સ્થિરતારૂપ ચારિત્ર ચેતના અને વીર્યાદિ ગુણોને વિષે તન્મય થયેલું છે તેવા અખંડ જ્ઞાનરૂપ સામ્રાજ્યવાળા સાધુને કોનાથી ભય હોય? તેને કોઇથી પણ ભય હોતો નથી. એથી વચનધર્મરૂપ (શાસ્ત્રના વચનનું

---

૧ यस्य=જેના. चित्ते=ચિત્તમાં. अकुतोभयं=જેને કોઇનાથી ભય નથી એવું. चारित्रं=ચારિત્ર. परिणतं=પરિણમેલું છે. तस्य=તે. अखण्डज्ञानराज्यस्य=અખંડ જ્ઞાનરૂપ રાજ્યવાળા. साधोः=સાધુને. कुतः=ક્યાંથી भयं=ભય હોય.

અવલંબન કરીને) ક્ષમા, નમ્રતા, સરલતારૂપ પરિણતિ-વાળા, શુદ્ધ જ્ઞાનમાં રમણ કરનારા, દ્રવ્ય અને ભાવથી મુક્તિ (નિર્લોભતા) યુક્ત અને પરમ અકિંચન (નિષ્પ-રિગ્રહરૂપ) ધર્મસહિત સાધુને ભય હોતો નથી. કેશિગૌ-તમાધ્યયનમાં કહ્યું છે કે—

**"एगप्पा अजिए सत्तू कसाया इंदियाणि अ।**
**ते जिणित्तु जहानायं विहरामि अहं मुणी॥**
**रागदोसादओ तिव्वा नेहपासा भयंकरा।**
**ते छिंदित्तु जहानायं विहरामि जहक्कमं" ॥**

उत्तरा० अ० २३ गा. ३८–४३.

"એક આત્મા જીત્યો નથી તો તે શત્રુરૂપ છે. તેમ કષાયો અને ઇન્દ્રિયો જીત્યા ન હોય તો તે પણ શત્રુ છે. તે બધાને જીતીને શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે અપ્રતિબદ્ધપણે વિચરું છું."

"તીવ્ર રાગ–દ્વેષાદિ તથા પુત્ર કલત્રાદિના સ્નેહ સંબન્ધો ભયંકર પાશ છે. તેને છેદીને ન્યાયપૂર્વક યથાક્રમે વિચરું છું" તથા નમિરાજર્ષિનું વચન છે કે—

**"बहु खु मुणिणो भद्दं अणगारस्स भिक्खुणो।**
**सव्वओ विप्पमुक्कस्स एगत्तमणुपस्सओ" ॥**

उत्तरा० अ० ९ गा. १६.

બાહ્ય અને અભ્યન્તર પરિગ્રહથી સર્વથા મુકાયેલા અને આત્માની એકતાનું પર્યાલોચન કરતા મુનિ (જ્ઞાની) ગૃહસ્થાશ્રમના ત્યાગી ભિક્ષુને અત્યન્ત સુખ હોય છે.

ઇત્યાદિ પરપુદ્ગલના સંયોગમાં યથાર્થજ્ઞાનવાળાને ભય નથી.

## ૧૮ अनात्मशंसाष्टक

**गुणैर्यदि न पूर्णोऽसि कृतमात्मप्रशंसया ।**
**गुणैरेवासि पूर्णश्चेत् कृतमात्मप्रशंसया ॥१॥**

**જો તું ગુણો વડે પૂર્ણ નથી તો પોતાની પ્રશંસાથી સર્યું. તેથી તો ફોગટ ફુલાવાનું થાય. જો તું ગુણો વડે પૂર્ણ જ છો તોપણ પોતાની પ્રશંસાથી સર્યું. "आचारः कुलमाख्याति" આચરણ કુલને જણાવે છે-એ ન્યાયે ગુણ સ્વયમેવ પ્રગટ થશે.**

નિર્ભયપણું સર્વ પરભાવનો ત્યાગ થયે થાય છે, અને સર્વ પરભાવનો ત્યાગ પરભાવમાં આત્મભાવની બુદ્ધિને તજવાથી થાય છે. પરભાવમાં આત્મબુદ્ધિનો ત્યાગ કરવા માટે આત્માથી ભિન્ન અનાત્મા-પર ભાવ છે, તેના નિરૂપણ કરવારૂપ [2]અનાત્મશંસાત્મક અષ્ટકની વ્યાખ્યા કરવામાં આવે

---

૧ यदि=જો. गुणैः=ગુણોવડે. पूर्णः=પરિપુર્ણ. न असि=તું નથી. (તો) आत्मप्रशंसया=પોતાની પ્રશંસા કરવાથી. कृतम्=સર્યું. चेत्=જો. गुणैः=ગુણો વડે. पूर्णः=પૂર્ણ. एव=જ. असि=તું છો. (તો) आत्मप्रशंसया=પોતાની પ્રશંસાથી. कृतं=સર્યું.

૨ આત્મશંસા એટલે પોતાની પ્રશંસા કરવી, પોતાના વખાણ કરવા, તેનું બીજ પરભાવમાં આત્મબુદ્ધિ છે, તેથી તે આત્મસ્વરૂપથી ભિન્ન અનાત્મારૂપ છે. તેનું નિરૂપણ કરવારૂપ અનાત્મશંસાષ્ટક અહીં કહેવામાં આવ્યું છે.

છે–તેમાં નામ અને સ્થાપના સુગમ છે. દ્રવ્યથી અનાત્મશંસા બે પ્રકારે છે. બાહ્ય અને અંતરંગ. બાહ્ય લૌકિક અને લોકોત્તરના ભેદથી બે પ્રકારે છે. પોતાના ઉપભોગ આદિ પ્રયોજનના અભાવે પારકું ધન, પારકું ઘર અને પરસ્ત્રી વગેરે પદાર્થને વિશે 'આ મારાં નથી' એવા આગ્રહરૂપ બાહ્ય લૌકિક અનાત્મશંસા છે. ધન, સ્વજન અને શરીર વગેરે વિનાશી હોવાથી પરભવમાં સહાય કરનારાં નથી, તથા દુઃખોત્પત્તિનાં કારણ અને સ્વાર્થમાં તત્પર સ્વજનો છે, તેથી તેઓમાં પરપણાની વિચારણારૂપ જ્ઞાન તે બાહ્ય લોકોત્તર અનાત્મશંસા છે. ભાવથી–અંતરંગથી શુદ્ધ અને અશુદ્ધ એમ બે પ્રકારે અનાત્મશંસા છે. મોક્ષના અભિલાષપૂર્વક તામલિ તાપસના ત્યાગના જેવી કુપ્રાવચનિક અનાત્મશંસા અશુદ્ધ અનાત્મશંસા છે અને સમ્યગ્દર્શનપૂર્વક તત્ત્વના વિવેકમાં ઉપયોગી સમ્યગ્જ્ઞાન વડે 'આત્માના સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવથી ભિન્ન ઉપાધિરૂપ બધું ય પર સ્વરૂપ છે, મારું સ્વરૂપ નથી' એવું વાસ્તવિક ભેદજ્ઞાન તે ભાવથી શુદ્ધ અનાત્મશંસારૂપ છે. અનાત્મશંસા આત્માથી પરવસ્તુને ભિન્ન જાણવારૂપ છે અને તેથી તત્ત્વજ્ઞાન થાય છે.

નૈગમ, સંગ્રહ અને વ્યવહારનય અનિષ્ટ અજીવ પદાર્થમાં, જીવાશ્રિત કર્મના પુદ્ગલોમાં, તે કર્મપુદ્ગલના વિપાકોમાં અને તેના નિમિત્તે ઉત્પન્ન થયેલ અશુદ્ધ વિભાવના પરિણામોમાં અનાત્મપણું માને છે. ઋજુસૂત્રનય અસદ્ નિમિત્તને આધીન ચેતના અને વીર્યના પરિણામવડે ભાવયોગરૂપ ચેતનાના વિકલ્પોમાં અનાત્મપણું–પરપણું માને છે.

શબ્દનય દ્રવ્યથી ઔદયિક ભાવના સદાચાર, સત્યભાષા, સત્યમનોયોગાદિ અને સાધનભૂત સંવરના અધ્યવસાયોમાં તથા શુદ્ધ નિમિત્તનું અવલંબન કરનાર પોતાના આત્માના પરિણામોમાં અનાત્મપણું માને છે. સમભિરૂઢનય રૂપાતીત શુકલધ્યાન અને શૈલેશીકરણાદિકમાં અનાત્મપણું માને છે, અને એવંભૂતનય આત્માના પરિણામરૂપ અનન્ત જ્ઞાન–દર્શનથી બીજું બધું અનાત્મરૂપ છે એમ માને છે. એમ પદાર્થોમાં અનાત્મપણું સમ્યગ્દૃષ્ટિને શ્રદ્ધાથી હોય છે, મુનિઓને ભેદજ્ઞાન વડે હોય છે, કેવલજ્ઞાનીને ભિન્ન ભાવ વડે હોય છે અને સિદ્ધોને સર્વથા પરવસ્તુના અભાવથી અનાત્મપણું છે, એમ શ્રદ્ધાથી સ્થાપન કરવા યોગ્ય છે અને તે કરવા યોગ્ય છે. પરભાવનું કર્તાપણું, ભોક્તાપણું, પરભાવનો આશ્રય અને પરભાવનો સંબન્ધ એ ચેતનનું કાર્ય નથી, માટે અહીં સાધનને અવકાશ છે. '[1]આત્મા જ સામાયિક છે અને આત્મા જ સામાયિકનો અર્થ છે'–ઇત્યાદિ અર્હંત ભગવંતના ઉપદેશને અનુસરવું. યોગશાસ્ત્રમાં કહ્યું છે કે—

**अमूर्तस्य चिदानन्दरूपस्य परमात्मनः ।**
**निरञ्जनस्य सिद्धस्य ध्यानं स्याद् रूपवर्जितम् ॥**

---

૧ ભગવતીસૂત્રમાં ભગવંત પાર્શ્વનાથના અપત્ય કાલાસવૈશિકપુત્ર સ્થવિર ભગવંતને પ્રશ્ન કરે છે કે 'હે ભગવન્! સામાયિક શું છે અને સામાયિકનો અર્થ (પ્રયોજન) શો છે'? તેના ઉત્તરમાં સ્થવિર ભગવંત કહે છે કે 'આત્મા સામાયિક છે, આત્મા સામાયિકનો અર્થ છે'. કારણ કે સમ્યગ્દર્શનાદિ ગુણને પ્રાપ્ત થયેલો જીવ દ્રવ્યાર્થિક નયના મતે સામાયિક છે. જુઓ શ. ૧ ઉ. ૯.

इत्यजस्रं स्मरन् योगी तत्स्वरूपावलम्बनः।
तन्मयत्वमवाप्नोति ग्राह्यग्राहकवर्जितम् ॥
अनन्यशरणीभूय स तस्मिन् लीयते तथा।
ध्यातृध्यानोभयाभावे ध्येयेनैक्यं यथा व्रजेत् ॥
सोऽयं समरसीभावस्तदेकीकरणं मतम्।
आत्मा यदपृथक्त्वेन लीयते परमात्मनि ॥
अलक्ष्यं लक्ष्यसंबन्धनात् स्थूलात् सूक्ष्मं विचिन्तयेत्।
सालम्बाच्च निरालम्बं तत्त्ववित् तत्त्वमञ्जसा" ॥

योग० प्र० १० श्लो० १—५.

અમૂર્ત, ચિદાનન્દરૂપ, નિરંજન એવા સિદ્ધ પરમાત્માનું રૂપાતીત ધ્યાન હોય છે. એમ નિરન્તર સ્મરણ કરતો અને સિદ્ધના સ્વરૂપનું અવલંબન કરનાર યોગી ધ્યાતા અને ધ્યેય રહિત તન્મયતાને પામે છે. તે અનન્ય શરણવાળો થઇ તેમાં તેવા પ્રકારે લીન થાય કે ધ્યાતા અને ધ્યાન એ બન્નેના અભાવે એક ધ્યેયની સાથે તન્મયતાને પામે. આત્મા અભિન્નપણે પરમાત્મામાં લીન થાય છે, તે પરમાત્માની સાથે એકતા થવારૂપ આ સમરસભાવ જ્ઞાની પુરુષોએ કહ્યો છે. તત્ત્વજ્ઞાની લક્ષ્યના સંબંધથી અલક્ષ્યનું, સ્થૂલથી સૂક્ષ્મનું અને સાલંબનથી નિરાલંબનનું શીઘ્ર ચિન્તન કરે.

એમ આત્મસ્વરૂપનું ધ્યાન કરતો બધી પરવસ્તુને આત્માથી ભિન્નસ્વરૂપે જાણે છે, તે આત્માને જાણનાર પોતાની પ્રશંસા કરતો નથી, તે બાબત કહે છે—

જો તું કેવલજ્ઞાનાદિ આત્માનાં ગુણો વડે પૂર્ણ નથી તો આત્માની પ્રશંસા કરવી વ્યર્થ–ફોગટ છે. ગુણ રહિત આત્માની શી પ્રશંસા કરવી ? પૌદ્ગલિક ઉપાધિના સંબન્ધથી થયેલા ગુણોને ગુણરૂપે મૂઢ માણસો કહે છે, અને તેથી તે પ્રશંસા કરવા યોગ્ય નથી. જો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપરૂપ સાધનભૂત ગુણો વડે અને ક્ષાયિક જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ સિદ્ધ–પરિપૂર્ણ ગુણો વડે સંપૂર્ણ છો, તો વાણીથી આત્મપ્રશંસા કરવાનું કંઇ પ્રયોજન નથી. આવિર્ભાવ પામેલા ગુણો સ્વયમેવ પ્રસિદ્ધ થશે. શેરડી પરાળથી ઢંકાયેલી લાંબા કાળ સુધી રહેતી નથી. તો પછી પોતાના મુખે પોતાની પ્રશંસા શી કરવી ?

આત્મપ્રશંસા કરવાથી વ્યવહારથી થતી ફળની હાનિ દર્શાવે છે—

**[1]श्रेयोद्रुमस्य मूलानि स्वोत्कर्षाम्भःप्रवाहतः ।**
**पुण्यानि प्रकटीकुर्वन् फलं किं समवाप्स्यसि ? ॥२॥**

કલ્યાણરૂપ વૃક્ષનાં પોતે કરેલાં સુકૃતરૂપ મૂળો પોતાના ગુણોના ઉત્કર્ષવાદરૂપી પાણીના પ્રવાહથી પ્રગટ કરતો કલ્યાણરૂપ વૃક્ષનું શું ફળ પામીશ ? કંઇ પણ નહિ પામે. ગુપ્ત પુણ્ય જ ફળદાયક છે. કહ્યું છે કે—"धर्मः क्षरति कीर्तनात्" આત્મપ્રશંસાથી ધર્મ નાશ પામે છે.

---

૧ श्रेयोद्रुमस्य=કલ્યાણરૂપ વૃક્ષના. पुण्यानि=પુણ્યરૂપ. मूलानि=મૂળીયાંને. स्वोत्कर्षाम्भःप्रवाहतः=પોતાના ઉત્કર્ષવાદરૂપ પાણીના પ્રવાહથી. प्रकटीकुर्वन्=પ્રગટ કરતો. फलं=ફળ. किं=શું. समवाप्स्यसि=પામીશ.

હે ભદ્ર ! કલ્યાણરૂપ વૃક્ષનાં પવિત્ર મૂળો પોતાના વખાણ કરવારૂપ પાણીના પ્રવાહથી પ્રગટ કરતો શું ફળ મેળવીશ ? કંઈ પણ ફળ નહિ મળે. જે વૃક્ષનું મૂળ તેના ઉપરની માટી ખોદીને પ્રગટ કરવામાં આવે છે તેને ફળ થતાં નથી.

**आलम्बिता हिताय स्युः परैः स्वगुणरश्मयः ।**
**अहो स्वयं गृहीतास्तु पातयन्ति भवोदधौ ॥३॥**

**બીજાએ આલંબન કરેલાં પોતાના ગુણરૂપ દોરડાંઓ હિતને માટે થાય છે. પણ પોતે ગ્રહણ કરે તો તે સંસાર-સમુદ્રમાં પાડે છે. જો બીજા ગુણો કહે તો ગુણકારી થાય. આત્મસ્તુતિનો દોર પોતે ગ્રહણ કરે તો બુડાડે અને બીજા ગ્રહણ કરે તો તારે એ આશ્ચર્ય છે.**

પોતાના ગુણરૂપ દોરડાંને બીજા સ્મરણ, ચિન્તન અને સ્તુતિરૂપે ગ્રહણ કરે તો તે કલ્યાણને માટે થાય છે. પણ આશ્ચર્ય છે કે પોતાના ગુણોરૂપ દોરડાને પોતે પ્રશંસારૂપે ગ્રહણ કરે તો તે ભવસમુદ્રમાં પાડે છે. માટે પોતાના મુખે પોતાના વખાણ કરવાં યોગ્ય નથી.

**उच्चत्वदृष्टिदोषोत्थस्वोत्कर्षज्वरशान्तिकम् ।**
**पूर्वपुरुषसिंहेभ्यो भृशं नीचत्वभावनम् ॥४॥**

---

૧ परैः=બીજાએ. आलम्बिताः=ગ્રહણ કરેલા. स्वगुणरश्मयः=પોતાના ગુણરૂપ દોરડાઓ. हिताय=હિત માટે. स्युः=થાય છે. अहो=આશ્ચર્ય છે કે. स्वयं=પોતે. गृहीतास्तु=ગ્રહણ કરેલા હોય તો તે. भवोदधौ=ભવ-સમુદ્રમાં. पातयन्ति=પાડે છે.

૨ उच्चत्वदृष्टिदोषोत्थस्वोत्कर्षज्वरशान्तिकं=ઉચ્ચપણાની દૃષ્ટિના

**પોતાની ઉચ્ચપણાની દૃષ્ટિના દોષથી ઉત્પન્ન થયેલા સ્વાભિમાનરૂપ જ્વરની શાન્તિ કરનાર, પૂર્વપુરૂષરૂપ સિંહોથી અત્યન્ત ન્યૂનપણાની ભાવના કરવી તે છે.**

અભ્યાસથી પ્રાપ્ત કરેલા જ્ઞાન, વિનય અને તપરૂપ ગુણોના અન્તર્ગત રહેલા મહામોહના ઉદયથી પોતાને વિષે 'હું ગુણવાન્ છું', મેં જ્ઞાન મેળવ્યું છે, હું વિનયગુણવાળો છુ" એવા પ્રકારની ઉચ્ચપણાની દૃષ્ટિથી ઉત્પન્ન થયેલા પોતાના અભિમાનરૂપ જ્વરની શાંતિનું કારણ પૂર્વે થયેલા અરિહંતાદિ પુરૂષસિંહોથી પોતાની ન્યૂનતાની ભાવના કરવી, તે અભિમાનરૂપ તાવને શાન્ત કરનાર છે. કહ્યું છે કે—

**"धन्नो धन्नो वयरो सालिभद्दो य थूलभद्दो य ।**
**जेहिं विसयकसाया चत्ता रत्ता गुणे नियए" ॥**

"ધન્યકુમાર, વજ્રસ્વામી, શાલિભદ્ર અને સ્થૂલભદ્રને ધન્ય છે કે જેઓ વિષય અને કષાયોનો ત્યાગ કરી આત્મ-ગુણોમાં રક્ત થયા છે."

પૂર્વ પુરુષોને ધન્ય છે કે જેઓ આસ્રવોને છોડીને અનાદિકાળથી ભોગવેલ પરભાવના આસ્વાદના રમણીય-પણાને તજે છે. સંતપુરુષોના ઉપદેશથી જાણેલ આત્મસત્તા-ગત સુખની ઇચ્છાથી આત્મધર્મને શ્રવણ કરવાના સુખનો અનુભવ કરતા ચક્રવર્તીની સંપત્તિને વિપત્તિરૂપ માને છે અને પોતાના ગુણોમાં રમણ કરે છે. સ્થૂલભદ્રને ધન્ય છે

---

દોષથી ઉત્પન્ન થયેલ પોતાના અભિમાનરૂપ જ્વરની શાન્તિ કરનાર. पूर्वपुरुषसिंहेभ्यः=પૂર્વ પુરુષરૂપ સિંહોથી. भृशं=અત્યંત. नीचत्वभावनम्=ન્યૂનપણાની ભાવના કરવી.

કે અત્યન્ત રાગથી પીડિત કોશ્યાની પ્રાર્થના વડે જેના પરિણામ ચલિત ન થયા. હું તો નિરર્થક કુવિકલ્પરૂપ શય્યા ઉપર બેસીને વિષયરૂપ વિષ મેળવવાના ઉપાયો ચિંતવું છું. કહ્યું છે કે—

**"संते वि कोवि उज्झइ को वि असंते वि अहिलसइ भोए।**
**चयइ परपच्चयेण वि पभवो दट्ठूण जह जंबू॥"**

उप० मा० गा० ३७.

"કોઈ છતા ભોગોનો ત્યાગ કરે છે, કોઇ અછતા ભોગોને ઇચ્છે છે. ભોગોને તજતા બીજાને જોઇને કોઈ ત્યાગ કરે છે. જેમ ભોગોને તજતા જંબૂસ્વામીને જોઈ પ્રભવે ભોગોનો ત્યાગ કર્યો".

ઇત્યાદિ ભાવના વડે પોતાના દોષોનો વિચાર કરી પોતાના અભિમાનનો પરિણામ નિવારવા યોગ્ય છે.

**शरीररूपलावण्यग्रामारामधनादिभिः ।**
**उत्कर्षः परपर्यायैश्चिदानन्दघनस्य कः ? ॥५॥**

**શરીરના રૂપ, લાવણ્ય ( સૌન્દર્ય ), ગામ, આરામ-બાગબગીચા અને ધનાદિ, આદિ શબ્દથી પુત્ર-પૌત્રાદિ સમૃદ્ધિરૂપ પરપર્યાય-પરદ્રવ્યના ધર્મવડે ઉત્કર્ષ-અતિશય અભિમાન જ્ઞાનાનન્દવડે પૂર્ણ પુરુષને શું હોય ? અર્થાત્-**

---

૧ शरीर—रूप—लावण्य—ग्रामा—राम—धनादिभिः=શરીરના રૂપ, લાવણ્ય-સૌન્દર્ય, ગ્રામ, આરામ-બગીચા અને ધન આદિ રૂપ. परपर्यायैः=પરદ્રવ્યના ધર્મ વડે. चिदानन्दघनस्य=જ્ઞાન અને આનન્દથી ભરપૂર એવા આત્માને. कः=શું. उत्कर्षः=અભિમાન હોય.

કંઈ પણ ન હોય. પ્રાયઃ કોઇ પારકા ધનવડે ધનવંતપણું ન માને.

ચિદાનન્દઘન એટલે જ્ઞાન અને આનન્દવડે પરિપૂર્ણ આત્માને પરપર્યાય એટલે પુદ્ગલના સંયોગથી ઉત્પન્ન થયેલા વિનાશી સ્વભાવવાળાં ઔદારિકાદિ શરીરો, સંસ્થાન, નિર્માણનામ અને વર્ણનામ કર્મથી થયેલું રૂપ, લાવણ્ય-સૌભાગ્યનામકર્મથી અથવા પુરુષવેદાદિ મોહનીયકર્મના સંબન્ધથી થયેલું સૌન્દર્ય, માણસોને રહેવાના સ્થાનરૂપ ગામ, આરામ-વન અને ઉદ્યાનની ભૂમિ તથા ગણિમ-ગણી શકાય, ધરિમ-તોળી શકાય ઇત્યાદિ રૂપ ધન વગેરેથી અભિમાન શું હોય ? કારણ કે તે પર વસ્તુ છે, કર્મબન્ધનું કારણ છે અને સ્વસ્વરૂપને રોકનાર છે. તેનો સંયોગ જ નિન્દનીય છે, તો તેનાથી ચિદાનન્દરૂપ આત્માને ઉત્કર્ષ કેમ હોય ? ઉત્તરાધ્યયનમાં કહ્યું છે કે—

"धणेण किं धम्मधुराहिगारे सयणेण वा कामगुणेहिं चेव ।
समणा भविस्सामो गुणोहधारी बहिं विहारा अभिगम्म भिक्खं॥

उत्तरा० अ० १४ गा० १७

न तस्स दुक्खं विभजंति णायओ
न मित्तवग्गा न सुआ न बंधवा ।
इक्को सयं पच्चणुहोइ दुक्खं
कत्तारमेवं अणुजाइ कम्मं" ॥

उत्तरा० अ० १३ गा० २३

"ધર્મરૂપ ધૂંસરીને વહન કરવામાં ધન, સ્વજન અને

કામભોગોનું શું કામ છે? અમે તો ભિક્ષાને મેળવી પ્રતિબન્ધરહિત વિહાર કરનારા અને ગુણના સમૂહને ધારણ કરનારા શ્રમણ થઇશું.

સ્વજનો, મિત્રો, પુત્રો અને બાન્ધવો તેના દુઃખમાં ભાગ પડાવતા નથી. જીવ પોતે એકલો જ દુઃખ અનુભવે છે, કારણ કે કરનારને જ કર્મ અનુસરે છે. અર્થાત્ જે કર્મ કરે છે તેનું ફળ તેને જ મળે છે."

માટે આત્મિક ગુણોના આનન્દમાં પરિણમેલા જીવને કર્મની ઉપાધિથી પ્રાપ્ત થયેલ પદાર્થમાં અભિમાન હોતું નથી.

**शुद्धाः प्रत्यात्मसाम्येन पर्यायाः परिभाविताः ।**
**अशुद्धाश्चापकृष्टत्वाद् नोत्कर्षाय महामुनेः ॥६॥**

**શુદ્ધ નયે વિચારતાં શુદ્ધ–સહજ પર્યાયો પ્રત્યેક આત્મામાં તુલ્યપણે છે તેથી અને અશુદ્ધ–વિભાવ પર્યાયો તુચ્છ હોવાથી સર્વ નયમાં મધ્યસ્થપરિણતિવાળા સાધુને તે અભિમાનને માટે થતા નથી.**

તાપની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ શુદ્ધ સુવર્ણની પેઠે આત્માના શુદ્ધ સ્વરૂપને જાણનારા નિર્ગ્રન્થ મહામુનિને સમ્યગ્જ્ઞાન, ચારિત્ર અને ધ્યાનવડે પ્રગટ થવારૂપ આત્માના શુદ્ધ પર્યાયો અભિમાનનું કારણ થતા નથી. કારણ કે તે શુદ્ધ

---

૧ परिभाविताः=(શુદ્ધ નયની દૃષ્ટિથી) વિચારેલા. शुद्धाः=શુદ્ધ. पर्यायाः=પર્યાયો. प्रत्यात्मसाम्येन=દરેક આત્મામાં સમાનપણે. (છે.) (અને) अशुद्धाः=અશુદ્ધ–વિભાવ પર્યાયો. अपकृष्टत्वात्=તુચ્છ હોવાથી. महामुनेः=મહામુનિને. उत्कर्षाय=અભિમાન માટે. न=થતા નથી.

નયની દૃષ્ટિથી વિચાર કરતાં દરેક આત્મામાં સમાનપણે રહેલા છે, તો મારામાં અધિક શું છે? આ જ્ઞાનાદિ ગુણો બધા આત્મામાં છે, તો પછી સર્વ સાધારણ વસ્તુમાં અભિમાન શું કરવું? સર્વ સિદ્ધ અને સંસારી જીવોમાં સત્તાગત જ્ઞાનાદિ અનન્ત પર્યાયોનું તુલ્યપણું છે. એટલે સત્તાગત ધર્મો સિદ્ધ અને સંસારી જીવોમાં સરખા છે. સંવેગરંગશાલામાં કહ્યું છે કે—

"नाणाइणंतगुणोवेयं अरूवमणहं च लोगपरिमाणं ।
कत्ता भोत्ता जीवं मन्नहु सिद्धाण तुल्लमिणं" ॥

"જ્ઞાનાદિ અનન્ત ગુણો સહિત, અરૂપી, દોષરહિત, લોકપરિમિત, કર્તા, ભોક્તા અને સિદ્ધના જેવો આ જીવ છે તેમ માનો."

પૂજ્ય જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે વિશેષાવશ્યકભાષ્યમાં કહ્યું છે કે—

जीवो गुणपडिवन्नो नयस्स दव्वट्ठियस्स समाइअं"॥२६४३॥

વસ્તુતઃ દ્રવ્યને જ સ્વીકારનાર દ્રવ્યાર્થિકનયના મતે ગુણને પ્રાપ્ત થયેલો જીવ જ સામાયિક છે. કારણ કે તેના મતે ગુણો ઔપચારિક છે અને વાસ્તવિક દ્રવ્ય જ છે.

તથા સ્થાનાંગસૂત્રમાં "एगे आया" એક આત્મા છે, એટલા બધા આત્માઓ સત્તાગત ધર્મવડે એકરૂપ છે, ઇત્યાદિ પાઠથી બધા આત્માનું સમાનપણું છે, તો વિદ્યમાન ગુણો પ્રગટ થાય તેમાં ગર્વ શો કરવો? ઔદયિકભાવથી થયેલા ઇન્દ્રપણું વગેરે અશુદ્ધ પર્યાયો તુચ્છ હોવાથી-દોષ-

રૂપ હોવાથી ગુણના નાશ કરનારા અને તત્ત્વરમણતામાં પ્રતિબન્ધક છે, તેથી સોજાના રોગથી થયેલ જાડા શરીરની પેઠે અભિમાનનું કારણ થતા નથી. 'પુદ્ગલના ઉપચયરૂપ અને પરવસ્તુની ઉપાધિથી થયેલ સંબન્ધો શું કામના છે? તે સંબન્ધોથી હું ક્યારે છુટીશ'—એમ સંવેગ અને નિર્વેદની પરિણતિવાળા મહામુનિને અભિમાનનો ઉન્માદ હોતો નથી.

ફરીથી આત્માને ઉપદેશ કરે છે—

**क्षोभं गच्छन् समुद्रोऽपि स्वोत्कर्षपवनेरितः ।**
**गुणौघान् बुद्बुदीकृत्य विनाशयसि किं मुधा ? ॥७॥**

**સમુદ્ર–સાધુવેષની મર્યાદા સહિત હોવા છતાં પણ પોતાના ઉત્કર્ષ–અભિમાનરૂપ પવનથી પ્રેરિત થઈ ક્ષોભ પામતો ગુણના સમૂહને પરપોટારૂપે કરીને ફોગટ કેમ વિનાશ કરે છે? જેમ સમુદ્રને પવનથી પાણીના પરપોટારૂપે કરી નાશ કરવો ન ઘટે, તેમ ઉત્તમ પુરુષને ઉત્કર્ષથી પોતાના ગુણનો નાશ કરવો ન ઘટે.**

આત્મતત્ત્વરૂપ જલથી ભરેલા સ્વસ્વરૂપ માન સરોવરના નિવાસમાં રસિક એવા હે હંસ! સમુદ્ર–સાધુવેષરૂપ મુદ્રા–મર્યાદા સહિત હોવા છતાં પોતાના અભિમાનરૂપ પવનની પ્રેરણાથી અધ્યવસાયો વડે ક્ષોભ પામતો, એવા અનેક પ્રકારના વિકલ્પ કરતો, અભ્યાસથી ઉત્પન્ન થયેલ

૧ समुद्रोऽपि=મર્યાદા સહિત હોવા છતાં પણ. स्वोत्कर्षपवनेरितः=પોતાના અભિમાનરૂપ પવનથી પ્રેરિત થયેલો. (અને) क्षोभं=વ્યાકુલતાને गच्छन्=પામતો. गुणौघान्=ગુણના સમુદાયને. बुद्बुदीकृत्य=પરપોટારૂપ કરીને. मुधा=ફોગટ. किं=કેમ. विनाशयसि=વિનાશ કરે છે.

શ્રુતધરપણું, વ્રતધારીપણું તથા આમર્ષઔષધિ પ્રમુખ લબ્ધિરૂપ ગુણના સમૂહને પરપોટા રૂપે કરી વ્યર્થ કેમ નાશ કરે છે? ગુણની પ્રાપ્તિ વડે ગંભીર થા, પોતાના ગુણો પોતાના જ હિતનું કારણ છે, તેમાં બીજાને દેખાડવાનું શું પ્રયોજન છે? અભિમાની મનુષ્યના ગુણો તુચ્છ થાય છે. માટે ગુણોનું અભિમાન કરવા યોગ્ય નથી.

**निरपेक्षानवच्छिन्नानन्तचिन्मात्रमूर्तयः।**
**योगिनो गलितोत्कर्षापकर्षानल्पकल्पनाः ॥८॥**

અપેક્ષારહિત, અનવચ્છિન્ન-દેશમાન રહિત, અનન્ત-કાલમાનરહિત જ્ઞાનમાત્રરૂપ (ચારિત્રરૂપ) શરીરવાળા યોગીશ્વરો પોતાની અધિકતા અને પરની હીનતાના ઘણા સંકલ્પવિકલ્પવિશેષથી રહિત હોય છે. અર્થાત્ યોગી પોતાના ઉત્કર્ષ અને પરના અપકર્ષની કલ્પના રહિત હોય છે.

યમ-નિયમાદિ અષ્ટાંગ યોગના અભ્યાસથી ઉત્પન્ન થએલા જ્ઞાન, દર્શન અને ચારિત્રલક્ષણ રત્નત્રયરૂપ યોગ-સિદ્ધ પુરુષો કોઈની પણ અપેક્ષા વિનાના, અનવચ્છિન્ન-દેશરૂપ મર્યાદા રહિત, અનન્ત-કાલની મર્યાદા રહિત અને

---

૧ निरपेक्षानवच्छिन्नान्तचिन्मात्रमूर्तयः=निरपेक्ष-અપેક્ષા રહિત -अनवच्छिन्न-દેશની મર્યાદા રહિત -अनन्त=કાળની મર્યાદા રહિત -चिन्मात्रमूर्तयः=જ્ઞાનમય સ્વરૂપ છે જેઓનું એવા.(અને) गलितोत्कर्षापकर्षानल्पकल्पनाः=गलित-ગળી ગયેલી છે उत्कर्ष-અધિકતા અને अपकर्ष-હીનતાની अनल्पकल्पना-ઘણી કલ્પનાઓ જેઓની એવા. योगिनः-યોગીઓ હોય છે.

જ્ઞાનમાત્રસ્વરૂપવાળા એટલે પરભાવને અનુસરતી ચેતના રહિત અને શુદ્ધ સ્વરૂપને અનુકૂલ વિચારની પરિણતિવાળા યોગીઓ ઉત્કર્ષ-અભિમાન અને અપકર્ષ-દીનતાની ઘણી કલ્પના-વિકલ્પજાળ રહિત હોય છે. જેઓ જ્ઞાનની પરિણતિવાળા અને જ્ઞાનમાં જ રસવાળા હોય છે તેઓ જ તત્ત્વના સાધનભૂત જ્ઞાનસ્વરૂપમાં મગ્ન હોય છે. તેથી માન અને ઉન્માદને ઉત્પન્ન કરનાર પોતાનો ઉત્કર્ષ રોકવા યોગ્ય છે.

## १९ तत्त्वदृष्टि अष्टक

**[1]रूपे रूपवती दृष्टिर्दृष्ट्वा रूपं विमुह्यति ।**
**मज्जत्यात्मनि नीरूपे तत्त्वदृष्टिस्त्वरूपिणी ॥१॥**

**રૂપવાળી પૌદ્ગલિક દૃષ્ટિ રૂપને દેખીને તેમાં મોહ પામે છે. અને તત્ત્વદૃષ્ટિ અરૂપી છે, તેથી તે રૂપ રહિત આત્માને વિષે મગ્ન થાય છે. સરખે સરખાના યોગરૂપ સમ અલંકાર છે.**

વિશિષ્ટ શુભ કર્મના ઉદય વડે પુણ્યના પ્રગટભાવથી મહત્ત્વને પ્રાપ્ત થયેલા, ક્ષાયોપશમિક મત્યાદિજ્ઞાનના સામર્થ્યથી થયેલ અનેક પ્રકારના એકાન્તિક તાત્ત્વિક વિકલ્પોની કલ્પનાને લીધે ગુરુપણાના ભારથી ભારે થયેલા અને તત્ત્વ-

---

૧ रूपवती दृष्टिः=રૂપવાળી દૃષ્ટિ. रूपं=રૂપને. दृष्ट्वा=જોઇને. रूपे=રૂપમાં. विमुह्यति=મોહ પામે છે.(અને) अरूपिणी=રૂપરહિત. तत्त्वदृष्टिस्तु=તત્ત્વની દૃષ્ટિ તો. नीरूपे=રૂપ રહિત. आत्मनि=આત્મામાં. मज्जति=મગ્ન થાય છે.

જ્ઞાન રહિત જગતના જનોએ કરેલી સ્તુતિના પૂરથી જેના કાન ભરાઈ ગયા છે એવા જીવને તત્ત્વદૃષ્ટિ સિવાય પોતાના અભિમાનનો ત્યાગ થઇ શકતો નથી, માટે તત્ત્વદૃષ્ટિ પ્રાપ્ત કરવા યોગ્ય છે. તત્ત્વ એટલે વસ્તુનું સ્વરૂપ. જેમ જીવમાં જીવપણું એટલે અનન્ત ચૈતન્યસ્વરૂપ તે તત્ત્વ. અજી- વમાં અજીવનું સ્વરૂપ અચેતનપણું તે તત્ત્વ. યથાર્થ સ્યાદ્- વાદને અનુસરીને જાણેલું જીવાદિ પદાર્થનું સ્વરૂપ તે તત્ત્વ. તેમાં પણ પોતપોતાના સ્થાને ધર્માસ્તિકાય, અધર્માસ્તિ- કાય, આકાશ અને જીવોનું તત્ત્વપણું છે, તો પણ મારું પોતાનું જે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, અનન્ત આનંદરૂપ, અસં- ખ્યાતા પ્રદેશમાં રહેલ અનન્ત જ્ઞાનાદિ પર્યાયોના પરિણા- મથી થયેલ ઉત્પાદ, વ્યય અને ધ્રુવતારૂપ ષડ્ગુણ હાનિ- વૃદ્ધિરૂપે પરિણમેલ અગુરુલઘુરૂપ, પારમાર્થિક એકાન્તિક (નિયત) અને આત્યન્તિક (શાશ્વત) નિરતિશય, બાધા રહિત, મોક્ષરૂપ સ્વરૂપ છે તે સ્વતત્ત્વ છે. તેમાં દૃષ્ટિ એટલે દર્શન–શ્રદ્ધાથી જોવું, તત્ત્વાવલોકન કે યથાર્થ અવ- બોધ સહિત શ્રદ્ધાની દૃષ્ટિ તે તત્ત્વદૃષ્ટિ. તે નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવથી ચાર પ્રકારે છે, તેમાં 'તત્ત્વદૃષ્ટિ' એવા નામથી કોઇને બોલાવાય તે નામતત્ત્વદૃષ્ટિ. તત્ત્વદૃષ્ટિની વિચારણા કરવામાં સ્થિરચિત્તવાળા અને મુદ્રાન્યાસાદિનું અવલંબન કરનારને સ્થાપનાતત્ત્વદૃષ્ટિ, સંવેદન જ્ઞાનવડે જુદા જુદા તત્ત્વનો વિવેક કરનારને દ્રવ્યતત્ત્વદૃષ્ટિ અને અનુભવરૂપ સ્પર્શજ્ઞાનમાં નિમગ્નચિત્તવાળાને ભાવતત્ત્વદૃષ્ટિ હોય છે. પ્રથમના ચાર નયો સંવેદન જ્ઞાન સુધી પ્રવર્તે છે. છેલ્લા ત્રણ નયની અપેક્ષાએ સ્પર્શજ્ઞાનરૂપ સમ્યગ્દર્શન

અને સમ્યક્ચારિત્રની એકતા અને ધ્યાનની એકતાથી ઉત્પન્ન થયેલ કેવલજ્ઞાનવાળાને ઉત્સર્ગથી તત્ત્વદૃષ્ટિ હોય છે. બધા ઉપાયોના સમૂહથી તત્ત્વમાં દૃષ્ટિ કરવા યોગ્ય છે, અને તેને માટે આ ઉપદેશ છે–

પૌદ્ગલિક અને અપૌદ્ગલિક એ બે પ્રકારની દૃષ્ટિ છે. તેમાં પુદ્ગલના સ્વરૂપને ગ્રહણ કરનારી દૃષ્ટિ એટલે ચક્ષુ શ્વેતાદિ વર્ણના ભેદવાળા રૂપને જોઇને વર્ણ, ગન્ધ, રસ અને સ્પર્શરૂપ રૂપમાં મોહ પામે છે એટલે મોહાધીન થાય છે, અને રૂપરહિત કેવળ ચૈતન્યશક્તિલક્ષણ જ્ઞાનરૂપ તત્ત્વદૃષ્ટિ વર્ણાદિરૂપ મૂર્તધર્મ રહિત શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મામાં મગ્ન થાય છે–આત્મસ્વરૂપમાં લીન થાય છે, માટે અનાદિની બાહ્ય દૃષ્ટિ તજીને સ્વરૂપના ઉપયોગમાં દૃષ્ટિ કરવા યોગ્ય છે.

**[1]भ्रमवाटी बहिर्दृष्टिर्भ्रमच्छाया तदीक्षणम् ।**
**अभ्रान्तस्तत्त्वदृष्टिस्तु नास्यां शेते सुखाशया ॥२॥**

બાહ્ય દૃષ્ટિ એ ભ્રાન્તિની વાડી છે અને બાહ્ય દૃષ્ટિનો પ્રકાશ તે વિપર્યાસ શક્તિયુક્ત ભ્રમની છાયારૂપ છે. જેમ વિષવૃક્ષની છાયા વિષરૂપ હોય છે, તેમ બાહ્ય દૃષ્ટિનો પ્રકાશ ભ્રાન્તિરૂપ જાણવો, પરન્તુ ભ્રાન્તિ રહિત તત્ત્વદૃષ્ટિવાળો એ ભ્રમરૂપ છાયામાં સુખની ઇચ્છાથી સૂતો નથી,

૧ बहिर्दृष्टिः=બાહ્યદૃષ્ટિ. भ्रमवाटी=ભ્રાન્તિની વાડી છે. तदीक्षणं=બાહ્યદૃષ્ટિનો પ્રકાશ. भ्रमच्छाया=ભ્રાન્તિની છાયા છે. तु=પરન્તુ. अभ्रान्तः=ભ્રાન્તિરહિત. तत्त्वदृष्टिः=તત્ત્વની દૃષ્ટિવાળો. अस्यां=ભ્રમની છાયામાં. सुखाशया=સુખની ઇચ્છાથી. न शेते=સૂતો નથી.

બહિર્દષ્ટિનો પ્રકાશ ( પ્રકાશ )ચન્દ્રાસન્નતાપ્રત્યયન્યાયે ભ્રમરૂપ વિષતરુની છાયા છે. તેનો વિશ્વાસ તત્ત્વજ્ઞાની ન કરે, કારણ કે તે અન્તર્દષ્ટિ સુખથી પૂર્ણ છે.

ભ્રમથી ઉત્પન્ન થયેલી અને ભ્રાન્તિનો હેતુ બાહ્ય દૃષ્ટિ સંસારનું કારણ હોવાથી નિવારવા યોગ્ય છે. તત્ત્વ-દૃષ્ટિ કલ્યાણ કરનારી છે અને ભ્રાન્તિ રહિત છે. હે ભવ્ય! બાહ્યદૃષ્ટિ એ બાહ્ય ભાવોનુ અવલોકન કરવારૂપ છે. 'આ મેં સારું કર્યું છે અને આ ખરાબ કર્યું છે, આ કરું છું, આ કરવા યોગ્ય છે' ઇત્યાદિ અવલોકનરૂપ દૃષ્ટિ ભ્રમની રક્ષણ કરનારી વાડી છે અને ભ્રમના વિકલ્પોને વધારનારી છે. બાહ્ય અવલોકનથી ઇષ્ટતા અને અનિષ્ટતાના ચિન્તન વડે વિકલ્પની કલ્પનાઓ થાય છે અને પરભાવના અવલોકનથી વ્યાકુલ થયેલી ચેતના આત્મતત્ત્વથી વિમુખ થઇને પરભાવમાં રમે છે. કહ્યું છે કે—

**"रागे दोसे रत्तो इट्ठाणिट्ठहिं भमसुहं पत्तो ।**
**कप्पेइ कप्पणाओ मज्झेयं अहं पि एयस्स" ॥**

રાગ–દ્વેષમાં મગ્ન થયેલો આત્મા ઇષ્ટ અને અનિષ્ટ-પણાથી ભ્રાન્તિના સુખને પ્રાપ્ત થઇ "આ મારૂં છે, અને હું પણ એનો છું" એવી અનેક કલ્પનાઓ કરે છે.

બાહ્ય દૃષ્ટિથી જોવું તે ભ્રમનો પ્રકાશ છે. શુભ પુદ્-ગલોના સંયોગમાં સુખનો આરોપ અને તેની અપ્રાપ્તિમાં કે અશુભ પુદ્ગલોની પ્રાપ્તિમાં દુઃખનો આરોપ તે તેવા પ્રકારનું એકાન્ત આરોપિત જ્ઞાન છે. તે ભ્રમની શીતલતા અથવા પ્રકાશરૂપ છે, ભ્રાન્તિના સ્થાનમાં બાહ્ય દૃષ્ટિ રમણ

કરે છે. પરન્તુ યથાર્થ સ્યાદ્વાદરૂપે સ્વ-પરભાવને જાણવામાં જેની દૃષ્ટિ છે એવા સ્વરૂપના અનુભવમાં મગ્ન થયેલા તત્ત્વજ્ઞાની ભ્રમની છાયામાં સુખ પ્રાપ્ત કરવાની ઇચ્છાથી સૂતા નથી. પૂર્વ કર્મના ઉદયથી તેમાં વર્તતા હોય તોપણ તપાવેલી લોઢાની શિલા ઉપર પગ મૂકવાની પેઠે શંકાસહિત અને સંકોચસહિત 'આ દુઃખરૂપ જ છે' એમ જાણતા નિર્વેદ પામે છે. કહ્યું છે કે—

"एए विसया इट्ठा तत्तो विन्नूण मिच्छदिट्ठीणं ।
विन्नाइयतत्ताणं दुहमूला दुहफला चेव ॥
जह चम्मकरो चम्मस्स गंधं नो णायइ फले लुद्धो ।
तह विसयासी जीवा विसये दुक्खं न जाणंति ॥
सम्मदिट्ठी जीवो तत्तरुई आयभावरमणपरो ।
विसए भुंजंतो वि हु नो रज्जइ नो वि मज्जेइ" ॥

તેથી જાણતા એવા મિથ્યાદૃષ્ટિને એ વિષયો પ્રિય લાગે છે, પણ તત્ત્વજ્ઞાનીને દુઃખ છે મૂળ જેનું એવા અને દુઃખરૂપ ફળ દેનારા લાગે છે.

જેમ ફળની પ્રાપ્તિમાં આસક્ત થયેલો ચમાર ચામડાની ગન્ધને ગણતો નથી, તેમ વિષયની ઇચ્છાવાળા જીવો વિષયને દુઃખરૂપ ગણતા નથી.

તત્ત્વની રુચિવાળો અને આત્મસ્વભાવમાં રમણ કરનારો સમ્યગ્દૃષ્ટિ જીવ વિષયોને ભોગવવા છતાં તેમાં રક્ત થતો નથી, તેમ મગ્ન પણ થતો નથી".

માટે બાહ્ય ભાવનું અવલમ્બન કરનારી ચેતના દૂર

કરવી અને સ્વરૂપનું અવલંબન કરનારી ચેતના કરવી, એ ઉપદેશ છે.

**[1]ग्रामारामादि मोहाय यद् दृष्टं बाह्यया दृशा।**
**तत्त्वदृष्ट्या तदेवान्तर्नीतं वैराग्यसंपदे ॥३॥**

**બાહ્યદૃષ્ટિથી દેખેલા ગ્રામ ઉદ્યાન પ્રમુખ સુન્દર બાહ્ય પદાર્થનો સમૂહ મોહને માટે થાય છે, મોહનું કારણ થાય છે. તે જ તત્ત્વદૃષ્ટિથી આત્મામાં ઉતારેલ હોય તો વૈરાગ્યની પ્રાપ્તિ માટે થાય છે.**

બાહ્ય દૃષ્ટિથી જોયેલાં ગામ, ઉદ્યાન વગેરે મોહને માટે એટલે અસંયમની વૃદ્ધિ માટે થાય છે. અને તે જ ગામ, ઉદ્યાન પ્રમુખ તત્ત્વદૃષ્ટિથી એટલે સ્વ-પરનો ભેદ કરનારી સ્વાભાવિક દૃષ્ટિ વડે આત્માના ઉપયોગમાં ઉતારેલ હોય તો વૈરાગ્યને માટે-ઉદાસીનભાવની પ્રાપ્તિ માટે થાય છે. તે સંબન્ધે એક દૃષ્ટાન્ત કહે છે-

જ્ઞાન અને ચારિત્રમાં તત્પર, શ્રુતના રહસ્યનો પાર પામેલા, ભવ્ય જીવોને તારનારા, અનેક સાધુઓના પરિવાર સહિત, એક ગામથી બીજે ગામ વિહાર કરતા, વાચનાદિ વડે શ્રમણ સંઘને સમ્યગ્દર્શનાદિ માર્ગમાં પ્રવેશ કરાવતા, પાંચ સમિતિ અને ત્રણગુપ્તિયુક્ત, અનિત્યાદિ ભાવના વડે ભાવિત છે સર્વ યોગો જેના એવા

---

૧ बाह्यया दृशा=બાહ્ય દૃષ્ટિ વડે. दृष्टं=દેખેલા. ग्रामारामादि=ગામ અને ઉદ્યાન વગેરે. मोहाय=મોહને માટે થાય છે. तत्त्वदृष्ट्या=તત્ત્વદૃષ્ટિ વડે. अन्तर्नीतं=આત્મામાં ઉતારેલા. वैराग्यसंपदे=વૈરાગ્યની પ્રાપ્તિ માટે થાય છે.

કોઈ એક આચાર્ય શ્યામકાન્તિવાળા અનેક લતાઓથી ઘેરાયેલા અનેક પક્ષીઓના નિવાસભૂત એક વનમાં પહોંચ્યા. પછી તેઓ વનની પુષ્પ અને ફળની શોભા જોઈને નિર્ગ્રન્થોને કહે છે કે હે નિર્ગ્રન્થો! આ વન જુઓ. આ પાંદડાં અને પુષ્પોથી લચી પડેલા ગુલ્મો અને ફળો જે ચેતના લક્ષણવાળા છે તે જ્ઞાનાવરણ, દર્શનાવરણ, ચારિત્રમોહનીય, મિથ્યાત્વમોહનીય અને અન્તરાયના ઉદયથી દીન, હીન, દુઃખી, એકેન્દ્રિયપણાને પ્રાપ્ત થયેલા, ભયથી કંપતા, અસમર્થ, નિર્બળ, દુઃખથી હણાયેલા, રક્ષણ રહિત, શરણરહિત, જન્મમરણ સહિત અનુકંપાને યોગ્ય છે, મન, શ્રવણ અને નેત્ર રહિત છે, એઓના ઉપર કોણ અનુકંપા કરે ? એમ કહીને સંવેગ ઉત્પન્ન કરીને આચાર્ય આગળ ચાલ્યા. તે નિર્ગ્રન્થો પણ જ્ઞાનાવરણાદિ બંધના કારણની જુગુપ્સા કરતા આગળ ચાલ્યા.

**"अहह आया आयं हणइ आयगुणे संतए वि धंसेइ।**
**रमइ विसए रम्मे चयइ नाणाइगुणभावे ॥"**

અરે! આત્મા આત્માને હણે છે, વિદ્યમાન એવા આત્મગુણોનો પણ નાશ કરે છે, રમ્ય વિષયોમાં રમે છે અને જ્ઞાનાદિગુણોનો ત્યાગ કરે છે.

એમ વિચાર કરતાં જાય છે, તેટલામાં એક મોટું નગર આવ્યું. અનેક ગીતો અને વાદિત્રોના શબ્દ વડે અને વિવાહાદિ ઉત્સવ વડે દેવલોક સમાન, મૂઢ પુરૂષોને રમણીય દેખાતા તે નગરને જોઈને આચાર્ય શ્રમણસંઘને કહે છે–હે નિર્ગ્રન્થો! આજે આ નગરમાં મોહરાજાની ધાડ પડી છે.

તેથી ભયથી ઉદ્વિગ્ન થયેલા લોકો કેવા ઉછળે છે? ભય અને ઉદ્વેગના કારણે આપણે આ નગરમાં પ્રવેશ કરવો યોગ્ય નથી. કારણ કે કોઈ પણ મોહના પ્રહારથી વ્યાકુલતા પામે. મોહના પાશમાં બંધાયેલા લોકો ખરેખર દયાને પાત્ર છે. મોહમદિરાના પાનથી ઉન્મત્ત થયેલા લોકો ઉપદેશને યોગ્ય નથી. માટે અહીંથી આગળ નીકળી જાઓ. ત્યારે સાધુઓએ કહ્યું કે આપે સારું કહ્યું. મોહાશયથી ઘેરાયેલા, વિષયના પાત્રભૂત ક્ષેત્રમાં જવું યોગ્ય નથી. એમ વૈરાગ્ય સહિત વિચરવા લાગ્યા. માટે આત્મસુખમાં રહેલાને ગ્રામ-નગર વગેરે વૈરાગ્યનું કારણ થાય છે.

**बाह्यदृष्टेः सुधासारघटिता भाति सुन्दरी ।**
**तत्त्वदृष्टेस्तु साक्षात् सा विण्मूत्रपिठरोदरी ॥४॥**

**બાહ્યદૃષ્ટિને અમૃતના સાર વડે ઘડેલી સ્ત્રી ભાસે છે. તત્ત્વદૃષ્ટિને તો તે સ્ત્રી પ્રત્યક્ષ વિષ્ટા અને મૂત્રની હાંડલી જેવા ઉદરવાળી લાગે છે.**

સંસારમાં મગ્ન થયેલા બાહ્યદૃષ્ટિને સ્ત્રી અમૃતમયી લાગે છે. તેને માટે ધન ઉપાર્જન કરે છે, મોહથી ઉન્મત્ત થયેલા અનેક મુંજરાજ આદિ પ્રાણનો ત્યાગ કરે છે. પણ નિર્મલ આનન્દરૂપ આત્મસ્વરૂપનું અવલોકન કરવામાં કુશલ એવા તત્ત્વદૃષ્ટિને તે સુન્દરી મળમૂત્રના ભાજનરૂપ ઉદરવાળી લાગે છે. કહ્યું છે કે–

---

૧ बाह्यदृष्टेः=બાહ્યદૃષ્ટિને. सुन्दरी=સ્ત્રી. सुधासारघटिता=અમૃતના સાર વડે ઘડેલી. भाति=ભાસે છે. तत्त्वदृष्टेस्तु=તત્ત્વદૃષ્ટિને તો. सा=તે સ્ત્રી. साक्षात्=પ્રત્યક્ષ. विण्मूत्रपिठरोदरी=વિષ્ટા અને મૂત્રની હાંડલી જેવા ઉદરવાળી લાગે છે.

"रसासृग्मांसमेदोऽस्थिमज्जाशुक्रान्त्रवर्चसाम् ।
अशुचीनां पदं कायः शुचित्वं तस्य तत्कुतः ॥
वञ्चकत्वं नृशंसत्वं चञ्चलत्वं कुशीलता ।
इति नैसर्गिका दोषा यासां तासु रमेत कः ॥
भवस्य बीजं नरकद्वारमार्गस्य दीपिका ।
शुचां कन्दः कलेर्मूलं दुःखानां खानिरङ्गना" ॥

રસ, રુધિર, માંસ, મેદ (ચરબી), હાડકાં મજ્જા, શુક્ર વીર્ય), આંતરડાં અને વિષ્ટારૂપ અપવિત્ર પદાર્થોનું સ્થાન શરીર છે, તો તેનું પવિત્રપણું ક્યાંથી હોય ?

છેતરવું, ક્રૂરપણું, ચંચલતા, અને કુશીલપણું એ જેઓના સ્વાભાવિક દોષો છે, તે સ્ત્રીઓમાં કોણ રતિ કરે ?

સંસારનું કારણ, નરકમાર્ગની દીવી, શોકનું મૂળ, કંકાસનું કારણ અને દુઃખની ખાણ સ્ત્રી છે. અન્ય શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

"कान्ताकनकसूत्रेण वेष्टितं सकलं जगत् ।
तासु तेषु विरक्तो यो द्विभुजः परमेश्वरः ॥"

"કામિની અને કાંચનરૂપ સુતરથી સર્વ જગત વીંટાયેલું છે. તેમાં જે મનુષ્ય વિરક્ત છે તે પરમેશ્વર છે"

એમ તત્ત્વજ્ઞાનીને મોહનું કારણ હોવાથી સ્ત્રી સંસારના બીજરૂપ લાગે છે.

[1]लावण्यलहरीपुण्यं वपुः पश्यति बाह्यदृग् ।
तत्त्वदृष्टिः श्वकाकानां भक्ष्यं कृमिकुलाकुलम् ॥५॥

1 बाह्यदृग्=બાહ્યદૃષ્ટિ. लावण्यलहरीपुण्यं=સૌન્દર્યના તરંગ વડે

**બાહ્યદૃષ્ટિ લાવણ્યના તરંગ વડે પવિત્ર એવા શરીરને જુએ છે, અને તત્ત્વદર્શી કાગડા અને કૂતરાને ભક્ષણ કરવા યોગ્ય તથા કરમિયાના સમૂહથી ભરેલું જુએ છે.**

બાહ્યદૃષ્ટિ–લોકવ્યવહારને અનુકૂલ દૃષ્ટિવાળો શરીરને લાવણ્ય–સૌન્દર્યના તરંગો વડે પવિત્ર દેખે છે. તત્ત્વદૃષ્ટિ–સમ્યગ્જ્ઞાની તો શરીરને કાગડા અને કૂતરાઓનું ભક્ષ્ય તથા કૃમિના સમૂહથી વ્યાપ્ત થયેલું જુએ છે. કહ્યું છે કે—

**"नवस्रोतःस्रवद्विस्ररसनिस्यन्दपिच्छिले ।
देहेऽपि शौचसंकल्पो महामोहविजृम्भितम् ॥"**

"નવ દ્વારોથી વહેતા દુર્ગન્ધી રસ વડે વ્યાપ્ત શરીરમાં પણ પવિત્રપણાનો વિચાર તે મહામોહની ચેષ્ટા છે."

તેથી કર્મની ઉપાધિથી ઉત્પન્ન થયેલું શરીર બન્ધનું કારણ હોવાથી અહિત કરનાર છે. માટે તેમાં રાગ ન કરવો એ શ્રેયસ્કર છે.

**[1]गजाश्वैर्भूपभवनं विस्मयाय बहिर्दृशः ।
तत्राश्वेभवनात् कोऽपि भेदस्तत्त्वदृशस्तु न ॥६॥**

---

પવિત્ર. वपुः=શરીર. पश्यति=દેખે છે. तत्त्वदृष्टिः=તત્ત્વદષ્ટિવાળો. श्वकाकानां=કાગડા અને કૂતરાઓને. भक्ष्यं=ખાવા યોગ્ય. (અને) कृमिकुलाकुलं=કૃમિના સમૂહ વડે ભરેલું. (જુએ છે.)

૧ गजाश्वैः=હાથી અને ઘોડાવડે સહિત. भूपभवनं=રાજમન્દિર. बहिर्दृशः=બાહ્યદષ્ટિને. विस्मयाय=વિસ્મયને માટે થાય છે. तत्त्वदृशस्तु=તત્ત્વદષ્ટિને તો. तत्र=તેમાં (રાજમન્દિરમાં). अश्वेभवनात्=ઘોડા અને હાથીના વનથી. कोऽपि=કંઈ પણ. भेदः=વિશેષ. न=નથી.

**બાહ્યદષ્ટિને હાથી અને ઘોડા સહિત રાજમન્દિર આશ્ચર્યને માટે થાય છે. પણ તત્ત્વદષ્ટિને તો તે રાજમન્દિરમાં ઘોડા અને હાથીના વનથી કંઈ પણ અન્તર લાગતું નથી તત્ત્વદષ્ટિને ક્યાંય ચમત્કાર નથી. તે તો પુદ્ગલનો વિલાસ માને છે.**

બાહ્યદૃષ્ટિ જીવને હાથી અને ઘોડાથી ભરપૂર રાજાનુ ભવન વિસ્મય પમાડે છે. અને તત્ત્વજ્ઞાનીને તો હાથી અને ઘોડાના વનથી રાજમન્દિરમાં કંઇ પણ અન્તર લાગતું નથી. અનન્ત જ્ઞાનાનન્દના અદ્વૈતરૂપ (એકતારૂપ) આત્માના અનુભવમાં રક્ત થયેલો તત્ત્વજ્ઞાની વનને નગર તુલ્ય જાણે છે.

**[1]भस्मना केशलोचेन वपुर्धृतमलेन वा ।**
**महान्तं बाह्यदृग् वेत्ति चित्साम्राज्येन तत्त्ववित् ॥**

**બાહ્યદષ્ટિ શરીરે રાખ ચોળવાથી, કેશનો લોચ કરવાથી અથવા શરીરે મેલ ધારણ કરવાથી 'આ મહાત્મા છે' એમ જાણે છે. પરન્તુ તત્ત્વદષ્ટિ જ્ઞાનની પ્રભુતાથી મહાન જાણે છે.**

બાહ્યદૃષ્ટિ શરીરે ભસ્મ લગાડવાથી, કેશનું લુંચન કરવાથી કે શરીરે મળ ધારણ કરવાથી મહાનપણું, સાધુપણું કે આચાર્યપણું જાણે છે. પરન્તુ અરૂપી આત્માના

૧ भस्मना=રાખ ચોળવાથી. केशलोचेन=કેશનો લોચ કરવાથી. वा=અથવા. वपुर्धृतमलेन=શરીર ઉપર મેલ ધારણ કરવાથી. बाह्यदृग्=બાહ્યદૃષ્ટિ. महान्तं=મહાત્મારૂપે. वेत्ति=જાણે છે. तत्त्ववित्=તત્ત્વજ્ઞાની. चित्साम्राज्येन=જ્ઞાનની પ્રભુતાથી. (મહાન જાણે છે.)

સ્વરૂપને જાણનાર તત્ત્વજ્ઞાની જ્ઞાનની પૂર્ણતાથી, રત્નત્રયીના પરિણામથી, શુદ્ધ અખંડ આનન્દના સાધનની પ્રવૃત્તિથી, પોતાના ગુણોના પ્રગટ થવાથી મહાત્મા તરીકે જાણે છે. ષોડશકમાં કહ્યું છે કે–

"बालः पश्यति लिङ्गं मध्यमबुद्धिर्विचारयति वृत्तम् ।
आगमतत्त्वं तु बुधः परीक्षते सर्वयत्नेन" ॥१–२॥

બાલ–અજ્ઞાની વેષને જુએ છે, મધ્યમબુદ્ધિ આચારનો વિચાર કરે છે અને પંડિત સર્વ યત્નથી આગમના તત્ત્વની પરીક્ષા કરે છે. ઉત્તરાધ્યયનમાં કહ્યું છે કે–

न वि मुंडिएण समणो न ओंकारेण बंभणो ।
न मुणी रण्णवासेन कुसचीरेण तावसो ॥
समयाए समणो होइ बंभचेरेण बंभणो ।
नाणेण मुणी होइ तवसा होइ तावसो ॥

अध्ययन २५, गा० २९–३१

"માથે મુંડન કરવાથી શ્રમણ કહેવાતો નથી, ઓંકારનો જાપ કરવાથી બ્રાહ્મણ થતો નથી, અરણ્યમાં રહેવાથી મુનિ કહેવાતો નથી અને ડાભના વસ્ત્ર વડે તાપસ થતો નથી.

પરન્તુ સમભાવથી શ્રમણ થાય છે, બ્રહ્મચર્યથી બ્રાહ્મણ કહેવાય છે, જ્ઞાનથી મુનિ અને તપ કરવાથી તાપસ કહેવાય છે."

એથી 'आया सामाइए' 'સામાયિક તે આત્મા છે' ઇત્યાદિ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિમાં કહ્યું છે. તેથી આત્મજ્ઞાન, આત્મામાં રમણ, આત્મામાં સ્થિરતા અને આત્માના અનુભવમાં લીન થયેલા મુનિઓ દીનતા રહિત હોય છે.

[1]न विकाराय विश्वस्योपकारायैव निर्मिताः ।
स्फुरत्कारुण्यपीयूषवृष्टयस्तत्त्वदृष्टयः ॥८॥

સ્ફુરાયમાન કરુણારૂપ અમૃતની વૃષ્ટિ કરનારા તત્ત્વદૃષ્ટિ પુરુષો વિકારને માટે નહિ, પણ વિશ્વના ઉપકારને માટે જ ઉત્પન્ન કરેલા છે.

જે આચાર્યોએ, ગુરુવર્યોએ કે ઉપાધ્યાયોએ ગ્રહણ (તત્ત્વજ્ઞાનરૂપ) શિક્ષા અને આસેવના (પાલન કરવારૂપ) શિક્ષા આપવા વડે આગમનું સૂક્ષ્મ રહસ્ય શીખવીને તત્ત્વદૃષ્ટિ પુરુષો ઉત્પન્ન કર્યા છે, તે વિકાર એટલે રાગ-દ્વેષરૂપ ઉપાધિની વૃદ્ધિ માટે નહિ, પરન્તુ ત્રણ જગતના જીવો ઉપર સદુપદેશ આપવા દ્વારા શુદ્ધ તત્ત્વની પ્રાપ્તિ આદિ ઉપકારને માટે જ ઉત્પન્ન કર્યા છે. જેમ અનાદિ મિથ્યાત્વ અને અસંયમથી ઘેરાયેલા જીવોને તેનાથી મુક્ત કરી સંસાર-સમુદ્રને પાર પહોંચાડવામાં અમે નિર્યામક (નાવિક) છીએ, તેમ બીજા જીવો પણ યથાર્થ જ્ઞાનમાં કુશલ થઇ અન્ય જીવોના ઉપકાર માટે થશે, તેથી એઓને શ્રુતનું રહસ્ય આપવું યોગ્ય છે. વિધિપ્રપામાં કહ્યું છે કે—

"निज्जामओ भवणवुत्तारणसद्धम्मजाणवत्तंमि ।
मोक्खपहसत्थवाहो अन्नाणंधाण चक्खू य ॥

---

૧ स्फुरत्कारुण्यपीयूषवृष्टयः=સ્ફુરાયમાન છે કરુણારૂપ અમૃતની વૃષ્ટિ જેનાથી એવા. तत्त्वदृष्टयः=તત્ત્વની દૃષ્ટિવાળા પુરૂષો. विकाराय=વિકારને માટે. न=નહિ. (પણ) विश्वस्य=જગતના. उपकाराय=ઉપકારને માટે. एव=જ. निर्मिताः=ઉત્પન્ન કરેલા છે.

**अत्ताणाणं ताणं नाहो अनाहाणं भव्वसत्ताणं।**
**तेण तुमं सप्पुरिस! गुरुअगच्छभारे नियुत्तो सि"॥**

"હે સત્પુરૂષ! તું ભવસમુદ્રને તારનાર સદ્ધર્મરૂપ યાનપાત્રને વિષે નિર્યામક (નાવિક), મોક્ષરૂપ માર્ગમાં સાર્થવાહ, અજ્ઞાનથી અન્ધ થયેલા જીવોને ચક્ષુ આપનાર, રક્ષણ રહિત જીવોનું રક્ષણ કરનાર અને અનાથ એવા ભવ્ય જીવોનો નાથ છો, તેથી તને મહાન ગચ્છનો ભાર ઉપાડવામાં નિમેલ છે."

**"भद्दं बहुसुयाणं बहुजणसंदेहपुच्छजिणाणं"**

"ઘણા માણસોના સંદેહો પૂછવા યોગ્ય જેને છે એવા બહુશ્રુતોનું ભદ્ર થાઓ".

બહુશ્રુતાધ્યયનમાં કહ્યું છે કે—

**"समुद्दगंभीरसमा दुरासया अचक्किया केणइ दुप्पहंसगा।**
**सुयस्स पुण्णा विउलस्स ताइणो खवित्तु कम्मं गइमुत्तमं गया"॥**

उत्तरा. अ. ११ गा. ३१

સમુદ્રના સમાન ગંભીર, પરાભવ કરવાની બુદ્ધિથી જેમની પાસે કોઇ પણ ન જઈ શકે તેવા, પરિષહાદિથી ત્રાસ ન પામે તેવા, કોઇથી પણ વાદમાં પરાભવ ન થઇ શકે તેવા, વિશાળ શ્રુતથી પરિપૂર્ણ અને દરેક પ્રાણીનું રક્ષણ કરનારા બહુશ્રુત મુનિઓ કર્મનો ક્ષય કરીને ઉત્તમ ગતિને પામ્યા છે.

એ માટે તત્ત્વદૃષ્ટિપણું હિતકારક છે, અનેક શાસ્ત્રના અભ્યાસથી બહુશ્રુતપણું પ્રાપ્ત થતું નથી, પરન્તુ નિશ્ચિત

સિદ્ધાન્તને જાણનાર બહુશ્રુત કહેવાય છે. સન્મતિમાં કહ્યું છે કે—

**"जो हेउवायपक्खम्मि हेउओ आगमे य आगमिओ।
सो ससमयपण्णवओ सिद्धंतविराहगो अन्नो" ॥**

सन्मति कां. ३ गा. ४५

"જે હેતુવાદના પક્ષમાં હેતુથી અને આગમવાદના વિષયમાં આગમથી પ્રવૃત્તિ કરે છે તે જ સ્વસિદ્ધાન્તની પ્રરૂપણા કરનાર છે, અને તેથી અન્ય સિદ્ધાન્તનો વિરાધક છે."

એમ નય અને પ્રમાણ વડે સ્વસમય અને પરસમયના સારને યથાર્થપણે જાણનારા, સ્વરૂપની પ્રાપ્તિ જ સારભૂત છે જેને એવા અને મોહના પ્રચારને રોકનારા તત્ત્વદૃષ્ટિ ભવ-સમુદ્ર તારવામાં ઉપકાર કરનારી સ્ફુરાયમાન કરુણારૂપ અમૃતની વૃષ્ટિ કરનારા છે. અર્થાત્ જગતના જીવો ઉપર કરુણામૃતની વૃષ્ટિ કરનારા મહાત્માઓ હોય છે. તેઓ વિચારે છે કે 'તત્ત્વથી વિમુખ થયેલા લોકો વિષયમાં રક્ત થઈ આત્માનો કેમ નાશ કરે છે? અરેરે, જૈનાગમ વિદ્યમાન છતાં અને અનન્ત ગુણ અને પર્યાયની સત્તારૂપ આત્મા હોવા છતાં આત્માની ભ્રાન્તિથી સંસારાટવીમાં ભમે છે, માટે અમે ધર્મનું રહસ્ય કહીએ છીએ. એમ જગતમાં ઉપકાર કરવામાં તત્પર તત્ત્વજ્ઞાની મહાત્મા મુનિ સેવા કરવા યોગ્ય છે. માટે હે ભવ્યજીવો! બાહ્યદૃષ્ટિપણાને તજીને અભ્યન્તર તત્ત્વજ્ઞાનમાં રસિક થાઓ.

## ૨૦ सर्वसमृद्धयष्टक

**बाह्यदृष्टिप्रचारेषु मुद्रितेषु महात्मनः ।**
**अन्तरेवावभासन्ते स्फुटाः सर्वाः समृद्धयः ॥१॥**

**બાહ્યદૃષ્ટિના વિષયસંચાર (વિષયપ્રવૃત્તિ) રોકવાથી જ્ઞાનવડે મહાન્ આત્મા જેના છે એવા પુરુષને આત્મામાં જ પ્રગટ થયેલી સર્વ સંપત્તિ અનુભવથી ભાસે છે.**

આત્મિક સંપત્તિ તે સર્વ સમૃદ્ધિ કહેવાય છે. તેમાં જીવ કે અજીવને સમૃદ્ધિ શબ્દથી બોલાવવારૂપ નામ-સમૃદ્ધિ, શક્તિના આરોપરૂપ સ્થાપનાસમૃદ્ધિ, ઇન્દ્ર--ચક્ર-વર્તી વગેરેને ધનધાન્યાદિરૂપ લૌકિક દ્રવ્યસમૃદ્ધિ હોય છે અને લોકોત્તર સમૃદ્ધિ મુનિઓને પ્રગટ થયેલી લબ્ધિરૂપ છે.

**"आमोसहि विप्पोसहि खेलोसहि जल्लमोसही चेव ।**
**संभिन्नसोय उज्जुमई सव्वोसहि चेव बोद्धव्वा ॥**
**चारण आसीविस केवली य मणनाणिणो य पुव्वधरा ।**
**अरिहंत चक्कवट्टी बलदेवा वासुदेवा य ॥"**

आव० नि० गा० ६९–७०.

(૧) જેથી આમર્શ–હસ્તાદિનો સ્પર્શ ઔષધિરૂપ થાય તે આમર્શૌષધિ. જે લબ્ધિ વડે હસ્તાદિના સ્પર્શ-માત્રથી વ્યાધિ દૂર થાય તે આમર્શૌષધિ. આ લબ્ધિ કોઇને

---

૧ बाह्यदृष्टिप्रचारेषु=બાહ્યદૃષ્ટિની પ્રવૃત્તિ. मुद्रितेषु=બન્ધ પડે છે ત્યારે. महात्मनः=મહાત્માને. अन्तरेव=અન્તરમાં જ. स्फुटाः=પ્રગટ થયેલી. सर्वाः=સર્વ. समृद्धयः=સમૃદ્ધિઓ. अवभासन्ते=ભાસે છે.

શરીરના એક ભાગમાં ઉપજે છે અને કોઇને સર્વ શરીરમાં ઉપજે છે. તેથી જ્યારે વ્યાધિને દૂર કરવાની બુદ્ધિથી તે પોતાને અથવા પરને સ્પર્શ કરે છે ત્યારે તેનો રોગ દૂર થાય છે. (૨) વિપ્રુડ્-વિષ્ટા. જેથી મુનિના વિષ્ટા અને મૂત્રના સ્પર્શથી વ્યાધિ દૂર થાય તે વિપ્રુડૌષધિ. (૩) જેથી મુનિના ખેલકફના સ્પર્શથી રોગો નાશ પામે તે ખેલૌષધિ. (૪) જે લબ્ધિથી મહાત્માના જલ્લ-મળના સ્પર્શથી રોગો નાશ પામે તે જલ્લૌષધિ. (૫) જેથી એક એક ઇન્દ્રિયો સર્વ ઇન્દ્રિયોના વિષયોને જાણે, અથવા શરીરના સર્વ અવયવો વડે સાંભળે તે સંભિન્નશ્રોતોલબ્ધિ. (૬) જેથી બીજાએ ચિંતવેલા ઘટાદિ પદાર્થોને સામાન્યરૂપે જાણે તે ઋજુમતિ. (૭) જેથી સર્વ વિષ્ટા, મૂત્ર, નખ, કેશ વગેરે બધાં વ્યાધિને દૂર કરવામાં સમર્થ હોય તે સર્વૌષધિ. (૮) જેથી આકાશમાં અત્યન્ત ગમન કરવાની શક્તિ પ્રાપ્ત થાય તે ચારણલબ્ધિ. તેના બે ભેદ છે-જંઘાચારણ અને વિદ્યાચારણ. ચારિત્ર અને તપ વિશેષના પ્રભાવથી અતિશય ગમન-આગમન કરવાની લબ્ધિ તે જંઘાચારણ. અને વિદ્યાના પ્રભાવથી ગમન-આગમન કરવાની શક્તિ તે વિદ્યાચારણ. તેમાં જંઘાચારણ કોઈ પણ સ્થળે જવું હોય ત્યારે સૂર્યના કિરણોને પણ અવલંબીને જાય છે. વિદ્યાચારણ પણ એમ જઇ શકે છે. ચારણલબ્ધિ અનેક પ્રકારની છે. ચારણલબ્ધિવાળા કેટલાએક પર્યંકાસને અથવા કાયોત્સર્ગ અવસ્થામાં આકાશમાં ગમન કરે છે. કેટલાએક વાવ, નદી અને સમુદ્રાદિમાં પાણી ઉપર ભૂમિ ઉપર ચાલે તેમ ચાલે છે. કેટલાએક અગ્નિશિખા, ધૂમ, ચન્દ્ર અને સૂર્યનાં કિરણોને અવલંબી ગતિ કરે છે. (૯)

જેની આશી–દાઢ વગેરેમાં વિષ હોય છે તે આશીવિષ સાપ, વીંછી ઇત્યાદિ કહેવાય છે. તપશ્ચર્યા વગેરેથી ઉપજેલી જે લબ્ધિથી શાપ આદિ વડે બીજાનો નાશ કરે તે આશીવિષ-લબ્ધિકહેવાય છે. (૧૦) કેવલજ્ઞાનાવરણ કર્મના ક્ષયથી ત્રિકાલવર્તી સર્વ પદાર્થોને જાણવાની શક્તિ તે કેવલજ્ઞાન. (૧૧) જેથી પરના મનોગત ભાવો વિશેષરૂપે જાણવાની શક્તિ તે (વિપુલમતિ) મનઃપર્યવજ્ઞાન. (૧૨) દશ પૂર્વો કે ચૌદ પૂર્વને જાણનારને પૂર્વધરલબ્ધિ હોય છે. (૧૩) અરિહંત-પણું. (૧૪) ચક્રવર્તીપણું. (૧૫) બલદેવપણું. (૧૬) વાસુદેવ-પણું. તેમાં વાસુદેવપણું, ચક્રવર્તીપણું અને તીર્થંકરપણું એ ઋદ્ધિ છે અને આમર્શૌષધિ વગેરે લબ્ધિઓ છે.

ઇત્યાદિ લબ્ધિઓ ઋદ્ધિરૂપ છે. તેમાં કેવલજ્ઞાનાદિ લબ્ધિઓ લોકોત્તર ભાવઋદ્ધિ છે. સમ્યક્પ્રકારે ઋદ્ધિ તે સમૃદ્ધિ. અહીં સાધન નિરપેક્ષ આત્મસંપત્તિમાં મગ્ન થયેલા મહાત્માઓને તન્મયપણે અનુભવવા યોગ્ય સમૃદ્ધિનું સ્વરૂપ બતાવવાનો અવસર છે.

નયો પ્રસ્થકના દૃષ્ટાન્તાદિની ભાવનાથી જાણવા. જેમ પ્રસ્થક–એ જાતનું માપ બનાવવાના સંકલ્પથી 'લાકડું' લેવા જનાર 'પ્રસ્થ માટે જાય છે' એમ કહેવાય છે એ નૈગમ નય છે સમૃદ્ધિના કારણોમાં, તેને યોગ્ય પુરુષોમાં, તેને મેળવવાને તત્પર થયેલા તપસ્વીઓમાં પ્રથમના નૈગમાદિ ચાર નયો જાણવા. સાપેક્ષ અને સ્વાભાવિક ઉત્સર્ગરૂપ તેના ગુણોમાં છેલ્લા શબ્દાદિ ત્રણ નયો જાણવા. તેમાં પ્રથમ આત્મામાં સમૃદ્ધિની પૂર્ણતા જે પ્રકારે ભાસે છે તે પ્રકારે કહે છે—

વિષયમાં પ્રવૃત્તિરૂપ બાહ્ય દૃષ્ટિના વિસ્તારને રોકવામાં આવે છે ત્યારે સ્વરૂપ અને પરરૂપના ભેદજ્ઞાનપૂર્વક શુદ્ધ આત્માના અનુભવમાં લીન થયેલા મહાત્માઓને પ્રગટ થયેલી સર્વ સમૃદ્ધિ આત્માની અંદર જ ભાસે છે. જેમકે 'હું આનન્દસ્વરૂપ, નિર્મલ, અખંડ, સર્વ પ્રકાશક જ્ઞાનવાળો અને અક્ષય અનન્ત પર્યાયની સંપત્તિને યોગ્ય છું, ઇન્દ્રાદિની ઋદ્ધિ તો માત્ર ઔપચારિક છે', એમ સ્વસત્તાના જ્ઞાનના ઉપયોગવાળા મહાત્માને પોતાના આત્મામાં સર્વ સમૃદ્ધિ ભાસે છે. ઇન્દ્રિયોની વિષયમાં પ્રવૃત્તિથી અસ્થિર ઉપયોગવાળા પુરુષોને કર્મના આવરણથી ઢંકાયેલી આત્માની સંપત્તિ જણાતી નથી. તેથી ઉપયોગની બાહ્ય વિષયમાં પ્રવૃત્તિ કરવા યોગ્ય નથી.

**समाधिर्नन्दनं धैर्यं दम्भोलिः समता शची।**
**ज्ञानं महाविमानं च वासवश्रीरियं मुनेः॥२॥**

**ધ્યાતા, ધ્યાન અને ધ્યેયની એકતારૂપ સમાધિ તે જ નન્દનવન છે, જેનાથી પરિષહરૂપ પર્વતની પાંખ છેદાય એવું ધૈર્યરૂપ વજ્ર છે, સમતા-મધ્યસ્થ પરિણતિ એ જ ઇન્દ્રાણી છે અને સ્વરૂપના બોધરૂપ જ્ઞાન એ જ મહાવિમાન છે, એમ મુનિને આવી ઇન્દ્રની લક્ષ્મી છે.**

સ્વરૂપજ્ઞાનના અનુભવમાં લીન થયેલા મુનિને ઇન્દ્રની

---

૧ समाधिः=સમાધિરૂપ. नन्दनं=નન્દન વન. धैर्यं=ધૈર્યરૂપ. दम्भोलिः=વજ્ર. समता=સમભાવ રૂપ. शची=ઇન્દ્રાણી. च=અને. ज्ञानं=સ્વરૂપના અવબોધરૂપ. महाविमानं=મોટું વિમાન. इयं=આ. वासवश्रीः=ઇન્દ્રની લક્ષ્મી. मुनेः=મુનિને છે.

લક્ષ્મી હોય છે. અહીં પવિત્ર રત્નત્રયીના આધારભૂત મુનિ-રૂપ ઇન્દ્રને ધ્યાતા, ધ્યાન અને ધ્યેયની એકતાથી નિર્વિકલ્પ આનન્દરૂપ સમાધિ જ નન્દનવન છે. જેમ ઇન્દ્રને નન્દન વનની ક્રીડા સુખનું કારણ છે, તેમ સાધુને સમાધિની ક્રીડા સુખનું કારણ છે. તેમાં ઇન્દ્રની નન્દનવનની ક્રીડા ઔપાધિક સુખરૂપ છે અને મુનિની સમાધિની ક્રીડા આત્મિક સુખરૂપ છે—એમ બન્નેમાં મોટો ભેદ છે, તે અધ્યાત્મભાવનાથી જાણવા યોગ્ય છે. ઔદયિક ભાવથી ક્ષોભ નહિ પામવાથી વીર્યની સ્થિરતારૂપ મુનિનું ધૈર્ય તે જ વજ્ર છે. ઇષ્ટ અને અનિષ્ટ સંયોગોમાં સમભાવ રાગ–દ્વેષરહિતપણું એ સમતા છે. કાંકરા અને ચિન્તામણિરૂપે પરિણમેલા બધા ય પુદ્ગલો છે, તેમજ ભક્તપણે અને અભક્તપણે પરિણામ પામેલા જીવો છે. તે બધા મારા નથી, મારાથી ભિન્ન છે, તેઓમાં રાગ–દ્વેષની પરિણતિ શી કરવી ? એવા વિચારથી સમ-પરિણતિરૂપ સમતા તે જ ઇન્દ્રાણી છે. સ્વ–પર ભાવનું યથાર્થ અવબોધરૂપ જ્ઞાન તે જ મહા વિમાન છે. ઇત્યાદિ પરિવારયુક્ત મુનિ ઇન્દ્રના જેવા છે. યોગશાસ્ત્રમાં કહ્યું છે કે–

"पुंसामयत्नलभ्यं ज्ञानवतामव्ययं पदं नूनम् ।
यद्यात्मन्यात्मज्ञानमात्रमेते समीहन्ते ॥
श्रयते सुवर्णभावं सिद्धिरसस्पर्शतो यथा लोहम् ।
आत्मध्यानादात्मा परमात्मत्वं तथाऽऽप्नोति" ॥

योग० प्र० १२ श्लो० ११–१२

જે જ્ઞાનવાળા પુરુષને યત્ન સિવાય પ્રાપ્ત થવા યોગ્ય અવિનાશી પદ–પરમાત્મસ્વરૂપ તે ખરેખર આત્માને વિષે

માત્ર આત્મજ્ઞાન છે, અને તેને યોગીઓ ઇચ્છે છે.

જેમ સિદ્ધિરસના સ્પર્શથી લોઢું સુવર્ણ થાય છે તેમ આત્મા આત્મધ્યાનથી પરમાત્મા થાય છે.

**विंस्तारितक्रियाज्ञानचर्मच्छत्रो निवारयन्।**
**मोहम्लेच्छमहावृष्टिं चक्रवर्ती न किं मुनिः?॥३॥**

યોગપરિણતિરૂપ ક્રિયા અને ઉપયોગ પરિણતિરૂપ જ્ઞાન, તે રૂપ ચર્મરત્ન અને છત્રરત્ન જેણે વિસ્તારેલ છે એવા, અને તેથી મોહરૂપ મ્લેચ્છ-ઉત્તરખંડના યવનોએ પ્રેરેલા મિથ્યાત્વ દૈત્યોએ કરેલી કુવાસનારૂપ મોટી વૃષ્ટિનું નિવારણ કરતા મુનિ શું ચક્રવર્તી નથી?

સમસ્ત આસ્રવોને તજીને દ્રવ્ય અને ભાવ સંવરમાં રક્ત થયેલા, જેમણે ક્રિયા અને જ્ઞાનરૂપ ચર્મરત્ન અને છત્રરત્ન વિસ્તારેલ છે એવા એટલે સત્ક્રિયામાં ઉદ્યમવંત અને સમ્યગ્જ્ઞાનના ઉપયોગવાળા, ઉત્તરખંડના યવનોએ પ્રેરેલા દૈત્યોએ કરેલી વૃષ્ટિનું નિવારણ કરતા ચક્રવર્તીના જેવા, મોહથી પ્રેરાયેલા મિથ્યાત્વે વિસ્તારેલી કુવાસનાના સમૂહને શુદ્ધ સમ્યગ્દર્શન વડે નિવારતા મુનિ ભાવચક્રવર્તી છે.

**नवब्रह्मसुधाकुण्डनिष्ठाधिष्ठायको मुनिः।**

---

૧ विस्तारितक्रियाज्ञानचर्मच्छत्रः=ક્રિયા અને જ્ઞાનરૂપ ચર્મરત્ન અને છત્રરત્ન જેણે વિસ્તારેલ છે એવા. मोहम्लेच्छमहावृष्टिं=મોહરૂપ મ્લેચ્છોએ કરેલી મહાવૃષ્ટિને. निवारयन्=નિવારતા. मुनिः=સાધુ. चक्रवर्ती=ચક્રવર્તી. किं=શું. न=નથી.

૨ नवब्रह्मसुधाकुण्डनिष्ठाधिष्ठायकः=નવ પ્રકારના બ્રહ્મચર્યરૂપ

**नागलोकेशवद् भाति क्षमां रक्षन् प्रयत्नतः ॥४॥**

નવ પ્રકારના બ્રહ્મચર્યરૂપ અમૃતકુંડની સ્થિતિના સામર્થ્યથી સ્વામી અને યત્નથી ક્ષમા-સહિષ્ણુતા રાખતા મુનિ નાગલોકના સ્વામીની પેઠે શોભે છે. જે બીજો નાગલોકનો સ્વામી ઉરગપતિ (શેષનાગ) છે તે ક્ષમા-પૃથ્વીને ધારણ કરતો શોભે છે.

ભેદજ્ઞાનથી જેણે આત્માનું ધ્યાન કરેલું છે એવા મુનિ ક્ષમા-શાસ્ત્રને અનુસરી ક્રોધના અભાવની પરિણતિને રાખતા, (ક્ષમા) પૃથિવીને ધારણ કરતા નાગલોકના સ્વામીની પેઠે શોભે છે. અહીં શેષનાગ પૃથિવીને ધારણ કરે છે, તે લૌકિક ઉપચારથી જાણવું. કારણ કે રત્નપ્રભાદિ પૃથિવીને કોઈએ ધારણ કરી નથી. ઉપમા તો તેનું મહત્ત્વ જણાવવા કે સામર્થ્ય જણાવવા માટે છે. વળી તે મુનિ નવીન બ્રહ્મજ્ઞાનરૂપ અમૃતના કુંડની સ્થિતિના સ્વામી છે. તેથી તેઓ તત્ત્વજ્ઞાનામૃતના કુંડની સ્થિરતાના રક્ષણ કરનારા છે એમ જણાવ્યું.

**मुनिरध्यात्मकैलाशे विवेकवृषभस्थितः ।**
**शोभते विरतिज्ञप्तिगङ्गागौरीयुतः शिवः ॥५॥**

---

અમૃતના કુંડની સ્થિતિના સ્વામી. मुनिः=સાધુ. प्रयत्नतः=સામર્થ્યથી. क्षमां=સહિષ્ણુતાને (પૃથિવીને). रक्षन्=ધારણ કરતા. नागलोकेशवद्=શેષનાગની પેઠે. भाति=શોભે છે.

૧ मुनिः=મુનિ. अध्यात्मकैलाशे=અધ્યાત્મરૂપ કૈલાસને વિષે. विवेकवृषभस्थितः=વિવેકરૂપ વૃષભ ઉપર બેઠેલા. विरतिज्ञप्तिगङ्गागौरीयुतः=ચારિત્રકલા અને જ્ઞાનકલારૂપ ગંગા અને પાર્વતી સહિત. शिवः=મહાદેવની પેઠે. शोभते=શોભે છે.

મુનિ અધ્યાત્મરૂપ કૈલાસને વિષે સદ્-અસદ્‌ના નિર્ણયરૂપ વિવેકવૃષભ ઉપર બેઠેલા તથા વિરતિ-ચારિત્રકલા અને જ્ઞપ્તિ-જ્ઞાનકલારૂપ ગંગા અને પાર્વતીસહિત મહાદેવની પેઠે શોભે છે.

અહીં આ સાથેના ત્રણ શ્લોકમાં મહાદેવ, કૃષ્ણ અને બ્રહ્માની ઉપમા આપી છે તે ઔપચારિક છે. કારણ કે કૈલાસમાં રહેલા, ગંગાથી સુશોભિત અને સૃષ્ટિના કર્તા તેઓ નથી, પરન્તુ આ માત્ર લોકોક્તિ છે. તેથી શ્લેષાલંકાર માટે આ વાક્યરચના છે તે સાચી નથી. મુનિ અધ્યાત્મ-આત્મસ્વરૂપની એકતારૂપ કૈલાસમાં વિવેક-સ્વપરના ભેદજ્ઞાનરૂપ વૃષભ ઉપર બેસી વિરતિ-ચારિત્રની કલા, આસ્રવના ત્યાગરૂપ ગંગા અને જ્ઞપ્તિ-જ્ઞાનકલા, શુદ્ધ ઉપયોગરૂપ પાર્વતી સહિત શિવ સમાન શોભે છે. શંકર અને ગંગાનું સહચારીપણું વિદ્યાધરપણામાં પાર્વતીના મનને ખુશ કરવા માટે વૈક્રિય શરીર કરવાના સમયે જાણવું.

**ज्ञानदर्शचन्द्रार्कनेत्रस्य नरकच्छिदः।**
**सुखसागरमग्नस्य किं न्यूनं योगिनो हरेः ॥६॥**

જ્ઞાન-વિશેષ બોધરૂપ અને દર્શન-સામાન્ય બોધરૂપ ચન્દ્રમા અને સૂર્ય જેનાં નેત્ર છે એવા, નરકગતિનો નાશ કરનારા અને સુખરૂપ સમુદ્રમાં મગ્ન થયેલા યોગીને કૃષ્ણ કરતાં શું ઓછું છે? કંઈ પણ ન્યૂન નથી.

---

૧ ज्ञानदर्शनचन्द्रार्कनेत्रस्य=જ્ઞાન-દર્શનરૂપ ચન્દ્ર અને સૂર્ય જેનાં નેત્ર છે એવા. नरकच्छिदः=નરકગતિનો નાશ કરનારા. (નરકાસુરનો નાશ કરનારા). सुखसागरमग्नस्य=સુખરૂપ સમુદ્રમાં મગ્ન થયેલા. योगिनः=યોગીને. हरेः=કૃષ્ણ કરતાં. किं=શું. न्यूनं=ઓછું છે.

રત્નત્રયીરૂપે પરિણમેલા યોગીને કૃષ્ણ કરતાં શું ઓછું છે? અર્થાત્ યોગી કૃષ્ણ સમાન છે. સામાન્ય અને વિશેષ-રૂપ વસ્તુમાં વિશેષના બોધરૂપ જ્ઞાન અને સામાન્યના બોધરૂપ દર્શન, તે રૂપ ચન્દ્ર-સૂર્ય જેનાં નેત્રો છે એવા યોગી છે અને કૃષ્ણના ચન્દ્ર અને સૂર્ય એ બન્ને નેત્રો છે એવી લોકોક્તિ છે. યોગી નરકગતિનું નિવારણ કરનારા છે અને કૃષ્ણ નરકાસુરનો નાશ કરનારા છે. યોગી સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રની એકતારૂપ સમાધિથી ઉત્પન્ન થયેલા આત્મિક સુખમાં મગ્ન છે અને કૃષ્ણ ઇન્દ્રિયજન્ય સુખની લીલાના સમુદ્રમાં મગ્ન છે. અથવા કૃષ્ણ સમુદ્રમાં શયન કરતા હોવાથી સાગરમાં મગ્ન છે. માટે આધ્યાત્મિક સુખની પરિણતિના ભાજન સાધુ કૃષ્ણથી કોઈ પણ રીતે ઉતરતા નથી.

**या[1] सृष्टिर्ब्रह्मणो बाह्या बाह्यापेक्षावलम्बिनी ।**
**मुनेः परानपेक्षाऽन्तर्गुणसृष्टिः ततोऽधिका ॥७॥**

જે બ્રહ્માની સૃષ્ટિ બાહ્ય પ્રપંચગોચર (બાહ્ય જગત્-સંબન્ધી) અને બાહ્ય કારણની અપેક્ષાને અવલમ્બે છે અને મુનિની અંતરંગ ગુણની સૃષ્ટિ-રચના પરની અપેક્ષા રહિત છે, તેથી તે બ્રહ્માની સૃષ્ટિથી અધિક છે. અહીં ઉપમાનથી ઉપમેય અધિક છે.

---

૧ या=જે. ब्रह्मणः=બ્રહ્માની. सृष्टिः=સૃષ્ટિ છે. (તે) बाह्या=બાહ્ય જગતરૂપ. (અને) बाह्यापेक्षावलम्बिनी=બાહ્ય કારણની અપેક્ષા રાખનારી છે. मुनेः=મુનિની. अन्तर्गुणसृष्टिः=અંતરંગ ગુણની સૃષ્ટિ. परानपेक्षा=બીજાની અપેક્ષા રહિત (છે.) ततः=તેથી. अधिका=અધિક છે.

જે વિધાતાની સૃષ્ટિની રચના બાહ્ય—લોકોક્તિરૂપ અસત્ય છે અને બાહ્ય કારણની અપેક્ષા રાખનારી છે. સ્વરૂપસાધનની સિદ્ધિમાં મગ્ન થયેલા મુનિની આત્મામાં વ્યાપકરૂપ ગુણોની સૃષ્ટિ એટલે ગુણોના પ્રગટભાવની પ્રવૃત્તિની પરિણતિરૂપ છે તે બાહ્યભાવથી અધિક છે અને પરની અપેક્ષા રહિત છે. અર્થાત્ પરાશ્રયના આલમ્બનથી રહિત અને સ્વરૂપનું અવલંબન કરવામાં તત્પર મુનિના ગુણની રચના છે. તેથી તે બાહ્યસૃષ્ટિથી અધિક છે.

**रत्नैस्त्रिभिः पवित्रा या स्रोतोभिरिव जाह्नवी।**
**सिद्धयोगस्य साऽप्यर्हत्पदवी न दवीयसी ॥८॥**

ત્રણ પ્રવાહ વડે પવિત્ર ગંગા નદીની જેમ ત્રણ રત્નો વડે પવિત્ર અરિહંતની પદવી પણ સિદ્ધયોગવાળા સાધુને અતિ દૂર નથી. કારણ કે સિદ્ધયોગને સમાપત્તિ આદિના ભેદે તીર્થંકરનું દર્શન થાય છે એમ કહ્યું છે—

**गुरुभक्तिप्रभावेन तीर्थकृद्दर्शनं मतम् ।**
**समापत्त्यादिभेदेन निर्वाणैकनिबन्धनम् ॥**

योगदृष्टि०

ગુરુભક્તિના પ્રભાવથી સમાપત્તિ આદિ ધ્યાનના ભેદે કરીને તીર્થંકરનું દર્શન થાય છે એમ માનેલું છે. આદિ શબ્દથી તીર્થંકરનામકર્મનો બન્ધ થવાથી તેના ઉદયે

---

૧ इव=જેમ. त्रिभिः=ત્રણ. स्रोतोभिः=પ્રવાહો વડે. पवित्रा=પવિત્ર. जाह्नवी=ગંગા છે.(તેમ) त्रिभिः रत्नैः=ત્રણ રત્નો વડે. पवित्रा=પવિત્ર. सा=તે. अर्हत्पदवी=તીર્થંકરપદવી. अपि=પણ. दवीयसी=અત્યન્ત દૂર. न=નથી.

**તીર્થંકર પદની પ્રાપ્તિ થાય તે પણ ગ્રહણ કરવું. તે નિર્વાણનું મુખ્ય કારણ છે.**

અષ્ટાંગ યોગના સાધનમાં સિદ્ધ થયેલા મુનિને અનન્ત જ્ઞાનાદિ ચતુષ્ટયરૂપ અને આઠ મહાપ્રાતિહાર્ય સહિત, જગતમાં ધર્મનો ઉપકાર કરનારી અરિહંતની પદવી પણ અતિ દૂર નથી. જેમ ગંગા ત્રણ પ્રવાહ વડે પવિત્ર છે તેમ અરિહંતની પદવી સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ત્રણ રત્ન વડે પવિત્ર છે. ત્રણ લોકને ઉપદેશ દ્વારા અદ્ભુત પરમાર્થનો લાભ કરાવનાર ઇત્યાદિ અતિશય યુક્ત અરિહંતની પદવી પણ યથાર્થ માર્ગને પ્રાપ્ત થયેલા સાધક પુરુષને અતિ દૂર નથી, પરન્તુ નજીક જ છે. તેથી કર્મની ઉપાધિથી થયેલ બધા વિભાવોને છોડીને પોતાના ત્રણ રત્નની સાધના કર્તવ્ય છે, જેથી સર્વ સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે.

## ૨૧ कर्मविपाकचिन्तनाष्टक

**दुःखं प्राप्य न दीनः स्यात् सुखं प्राप्य च विस्मितः।**
**मुनिः कर्मविपाकस्य जानन् परवशं जगत् ॥१॥**

**મુનિ કર્મના શુભાશુભ પરિણામને પરવશ થયેલા જગતને જાણતા દુઃખ પામીને દીન ન થાય અને સુખ પામીને વિસ્મયવાળા ન થાય.**

૧ मुनिः=સાધુ. कर्मविपाकस्य=કર્મના વિપાકને. परवशं=પરાધીન થયેલા. जगत्=જગતને. जानन्=જાણતા. दुःखं=દુઃખને. प्राप्य=પામીને. दीनः=દીન. न स्यात्=ન થાય. च=અને. सुखं=સુખને. प्राप्य=પામીને. विस्मितः=વિસ્મયયુક્ત. (ન થાય)

હવે અવસર પ્રાપ્ત થયો હોવાથી નિર્ગ્રન્થપણાના સાધનની ભાવના માટે સમભાવની પ્રાપ્તિમાં સાધનભૂત કર્મવિપાકચિન્તનાષ્ટક કહેવામાં આવે છે. તેમાં મિથ્યાત્વાદિ હેતુઓદ્વારા જીવ વડે જે કરાય તે જ્ઞાનાવરણાદિ કર્મ છે. અહીં કર્મની સત્તાને નહિ માનતો કોઇ એક એમ કહે છે કે–કર્મ નથી, કારણ કે તે પ્રત્યક્ષ અને અનુમાનાદિ પ્રમાણથી જણાતું નથી. વળી કર્મ પ્રત્યક્ષ નથી, કારણ કે તે ઇન્દ્રિયોનો વિષય થતું નથી. તેમ અનુમાનથી પણ જાણી શકાતું નથી. કારણ કે અનુમાન પ્રત્યક્ષને આધીન છે. ધૂમાદિ લિંગ (હેતુ) સહિત અગ્નિ રસોડા વગેરેમાં જોયા પછી તર્કથી વ્યાપ્તિજ્ઞાન થયે પર્વતાદિને વિશે ધૂમાદિને જોવાથી વ્યાપ્તિના સ્મરણપૂર્વક અગ્નિ વગેરેના અનુમાનનો સંભવ છે. કર્મનું અનુમાન કરાવનાર તેવા પ્રકારનો હેતુ નથી, માટે કર્મ અનુમાનથી પણ જાણી શકાય તેમ નથી. ઉપમા તો પ્રત્યક્ષ સ્વભાવવાળી છે. માટે ઉપમાન પ્રમાણથી પણ જાણી શકાય નહિ. આગમ પરસ્પર ભિન્ન ભિન્ન વાકયોવાળું છે, તેથી કર્મનો નિર્ણય થઈ શકે તેમ નથી. તેથી કર્મની સત્તા નથી. ઇત્યાદિ અનેક યુક્તિના સમૂહનું પ્રતિપાદન કરનારને આચાર્ય કહે છે કે કર્મ સર્વજ્ઞોને પ્રત્યક્ષ છે. બીજાને પણ કાર્યથી કારણના અનુમાન વડે કર્મ જણાય છે. પ્રત્યક્ષ સુખદુઃખનો અનુભવ થાય છે. તો તેનું કારણ હોવું જોઇએ. અંકુરની પેઠે. જેમ અંકુર પ્રત્યક્ષ દેખાય છે, તો તેનું કારણ બીજ હોવું જોઇએ. જો સર્વજ્ઞને કર્મ પ્રત્યક્ષ છે, તો મને પ્રત્યક્ષ કેમ જણાતું નથી ? તેનો ઉત્તર એ છે કે એકને પ્રત્યક્ષ છે તેથી બીજાને પણ પ્રત્યક્ષ

થવું જ જોઇએ એવો નિયમ નથી. સિંહ શરભ (અષ્ટાપદ) સર્વ લોકને પ્રત્યક્ષ નથી, તો પણ લોકમાં ડાહ્યા માણુસો તેને પ્રત્યક્ષ માને છે, માટે સર્વજ્ઞોને પ્રત્યક્ષ જણાતાં જ્ઞાનાવરણીયાદિ કર્મ દરેક પ્રાણીને પ્રસિદ્ધ સુખદુઃખનું કારણ છે. જેમ અંકુર કાર્ય હોવાથી બીજ તેનું કારણ છે. તેમ અહીં સુખ–દુઃખનું જે કારણ છે તે કર્મ છે. કદાચ તું એમ કહે કે પુષ્પમાલા, ચન્દન, સ્ત્રી વગેરે તથા વિષ–કંટક વગેરે પ્રત્યક્ષ જ સુખ–દુઃખનાં કારણ છે, તો અદૃષ્ટ કર્મને સુખદુઃખનું કારણ માનવાનું શું પ્રયોજન છે? આ કથન અયુક્ત છે. કારણ કે સુખદુઃખના કારણ અનિયત છે. જે એકને સુખનું કારણ થાય છે તે બીજાને દુઃખનું કારણ થાય છે. ઇષ્ટ શબ્દાદિ વિષયરૂપ સમાન સુખના સાધનવાળા અને અનિષ્ટ શબ્દાદિ વિષયરૂપ સમાન દુઃખના સાધનવાળા બે જીવોમાં કે ઘણા જીવોમાં સુખ–દુઃખના અનુભવરૂપ ફળની વિશેષતા જણાય છે. તે અદૃષ્ટ કર્મરૂપ હેતુ સિવાય ઘટી શકતી નથી. માટે સુખદુઃખની વિશેષતાના કારણભૂત કર્મનો સ્વીકાર કરવો જોઇએ. વિશેષાવશ્યક ભાષ્યમાં અન્ય અનુમાન પણ કહ્યું છે—

"किरियाफलभावाओ दाणाईणं फलं किसीए व्व।
तं च दाणाइफलं मणप्पसायाई जइ बुद्धी॥
किरियासामन्नाओ जं फलमस्सावि तं मयं कम्मं।
तस्स परिणामरूवं सुहदुक्खफलं जओ जुज्जो॥"

गा० १६१५-१६१६

"જેમ કૃષિનું ફળ ધાન્યની પ્રાપ્તિ છે તેમ દાનાદિ ક્રિયાનું ફળ હોવું જોઇએ. કારણ કે બધી ક્રિયા ફળવાળી છે. તે દાનાદિ ક્રિયાનું ફળ કર્મ છે. જો તું એમ માને કે 'દાનાદિ ક્રિયાનું ફળ મનની પ્રસન્નતા આદિ છે, પરન્તુ અદષ્ટ કર્મરૂપ ફળ માનવાની જરૂર નથી,' તો મનની પ્રસન્નતા વગેરે પણ ક્રિયારૂપ હોવાથી તેનું ફળ પણ માનવું જોઇએ. તેનું જે ફળ છે તે કર્મ છે. જેથી તે કર્મના પરિણામરૂપ સુખ-દુઃખ ફળ વારંવાર અનુભવાય છે" ઇત્યાદિ અગ્નિભૂતિના વાદસ્થળે જાણવું.

તેમાં નામ અને સ્થાપના સુગમ છે. બંધાયેલા અને બંધાતા કર્મવર્ગણાના સત્તામાં રહેલા પુદ્ગલો અથવા કર્મબન્ધનાં કારણો તે દ્રવ્યકર્મ. જ્ઞાનાવરણાદિ વિપાકને પ્રાપ્ત થયેલા, ગુણને રોકવા આદિ પોતાના કાર્યરૂપે પરિણમેલા પુદ્ગલો તે ભાવકર્મ.

નૈગમનયથી મિથ્યાત્વાદિ બન્ધહેતુને ઉત્પન્ન કરનાર અન્યદર્શનીનો પરિચય, પ્રશંસા વગેરે કર્મ કહેવાય છે. સંગ્રહનયથી કર્મબન્ધની યોગ્યતા સહિત જીવ અને પુદ્ગલો કર્મ કહેવાય છે. વ્યવહારનયથી ગ્રહણ કરાતી કાર્મણવર્ગણાનો સમુદાય અને હિંસા વગેરે કર્મ કહેવાય છે. ઋજુસૂત્રનયથી બન્ધના હેતુરૂપે પરિણમેલા અથવા સત્તામાં રહેલા કર્મના પુદ્ગલો, શબ્દનયથી ઉદિત થયેલા, ઉદીરણા પૂર્વક વિપાકને પ્રાપ્ત થયેલા પુદ્ગલો, સમભિરૂઢનયથી જ્ઞાનાદિ અનન્ત ગુણોમાં જે ગુણોનો રોધ થાય છે તેનું આવરણ કરનારા પુદ્ગલો, અને એવંભૂત-

નયથી પોતાના કર્તાપણા, ગ્રાહકપણા, ભોક્તાપણા અને વ્યાપકતારૂપે કર્મના કાર્ય કરવામાં પ્રવૃત્ત થયેલા પુદ્ગલો એ કર્મ કહેવાય છે. સિદ્ધસેનગણી કહે છે કે "શબ્દ-નયથી કર્મનું કર્તાપણું, સમભિરૂઢનયથી ભોક્તાપણું અને વ્યાપકપણું, અને એવંભૂતનયથી ગુણોનું આવરણ કરવાપણું છે ઇત્યાદિ ભાવના કરવી. તેમાં વિપાકને પ્રાપ્ત થયેલા શુભાશુભ કર્મમાં મધ્યસ્થપણું કરવા યોગ્ય છે, તેને માટે આ ઉપદેશ છે.

તત્ત્વરસિક મુનિ અસાતાદિ દુઃખને પામીને દીન ન થાય. પોતે કરેલાં કર્મ ભોગવવાના સમયે દીનતા શી કરવી? કર્મ કરતી વખતે વગર વિચારે કરવાથી આવા પ્રકારનો વિપાક પ્રાપ્ત થયો છે. એવી રીતે સાતાદિ, રાજ્ય અને ઐશ્વર્યાદિના સુખને પામી વિસ્મય ન પામે. પોતાના ગુણોને આવરણ કરનારા શુભ કર્મના ઉદયમાં શો વિસ્મય? 'કર્મના શુભ અને અશુભ ઉદયને પરવશ થયેલું જગત છે, બધું જગત કર્મને આધીન છે' એમ જાણતો તત્ત્વ-જ્ઞાની કર્મના વિપાકની ઉપેક્ષા કરીને તત્ત્વના સાધનમાં પુરુષાર્થ કરે છે.

**येषां भ्रूभङ्गमात्रेण भज्यन्ते पर्वता अपि ।**
**तैरहो कर्मवैषम्ये भूपैर्भिक्षाऽपि नाप्यते ॥२॥**

---

१ येषां=જેઓના. भ्रूभङ्गमात्रेण=ભ્રકુટીના ચાલવા માત્રથી. पर्वताः=પર્વતો. अपि=પણ. भज्यन्ते=તૂટી પડે છે. तैः=તે. भूपैः=રાજાઓએ. कर्मवैषम्ये=કર્મની વિષમ દશા પ્રાપ્ત થયે. अहो=આશ્ચર્ય છે કે. भिक्षाऽपि=ભિક્ષા પણ. न आप्यते=મેળવી શકાતી નથી.

**જેઓની ભૃકુટીના ભંગમાત્રથી (ભમરના ચાલવાથી) પર્વતો પણ ભાંગી જાય છે તેવા બલવાન રાજાઓ પણ કર્મની વિષમતા આવી પડે છે ત્યારે ભિક્ષા પણ મેળવી શકતા નથી એ આશ્ચર્ય છે.**

જેઓની ભૃકુટીના ચાલવામાત્રથી મોટા પર્વતો પણ તૂટી પડે છે તે રાજાઓ પણ કર્મના ઉદયથી દુઃખી અવસ્થાને પ્રાપ્ત થાય છે ત્યારે ભિક્ષા પણ મેળવી શકતા નથી. માટે કર્મના શુભાશુભ વિપાકનું વિચિત્રપણું છે.

**जातिचातुर्यहीनोऽपि कर्मण्यभ्युदयावहे ।**
**क्षणाद् रङ्कोऽपि राजा स्यात् छत्रछन्नदिगन्तरः ॥३॥**

**જાતિ અને ચતુરાઈથી હીન હોવા છતાં પણ અભ્યુદય કરનાર-શુભકર્મનો ઉદય હોય ત્યારે ક્ષણવારમાં રાંક પણ નન્દ આદિની પેઠે છત્રવડે ઢાંક્યું છે દિશામંડળ જેણે એવો રાજા થાય છે.**

જ્યારે શુભ ફળવાળા કર્મનો ઉદય થાય છે ત્યારે ઉત્તમ જાતિ અને ચતુરાઈથી રહિત અને રંક હોવા છતાં પણ ક્ષણવારમાં પોતાના એક છત્ર વડે દિશાઓને ઢાંકી દેનાર રાજા થાય છે, કર્મના ઉદય વડે જેની આજ્ઞાનું કોઈ ઉલ્લંઘન ન કરે તેવો ચક્રવર્તી થાય છે, તેમાં કાંઈ પણ

---

1 अभ्युदयावहे कर्मणि=અભ્યુદય કરનારા કર્મનો ઉદય હોય છે ત્યારે. जातिचातुर्यहीनोऽपि=જાતિ અને ચતુરાઈથી હીન હોવા છતાં પણ. रङ्कोऽपि=રાંક હોવા છતાં પણ. क्षणात्=ક્ષણમાં. छत्रछन्नदिगन्तरः=છત્ર વડે ઢાંક્યા છે દિશાઓના ભાગને જેણે એવો. राजा=રાજા. स्यात्=થાય છે.

આશ્ચર્ય નથી. પરન્તુ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ આત્મધર્મ પામવો દુર્લભ છે.

**विषमा कर्मणः सृष्टिर्दृष्टा करभपृष्ठवत् ।**
**जात्यादिभूतिवैषम्यात् का रतिस्तत्र योगिनः ॥४॥**

ઊંટની પીઠની જેવી જાતિ આદિની ઉત્પત્તિના વિષમપણાથી કર્મની રચના ક્યાંય પણ સરખી નહિ એવી વિષમ દીઠી છે, તેથી કર્મની સૃષ્ટિમાં યોગીને શી રતિ (પ્રીતિ) થાય? પ્રશમરતિમાં કહ્યું છે કે—

**"जातिकुलदेहविज्ञानायुर्बलभोगभूतिवैषम्यम् ।**
**दृष्ट्वा कथमिह विदुषां भवसंसारे रतिर्भवति ॥"**

"જાતિ (માતૃપક્ષ), કુલ (પિતૃપક્ષ), શરીર, વિજ્ઞાન, આયુષ, બળ, અને ભોગની પ્રાપ્તિનું વિષમપણું જોઇને વિદ્વાનોને જન્મમરણરૂપ સંસારમાં કેમ પ્રીતિ થાય"? અર્થાત્ કોઇ પણ પ્રકારની રતિ ન થાય.

જાતિ, ઉચ્ચ-નીચાદિ કુળ, સંસ્થાન (શરીરાકૃતિ), વર્ણ, સ્વર અને સંપત્તિ વગેરેના ભેદથી કર્મના ફળનું વિષમપણું છે, તેથી કર્મની રચના ઊંટની પીઠના જેવી વિષમ પ્રકારની જોવામાં આવે છે. પ્રશમરતિમાં કહ્યું છે કે "જાતિ વગેરેની વિષમતા જોઇને વિદ્વાનોને ભવ-સંસારમાં કેમ રતિ થાય'? તેમાં શુભ કર્મના ઉદયમાં ઐશ્વ-

---

૧ करभपृष्ठवत्=ઊંટની પીઠના જેવી. कर्मणः=કર્મની. सृष्टिः=રચના. जात्यादिभूतिवैषम्यात्=જાતિ આદિની ઉત્પત્તિના વિષમપણાથી. विषमा=સરખી નહિ એવી. दृष्टा=જાણેલી છે. तत्र=તેમાં. योगिनः=યોગીને. का=શી. रतिः=પ્રીતિ થાય.

ર્યાદિની પ્રાપ્તિ સમયે પરવસ્તુના સંયોગથી ઉત્પન્ન થતા અનેક અશુદ્ધ અધ્યવસાયોમાં રત્નત્રયીની પરિણતિવાળા યોગીને શી રતિ થાય? કંઇ પણ ન થાય. કહ્યું છે કે-

**"सुहजोगो रइहेऊ असुहजोगो अरइहेउत्ति।**
**रागो वड्ढइ तेणं अवरो दोसं विवड्ढेइ॥**
**सिवमग्गविग्घभूया कम्मविवागा चरित्तबाहकरा।**
**धीराणं समया तिहिं(तेहिं) चायपरिणामओ हवइ॥"**

"શુભ કર્મનો યોગ રતિનું કારણ છે અને અશુભ કર્મનો યોગ અરતિનું કારણ છે. શુભકર્મના યોગે રાગ વધે છે અને અશુભ કર્મનો યોગ દ્વેષ વધારે છે.

મોક્ષમાર્ગના વિઘ્નભૂત અને ચારિત્રનો બાધ કરનારા કર્મના વિપાકો છે. તેથી ધીર પુરુષોને ત્યાગના પરિણામને લીધે સમભાવ થાય છે."

કર્મથી જ્ઞાનીને પણ સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે એ બતાવે છે-

**आरूढाः[1] प्रशमश्रेणिं श्रुतकेवलिनोऽपि च।**
**भ्राम्यन्तेऽनन्तसंसारमहो दुष्टेन कर्मणा॥५॥**

**ઉપશમશ્રેણિ ઉપર યાવત્ અગિયારમા ગુણસ્થાનકે ચઢેલા અને શ્રુતકેવલી-ચૌદપૂર્વધરોને પણ દુષ્ટ કર્મ અહો! અનન્ત સંસાર ભમાડે છે.**

---

૧ प्रशमश्रेणिं=ઉપશમ શ્રેણિ ઉપર. आरूढाः=ચઢેલા. अपि च=અને. श्रुतकेवलिनः=ચૌદપૂર્વધરો. अपि=પણ. अहो=આશ્ચર્ય છે કે. दुष्टेन=દુષ્ટ. कर्मणा=કર્મ વડે. अनन्तसंसारं=અનન્ત સંસાર. भ्राम्यन्ते=ભમાડાય છે.

કેટલાએક મુનિઓ નિશ્ચય રત્નત્રયીના પરિણામથી તીવ્ર ક્ષયોપશમભાવ વડે સાધનને અવલંબી અપૂર્વકરણના બળથી ઉપશમચારિત્રના પરિણામરૂપ ઉપશમશ્રેણિને પ્રાપ્ત થઈ ઉપશાન્તમોહ નામના અગિયારમા ગુણસ્થાનકે સર્વથા મોહના ઉદયથી રહિત થયેલા અને શ્રુતકેવલી પણ દુષ્ટ કર્મ-સત્તામાં રહેલા અને ઉદયાવસ્થાને પ્રાપ્ત થયેલા મોહથી અથવા આયુષ પૂરું થવાથી ત્યાંથી પડીને અહો ! ચારગતિ-રૂપ અનન્ત સંસારમાં ભમે છે. તેથી ચેતના કર્મને આધીન કરવા યોગ્ય નથી. કર્મના ઉદયકાળે પોતાના ક્ષયોપશમ સ્વરૂપને અનુસરનારી ચેતના કરવી, કર્મનો વિપાક પડવામાં કે નવીન કર્મબન્ધમાં કારણ નથી, પરન્તુ પોતાની ચેતના અને વીર્ય મોહના ઉદયને અનુકૂલ હોવાથી કર્મબન્ધના હેતુરૂપે પરિણમે છે અને તેથી બન્ધ થાય છે. માટે હેતુ-રૂપે થતા પરિણામ જ નિવારવા યોગ્ય છે. ઉદય ગુણોને આવરે છે, પરન્તુ તે બન્ધનો હેતુ નથી. જો કર્મનો ઉદય બન્ધનો હેતુ હોય તો બધા ઉદયાવસ્થાને પ્રાપ્ત થયેલા કર્મ પુદ્ગલો બન્ધનું કારણ થાય અને એમ થતાં કર્મનું કર્તા-પણું અન્યકૃત ઠરે. કારણ કે તેમાં આત્માની શક્તિની પ્રવૃત્તિ નથી અને અપ્રવૃત્ત થયેલી શક્તિ કર્મ કરનારી થતી નથી. માટે ઉદય કર્મનો હેતુ નથી, પરન્તુ ઉદયમાં આવેલા મિથ્યાત્વાદિ હેતુઓથી સમ્યક્ત્વાદિ ગુણો ઢંકાયેલા છે, અને ચેતના, વીર્ય અને દાનાદિ ગુણો ક્ષાયોપશમિક વિપરીત શ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને પરરમણતા રૂપે પરિણમે છે તે નવીન કર્મબન્ધનું કારણ થાય છે. તેથી અશુદ્ધતારૂપે પરિ-ણમેલ આત્માની પરિણતિ નવીન કર્મબન્ધનું કારણ છે.

તેમાં દૃષ્ટાન્ત તરીકે સૂક્ષ્મ એકેન્દ્રિયોને અશુદ્ધતાને અનુસરનાર અલ્પ ક્ષયોપશમ હોવાથી અલ્પ બન્ધ થાય છે અને સંજ્ઞી પંચેન્દ્રિયોને અશુદ્ધતાને અનુકૂળ ઘણો ક્ષયોપશમ હોવાથી તીવ્ર બંધ થાય છે, ઇત્યાદિ જાણવું. કહ્યું છે કે–"अप्पा करेइ कम्माइं अप्पा वेएइ परवसो एसो"। "આત્મા કર્મ કરે છે અને તેને પરવશ થઇને આત્મા કર્મને વેદે છે." તથા ભગવતી અને પ્રજ્ઞાપનાદિ સૂત્રમાં કહ્યું છે કે "अत्तकडा कम्मा बंधंति, नो परकडा" આત્માએ (પોતે) કરેલાં કર્મ બંધાય છે, પણ બીજાએ કરેલાં કર્મ બંધાતાં નથી. તે પણ આત્મપ્રદેશોએ અવગાહેલાં કર્મ બંધાય છે, પણ અનવગાઢ–આત્મપ્રદેશોએ નહિ અવગાહેલાં કર્મ બંધાતાં નથી. ઉત્તરાધ્યયનમાં કહ્યું છે કે—"अत्ता कत्ता विकत्ता य सुहाण य दुहाण य"। "આત્મા સુખ અને દુઃખનો કર્તા અને અકર્તા છે" ઇત્યાદિ. આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે "आयाणं सगडब्भि" આત્મા પોતે કરેલા કર્મનો નાશ કરનાર છે.

ઇત્યાદિ સ્વયમેવ યોજના કરવી, આવશ્યક નિર્યુક્તિમાં શ્રેણીથી પડવાના અધિકારમાં કહ્યું છે કે—

उवसामं उवणीया गुणमहया जिणचरित्तसरिसं पि ।
पडिवायंति कसाया किं पुण सेसे सरागत्थे ॥
जइ उवसंतकसाओ लहइ अणंतं पुणो वि पडिवायं ।
न हु मे वीससियव्वं थोवे वि कसायसेसंमि ॥
अणथोवं वणथोवं अग्गिथोवं कसायथोवं च ।
न हु मे वीससियव्वं थेवं पि हु तं बहु होइ ॥

आव० नि० गा० ११८–१२०

**दासत्तं देइ रिणं अइरा मरणं वणो विसप्पंतो ।**
**सव्वस्सदाहमग्गी दिंति कसाया भवमणंतं ॥**

विशेषा० भा० गा० १३११

ગુણો વડે મહાન્ ઉપશમ ચારિત્રવાળાએ ઉપશમ ભાવને પમાડેલા કષાયો જિનના સમાન ચારિત્રવાળાને પણ નીચે પાડે છે, તો બાકીના સરાગી જીવોને માટે તો શું કહેવું ?.

જેના બધા કષાયો ઉપશમભાવને પામ્યા છે તે ફરીથી પણ અનન્તવાર નીચે પડી જાય છે, તો થોડો પણ કષાય બાકી હોય ત્યાં સુધી તમારે તેનો વિશ્વાસ કરવો યોગ્ય નથી. થોડું ઋણ, થોડો વ્રણ (ઘા), થોડો અગ્નિ અને થોડો કષાય હોય તોપણ તેનો તમારે વિશ્વાસ ન કરવો. કારણ કે થોડો હોય તોપણ ઘણો થાય છે.

ઋણ (દેવું) હોય તો તે દાસપણું આપે છે, વૃદ્ધિ પામતો વ્રણ થોડા સમયમાં મૃત્યુ પમાડે છે, અગ્નિ સર્વસ્વ બાળી નાંખે છે અને કષાયો અનન્તા ભવ કરાવે છે.

માટે કર્મના ઉદયથી આત્મા દીન બને છે.

**अर्वाक् सर्वाऽपि सामग्री श्रान्तेव परितिष्ठति ।**
**विपाकः कर्मणः कार्यपर्यन्तमनुधावति ॥६॥**

૧ अर्वाक्=બીજી. सर्वाऽपि=બધી ય. सामग्री=કારણસામગ્રી श्रान्तेव=થાકી ગયેલાની પેઠે. परितिष्ठति=રહે છે. (પરન્તુ) कर्मणः કર્મનો વિપાક. कार्यपर्यन्तं=કાર્યના અન્તસુધી. अनुधावति=પાછળ દોડે છે.

**નજીક રહેલી બીજી બધી ય સામગ્રી-કારણયોજના થાકેલાની પેઠે રહે છે, પણ કાર્ય કરવાને ઉતાવળી થતી નથી. પરન્તુ કર્મનો વિપાક કાર્યના છેડા સુધી દોડે છે. છેલ્લું કારણ હોવાથી એ જ પ્રધાન કારણ છે.**

બધી ય કારણસામગ્રી પહેલાં થાકી ગયેલાની પેઠે રહે છે, પણ કાર્ય કરવાને સમર્થ થતી નથી. પરન્તુ કર્મનો વિપાક--ઉદય એ છેલ્લું કારણ છે. તેથી તે કાર્યના અન્ત સુધી પ્રવર્તે છે. કારણ કે ઉપકરણ—સાધનરૂપ બાહ્ય સામગ્રી કર્મના ઉદયને આશ્રિત છે. તેથી કર્મનો ઉદય બીજાં કારણો કરતાં અધિક બલવાન્ છે. માટે કર્મનો ક્ષય કરવા માટે પ્રયત્ન કરવા યોગ્ય છે.

**[1]असावचरमावर्ते धर्मं हरति पश्यतः ।**
**चरमावर्तिसाधोस्तु छलमन्विष्य हृष्यति ॥७॥**

**આ કર્મવિપાક ચરમ પુદ્ગલપરાવર્તથી પહેલાં અન્ય પુદ્ગલપરાવર્તમાં દેખતાં છતાં ધર્મને હરે છે અને ચરમ પુદ્ગલપરાવર્તવાળા સાધુનું તો પ્રમાદરૂપ છિદ્ર-અન્તર્મર્મ ગવેષીને હર્ષ પામે છે-ખુશ થાય છે.**

આ કર્મવિપાક દેખતાં છતાં ચરમ પુદ્ગલપરાવર્ત પહેલાંનાં પુદ્ગલપરાવર્તોમાં વર્તતા આત્માના ધર્મને હરી લે છે અને છેલ્લા પુદ્ગલપરાવર્તમાં વર્તતા માર્ગાનુસારી નિર્ગ્રન્થના છિદ્રને ખોળીને હર્ષ પામે છે. એટલે માર્ગાનુ-

---

૧ असौ=આ કર્મવિપાક. अचरमावर्ते=છેલ્લા પુદ્ગલપરાવર્ત સિવાયના બીજા પુદ્ગલપરાવર્તમાં. पश्यतः=દેખતાં છતાં. धर्मं=ધર્મને. हरति=હરે છે. चरमावर्तिसाधोस्तु=પણ ચરમ પુદ્ગલપરાવર્તમાં વર્તતા સાધુના. छलं=છિદ્રને. अन्विष्य=શોધીને. हृष्यति=ખુશ થાય છે.

સારી નિર્ગ્રન્થના ક્ષાયોપશમિક ગુણો હોવાથી પ્રમાદાદિ દોષોને લીધે શંકાદિ અતિચાર સમયે કર્મવિપાક હ્રાસ પામે છે એટલે ઘટે છે. આથી કર્મના વિપાક સમયે રાગ-દ્વેષ કરવા યોગ્ય નથી.

**साम्यं बिभर्ति यः कर्मविपाकं हृदि चिन्तयन् ।**
**स एव स्याच्चिदानन्दमकरन्दमधुव्रतः ॥८॥**

**જે કર્મના શુભાશુભ પરિણામને હૃદયમાં વિચારતો સમભાવને ધારણ કરે છે તે જ્ઞાનાનન્દરૂપ મકરન્દ-પુષ્પ-પરાગનો ભોગી ભ્રમર (રસજ્ઞ) થાય છે.**

જે આત્માર્થી મનમાં કર્મના શુભાશુભ વિપાકને ચિંતવતો ઇષ્ટતા અને અનિષ્ટતા રહિત સમભાવને ધારણ કરે છે, તે જ યોગી જ્ઞાનાનન્દના રહસ્યરૂપ મકરન્દનો આસ્વાદ લેનાર ભ્રમરરૂપ થાય છે—આત્માનન્દનો ભોગી થાય છે. એથી આત્માનન્દના રસિક મુનિ શુભાશુભ વિપાકના ઉદયથી રાગ-દ્વેષવાળા થતા નથી, પરન્તુ સર્વના પ્રતિ સમભાવવાળા થાય છે. એમ કર્મનો વિપાક પ્રાપ્ત થયે સમભાવનો વિચાર કર્તવ્ય છે.

---

૧ यः=જે. हृदि=મનમાં. कर्मविपाकं=કર્મના વિપાકને. चिन्तयन्=ચિન્તવતો. साम्यं=સમભાવ. बिभर्ति=ધારણ કરે છે. स एव=તે જ (યોગી). चिदानन्दमकरन्दमधुव्रतः=જ્ઞાનાનન્દરૂપ મકરન્દ-પરાગનો ભોગી ભ્રમર. (થાય છે).

## २२ भवोद्वेगाष्टक

[1]यस्य गम्भीरमध्यस्याज्ञानवज्रमयं तलम् ।
रुद्धा व्यसनशैलौघैः पन्थानो यत्र दुर्गमाः ॥१॥
पातालकलशा यत्र भृतास्तृष्णामहानिलैः ।
कषायाश्चित्तसंकल्पवेलावृद्धिं वितन्वते ॥२॥
स्मरौर्वाग्निर्ज्वलत्यन्तर्यत्र स्नेहेन्धनः सदा ।
यो घोररोगशोकादिमत्स्यकच्छपसंकुलः ॥३॥
दुर्बुद्धिमत्सरद्रोहैर्विद्युद्दुर्वातगर्जितैः ।
यत्र सांयात्रिका लोकाः पतन्त्युत्पातसंकटे ॥४॥

---

१ गम्भीरमध्यस्य=ગંભીર છે મધ્ય ભાગ જેનો, એવા. यस्य=જે સંસારસમુદ્રનું. अज्ञानवज्रमयं=અજ્ઞાનરૂપ વજ્રથી બનેલું. तलं=તળીઉં છે. यत्र=જ્યાં. व्यसनशैलौघैः=સંકટરૂપ પર્વતના સમૂહ વડે. रुद्धाः=રૂંધાયેલા. दुर्गमाः=જઈ ન શકાય તેવા. पन्थानः=માર્ગો છે. (૧)

यत्र=જ્યાં. तृष्णामहानिलैः=તૃષ્ણારૂપ મહા વાયુથી. भृताः=ભરેલા. पातालकलशाः=પાતાલકલશરૂપ. कषायाः=ક્રોધાદિ ચાર કષાયો.चित्तसंकल्पवेलावृद्धिं=મનના સંકલ્પરૂપ ભરતીને. वितन्वते=વિસ્તારે છે. (૨)

यत्र=જ્યાં. अन्तर्=મધ્યમાં. सदा=હંમેશાં स्नेहेन्धनः=સ્નેહ–રાગ (જલ)રૂપ ઇંધનવાળો. स्मरौर्वाग्निः=કામરૂપ વડવાનલ. ज्वलति=બળે છે. यः=જે. घोररोगशोकादिमत्स्यकच्छपसंकुलः=ભયંકર રોગ અને શોકાદિરૂપ માછલાં અને કાચબાથી ભરેલો છે. (૩)

दुर्बुद्धिमत्सरद्रोहैः=દુષ્ટબુદ્ધિ, મત્સર અને દ્રોહરૂપ. विद्युद्दुर्वातगर्जितैः=વિજળી, વાવાઝોડા અને ગર્જના વડે. यत्र=જ્યાં. सांयात्रिकाः=હાણવટી. लोकाः=લોકો. उत्पातसंकटे=તોફાનરૂપ સંકટમાં. पतन्ति=પડે છે. (૪)

**ज्ञानी तस्माद् भवाम्भोधेर्नित्योद्विग्नोऽतिदारुणात् ।**
**तस्य संतरणोपायं सर्वयत्नेन काङ्क्षति ॥५॥**

જેનો મધ્યભાગ અગાધ છે એવા સંસારસમુદ્રનું અજ્ઞાનરૂપ વજ્રથી બનેલું તળીઉં છે, જ્યાં સંકટરૂપ પર્વતોની શ્રેણી વડે રુંધાયેલા અને દુઃખે જઈ શકાય એવા વિષમ માર્ગો છે. (૧)

જ્યાં તૃષ્ણા-વિષયાભિલાષરૂપ મહાવાયુથી ભરેલા ક્રોધાદિ ચાર કષાયરૂપ પાતાલકલશો મનના વિકલ્પરૂપ વેલાની વૃદ્ધિ (ભરતી) કરે છે. (૨)

જ્યાં મધ્યભાગમાં સ્નેહ-રાગ (જળ)રૂપ ઇંધનવાળો કંદર્પરૂપ વડવાનલ હંમેશાં બળે છે. જે (સંસારસાગર) આકરા રોગ-શોકાદિરૂપ માછલા અને કાચબા વડે ભરપૂર છે. (૩)

જ્યાં દુર્બુદ્ધિ-માઠી બુદ્ધિ, ગુણોમાં રોષ કરવારૂપ મત્સર, દ્રોહ-અપકાર કરવાની બુદ્ધિરૂપ વિજળી, ભયંકર વાયુ અને ગર્જના વડે સાંયાત્રિક (વહાણવટી) લોકો ઉત્પાતરૂપ સંકટમાં પડે છે. (૪)

એવા અત્યન્ત ભયંકર સંસારસમુદ્રથી નિત્ય ભયભીત થયેલા જ્ઞાની તે ભવસમુદ્રને સર્વ પ્રકારના પ્રયત્નથી તરી જવાના ઉપાયને ઇચ્છે છે. (૫)

કર્મ વિપાકથી ઉદ્વિગ્ન થયેલો ભવ-સંસારથી ઉદ્વેગ

---

૧ तस्माद्=તે. दारुणात्=ભયંકર. भवाम्भोधेः=સંસારરૂપ સમુદ્રથી. नित्योद्विग्नः=હંમેશાં ભયભીત થયેલા. ज्ञानी=જ્ઞાની પુરુષ. तस्य=તેને तरणोपायं=તરવાના ઉપાયને. सर्वयत्नेन=સર્વ પ્રયત્ન વડે. काङ्क्षति=ઇચ્છે છે. (૫)

પામે છે, તેથી અહીં ભવોદ્વેગાષ્ટક કહેવામાં આવ્યું છે. તેમાં ભવ–મહાદેવ વગેરેના નામ તે નામભવ અથવા ભવ શબ્દથી બોલાવવા યોગ્ય તે નામભવ. સ્થાપનાભવ તે લોકાકાશ અથવા તેનો આકાર. ભવભ્રમણમાં કારણભૂત ધન–સ્વજન વગેરે દ્રવ્યભવ. અને ચારગતિરૂપ અને જન્મ-મરણાદિ સ્વરૂપવાળો સંસાર તે ભાવભવ. ભવના સંબન્ધે નયનું સ્વરૂપ આ પ્રમાણે છે. પ્રથમના નામ, સ્થાપના અને દ્રવ્યનિક્ષેપમાં પહેલાના ચાર નયો પ્રવર્તે છે અને ભાવનિક્ષેપમાં શબ્દાદિ ત્રણ નયો પ્રવર્તે છે. અહીં સંસારમાં મગ્ન થયેલા જીવોને ધર્મની ઇચ્છા થતી નથી. તેઓ ઇન્દ્રિયના સુખાસ્વાદમાં લીન થઈ ઉન્મત્તની પેઠે વિવેક વિનાના ભમે છે. દુઃખથી ઉદ્વેગ પામી દુઃખને દૂર કરવા માટે અનેક ઉપાયના ચિન્તનમાં વ્યગ્ર થઇને તેઓ ભુંડની પેઠે ભટકે છે. અત્યન્ત નિષ્ફળ આ સંસારસમુદ્રમાં સર્વસિદ્ધિ કરનાર ધર્મ સિવાય બીજું શું છે? પરન્તુ સંસારસમુદ્રમાં માછલાં જેવા મિથ્યાત્વની વાસનાથી વાસિત થયેલા જીવો ઇન્દ્રિયોના સુખને માટે શ્રીમત્ તીર્થંકર ભગવંતને વંદનાદિ કરે છે. જન્મથી માંડીને કરેલું તપ ઉપવાસાદિ કષ્ટાનુષ્ઠાન નિયાણાના (ભોગની તીવ્ર અભિલાષાના) દોષથી હારી જાય છે, મોક્ષના કારણભૂત જૈન શાસનને ગણતા નથી, પરન્તુ દેવગતિ વગેરેના સુખનું કારણ માને છે ઐશ્વર્ય આદિમાં વ્યામોહ પામે છે. તેથી સંસારથી ઉદ્વેગ પામવા યોગ્ય છે. જ્યાં આત્મિક સુખની હાનિ થાય છે એવા સંસારની અભિલાષા સત્પુરુષો કેમ કરે? એથી અહીં ભવનું સ્વરૂપ બતાવે છે—

ઉપરના આ પાંચ શ્લોકની વ્યાખ્યા સાથે કરવામાં આવે છે–તત્ત્વજ્ઞાની આ સંસારસમુદ્રનો પાર પામવાના ઉપાયને સર્વ પ્રયત્ન વડે ઇચ્છે છે. જે સંસારસમુદ્રનો મધ્ય ભાગ ગંભીર–અત્યન્ત ઉંડો છે, જેનું જીવ અને અજીવના વિવેક રહિત તત્ત્વબોધશૂન્ય મિથ્યાજ્ઞાનરૂપ વજ્રમય દુઃખે કરીને ભેદી શકાય એવું તળીયું છે. જે સંસારસમુદ્રમાં કષ્ટરૂપ પર્વતના સમૂહ વડે રુંધાયેલા સદ્‌ગતિના જવાના માર્ગો દુર્ગમ–જઈ ન શકાય એવા છે. અર્થાત્ અજ્ઞાનરૂપ દુર્ભેદ્ય તળીયાવાળા, અતિગંભીર સંસારસમુદ્રના માર્ગો રોગશોકવિયોગાદિના કષ્ટરૂપ પર્વતો વડે રૂંધાઈ ગયા છે તેથી તેમાં પ્રાણીઓને સુખપૂર્વક ગમન કરવું અશક્ય છે. (૧)

જે ભવસમુદ્રમાં ક્રોધ, માન, માયા અને લોભરૂપ પાતાલકલશો તૃષ્ણા–વિષયના અભિલાષારૂપ મહા વાયુથી ભરેલા છે, અને તે મનના સંકલ્પરૂપ વેળાની (ભરતીની) વૃદ્ધિ કરે છે. એટલે સંસારસમુદ્રમાં અજ્ઞાની મનુષ્યો કષાયના ઉદયથી તૃષ્ણારૂપ વાયુની પ્રેરણા વડે વિકલ્પરૂપ ભરતીને વિસ્તારે છે. (૨)

જે જન્મ અને મરણરૂપ સંસારસમુદ્રમાં સ્નેહ–રાગરૂપ કાષ્ઠ જેને વિશે છે એવો કંદર્પરૂપ વડવાગ્નિ અંદર બળે છે. કામાગ્નિમાં સ્નેહ–રાગ ઇંધન છે અને વડવાગ્નિમાં સ્નેહ–જળ ઇંધન છે. જે ભયંકર રોગ–શોકાદિરૂપ માંછલાં અને કાચબાથી ભરેલો છે. એટલે સંસારમાં રાગરૂપ લાકડાથી પ્રજ્વલિત થતા કંદર્પરૂપ અગ્નિ અને રોગ શોકાદિ વડે પ્રાણિઓ સંતાપ પામે છે. (૩)

જ્યાં દુર્બુદ્ધિરૂપ વિદ્યુત મત્સર–ગુણોની અસહિષ્ણુતારૂપ વાવાઝોડું અને દ્રોહ–કપટરૂપ ગર્જના વડે સાંયાત્રિક–વ્રત નિયમાદિરૂપ વહાણમાં બેઠેલા લોકો ઉત્પાત–તોફાનરૂપ સંકટમાં આવી પડે છે. એટલે દુર્બુદ્ધિરૂપ વિજળી, મત્સરરૂપ દુર્વાત અને દ્રોહરૂપ ગર્જના વડે વ્રતાદિરૂપ વહાણો ચાલુ હોવા છતાં કુમાર્ગે જવાથી દોષરૂપ કાદવમાં ખુંચી જવારૂપ સંકટોને પ્રાપ્ત થાય છે. એથી સંસારસમુદ્રમાં સન્માર્ગને પ્રાપ્ત થવામાં એ બધાં મોટાં વિઘ્નો છે. (૪)

આવા પ્રકારના અતિ ભયંકર સંસારસમુદ્રથી નિત્ય ઉદાસીન થયેલા જ્ઞાની પુરુષ તેને તરવાના ઉપાયભૂત સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રને ઇચ્છે છે, અને સંસારથી અત્યન્ત ભયભીત થયા હોય તેમ રહે છે. તેઓ વિચારે છે કે 'શુદ્ધજ્ઞાનમય પરમ તત્ત્વની રમણતારૂપ ચારિત્ર વડે પવિત્ર, રાગ–દ્વેષના ક્ષયથી ઉત્પન્ન થએલ પરમ શમ ભાવ વડે શીતલ, અનન્ત આનન્દરૂપ સુખમાં મગ્ન થયેલા, સર્વજ્ઞ, અત્યન્ત દક્ષ, શરીર અને આહારના સંગથી મુક્ત એવા મને શારીરાદિ દુઃખના ભારથી મારી આત્મિક શક્તિઓ દબાઇ જાય એ કેમ ઘટે? મારી ચેતના શક્તિ શરીરસહિત, પુદ્ગલસહિત, કર્મસહિત અને જન્મ–મરણસહિત નથી, તો આ મને મહામોહનો આવર્ત–વમળ ક્યાંથી?' એ પ્રમાણે ઉદ્વિગ્ન થયેલા જ્ઞાની પુરુષ ચારિત્રરૂપ વહાણ વડે સંસારસમુદ્રને તરી જવાનો વિચાર કરે છે. જે ચારિત્રરૂપ વહાણ સ્વરૂપનું જ્ઞાન અને રમણની એકતા વડે મનોહર છે, સમ્યગ્દર્શન રૂપ સુકાનવાળું, ક્ષમાદિ દશ યતિધર્મ અને અઢાર

હજાર શીલાંગરૂપ વિચિત્ર પાટીયાની મજબૂત રચના વડે સુશોભિત છે, સમ્યગ્જ્ઞાનરૂપ નિર્યામક સહિત, સુસાધુના સંસર્ગરૂપ કાથીના દોરડાના સખ્ત બન્ધનથી બાંધેલું અને સંવરરૂપ ખીલાથી જેનાં બધાં આસ્રવનાં દ્વારો બન્ધ કરેલાં છે, સામાયિક અને છેદોપસ્થાપનીયરૂપ બે માળની રચનાવાળું અને તેના ઉપર રચેલા સાધુસમાચારીરૂપ કરણમંડપવાળું છે, ચોતરફ ત્રણ ગુપ્તિરૂપ પ્રસ્તારથી સુરક્ષિત, અસંખ્યાતા શુભાધ્યવસાયરૂપ બખ્તર ધારણ કરનાર દુર્જય હજારો યોદ્ધાઓ વડે દુશ્મનોથી જેના સામે જોઈ ન શકાય એવું અને ચારે તરફ ફેલાયેલા સદ્ગુરુના ઉપદેશરૂપ દોરીઓના સમૂહવડે મધ્ય ભાગમાં સ્થાપન કરેલા અત્યન્ત સ્થિર અને સરલ સદ્બોધરૂપ કૂપસ્તંભવાળું છે. તે કૂપસ્તંભ ઉપર મૂકેલા અત્યંત શુભાધ્યવસાયરૂપ સઢવાળું, તેના અગ્ર ભાગમાં આરૂઢ થયેલ પ્રૌઢ સદ્ઉપયોગરૂપ દ્વારપાળવાળું અને અપ્રમાદરૂપ નગરવાસીઓના પરિવાર સહિત, સર્વાંગ સંપૂર્ણ છે. તે ચારિત્રરૂપ મહાયાનપાત્રમાં બેસીને જ્ઞાનીપુરુષો સર્વ પ્રયત્નથી સમુદ્રને તરવાનો ઉપાય કરે છે. (૫)

**तैलपात्रधरो[1] यद्वत् राधावेधोद्यतो यथा।**
**क्रियास्वनन्यचित्तः स्याद् भवभीतस्तथा मुनिः॥६॥**

**જેમ બાવનપલના તેલથી સંપૂર્ણ ભરેલા પાત્ર-થાળને**

---

૧ यद्वत्=જેમ. तैलपात्रधरः=તેલના પાત્રને ધારણ કરનાર. यथा=જેમ. राधावेधोद्यतः=રાધાવેધ સાધવામાં તત્પર (એકાગ્ર મનવાળો હોય છે.) तथा=તેમ. भवभीतः=સંસારથી ભય પામેલા. मुनिः=સાધુ. क्रियासु=ચારિત્રની ક્રિયામાં. अनन्यचित्तः=એકાગ્રચિત્તવાળા હોય.

ધારણ કરનાર મનુષ્ય મરણના ભયે રાજાના કહેવાથી બધા ચૌટામાં ફરી ત્યાં થતાં નાટકાદિને નહિ દેખતો અપ્રમત્તપણે એક પણ ટીપું પાડ્યા સિવાય લઇ આવ્યો અને જેમ રાધાવેધ સાધવામાં તત્પર થયેલો જેનું બીજે ક્યાંય ચિત્ત નથી એવો એકાગ્રચિત્તવાળો હોય તેમ સંસારથી ભય પામેલા મુનિ ચારિત્રક્રિયામાં એકાગ્રચિત્તવાળા હોય.

જેમ તેલના પાત્રને ધારણ કરનાર મરણના ભયથી બીતો મનુષ્ય અપ્રમત્ત (સાવધાન) રહે છે, અને તેલનું એક પણ ટીપું નીચે પડવા દેતો નથી, તેમ આત્મગુણના ઘાત થવાના ભયથી ડર પામતા મુનિ સંસારમાં અપ્રમત્ત રહે છે. જેમ કોઇ રાજાએ કોઇ લક્ષણવંતા પુરૂષનો વધ કરવાની આજ્ઞા આપી. તે વખતે સભાજનોએ વિનંતિ કરી કે હે સ્વામી, તેનો અપરાધ માફ કરો અને તેને ન મારો. ત્યારે સભાજનોની વિનંતિ સાંભળીને રાજાએ કહ્યું કે તેલથી સંપૂર્ણ ભરેલા થાળને અનેક નાટકો અને વાદિત્રોના શબ્દથી વ્યાપ્ત સર્વ નગરના ચૌટામાં ભમીને તેલનું એક પણ ટીપું નીચે પાડ્યા સિવાય આવે તો તેને મારીશ નહિ. જો થાળમાંથી એક પણ ટીપું નીચે પડશે તો તે જ વખતે તેના પ્રાણનો નાશ કરવામાં આવશે. રાજાએ એમ કહ્યું એટલે તે પુરુષે તે કાર્યનો સ્વીકાર કર્યો અને અનેક માણસોથી ભરેલા તે નગરના માર્ગમાં તેલના થાળને માથે ઉપાડી મન, વચન અને કાયાની એકાગ્રતાવાળો તે એક પણ તેલનું બિન્દુ પાડ્યા સિવાય ભમીને પાછો આવ્યો. તેમ મુનિ અનેક સુખ–દુઃખથી ભરપૂર સંસારમાં પણ સ્વસિદ્ધિને માટે પ્રમાદરહિત પ્રવૃત્તિ કરે છે. ફરીથી બીજું દૃષ્ટાન્ત કહે છે--જેમ સ્વયંવરમાં

કન્યા પરણવા માટે રાધાવેધ સાધવામાં તત્પર થયેલો રાજકુમાર ઉપયોગ અને યોગમાં સ્થિરતા હોવાથી લઘુલાઘવી કળાયુક્ત સ્થિર ચિત્તવાળો થાય છે, તેમ મુનિ સંસારભ્રમણ અને ગુણોના આવરણ આદિ મહાદુઃખથી ભય પામી સમિતિ, ગુપ્તિ, ચરણસિત્તરિ અને કરણસિત્તરિ રૂપ ક્રિયામાં એકાગ્ર ચિત્તવાળા થાય છે. કહ્યું છે કેઃ—

"गाइज्जंतीसुरसुंदरीहिं वाइज्जंता वि वीणमाईहिं ।
तह वि हु समसत्ता वा चिट्ठंति मुणी महाभागा ॥
पव्वयसिलायलगया भावसिएहिं कंडुफासेहिं ।
उज्जलवेयणपत्ता समचित्ता हुंति निग्गंथा ॥
आमिसलुद्धेण वणे सीहेण य दाढवक्कसंगहिया ।
तह वि हु समाहिपत्ता संवरजुत्ता मुणिवरिंदा" ॥

"દેવાંગનાઓ ગાન કરતી હોય અને વીણા પ્રમુખ વાદિત્રો વાગતાં હોય તોપણ મહાભાગ્યયંત મુનિઓ સમાન ચિત્તવૃત્તિવાળા હોય છે.

પર્વતની શિલા ઉપર રહેલા નિર્ગ્રન્થો ભાવથી શીત પણ પ્રતિકૂલ ટાઢ, તાપ વગેરેના સ્પર્શથી તીવ્ર વેદનાઓ પામવા છતાં સમાધિને પ્રાપ્ત થયેલા હોય છે.

વનમાં માંસમાં લુબ્ધ એવા સિંહની વક્ર દાઢમાં સપડાએલા હોય તો પણ સંવરયુક્ત મુનિવરો સમાધિને પ્રાપ્ત થયેલા હોય છે."

આવા પ્રકારનો કર્મનો વિપાક પ્રાપ્ત થયે નિર્ગ્રન્થો નિર્ભય કેમ હોય છે તેનું કારણ દર્શાવે છે—

**विषं विषस्य वह्नेश्च वह्निरेव यदौषधम् ।**
**तत्सत्यं भवभीतानामुपसर्गेऽपि यन्न भीः ॥७॥**

વિષનું ઔષધ વિષ અને અગ્નિનું ઔષધ અગ્નિ જ કહેવાય છે તે સત્ય છે. જેથી સંસારથી ભય પામેલાને ઉપસર્ગ પ્રાપ્ત થવા છતાં પણ ભય હોતો નથી.

વિષથી પીડિત થયેલો કોઈ વિષનું વિષરૂપ જ ઔષધ કરે છે. જેમકે જેને સાપ કરડયો હોય તેને લીંબડો વગેરે ચવરાવવામાં ભય નથી, અથવા કોઈક અગ્નિથી દાઝેલો હોય તેને અગ્નિના દાહની પીડાનું નિવારણ કરવા માટે અગ્નિનો શેક કરે છે, તે સાચું છે. કારણ કે સંસારથી ભય પામેલા મુનિઓને ઉપસર્ગો પ્રાપ્ત થવા છતાં પણ ભય હોતો નથી. કર્મનો ક્ષય કરવામાં તત્પર થયેલાને ઉપસર્ગો પ્રાપ્ત થતાં તેથી 'ઘણા કર્મોનો ક્ષય થશે' એમ માનતા સાધુ તેના ઉદયને વેદવાથી ભયભીત થતા નથી. કારણ કે તેથી તેનું સાધ્ય કાર્ય જલદી સિદ્ધ થાય છે.

**स्थैर्यं भवभयादेव व्यवहारे मुनिर्व्रजेत् ।**
**स्वात्मारामसमाधौ तु तदप्यन्तर्निमज्जति ॥८॥**

---

૧ विषस्य=વિષનું. औषधं=ઓસડ. विषं=વિષ છે. च=અને. वह्नेः= અગ્નિથી દાઝેલાનું (ઓસડ). वह्निः=અગ્નિ છે. तत्=તે. सत्यं=સાચું છે. यत्=કારણ કે. भवभीतानां=સંસારથી ભય પામેલાને. उपसर्गेऽपि=ઉપસર્ગો પ્રાપ્ત થવા છતાં પણ. भीः=ભય. न=હોતો નથી.

૨ व्यवहारे=વ્યવહાર નયે. भवभयाद्=સંસારના ભયથી. एव=જ. मुनिः=સાધુ. स्थैर्यं=સ્થિરતા. व्रजेत्=પામે. तु=પરન્તુ. स्वात्मारामसमाधौ= પોતાના આત્માની રતિરૂપ સમાધિમાં. तदपि=તે ભય પણ. अन्तर्निमज्जति=અંદર વિલીન થાય છે.

**વ્યવહારનયે મુનિ સંસારના ભયથી જ સ્થિરતા પામે છે, અને પોતાના આત્માની રતિરૂપ નિર્વિકલ્પ સમાધિમાં હોય ત્યારે સંસારનો ભય પણ સમાધિમાં જ મગ્ન થાય છે. કારણ કે:—**

**"मोक्षे भवे च सर्वत्र निःस्पृहो मुनिसत्तमः"**

**મોક્ષ અને સંસારમાં ઉત્તમ મુનિ નિઃસ્પૃહ હોય છે, એવું શાસ્ત્રવચન છે.**

તત્ત્વજ્ઞાની મુનિ નરકનિગોદાદિ સંસારના દુઃખના ભયથી વ્યવહારનયે નિર્દોષ આહારાદિ ક્રિયાની પ્રવૃત્તિમાં સ્થિરતા પ્રાપ્ત કરે છે અને પોતાના આત્મામાં રમણતારૂપ સમાધિમાં એટલે જ્ઞાનાનન્દ વગેરેમાં સંસારનો ભય પણ અંદર વિલીન થાય છે. આત્મસ્વરૂપમાં જ ભય વિનાશ પામે છે. આત્મધ્યાનની લીલામાં લીન થયેલાને સુખદુઃખની સમાનાવસ્થામાં ભયનો અભાવ જ હોય છે. તેથી સંસારથી ઉદ્વિગ્ન થયેલા, પ્રથમ જ્ઞાન, દર્શન અને ચારિત્રાચારના અભ્યાસથી યોગ અને ઉપયોગની સ્થિરતા કરીને સ્વરૂપની અનન્તતારૂપ સ્યાદ્વાદતત્ત્વની એકતારૂપ સમાધિમાં વર્તતા મુનિને બધેય સમભાવ હોય છે. કારણ કે 'ઉત્તમ મુનિઓ મોક્ષ અને સંસારમાં નિઃસ્પૃહ હોય છે.' માટે સ્વરૂપમાં લીન થયેલા અને સમાધિમાં મગ્ન થયેલાને નિર્ભયતા હોય છે. તેથી વસ્તુસ્વરૂપના નિશ્ચય વડે વિભાવથી ઉત્પન્ન થયેલા કર્મના ઉદયરૂપ પરસંયોગથી ઉત્પન્ન થયેલા સંસારમાં નિર્વેદ (ઉદાસીનતા) કરવા યોગ્ય છે.

---

## ૨૩ લોકસંજ્ઞાત્યાગાષ્ટક

**[1]प्राप्तः षष्ठं गुणस्थानं भवदुर्गाद्रिलङ्घनम् ।**
**लोकसंज्ञारतो न स्यान्मुनिर्लोकोत્તरस्थितिः ॥१॥**

**સંસારરૂપ વિષમ પર્વતનું ઉલ્લંઘન કરવારૂપ છઠ્ઠા ગુણસ્થાનકને પ્રાપ્ત થયેલ, જેની લોકોત્તર માર્ગમાં સ્થિતિ-મર્યાદા છે, એવા મુનિ 'લોકે કર્યું તે જ કરવું, પણ શાસ્ત્રાર્થ ન વિચારવો' એવી બુદ્ધિરૂપ લોકસંજ્ઞામાં પ્રીતિવાળા ન હોય.**

સંસારથી વિરક્ત થયેલો અને મોક્ષના સાધનમાં ઉદ્યમવંત આત્મા લોકસંજ્ઞામાં મુંઝાતો નથી. કારણ કે લોકસંજ્ઞા ધર્મના સાધનમાં વ્યાઘાત કરનારી છે, તેથી તે આપ્ત પુરૂષોએ તજવા યોગ્ય છે. માટે તેના ઉપદેશરૂપ લોકસંજ્ઞા ત્યાગાષ્ટકનું વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં લોક આઠ પ્રકારે છે-૧ તેમાં લોક શબ્દથી બોલાવવારૂપ નામ લોક, ૨ અક્ષરની રચનારૂપ લોકનાલિકાના યન્ત્રની સ્થાપના તે સ્થાપનાલોક, ૩ રૂપી અને અરૂપી એવા અજીવ અને જીવરૂપ દ્રવ્યલોક, ૪ ઊર્ધ્વ, અધો અને તિર્યગ્લોકમાં આકાશના પ્રદેશો તે ક્ષેત્રલોક, ૫ સમય, આવલિકા વગેરે કાળના પરિમાણરૂપ કાલલોક, ૬ મનુષ્ય, નારક વગેરે ચારગતિરૂપ ભવલોક, ૭ ઔદયિકાદિ ભાવ–

---

૧ भवदुर्गाद्रिलङ्घनं=સંસારરૂપ વિષમ પર્વતનું ઉલ્લંઘન કરનાર. षष्ठं=છઠ્ઠા પ્રમત્ત નામે. गुणस्थानकं=ગુણસ્થાનકને. प्राप्तः=પ્રાપ્ત થયેલા. लोकोत्तरस्थितिः=લોકોત્તર માર્ગમાં સ્થિતિ જેની છે એવા. मुनिः=સાધુ. लोकसंज्ञारतः=લોકસંજ્ઞામાં પ્રીતિવાળા. न स्यात्=ન હોય.

પરિણામરૂપ ભાવલોક, અને ૮ દ્રવ્યાદિનું ગુણ આદિરૂપે પરિણમન તે પર્યવલોક કહેવાય છે. ઇત્યાદિ બધું [1]આવશ્યક નિર્યુક્તિથી જાણવું. અથવા દ્રવ્યલોક સંસારરૂપ છે અને પરભાવમાં એકતારૂપ જીવોનો સમુદાય તે અપ્રશસ્ત ભાવલોક છે. અહીં ભવલોક અને અપ્રશસ્ત ભાવલોકની સંજ્ઞા તજવા યોગ્ય છે. ધર્માર્થી પુરુષોએ સાતે નયની અપેક્ષાએ લોકસંજ્ઞાનો ત્યાગ કરવો.

જેણે આસ્રવની વિરતિ કરેલી છે એવા સંયમી મુનિ સંસારરૂપ ઓળંગી ન શકાય એવા વિષમ પર્વતને ઉલ્લંઘન કરનાર સર્વ વિરતિરૂપ પ્રમત્ત ગુણસ્થાનકને પ્રાપ્ત થઇને લોકોએ કર્યું તે કરવાની બુદ્ધિથી ગતાનુગતિક પ્રવૃત્તિરૂપ લોકસંજ્ઞામાં રક્ત ન થાય, 'લોકોએ કર્યું તે કરવા યોગ્ય છે', એ બુદ્ધિ દૂર કરીને લોકાતીત મર્યાદા વડે રહેલા મુનિ આત્મસાધનના ઉપાયોમાં અનુરક્ત થાય. લોકો વિષયના અભિલાષી હોય છે અને મુનિ નિષ્કામ છે; લોકો પુદ્ગલની સંપત્તિ વડે પોતાનું મહત્ત્વ માનનારા છે અને મુનિ જ્ઞાનાદિ સંપત્તિથી શ્રેષ્ઠ છે, તેથી મુનિને લોકસંજ્ઞાનું શું પ્રયોજન છે?

**[2]यथा चिन्तामणिं दत्ते बठरो बदरीफलैः ।**
**हहा जहाति सद्धर्मं तथैव जनरञ्जनैः ॥२॥**

---

૧ જુઓ આવશ્યકનિર્યુક્તિ ગાથા ૧૦૫૭.

૨ यथा=જેમ. बठरो=મૂર્ખ. बदरीफलैः=બોર વડે (બોરના મૂલ્યથી). चिन्तामणिं=ચિન્તામણિ રત્ન. दत्ते=આપે છે. तथैव=તેમજ.

જેમ મૂર્ખ બોર વડે (બોરના મૂલ્યથી) ચિન્તામણિ રત્ન આપે છે, તેમજ મૂઢ વિવિધ પ્રકારના લોકરંજન કરવા વડે સદ્ધર્મને તજે છે, એ ખેદનો વિષય છે.

જેમ કોઈ મૂર્ખ મનુષ્ય બોર લઈને ચિન્તામણિરત્ન આપે છે તેમ અફસોસ છે કે મૂઢ જીવ લોકોની પ્રશંસાની અભિલાષાથી દ્રવ્યાચરણ અને તત્ત્વના અનુભવરૂપ સદ્ધર્મનો ત્યાગ કરે છે. અર્થાત્ મૂઢ જિનભક્તિ, શાસ્ત્રશ્રવણ અને આહારના ત્યાગાદિરૂપ ધર્મને યશ અને પૂજાદિની ઇચ્છાથી ગુમાવે છે. કહ્યું છે કે—

"त्वत्तः सुदुष्प्रापमिदं मयाऽऽप्तं रत्नत्रयं भूरिभवभ्रमेण ।
प्रमादनिद्रावशतो गतं तत् कस्याग्रतो नायक ! पूत्करोमि ॥
वैराग्यरङ्गः परवञ्चनाय धर्मोपदेशो जनरञ्जनाय ।
वादाय विद्याध्ययनं च मेऽभूत् कियद् ब्रुवे हास्यकर स्वमीश !"।

"હે જગન્નાયક! અનેક ભવમાં ભ્રમણ કરવા વડે તમારી પાસેથી પ્રાપ્ત કરેલ અત્યન્ત દુર્લભ એવું જ્ઞાનાદિ રત્નત્રય પ્રમાદરૂપ નિદ્રાના વશથી ગુમાવ્યું, તો હવે કોની પાસે હું પોકાર કરું?"

"મારો વૈરાગ્યરંગ બીજાને છેતરવા માટે, ધર્મોપદેશ માણસોને રંજન કરવા માટે અને વિદ્યાભ્યાસ વાદને માટે થયો, તો હે ઈશ! હાસ્ય કરનારું મારું ચરિત્ર કેટલું કહું?"

---

(મૂઢ) हहा=અરે. जनरञ्जनैः=લોકરંજન કરવા વડે सद्धर्म=સદ્ધર્મને. जहाति=તજે છે.

**लोकसंज्ञामहानद्यामनुस्रोतोऽनुगा न के ।**
**प्रतिस्रोतोऽनुगस्त्वेको राजहंसो महामुनिः ॥३॥**

**લોકસંજ્ઞારૂપ મોટી નદીમાં તૃણાદિની પેઠે પ્રવાહને અનુસરનારા એવા કોણ નથી? પણ સામે પ્રવાહે ચાલ્યો જાય એવો રાજહંસ એક મહામુનિ છે.**

લોકસંજ્ઞા–લોકની રીતિરૂપ મહાનદીના પ્રવાહની પાછળ ચાલનારા કોણ નથી? અર્થાત્ અનેક લોકો હોય છે. પરન્તુ પ્રતિસ્રોતગામી–સામે પ્રવાહે ચાલનારા રાજહંસ સમાન એકલા મહામુનિ–શુદ્ધ શ્રમણ છે. ઘણા જીવો લોકરૂઢિને અનુસરે છે, પણ કાંતિથી પ્રકાશમાન ત્રણ રત્નનું સાધન કરવામાં તત્પર નિર્ગ્રન્થ છે તે જ સ્વરૂપને અનુસરે છે. દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે—

**"अणुसोयपट्ठिअबहुजणंमि पडिसोअलद्धलक्खेण ।**
**पडिसोअमेव अप्पा दायव्वो होउकामेण ॥**

**अणुसोअसुहो लोओ पडिसोओ आसवो सुविहियाणं ।**
**अणुसोओ संसारो पडिसोओ तस्स उत्तारो ॥**

विविक्तचर्याचूलिका, गा० २—३

"જ્યારે ઘણા માણસો પ્રવાહને અનુસરીને પ્રવૃત્તિ કરે છે ત્યારે સામે પ્રવાહે ચાલવારૂપ સંયમનુ લક્ષ જેણે

---

૧ लोकसंज्ञामहानद्यां=લોકસંજ્ઞારૂપ મોટી નદીમાં. अनुस्रोतोऽनुगाः=લોકપ્રવાહને અનુસરનારા. के=કોણ. न=નથી. प्रतिस्रोतोऽनुगः=સામે પ્રવાહે ચાલનાર. राजहंसः=રાજહંસ જેવા. एकः=એક. महामुनिः=મુનીશ્વર છે.

રાખ્યું છે એવા, નિર્વાણ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા નિર્ગ્રન્થે સામે પ્રવાહે આત્માને પ્રવર્તાવવો. પ્રવાહને અનુસરવામાં સુખ માનનાર જનસમૂહ છે અને સુવિહિત સાધુઓનો સંયમ તે પ્રતિસ્રોત–સામે પ્રવાહે ચાલવારૂપ છે. પ્રવાહને અનુસરવું એ સંસાર છે અને સામે પ્રવાહે ચાલવું એ સંસારનો પાર પામવારૂપ છે."

તેથી મુનિ લોકસંજ્ઞાને અનુસરનારા ન હોય.

**लोकमालम्ब्य कर्तव्यं कृतं बहुभिरेव चेत् ।**
**तदा मिथ्यादृशां धर्मो न त्याज्यः स्यात् कदाचन ॥**

**જો લોકને અવલંબીને ઘણા માણસોએ જ કરેલું કરવા યોગ્ય હોય તો મિથ્યાદૃષ્ટિનો ધર્મ ક્યારે પણ તજવા યોગ્ય ન હોય.**

લોકનિશ્રાએ ઘણા માણસોએ કરેલું છે તે જો કરવા યોગ્ય હોય તો કદી પણ મિથ્યાદૃષ્ટિનો ધર્મ ત્યાગ કરવા યોગ્ય ન ગણાય. કારણ કે તેને ઘણા માણસો કરે છે. પોતાની ઇચ્છા પ્રમાણે આચરણ કરનારા ઘણા માણસો છે, અનાર્યોથી આર્યો થોડા છે, આર્યોથી જૈન આચારવાળા થોડા છે, અને તેમાં પણ જૈનપરિણતિવાળા થોડા છે. માટે ઘણા લોકોનું અનુસરણ કરવું યોગ્ય નથી.

---

૧ लोकं=લોકને. आलम्ब्य=અવલંબીને. चेत्=જો. बहुभिः=ઘણા માણસોએ. एव=જ. कृतं=કરેલું. कर्तव्यं=કરવા યોગ્ય હોય. तदा=તો. मिथ्यादृशां=મિથ્યાદૃષ્ટિઓનો. धर्मः=ધર્મ. कदाचन=કદી પણ. त्याज्यः=તજવા યોગ્ય. न स्यात्=ન હોય.

**श्रेयोऽर्थिनो हि भूयांसो लोके लोकोत्तरे न च ।**
**स्तोका हि रत्नवणिजः स्तोकाश्च स्वात्मसाधकाः॥**

ખરેખર મોક્ષના અર્થી લોકમાર્ગ અને લોકોત્તર માર્ગમાં ઘણા નથી. કારણ કે રત્નના વહેપારી થોડા છે, તેમ પોતાના આત્માના અર્થને સાધનારા પણ થોડા છે.

લોક એટલે બાહ્ય પ્રવાહમાં ધન, સ્વજન, ભવન, વન અને શરીરાદિ દ્વારા કલ્યાણના અર્થી ઘણા મનુષ્યો છે. પણ અમૂર્ત સચ્ચિદાનન્દરૂપ આત્મસ્વભાવને પ્રગટ કરવારૂપ લોકોત્તરમાર્ગમાં પ્રવૃત્તિ કરનારા મુમુક્ષુ જીવો ઘણા નથી. કારણ કે રત્નના વેપારી (ઝવેરી) થોડા હોય છે અને આત્માના નિરાવરણપણાને સાધનારા થોડા હોય છે.

**लोकसंज्ञाहता हन्त नीचैर्गमनदर्शनैः ।**
**शंसयन्ति स्वसत्यांगमर्मघातमहाव्यथाम् ॥६॥**

અફસોસ છે કે લોકસંજ્ઞાએ કરી હણાયેલા 'ધીમે જવું, નીચું જોવું' ઇત્યાદિ પ્રવૃત્તિ વડે પોતાના સત્ય વ્રતરૂપ

૧ हि=ખરેખર. श्रेयोऽर्थिनः=મોક્ષના અર્થી. लोके=લોકમાર્ગમાં. च=અને. लोकोत्तरे=લોકોત્તર માર્ગમાં. भूयांसः=ઘણા. न=નથી. हि=કારણ કે. रत्नवणिजः=રત્નના વેપારી. स्तोकाः=થોડા છે. च=અને. स्वात्मसाधकाः=પોતાનાં આત્માનું સાધન કરનારા. स्तोकाः=થોડા છે.

૨ हन्त=અફસોસ છે કે. लोकसंज्ञाहताः=લોકસંજ્ઞાથી હણાયેલા. नीचैर्गमनदर्शनैः=ધીમે ચાલવા અને નીચે જોવા વડે. स्वसत्यांगमर्मघातमहाव्यथाम्=પોતાના સત્યવ્રતરૂપ અંગમાં મર્મપ્રહારની મહાવેદનાને. शंसयन्ति=જણાવે છે.

૩ स्वसत्याग=શ્રીમદ્ દેવચંદ્રજી.

અંગમાં થયેલી મર્મ પ્રહારની મહાવેદનાને જણાવે છે.

અરે ! લોકસંજ્ઞાથી વ્યાકુલ થયેલા જીવો શરીરને નીચે નમાવી ચાલવાથી અને ભૂમિ ઉપર નીચી દૃષ્ટિ રાખવા ઇત્યાદિ ચેષ્ટા વડે લોકરંજનના અભિપ્રાયે પોતાના સત્ત્યાગ–જૈન વૃત્તિના ત્યાગથી મર્મ સ્થળના ઘાની મહાપીડાને જણાવે છે. 'અમે પીડાથી વાંકા વળી ગયેલા શરીરે ભમીએ છીએ' એમ દર્શાવે છે. લોકનિન્દાના ભયથી ત્યાગ કરનારા જીવો આત્મસ્વરૂપનો ઘાત કરનારા હોય છે.

**आत्मसाक्षिकसद्धर्मसिद्धौ किं लोकयात्रया ।**
**तत्र प्रसन्नचन्द्रश्च भरतश्च निदर्शने ॥७॥**

**આત્માની સાક્ષીએ સદ્ધર્મની સિદ્ધિ થઈ હોય તો લોકયાત્રા-લોકવ્યવહારનું શું કામ છે? લોકને જણાવવાથી શું ? તેમાં પ્રસન્નચન્દ્ર રાજર્ષિ અને ભરતરાજર્ષિના દૃષ્ટાન્ત છે. પ્રસન્નચન્દ્ર રાજર્ષિને દેખીતું બાહ્ય ચારિત્ર હોવા છતાં નરકગતિ યોગ્ય કર્મબન્ધ થયો અને ભરતમહારાજાને બાહ્ય ચારિત્ર વિના પણ કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ.**

હે ઉત્તમ પુરુષ ! આત્મા છે સાક્ષી જેમાં એવા શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થયે લોકયાત્રાનું શું કામ છે ? લોકોને જણાવવાથી શું ? લોકોને જણાવવાનું કંઇ પણ પ્રયોજન નથી. કારણ કે ધર્મની પ્રાપ્તિમાં આત્મા જ સાક્ષી છે. તેમાં

---

૧ आत्मसाक्षिकसद्धर्मसिद्धौ=આત્મા સાક્ષી જેમાં છે એવા સત્ય ધર્મની પ્રાપ્તિ થયે. लोकयात्रया किम्=લોકવ્યવહારનું શું કામ છે? तत्र=તેમાં. प्रसन्नचन्द्रः=પ્રસન્નચન્દ્ર રાજર્ષિ. च=અને. भरतः=ભરતમહારાજ. निदर्शने=દૃષ્ટાન્ત છે.

પ્રસન્નચન્દ્ર અને ભરતરાજા એ દૃષ્ટાન્ત છે. પ્રસન્નચન્દ્ર રાજર્ષિ સાધુના વેશે કાયોત્સર્ગમાં રહેલા હતા, તેને દુર્ધ્યાનથી નરકગતિને યોગ્ય બન્ધ થયો. ભરત ચક્રવર્તી ગૃહસ્થાવસ્થામાં મોહકલાની ક્રીડારૂપ વનિતાના પરિવારયુક્ત હોવા છતાં પણ આત્માની સાક્ષીએ એકત્વ પરિણામરૂપ ધર્મથી પરિણત થઇ કેવલજ્ઞાન પામ્યા. માટે જેમાં આત્મા સાક્ષી છે તેજ સાચો ધર્મ છે અને તેજ ધર્મ કરવા યોગ્ય છે.

**[1]लोकसंज्ञोज्झितः साधुः परब्रह्मसमाधिमान् ।**
**सुखमास्ते गतद्रोहममतामत्सरज्वरः ॥८॥**

**લોકસંજ્ઞા રહિત, પરબ્રહ્મમાં લીનતા થવારૂપ સમાધિવાળા અને જેના દ્રોહ, મમતા અને મત્સરરૂપ જ્વર ગયા છે એવા સાધુ સુખે રહે છે.**

લોકસંજ્ઞા રહિત, પરબ્રહ્મ-શુદ્ધ આત્મસ્વરૂપને વિષે સ્થિરતારૂપ સમાધિવાળા, આત્મજ્ઞાનના આનન્દમાં મગ્ન, જેનો દ્રોહ-અપકાર કરવાની બુદ્ધિ, પરભાવમાં મમત્વ અને મત્સર-અહંકારરૂપ જ્વર નષ્ટ થયેલો છે એવા, પરમાત્મભાવને સાધવામાં તત્પર સાધુ સુખે રહે છે. તેથી 'કષાયની મલિનતા રહિત, પોતાના આત્મામાં રમણ કરનાર, આત્માને જાણનાર અને તત્ત્વનો અનુભવ કરનારા મુનિ સુખપૂર્વક

૧ लोकसंज्ञोज्झितः=લોકસંજ્ઞાથી રહિત. परब्रह्मसमाधिमान्=પરબ્રહ્મને વિષે સમાધિવાળા. गतद्रोहममतामत्सरज्वरः=ગયા છે દ્રોહ, મમતા, અને અભિમાનરૂપ જ્વર જેના એવા. साधुः=મુનિ. सुखम्=સુખે. तिष्ठति=રહે છે.

રહે છે', એ જણાવ્યું. લોકસંજ્ઞાના ત્યાગથી સ્વરૂપના યોગ અને ભોગના સુખમાં મગ્ન થયેલા નિર્ગ્રન્થો કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલ ઇન્દ્રિયના સુખને પોતાનું ઘર બળવાથી થતા પ્રકાશ જેવું માને છે, પણ તેને સત્ય સુખરૂપ માનતા નથી.

## ૨૪ શાસ્ત્રાષ્ટક

**[1]चर्मचक्षुर्भृतः सर्वे देवाश्चावधिचक्षुषः।**
**सर्वतश्चक्षुषः सिद्धाः साधवः शास्त्रचक्षुषः ॥१॥**

**બધા પ્રાણીઓ ચર્મચક્ષુને ધારણ કરનારા છે, દેવો અવધિજ્ઞાનરૂપ ચક્ષુવાળા છે, સિદ્ધ ભગવંતો સર્વ પ્રદેશે કેવલ ઉપયોગરૂપ ચક્ષુવાળા છે અને સાધુઓ શાસ્ત્રરૂપ ચક્ષુવાળા છે. સમયસારમાં કહ્યું છે કે—**

**"आगमचक्खू साहू चम्मचक्खूणि सव्वभूयाणि।**
**देवा य ओहिचक्खू सिद्धा पुण सव्वदो चक्खू" ॥**

**આગમ ચક્ષુવાળા સાધુઓ છે, સર્વ પ્રાણીઓ ચર્મચક્ષુવાળા છે, દેવો અવધિજ્ઞાનરૂપ ચક્ષુવાળા છે અને સિદ્ધો સર્વતઃચક્ષુવાળા છે."**

હવે ક્રમપ્રાપ્ત યથાર્થ ઉપયોગના કારણભૂત શાસ્ત્રાષ્ટકની પ્રરૂપણા કરવામાં આવે છે. તેમાં શાસ્ત્રનું સ્વરૂપ

---

૧ सर्वे=બધા મનુષ્યો. चर्मचक्षुर्भृतः=ચર્મચક્ષુને ધારણ કરનારા છે. देवाः=દેવો. अवधिचक्षुषः=અવધિજ્ઞાનરૂપ ચક્ષુવાળા છે. सिद्धाः=સિદ્ધો. सर्वतश्चक्षुषः=સર્વ આત્મપ્રદેશે કેવલજ્ઞાન-દર્શનરૂપ ચક્ષુવાળા છે. च= અને. साधवः=સાધુઓ. शास्त्रचक्षुषः=શાસ્ત્રરૂપ ચક્ષુવાળા છે.

આ પ્રમાણે છે–જેમાં ઐકાન્તિક અને આત્યન્તિક રાગ દ્વેષાદિ ક્લેશરહિત, નિરામય–રોગરહિત પરમાત્મપદનું સાધન સ્યાદ્વાદ પદ્ધતિએ ઉપદેશ કરવામાં આવેલું હોય તે શાસ્ત્ર. તે જૈનશાસનરૂપ છે. પરન્તુ આ લોક સંબન્ધી શિક્ષારૂપ ભારત અને રામાયણાદિ શાસ્ત્ર કહેવાતા નથી. જૈનાગમ પણ સમ્યગ્દષ્ટિરૂપે પરિણમેલ શુદ્ધ વક્તાને જ મોક્ષનું કારણ થાય છે અને મિથ્યાદષ્ટિને તો સંસારનું કારણ થાય છે. નંદીસૂત્રમાં કહ્યું છે કે—

**"दुवालसंगं गणिपिडगं सम्मत्तपरिग्गहिअं सम्मसुअं,**
**मिच्छत्तपरिग्गहियं मिच्छसुयं" ॥**

"દ્વાદશાંગ ગણિપિટક સમ્યગ્દષ્ટિએ ગ્રહણ કરેલું તે સમ્યક્ શ્રુત અને મિથ્યાદષ્ટિએ ગ્રહણ કરેલું તે મિથ્યાશ્રુત કહેવાય છે. પૂજ્ય જિનભદ્રગણિક્ષમાશ્રમણે કહ્યું છે કે—

**"सदसदविसेसणाओ भवहेऊ जहछिओवलंभाओ ।**
**नाणफलाभावाओ मिच्छादिट्ठिस्स अन्नाणं" ॥**

"સદ્ અને અસદ્‌નો વિવેક નહિ હોવાથી, સંસારનું કારણ હોવાથી, સ્વચ્છંદપણે જાણવાથી અને જ્ઞાનનું ફળ વિરતિ નહિ હોવાથી મિથ્યાદષ્ટિનું જ્ઞાન અજ્ઞાનરૂપ છે".

જીવાજીવાદિ દ્રવ્યો અને તેના ગુણ–પર્યાયના જ્ઞાન-પૂર્વક સર્વ આસ્રવોનો ત્યાગ કરનારને પણ નૈશ્ચયિક શ્રદ્ધા થવાથી સમ્યગ્દર્શન થાય છે. યથાર્થ સ્વ–પરના ભેદજ્ઞાન વડે જાણેલ સ્વરૂપના ઉપાદેયપણા અને પરસ્વરૂપના હેયપણાના વિજ્ઞાનપૂર્વક નિમિત્ત અને ઉપાદાન કારણના નિશ્ચયરૂપ શુદ્ધ અને અવિનશ્વર પોતાના સિદ્ધસ્વરૂપની પરિણતિમાં ધર્મની

પ્રતીતિ થવી તે સમ્યગ્દર્શન છે. એમ સમ્યગ્દર્શન સહિત પરમાત્મભાવની રુચિવાળા પુરુષને તેના સાધન અને ઉપાયનું નિરંતર કથન કરનાર શાસ્ત્ર છે. તે નામાદિના ભેદથી ચાર પ્રકારે છે. આચારાંગાદિ નામ તે નામશાસ્ત્ર, સિદ્ધચક્રાદિને વિષે સ્થાપેલું શ્રુતજ્ઞાન તે સ્થાપનાશાસ્ત્ર, પુસ્તકાદિમાં રહેલું તે દ્રવ્યશાસ્ત્ર અથવા ઉપયોગરહિત પુરુષને ક્ષયોપશમભાવને પ્રાપ્ત થયેલું જૈનાગમ તે દ્રવ્યશાસ્ત્ર અને શાસ્ત્રના ઉપયોગરૂપ તે ભાવશાસ્ત્ર.

નયના વિચારમાં નૈગમનયથી વચનના બોલવારૂપ વ્યંજનાક્ષરાદિ શાસ્ત્ર કહેવાય છે, સંગ્રહનયથી પુદ્ગલરૂપ દ્રવ્યેન્દ્રિય અને જીવરૂપ ભાવેન્દ્રિય શાસ્ત્રનું કારણ હોવાથી શાસ્ત્ર કહેવાય છે, વ્યવહારનયથી પઠન, પાઠન અને શ્રવણરૂપ શાસ્ત્ર છે, ઋજુસૂત્રનયથી મનન અને નિદિધ્યાસનરૂપ શાસ્ત્ર છે, શબ્દનયથી શ્રુતના આધારે આત્માના સ્પર્શજ્ઞાનના પરિણામવાળો ભાવક્ષયોપશમ શાસ્ત્ર છે, સમભિરૂઢ નયથી ઉપયોગવાળાને શાસ્ત્ર કહેવાય છે. તન્મયતાને પામેલા, સર્વ અક્ષરની લબ્ધિવાળાનો શુદ્ધ ઉપયોગ તે એવંભૂતનયથી શાસ્ત્ર કહેવાય છે. કારણ કે સર્વ અક્ષરની લબ્ધિવાળા નિર્વિકલ્પ ઉપયોગ સમયે ઉત્સર્ગથી ભાવશાસ્ત્રના પરિણમનના ઉપયોગ સહિત છે. તેથી પરમકારુણિક ભગવંતોએ ઉપદેશેલું શાસ્ત્ર હિતકારક છે. તત્ત્વાર્થભાષ્યની કારિકામાં કહ્યું છે કે—

''*एकमपि जिनवचनाद्यस्मान्निर्वाहकं पदं भवति ।*
**श्रूयन्ते चानन्ताः सामायिकमात्रपदसिद्धाः ॥**

तस्मात् तत्प्रामाण्यात् समासतो व्यासतश्च जिनवचनम् ।
श्रेय इति निर्विचारं ग्राह्यं धार्यं च वाच्यं च ॥
न भवति धर्मः श्रोतुः सर्वस्यैकान्ततो हितश्रवणात् ।
ब्रुवतोऽनुग्रहबुद्ध्या वक्तुस्त्वेकान्ततो भवति ॥
श्रममविचिन्त्यात्मगतं तस्माच्छ्रेयः सदोपदेष्टव्यम् ।
आत्मानं च परं च हितोपदेष्टाऽनुगृह्णाति" ॥

"કારણ કે જિનવચનથી ગ્રહણ કરેલું એક પણ પદ સંસારથી પાર ઉતારે છે કેમકે અનન્તા સામાયિક પદ માત્રથી સિદ્ધ થયેલા શાસ્ત્રમાં સંભળાય છે.

તે શાસ્ત્રના પ્રામાણ્યથી સંક્ષેપથી અને વિસ્તારથી જિનવચન શ્રેયસ્કર છે, માટે નિઃશંકપણે ગ્રહણ–શ્રવણ કરવા યોગ્ય, ધારણ કરવા યોગ્ય અને ઉપદેશ કરવા યોગ્ય છે.

હિતકારી શાસ્ત્રનું શ્રવણ કરવાથી બધા શ્રોતાને એકાન્તથી ધર્મ થતો નથી, પરન્તુ બીજાને ઉપકાર બુદ્ધિથી કહેનાર વક્તાને એકાન્તથી ધર્મ થાય છે.

તેથી પોતાના શ્રમનો વિચાર કર્યા સિવાય હમેશાં શ્રેયઃ–મોક્ષનો ઉપદેશ કરવો યોગ્ય છે, કારણ કે હિતનો ઉપદેશ કરનાર પોતાનો અને પરનો ઉપકાર કરે છે."

એથી શાસ્ત્રમાં આદર ઉત્પન્ન કરવા માટે ગ્રન્થકર્તા ઉપદેશ કરે છે—તિર્યંચ અને મનુષ્યો બધા ચર્મચક્ષુ ધારણ કરનારા છે. એટલે મતિશ્રુતજ્ઞાનાવરણીય અને વીર્યા-ન્તરાયના ક્ષયોપશમ તથા જાતિનામ, પર્યાપ્તનામ, શરી-

રનામ અને નિર્માણનામકર્મના ઉદયથી પ્રાપ્ત થયેલ ચક્ષુને ધારણ કરનારા છે. દેવો અવધિજ્ઞાનાવરણીય અને અવધિ-દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલ અવધિજ્ઞાન-રૂપ ચક્ષુવાળા છે. સિદ્ધ ભગવંતો સર્વપ્રદેશે થયેલા કેવલ-જ્ઞાન–દર્શનના ઉપયોગવાળા છે અને નિર્ગ્રન્થ સાધુઓ શાસ્ત્રના આધારે થતા વિજ્ઞાનરૂપ ચક્ષુવાળા છે. એ હેતુથી નિર્ગ્રન્થોને વાચનાદિ સ્વાધ્યાયનું પ્રધાનપણું છે.

**[1]पुरःस्थितानिवोर्ध्वाधस्तिर्यग्लोकविवर्तिनः ।**
**सर्वान् भावानवेक्षन्ते ज्ञानिनः शास्त्रचक्षुषा ॥२॥**

**જ્ઞાનીઓ શાસ્ત્રરૂપ ચક્ષુ વડે જાણે આગળ રહેલા હોય તેમ સૌધર્માદિ ઊર્ધ્વલોક, નરકાદિ અધોલોક અને જંબૂ-લવણાદિ તિર્યગ્લોકમાં વિવિધ પરિણામ પામતા સર્વ ભાવ–પદાર્થને સાક્ષાત્ દેખે છે. અહીં શ્રુત સહચરિત માનસ અચક્ષુદર્શનથી દેખે છે એમ જાણવું.**

જ્ઞાનીઓ આગમના ઉપયોગથી ઊર્ધ્વ, અધો અને તિર્યગ્લોકમાં રહેલા સર્વ સૂક્ષ્મ, બાદર, સહજ અને વિ-ભાવરૂપ અન્ય ક્ષેત્રમાં રહેલા પરોક્ષ ભાવોને આગમના બળથી સન્મુખ રહેલા હોય તેમ દેખે છે. અહીં દર્શન માનસ શ્રુતજ્ઞાનના ક્ષયોપશમરૂપ જાણવું.

---

૧ ज्ञानिनः=જ્ઞાની પુરુષો. शास्त्रचक्षुषा=શાસ્ત્રરૂપ ચક્ષુથી. ऊर्ध्वाधस्तिर्यग्लोकविवर्त्तिनः=ઊર્ધ્વ, અધો અને તિરછાલોકમાં પરિણામ પામતા. सर्वभावान्=સર્વ ભાવોને. पुरःस्थितान् इव=સન્મુખ રહેલા હોય તેમ. साक्षात्=પ્રત્યક્ષ. अवेक्षन्ते=દેખે છે.

[1]शासनात् त्राणशक्तेश्च बुधैः शास्त्रं निरुच्यते ।
वचनं वीतरागस्य तत्तु नान्यस्य कस्यचित् ॥२॥

પંડિતોએ હિત શિખવવાથી અને રક્ષણ કરવાની શક્તિથી શાસ્ત્ર શબ્દની વ્યુત્પત્તિ કરી છે. તે સર્વગુણસહિત કેવલજ્ઞાન મૂલ કારણ જેનું છે એવું વીતરાગનું વચન છે. બીજા કોઇનું વચન તે શાસ્ત્ર કહેવા યોગ્ય નથી. પ્રશમરતિમાં કહ્યું છે કે—

"शासनसामर्थ्येन च संत्राणबलेनानवद्येन ।
युक्तं यत् तच्छास्त्रं तच्चैतत् सर्वविद्वचनम् " ॥

"હિતશિક્ષા આપવાના સામર્થ્યથી, અને નિર્દોષ-રક્ષણ કરવાની શક્તિથી યુક્ત હોય તે શાસ્ત્ર છે અને તે સર્વજ્ઞનું વચન છે."

હિતશિક્ષા આપવાથી અને સંસારથી ભય પામેલા, કર્મથી ઘેરાયેલા અને વિભાવથી પીડિત થયેલા જીવોનું રક્ષણ કરવાની શક્તિ હોવાથી વિદ્વાનોએ તેને શાસ્ત્ર કહ્યું છે. 'મોક્ષમાર્ગનો શાસન–ઉપદેશ કરે છે માટે તે શાસ્ત્ર છે' એમ તત્ત્વાર્થકાર કહે છે. સર્વ મોહના ક્ષયથી પરમ શમ-સ્વભાવને પ્રાપ્ત થયેલા વીતરાગનું વચન મોક્ષમાર્ગનો ઉપદેશ કરનાર છે. પૂજ્ય ઉમાસ્વાતિવાચકે કહ્યું છે કે—

"केवलमधिगम्य विभुः स्वयमेव ज्ञानदर्शनमनन्तम् ।

---

१ शासनात्=હિતોપદેશ કરવાથી. च=અને. त्राणशक्तेः=સર્વ-જીવોને રક્ષણ કરવાના સામર્થ્યથી. बुधैः=પંડિતોએ. शास्त्रं निरुच्यते=શાસ્ત્રશબ્દની વ્યુત્પત્તિ કરાય છે. तत्तु=તે શાસ્ત્ર તો. वीतरागस्य=વીત-રાગનું. वचनं=વચન છે. अन्यस्य=બીજા. कस्यचित्=કોઇનું. न=નથી.

लोकहिताय कृतार्थोऽपि देशयामास तीर्थमिदम् ॥"

"તીર્થંકરે કેવળ અનન્ત જ્ઞાન-દર્શન પામીને કૃતાર્થ હોવા છતાં લોકના હિત માટે સ્વયમેવ આ વર્તમાન તીર્થનો ઉપદેશ કર્યો છે."

તે માટે તેમનું વચન જ મોક્ષનું કારણ છે. પોતે અસર્વજ્ઞ છતાં પોતાને સર્વજ્ઞ માનતા એવા બીજા કોઈનું વચન મોક્ષનું કારણ નથી.

**[1]शास्त्रे पुरस्कृते तस्माद् वीतरागः पुरस्कृतः ।**
**पुरस्कृते पुनस्तस्मिन् नियमात् सर्वसिद्धयः ॥४॥**

તેથી શાસ્ત્ર આગળ કર્યું-મુખ્ય કર્યું એટલે તેણે વીતરાગ ભગવંત આગળ કર્યા. શાસ્ત્રના ઉપયોગે તેના કર્તા સાંભરે જ. અને વીતરાગને આગળ કર્યા એટલે અવશ્ય સર્વ સિદ્ધિઓ થાય છે. કહ્યું છે કે—

"अस्मिन् हृदयस्थे सति हृदयस्थस्तत्त्वतो मुनीन्द्र इति ।
हृदयस्थिते च तस्मिन् नियमात् सर्वार्थसिद्धयः" ॥

षोडशक २ श्लो० १४.

"તીર્થંકર પ્રણીત આગમ હૃદયમાં હોય ત્યારે પરમાર્થથી તીર્થંકર ભગવંત હૃદયમાં હોય છે. કારણ કે તે તેના સ્વતંત્ર પ્રણેતા છે, અને જ્યારે તીર્થંકર ભગવંત હૃદયમાં હોય ત્યારે અવશ્ય સર્વ અર્થની સિદ્ધિ થાય છે."

---

૧ तस्मात्=તેથી. शास्त्रे पुरस्कृते=શાસ્ત્રને આગળ કર્યું એટલે. वीतरागः=વીતરાગને. पुरस्कृतः=આગળ કર્યા છે. पुनः=વળી. तस्मिन् पुरस्कृते=તે વીતરાગને આગળ કર્યા એટલે. नियमात्=અવશ્ય. सर्वसिद्धयः=સર્વ સિદ્ધિ થાય છે.

તે કારણથી જ્યારે આદર–બહુમાનપૂર્વક શાસ્ત્ર–સિદ્ધાન્તને અગ્રેસર કરવામાં આવે છે ત્યારે વીતરાગ ભગવંત અગ્રેસર કરાય છે, અને જ્યારે વીતરાગ ભગવંત અગ્રેસર કરાય છે ત્યારે નિશ્ચયથી સર્વ સિદ્ધિ–કેવલજ્ઞાનાદિ આત્મિક સંપત્તિ પ્રગટ થાય છે. આગમમાં કહ્યું છે કે—

**"आगमं आयरंतेण अत्तणो हियकंखिणो ।**
**तित्थनाहो सयंबुद्धो सव्वे ते बहुमन्निया" ॥**

"આગમનો આદર કરતા તેણે આત્માના હિતની ઇચ્છાવાળા અને સ્વયંબુદ્ધ તીર્થંકર વગેરે બધાનું બહુમાન કર્યું છે.

આ કારણથી આગમનો આદર કરનાર અરિહંત, મુનિ અને સંઘનો આદર કરે છે.

**[1]अदृष्टार्थेऽनुधावन्तः शास्त्रदीपं विना जडाः ।**
**प्राप्नुवन्ति परं खेदं प्रस्खलन्तः पदे पदे ॥५॥**

જડ–અવિવેકી મનુષ્યો શાસ્ત્રરૂપ દીવા વિના અદૃષ્ટ-નહિ જોયેલા પરોક્ષ અર્થમાં પાછળ દોડતા અને પગલે પગલે સ્ખલના પામતા–ઠોકર ખાતા ઘણો ખેદ પામે છે.

સંવર, નિર્જરા અને મોક્ષરૂપ અદૃષ્ટ પદાર્થમાં શાસ્ત્ર-રૂપ દીવાના પ્રકાશ વિના પાછળ દોડતા અને પગલે પ-

---

૧ शास्त्रदीपं विना=શાસ્ત્રરૂપ દીવા વિના. अदृष्टार्थे=પરોક્ષ અર્થમાં. अनुधावन्तः=પાછળ દોડતા. जडाः=અવિવેકી જનો. पदे पदे=પગલે પગલે. प्रस्खलन्तः=ઠોકરો ખાતા. परं=અત્યન્ત. खेदं=ક્લેશ.प्राप्नुवन्ति=પામે છે.

ગલે અત્યન્ત ઠોકરો ખાતા જડ મનુષ્યો અત્યન્ત ક્લેશ પામે છે. જેણે શુદ્ધ માર્ગને જાણ્યો નથી તે અનેક ઉપાયમાં પ્રવૃત્તિ કરે તોપણ અનેક ભૂલો કરે છે.

**[1]शुद्धोञ्छाद्यपि शास्त्राज्ञानिरपेक्षस्य नो हितम्।**
**भौतहन्तुर्यथा तस्य पदस्पर्शनिवारणम् ॥६॥**

**શાસ્ત્રાજ્ઞાની અપેક્ષારહિત આપમતિને (સ્વેચ્છાચારીને) શુદ્ધ-બેંતાળીશ દોષરહિત-આહારગવેષણાદિક પણ હિતકારક નથી. જેમ ભૌતમતિને હણનાર શબરને તેના પગે સ્પર્શ કરવાનું નિવારણ કરવું હિતકારક નથી. 'જીવતા ભૌતમતિનો સ્પર્શ ન કરવો' એ આજ્ઞા તેની પાસે રહેલા મયૂરપિચ્છના અર્થી શબરે જેમ તેને મારી તેના પગે સ્પર્શ કર્યા સિવાય મયૂરપિચ્છ લેતાં પાળી, તેમ આપમતિને શાસ્ત્રાજ્ઞા વિના બાહ્યાચારનું પરિપાલન જાણવું.**

જે શાસ્ત્રની આજ્ઞા નિરપેક્ષ સ્વેચ્છાચારી છે તેને શુદ્ધ-બેંતાળીશ દોષરહિત-આહાર ગ્રહણ કરવો, કેશનો લોચ કરવો, પૃથ્વી ઉપર સૂવું, બ્રહ્મચર્ય પાલન કરવું વગેરે પણ હિતકારી થતા નથી-એટલે આત્માના સમ્યગ્દર્શનાદિ ગુણોની વૃદ્ધિ માટે થતા નથી. જેમ ભૌતમતિ(ભૂતવાદી)ને હણનાર ભિલ્લને પૂજ્ય હોવાથી તેના ગુરુના ચરણોનો સ્પર્શ નિવારવો તે હિતકારક નથી.

---

૧ शास्त्राज्ञानिरपेक्षस्य=શાસ્ત્રાજ્ઞાની અપેક્ષા રહિત, સ્વચ્છંદમતિને. शुद्धोञ्छाद्यपि=શુદ્ધ ભિક્ષા વગેરે બાહ્યાચાર પણ. हितं=હિતકારી. न=નથી. यथा=જેમ. भौतहन्तुः=ભૌતમતિને હણનારને. तस्य=તેના. (ભૌતમતિના). पदस्पर्शनिवारणम्=પગે સ્પર્શ કરવાનો નિષેધ કરવો.

કોઇ એક ભૌતમતિની પાસે સુન્દર મયૂરપિચ્છનું છત્ર હતું. તેનો ભક્ત એક ભિલ્લરાજા હતો. તેની રાણીને તે છત્ર ખૂબ ગમ્યું હોવાથી તે ભિલ્લરાજાએ ગુરુ પાસે માગ્યું, પરન્તુ ગુરુએ આપવાની ના પાડી. તેથી તેણે પોતાના સુભટોને હુકમ કર્યો કે ગુરુનો વધ કરીને છત્ર લાવો, પરન્તુ ગુરુના ચરણ પૂજ્ય હોવાથી તેનો સ્પર્શ કરશો નહિ. પછી તે ભિલ્લરાજાના સુભટોએ ગુરુનો વધ કરી તેની પાસેથી છત્ર લઇ લીધું. જેવી તે ભિલ્લરાજાની ગુરુના ઉપર ભક્તિ હતી, તેવી જ શાસ્ત્રનિરપેક્ષ સ્વચ્છન્દચારીની શુદ્ધ આહારાદિ ગ્રહણ કરવા વગેરેની પ્રવૃત્તિ જાણવી. જેમ મયૂરપિચ્છના છત્રનો અર્થી ભિલ્લરાજા પોતાના ગુરુ ભૌતમતિનો વધ કરે છે, પણ તેના ચરણસ્પર્શનો નિષેધ કરે છે, તેમ શાસ્ત્રાજ્ઞાનિરપેક્ષ સ્વેચ્છાચારી આત્માને હણીને ષડ્જીવનિકાયની રક્ષા કરે છે. માટે મૂઢતાને છોડીને તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવું. શુદ્ધ આહારાદિ અલ્પ યોગ છે અને સ્વરૂપનું અવલંબન એ મહાન્ યોગ છે. તેથી સ્વરૂપમાં રમણતા સિવાય શાસ્ત્રાજ્ઞાનિરપેક્ષ આહારાદિની શુદ્ધિથી આત્મસાધનની બુદ્ધિવાળા ભૌતનો વધ કરનાર ભિલ્લરાજાની પેઠે જાણવા.

**अज्ञानाहिमहामन्त्रं स्वाच्छन्द्यज्वरलङ्घनम् ।**
**धर्मारामसुधाकुल्यां शास्त्रमाहुर्महर्षयः[1] ॥७॥**

---

१ महर्षयः=મોટા ઋષિઓ. शास्त्रं=શાસ્ત્રને. अज्ञानाहिमहामन्त्रं=અજ્ઞાનરૂપ સર્પનું ઝેર ઉતારવામાં મહામન્ત્ર સમાન. स्वाच्छन्द्यज्वरलङ्घनम्=સ્વચ્છંદતા રૂપ જ્વરનો નાશ કરવામાં લાંઘણ સમાન. धर्मारामसुधाकुल्यां=ધર્મરૂપ બગીચામાં અમૃતની નીક જેવા. आहुः=કહે છે

**મહર્ષિઓ શાસ્ત્રને મિથ્યાજ્ઞાનરૂપ સર્પને દમવાનો મહામન્ત્ર, સ્વેચ્છાચારીપણારૂપ જ્વરને પાચન અને શમન કરવામાં લંઘનરૂપ, અને ધર્મરૂપ આરામ-બગીચાને વિષે અમૃતની નીક સમાન કહે છે.**

તત્ત્વદર્શી મહર્ષિઓ તત્ત્વશ્રદ્ધામાં પ્રતિબન્ધક મિથ્યાજ્ઞાનરૂપ સર્પના વિષને નાશ કરવામાં મહામન્ત્ર સમાન, સ્વેચ્છાચારીપણારૂપ જ્વરને દૂર કરવામાં લંઘન સમાન અને ધર્મરૂપ આરામને વિષે અમૃતની નીક તુલ્ય શાસ્ત્રને કહે છે. એ હેતુથી શાસ્ત્રનો અભ્યાસ પરમ સુખને માટે થાય છે.

**शास्त्रोक्ताचारकर्ता[1] च शास्त्रज्ञः शास्त्रदेशकः ।**
**शास्त्रैकदृग् महायोगी प्राप्नोति परमं पदम् ॥८॥**

**શાસ્ત્રમાં કહેલા આચારનું પાલન કરનાર, શાસ્ત્રનો જાણનાર, શાસ્ત્રનો ઉપદેશ કરનાર અને શાસ્ત્રને વિષે જેની એક-અદ્વિતીય દૃષ્ટિ છે એવા મહાયોગી પરમપદ-મોક્ષને પામે છે.**

જૈન આગમોમાં કર્તવ્યરૂપે જે આચારો બતાવેલા છે તે પ્રમાણે આચરણ કરનારા, સ્યાદ્વાદરૂપે આગમને જાણનાર, શાસ્ત્રનો ઉપદેશ કરનાર તથા શાસ્ત્રના અદ્વિતીય રહસ્ય ગ્રહણ કરનારી દૃષ્ટિવાળા મહાયોગી પરમપદને પામે છે. એમ શાસ્ત્રોક્ત માર્ગને આચરનારા, તત્ત્વજ્ઞાની અને તત્ત્વોપદેશક મોક્ષરૂપ પરમ પદને પામે છે. તેથી સંપૂર્ણ

---

૧ शास्त्रोक्ताचारकर्ता=શાસ્ત્રમાં કહેલા આચારને પાળનાર. शास्त्रज्ञः=શાસ્ત્રને જાણનાર. शास्त्रदेशकः=શાસ્ત્રનો ઉપદેશ કરનાર. च=અને. शास्त्रैकदृग्=શાસ્ત્રમાં એક દૃષ્ટિવાળા. महायोगी=મહાન્ યોગી. परमं पदं=પરમ પદને (મોક્ષને). प्राप्नोति=પામે છે.

આદર વડે જૈન આગમોનો અભ્યાસ કરવા યોગ્ય છે, જેથી તત્ત્વની પ્રાપ્તિ અને સમગ્ર પ્રકારની સિદ્ધિનું સાધન થઈ શકે છે. એ હેતુથી જ નિર્ગ્રન્થો પ્રવચનની વાચના કરે છે, તેનું રહસ્ય શિખવે છે, સૂત્રના પાઠોનું પરાવર્તન કરે છે, ભાવના વડે તેના અર્થનું મનન કરે છે, તેમાં તન્મય થાય છે, આગમના તત્ત્વમાં મગ્ન થઈ પોતાના આત્માને આનન્દનો અનુભવ કરાવે છે, તત્ત્વની પ્રાપ્તિના આનન્દમાં લીનચિત્ત-વાળા ધર્મકથા કરે છે, મહાન્ આચાર્યોના સમુદાયનું અનુમોદન કરે છે, યોગોપધાનની ક્રિયા કરે છે અને શાસ્ત્રના બોધમાં પ્રવીણતા મેળવવાને ઇચ્છતા જીવનપર્યન્ત ગુરુકુલ-વાસમાં વસે છે.

## ૨૫ परिग्रहाष्टक

**न परावर्तते राशेर्वक्रतां जातु नोज्झति ।**
**परिग्रहग्रहः कोऽयं विडम्बितजगत्रयः ?॥१॥**

જે રાશિથી પાછો ફરતો નથી અને વક્રતાનો ત્યાગ કરતો નથી, જેણે ત્રણ જગતને વિડંબના કરી છે એવો આ પરિગ્રહરૂપ કયો ગ્રહ છે? સર્વ ગ્રહોથી પરિગ્રહ ગ્રહ બલવાન છે. એની ગતિ કોઇએ જાણી નથી.

પરિગ્રહરૂપ ગ્રહથી ઘેરાયેલા અને અનેક પ્રકારના

૧ राशेः=રાશિથી. न परावर्तते=પાછો ફરતો નથી. जातु=કદીપણ वक्रतां=વક્રતાને. न उज्झति=તજતો નથી. विडम्बितजगत्रयः=જેણે ત્રણ જગતના લોકોને વિડંબના પમાડી છે એવો. अयं=આ. परिग्रहग्रहः=પરિગ્રહરૂપ ગ્રહ. कः=કયો છે

દ્રવ્યનું ઉપાર્જન, સંરક્ષણ અને ગોપનમાં વ્યાકુલ ચેતનાવાળા જીવને શાસ્ત્રજ્ઞાન સમ્યક્ પ્રકારે થતું નથી, તેથી અહીં પરિગ્રહત્યાગનો ઉપદેશ કરવામાં આવ્યો છે. ચોતરફથી ગ્રહણ કરવું, ગ્રહણ કરવાની બુદ્ધિ તે પરિગ્રહ કહેવાય છે. દ્રવ્યથી ધનધાન્યાદિ પરિગ્રહ છે અને આશંસા–પરવસ્તુને ગ્રહણ કરવાની ઇચ્છા તે ભાવથી પરિગ્રહ છે. તેમાં આત્માને સ્વરૂપ પર્યાયનું આવરણ થતાં પોતાના સ્વરૂપ પર્યાયના સ્વામીપણાની પરિણતિનો અભાવ થયે અશુદ્ધ બલવીર્યની પ્રવૃત્તિથી ગ્રહણ કરેલાં કર્મોના શુભ વિપાકમાં અને તેના હેતુ પ્રશસ્ત અને અપ્રશસ્ત પરિણામોમાં મમત્વબુદ્ધિ થવી તે પરિગ્રહ છે, અથવા પોતાના સત્તાગત શુદ્ધ ગુણોથી અન્ય વસ્તુમાં મમત્વ, તેના ગ્રહણ અને સંરક્ષણની પરિણતિરૂપ ચેતનાદિની વૃત્તિ તે પરિગ્રહ કહેવાય છે. તેથી આત્માને પોતાના સ્વરૂપનું ભાન, રમણ અને અનુભવનો વ્યાઘાત–પ્રતિબન્ધ થાય છે. એ હેતુથી પરિગ્રહ તજવા યોગ્ય છે. કારણ કે દ્રવ્યપરિગ્રહ એ ભાવપરિગ્રહનું કારણ છે. અને ભાવપરિગ્રહ આત્માની અશુદ્ધિનું કારણ છે, માટે તે ત્યાજ્ય છે. નયની વ્યાખ્યામાં સંગ્રહનયથી જીવ અને અજીવને વિષે પરિગ્રહપણું છે. કારણ કે વિશેષાવશ્યકભાષ્યમાં કહ્યું છે કે બીજા અને પાંચમા આસ્રવનો વિષય સર્વ દ્રવ્યો છે–એટલે સર્વ દ્રવ્યો મૃષાવાદ અને પરિગ્રહનો વિષય છે. વ્યવહારનયથી ધનાદિ સહિત અને ઋજુસૂત્રથી તેની ઇચ્છાવાળો પરિગ્રહ યુક્ત છે. શબ્દનયથી ગુણ્યની ઇચ્છા પરિગ્રહ છે, ઇત્યાદિ સ્વયમેવ જાણવું. એ માટે પરિગ્રહ સંબન્ધી અહીં કહેવામાં આવે છે—

જે અનાદિ કાળથી રાશિથી ( ધનના રાશિથી ) પાછો ફરતો નથી, વળી કદી પણ વક્રતાનો ત્યાગ કરતો નથી, તેથી હે આત્માર્થી પુરુષ ! આ દુઃખનું મૂળ પરિગ્રહરૂપ ગ્રહ ત્રણ જગતના લોકની વિડંબનાનું કારણ છે. એટલે પરિગ્રહનો દૃઢ અનુરાગ ત્રણ જગતના પ્રાણીને પરમ ક્લેશ આપે છે. બીજા ગ્રહો એક રાશિથી નીકળી સ્થાનાન્તર કરે છે, અને વક્રતા છોડી માર્ગીભવન કરે છે, પરન્તુ તે બધા ગ્રહો કરતાં પરિગ્રહગ્રહ નવીન બલવાન્ [1]ગ્રહ છે.

**[2]परिग्रहग्रहावेशाद् दुर्भाषितरजःकिराम् ।**
**श्रूयन्ते विकृताः किं न प्रलापा लिङ्गिनामपि ॥२॥**

**પરિગ્રહરૂપ ગ્રહના અંદર પ્રવેશ થવાથી દુર્ભાષિત-ઉત્સૂત્રરૂપ ધૂળને માથે ઉડાડનાર જૈન વેષધારીઓના પણ ઘેલછાના વિકારવંત પ્રલાપો-અસંબદ્ધ વચનો શું સંભળાતાં નથી? અપિતુ સંભળાય છે. તો બીજાના માટે તો શું કહેવું ?**

પરિગ્રહની માન્યતાના આવેશથી ઉત્સૂત્ર વચનરૂપ ધૂળને ઉડાડનારા જૈન વેષને લજવનારા વેષધારીઓના પ્રલાપો-યુક્તિશૂન્ય વિકારમય વચનો શું સંભળાતા નથી?

---

૧ નવિ પલટે મૂળ રાશિથી માર્ગી કદીય ન હોય. સલુણા.
પરિગ્રહગ્રહ છે અભિનવો સહુને દીયે દુઃખ સોય. સલુણા.
પરિગ્રહ મમતા પરિહરો. યશો૦ પરિગ્રહની સજ્ઝાય.

૨ परिग्रहग्रहावेशात्=પરિગ્રહરૂપ ગ્રહનો પ્રવેશ થવાથી. दुर्भाषितरजःकिराम्=ઉત્સૂત્ર ભાષણરૂપ ધૂળ ઉડાડનારા. लिङ्गिनामपि=વેષધારીઓના પણ. विकृताः=વિકારવાળા. प्रलापाः=બકવાદો. किं=શું. न श्रूयन्ते=સંભળાતા નથી.

એમ પરિગ્રહની અભિલાષાથી જ્ઞાનપૂજન આદિ ઉપદેશ વડે પરિગ્રહ મેળવવામાં આસક્ત થયેલા તેઓ ઉત્સૂત્ર બોલે છે, વિષયોને પોષે છે, જ્ઞાનનાં ઉપકરણોનો પરિગ્રહ કરે છે, અને જ્ઞાનનાં ઉપકરણો વડે પોતાને મોટા કહેવરાવે છે. ઉપમિતિભવપ્રપંચાકથામાં કહેલું છે કે—"કદાચિત્ મનુષ્યપણું પામી આર્યકુલ અને શ્રાવકધર્મની સામગ્રીનો યોગ પ્રાપ્ત કરીને તત્ત્વનો ઉપદેશ સાંભળી વૈરાગ્ય વડે વ્રતને ગ્રહણ કરી મુનિસંઘ સહિત શ્રુતજ્ઞાનના લાભથી શ્રાવકવર્ગોથી પૂજા સત્કાર પામતો, જ્ઞાનની ભક્તિવાળા પુરુષોએ કરેલા ચંદરવા વગેરે ઉપકરણ સહિત અને તે જ ઉપકરણો વડે રમણીયતા, મમત્વ અને અહંકારથી દૂષિત થઈ તીવ્ર જ્ઞાનાવરણીયાદિ કર્મના વશથી અનન્ત ભવભ્રમણરૂપ નિગોદમાં પડે છે. એ પ્રમાણે સત્પુરુષોએ આત્માના હિત માટે ભવભ્રમણનું સ્વરૂપ વિચારવા યોગ્ય છે". એ હેતુથી ધર્મના ઉપકરણ સંબન્ધી પરિગ્રહના પોષણ આદિ નિવારવા યોગ્ય છે.

[1]यस्त्यक्त्वा तृणवद् बाह्यमान्तरं च परिग्रहम् ।
उदास्ते तत्पदाम्भोजं पर्युपास्ते जगत्त्रयी ॥३॥

જે તૃણની પેઠે ધનધાન્યાદિ બાહ્ય અને મિથ્યાત્વાદિ અંતરંગ પરિગ્રહ તજી ઉદાસીન થઈને રહે છે તેના ચરણકમળ ત્રણ જગત્ સેવે છે.

---

૧ यः=જે. तृणवद्=તરખલાની પેઠે. बाह्यं=બાહ્ય. च=અને. आन्तरं=અંતરંગ. परिग्रहं=પરિગ્રહને. त्यक्त्वा=તજીને. उदास्ते=ઉદાસીન રહે છે. तत्पदाम्भोजं=તેના ચરણકમલને. जगत्त्रयी=ત્રણ જગત. उपास्ते=સેવે છે.

જે સાધુ ધન, ધાન્ય, ઘર, ખેતર, સુવર્ણ, રૂપ્ય વગેરે બાહ્ય પરિગ્રહ અને મિથ્યાત્વ રાગ–દ્વેષાદિ આંતર પરિગ્રહને તરખલાની પેઠે છોડીને ઉદાસીનભાવે રહે છે, 'મોહનું કારણ, આસક્તિનું મૂળ, આત્માને લાગેલા કાદવ તુલ્ય અને વાસ્તવિક રીતે અસાર એવા પરિગ્રહનું મારે શું કામ છે? આ મારું નથી, મદિરાથી ઉન્મત્ત થયેલા પુરુષને કાદવના લેપ તુલ્ય આ પરિગ્રહથી હું સુખી નથી, હું જ્ઞાનાદિ અનન્તગુણો વડે પૂર્ણ છું, તો પુદ્ગલોમાં કેમ રતિ કરું', ઇત્યાદિ ભાવના વડે જેણે પરિગ્રહનો ત્યાગ કરેલો છે તેના ચરણકમળને સુર, અસુર અને મનુષ્યરૂપ ત્રણે લોક સેવે છે. તે ત્રણ જગતને વંદનીય થાય છે. તેથી સ્વરૂપના આનન્દમાં રસિક પુરુષોને પરિગ્રહમાં આસક્તિ થતી નથી.

વળી બાહ્ય ત્યાગ વડે પોતાને નિર્ગ્રન્થ માનનારને ઉપદેશ કરે છે—

**चित्तेऽन्तर्ग्रन्थगहने बहिर्निर्ग्रन्थता वृथा ।**
**त्यागात्कञ्चुकमात्रस्य भुजगो न हि निर्विषः ॥४॥**

**અંતરંગ પરિગ્રહે કરીને ગહન–વ્યાકુલ ચિત્ત છતાં બાહ્ય નિર્ગ્રંન્થપણું ફોગટ છે. ખરેખર કાંચળી માત્રને છોડવાથી સાપ વિષરહિત થતો નથી.**

---

૧ अन्तर्ग्रन्थगहने=અંતરંગ પરિગ્રહે કરીને વ્યાકુલ. चित्ते=મન છે તો. बाह्यनिर्ग्रन्थता=બાહ્ય નિર્ગ્રન્થપણું. वृथा=ફોગટ છે. हि=કારણ કે कञ्चुकमात्रत्यागात्=કાંચળી માત્ર છોડવાથી. भुजगः=સર્પ. निर्विषः=વિષ રહિત. न=થતો નથી.

ચિત્ત અંતરંગ પરિગ્રહ વડે વ્યાપ્ત છે–ભરેલું છે, એટલે ચેતનાની પરિણતિ પરિગ્રહની તૃષ્ણામાં મગ્ન થયેલી છે તો સ્ત્રીધનાદિ બાહ્ય પરિગ્રહના ત્યાગરૂપ બાહ્ય નિર્ગ્રન્થપણું નિષ્ફળ છે. કારણ કે તેનો બાહ્ય ત્યાગ સ્વરૂપના પ્રગટપણાનું કારણ થતો નથી. જેમ કાંચળીના ત્યાગથી સાપ નિર્વિષ થતો નથી, તેમ બાહ્યત્યાગથી જીવ ત્યાગી થતો નથી, પણ અંતરંગ મમત્વપરિણામના ત્યાગથી જ ત્યાગી થાય છે.

**[1]त्यक्ते परिग्रहे साधोः प्रयाति सकलं रजः ।**
**पालित्यागे क्षणादेव सरसः सलिलं यथा ॥५॥**

**જેમ પાળનો નાશ કરવાથી સરોવરનું સઘળું પાણી ક્ષણવારમાં ચાલ્યું જાય છે તેમ પરિગ્રહનો ત્યાગ કરવાથી સાધુનું સઘળું પાપ ચાલ્યું જાય છે.**

પરિગ્રહનો ત્યાગ કરવાથી સાધુના સમગ્ર પાપનો સમૂહ ચાલ્યો જાય છે. અહીં દૃષ્ટાન્ત કહે છે–જેમ પાળનો નાશ થવાથી સરોવરનું બધું પાણી ચાલ્યું જાય છે. એ હેતુથી અંતરની સામાન્ય પરિણતિમાં લોભના ત્યાગથી અનુક્રમે સર્વ કર્મનો અભાવ થાય છે.

**[2]त्यक्तपुत्रकलत्रस्य मूर्च्छामुक्तस्य योगिनः ।**

---

૧ त्यक्ते परिग्रहे=પરિગ્રહનો ત્યાગ કર્યે. साधोः=સાધુનું. सकलं=સઘળું. रजः=પાપ. क्षणादेव=ક્ષણમાં જ. प्रयाति=જાય છે. यथा=જેમ. पालित्यागे=પાળનો નાશ થતાં. सरसः=સરોવરનું. सलिलं=પાણી. (ચાલ્યું જાય છે.)

૨ त्यक्तपुत्रकलत्रस्य=જેણે પુત્ર અને સ્ત્રીનો ત્યાગ કરેલો છે.

**चिन्मात्रप्रतिबद्धस्य का पुद्गलनियन्त्रणा ॥६॥**

**પુત્ર, કલત્ર-સ્ત્રી અને ઉપલક્ષણથી સર્વ બન્ધનનો જેણે ત્યાગ કરેલો છે, મૂર્છાથી રહિત અને ચિન્માત્ર-જ્ઞાનમાત્રમાં આસક્ત એવા યોગીને પુદ્ગલનું બન્ધન શું હોય?**

સંતાન અને સ્ત્રીનો સંબન્ધ જેણે તજી દીધો છે, પરિગ્રહની મૂર્છા અને તેના સંરક્ષણથી રહિત, જ્ઞાનમાત્રમાં આસક્તિવાળા એવા સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ યોગસહિત યોગીને પુદ્ગલને વિષે એકતારૂપ પ્રતિબન્ધ શો હોય ? તાત્પર્ય એ છે કે પુત્ર સ્ત્રી વગેરેના સંગરહિત, પુદ્ગલના સંરક્ષણના વિકલ્પથી મુક્ત થયેલા, જેનો ચેતનાના વ્યાપારરૂપ ઉપયોગ સ્વરૂપની એકતામાં લાગેલ છે એવા, સ્વભાવાનન્દના વિલાસની વર્ણિકા (વાનકી) રૂપ શુદ્ધ જ્ઞાનાનુભવના ભોક્તાને અચેતન, નશ્વર, એઠવાડરૂપ અને આનન્દરહિત પુદ્ગલોમાં રાગનો પરિણામ થતો નથી. અહીં વૃદ્ધ સંપ્રદાયથી આ દૃષ્ટાન્ત આપવામાં આવે છે—અયોધ્યા નગરમાં શ્રીવર નામે રાજા અત્યન્ત મિથ્યાદૃષ્ટિ હતો. તેને એક શ્રીકાન્ત નામે કુમાર હતો. તે રૂપ, લાવણ્ય અને સૌભાગ્યમાં કુશલ, ઇન્દ્રની પેઠે સુશોભિત શરીરવાળો, જીવાજીવાદિ તત્ત્વનો જાણનાર, સૂત્ર-અને અર્થનું શ્રવણ કરવામાં પ્રીતિવાળો અને બાલ્યાવસ્થામાં પણ ભોગની લાલસાથી મુક્ત હતો. તે કુમારને વિસ્મય પમાડે તેવા રૂપવાળી અનેક રાજકન્યાઓ પોતાની સંપત્તિસહિત પરણવા

---

मूर्च्छामुक्तस्य=મૂર્છા-મમત્વથી રહિત. चिन्मात्रप्रतिबद्धस्य=જ્ઞાનમાત્રમાં આસક્ત. योगिनः=યોગીને. पुद्गलनियन्त्रणा=પુદ્ગલનું નિયન્ત્રણ-બન્ધન. का=શું હોય ?

માટે આવી. એક દિવસે તે રાજકન્યાઓને કુમારે પૂછયું-હે ભદ્રે! તમે તમારાં માતપિતાનું ઘર છોડીને કેમ અહીં આવી છો? તે રાજકન્યાઓએ કહ્યું કે અમે તમારા પ્રેમની અભિલાષાવાળી છીએ અને તમને ઇષ્ટ, કાન્ત અને પ્રિય તરીકે ઇચ્છીએ છીએ. ત્યારે કુમારે કહ્યું કે-જિનેન્દ્રે નિષેધ કરેલ, કર્મબન્ધનનું મૂળ કારણ અને સંસાર વધારનાર રાગ છે, કારણથી આત્માની સાથે એકતાને પ્રાપ્ત થયેલા, ધર્મના સાધનભૂત, પોતાના શરીર ઉપર પણ રાગ કરવો તે સર્વદર્શી જિનોએ નિવાર્યો છે, તો કયો ચતુર પુરૂષ પારકા શરીર ઉપર રાગ કરે? તે નિર્મલ ચારિત્રને આવરનાર અને કેવલજ્ઞાનને રોકનાર છે. તે રાગ અરિહંતાદિને વિષે કરવો શ્રેષ્ઠ છે, તોપણ નિશ્ચયનયે તજવા યોગ્ય કહ્યો છે. તો પછી અનર્થપ્રધાન વિષયરાગ તો કેમ કરાય? પોતાના સ્વભાવમાં આસક્ત વીતરાગ ભગવંત સુખી છે, તો મારે અન્યમાં રાગ કરવો યોગ્ય નથી અને તમારે પણ બીજામાં રાગ કરવો યોગ્ય નથી. એમ ઉપદેશ વડે રાજકન્યાઓને પ્રતિબોધ કર્યો અને હજાર કન્યાઓના પરિવાર સાથે શ્રમણ થયો. અનુક્રમે અનુત્તર જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય વડે શુકલધ્યાનારૂઢ થઇને સિદ્ધ થયો. તે રાજકન્યાઓ પણ નિર્વાણને પ્રાપ્ત થઇ. એમ રાગ ત્યાગ કરવા યોગ્ય છે. તો પરિગ્રહનો રાગ કદાપિ આત્મહિતનું કારણ થતો નથી.

**चिन्मात्रदीपको गच्छेद् निर्वातस्थानसंनिभैः ।**
**निष्परिग्रहतास्थैर्यं धर्मोपकरणैरपि ॥७॥**

---

૧ चिन्मात्रदीपकः=જ્ઞાનમાત્રનો દીવો (અપ્રમત્ત સાધુ). निर्वातस्था-

'ચિન્માત્ર-જ્ઞાનમાત્ર પરિણામવાળા અપ્રમત્ત સાધુને વસ્ત્રપાત્રાદિ ઔઘ ધર્મોપકરણ ધારણ કરવાં ન ઘટે, કારણકે તેનાં ગ્રહણ અને ધારણાદિ મૂર્છા વિના ન હોય, અને યુક્તાહારાદિ તો અનાહાર ભાવનારૂપ જ્ઞાનનું પ્રસાધન છે, તેનો અસંભવ સાધુને નથી' એવું દિગંબરો કહે છે. તેને પ્રતિબન્દી દૂષણ આપવાના અભિપ્રાયે ગ્રન્થકર્તા કહે છે—

**જ્ઞાનમાત્રનો દીપક (અપ્રમત્ત સાધુ) નિર્વાતસ્થાન જેવા ધર્મોપકરણોએ કરીને નિષ્પરિગ્રહપણાની સ્થિરતાને પામે છે. એટલે જ્ઞાનદીપકને તૈલસમાન યુક્તાહારે જેમ આધાર છે, તેમ નિર્વાતસ્થાન તુલ્ય ધર્મોપકરણવડે પણ આધાર છે એમ જાણવું.**

જ્ઞાનમાત્રના દીપક સમાન અપ્રમત્ત સાધુ નિર્વાત-પવનની પ્રેરણા રહિત સ્થાન-તુલ્ય ધર્મોપકરણો વડે પણ પરિગ્રહના અભાવરૂપ સ્થિરતાને સાધે છે. અહીં દિગંબરો ધર્મોપકરણને પણ પરિગ્રહ જાણતા તેનો ત્યાગ કરવા પ્રયત્ન કરે છે, પરન્તુ ધર્મોપકરણોથી પણ સ્થિરતા વધે છે. આ સંબન્ધે ધર્મસંગ્રહણીમાં કહ્યું છે કે "શીત, આતપ અને દંશાદિ પરિષહો પ્રાપ્ત થતા સ્વાધ્યાયનો વ્યાઘાત થયે નિઃસ્પૃહપણે ધર્મોપકરણનું ગ્રહણ કરવું તે સમાધિની સ્થિરતાનું કારણ થાય છે. મૂર્છારહિતને તેનો પરિગ્રહ નથી. પુદ્ગલ અને જીવો એક ક્ષેત્રમાં રહેલા છે, તેથી એ પરિગ્રહરૂપ નથી. પરન્તુ ચેતના તેના રાગ-દ્વેષના પરિણામ

---

નસગ્નિભૈઃ=પવનરહિત સ્થાનના જેવા. धर्मोपकरणैः=ધર્મનાં ઉપકરણો વડે. अपि=પણ. निष्परिग्रहतास्थैर्यं=પરિગ્રહના ત્યાગરૂપ સ્થિરતાને. गच्छेत्=પામે છે.

વડે પરિણત થાય છે ત્યારે તે પરિગ્રહરૂપતાને પામે છે. માટે ઉપકરણો તત્ત્વનું સાધન કરવામાં નિમિત્ત છે. જેમ તત્ત્વની સાધનામાં અરિહંત અને ગુરુનો સંયોગ નિમિત્ત છે, તેમ આત્મસ્વરૂપમાં રહેલાને પુદ્ગલસ્કન્ધો બાધ કરતા નથી. પરન્તુ પુદ્ગલસ્કન્ધોને અનુસરનાર આત્મા જ બાધકતા ઉત્પન્ન કરે છે.

**मूर्च्छाछन्नधियां सर्वं जगदेव परिग्रहः ।**
**मूर्च्छया रहितानां तु जगदेवापरिग्रहः ॥८॥**

મૂર્છાએ કરીને જેની બુદ્ધિ ઢંકાયેલી છે તેને સર્વ જગત જ પરિગ્રહ છે અને મૂર્છાથી રહિત જ્ઞાનીને તો જગત જ અપરિગ્રહરૂપ છે. વિશેષાવશ્યકભાષ્યમાં કહ્યું છે કે-

**तम्हा किमत्थि वत्थुं गंथोऽगंथो व सव्वहा लोए ।**
**गंथोऽगंथो व मओ मुच्छाऽमुच्छाहिं निच्छयओ ॥**
**वत्थाइ तेण जं जं संजमसाहणमरागदोसस्स ।**
**तं तमपरिग्गहो च्चिय परिग्गहो जं तदुवघाई ॥**

गा० ३०७५-७६

"તેથી લોકમાં એવી કઇ વસ્તુ છે કે જેને સર્વથા પરિગ્રહ અથવા અપરિગ્રહરૂપ કહેવાય? માટે નિશ્ચય દષ્ટિથી મૂર્છાથી પરિગ્રહ અને અમૂર્છાથી અપરિગ્રહ કહેલો છે. તેથી રાગદ્વેષરહિત આત્માને સંયમના સાધનભૂત

---

૧ मूर्च्छाछन्नधियां=મૂર્છાથી જેની બુદ્ધિ ઢંકાયેલી છે તેઓને. सर्वं=બધું. जगद् एव=જગત જ. परिग्रहः=પરિગ્રહરૂપ છે. तु=પરન્તુ. मूर्च्छया=મૂર્છાથી. रहितानां=રહિતને. जगद् एव=જગત જ. अपरिग्रहः=અપરિગ્રહરૂપ છે.

**વસ્ત્રાદિ અપરિગ્રહ રૂપ છે અને સંયમનો ઉપઘાત કરનાર છે તે પરિગ્રહ છે."**

મમત્વ પરિણામ વડે જેની બુદ્ધિ આચ્છાદિત થયેલી છે એવા મૂર્ચ્છામાં મગ્ન થયેલા પુરુષને પોતાની આધીનતાને નહિ પ્રાપ્ત થયેલ સઘળું જગત પરિગ્રહરૂપ જ છે. કારણ કે તેઓ સ્વામીપણામાં અને ભોક્તાપણામાં સુખની બુદ્ધિ સહિત છે. જેઓ મૂર્છારહિત છે અને પુદ્ગલોના ભિન્નપણા અને અગ્રાહ્યપણાથી તેના ત્યાગની બુદ્ધિવાળા છે તેઓને જગત અપરિગ્રહરૂપ છે. કારણ કે તેઓને તેમાં રમણતા નથી. વિશેષાવશ્યકભાષ્યમાં કહ્યું છે કે—"દુનિયામાં એવી કઇ વસ્તુ છે કે જેને સર્વથા પરિગ્રહ અથવા અપરિગ્રહ કહી શકાય? પણ નિશ્ચયનયની દૃષ્ટિથી મૂર્છાથી પરિગ્રહ અને અમૂર્છાથી અપરિગ્રહ કહેલો છે. તે માટે રાગદ્વેષ રહિતને સંયમના સાધન વસ્ત્રાદિ અપરિગ્રહરૂપ જ છે અને સંયમનો ઉપઘાત કરનાર પરિગ્રહ છે"

એ હેતુથી પરભાવમાં રસવૃત્તિ એ પરિગ્રહ છે અને તે તેનો ધર્મ નહિ હોવાથી આત્મસ્વરૂપમાં રમણ કરવું યુક્ત છે.

## ૨૬ अनुभवाष्टक

**सन्ध्येव दिनरात्रिभ्यां केवलश्रुतयोः पृथक् ।**
**बुधैरनुभवो दृष्टः केवलार्कारुणोदयः ॥१॥**

---

१ इव=જેમ. दिनरात्रिभ्यां=દિવસ અને રાત્રિથી. सन्ध्या=સંધ્યા. पृथक्=જુદી છે. (તેમ) केवलश्रुतयोः=કેવલજ્ઞાન અને શ્રુતજ્ઞાનથી. पृथक्=

જેમ દિવસ અને રાત્રિથી સંધ્યા જુદી છે, તેમ કેવલજ્ઞાન અને શ્રુતજ્ઞાનથી ભિન્ન કેવલજ્ઞાનરૂપ સૂર્યના અરુણોદયરૂપ અનુભવ પંડિતોએ દીઠો છે. એટલે મતિ-શ્રુતજ્ઞાનના ઉત્તરભાવી અને કેવલજ્ઞાનથી અવ્યવહિત (અન્તર રહિત) પૂર્વભાવી પ્રકાશને અનુભવ કહે છે. તેનું બીજું નામ પ્રાતિભજ્ઞાન છે.

શ્રુતનો અભ્યાસ અને પરિગ્રહનો ત્યાગ વગેરે પણ અનુભવજ્ઞાનવંતને મોક્ષનાં સાધક થાય છે, પણ અનુભવજ્ઞાન રહિતને મોક્ષનાં કારણ થતા નથી, માટે તેનું પ્રતિપાદન કરવા અનુભવાષ્ટકનું નિરૂપણ કરવામાં આવે છે. અનુભવ રહિત જ્ઞાન[1] પાણી અને દૂધના જેવું છે અને અનુભવયુક્ત જ્ઞાન અમૃતના સમાન છે. માટે વાસ્તવિક જ્ઞાન તો અનુભવજ્ઞાનીને હોય છે. અનુયોગદ્વારમાં કહ્યું છે કે—

"वायणा-पुच्छणा-परियट्टणा-धम्मकहा सरअक्खरवंजणसुद्धा अणुप्पेहारहियस्स दव्वसुयं, अणुप्पेहा भावसुयं"॥

---

ભિન્ન. केवलार्कारुणोदयः=કેવલજ્ઞાનરૂપ સૂર્યના અરુણોદય સમાન. अनुभवः=અનુભવ. बुधैः=જ્ઞાની પુરુષોએ. दृष्टः=દીઠો છે.

૧ उदक-पयोऽमृतकल्पं पुंसां सज्ज्ञानमेवाख्यातम् ।
विधियत्नवत्तु गुरुभिर्विषयतृडपहारि नियमेन ॥

षोडशक १० श्लो० १२

મહાન્ ગુરુઓએ પુરુષોને સમ્યગ્જ્ઞાન પાણી સમાન, દૂધસમાન અને અમૃત તુલ્ય કહેલું છે. તે વિધિમાં પ્રયત્નવાળું અને અવશ્ય વિષય-તૃષ્ણાને દૂર કરનારું છે. તેમાં શ્રુતજ્ઞાન સ્વચ્છ અને સ્વાદિષ્ટ પાણીના જેવું, ચિન્તાજ્ઞાન દૂધના સ્વાદ જેવું અને અનુભવજ્ઞાન અમૃતના જેવું છે.

"વાચના, પૃચ્છના, પરિવર્તના અને ધર્મકથા સ્વર, અક્ષર અને વ્યંજનથી શુદ્ધ હોય, પણ અનુપ્રેક્ષા (મનન) રહિતને દ્રવ્યશ્રુત કહ્યું છે અને અનુપ્રેક્ષા એ ભાવશ્રુત છે".

તેથી ભાવશ્રુત એ સંવેદનરૂપ છે, પણ તત્ત્વને જણાવનારું નથી. સ્પર્શરૂપ જ્ઞાન તાત્ત્વિક છે. [1]સ્પર્શજ્ઞાન અને સંવેદનજ્ઞાન એમ બે પ્રકારનાં જ્ઞાન પૂજ્ય હરિભદ્રાચાર્યે કહ્યાં છે. તેમાં સ્પર્શજ્ઞાન અનુભવજ્ઞાનીને હોય છે. તેનું લક્ષણ યોગદૃષ્ટિ સમુચ્ચયને અનુસારે આ પ્રમાણે છે—

**"यथार्थवस्तुस्वरूपोपलब्धि–परभावारमण–तदास्वादनैकत्वमनुभवः"।**

"યથાર્થ વસ્તુસ્વરૂપનું જ્ઞાન, પરભાવમાં રમણતાનો અભાવ–સ્વરૂપમાં રમણતા અને તેના આસ્વાદનમાં તન્મયતા તે અનુભવ" અર્થાત્ હેય (તજવા યોગ્ય) અને ઉપાદેય (ગ્રહણ કરવા યોગ્ય) પદાર્થના જ્ઞાનના સુખનો આસ્વાદ કરવારૂપ અનુભવ છે.

તે નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવથી ચાર પ્રકારે છે. તેમાં 'અનુભવ' એવું કોઈનું નામ હોય તે નામઅનુ-

---

૧ स्पर्शस्तत्तत्त्वाप्तिः संवेदनमात्रमविदितं त्वन्यत् ।
वन्ध्यमपि स्यादेतत् स्पर्शस्त्वक्षेपतत्फलदः ॥

षोडशक १२ श्लो० १५

વસ્તુના સ્વરૂપનું જ્ઞાન તે સ્પર્શજ્ઞાન, અને વસ્તુ સ્વરૂપના જ્ઞાન રહિત, કંઇક જાણવા છતાં પણ ન જાણ્યું હોય તેવું નિષ્ફળ સંવેદન જ્ઞાન છે. સ્પર્શજ્ઞાન તો વગર વિલંબે સ્વસાધ્યરૂપ ફળને આપનારું છે.

ભવ. અનુભવવંતની આકૃતિ વગેરે તે સ્થાપનાઅનુભવ. ભોગવાતા શુભ અને અશુભ કર્મના વિપાકમાં ઉપયોગ નહિ હોવો તે દ્રવ્યાનુભવ. કારણ કે "अणुवओगो दव्वं" ઉપયોગ નહિ હોવો' એ દ્રવ્યનું લક્ષણ છે એમ શાસ્ત્રમાં કહ્યું છે. ભાવ અનુભવના બે પ્રકાર છે. પ્રશસ્ત અને અપ્રશસ્ત. તેમાં સાંસારિક વિષય અને કષાયના અનુભવમાં તન્મયતા તે અપ્રશસ્ત ભાવઅનુભવ અને અરિહંતના ગુણાનુરાગના આસ્વાદમાં તન્મયતા તે પ્રશસ્ત ભાવઅનુભવ.

સ્વરૂપના અનન્ત પર્યાયરૂપે પરિણમેલા વિચિત્ર જ્ઞાનના આસ્વાદનમાં તન્મયતારૂપ સ્થિરતા તે શુદ્ધ ભાવ અનુભવ છે. અહિં ભાવ અનુભવનું નિરૂપણ કરવાનો અવસર છે.

નૈગમનયથી અનુભવની ઇચ્છા કરનારને, સંગ્રહનયથી તેના કારણમાં રહેલી યોગ્યતાને આશ્રયી ઉપયોગવાળા અને ઉપયોગરહિતને, વ્યવહારનયથી શાસ્ત્રના અભ્યાસ, વાચના અને પૃચ્છના કરનારને, ઋજુસૂત્રનયથી મનના વિકલ્પને રોકવા પૂર્વક એકાગ્રતામાં વર્તનારને, શબ્દનયથી જ્ઞાનોપયોગથી ગ્રહણ કરેલા અનન્ત ધર્મયુક્ત આત્મદ્રવ્યની અનન્તતાના જ્ઞાનનો અનુભવ કરનારને, સમભિરૂઢનયથી મુખ્ય જ્ઞાન-દર્શન ગુણસ્વરૂપ આત્મદ્રવ્યમાં રમણતા, ઉપભોગ અને તેમાં તન્મયતાના અનુભવ કરનારને અને એવંભૂતનયથી આત્મદ્રવ્યના એક મુખ્ય પર્યાયમાં તન્મયતાનો અનુભવ કરનારને અનુભવ કહેવાય છે.

અહીં જેનો અનુભવ છે તેની જ ભાવના (વિચાર) કર્તવ્ય છે. તેથી સ્વરૂપના અનુભવ સિવાય જ્ઞાન અને

ચારિત્રાદિક દ્રવ્યરૂપ જ છે, માટે આત્મતત્ત્વના અનુભવી થવું. ધ્યેય ગુણનો પરિણામ થયે તેના અનુભવથી જ આનન્દ પ્રાપ્ત થાય છે, નહિ તો અર્થજ્ઞાન રહિતને શબ્દ શ્રવણની પેઠે નિરર્થક જ છે. શાસ્ત્રમાં સંભળાય છે કે 'અનુભવ સિવાય કોટિ કષ્ટાનુષ્ઠાન કરે તો પણ કુલવાલક મુનિ આદિની પેઠે તત્ત્વની પ્રાપ્તિ નથી.' પરિગ્રહનો પ્રસંગ પ્રાપ્ત થવાથી વિષયનો સંગ થાય તોપણ શુદ્ધ સાધ્યના રસિક પુરૂષોએ અન્તર્મુહૂર્ત સુધી આત્માના અનુભવનો અભ્યાસ કરવા યોગ્ય છે. તેથી તેનો આદર થવા માટે ઉપદેશ કરે છે—

જેમ દિવસ અને રાત્રિના મધ્યમાં રહેલી સંધ્યા દિવસ અને રાત્રિથી ભિન્ન છે, તેમ કેવલજ્ઞાન અને શ્રુતજ્ઞાનના મધ્યમાં રહેલ અનુભવ કેવલજ્ઞાન અને શ્રુતજ્ઞાનથી ભિન્ન તત્ત્વના સ્વરૂપને જાણનાર જ્ઞાની પુરુષોએ દીઠો છે. લાંબા કાળ સુધી અભ્યાસ કરેલ શ્રુતજ્ઞાનના કાર્યરૂપ અને સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકથી આરંભી સાધ્યરૂપે નિશ્ચિત કરેલા કેવલજ્ઞાનના અસાધારણ કારણરૂપ અનુભવ આધ્યાત્મિક એકતાના આનન્દરૂપ છે. તે સંપૂર્ણ નિરપેક્ષ કેવલજ્ઞાનરૂપ સૂર્યના અરુણોદયરૂપ છે. જેમ અરુણ સૂર્યના સારથિ તરીકે પ્રસિદ્ધ છે, સૂર્યના પહેલાં અરુણોદય થાય છે અને ત્યારબાદ સૂર્યનો ઉદય થાય છે, એમ અનુભવનો ઉદય થવાથી કેવલજ્ઞાનરૂપ સૂર્યનો ઉદય થાય છે. તેથી અનુભવપૂર્વક કેવલજ્ઞાન છે. માટે ભાવનાજ્ઞાનની એકતારૂપ અનુભવ કરવા યોગ્ય છે. યોગદષ્ટિસમુચ્ચયમાં કહ્યું છે કે "मतिश्रुतोत्तरभावी केवलाद् अव्यवहितपूर्वभावी प्रकाशोऽनु-

भवः" મતિશ્રુતજ્ઞાનથી ઉત્તરકાળે થનારો અને કેવલજ્ઞાનની અત્યંત નજીક પૂર્વનો પ્રકાશ તે અનુભવ છે.

**व्यापारः सर्वशास्त्राणां दिक्प्रदर्शन एव हि ।**
**पारं तु प्रापयत्येकोऽनुभवो भववारिधेः ॥२॥**

ખરેખર સઘળાં શાસ્ત્રોનો વ્યાપાર ઉપાયપ્રવર્તન દિશા બતાવવાનો જ છે. પરન્તુ એક અનુભવ સંસારસમુદ્રનો પાર પમાડે છે.

ચાર અનુયોગનું પ્રતિપાદન કરનારાં સર્વ શાસ્ત્રોનો વ્યાપાર–ઉદ્યમ દિશા–માર્ગ બતાવવા પૂરતો છે. જેમ કોઈ મુસાફરને માર્ગ દેખાડનાર નગરનો માર્ગ દેખાડે છે, પરન્તુ સુખપૂર્વક ચાલવાથી જ નગરમાં પહોંચાય છે, તેમ અત્યન્ત પ્રયાસરૂપ શાસ્ત્રનો અભ્યાસ સ્વતત્ત્વના સાધનનો વિધિ બતાવે છે, પરન્તુ એક અનુભવ સંસારસમુદ્રનો પાર પમાડે છે, બીજો નહિ. શ્રીસૂત્રકૃતાંગાદિ શાસ્ત્રોમાં 'અધ્યાત્મભાવથી સિદ્ધિ થાય છે' એમ કહ્યું છે. તેથી સદ્‌ગુરુના ચરણકમલમાં ભ્રમરની પેઠે લીન થઈને આત્મસ્વરૂપનું જ્ઞાન અને તેમાં તન્મયતા કરવા યોગ્ય છે.

**अतीन्द्रियं परं ब्रह्म विशुद्धानुभवं विना ।**
**शास्त्रयुक्तिशतेनापि न गम्यं यद् बुधा जगुः ॥३॥**

---

१ सर्वशास्त्राणां=સર્વ શાસ્ત્રોનો. व्यापारः=ઉદ્યમ. दिक्प्रदर्शनः=દિશાને બતાવનાર. एव=જ. हि=ખરેખર છે. तु=પરન્તુ. एकः=એક. अनुभवः=અનુભવ. भववारिधेः=સંસારસમુદ્રનો. पारं=પાર. प्रापयति=પમાડે છે.

२ अतीन्द्रियं=ઇન્દ્રિયને અગોચર. परं ब्रह्म=પરમાત્મસ્વરૂપ. वि-

**ઇન્દ્રિયોને અગોચર સર્વોપાધિ રહિત શુદ્ધ બ્રહ્મ-આત્મા વિશેષ શુદ્ધ અનુભવ વિના શાસ્ત્રની સેંકડો યુક્તિઓ વડે પણ જાણી શકાય તેમ નથી. જેથી પંડિતોએ કહ્યું છે.**

પંડિતોએ કહ્યુ છે કે શાસ્ત્રની સેંકડો યુક્તિઓ વડે પણ અનેક પ્રકારના આગમના રહસ્યને જાણવાથી પણ નિર્મળ અનુભવ સિવાય ઇન્દ્રિય જ્ઞાનને અગોચર ઉત્કૃષ્ટ ચૈતન્યસ્વરૂપ બ્રહ્મ-આત્મા જાણી શકાય તેમ નથી. ઘટ-પટાદિ પદાર્થના સમૂહને સાધનાર શબ્દસાધન વડે પોતપોતાના મતનું સ્થાપન કરવામાં નિષ્ફળ વિચાર અને વિકલ્પરૂપ શય્યામાં મોહનિદ્રાવશ થયેલા હોય તે સમ્યગ્જ્ઞાની નથી, પરન્તુ સ્યાદ્વાદ-અનેકાન્ત ધર્મોના આશ્રયરૂપ, અનન્ત પર્યાયોના ઉત્પાદ અને વ્યયરૂપ સંપૂર્ણ જ્ઞેય પદાર્થોનો અવબોધ જેને છે એવા તત્ત્વના અનુભવમાં લીન થયેલા મુનિઓ જ અમૂર્ત, અખંડ અને આનન્દરૂપ આત્માના સ્વરૂપજ્ઞાનનો આસ્વાદ લે છે, પણ વચનની યુક્તિથી વાણીના વિલાસને પ્રગટ કરનારા તત્ત્વનો અનુભવ કરી શકતા નથી.

**ज्ञायेरन् हेतुवादेन पदार्था यद्यतीन्द्रियाः ।**
**कालेनैतावता प्राज्ञैः कृतः स्यात् तेषु निश्चयः ॥४॥**

शुद्धानुभवं विना=વિશુદ્ધ અનુભવ સિવાય. शास्त्रयुक्तिशतेन=શાસ્ત્રની સેંકડો યુક્તિઓ વડે. अपि=પણ. न गम्यं=જાણવા યોગ્ય નથી. यद्=જેથી. बुधाः=પંડિતોએ. जगुः=કહ્યું છે.

૧ यदि=જો. हेतुवादेन=યુક્તિથી. अतीन्द्रियाः=ઇન્દ્રિયોને અગોચર. पदार्थाः=પદાર્થો. ज्ञायेरन्=જાણી શકાય. (તો) एतावता=એટલા. कालेन=કાળે. प्राज्ञैः=પંડિતોએ. तेषु=તે અતીન્દ્રિય પદાર્થ વિશે. निश्चयः=નિશ્ચય. कृतः स्यात्=કરી લીધો હોત.

જો યુક્તિશાસ્ત્રે કરીને ઇન્દ્રિયોને અગોચર ધર્માસ્તિ-કાયાદિ પદાર્થો હથેળીમાં રહેલા આમળાની પેઠે જાણી શકાય તો એટલા કાળે અતીન્દ્રિય પદાર્થોને વિષે પંડિતોએ અસંદિગ્ધ અને અભ્રાન્ત નિર્ણય કર્યો હોત.

આત્મા પણ અતીન્દ્રિય પદાર્થ છે, તેના પર્યાય પણ અતીન્દ્રિય છે, માટે તે તે વ્યક્તિને ચોક્કસ મોક્ષના ઉપાયનું પરિજ્ઞાન થવાને માટે સામર્થ્યયોગરૂપ અનુભવ પ્રમાણ અવશ્ય માનવું એ ભાવાર્થ છે.

[1]જેટલા કાળે ઇન્દ્રિયોને અગોચર ધર્માસ્તિકાયાદિ પદાર્થો હેતુવાદ એટલે યુક્તિ અને પ્રમાણસમૂહથી જાણી શકાય તેટલા કાળ સુધી પરમાત્મભાવનું શ્રવણ, ચિન્તન અને નિદિધ્યાસન આદિથી પોતાના આત્મસ્વરૂપને વિષે ઉપયોગાનુભવ કર્યો હોત તો પંડિતોએ ધર્માસ્તિકાયાદિ અતીન્દ્રિય પદાર્થોમાંના શુદ્ધ આત્મતત્ત્વનો નિશ્ચય કરી લીધો હોત. તેથી એમ જણાવ્યું કે 'જેટલા કાળમાં પર-દ્રવ્યનો વિચાર કર્યો છે તેટલો કાળ આત્મસ્વરૂપના ચિન્ત-નમાં ગાળ્યો હોત તો આત્મા અને પરદ્રવ્ય બન્નેનો બોધ થાત. તેથી સંત પુરુષોએ આત્મસ્વભાવની ભાવના કરવામાં મતિ જોડવા યોગ્ય છે. જેથી અનાયાસે જ 'जे एगं जाणइ से सव्वं जाणइ' જે એકને જાણે છે તે સર્વને જાણે છે—એ શાસ્ત્ર વચનથી એક આત્માને જાણતાં સર્વ દ્રવ્યોનો બોધ અને ત્યાગની પરિણતિ થાય છે.

---

૧ આ શ્લોકનો અર્થ જ્ઞાનમંજરી ટીકામાં, શ્રીમદ્ યશોવિ-જયજી કૃત ભાવાર્થમાં કરેલો છે તે કરતાં જુદી રીતે કર્યો છે.

**केषां न कल्पनादर्वी शास्त्रक्षीरान्नगाहिनी।**
**विरलास्तद्रसास्वादविदोऽनुभवजिह्वया ॥५॥**

**કોની કલ્પનારૂપ કડછી શાસ્ત્રરૂપ ક્ષીરાન્નમાં અવગાહનારી-પ્રવેશ કરનારી નથી? અર્થાત્ સર્વની કલ્પના શાસ્ત્રમાં પ્રવેશ કરે છે. પરન્તુ અનુભવરૂપ જીભવડે શાસ્ત્રરૂપ ક્ષીરના રસનો આસ્વાદ-રહસ્ય ચર્વણાના જાણનારા થોડા છે; એટલે શાસ્ત્રજ્ઞાન તે બાહ્ય અને અનુભવ તે અંતરંગ એમ જાણવું.**

કયા પુરુષોની કલ્પના-બુદ્ધિના વિકલ્પરૂપ કડછી શાસ્ત્રરૂપ ક્ષીરમાં પ્રવેશ કરતી **નથી**? મતિકલ્પનાથી શાસ્ત્રનું અવગાહન કરનારી બુદ્ધિ ઘણા પુરુષોને હોય છે. પરન્તુ અનુભવરૂપ જીભવતી શાસ્ત્રના રસાસ્વાદને જાણનારા ઘણા થોડા છે; અર્થાત્ શાસ્ત્રના રહસ્યને જાણનારા ઘણા થોડા હોય છે.

**[2]पश्यतु ब्रह्म निर्द्वन्द्वं निर्द्वन्द्वानुभवं विना।**
**कथं लिपिमयी दृष्टिर्वाङ्मयी वा मनोमयी ॥६॥**

---

१ केषां=કોની. कल्पनादर्वी=કલ્પનારૂપ કડછી. शास्त्रक्षीरान्नगाहिनी=શાસ્ત્રરૂપ ક્ષીરમાં પ્રવેશ કરનારી. न=નથી. (પણ) विरलाः=થોડા. अनुभवजिह्वया=અનુભવરૂપ જીભવડે. तद्रसास्वादविदः=શાસ્ત્રના રસના આસ્વાદને જાણનારા છે.

૨ निर्द्वन्द्वानुभवं विना=ક્લેશ રહિત શુદ્ધ અનુભવ વિના. लिपिमयी=પુસ્તકરૂપ. वाङ्मयी=વાણીરૂપ. मनोमयी=અર્થના જ્ઞાનરૂપ. दृष्टिः=દૃષ્ટિ. निर्द्वन्द्वं=રાગદ્વેષાદિ રહિત, શુદ્ધ. ब्रह्म=આત્મસ્વરૂપને. कथं=કેમ. पश्यतु=દેખે.

નિર્દ્વન્દ્વ–સર્વ પ્રકારના ક્લેશ રહિત બ્રહ્મ–આત્મસ્વરૂપને દ્વન્દ્વરહિત–શુદ્ધ અપરોક્ષ (પ્રત્યક્ષ) અનુભવ વિના લિપિમયી–સંજ્ઞાક્ષરરૂપ,વાઙ્મયી–વ્યંજનાક્ષર (ઉચ્ચારણ કરવા) રૂપ અને મનોમયી-લબ્ધ્યક્ષર (અર્થના પરિજ્ઞાન)રૂપ દૃષ્ટિ કેવી રીતે દેખે ? શાસ્ત્રદૃષ્ટિએ બ્રહ્મ ન જણાય, ચર્મદૃષ્ટિએ તો ન જ જણાય; પરન્તુ કેવલ(અનુભવ)દૃષ્ટિએ જ જણાય.

પુસ્તકાદિમાં રહેલ લિપિ–સંજ્ઞાક્ષરરૂપ, વાઙ્મયી–વ્યંજનાક્ષર રૂપ અને મનોમયી–મનોયોગની પ્રવૃત્તિરૂપ દૃષ્ટિ નિર્દ્વન્દ્વ–પરભાવના ઉપયોગ રહિત શુદ્ધ અનુભવ જ્ઞાન સિવાય પર વસ્તુના સંગ રહિત નિર્મળ બ્રહ્મ–આત્માને કેમ દેખે ? કર્મની ઉપાધિરૂપ બાહ્ય દૃષ્ટિની પ્રવૃત્તિ પરબ્રહ્મના સ્વરૂપને ગ્રહણ કરતી નથી. અનુભવ જ્ઞાની જ શુદ્ધ આત્મસ્વરૂપને દેખે છે.

**न[1] सुषुप्तिरमोहत्वान्नापि च स्वापजागरौ ।**
**कल्पनाशिल्पविश्रान्तेस्तुर्यैवानुभवो दशा ॥७॥**

અનુભવ એ સુષુપ્તિ દશા નથી, કારણ કે તે મોહરહિત છે, અને સુષુપ્તિ તો નિર્વિકલ્પ છે, પણ મોહસહિત છે. વળી સ્વપ્નદશા અને જાગ્રદ્દશા પણ નથી, કારણ કે કલ્પના રૂપ શિલ્પ–કારીગરીની વિશ્રાન્તિ–અભાવ છે અને સ્વપ્ન તથા જાગ્રદ્દશા તો કલ્પનારૂપ છે. માટે અનુભવ એ ચોથી જ દશા –અવસ્થા છે.

---

૧ अमोहत्वात्=મોહરહિત હોવાથી. सुषुप्तिः=ગાઢ નિદ્રારૂપ સુષુપ્તિ દશા. न=નથી. स्वाप–जागरौ=સ્વપ્ન અને જાગ્રદ્ દશા. अपि च=પણ. न–નથી. कल्पनाशिल्पविश्रान्तेः=કલ્પનારૂપ કારીગરીનો અભાવ હોવાથી. (તેથી) अनुभवः=અનુભવ. तुर्या=ચોથી. एव=જ. दशा=અવસ્થા છે.

નયચક્રમાં ચાર દશાઓ કહી છે–૧ ગાઢ નિદ્રારૂપ સુષુપ્તિદશા મિથ્યાદૃષ્ટિને હોય છે ૨ સ્વપ્નાવસ્થા સમ્યગ્દૃષ્ટિને, ૩ જાગ્રદ્દશા પ્રમત્ત અને અપ્રમત્ત મુનિને અને ૪ ઉત્તરા–ચોથી ઉજાગરદશા ધ્યાનમાં રહેલાને હોય છે, તથા ઉત્તરોત્તરા દશા સયોગી કેવલીને હોય છે. વિંશતિકામાં કહ્યું છે કે–'સુષુપ્તિદશા તીવ્ર મોહનિદ્રાથી ભ્રમિત ચિત્તવાળાને હોય છે', પરંતુ અનુભવજ્ઞાનીને હોતી નથી. કારણ કે અનુભવજ્ઞાની મોહરહિત છે અને સુષુપ્તિદશામાં રહેલો જીવ મોહમય છે, તેથી અનુભવજ્ઞાનીને સુષુપ્તિદશા નથી. તત્ત્વના અનુભવીને સ્વપ્નદશા અને જાગ્રદ્દશા પણ નથી, કારણ કે એ બન્ને દશા કલ્પના સહિત છે, અનુભવમાં તો કલ્પના–વિકલ્પચેતનાના શિલ્પ–વિજ્ઞાનનો અભાવ છે. તેથી એ બન્ને દશારૂપ નથી. માટે અનુભવ એ ચોથી જ દશા કહેવા યોગ્ય છે. જો કે ચોથી દશા કેવલજ્ઞાનીને છે, તો પણ યથાર્થ શ્રુતભાવનાથી ભાવિત ચેતનાવાળાને કેવલજ્ઞાનનું કારણ હોવાથી ઉપચારથી અને સ્વરૂપથી ચોથી દશા જ કહી શકાય. કારણ કે ત્યાં સુષુપ્તિ, સ્વપ્ન કે જાગ્રદ્દશાનો સંભવ નથી. તેથી અનુભવ જ સમાધિનું કારણ છે.

હવે ગ્રન્થકર્તા સિદ્ધાન્ત દર્શાવે છે—

**અધિગત્યાખિલં શબ્દબ્રહ્મ શાસ્ત્રદૃશા મુનિઃ ।**
**સ્વસંવેદ્યં પરં બ્રહ્માનુભવેનાધિગચ્છતિ ॥૮॥**

**મુનિ શાસ્ત્રદૃષ્ટિથી સઘળું શબ્દબ્રહ્મ જાણીને અનુભવ**

---

૧ मुनिः=મુનિ शास्त्रदृशा=શાસ્ત્ર દૃષ્ટિવડે. अखिलं=સમસ્ત. शब्दब्रह्म=શબ્દબ્રહ્મને. अधिगत्य=જાણીને. अनुभवेन=અનુભવ વડે. स्वसंवेद्यं=

વડે અન્ય નિરપેક્ષ સ્વપ્રકાશરૂપ પરમ બ્રહ્મને જાણે છે.

પ્રથમ પૂર્વસેવાના સ્થાને શાસ્ત્રને ગ્રહણ કરવાની બુદ્ધિથી સમસ્ત ષડ્ભાષાના શાસ્ત્રને જાણીને ત્યારબાદ અનુભવ-સ્વરૂપગ્રાહક દૃષ્ટિથી કેવળ આત્માથી જ જાણવા યોગ્ય એટલે જ્ઞાન વડે અનુભવવા યોગ્ય શુદ્ધ આત્મસ્વરૂપને જાણે છે, આગમમાં કહ્યું છે કે—

**"ससमयं जाणेइ, परसमयं जाणेइ, ससमयं परसमयं जाणित्ता अप्पाणं भावित्ता भवइ"।**

"સ્વસમય-સ્વદર્શનને જાણે છે, પરદર્શનને જાણે છે, સ્વદર્શન અને પરદર્શનને જાણીને આત્માની ભાવના કરે છે."

તેથી એ પ્રકારે આગમના અભ્યાસમાં સૂક્ષ્મ બુદ્ધિવાળો તત્ત્વના અનુભવ વડે આત્મસ્વરૂપને પામે છે. જેથી અનુભવ પ્રાપ્ત કરવા માટે અભ્યાસ કરવા યોગ્ય છે.

## ૨૭ योगाष्टक

**मोक्षेण योजनाद् योगः सर्वोऽप्याचार इष्यते ।**
**विशिष्य स्थानवर्णार्थालम्बनैकाग्र्यगोचरः ॥१॥**

---

સ્વયંપ્રકાશ. (એવા) परं ब्रह्म=પરબ્રહ્મને-પરમાત્માને. अधिगच्छति=જાણે છે.

૧ मोक्षेण=મોક્ષની સાથે. योजनात्=આત્માને જોડવાથી. सर्वोऽपि=બધો ય. आचारः=આચાર. योगः=યોગ. इष्यते=કહેવાય છે. (તે) विशिष्य=વિશેષે કરીને. स्थान-वर्ण-अर्थ-आलम्बन-ऐकाग्र्यगोचरः=સ્થાન-આસનાદિ, વર્ણ-અક્ષર, અર્થજ્ઞાન, આલંબન અને એકાગ્રતાવિષયક છે.

**મોક્ષની સાથે આત્માને જોડવાથી યોગ શબ્દનો અર્થ સઘળો ય આચાર ઈષ્ટ છે. વિશેષે કરીને (સામાન્ય શબ્દને વિશેષપરક કરીને) સ્થાન-મુદ્રા, વર્ણ-અક્ષર, શબ્દ વાચ્ય અર્થ, કાયોત્સર્ગાદિનું આલમ્બન અને એકાગ્રતા-સિદ્ધ સ્મરણ એ પાંચ બાબતને ગોચર જે આચાર તે યોગ કહેવા યોગ્ય છે.**

હવે યોગાષ્ટકની વ્યાખ્યા કરાય છે. અહીં કર્મ-બન્ધના કારણ મિથ્યાત્વાદિ હેતુ સહિત મન, વચન અને

---

યોગવિંશિકામાં શ્રી હરિભદ્રાચાર્યે આવા જ પ્રકારનું યોગનું સ્વરૂપ બતાવેલું છે—

मुक्खेण जोयणाओ जोगो सव्वो वि धम्मवावारो ।
परिसुद्धो विन्नेयो ठणाइगओ विसेसेण ॥१॥

મોક્ષની સાથે આત્માને જોડવાથી બધો ય ધર્મવ્યાપાર યોગ કહેવાય છે. 'योजनाद् योगः' 'યોજે છે માટે યોગ' એ વ્યુત્પત્તિથી મોક્ષના કારણભૂત આત્માનો વ્યાપાર એ યોગનું લક્ષણ સર્વત્ર ઘટે છે. તે ધર્મવ્યાપાર પરિશુદ્ધ એટલે પ્રણિધાનાદિરૂપ આશયની વિશુદ્ધિ-વાળો જાણવો. જો આશયની વિશુદ્ધિ ન હોય તો તે માત્ર દ્રવ્યક્રિયા-રૂપ હોવાથી અસારભૂત છે. ૧ પ્રણિધાન, ૨ પ્રવૃત્તિ, ૩ વિઘ્નજય, ૪ સિદ્ધિ અને ૫ વિનિયોગ એ પાંચ પ્રકારનો આશય ભાવરૂપ છે એ સિવાયની દ્રવ્યક્રિયા ઇષ્ટ ફળની સાધક નહિ હોવાથી અસાર છે.

૧ **પ્રણિધાન**—પોતાના કરતાં હીન ગુણવાળા ઉપર દ્વેષ રાખ્યા સિવાય તેના ઉપર ઉપકાર કરવાની બુદ્ધિ સહિત, વર્તમાન ધર્મસ્થાનના કર્તવ્યમાં ઉપયોગ રાખવો તે પ્રણિધાન.

૨ **પ્રવૃત્તિ**—વર્તમાન ધર્મસ્થાનના ઉદ્દેશથી તેના ઉપાયસહિત ક્રિયામાં વિધિશુદ્ધ અને જલદી ક્રિયાની સમાપ્તિ કરવાની ઇચ્છાદિરૂપ ઉત્સુકતા રહિત તીવ્ર પ્રયત્ન તે પ્રવૃત્તિ.

કાયાના ત્રણ યોગ તે કર્મવૃદ્ધિનું કારણ હોવાથી ગ્રહણ કરવા યોગ્ય નથી; પરન્તુ મોક્ષસાધનમાં કારણભૂત શુદ્ધ આત્મભાવથી ભાવિત ચેતના અને વીર્યની પરિણતિના સાધક છ કારકની પ્રવૃત્તિરૂપ યોગ ગ્રહણ કરવા યોગ્ય છે. તે દ્રવ્ય અને ભાવરૂપ ભેદવાળા, બાહ્યાચારની વિશુદ્ધિ-

---

૩ **વિઘ્નજય**—ધર્મક્રિયામાં અન્તરાયને દૂર કરનાર પરિણામ તે વિઘ્નજય. તે ત્રણ પ્રકારે છે. ૧ ભૂખ તરસ ઇત્યાદિ પરિષહો, ૨ શારીરિક રોગો, અને ૩ મનની ભ્રાન્તિ. એ ત્રણ પ્રકારનાં ધાર્મિક પ્રવૃત્તિમાં વિઘ્ન છે અને તેના જે પરિણામથી જય થાય તે વિઘ્નજય. સાધુને મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરતાં ક્ષુધા, તૃષા ઇત્યાદિ પરિષહો પ્રાપ્ત થાય તેને તિતિક્ષા ભાવના વડે સહન કરે તે પ્રથમ વિઘ્નજય. સાધુને શારીરિક રોગો પ્રાપ્ત થાય તો વિચારે કે એ 'મારા સ્વરૂપના બાધક થતા નથી, પણ દેહમાત્રના બાધક છે.' એ ભાવનાથી સમ્યક્ ધર્મનું આરાધન કરવામાં સમર્થ થાય તે મધ્યમ વિઘ્નજય. મોક્ષમાર્ગમાં પ્રવર્તતા સાધુને મિથ્યાત્વાદિથી મનોવિભ્રમ થાય તો મિથ્યાત્વાદિની પ્રતિપક્ષ ભાવના વડે મનોવિભ્રમને દૂર કરે તે ઉત્તમ વિઘ્નજય.

૪ **સિદ્ધિ**—અહિંસાદિ તાત્ત્વિક ધાર્મિક ભૂમિકાની પ્રાપ્તિ, જેથી અધિક ગુણવાળા પ્રત્યે બહુમાનાદિ, મધ્યમ ગુણવાળા પ્રતિ, ઉપકારની ભાવના અને હીન ગુણવાળા કે નિર્ગુણના પ્રતિ દયા, દાન વગેરેની પ્રવૃત્તિ થાય તે સિદ્ધિ.

૫ **વિનિયોગ**—જે અહિંસાદિ ધાર્મિક ભૂમિકા પ્રાપ્ત કરીને તેને ઉપાય દ્વારા બીજાને પ્રાપ્ત કરાવવી તે વિનિયોગ.

એ પ્રમાણે નિશ્ચયનયની દૃષ્ટિથી પ્રણિધાનાદિ આશયની વિશુદ્ધિ યુક્ત સર્વ પ્રકારનો ધર્મવ્યાપાર એ યોગ છે તો પણ વ્યવહારનયથી વિશેષે કરીને સ્થાનાદિમાં રહેલ ધર્મવ્યાપાર યોગ કહેવાય છે, કારણ કે સ્થાનાદિને વિષે યોગપદની પ્રવૃત્તિ શાસ્ત્રસંમત છે.

પૂર્વક અભ્યન્તરાચારની શુદ્ધિરૂપ છે. સકલ કર્મના ક્ષય કરવારૂપ મોક્ષની સાથે આત્માને જોડે છે તેથી તે યોગ કહેવાય છે, અને તે જિનાગમમાં કહેલ ચરણસિત્તરી અને કરણસિત્તરીરૂપ સર્વ પ્રકારનો આચાર મોક્ષના ઉપાયરૂપ હોવાથી યોગરૂપે માનેલ છે. તેમાં વિશેષે કરીને સ્થાન, વર્ણ, અર્થ, આલંબન અને એકાગ્રતા એ પાંચ પ્રકારનો યોગ મોક્ષનો હેતુ છે. અનાદિકાળથી પરભાવમાં મગ્ન થયેલા જીવોને મોક્ષના કારણભૂત યોગ પ્રાપ્ત થતો નથી. તાત્પર્ય એ છે કે આપણું સાધ્ય મોક્ષ છે, તેથી સદ્ગુરુના વચનનું સ્મરણ, તત્ત્વની જિજ્ઞાસા ઇત્યાદિ યોગે નિર્મળ, નિસ્સંગ અને પરમાનન્દમય સ્વરૂપનું સ્મરણ કરીને તેની કથાના શ્રવણમાં પ્રીતિ વગેરે કરે છે, તે પરંપરાએ સિદ્ધ-યોગી થાય છે. મરુદેવાની પેઠે બધાને અનાયાસે સિદ્ધિ થતી નથી. તેમને તો અલ્પ આશાતના આદિ દોષો કરેલા હોવાથી પ્રયત્ન સિવાય નિર્વાણપ્રાપ્તિ થઇ, બીજા જીવોને લાંબા કાળની આશાતનાથી ગાઢ કર્મો બાંધેલા હોવાને લીધે સ્થાનાદિ યોગના ક્રમથી જ તે કર્મો દૂર થતાં સિદ્ધિ થાય છે.

હવે એ પાંચ યોગમાં કર્મયોગરૂપ બાહ્ય અને જ્ઞાન યોગરૂપ અંતરંગ સાધન બતાવે છે—

**[1]कर्मयोगद्वयं तत्र ज्ञानयोगत्रयं विदुः ।**
**विरतेष्वेव नियमाद् बीजमात्रं परेष्वपि ॥२॥**

---

૧ तत्र=તેમાં. कर्मयोगद्वयं=બે કર્મયોગ. (અને) ज्ञानयोगत्रयं=ત્રણ જ્ઞાનયોગ. (જ્ઞાની) विदुः=જાણે છે. (એ) विरतेषु=વિરતિવંતમાં. नियमात्= અવશ્ય હોય છે. परेष्वपि=બીજામાં પણ. बीजमात्रं=યોગના બીજરૂપ છે.

તે પાંચ યોગમાં બે કર્મયોગ-ક્રિયાયોગ અને ત્રણ જ્ઞાનયોગ છે એમ જ્ઞાની પુરુષો જાણે છે. એ પાંચ પ્રકારનો યોગ વિરતિવંતમાં નિશ્ચયથી હોય છે અને બીજા માર્ગાનુસારીપ્રમુખમાં કેવળ બીજરૂપ હોય છે.

મોક્ષસાધનમાં સ્થાન અને વર્ણ એ કર્મયોગ છે એટલે ક્રિયાના આચરણરૂપ છે. કેમકે તે કાયોત્સર્ગાદિ જિનાગમમાં કહેલી ક્રિયા કરવામાં હાથ, પગ અને આસનની મુદ્રારૂપ છે. વિંશતિકામાં કહ્યું છે કે—

**ठाणुन्नत्थालंबणरहिओ तंतम्मि पंचहा एसो**
**दुगमित्थ कम्मजोगो तहा तियं नाणजोगो उ" ॥**

योगविंशिका गा० २

સ્થાન-કાયોત્સર્ગ, પર્યંકબન્ધ અને પદ્માસન વગેરે આસનવિશેષ, ઊર્ણ એટલે શબ્દ, ક્રિયાનુષ્ઠાન વગેરે કરતાં ઉચ્ચારાતા સૂત્રના વર્ણાક્ષરો, શબ્દના અર્થનો નિશ્ચય, આલમ્બન-બાહ્ય પ્રતિમાદિનું ધ્યાન, રહિત એટલે રૂપી દ્રવ્યના આલંબન રહિત નિર્વિકલ્પ ચૈતન્યમાત્રની સમાધિ. એમ પાંચ પ્રકારનો યોગ શાસ્ત્રમાં કહેલો છે. અહીં સ્થાન અને શબ્દ એ બન્ને કર્મયોગ છે. કારણ કે સ્થાન સાક્ષાત્ ક્રિયારૂપ છે અને ઉચ્ચારાતો શબ્દ ઉચ્ચારણના અંશમાં ક્રિયારૂપ છે. અર્થ, આલમ્બન અને આલંબન રહિત એ ત્રણ જ્ઞાનયોગ છે, કારણ કે અર્થ વગેરે સાક્ષાત્ જ્ઞાનરૂપ છે".

એ પાંચ પ્રકારનો યોગ દેશવિરતિ (શ્રાવક) અને સર્વવિરતિને અવશ્ય હોય છે. તે મન, વચન અને કાય-

યોગની ચપલતાને રોકનાર છે. તેથી યોગાભ્યાસ કરવા યોગ્ય છે. દેશવિરતિ અને સર્વવિરતિ સિવાયના બીજા માર્ગાનુસારી વગેરેમાં યોગ બીજમાત્રરૂપ હોય છે એટલે અત્યન્ત અલ્પ હોય છે. વિંશતિકામાં કહ્યું છે કે—

"देसे सव्वे य तहा नियमेण सो चरित्तिणो होइ ।
इयरस्स बीयमित्तं इत्तु चिय केइ इच्छंति ॥"

योगविंशिका गा० २

દેશથી અને સર્વથી ચારિત્રવંતને એ પૂર્વોક્ત યોગ અવશ્ય હોય છે, અને દેશવિરતિ અને સર્વચારિત્રી સિવાયના બીજાને વિષે યોગનો સંભવ નહિ હોવાથી કેટલાએક આચાર્યો તેમાં બીજમાત્રરૂપ યોગ માને છે. યદ્યપિ ચારિત્ર મોહનીયના ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલ દેશવિરતિ અને સર્વવિરતિ ચારિત્રવાળાને જ સ્થાનાદિરૂપ યોગ હોય છે, તો પણ દેશવિરતિ આદિ ગુણસ્થાનક રહિત અને વ્યવહારથી શ્રાવકધર્માદિમાં પ્રવૃત્તિ કરતા શ્રાવકાદિને સ્થાનાદિ ક્રિયા યોગના બીજરૂપ હોય છે" તેથી અપુનર્બન્ધક અને અવિરતિ સમ્યગ્દૃષ્ટિને વિષે યોગનું બીજમાત્ર હોય છે".

ઇચ્છાદિ યોગના ભેદો અને તેનું કાર્ય દર્શાવે છે—

[1]कृपानिर्वेदसंवेगप्रशमोत्पत्तिकारिणः ।
भेदाः प्रत्येकमत्रेच्छाप्रवृत्तिस्थिरसिद्धयः ॥३॥

---

૧ अत्र=અહીં. प्रत्येकं=પ્રત્યેક યોગના. इच्छा-प्रवृत्ति-स्थिर-सिद्धयः=ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થિરતા અને સિદ્ધિ એ ચાર ભેદો છે. (તે) कृपा-निर्वेद-संवेग-प्रशमोत्पत्तिकारिणः=કૃપા, સંસારનો ભય, મોક્ષની ઇચ્છા, અને પ્રશમની ઉત્પત્તિ કરનારા છે.

**અહીં પ્રત્યેક યોગના ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થિરતા અને સિદ્ધિ એ ચાર ભેદો છે, તે કૃપા—અનુકંપા, નિર્વેદ-સંસારનો ભય, સંવેગ-મોક્ષની ઇચ્છા અને પ્રશમ-ઉપશમની ઉત્પત્તિ કરનારા છે. સ્થાનાદિ યોગના પાંચ પ્રકારને ચારગુણા કરતાં વીશ ભેદો થાય છે.**

અહીં સ્થાનાદિ પ્રત્યેક યોગના ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થિરતા અને સિદ્ધિ એ ચાર ભેદો છે. તે અનુક્રમે [1]અનુકંપા—દુઃખી પ્રાણીઓને દુઃખથી મુક્ત કરવાની ઇચ્છા, કોમળતાના પરિણામ, નિર્વેદ—સંસારનો ત્રાસ, ચારગતિરૂપ સંસારને બંધીખાના જેવો જાણવો, સંવેગ—મોક્ષની અભિલાષા અને પ્રશમ—કષાયના અભાવરૂપ પરિણામને ઉત્પન્ન કરનારા છે. એવા પ્રકારની પરિણતિવાળા, સંસારથી ઉદ્વિગ્ન થયેલા અને શુદ્ધ આત્મસ્વરૂપના અનુભવની ઇચ્છાવાળાને યોગની સાધના થાય છે. વિંશતિકામાં કહ્યું છે કે—

૧ અહીં દેવચંદ્રજી મહારાજે જ્ઞાનમંજરી ટીકામાં અનુકંપા વગેરેનાં પરિણામ યોગની ઉત્પત્તિના કારણ છે' એમ જણાવ્યું છે, પરન્તુ તે સ્વોપજ્ઞ ભાષાર્થ અને યોગવિંશિકામાં જણાવેલા અર્થની સાથે સંગત નથી.

अणुकंपा निव्वेओ संवेगो होइ तह य पसमु त्ति ।
एएसिं अणुभावा इच्छाईणं जहासंखं ॥८॥

અહીં ઇચ્છાદિ યોગનું કાર્ય દર્શાવે છે—દ્રવ્યથી અને ભાવથી દુઃખી પ્રાણીઓના દુઃખને દૂર કરવાની ઇચ્છા તે અનુકંપા. સંસારનું નિર્ગુણપણું જાણવાને લીધે સંસારરૂપ કારાગૃહથી વિરક્તપણું તે નિર્વેદ, સંવેગ—મોક્ષનો અભિલાષ, પ્રશમ—ક્રોધરૂપ ખરજ અને વિષયતૃષ્ણાનો ઉપશમ. એમ ઇચ્છાદિ યોગના કાર્યો છે. જો કે આગ-

"इक्किको य चउद्धा इत्थं पुण तत्तओ मुणेयव्वो ।
इच्छा-पवित्ति-थिर-सिद्धिभेयओ समयनीईए" ॥
योगविंशिका गा० ४.

"અહીં સ્થાનાદિયોગમાંનો પ્રત્યેક યોગ પરમાર્થથી યોગશાસ્ત્રમાં કહેલા ક્રમ વડે ઈચ્છા, પ્રવૃત્તિ, સ્થિરતા અને સિદ્ધિના ભેદથી ચાર પ્રકારે જાણવો."

**[1]इच्छा तद्वत्कथाप्रीतिः प्रवृत्तिः पालनं परम् ।**
**स्थैर्यं बाधकभीहानिः सिद्धिरन्यार्थसाधनम् ॥४॥**

તે યોગવાળા યોગીની કથા-વાર્તા સાંભળતાં પ્રીતિ ઉપજે તે ઇચ્છાયોગ. અધિક પ્રયત્નથી શુભ ઉપાયોનું પાલન કરવું તે પ્રવૃત્તિયોગ, બાધક-અતિચારના ભયની હાનિ (ત્યાગ) એટલે જ્યાં અતિચાર લાગે નહિ તે સ્થિરતાયોગ. 'તેના સંગે વૈરનો ત્યાગ થાય' ઈત્યાદિ પરાર્થનું સાધન

---

મમાં અનુકંપા વગેરે સમ્યક્ત્વના લક્ષણ કહેલાં છે, તો પણ યોગના અનુભવથી સિદ્ધ થયેલા વિશિષ્ટ અનુકંપાદિ ઇચ્છાયોગ વગેરેનાં કાર્ય કહેવામાં વિરોધ નથી. વસ્તુતઃ કેવળ સમ્યક્ત્વની પ્રાપ્તિમાં પણ વ્યવહારથી ઇચ્છાદિ યોગની પ્રવૃત્તિથી અનુકંપાદિ ભાવની નિષ્પત્તિ થાય છે. એટલે સામાન્ય અનુકંપાદિમાં સામાન્ય ઇચ્છાયોગાદિ કારણ છે અને વિશેષ અનુકંપાદિમાં વિશિષ્ટ ઇચ્છાયોગાદિ કારણ છે. જુઓ યોગવિંશિકા ગા. ૮ ની ટીકા.

૧ तद्वत्कथाप्रीतिः=યોગીની કથામાં પ્રીતિ હોવી તે. इच्छा=ઇચ્છાયોગ. परं=અધિક. पालनं=ઉપાયોનું પાલન કરવું તે. प्रवृत्तिः=પ્રવૃત્તિયોગ. बाधकभीहानिः=અતિચારના ભયનો ત્યાગ તે. स्थैर्यं=સ્થિરતાયોગ. (અને) अन्यार्थसाधनं=બીજાના અર્થનું સાધન કરવું તે. सिद्धिः=સિદ્ધિયોગ છે.

થાય તે સિદ્ધિ કહેવાય.

ઇચ્છા—સાધકભાવની અભિલાષા, એટલે જેનામાં પાંચે યોગ હોય એવા શ્રમણોની કથાઓમાં, તેઓના ગુણની સ્તુતિ વગેરેમાં પ્રીતિ થવી તે ઇચ્છા યોગ. સમ્યગ્દર્શનાદિ ગુણની વૃદ્ધિના કારણભૂત ક્રિયાયોગ અને શ્રુતાભ્યાસાદિરૂપ જ્ઞાનયોગનું ઉત્કૃષ્ટ પાલન કરવું તે પ્રવૃત્તિયોગ. પૂજ્ય હરિભદ્રાચાર્યે કહ્યું છે કે—

**"तज्जुत्तकहापीईइ संगया विपरिणामिणी इच्छा।
सव्वत्थुवसमसारं तप्पालणमो पवत्ती उ" ॥**

योगविंशिका गा० ५.

સ્થાનાદિયોગવાળા મુનિઓની કથામાં અર્થબોધની ઇચ્છાથી ઉત્પન્ન થયેલ હર્ષસહિત અને વિધિપૂર્વક અનુષ્ઠાન કરનારા પ્રતિ બહુમાનાદિ ગર્ભિત પોતાના વીર્યોલ્લાસથી કંઇક અભ્યાસરૂપ વિચિત્ર પરિણામયુક્ત ઇચ્છાયોગ કહેવાય છે. અહીં દ્રવ્ય—ક્ષેત્રાદિ સામગ્રીના અભાવે શાસ્ત્રવિહિત સ્થાનાદિ યોગની ઇચ્છાથી યથાશક્તિ સ્થાનાદિયોગનું આચરણ ઇચ્છાયોગરૂપ છે. સર્વ અવસ્થામાં ઉપશમપૂર્વક સ્થાનાદિ યોગનું પાલન કરવું તે પ્રવૃત્તિ યોગ છે. અહીં અધિક વીર્ય હોવાથી સામગ્રીની પરિપૂર્ણતાને લીધે શાસ્ત્રવિહિત સ્થાનાદિયોગનું પાલન કરે છે માટે તે પ્રવૃત્તિ યોગરૂપ છે."

એ પ્રમાણે ઇચ્છા અને પ્રવૃત્તિ એ બન્ને યોગ બાહ્ય હોવાથી અને ક્રિયાપ્રધાન હોવાથી સાધ્યનું અવલંબન કરનારને કારણરૂપ છે અને તે સિવાયના બીજા જીવોને

શુભ બન્ધનું કારણ છે. બાધક એટલે અશુદ્ધ અધ્યવસાયરૂપ અતિચાર, તેના ભયનો અભાવ, અર્થાત્ નિરતિચાર ગુણના પાલનરૂપ સ્થિરતા યોગ છે. જ્યાં ક્ષયોપશમ પણ અતિગુણવાળી સાધનામાં પરિણત થયેલો હોવાથી સહજ ભાવે નિર્દોષગુણનો સાધક થાય છે તે સ્થિરતા યોગ કહેવાય છે. બીજાઓને પણ શુદ્ધ પરમાત્મભાવરૂપ અર્થની સિદ્ધિમાં સાધન થવું તે સિદ્ધિ કહેવાય છે. કહ્યું છે કે–

**तह चेव एय बाहकचिन्तारहियं थिरत्तणं नेयं ।**
**सव्वं परत्थसाहगरूवं पुण होइ सिद्धि त्ति ॥**

**योगविंशिका गा० ६**

સ્થાનાદિ યોગનું પાલન બાધક દોષની ચિન્તારહિત હોય તે સ્થિરતા જાણવી. પ્રવૃત્તિરૂપ યોગ અતિચાર સહિત હોવાથી બાધકની ચિન્તા સહિત છે, અને સ્થિરતારૂપ યોગ શુદ્ધિવિશેષથી બાધક દોષની ચિન્તારહિત છે. સર્વ સ્થાનાદિ યોગ પોતાનામાં ઉપશમવિશેષ આદિ ફળ ઉત્પન્ન કરતાં સ્થાનાદિ યોગની શુદ્ધિરહિત બીજાઓને પણ તેની શુદ્ધિ કરવા દ્વારા પોતાના જેવા ફળના સાધક થાય તે સિદ્ધિ યોગ. એ હેતુથી જેણે અહિંસાની સિદ્ધિ કરી છે એવા યોગીઓની પાસે હિંસક પ્રાણીઓ પણ હિંસા કરવા સમર્થ થતા નથી. જેણે સત્યધર્મની સિદ્ધિ કરી છે તેની પાસે અસત્યવાદી અસત્ય બોલી શકતા નથી એ સિદ્ધિયોગ સમજવો.

જ્યાં સુધી ધ્યાનથી એકતા સિદ્ધ ન થાય ત્યાં સુધી યોગ અને ઉપયોગની ચપળતાને રોકવા ન્યાસ, મુદ્રા અને વર્ણની શુદ્ધિપૂર્વક આવશ્યક, ચૈત્યવન્દન, પ્રત્યુપેક્ષણાદિ

અવશ્ય કરવા યોગ્ય છે અને તે સર્વ જીવોને અવશ્ય હિત કરનાર છે. તેથી જ સ્થાન અને વર્ણના ક્રમથી તત્ત્વની પ્રાપ્તિ થાય છે.

**अर्थालम्बनयोश्चैत्यवन्दनादौ विभावनम् ।**
**श्रेयसे योगिनः स्थानवर्णयोर्यत्न एव च ॥५॥**

**ચૈત્યવન્દનાદિ ક્રિયામાં અર્થ અને આલમ્બન એ બે યોગનું વિભાવન-વારંવાર સ્મરણ કરવું તે યોગીના કલ્યાણ માટે થાય છે, તથા સ્થાન અને વર્ણને વિષે ઉદ્યમ જ કલ્યાણકારક છે.**

અર્થ-વાકયના ભાવાર્થ અને બાહ્ય પ્રતિમાદિને અવલંબી ધ્યેયરૂપ અર્હત્સ્વરૂપમાં ઉપયોગની એકતા તે આલમ્બન. તે બન્ને યોગોનું ચૈત્યવન્દનાદિમાં-અરિહંતને વન્દન કરવાના અધિકારમાં વારંવાર સ્મરણ કરવું તે યોગીના કલ્યાણને માટે છે. વળી સ્થાન એટલે વન્દન અને કાયોત્સર્ગાદિમાં આસન અને મુદ્રાદિરૂપે શરીરની સ્થિતિ અને વર્ણ એટલે 'अरिहंतचेइयाणं करेमि काउस्सग्गं' ઇત્યાદિ પાઠના વર્ણ-અક્ષરાદિની શુદ્ધિને વિષે યત્ન પણ હિતકારક છે. આવશ્યકમાં કહ્યું છે કે-

**"जं वाइद्धं वच्चामेलियं हीणक्खरियं अच्चक्खरियं पयहीणं विणयहीणं घोसहीणं जोगहीणं सुट्ठु दिन्नं दुट्ठु पडि-**

---

१ चैत्यवन्दनादौ=ચૈત્યવન્દનાદિ ક્રિયામાં. अर्थालम्बनयोः=અર્થ અને આલમ્બનનું. विभावनं=સ્મરણ કરવું. च=અને. स्थानवर्णयोः= સ્થાન અને વર્ણને વિષે. यत्न एव=ઉદ્યમ જ. योगिनः=યોગીના. श्रेयसे=કલ્યાણને માટે છે.

**च्छियं, अकाले कओ सज्झाओ, काले न कओ सज्झाओ, असज्झाए सज्झाइअं, सज्झाए न सज्झाइअं तस्स मिच्छामि दुक्कडं"**

"વ્યાવિદ્ધ–સૂત્રના પાઠોને આડા અવળા બોલવા, વ્યત્યામ્રેડિત–એક પાઠને બે ત્રણ વાર બોલવો, ન્યૂન અક્ષર બોલવો, અધિક અક્ષર બોલવો, વિનય રહિત, ઉદાત્તાદિ સ્વર રહિત, યોગોપચાર રહિત, ગુરુએ સારી રીતે પ્રસન્ન મને શીખવેલ હોય, પણ કલુષિત મને ગ્રહણ કરેલ હોય, અકાલે સ્વાધ્યાય કર્યો હોય, કાલે સ્વાધ્યાય ન કર્યો હોય, અસ્વાધ્યાયના નિમિત્ત છતાં સ્વાધ્યાય કર્યો, સ્વાધ્યાય કરવા યોગ્ય છતાં સ્વાધ્યાય ન કર્યો, તે સંબન્ધી મારો દોષ મિથ્યા થાઓ."

તેથી દ્રવ્ય, ક્ષેત્ર અને કાળની વિશુદ્ધિ થયે ભાવ સાધનની સિદ્ધિ થાય છે. તેથી દ્રવ્ય ક્રિયા હિતકારક છે.

**[1]आलम्बनमिह ज्ञेयं द्विविधं रूप्यरूपि च ।**
**अरूपिगुणसायुज्ययोगोऽनालम्बनः परः ॥६॥**

**અહીં આલંબન રૂપી અને અરૂપી એમ બે પ્રકારે જાણવું. અરૂપી ગુણ–સિદ્ધસ્વરૂપના તાદાત્મ્યપણે યોગ તે ઈષદ્–થોડું અવલમ્બન હોવાથી ઉત્કૃષ્ટ અનાલંબન યોગ કહેવાય છે. કહ્યું છે કે—**

---

૧ इह=અહીં. आलम्बनं=આલંબન. रूपि=રૂપી. च=અને. अरूपि=અરૂપી. द्विविधं=બે પ્રકારે છે. (તેમાં) अरूपिगुणसायुज्ययोगः=અરૂપી–સિદ્ધના સ્વરૂપ સાથે તન્મયપણારૂપ યોગ તે. परः=ઉત્કૃષ્ટ. अनालम्बनः=અનાલંબન યોગ છે.

तत्राप्रतिष्ठितः खलु यतः प्रवृत्तश्च तत्त्वतस्तत्र ।
सर्वोत्तमानुजः खलु तेनानालम्बनो गीतः ॥

षोडशक १६ श्लो० ९.

પરમાત્મતત્ત્વના દર્શનની અસંગભાવે ઇચ્છારૂપ જ્યાંસુધી પરમાત્મતત્ત્વનું દર્શન થાય ત્યાંસુધી અનાલંબન યોગ છે. તે પરમાત્મતત્ત્વમાં સ્થિરતા રહિત છે અને જેથી ધ્યાનદ્વારા પરમાત્મદર્શનમાં પ્રવૃત્તિ થાય છે, તેથી યોગનિરોધરૂપ સર્વોત્તમ યોગના પૂર્વભાવી અનાલંબન યોગ કહેલો છે.

નિરાલંબન યોગ તે ધારાવાહી પ્રશાન્તવાહિતા નામ ચિત્ત છે, તે યત્ન સિવાય સ્મરણની અપેક્ષાએ સ્વરસથી જ તે ચિત્ત સદૃશ ધારાએ પ્રવર્તે છે એમ જાણવું.

અહીં જિનેશ્વરે કહેલા મોક્ષમાર્ગમાં આલંબન બે પ્રકારનું છે—એક રૂપી અને બીજું અરૂપી. તેમાં રૂપીનું આલંબન તે જિનમુદ્રાદિક પિંડસ્થ, પદસ્થ અને રૂપસ્થ ધ્યાન સુધી છે. જ્યાંસુધી અરિહંતની અવસ્થાનું આલંબન છે ત્યાંસુધી અતિશયો સહિત રૂપી શરીરનું આલંબન કારણ આલંબન છે. તેમાં અનાદિ પરભાવરૂપ શરીર, ધન અને સ્વજનનું અવલંબન કરનારો, પરભાવમાં પરિણમેલ ચેતનાવાળો જીવ વિષય અને ઐશ્વર્યાદિ માટે તીર્થંકરાદિનું અવલમ્બન લે તો પણ તે સંસારનું કારણ છે. સ્વરૂપના આનન્દને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળો સ્વરૂપ સાધનને માટે પ્રથમ વીતરાગાદિ ગુણના સમૂહ વડે કારણરૂપ જિનેશ્વરનું અવલંબન લે છે, યાવત્ મુદ્રાદિનું અવ-

લંબન લે છે ત્યાંસુધી તે રૂપીના આલંબનવાળો છે. તે જ અરિહંત અને સિદ્ધના સ્વરૂપભૂત જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ અનન્ત પર્યાય વડે વિશુદ્ધ શુદ્ધ અધ્યાત્મ ધર્મનું અવલંબન લે ત્યારે તે અરૂપીના આલંબનવાળો છે. તેની ભાવના આ પ્રમાણે છે—

અનાદિકાળથી જીવ મૂર્ત પુદ્ગલસ્કન્ધના અવલમ્બનરૂપ પરિણતિવાળો છે, તે પ્રથમથી જ અમૂર્ત અને આનન્દમય આત્મસ્વરૂપનું અવલંબન કેમ લઈ શકે ? તેથી અતિશય સહિત વીતરાગ મુદ્રાદિક મૂર્ત પર વસ્તુનું આલમ્બન લઈને વિષય અને કષાયની વૃદ્ધિ કરનાર સ્ત્રી-ધનાદિ આલમ્બનનો ત્યાગ કરે છે, આ એક પરાવર્તન છે. વળી તે જ વિચારે કે 'અતિશયાદિરૂપ મૂર્ત સર્વથા અવલમ્બન કરવા યોગ્ય નથી, કારણ કે હું અમૂર્ત છું, તેથી મારામાં મૂર્તભાવનું રસિકપણું ઉપયોગી નથી. યદ્યપિ વીતરાગમુદ્રાદિક અરિહંત સંબન્ધી છે, તો પણ તે ઔદયિકભાવ છે, તેથી તે મારા આલંબનરૂપે યોગ્ય નથી, મારે તો ગુણોનું અવલંબન લેવું યોગ્ય છે'-એમ ગુણોનું અવલંબન કરતો મૂર્ત ભાવોને રસિકપણે ગ્રહણ કરતો નથી, પણ અપેક્ષા સહિત તેને પરરૂપે જુએ છે. એ બીજું પરાવર્તન છે. એમ અમૂર્ત આત્મગુણોમાં રસિક થાય છે. તેથી પરમેષ્ઠીના સ્વરૂપનો કારણ વડે નિશ્ચય કરીને પોતાના અસંખ્યાતા પ્રદેશમાં વ્યાપ્યવ્યાપકભાવે રહેલા દ્રવ્યરૂપ અને પર્યાયરૂપ નિર્મળ, અમૂર્ત અને આનન્દમય અનન્ત સ્વભાવને ધ્યેયરૂપે અવલંબે છે. એ ત્રીજું પરાવર્તન છે. એ પ્રમાણે સાધનની

પદ્ધતિ છે. અરૂપિગુણો–સિદ્ધના ગુણોની ભાવના, સિદ્ધના ગુણોને તાદાત્મ્યરૂપે આત્માના ઉપયોગની સાથે જોડવા તે સર્વને સ્વરૂપ નિષ્પત્તિનુ સાધન છે. યદ્યપિ કંઈક શ્રુતાદિનું અવલંબન છે, તો પણ થોડું અવલંબન હોવાથી ઉત્કૃષ્ટ અનાલંબન યોગ કહ્યો છે. કહ્યું છે કે "પરમાત્મતત્ત્વમાં સ્થિરતા રહિત અને જેનાથી ધ્યાનદ્વારા પરમાત્મદર્શનમાં પ્રવૃત્તિ કરે, તથા યોગનિરોધરૂપ સર્વોત્તમ યોગનો પૂર્વભાવી અનાલંબન યોગ કહ્યો છે".

અહીં નિરાલંબન યોગથી ધારાવાહી (અવિચ્છિન્ન પ્રવૃત્ત) પ્રશાન્તવાહિતા નામે ચિત્ત છે. તેના સ્વભાવથી જ ચિત્ત સહજ ધારામાં પ્રવર્તે છે. તેમાં પ્રયત્ન કરવો પડતો નથી. વિંશતિકામાં કહ્યું છે કે–

**"आलंबणं पि एयं रूविमरूवि य इत्थ परमु त्ति।**
**तग्गुणपरिणइरूवो सुहुमो अणालंबणो नाम" ॥**

योगविंशिका गा० १९.

"અહીં યોગવિચાર પ્રસંગે સમવસરણસ્થિત જિનરૂપ અને તેની પ્રતિમાદિરૂપ રૂપી આલમ્બન તથા પરમ–પરમાત્મારૂપ અરૂપી આલંબન–એમ આલંબન બે પ્રકારે છે. તેમાં અરૂપી પરમાત્માના કેવલજ્ઞાનાદિ ગુણોની તન્મયતારૂપ ઇન્દ્રિયોને અગોચર હોવાથી સૂક્ષ્મ અનાલમ્બન યોગ કહ્યો છે."

એકાગ્રયોગનું જ બીજું નામ અનાલંબન યોગ છે. એમ સ્થાનાદિ પાંચ યોગોને ઇચ્છાદિ ચાર યોગો સાથે ગુણતાં વીશ યોગો થાય છે. તે પ્રત્યેકને પ્રીત્યાદિ ચાર

અનુષ્ઠાનની સાથે યોજના કરતા યોગના એંશી પ્રકાર થાય છે.

તેનું સ્વરૂપ બતાવવા માટે ઉપદેશ કરે છે—

**प्रीति-भक्ति-वचो-ऽसंगैः स्थानाद्यपि चतुर्विधम् ।**
**तस्मादयोगयोगाप्तेर्मोक्षयोगः क्रमाद्भवेत् ॥७॥**

પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ અનુષ્ઠાનના ભેદે સ્થાનાદિક વીશ યોગ પણ ચાર પ્રકારે છે. તે સકલ યોગથી અયોગ નામે શૈલેશી યોગની પ્રાપ્તિ થવાથી અનુક્રમે મોક્ષયોગ પ્રાપ્ત થાય છે. કહ્યું છે કે—

"यत्रादरोऽस्ति परमः प्रीतिश्च हितोदया भवति कर्तुः ।
शेषत्यागेन करोति यच्च तत्प्रीत्यनुष्ठानम् ॥
गौरवविशेषयोगाद् बुद्धिमतो यद्विशुद्धतरयोगम् ।
क्रिययेतरतुल्यमपि ज्ञेयं तद्भक्त्यनुष्ठानम् ॥
अत्यन्तवल्लभा खलु पत्नी तद्वद्धिता च जननीति ।
तुल्यमपि कृत्यमनयोर्ज्ञातं स्यात् प्रीतिभक्तिगतम् ॥
वचनात्मिका प्रवृत्तिः सर्वत्रौचित्ययोगतो या तु ।
वचनानुष्ठानमिदं चारित्रवतो नियोगेन ॥
यत्त्वभ्यासातिशयात् सात्मीभूतमिव चेष्टयते सद्भिः ।
तदसंगानुष्ठानं भवति त्वेतत् तदावेधाद् ॥

---

૧ प्रीतिभक्तिवचोऽसंगैः=પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ અનુષ્ઠાન વડે. स्थानाद्यपि=સ્થાનાદિ યોગ પણ. चतुर्विधं=ચાર પ્રકારે છે. तस्मात्=તેથી. अयोगयोगाप्तेः=યોગના નિરોધરૂપ યોગની પ્રાપ્તિ થવાથી. क्रमात्=અનુક્રમે. मोक्षयोगः=મોક્ષરૂપ યોગ. भवेत्=પ્રાપ્ત થાય છે.

चक्रभ्रमणं दण्डात् तदभावे चैव यत्परं भवति।
वचनासंगानुष्ठानयोस्तु तज्ज्ञापकं ज्ञेयम् ॥
अभ्युदयफले चाद्ये निःश्रेयससाधने तथा चरमे।
एतदनुष्ठानानां विज्ञेये इह गतापाये ॥

षोडशक १० श्लो० ३–९.

પ્રીતિઅનુષ્ઠાનનું લક્ષણ—

"જેમાં અધિક પ્રયત્ન હોય, જેનાથી કરનારનો હિતકારી ઉદય થાય એવી પ્રીતિ–રુચિ હોય અને બાકીના પ્રયોજનનો ત્યાગ કરીને જેને એક નિષ્ઠાથી કરે તે પ્રીતિઅનુષ્ઠાન કહેવાય છે."

ભક્તિઅનુષ્ઠાનનું લક્ષણ—

"વિશેષ ગૌરવ(મહત્ત્વ)ના યોગે બુદ્ધિમાન પુરુષનું અત્યન્ત વિશુદ્ધ યોગવાળું, ક્રિયા વડે પ્રીતિઅનુષ્ઠાનના જેવું હોવા છતાં તે ભક્તિઅનુષ્ઠાન જાણવું."

પ્રીતિ અને ભક્તિઅનુષ્ઠાનની વિશેષતા—

"પત્ની ખરેખર અત્યન્ત પ્રિય છે, તેમ હિતકારી માતા પણ અત્યન્ત પ્રિય છે. બન્નેના પાલન પોષણનું કાર્ય પણ સરખું છે, તો પણ પ્રીતિ અને ભક્તિની વિશેષતા બતાવવા માટે આ ઉદાહરણ છે. પત્નીનું કાર્ય પ્રીતિથી અને માતાનું કાર્ય ભક્તિથી થાય છે, એટલી પ્રીતિ અને ભક્તિની વિશેષતા છે."

વચનાનુષ્ઠાનનું લક્ષણ—

"બધાય ધર્મવ્યાપારમાં ઉચિતપણે આગમને અનુસરીને પ્રવૃત્તિ કરવી તે વચનાનુષ્ઠાન છે. તે ચારિત્રવાળા સાધુને અવશ્ય હોય છે."

અસંગાનુષ્ઠાનનું લક્ષણ—

"અત્યન્ત અભ્યાસથી ચન્દનગન્ધના ન્યાયે સહજભાવે સત્પુરુષોથી જે ક્રિયા કરાય તે અસંગઅનુષ્ઠાન, તે આગમના સંસ્કારથી થાય છે."

વચનાનુષ્ઠાન અને અસંગાનુષ્ઠાનની વિશેષતા—

"દંડ વડે ચક્ર ફરે છે, અને પછી દંડના પ્રયોગને અભાવે પણ ફરતું રહે છે, તે વચનાનુષ્ઠાન અને અસંગાનુષ્ઠાનને જણાવનાર ઉદાહરણ છે. જેમ પ્રથમ દંડના યોગે ચક્ર ફરે છે અને પછી દંડના અભાવે સંસ્કારથી ફરે છે, તેમ વચનાનુષ્ઠાન આગમના સંબન્ધથી પ્રવર્તે છે, અને પછી આગમના સંસ્કાર માત્રથી વચનની અપેક્ષા સિવાય સહજ ભાવે પ્રવૃત્તિ કરે છે તે અસંગાનુષ્ઠાન સમજવું."

એ ચારે અનુષ્ઠાનોનું ફળ—

"પ્રથમનાં બે અનુષ્ઠાન અભ્યુદય-સ્વર્ગનાં કારણ છે અને છેલ્લાં બે અનુષ્ઠાન મોક્ષનાં કારણ અને વિઘ્ન વિનાનાં છે."

એ સ્થાનાદિ વીશ યોગોના પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ એ ચાર ચાર ભેદ કરતા યોગના એંશી ભેદો થાય છે. તે યોગથી સર્વ યોગોની ચપલતારહિત અનુક્રમે અયોગ નામે શૈલેશીકરણ (અત્યન્ત સ્થિરતારૂપ) યોગને પ્રાપ્ત થાય છે. અને તેથી અનુક્રમે સર્વ કર્મના અભાવથી આત્માની સ્વરૂપમાં સ્થિતિરૂપ મોક્ષ નામે યોગ પ્રાપ્ત થાય છે. એમ યોગના સંબન્ધથી અનુક્રમે મોક્ષ થાય છે.

એ પ્રમાણે યોગસાધનામાં પ્રીતિવાળો સર્વ યોગનો નિરોધ કરીને છેવટે અયોગી થાય છે.

**[1]स्थानाद्ययोगिनस्तीर्थोच्छेदाद्यालम्बनादपि।**
**सूत्रदाने महादोष इत्याचार्याः प्रचक्षते ॥८॥**

સ્થાનાદિ કોઈ પણ યોગ રહિત પુરુષને 'તીર્થનો ઉચ્છેદ થશે' ઇત્યાદિ કારણે પણ ચૈત્યવન્દનાદિ સૂત્ર ભણાવવામાં સૂત્રની આશાતનારૂપ મોટો દોષ થાય છે-એમ હરિભદ્રાદિ આચાર્યો કહે છે. 'તીર્થનો ઉચ્છેદ થાય' ઇત્યાદિ કારણે પણ જેવા તેવાને ન ભણાવીએ. કહ્યું છે કે—

"तित्थस्सुच्छेयाइ वि नालंबणमेत्थ जं स एमेव।
सुत्तकिरियाइनासो एसो असमञ्जसविहाणा ॥
सो एस वंकओ चिय न य सयं मयमारियाणमविसेसो।
एयं पि भाविअव्वं इह तित्थुच्छेयभीरुहिं" ॥

योगविंशिका गा० १४–१५.

'તીર્થનો ઉચ્છેદ થશે' ઇત્યાદિ આલંબન પણ આ અવિધિ અનુષ્ઠાનમાં લેવું યોગ્ય નથી. એટલે 'તીર્થનો વિચ્છેદ ન થાય તે માટે અવિધિ અનુષ્ઠાન કરવા યોગ્ય છે' એ આલમ્બન ગ્રહણ કરવા યોગ્ય નથી, કારણ કે એ પ્રમાણે સૂત્ર વિરુદ્ધ કરવાથી અશુદ્ધ ક્રિયાની પરંપરા ચાલુ રહે, અને તેથી સૂત્રોક્ત ક્રિયાનો વિચ્છેદ થાય, તે જ તીર્થનો ઉચ્છેદ છે. કારણ કે આજ્ઞા રહિત જનનો સમુદાય તે તીર્થ નથી, પણ શાસ્ત્રવિહિત ઉચિત ક્રિયાવિશિષ્ટ સાધુ, સાધ્વી,

---

૧ स्थानाद्ययोगिनः=સ્થાનાદિ યોગ રહિતને. तीर्थोच्छेदाद्यालम्बनादपि='તીર્થનો ઉચ્છેદ થાય' ઇત્યાદિ આલંબનથી પણ. सूत्रदाने=ચૈત્યવંદનાદિ સૂત્ર શિખવવામાં. महान्=મોટો. दोषः=દોષ છે. इति=એમ आचार्याः=આચાર્યો. प्रचक्षते=કહે છે.

શ્રાવક અને શ્રાવિકાનો સમુદાય તે તીર્થ છે. તેથી અવિધિનું સ્થાપન કરવામાં શાસ્ત્રોક્ત ક્રિયાનો ઉચ્છેદ થવાથી પરમાર્થથી તીર્થનો ઉચ્છેદ થાય છે.

શાસ્ત્રવિહિત ક્રિયાનો લોપ કરવો એ કડવા ફળ આપનાર છે. સ્વયં મૃત્યુને પ્રાપ્ત થયેલ અને પોતે મારેલામાં વિશેષતા નથી એમ નથી. પરન્તુ એટલી વિશેષતા છે કે સ્વયં મૃત્યુ પામે છે ત્યારે તેમાં પોતાનો દુષ્ટાશય નિમિત્તરૂપ નથી અને પોતે મારે છે તેમાં દુષ્ટાશય નિમિત્તરૂપ છે. તેની પેઠે સ્વયં ક્રિયામાં પ્રવૃત્તિ નહિ કરનારા જીવની અપેક્ષાએ ગુરુને દૂષણ નથી, પરન્તુ અવિધિની પ્રરૂપણાને અવલંબીને શ્રોતા અવિધિમાં પ્રવૃત્તિ કરે તો ઉન્માર્ગમાં પ્રવૃત્તિ કરાવવાના પરિણામથી અવશ્ય મહાદૂષણ છે. એ પણ તીર્થ ઉચ્છેદના ભીરૂએ વિચાર કરવા યોગ્ય છે.

સ્થાનાદિમાં પ્રવૃત્તિરૂપ યોગરહિતને 'તીર્થનો ઉચ્છેદ થશે' ઇત્યાદિ આલંબનથી પણ સૂત્ર ભણાવવામાં મહાદોષ છે, એમ શ્રીહરિભદ્રસૂરિ આદિ આચાર્યો કહે છે. નાસ્તિકને સૂત્ર શિખવવામાં કદાચિત્ ઉત્સૂત્રપ્રરૂપણા કરવાથી તીર્થનો ઉચ્છેદ થાય છે. કહ્યું છે કે—

**"मुत्तूण लोगसन्नं उड्ढूण य साहूसमयसब्भावं ।**
**सम्मं पयट्टिअव्वं बुहेणमइनिउणबुद्धीए ॥**

योगविंशिका गा० १६.

"શાસ્ત્રનિરપેક્ષ બુદ્ધિરૂપ લોકસંજ્ઞાને તજીને અને યથાર્થ સિદ્ધાન્તના રહસ્યને જાણીને પંડિતે અતિ સૂક્ષ્મ બુદ્ધિ વડે ચૈત્યવન્દનાદિમાં વિધિપૂર્વક સમ્યક્ પ્રવૃત્તિ કરવા યોગ્ય છે".

એ પ્રકારે સ્થાનાદિ યોગની વિશુદ્ધિ કરીને ઇચ્છાદિ યોગની પરિણતિવાળો અનુક્રમે સ્વરૂપનું અવલંબનાદિ ગ્રહણ કરીને પ્રીતિ આદિ અનુષ્ઠાનના ક્રમ વડે અસંગ અનુષ્ઠાનને પ્રાપ્ત કરી સર્વજ્ઞ થઇ અયોગી થઇને સિદ્ધ થાય છે. માટે ક્રમથી આરાધના કરવી કલ્યાણકારી છે.

## ૨૮ नियागाष्टक

**यः कर्म हुतवान् दीप्ते ब्रह्माग्नौ ध्यानधाय्यया।**
**स निश्चितेन यागेन नियागप्रतिपत्तिमान् ॥१॥**

જેણે જાજ્વલ્યમાન બ્રહ્મરૂપ અગ્નિમાં ધ્યાન રૂપ ધાય્યા-સમિધ્‌નો પ્રક્ષેપ કરનાર વેદની ઋચા વડે કર્મનો હોમ કર્યો છે તે મુનિ નિર્ધારિત ભાવ રૂપ નિયાગને-ભાવયજ્ઞને પ્રાપ્ત થયેલા છે. દ્રવ્ય યજ્ઞ તે યાગ અને ભાવ યજ્ઞ તે નિયાગ.

નિશ્ચયથી યજ્ઞ કરવો-કર્મને બાળવા તે નિયાગ. કહ્યું છે કે—

**सुसंवुडा पंचहिं संवरेहिं इह जीवियं अणवकंखमाणा।**
**वोसट्ठकाया सुइचत्तदेहा महाजयं जयइ जन्नसेट्ठं॥**
**के ते जोई के व ते जोइठाणा, का ते सूया किं व ते कारिसंगं।**
**एहा य ते कयरा संति भिक्खू, कयरेण होमेण हुणासि जोइं॥**

---

१ यः=જેણે. दीप्ते=પ્રદીપ્ત કરેલા. ब्रह्माग्नौ=બ્રહ્મરૂપ અગ્નિમાં. ध्यानधाय्यया=ધ્યાનરૂપ વેદની ઋચા(મન્ત્ર) વડે. कर्म=કર્મને. हुतवान्=હોમ્યાં છે. सः=તે મુનિ. निश्चितेन=નિર્ધારિત. यागेन=ભાવયજ્ઞ વડે. नियागप्रतिपत्तिमान्=નિયાગને પ્રાપ્ત થયેલા છે.

**तवो जोई जीवो जोइठाणं जोगा सुया सरीरं कारिसंगं।**
**कम्मं एहा संजमजोग संती होमं हुणामि इसिणं पसत्थं॥**

उत्तरा० १२ गा० ४२–४४.

"અહિંસાદિ પાંચ મહાવ્રતરૂપ સંવર વડે સહિત, જીવિતની દરકાર નહિ કરનારા, શરીર ઉપર મમત્વરહિત, શુચિ–પવિત્ર અને દેહભાવના ત્યાગી મુનિઓ કર્મનો જય કરનારા શ્રેષ્ઠ યજ્ઞને કરે છે.

હે ભિક્ષુ! તમારે અગ્નિ કયો છે, અગ્નિનું સ્થાન કયું છે, ઘી નાંખવાની કડછી કઈ છે, અગ્નિ પ્રદીપન કરનાર શું છે, તમારે લાકડાં કયાં છે, વિઘ્ન દૂર કરનાર શાન્તિપાઠ કયો છે, અને કેવા પ્રકારના હોમથી તમે યજ્ઞ કરો છો?

તપ એ જ અગ્નિ છે, જીવ એ અગ્નિનું સ્થાન છે, મન, વચન અને કાયાના યોગો એ ઘી નાંખવાની કડછી છે, શરીર એ તપરૂપ અગ્નિને પ્રદીપન કરનાર સાધન છે, કર્મરૂપ કાષ્ઠ છે, સંયમ વ્યાપાર એ શાન્તિસ્તોત્ર છે, એવો ઋષિઓને પ્રશસ્ત ભાવ યજ્ઞ કરું છું."

એમ ઉત્તરાધ્યયનમાં પચીશમા યજ્ઞીય અધ્યયન તથા આચારાંગ સૂત્રની નિર્યુક્તિથી નિક્ષેપાદિ જાણવા. તે નિયાગનું સ્વરૂપ બતાવે છે—

જેણે ધ્યાનરૂપ વેદના મન્ત્ર વડે પ્રદીપ્ત કરેલા આત્મસ્વરૂપમાં એકતારૂપ બ્રહ્માગ્નિમાં જ્ઞાનાવરણાદિ કર્મનો હોમ કર્યો છે તે મુનિ નિશ્ચિત એટલે અભ્યન્તર સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની એકતા અને વીર્યની તીક્ષ્ણતારૂપ યજ્ઞ વડે નિયાગને પ્રાપ્ત થયેલા છે.

**पापध्वंसिनि निष्कामे ज्ञानयज्ञे रतो भव ।**
**सावद्यैः कर्मयज्ञैः किं भूतिकामनयाऽऽविलैः ॥२॥**

હે વત્સ! પાપનો વિનાશ કરે એવા, કામના રહિત જ્ઞાનરૂપ યજ્ઞને વિષે આસક્ત થા. ઐહિક સુખેચ્છાએ કરી મલિન, પાપ સહિત એવા જ્યોતિષ્ટોમાદિ કર્મયજ્ઞોનું શું પ્રયોજન છે? કાંઈ નથી. 'भूतिकामः पशुमालभेत' ભૂતિની કામનાવાળો પશુનો હોમ કરે-ઇત્યાદિ શ્રુતિના અનુસારે તે સકામ યજ્ઞો કહ્યા છે.

હે બુદ્ધિમાન્! સર્વ પરભાવના અભિલાષ રહિત, પાપ કર્મના વિનાશક, આત્માના સ્વરૂપભૂત, સ્વ-પરનો નિશ્ચય કરનાર જ્ઞાનયજ્ઞમાં તન્મય થા, આ લોકના સુખની ઇચ્છાએ કરીને મલિન અને પાપસહિત એવા કર્મપ્રધાન યજ્ઞોનું શું કામ છે? તેઓ તને કંઇ પણ હિત કરનારા નથી, તેથી તે કરવા યોગ્ય નથી. આત્મસ્વરૂપના ઉપયોગમાં તન્મયતારૂપ એકતાની પરિણતિ કર્મનો નાશ કરનારી છે. તેથી તેમાં પ્રયત્ન કરવા યોગ્ય છે.

**वेदोक्तत्वान्मनःशुद्ध्या कर्मयज्ञोऽपि योगिनः ।**
**ब्रह्मयज्ञ इतीच्छन्तः श्येनयागं त्यजन्ति किम् ? ॥**

---

१ पापध्वंसिनि=પાપનો નાશ કરનાર. निष्कामे=કામના રહિત. (એવા) ज्ञानयज्ञे=જ્ઞાનયજ્ઞમાં. रतः=આસક્ત. भव=થા. भूतिकामनया=સુખની ઇચ્છાવડે. आविलैः=મલિન. सावद्यैः=પાપ સહિત. कर्मयज्ञैः किम्=કર્મયજ્ઞોનું શું કામ છે.

२ वेदोक्तत्वात्=વેદમાં કહેલો હોવાથી. मनःशुद्ध्या=મનની શુદ્ધિદ્વારા. कर्मयज्ञोऽपि=કર્મયજ્ઞ પણ. योगिनः=જ્ઞાનયોગીને. ब्रह्मयज्ञः=બ્રહ્મયજ્ઞરૂપ છે. इति=એમ. इच्छन्तः=માનનારા. श्येनयागं=શ્યેનયજ્ઞને.

કોઈ કહે છે કે 'પ્રતિપદોક્ત ફળના ત્યાગથી વેદોક્ત ક્રિયાએ સત્ત્વશુદ્ધિ દ્વારા વિવિદિષા(જ્ઞાન)સંપત્તિને અર્થે કર્મયજ્ઞ કરીએ તે બ્રહ્મયજ્ઞ હોય, તે મત "वेदानुवचनेन ब्राह्मणा विविदिषन्ति यज्ञेन दानेन, तपसा" ઇત્યાદિ શ્રુતિથી છે તેના મતને દૂષિત કરે છે—

'વેદમાં કહેલો હોવાથી કર્મયજ્ઞ પણ મનની શુદ્ધિદ્વારા જ્ઞાનયોગીને બ્રહ્મયજ્ઞ થાય' એમ ઇચ્છતા શ્યેન યાગને કેમ તજે છે?

'વેદ વિહિત હોવાથી મનની શુદ્ધિ કરવા વડે કર્મયજ્ઞ પણ બ્રહ્મયજ્ઞરૂપ છે' એમ ઇચ્છતા શ્યેનયજ્ઞને કેમ છોડે છે? એ પ્રમાણે અવિવેકી પુરુષો પોતાના મતની કલ્પના કરે છે તે નિષેધ કરવા યોગ્ય છે, સંસારની કામનાથી કરેલી હિંસા સુખકર થતી નથી સાધ્યની શુદ્ધિ સિવાય પ્રયત્ન કરવો હિતકારક નથી. માટે તે અકર્તવ્ય જ છે.

**ब्रह्मयज्ञः परं कर्म गृहस्थस्याधिकारिणः ।**
**पूजादि वीतरागस्य ज्ञानमेव तु योगिनः ॥४॥**

'ન્યાયોપાર્જિત ધનવાળો' ઇત્યાદિ ઉક્ત સ્વરૂપવાળા અધિકાર સહિત ગૃહસ્થને કેવળ વીતરાગની પૂજા આદિ સ્વરૂપથી સાવદ્યાનુષ્ઠાન કર્મ બ્રહ્મયજ્ઞ છે અને જ્ઞાનયોગીને સર્વ ઉપાધિરહિત શુદ્ધ જ્ઞાન જ બ્રહ્મયજ્ઞ છે.

'ન્યાયથી ઉપાર્જન કરેલા ધનવાળો' ઇત્યાદિ સામાન્ય

---

किम्=કેમ. त्यजन्ति=તજે છે.

૧ गृहस्थस्याधिकारिणः=અધિકારી ગૃહસ્થને. परं=કેવળ. वीतरागस्य=વીતરાગની. पूजादि=પૂજા આદિ. कर्म=ક્રિયા. ब्रह्मयज्ञः=બ્રહ્મયજ્ઞ છે. तु=અને. योगिनः=યોગિને. ज्ञानमेव=જ્ઞાન જ (ઉત્કૃષ્ટ બ્રહ્મયજ્ઞ છે.)

ધર્મના અધિકારી, સાવદ્ય–હિંસાદિ પાપ કાર્યમાં પ્રવૃત્ત થયેલા ગૃહસ્થને કેવળ વીતરાગની પૂજા વગેરે કર્મ કરવાં તે બ્રહ્મ યજ્ઞ જાણવો. કારણ કે સંવરના અભાવમાં આસ્રવનું પરાવર્તન કરનારી પ્રશસ્ત ક્રિયા કરવી યુક્ત છે. કહ્યું છે કે—

"अकसिणपवत्तयाणं विरयाविरयाण एस खलु जुत्तो ।
संसारपयणुकरणो दव्वत्थए कूवदिट्ठंतो" ॥

पंचवस्तु गा० १२२४

દેશવિરતિ સંયમમાં પ્રવૃત્તિ કરનારા શ્રાવકોને સંસારને અલ્પ કરનાર દ્રવ્યસ્તવ કૂપના દૃષ્ટાન્તે યુક્ત છે. જેમ કૂવો ખોદતાં તૃષા અને થાક લાગે તથા શરીર અને કપડાં મેલાં થાય, પરન્તુ પાણી નીકળતાં તેનાથી તૃષા દૂર થાય, શરીર અને કપડાં શુદ્ધ થાય; તેમ દ્રવ્યસ્તવમાં સ્વરૂપ હિંસાપ્રયુક્ત કર્મબંધ થાય પણ ભાવની વિશુદ્ધિથી તે કર્મનો નાશ થાય.

એમ રાગરૂપ પાપસ્થાનકને પ્રશસ્ત કરવાનો ઉપદેશ છે. શાસ્ત્રમાં સાધનરૂપે સર્વ પ્રશસ્ત આસ્રવોનો સ્વીકાર કરેલો છે. તેથી મુનિ અને પ્રવચનનો વિનય કરવામાં ભાવોલ્લાસના કારણે જીવનો ઘાત થાય તો પણ પરિણામની વિશુદ્ધિ હોવાને લીધે તે હિંસારૂપ નથી. પ્રજ્ઞાપનાસૂત્રની ટીકામાં કહ્યું છે કે "[1]મુનિઓને ચારે પ્રકારની ભાષા નિર-

---

१ इच्चेइयाइं चत्तारि भासज्जायाइं भासमाणे किं आराहते, विराहते ? गोयमा ! इच्चेइयाइं चत्तारि भासज्जायाइं आउत्तं भासमाणे आराहते, नो विराहते । प्रज्ञापना सू० १७४.

"એમ એ ચાર પ્રકારની ભાષા બોલતા મુનિ આરાધક છે કે

વધ કહી છે" તેથી શ્રાવકોને હિંસાદિ પરભાવની વૃત્તિ ગુણવંત પુરુષની ભક્તિરૂપ હોય તો હિતકારક છે. યોગીને તો જ્ઞાનમાં રમણ કરવું હિતકારક છે. મુનિ બાહ્ય પ્રવૃત્તિમાં આસક્ત હોતા નથી, પણ જ્ઞાનમાં રમણ કરતાં તત્ત્વને સાધે છે.

**भिन्नोद्देशेन विहितं कर्म कर्मक्षयाक्षमम् ।**
**क्लृप्तभिन्नाधिकारं च पुत्रेष्ट्यादिवदिष्यताम् ॥५॥**

**મોક્ષ અને તેના ઉપાય સિવાય બીજા ઉદ્દેશથી વિહિત-શાસ્ત્રમાં ઉપદેશેલું કર્મ-અનુષ્ઠાન કર્મના ક્ષય કરવારૂપ મોક્ષ પ્રાપ્તિને માટે અસમર્થ છે. કલ્પેલો છે જુદો અધિકાર જેમાં એવા પુત્રેષ્ટિ-પુત્રપ્રાપ્તિ માટે યજ્ઞ આદિની પેઠે જાણો. જેમ તેથી વિવિદિષાર્થતા ન થાય. 'श्येनेनाभिचरन् यजेत' અભિચાર કર્મ કરનાર શ્યેન યાગ કરે. અહીં યથાશ્રુત અભિચારરૂપ ફળના ત્યાગથી વિવિદિષાર્થતા ન હોય, તેમ 'भूतिकामः पशुमालभेत' 'અભ્યુદયની ઇચ્છાવાળો પશુનો હોમ કરે.'-ઇત્યાદિ સ્થળે પણ વિવિદિષાર્થતા ન ન હોય, એ ભાવાર્થ છે.**

પરમાત્મભાવની સાધનાના ઉદ્દેશ સિવાય બીજા પુણ્યાદિ ફળના ઉદ્દેશથી કરેલું શાસ્ત્રવિહિત પૂજા વગેરે અનુષ્ઠાન

---

વિરાધક છે? હે ગૌતમ! એમ એ ચાર પ્રકારની ભાષા ઉપયોગપૂર્વક બોલતા મુનિ આરાધક છે, પણ વિરાધક નથી".

૧ भिन्नोद्देशेन=જુદા ઉદ્દેશથી શાસ્ત્રમાં કહેલું. कर्म=અનુષ્ઠાન. कर्मक्षयाक्षमं=કર્મનો ક્ષય કરવામાં અસમર્થ છે. क्लृप्तभिन्नाधिकारं=કલ્પેલો છે જુદો અધિકાર જેનો એવા. पुत्रेष्ट्यादिवद्=પુત્રપ્રાપ્તિને માટે કરવામાં આવતા યજ્ઞ વગેરેની પેઠે. इष्यताम्=માનો, જાણો.

કર્મનો ક્ષય કરવા સમર્થ થતું નથી. ધર્મરૂપ સાધ્યના ઉપયોગશૂન્ય મનુષ્યોની ભિન્ન ઉદ્દેશથી કરેલ દયાદાનાદિક સત્પ્રવૃત્તિ નથી, પણ બાળકની ક્રીડા તુલ્ય છે. જેનો ભિન્ન અધિકાર કલ્પેલો છે એવા પુત્રેષ્ટિ આદિ યાગની પેઠે જાણવું. જેમ પુત્રપ્રાપ્તિના ઉદ્દેશથી કરેલા પુત્રેષ્ટિ યજ્ઞનું ફળ પુત્રપ્રાપ્તિ સિવાય બીજું હોતું નથી.

પાણી ભરવા ગયેલી કોઇ સ્ત્રી કુવાનાં કાંઠે પાણી કાઢવા માટે ઘડાના કાંઠે દોરડું બાંધતાં પરપુરુષના રૂપને જોઈ વ્યાકુલ ચિત્તવાળી થઈ અને ઘડાને બદલે પોતાના પુત્રના ગળે દોરડું બાંધી દુઃખી થઈ, તેમ સાધ્યના ઉપયોગશૂન્ય જીવોની ક્રિયા દુઃખનું કારણ થાય છે.

**ब्रह्मार्पणमपि ब्रह्मयज्ञान्तर्भावसाधनम् ।**
**ब्रह्माग्नौ कर्मणो युक्तं स्वकृतत्वस्मये हुते ॥६॥**

(કર્મ)યજ્ઞને બ્રહ્મયજ્ઞમાં અન્તર્ભાવનું કારણ બ્રહ્મરૂપ અગ્નિમાં 'પોતે કરેલું છે' એવા કર્તાપણાના અહંકારને હોમવાથી કર્મનું બ્રહ્માર્પણ પણ યુક્ત છે, અન્યથા નહિ. કહ્યું છે કે—

**ब्रह्मार्पणं ब्रह्महविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् ।**
**ब्रह्मैव तेन गन्तव्यं ब्रह्मकर्मसमाधिना ॥**

गीता अध्याय ४. श्लो० २४

१ ब्रह्मयज्ञान्तर्भावसाधनं=બ્રહ્મયજ્ઞમાં અન્તર્ભાવનું સાધન. ब्रह्मार्पणमपि=બ્રહ્મને અર્પણ કરવું પણ. ब्रह्माग्नौ=બ્રહ્મરૂપ અગ્નિમાં. कर्मणः=કર્મનો. स्वकृतत्वस्मये=પોતાના કૃતપણાનું અભિમાન. हुते=હોમ કર્યે. युक्तं=યુક્ત છે.

'અર્પણ કરવાની ક્રિયા બ્રહ્મ છે, હોમવાની વસ્તુ બ્રહ્મ છે, બ્રહ્મરૂપ અગ્નિમાં બ્રહ્મરૂપ હોમનારે હોમેલું પણ બ્રહ્મ છે અને બ્રહ્મરૂપ કર્મસમાધિવાળાએ પ્રાપ્ત કરવા યોગ્ય સ્થાન પણ બ્રહ્મ જ છે".

**कर्मण्यकर्म यः पश्येदकर्मणि च कर्म यः ।**
**स बुद्धिमान् मनुष्येषु स युक्तः कृत्स्नकर्मकृत् ॥**

गीता अध्याय ४ श्लो० १८

"જે નિષ્કામ કર્મમાં અકર્મને અને અજ્ઞાનપૂર્વક અકર્મમાં કર્મને જુએ છે, તે મનુષ્યોમાં બુદ્ધિમાન છે, યોગી છે અને સર્વ કર્મનો કર્તા છે".

ઇત્યાદિ ગીતામાં કહેલ નિશ્ચય નયે સર્વ સાધનને આત્માની તત્પરતાએ જાણવું, પણ નિરંજન બ્રહ્મને કર્મ, તત્ફલાર્પણ તથા કૃતને એકાન્તે અકૃતત્વબુદ્ધિ તે તો મિથ્યાત્વ વાસના વિલસિત જ છે.

હે વિદ્વાન્! જો તું બ્રહ્માર્પણ એટલે સર્વ પોતે કરેલા અનુષ્ઠાનને પરમાત્માને અર્પણ કરવું, 'આ બધું પરમાત્માએ કર્યું છે, મેં કંઇપણ કર્યું નથી' એવી બુદ્ધિને બ્રહ્મયજ્ઞ-જ્ઞાનયજ્ઞમાં અન્તર્ભાવનું એટલે આત્મિક ભાવરૂપ ફળની પ્રાપ્તિનું કારણ માને છે તો તે 'આ મેં કર્યું છે' એવા કર્તાપણાના અહંકારનો બ્રહ્મરૂપ અગ્નિમાં હોમ કરવાથી યુક્ત છે. તાત્પર્ય એ છે કે બ્રહ્મ-શુદ્ધ તીવ્ર ઉપયોગ સહિત જ્ઞાન અને આશંસા રહિત તપરૂપ અગ્નિમાં જ્ઞાનાવરણાદિ કર્મના કર્તાપણાના અભિમાનની આહુતિ આપવી યોગ્ય છે, પણ અગ્નિમાં પશુનો હોમ કરવો યુક્ત નથી.

**ब्रह्मण्यर्पितसर्वस्वो ब्रह्मदृग् ब्रह्मसाधनः ।**
**ब्रह्मणा जुह्वदब्रह्म ब्रह्मणि ब्रह्मगुप्तिमान् ॥७॥**
**ब्रह्माध्ययननिष्ठावान् परब्रह्मसमाहितः ।**
**ब्राह्मणो लिप्यते नाघैर्नियागप्रतिपत्तिमान् ॥८॥**

જેણે બ્રહ્મને વિષે સર્વસ્વ અર્પણ કર્યું છે, જેની બ્રહ્મમાં જ દૃષ્ટિ છે, બ્રહ્મરૂપ જ્ઞાન જેનું સાધન છે એવો, ઉપયોગરૂપ બ્રહ્મવડે આધારરૂપ બ્રહ્મમાં અબ્રહ્મ-અજ્ઞાનને હોમતો, બ્રહ્મચર્યની ગુપ્તિવાળો (૭), આચારાંગના પ્રથમ શ્રુતસ્કન્ધના નવ અધ્યયનની નિષ્ઠા-મર્યાદાવાળો, પરબ્રહ્મ સાથે એકતાની પરિણતિવાળો અને નિયાગ-બ્રહ્મયજ્ઞને પ્રાપ્ત થયેલો બ્રાહ્મણ, શ્રમણ, ભિક્ષુ અને નિર્ગ્રન્થ એ ચાર નામને ધારણ કરનાર પાપ વડે લેપાતો નથી. (૮)

બ્રહ્મ–આત્મામાં જેણે સર્વસ્વ અર્પણ કર્યું છે એટલે સર્વ આત્માની પરિણતિરૂપ જ્ઞાન, વીર્ય, લાભ અને ભોગાદિરૂપ પોતાના ક્ષાયોપશમિક ભાવો જેણે આત્મામાં સ્થાપન કર્યા છે, બ્રહ્મ આત્મા અથવા આત્મજ્ઞાન, તેમાં જ જેની દૃષ્ટિ છે એટલે આત્મજ્ઞાનરૂપ દૃષ્ટિવાળો, અથવા આત્મામાં દૃષ્ટિ-શ્રદ્ધા તે જ જેને બ્રહ્મનું સાધન છે, અથવા

---

૧ ब्रह्मणि=બ્રહ્મમાં. अर्पितसर्वस्वः=જેણે સર્વસ્વ અર્પણ કર્યું છે. ब्रह्मदृक्=બ્રહ્મમાં જ જેની દૃષ્ટિ છે. ब्रह्मसाधनः=બ્રહ્મરૂપ જ્ઞાન જેનું સાધન છે એવો. ब्रह्मणा=ઉપયોગરૂપ બ્રહ્મ વડે. ब्रह्मणि=બ્રહ્મમાં. अब्रह्म=અજ્ઞાનને. जुह्वत्=હોમતો. ब्रह्मगुप्तिमान्=બ્રહ્મચર્યની ગુપ્તિવાળો. ब्रह्माध्ययननिष्ठावान्=બ્રહ્મ અધ્યયનની મર્યાદાવાળો. परब्रह्मसमाहितः=પરબ્રહ્મમાં સમાધિવાળો. नियागप्रतिपत्तिमान्=ભાવયજ્ઞને સ્વીકારનાર. ब्राह्मणः=નિર્ગ્રન્થ. अघैः=પાપ વડે. न लिप्यते=લેપાતો નથી.

બ્રહ્મ—આત્મા જ જેને સાધન છે એવા પ્રકારનો સ્વરૂપમાં રમણતારૂપ બ્રહ્મચર્યની ગુપ્તિયુક્ત સાધક જીવ બ્રહ્મમાં એટલે આધારરૂપ સાધક અવસ્થારૂપે પરિણત થયેલા પોતાના આત્મામાં બ્રહ્મ—આત્મજ્ઞાન અને વીર્ય વડે અજ્ઞાન અથવા આત્માથી ભિન્ન પુદ્‌ગલકર્મને હોમીને ભસ્મીભૂત કરે છે. તેથી કર્તા આ આત્મસ્વરૂપભૂત કરણ વડે આત્મસ્વરૂપને રોકનારાં આત્મામાં રહેલાં જ્ઞાનાવરણાદિ કર્મને દૂર કરે છે.

આચારાંગના પ્રથમ બ્રહ્મ શ્રુતસ્કન્ધના નવ અધ્યયનમાં કહેલી મર્યાદાવાળો, અર્થાત્ તેની પરિણતિવાળો, પરબ્રહ્મ—શુદ્ધ આત્મસ્વરૂપમાં સમાધિમય અને નિયાગ—કર્મના ક્ષય કરવારૂપ બ્રહ્મયજ્ઞને પ્રાપ્ત થયેલો, દ્રવ્ય અને ભાવરૂપ બ્રહ્મચર્યમાં આસક્ત બ્રાહ્મણ, શ્રમણ, ભિક્ષુ કે નિર્ગ્રન્થ પાપ વડે લેપાતો નથી. તેથી સ્વરૂપના જ્ઞાન અને રમણતામાં પરિણમેલો આત્મા અનાદિ કર્મસમૂહનો ક્ષય કરી સિદ્ધ, બુદ્ધ અને પરમાનન્દમય થાય છે. માટે કર્મને દહન કરવારૂપ ભાવયજ્ઞ કરવા યોગ્ય છે.

## ૨૯ પૂજાષ્ટક

**[1]दयाम्भसा कृतस्नानः संतोषशुभवस्त्रभृत् ।**
**विवेकतिलकभ्राजी भावनापावनाशयः ॥१॥**

---

१ दयाम्भसा=દયારૂપ જળ વડે. कृतस्नानः=જેણે સ્નાન કર્યું છે. संतोषशुभवस्त्रभृत्=સંતોષ રૂપ ઉજ્જ્વળ વસ્ત્રને ધારણ કરનાર. विवेकतिलकभ्राजी=વિવેકરૂપ તિલકથી શોભતો. भावनापावनाशयः=ભાવનાએ

**भक्तिश्रद्धानघुसृणोन्मिश्रपाटीरजद्रवैः ।**
**नवब्रह्माङ्गतो देवं शुद्धमात्मानमर्चय ॥२॥**

**દયારૂપ જળથી જેણે સ્નાન કર્યું છે એવો, સંતોષરૂપ ઉજ્જવલ વસ્ત્રને ધારણ કરનાર, વિવેકરૂપ તિલકથી શોભતો, ભાવનાએ કરી જેનો આશય પવિત્ર છે એવો, ભક્તિ-'આરાધન કરવા યોગ્ય છે' એવું જ્ઞાન, શ્રદ્ધા-'આજ પરમાર્થ છે' એવી બુદ્ધિ તેરૂપ કેસર મિશ્રિત ચન્દનરસ વડે નવવિધ બ્રહ્મચર્યરૂપ અંગે શુદ્ધ આત્મારૂપ દેવની પૂજા કર. એ રીતે ભાવપૂજા થાય.**

દ્રવ્યપૂજાની સામગ્રીનાં રૂપક દ્વારા ભાવપૂજાની ભાવનાના ઉપચારરૂપ ભાવપૂજાષ્ટકનું સ્વરૂપ બતાવે છે-તેમાં અનેક સાંસારિક ભાવોથી ત્રાસ પામેલ ગૃહસ્થ કદાચિત્ નિર્વિકાર આનન્દસ્વરૂપ જિનમુદ્રાને જોઇ વૈરાગ્યને પ્રાપ્ત થાય છે, અને સંસારથી ઉદ્વેગ પામી સર્વ અસંયમના ત્યાગનો અભિલાષી થઈ પરમ સંવરરૂપ પરમાત્માની સદ્-ભક્તિથી પૂજા કરે છે. પોતાના યોગો અને પરિગ્રહાદિકનો સર્વથા ત્યાગ કરવાને અસમર્થ છે તો પણ તીર્થંકરની ભક્તિ સહિત બધું કર્તવ્ય કરે છે. તેથી આત્મા સ્વગુણનો પરિણામી થઇ સ્વરૂપની સાધનારૂપ ભાવપૂજા કરે છે. તેમાં 'પૂજા' એ નામથી કહેવું તે નામપૂજા. વસ્ત્રાદિને ધારણ કરવારૂપ તેનાં બાહ્ય લક્ષણોનું આચરણ તે સ્થાપના પૂજા.

---

કરી જેનો આશય પવિત્ર છે એવો. भक्तिश्रद्धानघुसृणोन्मिश्रपाटीरजद्रवैः=ભક્તિ અને શ્રદ્ધારૂપ કેસર મિશ્રિત ચન્દનરસ વડે. नवब्रह्माङ्गतः=નવ પ્રકારના બ્રહ્મચર્યરૂપ અંગે. शुद्धं=શુદ્ધ. आत्मानं=આત્મારૂપ. देवं=દેવની. अर्चय=પૂજા કર.

ઉપયોગશૂન્યપણે ચન્દનાદિ વડે પૂજા કરવી તે દ્રવ્યપૂજા અને ગુણોની એકતારૂપ પૂજા તે ભાવપૂજા. તે ભાવ-પૂજાની બે શ્લોક વડે અહીં વ્યાખ્યા કરવામાં આવે છે—

હે ઉત્તમ પુરુષ ! સ્વ અને પરના દ્રવ્ય પ્રાણ અને ભાવપ્રાણની રક્ષા કરવારૂપ દયા, તે જ જળથી જેણે સ્નાન કર્યું છે, પુદ્ગલભાવની તૃષ્ણા અને તેથી થતા શોકના અભાવરૂપ સંતોષ, તે જ વસ્ત્રને ધારણ કરનાર, વિવેક-સ્વપરના ભેદજ્ઞાનરૂપ તિલક વડે શોભતો, અરિહંતના ગુણોમાં તન્મયતારૂપ ભાવના વડે પવિત્ર આશયવાળો થઈ ભક્તિ–પૂજ્યતાની બુદ્ધિ અને તત્ત્વની શ્રદ્ધારૂપ કેસરમિશ્રિત ચન્દનના રસ વડે શુદ્ધ આત્મારૂપ દેવ–પરમેશ્વરની નવ પ્રકારના બ્રહ્મચર્યરૂપ અંગે પૂજા કર. અર્થાત્ તેમની ભક્તિમાં આસક્ત થા.

**क्षमापुष्पस्रजं धर्मयुग्मक्षौमद्वयं तथा ।**
**ध्यानाभरणसारं च तदङ्गे विनिवेशय ॥३॥**

**તે શુદ્ધ આત્માના અંગે ક્ષમારૂપ ફુલની માળા, વ્યવહાર અને નિશ્ચય એ બે પ્રકારના ધર્મરૂપ ઉત્તમ વસ્ત્રયુગલ તથા ધ્યાનરૂપ ઉત્તમ આભરણને માનસભાવે પહેરાવ.**

હવે અનુક્રમે પૂજાના પ્રકાર કહે છે–હે ભવ્ય ! શુદ્ધ આત્માના સ્વરૂપરૂપ અંગે ક્રોધના ઉપશમથી થયેલ વચન–ક્ષમારૂપ અને ધર્મક્ષમારૂપ ફુલની માળા પહેરાવ, શ્રાવક-

---

૧ तदङ्गे=તે આત્માના અંગે. क्षमापुष्पस्रजं=ક્ષમારૂપ ફુલની માળાને. धर्मयुग्मक्षौमद्वयं=નિશ્ચય અને વ્યવહાર ધર્મરૂપ બે વસ્ત્રોને. तथा=અને. ध्यानाभरणसारं=ધ્યાનરૂપ શ્રેષ્ઠ અલંકારને. विनिवेशय=પહેરાવ.

ધર્મ અને સાધુધર્મ તથા શ્રુતધર્મ અને ચારિત્રધર્મરૂપ ઉત્તમ વસ્ત્રયુગલ પહેરાવ, તથા ધર્મધ્યાન અને શુક્લ ધ્યાનરૂપ ઉત્તમ આભરણ પહેરાવ. એમ ગુણની પરિણતિ-રૂપ પૂજા કર.

**मदस्थानभिदात्यागैर्लिखाग्रे चाष्टमङ्गलम् ।**
**ज्ञानाग्नौ शुभसंकल्पकाकतुण्डं च धूपय ॥४॥**

**આઠ મદસ્થાનના ત્યાગના પ્રકારેથી આત્માની આગળ અષ્ટ મંગલ આળેખ, અને જ્ઞાનરૂપ અગ્નિમાં શુભ સંકલ્પ રૂપ કૃષ્ણાગુરુનો ધૂપ કર. એટલે શુદ્ધ ઉપયોગરૂપ નિર્વિ-કલ્પ સમાધિરૂપ પૂજા થાય.**

શુદ્ધ આત્માની આગળ આઠ મદસ્થાનોના ત્યાગ કરવારૂપ અષ્ટમંગલનું આલેખન કર અને જ્ઞાનરૂપ અગ્નિમાં શુભ સંકલ્પરૂપ કૃષ્ણાગુરુ નાંખીને ધૂપ કર. તેથી પુણ્ય-બન્ધના કારણભૂત રાગરૂપ શુભ અધ્યવસાયો છે તે મોક્ષ-સાધનમાં તજવા યોગ્ય જ છે, અને તેનો ત્યાગ જ્ઞાનબળથી થાય છે એમ જણાવ્યું.

**प्राग्धर्मलवणोत्तारं धर्मसन्न्यासवह्निना ।**
**कुर्वन् पूरय सामर्थ्यराजन्नीराजनाविधिम् ॥५॥**

---

૧ अग्रे=આત્માની આગળ. मदस्थानभिदात्यागैः=મદસ્થાનના ભેદોનો ત્યાગ કરવા વડે. अष्टमङ्गलं=સ્વસ્તિકાદિ આઠ મંગલને. लिख=આળેખ. च=અને. ज्ञानाग्नौ=જ્ઞાનરૂપ અગ્નિમાં. शुभसंकल्पकाकतुण्डं=શુભ સંકલ્પરૂપ કૃષ્ણાગુરુનો. धूपय=ધૂપ કર.

૨ धर्मसन्न्यासवह्निना=ધર્મસંન્યાસરૂપ અગ્નિ વડે. प्राग्धर्मलवणोत्तारं कुर्वन्=પૂર્વના ક્ષાયોપશમિક ધર્મરૂપ લવણ ઉતારતો, તેનો ત્યાગ કરતો. सामर्थ्ययोगराजन्निराजनाविधिं=સામર્થ્યયોગરૂપ શોભાયમાન આરતીની વિધિ. पूरय=પૂર્ણ કર.

ધર્મસંન્યાસરૂપ અગ્નિ વડે પ્રાગ્ધર્મ-ઓદયિક અને ક્ષાયોપશમિક ધર્મરૂપ લવણ ઉતારતો સામર્થ્યયોગરૂપ શોભતી આરતીની વિધિ પૂર્ણ કર.

અહીં આત્મસ્વરૂપના અર્ચનમાં ધર્મ એટલે સહજ સ્વભાવમાં પરિણમનરૂપ સ્વરૂપસત્તાને સમ્યક્ સ્થાપન કરવારૂપ ધર્મસંન્યાસ અગ્નિ વડે સવિકલ્પ ભાવનારૂપ પૂર્વના સાધન ધર્મના ત્યાગ કરવારૂપ લુણ ઉતારે છે. એટલે તેનું નિવારણ કરે છે. કારણ કે નિર્વિકલ્પ સમાધિમાં સાધકના સવિકલ્પ ધર્મનો ત્યાગ જ થાય છે. એમ ભાવરૂપ પણ અપવાદે સાધનરૂપ ધર્મના લવણોત્તાર [ત્યાગ] કરવાપૂર્વક સામર્થ્યયોગરૂપ શોભાયમાન આરતીની વિધિ પૂર્ણ કર. જ્યાં કર્મબન્ધનાં કારણોમાં પ્રવર્તતા વીર્યની તેવા પ્રકારની પ્રવૃત્તિ નથી, પણ પોતાના આત્મધર્મના સાધનરૂપ અનુભવની એકતામાં વીર્ય સહજ ભાવે પ્રવર્તે છે તે સામર્થ્ય-યોગ કહેવાય છે.

**[1]स्फुरन्मङ्गलदीपं च स्थापयानुभवं पुरः ।**
**योगनृत्यपरस्तौर्यत्रिकसंयमवान् भव ॥६॥**

અનુભવરૂપ સ્ફુરાયમાન (તેજસ્વી) મંગલદીવાને આગળ સ્થાપન કર અને સંયમયોગરૂપ નાટ્યપૂજામાં તત્પર થઈ તૌર્યત્રિક-ગીત, નૃત્ય અને વાદિત્ર એ ત્રણેની એકતાના

---

૧ अनुभवं=અનુભવરૂપ. स्फुरन्मङ्गलदीपं=સ્ફુરાયમાન મંગલદીવાને. पुरः=આગળ. स्थापय=સ્થાપન કર. योगनृत्यपरः=સંયમયોગરૂપ નાટ્યપૂજામાં તત્પર થયેલો. तौर्यत्रिकसंयमवान्=ગીત, નૃત્ય અને વાદિત્ર એ ત્રણના સમૂહના જેવા સંયમવાળો. भव=થા.

જેવા સંયમવાળો થા. "त्रयमेकत्र संयमः" એક વિષયમાં ધારણા, ધ્યાન અને સમાધિ તે સંયમ કહેવાય. એ ભાવ-નોપનીત પૂજામાં હૃદયને વિષે ધારણ કરીએ.

સર્વ દ્રવ્ય-ભાવ ઉપદ્રવથી રહિત, દેદીપ્યમાન આત્મ-સ્વભાવના આસ્વાદન સહિત સ્પર્શજ્ઞાનરૂપ અનુભવ, તે રૂપ મંગલદીવાને આગળ સ્થાપન કર, અને સાધનમાં મન, વચન અને કાયયોગોની પ્રવૃત્તિ કરાવવારૂપ નૃત્યમાં તત્પર થઈ યોગનાં અંગભૂત પરમ અધ્યાત્મ, ધારણા, ધ્યાન અને સમાધિરૂપ તૂર્યાદિ પૂજામાં લીન થા. તાત્પર્ય એ છે કે અભ્યન્તર પૂજા વડે તત્ત્વાનન્દમય, ચૈતન્યલક્ષણવાળા પોતાના આત્માને સ્વરૂપમાં તન્મય કર.

**[1]उल्लसन्मनसः सत्यघण्टां वादयतस्तव ।**
**भावपूजारतस्येत्थं करक्रोडे महोदयः ॥७॥**

ઉલ્લાસ પામતું મન જેનું છે એવા, સત્યરૂપ ઘંટા વગા-ડતા અને ભાવપૂજામાં લીન થયેલા તને હસ્તમધ્યે (હથે-ળીમાં) મોક્ષ છે.

એ પ્રકારે ભાવપૂજામાં લીન થયેલા, ભાવોલ્લાસ યુક્ત ચિત્તવાળા અને સત્યરૂપ ઘંટાનાદ કરનારા એવા તને હથે-ળીમાં મોક્ષ છે. અર્થાત્ પૂર્વે કહેલી ભાવપૂજા કરવાથી સર્વ શક્તિના પ્રગટ થવારૂપ મોક્ષ થાય છે.

---

૧ उल्लसन्मनसः=ઉલ્લસિત મનવાળા. सत्यघंटां वादयतः=સત્યરૂપ ઘંટ વગાડતાં. इत्थं=એમ. भावपूजारतस्य=ભાવપૂજામાં રક્ત થયેલા. तव=તારી. करक्रोडे=હથેળીમાં. महोदयः=મોક્ષ છે.

**द्रव्यपूजोचिता भेदोपासना गृहमेधिनाम् ।**
**भावपूजा तु साधूनामभेदोपासनात्मिका ॥८॥**

ગૃહસ્થોને ભેદ વડે ઉપાસના-સેવા કરવારૂપ દ્રવ્યપૂજા ઉચિત છે અને અભેદ ઉપાસનારૂપ ભાવપૂજા સાધુને યોગ્ય છે.

જો કે ગૃહસ્થને ભાવનોપનીત માનસ નામે ભાવપૂજા હોય છે, તો પણ કાયિકી [ભાવપૂજા] તે ચારિત્રવંતને જ હોય એ વિશેષતા જાણવી.

પોતાના આત્માથી ભિન્ન જ્ઞાનાનન્દના વિલાસી અરિહંત પરમાત્માની નિમિત્તના આલંબનરૂપ દ્રવ્યપૂજા ગૃહસ્થોને યોગ્ય છે, અને પરમાત્મા સાથે પોતાના આત્માના અભેદરૂપ ભાવપૂજા સાધુઓને ઉચિત છે. જો કે ગુણના સ્મરણ અને બહુમાનના ઉપયોગરૂપ સવિકલ્પ ભાવપૂજા ગૃહસ્થોને હોય છે તો પણ નિર્વિકલ્પ ઉપયોગવાળી સ્વરૂપમાં એકતારૂપ ભાવપૂજા નિર્ગ્રન્થોને જ હોય છે. એમ આસ્રવરૂપ કષાય અને યોગની ચપલતાનું પરાવર્તન કરનારી દ્રવ્યપૂજાના અભ્યાસથી અરિહંતના ગુણો અને પોતાના આત્મધર્મની એકતા( અભેદ )રૂપ ભાવપૂજાના અધિકારી થાય છે, અને તેથી તેમાં તન્મયતા પ્રાપ્ત કરીને સિદ્ધ થાય છે. એમ સાધ્યના ઉપયોગ સહિત સાધન વડે નિષ્કર્મતારૂપ સિદ્ધિ થાય છે.

---

૧ गृहमेधिनाम्=ગૃહસ્થોને. भेदोपासना=ભેદપૂર્વક ઉપાસનારૂપ. द्रव्यपूजा=દ્રવ્યપૂજા. उचिता=યોગ્ય છે. अभेदोपासनात्मिका=અભેદ ઉપાસનારૂપ. भावपूजा तु=ભાવપૂજા તો. साधूनाम्=સાધુઓને. (યોગ્ય છે.)

## ૩૦ ધ્યાનાષ્ટક

**[1]ध्याता ध्येयं तथा ध्यानं त्रयं यस्यैकतां गतम् ।**
**मुनेरनन्यचित्तस्य तस्य दुःखं न विद्यते ॥१॥**

ધ્યાતા-ધ્યાન કરનાર, ધ્યેય-ધ્યાન કરવા યોગ્ય અને ધ્યાન એ ત્રણે જેને એકતાને પ્રાપ્ત થયેલ છે એટલે ધ્યાનાવસ્થામાં સ્વસ્વરૂપને પામેલ છે, જેનું અન્ય સ્થળે ચિત્ત નથી એવા મુનિને દુઃખ હોતું નથી.

હવે ધ્યાનાષ્ટકની વ્યાખ્યા કરવામાં આવે છે. નિર્યુક્તિમાં ધ્યાનનું લક્ષણ આ પ્રમાણે છે—

**"अंतोमुहुत्तमित्तं चित्तावत्थाणमेगवत्थुम्मि ।**
**छउमत्थाणं झाणं जोगनिरोहो जिणाणं तु" ॥**

ध्यानशतक गा० ३.

"એક વસ્તુમાં અન્તર્મુહૂર્ત સુધી ચિત્તની સ્થિતિરૂપ ધ્યાન છદ્મસ્થને હોય છે અને જિનોને યોગના નિરોધ કરવારૂપ ધ્યાન હોય છે." તેના નામાદિ નિક્ષેપો સ્વયં જાણવા. તેમાં ધ્યાનના સ્વરૂપનું નિરૂપણ કરતાં કહે છે—

ધ્યાતા, ધ્યેય અને ધ્યાન એ ત્રણે જેને એકતાને પ્રાપ્ત થયેલાં છે, તથા તદ્રૂપચેતનામય, અરિહંત અને આત્માનું સ્વરૂપ સમાનપણે જેણે જાણેલું છે એવા મુનિને

---

૧ यस्य=જેને. ध्याता=ધ્યાન કરનાર. ध्येयं=ધ્યાન કરવા યોગ્ય. तथा=અને. ध्यानं=ધ્યાન. त्रयं=એ ત્રણ. एकतां=એકપણાને. गतं=પ્રાપ્ત થયેલ છે. अनन्यचित्तस्य=જેનું ચિત્ત અન્ય સ્થળે નથી એવા. तस्य मुनेः=તે મુનિને. दुःखं=દુઃખ. न विद्यते=હોતું નથી.

પોતાના ગુણના આવરણરૂપ પુદ્‌ગલના સંયોગથી ઉત્પન્ન થયેલું દુઃખ હોતું નથી. પ્રવચનસારમાં કહ્યું છે કે—

"जो जाणदि अरिहंते दव्वत्त–गुणत्त–पज्जवत्तेहिं ।
सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं" ॥

"જે અરિહંત ભગવંતને દ્રવ્ય, ગુણ અને પર્યાયરૂપે જાણે છે, તે આત્માને જાણે છે અને તેનો મોહ નાશ પામે છે."

ધ્યાન કરનાર આત્મા, ધ્યાન કરવા યોગ્ય આત્માનું સ્વરૂપ અને ધ્યાન એ ત્રણે એકતાને પ્રાપ્ત થયેલ હોય તો તે મોહના ક્ષયને માટે થાય છે.

**[1]ध्याताऽन्तरात्मा ध्येयस्तु परमात्मा प्रकीर्तितः ।**
**ध्यानं चैकाग्र्यसंवित्तिः समापत्तिस्तदेकता ॥२॥**

ધ્યાન કરનાર અન્તરાત્મા-સમ્યગ્દર્શન પરિણામવાળો આત્મા છે, ધ્યાન કરવા યોગ્ય સિદ્ધ ભગવાન્ અથવા ઘાતી કર્મ જેમનાં ક્ષીણ થયાં છે એવા અરિહંત છે, એકાગ્ર બુદ્ધિ, વિજાતીય જ્ઞાનના અન્તર રહિત સજાતીય જ્ઞાનની ધારા તે ધ્યાન છે, એ ત્રણેની એકતા તે સમાપત્તિ કહી છે એ યોગાચાર્યનો મત છે.

પ્રવચનસારમાં કહ્યું છે કે-"જે અરિહંતને દ્રવ્ય, ગુણ અને પર્યાયરૂપે જાણે છે તે આત્માને જાણે છે અને તેનો મોહ નાશ પામે છે."

---

૧ ध्याता=ધ્યાન કરનાર. अन्तरात्मा=અન્તરાત્મા છે. ध्येयः=ધ્યાન કરવા યોગ્ય. तु=તો. परमात्मा=પરમાત્મા. प्रकीर्तितः=કહેલ છે. (અને) ध्यानं=ધ્યાન. एकाग्र्यसंवित्तिः=એકાગ્રતાની બુદ્ધિ છે. तदेकता=એ ત્રણેની એકતા. समापत्तिः=સમાપત્તિ છે.

વિશેષાવશ્યકમાં કહ્યું છે કે—

"जं थिरमज्झवसाणं तं झाणं चलं तयं चित्तं ।
तं होज्ज भावणा वा अणुप्पेहा वा अहव चिंता" ॥

ध्यानशतक गा० २.

"જે સ્થિર અધ્યવસાન-મન છે તે ધ્યાન છે, જે ચલાયમાન મન છે તે ચિત્ત છે, તે ભાવના-ધ્યાનની અભ્યાસ-ક્રિયા અનુપ્રેક્ષા-મનન કે ચિન્તનરૂપ હોય છે".

ધ્યાતાનું સ્વરૂપ પૂજ્ય શ્રી હેમચન્દ્રાચાર્યે નીચે પ્રમાણે કહ્યું છે—

"अमुञ्चन् प्राणनाशेऽपि संयमैकधुरीणताम् ।
परमप्यात्मवत् पश्यन् स्वस्वरूपापरिच्युतः ॥
उपतापमसंप्राप्तः शीतवातातपादिभिः ।
पिपासुरमरीकारि योगामृतरसायनम् ॥
रागादिभिरनाक्रान्तं क्रोधादिभिरदूषितम् ।
आत्मारामं मनः कुर्वन् निर्लेपः सर्वकर्मसु ॥
विरतः कामभोगेभ्यः स्वशरीरेऽपि निःस्पृहः ।
संवेगह्रदनिर्मग्नः सर्वत्र समतां श्रयन् ॥
नरेन्द्रे वा दरिद्रे वा तुल्यकल्याणकामनः ।
अमात्रकरुणापात्रं भवसौख्यपराङ्मुखः ॥
सुमेरुरिव निष्कम्पः शशीवानन्ददायकः ।
समीर इव निःसङ्गः सुधीर्ध्याता प्रशस्यते" ॥

योग० प्र० ७ श्लो० २-७.

"પ્રાણનો નાશ થાય તો પણ જે સંયમનો ત્યાગ કરતો નથી, બીજાને પણ પોતાના જેવા ગણે છે અને જે પોતાના સ્વરૂપથી કદી પડતો થતો નથી.

જે શીત વાયુ અને તાપ વડે સંતાપ પામતો નથી અને અમર કરનાર યોગામૃતરૂપ રસાયનને પીવાને ઇચ્છે છે.

જે રાગાદિ શત્રુઓને વશ નહિ થયેલા અને ક્રોધાદિથી દૂષિત નહિ થયેલા મનને આત્મામાં લીન કરે છે તથા જે સર્વ કાર્યમાં નિર્લેપ છે.

જે કામભોગોથી વિરક્ત થઇ પોતાના શરીરને વિષે પણ નિઃસ્પૃહ છે અને સંવેગરૂપ હ્રદમાં નિમગ્ન થઈને બધેય સમભાવમાં રહે છે.

જે રાજા અને રંકનું સમાનપણે કલ્યાણ કરવાની ઇચ્છાવાળો છે, અપરિમિત દયાનો ભંડાર છે અને સંસારના સુખથી પરાઙ્મુખ છે.

જે સુમેરુ પર્વતના જેવો નિષ્કંપ છે, ચંદ્રની પેઠે આનન્દ આપનાર છે અને વાયુની જેમ નિઃસંગ છે એવો બુદ્ધિમાન્ ધ્યાતા–ધ્યાન કરનાર પ્રશંસાને પાત્ર છે".

એમ ધ્યાતાનું સ્વરૂપ કહ્યું. આવા પ્રકારનો ધ્યાતા સાધકનો આત્મા અન્તરાત્મસ્વરૂપ છે. પરમાત્મા એટલે જેણે ઘાતીકર્મનો ક્ષય કરેલો છે એવા અરિહંત અને જેણે આઠ કર્મનો નાશ કરેલો છે એવા સિદ્ધ ભગવંત ધ્યાન કરવા યોગ્ય છે. અથવા સદ્‌વૃત્તિથી સત્તામાં રહેલ સિદ્ધાત્મા ધ્યાન કરવા યોગ્ય છે. તથા અનન્તપર્યાયરૂપ પરમાત્માના સ્વરૂપમાં તન્મયપણે એકાગ્રતારૂપ જ્ઞાનને ધ્યાન કહેલું છે.

તેથી અરિહંતાદિના શુદ્ધ ગુણનું જ્ઞાન, સંવેદન અને તન્મયતા તે ધ્યાન છે. અર્થાત્ સર્વ ક્ષાયોપશમિક ચેતના અને વીર્યાદિ ગુણોનું સ્વરૂપના ઉપયોગમાં લીન થવું તે ધ્યાન કહેવાય છે. તેમાં ધ્યાન કરનાર, ધ્યેય અને ધ્યેયની એકાગ્રતારૂપ ધ્યાનમાં એકતા એટલે નિર્વિકલ્પ સ્થિતિ, તારતમ્યરહિત ચૈતન્યની પરિણતિ તે સમાપત્તિ જાણવી.

દૃષ્ટાંત વડે સમાપત્તિનું લક્ષણ કહે છે—

**मणाविव[1] प्रतिच्छाया समापत्तिः परात्मनः।**
**क्षीणवृत्तौ भवेद् ध्यानादन्तरात्मनि निर्मले॥३॥**

જેમ મણિને વિષે પ્રતિબિમ્બ-પડછાયો પડે તેમ ધ્યાનથી અત્યન્ત મળરૂપ વૃત્તિ જેની ક્ષીણ થયેલી છે એવા નિર્મળ અન્તરાત્માને વિષે પરમાત્માની પ્રતિચ્છાયા (પ્રતિબિમ્બ) પડે તે સમાપત્તિ કહી છે. બીજે સ્થળે કહ્યું છે કે-

"मणेरिवाभिजातस्य क्षीणवृत्तेरसंशयम्।
तात्स्थ्यात् तदञ्जनत्वाच्च समापत्तिः प्रकीर्तिता"॥

ઉત્તમ મણિની જેમ ક્ષીણ વૃત્તિવાળાને પરમાત્માના

---

૧ અહીં શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજે 'मणौ बिम्बं' એ પાઠ સ્વીકાર્યો છે, પણ ઉપાધ્યાયજીએ સ્વોપજ્ઞ ભાષાર્થમાં 'मणाविव' એ જ પાઠ રાખ્યો છે.

૨ मणौ इव=મણિની પેઠે. क्षीणवृत्तौ=ક્ષીણ વૃત્તિવાળા. निर्मले=મળ રહિત-શુદ્ધ. अन्तरात्मनि=અન્તરાત્મામાં. ध्यानात्=ધ્યાનથી. परात्मनः=પરમાત્માનું. प्रतिच्छाया=પ્રતિબિમ્બ. भवेद्=હોય. (તે) समापत्तिः=સમાપત્તિ. (કહી છે).

**ગુણના સંસર્ગારોપથી અને પરમાત્માના અભેદ આરોપથી નિ:સંશય સમાપત્તિ કહી છે.**

**અહીં તાત્સ્થ્ય તે અન્તરાત્માને વિષે પરમાત્માના ગુણનો સંસર્ગારોપ અને તદ્‌ઞ્જનત્વ તે અન્તરાત્મામાં પરમાત્માનો અભેદારોપ જાણવો. એ ધ્યાનનું ફળ સમાધિરૂપ અતિવિશુદ્ધ છે.**

જેમ રત્નને વિષે બિમ્બનો પડછાયો પડે તેમ ક્ષીણ થઇ છે પરાશ્રયરૂપ વૃત્તિ જેની અને કષાય અને વિકલ્પરૂપ મળ રહિત એવા અન્તરાત્મામાં ધ્યાનથી સિદ્ધ પરમાત્માની પ્રતિચ્છાયા પડવી તે આત્મસ્વરૂપ સાથે પરમાત્માની એકતારૂપ સમાપત્તિ કહી છે. સમાપત્તિ થયે ધ્યાનની સિદ્ધિ થાય છે. એ પ્રમાણે અન્ય સ્થળે પણ કહ્યું છે—

"ઉત્તમ મણિની પેઠે ક્ષીણવૃત્તિવાળા અન્તરાત્મામાં પરમાત્માના ગુણના સંસર્ગારોપથી અને પરમાત્માના અભેદારોપથી બન્નેની એકતારૂપ સમાપત્તિ થાય છે."

અન્તરાત્મામાં પરમાત્માનો અભેદ આરોપ તે ધ્યાનનું ફળ છે અને તે સંસર્ગઆરોપથી થાય છે. સંસર્ગારોપ એટલે જેના તાત્ત્વિક અનન્તગુણો આવિર્ભાવ પામેલા છે એવા સિદ્ધ આત્માઓના ગુણો વિષે અન્તરાત્માનો ઉપયોગ. તે ચલાયમાન ચિત્તવાળાને ઇન્દ્રિયોનો નિરોધ—નિગ્રહ કર્યા સિવાય થતો નથી. ઇન્દ્રિયોનો રોધ જિનપ્રતિમાદિ અવલંબન સિવાય થતો નથી, માટે તત્ત્વની પ્રાપ્તિમાં સ્થાપના ઉપકારક છે.

**आपत्तिश्च ततः पुण्यतीर्थकृत्कर्मबन्धतः ।**
**तद्भावाभिमुखत्वेन संपत्तिश्च क्रमाद् भवेत् ॥४॥**

**તે સમાપત્તિથી પુણ્ય પ્રકૃતિરૂપ તીર્થંકર નામકર્મના બન્ધથી આપત્તિ નામે ફળ થાય. એટલે જિનનામકર્મના બન્ધરૂપ આપત્તિ જાણવી, અને તીર્થંકરપણાના અભિમુખપણાથી (નજીકપણાથી) સંપત્તિ નામે ફળ અનુક્રમે થાય.**

ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકતારૂપ સમાપત્તિથી પુણ્યપ્રકૃતિરૂપ વિશ્વોપકારક સંઘની સ્થાપનારૂપ અતિશયવાળા તીર્થંકર નામકર્મનો બન્ધ થવાથી આપત્તિરૂપ ફળ થાય છે, અને તીર્થંકરપણાના અભિમુખપણાથી તેના ઉપયોગ વડે પરમ ઐશ્વર્યની પ્રાપ્તિરૂપ સંપત્તિ થાય છે. એ પ્રમાણે સમાપત્તિનું અનુબન્ધરહિત ફળ બતાવ્યું.

**इत्थं ध्यानफलाद् युक्तं विंशतिस्थानकाद्यपि ।**
**कष्टमात्रं त्वभव्यानामपि नो दुर्लभं भवे ॥५॥**

**એમ ધ્યાનના ત્રિવિધ ફળથી વીશસ્થાનક તપ પ્રમુખ પણ ઘટે છે. ઉક્ત ત્રિવિધ ધ્યાનફળ રહિત કષ્ટ તો અભવ્યોને પણ સંસારમાં દુર્લભ નથી.**

---

૧ ततः=તે સમાપત્તિથી. पुण्यतीर्थकृत्कर्मबन्धतः=પુણ્ય પ્રકૃતિરૂપ તીર્થંકર નામકર્મના બન્ધથી. आपत्तिः=ફળની પ્રાપ્તિ થાય. (અને) तद्भावाभिमुखत्वेन=તીર્થંકરપણાના અભિમુખપણાથી. क्रमात्=અનુક્રમે. संपत्तिः=આત્મિક સંપત્તિરૂપ ફળ. भवेत्=થાય.

૨ इत्थं=એ પ્રકારે. ध्यानफलात्=ધ્યાનના ફળથી. विंशतिस्थानकादि=વીશસ્થાનક આદિ તપ. अपि=પણ. युक्तं=યોગ્ય છે. कष्टमात्रं तु=કષ્ટમાત્રરૂપ તો. अभव्यानामपि=અભવ્યોને પણ. भवे=સંસારમાં. दुर्लभं=દુર્લભ. नो=નથી.

એ પ્રમાણે સમાપત્તિ, આપત્તિ અને સંપત્તિરૂપ ત્રણ પ્રકારના ધ્યાનના ફળથી વીશસ્થાનક તપ વગેરે પણ ગુણવંતના બહુ માન વડે કરવા યોગ્ય છે. પરન્તુ અભવ્યોને ધ્યાનના ફળરહિત, સમ્યગ્દર્શનાદિ ગુણવંતના બહુમાન રહિત અને ધ્યાનના ઉપયોગ શૂન્ય વીશસ્થાનક તપ વગેરે કાયક્લેશ માત્ર સંસારમાં દુર્લભ નથી. જિનભગવંતે કહેલા બાહ્ય આચરણ અભવ્ય જીવોએ પૂર્વે ઘણી વાર કર્યાં છે.

હવે ધ્યાતાનું સ્વરૂપ ત્રણ શ્લોક વડે બતાવે છે—

**जितेन्द्रियस्य धीरस्य प्रशान्तस्य स्थिरात्मनः ।**
**सुखासनस्थस्य नासाग्रन्यस्तनेत्रस्य योगिनः ॥६॥**
**रुद्धबाह्यमनोवृत्तेर्धारणाधारया रयात् ।**
**प्रसन्नस्याप्रमत्तस्य चिदानन्दसुधालिहः ॥७॥**
**साम्राज्यमप्रतिद्वन्द्वमन्तरेव वितन्वतः ।**
**ध्यानिनो नोपमा लोके सदेवमनुजेऽपि हि ॥८॥**

---

૧ जितेन्द्रियस्य=જેણે ઇન્દ્રિયો જીતી છે. धीरस्य=ધૈર્યસહિત. प्रशान्तस्य=અત્યન્ત શાન્ત. स्थिरात्मनः=જેનો આત્મા સ્થિર-ચપલતા રહિત છે. सुखासनस्थस्य=સુખકારી આસને રહેલા. नासाग्रन्यस्तलोचनः=જેણે નાસિકાના અગ્ર ભાગમાં લોચન સ્થાપ્યાં છે. योगिनः=યોગવાળા.

धारणाधारया=ધ્યેયમાં ચિત્તની સ્થિરતારૂપ ધારણાની ધારા વડે. रयात्=વેગથી. रुद्धबाह्यमनोवृत्तेः=જેણે બાહ્ય ઇન્દ્રિયને અનુસરનારી મનની વૃત્તિ રોકી છે. प्रसन्नस्य=પ્રસન્ન ચિત્તવાળા. अप्रमत्तस्य=પ્રમાદ રહિત. चिदानन्दसुधालिहः=જ્ઞાનાનન્દરૂપ અમૃતનો આસ્વાદ લેનારા.

अन्तरेव=અન્તરમાં જ अप्रतिद्वन्द्वं=વિપક્ષ રહિત. साम्राज्यं=ચક્રવર્તીપણું. वितन्वतः=વિસ્તારતા. ध्यानिनः=ધ્યાનવંતને. सदेवमनुजे लोके=

**જેણે ઇન્દ્રિયોને જીતી છે, ધીર-સત્ત્વવંત, પ્રશાન્ત-ઉપશમવંત એટલે ધીરશાન્ત નામે નવમા રસના નાયક છે, જેનો આત્મા સ્થિર છે, જેનું આત્માસન સાધનથી સુખાવહ છે, જેણે નાસિકાના અગ્ર ભાગમાં લોચન સ્થાપ્યાં છે, જે પ્રવૃત્તચક્ર યોગી છે (૬), ધારણા એટલે કોઈક ધ્યેયને વિષે ચિત્તના સ્થિર બન્ધનની ધારાએ જેણે વેગથી બાહ્ય ઇન્દ્રિયને અનુસરનારી મનની વૃત્તિ રોકી છે, પ્રસન્ન-અકલુષિત ચિત્તવાળા, પ્રમાદરહિત, જ્ઞાનાનન્દરૂપ અમૃતનો આસ્વાદ લેનારા (૭), આત્મારામમાં જ વિપક્ષ (શત્રુ) રહિત મોટા સામ્રાજ્યને વિસ્તારતા એવા ધ્યાનવંત યોગીને દેવ અને મનુષ્ય સહિત લોકમાં ખરેખર કોઈની ઉપમા નથી (૮).**

આવા પ્રકારના ધ્યાનીને દેવ અને મનુષ્ય સહિત આ લોકમાં ખરેખર કોઈની ઉપમા આપી શકાય તેમ નથી. લોકમાં તિર્યંચ અને નરક દુર્ગતિરૂપ હોવાથી તેનું ગ્રહણ કર્યું નથી. અર્થાત્ ત્રણ ભુવનમાં ધ્યાનીની સાથે કોઈની સરખામણી કરી શકાય તેમ નથી. કારણ કે તત્ત્વ-જ્ઞાનના અનુભવમાં લીન થયેલા અને સહજ આનન્દના વિલાસ કરનારને કોની ઉપમા અપાય ? જેઓ આત્મામાં જ બાહ્ય અને અભ્યન્તર વિપક્ષ (શત્રુ) રહિત, સર્વ પર-ભાવને અગમ્ય, સ્વગુણની સંપત્તિરૂપ, સ્વભાવરૂપ પરિવાર સહિત સ્વતંત્ર સામ્રાજ્યનો વિસ્તાર કરે છે, અર્થાત્ સ્વગુણના આનન્દ વડે પરિપૂર્ણ અસંખ્યાતા પ્રદેશમાં પ્રતિબન્ધ વગર સ્વરાજ્યનો અનુભવ કરે છે; જેઓએ સ્વરૂપના ઉપયોગમાં

---

દેવસહિત મનુષ્ય લોકમાં. अपि=પણ. हि=ખરેખર. उपमा=ઉપમા. न=નથી.

સ્થિતિ કરવાથી પૌદ્ગલિક વર્ણાદિમાં નહિ પરિણમવાથી ઇન્દ્રિયોને જીતી લીધી છે, જેઓ સ્વવીર્યના સામર્થ્યથી પરિષહો અને ઉપસર્ગો પ્રાપ્ત થતાં ચલાયમાન થતા નથી, જે કષાય અને નોકષાયના વેગથી રહિત ધીર અને શાન્ત થઇ આત્માનો અનુભવ કરે છે, સ્વરૂપની રમણતામાં જેનો આત્મા સ્થિર છે, સાધન પરિણતિમાં સુખરૂપ જેનો આત્મા છે, અથવા સુખરૂપ જેનું આસન છે, ચપલતા રોકવા માટે જેણે નાસિકાના અગ્ર ભાગમાં નેત્ર સ્થાપન કર્યાં છે, જે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રલક્ષણ રત્નત્રયની પરિણતિરૂપ યોગવાળા છે, ધ્યેયને વિષે ચિત્તના સ્થિર બન્ધનરૂપ ધારણાની ધારા વડે વેગથી જેણે બાહ્યેન્દ્રિયને અનુસરતી મનની વૃત્તિઓને રોકી છે, જે કલુષિત વૃત્તિરહિત પ્રસન્ન છે, જે અપ્રમત્ત—અજ્ઞાનાદિ આઠ પ્રકારના પ્રમાદરહિત છે, વળી જે જ્ઞાનના આનન્દરૂપ અમૃતનો આસ્વાદ લેનારા છે, આવા પ્રકારના આત્મિક સામ્રાજ્યનો અનુભવ કરતા ધ્યાનીની તુલના કોની સાથે થાય? કોઇની સાથે ન થાય. તેથી સર્વ પરભાવના ત્યાગરૂપ દૃષ્ટિ સહિત તત્ત્વની એકતારૂપ ધ્યાનામૃત પોતાને જ ભોગવવા યોગ્ય છે, તેના ભોક્તાને જ પરમ સામ્રાજ્ય છે. તેથી સર્વ પ્રકારે તેજ કરવા યોગ્ય છે, જેને માટે યમ—નિયમની પ્રવૃત્તિ કરે છે, આસન અને મુદ્રા આદિ વડે શરીરને સંકોચે છે, રેચક, પૂરક અને કુંભકરૂપ પ્રાણાયામ સાધે છે, નિર્જન વનમાં વસે છે, સર્વ ઇન્દ્રિયોના વિષયોને તજે છે, તે સમભાવના સુખનું મૂળ આત્મામાં એકાગ્રતાનો ઉપયોગ આત્મહિતના અર્થીજનોએ સાધવા યોગ્ય છે.

## ૩૧ તપઅષ્ટક

**ज्ञानमेव बुधाः प्राहुः कर्मणां तापनात् तपः।**
**तदाभ्यन्तरमेवेष्टं बाह्यं तदुपबृंहकम् ॥१॥**

**કર્મોને તપાવનાર હોવાથી તપ તે જ્ઞાન જ છે એમ પંડિતો કહે છે. તે અંતરંગ જ તપ ઇષ્ટ છે અને અનશનાદિ બાહ્ય તપ છે તે પ્રાયશ્ચિત્તાદિ ભેદવાળા જ્ઞાનવિશેષરૂપ અન્તરંગ તપને વધારનાર હોય તો જ ઇષ્ટ છે.**

હવે તપ અષ્ટકની વ્યાખ્યા કરવામાં આવે છે. પૌદ્ગલિક સુખની તૃષ્ણાથી દીન બનેલા પુરુષો જે કષ્ટ સહન કરે છે, અથવા જે લોકસંજ્ઞાથી ડરીને પરાધીનપણે દીનવૃત્તિથી આહારના ત્યાગરૂપ તપ કરે છે તે તપ નથી, કારણ કે તે કષાયના ઉદયથી થતું હોવાને લીધે અને કર્મબન્ધનું કારણ હોવાથી આસ્રવ રૂપ છે. (તેવું તપ) "પૂર્વના અન્તરાય કર્મના ઉદય અને અસાતાવેદનીય કર્મના ફળરૂપ છે," એમ પ્રજ્ઞાપનાસૂત્રની વૃત્તિમાં કહ્યું છે. તેથી નવીન ઇન્દ્રિયના સુખની અભિલાષા રહિત, નિર્મળ આત્મદ્રવ્યના સાધકનું કાયકષ્ટનું આચરણ તપ કહેવાય છે. પંચવસ્તુમાં કહ્યું છે કે "ઉપવાસ આદિ તપ કરવામાં અસાતાવેદનીયની નિર્જરા થાય છે અને

---

૧ बुधाः=પંડિતો. कर्मणां=કર્મોને. तापनात्=તપાવવાથી. ज्ञानमेव=જ્ઞાનને જ તપઃ=તપ. प्राहुः=કહે છે. तद्=તે તપ. आभ्यन्तरमेव=અંતરંગ જ इष्टं=ઇષ્ટ છે. तदुपबृंहकम्=તેને વધારનાર. बाह्यं=બાહ્ય તપ, (ઇષ્ટ છે.)

ભોજન કરવામાં સાતાની નિર્જરા થાય છે, એમ બન્નેની સમાનતા છે, તો ઉપવાસ આદિ કરવાનું શું પ્રયોજન છે? તેનો ઉત્તર એ છે કે ભોજનાદિમાં છ કાયની હિંસા થાય છે અને ઉપવાસમાં તેનો અભાવ હોવાથી અશુભ નવીન કર્મનો બન્ધ થતો નથી. તેથી સંવરપૂર્વક સકામનિર્જરાનું કારણ હોવાથી ઉપવાસાદિનું કરવું હિતકારક છે." તથા આ આત્માને સાતાના ઉદયમાં સરાગપણાનું કારણ હોવાથી ઇષ્ટ સંયોગમાં એકતા અનાદિ સહજ પરિણામને લીધે થાય છે અને આતાપના આદિ તપમાં કર્મના વિપાકમાં ઉપયોગ હોવાથી તેવા પ્રકારના પરિણમનથી અસંગભાવનું કારણ ત્યાગ જ સાધનનું મૂળ સિદ્ધ થાય છે. તેમાં થોડા કાળની સાધના વડે સિદ્ધિને પ્રાપ્ત થયેલામાં ભરત રાજર્ષિ આદિનાં દૃષ્ટાન્ત છે. લાંબા કાળ સુધી સાધના કરનારાઓને સાતા વગેરે શુભ વિપાકના સંયોગમાં અવ્યાપકતા (અસંગભાવ)નો પરિણામ રહેતો નથી. વિશેષાવશ્યક ટીકામાં કહ્યું છે કે—"કષ્ટમાં રતિ(આસક્તિ) થાય માટે મુનિઓને આતાપનાદિ કાયકષ્ટ કરવું ઉચિત છે."

નિક્ષેપની વ્યાખ્યા આ પ્રમાણે છે. નામ અને સ્થાપના તપ સુગમ છે. આહારનો ત્યાગ વગેરે દ્રવ્યતપ છે અને આત્મસ્વરૂપમાં એકાગ્રતારૂપ ભાવતપ છે. અહીં દ્રવ્યપૂર્વક ભાવતપનું ગ્રહણ છે.

પંડિતો આત્મપ્રદેશે લાગેલાં કર્મોને તપાવવાથી તીવ્ર જ્ઞાનને જ તપ કહે છે. તે પ્રાયશ્ચિત્તાદિ અંતરંગ જ તપ ઇષ્ટ છે અને અંતરંગતપની વૃદ્ધિનું કારણ અનશનાદિ

બાહ્યતપ પણ ઇષ્ટ છે. કારણ કે દ્રવ્યનિક્ષેપ કારણરૂપ છે. દ્રવ્યતપ પણ ભાવતપનું કારણ હોવાથી ઇષ્ટ છે.

**आनुश्रोतसिकी वृत्तिर्बालानां सुखशीलता।**
**प्रातिश्रोतसिकी वृत्तिर्ज्ञानिनां परमं तपः ॥२॥**

**અજ્ઞાનીની સંસારના પ્રવાહને અનુસરનારી 'जणेण सद्धिं होक्खामि' હું લોકોની સાથે રહીશ-ઇત્યાદિ લક્ષણવાળી પ્રવૃત્તિ તે સુખશીલપણું છે. જ્ઞાનવંતની સામે પૂરે ચાલવારૂપ ધર્મસંજ્ઞામૂલક પ્રવૃત્તિ ઉત્કૃષ્ટ ઉગ્ર માસક્ષપણાદિ તપરૂપ છે. એથી જ ચતુર્જ્ઞાની તીર્થંકર પોતે 'તદ્ભવસિદ્ધિગામી છે' એમ જાણતા છતાં તપ આદરે છે.**

અજ્ઞાની જીવોની અનાદિ સંસાર પ્રવાહને અનુસરનારી પ્રવૃત્તિ સુખશીલપણું, ઇન્દ્રિયોના સુખમાં મગ્નપણું કે વિષયસુખની અભિલાષા છે. સંસારની સન્મુખતા છોડીને સંસારથી પરાઙ્મુખ પ્રવૃત્તિ કરવી તે જ જ્ઞાની પુરુષોનું પરમ તપ કહ્યું છે. આત્મધર્મને અનુસરનારી અને સંસારથી પ્રતિકૂલ પ્રવૃત્તિ તપ કહેવાય છે. પ્રાયશ્ચિત્તાદિ ભાવતપનો પરિણામ તે સ્વરૂપમાં તન્મયતા છે અને તે તપથી જ સકલ કર્મનો ક્ષય થાય છે.

**धनार्थिनां यथा नास्ति शीततापादि दुस्सहम्।**

---

૧ बालानां=અજ્ઞાનીની. आनुश्रोतसिकी=લોક પ્રવાહને અનુસરનારી. वृत्तिः=વૃત્તિ. सुखशीलता=સુખશીલપણું છે. ज्ञानिनां=જ્ઞાની પુરુષોની. प्रातिश्रोतसिकी=સામે પ્રવાહે ચાલવારૂપ. वृत्तिः=વૃત્તિ. परमं=ઉત્કૃષ્ટ. तपः=તપ છે.

૨ यथा=જેમ. धनार्थिनां=ધનના અર્થીને. शीततापादि=ટાઢ તડકો

**तथा भवविरक्तानां तत्त्वज्ञानार्थिनामपि ॥३॥**

**જેમ ધનના અર્થીને ટાઢ તાપ પ્રમુખ દુઃસહ નથી, તેમ સંસારથી વિરક્ત તત્ત્વજ્ઞાનના અર્થીને પણ શીત-તાપાદિ કષ્ટ સહન કરવારૂપ તપ દુષ્કર નથી.**

જેમ ધનોપાર્જન કરવાની વૃત્તિવાળાને ટાઢ તાપ વગેરેનું કષ્ટ દુઃસહ નથી, કારણ કે ધન ઉપાર્જન કરવામાં કુશલ પુરુષો ટાઢ તાપ આદિ બધુંય કષ્ટ સહન કરે છે, તેમ તત્ત્વજ્ઞાનના અર્થી અને સંસારથી વિરક્ત થયેલાને ઉપવાસાદિ તપ દુઃસહ નથી, કારણ કે કાર્યનો અર્થી તેના કારણમાં પ્રમાદ કરતો નથી. તેથી પરમાનન્દરૂપ કાર્યને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળો ઉપવાસાદિ તપરૂપ કષ્ટક્રિયામાં દુઃસહપણું માનતો નથી.

**[1]सदुपायप्रवृत्तानामुपेयमधुरत्वतः ।**
**ज्ञानिनां नित्यमानन्दवृद्धिरेव तपस्विनाम् ॥४॥**

**ભલા ઉપાયમાં પ્રવૃત્ત થયેલા જ્ઞાની એવા તપસ્વીને નિરુપાધિક ઇચ્છાના વિષય મોક્ષરૂપ સાધ્યની મીઠાશથી હંમેશાં આનન્દની વૃદ્ધિ જ હોય છે. કઠણ ક્રિયામાં પણ મોક્ષસાધનના મનોરથથી આનન્દ જ હોય છે. વૈરાગ્યરતિમાં**

---

વગેરે કષ્ટ. दुस्सहं=દુસ્સહ. नास्ति=નથી. तथा=તેમ. भवविरक्तानां=સંસારથી વિરક્ત થયેલા. तत्त्वज्ञानार्थिनाम्=તત્ત્વજ્ઞાનના અર્થીને. अपि=પણ. (શીત–તાપાદિ કષ્ટ સહન કરવારૂપ તપ દુષ્કર નથી.)

૧ सदुपायप्रवृत्तानां=સારા ઉપાયમાં પ્રવૃત્ત થયેલા. ज्ञानिनां=જ્ઞાની એવા. तपस्विनाम्=તપસ્વીને. उपेयमधुरत्वतः=મોક્ષરૂપ સાધ્યની મીઠાશથી. नित्यं=હંમેશાં. आनन्दवृद्धिरेव=આનન્દની વૃદ્ધિ જ હોય છે.

કહ્યું છે કે—

"रतेः समाधावरतिः क्रियासु
नात्यन्ततीव्रास्वपि योगिनां स्यात् ।
अनाकुला वह्निकणाशनेऽपि
न किं सुधापानगुणाच्चकोराः" ॥

યોગીઓને સમાધિમાં રતિ-પ્રીતિ હોવાથી અત્યન્ત તીવ્ર ક્રિયામાં પણ અરતિ-અપ્રીતિ થતી નથી. ચકોર પક્ષીઓ સુધાને પીવાના ગુણથી અગ્નિના કણને ખાવામાં પણ શું વ્યાકુલતારહિત હોતા નથી ?

મોક્ષરૂપ કાર્યના સાધક સંવર અને નિર્જરારૂપ સમીચીન ઉપાયમાં પ્રવૃત્ત થયેલા, કંઈક અધિક છ માસ સુધી સર્વ પ્રકારના આહારનો ત્યાગ, આતાપના, કાયોત્સર્ગ આદિ તીવ્ર તપમાં મગ્ન, જિનકલ્પી અને પરિહારવિશુદ્ધિ ચારિત્રવાળા, સૂક્ષ્મ અનન્ત સ્વ-પર પર્યાયના વિવેકમાં લીન ચિત્તવાળા જ્ઞાની મુનિઓને નિર્મલ, અવ્યય એવા મોક્ષરૂપ સાધ્યના મધુરપણાથી તપ કરતાં, પરિષહાદિ પ્રાપ્ત થતાં વન, નદી અને ગુફામાં વસવા છતાં આનન્દની વૃદ્ધિ જ થાય છે. જેમ કોઈ દેવાદારને ધન પ્રાપ્ત થયું હોય તો તે લેણદારને ધન આપતાં દેવાથી મુક્ત થયો હોવાને લીધે પોતાને ધન્ય માને છે, અથવા કોઈ લબ્ધિ કે સિદ્ધિનો અર્થી પૂર્વ ભૂમિકામાં ઉંચા હાથ અને નીચે માથું કરવા આદિ મહા કષ્ટક્રિયા કરે છે, અને તેની સિદ્ધિ પ્રાપ્ત કરવાનો અભિલાષી જેમ જેમ અત્યન્ત કષ્ટ સહન કરે છે તેમ તેમ હર્ષ પામે છે, તેમ પરમાનંદ,

અવિનાશી, શુદ્ધ આત્મસાધનનો અર્થી તેના વિઘાતક કર્મનો ક્ષય કરવા માટે તપ આદિ કષ્ટ સહન કરતાં પોતે આનન્દ પામે છે. કારણ કે તેને મોક્ષરૂપ સાધ્યની મધુરતાનો ખ્યાલ છે. સિદ્ધિની મધુરતામાં આસક્ત થયેલો તેના સાધનમાં ઉપાયરૂપ નિષ્પરિગ્રહતા આદિને હિતકારક જાણે છે. માટે સ્વધર્મના સાધનમાં સાધુઓને આનન્દ હોય છે, દુઃખ હોતું નથી. જેને સાધનમાં કષ્ટપણાની બુદ્ધિ છે તે સાધક નથી.

**इत्थं च दुःखरूपत्वात् तपो व्यर्थमितीच्छताम्।**
**बौद्धानां निहता बुद्धिर्बौद्धानन्दापरिक्षयात् ॥५॥**

એમ ઢોરના દુઃખની પેઠે[3] દુઃખના ભોગવવારૂપ હોવાથી તપ નિષ્ફલ છે, એ પ્રકારે ઇચ્છતા બૌદ્ધોની બુદ્ધિ-કલ્પના હણાયેલી-કુંઠિત થયેલી છે. કારણ કે (તપમાં) બુદ્ધિજનિત અંતરંગ આનન્દની ધારા ખંડિત થતી નથી. એટલે તપમાં પણ આત્મિક આનન્દની ધારા અખંડિત હોય છે.

---

૧ इत्थं=એ પ્રમાણે. दुःखरूपत्वात्=દુઃખરૂપ હોવાથી. तपः=તપ. व्यर्थं=નિષ્ફળ છે. इति=એમ. इच्छताम्=ઇચ્છનારા. बौद्धानां=બૌદ્ધોની. बुद्धिः=બુદ્ધિ. वौद्धानन्दापरिक्षयात्=જ્ઞાનાનન્દનો નાશ નહિ થવાથી. निहता=હણાયેલી-કુંઠિત થયેલી છે, વિચાર કરવાને અસમર્થ છે.

૨ 'बौद्धानन्दपरिक्षयात्' એવો પાઠ શ્રી દેવચંદ્રજી મહારાજે સ્વીકાર્યો છે, પરન્તુ ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજ 'वौद्धानन्दापरिक्षयात्' એ પાઠને સ્વીકારે છે.

૩ दुःखात्मकं तपः केचिन्मन्यते तन्न युक्तिमत्।
कर्मोदयस्वरूपत्वात् बलीवर्दादिदुःखवत् ॥

એમ 'જે તપ છે તે કષ્ટરૂપ છે' એવા જ્ઞાનપૂર્વક કરવામાં આવતું તપ નિષ્ફળ છે, કારણ કે તે દુઃખરૂપ છે. તપ કરવામાં દુઃખ અને ઉદ્વેગ થાય, જ્યાં આદર ન હોય તે કેમ હિતકારક થાય? એમ તપને કષ્ટરૂપ માનતા અને પરભાવના સુખની અભિલાષા કરતા બૌદ્ધોની બુદ્ધિ અત્યન્ત હણાયેલી છે. કારણ કે તેમાં તેઓના જ્ઞાનાનન્દની ધારાનો ક્ષય થવાથી તપ તેઓને કષ્ટરૂપ અને નિષ્ફળ લાગે છે.

**[1]यत्र ब्रह्म जिनार्चा च कषायाणां तथा हतिः ।**
**सानुबन्धा जिनाज्ञा च तत्तपः शुद्धमिष्यते ॥६॥**

જ્યાં બ્રહ્મચર્ય વધે, જ્યાં ભગવંતની પૂજા થાય,

---

विशिष्टज्ञानसंवेगशमसारमतस्तपः ।
क्षायोपशमिकं ज्ञेयमव्याबाधसुखात्मकं ॥

११ अष्टक. श्लो० १–८

કેટલાએક બળદ વગેરે પશુના દુઃખની પેઠે અસાતાવેદનીયના ઉદયરૂપ હોવાથી તપને દુઃખરૂપ માને છે, તે યુક્તિયુક્ત નથી.

વિશિષ્ટ–પ્રધાન જ્ઞાન, સંવેગ–મોક્ષની ઇચ્છા અને કષાયના નિરોધરૂપ શમગર્ભિત તપ ક્ષાયોપશમિક અને અવ્યાબાધ સુખરૂપ છે. અર્થાત્ તપ કર્મના ઉદયરૂપ નથી પણ ચારિત્રમોહનીયના ક્ષયોપશમથી થયેલ પરિણતિરૂપ છે.

૧ यत्र=જ્યાં. ब्रह्म=બ્રહ્મચર્ય હોય. जिनार्चा=જિનની પૂજા હોય. तथा=તથા. कषायाणां=કષાયોનો. हतिः=ક્ષય થાય. च=અને. सानुबन्धा=અનુબન્ધસહિત. जिनाज्ञा=જિનની આજ્ઞા પ્રવર્તે. तत्=તે. तपः=તપ. शुद्धं=શુદ્ધ. इष्यते=ઇચ્છાય છે.

**કષાયનો નાશ થાય અને અનુબન્ધસહિત વીતરાગની આજ્ઞા પ્રવર્તે તે તપ શુદ્ધ કહેવાય છે.**

જે તપમાં મૈથુનના ત્યાગરૂપ કે વિષયોની અનાસક્તિરૂપ બ્રહ્મચર્ય વૃદ્ધિ પામે, જ્યાં જિનોક્ત તત્ત્વના આદરરૂપ જિનપૂજા હોય, જ્યાં ક્રોધાદિ કષાયોનો નાશ થાય અને જ્યાં વીતરાગે કહેલા પ્રવચનની પદ્ધતિ સાપેક્ષપણે પ્રવર્તે તે તપ શુદ્ધ કહેવાય છે. તાત્પર્ય એ છે કે પ્રથમ ઇન્દ્રિયોના વિષયોની અભિલાષા દૂર કરી શાન્ત પરિણતિથી સિદ્ધાન્તમાં કહેલ વિધિ પ્રમાણે લૌકિક ફળની ઇચ્છા સિવાય તપ થાય તે વિશુદ્ધ તપ છે. અનાદિ કાળથી પરભાવના સુખની ઇચ્છાથી કોણે કયું કષ્ટાનુષ્ઠાન કર્યું નથી? નિઃસંગ અને મોહરહિત આત્મતત્ત્વમાં એકતારૂપ, બાધક પરભાવરૂપ આહારાદિના ગ્રહણને નિવારણ કરનાર જે તપ છે તે શ્રેષ્ઠ છે. કહ્યું છે કે–

**"निरणुद्धाणमयमोहरहियं सुद्धतत्तसंजुत्तं ।**
**अज्झत्थभावणाए तं तवं कम्मखयहेउं" ॥**

"ગતાનુગતિથી સૂત્રની અપેક્ષા સિવાય ઓઘથી કે લોક સંજ્ઞાને અનુસરી જે કરવામાં આવે તેથી ભિન્ન, મદ અને મોહરહિત શુદ્ધતત્ત્વ સહિત અધ્યાત્મભાવના વડે જે તપ કરાય તે કર્મક્ષયનું કારણ છે."

**[1]तदेव हि तपः कार्यं दुर्ध्यानं यत्र नो भवेत् ।**
**येन योगा न हीयन्ते क्षीयन्ते नेन्द्रियाणि च ॥७॥**

---

૧ यत्र=જ્યાં. हि=ખરેખર. दुर्ध्यानं=માઠું ધ્યાન. न भवेत्=ન થાય. येन=જેથી. योगाः=મન, વચન અને કાયાના યોગો. न हीयन्ते=હાનિ

ખરેખર તે જ તપ કરવા યોગ્ય છે કે જ્યાં માઠું (આર્ત અને રૌદ્ર) ધ્યાન ન થાય, જેથી યોગો હીનતા ન પામે અને ઇન્દ્રિયોનો ક્ષય ન થાય. કહ્યું છે કે—

**"सो उ तवो कायव्वो जेण मणो मंगुलं ण चिंतेइ ।**
**जेण ण इंदियहाणी जेण य जोगा न हायंति" ॥**

"જેથી મન માઠું ચિંતન ન કરે, જેથી ઇન્દ્રિયો અને યોગોની હાનિ ન થાય, તે તપ કરવા યોગ્ય છે"

નિશ્ચયે તે જ તપ કરવું જોઇએ, જ્યાં ઇષ્ટ પુદ્ગલોની આશંસારૂપ કે અનિષ્ટ પુદ્ગલોના વિયોગરૂપ દુર્ધ્યાન ન થાય, જે તપથી મન, વચન અને કાયરૂપ યોગો તત્ત્વના અનુભવથી સ્વરૂપની રમણતાનો ત્યાગ ન કરે, અને જ્યાં ઇન્દ્રિયો ક્ષીણ ન થાય એટલે ધર્મસાધક સ્વાધ્યાય કે અહિંસાદિમાં તેના કાર્યની પ્રવૃત્તિ નાશ ન પામે. એટલે સાધનારૂપ ચેતના અને વીર્યરૂપ શક્તિની હાનિ ન થાય. તે તપ શુદ્ધ અને કરવા યોગ્ય છે.

**मूलोत्तरगुणश्रेणिप्राज्यसाम्राज्यसिद्धये ।**
**बाह्यमाभ्यन्तरं चेत्थं तपः कुर्यान्महामुनिः ॥८॥**

---

ન પામે. च=અને. इन्द्रियाणि=ઇન્દ્રિયો. न क्षीयन्ते=ક્ષય ન પામે, કાર્ય કરવાને અસમર્થ ન થાય. तदेव=તે જ. तपः=તપ. कार्यं=કરવા યોગ્ય છે.

૧ मूलोत्तरगुणश्रेणिप्राज्यसाम्राज्यसिद्धये=મૂળગુણ અને ઉત્તરગુણની શ્રેણિરૂપ વિશાલ સામ્રાજ્યની સિદ્ધિને માટે. इत्थं=એ પ્રમાણે. महामुनिः=મોટા મુનિ. बाह्यं=બાહ્ય. च=અને. आभ्यन्तरं=અંતરંગ. तपः=તપ कुर्यात्=કરે.

**મૂળ ગુણ અને ઉત્તર ગુણરૂપ વિશાલ સામ્રાજ્યની સિદ્ધિને માટે મહામુનીશ્વર એ પ્રમાણે બાહ્ય અને અભ્યન્તર તપ કરે.**

એમ પરમ નિર્ગ્રન્થે જ્ઞાન, દર્શન અને ચારિત્રાદિ મૂળભૂત ગુણો તથા સમિતિ-ગુપ્તિ આદિ ઉત્તરગુણોની શ્રેણિને વિશેષ પ્રગટ થવા રૂપ મોટા સામ્રાજ્ય-પ્રભુત્વની સિદ્ધિને માટે એટલે પોતાના ગુણોની પ્રભુતા મેળવવા લોકના ઉલ્લાસનું કારણ અને પ્રભાવકપણાનું મૂળ બાહ્યતપ તથા અન્ય લોકો જાણી ન શકે તેવું આત્મિક ગુણોમાં તન્મયતારૂપ અભ્યન્તર તપ કરવા યોગ્ય છે.

તપ સંવરરૂપ અને નિર્જરારૂપ એમ બે પ્રકારે છે. તેમાં સંવરરૂપ તપ જ્ઞાન અને ચારિત્રની તીવ્ર દશારૂપ છે, અને તે ચેતના અને વીર્ય આદિ ગુણોની એકતારૂપ છે. બીજું નિર્જરારૂપ તપ જ્ઞાન, ચારિત્ર, વીર્ય અને ઉપયોગરૂપ ગુણોની મિશ્રતાથી થયેલ, ગુણોના આસ્વાદની એકતાના અનુભવવાળું સર્વ પરભાવોની નિઃસ્પૃહતારૂપ છે. તે જઘન્યથી અંશના ત્યાગપૂર્વક અંશથી નિઃસ્પૃહતા ગુણની એકતારૂપ છે. ઉત્કૃષ્ટથી શુકલધ્યાનના છેલ્લા અધ્યવસાયરૂપ છે. પરભાવનો આસ્વાદ કરવામાં આસક્ત અશુદ્ધ પરિણતિનો ત્યાગ કરીને સ્વરૂપના આનન્દમાં મગ્નતારૂપ પરિણતિ કરવા યોગ્ય છે. નવીન કર્મને નહિ ગ્રહણ કરવારૂપ સંવરપૂર્વક સત્તાગત કર્મની નિર્જરા કરવારૂપ તપ છે. તપ વડે દેવાદિ ગતિરૂપ ફળની અભિલાષા કરવી યોગ્ય નથી. નિર્જરારૂપ તપ વડે શુભ કર્મનો બન્ધ કેમ થાય?

તપસ્વીઓ દેવાયુષ પ્રમુખ કર્મ બાંધે છે તે રાગાદિ પ્રશસ્ત અધ્યવસાયનિમિત્તક છે. તેથી સર્વ કર્મના ક્ષય વડે પ્રગટ થયેલ અનન્ત જ્ઞાનદર્શનરૂપ મોક્ષના સુખનું મુખ્ય કારણ તપ છે. આધ્યાત્મિક, પરભાવ રહિત, સ્વભાવની એકતાના અનુભવની તીવ્રતારૂપ તપ પરમ સાધન છે. એમ તપ અષ્ટકની વ્યાખ્યા કરી. તેની વ્યાખ્યા કરતાં સાધનના સ્વરૂપની પણ વ્યાખ્યા કરી.

## ३२ सर्वनयाश्रयणाष्टक

**धावन्तोऽपि नयाः सर्वे स्युर्भावे कृतविश्रमाः ।**
**चारित्रगुणलीनः स्यादिति सर्वनयाश्रितः ॥१॥**

(પોતપોતાના અભિપ્રાયે) દોડતા પણ ભાવમાં (વસ્તુ સ્વભાવમાં) જેણે વિશ્રાન્તિ કરી છે એવા નૈગમાદિ બધા નયો છે, તેથી ચારિત્ર-સંયમના ગુણ-વર્ધમાન પર્યાયને વિષે લીન-આસક્ત થયેલ સાધુ સર્વ નયનો આશ્રય કરનાર હોય. કહ્યું છે કે—

सव्वेसिंपि नयाणं बहुविहवत्तव्वयं णिसामित्ता।
तं सव्वणयविसुद्धं जं चरणगुणट्ठिओ साहू ॥
अनुयोग० प० २६७

---

૧ धावन्तः=પોતપોતાના અભિપ્રાયે દોડતા. अपि=પણ. भावे=વસ્તુસ્વભાવમાં. कृतविश्रमाः=જેણે સ્થિરતા કરી છે એવા. सर्वे=બધા. नयाः=નયો. स्युः=હોય છે. इति=તેથી. चारित्रगुणलीनः=ચારિત્રના ગુણમાં લીન થયેલ, (સાધુ). सर्वनयाश्रितः=જેણે સર્વ નયોનો આશ્રય કરેલો છે એવો (હોય.)

**બધાય નયોનું પરસ્પર વિરુદ્ધ બહુ પ્રકારનું વક્તવ્ય સાંભળીને સર્વનયને સંમત વિશુદ્ધ તત્ત્વ ગ્રહણ કરવા યોગ્ય છે, જેથી સાધુ ચારિત્ર અને જ્ઞાનગુણમાં સ્થિર થાય છે.**

હવે અનેક નયના સમૂહરૂપ અનેકાન્ત જૈનમાર્ગમાં એકાન્ત–એક નયના આગ્રહરૂપ પક્ષપાતને છોડીને સર્વ નયોમાં રાગ–દ્વેષના અભાવરૂપ સમભાવનો પરિણામ કર્તવ્ય છે. એટલે પોતપોતાને સ્થાને સાધનભૂત વિજ્ઞાનમાં રમણતાનો અધ્યવસાય કરવા યોગ્ય છે. એકાન્તનો આગ્રહ એ જ મિથ્યાત્વ છે. સર્વ નયોમાં સાપેક્ષ વૃત્તિ એ સમ્યગ્દર્શન છે. તે યથાર્થ ઉપયોગવાળા અને યથાર્થ પ્રવૃત્તિવાળાને હોય છે. એ હેતુથી નયોનું પરમ રહસ્ય જાણનાર શ્રીમદ્ યશોવિજય ઉપાધ્યાય એકાન્ત આગ્રહના ત્યાગથી સર્વ નયોના આશ્રય કરવારૂપ બત્રીશમું અષ્ટક કહે છે—

અરે ! બાહ્ય પદ્ધતિથી ધર્મ થતો નથી, તે તો નિમિત્ત કારણરૂપ છે. શ્રીભગવતીસૂત્રમાં હિંસા વગેરે આસ્રવના ત્યાગરૂપ સંવર આદિ બધા અમૂર્ત અને જીવના સ્વરૂપભૂત કહ્યા છે. જેણે જીવના સ્વભાવરૂપ, શુદ્ધ, નિર્વિકલ્પ, રત્નત્રયી–સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ ધર્મની પ્રતીતિ કરી છે તે સમ્યગ્દૃષ્ટિ છે. કુશ–કાશ(ઘાસના તરણાં)ના અવલંબનથી સમુદ્ર તરી શકાતો નથી. પૂજ્ય હરિભદ્રસૂરિએ કહ્યું છે કે—

**"आयप्पभवं धम्मं आयतियं अप्पणो सरूवं च।**
**दंसणनाणचरित्तेगत्तं जीवस्स परिणामं" ॥**

"આત્માથી ઉત્પન્ન થયેલો ધર્મ છે અને તે આત્માનું સ્વરૂપ દર્શન, જ્ઞાન અને ચારિત્રની એકતારૂપ જીવનો પરિણામ છે."

હે ભવ્ય! અમે તારા હિતને માટે કહીએ છીએ- સર્વ આગમોમાં આત્માની શુદ્ધ પરિણતિને જ ધર્મ કહ્યો છે. બાહ્ય આચરણ તે ઉપાદાનને પ્રગટ કરવાનું કારણ હોવાથી સાધક તેનો અભ્યાસ કરે છે, તો પણ શ્રદ્ધાવંતે તે ધર્મના નિમિત્તરૂપે ગ્રહણ કરવા યોગ્ય છે. 'પોતાના આત્મક્ષેત્રમાં વ્યાપકરૂપે રહેલ અનન્ત પર્યાયરૂપ ધર્મ છે,' એવો ઉત્તરાધ્યયન-આવશ્યક આદિ સર્વ સિદ્ધાન્તનો આશય છે. તે ધર્મ રાગ-દ્વેષ રહિત સમભાવની પરિણતિવાળા જીવોને પ્રાપ્ત થાય છે. તે રાગ-દ્વેષનો અભાવ સર્વ જીવોમાં અને સર્વ પુદ્ગલોમાં સમભાવ કરીને કારણરૂપ અને કાર્યરૂપ, વિવિધ પરિણામવાળા આત્મિક જ્ઞાનાદિ ગુણોમાં ગૌણ અને મુખ્યતારૂપ પરિણામનો ત્યાગ કરવારૂપ સમભાવ સાધવા યોગ્ય છે. પહેલાં મિથ્યાત્વના ઉદયથી મુખ્ય-પોતાને ઈષ્ટ વસ્તુધર્મમાં મુખ્યપણાના બોધપૂર્વક એકાન્તવાદ (કદાગ્રહ) હતો. તે સમ્યગ્દર્શન વડે કારણ-કાર્ય-રૂપે આ મુખ્ય છે અને આ ગૌણ છે એવો બોધ થાય છે. જો કે અનન્ત પર્યાયરૂપ કેવળ વસ્તુમાં કોઇ પણ સ્વપર્યાયનું ગૌણ કે મુખ્યપણું નથી, પરન્તુ ક્ષાયોપશમિક જ્ઞાનવડે સર્વ ધર્મોનો એક સમયે બોધ થઈ શકતો નથી, કારણ કે તેથી અસંખ્યાતા સમયે વસ્તુના એક અંશનો બોધમાત્ર થાય છે, તેથી જ્ઞાન ગૌણ અને મુખ્યતારૂપે પ્રવર્તે છે. તત્ત્વાર્થમાં

"[1]अर्पितानर्पितसिद्धेः" (अ. १ सू. ३१) એ સૂત્રના વ્યાખ્યાનમાં કહ્યું છે. સર્વજ્ઞોને તો સર્વ વસ્તુ એક સમયે જણાય છે તેથી વસ્તુધર્મમાં ગૌણ અને મુખ્યતાનું જ્ઞાન હોતું નથી, પણ વચનની પ્રવૃત્તિ ક્રમથી થતી હોવાથી અને તેની પરિમિત શક્તિ હોવાને લીધે ગૌણ અને મુખ્યપણું હોય છે, પણ રાગ-દ્વેષની પરિણતિથી નથી. બન્ધનું કારણ રાગ-દ્વેષનો પરિણામ છે. તેથી યથાર્થ બોધ થવા માટે નયસ્વરૂપે વસ્તુનું વિવેચન હિતકારી છે, પણ તેમાં રાગ-દ્વેષ હિતકર નથી. માટે જ્ઞાનમાં સમભાવ એ જ ચારિત્ર છે. તે માટે નયોનું સ્વરૂપ બતાવે છે—

બધા નયો પોતપોતાના પક્ષને સ્થાપન કરતા છતાં પણ શુદ્ધ આત્મધર્મમાં સ્થિર હોય છે. તેથી ચારિત્રગુણમાં લીન થયેલા મુનિ સર્વ નયોનો આશ્રય કરે છે. અર્થાત્ કર્મના ચય-સમૂહને રિક્ત-ખાલી કરે તે ચારિત્ર, તેમાં લીન-આસક્ત થયેલા અને વૃદ્ધિ પામતા ચારિત્રપર્યાયવાળા મુનિ મધ્યસ્થભાવે સર્વ નયોનો આશ્રય કરનારા હોય છે. એટલે કારણને ગ્રહણ કરનાર દ્રવ્યાર્થિકનયમાં, કાર્યને ગ્રહણ કરનાર પર્યાયાર્થિકનયમાં, સાધનમાં ઉદ્યમ કરવારૂપ ક્રિયાનયમાં અને આત્મસ્વરૂપમાં સ્થિરતા કરવારૂપ જ્ઞાનનયમાં લીન થયેલા હોય છે. ભગવતીસૂત્રની ટીકામાં કહ્યું છે કે—

---

૧ અર્પિત-એક અપેક્ષાએ અને તેથી બીજી અપેક્ષાએ પરસ્પર વિરુદ્ધ ધર્મવાળા વસ્તુસ્વરૂપની સિદ્ધિ થાય છે. અથવા વિવક્ષાને લીધે પ્રધાન અને અપ્રધાનભાવે વસ્તુનો વ્યવહાર થાય છે.

"जइ जिणमयं पवज्जह ता मा ववहारनिच्छए मुयह।
इक्केण विणा तित्थं छिज्जइ अन्नेण उ तच्चं" ॥

"જો તું જિનમતનો સ્વીકાર કરે તો વ્યવહાર અને નિશ્ચયને મૂકીશ નહિ, કેમકે એક વ્યવહારનય સિવાય તીર્થનો ઉચ્છેદ થશે અને બીજા નિશ્ચયનય સિવાય સત્યનો ઉચ્છેદ થશે."

માટે સમભાવ હિતકારી છે.

ફરીથી તે જ બાબતને દૃઢ કરે છે—

पृथग्नयाः मिथः पक्षप्रतिपक्षकदर्थिताः।
समवृत्तिसुखास्वादी ज्ञानी सर्वनयाश्रितः ॥२॥

જુદા જુદા સર્વ નયો પરસ્પર વાદ અને પ્રતિવાદથી કદર્થના-વિડંબના પામેલા છે, પરન્તુ સમવૃત્તિ-મધ્યસ્થપણાના સુખનો અનુભવ કરનાર જ્ઞાની સર્વ નયોને આશ્રિત હોય છે.

કહ્યું છે કે—

"अन्योन्यपक्षप्रतिपक्षभावाद् यथा परे मत्सरिणः प्रवादाः।
नयानशेषानविशेषमिच्छन् न पक्षपाती समयस्तथा ते" ॥

"પરસ્પર પક્ષ અને પ્રતિપક્ષ ભાવથી અન્ય પ્રવાદો દ્વેષથી ભરેલા છે. પરન્તુ સર્વ નયોને સમાનપણે ઇચ્છનાર

૧ પૃથગ્નયાઃ=જુદા જુદા નયો. मिथः=પરસ્પર. पक्षप्रतिपक्षकदर्थिताः=વાદ અને પ્રતિવાદથી વિડંબિત છે. समवृत्तिसुखास्वादी=સમભાવના સુખનો અનુભવ કરનાર. ज्ञानी=જ્ઞાનવંતે. सर्वनयाश्रितः=સર્વ નયોનો આશ્રય કરેલો છે.

તમારો સમય–સિદ્ધાન્ત પક્ષપાતી નથી."

આ ભિન્ન ભિન્ન નયો પરસ્પર વાદ અને પ્રતિવાદની કદર્થના વડે દૂષિત થયેલા દુર્નયો છે. તેથી ઇષ્ટતા અને અનિષ્ટતા રહિત સમભાવના સુખનો અનુભવ કરનારા જ્ઞાની યથાર્થ જ્ઞાન વડે સર્વ નયનો આશ્રય કરે છે. એટલે સર્વનય માર્ગના સાપેક્ષ બોધમાં મગ્ન થાય છે. કહ્યું છે કે "પરસ્પર પક્ષ અને પ્રતિપક્ષપણાથી અન્ય પ્રવાદો એકબીજાનો દ્વેષ કરે છે, પરન્તુ હે પ્રભો! સઘળા નયોને સમાનપણે માનનાર તમારો સિદ્ધાન્ત પક્ષપાતી નથી."

"उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः।
न च तासु भवान् प्रदृश्यते प्रविभक्तासु सरित्स्विवोदधिः"॥

"હે નાથ! જેમ સમુદ્રમાં સર્વ નદીઓ સમાય છે, તેમ સર્વ દૃષ્ટિઓ (દર્શનો) તમારામાં સમાઈ જાય છે. પરન્તુ જેમ ભિન્ન ભિન્ન નદીઓમાં સમુદ્ર દેખાતો નથી, તેમ જુદી જુદી દૃષ્ટિઓમાં તમે દેખાતા નથી."

સન્મતિતર્કમાં કહ્યું છે કે—

"ण य तइओ अत्थि णओ ण य सम्मत्तं ण तेसु पडिपुण्णं।
जेण दुवे एगन्ता विभज्जमाणा अणेगन्तो"॥

काण्ड १ गा० १४

"દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિકનયથી ભિન્ન સત્–સામાન્ય–વિશેષ ઉભયાત્મક વસ્તુને ગ્રહણ કરનાર ત્રીજો નય નથી. તે બન્ને નયોમાં સમ્યક્ત્વ–યથાર્થપણું સંપૂર્ણતયા નથી એમ પણ નથી, કારણ કે બન્ને એકાન્તો વિશેષ રૂપે–સાપેક્ષપણે ગ્રહણ કરાતાં અનેકાન્ત બને છે."

"जह एए तह अण्णे पत्तेयं दुण्णया णया सव्वे ।
हंदि हु मूलनयाणं पण्णवणे वावडा ते वि" ॥

कांड १ गा० १५

"જેમ એ બે નયો છે તેવી રીતે બીજા બધા જુદા જુદા નયો દુર્નય છે, કારણ કે તેઓ મૂળ નયોના પ્રતિપાદ્ય વિષયને પ્રતિપાદન કરવામાં પ્રવૃત્ત થયેલા છે".

"सव्वनयसमूहम्मि वि णत्थि णओ उभयवायपण्णवओ ।
मूलणयाण उ आणं पत्तेय विसेसियं बिंति" ॥

कांड १ गा० १६

"બધા નયોના સમૂહમાં પણ સામાન્ય વિશેષ રૂપ ઉભયવાદને જણાવનાર કોઈ પણ નય નથી, કારણ કે તે દરેક નય મૂળ નયના વિષયને જ વિવિધરૂપે કહે છે."

"तम्हा सव्वे वि णया मिच्छादिट्ठी सपक्खपडिबद्धा ।
अण्णोण्णणिस्सिआ उण हवंति सम्मत्तसब्भावा" ॥

कांड १ गा० २१

તેથી પોતાના પક્ષમાં પ્રવૃત્ત થયેલા બધાય નયો મિથ્યાદૃષ્ટિ છે. પરન્તુ તે બધા નયો પરસ્પર સાપેક્ષ હોય તો યથાર્થરૂપ બને છે.

પ્રમાણ અને અપ્રમાણની વિશેષતા દર્શાવે છે—

**नाप्रमाणं प्रमाणं वा सर्वमप्यविशेषितम् ।**
**विशेषितं प्रमाणं स्यादिति सर्वनयज्ञता ॥३॥**

१ सर्वमपि=બધાંય વચન. अविशेषितं=વિશેષરહિત હોય તો તે.

બધાંય વચન વિશેષ રહિત હોય તો તે એકાન્તે અપ્રમાણ નથી અને એકાન્તે પ્રમાણ પણ નથી. જેથી અન્ય સિદ્ધાન્તમાં રહેલું સદ્વચન પણ વિષયના પરિશોધનથી પ્રમાણ છે.

કહ્યું છે કે:—

"तत्रापि न च द्वेषः कार्यो विषयस्तु यत्नतो मृग्यः ।
तस्यापि न सद्वचनं सर्वं यत् प्रवचनादन्यत्" ॥

"તેને વિષે પણ દ્વેષ કરવા યોગ્ય નથી, પરન્તુ વિષયને પ્રયત્નથી વિચારવો, જે પ્રવચનથી ભિન્ન છે તેનું પણ બધું સદ્વચન નથી." એ જ બાબત કહે છે-

વિશેષિત એટલે વિષયપરિશોધક નયથી યોજિત હોય તો તે પ્રમાણ છે. ઉપલક્ષણથી સ્વસિદ્ધાન્તનું વચન પણ અનુયોગે કરી વિશેષિત ન હોય તો તે અપ્રમાણ છે. એ પ્રકારે સર્વ સ્યાદ્વાદ યોજનાથી સર્વ નયોનું જાણપણું હોય. કહ્યું છે કે—

"अपरिच्छियसुयनिहसस्स केवलमभिन्नसुत्तचारिस्स ।
सव्वुज्जमेण वि कयं अन्नाणतवे बहुं पडइ" ॥

उपदेशमाला गा० ४१५

"જેણે શ્રુત-સિદ્ધાન્તનું રહસ્ય જાણ્યું નથી અને કેવળ સૂત્રના અક્ષરને અનુસરી ચાલે છે, તેનું સર્વ ઉદ્યમ વડે કરેલું ક્રિયાનુષ્ઠાન ઘણું અજ્ઞાન તપમાં આવે છે."

સર્વ વચન એકાન્તે અપ્રમાણ નથી અને પ્રમાણ

---

नाप्रमाणं=એકાન્તે અપ્રમાણ નથી. वा=અને. प्रमाणं=પ્રમાણ પણ (નથી). विशेषितं=વિશેષ સહિત (સાપેક્ષ) હોય તે. प्रमाणं=પ્રમાણ. स्याद्=છે. इति=એ પ્રકારે. सर्वनयज्ञता=સર્વ નયોનું જ્ઞાન હોય છે.

પણ નથી; પરન્તુ સાપેક્ષપણે પ્રમાણ છે અને નિરપેક્ષપણે અપ્રમાણ છે. સિદ્ધાન્તમાં એકાન્તે વિધિ કે નિષેધનો ઉપદેશ નથી. પ્રથમ જે પ્રમાણભૂત–કર્તવ્યરૂપ હોય છે તે ગુણની વૃદ્ધિની અપેક્ષાએ ધ્યાનમાં લીન થયેલાને કર્તવ્યરૂપ નથી. જે આધાકર્માદિ દોષસહિત આહારાદિ અકર્તવ્યરૂપ છે તે દેશ કાલાદિ તથા ગીતાર્થાદિની અપેક્ષાએ કર્તવ્યરૂપ છે–ઇત્યાદિ ભગવતીસૂત્રની ટીકાને અનુસારે જાણવું.

કહ્યું છે કે—

**"परमरहस्समिसीणं समत्तगणिपिडगहत्थसाराणं।**
**परिणामियं पमाणं णिच्छयमवलंबमाणाणं" ॥**

पंचवस्तु गा० ६०२.

જેણે સમસ્ત ગણિપિટક–દ્વાદશાંગીના સારનો અભ્યાસ કરેલ છે એવા ઋષિઓનું પરમ રહસ્ય છે કે ધર્મમાર્ગમાં નિશ્ચયનું અવલંબન કરનારાને પરિણામ એ જ પ્રમાણભૂત છે.

પંચવસ્તુમાં "एसणमाई तणुयोगा" "નિર્દોષ આહાર આદિ અલ્પ યોગો છે," એમ કહ્યું છે. ઇત્યાદિ બધું વિશેષરહિત–નિરપેક્ષ અપ્રમાણ છે. અન્ય મતમાં કહેલું સદ્વચન વિશેષે કરીને સંયોજિત હોય–સાપેક્ષ હોય તો તે પ્રમાણ છે. એટલે વિષયપરિશોધક નયથી યુક્ત હોય તો તે પ્રમાણ છે. ઉપલક્ષણથી સ્વસિદ્ધાન્તનું વચન પણ અનુયોગથી યોજેલું ન હોય તો અપ્રમાણ છે. તે પાંચમા અંગ–ભગવતીસૂત્રમાં [1]મડ્ડુકશ્રાવકના અધિકારથી જાણવું. કહ્યું છે કે–

[1] જુઓ ભગવતી શ૦ ૧૮ ઉ૦ ૭

"सुत्तत्थो खलु पढमो बीओ निज्जुत्तिमीसओ भणिओ।
तइओ अ णिरवसेसो एस विही होइ अणुओगे" ॥
आव० नि० गा० २४

"પ્રથમ સૂત્રનો અર્થ, બીજો નિર્યુક્તિ સહિત અર્થ અને ત્રીજો પ્રસંગાનુપ્રસંગથી સમગ્ર અર્થ–એ પ્રમાણે અનુયોગ–સૂત્રના વ્યાખ્યાનને વિષે આ વિધિ કહ્યો છે."

તાત્પર્ય એ છે કે ગુરુએ પ્રાથમિક શિષ્યને મતિ-સંમોહ ન થાય માટે પ્રથમ માત્ર સૂત્રના અર્થ કથનરૂપ પ્રથમ અનુયોગ કરવો. ત્યારબાદ સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિ મિશ્રિત અર્થ કહેવો અને તે પછી પ્રસંગ અને અનુપ્રસંગ સંગતિથી સમગ્ર અર્થ કહેવો. આ પ્રમાણે અનુયોગનો વિધિ છે. અનુયોગરહિત વચન અપ્રમાણ છે. કહ્યું છે કે– "જેણે શ્રુતજ્ઞાનનું રહસ્ય જાણ્યું નથી અને કેવળ સૂત્રના શબ્દાર્થને વળગીને ચાલનારા છે તેનું સર્વ પ્રયત્નથી કરેલું અનુષ્ઠાન ઘણું અજ્ઞાનતપમાં ખપે છે". શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે કહ્યું છે કે–"તેમાં પણ દ્વેષ કરવા યોગ્ય નથી, માત્ર પ્રયત્નથી વિષયનો વિચાર કરવા યોગ્ય છે. જે પ્રવચનથી ભિન્ન છે તેનું બધુંય સદ્વચન નથી."

એમ વિચારી સ્યાદ્વાદના જ્ઞાનમાં ઉપયોગી સર્વ નયોનું જ્ઞાન પ્રાપ્ત કરવા યોગ્ય છે. પક્ષનો ત્યાગ કરી સમભાવનું અવલંબન કરી આત્મધર્મમાં સ્થિરતા કરવી હિતકારક છે.

**लोके सर्वनयज्ञानां ताटस्थ्यं वाऽप्यनुग्रहः ।**

૧ लोके=લોકમાં. सर्वनयज्ञानां=સર્વ નયોને જાણનારને. ताटस्थ्यं=

**स्यात् पृथग्नयमूढानां स्मयार्तिर्वाऽतिविग्रहः ॥४॥**

લોકમાં સર્વ નયના જાણનારને તટસ્થપણું-સમવૃત્તિપણું અથવા વ્યવહારદશામાં ઉપકારબુદ્ધિ હોય, પરન્તુ જુદા જુદા નયમાં મૂઢ થયેલાને અહંકારની પીડા અને ઘણો કલેશ થાય.

લોકમાં એટલે નિપુણ જનસમૂહમાં સર્વ નયોના રહસ્યને જાણનારાઓનું તટસ્થપણું-પડખે રહેવાપણું (પણ પક્ષમાં પડવાનું નહિ) સમભાવવૃત્તિ અથવા ઉપકારની ભાવના હોય છે. બધેય પરીક્ષકપણું-વિવેકદૃષ્ટિ હિતકારી છે. પરન્તુ જુદા જુદા નયના પક્ષને ગ્રહણ કરી કદાગ્રહ કરનારાઓને અભિમાનના ઉન્માદની પીડા અથવા અત્યન્ત કલેશ હોય છે. સન્મતિમાં કહ્યું છે કે-

**"कालो सहाव णियई पुव्वकयं पुरिसकारणेगंता ।**
**मिच्छत्तं ते चेवा समासओ होंति सम्मत्तं" ॥**

कां० ३. गा० ५३.

કાલ, સ્વભાવ, નિયતિ (ભવિતવ્યતા), પૂર્વકૃત (કર્મ) અને પુરૂષરૂપ કારણ વિષેના એકાન્તવાદો મિથ્યાત્વ-અયથાર્થ છે અને તે વાદો સમાસથી-પરસ્પર સાપેક્ષપણે સમ્યક્ત્વ-યથાર્થ છે.

અહીં પુરુષાર્થ પ્રધાન કારણ હોવાથી તેનું મુખ્યપણું છે. કાલ, સ્વભાવ અને પૂર્વકૃત (કર્મ) નિમિત્તરૂપ સાધારણ

મધ્યસ્થપણું. वा=અથવા. अनुग्रहः=ઉપકારબુદ્ધિ. स्यात्=હોય. पृथग्नयमूढानां=જુદા જુદા નયોમાં મૂઢ-મોહ પામેલાને. स्मयार्तिः=અભિમાનની પીડા. वा=અથવા. अतिविग्रहः=અત્યન્ત કલેશ હોય.

કારણની અપેક્ષાએ કારણ છે. નિયતિ–ઔપચારિક કારણ છે. તેનું અનિત્યપણું વિચારામૃતસંગ્રહમાં કહ્યું છે. નિયતિ-વાદનો પક્ષ ગોશાલકના અનુયાયી આજીવક સંપ્રદાયનો છે અને તે મિથ્યા આગ્રહરૂપ છે. તેનો એકાન્તવાદ જૈન-દર્શનને સંમત નથી, પરન્તુ જૈનદર્શનમાં એ બધા વાદો સાપેક્ષપણે વિવક્ષા કરી હોવાથી યથાર્થરૂપ છે.

**श्रेयः सर्वनयज्ञानां विपुलं धर्मवादतः ।**
**शुष्कवादाद् विवादाच्च परेषां तु विपर्ययः ॥५॥**

સર્વ નયને જાણનારાનું તત્ત્વજ્ઞાનનો અર્થી પૂછે અને તત્ત્વજ્ઞ કહે તે [2]ધર્મવાદથી ઘણું કલ્યાણ થાય છે. તેથી બીજા એકાન્તદૃષ્ટિનું શુષ્કવાદ અને વિવાદથી અકલ્યાણ જ થાય છે. શુષ્કવાદ તે કહીએ કે જ્યાં કંઠતાલુનો શોષ-માત્ર થાય, અને જ્યાં પર વાર્તાથી કાર્યની હાનિ થાય તે વિવાદ કહીએ.

અહીં શ્રી હરિભદ્રસૂરિએ રચેલા [2]વાદાષ્ટકમાં ત્રણ વાદનું સ્વરૂપ બતાવેલું છે, તે આ પ્રમાણે–શુષ્કવાદ, વિવાદ અને ધર્મવાદ એમ ત્રણ પ્રકારના વાદ છે. યથાર્થપણા રહિત કંઠ અને તાલુને સુકવનાર નીરસવાદ તે શુષ્કવાદ. તે કષાયોને વધારનાર હોવાથી તજવા યોગ્ય છે. પરપક્ષનો

---

૧ सर्वनयज्ञानां=સર્વ નયને જાણનારાઓનું. धर्मवादतः=ધર્મ-વાદથી. विपुलं=ઘણું. श्रेयः=કલ્યાણ થાય છે. परेषां तु=બીજા એકાન્ત-દૃષ્ટિઓનું તો. शुष्कवादात्=શુષ્કવાદથી. च=અને. विवादात्=વિવાદથી. विपर्ययः=વિપરીત, અકલ્યાણ થાય છે.

૨ જુઓ ૧૨મું વાદાષ્ટક પા. ૪૬.

પરાજય કરવાની બુદ્ધિથી સ્વપક્ષનું સ્થાપન કરવાપૂર્વક વાદ કરવો તે વિવાદ. તે પણ ત્યાજ્ય છે. તત્ત્વજ્ઞાની પરને તત્ત્વનો બોધ થવા માટે તત્ત્વના જિજ્ઞાસુને જે કહે તે ધર્મવાદ. સર્વ નયોના રહસ્યને જાણનારાઓનું ધર્મવાદથી પરમ કલ્યાણ થાય છે. એટલે વકતા તત્ત્વનું કથન કરવામાં રસિક છે અને શ્રોતા તત્ત્વનું જ્ઞાન મેળવવામાં રસિક છે. બન્નેનો યથાર્થ યોગ થયે ધર્મકથનથી અત્યન્ત કલ્યાણ થાય છે. જો શ્રોતા તેવા પ્રકારની રસવૃત્તિવાળો ન હોય તો પણ તત્ત્વનો બોધ કરવાની ઇચ્છાથી ધર્મનું કથન અત્યન્ત હિતકારી થાય છે, પરન્તુ શુષ્કવાદ અને વિવાદથી બીજા એકાન્તદૃષ્ટિનું અકલ્યાણ થાય છે. પાત્રની યોગ્યતાને અનુસરી સૂક્ષ્મ અર્થનું કથન ધર્મને હિત કરનાર ભાવદયારૂપ છે.

સન્માર્ગની પ્રશંસા કરે છે—

**[1]प्रकाशितं जनानां यैर्मतं सर्वनयाश्रितम् ।**
**चित्ते परिणतं चेदं येषां तेभ्यो नमोनमः ॥६॥**

**જે પુરૂષોએ લોકોને સર્વ નયે કરીને આશ્રિત એટલે સ્યાદ્વાદગર્ભિત પ્રવચન પ્રકાશિત કર્યું છે અને જેઓના ચિત્તને વિષે આ સર્વનયાશ્રિત પ્રવચન પરિણમેલું છે તેઓને વારંવાર નમસ્કાર હો.**

---

૧ यैः=જે પુરૂષોએ. सर्वनयाश्रितं=સર્વ નયોએ કરીને આશ્રિત. मतं=પ્રવચન. जनानां=લોકોને. प्रकाशितं=પ્રકાશિત કર્યું છે. च=અને. येषां=જેઓના. चित्ते=ચિતમાં. परिणतं=પરિણમેલું છે. तेभ्यः=તેઓને. नमोनमः=વારંવાર નમસ્કાર હો.

જે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપે પરિણમેલા સર્વજ્ઞ, આચાર્ય અને ઉપાધ્યાયો તથા સંવિગ્નપાક્ષિક-યથાર્થ ઉપદેશ કરનારા શ્રીહરિભદ્રાદિ સૂરિવરોએ સર્વનય સાપેક્ષ સ્યાદ્‌વાદગર્ભિત આ મોક્ષમાર્ગરૂપ શાસન પ્રકાશિત કર્યું છે, તેઓને અત્યન્ત નમસ્કાર હો. જગતમાં શુદ્ધ ઉપદેશ કરનાર જ પૂજ્ય છે. ભવભાવનામાં કહ્યું છે કે—

भद्दं बहुसुयाणं बहुजणसंदेहपुच्छणिज्जाणं ।
उज्जोइअभुवणाणं झिणंमि वि केवलमयंके ॥
ते पुज्जा तिअलोए सव्वत्थ वि जाण निम्मलं नाणं ।
पुज्जाण वि पुज्जयरा नाणी चरित्त जुत्ता य ॥

प० ६७१ गा० ५०६–५०५.

કેવલજ્ઞાનરૂપ ચન્દ્ર અસ્ત થયે જેણે જગતને પ્રકાશિત કર્યું છે અને ઘણા મનુષ્યોના સંદેહો જેને પૂછી શકાય એવા બહુશ્રુતોનું ભદ્ર–કલ્યાણ થાઓ.

જેઓનું સર્વ સ્થળે પણ નિર્મળ જ્ઞાન છે, પૂજ્ય પુરૂષોને પણ અત્યન્ત પૂજ્ય એવા ચારિત્રયુક્ત જ્ઞાની ત્રણલોકમાં પૂજવા યોગ્ય છે.

ઉપદેશમાલામાં કહ્યું છે કે—

सावज्जजोगपरिवज्जणाओ सव्वुत्तमो जइधम्मो ।
बीओ सावगधम्मो तइओ संविग्गपक्खपहो ॥५१९॥
सुज्झइ जई सुचरणो सुज्झइ सुस्सावगो वि गुणकलिओ ।
ओसन्नचरणकरणो सुज्झइ संविग्गपक्खरुई ॥५१३॥

संविग्गपक्खियाणं लक्खणमेयं समासओ भणियं ।
ओसन्नचरणकरणा वि जेणं कम्मं विसोहंति ॥५१४॥

सुद्धं सुसाहुधम्मं कहेइ निंदइ य निययमायारं ।
सुतवस्सियाण पुरओ होइ सव्वोमरायणिओ ॥५१५॥

वंदइ न य वंदावइ किइकम्मं कुणइ कारवइ नेव ।
अत्तट्ठा नवि दिक्खइ देइ सुसाहूण बोहेउं ॥५१६॥

સાવદ્ય (હિંસાદિ પાપયુક્ત) યોગોનો સર્વથા ત્યાગ કરવાથી સર્વોત્તમ યતિ ધર્મ છે, બીજો શ્રાવકધર્મ છે અને ત્રીજો સંવિગ્ન પક્ષનો માર્ગ છે.

સુચારિત્રવાળો સાધુ શુદ્ધ થાય છે, સમ્યગ્દર્શનાદિ ગુણસહિત શ્રાવક પણ શુદ્ધ થાય છે અને વ્રત અને આચારમાં શિથિલ મુનિ પણ સંવિગ્ન પક્ષની રૂચિવાળો શુદ્ધ થાય છે.

સંવિગ્નપાક્ષિકોનું આ લક્ષણ સંક્ષેપથી કહ્યું છે, જેથી તેઓ વ્રત અને આચારમાં શિથિલ હોવા છતાં કર્મને વિશુદ્ધ કરે છે-કર્મનો ક્ષય કરે છે.

તે શુદ્ધ સુસાધુનો ધર્મ કહે છે, પોતાના આચારને નિન્દે છે અને સુતપસ્વીઓની આગળ સૌથી લઘુ થઈને રહે છે.

પોતે વન્દન કરે, પણ પોતાને બીજા પાસે વંદન કરાવે નહિ; પોતે શિષ્ય કરવા બીજાને દીક્ષા આપે નહિ, પણ પ્રતિબોધ કરીને બીજા સુસાધુઓને સોંપે.

ઇત્યાદિ ગુણો સહિત જે પુરુષોએ સ્યાદ્વાદ ગર્ભિત

સત્ય તત્ત્વધર્મનો ઉપદેશ કર્યો છે, તથા જેઓના ચિત્તમાં શ્રદ્ધા, જ્ઞાન, રમણતા અને આદરપૂર્વક પરિણમેલ-વ્યાપ્ત થયેલ છે તેઓને પણ પ્રણામ હો. સર્વજ્ઞે કહેલા માર્ગને ધર્મને અનુસરનારા ધન્ય છે, તો તે ધર્મની પરિણતિવાળા હોય તેને માટે તો શું કહેવું?

**नमः सर्वज्ञशासनाय।**
**नमः सर्वज्ञमार्गवर्तिपुरुषसंघाय।**

સર્વજ્ઞના શાસનને નમસ્કાર હો.

સર્વજ્ઞના માર્ગમાં વર્તમાન પુરુષસંઘને નમસ્કાર હો.

**निश्चये व्यवहारे च त्यक्त्वा ज्ञाने च कर्मणि।**
**एकपाक्षिकविश्लेषमारूढाः शुद्धभूमिकाम् ॥७॥**
**अमूढलक्ष्याः सर्वत्र पक्षपातविवर्जिताः।**
**जयन्ति परमानन्दमयाः सर्वनयाश्रयाः ॥८॥**

**નિશ્ચય નયમાં અને વ્યવહારનયમાં, તથા જ્ઞાન-પક્ષમાં અને ક્રિયાપક્ષમાં એક પક્ષગત ભ્રમ-ભ્રાન્તિના સ્થાનને તજીને જ્ઞાનના પરિપાકરૂપ શુદ્ધ ભૂમિકા ઉપર**

---

૧ निश्चये=નિશ્ચય નયમાં. व्यवहारे=વ્યવહારનયમાં. ज्ञाने=જ્ઞાન-નયમાં च=અને. कर्मणि=ક્રિયાનયમાં. एकपाक्षिकविश्लेषं=એક પક્ષમાં રહેલા ભ્રાન્તિના સ્થાનને. त्यक्त्वा=છોડીને. शुद्धभूमिकां=શુદ્ધ ભૂમિકા ઉપર. आरूढाः=ચઢેલા.

अमूढलक्ष्याः=લક્ષ્ય ન ચૂકે એવા. सर्वत्र=બધેય. पक्षपातविवर्जिताः=પક્ષપાતરહિત. परमानन्दमयाः=પરમાનન્દરૂપ. सर्वनयाश्रयाः=સર્વ નયના આશ્રયભૂત. (જ્ઞાની) जयन्ति=જયવંતા વર્તે છે.

**ચઢેલા, લક્ષ (વેધ) ન ભૂલે એવા, સર્વ ભૂમિકામાં પક્ષપાત-કદાગ્રહરહિત, પરમ આનન્દથી ભરપૂર સર્વ નયોના આશ્રયરૂપ (જ્ઞાની) સર્વોત્કર્ષથી વર્તે છે.**

શુદ્ધ આત્મપરિણતિરૂપ નિશ્ચયનયમાં અને વીર્યના પ્રવર્તનરૂપ વ્યવહારનયમાં, તથા ઉપયોગસ્વરૂપ જ્ઞાનમાં અને ક્રિયાપક્ષમાં એકાન્ત આગ્રહરૂપ ભ્રાન્તિના સ્થાનને છોડીને જ્ઞાનના પરિપાકરૂપ શુદ્ધ ભૂમિકાને પ્રાપ્ત થયેલા એટલે જ્ઞાનના અનુભવ સ્થાનમાં રહેલા, લક્ષ્ય-શુદ્ધ આત્મસ્વરૂપમાં મૂઢતા રહિત, સર્વ જીવ અજીવાદિ ઇષ્ટ અને અનિષ્ટ વસ્તુમાં પક્ષપાત-એકાન્ત આગ્રહ રહિત, અમૂર્ત પરમ આનન્દ વડે પરિપૂર્ણ અને સર્વનયોના આધારરૂપ જ્ઞાની પુરૂષો જયવંતા વર્તે છે એટલે સમ્યગ્દર્શનાદિ ગુણોથી પરિપૂર્ણપણે વર્તે છે. તેથી પોતાના સત્તાગત ધર્મના સાધન માટે તૈયાર થયેલ, સાધનના વ્યાપારમાં પ્રવર્તેલ, પોતાના કાર્યરૂપ ચેતનાદિની પરિણતિરૂપ ચક્રને પ્રેરનારા, સર્વ પરભાવના પ્રસંગથી રહિત, સ્યાદ્વાદ (પ્રમાણ) અને નયના માર્ગથી જેણે વસ્તુનું યથાર્થ સ્વરૂપ જાણ્યું છે એવા આચાર્ય અને ઉપાધ્યાય જયવંતા વર્તે છે. જેઓએ સમગ્ર વિશ્વના વ્યામોહને નિવારણ કરવામાં સમર્થ વાક્યામૃતના ઉપદેશથી અનાદિ મોહરૂપ કાલકૂટ વિષનો નાશ કર્યો છે એવા નિર્ગ્રન્થો છતાં પોતાની આત્મતત્ત્વની સંપત્તિના વિલાસની લીલા સહિત ચક્રવર્તી છે, અસંગ હોવા છતાં અનન્તગુણોને ધારણ કરવામાં મશગુલ છે, પ્રવૃત્તિ રહિત છતાં સ્વતત્ત્વના સાધનમાં વ્યાકુલ-ચિન્તાવાળા છે, વનવાસી છતાં પોતાના પર્યાયરૂપ મકરન્દનું પાન કરવામાં મગ્ન છે; શ્રીમાન

સર્વજ્ઞે કહેલી આજ્ઞાનો નિર્વાહ કરવામાં વૃષભસમાન છે, માર્ગાનુસારી છતાં યથાશક્તિ ગુણની વૃદ્ધિ કરવાનું જેઓએ લક્ષ રાખ્યું છે; દ્રવ્ય અને ભાવરૂપ સાધન વડે શુદ્ધ પરમાત્મરૂપ સાધ્યમાં જેઓએ દૃષ્ટિ રાખી છે તેઓ જ જ્ઞાનસારને ગ્રહણ કરવામાં કુશલ છે.

હવે ઉપસંહાર કરવા માટે સર્વ અષ્ટકોની ભાવનારૂપ નામનો નિર્દેશ કરે છે—

**पूर्णो मग्नः स्थिरोऽमोहो ज्ञानी शान्तो जितेन्द्रियः।**
**त्यागी क्रियापरस्तृप्तो निर्लेपो निःस्पृहो मुनिः ॥१॥**

૧ પૂર્ણ-પૂરો અને એ હેતુથી જ ૨ મગ્ન-જ્ઞાનમાં મગ્ન થયેલો, પણ ઉપર રહેલો નહિ, તેથી જ ૩ સ્થિર-યોગની સ્થિરતાવાળો, તેથી જ ૪ અમોહ-મોહરહિત, એ હેતુથી ૫ જ્ઞાની-તત્ત્વજ્ઞ, તેથી જ ૬ શાન્ત-ઉપશમવંત, તેથી જ ૭ જિતેન્દ્રિય-જેણે ઇન્દ્રિયો જીતી છે, તેથી ૮ ત્યાગી. કહ્યું છે કે—

**"बान्धवधनेन्द्रियत्यागात् त्यक्तभयविग्रहः साधुः ।**
**त्यक्तात्मा निर्ग्रन्थः त्यक्ताहंकारममकारः" ॥**

"બાન્ધવ, ધન અને ઇન્દ્રિયોના વિષયનો ત્યાગ કરવાથી જેણે ભય અને કલેશનો ત્યાગ કર્યો છે એવો ત્યાગી

---

૧ पूर्णः=જ્ઞાનાદિથી પરિપૂર્ણ. मग्नः=જ્ઞાનમાં મગ્ન થએલો. स्थिरः=યોગની સ્થિરતાવાળો. अमोहः=મોહરહિત. ज्ञानी=તત્ત્વજ્ઞ. शान्तः=ઉપશમવંત. जितेन्द्रियः=જેણે ઇન્દ્રિયો જીતી છે. त्यागी=ત્યાગવાળો. क्रियापरः=ક્રિયામાં તત્પર. तृप्तः=આત્મસંતુષ્ટ. निर्लेपः=લેપરહિત. निःस्पृहः=સ્પૃહારહિત. मुनिः=ભાવમૌનસહિત છે.

સાધુ અહંકાર અને મમત્વનો ત્યાગ કરેલો હોવાથી નિર્ગ્રન્થ છે."

**એથી જ ૯ ક્રિયામાં તત્પર એટલે શાસ્ત્ર વચનાનુસાર ક્રિયાથી ઉત્તીર્ણ થઇ અસંગક્રિયાનિષ્ઠ, તેથી જ ૧૦ આત્મસંતુષ્ટ, તેથી ૧૧ નિર્લેપ-લેપરહિત, નિર્લેપ હોવાથી જ ૧૨ નિઃસ્પૃહ-સ્પૃહારહિત, અને તેથી જ મુનિ-ભાવ મૌનવ ત છે.**

અનાદિ કાળથી પરભાવનો અનન્ત વાર આસ્વાદ લેવા છતાં પણ આ જીવ તૃષ્ણાથી ઘેરાયેલો હોવાથી અપૂર્ણ-અધુરો રહ્યો છે, તે જ જીવ આત્માના રસનો અનુભવ કરવા વડે આત્માના અનન્તસ્વરૂપથી પૂર્ણ થઇ આત્માના અનુભવને બાધા નહિ કરનારા સર્વ ગુણોની નિષ્પત્તિમાં પૂર્ણ કહેવાય છે, માટે પૂર્ણતાના સ્વરૂપને જણાવનાર પ્રથમ અષ્ટક છે.

જે પૂર્ણ છે તે જ આત્માના પૂર્ણતાસ્વરૂપમાં મગ્ન થાય છે, એટલે આત્માના અનુભવમાં લીન થાય છે, તે જ લીનતા સ્વરૂપમાં હોય છે, પરભાવમાં લીનતા એ અનન્ત સંસાર પરિભ્રમણનું મૂળ છે. તેથી તેવા પ્રકારની મગ્નતા અનાદિ કાળથી છે, તે તજવા યોગ્ય છે. જે સ્વરૂપમાં મગ્નતા છે તે જ વાસ્તવિક મગ્નતા છે તેથી તેનું પ્રતિપાદન કરવારૂપ બીજું અષ્ટક છે.

જે સ્વરૂપમાં મગ્ન છે તે જ સ્થિર હોય છે. અપૂર્ણને ગ્રહણ કરવાની ઇચ્છાથી ચપલતા થાય છે અને પૂર્ણને કોઇ વસ્તુ ગ્રહણ કરવાની ઇચ્છા નહિ હોવાથી સ્થિરતા હોય છે તેથી સ્થિરતાઅષ્ટક કહ્યું છે.

જે સ્થિર છે તે મોહ રહિત હોય છે તેથી ચોથું મોહત્યાગાષ્ટક કહ્યું છે. મોહરહિતને જ તત્ત્વજ્ઞાન થાય છે માટે પાંચમું તત્ત્વજ્ઞાનાષ્ટક કહ્યું છે. જે તત્ત્વજ્ઞાની છે તે શાન્ત–ઉપશમવાળા હોય છે માટે છટ્ઠું શમાષ્ટક કહ્યું છે. જે શાન્ત–શમ સહિત છે તે ઈન્દ્રિયોને જીતે છે તેથી ઈન્દ્રિયજયાષ્ટક કહ્યું છે. જે ઈન્દ્રિયો ઉપર વિજય મેળવે છે તે જ પરભાવનો ત્યાગી હોય છે, તેથી ત્યાગાષ્ટક કહ્યું છે. જે ત્યાગી છે તે જ વચનાનુષ્ઠાનના ( શાસ્ત્રવચનને અનુસારે થતી ક્રિયાના ) ક્રમથી અસંગક્રિયા સહિત હોય છે, તેથી ક્રિયાષ્ટક કહ્યું છે. તેથી જ તૃપ્ત–આત્મસંતુષ્ટ થાય છે, તેથી તૃપ્ત્યષ્ટક કહ્યું છે. જે તૃપ્ત હોય છે તે નિર્લેપ–રાગાદિલેપ રહિત હોય છે, તેથી નિર્લેપ અષ્ટક કહ્યું છે. જે નિર્લેપ છે તે નિઃસ્પૃહ હોય છે, તેથી નિઃસ્પૃહાષ્ટક કહ્યું છે. જે નિઃસ્પૃહ છે મુનિ–મૌનસહિત હોય છે, તેથી મૌનાષ્ટક કહ્યું છે.

**विद्याविवेकसंपन्नो मध्यस्थो भयवर्जितः ।**
**अनात्मशंसकस्तत्त्वदृष्टिः सर्वसमृद्धिमान् ॥२॥**

૧૪ વિદ્યાસંપન્ન, તેથી જ ૧૫ વિવેકસંપન્ન, ૧૬ મધ્યસ્થ, ૧૭ સર્વ પ્રકારના ભય રહિત, ૧૮ આત્મશ્લાઘા નહિ કરનારો, અકીર્તિ અને ભયના અભાવની ભાવના એવી

૧ विद्याविवेकसंपन्नः=વિદ્યાસંપન્ન–તત્ત્વબુદ્ધિરૂપ વિદ્યા સહિત, અને વિવેકસંપન્ન–કર્મ અને જીવને જુદા કરવારૂપ વિવેકયુક્ત. मध्यस्थः=પક્ષપાત રહિત. भयवर्जितः=નિર્ભય. अनात्मशंसकः=પોતાની શ્લાઘા નહિ કરનારો. तत्त्वदृष्टिः=પરમાર્થમાં દૃષ્ટિવાળો. (અને) सर्वसमृद्धिमान्=સર્વ આત્મિક સંપત્તિવાળો (હોય).

**ભાવી છે કે જેથી તે આત્મશ્લાઘા ન કરે. તેથી જ ૧૯ તત્ત્વ-દૃષ્ટિ-પરમાર્થમાં દૃષ્ટિવાળો અને ૨૦ સર્વસમૃદ્ધિમાન્-ઘટમાં પ્રગટી છે સર્વ ઋદ્ધિ જેને એવો હોય.**

શ્રુતના અભ્યાસરૂપ વિદ્યા અને સ્વ-પરના ભેદજ્ઞાનરૂપ વિવેક સહિત હોય, તેથી વિદ્યાષ્ટક અને વિવેકાષ્ટક કહ્યું છે. જે વિદ્યા અને વિવેક સંપન્ન છે તે મધ્યસ્થ-ઇષ્ટ અને અનિષ્ટ વસ્તુમાં રાગદ્વેષ રહિત હોય છે. તેથી માધ્યસ્થાષ્ટક કહ્યું છે. મધ્યસ્થ ભય રહિત હોય છે તેથી ભયત્યાગાષ્ટક કહ્યું છે. ભય રહિતને આત્મશ્લાઘા પ્રિય હોતી નથી, તેથી અનાત્મશંસાષ્ટક કહ્યું છે. જે લૌકિક શ્લાઘા અને કીર્તિ આદિની અભિલાષા રહિત છે તે તત્ત્વદૃષ્ટિવાળો હોય છે, તેથી તત્ત્વદૃષ્ટિ અષ્ટક કહ્યું છે. જેને તત્ત્વદૃષ્ટિ પ્રગટ થઇ છે તે સર્વ સમૃદ્ધિવાળો-પરમ સંપત્તિવાળો હોય છે, તેથી સર્વસમૃદ્ધિ અષ્ટક કહ્યું છે.

**[1]ध्याता कर्मविपाकानामुद्विग्नो भववारिधेः ।**
**लोकसंज्ञाविनिर्मुक्तः शास्त्रदृग् निष्परिग्रहः ॥३॥**

**સર્વ સમૃદ્ધિની** સ્થિરતાના અર્થે ૨૧ કર્મવિપાકનો વિચાર કરનાર, તેથી વ્યવહાર દશાએ ૨૨ સંસારસમુદ્રથી ઉદ્વિગ્ન-ભયભીત હોય. તેથી સિદ્ધ નિર્વેદગુણવાળો ૨૩ લોક-સંજ્ઞાથી મુક્ત હોય. તેથી જ લોકોત્તર માર્ગને પ્રાપ્ત થઇ

૧ कर्मविपाकानां=કર્મના ફળનો વિચાર કરનાર. भववारिधेः= સંસારસમુદ્રથી. उद्विग्नः=ભયભીત થયેલો. लोकसंज्ञाविनिर्मुक्तः=લોકસંજ્ઞાથી રહિત. शास्त्रदृक्=શાસ્ત્રમાં જ દૃષ્ટિવાળો. (અને) निष्परिग्रहः=પરિગ્રહરહિત. (હોય)

**શાસ્ત્રદૃક્–શાસ્ત્રમાં દૃષ્ટિ જેની છે એવો અને તેથી જ નિષ્પરિગ્રહ–પરિગ્રહરહિત હોય.**

જે આત્મિક સમૃદ્ધિથી પૂર્ણ છે તે વિચિત્ર કર્મના ઉદયમાં તેના વિપાકનો જ્ઞાતા અને તેનો વિચાર કરનાર હોય છે. તેથી કર્મવિપાકાષ્ટક કહ્યું છે. જે કર્મના વિપાકનો વિચાર કરે છે તે સંસારથી ઉદ્વિગ્ન થાય છે, માટે ભવોદ્વેગાષ્ટક કહ્યું છે. જે સંસારથી ઉદ્વિગ્ન છે તે લોકસંજ્ઞાનો ત્યાગ કરે છે, તેથી લોકસંજ્ઞાત્યાગાષ્ટક કહ્યું છે. લોકસંજ્ઞાના ત્યાગથી તે શાસ્ત્રમાં જ દૃષ્ટિવાળો અને નિષ્પરિગ્રહ–પરિગ્રહ રહિત થાય છે, તેથી ત્યારબાદ શાસ્ત્રઅષ્ટક અને પરિગ્રહાષ્ટક કહ્યું છે.

**[1]शुद्धानुभववान् योगी नियागप्रतिपत्तिमान् ।
भावार्चाध्यानतपसां भूमिः सर्वनयाश्रितः ॥४॥**

**તેથી સિદ્ધ નિષ્પરિગ્રહ ગુણે કરીને ૨૬ શુદ્ધ અનુભવવાળો, એ હેતુથી જ ૨૭ ભાવયોગસંપન્ન, તેથી ૨૮ નિયાગપ્રતિપત્તિમાન્-મોક્ષને પ્રાપ્ત કરનાર, ૨૯ ભાવપૂજાની ભૂમિ, ૩૦ ધ્યાનની ભૂમિ, તથા ૩૧ શુદ્ધ તપની ભૂમિરૂપ અને સર્વ વિશુદ્ધિ દ્વારા ૩૨ સર્વ નયનો આશ્રય કરનારો હોય.**

જે પરિગ્રહ રહિત છે તે જ શુદ્ધ આત્મતત્ત્વનો

૧ शुद्धानुभववान्=શુદ્ધ અનુભવવાળો. योगी=ભાવયોગવાળો. नियागप्रतिपत्तिमान्=મોક્ષને પ્રાપ્ત થનાર. भावार्चाध्यानतपसां=ભાવપૂજા, ધ્યાન અને તપની. भूमिः=આશ્રય. सर्वनयाश्रयः=સર્વ નયોનો જેણે આશ્રય કર્યો છે એવો હોય.

અનુભવ કરે છે તેથી અનુભવાષ્ટક કહ્યું છે. જે સ્વરૂપનો અનુભવ કરે છે તે જ યોગ–ધ્યાન અને સમાધિવાળો યોગી છે, જે યોગી છે તે જ નિશ્ચયથી કર્મયજ્ઞનો કર્તા છે, તેથી યોગાષ્ટક અને નિયાગાષ્ટક કહ્યું છે. જે નિયાગને કરે છે તે ભાવપૂજા, ધ્યેયની સાથે એકતારૂપ ધ્યાન અને તપની ભૂમિ (આશ્રય) થાય છે. તેથી તેનું સ્વરૂપ બતાવનાર અનુક્રમે ત્રણ અષ્ટક કહ્યાં છે. ત્યારબાદ સર્વ નયનો આશ્રય કરવારૂપ બત્રીશમું અષ્ટક કહ્યું છે.

એમ કારણકાર્યપૂર્વક બત્રીશ અધિકારરૂપ પાટીયાં સહિત જ્ઞાનસાર નામે વહાણ ઉપર ચઢીને મિથ્યાજ્ઞાનરૂપ આવર્ત વડે ભયંકર, મિથ્યા તત્ત્વોમાં એકતારૂપ જળ વડે ગંભીર એવા અસંયમરૂપ સમુદ્રને ઓળંગી સમ્યગ્દર્શનરૂપ પોળો વડે સુશોભિત, સમ્યગ્જ્ઞાનરૂપ નિધાન સહિત, સમ્યક્ચારિત્રના આનન્દના આસ્વાદ વડે મનોહર, અસંખ્યાતા પ્રદેશે સ્વસંવેદ્ય તત્ત્વના અનુભવરૂપ સંપત્તિયુક્ત, જિનપ્રવચનરૂપ કિલ્લા અને ઉત્સર્ગ તથા અપવાદરૂપ ખાઈ સહિત, નય અને નિક્ષેપરૂપ અનેક ગુણના સમૂહરૂપ સ્યાદ્વાદરૂપ નગરને ભવ્ય જીવો પ્રાપ્ત કરે છે.

એમ શ્રીયશોવિજય ઉપાધ્યાય જ્ઞાનસારના ફળનો ઉપદેશ કરનાર ગ્રન્થના મુકુટરૂપ છેલ્લો અધિકાર કહે છે—

**[1]स्पष्टं निष्टङ्कितं तत्त्वमष्टकैः प्रतिपन्नवान् ।**
**मुनिर्महोदयं ज्ञानसारं समधिगच्छति ॥१॥**

---

૧ अष्टकैः=અષ્ટકો વડે. स्पष्टं=સ્પષ્ટ. निष्टङ्कितं=નિશ્ચિત કરેલા. तत्त्वं=તત્ત્વને. प्रतिपन्नवान्=પ્રાપ્ત થયેલા. मुनिः=સાધુ. महोदयं=જેથી મહાન્

બત્રીશ અષ્ટકો વડે પ્રગટ નિર્ધારેલા તત્ત્વને પ્રાપ્ત થયેલા મુનિ જેનાથી મહાન્ ઉદય છે એવા શુદ્ધ ચારિત્ર તથા પર મુક્તિરૂપ જ્ઞાનસારને પામે છે. કહ્યું છે કે—

"सामाइअमाइअं सुअनाणं जाव बिंदुसाराओ ।
तस्स वि सारो चरणं सारो चरणस्स निव्वाणं" ॥

"સામાયિકથી માંડી ચૌદમા પૂર્વ લોકબિન્દુસાર સુધી શ્રુતજ્ઞાન છે, તેનો સાર ચારિત્ર છે અને ચારિત્રનો સાર નિર્વાણ છે."

અષ્ટકો વડે નિર્ધારિત સ્પષ્ટ તત્ત્વ–આત્માના પરિણામરૂપ વસ્તુધર્મને પ્રાપ્ત થયેલા, ત્રણે કાળે વિષયની આસક્તિ રહિત મુનિ મહા ઉદયવાળા જ્ઞાનના સારભૂત ચારિત્રરૂપ પરા મુક્તિને પ્રાપ્ત થાય છે. કહ્યું છે કે "સામાયિકથી આરંભી લોકબિન્દુસાર પર્યન્ત શ્રુતજ્ઞાન છે, તેનો પણ સાર ચારિત્ર છે અને ચારિત્રનો સાર નિર્વાણ પ્રાપ્તિ છે".

હવે સદ્યઃ ફલજાતીય મુક્તિરૂપ દેખાડે છે—

**निर्विकारं निराबाधं ज्ञानसारमुपेयुषाम् ।**
**विनिवृत्तपराशानां मोक्षोऽत्रैव महात्मनाम् ॥६॥**

વિકારરહિત અને બાધારહિત એવા જ્ઞાનસારને પ્રાપ્ત

---

અભ્યુદય થાય છે એવા. ज्ञानसारं=જ્ઞાનના સારભૂત ચારિત્રને. समधिगच्छति=પ્રાપ્ત કરે છે.

૧ निर्विकारं=વિકાર રહિત. निराबाधं=પીડારહિત. ज्ञानसारं=જ્ઞાનસારને. उपेयुषां=પ્રાપ્ત થયેલા. (અને) विनिवृत्तपराशानां=નિવૃત્ત થઈ છે પરની આશા જેને એવા. महात्मनां=મહાત્માઓને. इहैव=આ જ ભવમાં. मोक्षः=બન્ધની નિવૃત્તિરૂપ મોક્ષ છે.

**થયેલા અને પરની આશા જેની નિવૃત્ત થઇ છે એવા મહાત્માઓને આ જ ભવમાં બન્ધની નિવૃત્તિરૂપ મોક્ષ છે.**

વિકાર રહિત, પુદ્ગલના સંયોગરૂપ સર્વ પ્રકારની બાધા વિનાના, જ્ઞાન–તત્ત્વબોધના સારભૂત–તત્ત્વમાં એકતારૂપ ચારિત્રને પ્રાપ્ત થયેલા અને દૂર થઇ છે પરની આશા–તૃષ્ણા જેઓને એટલે સર્વથા પુદ્ગલની તૃષ્ણા રહિત નિષ્કામી અને આત્મભાવમાં પરિણમેલા મહાત્માઓને આ જ ભવમાં મોક્ષ છે. જો કે કર્મ સહિત હોવાથી તેઓને મોક્ષનો અભાવ જ છે, તો પણ અહીં આનન્દ અને સમભાવની વૃત્તિવાળા અને સહજ સુખમાં લીન થયેલા મહાત્માઓને વાનકીરૂપે અંશતઃ મોક્ષનું સુખ હોવાથી ઉપચારથી મોક્ષ કહ્યો છે.

**[1]चित्तमार्द्रीकृतं ज्ञानसारसारस्वतोर्मिभिः।**
**नाप्नोति तीव्रमोहाग्निप्लोषशोषकदर्थनाम् ॥७॥**

**જ્ઞાનના સારરૂપ સરસ્વતીના કલ્લોલોએ કરીને આર્દ્ર–કોમળ કરાયેલું ચિત્ત તીવ્ર (આકરા) મોહરૂપ અગ્નિના દાહના શોષની પીડાને પામતું નથી.**

જ્ઞાનસાર નામના ગ્રન્થની વાણીના તરંગો વડે જેઓનું ચિત્ત ભીંજાયું છે તે જીવોને તીવ્ર મોહરૂપ અગ્નિના દાહથી થયેલ શોષની પીડા પ્રાપ્ત થતી નથી. એટલે જ્ઞાનસારની અખંડ વૃષ્ટિથી આર્દ્રચિત્તવાળા જીવોને મોહાગ્નિનો તાપ લાગતો નથી.

---

૧ ज्ञानसारसारस्वतोर्मिभिः=જ્ઞાનસારરૂપ સરસ્વતી–વાણીના તરંગો વડે. आर्द्रीकृतं=કોમળતાને પામેલું. चित्तं=મન. तीव्रमोहाग्निप्लोषशोषकदर्थनाम्=આકરા મોહરૂપ અગ્નિના દાહના શોષની પીડાને. न आप्नोति=પામતું નથી.

**अचिन्त्या काऽपि साधूनां ज्ञानसारगरिष्ठता।**
**गतिर्ययोर्ध्वमेव स्याद् अधःपातः कदाऽपि न ॥८॥**

**સાધુઓના જ્ઞાનસારનું ગૌરવ-મહત્ત્વ (ભાર) કંઈક ન ચિન્તવી શકાય એવું છે, જે ગૌરવથી ઉંચી ગતિ જ થાય, હેઠું પડવું કદાપિ ન હોય.**

**પ્રકરણ નિયમથી બીજી ગુરુતા વડે ઊર્ધ્વ ગતિ ન હોય, અધોગતિ હોય. તે માટે જ્ઞાનગુરુતા અચિન્ત્ય કહી છે.**

હે ભવ્ય ! પરમપદના સાધક સાધુઓનું જ્ઞાનસારનું ગૌરવ (મહત્ત્વ) કંઇક અચિન્તનીય છે. એટલે સ્વ અને પરનો યથાર્થ બોધ થવો તે જ્ઞાન છે, તેનો સાર ચારિત્ર કે વૈરાગ્ય છે, તેના મહત્ત્વનું સ્વરૂપ અચિન્ત્ય છે, વિચારી ન શકાય એવું છે. બીજી ગુરુતા (ભારેપણું) અધોગમનનું કારણ છે. ભારે વસ્તુ નીચે પડવાના સ્વભાવવાળી હોય છે, પણ જ્ઞાનની ગુરુતા ઊર્ધ્વ ગતિનું કારણ છે, તેથી જ અચિન્ત્ય છે. જે ગુરુતાથી ઊર્ધ્વ ગતિ જ થાય, અધઃપાત કદાપિ થતો નથી. દ્રવ્યથી ઊર્ધ્વતા જીવોને ઉચ્ચગોત્રાદિના ઉદયરૂપ છે, ક્ષેત્રથી ઊર્ધ્વલોકમાં ગમન કરવારૂપ છે અને સમ્યક્ત્વાદિ ઉત્તરોત્તર ગુણોની વૃદ્ધિ થવારૂપ ભાવથી ઊર્ધ્વતા છે. તેથી જ્ઞાનથી મહાન્ છે તે સ્વર્ગ અને મોક્ષરૂપ અથવા સમ્યક્ચારિત્રાદિ ગુણરૂપ ઊર્ધ્વતાને પ્રાપ્ત કરે છે.

---

૧ साधूनां=મુનિઓનું. ज्ञानसारगरिष्ठता=જ્ઞાનસાર વડે ગૌરવ.(ભાર) काऽपि=કોઇક. अचिन्त्या=ન ચિંતવી શકાય એવું છે. यया=જે વડે. ऊर्ध्वमेव=ઉંચે જ. गतिः=ગતિ થાય. कदाऽपि=કદી પણ. अधःपातः= નીચે પડવું. न=ન થાય.

જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ થાય છે. તે બન્નેમાંથી એકનો પણ નિષેધ કરનાર મોક્ષનો સાધક થતો નથી. કારણ કે ક્રિયા એ વીર્યની વિશુદ્ધિરૂપ છે અને જ્ઞાન ચેતનાની વિશુદ્ધિરૂપ છે. જ્યારે ચેતના અને વીર્યની વિશુદ્ધિ થાય છે ત્યારે જ સર્વસંવરરૂપ મોક્ષ થાય છે, તોપણ ક્રિયાથી જ્ઞાનની અધિકતા બતાવે છે—

**[1]क्लेशक्षयो हि मण्डूकचूर्णतुल्यः क्रियाकृतः।**
**दग्धतच्चूर्णसदृशो ज्ञानसारकृतः पुनः ॥९॥**

**ક્રિયાથી કરેલો ક્લેશનો નાશ દેડકાના ચૂર્ણ સરખો છે. જેમ દેડકાનું ચૂર્ણ મેઘની વૃષ્ટિથી ફરી દેડકા પેદા કરે, તેમ ક્રિયાથી નાશ પામેલો ક્લેશ કારણયોગે ફરી પેદા થાય. પરન્તુ જ્ઞાનસારે એટલે શુદ્ધ ક્ષયોપશમ ભાવે કરેલો ક્લેશનો ક્ષય બાળેલા મંડૂક ચૂર્ણના જેવો છે. જેમ બાળેલું દેડકાનું ચૂર્ણ સેંકડો વરસાદ પડે તો પણ ફરી દેડકા ઉત્પન્ન ન કરે તેમ જ્ઞાનદગ્ધ કર્મ ફરીથી ફુટી ન નીકળે, ભોગવવાં ન પડે.**

ક્રિયાથી કરેલો કર્મનો ક્ષય દેડકાના ચૂર્ણતુલ્ય સમજવો. જેમ દેડકાનું ચૂર્ણ વૃષ્ટિના યોગે ત્યાં અનેક નવા દેડકાની ઉત્પત્તિનું નિમિત્ત બને છે, તેમ ક્રિયાથી અશુભકર્મનો ક્ષય થાય, તો પણ શુભ કર્મની અત્યન્ત વૃદ્ધિ થાય છે. અને શુભકર્મને ભોગવવાના સમયે અશુભ કર્મની

---

૧ क्रियाकृतः=ક્રિયાથી કરેલો. क्लेशक्षयः=ક્લેશનો નાશ. मण्डूकचूर्णतुल्यः=દેડકાના શરીરના ચૂર્ણ સમાન છે. पुनः=પરન્તુ. ज्ञानसारकृतः=જ્ઞાનસારથી કરાયેલો (ક્લેશનો નાશ.) दग्धतच्चूर्णसदृशः=બળી ગયેલા દેડકાના ચૂર્ણ સરખો છે.

વૃદ્ધિ થાય છે એમ જાણવું. વળી જ્ઞાનસારથી કરેલો કર્મનો ક્ષય બાળી નાંખેલા દેડકાના ચૂર્ણ સમાન છે. એટલે જ્ઞાનના આનન્દ વડે કરેલો કર્મનો ક્ષય ફરીથી નવીન કર્મની ઉત્પત્તિનું કારણ થતો નથી. જેમ દેડકાનું ચૂર્ણ બાળી નાખ્યું હોય તો તેથી બીજા દેડકાની ઉત્પત્તિ થતી નથી. આ બધું ઉપદેશપદથી જાણવા યોગ્ય છે. આગમમાં પણ "सीलं सेयं, सुअं [1]सेयं" ઇત્યાદિ પાઠથી એ જ વાત કહી છે. પંચનિર્ગ્રન્થશતકમાં કહ્યું છે કે 'અલ્પશ્રુતવાળા મુનિઓને આહારાદિ સંજ્ઞા હોય છે, અને બહુશ્રુત મુનિઓને આહારાદિ સંજ્ઞા નથી". એમ સર્વત્ર યોજના કરવી.

**[2]ज्ञानपूतां परेऽप्याहुः क्रियां हेमघटोपमाम् ।**
**युक्तं तदपि तद्भावं न यद्भग्नाऽपि सोज्झति ॥१०॥**

---

૧ ચાર પ્રકારના પુરુષો કહ્યા છે–૧ એક શીલસંપન્ન છે, પણ શ્રુતસંપન્ન નથી. ૨ એક શ્રુતસંપન્ન છે, પણ શીલસંપન્ન નથી. ૩ એક શીલસંપન્ન છે અને શ્રુતસંપન્ન પણ છે. અને ૪ એક શીલસંપન્ન નથી અને શ્રુતસંપન્ન પણ નથી. તેમાં જે પ્રથમ પુરુષ છે તે શીલસંપન્ન–વિરતિવાળો છે, પણ ધર્મને જાણતો નથી, તે પુરુષ દેશથી આરાધક છે. બીજો પુરુષ શીલરહિત–અવિરતિવાળો છે પણ શ્રુતસંપન્ન–ધર્મજ્ઞ છે તે પુરુષ દેશવિરાધક છે. ત્રીજો પુરુષ શીલસંપન્ન અને શ્રુતસંપન્ન છે એટલે વિરતિવાળો અને ધર્મનો જાણ છે તે પુરુષ સર્વ આરાધક છે. અને ચોથો પુરુષ શીલરહિત અને શ્રુતરહિત છે તે વિરતિરહિત છે અને ધર્મને જાણતો નથી. તે સર્વ વિરાધક છે. જુઓ ભગવતી સૂત્ર શ૦ ૮ ઉ૦ ૧૦.

૨ परेऽपि=બીજાઓ પણ. ज्ञानपूतां=જ્ઞાનથી પવિત્ર. क्रियां=ક્રિયાને. हेमघटोपमां=સુવર્ણના ઘટ સમાન. आहुः=કહે છે. तदपि=તે પણ. युक्तं=

**સૌગત–બૌદ્ધાદિ પણ જ્ઞાને કરીને પવિત્ર ક્રિયાને સુવર્ણના ઘટ સમાન કહે છે, તે પરવચન પણ ઘટે છે. કારણ કે પતિત થાય (સુવર્ણ ઘટ ભાંગી જાય) તો પણ તે ક્રિયાના ભાવને (સુવર્ણભાવને) છોડતો નથી. "बंधेण न वोलइ कया वि" બંધ વડે અંતઃ કોટાકોટી સાગરોપમને ઓળંગી જતો નથી. અર્થાત્ તેથી અધિક સ્થિતિનો બંધ કરતો નથી. જ્ઞાન સહિત ક્રીયાથી બન્ધ ટળ્યો તે ફરી ન હોય.**

બૌદ્ધાદિ અન્ય દર્શની પણ જ્ઞાન વડે પવિત્ર શુભ-યોગના વ્યાપારરૂપ ક્રિયાને સુવર્ણના ઘટ સમાન કહે છે, તે પણ યુક્ત છે. સોનાનો ઘટ ભાંગે તો પણ સુવર્ણની કીંમત જતી નથી, તેમ સમ્યગ્જ્ઞાન સહિત ક્રિયાથી પડી જાય તો પણ તેને કર્મની અધિક સ્થિતિનો બન્ધ હોતો નથી. કારણ કે "बन्धेण न वोलइ कया वि" "જેણે ગ્રન્થિભેદ કર્યો છે તેને બન્ધ વડે અધિક–ઉત્કૃષ્ટ સ્થિતિનો બન્ધ હોતો નથી", એવું આગમનું વચન છે. ક્રિયા સહિત જ્ઞાની અધિક સ્થિતિબન્ધનો ક્ષય કરે છે, તે ત્યાંથી પડી જાય તો પણ તે સ્થિતિસ્થાનને ઓળંગી જતો નથી. માટે જ્ઞાનપૂર્વક જ ક્રિયા તેવા પ્રકારની છે. ઔપપાતિકસૂત્રમાં કહ્યું છે કે "મિથ્યાદૃષ્ટિ એકાન્તે દ્રવ્યયતિના લિંગ અને ક્રિયા સહિત નવમા ગ્રૈવેયક સુધી જાય છે, તો પણ કર્મની સ્થિતિ પૂરી બાંધે છે. સમ્યગ્દૃષ્ટિ પ્રાપ્ત થયા પછી તેથી પડી જાય અને મિથ્યાત્વને પ્રાપ્ત થાય તો પણ એક કોટા-

---

યોગ્ય છે. यत्=કારણ કે. सा=તે. भग्नाऽपि=ભાંગી ગયેલી પણ. (ભાંગી ગયેલો ઘટ પણ.) तद्भावं=ક્રિયાના ભાવને. (સુવર્ણભાવને) न उज्झति= છોડતી નથી.

કોટી સાગરોપમની અંદર સ્થિતિનો બન્ધ કરે છે, અધિક સ્થિતિ બાંધતો નથી. માટે જ્ઞાનનું અધિકપણું છે.

**क्रियाशून्यं च यज्ज्ञानं ज्ञानशून्या च या क्रिया।**
**अनयोरन्तरं ज्ञेयं भानुखद्योतयोरिव ॥११॥**

**ક્રિયારહિત જે જ્ઞાન અને જ્ઞાનરહિત ક્રિયા એ બન્નેનું અન્તર સૂર્ય અને ખજુઆની પેઠે જાણવું. ક્રિયાશૂન્ય જ્ઞાન સૂર્યની પેઠે મહા પ્રકાશવાળું છે અને ખજુઆની પેઠે જ્ઞાનશૂન્ય ક્રિયા અલ્પ પ્રકાશવાળી છે.**

આસ્રવને રોકનારી દ્રવ્યક્રિયાથી રહિત યથાર્થ સ્વસંવેદનરૂપ તત્ત્વજ્ઞાન અને જ્ઞાનરહિત ક્રિયા તે બન્નેનું અન્તર સૂર્ય અને આગીયાની પેઠે જાણવું સૂર્યના પ્રકાશ સમાન ક્રિયાશૂન્ય જ્ઞાન છે અને આગીયાના પ્રકાશ જેવી જ્ઞાનરહિત ક્રિયા છે.

**चारित्रं विरतिः पूर्णा ज्ञानस्योत्कर्ष एव हि।**
**ज्ञानाद्वैतनये दृष्टिर्देया तद्योगसिद्धये ॥१२॥**

**પૂર્ણ વિરતિરૂપ ચારિત્ર તે ખરેખર જ્ઞાનનો ઉત્કર્ષ-**

---

૧ यज्ज्ञानं=જે જ્ઞાન. क्रियाशून्यं=ક્રિયારહિત છે. च=અને. ज्ञानशून्या=જ્ઞાનરહિત. या=જે. क्रिया=ક્રિયા છે. अनयोः=આ બન્નેનું. अन्तरं=અન્તર, વિશેષતા. भानुखद्योतयोरिव=સૂર્ય અને ખજુઆના જેવું છે.

૨ पूर्णा=સંપૂર્ણ. विरतिः=વિરતિરૂપ. चारित्रं=ચારિત્ર. हि=ખરેખર. ज्ञानस्य=જ્ઞાનનો. उत्कर्ष=અતિશય. एव=જ છે. तत्=તે કારણથી. योगसिद्धये=યોગની સિદ્ધિ માટે. ज्ञानाद्वैतनये=કેવળ જ્ઞાનનયમાં. दृष्टिः=દૃષ્ટિ. देया=આપવા યોગ્ય છે.

**અતિશય જ છે, તે કારણથી યોગની સિદ્ધિને માટે કેવળ જ્ઞાનનયને વિષે દૃષ્ટિ દેવી.**

સંપૂર્ણ વિરતિ કે સ્વરૂપમાં રમણ કરવારૂપ ચારિત્ર તે નિશ્ચયથી જ્ઞાનનો જ ઉત્કર્ષ છે એમ જાણવું, જ્ઞાનની ઉત્કૃષ્ટ અવસ્થા કે જ્ઞાનમાં એકતા તે ચારિત્ર છે. આત્માની મૂળ વ્યાખ્યામાં જ્ઞાન અને દર્શન એ બે ગુણસ્વરૂપ આત્મા છે. કારણ કે શ્રીવિશેષાવશ્યક તથા ઉવવાઇસૂત્રમાં "असरीरा जीवघणा उवउत्ता नाणदंसणगुणेहिं"–શરીરરહિત, જીવપ્રદેશોના ઘનરૂપ અને જ્ઞાનદર્શન વડે ઉપયોગવાળા સિદ્ધો છે–એમ કહ્યું છે, તેથી જ્ઞાનમાં સ્થિરતા એ ચારિત્ર છે, જ્ઞાનનો આનન્દ તે સુખ છે, 'જ્ઞાનના પ્રકર્ષનો બાધ ન થવો તે સુખ છે' એમ ભાષ્યમાં કહ્યું છે. જ્ઞાનનો આસ્વાદ લેવો તે ભોગ છે એમ ભાવના કરવી. વિશેષાવશ્યકમાં ગુણોની જુદી ભાવના પણ કહી છે, જેથી જ્ઞાનથી ચારિત્ર અને દાનાદિ ગુણો જુદા માને છે ઈત્યાદિ. તેથી ઉપયોગમય આત્મામાં જ્ઞાન મુખ્યપણે કહ્યું છે, તેથી કેવળ જ્ઞાનનયે જ્ઞાન જ આત્મા છે, જ્ઞાન જ સાધ્ય છે, આવરણ રહિત જ્ઞાન એ જ સિદ્ધિ છે–એમ જ્ઞાનયોગની સિદ્ધિને માટે કેવળ જ્ઞાન-નયમાં દૃષ્ટિ રાખવી યોગ્ય છે માટે જ્ઞાનપૂર્વક ક્રિયા હિતકારી છે. તેથી સ્પર્શજ્ઞાન પ્રાપ્ત કરવા માટે ખૂબ અભ્યાસ કરવા યોગ્ય છે એ તાત્પર્ય છે. જ્ઞાનનો ત્યાગ કરવાથી સિદ્ધિ થતી નથી. બધેય સાધનમાં જ્ઞાન જ પ્રધાન છે. માટે જ્ઞાનના અર્થી થવું યોગ્ય છે.

શ્રીમદ્ યશોવિજય ઉપાધ્યાયે જ્ઞાનસાર નામે શાસ્ત્ર

ક્યાં અને ક્યારે રચ્યું તે દેશ અને કાળ આદિ જણાવવા માટે કાવ્ય કહે છે—

**सिद्धिं सिद्धपुरे पुरन्दरपुरस्पर्धावहे लब्धवां-**
**श्चिद्दीपोऽयमुदारसारमहसा दीपोत्सवे पर्वणि ।**
**एतद्भावनभावपावनमनश्चञ्चच्चमत्कारिणां,**
**तैस्तैर्दीपशतैः सुनिश्चयमतैर्नित्योऽस्तु दीपोत्सवः**

ઇન્દ્રના નગરની સાથે સ્પર્ધા કરનારા સિદ્ધપુર નગરમાં અતિશય મનોહર તેજ વડે સહિત આ ગ્રન્થરૂપ જ્ઞાનનો દીવો દીવાલીના પર્વને વિષે સંપૂર્ણ થયો, એ ગ્રન્થની ભાવના-ચર્વણાના રહસ્યથી પવિત્ર થયેલા મનમાં થતા ચમત્કારવાળા જીવોને ભલા નિશ્ચયમતરૂપ સેંકડો દીવાઓ વડે ભાવ દીવાળી મહોત્સવ હમેશાં હો.

આ જ્ઞાનદીપકરૂપ ગ્રન્થ પુરન્દરના નગરની સાથે સ્પર્ધા કરનારા સિદ્ધપુરમાં સૂત્રની રચનાથી પ્રધાન અને સારભૂત તેજ સહિત દીવાળીના પર્વને દિવસે સંપૂર્ણ થયો. આ ગ્રન્થની ભાવના-આત્મતન્મયતાથી પ્રાપ્ત થયેલા સમ-

---

૧ उदारसारमहसा=પ્રધાન અને સારભૂત તેજ સહિત. अयं=આ. चिद्दीपः=જ્ઞાનરૂપ દીવો. पुरन्दरपुरस्पर्धावहे=ઇન્દ્રના નગરની સ્પર્ધા કરનાર. सिद्धपुरे=સિદ્ધપુરમાં. दीपोत्सवे पर्वणि=દીવાળીના પર્વમાં. सिद्धिं लब्धवान्=સમાપ્ત થયો. एतद्भावनभावपावनमनश्चञ्चच्चमत्कारिणाम्=આ ગ્રન્થ ભાવનાના રહસ્યથી પવિત્ર થયેલા મનમાં થતા ચમત્કારવાળા જીવોને. तैस्तैः=તે તે. सुनिश्चयमतैः=સારા નિશ્ચયમતરૂપ. दीपशतैः=સેંકડો દીવાઓ વડે. दीपोत्सवः=દીવાળીનો ઉત્સવ. नित्यः=હમેશાં. अस्तु=હો.

ભાવથી પવિત્ર મનમાં થતા ચમત્કારવંત જીવોને સારી રીતે વસ્તુધર્મનો નિશ્ચય જેને ઇષ્ટ છે એવા નિર્મળ ઉપયોગરૂપ સેંકડો દીવાઓ વડે હમેશાં દીવાળીનો મહોત્સવ હો. તેથી યથાર્થજ્ઞાન વડે જાણેલા આત્મરસમાં મગ્ન થયેલા મહાન્ આત્માઓને હંમેશાં દીવાળીનો ઉત્સવ હોય છે.

**केषांचिद्विषयज्वरातुरमहो चित्तं परेषां विषा–**
**वेगोदर्ककुतर्कमूर्च्छितमथान्येषां कुवैराग्यतः ।**
**लग्नालर्कमबोधकूपपतितं चास्ते परेषामपि,**
**स्तोकानां तु विकारभाररहितं तज्ज्ञानसाराश्रितम् ॥**

અહો! કેટલાએકનું મન વિષયરૂપ તાવથી પીડિત થયેલું છે, બીજાઓનું મન–વિષના આવેગ–ત્વરા સરખા અને તત્કાલ છે ફળ જેનું એવા કુતર્ક–કુવિચાર વડે મૂર્છિત થયેલું છે, અન્યનું મન કુવૈરાગ્ય-દુ:ખગર્ભિત અને મોહગર્ભિત વૈરાગ્યથી કરડેલો છે હડકાયો કૂતરો જેને એવું, એટલે કાલાન્તરે જેનો માઠો વિપાક થાય તેવું છે, તે સિવાય બીજાઓનું ચિત્ત અજ્ઞાનરૂપ કૂવામાં પડેલું છે.

---

૧ अहो=આશ્ચર્ય છે કે. केषांचिद्=કેટલાએકનું. चित्तं=મન. विषयज्वरातुरं=વિષયરૂપ તાવ વડે પીડિત છે. परेषां=બીજાઓનું મન. विषावेगोदर्ककुतर्कमूर्च्छितं=વિષના વેગરૂપ પરિણામ જેનો છે એવા કુતર્કથી મૂર્છિત થયેલું છે. अन्येषां=અન્યનું મન. कुवैराग्यतः=ખોટા વૈરાગ્યથી. लग्नालर्कं=જેને હડકવા ચાલ્યો હોય તેનું છે. परेषामपि=બીજાઓનું મન પણ. अबोधकूपपतितं=અજ્ઞાનરૂપ કૂવામાં પડેલું છે. तु=પણ. स्तोकानां=થોડાઓનું મન. विकारभाररहितं=વિકારના ભારથી રહિત. तज्ज्ञानसाराश्रितं=તે જ્ઞાનસારવડે આશ્રિત છે.

પરન્તુ થોડાઓનું મન વિકાર ભારથી રહિત જ્ઞાનસાર વડે આશ્રિત છે.

આશ્ચર્ય છે કે કેટલાએક જીવોનું મન ઇન્દ્રિયોના વિષયની અભિલાષારૂપ જ્વરથી ક્લેશને પ્રાપ્ત થયું છે. બીજા કેટલાએકનું મન મિથ્યાત્વરૂપ વિષના વેગ સમાન પરિણામ જેનું છે એવા કુતર્કથી વ્યાકુળ થયેલું છે, અન્ય જીવોનું મન કુવૈરાગ્ય એટલે દુઃખગર્ભિત અને મોહગર્ભિત વૈરાગ્યથી જેને હડકવા થયેલો હોય તેના જેવું છે. કુગુરૂઓથી ભ્રમિત થયેલા બીજાઓનું મન અજ્ઞાનરૂપ કૂવામાં પડેલું છે, પરન્તુ થોડા જીવોનું મન ઇન્દ્રિયોના વિકારના ભારથી રહિત જ્ઞાનના સારભૂત પરમાત્મસ્વરૂપમાં વ્યાપ્ત થયેલું છે. ખરેખર, આ જગતમાં કામથી ઉદ્વેગ પામેલા અને સ્વરૂપના ઉપયોગમાં જેનું ચિત્ત લીન થયું છે એવા શુદ્ધ સાધ્યની દૃષ્ટિવાળા પુરુષો થોડા છે.

ફરીથી આ ગ્રન્થના અભ્યાસનું ફળ બતાવે છે—

**[1]जातोद्रेकविवेकतोरणततौ धावल्यमातन्वति**<br>
**हृद्गेहे समयोचितः प्रसरति स्फीतश्च गीतध्वनिः ।**<br>
**पूर्णानन्दघनस्य किं सहजया तद्भाग्यभङ्ग्याऽभव-**<br>
**न्नैतद्ग्रन्थमिषात् करग्रहमहश्चित्रं चरित्रश्रियः ॥१५॥**

---

१ जातोद्रेकविवेकतोरणततौ=જ્યાં અધિકપણે વિવેકરૂપ તોરણની માળા બાંધેલી છે. (અને) धावल्यमातन्वति=ઉજ્જ્વલતાને વિસ્તારતા. हृद्गेहे=હૃદયરૂપ ઘરમાં. समयोचितः=સમયને યોગ્ય. स्फीतः=મોટો. गीतध्वनिः=ગીતનો શબ્દ. प्रसरति=પ્રસરે છે. पूर्णानन्दघनस्य=પૂર્ણ આનન્દવડે ભરપૂર આત્માનો. सहजया=સ્વાભાવિક. तद्भाग्यभङ्ग्या=તેના

જ્યાં અધિકપણે વિવેકરૂપ તોરણની માલા બાંધી છે, અને ધવલપણું-ઉજ્જ્વલપણું વિસ્તારતા હૃદયરૂપી ઘરમાં અવસરોચિત વિસ્તૃત ગીતનો ધ્વનિ પ્રસરે છે. તેથી પૂર્ણાનન્દઘનરૂપ શુદ્ધ આત્માની સાથે સ્વભાવસિદ્ધ ભાગ્યની રચના વડે આ ગ્રન્થની રચનાના મિષથી ચારિત્રરૂપ લક્ષ્મીનો આશ્ચર્યકારી પાણિગ્રહનો મહોત્સવ થયો નથી શું ?

આ ગ્રન્થના મિષથી એટલે જ્ઞાનસાર ગ્રન્થના અભ્યાસના મિષથી પૂર્ણ આનન્દઘનરૂપ આત્માની સાથે ચારિત્રરૂપ લક્ષ્મીનો પાણીગ્રહણ મહોત્સવ થાય છે, એ સંબન્ધ છે. બાકી બધું સ્વયમેવ જાણી લેવું.

**भावस्तोमपवित्रगोमयरसैः लिप्तैव भूः सर्वतः,**
**संसिक्ता समतोदकैरथ पथि न्यस्ता विवेकस्रजः ।**
**अध्यात्मामृतपूर्णकामकलशश्चक्रेऽत्र शास्त्रे पुरः,**
**पूर्णानन्दघने पुरं प्रविशति स्वीयं कृतं मंगलम् ॥१६॥**

---

ભાગ્યની રચનાથી. एतद्ग्रन्थमिषात्=આ ગ્રન્થની રચનાના બહાનાથી. चारित्रश्रियः=ચારિત્રરૂપ લક્ષ્મી સાથે. चित्रं=આશ્ચર્ય કરનાર. करग्रहमहः=પાણિગ્રહણનો મહોત્સવ. किं=શું. न अभवत्=થયો નથી.

૧ अत्र शास्त्रे=આ શાસ્ત્રમાં. भावस्तोमपवित्रगोमयरसैः=ભાવના સમૂહરૂપ છાણના રસે કરીને. भूः=ભૂમિ. लिप्तैव=લીંપાયેલી જ છે. सर्वतः=ચોતરફ. समतोदकैः=સમભાવરૂપ પાણીવડે. संसिक्ता=છંટાયેલી છે. अथ=ત્યારબાદ. पथि=માર્ગમાં. विवेकस्रजः=વિવેકરૂપ પુષ્પની માળાઓ न्यस्ताः=મૂકી છે. पुरः=આગળ. अध्यात्मामृतपूर्णकामकलशः=અધ્યાત્મરૂપ અમૃતથી ભરેલો કામકુંભ. चक्रे=મૂકયો છે. (એમ) पूर्णानन्दघने=પૂર્ણ આનન્દથી ભરપૂર આત્મા. पुरं प्रविशति=નગરમાં પ્રવેશ કરે છે ત્યારે. स्वीयं=પોતાનું. मंगलं=મંગલ. कृतं=કર્યું છે.

૨ 'सर्वत्र लिप्तैव भूः' इति प्र० ।

**આ શાસ્ત્રમાં ભાવના સમૂહરૂપ પવિત્ર કામધેનુના છાણના રસથી લીંપેલી અને સમતારૂપ પાણી વડે ચોતરફ છાંટેલી ભૂમિ છે, માર્ગમાં વિવેકરૂપ ફુલની માળા સ્થાપેલી છે, અધ્યાત્મરૂપ અમૃતથી ભરેલા કામકુંભ આગળ મૂકયો છે. એમ સચ્ચિદાનન્દ પૂર્ણબ્રહ્મસ્વરૂપ શુદ્ધ આત્મા બત્રીશ અધિકારે ( સર્વ જીવ ) અપ્રમાદ નગરમાં પ્રવેશ કરે છે ત્યારે તેણે પોતાનું જ મંગલ કર્યું છે.**

સચ્ચિદાનન્દ પૂર્ણ આત્મા જ્યારે શુદ્ધ આત્મજ્ઞાનરૂપ નગરમાં પ્રવેશ કરે છે ત્યારે તેણે પોતાનું જ મંગલ કર્યું છે એવો વાકયનો સંબન્ધ છે. અનાદિ સંસારમાં પરિભ્રમણ કરવાથી મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગરૂપ ચાર હેતુઓ વડે ઉપચયને પ્રાપ્ત થયેલા જ્ઞાનાવરણાદિ કર્મથી જેના અનન્ત પર્યાયો ઢંકાયેલા છે એવા જીવને આત્મસાધનની પ્રાપ્તિ થઇ નથી; તેથી વિષમ રોગ શોકાદિરૂપ કાંટાથી ભરેલી, અન્તરાય કર્મના ઉદયથી આહારાદિની પ્રાપ્તિ નહિ થવાને લીધે અરતિના તાપ વડે તપેલી, હજારો મહા સંકટોરૂપ સિંહ અને વાઘથી વ્યાપ્ત, કુદર્શનરૂપ લુંટારાની ધાડના હુંકારાની ગર્જના વડે ભયંકર, કુદેવરૂપ વેતાલના ત્રાસયુક્ત, ઇન્દ્રિયોના વિષયોમાં સુખબુદ્ધિરૂપ મૃગજળના જેવી ભ્રાન્તિનુ સ્થાન, સ્ત્રીના વિલાસાદિરૂપ વિષવૃક્ષની છાયાવાળી, સંસારરૂપ મહા અટવીમાં ધનાદિની તૃષ્ણાથી ચપલ નેત્રવાળા, તેને પ્રાપ્ત કરવા વગેરેની યોજનામાં દિગ્મૂઢ થયેલા, પરિભ્રમણ કરતાં જીવને જગતનો ઉપકાર કરવામાં તત્પર એવા વિદ્યાધરરૂપ ઉત્તમ ગુરુનો સંયોગ થયો. ગુરુએ પણ તેને માર્ગ ભુલેલા, અહીં

તહીં ભમતા દીન અને અશરણ જાણીને કહ્યું કે-'હે ભદ્ર! આનન્દના કન્દરૂપ મોક્ષનગરનો માર્ગ કહું છું તે સાંભળ. જ્યાં તત્ત્વામૃતથી ભરેલાં સત્શાસ્ત્રરૂપ સરોવરો છે, આચાર્ય, ઉપાધ્યાય અને નિર્ગ્રન્થ આદિ નગરજનો છે, સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના ઉપયોગ વડે નિર્ધારિત ચાલવાના માર્ગો છે, જ્યાં ક્ષમા આદિ યતિધર્મ અને સમ્યક્ત્વાદિ ગુણ-સ્થાનકો વિશ્રાંતિનાં સ્થાનકો છે, જ્યાં સ્વાધ્યાયરૂપ સંગીતના સમૂહથી મનોહર માર્ગની રચના છે, જ્યાં પરિશ્રમ સિવાય તત્ત્વનો અનુભવ અને તત્ત્વમાં એકતારૂપ માર્ગનું ઉલ્લંઘન કરવાના ઉપાયો છે, જ્યાં યમ-નિયમ આદિ અષ્ટાંગ યોગરૂપ વાહનો છે, જ્યાં શ્રીમદ્ અર્હતમહારાજની રાજનીતિથી કુટિલતારૂપ તસ્કરો વશ થયેલા છે, જ્યાં ચારિત્રાચારમાં પ્રવીણ સામાયિકાદિ સંયમના સ્થાનરૂપ સંનિવેશો (રહેવાના સ્થળો) છે, જ્યાં શ્રદ્ધા અને જ્ઞાનવડે નિર્ધારિત મુક્તિરૂપ નગરે જવાનો અડચણ વગરનો રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગ છે, તે માર્ગે તું પ્રવૃત્ત થા. જેથી આઠ કર્મરૂપ શત્રુસમૂહનો ક્ષય કરી નિર્મળ આનન્દ વડે શુદ્ધ, અવ્યાબાધ (દુઃખ રહિત) સંસારમાં ફરી આવવું ન પડે એવા, પૂજ્ય, અનન્ત જ્ઞાન-દર્શનથી પરિપૂર્ણ, પરમ અવ્યય (નાશ રહિત), અમૂર્ત, પરભાવના સંગરહિત, રોગરહિત એવા નિર્વાણ નગરને વગર અડચણે દેખીશ.

એ પ્રમાણે ગુરુનો ઉપદેશ સાંભળીને તે ભવ્ય જીવે તે માર્ગ ગ્રહણ કર્યો. તેથી ગુરુએ પણ ભાતા સમાન યથાર્થ ઉપદેશરૂપ, શુદ્ધ અનુભવના આસ્વાદરૂપ અત્યન્ત

મધુર સ્વાદવાળું અને સમતારૂપ શીતલ જળ સહિત જ્ઞાનસાર આપ્યું. તેથી તે નિર્વિકલ્પપણે માર્ગ ઓળંગવા લાગ્યો. માટે મોક્ષમાર્ગે જનારાએ સુખેથી નિર્વાહ કરવા માટે પરમ (ઉત્કૃષ્ટ) ભાતા સમાન જ્ઞાનસાર અભ્યાસ કરવા યોગ્ય છે. તે લાંબા કાળ સુધી સ્થાયી રહે તે માટે, તેના આસ્વાદની વૃદ્ધિ કરવા માટે મેં દેવચન્દ્રે તત્ત્વાર્થ, વિશેષાવશ્યક, ધર્મસંગ્રહણી અને કર્મપ્રકૃતિ આદિ ગ્રન્થોનું અવલંબન લઈને સ્વપરના ઉપકારના અર્થે તત્ત્વબોધિની નામે ટીકા કરી છે, તે યાવચ્ચન્દ્રદિવાકરો (લાંબા કાળ સુધી) આનન્દ આપો. અહીં મેં જે મતિદોષથી ભ્રાન્તિયુક્ત કહ્યું હોય તેને પરોપકારમાં તત્પર દક્ષ પુરુષો શુદ્ધ કરો. કારણ કે સન્ત પુરુષો ગુણગ્રાહી હોય છે, પણ મત્સરી હોતા નથી. તેથી સત્પુરુષોને અત્યન્ત આનન્દ આપનાર આ ટીકા સમાપ્ત થઈ.

અહીં સૂત્રકાર ન્યાયાચાર્ય, વાગ્વાદી, સરસ્વતીનું વરદાન પામેલા, દુર્વાદીના મદરૂપ મેઘના સમૂહનો નાશ કરવામાં પવન સમાન શ્રીમદ્ યશોવિજય ઉપાધ્યાયની પ્રશસ્તિ—

**गच्छे श्रीविजयादिदेवसुगुरोः स्वच्छे गुणानां गणैः,**
**प्रौढिं प्रौढिमधाम्नि जीतविजयप्राज्ञाः परामैयरुः ।**
**तत्सातीर्थ्यभृतां नयादिविजयप्राज्ञोत्तमानां शिशोः,**
**श्रीमन्न्यायविशारदस्य कृतिनामेषा कृतिः प्रीतये ॥**

સદ્ગુરુ શ્રીવિજયદેવસૂરિના ગુણોના સમૂહથી પવિત્ર મહાન્ ગચ્છમાં જીતવિજય નામે પંડિત અત્યન્ત મહ-

સ્વશાલી થયા. તેમના ગુરુભાઈ નયવિજય પંડિતના શિષ્ય શ્રીમદ્ ન્યાયવિશારદ (યશોવિજય ઉપાધ્યાય)ની આ કૃતિ મહાભાગ્યવંત પુરુષોની પ્રીતિને માટે થાઓ.

શ્રીવિજયદેવસૂરિશ્વરના ગચ્છમાં જીતવિજય પંડિત થયા. તેઓના ગુરુભ્રાતા નયવિજય પંડિતના શિષ્ય યશો. વિજય ઉપાધ્યાયે બત્રીશ અષ્ટકપ્રમાણ જ્ઞાનસાર નામે ગ્રન્થની રચના કરી. તેની જ્ઞાનમંજરી નામની ટીકા શુદ્ધ માર્ગના ઉપદેશક ખરતરગચ્છના ઉપાધ્યાય શ્રીદીપચંદ્રના શિષ્ય દેવચંદ્રગણીએ કરી.

बालालालापानवद् बालबोधो,
न्या(ना)यं किन्तु न्यायमालासुधौघः ।
आस्वाद्यैनं[दुरितशमनं] मोहहालाहलाय(लस्य),
ज्वालाशान्तेर्धीविशाला भवन्तु ॥

બાલિકાને લાળ ચાટવાના જેવો નીરસ આ બાલબોધ નથી, પરન્તુ ન્યાયમાલારૂપ અમૃતના પ્રવાહસમાન છે. તેના રસને ચાખીને મોહરૂપ હાલાહલ ઝેરની જ્વાલા શાન્ત થવાથી વિશાલ બુદ્ધિવાળા થાઓ.

आतन्वाना भारती भारती तस्तुल्यावेशा संस्कृते प्राकृते वा ।
शुक्तिसूक्तिर्युक्तिमुक्ताफलानां भाषाभेदो नैव खेदोन्मुखः स्यात् ॥

ભા-રતી-પ્રતિભા અને પ્રીતિ ઉત્પન્ન કરનારી અમારી ભારતી-વાણી સંસ્કૃત અને પ્રાકૃતમાં સમાન આગ્રહવાળી યુક્તિરૂપ મુક્તાફળોની જન્મભૂમિ છીપ જેવી સૂક્તિ (સુંદર ઉક્તિ)રૂપ છે. તેથી ભાષાનો ભેદ, ખેદજનક નથી. જેમ છીપો વિવિધ પ્રકારની હોવા છતાં તેમાં મુક્તાફળોનો ભેદ નથી, તેમ

ભાષાના ભેદથી વિવિધ પ્રકારની સૂક્તિ હોવા છતાં તેમાં યુક્તિઓનો ભેદ નથી.

सूरजीतनयशान्तिदासहृन्मोदकारणविनोदतः कृतः।
आत्मबोधधृतविश्रमः श्रीयशोविजयवाचकैरयम् ॥

શ્રીયશોવિજય ઉપાધ્યાયે સૂરજીના પુત્ર શાન્તિદાસના હૃદયમાં પ્રમોદ થવાના કારણે વિનોદથી આત્મજ્ઞાનમાં વિશ્રાન્તિ આપનાર આ પ્રયત્ન કર્યો છે.

इति ज्ञानसारग्रन्थटबार्थ संपूर्ण.

लिवीकृतश्च संवत् १७६८ वष चैत्र शुदि १५ गुरौ सकलपंडितसभाभामिनीभालस्थलतिलकायमानपंडितश्रीयशोविजयगणिशिष्यपं० श्रीजिनविजयगणिशिष्य पं० श्रीसौभाग्यविजयगणिभिः सतीर्थ्यगणिश्रीरूपविजयवाचनार्थमिति मंगलं ।

लिवीकृतं जीवराजेन संवत् १९४९ वर्षे कच्छदेशे कोडाय ग्रामे ज्ञानकोषे चायं प्रतिः स्थापिता ।

ટીકાકારની પ્રશસ્તિ—

સ્યાદ્વાદરૂપ, સર્વજ્ઞ, દેવેન્દ્રોના સમૂહ વડે સ્તુતિ કરાયેલા અને રાગદ્વેષાદિ શત્રુરહિત મહાત્મા મહાવીરને નમસ્કાર હો.

શ્રીગૌતમ ઇન્દ્રભૂતિથી આરંભી શ્રીદેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ પર્યન્ત અપરિમિત જ્ઞાનવાળા મુનીન્દ્રો થયા, તેઓના ઉત્તમ વંશમાં સૂર્યસમાન શ્રીવર્ધમાનસૂરિ થયા.

તેમના શિષ્ય સંવેગરંગશાલા ગ્રન્થના અર્થ કહેવામાં

સૂત્રધાર સરખા અને સિદ્ધિના સાધનમાં ધીર એવા [૧]જિનેશ્વરસૂરિ થયા.

તેમના શિષ્ય ગુણવંત એવા [૨]જિનચન્દ્રસૂરિ થયા અને તેમના શિષ્ય [૩]અભયદેવસૂરિ ખરતરગચ્છના અધિપતિ થયા. જેઓએ નવ અંગ અને ઔપપાતિક ઉપાંગની વૃત્તિ કરી, તથા બોધની વૃદ્ધિ કરનાર પંચાશકાદિની ટીકા કરી.

તેમની પાટે જિનવલ્લભસૂરિ અને જિનદત્તસૂરિ થયા. તેમની પટ્ટપરંપરામાં સૂર્યસમાન [૪]જિનકુશલસૂરિ ગુરુ થયા.

તેમના વંશમાં ગુણરૂપમણિના સમુદ્ર, મહાભાગ્યવંત,

---

૧ જિનેશ્વરસૂરિએ વિ. સં. ૧૦૮૦ માં દુર્લભરાજની સભામાં ચૈત્યવાસી આચાર્યોને જીતીને ખરતર બિરુદ મેળવ્યું. જુઓ ખરતરગચ્છની પટ્ટાવલી.

૨ જિનચન્દ્રસૂરિએ વિ. ૧૧૨૫ માં સંવેગ રંગશાલા નામે ગ્રન્થની રચના કરી.

૩ અભયદેવસૂરિ જિનેશ્વરસૂરિ અને બુદ્ધિસાગરસૂરિના શિષ્ય હતા. તેમનો જન્મ વિ. સં. ૧૦૭૨ માં થયો, વિ. સં. ૧૦૮૮ માં આચાર્યપદે નિયુક્ત થયા, અને વિ. સં. ૧૧૩૯ માં તેમનો સ્વર્ગવાસ થયો. તેમણે બાર અંગ પૈકી નવ અંગ તથા ઔપપાતિક સૂત્રની ટીકા રચી છે. તેઓ પોતાના ગુરૂ તરીકે જિનચંદ્રસૂરિને નહિ, પણ જિનેશ્વરસૂરિ અને બુદ્ધિસાગરસૂરિને જણાવે છે. જુઓ સ્થાનાંગાદિ સૂત્રની તેમની પ્રશસ્તિ.

૪ જિનકુશલસૂરિ (ચૈત્યવન્દનકુલકની વૃત્તિના કરનાર) ખરતરગચ્છમાં ૫૦ મી પાટે થયા. તેમનો જન્મ વિ. સં. ૧૩૩૭ માં, દીક્ષા ૧૩૪૭ માં, આચાર્યપદ ૧૩૭૭ માં અને સ્વર્ગવાસ વિ. સં. ૧૩૮૯ ના ફાગણ વદિ અમાવાસ્યાના દિવસે થયો.

કલિકાળરૂપ પંકમાં ખુંચી ગયેલા લોકોને બહાર કાઢવામાં ધીર અને નવીન સૂર્યના કિરણ સમાન પ્રતાપવાળા શ્રી જિનચન્દ્રસૂરિ થયા. જેના નિર્મળ ગુણોની સંખ્યા ઇન્દ્રો વડે કરી શકાતી નથી.

તેમના શિષ્ય પુણ્યપ્રધાન પાઠક અને તેમના શિષ્ય વિદ્યામાં કુશળ એવા સુમતિસાગર થયા.

તેમના શિષ્ય ઉપાધ્યાય સાધુરંગ અને તેમના શિષ્ય રાજસાર ઉપાધ્યાય થયા, જેઓ સર્વ દર્શનના અર્થના રહસ્યનો ઉપદેશ કરવામાં તત્પર હતા.

તેમના શિષ્ય પરમ ઉત્તમ જ્ઞાનધર્મ પાઠક થયા.તેઓ જૈન આગમોના રહસ્ય શિખવનારા અને ગુણમાં અગ્રણી હતા.

તેઓના શિષ્ય દીપચન્દ્ર ઉપાધ્યાય થયા. તેઓ શિષ્ય-વર્ગસહિત મહાપુણ્ય કાર્યો કરવામાં તત્પર હતા.

જેમણે શત્રુંજય તીર્થ ઉપર કુન્થુનાથની તથા સમવ-સરણના ચૈત્યની ઉત્તમ પ્રતિષ્ઠા કરી હતી.

જેમણે સિદ્ધાચલ ગિરિ ઉપર સોમજીએ કરેલા ચોમુ-ખજીના મંદિરની તથા બીજાં અનેક બિમ્બોની પ્રતિષ્ઠા કરી હતી.

જેમણે અમદાવાદમાં ધર્મની વૃદ્ધિ માટે સહસ્રફણા પાર્શ્વનાથ આદિ અનેક બિમ્બોની તથા ચૈત્યોની પ્રતિષ્ઠા કરી હતી.

તેમના શિષ્ય વિદ્વાન દેવચન્દ્રે પોતાને બોધ થવા માટે સરલ અને શુદ્ધ એવી તત્ત્વબોધિની ટીકા રચી છે.

સ્યાદ્‌વાદના રહસ્યોનું જ્ઞાન થવાથી જેણે અભ્યુદય પ્રાપ્ત કર્યો છે એવા દેવચન્દ્રે આ ઉત્તમ ટીકા કરી છે.

સંવત્ ૧૭૯૬ ના વર્ષે કાર્તિક શુક્લ પંચમીના દિવસે નવાનગરમાં જ્ઞાનમંજરી ટીકા પૂર્ણ કરી.

તેના વાંચનથી અને ભણવાથી મને જે લાભ થયો છે તેથી હું અને ભવ્ય જનોનો સમુદાય ધર્મના સાધક થઇએ.

દુઃખોનો નાશ કરનાર જ્ઞાન અને આનન્દના વિલાસથી પરિપૂર્ણ તથા સર્વ સંપત્તિની વૃદ્ધિ કરનાર જિનરાજનું શાસન જયવંતુ થાઓ.

**मंगलं भगवान् वीरो मंगलं गौतमप्रभुः ।**
**मंगलं स्थूलभद्राद्या जैनधर्मोस्तु मंगलम् ॥**

ભગવાન્ મહાવીર મંગલરૂપ થાઓ, ગૌતમ સ્વામી મંગલરૂપ થાઓ, સ્થૂલભદ્ર આદિ મુનિઓ મંગલરૂપ થાઓ અને જૈનધર્મ મંગલરૂપ થાઓ.

જ્ઞાનસાર સંપૂર્ણ

# જ્ઞાનસાર અષ્ટક

## १ पूर्णाष्टक

ऐन्द्रश्रीसुखमग्नेन लीलालग्नमिवाखिलम् ।
सच्चिदानंदपूर्णेन पूर्णं जगदवेक्ष्यते ॥१॥

पूर्णता या परोपाधेः सा याचितकमण्डनम् ।
या तु स्वाभाविकी सैव जात्यरत्नविभानिभा ॥२॥

अवास्तवी विकल्पैः स्यात् पूर्णताऽब्धेरिवोर्मिभिः ।
पूर्णानन्दस्तु भगवांस्तिमितोदधिसन्निभः ॥३॥

जागर्ति ज्ञानदृष्टिश्चेत् तृष्णाकृष्णाहिजाङ्गुली ।
पूर्णानन्दस्य तत् किं स्याद् दैन्यवृश्चिकवेदना ॥४॥

पूर्यन्ते येन कृपणास्तदुपेक्षैव पूर्णता ।
पूर्णानन्दसुधास्निग्धा दृष्टिरेषा मनीषिणाम् ॥५॥

अपूर्णः पूर्णतामेति पूर्यमाणस्तु हीयते ।
पूर्णानन्दस्वभावोऽयं जगदद्भुतदायकः ॥६॥

परस्वत्वकृतोन्माथा भूनाथा न्यूनतेक्षिणः ।
स्वस्वत्वसुखपूर्णस्य न्यूनता न हरेरपि ॥७॥

कृष्णे पक्षे परिक्षीणे शुक्ले च समुदञ्चति ।
द्योतन्ते सकलाध्यक्षाः पूर्णानन्दविधोः कलाः ॥८॥

## २ मग्नाष्टक

प्रत्याहृत्येन्द्रियव्यूहं समाधाय मनो निजम् ।
दधच्चिन्मात्रविश्रान्तिं मग्न इत्यभिधियते ॥१॥
यस्य ज्ञानसुधासिन्धौ परब्रह्मणि मग्नता ।
विषयान्तरसंचारस्तस्य हालाहलोपमः ॥२॥
स्वभावसुखमग्नस्य जगत्तत्त्वावलोकिनः ।
कर्तृत्वं नान्यभावानां साक्षित्वमवशिष्यते ॥३॥
परब्रह्मणि मग्नस्य श्लथा पौद्गलिकी कथा ।
क्वामी चामीकरोन्मादाः स्फाराः दारादराः क्व च ॥४
तेजोलेश्याविवृद्धिर्या साधोः पर्यायवृद्धितः ।
भाषिता भगवत्यादौ सेत्थंभूतस्य युज्यते ॥५॥
ज्ञानमग्नस्य यच्छर्म तद्वक्तुं नैव शक्यते ।
नोपमेयं प्रियाश्लेषैर्नापि तच्चन्दनद्रवैः ॥६॥
शमशैत्यपुषो यस्य विप्रुषोऽपि महाकथाः ।
किं स्तुमो ज्ञानपीयूषे तत्र सर्वाङ्गमग्नताम् ॥७॥
यस्य दृष्टिः कृपावृष्टिर्गिरः शमसुधाकरः ।
तस्मै नमः शुभज्ञानध्यानमग्नाय योगिने ॥८॥

## ३ स्थिरताष्टक

वत्स! किं चञ्चलस्वान्तो भ्रान्त्वा भ्रान्त्वा विषीदसि ।
निधिं स्वसन्निधावेव स्थिरता दर्शयिष्यति ॥१॥
ज्ञानदुग्धं विनश्येत लोभविक्षोभकूर्चकैः ।

अम्लद्रव्यादिवास्थैर्यादिति मत्वा स्थिरो भव ॥२॥
अस्थिरे हृदये चित्रा वाङ्नेत्राकारगोपना।
पुंश्चल्या इव कल्याणकारिणी न प्रकीर्तिता ॥३॥
अन्तर्गतं महाशल्यमस्थैर्यं यदि नोद्धृतम्।
क्रियौषधस्य को दोषस्तदा गुणमयच्छतः ॥४॥
स्थिरता वाङ्मनःकायैर्येषामङ्गाङ्गितां गता।
योगिनः समशीलास्ते ग्रामेऽरण्ये दिवा निशि ॥५॥
स्थैर्यरत्नप्रदीपश्चेद् दीप्रः संकल्पदीपजैः।
तद्विकल्पैरलं धूमैरलंधूमैस्तथाऽऽस्रवैः ॥६॥
उदीरयिष्यसि स्वान्तादस्थैर्यं पवनं यदि।
समाधेर्धर्ममेघस्य घटां विघटयिष्यसि ॥७॥
चारित्रं स्थिरतारूपमतः सिद्धेष्वपीष्यते।
यतन्तां यतयोऽवश्यमस्या एव प्रसिद्धये ॥८॥

## ४ मोहत्यागाष्टक

अहं ममेति मन्त्रोऽयं मोहस्य जगदान्ध्यकृत्।
अयमेव हि नञ्पूर्वः प्रतिमन्त्रोऽपि मोहजित् ॥१॥
शुद्धात्मद्रव्यमेवाहं शुद्धज्ञानं गुणो मम।
नान्योऽहं न ममान्ये चेत्यदो मोहास्त्रमुल्बणम् ॥२॥
यो न मुह्यति लग्नेषु भावेष्वौदयिकादिषु।
आकाशमिव पङ्केन नासौ पापेन लिप्यते ॥३॥
पश्यन्नेव परद्रव्यनाटकं प्रतिपाटकम्।
भवचक्रपुरस्थोऽपि नामूढः परिखिद्यति ॥४॥

विकल्पचषकैरात्मा पीतमोहासवोऽह्ययम् ।
भवोच्चतालमुत्तालप्रपञ्चमधितिष्ठति ॥५॥
निर्मलं स्फटिकस्येव सहजं रूपमात्मनः ।
अध्यस्तोपाधिसंबन्धो जडस्तत्र विमुह्यति ॥६॥
अनारोपसुखं मोहत्यागादनुभवन्नपि ।
आरोपप्रियलोकेषु वक्तुमाश्चर्यवान् भवेत् ॥७॥
यश्चिद्दर्पणविन्यस्तसमस्ताचारचारुधीः ।
क्व नाम स परद्रव्येऽनुपयोगिनि मुह्यति ॥८॥

## ५ ज्ञानाष्टक

मज्जत्यज्ञः किलाज्ञाने विष्टायामिव शूकरः ।
ज्ञानी निमज्जति ज्ञाने मराल इव मानसे ॥१॥
निर्वाणपदमप्येकं भाव्यते यन्मुहुर्मुहुः ।
तदेव ज्ञानमुत्कृष्टं निर्बन्धो नास्ति भूयसा ॥२॥
स्वभावलाभसंस्कारकारणं ज्ञानमिष्यते ।
ध्यान्ध्यमात्रमतस्त्वन्यत् तथा चोक्तं महात्मना ॥३॥
वादांश्च प्रतिवादांश्च वदन्तोऽनिश्चितांस्तथा ।
तत्त्वान्तं नैव गच्छन्ति तिलपीलकवद् गतौ ॥४॥
स्वद्रव्यगुणपर्यायचर्या वर्या पराऽन्यथा ।
इति दत्तात्मसंतुष्टिर्मुष्टिज्ञानस्थितिर्मुनेः ॥५॥
अस्ति चेद् ग्रन्थिभिज्ज्ञानं किं चित्रैस्तन्त्रयन्त्रणैः ।
प्रदीपाः क्वोपयुज्यन्ते तमोघ्नी दृष्टिरेव चेत् ॥६॥

मिथ्यात्वशैलपक्षच्छिद् ज्ञानदम्भोलिशोभितः ।
निर्भयः शक्रवद् योगी नन्दत्यानन्दनन्दने ॥७॥
पीयूषमसमुद्रोत्थं रसायनमनौषधम् ।
अनन्यापेक्षमैश्वर्यं ज्ञानमाहुर्मनीषिणः ॥८॥

## ६ शमाष्टक

विकल्पविषयोत्तीर्णः स्वभावालम्बनः सदा ।
ज्ञानस्य परिपाको यः स शमः परिकीर्तितः ॥१॥
अनिच्छन् कर्मवैषम्यं ब्रह्मांशेन समं जगत् ।
आत्माभेदेन यः पश्येदसौ मोक्षं गमी शमी ॥२॥
आरुरुक्षुर्मुनिर्योगं श्रयेद् बाह्यक्रियामपि ।
योगारूढः शमादेव शुध्यत्यन्तर्गतक्रियः ॥३॥
ध्यानवृष्टेर्दयानद्याः शमपूरे प्रसर्पति ।
विकारतीरवृक्षाणां मूलादुन्मूलनं भवेत् ॥४॥
ज्ञानध्यानतपःशीलसम्यक्त्वसहितोऽप्यहो ।
तं नाप्नोति गुणं साधुर्यमाप्नोति शमान्वितः ॥५॥
स्वयंभूरमणस्पर्द्धिवर्धिष्णुसमतारसः ।
मुनिर्येनोपमीयेत कोऽपि नासौ चराचरे ॥६॥
शमसूक्तसुधासिक्तं येषां नक्तंदिनं मनः ।
कदाऽपि ते न दह्यन्ते रागोरगविषोर्मिभिः ॥७॥
गर्जज्ज्ञानगजोत्तुंगरंगद्ध्यानतुरंगमाः ।
जयन्ति मुनिराजस्य शमसाम्राज्यसंपदः ॥८॥

## ७ इन्द्रियजयाष्टक

विभेषि यदि संसाराद् मोक्षप्राप्तिं च काङ्क्षसि ।
तदेन्द्रियजयं कर्तुं स्फोरय स्फारपौरुषम् ॥१॥
वृद्धास्तृष्णाजलापूर्णैरालवालैः किलेन्द्रियैः ।
मूर्च्छामतुच्छां यच्छन्ति विकारविषपादपाः ॥२॥
सरित्सहस्रदुष्पूरसमुद्रोदरसोदरः ।
तृप्तिमान् नेन्द्रियग्रामो भव तृप्तोऽन्तरात्मना ॥३॥
आत्मानं विषयैः पाशैर्भववासपराङ्मुखम् ।
इन्द्रियाणि निबध्नन्ति मोहराजस्य किंकराः ॥४॥
गिरिमृत्स्नां धनं पश्यन् धावतीन्द्रियमोहितः ।
अनादिनिधनं ज्ञानधनं पार्श्वे न पश्यति ॥५॥
पुरः पुरः स्फुरत्तृष्णामृगतृष्णानुकारिषु ।
इन्द्रियार्थेषु धावन्ति त्यक्त्वा ज्ञानामृतं जडाः ॥६॥
पतङ्गभृङ्गमीनेभसारङ्गा यान्ति दुर्दशाम् ।
एकैकेन्द्रियदोषाच्चेद् दुष्टैस्तैः किं न पञ्चभिः ॥७॥
विवेकद्वीपहर्यक्षैः समाधिधनतस्करैः ।
इन्द्रियैर्यो न जितोऽसौ धीराणां धुरि गण्यते ॥८॥

## ८ त्यागाष्टक

संयतात्मा श्रये शुद्धोपयोगं पितरं निजम् ।
धृतिमम्बां च पितरौ तन्मां विसृजतं ध्रुवम् ॥१॥
युष्माकं संगमोऽनादिर्बन्धवोऽनियतात्मनाम् ।

ध्रुवैकरूपान् शीलादिबन्धूनित्यधुना श्रये ॥२॥
कान्ता मे समतैवैका ज्ञातयो मे समक्रियाः ।
बाह्यवर्गमिति त्यक्त्वा धर्मसंन्यासवान् भवेत् ॥३॥
धर्मास्त्याज्याः सुसंगोत्थाः क्षायोपशमिका अपि ।
प्राप्य चन्दनगन्धाभं धर्मसंन्यासमुत्तमम् ॥४॥
गुरुत्वं स्वस्य नोदेति शिक्षासात्म्येन यावता ।
आत्मतत्त्वप्रकाशेन तावत् सेव्यो गुरूत्तमः ॥५॥
ज्ञानाचारादयोऽपीष्टाः शुद्धस्वस्वपदावधि ।
निर्विकल्पे पुनस्त्यागे न विकल्पो न च क्रिया ॥६॥
योगसंन्यासतस्त्यागी योगानप्यखिलांस्त्यजेत् ।
इत्येवं निर्गुणं ब्रह्म परोक्तमुपपद्यते ॥७॥
वस्तुतस्तु गुणैः पूर्णमनन्तैर्भासते स्वतः ।
रूपं त्यक्तात्मनः साधोर्निरभ्रस्य विधोरिव ॥८॥

## ९ क्रियाष्टक

ज्ञानी क्रियापरः शान्तो भावितात्मा जितेन्द्रियः ।
स्वयं तीर्णो भवाम्भोधेः परांस्तारयितुं क्षमः ॥१॥
क्रियाविरहितं हन्त ज्ञानमात्रमनर्थकम् ।
गतिं विना पथज्ञोऽपि नाप्नोति पुरमीप्सितम् ॥२॥
स्वानुकूलां क्रियां काले ज्ञानपूर्णोऽप्यपेक्षते ।
प्रदीपः स्वप्रकाशोऽपि तैलपूर्त्यादिकं यथा ॥३॥
बाह्यभावं पुरस्कृत्य ये क्रियां व्यवहारतः ।
वदने कवलक्षेपं विना ते तृप्तिकांक्षिणः ॥४॥

गुणवद्बहुमानादेर्नित्यस्मृत्या च सत्क्रिया ।
जातं न पातयेद् भावमजातं जनयेदपि ॥५॥
क्षायोपशमिके भावे या क्रिया क्रियते तया ।
पतितस्यापि तद्भावप्रवृद्धिर्जायते पुनः ॥६॥
गुणवृद्ध्यै ततः कुर्यात् क्रियामस्खलनाय वा ।
एकं तु संयमस्थानं जिनानामवतिष्ठते ॥७॥
वचोऽनुष्ठानतोऽसङ्गक्रियासंगतिमङ्गति ।
सेयं ज्ञानक्रियाऽभेदभूमिरानन्दपिच्छला ॥८॥

## १० तृप्त्यष्टक

पीत्वा ज्ञानामृतं भुक्त्वा क्रियासुरलताफलम् ।
साम्यताम्बूलमास्वाद्य तृप्तिं याति परां मुनिः ॥१॥
स्वगुणैरेव तृप्तिश्चेदाकालमविनश्वरी ।
ज्ञानिनो विषयैः किं तैर्यैर्भवेत्तृप्तिरित्वरी ॥२॥
या शान्तैकरसास्वादाद् भवेत् तृप्तिरतीन्द्रिया ।
सा न जिह्वेन्द्रियद्वारा षड्रसास्वादनादपि ॥३॥
संसारे स्वप्नवन्मिथ्या तृप्तिः स्यादाभिमानिकी ।
तथ्या तु भ्रान्तिशून्यस्य साऽऽत्मवीर्यविपाककृत् ॥४॥
पुद्गलैः पुद्गलास्तृप्तिं यान्त्यात्मा पुनरात्मना ।
परतृप्तिसमारोपो ज्ञानिनस्तन्न युज्यते ॥५॥
मधुराज्यमहाशाकाग्राह्ये बाह्ये च गोरसात् ।
परब्रह्मणि तृप्तिर्या जनास्तां जानतेऽपि न ॥६॥

विषयोर्मिविषोद्गारः स्यादतृप्तस्य पुद्गलैः ।
ज्ञानतृप्तस्य तु ध्यानसुधोद्गारपरम्परा ।।७।।
सुखिनो विषयातृप्ता नेन्द्रोपेन्द्रादयोऽप्यहो ।
भिक्षुरेकः सुखी लोके ज्ञानतृप्तो निरञ्जनः ।।८।।

## ११ निर्लेपाष्टक

संसारे निवसन् स्वार्थसज्जः कज्जलवेश्मनि ।
लिप्यते निखिलो लोकः ज्ञानसिद्धो न लिप्यते ।।१।।
नाहं पुद्गलभावानां कर्ता कारयिताऽपि च ।
नानुमन्ताऽपि चेत्यात्मज्ञानवान् लिप्यते कथम् ? ।।२।।
लिप्यते पुद्गलस्कन्धो न लिप्ये पुद्गलैरहम् ।
चित्रव्योमाञ्जनेनेव ध्यायन्निति न लिप्यते ।।३।।
लिप्तताज्ञानसंपातप्रतिघाताय केवलम् ।
निर्लेपज्ञानमग्नस्य क्रिया सर्वोपयुज्यते ।।४।।
तपःश्रुतादिना मत्तः क्रियावानपि लिप्यते ।
भावनाज्ञानसंपन्नो निष्क्रियोऽपि न लिप्यते ।।५।।
अलिप्तो निश्चयेनात्मा लिप्तश्च व्यवहारतः ।
शुद्ध्यत्यलिप्तया ज्ञानी क्रियावान् लिप्तया दृशा ।।६।।
ज्ञानक्रियासमावेशः सहैवोन्मीलने द्वयोः ।
भूमिकाभेदतस्त्वत्र भवेदेकैकमुख्यता ।।७।।
सज्ज्ञानं यदनुष्ठानं न लिप्तं दोषपङ्कतः ।
शुद्धबुद्धस्वभावाय तस्मै भगवते नमः ।।८।।

## १२ निःस्पृहाष्टक

स्वभावलाभात् किमपि प्राप्तव्यं नावशिष्यते ।
इत्यात्मैश्वर्यसंपन्नो निःस्पृहो जायते मुनिः ॥१॥
संयोजितकरैः के के प्रार्थ्यन्ते न स्पृहावहैः ।
अमात्रज्ञानपात्रस्य निःस्पृहस्य तृणं जगत् ॥२॥
छिन्दन्ति ज्ञानदात्रेण स्पृहाविषलतां बुधाः ।
मुखशोषं च मूर्च्छां च दैन्यं यच्छति यत्फलम् ॥३॥
निष्कासनीया विदुषा स्पृहा चित्तगृहाद् बहिः ।
अनात्मरतिचाण्डालीसंगमङ्गीकरोति या ॥४॥
स्पृहावन्तो विलोक्यन्ते लघवस्तृणतूलवत् ।
महाश्चर्यं तथाप्येते मज्जन्ति भववारिधौ ॥५॥
गौरवं पौरवन्द्यत्वात् प्रकृष्टत्वं प्रतिष्ठया ।
ख्यातिं जातिगुणात् स्वस्य प्रादुष्कुर्यान्न निःस्पृहः ॥६॥
भूशय्या भैक्षमशनं जीर्णं वासो गृहं वनम् ।
तथाऽपि निःस्पृहस्याहो चक्रिणोऽप्यधिकं सुखम् ॥७॥
परस्पृहा महादुःखं निःस्पृहत्वं महासुखम् ।
एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ॥८॥

## १३ मौनाष्टक

मन्यते यो जगत्तत्त्वं स मुनिः परिकीर्तितः ।
सम्यक्त्वमेव तन्मौनं मौनं सम्यक्त्वमेव वा ॥१॥
आत्माऽऽत्मन्येव यच्छुद्धं जानात्यात्मानमात्मना ।
सेयं रत्नत्रये ज्ञप्तिरुच्याचारैकता मुनेः ॥२॥

चारित्रमात्मचरणाद् ज्ञानं वा दर्शनं मुनेः ।
शुद्धज्ञाननये साध्यं क्रियालाभात् क्रियानये ॥३॥
यतः प्रवृत्तिर्न मणौ लभ्यते वा न तत्फलम् ।
अतात्त्विकी मणिज्ञप्तिर्मणिश्रद्धा च सा यथा ॥४॥
तथा यतो न शुद्धात्मस्वभावाचरणं भवेत् ।
फलं दोषनिवृत्तिर्वा न तज्ज्ञानं न दर्शनम् ॥५॥
यथा शोफस्य पुष्टत्वं यथा वा वध्यमण्डनम् ।
तथा जानन् भवोन्मादमात्मतृप्तो मुनिर्भवेत् ॥६॥
सुलभं वागनुच्चारं मौनमेकेन्द्रियेष्वपि ।
पुद्गलेष्वप्रवृत्तिस्तु योगानां मौनमुत्तमम् ॥७॥
ज्योतिर्मयीव दीपस्य क्रिया सर्वाऽपि चिन्मयी ।
यस्यानन्यस्वभावस्य तस्य मौनमनुत्तरम् ॥८॥

## १४ विद्याष्टक

नित्यशुच्यात्मताख्यातिरनित्याशुच्यनात्मसु ।
अविद्या तत्त्वधीर्विद्या योगाचार्यैः प्रकीर्तिता ॥१॥
यः पश्येन्नित्यमात्मानमनित्यं परसंगमम् ।
छलं लब्धुं न शक्नोति तस्य मोहमलिम्लुचः ॥२॥
तरङ्गतरलां लक्ष्मीमायुर्वायुवदस्थिरम् ।
अदभ्रधीरनुध्यायेदभ्रवद् भङ्गुरं वपुः ॥३॥
शुचीन्यप्यशुचीकर्तुं समर्थेऽशुचिसंभवे ।
देहे जलादिना शौचभ्रमो मूढस्य दारुणः ॥४॥

यः स्नात्वा समताकुण्डे हित्वा कश्मलजं मलम् ।
पुनर्न याति मालिन्यं सोऽन्तरात्मा परः शुचिः ॥५॥
आत्मबोधो नवः पाशो देहगेहधनादिषु ।
यः क्षिप्तोऽप्यात्मना तेषु स्वस्य बन्धाय जायते ॥६॥
मिथोयुक्तपदार्थानामसंक्रमचमत्क्रिया ।
चिन्मात्रपरिणामेन विदुषैवानुभूयते ॥७॥
अविद्यातिमिरध्वंसे दृशा विद्याञ्जनस्पृशा ।
पश्यन्ति परमात्मानमात्मन्येव हि योगिनः ॥८॥

## १५ विवेकाष्टक

कर्म जीवं च संश्लिष्टं सर्वदा क्षीरनीरवत् ।
विभिन्नीकुरुते योऽसौ मुनिहंसो विवेकवान् ॥१॥
देहात्माद्यविवेकोऽयं सर्वदा सुलभो भवे ।
भवकोट्याऽपि तद्भेदविवेकस्त्वतिदुर्लभः ॥२॥
शुद्धेऽपि व्योम्नि तिमिराद् रेखाभिर्मिश्रता यथा ।
विकारैर्मिश्रता भाति तथाऽऽत्मन्यविवेकतः ॥३॥
यथा योधैः कृतं युद्धं स्वामिन्येवोपचर्यते ।
शुद्धात्मन्यविवेकेन कर्मस्कन्धोर्जितं तथा ॥४॥
इष्टकाद्यपि हि स्वर्णं पीतोन्मत्तो यथेक्षते ।
आत्माभेदभ्रमस्तद्वद् देहादावविवेकिनः ॥५॥
इच्छन् न परमान् भावान् विवेकाद्रेः पतत्यधः ।
परमं भावमन्विच्छन् नाविवेके निमज्जति ॥६॥

आत्मन्येवात्मनः कुर्यात् यः षट्कारकसंगतिम् ।
क्वाविवेकज्वरस्यास्य वैषम्यं जडमज्जनात् ॥७॥
संयमास्त्रं विवेकेन शाणेनोत्तेजितं मुनेः ।
धृतिधारोल्बणं कर्मशत्रुच्छेदक्षमं भवेत् ॥८॥

## १६ माध्यस्थाष्टक

स्थीयतामनुपालम्भं मध्यस्थेनान्तरात्मना ।
कुतर्ककर्करक्षेपैस्त्यज्यतां बालचापलम् ॥१॥
मनोवत्सो युक्तिगवीं मध्यस्थस्यानुधावति ।
तामाकर्षति पुच्छेन तुच्छाग्रहमनःकपिः ॥२॥
नयेषु स्वार्थसत्येषु मोघेषु परचालने ।
समशीलं मनो यस्य स मध्यस्थो महामुनिः ॥३॥
स्वस्वकर्मकृतावेशाः स्वस्वकर्मभुजो नराः ।
न रागं नापि च द्वेषं मध्यस्थस्तेषु गच्छति ॥४॥
मनः स्याद् व्यापृतं यावत् परदोषगुणग्रहे ।
कार्यं व्यग्रं वरं तावन्मध्यस्थेनात्मभावने ॥५॥
विभिन्ना अपि पन्थानः समुद्रं सरितामिव ।
मध्यस्थानां परं ब्रह्म प्राप्नुवन्त्येकमक्षयम् ॥६॥
स्वागमं रागमात्रेण द्वेषमात्रात् परागमम् ।
न श्रयामस्त्यजामो वा किन्तु मध्यस्थया दृशा ॥७॥
मध्यस्थया दृशा सर्वेष्वपुनर्बन्धकादिषु ।
चारिसंजीविनीचारन्यायादाशास्महे हितम् ॥८॥

## १७ निर्भयाष्टक

यस्य नास्ति परापेक्षा स्वभावाद्वैतगामिनः ।
तस्य किं नु भयभ्रान्तिक्लान्तिसन्तानतानवम् ॥१॥
भवसौख्येन किं भूरिभयज्वलनभस्मना ।
सदा भयोज्झितज्ञानसुखमेव विशिष्यते ॥२॥
न गोप्यं क्वापि नारोप्यं हेयं देयं च न क्वचित् ।
क्व भयेन मुनेः स्थेयं ज्ञेयं ज्ञानेन पश्यतः ॥३॥
एकं ब्रह्मास्त्रमादाय निघ्नन् मोहचमूं मुनिः ।
बिभेति नैव संग्रामशीर्षस्थ इव नागराट् ॥४॥
मयूरी ज्ञानदृष्टिश्चेत् प्रसर्पति मनोवने ।
वेष्टनं भयसर्पाणां न तदाऽऽनन्दचन्दने ॥५॥
कृतमोहास्त्रवैफल्यं ज्ञानवर्म बिभर्ति यः ।
क्व भीस्तस्य क्व वा भङ्गः कर्मसंगरकेलिषु ॥६॥
तूलवल्लघवो मूढा भ्रमन्त्यभ्रे भयानिलैः ।
नैकं रोमापि तैर्ज्ञानगरिष्ठानां तु कम्पते ॥७॥
चित्ते परिणतं यस्य चारित्रमकुतोभयम् ।
अखण्डज्ञानराज्यस्य तस्य साधोः कुतो भयम् ॥८॥

## १८ अनात्मशंसाष्टक

गुणैर्यदि न पूर्णोऽसि कृतमात्मप्रशंसया ।
गुणैरेवासि पूर्णश्चेत् कृतमात्मप्रशंसया ॥१॥
श्रेयोद्रुमस्य मूलानि स्वोत्कर्षाम्भःप्रवाहतः ।

पुण्यानि प्रकटीकुर्वन् फलं किं समवाप्स्यसि ? ॥२॥

आलम्बिता हिताय स्युः परैः स्वगुणरश्मयः ।
अहो स्वयं गृहीतास्तु पातयन्ति भवोदधौ ॥३॥

उच्चत्वदृष्टिदोषोत्थस्वोत्कर्षज्वरशान्तिकम् ।
पूर्वपुरुषसिंहेभ्यो भृशं नीचत्वभावनम् ॥४॥

शरीररूपलावण्यग्रामारामधनादिभिः ।
उत्कर्षः परपर्यायैश्चिदानन्दघनस्य कः ? ॥५॥

शुद्धाः प्रत्यात्मसाम्येन पर्यायाः परिभाविताः ।
अशुद्धाश्चापकृष्टत्वाद् नोत्कर्षाय महामुनेः ॥६॥

क्षोभं गच्छन् समुद्रोऽपि स्वोत्कर्षपवनेरितः ।
गुणौघान् बुद्बुदीकृत्य विनाशयसि किं मुधा ? ॥७॥

निरपेक्षानवच्छिन्नानन्तचिन्मात्रमूर्तयः ।
योगिनो गलितोत्कर्षापकर्षानल्पकल्पनाः ॥८॥

## १९ तत्त्वदृष्टिअष्टक

रूपे रूपवती दृष्टिर्दृष्ट्वा रूपं विमुह्यति ।
मज्जत्यात्मनि नीरूपे तत्त्वदृष्टिस्त्वरूपिणी ॥१॥

भ्रमवाटी बहिर्दृष्टिर्भ्रमच्छाया तदीक्षणम् ।
अभ्रान्तस्तत्त्वदृष्टिस्तु नास्यां शेते सुखाशया ॥२॥

ग्रामारामादि मोहाय यद् दृष्टं बाह्यया दृशा ।
तत्त्वदृष्ट्या तदेवान्तर्नीतं वैराग्यसंपदे ॥३॥

बाह्यदृष्टेः सुधासारघटिता भाति सुन्दरी ।
तत्त्वदृष्टेस्तु साक्षात् सा विण्मूत्रपिठरोदरी ॥४॥

लावण्यलहरीपुण्यं वपुः पश्यति बाह्यदृक् ।
तत्त्वदृष्टिः श्वकाकानां भक्ष्यं कृमिकुलाकुलम् ॥५॥
गजाश्वैर्भूपभवनं विस्मयाय बहिर्दृशः ।
तत्राश्वभवनात् कोऽपि भेदस्तत्त्वदृशस्तु न ॥६॥
भस्मना केशलोचेन वपुर्धृतमलेन वा ।
महान्तं बाह्यदृग् वेत्ति चित्साम्राज्येन तत्त्ववित् ॥७॥
न विकाराय विश्वस्योपकारायैव निर्मिताः ।
स्फुरत्कारुण्यपीयूषवृष्टयस्तत्त्वदृष्टयः ॥८॥

## २० सर्वसमृद्ध्यष्टक

बाह्यदृष्टिप्रचारेषु मुद्रितेषु महात्मनः ।
अन्तरेवावभासन्ते स्फुटाः सर्वाः समृद्धयः ॥१॥
समाधिर्नन्दनं धैर्यं दम्भोलिः समता शची ।
ज्ञानं महाविमानं च वासवश्रीरियं मुनेः ॥२॥
विस्तारितक्रियाज्ञानचर्मच्छत्रो निवारयन् ।
मोहम्लेच्छमहावृष्टिं चक्रवर्ती न किं मुनिः ? ॥३॥
नवब्रह्मसुधाकुण्डनिष्ठाधिष्ठायको मुनिः ।
नागलोकेशवद् भाति क्ष्मां रक्षन् प्रयत्नतः ॥४॥
मुनिरध्यात्मकैलाशे विवेकवृषभस्थितः ।
शोभते विरतिज्ञप्तिगंगागौरीयुतः शिवः ॥५॥
ज्ञानदर्शनचन्द्रार्कनेत्रस्य नरकच्छिदः ।
सुखसागरमग्नस्य किं न्यूनं योगिनो हरेः ॥६॥

या सृष्टिर्ब्रह्मणो बाह्या बाह्यापेक्षावलम्बिनी ।
मुनेः परानपेक्षाऽन्तर्गुणसृष्टिः ततोऽधिका ॥७॥
रत्नैस्त्रिभिः पवित्रा या स्रोतोभिरिव जाह्नवी ।
सिद्धयोगस्य साऽप्यर्हत्पदवी न दवीयसी ॥८॥

## २१ कर्मविपाकचिन्तनाष्टक

दुःखं प्राप्य न दीनः स्यात् सुखं प्राप्य च विस्मितः ।
मुनिः कर्मविपाकस्य जानन् परवशं जगत् ॥१॥
येषां भ्रूभङ्गमात्रेण भज्यन्ते पर्वता अपि ।
तैरहो कर्मवैषम्ये भूपैर्भिक्षाऽपि नाप्यते ॥२॥
जातिचातुर्यहीनोऽपि कर्मण्यभ्युदयावहे ।
क्षणाद् रङ्कोपि राजा स्यात् छत्रछन्नदिगन्तरः ॥३॥
विषमा कर्मणः सृष्टिर्दृष्टा करभपृष्ठवत् ।
जात्यादिभूतिवैषम्यात् का रतिस्तत्र योगिनः ॥४॥
आरूढाः प्रशमश्रेणिं श्रुतकेवलिनोऽपि च ।
भ्राम्यन्तेऽनन्तसंसारमहो दुष्टेन कर्मणा ॥५॥
अर्वाक् सर्वाऽपि सामग्री श्रान्तेव परितिष्ठति ।
विपाकः कर्मणः कार्यपर्यन्तमनुधावति ॥६॥
असावचरमावर्ते धर्मं हरति पश्यतः ।
चरमावर्तिसाधोस्तु छलमन्विष्य हृष्यति ॥७॥
साम्यं बिभर्ति यः कर्मविपाकं हृदि चिन्तयन् ।
स एव स्याच्चिदानन्दमकरन्दमधुव्रतः ॥८॥

## २२ भवोद्वेगाष्टक

यस्य गम्भीरमध्यस्याज्ञानवज्रमयं तलम् ।
रुद्धा व्यसनशैलौघैः पन्थानो यत्र दुर्गमाः ॥१॥
पातालकलशा यत्र भृतास्तृष्णामहानिलैः ।
कषायाश्चित्तसंकल्पवेलावृद्धिं वितन्वते ॥२॥
स्मरौर्वाग्निर्ज्वलत्यन्तर्यत्र स्नेहेन्धनः सदा ।
यो घोररोगशोकादिमत्स्यकच्छपसंकुलः ॥३॥
दुर्बुद्धिमत्सरद्रोहैर्विद्युद्दुर्वातगर्जितैः ।
यत्र सांयात्रिका लोकाः पतन्त्युत्पातसंकटे ॥४॥
ज्ञानी तस्माद् भवाम्भोधेर्नित्योद्विग्नोऽतिदारुणात् ।
तस्य संतरणोपायं सर्वयत्नेन काङ्क्षति ॥५॥
तैलपात्रधरो यद्वत् राधावेधोद्यतो यथा ।
क्रियास्वनन्यचित्तः स्याद् भवभीतस्तथा मुनिः ॥६॥
विषं विषस्य वह्नेश्च वह्निरेव यदौषधम् ।
तत्सत्यं भवभीतानामुपसर्गेऽपि यन्न भीः ॥७॥
स्थैर्यं भवभयादेव व्यवहारे मुनिर्व्रजेत् ।
स्वात्मारामसमाधौ तु तदप्यन्तर्निमज्जति ॥८॥

## २३ लोकसंज्ञात्यागाष्टक

प्राप्तः षष्ठं गुणस्थानं भवदुर्गाद्रिलङ्घनम् ।
लोकसंज्ञारतो न स्यान्मुनिर्लोकोत्तरस्थितिः ॥१॥
यथा चिन्तामणिं दत्ते बठरो बदरीफलैः ।

इहा जहाति सद्धर्मं तथैव जनरञ्जनैः ॥२॥
लोकसंज्ञामहानद्यामनुस्रोतोऽनुगा न के ।
प्रतिस्रोतोऽनुगस्त्वेको राजहंसो महामुनिः ॥३॥
लोकमालम्ब्य कर्तव्यं कृतं बहुभिरेव चेत् ।
तदा मिथ्यादृशां धर्मो न त्याज्यः स्यात् कदाचन ॥४॥
श्रेयोऽर्थिनो हि भूयांसो लोके लोकोत्तरे न च ।
स्तोका हि रत्नवणिजः स्तोकाश्च स्वात्मसाधकाः ॥५॥
लोकसंज्ञाहता हन्त नीचैर्गमनदर्शनैः ।
शंसयन्ति स्वसत्यांगमर्मघातमहाव्यथाम् ॥६॥
आत्मसाक्षिकसद्धर्मसिद्धौ किं लोकयात्रया ।
तत्र प्रसन्नचन्द्रश्च भरतश्च निदर्शने ॥७॥
लोकसंज्ञोज्झितः साधुः परब्रह्मसमाधिमान् ।
सुखमास्ते गतद्रोहममतामत्सरज्वरः ॥८॥

## २४ शास्त्राष्टक

चर्मचक्षुर्भृतः सर्वे देवाश्चावधिचक्षुषः ।
सर्वतश्चक्षुषः सिद्धाः साधवः शास्त्रचक्षुषः ॥१॥
पुरःस्थितानिवोर्ध्वाधस्तिर्यग्लोकविवर्तिनः ।
सर्वान् भावानवेक्षन्ते ज्ञानिनः शास्त्रचक्षुषा ॥२॥
शासनात् त्राणशक्तेश्च बुधैः शास्त्रं निरुच्यते ।
वचनं वीतरागस्य तत्तु नान्यस्य कस्यचित् ॥३॥
शास्त्रे पुरस्कृते तस्माद् वीतरागः पुरस्कृतः ।
पुरस्कृते पुनस्तस्मिन् नियमात् सर्वसिद्धयः ॥४॥

अदृष्टार्थेऽनुधावन्तः शास्त्रदीपं विना जडाः ।
प्राप्नुवन्ति परं खेदं प्रस्खलन्तः पदे पदे ॥५॥
शुद्धोञ्छाद्यपि शास्त्राज्ञानिरपेक्षस्य नो हितम् ।
भौतहन्तुर्यथा तस्य पदस्पर्शनिवारणम् ॥६॥
अज्ञानाहिमहामन्त्रं स्वाच्छन्द्यज्वरलङ्घनम् ।
धर्मारामसुधाकुल्यां शास्त्रमाहुर्महर्षयः ॥७॥
शास्त्रोक्ताचारकर्ता च शास्त्रज्ञः शास्त्रदेशकः ।
शास्त्रैकदृग् महायोगी प्राप्नोति परमं पदम् ॥८॥

## २५ परिग्रहाष्टक

न परावर्तते राशेर्वक्रतां जातु नोज्झति ।
परिग्रहग्रहः कोऽयं विडम्बितजगत्त्रयः ? ॥१॥
परिग्रहग्रहावेशाद् दुर्भाषितरजःकिराम् ।
श्रूयन्ते विकृताः किं न प्रलापा लिङ्गिनामपि ? ॥२॥
यस्त्यक्त्वा तृणवद् बाह्यमान्तरं च परिग्रहम् ।
उदास्ते तत्पदाम्भोजं पर्युपास्ते जगत्त्रयी ॥३॥
चित्तेऽन्तर्ग्रन्थगहने बहिर्निर्ग्रन्थता वृथा ।
त्यागात्कञ्चुकमात्रस्य भुजगो न हि निर्विषः ॥४॥
त्यक्ते परिग्रहे साधोः प्रयाति सकलं रजः ।
पालित्यागे क्षणादेव सरसः सलिलं यथा ॥५॥
त्यक्तपुत्रकलत्रस्य मूर्च्छामुक्तस्य योगिनः ।
चिन्मात्रप्रतिबद्धस्य का पुद्गलनियन्त्रणा ॥६॥

चिन्मात्रदीपको गच्छेद् निर्वातस्थानसंनिभैः।
निष्परिग्रहतास्थैर्यं धर्मोपकरणैरपि ॥७॥
मूर्च्छाछन्नधियां सर्वं जगदेव परिग्रहः।
मूर्च्छया रहितानां तु जगदेवापरिग्रहः ॥८॥

## २६ अनुभवाष्टक

सन्ध्येव दिनरात्रिभ्यां केवलश्रुतयोः पृथक्।
बुधैरनुभवो दृष्टः केवलार्कारुणोदयः ॥१॥
व्यापारः सर्वशास्त्राणां दिक्प्रदर्शन एव हि।
पारं तु प्रापयत्येकोऽनुभवो भववारिधेः ॥२॥
अतीन्द्रियं परं ब्रह्म विशुद्धानुभवं विना।
शास्त्रयुक्तिशतेनापि न गम्यं यद् बुधा जगुः ॥३॥
ज्ञायेरन् हेतुवादेन पदार्था यद्यतीन्द्रियाः।
कालेनैतावता प्राज्ञैः कृतः स्यात् तेषु निश्चयः ॥४॥
केषां न कल्पनादर्वी शास्त्रक्षीरान्नगाहिनी।
विरलास्तद्रसास्वादविदोऽनुभवजिह्वया ॥५॥
पश्यतु ब्रह्म निर्द्वन्द्वं निर्द्वन्द्वानुभवं विना।
कथं लिपिमयी दृष्टिर्वाङ्मयी वा मनोमयी ॥६॥
न सुषुप्तिरमोहत्वान्नापि च स्वापजागरौ।
कल्पनाशिल्पविश्रान्तेस्तुर्यैवानुभवो दशा ॥७॥
अधिगत्याखिलं शब्दब्रह्म शास्त्रदृशा मुनिः।
स्वसंवेद्यं परं ब्रह्मानुभवेनाधिगच्छति ॥८॥

## २७ योगाष्टक

मोक्षेण योजनाद् योगः सर्वोऽप्याचार इष्यते ।
विशिष्य स्थानवर्णार्थालम्बनैकाग्र्यगोचरः ॥१॥
कर्मयोगद्वयं तत्र ज्ञानयोगत्रयं विदुः ।
विरतेष्वेव नियमाद् बीजमात्रं परेष्वपि ॥२॥
कृपानिर्वेदसंवेगप्रशमोत्पत्तिकारिणः ।
भेदाः प्रत्येकमत्रेच्छाप्रवृत्तिस्थिरसिद्धयः ॥३॥
इच्छा तद्वत्कथाप्रीतिः प्रवृत्तिः पालनं परम् ।
स्थैर्यं बाधकभीहानिः सिद्धिरन्यार्थसाधनम् ॥४॥
अर्थालम्बनयोश्चैत्यवन्दनादौ विभावनम् ।
श्रेयसे योगिनः स्थानवर्णयोर्यत्न एव च ॥५॥
आलम्बनमिह ज्ञेयं द्विविधं रूप्यरूपि च ।
अरूपिगुणसायुज्ययोगोऽनालम्बनः परः ॥६॥
प्रीतिभक्तिवचोऽसंगैः स्थानाद्यपि चतुर्विधम् ।
तस्मादयोगयोगाप्तेर्मोक्षयोगः क्रमाद्भवेत् ॥७॥
स्थानाद्ययोगिनस्तीर्थोच्छेदाद्यालम्बनादपि ।
सूत्रदाने महादोष इत्याचार्याः प्रचक्षते ॥८॥

## २८ नियागाष्टक

यः कर्म हुतवान् दीप्ते ब्रह्माग्नौ ध्यानधाय्यया ।
स निश्चितेन यागेन नियागप्रतिपत्तिमान् ॥१॥
पापध्वंसिनि निष्कामे ज्ञानयज्ञे रतो भव ।

सावद्यैः कर्मयज्ञैः किं भूतिकामनयाऽऽविलैः ॥२॥
वेदोक्तत्वान्मनःशुद्ध्या कर्मयज्ञोऽपि योगिनः ।
ब्रह्मयज्ञ इतीच्छन्तः श्येनयागं त्यजन्ति किम् ? ॥३॥
ब्रह्मयज्ञः परं कर्म गृहस्थस्याधिकारिणः ।
पूजादि वीतरागस्य ज्ञानमेव तु योगिनः ॥४॥
भिन्नोद्देशेन विहितं कर्म कर्मक्षयाक्षमम् ।
क्लृप्तभिन्नाधिकारं च पुत्रेष्ट्यादिवदिष्यताम् ॥५॥
ब्रह्मार्पणमपि ब्रह्मयज्ञान्तर्भावसाधनम् ।
ब्रह्माग्नौ कर्मणो युक्तं स्वकृतत्वस्मये हुते ॥६॥
ब्रह्मण्यर्पितसर्वस्वो ब्रह्मदृग् ब्रह्मसाधनः ।
ब्रह्मणा जुह्वदब्रह्म ब्रह्मणि ब्रह्मगुप्तिमान् ॥७॥
ब्रह्माध्ययननिष्ठावान् परब्रह्मसमाहितः ।
ब्राह्मणो लिप्यते नाघैर्नियागप्रतिपत्तिमान् ॥८॥

## २९ पूजाष्टक

दयाम्भसा कृतस्नानः संतोषशुभवस्त्रभृत् ।
विवेकतिलकभ्राजी भावनापावनाशयः ॥१॥
भक्तिश्रद्धानघुसृणोन्मिश्रपाटीरजद्रवैः ।
नवब्रह्माङ्गतो देवं शुद्धमात्मानमर्चय ॥२॥
क्षमापुष्पस्रजं धर्मयुग्मक्षौमद्वयं तथा ।
ध्यानाभरणसारं च तदङ्गे विनिवेशय ॥३॥
मदस्थानभिदात्यागैर्लिखाग्रे चाष्टमंगलम् ।
ज्ञानाग्नौ शुभसंकल्पकाकतुण्डं च धूपय ॥४॥

प्राग्धर्मलवणोत्तारं धर्मसन्न्यासवह्निना ।
कुर्वन् पूरय सामर्थ्यराजन्नीराजनाविधिम् ॥५॥
स्फुरन्मङ्गलदीपं च स्थापयानुभवं पुरः ।
योगनृत्यपरस्तौर्यत्रिकसंयमवान् भव ॥६॥
उल्लसन्मनसः सत्यघण्टां वादयतस्तव ।
भावपूजारतस्येत्थं करक्रोडे महोदयः ॥७॥
द्रव्यपूजोचिता भेदोपासना गृहमेधिनाम् ।
भावपूजा तु साधूनामभेदोपासनात्मिका ॥८॥

## ३० ध्यानाष्टक

ध्याता ध्येयं तथा ध्यानं त्रयं यस्यैकतां गतम् ।
मुनेरनन्यचित्तस्य तस्य दुःखं न विद्यते ॥१॥
ध्याताऽन्तरात्मा ध्येयस्तु परमात्मा प्रकीर्तितः ।
ध्यानं चैकाग्र्यसंवित्तिः समापत्तिस्तदेकता ॥२॥
मणाविव प्रतिच्छाया समापत्तिः परात्मनः ।
क्षीणवृत्तौ भवेद् ध्यानादन्तरात्मनि निर्मले ॥३॥
आपत्तिश्च ततः पुण्यतीर्थकृत्कर्मबन्धतः ।
तद्भावाभिमुखत्वेन संपत्तिश्च क्रमाद् भवेत् ॥४॥
इत्थं ध्यानफलाद् युक्तं विंशतिस्थानकाद्यपि ।
कष्टमात्रं त्वभव्यानामपि नो दुर्लभं भवे ॥५॥
जितेन्द्रियस्य धीरस्य प्रशान्तस्य स्थिरात्मनः ।
सुखासनस्थस्य नासाग्रन्यस्तनेत्रस्य योगिनः ॥६॥

रुद्धबाह्यमनोवृत्तेर्धारणाधारया रयात् ।
प्रसन्नस्याप्रमत्तस्य चिदानन्दसुधालिहः ॥७॥
साम्राज्यमप्रतिद्वन्द्वमन्तरेव वितन्वतः ।
ध्यानिनो नोपमा लोके सदेवमनुजेऽपि हि ॥८॥

## ३१ तपअष्टक

ज्ञानमेव बुधाः प्राहुः कर्मणां तापनात् तपः ।
तदाभ्यन्तरमेवेष्टं बाह्यं तदुपबृंहकम् ॥१॥
आनुश्रोतसिकी वृत्तिर्बालानां सुखशीलता ।
प्रातिश्रोतसिकी वृत्तिर्ज्ञानिनां परमं तपः ॥२॥
धनार्थिनां यथा नास्ति शीततापादि दुस्सहम् ।
तथा भवविरक्तानां तत्त्वज्ञानार्थिनामपि ॥३॥
सदुपायप्रवृत्तानामुपेयमधुरत्वतः ।
ज्ञानिनां नित्यमानन्दवृद्धिरेव तपस्विनाम् ॥४॥
इत्थं च दुःखरूपत्वात् तपो व्यर्थमितीच्छताम् ।
बौद्धानां निहता बुद्धिर्बौद्धानन्दापरिक्षयात् ॥५॥
यत्र ब्रह्म जिनार्चा च कषायाणां तथा हतिः ।
सानुबन्धा जिनाज्ञा च तत्तपः शुद्धमिष्यते ॥६॥
तदेव हि तपः कार्यं दुर्ध्यानं यत्र नो भवेत् ।
येन योगा न हीयन्ते क्षीयन्ते नेन्द्रियाणि च ॥७॥
मूलोत्तरगुणश्रेणिप्राज्यसाम्राज्यसिद्धये ।
बाह्यमाभ्यन्तरं चेत्थं तपः कुर्यान्महामुनिः ॥८॥

## ३२ सर्वनयाश्रयणाष्टक

धावन्तोऽपि नयाः सर्वे स्युर्भावे कृतविश्रमाः ।
चारित्रगुणलीनः स्यादिति सर्वनयाश्रितः ॥१॥
पृथग् नयाः मिथः पक्षप्रतिपक्षकदर्थिताः ।
समवृत्तिसुखास्वादी ज्ञानी सर्वनयाश्रितः ॥२॥
नाप्रमाणं प्रमाणं वा सर्वमप्यविशेषितम् ।
विशेषितं प्रमाणं स्यादिति सर्वनयज्ञता ॥३॥
लोके सर्वनयज्ञानां ताटस्थ्यं वाऽप्यनुग्रहः ।
स्यात् पृथग्नयमूढानां स्मयार्तिर्वाऽतिविग्रहः ॥४॥
श्रेयः सर्वनयज्ञानां विपुलं धर्मवादतः ।
शुष्कवादाद् विवादाच्च परेषां तु विपर्ययः ॥५॥
प्रकाशितं जनानां यैर्मतं सर्वनयाश्रितम् ।
चित्ते परिणतं चेदं येषां तेभ्यो नमो नमः ॥६॥
निश्चये व्यवहारे च त्यक्त्वा ज्ञाने च कर्मणि ।
एकपाक्षिकविश्लेषमारूढाः शुद्धभूमिकाम् ॥७॥
अमूढलक्ष्याः सर्वत्र पक्षपातविवर्जिताः ।
जयन्ति परमानन्दमयाः सर्वनयाश्रयाः ॥८॥

उपसंहार

पूर्णो मग्नः स्थिरोऽमोहो ज्ञानी शान्तो जितेन्द्रियः ।
त्यागी क्रियापरस्तृप्तो निर्लेपो निःस्पृहो मुनिः ॥१॥
विद्याविवेकसंपन्नो मध्यस्थो भयवर्जितः ।

अनात्मशंसकस्तत्त्वदृष्टिः सर्वसमृद्धिमान् ॥२॥
ध्याता कर्मविपाकानामुद्विग्नो भववारिधेः ।
लोकसंज्ञाविनिर्मुक्तः शास्त्रदृग् निष्परिग्रहः ॥३॥

शुद्धानुभववान् योगी नियागप्रतिपत्तिमान् ।
भावार्चाध्यानतपसां भूमिः सर्वनयाश्रितः ॥४॥

स्पष्टं निष्टङ्कितं तत्त्वमष्टकैः प्रतिपन्नवान् ।
मुनिर्महोदयं ज्ञानसारं समधिगच्छति ॥५॥
निर्विकारं निराबाधं ज्ञानसारमुपेयुषाम् ।
विनिवृत्तपराशानां मोक्षोऽत्रैव महात्मनाम् ॥६॥

चित्तमार्द्रीकृतं ज्ञानसारसारस्वतोर्मिभिः ।
नाप्नोति तीव्रमोहाग्निप्लोषशोषकदर्थनाम् ॥७॥
अचिन्त्या काऽपि साधूनां ज्ञानसारगरिष्ठता ।
गतिर्ययोर्ध्वमेव स्यात् अधःपातः कदाऽपि न ॥८॥

क्लेशक्षयो हि मण्डूकचूर्णतुल्यः क्रियाकृतः ।
दग्धतच्चूर्णसदृशो ज्ञानसारकृतः पुनः ॥९॥
ज्ञानपूतां परेऽप्याहुः क्रियां हेमघटोपमाम् ।
युक्तं तदपि तद्भावं न यद्भग्नाऽपि सोज्झति ॥१०॥

क्रियाशून्यं च यज्ज्ञानं ज्ञानशून्या च या क्रिया ।
अनयोरन्तरं ज्ञेयं भानुखद्योतयोरिव ॥११॥
चारित्रं विरतिः पूर्णा ज्ञानस्योत्कर्ष एव हि ।
ज्ञानाद्वैतनये दृष्टिर्देया तद्योगसिद्धये ॥१२॥

सिद्धिं सिद्धपुरे पुरन्दरपुरस्पर्धावहे लब्धवां-

श्चिद्दीपोऽयमुदारसारमहसा दीपोत्सवे पर्वणि ।

एतद्भावनभावपावनमनश्चञ्चच्चमत्कारिणां,

तैस्तैर्दीपशतैः सुनिश्चयमतैर्नित्योऽस्तु दीपोत्सवः ॥१३॥

केषांचिद्विषयज्वरातुरमहो चित्तं परेषां विषा-

वेगोदर्ककुतर्कमूर्च्छितमथान्येषां कुवैराग्यतः ।

लग्नालर्कमबोधकूपपतितं चास्ते परेषामपि,

स्तोकानां तु विकारभाररहितं तज्ज्ञानसाराश्रितम् ॥१४॥

जातोद्रेकविवेकतोरणततौ धावल्यमातन्वति,

हृद्गेहे समयोचितः प्रसरति स्फीतश्च गीतध्वनिः ।

पूर्णानन्दघनस्य किं सहजया तद्भाग्यभङ्ग्याऽभव-

न्नैतद्ग्रन्थमिषात् करग्रहमहश्चित्रं चरित्रश्रियः ॥१५॥

भावस्तोमपवित्रगोमयरसैः लिप्तैव भूः सर्वतः,

संसिक्ता समतोदकैरथ पथि न्यस्ता विवेकस्रजः ।

अध्यात्मामृतपूर्णकामकलशश्चक्रेऽत्र शास्त्रे पुरः,

पूर्णानन्दघने पुरं प्रविशति स्वीयं कृतं मंगलम् ॥१६॥

॥ श्रीशंखेश्वरपार्श्वनाथाय नमः ॥

# પ્રા ક્ - ક થ ન

અનાદિ અનંત એવા સંસારચક્રમાં પરિભ્રમણ કરતાં આ જીવ મહાપુણ્યોદયે પંચેન્દ્રિયપણું-આર્યદેશ-ઉત્તમ કુળ-શ્રાવકપણું-દેવગુરુ-નો સમાગમ ઇત્યાદિક મુક્તિને યોગ્ય સામગ્રી પામ્યો છે. આગામી ભવોને સુધારવા સારુ અત્યંત ઉપયોગી એવી તે આત્મકલ્યાણી સામગ્રી પામવા છતાં આ આત્માને શ્રી વીતરાગપ્રભુની વાણી સાંભળવા મળવી મુશ્કેલ છે. મહાન્ પુણ્યોદય સિવાય શ્રી જિનવાણી સાંભળવા મળતી નથી. તે વાણી સાંભળવા ઇચ્છા થતી નથી! આત્મા અતિ લઘુકર્મી બનેલ હોય તો જ તેને શ્રી સર્વજ્ઞ પરમાત્માની વાણી સાંભળવાની ઇચ્છા થવા પામે છે. તેવી શુભ ઇચ્છા થયા પછી પણ તે ભવનિસ્તારક વાણી સંભળાવનારા શુદ્ધપ્રરૂપક જ્ઞાની ગુરુનો યોગ થવો તે અત્યંત દુર્લભ છે. સેંકડો વર્ષો બાદ વર્તમાનમાં જૈનોના પરમ સદ્ભાગ્યે તેવા જૈનાગમ અને તેના અર્થગાંભીર્યના પારદર્શી બહુશ્રુત **ગુરુદેવ આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ** પ્રાપ્ત થયા હતા. તેઓશ્રીના વ્યાખ્યાનો વિદ્વદ્જગતમાં સર્વદેશીય આત્મહિતકર અને અજોડ મનાયાં છે. આત્માના તારેતારને વિષે રણઝણાટ શક્તિ પેદા કરે તેવા તાત્ત્વિક, અર્થગંભીર અને પ્રેરક તરીકે પંકાયલાં છે.

તેવા તે આગમદિવાકર મહાપુરુષના સૂક્ષ્મતર બોધમાંથી સત્ય પદાર્થોની રમઝટ જમાવતી અમીધારા સમાન દેશનાઓને ભવિષ્યમાં પણ અનેક ભવ્ય જનોને ઉપકારી થવાનું ધારીને મારા ભવોદધિતારક **પૂજ્ય ગુરુદેવશ્રી હેમસાગરસૂરીશ્વરજી** મહારાજ સાહેબે દેશના વખતે જ દેશનાઓનું યથાશક્ય અવતરણ કરી લેવા સુપ્રયાસ આદર્યો. અને વ્યાખ્યાનની સમાપ્તિ બાદ એ અવતરણની યથાશ્રવણ તથા સંકલન યોજના પણ જાતે કરીને ક્રમે દેશનાઓનો સંગ્રહ તૈયાર કર્યો.

જૈન જનતાને એ દેશનાસંગ્રહ બહુ ઉપયોગી જાણીને અનેક મુમુક્ષુજનોએ તેને છપાવીને પ્રસિદ્ધ કરવાની તીવ્ર લાગણી દર્શાવવાથી

મારા **પૂજ્ય ગુરુદેવશ્રીએ** તે કોપી સંકલનાબદ્ધ એવી શુદ્ધ પ્રેસ કોપી કરાવી આજસુધીમાં તેનો કેટલોક વિભાગ **શ્રીસિદ્ધચક્રમહાત્મ્ય, આનન્દસુધાસિન્ધુ,** તથા **શ્રી ભગવતીજી આઠમું શતક, અને આનન્દસુધાસિન્ધુ ( અપરનામ ) શ્રી ભગવતીજીનાં વ્યાખ્યાનો** વિગેરે નામના આદર્શ પુસ્તકો રૂપે પ્રસિદ્ધિમાં આણેલ **છે,** જેનાથી તત્ત્વપિપાસુ ભવ્યજનોની ઘણા દિવસોની જ્ઞાનતૃષા છીપાવવારૂપ મહાન ઉપકાર થવા પામ્યો હોવાનું અનેક સ્થળે જાણીને **આનન્દ** થાય છે. તે **પ્રેસ** કોપીમાંના કેટલાક વ્યાખ્યાનો **પર્વ દેશના** નામના પુસ્તકમાં પણ પ્રસિદ્ધ થવા પામ્યાં છે. પ્રેસકોપી તરીકે હજુ પણ શેષ રહેલા સેંકડો વ્યાખ્યાનોમાંથી આગમોની ૪૫ સંખ્યા અનુલક્ષીને ૪૫ ભવ્ય દેશનાઓનો સંગ્રહ આ મહાન્ આત્મોપકારી એવા "**દેશના સંગ્રહ પ્રથમ વિભાગ**"માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

ઇચ્છીએ કે-વાંચકવરો આ ભવ્ય પુસ્તકનાં આત્મકલ્યાણી વાચનને અવગાહીને **પૂજ્ય ગુરુદેવશ્રીનાં** સ્તુત્ય પ્રયાસને સફળ કરે.

આ પછી ક્રમે **દેશના સંગ્રહ** નામક બીજા-ત્રીજા આદિ વિભાગો પણ પ્રસિદ્ધ કરાવી સમાજને પીરસવાની પૂજ્ય ગુરુદેવશ્રીની તીવ્ર ભાવના છે. ઇચ્છીએ છીએ કે શાસનદેવ તેઓશ્રીના તે પુણ્યમનોરથો સત્વર ફળીભૂત થાય તેવું બળ આપે.

મારા પરમોપકારી શાન્તમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીના પુણ્યહસ્તે આ ગ્રંથરત્નમાં પીરસાયેલી પરમપૂજ્ય-ધ્યાનસ્થ-સ્વર્ગત-બહુશ્રુત-આગમોદ્ધારક આચાર્યદેવેશશ્રી કથિત-દેશનાઓ અતિ તાત્ત્વિક અને ગંભીરાર્થપૂર્ણ હોવા છતાં આબાલવૃદ્ધને સુબોધજનક એવી સુગમ હોવાથી આત્મકલ્યાણેચ્છુ સર્વ જનોએ આ દેશનાસંગ્રહનું શાન્તચિત્તે વાંચન, મનન અને તેનું વારંવાર પરિશીલન કરવાથી અગણિત લાભ પ્રાપ્ત થશે, એમ અમારું દૃઢ મંતવ્ય છે. દ્વિતીય વૈશાખ વદી ૬

જૈન સાહિત્યમંદિર
સિદ્ધક્ષેત્ર-**પાલીતાણા**

**મુનિ અમરેન્દ્રસાગર**

# વિષયાનુક્રમ.


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **દેશના ૧લી** | |
| કુટુંબ દેશના | ૧ |
| શ્રીમતી શ્રીજીની નકલ હોય | ૨ |
| **દેશના ૨જી** | |
| સાધર્મિ ભક્તિ | ૫ |
| સાધર્મિકોનો પ્રતાપ | ૧૦ |
| સાધર્મિકને પહેરામણી | ૧૩ |
| **દેશના ૩જી** | |
| જન્મ કર્મની પરંપરા | ૧૫ |
| દરદની ભયંકરતા સમજો | ૧૮ |
| મોક્ષની સડકના ખીંટા | ૨૦ |
| દિગંબરોને ગરાસીયા માફક ચોરી કરતાં પણ ન આવડી. | ૨૨ |
| **દેશના ૪થી** | |
| મનુષ્ય જીવનનો સદુપયોગ | ૨૫ |
| મનુષ્યપણું મેળવવાના ઉપાયો સ્વભાવથી મંદ કષાયો. | ૨૯ |
| ચાલ બેન ચાલ | ૩૦ |
| દાનરુચી | ૩૩ |
| મધ્યમ ગુણો | ૩૪ |
| મનુષ્ય જીવનનો ત્રણ પ્રકારે ઉપયોગ અને તેના ફળો. | ૩૫ |
| **દેશના ૫મી** | |
| કાર્યકરે ત્રણ વસ્તુનો નિશ્ચય કરવો જોઇએ. | ૩૯ |
| 'શ્રેયાંસિ બહુવિઘ્નાનિ'નો બીજો અર્થ. | ૪૦ |
| દાનનું ખરું રહસ્ય. | ૪૩ |
| સમ્યક્ત્વ એટલે સ્વાર્થનો ભોગ અને પરોપકારની પરાયણતા. | ૪૪ |
| ભટકતી જાતિ | ૪૬ |
| કર્મની ધુંસરી હોય ત્યાં જ ખાવાપીવાનું હોય. | ૪૭ |
| **દેશના ૬ઠ્ઠી** | |
| વિવેકીઓને પ્રાપ્ત કરવા લાયક શું? | ૫૨ |
| વિપર્યાસ બુદ્ધિ | ૫૫ |
| આત્માની જવાબદારી અને જોખમદારી | ૫૭ |
| **દેશના ૭મી** | |
| ભવજેલ | ૫૮ |
| અધ્યાત્મની વાતો કરનાર લવાભાઈ | ૬૦ |
| શાસ્ત્રદૃષ્ટિએ અધ્યાત્મ કોનું નામ? | ૬૧ |
| દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા | ૬૨ |
| લુહારીયાં કરતાં પણ આપણી જાતની નપાવટતા. | ૬૩ |
| માગેલી વસ્તુના માલીક ન બનાય | ૬૪ |
| જબરી જંકડામણ. | ૬૫ |

વિષય — પૃષ્ઠ

**દેશના ૮મી**

'હું' નો વિચાર કરવાનું સ્થાન ક્યું ? ૬૮
કેવળ જિનેશ્વરનું શાસન એવું છે-જેમાં દેવ થવાની શક્યતા છે. ૭૦
ઇન્દ્રિયોની આધીનતા ૭૧
કાણીમાં સાથે ઘોળાયેલી બંધાય તો શું થાય ? ૭૪
કૃષ્ણાર્પણમસ્તુ. ૭૫

**દેશના ૯મી**

અન્ય દેવોને જિનેશ્વરનું નાટક પણ આવડતું નથી ૭૭
બીજા દેવોને જિનેશ્વરનો વેષ પણ ભજવતા ન આવડ્યો. ૭૯

**દેશના ૧૦મી**

આસ્તિક પછી નાસ્તિકની ઉત્પત્તિ ૮૬
મુખ મલિન કેમ ? ૮૮
નાકકટ્ટાની ટોળી ૯૦

**દેશના ૧૧મી**

જૈન પર્વો અને તહેવારો આત્મકલ્યાણનાં સાધન અને ત્યાગપ્રધાન છે. ૯૪
ભવ્યપણાની છાપ ક્યારે ? ૯૫
કરે તે ભોગવે તેમ નહિં, પરંતુ કરે કરાવે અને અનુમોદે તે પણ ભોગવે. ૯૮

**દેશના ૧૨મી**

તમારા પુત્રોએ કયા વારસાની આશાએ તમારે ત્યાં જન્મ લીધો ? ૧૦૦

**દેશના ૧૩મી**

સમકિતી આત્માની પરિસ્થિતિ ચોવીશ કલાક નિર્મળ હોય ૧૦૪
આયુષ્યનો બંધ ક્યારે પડે ? ૧૦૫
સમકિતી આત્મા ક્યાં ઉપજે ? ૧૦૭
ધર્મ ચોકીદાર ૧૦૮
રજા અને રાજીનામું ૧૦૯

**દેશના ૧૪મી**

મૈત્ર્યાદિ ભાવ યુક્ત હોય તેજ ધર્મ ૧૧૪
બુદ્ધિ વગરનો પ્રત્યુપકાર ૧૧૫

**દેશના ૧૫મી**

ધર્મની પરીક્ષા કરવા માટે ચાર કસોટીઓ ૧૧૭
ધર્મ-પરીક્ષામાં ભૂલ્યા તો ભવોભવ રખડ્યા. ૧૧૮
પરમેશ્વર જગત બનાવનાર નથી પણ બતાવનાર છે. ૧૧૯
ગુરૂ ગંડીયા ક્યા જાને ? ૧૨૧
ધર્મની પરીક્ષા કેવી રીતે કરવી ? ૧૨૫
કોઇનાં પણ હિતમાં આડો ન આવું તે ઉપર મંત્રી પ્રદ્યોતનું દૃષ્ટાંત. ૧૨૭

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **દેશના ૧૬મી** | |
| આદિત્યનું સાધ્ય | ૧૩૧ |
| સાહિત્ય શબ્દની વ્યાખ્યા | ૧૩૨ |
| ચવર્ષિની કથા | ૧૩૪ |
| પ્રધાનનો પ્રબંધ | ૧૩૮ |
| માનસ સરોવરમાં જેમ હંસ તેમ જ્ઞાન સરોવરમાં જ્ઞાની મગ્ન રહે. | ૧૪ |
| સંપનાં ત્રણ કારણો | ૧૪૩ |
| **દેશના ૧૭મી** | |
| ભરાડી ચોર જેવું શરીર ક્યાં સુધી પોષવાનું ! | ૧૪૫ |
| કર્તવ્યપરાયણ જીવ | ૧૪૫ |
| શરીર ગળે પડેલી ચીજ છે. | ૧ ૭ |
| સાધુઓ આહાર, શરીર, ઇન્દ્રિય વગેરે શા માટે ધારણ કરે છે ! | ૧૪૯ |
| ભરાડી ચોરનું દૃષ્ટાંત | ૧૫૧ |
| ચોરની મેમાનગતિ શા માટે ! | ૧૫૩ |
| બાળીઓપાને અરીણ વગર ભીજામ ફીક્કા લાગે છે. | ૧૫૬ |
| સોનાના બાવલાની ચારે બાજુ દેવશક્તિ ભરેલી હોય. | ૧૫૯ |
| સન્નેપાતવાળો વૈદ્ય કેવું ઓસડ આપે ! | ૧૬૦ |
| **દેશના ૧૮મી** | |
| કર્મરૂપી દરદી ભયંકરતા સમજો. | ૧૬૧ |
| હિતબુદ્ધિથી અસુંદર કહેવાયેલું માન્ય થાય. | ૧૬૨ |
| શાસ્ત્ર કે શાસનથી એક અક્ષર કે પદ વિપરીત બોલનારને શાસનમાં સ્થાન નથી. | ૧૬૪ |
| નિરાશંસપણે તપ કરવો. | ૧૬૬ |
| આશ્રવબંધનું જાસુસપણું. | ૧૬૭ |
| આવેલું સમકિત ટકાવી રાખો | ૧૬૮ |
| સુબુદ્ધિ પ્રધાને સમજાવેલ ઇષ્ટાનિષ્ટસ્વરૂપ | ૧૭૦ |
| શરીર એટલે અશુચિકરણયંત્ર | ૧૭૧ |
| સમ્યક્ત્વનું પ્રથમ ભૂષણ | ૧૭૩ |
| એક મનનાં છતાં ધર્મ સાંભળી ભિન્ન મનના થયા ? | ૧૭૪ |
| **દેશના ૧૯મી** | |
| પ્રશંસા—અનિષેધ—સહવાસ એ અનુમોદનના પ્રકાર છે. | ૧૭૬ |
| દયાના દુશ્મનો. | ૧૭૮ |
| શ્રાવકે મિથ્યાત્વનો ત્રિવિધ ત્રિવિધ ત્યાગ કરવો જોઇએ. | ૧૭૯ |
| **દેશના ૨૦મી** | |
| આત્માની આઝાદી | ૧૮૪ |
| જડજીવન અને જીવજીવન | ૧૮૬ |
| ગુલામ આત્માની આઝાદી | ૧૮૮ |
| સમ્યક્ત્વના પાંચ ભૂષણો. | ૧૯૦ |
| મૂર્ખની ભક્તિ | ૧૯૨ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **દેશના ૨૧મી** | |
| પરિત્તસંસારીના લક્ષણો | ૧૯૩ |
| સર્વભક્ષક કાળનો ભક્ષક | ૧૯૫ |
| ભાવચારિત્ર પામ્યા પછી કેટલા ભવ બાકી ? | ૧૯૬ |
| સૂર્યાભિદેવ. | ૧૯૭ |
| પરિત્તસંસારીનું એક લક્ષણ | ૧૯૯ |
| પરિત્તસંસારીનાં બીજા લક્ષણો | ૨૦૦ |
| **દેશના ૨૨મી** | |
| મૌન એકાદશીનું પર્વ. | ૨૦૨ |
| છરીના ઘા રૂઝાય છે પણ વચનના ઘા રૂઝાતા નથી. | ૨૦૫ |
| ગંભીરતા ન રાખવાનું ભયંકર પરિણામ. | ૨૦૭ |
| હવે વાગ્ગુપ્તિ ઉપર એક દૃષ્ટાંત ધ્યાનમાં લઇએ | ૨૦૯ |
| અભવી પણ પ્રરૂપણા શાસનની જ કરે. | ૨૧૧ |
| **દેશના ૨૩મી** | |
| મનુષ્ય કર્તવ્ય | ૨૧૫ |
| મહેલ કે મુસાફરખાનું ? | ૨૧૭ |
| ડાહ્યા ગાંડા વચ્ચેનો ફરક | ૨૧૯ |
| આજ્ઞાની લવાબાઈ | ૨૨૧ |
| **દેશના ૨૪મી** | |
| મનુષ્ય ભવરૂપી કલ્પવૃક્ષ | ૨૨૫ |
| શરીર કેદખાનું. | ૨૨૮ |
| કલ્પાતીત સિદ્ધિસુખ. | ૨૩૧ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **દેશના ૨૫મી** | |
| શ્રાવક પિતા તરીકેનો વારસો | ૨૩૩ |
| અપ્રસિદ્ધ અર્થને જણાવનાર તે શાસ્ત્ર. | ૨૩૪ |
| ભાવનમસ્કાર | ૨૩૪ |
| શ્રાવક પુત્રનો ભવાંતરમાં પશ્ચાત્તાપ | ૨૩૬ |
| આંબ પાલકનું વંદન | ૨૩૮ |
| **દેશના ૨૬મી** | |
| હિંદુ શબ્દની વ્યાખ્યા | ૨૪૦ |
| જિનેન્દ્ર પૂજા | ૨૪૧ |
| મૂર્તિની માન્યતા | ૪૪ |
| જૈન-જૈનેતરના દેવ, ગુરુ, ધર્મ | ૨૪૫ |
| **દેશના ૨૭મી** | |
| વિશ્વઉદ્ધારક શી રીતે બનાય ? | ૨૪૮ |
| વિશ્વબંધુત્વ. | ૨૫૨ |
| **દેશના ૨૮મી** | |
| હું એટલે કોણ ? | ૨૫૫ |
| આત્માની વ્યાખ્યા | ૨૫૮ |
| પાદશાહનો છેલ્લો હુકમ | ૨૬૦ |
| સપના ત્રણ કારણો | ૨૬૨ |
| **દેશના ૨૯મી** | |
| નિશ્ચય વ્યવહારના સમ્યક્ત્વાદિ | ૨૬૪ |
| શરતી ફોટો | ૨૬૫ |
| અશુચિકરણ યંત્ર શરીર | ૨૬૬ |
| બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા | ૨૭૨ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **દેશના ૩૦મી** | |
| આત્માનું સ્વરૂપ | ૨૭૫ |
| આત્માની ગુલામી | ૨૭૬ |
| સિદ્ધિ અને બુદ્ધિની માગણી | ૨૮૦ |
| આત્માજ દર્શન-જ્ઞાન-ચારિત્ર | ૨૮૧ |
| સમ્યક્ત્વનો સમન્વય | ૨૮૨ |
| **દેશના ૩૧મી** | |
| ઓરમાન પુત્ર જેવો ધર્મ | ૨૮૪ |
| નિકાચના પ્રતિબંધ અને પ્રતિબંધ વગરની ચીજો | ૨૮૬ |
| ભીખારી કરતાં પણ ધર્મને ભૂંડો ગણ્યો | ૨૮૭ |
| ધર્મ એ રમાન માતા. | ૨૮૯ |
| પુણ્ય પાપની ચતુર્ભંગી | ૨૯૦ |
| પ્રભુશાસન સિવાય તમામ પદાર્થ જુલમ કરનાર | ૨૯૧ |
| ફુરસદીયો ધર્મ | ૨૯૧ |
| કારણો મેળવો તો પછી કાર્ય આપોઆપ થઈ જશે. | ૨૯૩ |
| **દેશના ૩૨મી** | |
| સ્વરૂપથી ધર્મનું લક્ષણ | ૨૯૫ |
| ધર્મમાં પણ સુખની પ્રીતિ, દુઃખની અપ્રીતિ છે. | ૨૯૬ |
| ઉંદરનો ઉદ્યમ અને સોરંગનું ભાગ્ય. | ૨૯૭ |
| બાદશાહનો હુકમ અને બીરબલનો અમલ. | ૨૯૮ |
| નિરુપયોગી મૂલ્ય | ૨૯૯ |
| કીંમતા વસ્તુની નકલ ઘણી હોય. | ૩૦૦ |
| પરિણામ ધર્મ ક્યારે બને ? | ૩૦૨ |
| વૈયાવચ્ચનું વિચિત્ર ફળ. | ૩૦૨ |
| ગુરુ પરાવર્તનીય હોઈ શકે. | ૩૦૩ |
| **દેશના ૩૩મી** | |
| કંચન, કામિની, કુટુંબ અને કાયા ભૂખરી માટીના થાંભલા જેવા છે. | ૩૦૫ |
| રાજીનામું અને રજા. | ૩૦૭ |
| મેળવ્યું તે મેલીનેજ જવાનું છે. | ૩૦૭ |
| ભુખરું માટીના થાંભલા. | ૩૦૯ |
| સ્વાર્થીલા સગા ઉપર શેઠની કથા. | ૩૧૦ |
| નિકાચના પ્રતિબંધ વગરની ચીજ કઈ ? | ૩૧૩ |
| જન્માંતરનો અંક. | ૩૧ |
| ધર્મ શબ્દનો પ્યાર દરેકને છે. | ૩૧૬ |
| બુદ્ધિ ધર્મની છતાં ધર્મનો નાશ | ૩૧૮ |
| **દેશના ૩૪મી** | |
| વસ્તુના માલીક છતાં વ્યવસ્થા કરવાનો હક ક્યારે મળે ? | ૩૨૦ |
| સર્વભક્ષક કાળ. | ૩૨૧ |
| સિક્કો ઉપર કાળની અસર નથી. | ૩૨૨ |
| અનંતાની ભાગીદારીવાળું નિગોદનું શરીર | ૩૨૩ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| કિંમતી વસ્તુનો ઉપયોગ ગમે તેમ ન કરાય. | ૩૨૪ |
| લક્ષ્મીની જવાબદારી. | ૩૨૬ |
| **દેશના ૩૫મી** | |
| મનુષ્યગતિ જ માત્ર મોક્ષની નિસરણી | ૩૨૮ |
| નારકીની સિદ્ધિ | ૩૩૦ |
| નરક–તિર્યંચ ગતિ મોક્ષની નીસરણી નથી | ૩૩૪ |
| દેવગતિમાં પણ મોક્ષ નથી. | ૩૩૪ |
| **દેશના ૩૬મી** | |
| સ્વાભાવિક સુખ સિવાય દુનિયાનું સુખ શ્વાને હાડકાં ચાટવા જેવું છે | ૩૩૭ |
| ખાવાનું ન મળે તો ખાજનો ભૂકો ખાય પણ ભૂખ્યો શું કરવા રહે? | ૩૩૭ |
| બળતું ખોરડું કૃષ્ણાર્પણ કરવા તૈયાર નથી. | ૩૪૦ |
| પ્રથમ કંઇ ક્રાંતિની જરૂર પડે. | ૩૪૧ |
| **દેશના ૩૭મી** | |
| દુર્ગતિમાં પડતાને ધારી રાખે તે ધર્મ. | ૩૪૩ |
| પાપથી રોકનાર–દુર્ગતિમાં બચાવનાર ધર્મ. | ૩૪૬ |
| દુર્ગતિના મહેમાન પ્રદેશી રાજાને ધર્મે કેવી રીતે સદ્ગતિમાં સ્થાપન કર્યો? | ૩૪૮ |
| **દેશના ૩૮મી** | |
| ત્રિકોટિ દોષ રહિત શાસ્ત્ર. | ૩૫૦ |
| હિંસાદિકથી પાપ, તેની નિવૃત્તિથી ધર્મ, એ સર્વકાળ અને ક્ષેત્રમાં સિદ્ધ ચીજ છે. | ૩૫૧ |
| બીજા મતવાળાએ ઇશ્વરને કઈ જગ્યાપર સ્થાન આપ્યું? | ૩૫૩ |
| અજ્ઞો પ્રેરિતઃ જંતુઃ પુન્ય-પાપના સ્વભાવથી સુખદુઃખ થાય છે; નહી કે ઇશ્વરના કરવાથી. | ૩૫૫ |
| મૂર્તિ, ચરિત્ર અને વચન-દ્વારાએ દેવની પરીક્ષા. | ૩૫૭ |
| નીસરણી ચડવાનું સાધન પણ કૂવાના નીસરણી હોય તો? | ૩૫૮ |
| દેવના બાહ્ય લક્ષણો. | ૩૫૮ |
| મનુષ્ય, હાજરી માત્ર–મૂર્તિ, હજારો વર્ષો સુધી ઉપકાર કરી શકે. | ૩૬૦ |
| વિદ્યમાન તીર્થંકરો મનુષ્યના પણ પરિમિત ક્ષેત્રમાં ઉપકાર કરે છે જ્યારે તેઓની મૂર્તિ, સર્વ ક્ષેત્રો અને ત્રણેય ભુવનમાં ઉપકાર કરે છે? | ૩૬૦ |
| ક્યા વક્તાનું વચન શ્રોતાને અસર કરે? | ૩૬૧ |
| ત્રણ દોષ રહિત શાસ્ત્ર. | ૩૬૨ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| દયાની વાતો કરે પણ જીવનું સ્વરૂપ બરાબર ન જણાવે તો ? | ૩૬૩ |
| **દેશના ૩૯મી** | |
| આંતર મેલને પ્રક્ષાલન કરનારી ભગવંતની વાણી. | ૩૬૪ |
| શંકરાચાર્યે બીજાંકુર ન્યાયે જન્મ કર્મ અનાદિના માન્યા છે. | ૩૬૬ |
| નિશ્ચય વગરના મુસાફરનો મનોદશા | ૩૬૯ |
| કાર્યસિદ્ધિના ત્રણ કારણ. | ૩૭૦ |
| **દેશના ૪૦મી** | |
| અણીવાલાને બદલે પડીયાલી | ૩૭૨ |
| ચાર દહાડાની ચાંદરણી પછી ઘોર અંધારી રાત. | ૩૭૩ |
| **દેશના ૪૧મી** | |
| પુન્યાનુબંધી પુન્ય બાંધવાના રસ્તા. | ૩૭૫ |
| બધી ઇચ્છામાં જડ સુખની છે. | ૩૭૫ |
| તારું સોનું પૈસે તોલો મારું ૨૫) રૂ. તોલો. આ ચોકસી કેવા ગણાય ? | ૩૭૭ |
| પોતાના જીવની કિંમત ત્રણ લોકના રાજ્યઅધિક પારકાની કોડી જેટલી પણ નહિ. | ૩૭૭ |
| સર્વાંગ પરિપૂર્ણ સુખ જોઇએ | ૩૭૯ |
| સુખ મળ્યા પછી જવું ન જોઇએ, તેવું માંગે છે. | ૩૮૦ |
| લોભને થોભ હોતો નથી તે ઉપર બ્રાહ્મણ વિદ્યાર્થીની કથા | ૩૮૦ |
| જે પ્રમાણમાં સુખ જોઇએ તે પ્રમાણમાં સાધનરૂપ કર્મ કરવો જોઇએ. | ૩૮૪ |
| સ્વપ્નમાં સાપ વીંટાયો તેની અસર અને પાપ કરીએ તેની અસર કેટલી ? | ૩૮૬ |
| નવા લખેપી ભલે ન થાય પણ એક લખેશ્રી ભીખારી ન બનશો. | ૩૮૭ |
| હજારો સારાં કરતાં એક ખરાબ બહુ જ ખરાબ છે | ૩૮૮ |
| **દેશના ૪૨મી.** | |
| વરબોધી. | ૩૯૦ |
| દુનિયાદારીની અપેક્ષાએ સાધુ—ત્યાગી-ગાંડા. | ૩૯૨ |
| શુભ કર્મ બાંધવામાં જીવ સ્વતંત્ર. | ૩૯૨ |
| કોઇકવાર જીવ બળીયો, કોઇકવાર કર્મ બળીયાં. | ૩૯૪ |
| જેના યોગે તીર્થંકરનામ કર્મ ઉપાર્જન કરે, તે વરબોધિ સમ્યક્ત્વ ક્યારે ? | ૩૯૫ |
| **દેશના ૪૩મી.** | |
| સાન્વર્થ જગદ્ગુરુ કોણ હોઇ શકે ? | ૩૯૯ |

| વિષય. | પૃષ્ઠ |
| --- | --- |
| વીતરાગશાસન થવાનું કારણ | ૪૦૦ |
| અભવ્ય પણ કેવળસ્વરૂપ છે. | ૪૦૧ |
| વીતરાગ થયા પછી દેશના કેમ આપે? | ૪૦૨ |
| દેવત્વ એક ભવે સિદ્ધ ન થાય | ૪૦૪ |
| વરબોધિ અને સામાન્ય સમ્યક્ત્વ વચ્ચેના ઉદ્દેશનો આંતરો. | ૪૦૫ |
| સરકારી કેટલકેમ્પ અને પાંજરાપોળના ઉદ્દેશ વચ્ચેનો ફરક. | ૪૦૬ |
| તીર્થંકરપણું અપરાવર્તનીય. | ૪૦૭ |
| તીર્થંકરો જ જગદ્ગુરુ છે. | ૪૦૮ |
| **દેશના ૪૪મી.** | |
| ધર્મના હેતુઓ. | ૪૧૦ |
| નિર્ભય કોણ; સર્વશક્તિસંપન્ન કે દરિદ્રનારાયણ. | ૪૧૦ |
| જાનવરમાં ભક્ષ્યાભક્ષ્યનું જ્ઞાન છે | ૪૧૨ |
| ભવિષ્યનો ઉદય સંકલ્પાધીન છે. | ૪૧૩ |
| સાધકની શક્તિ સંયમ ઉપર આધાર રાખે છે. | ૪૧૪ |
| આંધળો વણે ને વાછડો ચાવે તેવી [illegible] દશા. | ૪૧૬ |
| ક્યા ગુણઠાણાવાળા આયખું બાંધી શકે ? | ૪૧૭ |
| સાધુ-સમાગમ વગરનું પરિણામ. | ૪૧૮ |
| **દેશના ૪૫મી.** | |
| આરાધના વિષયક વ્યાખ્યાન. | ૪૨૦ |
| મરણની ભીતમાં કાણું પાડ્યું નથી | ૪૨૧ |
| આંખ ચકોર છતાં અપલક્ષણવાળી. | ૪૨૨ |
| માસતુસમુનિની આરાધકતા. | ૪૨૩ |
| આરાધના કોની? | ૪૨૪ |
| **દેશના ૪૬મી.** | |
| દ્રવ્ય, ક્ષેત્ર અને કાળ આરાધના. | ૪૨૭ |
| ભાવનમસ્કાર. | ૪૨૭ |
| કૃષ્ણજી અને વીરાનું વંદન | ૪૨૮ |
| ભરતમહારાજા મરિચીને કઈ દૃષ્ટિએ વંદન કરે છે. | ૪૨૯ |
| ગુણના ધ્યેય વગર આરાધના નથી. | ૪૩૦ |
| આરાધનાના દ્રવ્યાદિક ચાર નિક્ષેપાઓ. | ૪૩૪ |
| ક્ષેત્ર આરાધના. | ૪૩૪ |
| ચોરીયાનું દૂધ આંખે ચોપડનાર, છતાં આંખ સારી કેમ થઈ? | ૪૩૫ |
| કાળ આરાધના. | ૪૩૬ |
| પર્વતિથિલોપકોને સાક્ષાત્કારની ચીમકી. | [illegible] |

# દેશવિરતિ ધર્મારાધક પ્રસંગે-

## દેશના-૧

**जिणधम्मो उ जीवाणं, अपुव्वो कप्पपायवो ।**
**सग्गापवग्गसुक्खाणं, फलाणं दायगो इमो ॥**

**કુટુંબ દેશના-**

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન દેવેન્દ્રસૂરિજી મહારાજ પોતાના મુખે શ્રાવકોનાં કર્ત્તવ્યો જણાવે છે. શ્રાવકે સાંજે કુટુંબ ભેળું કરી ધર્મોપદેશ આપવો જોઇએ. કારણ પોતે તેઓને ધર્મ કરતાં રોકયા છે. અમુકનાં ઉઘરાણી દુકાનાદિ કાર્યો સોંપ્યા. એટલે કે-વ્યાખ્યાન સાંભળવાના વખતે જુદાં જુદાં કાર્યો સોંપ્યાં. આખા કુટુંબને ધર્મશ્રવણ વખતે એ કામ શી રીતે ભળાવ્યું ? આડકતરી રીતે. એ રીતે કુટુંબવર્ગને ધર્મ સાંભળતાં અટકાવ્યો. જે ધર્મ પામી શકત, તે વખતે રોકયો. બધાંને લઇને ઉપાશ્રયે બેસે તો નિર્વાહ શી રીતે ચાલે ? ત્યારે શું કરવું ? તે માટે જે વ્યાખ્યાનમાં ધર્મ સાંભળ્યો હોય, તે સાંજે કુટુંબને સંભળાવવો. સેનાધિપતિ કહે કે--લશ્કર મારું કહ્યું નથી માનતું, તે વાત અસંભવિત નથી, પણ તેમાં સેનાધિપતિની નાલાયકી. લશ્કરને કબજામાં ન રાખે તો સેનાધિપતિ શાનો ? માટે તેમાં વાંક સેનાધિપતિનો છે. માસ્તર કેટલાક દિવસથી છોકરાને ઘેર ભણાવે છે. એક દિવસ છોકરો કહે છે કે-સાંજે આવો ત્યારે આઠ આનાનાં પાન લેતા આવજો. અરે....! હું નોકર છું કે મને આ કામ સોંપે છે? શેઠને માસ્તર કહે છે કે-મારું રાજીનામું લો, મારી કિંમત ન થાય ત્યાં નોકરી ન કરવી. શું થયું ? એમ શેઠ પૂછે છે. આમ કહે છે કે ' આવો ત્યારે આઠ

આનાનાં પાન લેતા આવજો.' શેઠ કહે છે કે—આ વાતની મને ખબર પડી હોત તો હું તમને રજા આપતે. પાંચ પાંચ વરસમાં માસ્તરે છોકરાને આટલોજ કેળવ્યોને ? જે છોકરો માસ્તર પાસે ભણ્યો, તે માસ્તરની કિંમત ન સમજી શક્યો, તે માસ્તરે શું ભણાવ્યું ? તેમ લશ્કરનો માલિક ફરિયાદ કરે કે—મારા કબજામાં લશ્કર નથી, તો તે સેનાધિપતિની નાલેશી છે.

**કીંમતી ચીજની નકલ હોય.**

માટે બચ્ચાંઓનો મનુષ્ય જન્મ બગડે, પાપના રસ્તામાં જાય, તે બધો માબાપના અથવા કુટુંબના આગેવાનને માથે દોષ છે. માલિક મહેનત કરે ને કુટુંબ ન સુધરે તો આગેવાન દોષિત નથી; માટે દરેક શ્રાવકને અંગે ફરજ તરીકે જણાવ્યું છે કે—સાંજે આખા કુટુંબને એકઠું કરી ધર્મોપદેશ આપવો. પ્રથમ ધર્મમાં સ્થિર કરવા, પછી ધર્મનો મહિમા જણાવવો. સ્થિર કરવા માટે આ ગાથાઓ દેવેન્દ્રસૂરિ પોતાના મુખે જણાવે છે. આ ગાથા શ્રાવકના મોંઢાની છે. એટલે કે શ્રાવક આમ પોતાના કુટુંબને કહે છે, એમ કહી શ્રી દેવેન્દ્રસૂરિજી આમ અનુવાદ કરે છે:— આ ઉપદેશનો વિધાયક શ્રાવક. **'जिनधम्मो उ जीवाणं'** જગતમાં ધર્મ એક નથી, અનેક છે. દુનિયામાં કોઇપણ નકલી ધૂળ બનાવતો નથી. કોઇ નકલી લોઢું, તાંબું બનાવતો નથી. ચાંદી, સોનું, હીરા, મોતી, નોટો, રૂપિયા નકલી બનાવે છે. શું ધૂળ, લોઢું, તાંબું ના કહે છે, કે મને નકલી ન બનાવીશ ? જે વસ્તુ કિંમતી છે તેની જ દુનિયા નકલ કરે છે. વસ્તુ વધારે કિંમતી તેમ તેની નકલો વધારે વધારે. અણસમજુ નકલોથી ગભરાય. જેણે સાચો પદાર્થ લેવો છે તેણે તો નકલીથી બચવું જોઇએ. પદાર્થ કિંમતી હોય તેમ દુનિયામાં

તેની નકલો હોય છે. એક વસ્તુથી ઘણી વસ્તુ આવે, તો તે વસ્તુ કિંમતી હોય. એક રૂપિયાના ૧૬ આના આવે તો રૂપીયો કિંમતી. એક ધર્મથી શું શું મળે છે? મનુષ્ય-પણું, નિરોગીપણું આદિ તમામ ધર્મથી મળે છે, તો ધર્મ કિંમતી છે. તે ધર્મની નકલો જગો જગો પર ઘણી મળવાની. જેની વધારે નકલો છે તે જ કહી આપે છે કે આ ધર્મ વસ્તુ કિંમતી છે. ધર્મ કિંમતી છે તો જ તેની નકલ ઘણી થવાની.

હવે જૈન ધર્મ અસલ કે નકલ તેનો શો પુરાવો? આપણે દરેક ધર્મવાળાને પૂછીએ કે ધર્મ કરાય છે શા માટે? તો સર્વ ધર્મવાળાઓને આ વાત બરાબર કબૂલ છે, કે ધર્મ આત્મકલ્યાણ માટે જ કરવામાં આવે છે. સર્વ એ વાતને તો મંજૂર કરવાના કે ધર્મ આત્મકલ્યાણ માટે જ કરાય છે, તો કલ્યાણ શામાં છે? જંજાળ માયાના ફાંસામાંથી જેટલા બચાય, ક્રોધાદિક ઓછા થાય, ઇન્દ્રિયોનો કબજો મેળવવામાં કલ્યાણ, માન-સિક વેગો પર કબજો—અંકુશ મેળવવામાં કલ્યાણ, જ્યારે આ વાત નક્કી થઇ તો એવો કયો ધર્મ છે, કે જે સર્વથા ઇન્દ્રિયોના તેમજ મન, વચન, કાયાના કાબૂને આગળ કરે છે, અને ક્રોધાદિકને મંદ કરવાના ઉપાય બતાવે છે? જિનેશ્વર મહારાજના ધર્મ સિવાય ઉપરોક્ત ધ્યેય કોઇ રાખી શકતું નથી. બીજાઓએ પરમેશ્વર શા માટે માન્યા? હવા—ઝાડ, પહાડ, પાણી બનાવી આપ્યા તેથી પરમેશ્વર માન્યા. જેને આત્મકલ્યાણનું લક્ષ્ય નથી, તેવાને દેવ માન્યા. વીતરાગ સર્વજ્ઞને દેવ માન્યા હોય તો માત્ર જૈનોએ. પૌદ્ગલિક પદાર્થ આપનાર કે હરનારને દેવ તરીકે માન્યા નથી. વીતરાગતા, સર્વજ્ઞતા, અને ક્ષીણમોહનીયને અંગે

દેવપણું માન્યું છે. કુળ, જાતિ, દેવ, ગોત્ર કે ગામને નામે ગુરુ માન્યા નથી. પાંચે પાપને પરિહરનારા ત્યાગી ગુરુ જોઇએ. જેઓ કલ્યાણને માર્ગે ચડે અને બીજાને ચડાવી શકે. તેમ બીજાઓએ કન્યા, ખેતર દેવા તેમાં ધર્મ મનાવ્યો. જૈનોએ ત્યાગ, વૈરાગ્ય સંવરમાં ધર્મ માન્યો. આવો જૈનધર્મ હોવાથી કુટુંબી પોતાના કુટુંબને જણાવે છે કે આપણે જે જૈનધર્મ પામ્યા છીએ, એ જૈનધર્મ-કલ્પવૃક્ષ જેવો છે. બીજો ધર્મ પામવો સહેલો છે, પરંતુ જૈન ધર્મ પામવો કઠીન છે. આ જીવ અનંતી વખત જુગલીયામાં જઇ આવ્યો છે, ત્યાં અનંતી વખત કલ્પવૃક્ષ પામ્યો છે, પણ જૈનધર્મરૂપી કલ્પવૃક્ષ પામ્યો નથી. તેમ શાથી ? ક્ષાયોપશમિક સમ્યક્ત્વ અસંખ્યાતી વખત પમાય છે, તેમ આ જીવે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ લીધું હશે તો ? વાત ખરી, પરંતુ ભણેલો ભૂલી જાય તે ફેર તૈયાર કરવા બેસે, ને નવો તૈયાર કરવા બેસે, એ બેમાં ફરક છે કે નહીં ? જો તેમાં ફરક છે, તો પ્રથમ સમ્યક્ત્વ પામી વમે ને પછી ફેર સમ્યક્ત્વ પામે તો ઊંચી દશાનું સમ્યક્ત્વ પામે. એ સ્થિતિ હોવાથી માનવું પડે છે કે આપણે તો પહેલવહેલા જ ધર્મ પામીએ છીએ. નહીંતર કંઇ ઊંચી દશા હતે. આ જ કારણથી સમ્યક્ત્વ પહેલાં અપૂર્વકરણ રાખ્યું છે. ઘણા ભાગે નવા સમ્યક્ત્વ પામનારા, નવા ધર્મ પામનારા ઘણા ઓછા હોય છે. આ ધર્મનો લાભ અપૂર્વ છે. કલ્પવૃક્ષ અનંતી વખત આ જીવને મળ્યા છે, પણ જૈનધર્મ આ જીવને મળ્યો નથી. કલ્પવૃક્ષ પૌદ્ગલિક ચીજ માટે કામ લાગે છે. ધર્મ આત્મિક તેમજ પૌદ્ગલિક બંને સુખ આપી શકે છે. કલ્પવૃક્ષ ભોગવનારા યુગલીયા કાળ કરી દેવલોકમાં જાય તો જુગલીયાથી વધારે આયુષ્યવાળા દેવલોકમાં

# દેશના—૨

**अन्नन्नदेसाण समागयाणं, अन्नन्न जाईइ समुब्भवाणं।**
**साहम्मियाणं गुणसुट्ठियाणं, तित्थंकराणं वयणं ठियाणं ॥**
श्रा. दि. कृ.

**સાધર્મિક ભક્તિ.**

શાસ્ત્રકાર મહારાજા શ્રી દેવેન્દ્રસૂરિજી, જીવોના ઉપકાર

---

ન જાય. અહીં ત્રણ પલ્યોપમ આયુ હોય તો ત્યાં ત્રણથી વધારે નહીં. ધર્મ એવો કલ્પવૃક્ષ છે કે જેનો આશ્રિત, નવ વરસની જિંદગીમાં ૩૩ સાગરોપમની સર્વાર્થસિદ્ધિની સ્થિતિ પણ મેળવી શકે! કલ્પવૃક્ષમાં માગો તે જ મળે, વગર માગ્યે ન આપે. ધર્મ કલ્પવૃક્ષ પાસે માગવું ન પડે. તમારી ચિંતવનામાં ન હોય તેવી ચીજ પણ આપે છે! બધા દેવલોકો દઇ શકે છે. કોઇ જગો પર એવું સ્થાન નથી કે તમને ત્યાંથી સિદ્ધિની જેમ ગર્ભાવાસાદિક દુઃખ નહીં હોય. સિદ્ધિમાં જે સુખ છે તે અનંતા પુદ્ગલપરાવર્ત જાય તો પણ ઓછું થવાનું નહીં. સિદ્ધિસુખ મેળવ્યું તે મેળવ્યું જ, મેલવાનું નહીં!

દુનિયામાં તો બધું મેળવ્યું તે મેલવાના જ. ૧૪ રાજલોકમાં જ્યાંથી મેળવો ત્યાંથી મેલવું જ પડશે—મેલવું જ પડે, જ્યારે મોક્ષ પછી મેલવાનું જ નહિ! તેથી અપૂર્વ સ્થાન મોક્ષ છે. મોક્ષમાં કોઇપણ આત્મગુણ ઓછો થાય નહીં. તેવો મોક્ષ ને દેવલોક આપનાર હોય તો માત્ર ધર્મ જ છે! તે પણ જિનેશ્વર ભગવંતે કહેલો જ! તેવા ધર્મમાં હંમેશાં દૃઢ રહેવું જોઇએ. એ સમજી જેઓ કુટુંબને ધર્મમાં સ્થિર કરશે તે આ ભવ પરભવમાં કલ્યાણ પામી મોક્ષસુખને વિષે બિરાજમાન થશે.

માટે શ્રાદ્ધદિનકૃત્ય ગ્રંથ રચતાં-શ્રાવકે કેવી રીતે ધર્મક્રિયા કરી દિવસ સફળ કરવો તે વાત જણાવી ગયા. આ જ કારણથી તમારે પડિક્કમણામાં '**विवरीय परुवणा**' બોલવું પડે છે. શ્રાવકને સભાબંધી વ્યાખ્યાનની જ રજા નથી. સાધુમાં પણ દરેક સાધુને વ્યાખ્યાનનો અધિકાર નથી. ધર્મ નિરૂપણ કર્યો જિનેશ્વર મહારાજે, પણ શ્રાવકોને ઢંઢેરો-દેશનાધિકાર જણાવ્યો નથી. જો કે શહેન-શાહી ઢંઢેરો બધાને જાણવાનો છે, છતાં તે ઢંઢેરો સંભળાવે કોણ ? શેરીફ સંભળાવે. તેમ ધર્મ નિરૂપણ કર્યો જિનેશ્વર મહારાજાએ; પણ તે ધર્મ સાધુ જ બીજાને સંભળાવે. તે ધર્મ જાહેર કરવાની યોગ્યતા શ્રાવકમાં નથી. જિનેશ્વર મહારાજના ધર્મને નિરૂપણ કરવાને માટે સાધુ જ યોગ્ય છે. આશ્રવ રોકનાર, સંવર પેદા કરનાર, મોક્ષ સિદ્ધ કરનાર એવો ધર્મ જિનેશ્વરનો હોય. તેથી હેમચંદ્ર મહારાજાએ કહ્યું કે-આ લાંબું લાંબું પીંજણ છે. આમ કહેવામાં શાસ્ત્રો ઉપર અનાદર નથી, પણ શાસ્ત્રોમાં ઘણું સૂક્ષ્મ વિવેચન છે એમ કહે છે. કપાસ હોય તો પીંજણ થાય, હવાનું પીંજણ નહીં થાય. તેમ આશ્રવ સદા હેય, ઉપાદેય સંવરઃ, જેમ ઘી-ખીચડીના બે અક્ષર તેમ જૈનશાસનના બે અક્ષર. પછી એનો વિસ્તાર ગમે તેટલો થાય. જે જે કર્મ-બંધનના કારણો તે બધાં આશ્રવ હોવાથી છાંડવા લાયક છે. કર્મ રોકવાનાં કારણ તેનું નામ સંવર, તેજ આદરવા લાયક છે. આ જ વાત ધ્યાનમાં આવશે, ત્યારે સામાયક પારું, તે વખતે ગુરુમહારાજ **पुणोऽवि कायव्वम्** અર્થાત્ ફરી સામાયક કરવા લાયક કહે છે. એ પછી '**आयारो न मोतव्वो**' આ પાર્યું પણ સામા-યકનો આદર હવે ન છોડીશ. પારતી વખતે પણ કઇ છાયા ! જૈનશાસનનું આજ મુદ્રિજ્ઞાન છે. જે જે કર્મ બાંધવાનાં કારણો તે

છાંડવા લાયક, ને જે જે કર્મ છોડવાનાં કારણો તે આદરવા લાયક. આ મુષ્ટિજ્ઞાનનો જ એ પછી વિસ્તાર છે. આશ્રવને રોકયો. સંવર શું કરે છે? સંવર તપસ્યારૂપી બળને ઉત્પન્ન કરે છે. સંવર નિર્જરા લાવશે. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય મહારાજ કહે છે કે—

**आश्रवः सर्वथा हेयः, उपादेयश्च संवरः । आश्रवो भवहेतुः स्यात्संवरो मोक्षकारणम् ।**
**इतीयमार्हती मुष्टिरन्यदस्याः प्रपञ्चनम् ॥**

જૈન શાસનના બે જ શબ્દો. આશ્રવો સર્વથા છાંડવા લાયક છે, સંવર આદરવા લાયક છે. તેથી સામાયક પારવાનો દાખલો આપ્યો. ધર્મ કોણ કરે? આશ્રવ સંવર જાણે તે ધર્મ કરે. કર્મ આવતા રોકવાનાં કારણો જાણી શકે—જાણે તેજ ધર્મ કરી શકે. આત્માને જાણનારા ફક્ત કેવળજ્ઞાની. આથી જિનેશ્વરે કહેલું તત્ત્વ. તમને જિનેશ્વર ક્યારે કહેવા આવ્યા? ભલે પોતે આપણને કહેવા નથી આવ્યા; પણ આચાર્ય, ઉપાધ્યાય, સાધુ—ત્રણે. પોસ્ટમેન (ટપાલી) કહે છે. પોસ્ટમેનને ખાતે ચેક આવ્યો હોય તો જમે નથી કરતાં તેમ આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુ, ભગવાનના પોસ્ટમેન. જિનેશ્વરે જે તત્ત્વો બતાવ્યા તેજ તત્ત્વો આચાર્યાદિ કહે છે.

અરિહંત મહારાજે કહેલું છે તે અપેક્ષાએ સાચું માનીએ છીએ. શાહેનશાહે ઢંઢેરો આખા દેશના માટે કાઢ્યો છે, છતાં પણ ઢંઢેરો કોણ સંભળાવી શકે? શેરીફ. તેમ જિનેશ્વરે કહેલો ધર્મ નિરૂપણ કોણ કરે? આચારકલ્પ જાણનાર, નિશીથ સૂત્ર જાણનાર જ સાધુ. જો તેવા સાધુ ધર્મ—પ્રરૂપણા કરી શકે, તો પછી શ્રાવકને વિપરીત પ્રરૂપણાનું પડિક્કમણું શાનું? તો તે માટે દેવેન્દ્રસૂરિમહારાજ જણાવે છે કે—આપણાં કુટુંબને આપણે કાનમાં રોકયું,

ધર્મ વખતે બીજું કામ ભળાવ્યું, તો ધર્મનો અંતરાય કહેવાય કે નહીં ? અન્યાયને નોતરું. ન્યાય કરનારને બીજા કામમાં જોડી દો એટલે અન્યાયને નોતરું દીધું ગણાય. બીજાને બીજા કાર્યમાં રોકો એટલે એ ધર્મ કરી શકે નહીં. કપડાં મેલાં થવાના જાણ્યા છતાં પહેરવા પણ પડે અને ધોવા પણ પડે. સાંજે શ્રાવકની ફરજ છે કે-જે ધર્મની પ્રતીતિ થઇ, તે સાંજે કુટુંબની આગળ સ્વરૂપ સમજાવે, તેમાં વિપરીત પ્રરૂપણા થઇ હોય તેનો હું મિચ્છા મિ દુક્કડં દઉં છું. વ્યાખ્યાન સાંભળનારની ફરજ થઇ કે-સાંજે બધાં કુટુંબને એકઠા કરી ધર્મોપદેશ આપે. મારવાડી, પંજાબી, ગુજરાતી વગેરે પોતાની નાત, જાત, વાળા છે; છતાં તે તે દરેકમાં દેશને અંગે સરખા. શે પાડવામાં આવે છે. દેશના સંસ્કાર પાડવા જાતિ નાતિ એ વસ્તુઓ જોવાય છે. જેમ લશ્કરમાં યોદ્ધા જુદા જુદા દેશના હોય તોપણ માત્ર જીત આપણી થાય તેટલું જ સાધ્ય હોય. તમે સાધર્મિકના સમાગમમાં આવો, સાધર્મિક મળે ત્યારે અન્ય અન્ય જુદા દેશોથી આવેલ સાધર્મિકો અન્ય અન્ય જાતિઓ અને અન્ય અન્ય ન્યાતિઓના હોય તો પણ માત્ર બધા સાધર્મિક બંધુ જ ગણાય. જેમ જય મેળવવાના મુદ્દાથી એકઠા થએલા સૈનિકો ભલે જુદા જુદા દેશના હોય, જુદી જુદી જાતોથી ઉત્પન્ન થએલા હોય, પરંતુ તેમાં દેશ તરીકે, કુળ તરીકે ભેદ રખાય તો લશ્કર જીતી શકે નહીં. દેશ, જાતિ, કુળભેદ જયમાં કોરાણે મૂકવા પડે. તે દેશ જાતિ કુળ છોડી દેતાં નથી. પણ કાર્યમાં ભેદ રાખવામાં આવે તો જીતનું કાર્ય બનાવી શકે નહીં. એક વાત સર્વ ધર્મિષ્ઠોએ લક્ષમાં રાખવાની છે. આપણે મોહ મલ્લને જીતવાને માટે સૈનિક છીએ. સૈન્યમાં જનરલ કર્નલ સૈનિક હોય પણ ધ્યેય એક જ

હોય. મોહને તજવા માટે તૈયાર થએલા સૈનિકો કોણ? જૈન શાસન માનનારા. તે સૈનિકોમાં દેશ, જાતિ, કુળનો ભેદ આડો આવી શકે નહીં. રાજાની વફાદારી કરનાર, રાજને વફાદાર રહેનાર બધા રાજ્યના સેવકો છે. એવી રીતે અહીં જેઓ જિનેશ્વરના ધર્મને માનનારા છે તે બધા સાધર્મિકો છે. સમાન ધર્મથી પ્રવૃત્તિ કરનારા સાધર્મિક બંધુઓ છે. " **जैनधर्म विनिर्मुक्तो मा भुवं चक्रवर्त्यपि । स्यां चेटो दरिद्रोऽपि जैनधर्माधिवासितः ॥**

જૈનધર્મના સંસ્કાર વગર એક વખત છ ખંડ, ૧૪ રત્નો, નવે નિધાન મળી જાય તો પણ તે પરિણામે સુંદર નથી. જૈનધર્મના સંસ્કાર વગરનો ચક્રવર્તી પણ ન થાઉં. જૈન ધર્મવાળું ગુલામ-પણું ચાહે છે, પણ જૈનધર્મ રહિત ચક્રવર્તિપણું ચાહતો નથી. અન્યમતમાં જણાવ્યું છે કે–મુનિએ માધુકરી વૃત્તિ જ લેવી. બીજે માધુકરી વૃત્તિ ન મળે તો મ્લેચ્છ કુલથી પણ લેવી. બ્રાહ્મણ જાતિના ઋષિઓ આમ કહે છે. મ્લેચ્છ કુળથી પણ માધુકરી વૃત્તિ લેવી. એક કુળથી તો બૃહસ્પતિ સરખાને ત્યાંથીય એક ઘરની વૃત્તિ ન કરવી. દેવતાનો ગુરુ બૃહસ્પતિ. જ્યાં બધું પવિત્ર હોય તેવા સ્થાનેથી પણ એકાન્ન ન લેવું. અહીં મ્લેચ્છ કુળની છૂટ આપી. બૃહસ્પતિનાં ઘરની મનાઇ નથી કરી, પણ તત્ત્વ સમજવાની જરૂર છે.

**जैनधर्मविनिर्मुक्तो, मा भुवं चक्रवर्त्यपि ।**
**स्यां चेटो दरिद्रोऽपि, जैनधर्माधिवासितः ॥**

શા માટે તેમ કહ્યું ? હું દરિદ્ર થઉં. દરિદ્રપણાની આશંસા કે નિયાણું નથી કરતો. નવ નિયાણામાં એવું પણ નિયાણું ચાલ્યું છે. નવ નિયાણામાં એવો પણ પ્રકાર ચાલ્યો છે. કોઇ

દીક્ષા લેવા તૈયાર થાય છે. કુટુંબી, રિદ્ધિનાં બંધનો નડે છે. ભવાંતરમાં પણ આવા બંધનો હશે, તો નડશે; માટે ભવાંતરમાં કુટુંબ, રિદ્ધિ ન હોય તેવા સ્થાને જન્મવું જેથી દીક્ષામાં મને કોઇ ન રોકે. આ નિયાણું દીક્ષાની ભાવનાએ કર્યું છે. દીક્ષામાં કેટલા કેટલા વચમાં આડા આવતા હશે. આવા પણ નિયાણાના પ્રકારો છે. તેમ અહિં પણ હું ગુલામ થઉં એમ નિયાણું નથી કરતાં. તેટલા માટે અપિ શબ્દ મેલ્યો. ધર્મનો પ્રભાવ જણાવ્યો. ગુલામ પણ થઉં. ગુલામ જ થઉં તેમ નહીં. આકાશવૃત્તિનું જીવન હોય તેવા પ્રસંગે ગુલામી પણ કબૂલ, પણ એક વસ્તુ થાય તો–'જૈન ધર્મની વાસનાવાળો થાઉં' જૈન ધર્મ વગરનો ચક્રવર્તી પણ ન થાઉં. અહીં જૈન ધર્મની આટલી પ્રબળતા મુખ્યતા બની. કુટુંબમાં જન્મેલા જીવો તે તમારા સાધર્મિકો શાથી? જિનેશ્વર મહારાજનો જે ધર્મ આપણે માનીએ છીએ તેને તેઓ માનતા હોવાથી.

**સાધર્મિકોનો પ્રતાપ.**

તમે જે ધર્મ પામ્યા છો, પામો છો, પામી શકશો તે સાધર્મિકોના જ પ્રતાપે. મોટું શહેર હોય ને એકલો શ્રાવક હોય તો તે દહેરાસર, સાધુ, સાધર્મિકોનો લાભ મેળવી શકે? દહેરાનો, સાધુનો, સાધર્મિકોનો લાભ સાધર્મિકોના જ પ્રતાપે મળે છે. એટલા માટે કહે છે કે એ તને ધર્મમાં કેટલા મદદકર્તા–સહાયક છે. તે ધ્યાન દે. સાધર્મિક નામધારી નથી. પોતે ગુણવાન બનવા અને પોતાને ગુણવાન બનાવવા દરેક ચહાય છે; પણ શાસ્રકાર કહે છે કે–બીજાને ગુણવાન માનતા શીખ. બીજાના ગુણોની કિંમત અધિક ગણે તેજ માર્ગમાં આવી શકે માટે કહે છે કે–રાજગૃહીમાં કાળા મહેલમાં ધર્મી પેઠા–ધર્મીના

મહેલમાં બધા પેસી ગયા. એ પાછા દુનિયાને અધર્મી કહેવા તૈયાર થાય છે! શાસ્ત્રકાર કહે છે કે—પોતાને અધર્મી માને તેજ ધર્મી. પોતાના અલ્પ અધર્મને મોટું રૂપ આપે તે ધર્મી. આ સ્થિતિ હોવાથી બારવ્રતધારી શ્રાવકો કાળા મહેલમાં પેઠા. અમારો પ્રમાદ દોષ ખરેખર ભયંકર છે. આ માનનારા કાળા મહેલમાં પેઠા હતા તેઓ પોતાના અવગુણો જોતા ને ટાળવા તૈયાર થતા. સામાયિકમાં પ્રતિજ્ઞા કરી, સમ્યગ્દર્શનાદિ ત્રણે સ્વરૂપ જેમાંથી નિપજે તે મારે કરવું. પાપ વ્યાપારો બધા છોડું છું. 'કરેમિ ભંતે સામાઇયં' બસ. 'તસ્સ ભંતે૦' જે મેં જ્ઞાનાદિના કાર્યો ન કર્યાં હોય, સાવદ્ય કાર્યો કર્યાં હોય, તેનું પ્રતિક્રમણ, નિંદન, ગર્હન કરું છું. પાપમય આત્માને વોસિરાવું છું. કરેલાં પાપોનું નિંદન ગર્હન ન કરે તેનું સામાયિક બને ખરૂં? આત્મા ગુણ માટે પ્રતિજ્ઞા કરે છે. નવી પ્રતિજ્ઞા કોની સફળ? જે ભવિષ્યના ભૂતના દોષોને પ્રતિક્રમણ નિંદન, ગર્હન, કરવાવડે કરીને વોસિરાવે તેની જ ભવિષ્યની પ્રતિજ્ઞા સફળ છે. બીજા બધા અવગુણો હોય તો પણ તેનામાં જે અંશે ધર્મ રહ્યો છે તે ધ્યાનમાં લ્યો. નહીંતર છદ્મસ્થ આચાર્ય ઉપાધ્યાયને શી રીતે માની શકાય? તેઓ વીતરાગ સર્વજ્ઞ નથી થયા છતાં તેમનામાં મહાવ્રત ધર્મ જબરજસ્ત છે, તેથી તેમને માનીએ છીએ. જિનેશ્વર મહારાજને શરણે આવ્યો તે ઘેલોગાંડો પણ જિનેશ્વર જેવો જ. રાજાનો પટ્ટો બાંધી આવે તો પણ રાજા જેવો જ ગણાય. પટ્ટાવાળામાં કશી અક્કલ નથી, છતાં રાજાનો હુકમ ઝટ માની લેવો પડે છે, તો જેણે જિનેશ્વરનો પટ્ટો લીધો છે—હું જૈની એમ કહે છે, તેની સાથે ભેદ કેમ રખાય?

મેતારજ મુનિને સોનીએ વાધર—ચામડાની દોરી ભીંજાવીને

માથે વીંટી તડકે ઊભા રાખી મારી નાંખ્યા. મુનિ જેવી ઉત્તમ વ્યક્તિને વાધર વીંટી મારી નાંખ્યા. એવા ભદ્રિક જીવને વાધર વીંટી તડકે ઊભા રાખી ઘાતકીપણે મારનાર એ મનુષ્ય સાધુનો વેષ પહેરીને બેસે છે. શ્રેણિકના સુભટો આવ્યા. બારણા ઉઘાડ. ધર્મલાભ બોલે છે. સુભટોથી ત્યાં કંઇ ન થયું. ધર્મ-લાભ બોલનાર સામે કંઇ રાજના નોકરથી સત્તા ન ચલાવાય. ખૂનમાં મુનિમહારાજ, તે પણ શ્રેણિક રાજાના જમાઇ! તેનું ખૂન. આવું જુલ્મી કાર્ય છતાં સત્તાવાળાઓને થંભી જવું પડયું. મગધ દેશના માલિકને પોતાને તે સ્થળે આવવું પડે છે. જમાઈ એક સાધુ તેનું ખૂન. શ્રેણિકે દ્વાર ખોલવા કહ્યું ત્યારે ધર્મલાભ. શ્રેણિક કહે-ગુનો માફ છે, ખોલ. ખોલ્યું, બનાવ જાણ્યો. આ સાધુપણું છોડયું તો આખા કુળને ઘાંચીની ઘાણીએ પીલીને મારી નાંખીશ. મારા જમાઇ તથા સાધુમહારાજનું ખૂન કર્યું છતાં આ ધર્મલાભ ને વેષના પ્રતાપે છોડું છું. આખા રાજ્યમાં ધર્મનું કેટલું સન્માન હશે? સાધર્મિકો કેવી સ્થિતિએ ગણાતા હશે?

દરેક જીવ સાથે દરેક સંબંધો અનંતી વખત મેળવ્યા પણ સાધર્મિક તરીકેનો સંબંધ હજુ મળ્યો નથી. જે સાધર્મિકો જિનેશ્વર મહારાજનો ધર્મ માને છે, તે ધર્મના ગુણમાં જેઓ રહેલા છે, તેઓ વ્યાખ્યાન સુણતાં હોય, ત્યાં પ્રભાવના હોય, તો પતાસા લેવા એકઠા થયાં છે તેમ કહો છો: પણ વૈષ્ણવના મંદિરે ચાંદીના વાડકા વહેંચો ત્યાં કોઇ જાય છે? પતાસા આલંબન ભલે હોય. નવા જોડાય, ધર્મને પામે. ધર્મના બે અક્ષરો સાંભળે એટલે ધર્મમાં જોડાય. આથી જ ભાવના સર્વ કર્મને નાશ કરનારી કહી છે, છતાં તેના કરતાં પણ પ્રભાવના અધિક કહી છે. પગથીયે માત્ર ચડ્યો તો પણ ધન્ય ભાગ્ય. અનંતીપુણ્યની રાશીએ મનુષ્યપણું મળે તેમ તેવી પુણ્યની

શથી એકઠી કરી હોય ત્યારે અહીં પગથીયે ચડે. તેને ગુણ થવાની દિશા તરફ આપણું લક્ષ્ય નથી. એથી જ પતાસાની કિંમત ગણી, ગુણના લાભની કિંમત ન ગણી. પોતાને જૈની કહેવડાવનારા પણ ક્યાં મળવાના છે? જે ગુણીઓ, ધર્મિષ્ઠો, સાધર્મિક તરીકે કહેવડાવનારાઓ ચાહે જેવા હોય; પરંતુ તેઓ અંશેય તીર્થંકરની આમન્યામાં-આજ્ઞાને સમજનારા છે. નહીંતર 'ભગવાન ગયા ભડકે' તેમ કોઇ જૈન બોલ્યો? તીર્થંકરના વચનમાં જે સ્થિર છે, તેવા સાધર્મિકોની ભક્તિ સર્વ પ્રકારે કરવી જોઇએ, અવશ્ય આપણું કર્તવ્ય છે. આવા સાધર્મિકની ભક્તિ જિનેશ્વરની ભક્તિને અંગે સાવદ્ય નહિ જ કરૂં, નિરવદ્ય જ કરૂં એવું કાંઇ વિચારો છો? ચાંદીના નિરવદ્ય ફૂલ મેલું, સાવદ્ય સચિત્ત ફૂલ શા માટે મેલું? તેમ વિચારતા નથી. તેમ શ્રાવકને 'ભક્તિ,' તેજ ધ્યેય હોવું જોઇએ.

**સાધર્મિકને પહેરામણી.**

આચાર્ય મહારાજા દેવેન્દ્રસૂરિજી મહારાજ શ્રાદ્ધદિન- કૃત્યમાં પહેલી ગાથામાં સાધર્મિકોની ભક્તિ કેવી રીતે કરવી? તે જણાવતાં તેમાં દેશ, કુળ, જાતિનો ભેદ અવકાશ પામવો ન જોઇએ, એમ જણાવે છે. સાધર્મિકમાં માત્ર જિનેશ્વરની માન્યતા, ગુણમાં મજબૂત, વર્તન સમાન, જિનેશ્વરનો ધર્મ તે આધારે જ પ્રવૃત્તિ, ગુણમાં નિશ્ચલપણું જોવું. આ જોઇને સાધર્મિકોની ભક્તિ કરવી. કઈ રીતે કરવી? પેથડશાહ જાંજડશાહના અધિકાર સાંભળો છો? શ્રાવકે દરેક વર્ષે આખા વરસમાં એક વખત આખા સંઘને નિમંત્રણ કરવું ને પહેરામણી આપવી. બાળકને બાળકનો આખો વેષ. બાલિકાને તેનો જ વેષ હોય ને યુવાનોને પાઘડી સુધીનો વેષ. બધાને એને લાયકના વેષો આપવા તે પહેરામણી. 'પરિધાપનિકાપૂર્વક'—એ જ વાત અહીં કહે છે.

ઉત્તમમાં ઉત્તમ વસ્ત્રો લાવી દરેક સાધર્મિકોને આપવા. તે સાધર્મિક ભક્તિનો પ્રકાર એકલા વસ્ત્ર આપવા? **अन्नं च दुर्भिक्षाद्यौ** દુષ્કાળ વિગેરે કારણોમાં અનાજ ઘેર ઘેર મોકલવું તેનું નામ સાધર્મિક ભક્તિ. કેટલાકો નિરવદ્ય ભક્તિ જણાવે છે. શાસ્ત્રકાર અનાજ મોકલવા કહે છે. પાણી પીવાનું, કૂવા તળાવના પાણી બધાંને મળે છે. પણ જે જે વખતે પાનની જરૂર, તે તે વખતે બધી જાતના પાણીઓ પણ સાધર્મિકોને આપવા તે પણ સાધર્મિક ભક્તિ છે. નિરવદ્ય માનીએ તો સિદ્ધાચલજી ઉપર પરબ બેસારશો, તો કેવા ગણવા? વસ્ત્ર, અનાજ, પાણી આપવા દ્વારાએ ભક્તિ. દરેક જાતનું ભોજન, ખોરાક ખાદિમ. હવે ખાદિમમાં કહી એમ લઇએ, એલચી, સોપારી, લવીંગ આપ્યું તો ચાલે? ખાદિમમાં ત્યાં સુધી પહોંચે છે કે ફૂલો આપવા તે પણ સાધર્મિકની ભક્તિ! ગોટાઓ આપવા, નાગરવેલના ડમરા વગેરેના પાંદડાં અને સોપારીઓ, વસ્ત્ર, અનાજ, પાણી, ખોરાક, ખાદિમ ઉપલક્ષણથી સ્વાદિમ આપવા દ્વારાએ સાધર્મિકોની ભક્તિ. જે મનુષ્ય શ્રાવકપણું શોભાવા માંગતો હોય તેવા મનુષ્યને-( જે જે સારા શ્રાવકો ) આ કરવા લાયક છે. યોગ્યમાં પ્રત્યય કરી કરવું જ જોઇએ. એમાં જે ખરચ થયું તે ખરચને સફળ ગણે. સારા શ્રાવકોનો લ્હાવો આમાં છે. આથી જે જે ધર્મિષ્ઠ શ્રાવકો છે તે લગ્ન વખતે ઓચ્છવ માંડે છે. જ્યારે ઓચ્છવ જોડે હોય, ત્યારે ધર્મિષ્ઠોનું સન્માન કરવાનું તેમાં બની શકે છે. જે જે પોતાનામાં સારું શ્રાવકપણું ધારતા હોય તે બધાએ વસ્ત્રાદિદ્વારા શ્રાવકોની ભક્તિ કરવા લાયક જ છે. તે કોણે કરી? આજ્ઞાનુસારીઓએ શ્રદ્ધાનુસારી વચન માત્રથી કબૂલ કરવા તૈયાર થાય; પણ બધા

# દેશના—૩

જન્મકર્મની પરંપરા.

શાસ્ત્રકાર મહારાજા કલિકાલસર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્ર મહારાજ ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ કરતા થકા જણાવી ગયા કે—આ સંસારમાં આ જીવ અનાદિ કાળથી રખડ્યા કરે છે. આ વાત સાંભળીને સવાલ થશે કે, અમને આ ભવની, આ જન્મની, માલમ નથી; તેને ગયા જન્મ કે ગયા ભવની બુદ્ધિ—જ્ઞાન ક્યાંથી હોય? તેની પાસે અનાદિની વાત કરો તે ભેંસ આગળ ભાગવત વાંચવા જેવું થાય. તેમ અમારી પાસે અનાદિની વાત સેંકડો વખત કરી જાય તે કેમ મનાય? દરેક જાણે છે કે અમે જન્મ લીધો છે. કયી દાયણ હતી,

---

શ્રોતાઓ આજ્ઞાનુસારી ન હોય. કેટલાક હેતુયુક્ત દૃષ્ટાંતથી સમજનારા હોય. તે માટે કહે છે કે—જેમ ભરતક્ષેત્રના માલિક પહેલા ચક્રવર્ત્તી એવા ભરત મહારાજાએ બધું સાધર્મિક વાત્સલ્ય કર્યું સાધર્મિકોની સમગ્ર ચિંતા, આખા કુટુંબનો નિભાવ બધો પોતે પોતાના માથા પર લીધો. તેના રસોઇયાને પણ થાકવું પડેલ છે, તેથી પરીક્ષા કરી કાંકણી રત્નથી ચિહ્નો કરવા પડ્યા. એટલા બધા સાધર્મિકોનું ભરત મહારાજાએ વાત્સલ્ય કર્યું. બીજાઓ એટલા બધા મશગૂલ નહીં. જેમ ભરત મહારાજાએ સમગ્ર સાધર્મિકોનું વાત્સલ્ય કર્યું તેમ દરેક શ્રાવકે, દરેક સાધર્મિકોનું વાત્સલ્ય કરવું જોઇએ. આવી રીતે સાધર્મિકના વાત્સલ્યમાં લીન રહેશે તે આ ભવ પરભવ કલ્યાણમાળા પહેરી મોક્ષસુખને વિષે બિરાજમાન થશે.

તેનો ખ્યાલ આવે છે ? માતાનું દૂધ પીધું સર્વ જાણે છે પણ કોઇને યાદ આવે છે ? આ ભવની હકીકત પણ કોઇને ખ્યાલમાં નથી. ગર્ભની દશાનો ખ્યાલ કોઇને આવે છે ? આ ભવની તાજી અનુભવેલી વાત ખ્યાલમાં આવતી નથી, તો પછી ગયા જન્મ કે ગયા ભવની વાત શાની ખ્યાલમાં આવે ? તો પછી અનાદિની વાત કરો તે શી રીતે માનવામાં આવે ? અનંતા ભવની વાત કરો, નિરૂપણ કરો તે ભેંસ આગળ ભાગવત વાંચવા જેવું છે. કેટલીક વખત વિશેષ ખ્યાલમાં ન હોય તો પણ સામાન્ય વસ્તુ અક્કલથી સમજી શકાય છે. દાણો હાથમાં લીધો તે ક્યા ખેતરમાં ક્યા ખેડૂતે વાવ્યો, બીજ ક્યાંથી લાવ્યા હતા તે સર્વ ખ્યાલમાં નથી. પણ ઉત્પત્તિ શક્તિનો વિચાર કરીએ ત્યારે માનવું પડે કે અંકુર વગર બીજ ન હોય. તે અંકુર પણ બીજ વગર ન હોય. ઉત્પત્તિ શક્તિ પહેલાની છે. ભલે આપણે ખેતર, અંકુર, પૂર્વનું બીજ નથી દેખ્યું; છતાં અનાદિ તે શક્તિ માનવી પડે, પરસ્પર કાર્યકારણભાવ હોય, સ્વતઃ કારણકાર્યરૂપ હોય, તે વસ્તુ અનાદિની હોય. બીજ અંકુરનું કારણ, અંકુર બીજનું કારણ. પરસ્પર કારણકાર્યભાવ છે. સાથે જ પોતે કાર્યરૂપ અને કારણરૂપ છે. અંકુર પોતે કારણરૂપ અને કાર્યરૂપ છે. આ અંકુર આ બીજનું કાર્ય છે. એવી રીતે આ બીજ આ અંકુર આ બીજનું કારણ છે. પરસ્પર કાર્યકારણરૂપ હોવાથી તેની પરંપરા અનાદિની માનવી પડે છે. નહિતર બીજ વગર અંકુર થઇ જાય છે એમ માનવું પડે; પણ તે માની શકાય નહિ. તેમજ અંકુર વગર બીજ થાય છે તેમ બની શકતું નથી. કોઇપણ સમજુ બેમાંથી એકે વાત કબૂલ કરે નહિ કે અંકુર વગર બીજ હોય છે, કે બીજ વગર અંકુર હોય છે. તે બે વાતથી

ઉત્પત્તિશક્તિનો વિચાર કર્યો ત્યારે અનાદિની પરંપરા માનવી પડી. જન્મ્યા પછી ભલે આ ભવમાં લાગીએ, પરંતુ પહેલાં ભવમાં કોઇ રીતે હતો. જેમ બીજને અંગે ક્યા મજૂરે લણ્યો? ક્યા ખેડૂતે વાવ્યો? તે જાણીએ છતાં યુક્તિદ્વારા જોનાર જોઇ શકે છે કે બીજ અને અંકુરની પરંપરા અનાદિની છે. અનાદિની પરંપરા ન માને તો બીજ વગર અંકુર માનવા પડે. તેથી જ બીજ અંકુરની પરંપરા અનાદિની માનવી જ પડે છે. જુઓ શંકરાચાર્ય વ્યાસ–સૂત્રના ભાષ્યકાર, તેમને આ વાત કબૂલ કરવી પડી. "બીજઅંકુરન્યાયેન સંસારો અનાદિઃ, ઉપપદ્યતે સંસારસ્ય અનાદિત્વં." એ પ્રમાણે વ્યાખ્યા કરી છે.

યુક્તિથી ઘટે છે. સ્મૃતિમાં પણ સંસારનું અનાદિપણું મળે છે. "બીજાંકુરન્યાયેન સંસાર અનાદિ" બીજાંકુર ન્યાયથી સંસાર અનાદિ છે. બીજ અંકુરની પરંપરા અનાદિની છે. પહેલો અંકુર કહીએ તો વગર બીજે અંકુર માનવો પડે. જે પોતે કાર્યકારણરૂપ હોય, પરસ્પર કાર્યકારણરૂપ હોય તેની પરંપરા અનાદિની હોય. તેવી જ રીતે પોતે પણ કાર્યકારણરૂપ એવી રીતે ત્રીજા નંબરમાં જે અંકુર છે, તે કારણકાર્યને પરસ્પર પણ કાર્ય તરીકે છે અને તે અનાદિથી છે એમ માનવું પડે. હવે જીવને અંગે વિચારીએ. જન્મ અને કર્મ, તેમાં બીજ દેખ્યું હતું, અંકુર દેખ્યો ન હતો. તેમ જન્મ તો દરેકને પ્રત્યક્ષ છે ને? જન્મ પોતાનો પ્રત્યક્ષ છે તો જન્મનું બીજ પણ પ્રત્યક્ષ છે. જન્મ વિવિધતાવાળા દેખાય છે. ધાન્ય વિવિધતાવાળું દેખાય છે. બાજરી માટે બાજરીનો અંકુર લેવો પડે, આ બધા જીવો છતાં આપણે અમુક સ્થિતિના મનુષ્ય લેખાઇએ તેવો જન્મ લીધો, તેનું કારણ તેવાં કર્મઃ તો હવે કર્મ ક્યાંથી થયાં? પહેલો જન્મ હતો ત્યાં

કર્મ ક્યા? કે જેથી તેનાં ફળ તરીકે આ જન્મ થયો. તે વિચારવું જ પડે. હવે તે જન્મ ભવિષ્યનાં કર્મોનું કારણ જન્મ સ્વયં કાર્ય અને કારણરૂપ પણ છે, કર્મ પણ ભૂત જન્મનું કાર્ય ભવિષ્યના જન્મનું કારણ. અહિં જન્મ અને કર્મ પરસ્પર કાર્યકારણરૂપ છે. સ્વયં કારણકાર્યરૂપ હોય તેવાની પરંપરા અનાદિની માનવી પડે. ભલે આ ભવને સમજી શક્તો ન હોય, ગયા ભવને ન જાણતો હોય, પણ આ ન્યાયે અનાદિપણાનો વિચાર કરી શક્યા. યુક્તિથી વિચારીએ તો જન્મ અને કર્મની પરંપરા અનાદિની માનવી પડે. એટલે દરેક જીવ જે જે જન્મને ધારણ કરનારો છે, તે અનાદિથી જન્મ કર્મ કરવાવાળો છે.

**દરદની ભયંકરતા સમજો—**

હવે કહે કે એટલી બધી ભાંજગડ શા માટે? તમારે ધર્મ કરવો એમ કહેવું છે, તો તે જ કહો ને? આ બધી વાત કરીને શું કામ છે? નાક પકડવું છે તો સીધું પકડો. દ્રાવિડી પ્રાણાયામ શું કરવા કરો છો? વાત ખરી, અમારે ધર્મોપદેશ જ કરવો છે. જન્મ અને કર્મ તેની પરંપરા લાગેલી છે. તત્ત્વ સમજ. આપણે ઘેર નાનું બાળક ૭–૮ વરસનું હોય, ઝાડા થતા હોય, વૈદ સ્વરૂપ જાણીને સંગ્રહણી કહે છે, છોકરે સાંભળ્યું. પાડોશીએ છોકરાને પૂછ્યું કે શું કહ્યું વૈદે? સંગ્રહણી. છોકરાને રોગની ભયાનકતાની અસર નથી; એ તો માત્ર અનુવાદ કરે છે. બચ્ચાંને રોગની ભયંકરતા તેટલી અસર ન કરે, એ ભયાનકતા ન સમજવાથી કડવી દવા દો તો નજર ચુકવીને ઢોળી નાખે. દવા કોના માટે છે? છતાં કેમ ઢોળી? એજ કારણ, એને દરદની ભયાનકતા વસી નથી. એ નહિ આવેલું હોવાથી, તમારો દાબ હોય, જોર હોય તો દવા પીયે, નહિતર નજર ચુકવીને

ઢોળી નાંખે છે. વૈદ ઉપર દ્વેષ કરે તેના ઉપર ચીડાય. વૈદ ઉપર બળ પણ વાપરે છે. વૈદ તેનો રોગ કાઢવા દવા આપે છે. માબાપ તેનો રોગ કાઢવા દવા પાય છે; છતાં એમ કેમ? દરદના ભયંકરપણાનું ભાન નથી. દર્દીને દરદના ભયંકરપણાનું ભાન ન હોય ત્યાં લગી દરદનું દુઃખ સહેવાને તૈયાર; પણ ચરી પાળવાને તૈયાર ન થાય. કયું દરદ આ જીવને છે, તે કહેવું છેઃ તે ખ્યાલમાં ન આવે ત્યાં સુધી ધર્મરૂપી દવા, ગુરુરૂપી દાક્તરનું સ્થાન કયી જગો પર રહે. કુપથ્ય ખાતાં રોકનાર વૈરી લાગે છે. શાથી? દરદની ભયંકરતા ખ્યાલમાં નથી આવી તેથી. તેથી રોગ કે દરદની ભયંકરતા સમજ્યા વગર ધર્મોપદેશ આપે તો વૈરી થાય. બાધા આપી તો મહારાજે બાંધ્યા—સજ્જડ બાંધ્યા. છટકવાની બારી ન રાખી. આ શબ્દો છોકરમતના છે. જીવ અનાદિના રોગને ભયંકર ન સમજે ત્યાં સુધી આ જીવ પણ બાળક જેવો છે. દુઃખો કાઢવાનું ઔષધ ધર્મ છે. ધર્મગુરુ બળાત્કાર કરનાર પુરુષ લાગે, જેને દરદનો ખ્યાલ ન હોય તેને માટે પહેલાં દરદ સમજાવવાની જરૂર છે. ધર્મરૂપી દવા શા માટે આપવી છે? ધર્મોપદેશકનાં પોતાના આત્માનો એ દવાથી રોગ નથી જવાનો. તારા અનાદિના રોગને મટાડવા માટે તે ધર્મોપદેશ આપે છે. એ રોગની ભયંકરતાનો ખ્યાલ આવે ત્યારે જ ઔષધ અને તેના દાતા ઉપર આદર થાય. સંસાર આ છે, દુઃખરૂપે ફળે છે. દુઃખાનુબંધી છે. દુઃખસ્વરૂપ છે. સંસારફળ પણ દુઃખ છે. હેતુ પણ દુઃખનો છે. પરંપરાએ પણ દુઃખ ને દુઃખ. અનાદિ સંસારનું ય દુઃખરૂપપણું—દુઃખફળ—દુઃખહેતુ જણાવી સંસારની ભયંકરતા જણાવવામાં આવે, ને શ્રોતાના માનવામાં આવે તો જ ધર્મરૂપી ઔષધમાં આદરવાળો થાય. ધર્મ આપનાર

ગુરુ તરફ આદરવાળો થાય, તેના મૂળ પુરુષ તરફ પણ આદરવાળો થાય. ધર્મ, ગુરુ અને પ્રવર્તક, તે ત્રણ તરફ આદર થાય તેજ સમકિત. આ ત્રણની મહત્તા મનમાં વસે તેનું જ નામ સમકિત.

**મોક્ષની સડકના ખાંટા—**

હવે બળદપણું મળ્યું. ઘાંચીનો બળદ ફરવામાં સમજે. કેટલું ફર્યો? કેટલું બાકી રહ્યું? તેનો હિસાબ તેને ન હોય. એવી રીતે મિથ્યાત્વી દશામાં રહેલો જીવ સંસારમાં કેટલો કાળ ફર્યો? કેટલો ફરશે? તેનો પત્તો નથી. અહીં સમ્યક્ત્વ ન પામે ત્યાં સુધી તેને તે સ્થિતિ! ઘાંચીનો બળદ એમ આડી દરદ, તેના સમજાવનાર પ્રવર્તક ન સમજે, દેવ–ગુરુ ધર્મ ન સમજે ત્યાં સુધી ઘાંચીના બળદ જેવો ગણાય. ભવની ભયંકરતા, ધર્મ ઔષધની કિંમત, દેનારાની કિંમત, જિનેશ્વર દેવોની કિંમત, કરવામાં આવે ત્યારે તેનો હિસાબ. જિનેશ્વરે મોક્ષમાર્ગ પ્રવર્તાવ્યો છે. મોક્ષમાર્ગ માટે કોઇ કહે કે આંધળીયા થઇને ચાલવાનું છે. આ મોક્ષનો માર્ગ એવો વિચિત્ર છે કે અટવીમાં કેટલું આવ્યા ને કેટલું બાકી રહ્યું તે માલમ ન પડે, તેમ મોક્ષના માર્ગમાં કેટલું આવ્યા ને કેટલું બાકી રહ્યું તે માલમ ન પડે. જ્યાં કોઇ કહેનાર નહિ. જંગલની, દરીયાની મુસાફરી કેટલું આવ્યા? કેટલું જવાનું? તેનો પત્તો નહિ. અજ્ઞાનીની દરીયાની, કે જંગલની મુસાફરી તેનો પત્તો નહિં. તેમ અમારી તેવીજ પ્રવૃત્તિ છે. આપણે બધા મોક્ષ માટે પ્રવર્તીએ છીએ. કેટલું આવ્યા? હવે કેટલું બાકી છે? તેનો પત્તો નથી. ચાલ્યા છતાં કેટલું આવ્યા? કેટલું બાકી તે ખબર ન પડે તેવી મુસાફરી કરનારને કહેવું શું? આપણે પણ મોક્ષના મુસાફર બન્યા,

આપણે જંગલી જ ગણાઇએ. અહિં તો જગો જગો પર માપના ખીંટા મારેલા છે. ઠેઠ મોક્ષના સીમાડા સુધીનો ખીંટો છે. તમે આવ્યા કેટલું? જવાનું કેટલું બાકી છે, તેના ખીંટા દાટેલા છે. પછી જે સડક ઉપર માઇલના માપ આંક લખેલા છે તે જગો પર આંખ મીંચીને ચાલે તો માલમ ન પડે, તેમાં વાંક સડકવાળાનો, પાટિયાનો કે તમારો? મોક્ષમાર્ગને અંગે જગો જગો પર માપ જણાવનાર ખીંટા મારેલા છે. તે પત્થર ઉપર તમે નજર ન કરો તો શું થાય? આપણે આંખો મીંચી અંધારી રાતે મુસાફરી કરીએ તો? કંઇક ન્યૂન અર્ધપુદ્ગલપરાવર્ત્ત બાકી રહે ત્યારે સમકિત. વધારે સંસાર બાકી હોય તો સમ્યક્ત્વ ન થાય. વધારેમાં વધારે સમકિત પામીને પડી ગયો એ જીવ જગતનાં જે જે મોટાં પાપ કહેવાય છે તે બધાંય પાપ કરી લે તો પણ તે અર્ધપુદ્ગલપરાવર્ત્તમાં મોક્ષે જાય, જાય ને જાય જ. કહો ખીંટો ખરો કે નહિ? એમ અહિં મોહની ૭૦ કોડાકોડ સાગરોપમ સ્થિતિ, તેમાં અંતઃ કોડાકોડી સાગરોપમની સ્થિતિ તેથી આગળ બીજો ખીંટો દેશવિરતિનો જેમાં ૭ થી ૮ ભવે મોક્ષ. ૭–૮ ભવ મોક્ષ જવામાં બાકી હોય ત્યારે દેશવિરતિનો ખીંટો આઠ ભવમાં જ જેની પરંપરા આરાધનામાં જ હોય તો આઠ ભવ. સાધુપણું મળે તો આરાધનાવાળાને ત્રણ જ ભવ. વીતરાગપણું મળે તો તે જ ભવ. સર્વજ્ઞપણું મળે તો ક્રોડ પુરવથી વધારે આંતરું ન હોય. અયોગીપણું આવ્યું હોય તો પાંચ હ્રસ્વાક્ષર જેટલો કાળ. એ ખીંટા પર નજર કરીએ તો જાણકાર મુસાફર બનીએ. એ સમ્યક્ત્વનો ખીંટો મોક્ષના માર્ગમાં શાસ્ત્રકારોએ કાઢ્યો છે. એનું જ નામ સમ્યક્ત્વ. એ જ ખીંટો, એ જ જગો પર સમ્યક્ત્વ તે કોઇનું દીધેલું, લીધેલું,

કહેલું, ચોરેલું, હરાયલું થઈ જતું નથી. આપણે કોઈને સમકિતી, મિથ્યાત્વી કહીએ તે લવારો છે: તે દેવા લેવાથી આવવાવાળી ચીજ નથી. પરિણતિએ આવવાવાળી ચીજ છે. આત્મિક અરૂપી ગુણ છે. તે માટે જણાવ્યું. સંસારની દુઃખરૂપતા-દુઃખ, ફળતા, દુઃખઅનુબંધીતા સમજે તે દરદને ટાળનાર ધર્મ ઔષધ છે. ગુરુ ધર્મ ઔષધના દાતા છે. તેના પ્રવર્તક દેવ છે. આ ત્રણેની પ્રતિતિ એનું નામ જ સમકિત.

## દિગંબરોને ગરાસીયા માફક ચોરી કરતાં પણ ન આવડી.

આગમો-ને શાસ્ત્રો ઉઠાવેલ દિગંબરો કહે છે કે આગમ એકે નથી. આમ કહી તેણે બધાં આગમો ઉથાપ્યાં, છતાં કહે કે-અમે સમકિતી! તે પોતાને સમકિતી હોવાનો દાવો કઇ રીતે કરે છે? ધર્મદાતાને ઉડાવનાર, ધર્મ ઔષધ મળ્યાનો દાવો શી રીતે કરી શકે? દારૂની ઘેનમાં ચકચૂર બનેલો શું ન બોલે? માતાને બાયડી, બાયડીને બહેન કહી દે. દારૂના ઘેનમાં ચકચૂર બનેલો વાસ્તવિક બોલવાનું શીખ્યો ન હોય. કદાપિ વાસ્તવિક બોલી દે, પણ તે ડહાપણનું વાક્ય ન બોલે. તેવાને શાસ્ત્રો નકામાં, હું કહું તે જ માનો. (દિગંબરને કહે છે) તમારા આચાર્યે ગ્રંથો કર્યા તે આગમના આધારે કે સ્વતંત્ર કલ્પનાથી? બારદાન પકડી રાખ્યું. માલ જવા દીધો. આગમ હતાં તે વખતે તમારા આચાર્યે ગ્રંથો કર્યા તો ગ્રંથો પકડી રાખ્યા ને સર્વજ્ઞનાં વચનો જવા દીધાં, તીજોરી લુંટાવા દીધી, કાગળીઆને પકડી રાખ્યા. સર્વજ્ઞનાં વચનોનો સર્વથા વિચ્છેદ થવા દીધો. ઠાકોરમહારાજનો અનામત દાબડો જાય ને તમારી વીંટી ન જાય તો સામો શું ગણે? તેમ તેને સર્વજ્ઞનાં વચનની ચીંદરડી પણ ગઇ! તમારા

નાના મોટા બધાં ગ્રંથો રહી ગયાં. તે વખતે આગમો ન હતાં. વિચ્છેદ થયાં તો તમારા આચાર્યે ક્યા શાસ્ત્રમાંથી લીધું ? શ્વેતામ્બરની મૂર્તિ, દેહરાં, તત્ત્વાર્થશાસ્ત્ર, 'નૈકાદશ જિને' કહી તમારું ખંડન, 'મૂર્છા પરિગ્રહ,' પૌષધના અતિચારો, શ્વેતામ્બરનાં શાસ્ત્રો તેને અમારો હક કહો છો. અહિં ઉમાસ્વામિ મનાયા, તેમણે ઉમાસ્વામિ માન્યા, ગૃહસ્થપણામાં ઉમા નામ હશે ! સાધુ થયા ત્યારે સ્વામિ કહો છો, તો તેનું ગૃહસ્થપણામાં ઉમા નામ હતું ? પરંતુ કહો ગરાસીયાની ચોરી પકડાયા વગર ન રહે. એક ગરાસીયો શેઠના ઘર પાસે રહેતો હતો. તાકડો મળે તો શેઠને ઘેરથી ઘી ઉઠાવી લાવું. ગરાસીયો ઘરમાં પેસીને ઘી ચોરે છે. ઘી શિયાળાનું હોઇ, લચકો લઈ નીકળવું શી રીતે? ફેંટાના છેડામાં બાંધતાં ઘાલી દીધું, નીકળ્યો. શેઠ આવ્યા. પાડોશીને બીજું શું કહેવાય? હાં, ઠાકોર મળવા આવ્યા હતા ? બહાર ગયો હતો. તે ક્યાં ગઇ હતી ? સામા ઘરમાં શેઠાણી ગયા છે. હું તો શાતા પૂછવા આવ્યો હતો. હવે પેલો ગરાસીયો શાતા પૂછવાની વાત કરે છે. પોપટ પાળેલ હતો. તે પાંજરામાંથી પોપટ કહે છે કે—મારું કહ્યું કોઇ માનો રે, રે, ઠાકોરને કોઇ અડધો કલાક તડકે રાખો ! શેઠજીથી સમજાયું નહિ. હવે આપણે શું કરવું? તમે સુખશાતામાં છોને? વાતો કરતાં તડકે લઇ ગયો. પાંચેક મીનીટ થઇ એટલે તડકામાં લોચો પીગળ્યો ને રેલા ઉતર્યા ! આ શું ? ત્યાં બીચારાને ચોર તરીકે જાહેર થવું પડ્યું. ગરાસીયો ઘી ચોરે તે વાત કેટલી વખત છાની રહી ? શ્વેતાંમ્બરના ગ્રંથોને ચોરે તે વાત કેટલી વખત છાની રહે ? ઉમાસ્વામિ નામ રાખે તો ગૃહસ્થપણાનું નામ ઉમા આપવું પડે.

ગરાસીયાની ચોરી તડકે તડફડી ઉઠી! દિગંબરો સર્વ શાસ્ત્ર અપ્રમાણ ગણી ધર્મને ચાહવાવાળા ગણાયા. જૈનમાંથી ઢુંઢીયા પણ ૩૨ માને, ૪૫ આગમ નહિ માને. તેણે વળી ૧૩ તફડાવ્યાં. શાસ્ત્રને મારી નાંખે તેવાને સમકિતનું કયું ઠેકાણું ?

માટે દુઃખરૂપ, દુઃખફળ, દુઃખહેતુવાળા સંસારનું ભાન થાય તેને આ દવા તે દરદ ટાળનાર છે. તેવા દાતાને પ્રવર્તકની પ્રતીતિ થાય, ત્યારે દેવ ગુરુ ધર્મની પ્રતીતિ તે સમ્યક્ત્વ. દર્શન બોધ-પ્રવર્ત્તિ ત્રણેમાં સમ્યક્પણું રહેલું છે. ત્રણેમાં સમ્યક્પણું છતાં તમે સમ્યક્ત્વ શબ્દથી એકલી માન્યતા કેમ પકડો છો ? તે પ્રશ્ન બદલ કારણ જણાવ્યું. કે-મહાનુભાવ! જેને લીધે ઘરમાં લક્ષ્મી આવે, એક કુટુમ્બમાં ૧૦ કે ૧૧ જન્મે, તેમાં જેનો જન્મ થાય ને લક્ષ્મી આવે, તે વખતે ભાગ્યશાળી કોને ગણીએ ? છતાં એ મીલકતનું માલીક આખું ઘર. ઘરમાં અગિયાર હોય તો અગિયારે મીલકતના માલીક, છતાં ભાગ્યશાળી એક જ! એકના જન્મે જ લક્ષ્મી વધે છે. એકના પ્રવાસથી લક્ષ્મીમાં ધક્કો લાગે તેવા એકને ભાગ્યશાળી કહીએ છીએ. જેમ જેના જન્મે લક્ષ્મીની પ્રાપ્તિ, પ્રયત્ન ને લક્ષ્મીનો લાભ, તેમ જેના જવાથી ન્યૂનતા. જેના આવવાથી લક્ષ્મીની વૃદ્ધિ થાય, તેવાને ભાગ્યશાળી કહીએ તેમ ઘણા જ્ઞાનીઓમાંથી જેનાં જ્ઞાનમાં સમ્યક્પણું પ્રવૃત્તિમાં સમ્યક્પણું તેને ભાગ્યશાળી કહીએ પણ તે તેનાં નશીબનું નથી. જ્ઞાનનું સમ્યક્પણું તેના નશીબનું નહિ. પ્રવૃત્તિમાં સમ્યક્પણું પ્રવૃત્તિનાં નસીબનું નહિ. નવ પૂર્વનું જ્ઞાન અભવ્યને, નવ ગ્રૈવેયકને લાયકનું ચારિત્ર અભવ્ય પાળે છતાં સમ્યક્પણું નહિં. સમ્યક્પણું એજ ચારિત્ર, જ્ઞાન સમ્યક્ આવે ત્યારે જ સમ્યગ્જ્ઞાન ને ચારિત્ર. બોધમાં સમ્યક્-

# દેશના—૪

## મનુષ્ય જીવનનો સદુપયોગ—

**" स्थैर्यं प्रभावना भक्तिः, कौशलं जिनशासने ।**
**तीर्थसेवा च पंचास्य, भूषणानि प्रचक्षते ॥ "**

શાસ્ત્રકાર મહારાજા કલિકાલસર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ ધર્મોપદેશ કરતાં થકા આગળ સૂચવી ગયા કે—આ જગતમાં મીલકતની માલીકી કબજે મળે, માલીકી કબજે હોય પણ જેને મીલકતની દુર્લભતાનો ખ્યાલ નથી, સદ્વ્યવસ્થા કે તેના સદુપયોગ, દુરુપયોગનાં નુકશાનનો ખ્યાલ નથી, તેવાને તેની વ્યવસ્થા કરવાનો હક મળતો નથી. એક શેઠનો છોકરો સગીર હોય. કહો મીલકતનો માલીક કોણ? તે સગીર છોકરો, છતાં તે

---

પણું ખરૂં પણ પારકું. બોધના પ્રભાવનું નહિ પણ સાચી માન્યતાના પ્રભાવનું સમ્યક્ત્વ છે. સાચી માન્યતા હોય તો જ સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્ર. જ્ઞાનના ને ચારિત્રના ઘરનું સમ્યક્પણું નહિ. બાગ તપસ્યા શાસ્ત્રીયજ્ઞાન એ ખરૂં પણ જ્ઞાનને અજ્ઞાનરૂપ પણ હોય. સમ્યગ્ માન્યતા હોય તોજ આ બેનું સમ્યક્પણું. માન્યતાનું ઉલટાપણું થાય તો બોધ ને ચારિત્રનું ઉલટાપણું થાય. હવે સમ્યક્પણું કોના આધારે? માન્યતાના આધારે સમ્યક્પણું જ્ઞાનચારિત્રમાં રહ્યું છે. આ વાત કલ્પનાથી કરીએ છીએ, તેમ નહિ. શાસ્ત્રકારે એ વાત દૃઢ કરી છે. સમ્યગ્ માન્યતાને સમ્યક્ત્વ કહેવાય. હવે એ સમજી સમ્યક્ત્વને મજબૂત કરવાની કેટલી જરૂર અને તેની શોભા કરવા માટે કયા આભૂષણની જરૂર; તે અગ્રે.

કોઈને તે મીલક્ત વેચાતી આપે તો કાયદો કબૂલ કરે? ભાડે આપે તો પણ કાયદો કબૂલ કરે? તમારે ઘેરથી નાનો છોકરો રૂપીઓ લઈને મીઠાઈ લેવા જાય તો કંદોઇ મીઠાઈ આપે ખરો? કેમ? એ રૂપિયાને છોકરો સમજતો નથી. જે વસ્તુની મુશ્કેલીને સમજતો નથી, સદુપયોગના ફાયદાને, દુરુપયોગનાં નુકશાનને સમજતો નથી તે વ્યવસ્થા કરવા લાયક નથી. આ વાત ખ્યાલમાં રાખી વિચારો કે તમે મનુષ્યપણાના માલીક છો. તેમાં ભાગીદાર નથી. સ્વતંત્ર માલીક છો. તમારા કબજાની ચીજ છે. આ બે વાનાં છતાં પણ તમે મનુષ્યપણાની દુર્લભતા સમજી શક્તા નથી. સદૂપયોગનું ફળ, દુરુપયોગનું નુકશાન ન સમજો ત્યાં સુધી તેની વ્યવસ્થા કરવાનો તમને હક નથી. આથી તમારી વસ્તુ—મનુષ્યપણું ઝુંટવી લેવા નથી માગતા. તમે મુશ્કેલી સમજો. રીસીવર સગીર છોકરાને કેળવણી આપી લાયક બનાવે. રીસીવર તેની મીલ્કત ઝુંટવી લેવા નથી માગતો, તેમ મનુષ્યપણાને સમજનારો થાય તેવું ગુરુમહારાજ શાસ્ત્રજ્ઞાન આપી લાયક બનાવે. કાંઈ ઝુંટવી નથી લેતા. શાસ્ત્રકાર જણાવે છે કે—મહાનુભાવ! (શેટને ઘેર છોકરો જન્મે, તેને બાપની મીલ્કત મળે પણ તેને મીલ્કત મેળવવાની મુશ્કેલીનો ખ્યાલ ન આવે. તેમ) 'અજ્ઞાની જીવને મનુષ્પણું કેવી રીતે મળ્યું? તેનો ખ્યાલ ન આવે.' પહેલવહેલી દશા તારી કઈ હતી? અનંતા ગોઠીયા એકઠા કરતો હતો, એ બધાની સાથે મળીને રહેવા એ બધાનું બળ મેળવી (નિગોદનું) એક શરીર મેળવવા તેઓ સાથે મહેનત કરતો હતો, ત્યારે ન દેખાય તેવું આગળનાં અસંખ્યાતમા ભાગ જેટલું શરીર કરી શકતો હતો. ઉન્નતિ પહેલાની આ સ્થિતિ હતી. સાથે અનંતા પ્રયત્ન કરે ત્યારે દેખાય નહિ

તેવું શરીર માત્ર બનાવી શકાતું. જગતમાં બધે મકાન મીલકતમાં ભાગીદારી હોય પણ દુનિયામાં ખોરાકખાતામાં ભાગીદારી ન હોય. શરીરમાં, શ્વાસમાં, આહારમાં ભાગીદારી ન હોય. તે ભાગીદારીમાં રહેવું પડયું હતું. અનંતા જીવો એકઠા ન મળે ત્યાંસુધી આહાર, શરીર, શ્વાસ નહિ. પહેલાની દરેક જીવની આ દશા હતી! તેમાંથી 'ભવિતવ્યતા' યોગે કર્મ વધારે ન બંધાયા. પહેલાના તૂટ્યા એટલે કંઇક આગળ વધ્યો. વચ્ચે આહાર, શરીર, શ્વાસ, અનંતા કર્યા, પરંતુ માત્ર ફરક કેટલો? કે દેખાય તેવું હવે શરીર મળ્યું. એમાંથી જ્યારે ઉત્ક્રાંતિ થઇ ત્યારે એકજ જીવે એકજ શરીર મેળવ્યું, તે પણ ન દેખાય તેવું! તેમાંથી આગળ વધ્યો ત્યારે દેખાય તેવું શરીર મળ્યું. ત્યાં જ્ઞાન માનીએ તો સ્પર્શ જાણી શકે તેટલુંજ જ્ઞાન, રસ જાણવાની તાકાત નથી, ઝાડને કડવું કે મીઠું પાણી સીંચો તે પણ પી લેશે. પરિણામ ગમે તે આવે. તેને રસનો વિષયજ નથી. રસનો વિષય હોય તેજ ખરાબ રસ છોડે ને સારો લે. ક્ષયોપશમ કંઇક વધ્યો ત્યારે તે જીવ રસ જાણવાની તાકાતવાળો થયો. **તેમાં સંખ્યાતા સાગરોપમો સુધી ભટક્યો અર્થાત્ દરિયામાં પાણી ઉપર અથડાતી ચીજ કેઇ વખત આમ કેઇ વખત તેમ** ફરે, તેમ આ જીવ પણ રસ જાણવાની તાકાતવાળો થયો છતાં અથડાતો રહ્યો. આમ રખડતાં અનંતી પુન્યાઇ વધી ત્યારે ગંધ જાણવાની તાકાત મળી. તેથી અનંતી પુન્યાઇ મળી. એમ કરતાં કરતાં અનંતી પુન્યાઇ વધી ત્યારે રૂપ જાણવાની તાકાત મળી. પછી અનંતી પુન્યાઇ વધી ત્યારે શબ્દ જાણવાની, પછી વિચાર કરવાની તાકાત મળી: નાના બચ્ચાંને કોહીનૂરની કિંમત ન હોય પણ સમજણો થાય ત્યારે તો

કીંમત સમજવી જોઇએ ને ? આટલી સ્થિતિએ આવ્યા, શબ્દ પારખવાની તાકાત વધારે છે. ભૂલા પડ્યાનો રસ્તો કુતરા વિગેરે જાણી શકે છે. એક ગામથી બીજે ગામ જવા માટે તે રસ્તો નહિં ભૂલે, તેનામાં તાકાત છે. સ્પર્શ, રસ, ગંધ, રૂપ, શબ્દ, વિચાર કરવાની પણ તાકાત છે. હાથી, ઘોડા, કુતરામાં વિચાર કરવાની તાકાત છે. પોષક કે પ્રતિસ્પર્ધી, શેરીનો કે બહારનો ચોર, શાહુકાર તે સમજી શકે છે. તેમાં પણ મનુષ્યપણું મેળવવું મુશ્કેલ છે. તેના કારણમાં કહેવું પડયું કે-મનુષ્યપણું કોઈની મહેરબાનીથી મળેલી કે આપેલી ચીજ નથી. મનુષ્યપણું એ સ્વયં મેળવેલું છે. સીધી દૃષ્ટિએ આપેલું હોય તો તેના ગુણ ગાઇએ. વેપારમાં બે પૈસા મળ્યા તો તેનો યશ ઇશ્વરના માથે નાખ્યો. પણ આડકતરી રીતિએ વિચારીએ તો જેને પૈસા ન મળ્યા તેને તો ઇશ્વરની કફા મરજી ને ? બે છોકરા બાયડીને મળે તો ઇશ્વરે આપ્યા એમ કહે છે, પણ મરણ થયું તો શું ઇશ્વરે લઇ લીધા ? તેમાં તેની કફા નજરને ? તારા હિસાબે તેની મહેરબાની જણાવતાં અર્થ કયો થયો ? એક વકીલ પ્રેક્ટીસ માટે સોલીસીટરને ત્યાં આવ્યો છે. સોલીસીટરે પરીક્ષા કરવા એક પ્રશ્ન કર્યો કે આટલી લીટી કરૂં છું——આ લીટીને કાપવી નહિ, વધારવી નહિ, અડકવું નહિ ને નાની કરી દેવી, શી રીતે ? આવવાવાળો વકીલ અક્કલવાળો હતો. તેણે જોડે મોટી લીટી કરી. અડકયા, કાપ મેલ્યા વગર મોટી લીટી કરી એટલે પેલી લીટી આપોઆપ નાની થઈ ગઇ.

ઇશ્વરે બે છોકરા આપ્યા એટલે તેની ઉપર ઇશ્વર મહેરબાની કેમ નથી રાખતો ? તો મનુષ્યપણું કોઇએ આપ્યું નથી. પણ આપણે મેળવેલું છે.

**મનુષ્યપણું મેળવવાના ઉપાયો સ્વભાવથી મંદકષાયો.**

'પયઈઈ તણુ કસાઓ દાણરૂઈ મજ્ઝિમ ગુણો' પાતળા કષાયવાળો-મનના વેગો ઉપર કાબૂ ધરનાર. મનના વેગો જાનવરને પણ છે. જાનવરને લોભ, ક્રોધ, ગુમાન નથી હોતા તેમ નહિ. ક્રોધાદિ ચારે માનસિક વિકારો જાનવરમાં પણ રહ્યા છે. બધામાં રહ્યા છે, પરંતુ જે આવતી જિંદગીમાં મનુષ્ય થનાર હોય તે જીવ તેની ઉપર કાબૂ ધરનાર હોય તે કાબૂ કયા રૂપનો? વખત દેખી બધા કાબૂ ધરે છે. કૂતરો, રોટીવાળા રોટલો આપે એટલે જીભ પૂછડું ટાંટીઓ તાણે તો પણ કરડતો નથી. જીવાડનાર છે, રમાડનાર છે. બીજો અડપલું કરે તો કરડે. એક જગો પર ગુસ્સો કબજામાં લીધો. સ્વાર્થસિદ્ધિ માટે સ્વાર્થપોષણ માટે જગત્ ક્રોધાદિક ઉપર કાબૂ રાખે છે પણ તેવા કાબૂથી મનુષ્યપણું ન મળે. સામો કલેક્ટર આવે, કલેક્ટરનો તમને ધક્કો વાગે, તમે 'માફ કરજો' કહો છો. માફી કલેક્ટરે માગવાની હતી પણ તેને કહો તો? મત બોલ માર ખાયગા, એટલે આપણે સામેથી માફી માગીએ. ધર્મ-દેરાસરની વાત લ્યો. ધર્મક્રિયાને અંગે માફીના પ્રસંગે ગૂનો છતાં હું કેમ માફી માગું? પણે આપણે લેવા દેવા નથી. આપણને ધક્કો માર્યો છતાં સાહેબ માફ કરજો, કાબૂ કયાં? સ્વાર્થને હાનિ પહોંચે તે ધારીને. દોસી વાણીયા દુકાન પર ઘરાકને માલ આપે, ભાવ કહે, 'શેઠ સાચું કહો, સાચું કહો,' ઘરાકે તેમ કહ્યું. તેનો અર્થ શો? 'તમે જૂઠા બોલા છો.' તેમ કહે છતાં આંખ લાલ ન થાય. 'તારી આગળ ફેરફાર કહેવાય, એમ કરો! કેમ ભાઇ આમ કેમ? આ ગુસ્સાનું દૃષ્ટાંત દીધું. તેમ માન, માયા, લોભમાં પણ

સમજવું. સ્વાર્થસિદ્ધિ માટે દરેક કાબૂ રાખે છે, પણ તેવા કાબૂથી મનુષ્યપણું ન મળે, સ્વભાવથી પાતળા કષાય હોય તો મળે. જેવો ઉપરી, અમલદાર ઉપર ક્રોધ કરતાં પહેલા કાબૂ રાખે તેમ ન્યૂનશક્તિવાળા સાથે પણ કાબૂ રાખવો જોઇએ.

**ચાલ બેન ચાલ.**

સ્વભાવ માટે દૃષ્ટાંત દીધું છે. એક ગામમાં કુંભારણ રહે છે. જેઠ મહિનાનો વખત છે. ૧૨॥ વાગ્યા છે. ગધેડી ઉપર માટી નાખી શહેરમાં આવે છે. ભૂખી તરસી ગધેડી ધીમી ચાલે છે. પેલીને ઉતાવળે ચલાવવી છે. ડફણું મારે છે અને મોઢેથી 'ચાલ બેન ચાલ.' કહે છે! સામેથી આવનાર મનુષ્ય સાંભળી વિચારે છે કે—આ શું? ઉભી રાખી. બેન આ શા મુદ્દાથી બોલે છે? તેણીએ કહ્યું—કારણ છે. હું માટી ઉતારી બજારમાં જઇશ, માએ વાસણો ગોઠવ્યાં હશે, તે વાસણો લેવા માટે ઠાકોર—શેઠની છોકરીઓ, બેનો આવશે. એક ઠામ લેવા માટે એક્વીસ ઠામ ઉંચા નીચા કરશે. ટકોરા મારશે, કિંમતમાં હું બે જ પૈસા કહીશ છતાં તે દોઢ પૈસો કહેશે. પાંચ (૫ૈ) પાઈ કરતાં કલાક કરશે. તેવા વખતમાં હું "રાંડ! કભારજા! લેવું હોય તો લે, નહીં તો ચાલતી થા" તેમ કહું તો શું થાય? માટે એ શબ્દજ મેં કાઢી નાખ્યો છે. રાંડ, કભારજા શબ્દ કાઢી નાખ્યો છે. ગમે તેવી ટંટાવાળી સ્થિતિમાં પણ આવું બોલું, બીજા હલકા શબ્દો ન બોલું. આનું નામ તેણે શબ્દને સ્વભાવથી સુધાર્યા. તેમ આત્મા ક્રોધાદિક ઉપર કાબૂ મેળવવા સ્વભાવથી કષાયો પાતળા કરી નાખે. કૃત્રિમ નહી. નુકશાનમાં મૂળનું નુકશાન થાય ત્યારે વ્યાજ પણ છોડી દઇએ છીએ. નુકશાનના ભયે ગુસ્સા ઉપર ગુમાન, પ્રપંચ, લોભ ઉપર કાબૂ મેળવાય છે: તેવા કાબૂથી

મનુષ્યત્વ મળી ન જાય! તો કયો કાબૂ મનુષ્યપણું આપે છે? ચારે કષાયો ઉપર કાબૂ મેળવે તો જ મનુષ્યપણું. કયો કાબૂ? કૂતરો ડાંગ દેખી કરડવા ન આવે તો મનુષ્યપણું મેળવી લે? ગુસ્સાનો કાબૂ તો મેળવ્યો પણ નુકશાનના ભયે ક્રોધ ઉપર કાબૂ મેળવ્યો. તેથી મનુષ્યપણું ન મળી જાય. કેમ? સ્વભાવે અનર્થ થશે તે વિચારણા જ નહીં. ત્યારે સ્વભાવે જ માનસિકવિકારો ઉપર કાબૂ ધરવાનું થાય, તે જીવ આયુ દે મનુષ્ય થઈ શકે; માટે સમજો કે આપણને મળેલું મનુષ્યપણું કેટલું મુશ્કેલ છે? તે મુશ્કેલી પસાર કરી ત્યારે જ મનુષ્ય થયા. અફીણનાં વ્યસનવાળાને લાડુ પેંડા જમાડો પણ અફીણ ન મળે તો બધું લૂખું-નકામું લાગે. જેને જે ટેવ પડી હોય તે તેમાં જ મસ્ત રહે. તમે ગુસ્સા પર કાબૂ ન મેળવ્યો હોય તો તમે કયી ગતિમાં મસ્ત રહેવાના? બાળક સર્પને રમાડે તો પણ સાપ ડંખ દઈ મારી નાખવાનો. લાકડી મારે તો પણ ડંખે. તેનું શસ્ત્ર જ એક. ગાય ભોળી જાત ગણાય છે. ગાયને અંગે વિચારીએ તો શીંગડું એ જ ઉપાય. તેને ગુસ્સો આવે તો શીંગડાથી જ મારે. પછી સ્ત્રી, બાળક કે વૃદ્ધ હોય. બીજાને શું નુકશાન થાય તે જોવાનું જ નહી. જે પોતાના ગુસ્સાને સફળ કરવાનું શીખ્યો છે તે કઈ ગતિને લાયક બને? જ્યાં ગુસ્સાની હદ નથી, ગુસ્સા ગુમાન પર કાબૂ મેળવનારા ન હોય, તેવા જીવો સર્પાદિકની જાતિમાં ઉપજે. તે પોતાના ગૂના પોતે જ ભોગવે છે. ગુસ્સા-ગુમાન, પ્રપંચ કે લોભ ઉપર કબજો રાખ્યા વગર મનુષ્યજાતિમાં ચાલી શકતું નથી, માટે શાસ્ત્રકારે કહ્યું છે કે-મનુષ્યપણું મેળવનારો જીવ સ્વભાવે પાતળા કષાયવાળો હોવો જોઇએ. આ તો ગતિને અંગે જણાવ્યું. જ્યાં જીવનનાં સાધનો

ન મળે ત્યાં મનુષ્ય ગતિય શું કરે? ગતિ વસ્તુ મળે છતાં તે ટકવાનાં સાધનો ન હોય તો?

**દાનરુચિ—**

મનુષ્યપણાનું જીવન એટલી બધી જરૂરીઆતથી ભરેલું છે કે તેટલી જરૂરીઆત બીજી કોઈ જગ્યા પર નથી. તમે પૃથ્વી વગર ઊભા રહી ન શકો. તમે પૃથ્વીની દરકાર રાખો, પૃથ્વીને તમારી શી દરકાર? પાણી વગર તમે જીવી ન શકો, પાણીને તમારી દરકાર નહી. હવા, અગ્નિ, વનસ્પતિમાં પણ આ વાત. હાથી, ઘોડા, ભેંસો, ગાયો, બધાની તમારે દરકાર. તમારું જીવન હાજતોથી ભરેલું છે. તેથી હાજતો પુરી કર્યા વગર જીવી શકો નહિ. તેથી **दाणरुई** જે દેતાં શીખ્યો હોય તેજ મનુષ્ય થાય ને? તેને બધી હાજતો પૂરી પડે. નહીંતર જીવી શકે નહિ. બાળપણમાં કે ગર્ભમાં કે જન્મતાં જ ચાલ્યો જાય. જે હાજતોથી જીવવું છે તે હાજતો પૂરી પાડનાર કોણ? પહેલા ભવમાં દીધેલા દાનનું પુણ્ય જ હાજત પૂરી પાડે છે. દાન દેનારો નહીં, પણ દાનરુચિ. દાન અને દાનરુચિ જુદી વસ્તુ છે. દાન દરેક દે છે, પોતાની સ્થિતિ જાળવવા માટે, લોકોના સહકાર માટે, લોકોના ભયથી દેવું તો પડે છે. પરંતુ દાનરુચિ ન ગણાય. એક પાઠશાળાની કે પાંજરાપોળની ટીપ આવી તેમાં મંગળભાઈએ ૫૦૦) લખ્યા, હવે પાનાભાઈ સમજી ગયા કે હવે આપણને ૪૦૦)થી નહીં છોડે. હવે પાનાભાઈ બોલવાની શરૂઆત કરે કે જુઓ આજનો વેપાર, આજના વેપારની શી દશા છે? કાળી સાઈડ પોતાના હાથે રજૂ કરે છે. પોતાને આવું બીજો કહેવા આવે તો ચીડાય. પેલો ટીપ કરવાવાળો વસ્તુની જરૂરીઆત જણાવે છે, ત્યારે કહો કે-લખો. તેમાં પણ ૩૦૧ થી શરૂઆત કરતાં

૩૫૦માં પતી જાય તો માનો કે–૧૫૦ બચ્ચા, હાશ. આમાં ૩૫૦ નું શું શું થયું? ખાડામાં ગયા, એળે ગયા ! ન આપ્યા, ન ભરાવ્યા તે બચ્યા, ત્યારે આપ્યા તેનું શું થયું ? એ જગો પર દાનરુચિવાળો હોય તો કહે કે–મને ૪૦૧ ભરવા ઠીક લાગે છે. તમે કહો તો થોડાક વધારે ભરું. આ દાનરુચિ. તે રુચિ વિના પણ ૩૫૦ નું દાન તો થયું હતું; પણ તેમાં શું વળ્યું? શેકીને વાવો છો.

એક ખેડૂત હતો, દાણા વાવવા ગયો. વરસાદ આવશે તો સડી જશે. લગીર ઉંના કરીને વાવીએ તો શરદી ન થાય. તાવડા પર ગરમ કરીને વાવ્યા. સીધા ન વાવ્યા. તેમ દાન-વાળા સીધા ન વાવે. દાનરુચિવાળા સીધેસીધા વાવે. દાનરુચિ વગરના શેકીને વાવે. એ જે મનુષ્યપણું મેળવ્યું તે કયા ઝાડનું ફળ ? સ્વભાવે પાતળા કષાયપણું રાખ્યું હતું, તેનું ફળ. મનુષ્ય-પણાનાં જીવનનું ફળ. દાનરુચિપણાનું ફળ. નહીંતર સાપ કે ઘો થતે. મનુષ્ય શાથી થયા? અહીંથી લઉં લઉંવાળાને દાનરુચિ નથી. મળ્યાથી હવે ભાગ્ય મેળવું તે દાનરુચિ. મળેલી લક્ષ્મી દાનમાં ઉપયોગી થઈ તો લેખે, તે દાનરુચિ. મળેલ લક્ષ્મીનું દાન નહીંતર ભોગવટો ને છેવટે નાશ. નાશ છેલ્લો રસ્તો ન હોત તો તમારી પેઢીયો કેટલી થઇ ? ગણતરી વગરની. હવે એક એક પેઢીવાલાએ એક એક રૂપીઓ સંઘર્યો હોત અને તેનો નાશ થયો ન હતે તો તમારી પાસે આજ કેટલા હોત ? ગણી ન શકો તેટલી મીલકત હોત, છતાં કેમ નથી ? નાશ થતો આવ્યો. મેળવ્યા ખરા પણ નાશ થઈ જાય છે. પૈસાની ત્રણ ગતિ. **યો ન દદાતિ** જે દઇ ન શકે, અને જે વાપરી પણ ન શકે તેને નાશની ત્રીજી ગતિ. લક્ષ્મી, ભાગ્યોદયે મળી તેથી

ભાગ્ય, કમાવાનું ખેદાનમેદાન કરું તો મારા જેવો કમનસીબ કયો ? આવો હોય તે જ મનુષ્યપણું મેળવવા લાયક થાય.

**મધ્યમ ગુણો—**

આ બે મળ્યા છતાં મનુષ્યનું જીવન સામુદાયિક જીવન. જાનવર એકલું ઉછરે, ઝાડ એકલું પુષ્ટ થાય. મનુષ્ય એકલો જંગલમાં રહે તો ગાંડો થઈ જાય. જીવનમાં સહકાર માટે જ આ ત્રણ ગુણો. એ ત્રણ ગુણથી ઉત્તમ કે હીન ગુણવાળો હોય તે મનુષ્ય ન થાય. મધ્યમ ગુણવાળો જ મનુષ્ય થાય. ત્રણ ગુણો હોય તે જ મનુષ્યપણું મેળવી શકે. સ્વભાવે પાતળા કષાય, દાન-રુચિપણું, મધ્યમગુણ આ ત્રણ વસ્તુના પેટે-સાટે ફળ તરીકે આપણને મનુષ્યપણું મળેલું છે. જેમ સગીર છોકરાને કીંમતી નેકલેસ પહેરાવ્યો. પણ તે કીંમતી છતાં તેની કીંમતનો ખ્યાલ નથી. તમને મનુષ્યપણું કીંમતી મળ્યું, છતાં તેનો ખ્યાલ નથી. તેથી તેની વ્યવસ્થા કરવાનો તમને હક્ક નથી. મનુષ્યપણાની મુશ્કેલીનો ખ્યાલ ન લઈએ તો મનુષ્યપણાની વ્યવસ્થા કરવાનો આપણને હક્ક નથી, માટે પહેલાં આ ખ્યાલમાં લ્યો કે–જગતમાં જીવો અનંતાનંત ભરેલા છે; પણ જે જીવો આ વસ્તુઓ મેળવી શક્યા નથી તે મનુષ્ય થયા નથી. કોઈની મહેરબાનીથી, દાનથી કે ઝુંટવીને અમે મનુષ્યપણું મેળવ્યું નથી, પરંતુ આ મનુષ્ય-પણું અમારા કર્ત્તવ્યોનું ફળ છે. એ રીતે આ મનુષ્યપણું મહા-મુશ્કેલીથી મળ્યું એમ જાણ્યું એટલે તેની કિંમત જાણી. પણ તેનો સદુપયોગ, અનુપયોગ કે દુરુપયોગનાં પરિણામો ન સમજાય ત્યાં સુધી શું થાય ? નાના છોકરે રૂપીયો શબ્દ સાંભળ્યો, પણ તે રૂપીયાનું છોકરો કરશે શું ? રૂપીયા માટે તે રિસાયો, બાપ થાક્યો, સમજે છે કે–તેને આપવાથી રૂપીઓ

જશે. છેવટે કહે કે-લે જા. એમ છોકરાને કૂટે રૂપીઓ મળ્યો. મુશ્કેલી માલુમ પડી. આટલો રોયો ત્યારે રૂપીયો મળ્યો છે, એમ તે સમજે છે; પણ તેનો ઉપયોગ કર્યો ? તેનું તેને ભાન નથી ! એ રીતે અહિં પણ મનુષ્યપણું રખડતાં રખડતાં મહા-મુશીબતે મળ્યું છે.—મુશ્કેલીથી મળ્યું તે વાત ખરી પણ તેનો સદુપયોગ કર્યો ? ચંદ્રહાસ તલવાર તો હાથ આવી પણ તેથી ઘાસ કાપ્યું ! ને તેમાં પાછો અભિમાન કરે તો ! ચંદ્રહાસ તલવારથી ઘાસ કાપવાનો ઉદ્યમ કરી તેમાં ગર્વ કરવાવાળો મૂર્ખશિરોમણિ બને, તેમ મનુષ્યપણું ચંદ્રહાસ તલવાર જેવું અદ્વિતીય છે. જે કાર્ય સમગ્ર નારકી, તિર્યંચો અને દેવતા મળી ન કરી શકે તેવું કાર્ય આ મનુષ્ય કરી શકે છે. મનુષ્યજન્મ આટલો બધો સમર્થ છે કે-દેવતા, નારકી, તિર્યંચોથી જે કાર્ય ન થાય તે કાર્ય એક જ મનુષ્યભવ કરી શકે છે ! કયું કાર્ય ? મોક્ષ સાધવાનું: સમગ્ર કર્મરહિત થઇ સચ્ચિદાનંદ સ્થાને જવું તે કાર્ય નારકી, દેવતા કે તિર્યંચો કરી શકતો નથી. માત્ર મનુષ્યો જ તે કાર્ય કરી શકે છે. મોક્ષ એ જ કર્મની દખલ-ગીરી વગરનું સ્થાન છે. જેમાં કર્મ—પુદ્ગલ કોઇની ડખલગીરી નથી. આ જીવન છે, તે પણ જો શ્વાસને લાયકનો વાયુ મળે તો જીવન છે ! એટલે જીવન એ શ્વાસના પુદ્ગલોને આધીન છે તેમ શ્રોત્રના લાયક પુદ્ગલો મળે તો શ્રોત્ર ! તેવી જ રીતે ચક્ષુ, નાસિકા, જિહ્વા વગેરે પણ સ્પર્શને લાયક પુદ્ગલો મળે તો ચક્ષુ આદિ છે. આ રીતે પુદ્ગલોના રીસીવરપણામાં તમારે રહેવાનું. પુદ્ગલના તાબા વગરનું તમારું જીવન કયું ?

## મનુષ્યજીવનનો સદુપયોગ, દુરુપયોગ અને અનુપયોગ તથા તેના ફળો.

જીવન, ઇન્દ્રિયો તાબા વગરના નથી. તો એ રીતે પારકાના આધારે જીવાઈ રહેલું ગુલામીવાળું જીવન શી રીતે મટવાનું? આત્મા મોક્ષ સિવાય કોઇ જગો પર આઝાદ બની શકતો નથી. શુદ્ધ આત્મા, એ કે-જેને કોઇની પરાધીનતા નથી. શરીર, ઇન્દ્રિય, શ્વાસોશ્વાસની દરકાર એને નથી. શુદ્ધ આત્મા જ્ઞાન-સ્વરૂપ છે. અક્ષયસ્થિતિવાળો છે. આત્માની એવી સ્થિતિ બને ત્યારે આત્માની સંપૂર્ણ આઝાદી: એવી સંપૂર્ણ સ્વતંત્રતાને ઓળખવાવાળો મનુષ્ય જ એવો મોક્ષ મેળવી શકે. સંપૂર્ણ આબાદી પણ મેળવી શકે. જ્યાં કોઈનીક શીય વાતે તાબેદારી-દખલગીરી ન હોય, તે જ આઝાદી. તેવું સ્થાન તે મોક્ષ: બાર વરસ દીલ્હી જઇ આવ્યા, વેપાર કર્યો પરંતુ એક પૈસો પણ કરનો ન ભર્યો. કેમ? લાકડા ફાડવાનો વેપાર કરતા હતા. તેને કર ન હોય. તેમ અહિં આકાશાદિને કોઇની પરાધીનતા નથી, જીવોને પુદ્ગલોની પરાધીનતા છે, તેને કર્મની ગુલામી છે. ધર્માસ્તિકાય, આકાશ વગેરે કોઇને પણ પરાધીનતા નથી; પણ તેમને આબાદી ય નથી. કારણ કે-ચેતના નથી. આત્માનાં જ્ઞાન-દર્શન-વીતરાગતા-વીર્ય સંપૂર્ણ હોય તેનું નામ આબાદી: મનુષ્યો તે આબાદીને રોજ ટકાવી ન શકે, કારણ પોતે જ ટકવાવાળો નથી. મનુષ્યપણું વધુમાં વધુ દેશોનક્રોડ પૂર્વ સુધી જ આબાદી કરવાવાળું-ટકવવાળું છે. સંપૂર્ણ આઝાદી કે આબાદી ઉત્પન્ન કરનાર મનુષ્યપણું છે, એ વાત ખરી; પણ તે બેને ટકાવી રાખવાની તાકાત મનુષ્યમાં નથી. તે તાકાત મોક્ષમાં છે. અનંતા કાળ પહેલાં જે સિદ્ધ થએલા, તેના જેવું જ ક્ષાયિક કેવલજ્ઞાન અત્યારના ઉત્પન્ન થએલા કેવલજ્ઞાનવાળા મનુષ્યમાં છે, પણ તેની સ્થિતિ સિદ્ધ જેટલી નથી.

આ વસ્તુ જ્યારે ધ્યાનમાં લેવાશે ત્યારે માલમ પડશે કે–મનુષ્યપણું મોક્ષ માટે જ છે. તેથી જ કહીએ છીએ કે–તે વહી તો જવાનું જ છે, એમાં મૂર્ખાઈ કરીએ તો કામ ન લાગે. કોઈનો કૂવો હતો. શેરીવાળાને પાણી ભરતાં બંધ કર્યા કે–'કોઈએ અમારા કૂવામાંથી પાણી ન ભરવું.' પોતાને ઘેર લગ્ન આવ્યાં ત્યારે તેને પાણીની જરૂર પડીઃ પણ કૂવો વહેતો બંધ કર્યો હતો તેથી સેર બંધ થઈ અને રોજ નીકળતું હતું તેટલું પણ ન નીકળ્યું. નદીનો પ્રવાહ વહે જ જાય છે. પીઓ કે ન પીઓ તેથી રોકાઈ રહેવાનો નથી. આ મનુષ્યજીવનનો સદ્ ઉપયોગ ન કરો તેથી પડી રહેવાનું નથી. તે તો દહાડે દહાડે ઓછું થવાનું છે. મા જાણે કે–દીકરો મોટો થયો પણ આવરદામાં ઓછો થયો. આ વિચારી ક્ષણે ક્ષણે જવાવાળી ચીજમાંથી મેળવી લો. કિંમત કરો. જેને શાસ્ત્રનું લક્ષ ન હોય–શાસ્ત્રની દરકાર ન હોય=શાસ્ત્ર, શાસ્ત્ર તરીકે ન હોય તેવા માટે મનુષ્ય-પણાની કિંમત બતાવવાનું સ્થાન નથી. શાસ્ત્રો ફેંકી દેવા છે, તેવાને તો શાસ્ત્રો નકામાં છે. ૪૮ મિનીટની એક સામાયિકમાં ૯૨૫૯૨૫૯૨૫૯૨૫$\frac{3}{?}$ પલ્યોપમ દેવતાનું જીવન તમે મેળવી શકો છો. એક એક મિનીટે લગભગ બબ્બે ક્રોડ પલ્યોપમ દેવતાનાં આયુષ્યને મેળવી શકો છો! પણ ક્યારે? સદુપયોગ કરી જાણો ત્યારેઃ બે ક્રોડ પલ્યોપમ પ્રમાણ દેવાયુષ્યને લાવનારી એક મિનીટ ક્યારે? સદુપયોગ કરો ત્યારે. અને શાસ્ત્ર માનો તો જ. શાસ્ત્ર માનવાં નથી. શાસ્ત્ર ફેંકવા છે, તેને મનુષ્યપણાના સદુ-પયોગની કિંમત બતાવવાનો રસ્તો નથી. શાસ્ત્રની શ્રદ્ધાવાળાને આ વસ્તુ બતાવી શકાય છે. હવે અનુપયોગવાળાને હાનિ અને દુરુપયોગવાળાને તેનું નુકશાન ધ્યાનમાં લઈએ. દાન, શીલ,

તપ, ભાવમાં કે માર્ગાનુસારી કે દેશવિરતિ સર્વવિરતિમાં ન સમજે તો અનુપયોગ કર્યો.

**विनायकं प्रकुर्वाणो रचयामास वानरः।**

ખાવું, ઉંઘવું તે કરો છો, પણ તેટલા માત્રથી સદુપયોગ કર્યો ગણાય નહિ. તેમાં પણ અનુપયોગ થતો જ નથી તેનું કેમ? વાત ખરી. મહાનુભાવ! આ તારા ખાવા-પીવાના ઉપયોગોને ઉપયોગ કહીશ, તો જાનવરમાં ક્યો ઉપયોગ? જાનવર ખાય પીએ, ઉંઘે, ભયથી બચવાનો ઉપાય કરે છે. સંતાનપાલનમાં તો જાનવરો પણ જાણે છે. જાનવરોનું તે કાર્ય છે. તે મનુષ્યપણાનાં કાર્યો નથી; માટે તે ઉપયોગ મનુષ્યને હોય તેમાં મનુષ્યપણાનો સદુપયોગ થતો નહિ હોવાથી અનુપયોગ જ છે. હવે દુરુપયોગમાં:-મનુષ્યપણું મેળવી મહાઘાતકી-જુલ્મી-મહાલોભી બની જગતને હેરાન કરનારા થયા, ચક્રવર્તી થઇ સાતમી નરકે ગયા; માટે કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે મનુષ્યપણું તમારા કબજાનું છે, એમ જણાવી તેનું ફળ ન સમજો ત્યાં સુધી તેની વ્યવસ્થા કરવા માટે તમે લાયક નથી, એમ જણાવેલ છે. સાચો રસ્તો મળે તો જ સદુપયોગ થાય. સર્વ જીવો પ્રવૃત્તિ કરે છે તે ઇષ્ટ ફળ આવશે એમ જાણી પ્રવૃત્તિ કરે છે, છતાં પ્રવૃતિનાં ફળ અનિષ્ટ પણ આવે છે. રસ્તો લેતાં ભૂલ થવાથી 'વિનાયક' પ્રકુર્વાણો રચયામાસ વાનરઃ' જેવી સ્થિતિ થાય છે.

બ્રહ્માજીએ ગણપતિની સુંઢ બીજે સ્થાનકે (પાછળ) લગાડી. પ્રવૃત્તિમાં ફેર પડે તો વિનાયકના વાનરજી બને. પ્રવૃત્તિ, યોગ્ય ન થવાથી વાંદરો થયો. દરેક જણ ઇષ્ટ પ્રવૃત્તિ કરે છે, પણ રસ્તો સાચો ન લે તો? માટે જે મનુષ્યે ઇષ્ટની

# દેશના—૫

**स्थैर्यं प्रभावना भक्तिः, कौशलं जिनशासने ।**
**तीर्थसेवा च पंचास्य भूषणानि प्रचक्षते ॥**

## કાર્ય કરનારે ત્રણ વસ્તુનો નિશ્ચય કરવો જોઇએ.

કલિકાલસર્વજ્ઞ આચાર્યમહારાજ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ, ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ કરતા થકાં આગળ સૂચવી ગયા કે—જગતમાં જેને પણ કાર્ય કરવાની ઇચ્છા થાય, તે દરેક મનુષ્ય કે જીવને ત્રણ વસ્તુ પ્રથમ નક્કી કરવી પડે છે. તે સિવાય કાર્યની સિદ્ધિ પામી શકાતી નથી. કયી ત્રણ વસ્તુ? તે માટે સૂચવી ગયા કે—દરેક મનુષ્યે પોતે આરં-

---

સિદ્ધિ કરવી હોય તો તેણે ત્રણ વાતો કરવી જોઇએ. પહેલાં તો ઇષ્ટની સિદ્ધિ કરવી છે. ઇષ્ટની સિદ્ધિ જ કરવી છે. આ બે નિશ્ચય ન થાય ત્યાં સુધી ઇષ્ટની સિદ્ધિ શી રીતે થાય? ભૂખ્યો છે, પેટ ભરવું છે ને ખોરાકને અડકવું નથી તો ભૂખ ભાંગે ખરી? જેમ ખોરાક વગર ભૂખ ભાંગવા વિચાર છતાં ભૂખ ભાંગી શકે જ નહિ. તેમ ઇષ્ટની સિદ્ધિના સાધનો ન મળે તો? માટે ઇષ્ટસિદ્ધિનાં સાધનો મેળવવા તેનું જ નામ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર. એ કોઈ ઝાડનાં ફળ જેવી ચીજ નથી. ઇષ્ટસિદ્ધિના નિયમને વળગે, સાધનોને વળગે અને તેનો અમલ કરે તે જ દર્શન, જ્ઞાન ને ચારિત્ર. હવે તમે માન્યતા, બોધ અને પ્રવૃત્તિ એ બધામાં સમ્યક્પણું રાખ્યું; છતાં તે સમ્યક્ શબ્દ માત્ર માન્યતામાં રાખ્યો. બોધ અને વર્તનને ન લગાડયો, તેનું કારણ? હવે તે કેવી રીતે તે શાસ્ત્રકાર સમજાવશે. તે અગ્રે વર્તમાન.

ભેલું કાર્ય ઉત્તમ છે કે નહિં ? તે નિશ્ચય કરવો. કાર્યનો નિશ્ચય કર્યા વગર કાર્યનાં સાધનો મેળવવા તેની મહેનત થાય તે દેખાવમાં સરખી દેખાય, પણ પરિણામે ધપ્પો ખાનાર થાય. બાઇએ ઘાઘરો સીવવા આપ્યો. દરજીએ બખીઓ દીધો. કપડું છે, સંચેથી બખીઓ દીધો, પણ ધપ્પો ખાધો કેમ ? ગમે તે છેડા સાથે બખીઓ દીધો ! જેથી ઘાઘરો તૈયાર ન થયો. સોય, દોરો, મહેનત વગેરે બરાબર છે, પણ કાર્ય ન થયું. સોય–દોરો–સંચો વિગેરેમાં ખામી નથી, છતાં ઉલટી ઉકેલવાની મહેનત વધી. છેડા મેળવવામાં ભૂલ્યો, ત્યાં શું થાય ? કાર્ય માટે પ્રયત્ન કરે, કાર્ય માટે કુટુમ્બ પૈસા વિગેરેનો ભોગ આપે. પણ કાર્યની સુંદરતાનો વિચાર ન કર્યો હોય તો પરિણામ શું આવે ? માત્ર કાર્ય ધારીને કરેલી પ્રવૃત્તિ મનની મહેનત-વાળી હોય, તનની મહેનતવાળી હોય, અર્થના વ્યયવાળી હોય પણ નકામી. કારણ કે–કાર્યનું સુંદરપણું કઈ રીતે છે, તે નિશ્ચિત કર્યું ન હતું, માટે કાર્ય કરનારો પહેલાં પોતાના કાર્યને આગે નિશ્ચય કરે કે–આ કાર્ય સુંદર છે ? અને જ્યારે કાર્યની સુંદર-તાનો નિશ્ચય થાય ત્યારે એણે એ ખ્યાલ રાખવો કે–'**શ્રેયાંસિ બહુ વિઘ્નાનિ**'–સુંદરમાં સડો ઘાલનાર ડગલે પગલે મળે.

**તે સૂક્તનો બીજો અર્થ:—**

જાનવર સારા અનાજમાં પેસે, સડી ગએલામાં જાનવર પણ ન પેસે. સારા કાર્યમાં સડો ઘાલવા જગત તૈયાર છે, તેથી જિનભદ્રગણી ક્ષમાશ્રમણ સરખા પણ લખે છે કે–'**શ્રેયાંસિ બહુ-વિઘ્નાનિ**' કલ્યાણકારી કાર્ય હોય તો વિઘ્નોને પ્રથમ નોતરું હોય છે. કલ્યાણકારી કાર્ય હાથ ધરું તેમાં હું વિઘ્નોને પ્રથમ નોતરું દઉં છું. આ શ્લોકનો અર્થ, બીજા બધા આચાર્યો એમ

કરે છે કે–'કલ્યાણકારી કાર્યોમાં વિઘ્ન આવે.' ત્યારે કલિકાલ-સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજના ભત્રીજા શ્રી ચંદ્રસેનાચાર્ય કહે છે કે–ઘણાં વિઘ્નવાળા હોય તેજ કલ્યાણકારી કાર્યો ગણાય. શાસ્ત્રોમાં સમકિત, જ્ઞાન, દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય, ચારિત્ર વગેરેનાં આવરણ કર્મો સાંભળવામાં આવ્યા, પણ મિથ્યાત્વાવરણી, કૃપણતાવરણીકર્મ ક્યાંઈ સાંભળ્યું ? કૃપણતા, અજ્ઞાન, મિથ્યાત્વને આવરણ કેમ નહીં ? તો ધ્યાનમાં લ્યો કે–ડાઘ ધોળાને, કાળાને ડાઘ કેવો ? ડાઘ પડ્યો એટલે સમજવું કે ધોળું છે. ડાઘ પડવાનો ડર ધોળું હોય ત્યાં. આખું કાળું હોય ત્યાં ડાઘનો શું ભય ? આત્માના જે ગુણો તે બધા આવરણવાળા. જ્ઞાન, દર્શન, વગેરે આવરણવાળા, વીર્ય સુધીના અંતરાયવાળા, કર્મની ૧૫૮ પ્રકૃતિમાં અજ્ઞાનનું આવરણ એવી પ્રકૃતિ નથી. મિથ્યાત્વ અવિરતિ અલાભાદિનાં આવરણ નથી. કૃપણતાદિ એ ચીજો છે, પણ કલ્યાણભૂત નથી. '**श्रेयांसि बहु विघ्नानि**' તેનો અર્થ ચંદ્રસેનાચાર્યે બહુ વિઘ્નત્વનો ઉદ્દેશ રાખી શ્રેયસ્ત્વનું વિધાન કર્યું. તેથી શ્લોકના ઉત્તરાર્ધમાં–'અકલ્યાણમાં પ્રવર્ત્તેલાને વિઘ્ન આવતું નથી' એમ કહ્યું. જેમાં ઘણાં વિઘ્નો આવે તેજ કલ્યાણકારી કામ. બંને મુદ્દાને વળગીએ તો પણ એક અર્થ નક્કી છે, કે કલ્યાણકારી કાર્ય કરનારે સમજવું કે–વિઘ્નને નોતરું દઉં છું. ઋષભદેવજીને અંતરાય હતો. ૮૩ લાખ પૂર્વ સુધી અંતરાયે માથું ઊંચું ન કર્યું. દીક્ષા લીધી કે અંતરાય ઊભો થયો. તપસ્યા વરસની કરી ન હતી. વરસ લગી ગોચરી ન મળી–અંતરાયના ઉદયે.

ભગવાન મહાવીર મહારાજા ત્રીસ વરસ ગૃહસ્થપણામાં રહ્યા. અંગુઠાથી મેરુ ચલાવ્યો. વેતાલને બાળપણમાં મુઠ્ઠી

માત્રમાં દબાવ્યો. તેવા સમર્થ ભગવાનને દીક્ષા લીધા પછી તરત જ ગોવાળીઓ મારવા આવ્યો છે.

**नाकारणं भवेत्कार्यं । अनुग्रहार्थं स्वस्यातिसर्गो दानं ।**

તેનું વૈર ત્રીશ વરસ સુધી ક્યાં ગયું ? ગોવાળીયાને ત્રીશ વરસ સુધી વૈરની વસુલાત ન સુઝી, દીક્ષા લીધી તે જ દહાડે સૂઝયું. આ બે દૃષ્ટાંતથી નક્કી થાય છે કે-કલ્યાણકારી કાર્ય આરંભીએ એટલે વિઘ્નનું નોતરું. રસોઈ કરીએ ત્યારે જ કાગડા કૂતરાનો ભય. રસોઈ ન કરતો હોય તો કાગડા કૂતરાનો ડર હોતો નથી. કલ્યાણકારી કામ કરનાર વિઘ્નોને નોતરું જ દે છે. વિઘ્નો આવવાના જ છે. ને તેને તોડીને મારે કાર્યસિદ્ધિ કરવાની છે. દરેક કાર્ય કરનારને મુશીબતોને નોતરાં દેવાનાં હોય છે. કાર્ય કરનાર બનવું, કાર્ય કરતાં થવું તે પહેલાં એ નિશ્ચય કરવો કે હું મુશીબતોને-વિઘ્નોને-અંતરાયોને નોતરાં દઉં છું. ઉઘરાણી કોને ત્યાં ? કોથળીમાં નાણાં હોય તેને ત્યાં. લઇ શકાય ન હોય તેવા પાસે કોઇ દાવો નથી કરતા, એવામાં તે કમાયો હોય તો બધા ઉઘરાણી આવે. કમાણીએ ઉઘરાણી કરનારને નોતરું દીધું. અહીં પણ જે કંઇ કાર્ય સારું હોય, તે સારું કાર્ય વિઘ્ન લાવનાર છે. મુશીબતોને ઊભી કરનાર છે, સડાને શણગારનાર છે. ઉત્તમ કાર્ય આ નિશ્ચય થાપનારું છે. તે રીતે જો ઉત્તમ કાર્ય, વિઘ્નોને-મુશીબતોને નોતરું દેનાર છે, તો કાર્ય કરનારે હિંમત છોડી દેવી ? એ મુશીબતોના ડરે-સડાના ડરે ઉત્તમ કાર્ય બંધ કરવાનું કોઇને હોતું નથી. 'મુશીબતોનો સામનો મારે કરવો, આડખીલીઓને વીણી વીણીને કાઢી નાખવી. પણ મારે કાર્ય કરવું.' એ નિશ્ચય હોય તો જ ઉત્તમ કાર્ય થઈ શકે. દુનિયાદારીમાં પણ કાર્ય કરનારને

વિઘ્નની સંભાવના રાખી, તે વિઘ્નને દૂર કરી કાર્ય કરવાનું હોય છે. **'नाकारणं भवेत्कार्यम्'** કાર્યની સિદ્ધિ કારણાધીન છે. મુશીબતોને દૂર કરે તે કાર્ય નિશ્ચય. જે કારણથી કાર્ય બને તે કારણો નિશ્ચિત કરવાં જોઇએ.તેવી જ રીતે કાર્યસિદ્ધિના સાધનોનો નિશ્ચય કરવો જોઇએ. સાધનોનો નિશ્ચય કર્યા વગર કાર્ય કરવા દોડ્યો જાય, તે પંજાબ જવાની ઇચ્છાવાળો મદ્રાસની ગાડીમાં બેસે તેવું થાય. ગાડીમાં બેઠા, રેલ ચાલી, મુસાફરી કરી; પણ હવે ડબલ ભાડું આપી ફરી મુસાફરી કરે ત્યારે પંજાબ પહોંચે. સાધનો નક્કી કર્યાં છતાં તેની રચના, અમલ નક્કી થાય તો ડબલ મુસીબતમાં મૂકાવું પડે. તે માટે કહે છે કે–જગતમાં કાર્ય કરનારને નિશ્ચય, તેનાં સાધનો, તેનો અમલ વગેરે પ્રથમ કરવું જોઇએ. તે વગર કાર્યસિદ્ધિ ન થઈ શકે. કલિકાલ-સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ કહે છે કે–દુનિયાની વાત વિવાદ વગરની લાગતી હોય તો ત્રણ વાત જ હું કહેવા માંગું છું.

**દાનનું ખરૂં રહસ્ય.**

જેમ દાન શબ્દથી જગતમાં કોણ અજાણ્યો છે ? પરંતુ દાનનું રહસ્ય જેણે વિચાર્યું હોય તેને દાનની અપૂર્વતા માલમ પડે. દાનનું રહસ્ય હતું પરને ઉપકાર કરનાર હું બનું, પરના ઉપકાર માટે મારી વસ્તુનો ભોગ આપું. એ પ્રથમ વાસના–નિશ્ચય થાય તે દાન આપે. ઉમાસ્વાતિજી કહે છે કે **अनुग्रहार्थं स्वस्यातिसर्गो दानं** બીજાના ઉપકાર માટે પોતાની વસ્તુનો ભોગ આપવો–અર્પણ કરવી તે દાન.

કોઇને કહીએ કે–દસ શેર દહીં લાવજે, દહીંની મટકી લાવ્યો. મટકી મંગાવી ન હતી. દહીં મંગાવ્યું હતું. મટકી મંગાવી ન હતી તેમ કહો તો મૂર્ખ ગણાય. દહીં લાવવાની વાત થઈ, એટલે

તેનું ભાજન લાવવાનો હુકમ થઈ ગયો. બીજાના ઉપકારની દૃષ્ટિ જણાવી એટલે સ્વાર્થનો ભોગ આપોઆપ થઈ જવાનો. બીજાનાં કલ્યાણની દૃષ્ટિ થયા વગર બીજાના કલ્યાણ માટે આપણે શાના તૈયાર થઇએ? આપણે 'ઘરજા વિસરજા' 'કોઇકનું પડે ને મને જડે'. મળ્યું તેમાં મોજ ગણનારા હતા. આપ્યું, છોડયું તેમાં લહેર. સ્વપ્નમાં પણ આવી હતી? મારા ભોગે, મારી વસ્તુના ભોગે, બીજાને ઉપકાર થાય તે માટે હું મારું અર્પણ કરું. મારાપણાનો ભોગ આપી બીજાને ઉપકાર કરવા હું તૈયાર થઉં. એ વાત ન હતી. અનાદિકાળથી દૃષ્ટિ કયી હતી? હું આખા ગામનું ખાઉં, મારું ખાય તેનું નખોદ જાય. દાન ગુણ આવ્યો ત્યારે 'મારું ખવડાવવું પણ તેને લાભ થાય–તેનો ઉદ્ધાર કરું' એ ભાવના આવી. દૃષ્ટિનો પલટો કેટલો થયો? મારા ભોગે–સર્વસ્વના અર્પણે બીજાનું કલ્યાણ થાય. જેમ દાનનું સ્વરૂપ સાંભળ્યા પછી જ્ઞાનની અપૂર્વતા સમજવામાં આવે છે તેમ જગતને અંગે ત્રણ ચીજો બતાવી. કાર્ય કરવાનો નિશ્ચય, તેના સાધનો અને અમલનો નિશ્ચય ત્રણ વસ્તુ બને તો જ કાર્ય બની શકે, તેનું જ નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. તે માટે પ્રસિદ્ધ શબ્દો કહું છું.

## સમ્યક્ત્વ એટલે સ્વાર્થનો ભોગ અને પરોપકારની પરાયણતા.

દાનનું સ્વરૂપ જાણ્યા પછી સમ્યક્ત્વ શબ્દ ઘરગથ્થુ થઇ ગયો છે. ભંડારી આપ્યા કરે તેમ આપણે અનુકૂળ થઇએ ત્યારે સમકિતી, અને પ્રતિકૂળ થઇએ તો મિથ્યાત્વી. એવા ઇલકાબો અનુકૂળતાએ પ્રતિકૂળતાએ દઇ દઇએ; પણ સ્વરૂપ સમજો. ચોથમલજી–માધવજી પોતાનું સમકિત દે. એમ પોતાનાં

સમકિત દેવાય છે ! બાઈઓ બજારમાં બોલે કે–'સ્વર્ગે જવાનો ખપ કરો તો ચોથમલને માનો, નરકે જવાનો ખપ કરો તો ગણેશમલને માનો.' બાઈઓ સુદ્ધાં તેમ બોલે છે. બાઈઓ માળવા મારવાડમાં ઘેરથી ઉપાશ્રયે જાય ત્યારે ગીત ગાય. તેના હાથની છાપ, શબ્દ પકડાયો, સ્વરૂપ પકડાયું નથી. મારી વસ્તુના ભોગે પણ પરોપકાર કરું, તે દાનનું ઊંડું તત્ત્વ હતું. તેમ સમ્યક્ત્વનું ઊંડું તત્ત્વ ક્યાં છે ? સ્વાર્થપરાયણતાની જ્યાં પોક મેલાય, ત્યાં ઊંડું તત્ત્વ છે. પરમાર્થપરાયણતાને મોટી માનવામાં આવે ત્યાં પરોપકાર કરવો છે, તેમ નહીં પણ બીજાનો ઉપકાર કરવો છે, એ વસ્તુ ખડી થાય. સ્વનો ભોગ અને બીજાનો ઉદ્ધાર. તેમ પ્રસિદ્ધ શબ્દ સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર. પણ તેમાં જડ કઈ ? દરેક સુંદરના પક્ષી છે, પોતાનું કરેલું ખરાબ છે તેમ માનવા કહેવા કોઈ તૈયાર નથી. ખરાબ ધારીને કોઈ કરવા તૈયાર થતું નથી, ધારણામાત્રથી સારા ખરાબપણું થઈ જતું નથી. કોઈપણ પોતાની માન્યતાને ખરાબ માનવા તૈયાર નથી. દરેક પોતાની માન્યતાને સુંદર જ માનવા તૈયાર છે. દરેક પોતાની ધારણા–વચન–કાર્યને સુંદર મનાવવા જ તૈયાર છે. સુંદરપણું સ્વભાવે–સ્વરૂપે રહેલું છે. સ્વભાવે સુંદરપણું હોય. એક પદાર્થનો નિશ્ચય કરવો હોય, તેને જુદો પાડવા માટે બીજી વસ્તુ લાવવી પડે; અને એ જાતનો વિભાગ પાડો ત્યારે નિશ્ચયમાં આવી શકો. જેમ પશુ–પંખી–ઘટ–પટ પદાર્થોથી તેમનું જુદું સ્વરૂપ જાણવું પડે. સાકરભાઈનો નિશ્ચય કરવા માટે વિજાતિની વ્યાવૃત્તિ. ઈતર અને સજાતિની વ્યાવૃત્તિ વગર પદાર્થનો શુદ્ધ નિશ્ચય થઈ શકે નહીં. બે વ્યાવૃત્તિ, આ બેથી ભિન્નપણું, તે નિશ્ચય. તેમ નિશ્ચય થયા વગર પદાર્થનો નિશ્ચય ન થઈ શકે. સમ્યક્ત્વને

અંગે નિશ્ચય કરવાનો. વિજાતિથી વ્યાવૃત્તિ થયેલો ઈતર, સજાતિથી વ્યાવૃત્તિ થએલો જુદો પડતો. અનાદિકાળથી ધ્યેય શું પકડયું ? કંચન, કામિની, કુટુમ્બ અને કાયા એ ચારનું. જાનવરમાં–દેવલોકમાં આ ચાર પકડ્યાં હતાં. આત્મા, એ ચારને જ સાધ્ય તરીકે ગણતો હતો. કંચન, કામિની, કુટુમ્બ અને કાયા આ ચારને સાધ્ય તરીકે ગણતો હતો. તે ગણતો ગણતો બિચારો ભટકતી પ્રજા તરીકે રહ્યો.

## ભટકતી જાતિ.

ગામ બહાર લુવારીઆ આવે છે, તે કયા ગામના ? કોઈ ગામના નહીં. બે મહીના એક ગામમાં, બે મહીના બીજા ગામમાં. વર્ત્તમાનકાળમાં તેને આપણે ભટકતી પ્રજા તરીકે દેખીએ છીએ, તેમ આપણે ય ભટકતી પ્રજા. આપણે કોઇ જગો પર બે ઘડી, વધારેમાં વધારે ૩૩ સાગરોપમ. આપણો સ્થિરવાસ કયી જગ્યા પર ? **तं नत्थि कीर पएसो०**

ચૌદ રાજલોકને સુધરેલો તો કલ્પનામાં પણ નથી લાવી શક્તો. અસંખ્યાત કોડાકોડ જોજને એક રાજ થાય, તેવા ઊર્ધ્વ અધો ૧૪ રાજને ઘન કરે તો સંખ્યા જબરી થાય. તેવા ૧૪ રાજલોકમાં વાળના અગ્રભાગ એટલી જગ્યા પણ નથી કે–જ્યાં આ આત્મા નથી જનમ્યો, નથી મૃત્યુ પામ્યો. **जत्थ सव्वे जीवा अणंतसो** અનંતી વખત જ્યાં જન્મ્યા, મર્યા ન હોય તેવો વાળના છેડા જેટલો પણ કોઇ ભાગ ૧૪ રાજલોકમાં મળે નહીં. હવે ભટકવાપણામાં આપણે શું બાકી રહ્યા ? એકેન્દ્રિયપણું લેવાનું. આ લવારીયાની જાત તો આ બાજુ દ્વારકા–જગન્નાથ–મુલ્તાન કે મદ્રાસ તેમાં જ ભટકતી જાત. આપણી તો ૧૪ રાજલોકમાં ભટકનારી જાત ! આવી જાતને ભટકતી ન કહેવી તો શું કહેવું ?

તે ભાગ્યશાળી છે કે–દલ્લો ટોપલામાં લઇને સાથે લઇ જાય. આ તો એવી ભટકતી પ્રજા કે–જે મેળવ્યું તે મેલ્યું ને ચાલ્યાં, કરોડો રૂપિયા મેળવે. લાખો સ્ત્રીઓ હોય તો પણ મેલવાનું. યાદવો માફક કરોડોનું કુટુમ્બ હોય તો પણ મેલવાનું. ભટકવું ને મેળવેલું મેલીને ભટકવાનું, આ અનાદિકાળથી કર્યું. હવે આપણે શો નિશ્ચય કરવો ? મારે હવે ભટકવું નહીં ને મેળવેલી વસ્તુ મેલવી નહીં. સમકિત આજ, બીજું સમકિત નહીં. ભટકતા-પણું છોડું. મિલ્કત એવી કે–મેલવી ન પડે, એજ સમકિત. ભટકવું ક્યારે ન પડે ? આયુષ્યના આધારે ગળું ન બંધાય તો ભટકવું ન પડે. કાયાના કાષ્ઠપિંજરામાં કેદ રહ્યા છીએ, ત્યાં સુધી ભટકવાનું છે. હમારે સિદ્ધશિલા પર તત્ત્વ નથી. અમારે તો ભટકવું ન પડે, જ્યાં ત્યાં ગયા, ત્યાંથી ખસવાનું નહીં. એવી મિલ્કત મેળવવા પર તત્ત્વ છે કે મરણાંતે પણ તે મિલ્કત મેલવી ન પડે. ગયા પછી ચોંટયા, ખસવું ન પડે એવા સ્થાનની ઝંખના તેનું જ નામ સમકિત. શું આ ? એજ મોક્ષ.

## કર્મની ધુંસરી હોય ત્યાં જ ખાવાપીવાનું હોય.

મોક્ષમાં ખાવું, પીવું, પહેરવું, ઓઢવું નહીં. તેવા મોક્ષને શું કરવો ? એમ કહો, તો સમજો કે–ઝિંદાબાદ પોકારો તો છો, પણ તમે ખાવા, પીવા, હરવાફરવાના જ રસિયા છો. જો એમ છે તો આઝાદી આબાદી શબ્દ બોલવો પાલવતો નથી. તમારે તો "આઝાદી આબાદી ભલે ન હોય પણ જે રાજ્યમાં ખાવા પીવા, હરવા ફરવાની મોજ હોય તેવું રાજ્ય જોઇએ." એમ જ બોલવું જોઇએ. એક સરખી રીતે કહેવું પડશે કે–એ ખાવાપીવા વિગેરેમાં ધૂળ પડી કે જેમાં આઝાદી આબાદી ન હોય. જેની ઉપર કર્મનો સોટો વીંઝાતો રહે, એવો આ

સંસાર. તેમાં ખાવા પીવાના દિવસો **છે પણ કર્મની ગુલામી છે. આથી સમજ્યા હશો** કે-કર્મની **ધુંસરી હોય ત્યાં ખાવા** પીવાનું છે. કર્મની ધુંસરી નથી ત્યાં ખાવા પીવાનું નથી. આ બેમાંથી જે પસંદ હોય તે બોલો. તમને રમુજ ખાવા પીવામાં છે? કર્મની ગુલામી કબુલ પણ ખાવું પીવું મળવું જોઇએ એમજને? આઝાદીનો અર્થ સમજ્યા, દેશને અંગે આઝાદીનો વિચાર કર્યો, પણ આત્માને અંગે કદી વિચાર કર્યો કે-તેમાં કોઇની ડખલ ન જોઇએ. આમાં ડખલ ન જોઇએ તેવું વિચાર્યું? આત્માની અંદર ડખલ કોઇની ન જોઇએ. આત્મા પોતેજ સ્વતંત્ર. અક્કલ વગરની સ્વતંત્રતા તે સ્વચ્છંદતા અણુસમજુની સ્વતંત્રતા એ સ્વચ્છંદતા, અજ્ઞાનદશા ન હોય, તેમાં કર્મ ન હોય અને તેજ મોક્ષ=કર્મ આડું ન આવે તેવી દશા સંપૂર્ણ લોકાલોકનાં જ્ઞાનવાળી દશા. તેમાં કર્મની આડખીલી નહીં. આપણી કમાણી-મિલ્કત ઉપર અંકુશ. ઉત્પત્તિ-આવક-મિલ્કત ઉપર અંકુશ. તેના જેવી ગુલામી કયી? અહીં પણ મૂળ મિલ્કત કેવળજ્ઞાન-દર્શન છે. તેના ઉપર અંકુશ! મતિ આદિ જ્ઞાનો ઉપર પણ તેનો દાબ. સ્પર્શાદિ વિષયના જ્ઞાન ઉપર પણ તેની બાંહેધરી! તેની બાંહેધરી એજ સ્પર્શ-રસ ગંધ-રૂપ-શબ્દનું જ્ઞાન. કર્મની બાંહેધરીએ વિચાર કરી શકીએ તો તમારું શું? વિષયની પ્રવૃત્તિ તે પણ તેના કબજામાં! કહો કેવી ગુલામી? આવી ગુલામીદશામાંથી છૂટવાનો જે નિશ્ચય તે ખરી આઝાદી. પેદા પારકા માટે કરાય તે આઝાદી નહી. ગાય ઘાસ ખાઇને દૂધ કરે તે પોતાને માટે નહિ બીજાને માટે! **આથી** તે ઢોર. આપણે મેળવીએ તે દુનિયાદારીનાં-કર્મનાં પોષણ માટે, તેમાં આપણું કંઇ નહી! તે નિશ્ચય, તે જ **સમકિત**

કર્મની આડખીલી ન હોય, જન્મ જરા મરણુ સને નડે નહીં તેવું સ્થાન મેળવવાનો નિશ્ચય તે સમકિત. મારી આત્મરિદ્ધિ ખુલ્લી રહે એવું સ્થાન મારે મેળવવું છે. આમ કાર્યનો નિશ્ચય તેનું જ નામ સમકિત. આ તો મોક્ષને જ નહીં પણ આત્માને, કર્મને, જન્માંતરોને નહીં માનનારાથી જુદાપણું થયું ? જિનેશ્વર દેવ, શુદ્ધ ગુરુ, કેવળીકથિત ધર્મ માન્યો છતાં પેલાં કરતાં વધારે મુશ્કેલીમાં આવ્યો ! પણ એમ નથી. ઇતર પદાર્થોથી સોનાને જુદું પાડવામાં જેટલી મુશ્કેલી નથી, તે પિતળથી સોનાને જુદું પાડવું પડે તેમાં મુશ્કેલી છે. તે વખતે કસોટીની જરૂર પડે.

જેમ દિગંબરથી લઇએ. તેઓ કહે છે કે—અમે જિનેશ્વરને દેવ માનીએ. બધા જૈનના ફાંટા તેમાં દેવગુરુધર્મ સરખા આવવાના. એ સ્થિતિમાં તેના નિશ્ચયની મુશ્કેલી કેટલી ? મોક્ષ, આત્મા, બંધન માનતા ન હતા તેથી નિશ્ચય થયો પણ મોક્ષાદિ માને છે યાવત્ જિનેશ્વરને દેવ, સુસાધુને ગુરુ, શુદ્ધ ધર્મને ધર્મ માને છે. તેનું કોઈ શાસ્ત્ર ધર્મ માનવા લાયક નથી, એમ કહે છે ? પણ તે વાત જુદી છે. કારણુ કે—તેમાં સાચા જૂઠાનો નિર્ણય શી રીતે ? ઇતર ધાતુથી સોનાનું જુદું પાડવું તે સહેલું પડે છે, તેમ પિત્તળથી જુદું પાડવામાં મુશ્કેલી પડે. મોતીને માણેક હીરાથી જુદું પાડવામાં સહેલાઇ છે, પણ કલ્ચરથી જુદું પાડવામાં મુશ્કેલી છે. જિનેશ્વરને દેવ માને છતાં મીંડું. કારણુ કે—તે શી રીતે પારખવા ? તે પારખવા માટે શાસ્ત્રકારને પ્રયત્ન કરવો પડે છે. શાસ્ત્રમાં કહેલાં લક્ષણુવાળા દેવ, આગમમાં લક્ષણ કહ્યાં તે લક્ષણુવાળા ગુરુ અને ધર્મ. દેવને માનનારી દુનીયા હોય તેમ ગુરુ અને ધર્મને માનનારી હોય, પણ તે કોના આધારે ? '**आगमओ**'—આગમના આધારે:

તીર્થંકરોને, ગુરુઓને અને ધર્મને સાચી રીતે કોણે માન્યો ગણવો? માત્ર ધારણાથી દેવ-ગુરુ-ધર્મનું સાચાપણું નહિ. આત્માનાં કલ્યાણની ઇચ્છાવાળો અને આગમને પ્રમાણ કરનારો આત્મા જ આગમમાં કહેલાં લક્ષણવાળા દેવને દેવ તરીકે માને. તે દેવે કહેલાં શાસ્ત્રાધારે ગુરુ અને ધર્મ માને તો તે ગુરુ અને ધર્મ શુદ્ધ માન્યો ગણાય. આ સાચા દેવ, ગુરુ અને ધર્મ. આથી નક્કી કર્યું કે-જેણે આગમોને માન્યાં તેણે જ સાચા દેવ ગુરુ ધર્મને માન્યા. સંપૂર્ણ આડખીલી વગરનું સ્થાન. સંપૂર્ણ અખંડ રહેવાનું અખંડસ્થાન, કોઇકાળે જેમાં આડખીલી કે અપૂર્ણતા નહિં તેવું સ્થાન; તે મોક્ષઃ માટે આગમના આધારે શુદ્ધ દેવ-ગુરુ-ધર્મનું આલમ્બન કરે તે સમકિતવાળા. પ્રશ્ન થશે કે-'તો તો માન્યતામાં જ સમકિત કહી શકશો, બોધમાં સમકિત કહી શકશો નહિ; માટે બોધ અને વર્ત્તનમાં પણ સમકિત કહો.' પરંતુ માન્યતા એટલે સાધ્યનો નિશ્ચય, તેને જ અહિં સમકિત કહીએ છીએ. ચારિત્રમાં, વર્ત્તનમાં, જ્ઞાનમાં સમકિત માનીએ છીએ, પણ તે અહિં કહેતા નથી. 'વાણીયાનો છોકરો' બોલો છો, પણ 'વાણીઓ છોકરો' એમ કેમ નથી બોલતા? બાપની જાત કહી એટલે છોકરાની જાત આવી ગઇ. તેમ સમ્યગ્જ્ઞાન ને ચારિત્ર તો છોકરાં છે અને સમ્યક્ત્વ તો બાપ છે. સમ્યગ્દર્શન હોય તો જ જ્ઞાન અને ચારિત્ર કહેવાય. જ્ઞાનમાં, ચારિત્રમાં, સમ્યગ્પણું દર્શનનું ઉતરેલું છે. કહેશો કે-'જ્ઞાનમાં સમ્યક્પણું, ચારિત્રમાં સમ્યક્પણું માનીએ છીએ ને?' વાત ખરીઃ દત્તક લીધો પણ મિલકત આપવાની નથી. દત્તક લીધો કબૂલ, પણ તે પછી તે છોકરાની કારગતી તેના ભાઇની ચાલે; છોકરાની કારગતી ન ચાલે. દત્તકની

# દેશના—૬

**૨૦૦૦ ફા. વ. દ્વિતીય પ્રતિપદા શનિવાર સગરામપુરા–સુરત.**

[ આજે ક્ષત્રિય વણકર વર્ગના અગ્રેસર ગાંડાભાઇ કડી-વાળાએ આ પૂ. બહુશ્રુત મહાપુરુષને પોતાના આંગણે ભારે આડંબરથી પધરાવ્યા હતા. પોતાની કોમે જાહેર–મોટા રસ્તાઓને વિવિધ ધજાપતાકાઓ આદિથી અતિ રમણીય બનાવ્યા હતા. અતિશય ભપકાદાર, રોનકદાર, ભાતભાતનાં કાપડ–કીનારી–જરીકામ વગેરે ઘણી કિંમતી વસ્તુઓની કમાનો અને તોરણોથી શોભા કરી સગરામપુરાના રસ્તા, મકાનો, શેરીઓ અદ્ભૂત શણગાર્યાં હતા! જે શોભાની અપૂર્વતાનો નજરે જોનાર જ અનુભવ કરી શકે. રસ્તામાં પૂ. આગમોદ્ધારક મહર્ષિના ઉપદેશથી જૈનધર્મી બનેલ તે કોમે ચોકખા–સારા–સાચા ઉત્તમ પ્રકારના કિંમતી મોતીના જ સાથીયા કરી, ઉપર ગીનીઓ મૂકી. ગહુંલીઓ કરી કૃતાર્થતા અનુભવી હતી! કેટલીક જગોએ પાવલી–રૂપીઆ–બે આના–આના અને પૈસા આદિના સ્વસ્તિકો રચવામાં આવ્યા હતા, જેણે જોનારને આશ્ચર્યચકિત બનાવ્યા હતા! લોકોની ઠઠ અજબ હતી. ભારે આડંબરી સામૈયું શહેરમાં ત્રણ માઇલના

---

એ પ્રમાણે ફારગતી લે, તો દત્તક લીધો તે સાબિત થાય: માટે દત્તક હકદાર: દત્તક લીધો કબૂલ ને વારસો ન આપવો તે ઈમાનદારોને ન પાલવે. કહેશો કે—આનો અર્થ તો એ થયો કે—'જ્ઞાનમાં, ચારિત્રમાં સમ્યક્ત્વ માનવું છે, ને જ્ઞાનમાં, ચારિત્રમાં સમ્યક્ત્વ કહેવું નથી!' તો સમજો કે—જ્ઞાનનું, ચારિત્રનું ત્યારે જ સમ્યક્ત્વપણું કે—જો દર્શનમાં સમ્યક્પણું હોય. હવે તે કેવી રીતે? તે અગ્રે.

ચક્રાવામાં ફરીને સગરામપુરે ઉતર્યા બાદ પૂ. બહુશ્રુત મહાપુરુષે આ દેશનાનો પ્રારંભ કરેલ. ]

**आत्मवत् सर्वभूतेषु,सुखदु खे प्रियाप्रिये।**
**चिन्तयन्नात्मनोऽनिष्टाम्, हिंसामन्यस्य नाचरेत् ॥**

## વિવેકીઓને પ્રાપ્ત કરવા લાયક શું ?

શાસ્ત્રકાર કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રીમાન્ હેમચંદ્રસૂરિજી મહારાજ ભવ્યોના ઉપકાર માટે ધર્મોપદેશ કરતા થકા આગળ સૂચવી ગયા કે—આ જીવને અનાદિકાળથી સુંદર પદાર્થો ગમે છે. જો કે—'સુખ ગમે છે' એમ સામાન્ય રીતે કહેવાય છે. અને તેનું કારણ, સહુને દુઃખનો અણગમો હંમેશાં હોય છે. સૂતાં—જાગતાં—મુસાફરીમાં કે બેઠા હોય, તે દરેક અવસ્થામાં દરેકને સુખ જ ગમે છે, અને દુઃખનો અણગમો રહે છે. એટલા માટે '**आत्मवत् सर्वभूतेषु**' કહે છે. એ વચનનો અર્થઃ—પોતે મૂર્ખ હોય તો આખા જગતને મૂર્ખ સમજવું ? પોતે વિદ્વાન હોય તો બધાને વિદ્વાન્ અને રોગી હોય તો બધાને રોગી સમજવા ? પોતે દૂધપુરી ઉડાવે તો આખું જગત દૂધપુરી ઉડાવે છે ?' તેમ સમજવાવાળો થાણાની ગાંડાની ઇસ્પિતાલમાં શોભે. તેમ માનનારો એ મનુષ્ય બીજી જગો પર નહીં શોભે, પણ થાણાની ઇસ્પિતાલમાં શોભશે. મહાનુભાવ ! તે વચન કઈ અપેક્ષાએ કહ્યું છે ? જગતમાં અપેક્ષાવાદ ન સમજે તેને એક વચન પણ બોલવાનો હક નથી. અપેક્ષાને સમજો. આ ત્રણ આંગળામાં વચલીને નાની કે મોટી કહેવી ? પૂજા કરો છો તે અનામિકા આંગળીને નાની કહેવી કે મોટી કહેવી ? કનિષ્ઠાની અપેક્ષાએ મોટી, મધ્યમાની અપેક્ષાએ નાની. અપેક્ષાએજ એમાં નાના મોટાપણું. નાના મોટા શબ્દો પરસ્પર વિરુદ્ધ છતાં

અમુક અપેક્ષાએ તે નાના મોટાપણું છે, તેથી ગ્રંથકારોને તેનું નાની-મોટી નામ કહેવાને બદલે અનામિકા કહેવું પડયું. એ રીતે અપેક્ષા ન સમજે તેઓ **'आत्मवत् सर्वभूतेषु'** એ વાક્ય સમજવાને લાયક ન ગણાય. 'જેવો પોતાનો આત્મા તેવો જગતનો આત્મા' તે કયી અપેક્ષાએ ? તે માટે કહ્યું કે-**सुखे दु:खे प्रियाऽप्रिये'** રોગી નિરોગી, શાંત અશાંતની અપેક્ષાએ સુખ-દુ:ખ, પ્રિય અપ્રિય નહીં, પરંતુ જેવું આત્માને સુખ વહાલું છે અને દુ:ખ અળખામણું છે, તેવું અન્યને સુખ વ્હાલું છે અને દુ:ખ અળખામણું છે, એ અપેક્ષાએ. તે સાંભળી સમજી શું કરવું ? તે માટે સમજાવ્યું કે આ વસ્તુ સમજી એક જ કરવાનું કે-પોતાને મોટામાં મોટો ડર શાનો લાગે ? જીવનનો. તેથી જીવન બચાવવા માટે પોતાના જીવનની જેમ બીજા પ્રતિ વર્ત્તવું.

**दीयते म्रियमाणाय, कोटिं जीवितमेव वा। धनकोटिं न गृह्णीयात् सर्वो जीवितमिच्छति॥ 'सव्वे जिविउमिच्छन्ति, न मरिउं '** મરતાંને કોઇ એમ કહે કે-"કાં તો ક્રોડ સોનેયા લે, અને કાં તો જિંદગી લે.' તો શું ગ્રહણ કરે ? દરેક જીવ, જિંદગીને જ ઈચ્છવાવાળો છે. આ વાત શાસ્ત્રના એ અક્ષરોમાં હતી. આજકાલ પેપર જાણનારા, વાંચનારા જોઇ શકે છે કે રશિયાના ઝારે, જર્મનીના કેસરે, અફઘાનના સુલતાને, ઈરાનના શાહે, પોર્ટુગીઝ રાજાએ, સ્પેનની પાર્લામેન્ટે ગાદી છોડી દીધી. શા માટે ગાદીઓ છોડી ? જીવ વહાલો હતો. રશિયાના ઝારને રાજ્ય કરતાં જીવ વહાલો હતો, તેથી રાજીનામું આપી જીવ બચાવ્યો હતો.

જીવન એટલું બધું વહાલું છે કે-તે આગળ બધું તુચ્છ છે, તો જગતના જીવોને પણ પોતપોતાનું જીવન વહાલું છે. આ વાત ફળ તરીકે જણાવી. જગતને સુખ વહાલું છે.

દુઃખ અળખામણું છે, આ સિદ્ધાંત છતાં પણ આ સિદ્ધાંત અપવાદ વગરનો છે. તેમ નહીં. અપવાદવાળો આ સિદ્ધાંત છે. જે વસ્તુ ગમી હોય, સુંદર લાગી હોય, ગમેલી સુંદર વસ્તુ માટે સુખનો ભોગ, ને દુઃખ સહન કરવા જીવ તૈયાર થાય છે. માટે જ શાસ્ત્રકારોએ સુંદરપણું એ પહેલું પ્રાપ્ય ગણ્યું. પહેલવહેલું વિવેકીઓને પ્રાપ્ત કરવા લાયક શું ? જેમાં સુંદરપણું તે પ્રાપ્ત કરવા લાયક. સુંદરપણાની ઇચ્છા દરેકને રહે. તેમાં અપવાદ રહી શક્તો નથી. સુંદરની સિદ્ધિ માટે દરેક જીવ મથે છે. એમાં અપવાદ નથી. સુખ માટે અપવાદ નથી, પરંતુ સુંદર મેળવવાની ચાહના ! તેમાં અપવાદ નથી. સારી ગમેલી ચીજ મેળવવામાં ચાહના, તેમાં અપવાદ નથી. સુંદરપણું કોની ઉપર આધાર રાખે છે ? દેખનારની બુદ્ધિ ઉપર. સુંદરપણાનો આધાર કોની ઉપર ? સુંદરતાની તપાસ કરનારની બુદ્ધિ ઉપર. કીડી, મંકોડી સારા રસમાં ગંધમાં સુંદરતા ગણે છે. સામાન્ય જગતના જીવો જેઓ મોહમાં મુંઝાના છે, દારુમાં ચક્ચૂર બનેલા માનવીઓ સુંદર કઈ ચીજ, તે સમજી શકે નહીં. તેવીજ રીતે આ જગતમાં મોહની માયામાં મુંઝાયેલા, મોહના ઘેનમાં છકેલા આત્માઓ, પોતાને માટે શું સુંદર ? તેની પરીક્ષા-નિર્ણય કરી શક્તા નથી. આત્માને કયું સુંદર મેળવવા લાયક તેનો આ જીવે ખ્યાલ પણ કર્યો નથી. સુંદર શું ? તે સમજાવુ તે પહેલાં એક વાત ખ્યાલમાં લઈ લો. જે કોઈપણ તમારી ઉપર હુકમ બજાવે, જેમ કે-વૈદ કહે કે-'મરચું ના ખાશો.' એ વૈદે હુકમ કર્યો: એ એના સ્વાર્થ માટે હુકમ નથી. તમને મરચું ખાવા માટે નિષેધ કરે છે. તે નિષેધ વૈદના પોષણ માટે નથી, પરંતુ જેઓ તમારી ઉપર એવા હુકમ કરનાર હોય કે-'ગુલામ બનો અને

પ્રાણ આપો.' 'સ્વતંત્ર બનો અને પ્રાણ આપો.' તે હુકમ ક્ષમ્ય, પણ 'ગુલામ બનો ને પ્રાણ આપો' તે હુકમ કોણ સહન કરે? જગતમાં તલવારના જોરે તણખલું પકડવું પડતું હોય તેવા વખતે ભલે આવા હુકમને માન આપો, પણ મોહમાં મુંઝાયો છે તેના ઉપર એવો હુકમ બજાવે તેને કોણ માન આપે? મોહમાં મુંઝાયેલા ઉપર તેવો હુકમ બજાવનાર કર્મ છે. કર્મ એ આ જીવ ઉપર હુકમ બજાવે છે કે–'ગુલામ બન, ને પ્રાણ આપ' સર્વ ગતિઓ ને સર્વ ભવ માટે તેનો એક સરખો હુકમ છે કે–ગુલામ બન ને પ્રાણ આપ. તારું કેવળજ્ઞાન ને કેવળદર્શન, વીતરાગપણું અને આત્માની શક્તિ મારા કબજામાં સોંપી દે! આત્માની જે શક્તિ, તે જ્ઞાનદર્શનશક્તિ–માન્યતાની વર્તનની શક્તિ. યાવત્ આત્માની લેવાદેવાની શક્તિ પોતે પહેલા લખાવીને આધીન કરી લે છે! દેશમાં કરવાલ ચલાવાય તેમાં જેમ લોઢાની કરવાલ આખા દેશ પર અસર ન કરે, પણ કલમની કરવાલ આખા દેશમાં અસર કરે.

**વિપર્યાસ બુદ્ધિ**–તારે તારી શક્તિ છે, એમ ગણવું જ નહીં. તારી શક્તિ ઉપર તો કર્મરાજાએ બુદ્ધિવિપર્યાસની કરવાલ ચલાવી છે. તારી કઈ શક્તિ છે તે તારે ન વિચારવું, એના જેવો બુદ્ધિવિપર્યાસ કયો? મારું ભલું શામાં? એમ વિચારવાની અને એવી રીતે વર્તવાની તાકાત ચોરી લે એવો એ બુદ્ધિવિપર્યાસ છે. પોતાની તાકાત અજમાવવા જાય તેવા ઉપર સોટા પડે તેવો કોણ? મોહ. મોહ, આ જીવ ઉપર જોહુકમી ચલાવી પોતાના સ્વરૂપનું, શક્તિનું, સાચી માન્યતાનું ભાન થવા ન દે; તો પછી તે સ્વરૂપાદિને જાહેર કરવાનો વખત તો ક્યાંથી જ હોય? આવો જુલમી કોણ? મોહરાજા! ગુલામીની ધુંસરીમાં બાકી રાખી? એ કહે છે કે–પ્રાણ લઉં! અને તે પણ જુલમનો

પાર ન હોય તેવી સ્થિતિમાં મૂકીને! તમને ગુલામ બનાવું ને પ્રાણ લઉં! ભવોભવ જન્મ જરા મરણના ચક્કરમાં ફેરવું! લાખો–સેંકડો–કરોડો વખત પ્રાણ લઉં! આમ કર્મરાજાની જુલ્મી રીતથી તમને ગુલામ બનાવું ને તમારા પ્રાણ લઉં.! આના જેવી જુલ્મી રીતિ દુનિયામાં ન હોય. ગુલામ બનાવું ને પ્રાણ લઉં. તમારી રિદ્ધિને જાહેર કરવા ન દઉં. કર્મ પોતાની અપેક્ષાએ આત્માને દ્રોહી ગણે, અને જન્મ–જરા–મરણરૂપ ઘાંચીની ઘાણીમાં પીલે! જે કર્મ આ જીવને ગુલામીની ધુંસરીમાં જોડી શકે, જંપીને બેસવા ન દે. જન્મ જરા મરણની ઘાણીમાં પીલે; તે કર્મ કેટલું ક્રૂર? મનુષ્ય વિચારે કંઇ ને કુદરત કરે કંઇ! મનુષ્યની ધારણા પ્રમાણે કાર્ય થતું હોય તો ચક્રવર્તિના વંશમાં કેટલીય વંશપરંપરા સુધી ચક્રવર્તિપણું રહેત! પણ કુદરત કોઈ જુદું જ કામ કરે છે. કર્મરાજા આમ આખા જગતને ગુલામ રાખવા માટે તૈયાર રહે છે; પણ કુદરત મનુષ્યપણું આપે છે, ત્યાં કર્મરાજાના ટાંટીયા ક્પાઈ જાય છે. આ જીવ, એકેન્દ્રિયાદિમાં જુલમ શું ચીજ, તે સમજતો જ નથી, તો નિવારે કયાંથી? કુદરતે મનુષ્યપણામાં કર્મની પોલ ઉઘાડી પાડવાનું ગોઠવ્યું છે. કર્મનો છેદ કરવા માટે યંત્રો ગોઠવ્યા છે. કર્મનાં હાડકા બાળી નખાય એવું ષડ્યંત્ર બનાવ્યું છે. શુદ્ધ ચિદાનંદસ્વરૂપ–આત્માની દશા મનુષ્યપણામાં જ મેળવાય છે. કર્મનો સર્વથા નાશ કરી, સંપૂર્ણ આબાદી અને આઝાદી મેળવવાની દશા જો કોઈપણ જગો પર હોય તો માત્ર મનુષ્યપણામાં જ છે, પરંતુ જે દેશ પોતાની પવિત્રતાએ જગતની ટોચે ચડેલો હોય તેવા દેશમાં દ્રોહીઓ ન હોય તેવું નથી. દ્રોહી વગરનો કોઈ દેશ નથી. મારા દેશમાં દ્રોહીઓ ન હોય

તો કાર્ય કરું, એ વિચારવાળો કાર્ય જ કરી શકે નહિ. દ્રોહીના ભયથી સાવચેત રહી, દ્રોહી નિર્મૂળ કરી કામ તો કરવું જોઈએ.

## આત્માની જવાબદારી-જોખમદારી.

આત્માને અંગે સમજાવ્યું કે-તું તો જવાબદાર ને જોખમદાર નથી બન્યો. કર્મ સત્તામાં મોક્ષવાદી પણ દેશમાં દ્રોહ કરનારો, દેશમાં પક્ષ દેખાડી દેશમાં વિપક્ષનું કાર્ય કરે, તેમ મોક્ષવાદી આત્માને-કર્મને માનીએ છીએ અને મોક્ષ માનીએ છીએ, એમ પક્ષ દેખાડીને કર્મસત્તાને તોડવાનું કાર્ય કરે. કર્મને માનનારા બનીને સમજાવે શું ? નથી તારી જવાબદારી ને નથી જોખમદારી તો તેવા મનુષ્યનાં પ્રયત્નનું ફળ શું ? તમારામાં જવાબદારી ને જોખમદારી ન હોય ને આખી પ્રજા લોહી રેડી દે, તેમાં શું વળે ? તમે અહીં આત્માને કેટલાકો તરફથી એમ પણ સમજાવાયું છે કે-'આત્મા પોતાનાં કૃત્યો માટે જવાબદાર જોખમદાર નથી !' આ કેવું વિચિત્ર ? મુનિમે ૫૦૦૦ (પાંચ હજાર) અવળા થાય તેવો વેપાર કર્યો, તેમાં જવાબદાર મુનીમ પણ જોખમદાર શેઠ ગણાય. કોની કોથળીમાં કાણું પડશે ? તેમ અહીં હું જવાબદારી અને જોખમદારી બે શબ્દો લાગુ કરું છું. જગતમાં એક જ એવો ધર્મ, શાસ્ત્ર, મત છે કે-જીવને જીવની જવાબદારી અને જોખમદારીમાં રાખે છે; જોખમદારી ભગવાનને શીર લગાડતો નથી. સદ્ગતિ દુર્ગતિની જોખમદારી જીવની પોતાની છે. માબાપ ભાઈ ભાંડુની જવાબદારી કે જોખમદારી નથી. કહેવાનું તત્ત્વ એ છે કે-દુનિયાની અપેક્ષાએ સારો સ્પર્શ-નઠારો સ્પર્શ; તેમ રૂપ, રસ, ગંધ વગેરે તપાસવાનું. જડની અપેક્ષાએ સુંદર અસુંદરતા તપાસવાનું જાનવરમાં પણ છે. સ્પર્શાદિનું સારાસારપણું તપાસવાનું

# દેશના—૭

**૨૦૦૦ ફા. વ. ૩ સોમવાર નેમુભાઈની વાડી સુરત.**

*[આજે વિશાળ મંડપ તેમજ વ્યાખ્યાનપીઠ નવીન સુંદર તૈયાર કરી આકર્ષક રંગમંડપ જમાવ્યો હતો.]*

## ભવજેલ.

શાસ્ત્રકાર ભગવાન્ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ, ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ કરતા થકા આગળ સૂચવી ગયા કે—આ જીવ, પોતાનાં સ્વરૂપને વિચારતો નથી. ભગવાન ગણધર મહારાજાઓ શાસનપ્રવૃત્તિ વખતે એક જ ઢંઢેરો જાહેર કરે છે. કયો ? તમે જો કોઈપણ માર્ગ સમજવા માગો, આત્માની ઉન્નતિ સાધવા માગો, તો પ્રથમ તમે કેદમાંથી છૂટો. જેની ચારે બાજુ ભીંત હોય, દૃષ્ટિબંધ હોય, તેવાં સ્થાનને જેલ કહેવાય. મહેલની ચારે બાજુએ બારીઓ અને દરવાજા હોય. તેમ આ તમારો ભવ કેદખાનું છે કે મહેલ ? તે સમજો. આ ભવ કેદખાના તરીકે હોય તો

---

જાનવરમાં પણ છે. પરંતુ તેમાંનું મનુષ્યપણામાં કયું રજીસ્ટર થયું છે ? આત્માનું સુંદર અસુંદરપણું તપાસવાનું રજીસ્ટર મનુષ્યપણામાં જ થયેલું છે. તેનું જ નામ સમ્યક્ત્વ. સારા—સુંદર—શોભનપણું, તેનું જ નામ. તેનું તત્ત્વ એ કે—સુંદરપણાને નિશ્ચિત કરો: કોઈપણ ઉપાયે આ સુંદરપણું મેળવવું જ છે. આત્માનાં સુંદરપણાને મેળવવા અહોનિશ પ્રયત્ન કરવો. તે સિવાય બીજું મારે ખપે નહિં. તેજ સમ્યક્ત્વ. એ જેને થાય તેને પાંચ વસ્તુ મેળવવાની રહે છે. તે કયી વસ્તુઓ ? સ્થૈર્ય—પ્રભાવના—ભક્તિ—પ્રભુશાસનમાં કુશળતા અને તીર્થસેવા. તે કેવી રીતે ? તે અગ્રે.

તમે મહેલ બનાવો. જે ભવની અંદરથી ગયા ભવની કે આવતા ભવની દૃષ્ટિ પહોંચાડાતી નથી, એવો ચારે બાજુની દૃષ્ટિબંધવાળો ભવ હોય ત્યાં તેને શું ગણવું ? જેમાં બહાર દૃષ્ટિ ન જાય તેવાં સ્થાનને શું ગણીએ ? એ વિચારણા ન આવે કે–ગયા ભવમાં કોણ હતો ? આવતા ભવમાં કોણ થઈશ ? તેવી દૃષ્ટિ ન આવે તો તે ભવ કેવો ગણવો ? બંધીસ્થાનને આપણે કેદ કહીએ છીએ. મહેલની અંદર ચારે બાજુની દૃષ્ટિ ખુલ્લી હોય. આપણો ભવ જેલ. જો આ ભવમાં, ગયા કે આવતા ભવનો વિચાર ન કરીએ તો મહેલ ક્યારે ? ચારે બાજુ દૃષ્ટિ ફરી શકે. શાસ્ત્રકાર તો ત્યાંસુધી કહે છે કે–વિચારશીલ કોને કહેવો ? વ્યવહારદૃષ્ટિએ કોને વિચારશીલ ગણવો ? લાંબી મુદતના વિચારવાળાને સંજ્ઞી કહે છે. તિર્યંચોમાં પંચેન્દ્રિને, તેમજ નારકીને તથા મનુષ્યોને સંજ્ઞી ભેદ માન્યો છે, પણ તે સંજ્ઞી ભેદ માત્ર વ્યવહારથી પ્રસિદ્ધિ માટે, સમજણ માટે. વ્યાકરણકારોમાં સૂત્ર છે કે–'**स सत्यं०**' એટલે કે પહેલા જૂઠા રસ્તામાં રહેવું જોઈએ, પછી સત્યમાં જવું. જેમકે–'**ते अत्र**' હોય તો સાચો નહિં. પરંતુ પછી '**तेऽत्र**' તરીકે સાચું કરાય; તેમ '**मधु अत्र**' પહેલાં મૂકવું પડે અને તે પછી '**मध्वत्र**' કરવું પડે. એ પ્રમાણે વ્યાકરણકારોને પહેલાં અસત્ય રસ્તામાં રહેવું પડે; પરંતુ શાસ્ત્રકાર એ નથી માગતા. **શાસ્ત્રકારે વ્યવહારમાં રહી પછી નિશ્ચયમાં જવાનું કહ્યું છે.** હોળી વખતે નાનાં બચ્ચાઓ દાનતના ખરાબ નથી. જુવાનીનો કેફ નથી. મશ્કરી મોઢાની કરે, અંતરની નહીં. અપશબ્દો બોલે તે માત્ર શબ્દથી, કેમ ? અંતઃકરણમાં અપક્રિયા નથી વસી. પરંતુ તે કોને શોભે ? અજ્ઞાનીને. તેમ અધ્યાત્મને નામે

'હું આત્મા!' કર્યા કરે, અને વ્યવહારમાં મીંડું, એ તો લવા પાદશાહ જેવું થાય.

**અધ્યાત્મની વાતો કરનાર લવાભાઇ.**

લવો પાદશાહ અધ્યાત્મની વાતો કરનારો. રાતના બાર વાગ્યા સુધી અધ્યાત્મની વાતો કરનારો. લવાની ટોળીમાં બેસનાર એક મનુષ્યને ગામ જવું પડયું છે. ઘરવાળી કહે છે કે–ઘરમાં ગોળની કાંકરી પણ નથી. તમે ગામ જાવ છો, પણ ગોળ વગર શું થાય? પોતાને વિચાર થયો કે–રાતે બાર એક વાગે ગોળ લેવા કયાં જવું? બૈરીને એક રૂપિયો આપ્યો અને કહ્યું કે–સવારે ગોળ લાવજે. બૈરીએ કહ્યું કે–પણ હું માલ તોલમાં ન સમજું. ત્યારે પેલાએ કહ્યું–તારે કંઈ પંચાત નહીં. બૈરી કહે છે કે–કેમ? પેલો કહે છે કે–લવાભાઇને ગોળની દુકાન છે. રૂપિયો અને તપેલી મેલીશ ને કોઈ સાથે 'ગોળ' એમ કહેવડાવીશ એટલે ભાવ, તોલ, માપ જોવું નહીં પડે. બૈરી સવારે લવાની દુકાને ગઇ. રૂપિયો ને તપેલી આપી, કહેવડાવ્યું. લવાએ જોયું કે–ઘરાક, સારો નરસો સમજે એવું નથી, તેથી જૂનો અને ખોરો ગોળ આપ્યો. પેલો બહારગામથી આવી જમવા બેઠો. ગોળ વિનાનું ફીકું જેટલું ખરાબ ન લાગે તેટલું તે ખાણું ખરાબ. ખરાબ ગોળ પડે તેમાં બેસ્વાદ થાય. ઉલટી જેવું થાય. જમવા બેઠો. ખાધું એટલે મોં ખરાબ થઈ ગયું. બૈરીને કહ્યું–ચાખ. બાઇએ ચાખ્યું. આ શામાં ગોટાળો? ગોળ તપાસી આવું? પેલો કહે કે–લાવી છે કોને ત્યાંથી? બૈરી કહે–લવાભાઇને ત્યાંથી. પેલો કહે–પણ તેમાં તે કદિ તપાસવાનું હોય? એમ કહી ગોળ તપાસવા ન દીધો. બૈરીએ બીજી વસ્તુઓ તપાસી. બાયડી કહે છે કે–તમે ગોળ તપાસવાની ના

કહો છો, પણ તપાસવા તો દ્યો. કહીને ગોળ તપાસ્યો તો બોલી કે–ગોળમાં જ ગોટાળો છે. પેલો કહે–લાવી કોને ત્યાંથી? બૈરી કહે–લવાભાઇને ત્યાંથી. લવાભાઇએ જ તોળી આપ્યો છે. બૈરી ગોળ લેવા આવી ત્યારે લવાભાઇએ કોણ શું માંગે છે? જોયું નહિ હોય, કારણ કે–અધ્યાત્મી પુરુષ છે. ગમે તે આપી દીધું હશે? એમ માનીને ગોળની તપેલી લઇ લવાભાઇ પાસે આવ્યો. બૈરી કાલે સવારે તમારે ત્યાંથી આ ગોળ લઈ ગઇ હતી, તે જુઓ, માલ ફેર છે. લવાભાઇએ કહ્યું–અરર....! મને ખેદ થાય છે. મારી મહેનત પર પાણી ફરી વળ્યું. આટલી મારી સોબતમાં તમે રહ્યા, છતાં તમને હજુ કડવા મીઠાનો હજુ ભેદ રહ્યો? બાર બાર વાગ્યા સુધી ગોષ્ઠીમાં બેસનારા, બ્રહ્મની વાતો સાંભળનારા તમે, હજુ કડવું મીઠું કરનારા રહ્યા? પેલો કહે કે–મારી બુદ્ધિ તેવી નથી થઈ, પણ આખું કુટુમ્બ તેવું ઓછું હોય? માટે ગોળ બીજો આપો, અને બીજો ન હોય તો રૂપિયો પાછો આપો. લવાભાઈ કહે–નાંખ નાંખ ઉકરડે. વેપલો કરવા બેઠા છીએ કે શું? તેવી રીતે કળિ-યુગમાં અધ્યાત્મને નામે લોકોને દોરનારા કઇ સ્થિતિમાં જાય છે? કળિયુગમાં અધ્યાત્મવાદીઓ હોળીનાં બાળકો–ગેરૈયા જેવા હોય છે. ચિત્તની શુદ્ધિ રાખીને વચન અને કાયાની અશુદ્ધિ રાખો, તો તો હોળીના ગેરૈયામાં પણ કાયા અને વચનની અશુદ્ધિ સાથે મનની પણ અશુદ્ધિવાળા હો તો તો લવાભાઈ જેવા જ કે બીજા?

**શાસ્ત્રદૃષ્ટિએ અધ્યાત્મ કોનું નામ?**

"આત્મકલ્યાણની બુદ્ધિએ કોઇ દિવસ ધર્મની ક્રિયા કરવાની છે. આ લોકનાં કે પરલોકનાં સુખની ઇચ્છાએ નહિ.

કીર્તિ—વર્ણ—શ્લાઘા—પ્રશંસા માટે ધર્મક્રિયા ન કરવી પણ માત્ર કર્મ નિર્જરા માટે જ ધર્મકરણી કરવી" એમ જણાવવા માટે કહ્યું કે—**'आत्मानमधिकृत्य०'** કર્મક્ષય કરી આત્માને નિર્મળ કરવા માટે ધર્મક્રિયા કરવી. જ્ઞાનાચાર, દર્શનાચારાદિ પાંચે આચારની પ્રવૃત્તિ, આચાર તે જ અધ્યાત્મ, વાતો અધ્યાત્મની ગમે છે, પણ પરમાર્થ સમજાયો નથી. કર્મક્ષય માટે પાંચે આચારની પ્રવૃત્તિ, તે જ આધ્યાત્મ, નહીંતર ફાગણના ગેરૈયા જેવી દશા છે. ફાગણના ગેરૈયા ( હોળી રમનારા ) વચન અને વર્તનનાં ખરાબ પણ દાનત ખરાબ નથી. પણ જેઓ દાનત=પરિણામ, મન વચન કાયાથી ખરાબ અને અધ્યાત્મની વાતો કરે; તે કેવા સમજવા ? જેમાં ઉચ્ચાર, આચાર, વિચાર ત્રણેની શુદ્ધિ ન હોય, તેવાનાં 'હે આત્મા !' કથનનો શો અર્થ ! અધ્યાત્મ એનું નામ કે—કર્મની નિર્જરા. કર્મક્ષયની બુદ્ધિ રાખી જે ધર્મપાલન તે જ અધ્યાત્મ.

## દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા

હવે મૂળ વાતમાં આવીએ. માત્ર દુનિયાદારીના જ વિચારો ઉચ્ચારો આચારો રહેલા હોય, વિષય કષાય માટે જ ઉચ્ચારાદિ રહેલા હોય, તેવાને ભવાંતરની દૃષ્ટિ થઇ, તેમ કહી શકાય નહીં. વ્યવહારમાં રહીને નિશ્ચયમાં જાય. 'ધર્મ એટલે નિશ્ચય, અને વ્યવહાર એટલે દુનિયા ગણી લો છો;' તેમ નહીં. જે કંઇપણ બાહ્યઆચારની—ક્રિયાની ધાર્મિક પ્રવૃત્તિ તે વ્યવહાર અને તેમાં આત્માની જે પરિણતિ તે નિશ્ચય. વ્યવહારમાં રહી નિશ્ચયમાં વધે, તેવી જ રીતે વ્યવહારમાં રહેવા ખાતર, વ્યવહાર સમજવા ખાતર, લાંબા કાળની વિચારણાવાળાને સંજ્ઞી કહ્યા, પણ તત્ત્વની દૃષ્ટિએ અમે તેને સંજ્ઞી ગણતા નથી. ભલે લાંબા

કાળની વિચારણાવાળો હોય, આ ભવને અંગે કંચનાદિ માટે, સમૃદ્ધિ કુટુમ્બકબિલા માટે ભલે લાંબા વિચાર કરનારા હોય, તેને વિચારશીલ માનતા નથી. શાસનની પ્રવૃત્તિ–શરૂઆત કરવાની વખતે સર્વજન સમક્ષ જાહેર કરે છે, કે–અમે કુટુમ્બાદિકના વિચાર કરનારાને સાચા સંજ્ઞી કહેતા નથી, પણ વસ્તુતઃ અમે તેને જ વિચારશીલ કહીએ છીએ કે–જે ક્ષયોપશમ સમ્યક્ત્વ ધારણ કરનારો હોય. 'હું કોઇક ભવમાં હતો, ને ત્યાંથી આવ્યો છું. અને આ ભવથી બીજે ભવ જવાનો છું.' આટલા વિચારવાળો હોય તે દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞાએ સંજ્ઞી. એજ શાસ્ત્રદૃષ્ટિએ સંજ્ઞી. વ્યવહાર માત્રથી સામાન્ય વિચારવાળા સંજ્ઞી ખરા, પણ શાસ્ત્રદૃષ્ટિએ સંજ્ઞી કોણ? જે ક્ષયોપશમ-સમ્યક્ત્વ ધારણ કરનાર હોય તે. ગયા ભવમાંથી અહીં આવેલો છું, આ ભવથી બીજે ભવ જનારો છું. આ વસ્તુ જેને રમી રહી હોય તેને જ શાસ્ત્રકારો વિચારશીલ માને છે. અહીંથી આગળ ચાર ગતિમાંથી ગમે ત્યાં જવાનો છું. આવા વિચાર-વાળા હોય તેને જ અમે સંજ્ઞી–વિચારશીલ માનીએ છીએ. આ વિચાર ન આવે તેને અમે વિચારશીલ માનતા નથી. આ વાત દરેક ગણધર મહારાજા તીર્થની પ્રવૃત્તિ વખતે પ્રથમ જાહેર કરે છે. આ ઉપરથી એ નક્કી થયું કે આપણે ભટકતી પ્રજા.

**લુહારીયા કરતાં પણ આપણી જાતની નપાવટતા.**

લુહારીયાની જાત એક ગામથી બીજે ગામ ફર્યા જ કરે. તેને ઘરબાર ન હોય. તે જાત કરતાં આ જાત ભૂંડી હોય છે. પેલી ભટકતી જાત, માલ ટોપલામાં નાંખી કે પોઠીયા ઉપર ભરી જોડે લઈ જાય છે. માલ સાથે લઇને ફરવાવાળી ભટકતી જાત. જ્યારે આપણે માલ મેલીને ભટકવાવાળી પ્રજા! આખી જિંદગી દ્રવ્ય

કરોડોનું ઉપાર્જન કર્યું. સ્ત્રીઓ ચક્રવર્ત્તી માફક લાખો પરણ્યો. કુટુમ્બ યાદવો માફક મોટું ભેગું કર્યું. શરીર હજારો ગાઉનું મોટું કર્યું. તેમાંથી લઈ જવાનું શું ! સરવાળે શૂન્યનો વેપલો. આખી જિંદગી વેપલો કર્યો. આ ચાર વસ્તુ મેળવવાનો ધંધો કર્યો. કંચન, કામિની, કુટુમ્બ અને કાયા. પછી સરવૈયામાં છેવટે સાથે શું આવવાનું ? કંચનાદિ ચારે અહીં મૂકીને જવાનું. લુવારીયા, કમાણી ટોપલામાં નાંખીને સાથે લઈ જાય, આપણે ખાલી હાથે જવાના. જન્મો જન્મ આપણે મહેનત કરી, આપણે વસ્તુ મેળવી, પણ મેળવીને અહીં મેલીને જવાનું ! માગેલું કેટલી વખત રહે ? વિવાહમાં માંગેલું ઘરેણું કેટલા દિવસ રખાય ?

## માગેલી વસ્તુના માલીક ન બનાય.

માગેલાના માલીક ન બનાય. ઘરની ચીજના માલિક બનાય. કંચન, કામિની, કુટુમ્બ, કાયા સંયોગિક માગેલી ચીજ. આત્માની ચીજ નથી, જ્યારે માગેલી ચીજ છે, ત્યારે તે ન રહે, તેમાં આશ્ચર્ય શું ? કયી ચીજ સાથે રહે ? પોતાની ચીજ હોય તેજ સાથે રહે. હંમેશાં માગેલી ચીજ સાથે ન રહે. હવે પોતાની ચીજ કઈ ? પોતાની ચીજ સમજવી તેનું નામ સમકિત. પરની ચીજ પર તરીકે. પોતાની ચીજ પોતાના તરીકે સમજવી તેજ સમકિત. મોક્ષ પામે ત્યાં પણ તે સાથે ! શરીરનો સર્વથા નાશ થાય, મન, વચન, કાયા, શ્વાસ, આયુ, નામ, ગોત્રનો સર્વથા નાશ થઈ જાય તો પણ એ ન ખસે. વરની શોભા માગેલું ઘરેણું રહે ત્યાં સુધી, માગેલું ઉતરી જાય પછી વર ઉઘાડો. મન, વચન, કાયા, આપણી દુનિયાની અપેક્ષાએ અંતરની ચીજ પણ એ બધી ચીજ પુદ્દગલની મદદે મેળવેલી. આત્માની ચીજ મન, વચન, કાયા નથી. શું કંચન, કામિની, કુટુમ્બ, કાયા

આત્માની ચીજ ? ત્યારે આત્માની ચીજ કઈ ? તે જ સમકિત. વેદનીય કર્મ, નામ, ગોત્ર, આયુ, મન, વચન, કાયા ચાલ્યા જાય તો પણ જેમાં ન્યૂનતા ન આવે, તે જ તમારી ચીજ. તે વસ્તુને ઓળખો, તો તમારી ચીજને ઓળખો. જીવાદિ તત્ત્વની શ્રદ્ધા તે સમકિત.

## જડની જકડામણ.

ખરી રીતે જડ ચેતન બે તત્ત્વ કહેવાં હતાં. નવ ને સાત તત્ત્વો શા માટે કહ્યાં ? જડ અને ચેતન બે જ તત્ત્વો છે, પછી સાત ને નવ તત્ત્વ શા માટે ? સાત ચીજો જુદી બતાવો તો ખરા ! પુણ્ય ને પાપ જીવ અજીવથી જુદા બતાવો ! તેમજ બંધ ને નિર્જરા, આશ્રવ ને સંવર, મોક્ષ ને જીવ આ બધા જીવથી જુદા તો બતાવો ? પછી તેને સાત કે નવ તરીકેની જુદાઈ કઇ રીતે કહો છો ? જીવ અને અજીવ બેમાં જ તે સાત કે નવ તત્ત્વો છે. પછી નવ તત્ત્વ શા માટે કહ્યા ? જીવ અજીવનું જ્ઞાન શા માટે કરાવવું ? સૂર્ય છે એમ બોલો તો બોલો કે ન બોલો તેથી છે જ. બોલવાથી સૂર્ય નથી થયો, ન બોલો તો ભાગી જવાનો નથી. તેમ જીવ છે એ સર્વકાળ માટે જીવ છે. જીવ કહો યા તો ન કહો. ન માનો તો પણ તે જીવ છે તે જીવ છે જ. જેમાં તમારા કહેવાથી કંઇપણ ફરક પડતો નથી, જે વિધાનમાં કાંઇ બીજું કે નવું કરવાની, રોકવાની; કે પલટાવવાની તાકાત હોય તેવાં જ વિધાન કરાય. અહીં તમે જીવ તરીકે કહો અને અમે તેમ માનીએ; પરંતુ તેથી તમારા જ્ઞાનના પ્રભાવે નથી જીવપણું આવવાનું, નથી અજીવપણું થવાનું, તો શા માટે તે કહેવા જોઇએ ? જીવમાં જીવપણું સર્વકાળ માટે છે. અજીવપણું પણ સર્વકાળ માટે છે. પછી તેને સાત અને નવ તરીકે

ખોલ્યા શા માટે ? તો સમજો કે જડ અને ચેતનને ખોલવાનું કારણ એ જ કે ચેતન, જડમાં જકડાઈ ગયો છે. જડમાં જકડાયેલા જીવને જુદો પાડવાનું સમજાવવા માટે. આશ્રવ કર્મ બાંધવાનાં કારણો સમજાવાય, ત્યારે જ જડમાં જકડાયાની સમજાવટ થઈ શકે. જડમાં જકડાવાનું કારણ એ જ આશ્રવ, એને જ અંગે કર્ત્તવ્ય શું ? એ કે—જડમાં ન જકડાઈએ, તેજ સંવર, જડમાં જકડાઈએ નહીં તેવો રસ્તો તે સંવર, એટલું જ નહીં, પણ જકડાવવું બે પ્રકારનું હોય છે. અગ્નિ સોનાને, ઘીને, મીણને પીગળાવે પણ જોડે હોય ત્યાં સુધી, અગ્નિ ખસી જાય પછી સોનું, મીણ, ઘી થીજી જાય. કેટલાકમાં કારણોનો નાશ થાય તો પણ કાર્ય રહે. ભઠ્ઠીમાં ઘડાનું પાકાપણું, તે અગ્નિ ઓલાય તો પણ પાકાપણું ન ખસે. જડની જકડામણના કારણોમાં વર્ત્યા, તો તે આગળ જતાં ઘણું નુકશાન કરશે. તે માટે બંધ તત્વ માન્યું. જડની એ જકડામણ સોંસરવી નીકળવાની. જકડામણથી છૂટવાના પણ રસ્તા છે. તેનું જ નામ નિર્જરા. જકડામણ કદી થઈ ગઈ તો પણ તેથી છૂટી જવું તેનું નામ નિર્જરા. જકડામણ પણ એવી તોડો કે ફેર એવી જકડામણ થાયજ નહીં. નહીંતર કોઈપણ એવો સમય નથી કે જેમાં જકડામણ જીવ તોડતો નથી. કેદમાં પડેલો કેદી દરરોજ કેદ કલ્પે છે, છ મહિનાની સજા થઈ, એક દિવસ ભોગવ્યો, એટલે તેટલી જેલ કાપી. કેદી દરેક દિવસે જેલ કાપે છે. જીવ દરેક સમયે કર્મ કાપે છે, તેટલી નિર્જરા થાય છે: પણ અહીં તત્ત્વ તરીકે તેવી નિર્જરા લેવી છે કે—જે ભવિષ્યમાં અંશે પણ જકડામણ રહે નહીં. અને નવી જકડામણ થાય નહીં. શાસ્ત્રકારોને, આ જીવોને જડ ચેતનનું જ્ઞાન આપીને બેસી રહેવું નથી. જીવોને જકડા-

મણ આગળ કેવું નુકશાન કરે છે તે સમજાવવું છે. તે વિગેરે સમજવું, તેજ સમકિત. જડ—ચેતન જાણવા સાથે જકડામણ રોકવાના—તોડવાના રસ્તા જાણવા, ફેર જકડામણ થાય નહીં તે જાણવું, તે વિગેરે તત્ત્વોની માન્યતા તે જ સમકિત. માન્યતાનું નામ સમકિત કેમ રાખ્યું ? જ્ઞાન સુંદર, વર્તનમાં સુંદરપણું છતાં ત્યાં સમ્યક્ત્વ શબ્દ લાગુ ન કર્યો. સમ્યક્ ચારિત્ર કહીએ ત્યાં પણ સમ્યક્ત્વ શબ્દ એકલી માન્યતામાં લાગુ કરીએ છીએ. માન્યતાના સમ્યક્પણા વગર જ્ઞાનનું સમ્યક્પણું નથી. વ્યવહાર દૃષ્ટિએ સમ્યક્ત્વ વગરનું જ્ઞાન તે સમ્યગ્ જ્ઞાન નથી. માન્યતામાં સમ્યગ્ હોય તો જ સમ્યગ્જ્ઞાન. નવ ગ્રૈવેયકપણાનું—કેવળીપણાનાં તોલનું ચારિત્ર હોય તો પણ તે ચારિત્ર સમ્યગ્ નથી. પણ સમ્યક્ત્વ સહિત ચારિત્ર હોય તો જ સમ્યક્ ચારિત્ર છે. આમ સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રપણું માન્યતાના પ્રભાવનું જ છે. આવો નિશ્ચય હોવાથી માત્ર માન્યતાને જ સમ્યક્ત્વ શબ્દ લગાડે છે. શુદ્ધ પદાર્થને મનાવવાવાળું મનુષ્યને=જીવને વિચાર-શીલ બનાવવાવાળું એવું સમ્યક્ત્વ. મોટો થયો પછી નાગો ફરે તો માણસપણું ચાલ્યું નથી ગયું, પણ તે માણસ ન કહેવાય. તે ઢોર કરતાં પણ ગયો ! ઢોરને અંગે દૃષ્ટિ ન ફેરવીએ, પણ તેના તરફથી તો દૃષ્ટિ જરુર ફેરવીએ. આભૂષણ, અલંકાર વગરનો મનુષ્ય દૃષ્ટિએ દેખવા લાયક નથી. સમકિત શોભે ક્યારે ? અલંકારો, આભૂષણો હોય ત્યારે શોભે. તે માટે સમ્યક્ત્વનાં આભૂષણો કયા ? તે અગ્રે—

# દેશના—૮

૨૦૦૦ શ્રા. વ. ૪ નેમુભાઇની વાડી—સુરત

## 'હું'નો વિચાર કરવાનું સ્થાન કયું ?

'હું'નો ખુલાસો નથી મેળવ્યો. મનુષ્યપણામાં આવ્યા છતાં 'હું'નો ખુલાસો અહીં ન મેળવીએ તો તે ખુલાસો ક્યાં મેળવીશું ? જાનવર, પશુપંખીના ભવમાં 'હું'પદનો ખુલાસો નહીં મેળવી શકીએ 'હું'નો ખુલાસો ક્યાં મેળવશો ? આંખ રત્ન ગણાય, જીવન તરીકે, આધાર તરીકે ગણાય પણ તેની ટેવને તેની પાસે રાખે. આખા જગતને જુએ, પરંતુ પોતાને ન જુએ. આંખમાં કણીઓ પડે તો આંખ ન જુએ. હીરા, મોતી, પન્ના, જુએ પણ પોતાને ન જુએ ! 'હું' કોણ એ વિચારે નહિં ! આખા જગતની ચિંતા—વિચાર કરે પણ પોતાનો વિચાર નહીં. મારી સ્થિતિ કઈ હતી ? ને હવે કઇ થશે ? તે વિચાર હું કરતો નથી. ઘરનું બારણું, બારી, છાપરાનું આમ કરવું છે, છોકરા છોકરી પરણાવવા છે, કમાણી કરવી છે, એ વિચાર કરું છું. નાતવાળાઓ વિચાર કરે કે—આમ રિવાજ કરવો છે, આમ આવક જાવક થાય છે, તેમ ગામવાળાઓ ગામ સંબંધી વિચારવાનું કહે, પણ 'હું'નો વિચાર કરવાનું સ્થાન કયું ? બીજા બધા પદાર્થોના વિચારોના સ્થાનો છે. કંચન—ઘર—હાટ—સ્ત્રી—ચોરી વિગેરેનો વિચાર કરવાનાં સ્થાન રાખ્યા. કાયાનો વિચાર કરવા દવાખાના રસોડા રાખ્યા, પણ 'હું'નો વિચાર કરવાનું સ્થાન કયું ? કાજીના કુતરાનું મરણ થાય, તો ગામ આખું આભડવા આવે, પણ કાજીના મરણમાં કોઇ ન આવે. 'હું'ના વિચારો ક્યાં કર્યા ? માતા—

પિતા–શેઠ–રાજા–પ્રધાન–સેનાપતિ એ બધા છે, પણ તેમાંનાં કોઇ 'હું'નો વિચાર કરવાનું કહેતા નથી! આ સંજોગમાં 'હું'નો વિચાર થાય શી રીતે? રૂપાની કિંમત શીખવો ત્યારે છોકરો જાણે. રૂપાની કિંમત નથી સમજાવી ત્યાંસુધી છોકરો રૂપાની પાટ ઉપર પિશાબ કરે, મોતીના ઢગલા ઉપર પિશાબ કરે. તેને કંઇ છે? તેને કિંમતનું ભૂત પેઠું નથી. કિંમતીપણાનો સંસ્કાર એને પેઠો નથી. સોનું, મોતી, મણિ, આટલું કિંમતી છે! એમ એ બધું ઓળખાવ્યું એટલે તેની કિંમત જાણી; પણ 'હું' કેટલો કિંમતી? તે કોઇએ ઓળખાવ્યું? જગતની કિંમત ઓળખી, પણ પોતાની કિંમત ઓળખી નથી. જગતના પદાર્થોની પરીક્ષા કરી. ખાટું–મીઠું–કાળું–ધોળું એ બધા ગુણોનો વિચાર કર્યો. દુનિયાના પદાર્થોનો, તેના ગુણોનો વિચાર કર્યો પણ 'હું' અને તેના ગુણોનો વિચાર કયારે કર્યો? ઉપાશ્રય દહેરાનો અદ્વિતીય ચમત્કારિક પ્રભાવ હોય તો તેજ કે–'હું'નો તે અણઉકેલ કોયડો ઉકેલે. કારણ? જિનેશ્વરના મંદિરમાં શું છે? ભગવાનની મૂર્ત્તિ. વ્યવહારથી ભગવાનની મૂર્ત્તિ છે, પણ લગીર ઊંડા ઉતરો તો આપણા આત્માનો આરીસો છે. જૈનો પણ અવતાર અને ઇશ્વર બંને માને છે. અન્ય મતવાળાઓ પણ તે બંને માને છે. અજૈનો પણ અવતાર અને ઇશ્વર બંનેની માન્યતા ધરાવે છે. જૈનો અવતારમાંથી ઇશ્વરની માન્યતા ધરાવે છે, બીજાઓ ઇશ્વરમાંથી અવતાર જણાવે છે. રિખપદેવજીનો ૧૩ મો છેલ્લો ભવ, વીરનો ૨૭ મો છેલ્લો ભવ, એમ અવતાર–જન્મ જૈનો માને છે, પછી તેમાંથી આવી રીતે આત્માના ગુણો ઉત્પન્ન કર્યા. આમ ઇશ્વર થયા ત્યારે ઇશ્વરની મૂર્ત્તિ ઉભી કરી. તારે ઇશ્વર બનવું હોય તો આમ વર્તાય. બીજા ધર્મવાળાએ

દેવ કેમ થવાય ? તેવો રસ્તો બતાવ્યો છે ? શૈવમાં, વૈષ્ણવમાં, કુરાનમાં, બાયબલમાં દેવ થવાનો રસ્તો નહીં, દેવ થવાનો રસ્તો બતાવનાર જૈનશાસન જ. અહીં તમે પણ દેવ થઇ શકો છો ! અરિહંતરૂપે, સિદ્ધરૂપે, પણ દેવ થઇ શકો છો. જૈનશાસન સિવાય દેવપણાને માટે છૂટ આપનાર કોઇપણ ધર્મ—મત નથી. જાતિભેદ, રંગભેદ જુલમ કરનાર ગણાય તો વ્યક્તિ સ્વાતંત્ર્યમાં તો પૂછવું જ શું ?

## કેવળ જિનેશ્વરનું શાસન એવું છે કે જેમાં દેવ થવાની છૂટ છે.

સરમુખત્યારવાળા પણ પોતાની પાછળ અનુગામી નીમે છે. હીટલરે ગોરીંગને નીમ્યો, આ તો એક વ્યક્તિ છે. ત્યારે જિનેશ્વર ભગવાન, 'હું જ જિનેશ્વર છું અને રહું' એમ નહીં, તમે પણ જિનેશ્વર થઇ શકો છો. જિનેશ્વર થવા માટે સાધન બતાવે છે, પ્રેરે છે. જ્યાં દેવ થવાની છૂટ નથી, ત્યાં તેના સાધન, પ્રેરણા ક્યાંથી હોય ? કેવળ જિનેશ્વર ભગવાનનું શાસન એવું કે—જેમાં સર્વને સમાન હક મળે છે. પછી લાયકાત ઓછી હોય તે દેવ ન થાય તે જુદી વાત છે. અહિં બધાને લાયકાત તેવું ફળ મેળવવાની છૂટ છે. તમે દેવ થઇ શકો છો. તે કેવળ જૈનશાસન જ બોલી શકે છે. હું દેવ થયો, એ થયો: તમારે કોઇને દેવ થવાનું નહીં, તે બીજા મતમાં. અહીં તો બધાને છૂટ છે. અહીં વર્ણ—જાતિ વ્યક્તિભેદ વગેરે દેવ થવામાં નહીં. સર્વ જીવોને સ્વતંત્ર થવાને માટે છૂટ આપનાર હોય તો કેવળ જૈન શાસનમાં જ. કેમકે—જૈનો જ એ માન્યતાવાળા છે કે જીવ જ પોતાના કૃત્યો માટે જવાબદાર અને જોખમદાર છે. જૈન શાસન

સિવાય જીવને જવાબદાર અને જોખમદાર ગણવા કોઈ મત તૈયાર નથી. '**अज्ञो जंतुरनीशः**' આ અજ્ઞાન જીવ, પોતાનાં સુખ દુઃખ માટે સમર્થ જ નથી. અજ્ઞાની છે, મૂર્ખ છે. કોઈ મનુષ્ય, મૂર્ખમાં જવાબદારી મૂકે ખરો ? એમ કહી એ લોકોએ જીવોને પહેલેથી જ અજ્ઞાની માની લીધા ! કેટલી વખત માણસોને જવાબદારી, જોખમદારી જુદા પણ હોય છે, તમારે ખાતે ને તમારા જોખમે ન પણ હોય. જવાબદારી હોય અને જોખમદારી ન હોય તો કંઈ નહીં, પરંતુ આ તો જવાબદારી ને જોખમદારી બંને ન હોય ! નાના છોકરાના નામે વેપાર થાય તેમાં ખોટ જાય તો કોને જાય ? જવાબદારી એજંટની, જોખમદારી શેરહોલ્ડરની. જવાબદારી જોખમદારી બંને જુદાં છે. પણ જૈનશાસન સિવાયના દર્શનવાળાઓએ પહેલેથી મીંડું મેલી દીધું કે—આ અજ્ઞાન આત્મા, આમાં જાણે જ નહીં. જાણ્યા વગર જવાબદારી મેલાય નહિં. એનાં સારા કાર્યનું ફળ દેવલોક, ખરાબ કાર્યનું નરક ફળ. દેવલોકે જાય તે ઇશ્વરની પ્રેરણાથી. **ईश्वर प्रेरितो गच्छेत्, स्वर्गं वा नरकं व्रजेत्** સ્વર્ગે જાય કે નરકે જાય તો ઇશ્વરની મરજીથી જાય ! જીવની મરજી શા કામની ? સુખદુઃખમાં કે સ્વર્ગ નરકમાં જીવની સ્વતંત્રતા નહિં. સુખદુઃખમાં જીવની સ્વતંત્રતા નહિં. આની પુષ્ટિમાં તેની દલીલ છે કે—"જીવનું કર્યું સુખ થાય તો સુખની અર્થી દુનિયામાં દુઃખ અને દુર્ગતિ લ્યે કોણ ? અને દુઃખ અને દુર્ગતિ થાય છે, તે તો ચોક્કસ છે; માટે દુઃખ અને દુર્ગતિ દેનાર કોઈ છે તો ખરો જ." પોતાની સ્વતંત્રતાએ સુખ, સ્વર્ગ મળી જાય તો નરકે જવા કોઈ તૈયાર ન હોય, માટે સુખ દુઃખ, સ્વર્ગ નરક પોતાની મરજીનાં નથી, આમ કહેવાવાળાએ વિચાર કરવાની જરુર છે.

## ઇંદ્રિયોની આધીનતા.

એક મનુષ્યને ઉધરસ થઈ છે. આખી રાત ઉજાગરો થાય છે. વૈદ્યને બતાવ્યું. વૈદ્યે કહ્યું-'ઉધરસ સખત છે. તેલ મરચાંને અડવું નહિં. તેલનો લેપ સરખો પણ ન લેવો, દરદીને અને કુટુંબીઓને તે વાત સાચી લાગી. પોતે તેલ મરચું ખાવાનું નુકશાન સમજ્યો છે. ન ખાવું તેવા નિશ્ચયમાં આવ્યો છે પણ ક્યાં સુધી? જમવા બેસે ને ફીકું લાગે ત્યાં શું થાય? માબાપ અને જોડવાળા રોકે, મન કહે કે-ખોટું થાય છે, છતાં કેમ નથી રહેવાતું? વૈદ્યને વૈરી જેવો ગણવામાં આવે છે. તમારા રોગને હઠાવવા માટે, રોગની વૃદ્ધિ અટકાવવા માટે, ચરી પળાવવાવાળો વૈદ્ય દુશ્મન જેવો લાગે છે? મારી વાલી ચાર આંગળની દલાલણ જીભ હાટ વાળી દે છે. વેચનાર અને લેનાર આ હાથ અને પેટ, વચમાં દલાલણ જીભ, તેણે વચમાં હાટ વાળ્યો. ઉધરસ થઈ હોય છતાં તેલ મરચાં તરફ દોર્યો. તમે જીભના ગુલામ થયા. તમે જીભના માલિક કે જીભ તમારી માલિક? દુનિયાદારીથી જીભ તમારી ગણાય, પણ આપણે વિચારીએ કે આપણે જીભનાં માલિક નથી; જીભ આપણી માલિક છે. જીભે દોરીને તેલ મરચાં ખવડાવવામાં નાંખ્યા. એક રસનાના કબજામાં આવ્યા એટલે ભાન ભૂલ્યા તો પાંચે ઇંદ્રિયના કબજામાં આવો ત્યારે શું થાય? તમે નિરોગી રહેવા ઇચ્છો છો. પથ્ય ખાવું તે તમારા હાથની ચીજ છતાં કેમ પલટો થયો? તમારાને તમારા વિચારો વચ્ચે દખલગીરી કોણે કરી? ચાર આંગળની દલાલણની દખલગિરિ વખતે ગુલામ બની જાવ તો પછી પાંચેની પંચાતમાં પટકાઈ જાવ તો શું થાય? પાંચેમાં સામટા પટકાઈ પડો, ત્યાં શું થાય?

વસ્તુનો આવેશ તે તો પવન સાથે—વાયરા સાથે લડનારો, તે મહા વઢવાડખોર ગણાય. આપણે તો વાયરો પકડીને હાલીએ છીએ. વિચારનો વાયુ તેને આધીન રહી ચાલીએ છીએ. વાયરો જેમ તણખલાને ઉપાડી ચાહે ત્યાં ફેંકે છે. 'હું—હું' કરી રહેવાવાળો આત્મા, ગુસ્સા—ગુમાન—પ્રપંચ—લોભના આવેશ-રૂપી વાયરાની પાછળ જાય. વાયરે ભમે ત્યાં શું થાય? પાણીનાં વમળમાં ખલાસી પણ વહાણ હાથમાં રાખી શકતા નથી, વિમાનીઓ પણ હાથમાં વિમાન રાખી શકતા નથી. પછી આપણે આવેશના વાયરાની પાછળ બાધીએ તે આત્માનું શું થાય? વાયરા પાછળ વહેતો રહેલો હોય, તેની ઇચ્છા કામ લાગે ખરી? વાયુના વેગમાં પડેલા પદાર્થનું અવસ્થાન નિયમિત હોય નહીં. ગુસ્સાદિકના વાયરામાં દોડે, તેનું અવસ્થાન નિયમિત શી રીતે રહે? પછી બીજાને દોષ દેવો નકામો છે. ચાર વેગોના વાયરા પાછળ ઘસડાઇએ પછી ફળ આપણે ભોગવવાં પડે તેમાં નવાઇ શી? કુપથ્ય કર્યું, એટલે ઉધરસ વધે. સાકર આપણે ખાઇએ અને મીઠાશ લગાડનાર બીજો જોઇએ. તો ન બને. પાપ પોતે કરે અને પાપના ફળ બીજો આપે, તે બને જ નહીં. પદાર્થનો સ્વભાવ ન સમજે, તેને આડાઅવળું બોલવું પડે. તેવી રીતે પુણ્યકર્મનો, પાપકર્મનો સ્વભાવ સમજે તેને પુણ્યથી થતી સદ્ગતિમાં બીજાને લાવવાની જરૂર ન સમજે. પાપથી થતી દુર્ગતિ તેમાં બીજાને લાવવાની જરૂર નથી. કરેલાં પુણ્ય. પાપ, સ્વભાવે જ ફળ આપે છે.

## કાળીયા સાથે ધોળીયો બંધાય તો શું થાય?

એક વાત. એક માણસ પેશાબ કરવા બેઠો. વાયરો વાયો. નળીયું ખસ્યું, પડયું ને વાગ્યું તે શું ભગવાને કર્યું? ભુંડામાં

ભગવાનને રાખો તો, વાત જુદી. કાળીયા સાથે ધોળીયો બાંધે તો શરીરનો વાન ન પકડે પણ સાન પકડે. તેમ અજૈનોના પરિચયમાં આવ્યા. તેમાં જૈનપણું નથી છોડયું, પણ તેની સાનમાં ગયા. તમારે ઘેર છોકરો જનમ્યો. અખંડ સૌભાગ્યવતીએ પુત્રરત્નને જન્મ આપ્યો. તેનાં લગ્ન લખો ત્યારેપણ ચિરંજીવી ભાઇ ફલાણાંનાં લગ્નનો અમે નિરધાર કર્યો છે. એમ લખો! તેને પરણાવવામાં વર પોતે; બીજા નહિ! જ્યારે કાળોતરી (મેલો) લખો ત્યારે 'ફલાણાભાઇ દેવગત થયાં છે, લખતાં કલમ કંપે છે, બાયડી નાની છે, નાના છોકરાં નિરાધાર છે; પરમેશ્વરને ગમ્યું તે ખરું!' એ કેવી વિચિત્રતા? જણવામાં આને લગ્નમાં પરમેશ્વરને ન ગોઠવ્યો પણ મર્યો ત્યારે પરમેશ્વરને ગમ્યું તે ખરું! પરમેશ્વરને ક્યાં ગોઠવ્યો? પરમેશ્વર શરીરધારી હોય તો તમારું કાર્ડ વાંચી શું ન કરે? બદનક્ષી કરી તો શું કરે? અજૈનને ત્યાં છોકરો જન્મે, ત્યારે કોઇક જીવ પુણ્યના ઉદયવાળો થએલો તે ભોગવવા માટે અવતર્યો છે, તેમ લખ્યું! જ્યારે જૈનપણાનો કાગળ કેવો હોય? પુણ્યોદયે મનુષ્યપણું પામ્યો, પણ અવિરતિ કર્મનો ઉદય છે, જેથી વિરતિ કરી શકતો નથી, એમજ લખે ને? પરણવામાં પણ મોહના ઉદયને લીધે સંસારમાં ઉતરવાનું થાય છે; તેમ કંકોત્રીમાં લખેને? લખ્યું? જૈનધર્મ માનનારાને અંગે તમારે શું લખવું જોઇએ? તમારી બૈરી છોકરું જણવાને હકદાર છે? વાંજણી શું કરવા છોકરાને જન્મ નથી આપતી? બાળકે કે માતાએ સારો જીવ જાણી કૂખમાં પેસવાનું કે પેસાડવાનું કર્યું નથી. માતા, પિતા, પુત્ર, જન્મ આપવા લેવામાં સ્વાધીન નથી. ફલાણીને કૂખે જન્મ થયો, પણ જન્મ આપ્યો કે? જન્મ આપવામાં સ્વતંત્ર છે? ભલા, બાપની મરજીની વાત

છે કે કુળમાં છોકરાને લાવવો કે ન લાવવો? ' **कर्तुं अकर्तुं अन्यथाकर्तुं प्रभुः**'–બનાવવાની, ન બનાવવાની કે ઉલટું કરવાની શક્તિવાળો હોય તેજ કર્તા ગણાય. બાપમાં, માતામાં કે છોકરામાં:–ત્રણેમાંથી એકેયમાં એ સામર્થ્ય છે? પરણાવવામાં તેના પરસ્પરના સંબંધ હોય તોજ સંબંધ થાય. ધાર્યો જમાઈ કે કન્યા મળી જાય છે? તો પછી–હમે લગ્ન નિરધાર્યા છે, તે કઇ રીતે? આ બધાં અપલક્ષણો કોના ઘરમાંથી શીખ્યા? કહો કે–અન્યમતવાળા પાસેથી શીખ્યા.

તમે દેરાસરે ઉપાશ્રયે જાવ છો પણ જૈનના સંસ્કાર ભુંસી નાંખ્યા. જૈનત્વ ક્યાં! જન્મનારો ભાગ્યના ઉદયવાળો તેથી અહીં આવ્યો છે, તે વિચારમાં આવ્યું? પરણવાનું મહામોહનીને લીધે થાય છે, તે લખ્યું? મરણ વખતે પણ 'આયુષ્ય પૂરું થાય તેજ મરે છે, આયુ બાંધ્યું તેટલું જ ભોગવ્યું, દરેકનાં કર્મો દરેકને ભોગવવાં જ પડે છે, એ મથાળાની હુંડીમાં વગર લીધા ભોગવવા પડે પણ કર્મમાં તો કરેલાં જ ભોગવવા પડે છે, આયુ ટુંકું બાંધેલું તેટલું જ ભોગવ્યું, તેમાં સ્નેહીઓ કોઇપણ બચાવ કરનાર નથી. અશરણ ભાવના મગજમાં જાગૃત રહેવી જોઇએ,' આ લખાયું? નિરાધારપણું મગજમાં નથી આવતું? આપણે પણ તેમાંજ છીએ. જીવમાત્રને નિરાધારપણું છે. કોઈ સંબંધી આધારવાળા થવાના જ નથી. ઊગતા ચાંદને દુનિયા નમે છે. આ જીવ તેની વાસના–સંજોગ–અનુકૂળતામાં રહે તો દુનિયા તેને ખમાખમા કરે. અજૈનોના પરિચયમાં જૈનપણું નથી છોડયું, પણ તેના સંગથી મરણમાં મારનાર ભગવાન લખવા માંડ્યા. આમ અન્યમતની રીતિએ ચાલવું ખોટું છે, છતાં વહેવારમાં રાખ્યું છે!

## કૃષ્ણાર્પણમસ્તુ.

વિષ્ણુની એક બાઈ અનન્ય ભગત વાસીદું બહાર નાંખતા

કૃષ્ણાર્પણમસ્તુ. વાસીદું નાંખતા ત્યાં એમના મતે નારદજી નીકળ્યા. તેને ગુસ્સો ચડ્યો. કે–મારા ભગવાનને કચરો આપે છે ? ચડી રીસ, બે લપડાક જડી દીધી. અખંડ બ્રહ્મચારી નારદજી બે જડે બાઇને તો શું થાય ? આ સ્થિતિમાં બાઇએ જે સ્વર, શબ્દ, હૃદય કચરો નાંખતાં હતાં, તેજ સ્વરાદિએ 'કૃષ્ણ-ર્પણમસ્તુ' બોલવું ચાલું રાખ્યું ! બે લપડાક પડી તેમાં પણ તે સ્વર–શબ્દ–હૃદય ન ભેદાયા ! કચરો નાખતી વખતે જે પ્રમાણે બોલાયું તેજ પ્રમાણે બે વાગી તો પણ તેવાજ શબ્દો બોલે છે ! જણવાને જોરૂં, પરણવામાં પંડ ને મારવામાં ભગવાન ! હવે એવા મનુષ્યો શું માને ? ઇશ્વરમાંથી જ અવતાર માનેને ? અવ-તારમાંથી ઇશ્વર નહીં માને. નિર્મળમાંથી મલિન થવાનું માન-નારા એ અવતારમાંથી ઇશ્વર માને છે. આદર્શ તરીકે કઇ મૂર્ત્તિ હોય ? મલિન છતાં ભવિષ્યમા નિર્મળ તેવીજ મૂર્ત્તિ આત્માનો આદર્શ થઈ શકે. એ આદર્શ બનાવીએ તો 'હું'નો ખુલાસો થાય. આવા વીતરાગસ્વરૂપે શાંત સ્થિતિએ જે આત્મા છે તે 'હું' છું. આવી શાંત વીતરાગ સ્થિતિએ જ 'હું' છું, એ શિક્ષણ વીતરાગની મૂર્ત્તિ સિવાય બીજી જગો પરથી લાવે. 'હું'નો આદર્શ દેખી સુદેવને દેવ, સાધુને ગુરુ અને તે દેવે બતાવેલ ધર્મને ધર્મ માને, તેજ સમકિતિ: મિથ્યાત્વી આત્મા તેઓ કે–જે પોતાના સમકિતનાં પડીકાનાં નામે વ્યવહાર કરે. એવાઓ એ વાતમાં વીતરાગને લાવે, તે વેશ્યાના ઘુમટા છે. આ રીતે તત્ત્વ બતાવ્યું. 'હું'પદનો આદર્શ મળે, 'હું'પદનો ખુલાસો–તેનો રસ્તો મળે ત્યાંજ ધર્મ મનાય, તેજ સમકિત. હવે તેનાં ભૂષણો કેવા ? તે અગ્રે—

# દેશના—૯

૨૦૦૦ ફા વ. ૫ નેમુભાઇની વાડી ગોપીપુરા—સુરત.

## અન્ય દેવોને જિનેશ્વરનું નાટક પણ આવડતું નથી.

શાસ્ત્રકાર મહારાજા કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ, ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ કરતા થકા આગળ સૂચવી ગયા કે—દરેક જીવ જગતમાં સારાનો ખપી છે. ખોટાનો કોઇ ખપી નથી. સારૂં કરતો હોય કે ન હોય તો પણ સારાનો જ ખપી હોય છે. સાચું કરવાવાળો પણ સારાનો જ ખપી હોય છે. ખપીમાં સારી જ ધારણા હોય. આખી દુનિયા સારા અને સાચાના જ ખપવાળી હોય છે તેમાં મતભેદ નથી; પરંતુ હેમચંદ્ર મહારાજ કહે છે કે—નાનાં બચ્ચાં માતા જોડે આવ્યા હોય, ઉપવાસનું માતા પચ્ચક્ખાણ માગે; તે વખતે નાનાં છોકરાં ખીસામાંથી ચણા ખાતાં જાય ને પચ્ચક્ખાણ મેં પણ ઉપવાસનું કર્યું, તેમ બોલે છે. નાનાં બચ્ચા ઉપવાસને સારો ગણતા હોય, પરંતુ ઉપવાસ કોને કહેવાય તેની ગતાગમ બચ્ચાંને નથી. માત્ર માએ ઉપવાસનું પચ્ચક્ખાણ લીધું એટલે મેં ઉપવાસ કર્યો કહે છે. તો જેમ નાનાં બચ્ચાં અજ્ઞાનને લીધે ઉપવાસ પદાર્થને સમજતા નથી, પણ ઉપવાસનું સારાપણું સમજી મેં ઉપવાસ કર્યો કહે છે, તેમ જગતમાં સુંદર પદાર્થનું સ્વરૂપ સમજે નહીં; અને બાંગ મેલે કે—'મેં કર્યું તે સારું અને સાચું છે.' એ બાંગમાંથી બાકાત કોણ છે? ચાહે જેને દૃષ્ટાંત તરીકે લઇએ, કોઇ બાકાત રહે છે? હું સાચું જ અને સારું જ કરવા માગું છું, તેમ નહિ બોલવાવાળો એકે છે? તો પછી—સમ્યક્ત્વનો ઇજારો તમારે ત્યાં શી રીતે? બીજા બધા શાસનોને=મતોને

મિથ્યાત્વી કહો છો અને જૈનદર્શન જ સમ્યક્ત્વવાળું કેમ? સમ્યક્ત્વનો સીધો અર્થ તો 'સાચું અને સારું' છે ને? એટલે સારા સાચાવાળા તમે જ છો એમ બતાવવા સાથે બીજાને ખરાબ શબ્દ ન કહેવો તેનો રસ્તો કાઢયો. અજ્ઞાન બાઈને પૂછે કે–તારે બાળક કેટલા? પરમેશ્વરે બે આપ્યા છે. પણ જેને નથી તેને પરમેશ્વરે નથી આપ્યા તેનું શું? તેની ઉપર પરમેશ્વરે કફા નજર કરી છે ને? અર્થાપત્તિથી આવતા તે અર્થને ભલે ન બોલે, પણ આપોઆપ એજ અર્થ સિદ્ધ છે, કે–જેને બાળક નથી આપ્યા તેની ઉપર પરમેશ્વરની કફા મરજી છે, તેમ જ માનવું પડે. આ બોલવાવાળા અજ્ઞાની પુરુષે પરમેશ્વરને જાળમાં જકડી લીધો. પરમેશ્વરનું કામ આ ને? ઊંડો વિચાર ન કર્યો. જંગલીમાં જંગલી એવું કોઇ નથી કે–સાત વર્ષની અંદરના બાળકે કાર્ય કર્યું હોય તેને ગુનાહિત કહી સજા કરે. ઇશ્વર ગર્ભમાં મારે. ત્યાં પણ તેની સજા ચાલે. જન્મતાં તેની સજા ચાલે, જન્મતાં લુલાં–લંગડાં–બહેરાં–આંધળાં થાય તો પરમેશ્વરની દયાળુતા કઈ? પરમેશ્વર, આપણાં કર્મ પ્રમાણે તે બધું કરે છે, તેમ માનીએ તો તાજાં કર્મને પરમેશ્વર ગુનાહિત નથી ગણતા ને તેથી તેની અહિં તુરત સજા નથી કરતા. બે વર્ષના છોકરાએ ચપ્પુ માર્યું તેની ફરિયાદ કોઇ કરે છે? કહો સાત વર્ષમાં કાર્ય થઈ પણ જાય તેને સરકાર ગુનાહિત કાર્ય ગણી સજા કરવા તૈયાર નથી. માણસ અજ્ઞાનતા અણસમજનો લાભ આપે છે. તે જગા પર ઇશ્વિર અણસમજનો પણ લાભ નથી આપતો. ઇશ્વિર કર્મનું ફળ આપે છે તેમ માની લઈએ તો જીવને તો કર્મની જવાબદારી જોખમદારી રહેતી જ નથી, સ્વભાવે રૂપ મળે છે, તેમાં પ્રશ્નને અવકાશ નથી. માત–પિતા-

પુત્રની કાયા જડ છે. જડને જવાબદારી જોખમદારી નથી હોતી. ઈશ્વર અનંતી સમજણવાળો છતાં બચ્ચાં અજ્ઞાન દુઃખી આંધળાં ઉપર લૂલાં લંગરા ઉપર મહેર ન કરી શકે તો તે ઇશ્વરને કેવો ગણવો ? કર્મ કર્યાનાં ફળ આપવાની વાતમાં ઈશ્વરને જોડવામાં તેની દયાળુતા ક્યાં ? આપણે ઇશ્વરને ક્યા સ્વરૂપે માનવાની જરુર છે ? ખ્યાલ રાખવો કે–અનુકૂળ શબ્દો પણ અર્થાપત્તિથી પ્રતિકૂળતાને સિદ્ધ કરે છે. જેમ સારા શબ્દોમાંથી અર્થાપત્તિથી ખરાબ અર્થની ઉત્પત્તિ થાય છે. તેમ અમારા દેવને અંગે, ગુરુને અંગે, ધર્મને અંગે અમારામાં સમ્યક્ત્વ, તો અર્થાપત્તિએ જૈનેતર બધા મિથ્યાત્વવાળા; વીતરાગદેવની માન્યતા સિવાયની બધી માન્યતાઓ મિથ્યાત્વ. તમારા દેવને અંગે શાસ્ત્ર–ધર્મ, મત–દર્શનને અંગે આ સમ્યક્ત્વ. સમ્યક્ત્વ શબ્દનો અર્થ સુંદરપણું. એમાં સુંદરપણું નક્કી કર્યું એટલે બીજામાં અર્થાપત્તિથીજ અસુંદરપણું. મિથ્યાત્વ શબ્દ ભયંકર લાગે તેથી તેને કોરાણે મૂકીએ તો પણ અહીં સુંદરપણું એટલે બીજે અસુંદરપણું છેજ! પ્રશ્ન થશે કે–બીજા દેવો ગુરુઓ કે ધર્મોમાં–શાસ્ત્રોમાં–મતોમાં –દર્શનમાં અસુંદરપણું શી રીતે કહી શકો છો ?

## બીજા દેવોને જિનેશ્વરનો વેષ પણ ભજવતા ન આવડ્યો.

દુનિયામાં ઉત્તમ નાટકીયો પણ વેષ બરોબર ભજવે. અકબર બને તો હિન્દુ હોય તો પણ મુસલમાની ડ્રેસ પહેરીને ઉભો રહે. શિવાજી–અંગ્રેજ–પારસી કે મુસલમાન એક્ટર તરીકે હોય તો પણ શિવાજી આદિના વેષ વખતે હિંદુઆદિનો જ વેષ પહેરે. જેનું અનુકરણ કરવું હોય તેનોજ પહેરવેશ રાખે.

એક બહુરૂપી, રાજા પાસે ગયો છે. પહેલે દહાડે રૂપ-વેષ દેખી રાજાએ તેને દાન ન આપ્યું. હેતુ એ હતો કે-અત્યારે દાન આપીશ તો બીજી કળા નહીં બતાવે. બીજે દિવસે બીજો વેષ પહેરી આવ્યો, રાજા ખુશ થયા, છતાં દાન ન આપ્યું! તેમ તે બહુરૂપીએ ૯૯ વેષ કાઢ્યા છતાં રાજાએ દાન ન આપ્યું. રાજા-સભા ખુશ થાય છે, પણ દાન કોઈ નથી આપતું. રાજાનાં દાન વગર બીજા પણ દાન નથી આપતા. બીજા આપે તેમાં રાજાનું અપમાન ગણાય. બહુરૂપી ગામાંતરમાં ફરતો ફરતો ધર્મશાળામાં ઉતર્યો. ત્યાં સાધુની ક્રિયા જોઈ-જોયા કરી. બરાબર તેની એકટીંગ શીખી લીધી. હવે. સાધુ પાસેથી કળા લીધી છે, તે બતાવું. સાધુ બનીને આવ્યો, સભાને ખુશ કરી. કહ્યું કે-રાજાજી હવે આ છેલ્લો વેષ છે, નહીંતર કાલે જઈશ, માટે આપવું હોય તો આપો. રાજાએ કહ્યું-ઊભો રહે. નોકરને કહ્યું કે-દશ હજાર રૂપીયા થાળમાં ભરીને લાવ. રાજા દશ હજાર રૂપિયા આપે છે. 'ઉં....હું' કરી બહુરુપી ચાલ્યો ગયો વેષ પલટીને આવ્યો. હવે જે આપવું હોય તે આપો. રાજાએ કહ્યું-તે વખતે કેમ ન લીધું ? તે વેષમાં લઉં તો વેષ લજવાય. હવે જે દેવું હોય તે દો. પછી રાજાએ દાન આપ્યું. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિજી કહે છે કે-જિનેશ્વર સિવાયના દેવો, નાટકીયા દેવ બનવાનું પણ શીખ્યા નથી. નાટકીયો દેવ બને તો દેવનું પૂરું સ્વરૂપ તો લે છે? નામ તરીકે રામ-લક્ષ્મણ-સીતાની મૂર્ત્તિ હોય, રાધા કૃષ્ણની મૂર્ત્તિ હોય તો સંસારી સિવાય બીજું છે ? દેવપણામાં સીતા-રાધાની મૂર્ત્તિ જોડે રાખીને બેસો છો ?

આરંભ પરિગ્રહમાં લીન રહે તે મોક્ષે જાય ? ક્રોધાદિક, વિષયાદિકમાં ડુબેલો મોક્ષે જાય તેમકે ઇ શાસ્ત્રકાર કહેતા નથી,

'**शांतो दांतो मुमुक्षुः**' કહે છે. આત્માનો વિચાર કરવાને અધિકારી કોણ ? કોઈપણ મતવાળાએ-દર્શનવાળાએ એમ માન્યુ નથી કે—ક્રોધાદિથી ભરેલો હોય તે આત્મવિચારણાને લાયક હોય. બધા દર્શનકારો, દેવ શાંત દાંત હોવા જોઈએ, એમ કહે છે. દેવમાં ક્રોધાદિક શાંત થએલા હોવા જોઈએ એમ કહે છે. એ સ્થિતિ વગર આત્માનો વિચાર કરવાનો ન હોય. ક્રોધાદિકે ભરેલા દેવ, ધર્મ, શી રીતે કહી શકશે ? સન્માર્ગમાં પ્રવેશ કરવો હોય તેણે પ્રથમ શાંતિ, ઇન્દ્રિયનું દમન કરવું જોઈએ. મોક્ષની જ અભિલાષા જોઈએ. દરેક ધર્મવાળા ધર્મિષ્ઠ માટે, સન્માર્ગના ખપીઓ માટે, આ ત્રણ વસ્તુ રાખવા માગે છે. કઈ ? **शांतो दांतो मुमुक्षुः** શાંત, ઇન્દ્રિયોનું દમન અને મોક્ષની જ અભિલાષા હોય. એ સિવાય માત્ર શાંતિની વાતોવાળો હોય તેને કેવો ગણવો ? જે ઇન્દ્રિયોને આધીન ન થયો હોય તે સન્માર્ગને લાયક ગણાય. મોક્ષ તરફ નજર નથી કરી તેવા માટે કોઈ સન્માર્ગ કહે છે ? જ્યારે એ ત્રણ નહીં તો પણ દેવે પોતાનામાં તે ત્રણ વાનાં વેષ તરીકે તો દાખલ કરવા હતાંને ?

આ વાતને અનુલક્ષીને જ કહે છે કે—

**वपुश्च पर्यंकशयं श्लथं च, दृशौ च नासा नियते स्थिरे च।**
**न शिक्षितेयं परतीर्थनाथैर्जिनेन्द्र ! मुद्राऽपि तवान्यदास्ताम् ॥**

હે જિનેંદ્ર ! અન્ય દેવો આપની મુદ્રા પણ ન કરી શકયા, બીજી વાત તો બાજુએ રહો; પરંતુ અન્ય દેવો તારો વેષ પણ ન શીખ્યા ? નાટકીયા પણ વેષ તો બરોબર કાઢે. રિદ્ધિ ને સત્તા નાટકીયાના ત્યાગમાં ન હોય. નાટકીયો પણ વેષ બરાબર કાઢ્યા વગર નાટકીયો નથી બનતો જે પોતાના શરીરને પલ્યંકાસને સ્થાપી ન શકે તે નાટકીયો દેવ પણ ક્યાંથી બને ?

શરીર પણ સામાન્ય મનુષ્ય ગુસ્સામાં ન હોય તો સીધું હોય; આવેશમાં અક્કડ હોય **'શ્લથં ચ શરીરં'** શાંત દેવનું શરીર શ્લથ–અક્કડાઈ વિનાનું હોય. કેવું **શ્લથ**? પર્યંકાસને એવું શ્લથ. અક્કડ નહીં. અંગ તો સીધાં રહેવાં જોઈએ. એક વખત નાટક તરીકે દેવ બન્યા હો તો પણ શરીર તો સીધું રાખવું હતું ને? પગનું ઊંચાનીચાપણું નહોતું રાખવું. **'દૃશૌ'**-વાંકી આંખો કોણ કરે? ડાબી આંખ વિકૃત કરવી ન પાલવે. દૃષ્ટિ નાસિકાથી નિયત નહીં, જમણી કે ડાબી આંખનો કટાક્ષ નહિ! એટલું જ નહીં પણ **'સ્થિરે ચ'** બગલો માછલાંને પકડવા માટે નિયમિત સ્થિર ઊભો રહે, પણ માછલું ન દેખે ત્યાં સુધી, માછલું દેખે એટલે સ્થિર ન રહે. બિલાડી પણ ઉંદરને દેખતાંની સાથે સ્થિર ન રહે. શાંત દેવની દૃષ્ટિ સદાને માટે નાસિકા ઉપર સ્થિર રહે. આ તમારી મુદ્રા નાટકીયા તરીકે અનુકરણ કરનારાએ લેવી પડે. આટલું નાટકીયાપણું પણ બીજાઓ લઈ શકયા નથી, તેથી શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ કહે છે કે–**'ન શિક્ષિતેય૦'** એટલે કે–દેવપણાની મુદ્રા આકાર, વેષ, શરીરનો પહેરવેશ વગેરે પોતાને ય દેવ કહેવરાવનાર બીજાઓ શીખ્યા નહિ તો તેઓમાં વીતરાગદેવના બીજા ગુણોની આશા શી કરીએ? સત્તા અને સાહ્યબીની આશા શી રીતે કરી શકાય? જે દેવોની અંદર દેવપણાનો નાટકીયો વેષ પણ નથી આવ્યો, તો તે દેવપણાની અનંત જ્ઞાન, દર્શન અને વીતરાગતાની તો આશા શી રીતે જ રખાય? કહેશો કે–'દેવમાં સુંદરપણું ન આવે તેમાં આસારે શું કરવું? ચોકસી, પિત્તળનું પિત્તળપણું બતાવવા તૈયાર નથી, અને સોનાને સોના પ્રમાણે કહે ને કસ આપે તેને જ સોનાપણું માનીને બેસી રહેવું?' તેના

સમાધાનમાં સમજો કે–ચોકસી તપાસતાં સોનાનો કસ ન આવે તેને પિત્તલ કહે તેમાં ચોકસી શું કરે ? સોનું પારખનાર સોનાને સોનું કહે, એટલે પિત્તળપણું બીજામાં સહેજે જાય. તેમાં ચોકસી જવેરી, દોષપાત્ર ન ગણાય. સોનાને લક્ષણથી નક્કી કર્યું પણ તેમ કરવામાં તેને દોષ નહીં. તેણે બીજાને પિત્તળ બનાવવા માટે સોનું નથી પારખ્યું, તેમ મોતી, હીરા પારખનારે તેના લક્ષણને અંગે 'મોતી છે' એમ જણાવ્યું. બીજાને ફટકીયા બનાવવા માટે નહી. તેમ દેવની પરીક્ષા કરનારે દેવનું સુંદરપણું જણાવ્યું કે–'જે પર્યંકાસને રહ્યા હોય, શ્લથપણે શરીર રાખનારા હોય, દૃષ્ટિ નિયત અને સ્થિર રાખનાર હોય તે દેવ કહેવાય.' કહેશો કે–'દરેકને સારાપણું ને સુંદરપણું ગમે છે. કોઈને ખરાબ-પણું ગમતું નથી તો પછી તેવા દેવને જગત કેમ માની રહ્યું છે ? સમ્યક્પણા વગરના દેવ કેમ મનાયા હશે ?' તો સમજો કે–ઘણાને અંધારે સવાશેર અક્કલ વ્હેંચાઈ. બ્રહ્માએ અક્કલ અંધારે વ્હેંચી તેમાં હિસાબ કર્યો, ત્યારે ઘણાને પાશેર વધારે ગઈ. એટલે કે–ઘણાને એક શેર જ અક્કલ આપવાનો વિચાર કર્યો હતો, તેમાં સવાશેર ગઈ ! અંધારે અક્કલ વેંચાય તેમાં સવાશેરના માલીક બધા બને. એકને જ સવાશેર આપવાની હતી છતા બધા સવા શેરના માલીક થયા. તેમ અંધારાના પછેડા દેવાયા. તેમાં બહુ વાત કબૂલ થઈ. અન્યને પૂછશો કે–તમારા ભગવાન બધા ઉપર સમભાવી છે, તો આવા કેમ ? તો કહેશે કે–એ તો લીલા છે. આમ લીલાનાં અંધારામાં બધું ચલાવ્યું. આમ દેવનું શાન્ત-પણું, દાન્તપણું તાત્ત્વિક ન રહ્યું, તો સમજો કે–લીલા લીલાના અંધારપછેડામાં દેવપણું વેંચાયું. જૈનમતની જ બલિહારી છે. ઉત્તમતા છે કે–જેણે દેવ માટે પણ લીલાનો પડદો ચીરી નાંખ્યો

છે. જે રસ્તે ભવ્યને દોરવવા છે, તે જ રસ્તે પોતે ચાલ્યા છે. વીતરાગમાં આટલું બધું છતાં તેના દેવપણામાં સમ્યક્પણું ન કહીએ તો પછી આકારમાં જેણે શાંતિ, ઇન્દ્રિયદમનતા, મુમુક્ષુતા ધારણ કરી નથી તેને સમ્યક્પણું કહેવું ? શી રીતે કહી શકાય ? કોઇ જગ્યા પર કાંઈ મળવાની આશા હોય તો 'હાજી–હા' કહેવાય. અન્યથા 'હાજી હા' શી રીતે કહેવાય ? તો સમજો કે–જ્યાં ભય લાગે ત્યાં 'મત બોલ માર ખાયગા' એ સ્થિતિ હોવાથી ત્યાં પણ 'હાજી હા' કરવી પડે. સહવાસ હોય તો શરમથી 'હાજી હા' કરવી પડે. મનુષ્ય આશાથી, ત્રાસથી, સહવાસથી 'હાજી હા' કહી દેશે. આ ત્રણથી 'હાજી હા' પણું થઈ જાય; પણ અંદર ખાત્રી વગર મન કબૂલ નહિ કરે. પ્રમાણથી ખાત્રી થશે તો જ મન કબૂલ કરશે. દેવમાં સમ્યક્પણું કંઈક તો તપાસીએ ને ? લીલાના પડદા પાછળ દેવપણાને સંતાડી દો, પછી કહો કે–દેવ માનો: તો શી રીતે દેવ માનવા ?

ઉઠો રે મોરારિ તમારા વિના દહીંના મટકા કોણ ફોડશે ? તમારા વગર ગોપીઓના ચીર કોણ ચીરશે રે ! તેવાને દેવ મનાવવા ! બિચારી વેવલી ભક્તાણીઓ તેવું બોલે છે તે સમજીને નથી બોલતી, ભક્તિરાગમાં બોલે છે. અહિં પણ ભક્તાણીઓ બોલે છે ને–'ગુરુજી પાટે ચડી ચડી બેઠા, બોલાવ્યા બોલે નહિ; ગુરુજી માગે સોનાની ઠવણી તો ક્યાંથી વ્હોરાવીએ ?' તેમ તે વેવલી ભક્તાણીઓ પણ તેવું બોલી દે છે. ભક્તિરાગમાં તણાએલી તે અજ્ઞાન બાઈઓ જ તેવું બોલે છે તેમ નહિ, પરંતુ તેના પ્રખર વિદ્વાનો પણ એવું બોલે છે.

કારિકાવલીકાર મુક્તાવલી નામની ટીકા, દીનકરી રામરુદ્રી નામની ટીકાઓ છે. તેની અંદર મૂળમાં કહ્યું કે –"**नूतनजल-**

**धररूचये, गोपवधूटिदुकूलचौराय । तस्मै कृष्णाय नमः, संसार-महीरुहस्य बीजाय** ॥=નવા વર્ષાહની જેવી શરીરની કાંતિ છે જેની એવા, તથા ગોપાળની જુવાન સ્ત્રીઓનાં પહેરવાનાં વસ્ત્રો ચોરવાવાળા અને સંસારવૃક્ષના બીજ સમાન એવા તે કૃષ્ણને નમસ્કાર." પેલી તો માત્ર વેવલી ભક્તાણીઓ ભક્તિથી ગાય છે, પણ અહિં તો તે દર્શનનાં વિદ્વાનો–પ્રખર વિદ્વાનો તેવું બોલે છે! એવી જ રીતે મહાદેવને અંગે પણ કહેલ છે કે–'**भवो भवतु भव्याय, लीलाताण्डवपंडितः** ।=લીલાથી નાટક કરવામાં નિપુણ એવા મહાદેવ તમારા કલ્યાણ માટે થાવ.' તે બધા એક જ બચાવ કરે છે. શું? લીલા લીલાનો જ પડદો. એ રીતે તેઓને દેવનું સ્વરૂપ, લીલાના પડદામાં કેમ નાખવું પડે છે? તે માટે હેમચંદ્રસૂરિ મહારાજને કહેવું પડ્યું કે–હે ભગવાન! તમારો વેષ–આકાર-સ્થિતિ વગેરેનું અન્ય દેવો અનુકરણ પણ ન કરી શકયા! અનુકરણ કરી શકાય તેવું પણ અનુકરણ કરી શકયા નહી, પછી તેમાં સમ્યક્પણું શી રીતે ગણવું? એથી જ આપણે જ્યાં અજ્ઞાનનું આવરણ ખસી ગયું હોય, ત્યાં જ સમ્યક્પણાનો વ્યવહાર કરીએ છીએ. યાદવકુળના વંશવાળા, કહીને ગુરુને નભાવવા માગીએ નહિ. આપણે ગુરુનું સમ્યક્પણું કયાં રાખીએ? શાસ્ત્રાનુસારી હોય તેવાને જ ગુરુ કહેવામાં અને ખોટાને વોસરાવવામાં: આ શાસન, ખોટાને વોસરાવવામાં લગીર પણ સંકોચ રાખતું હોત તો જમાલિ જેવાને વોસરાવતે નહિ. એવાને પણ શાસને વોસીરે વોસીરે કઇ રીતે કર્યો હશે? મારું ગણું તે સામાને અંગે, શાસ્ત્રકારોએ કહેલું હોય તે સાચું. તારમાં જે સમાચાર આવ્યા તે સાચા માન્યા, શાથી? ટેલિગ્રામની ઓફિસના ભરોસે. દુનીયાના વિષયોમાં તેના જાણકારનો ભરોસો રખાય છે, તેમ અતીંદ્રિય

# દેશના-૧૦

## આસ્તિક પછી નાસ્તિકની ઉત્પત્તિ.

કલિકાલસર્વજ્ઞ ભગવાન્ હેમચંદ્રસૂરિજી મહારાજ ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ કરતા થકા આગળ સૂચવી ગયા કે–આ સંસારમાં સહુને સારું ગમે છે, કોઇને પણ ખરાબ ગમતું નથી. પોતે ખરાબ કર્યું હોય તો તેથી ખસી જવા માગે છે. સર્વને સારું ગમે છે. સર્વને સાચું ગમે છે. નરસું કે ખોટું ભલે કરે, પરંતુ ગમવાને અંગે નિયમ કયો ? દરેકને સારું-સાચું ગમે છે ને ? પરંતુ સાચું અને સારું ક્યાં રહ્યું છે ? આ જગતમાં ‘વૈદ્ય ગાંધીના સહીયારા’ તરીકે પ્રવૃત્તિ ચાલી રહી છે. શિવ, કુરાન વગેરે મતો પોતપોતાને ગાય છે. શાસ્ત્રો શિવને, શિવે ભગવાનને ગાયા. ઇસુએ બાઇબલને, બાઇબલે ઇસુને ગાયા. તેમ જિનેશ્વર મહારાજને અંગે પણ કહી શકાય કે–આગમોએ જિનેશ્વરને ગાયા, જિનેશ્વરે આગમોને ગાયા. આમ પરસ્પર ભાવિતપણું થાય તેટલા માત્રથી સમ્યક્‌પણું માનવું ? હંમેશાં દુનિયામાં કહેવાય છે કે–બોલતાની જીભ ન પકડાય. શંકાકારની જીભને વ્યાખ્યાકાર પકડી શકે નહિ. અને એ જ રીતે અહિં શંકા કરીએ કે–અહિં સમ્યક્ત્વ શી રીતે માનવું ? તેમ પાછા

---

પદાર્થો–અલૌકિક પદાર્થોમાં પણ ભરોસો તેના જાણનારનો હોય. આથી અતીન્દ્રિય પદાર્થોને જાણનારા સર્વજ્ઞના આગમો–સિદ્ધાંતોને માનીએ છીએ. અને તેના આધારે દેવગુરુને માનીએ છીએ, તેથી આ ધર્મમાં સમ્યક્‌પણું ધારવું તે જ સમકિત. હવે તેને શોભાવવા માટે પાંચ આભૂષણો કહ્યાં છે, તે કેવી રીતે ? તે અગ્રે.

ઉતરીએ તો શિવપુરાણમાં શિવનું સમ્યક્પણું. ભાગવતના વાક્યમાં વિષ્ણુની અપ્રમાણિકતા છે ? નહીં જ. એ એને વખાણે, એ એને વખાણે. આવી રીતે શંકાકાર 'સુંદરપણું ગમે છે. સારાપણું સાચાપણું જગતને ગમે છે.' તે સિદ્ધાંતને અંગે કહે છે કે—'સાચાપણું અને સુંદરપણું શી રીતે ગણવું ? સહુ પોતપોતાનાં ઘરમાં સાચા'. વાત ખરી પણ તારી શંકા પ્રમાણે—'કસોટીએ અને સોનાએ કસ કાઢયો. તે પરસ્પર બંને મળી ગયાં, તેથી કસ કાઢયો, તેમ કોઇ કહે તો ?' સોનું ને કસોટી બે મળી ગયાં, એમ કહી શકાય ? એ તો ન કહેવાય. સોનું સ્વતંત્ર ધાતુ છે, કસોટી સ્વતંત્ર પત્થર જાત છે, પત્થરને ધાતુની જાત બે પરસ્પર મળી ગયાં છે, એમ કહી શકાય નહીં. કલચર અને મોતીને જુદા પાડનાર યંત્ર જુદા પાડે, તેથી સાચાં મોતી અને યંત્ર બંને મળી ગયાં છે, એમ કહી શકાય નહિ. એમ અહીં સર્વજ્ઞ ભગવાનો આગમોની પ્રરૂપણા કરે, સર્વજ્ઞને જ દેવ તરીકે નિરૂપણ કરે તેથી આગમ અને દેવ બે મળી ગયાં છે, તેમ કહી શકાય નહિં. જૈનો જીવને માને છે, વૈષ્ણવો, શૈવો, મુસલમાનો ને ક્રીશ્ચિયનો પણ જીવ માને છે. પ્રાચીન કાળની અપેક્ષાએ નાસ્તિકો પણ જીવ માને છે. પછી ભૂતથી પેદા થયેલો માને. આસ્તિક નાસ્તિકની વ્યાખ્યા કઈ કરી ? 'પરલોકાદિક નથી', એવી જેની બુદ્ધિ, તેનું નામ નાસ્તિક. 'પરલોકાદિક વસ્તુ છે.' તેવી બુદ્ધિવાળા આસ્તિક. આ જગો પર વિચારીએ કે—જગતમાં પ્રથમ આસ્તિક ઉત્પન્ન થયો કે નાસ્તિક ? રાતદિવસ—સજ્જન દુર્જન વિગેરે પરસ્પર અપેક્ષાવાળા છે. અનાદિના વિપરીતતાવાળા છે. નાસ્તિક શબ્દ શી રીતે બનાવવાના ? ન + આસ્તિક. બનાવો ત્યારે નાસ્તિક બને. પહેલાં આસ્તિકો જ હતા અને તે પછી

તેમાંથી નાસ્તિક ઉત્પન્ન થયાં છે. કોઈપણ કુમત, નવો મત ઉત્પન્ન થાય, તેમાં મૂળમાં હેતુ હોવો જોઈએ. દુનિયા, પરલોકની સાધના માટે–ત્યાગ માટે પ્રવૃત્તિ કરવા લાગી એટલે કામની પ્રવૃત્તિમાંથી દૂર રહેવા લાગી; પરલોકની પ્રધાનતાને અંગે કામથી દૂર રહેવા લાગી. આથી તે દુનિયા, નાસ્તિકથી ખમાઈ નહી. ઘણા એવાય હોય કે પોતે દઈ ન શકે, પણ બીજા દે તો પણ અંદરથી બળ્યા કરે.

## મુખ મલીન કેમ ?

સ્ત્રી ભર્તારને મુખ પડી ગયેલું દેખી પૂછે છે કે–મોઢું મેલું કેમ ! 'એક ભેંસ આપી'. એમ કીધા પછી વિચાર આવ્યો કે–આ તો ૧૦૦ની ઉઠી ! હવે શું થાય ? પરિણામે તે ડાહ્યો દાતાર ગાંડો બન્યો. કેવી રીતે ? કે 'અરે એક શું ? બે આપી–ચાર આપી. આખા ગામની આપી. બધી ભેંસો મેં તને આપી, એમ બોલવા લાગ્યો ! તેણે તે નકામો બકવાટ કેમ કર્યો ? કહો કે–એક ભેંસ બચાવવા માટે કર્યો. એટલે કંઈ આપવાનું ન રહ્યું. કેટલીક વખત ડાહ્યા, ગાંડા બની સ્વાર્થ સાધી લે.

ક્યાં ગાંઠસે ગીર પડા ? કયા કોઈકું દીધ ?
પ્રિયા પૂછે કંતકુ, મુઢા ક્યું મલીન ?
ના ગાંઠસે ગીર પડા; ના કોઈકું દીધ,
દેતાં દિખા ઓરકું, મુઢા હુવા મલીન.

બહારથી ધણીને ઢીલે મોઢે ઘેર આવેલ દેખી સ્ત્રી, અનુમાનથી પૂછે છે કે 'ગુંજામાંથી કોઈને કાંઈ આપી દેવાયું તેના પશ્ચાત્તાપથી મલિન મોં થયું છે, કે કાંઈ ગાંઠેથી ગીર પડયું છે અને મોં મલિન છે ? મોં મલિન કેમ ? તેના ઉત્તરમાં ધણી કહે છે કે–'**ના ગાંઠસે ગીર પડા**' કારણ કે–એક પઈ હોય

તો સાત ગાંઠ દઉં. **'ના કોઈકું દીધ'.** ગુંજામાં રાખું તો દેવાયને? નારી કહે છે કે–તો મોઢું મેલું કેમ? તો કહે છે કે–**દેતા દેખા ઔરકું મુદ્દા હુવા મલીન.** બજારમાં ફલાણો શેઠ દાન દઇ રહ્યો હતો, તેને દેખી એમ થયું કે–પરસેવાનો પૈસો આમ ઉડાડી દે છે! તે દેખી મારું મોં કરમાયું છે. તેવી રીતે મિથ્યાત્વના જોરવાળા એવા હોય કે–પોતે કર્મના ભયંકર હુમલાથી ન બચે, પણ બીજા બચે તે પણ તેનાથી ખમાય નહીં. એ જ પ્રમાણે બીજાઓ ધર્મ–ત્યાગ–સંયમ–તપ કરે તે નાસ્તિકથી ન ખમાય. તે માટે નાસ્તિકે શરૂઆત કરી કે–

એતાવાન્ આ દેખાય છે તેટલું જ જગત છે. ઇન્દ્રિયોને વિષય તરફ પ્રવર્તાવવી એ જ ધર્મ, ઇન્દ્રિયોના વિષયોની પ્રાપ્તિ તે જ ધર્મ. આથી તેઓએ કહ્યું કે–'**तपांसि यातना चित्रा... संयमो भोगवंचना।**' કેદીઓ રાજાને આધીન હોવાથી કેદની પીડા ભોગવે છે. હાથે કરીને પીડા ભોગવનાર વર્ગ કયો? તપસ્યા કરનાર વર્ગ. જેનાથી બીજાઓ તપસ્યા કરે તે નથી ખમાતી. તેને અંગે તપસ્યા તો હાથે કરીને ઊભી થઇને? આવ કુહાડા પગ પર પડ કેદીઓ સત્તાને આધીન હોવાથી પીડા ભોગવે, પણ આ તો જાણી જોઇને હાથે પીડા વહોરનારા. સંયમ એ તો ભોગથી ઠગાવાનું. ઠગ લોકો, જેમ આપણા હાથે જ આપણું નુકશાન કરાવે તેમ સંયમ આપણે હાથે જ ભોગથી ઠગાવે છે.

એક શેઠનો છોકરો કાઠીયાવાડી છે. બાપે ઝરીયાન ફેંટો લાવી દીધો છે. નિશાળે ગયો: નિશાળીઆઓએ દેખ્યું કે–આ તો ઝરીયાન ફેંટો–આ તો ઝરીયાન ફેંટાવાળો. આપણા માબાપ

તેવો ફેંટો આપે એમ નથી. આની આગળ આપણે હલકા દેખાઈશું ! કરવું શું ? બે ગોઠીયાઓએ મસલત કરી. એક આમ ગયો, બીજો બીજે ગયો ને બંને જુદી જુદી દિશામાંથી પેલા પાસે આવ્યા. કહેવા લાગ્યા કે—આ તો જરજર કપડું છે. પેલાએ ફેંટો કાઢ્યો અને ખેંચી કહેવા લાગ્યો કે—આમ આમ કરું છું તોય નથી ફાટતો: જરજર હોય તો જરીયાનો ન ફાટે. પેલા ગોઠીઆમાંથી એકે કહ્યું કે—એમ તો આ મારું કપડું પણ ન ફાટે, એની પરીક્ષા કરવી હોય તો છેડેથી કરો. પોતાનો ફેંટો ખાદીનો હતો તે લગીર ફાટ્યો. પેલાએ જરીયાનાને છેડેથી ખેંચ્યો તો તે આખો ઊભો ફેંટો ફાટ્યો ! કેમ ? તો કે—કુબુદ્ધિ-વાળાને પડખે ચઢ્યો. પોતાને હાથે ફાડે તે બીજાને ગુનેગાર ન બનાવે. તેમ અહીં નાસ્તિકોને ઉચ્છૃંખલ પ્રવૃત્તિ કરવી, ઢોરની પેઠે પ્રવર્તવું, તેમાં ધર્મની વચ્ચે હલકાપણું થાય. વિષય કષાય છોડ્યા પાલવતા નથી. તેથી નાસ્તિકોએ આવો કિસ્સો ઊભો કર્યો કે—“ત્યાગ અને સંયમવાળાઓ પરાધીનપણે દુઃખ ભોગવે છે. તેવું કરીને તમે આત્માને ભોગથી વંચિત રાખો છો. કુટુમ્બ, રિદ્ધિ, છોકરા, બાયડી, છોડીને નીકળો તે તમારા હાથે દેશનિકાલની સજા જાણી જોઈને ભોગવો છો.” આવું કહેનારા નાસ્તિકોને બિચારાઓને બીજાને તપસ્યા સંયમ કરતાં દેખી પેટમાં લાય થાય છે. તેવા પ્રકારના નાસ્તિકોએ પેદા થઈ ‘અનેક પ્રકારની તપસ્યા તે પીડા છે, સંયમ તે ભોગવંચના છે !’ આવી રીતે ઊભું કરવું પડ્યું.

## નાક કટ્ટાની ટોળી.

બીજાનું ધર્મકૃત્ય ખમી શકાયું નહિ એટલે એક નાક-કટ્ટાને નાકકટ્ટાની ટોળી ઊભી કરવી પડી. નાકકટ્ટો પોતે જ્યાં

જાય ત્યાં નાચે. "ભગવાનને સાક્ષાત્ દેખું છું. નાક આડું હતું ત્યાં સુધી દેખતો ન હતો. ગયા પછી જ દેખાય છે." એમ નાચતો જાય ને કહેતો જાય. આજકાલ માર્ગથી ખસેલ સ્થાનકવાસીમાંથી પણ ખસ્યા ત્યારે 'હવે મને સમ્યગ્જ્ઞાન થયું' એમ કાનજી સોનગઢમાં કહે જ છે ને ? એક પગથિયું ચૂકી સ્થાનકવાસીમાં રહ્યા હતા, ત્યાં સુધી એક પગથિયું ચૂક્યા. પછી સ્થાનકવાસીમાંથી નવો પંથ કાઢ્યો એટલે હવે નહીં ત્રણમાં તેરમાં જેવું થયું. નહિ શ્વેતામ્બરમાં—નહિં સ્થાનકવાસીમાં કે નહિં દિગમ્બરમાં ! અને મને જ્ઞાન થયું છે ! નાક હતું ત્યાં સુધી ભગવાનનાં દર્શન થતાં ન હતાં. ગયા પછી મને જ્ઞાન થયું, ભગવાનનાં દર્શન થાય છે. સપડાવીને તેમાં નાખનારો જોઈએ. ચોરોનું, જુગારીઓનું, રંડી વેશ્યાઓનું કદિ નખોદ ગયું ? દેખીતા ખરાબ છતાં તેનું નખોદ જાય છે ? હૈયાફુટા આત્માઓ દુનિયામાં નથી એમ નહિં, હૈયાં ફોડનારા મળવા જોઈએ. પેલા નાકકટ્ટાને તેમ કહેતા જોઈને એક જણાને થયું કે—આપણે ય કપાવીએ ! ત્રીજાએ દેખ્યું કે—બેએ કપાવ્યું, તેથી ત્રીજા ચોથા એમ હજારોએ નાક કપાવ્યું અને નાકકટ્ટાઓની ટોળી ઊભી થઈ ! નાક ન કપાવે તો ઈશ્વરનાં દર્શનની બહાર. આમ નાસ્તિકોનું છે. "તેઓ તપસ્યાને કર્મના ક્ષયનું સાધન માને. ધર્મને પરભવની બેંક માને તે જૂની ઘરેડથી ઘસાએલા રૂઢીચુસ્તો ઓર્થોડૉક્સ [orthodox] ". આવા શબ્દો વાપરી માર્ગમાં રહેલાને ભરમાવે છે. આમ નાસ્તિકો ઉત્પન્ન થયા. 'હું'એ વસ્તુ એકેન્દ્રિમાંથી પંચેન્દ્રિય ઢોરઢાંખરમાં પણ છે. ચેતના તરીકે તો તે બધામાં જીવ રહેલો છે; એમ માને છતાં પરલોકાદિ નથી એવી જેની બુદ્ધિ તેનું નામ નાસ્તિક. સંસારમાંથી તીર્થંકરોની

ચોવીશી થઈ. ચોવીશીને અંગે અમુક કાળો જાય, તેથી તેને અંગે ઉત્પત્તિ માનવી પડે. આસ્તિકની હયાતિ પછી નાસ્તિકની ઉત્પત્તિ. કહેવું પડે કે—આસ્તિકો સદાના, અનાદિના સતત છે. પછી નાસ્તિકો છે. એવી જ રીતે અહિં બે દર્શનપણું સરખું આસ્તિક દર્શન કહેવડાવે છે તેમ નાસ્તિક પણ દર્શન કહેવડાવે છે. નાસ્તિકો પણ જીવ માને છે. પરલોકાદિ નથી માનતા. શૈવ, વૈષ્ણવો, મુસલમાનો, ક્રાઇસ્ટો જીવને માને છે. વર્તમાનકાળમાં બધા જીવને માને છે. નવતત્ત્વ માને તેને સમકિત કહીએ છીએ, તો નવતત્ત્વો કયો મત નથી માનતો ? જીવ જડ પુણ્ય, પાપ, આશ્રવ, પાપ રોકવાનું, પાપ જવાનું, વીગેરે શું બીજાઓ નથી માનતા ? જીવાદિક જાણે તેને સમકિત છે તો ક્યા દર્શનવાળા નવતત્ત્વ નથી જાણતા માનતા ? નવતત્ત્વમાં કયું તત્ત્વ નથી માનતા ? તમારે એને સમકિતી નથી માનવા પણ એ લોકો નવતત્ત્વ નથી માનતા ? શૈવો વૈષ્ણવો નવતત્વ નથી માનતા, તેમ કહી નહીં શકો. પછી સમકિતી કેમ નહિં ! તેમજ સમકિતના ઈજારદાર શા ઉપર ? બીજાને મિથ્યાત્વની છાપ શા ઉપર આપો છો ?

નાનું બચ્ચું 'હીરો' શબ્દ બોલે છે. હીરો પદાર્થ લે છે. પેટીમાં મૂકે છે. રક્ષણ કરે છે. કોઇ લે તેની સાથે લડે છે. કાચનાં ઝુમરના કટકાને હીરા તરીકે લે છે, સાચવે છે, તો તે બાળક સાચો ઝવેરી. ખરોને ? હીરો લે સાચવે તે ઝવેરી, તો પેલો છોકરો ઝવેરી ખરો ? હીરા શબ્દથી અમારે તણાવાનું નથી. હીરા પદાર્થને હીરો કહેનારો હોવો જોઇએ. હીરાની ચેષ્ટા કરવા માત્રથી ઝવેરી ન કહેવાય પણ પરીક્ષા કરનારો હોવો જોઇએ. તેણે તો માત્ર હીરો શબ્દ વાપર્યો છે. હીરાનું ઠામઠેકાણું જાણતો નથી ત્યારે સાચો હીરો હોય તેને હીરો કહે, તેને કિંમતીપણે

સંઘરે, તો ઝવેરી; તેમ જીવ પદાર્થને જીવ, શબ્દને બરાબર સમજનારો હોય :× તેને જ જીવ શબ્દ લાગુ કરે તેને અને તો જ અમો સુંદર કહેવા તૈયાર છીએ. કેવળજ્ઞાનના ઉમેદવાર-ને કેવળજ્ઞાન લાયક માનનારા છીએ. કૈવલ્ય સ્વરૂપ જીવને જૈન સિવાય કોઇ દર્શન જીવરૂપે માનતું નથી. આથી જ્ઞાના-વરણી–દર્શનાવરણી માનવાં પડે. કેવળજ્ઞાન નથી થયું ત્યાંસુધી જ્ઞાનાવરણીથી વીંટળાએલો, એવો આ જીવ છે. તેવો જીવ જૈન સિવાય કોણ માને ? ત્યાં સુધી સાધ્ય–ક્રીડ જ ક્યાં છે ? સ્વતંત્રતા ન માનતો હોય તે કોંગ્રેસનો ઓગસ્ટ માસનો ઠરાવ પાછો ખેંચી લો, તેમાં ઝેર શાનું ? તેમને ન ગમતાનું ઝેર છે. તેમ અહીં, જેમ ઓગસ્ટના ઠરાવને તે જ માને કે–જે દેશની આઝાદી આબાદી માનતો હોય. તે જ તે ઠરાવને માને 'હું જ્ઞાનાવરણી આદિ કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાનમયાદિ થઉં' તે ઠરાવ કોણ કરી શકે ? જૈન દર્શનથી જીવ માનનારો જ આ ઠરાવને માનનારો થાય. ગીતામાં સર્વજ્ઞ સ્વરૂપ જીવ માન્યો નથી. જેણે પ્રજાને તેની ગુલામી નથી માની, તે સ્વતંત્રતાની વાત કરે શાનો ? કેવળજ્ઞાન, કેવળદર્શન, વીતરાગતાસ્વરૂપ નથી માન્યાં, તેવો જ્ઞાનાવરણીથી વીંટાયેલા જીવ છે. કેવળ-જ્ઞાન અવરાયેલું છે. તેમ માનતો નથી, તે તેનો ક્ષય કરવા શી રીતે તૈયાર થાય ? માટે તેવી માન્યતા તેનું જ નામ સમકિત. જીવનું અસલ સ્વરૂપ નજર સામે ખડું કર્યા પછી કુટુમ્બ, નાતવાળા–શરીરવાળા કે દેશવાળા પ્રતિકૂળ પડે તો પણ મારે મારું સ્વરૂપ પ્રગટ કરવું જ છે, તેવી દૃઢ પ્રતિજ્ઞા તેજ સમકિત. આ જીવમાં કહ્યું તેમ અજીવાદિ શેષ તત્વોમાં સુંદર સાચાપણું સમ્યક્‌પણું જૈનશાસનમાં જ રહેલું છે. તે સમકિત નાણું નથી. આભૂષણો યુક્ત છે. તેનાં આભૂષણો ક્યાં ? તે અગ્રે.

# દેશના—૧૧

## જૈન પર્વો અને તહેવારો આત્મકલ્યાણનાં સાધન અને ત્યાગપ્રધાન છે.

શાસ્ત્રકાર મહારાજા કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ ધર્મોપદેશ કરતા થકા આગળ સૂચવી ગયા કે–સર્વને સુંદર અને સાચું ગમે છે. દુનિયામાં મારું ખરાબ થાય એવી ઇચ્છાવાળો કોઇ જ હોતો નથી. દરેક સુંદર અને સાચી વસ્તુ મને મળે તેજ ભાવનાવાળો હોય છે! પણ સાચું અને સુંદર કહેવું કોને? દુનિયા મનગમતું સારું અને સાચું માને, ઝેરને જ સુંદર માને, ખારા પાણીનો પોરો ખારા પાણીને જ સુંદર માને, છતાં પરમાર્થે તે વસ્તુ કેવી છે? મનુષ્ય સારી ધારીને વસ્તુ લે. સારું ગમે છે, સારું ધારી લે છે; છતાં લીધેલું છે તે સારું હોવું જોઇએ. તેવી રીતે દરેક શાસનવાળા–ધર્મમતવાળા પોતાના દેવગુરુધર્મને સારા ગણે છે. પોતાના વારો તહેવારો પર્વોને સારા ગણે છે. પોતાના દેવગુરુ ધર્મ ખોટા છે, તેમ ધારી કોઈ લેતા નથી. તેવી રીતે ધર્મ શામાં રહ્યો છે? આચારોમાં. આચારો માટે વાર તહેવારની યોજના કરવામાં આવી છે. સારા ગણવા કે ધારવા માત્રથી પોતાને ગમવા માત્રથી તેમાં સારાપણું આવી જતું નથી. આટલી વાત આટલે રાખી બીજો વિચાર કરીએ. જગતમાં જેટલા આસ્તિક મતો છે, તેમાં 'આસ્તિક મત માનનારો અભવ્ય ન હોય' તેમ કેટલાક આચાર્યો માને છે. કારણ કે તેઓ દેવને માને તો પણ સુદેવની બુદ્ધિએ માને છે, ગુરુને સદ્‌ગુરુની બુદ્ધિએ માને

છે અને કુધર્મને પણ સુધર્મની બુદ્ધિએ માને છે. માને પણ બુદ્ધિ ? અન્ય દર્શનીઓ દેવ–ગુરુ–ધર્મને માને છે, તેમાં બુદ્ધિ કઇ ? 'સુ'ની. સુગુરુપણાની કે સુધર્મપણાની બુદ્ધિએ માને છે. કુદેવને માનવા છતાં તેને સુદેવની બુદ્ધિએ જ માને છે. કુધર્મને પણ સુધર્મની બુદ્ધિએ માને છે. એક જ કારણ. કયું ? મોક્ષનું વાહન. આપણે મોક્ષે જવું એ ચોક્કસ. જૈન–શૈવ–વૈષ્ણવ બધા મોક્ષને માને છેઃ તેઓ પણ દેવને, ગુરુને, ધર્મને માને છે તે મોક્ષને માટે. મોક્ષની માન્યતા તો બધાએ માની=રાખી તેણે કુદેવાદિને ભલે માન્યા પણ મોક્ષનાં સાધન તરીકે માન્યાં: અભવ્ય હોય તે મોક્ષને માનનારો હોય જ નહીં. નવતત્વો જે તમારામાં છે તેમાં. તે નવે તત્ત્વોમાં આઠ તત્ત્વો અભવ્ય માની શકે; પરંતુ તે નવતત્ત્વમાં પણ કયું તત્ત્વ અભવ્ય ન માને ? મોક્ષતત્ત્વ અભવ્ય માની શકે નહીં. આઠ તત્ત્વો તો દરેકને વિચારશ્રેણીમાં લાવવા પડે.

## ભવ્યપણાની છાપ ક્યારે ?

'હું' એ તો પ્રસિદ્ધ વસ્તુ છે. હું સુખી દુઃખી છું. હું શબ્દ કોઇને શીખવવો પડતો નથી. સર્વને પોતાના આત્માથી સિદ્ધ થએલો હું શબ્દ છે. અંદર હુંનો કોઈ પદાર્થ છે. હુંનો પદાર્થ સુખ દુઃખ વેદનારો જ્ઞાનવાળો હું માની લીધું, પછી જીવ એ શબ્દાંતર છે. પદાર્થ તો માનવો જ પડે. શરીર એ હું નહીં. મારું શરીર, એટલે 'હું'. અને 'શરીર' જુદાં. મારી જીભ, નાક, કાન, મારું મન એમ જણાય તેને ઇન્દ્રિયો અને જીવ જુદા દેખાય છે. એવી સમજથી હું શબ્દ વાપરે તો ઉપચાર કરીને. ઊંડાણથી હું એક જુદી વસ્તુ છે, એમ જાણીને હું શબ્દ વાપરે. જીવ ને જડ બંને માન્યા પછી પોતે સુખી

કે દુ:ખી કેટલીક વખત હોય? હંમેશાં સુખી કે દુખી હોય તેમ બનતું નથી. નારકીઓને પણ કલ્યાણક વખતે શાતા થાય છે. એકાંતે જગતમાં દુ:ખી જ હોય તેવું બને નહીં. એકાંતે સુખી જ હોય તેમ પણ બનતું નથી. કંઈક સારું છે જેથી સુખી થઉં છું. કંઈક ખરાબ પણ છે કે જેથી દુ:ખી થઉં છું. પછી પૂણ્ય કે પાપ કહો, કે બીજા શબ્દો કહો. પણ તેમાં સારી કે ખરાબ ચીજ વળગેલી છે, તેમ માન્યા પછી પૂણ્ય પાપનો આશ્રવ માનવો પડે '**અહેતો**' જે વસ્તુમાં કારણની જરૂર નથી એવી વસ્તુ હંમેશા નિત્ય વિદ્યમાન કે હંમેશા અનિત્ય=અવિદ્યમાન હોય. જેને કારણની જરૂર નથી, એને બીજાની દરકાર ન હોવાથી હંમેશાં વિદ્યમાન કે અવિદ્યમાન હોય. દુ:ખનું સુખનું કારણ કંઈક છે. કર્મબંધ થવાનાં કારણો, જેને આપણે આશ્રવ કહીએ છીએ. સારાનાં કારણો મળ્યાં તે વખતે ખરાબનાં કારણો ન મળ્યાં, તેથી સારા વખતે ખરાબ નથી આવતું. એ રીતે આશ્રવ માન્યો. સંવર એ રીતે માન્યો કે–ખરાબ વખતે સારાનું ન આવવું. સુખનાં કારણો પલટી દુ:ખનાં કારણો થાય, દુ:ખનાં કારણો ખસ્યા વગર દુ:ખ ખસે નહીં. તેવી રીતે આઠે તત્ત્વો માનવાં પડે. આઠે તત્ત્વ, અભવ્ય સહિત દરેક માને છે. એ દરેક તે તત્ત્વોને બીજી રીતે ક્યાં માને છે? માટે એમ આઠ તત્ત્વ માનનારો થાય ત્યાં સુધી ભવ્યની છાપ ન અપાય. ભવ્યપણાની છાપ ક્યારે? મોક્ષ નામનાં તત્ત્વને માને ત્યારે. આત્માનું શુદ્ધ સ્વરૂપ માને ત્યારે જ ભવ્યપણાની છાપ. આથી મોક્ષને લીધે ભવ્યપણાની છાપ હોવાથી કેટલાક આચાર્યો જેટલાં જેટલાં દર્શનો–મતો મોક્ષ માનનારા હોય તે અભવ્ય ન હોય, એમ અભવ્ય ન હોય એમ કહે છે. જે ભવ્ય જીવ હોય તે મોક્ષ

માનનારો હોય તે કુદેવને દેવની બુદ્ધિએ માને. આવું કેટલાકનું મંતવ્ય છે. તે અનુસારે ચાલીએ ત્યારે કહેવું પડે કે દરેક પોતાના દેવાદિને કુદેવાદિ હોવા છતાં માને છે તો સુંદરપણે જ. સારું સહુને પાલવતું હોવાથી ખરાબ સ્વરૂપે હોવા છતાં માને સુંદરપણે. જેમ કે–દેવ, ગુરુ ને ધર્મને સુંદરતાની બુદ્ધિએ માને છે, આમાં મિથ્યાત્વ ક્યાં? મિથ્યાત્વ ત્યાં કે–સુંદરતા નહીં છતાં સુંદર બુદ્ધિથી માન્યા. તેમ પર્વ અને તહેવારોને અંગે દરેક મતવાળા પોતાનાં પર્વ તહેવારોને સુંદરપણે જ માને છે, છતાં સુંદરપણું ક્યાં છે? તેની પરીક્ષામાં ઉતરવાની તેને જરૂર નથી. નાનું બાળક પીળા માત્રને સોનું ગણે છે. જેમ નાનું બચ્ચું સોના અને પિત્તળના વિભાગને ન સમજે, પરંતુ મોટો મનુષ્ય પીળું એટલું સોનું માનવા તૈયાર નહીં થાય, મોટો મનુષ્ય એની પરીક્ષામાં ઉતરશે; તેમ અહીં જેઓ ધર્મનાં સ્વરૂપને ન જાણે, ખરા 'સુંદર'નાં સ્વરૂપને ન જાણે, તેવા જીવો, જેટલાં પર્વો, તહેવારો તેટલાં બધાં સારાં માને. સારા નરસાનો વિભાગ કરવાનો તેમને ન હોય. અહીં જ્યાં સુધી જીવને વિવેક સમજણ ન હોય ત્યાં સુધી બધાય પર્વો, તહેવારો બધાય સારા છે.. દેવ, ગુરુ અને ધર્મને શા માટે માનીએ છીએ? આત્માના કલ્યાણ માટે મોક્ષ માટે માનીએ છીએ. દુર્ગતિમાં જવા માટે પર્વો, તહેવારો માનવા કોઇ તૈયાર નથી. ત્યારે સર્વ એ માનવા તૈયાર છે કે–હમારા પર્વો, તહેવારો આત્માના કલ્યાણ માટેના છે. જીવવાની ઇચ્છાએ કાળકૂટ ઝેર ખાય તે કેટલું જીવે? જીવવાના મુદ્દાએ કાળકૂટ ઝેર ખાય તો જીવે કે મરે? જીવવાની ઇચ્છાએ કાળકૂટ ઝેર ખાવાવાળો ઇચ્છા જીવવાની ધરતો હોય પણ જીવે ક્યાંથી? જે કાળકૂટમાં

જીવન આપવાની તાકાત તો નથી, પણ જીવવાની શક્તિને હરવાની તાકાત છે, તેવું કાળકૂટ વિષ ખાઇ જીવવાની ઇચ્છા રાખવી તે કેટલું બધું અજુગતું છે ? જેમ તે બેહુદું, અજ્ઞાનતાથી ભરેલું છે, તેમ આત્મકલ્યાણ માટે પર્વો, તહેવારો કરવા તેમાં આત્મકલ્યાણનું પોષકપણું ન હોય તો તે પર્વો, તહેવારો જીવવાની ઇચ્છાએ કાળકૂટ ખાવા જેવા છે, માટે પર્વો જીવનને પોષવાની તાકાતવાળા હોય, આત્મકલ્યાણને પોષનારા, સદ્ગુણોને ધરાવનાર હોય તો જ આત્મકલ્યાણ માટે થાય.

## કરે તે ભોગવે તેમ નહીં, પરંતુ કરે કરાવે અને અનુમોદે તો પણ ભોગવે.

આપણામાં કરે તે ભોગવે એમ બોલનારા છે, પણ તે માન્યતા મિથ્યાત્વીની છે. તે વાત સમજો. ચમકશો નહીં. કરે, કરાવે અને અનુમોદે તે પણ ભોગવે. બીજો કરે ને તેને બીજો વખાણે તો તે વખાણવાવાળો પણ ભોગવે, તેમ જૈન શાસ્ત્રકાર માને છે. બોલો છો શું ? કરે તે ભોગવે. તો પછી કરણ, કરાવણ ને અનુમોદન ત્રણ વસ્તુ તમારે ક્યાં રહી ? એ ત્રણમાંથી પચ્ચક્ખાણના વિષયમાં તો માત્ર કરણનાં જ પચ્ચક્ખાણ, છતાં તે એક પચ્ચક્ખાણથી તે ત્રણનાં પચ્ચકખાણ ગ્રહણ કરવાં કહો. એટલું જ નહીં, પણ આગળ વધીએ એનાર્કીસ્ટની ટોળીમાં જેનું નામ દાખલ થયું છે, તે ઘેર બેઠો હોય તો પણ ગુનેગાર, રાજીનામું આપે તો જ છૂટો થાય. ક્યારે ન ભોગવે ? વિરતિ કરે તો જ ન બાંધે, ન ભોગવે. વિરતિ ન કરે ત્યાં સુધી પાપ ન કરે તો પણ પાપ અવિરતિથી બંધાય. અવિરતિથી કર્મ બંધન જૈનશાસનમાં માનેલું છે. **'मिथ्यात्वाविरतिकषाययोग-प्रमाद-योगे हेतवः'** તીર્થંકર મહારાજ સરખાને પણ એ નિયમ કે અવિ-

રતિથી કર્મ બંધાય. તીર્થંકરની દીક્ષાની વાતમાં '**अगाराओ अणगारीयं पव्वइए**' તીર્થંકર, સાધુપણું પામ્યા, એમ કહેવું હતું. '**अगाराओ**' શા માટે ? 'ઘરથી નીકળી' એ વિશેષણ શા માટે ? '**अणगारीयं पव्वइए**' એટલું જ કહેવું હતું. વળી આ પદમાં પણ 'વ્રજ' ધાતુ ગતિ અર્થમાં લઇ **प्रव्रजित** અર્થ કરવો હતો, '**पव्वइए**' નો '**प्रपन्न** અર્થ કેમ કરવો પડયો ? '**प्रव्रजित**' અર્થ કરવાથી 'દીક્ષા લીધી' અર્થ થઇ જતો હતો. વળી '**अणगारियं**' પદ પણ કેમ મેલ્યું ? તો સમજો કે–શાસ્ત્રકારને '**पव्वइए**' નો 'પામ્યા' અર્થ કરવો છે. વિશેષથી વિશેષણ પૃથક્ હોય ત્યારે અને તો તેવો અર્થ નીપજે. કાવ્યો સમજનારાને માલમ હશે કે–'સખીxxx xxx કીચક જેનું નામ છે.' જેમાં વાયુ પુરાયો હોય. વાયરાએ પુરાયેલા અને અવાજ કરે તેવા વાંસ હોય, તેવા વાંસનું નામ કિચક. બીજાનું નામ વેણું. તેવા કીચકને '**मारुत पूर्णरन्ध्रैः**' એમ કેમ કહેવું પડયું ? ત્યાં કહેવું પડયું કે–જ્યાં વિશેષણ જુદું કહ્યું હોય ત્યાં વિશેષ્ય જુદું રાખવું. આરંભ પરિગ્રહને છોડી નિરારંભપણું પામવાનું હોય ત્યાં 'પવ્વઇએ'નો અર્થ પ્રાપ્ત કરવો પડયો. મુખ્ય વાતમાં આવીએ. તે વાક્યમાં પ્રથમ '**अगाराओ**' કેમ કહેવું પડયું ? 'અગારાત્ નિષ્ક્રમ્ય'=ઘરથી નીકળીને અણગારપણું પામ્યા છે, એમ જણાવવા માટે. અવિરતિ ટાળવા માટે ઘર= સંસારનો આરંભ તેની પ્રતિજ્ઞા કરી સાધુપણું પામ્યા, એમ જણાવવા માટે '**अगाराओ**' કહ્યું. તેથી '**करेमि**' પછી **सावज्ज जोग पच्चक्खामि**' કહેવું પડે છે. સામાયિકમાં શું નથી આવતું ? સમ્યક્ત્વ–શ્રુત–દેશવિરતિ, સર્વવિરતિ, સામાયિક વગેરે બધું આવી જાય છે. કહો કે–જૈનશાસન અવિરતિનો કર્મબંધ માને છે,

# દેશના-૧૨

[ આજે ફા. વ. ૮ની સવારે રત્નસાગરજી જૈન વિદ્યાશાળા–સુરતનાં કંપાઉન્ડમાં ખાસ મંડપ તૈયાર કરાવી તેમાં પૂજ્ય આગમોદ્ધારક આચાર્ય મહારાજ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજાનું આ વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. જ્યાં આગળ વિજ્ઞાનસૂરિજી, કલ્યાણસૂરિજી મહારાજાદિ સંખ્યાબંધ મુનિવરો પણ પધાર્યા હતા.]

## તમારા પુત્રોએ કયા વારસાની આશાએ તમારે ત્યાં જન્મ લીધો ?

મહાનુભાવ ! જગતમાં દરેક પોતાનો વારસો પોતાના પુત્રને

---

માટે અવિરતિ ટાળવા માટે સાવજ્જં જોગં–જોડે જ કહેવું પડે છે. અવિરતિને કર્મબંધનું કારણ ગણીએ, કષાય–પ્રમાદને કર્મબંધનું કારણ ગણીએ, તો આત્માને કર્મથી મુક્ત કરવા માટે જે તહેવારો ને પર્વો આચરીએ તે કેવા હોવા જોઇએ? મિથ્યાત્વ–અવિરતિ–કષાય–પ્રમાદનો ત્યાગ કરાવનાર પર્વો, તહેવારો તેને જ સુંદર માની શકીએ. જે પર્વો, તહેવારોમાં મિથ્યાત્વાદિનો ત્યાગ ન હોય તેવા પર્વો, તહેવારોને આત્મકલ્યાણનાં સાધન તરીકે માની શકીએ નહીં. મિથ્યાત્વાદિને છોડાવનાર તહેવારો માનીએ તો જ સુંદરને સુંદર માનનારા છીએ. જૈનોનું એક પણ પર્વ કે તહેવાર ત્યાગ વગરના નથી. ત્યારે જ સમકિત ગણાય કે જ્યારે સુંદરને સુંદર તરીકે માનીએ. ત્યારે જ સમકિત. જ્ઞાન–દર્શન–ચારિત્રના પોષક અને મિથ્યાત્વાદિકને રોધનારા હોઇએ તોજ સમ્યક્ત્વમાં આવ્યા ગણાઇએ. હવે તે સમ્યક્ત્વને શોભાવનારાં ભૂષણો કયા ? તે અત્રે વર્ત્તમાન—

આપે છે. મુસલમાનો કે શૈવો બીજાને મિલ્કત આપી દેતા નથી. પોતાની સ્થાવર કે જંગમ બંને મિલકતો છોકરાને આપે છે. રૂપિયા અને રોડાં અપાય છે. આત્મા અપાતો નથી. અનાર્યો, મિથ્યાત્વી ને મ્લેચ્છો રૂપિયા ને રોડાં આપે. તમે સમકિતી પણ વારસામાં રૂપિયા ને રોડાં (મકાનો) આપો, તો મિથ્યાત્વી અને સમ્યક્ત્વીમાં તફાવત શો ? દરેક જીવ જુદા. એકલા જીવો જુદા છે તેમ નહીં. પણ જીવોનાં કર્મો પણ જુદાં છે. **पुढो सत्ता पुढो कम्मा** કોઇનાં કર્મો કોઇને લાગતા નથી. એક જીવ કેવળ-જ્ઞાન પામે છે. તે વખતે તેની એટલી તાકાત વધે છે. વનમાં સળગેલો દાવાનળ એટલી તાકાત ધરાવે છે કે—ચાહે રાયણ, લીંમડા, આંબા કે આંકડાનું ઝાડ આવે તેને બાળી ભસ્મ કરી નાંખે છે; તેમ એક કેવળીનાં કેવળજ્ઞાન પામતી વખતના પરિ-ણામની ધારા શુક્લધ્યાનની અગ્નિમાં અનંતા જીવોના કર્મો એક જ આત્મામાં પટકી દેવામાં આવે તો બે ઘડીમાં સાફ થઇ જાય ! પછી કોઇને દુઃખ વેદવાનું, સંસારમાં રખડવાનું થાય નહીં. પરંતુ તેમ કેમ ન થયું ? માટે તેનું કારણ શું ? દરેક આત્માનાં કર્મો જુદાં છે. તે પોતે જ ભોગવે તો જ છુટકારો થાય. કેવળીને લોકાલોક જોવાના હોય છે. ૧૪ રાજલોક, ૭ નરકો, તીર્ચ્છાલોક, દેવલોક જોવાનું સળે છે. કેટલાક જંગલી જીવો જાણી જોઇને જાનવરને લડાવે છે. જોનારને રમૂજ આવે છે. આમ લડાઇમાં રમૂજ માનનારા હોય તેમ કેટલાક નરકની ગતિમાં જીવો રખડે—દુઃખી થાય તેમાં મોજ માનનારા પરમા-ધામીઓ હોય છે. તેવા કેવળીઓ હોતા નથી. કેવળીઓ અને તેની જેમ સમકિતી જીવો પણ એકજ ધારણાવાળા હોય, કે આખું જગત, કર્મથી રહિત થાય. આવી ધારણા અને સામર્થ્ય

પણ તેવું હોય. પછી વાંધો શો કે આખા જગતને કર્મમુક્ત નથી કરતો? ધારણા પણ આખા જગતને મુક્ત કરવાની, શક્તિ પણ તેવી જ, પછી બધાને મુક્તપણું કેમ ન થયું? એક જ કારણ કે–કોઇનું કર્મ કોઇમાં જતું નથી, માટે સિદ્ધાંત કર્યો કે–દરેક જીવ જુદા છે અને દરેક જીવોનાં કર્મો પણ જુદાં જ છે. પછી આત્માને આપવાની વારસામાં વાત કરી તે શી રીતે? જૈનો તો તે કે જે પોતાના બચ્ચાંને આત્મા અર્પણ કરે. આ વાત મળતી નથી આવતી, તો સમજો કે–પોતાના બચ્ચાંને આત્માને ઓળખતાં શીખવે, આત્માને ઓળખતો કરે. તેજ વારસો કે–જે 'હું'પણામાં અનાદિકાળથી છે, પરંતુ આત્માની સમજણવાળો નથી તેને આત્માની સમજણવાળો બનાવે. ન બનાવે તો જૈનપણાનું વડીલપણું બજાવ્યું ન ગણાય. તે વડીલ ત્યારે જ ગણાય કે–પોતાનાં સંતાનને આત્મતત્ત્વ સમજાવે. જૈન-પણામાં તેજ વિશેષ. તમારામાં જન્મનારા બાળકોને સાચું આત્મતત્ત્વનું નામ–જૈનત્વના સંસ્કાર આપો. શ્રાવકપણાનાં કુળમાં જીવ ક્યા ભરોસે આવ્યો છે? ધારીને ભલે નથી આવ્યો, પરંતુ કંઇક સારાં કર્મો કરવાથી શ્રાવક કુળમાં આવ્યો છે, એ વાત નક્કી છે. એવો જીવ વડીલોના ભરોસે આવ્યો છે. શ્રાવકો મારા વડીલો થયા હશે તો મને આત્માનો વારસો મળશે. તમારા કુળમાં અવતરવાવાળા કઇ ભાવનાવાળા હતા?

**जिनधर्मात् विनिर्मुक्तो, मा भुवं चक्रवर्त्यपि ।**
**स्यां चेटो दरिद्रोऽपि, जैनधर्माधिवासितः ॥**

શાસ્ત્રમાં કહેવાય છે કે–ઇન્દ્ર મહારાજ સભામાં બેઠા છે. દેવતાએ પૂછ્યું કે–આપ ઉદાસીનતામાં કેમ છો? ઇન્દ્ર મહા-રાજ કહે છે કે–ભાઇઓ! હું આજ્ઞા, સાહ્યબીની ખામીને અંગે

ઉદાસીન નથી થયો. અહીંથી મારે જવાનું છે તે ચોક્કસ છે, એ વિચારે ઉદાસ બેઠો છું. દેવલોકમાં ઉપજેલા ઇન્દ્રોને પણ ચવવાનું છે. **'सायघरम्मि हुज्ज चेडो'** હું ક્યાં ઉપજીશ ? એ વિચારમાં ઉદાસ છું. આવી સમૃદ્ધિ સાહ્યબી ભલે ચાલી જાય, પરંતુ હું અહીંથી ચવી શ્રાવક કૂળમાં અવતરું તો સમૃદ્ધિ આદિ ગઈ તેનો અફસોસ નથી. પણ શ્રાવક કુળ સિવાય બીજે ઉપજું તો ? તેનો અફસોસ થાય છે. ત્યાં આગળ જણાવે છે કે–જૈન ધર્મ જ્યાં ન હોય, જે કુળમાં જૈનના સંસ્કાર, જ્ઞાન ન હોય તેવા કુળમાં ચક્રવર્તિપણું હોય, તો પણ ત્યાં ન જન્મું પણ જ્યાં ગુલામ થવું પણ સારું છે, ત્યાં જન્મું તો ઠીક. ત્યારે તે ઈન્દ્ર ક્યાંનો માગણ છે ? કેવા દરિદ્ર કે–ગુલામપણાનો માગણ છે ? તે વાત શાસ્ત્રકાર કહે છે કે–**'जैनधर्माधिवासितः'** જે કુળનો ઉપરી જૈન ધર્મથી બરાબર વાસિત હોય, આવા વિચારો–ભરોંસા, ઈન્દ્રો, દેવતા વગેરે આ કુળના રાખે, તેવા કુળમાં તમારા બચ્ચાં તમારા ભરોંસે અવતરે, પછી તમે તેવા જીવોને જૈનપણાના સંસ્કાર–જ્ઞાન ન આપો તો શું થાય ? શુદ્ધ દેવાદિનું જ્ઞાન સંસ્કાર એને ક્યાં મળવાના ? એ ન કરો ત્યાં સુધી તેણે મૂકેલો ભરોંસો તેને ભાંગનારા થયા કે નહિ ? ચક્રવર્તી, વાસુદેવપણાને લાત મારી તમારે ઘેર આવે જે સ્થિતિ હોય તેને તેણે કબૂલ કરી, તમારે ત્યાં આવ્યો તે કયા મુદ્દાએ ? જૈન ધર્મ પાળવાના મુદ્દાએ. હવે તે ધર્મનું જ્ઞાન આપવા તૈયાર ન થાવ, તો તમે તેનો ભરોંસો કેટલો સાચવ્યો ? તે વિશ્વાસ નભાવવા માટે બચ્ચાને ધાર્મિક કેળવણીમાં બરાબર તૈયાર કરવા જોઈએ. છોકરો ૭×૭ =૫૯ બોલે તો શું થાય ? તમારા હૃદયમાં કેટલો આઘાત લાગે ? ૧૦ ના ફરકમાં ચમકે તો 'ઓ ઈશ્વર! તું એક છે! સરજ્યો તેં

# દેશના—૧૩

## સમકિતિ આત્માની પરિણતિ ૨૪ કલાક નિર્મળ હોય.

શાસ્ત્રકાર મહારાજા કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રીમાન્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ કરતા થકા આગળ જણાવી ગયા કે—જેમ મનુષ્ય, મંદિર, ઉપાશ્રય, સામાયિક, પડિક્કમણનો ધર્મ ન ગણનારો હોય તેને સમકિત જ નથી. ધર્મ ન ગણનારો હોય એટલે શું ? અહીં ઉપાશ્રયમાં ગુરુ પાસેથી જે જ્ઞાન લીધું, તે પગથિયું ઉતરતાં ભૂલી જાય, તેવાને સમકિત નથી. ધર્મની પરિણતિ ચોવીશે કલાક રહે. **'सम्मतम्मि उ लद्धे'** સમ્યક્ત્વ થયું—સમ્યક્ત્વથી વાસિત થયો, તે વૈમાનિક સિવાય આઉખું બાંધે નહીં. તેના બે અપવાદ આ ચાલુ વિષયમાં ન હોવાથી અહીં આપણે જણાવતા નથી. વૈમાનિક આયુષ્ય ક્યારે ન બાંધે ? પૂર્વે બદ્ધાયુ હોય, અગર સમ્યક્ત્વ ખસી ગયું હોય. બીજી બધી પ્રકૃતિ દરેક સમયે બંધાનારી છે પણ ૧૫૮ પ્રકૃતિમાં આયુ: એક જ એવી પ્રકૃતિ છે કે—આખા ભવમાં એક જ વખત બંધાય, અને તે જ આગળના ભવમાં કામ લાગે. જીવની સત્તામાં ચારે ગતિનાં અને પાંચે શરીરનાં દળીયાં હોય,

---

સંસાર' તે સાંભળી ચમકયા ? પેલા વાકયમાં વીતરાગપણું નહિ, અને આ વાકયમાં કેમ ? શુદ્ધ દેવનાં દેવ ઉપર પાણી ફર્યું, ત્યાં કેમ ન ચમકયા ? ૧૦ નો ફરક પડે તો ન પાલવે, અહીં આખો ફરક પડે તેમાં કંઈ નથી! તેનું કારણ એ જ કે જૈન ધર્મની લાગણી નથી, માટે તે ખ્યાલ રાખી પુત્રોને જૈન ધર્મની લાગણીવાળા કરો.

પણ આયુષ્ય બાંધવા માટે એક સાથે બે ભવનાં દળીયાં ન હોય. વધારે જાતનાં દળીયાં ન હોય. આયુષ્ય એક જ ભવનું બંધાય. વૈમાનિકનું જ બાંધે. આપોઆપ આવી ગયું કે—સમ્યક્ત્વવાસિત થયો તે જીવ, બાંધે તો વૈમાનિકનું જ આયુષ્ય બાંધે. પહેલાં આયુષ્ય બાંધ્યું ન હોય. સમ્યક્ત્વથી ખસેલો ન હોય. વૈમાનિક શબ્દ એટલા માટે વાપર્યો કે—એનાથી હલકું આયુષ્ય ન બાંધે. સમ્યક્ત્વવાળો જીવ વૈમાનિકનું જ આયુષ્ય બાંધે.

## આયુષ્યનો બંધ ક્યારે પડે ?

આ નિર્ણય એક બાજુ રાખી બીજો વિચાર કરીએ. આયુબંધનો સમય નિર્ણય કર્યો ? શાસ્ત્રકારે અમુક કલાકે આયુષ્ય બાંધવાનું છે, તેવો નિર્ણય નથી કર્યો. 'તિથિ દિને બંધ હોય' તે પ્રાયિક વચન છે. તિથિ પણ ગીતાર્થની આચરણાએ આગમોક્ત અને આચરિત તિથિ સમજવાની છે. પ્રાયશ્ચિત અને અપ્રાયશ્ચિત સ્થાન પણ—સૂયગડાંગ, ઠાણાંગ, સમવાયાંગ, ભગવતીજી આદિ સૂત્રોના આધારે છે. પર્વતિથિ આદિએ પણ ધર્મનું પાલન ન કરે, થયેલ પાપનું પ્રાયશ્ચિત ન લ્યે તે જંગલી અનાર્યો કહેવાતા. અનાર્યો પણ રવિવારના દિવસોએ પોતાના ધંધા છોડીને તે દિવસે ધર્મ કરે છે. તે વાર ઉપર જવાવાળા છે. જેમકે—પાશ્ચાત્યોમાં રવિવાર, મુસલમાનોમાં શુક્રવાર, જ્યારે હિન્દુને બારે ભાગોળ મોકળી ! તે માટે કહે છે કે—આઠમ—ચૌદશ—પુનમ ને અમાવાસ્યા તે ચાર ખાસ તિથિઓ છે. એ છને ચાર પર્વો કેમ કહો છો ? તેનું કારણ એક જ કે—અહીં પુનમ, અમાવાસ્યા સ્વતંત્ર સંજ્ઞા છે, તેમ આઠમ—ચૌદશ એ સ્વતંત્ર સંજ્ઞા નથી, વદ—શુદની સંયુક્ત સંજ્ઞા છે. 'આજે સુદ આઠમ છે' એમ કોઈ કહેતું નથી. સુદની ૧૪ હોય

તો પણ ચઉદશ બોલો છો. તેમજ વદ પક્ષ હોય તો પણ 'આજે વદ આઠમ છે-વદ ૧૪ છે' એમ કોઇ કહેતું નથી. એટલે વદ હોય કે શુદ હોય, પરંતુ બંનેમાં પર્વપણું, અષ્ટમી અને ચૌદશપણું અંગે છે. તેથી 'અષ્ટમી' વ્યવહાર શુદ અને વદ બંને જગો પર એક સરખો છે. અમાવાસ્યાને દિવસે પૂર્ણિમા નથી બોલતા, તેથી પુનમ-અમાસ બંને જુદા કહેવાતા શબ્દો ઉપર પર્વપણું કેટલું રાખ્યું છે? એકેક દિવસનું. જ્યારે આઠમ, ચૌદશ બંને જુદા કહેવાતા શબ્દો ઉપર બબ્બે દિવસનું. આ વાત નહિ સમજનારા આરાધના ઉપર જાય છે, તો આરાધના તો તં ચાર-પર્વીમાં છ છે. વ્યવહારમાં તિથિ જુઓ ચાર જ છે. એ જ વ્યાખ્યા શ્રી હેમચંદ્ર મહારાજે યોગશાસ્ત્રમાં જણાવી છે કે શીત અને કૃષ્ણ ૮, ૧૪, ૧૫, ૦)) આ ચતુષ્પર્વી તેમાં શ્રાવક ચાર પ્રકારનો પૌષધ ન કરે તો પ્રાયશ્ચિત. અતિચારમાં પર્વદિવસે પૌષધ લીધો નહિં, બોલો છો તે અતિચાર. પર્વ દિવસે પૌષધ ન કરે તો અતિચાર. અતિચાર લાગે તેવા પર્વો કયા? આ શ્રાવકની અપેક્ષાએ ચતુષ્પર્વી નિયમ ૧૪, ૮, ૧૫, ૦)). ત્યારપછી ગીતાર્થ આચાર્યોએ દેખ્યું કે-આટલાથી ગૃહસ્થો આગળ વધી નહિં શકે. તેથી બીજ, પાંચમ આદિ તિથિઓ ગીતાર્થોએ આરાધના માટે જણાવી, એ ગીતાર્થ આચરિત. શાસ્ત્રોમાં કહેલ પૌષધ ન થાય તો પ્રાયશ્ચિત. ૨, ૫, ૧૧, આદિનો પૌષધ ન થાય તો પ્રાયશ્ચિત નહીં. પડવાદિકમાં અનિયમિત અને અષ્ટમ્યાદિકમાં નિયમિત પૌષધ, તેમ તત્ત્વાર્થ ભાષ્યમાં કહેલું છે. ત્રીજે દહાડે નિયમિત તિથિઓ આવે. આ આવવાથી આચારોપદેશ ગ્રંથમાં કહ્યું કે-શાસ્ત્રોક્ત અને ગીતાર્થોએ કહેલી તિથિઓ આચરવાથી આઉખાના ત્રીજા ભાગે બીજા ભવનું આયુષ્ય

બાંધે. તે ન બંધાયું તો તેના ત્રીજા ભાગ ૩, ૯, ૨૭, ૮૧માં ભાગે બંધાવાનો નિયમ. તે અહીં આવી જાય છે. તેથી પ્રાયઃ પર્વદિવસે આયુ બંધાય છે તેમ જણાવ્યું. મૂળ વાતમાં આવીએ 'પ્રાયે' કહ્યું તે તિથિના મેળની અપેક્ષાએ. પહેલી ઘડીએ કે બીજી ઘડીએ બાંધશે તેનો નિયમ નથી. પ્રાયઃ શબ્દના અર્થમાં વિચારીએ તો જૈનપંચાંગમાં તિથિઓનો ક્ષય માન્યો હોવાથી તિથિનો ક્ષય આવવાનો છે. લૌકિકમાં ક્ષય અને વૃદ્ધિ બંને આવવાના, તેથી તે પર્વતિથિએ આયુ બંધાવાનો નિયમ નહી રહેવાનો. વળી દિવસના અમુક ભાગે જ આયુષ્ય બાંધે તેવો પણ નિયમ નથી. પહેલે, બીજે, ત્રીજે, ચોથે કે ૫, ૬, ૭, ૮મે પહોરે આયુ બાંધે તેવો નિયમ નથી.

## સમકિતી આત્મા ક્યાં ઉપજે ?

મૂળ વિષયમાં આવો. 'પ્રાયઃ' શબ્દથી બે વાત નક્કી થઈ. અમુક તિથિએ જ કે દિવસે નહિ, પરંતુ ૨૪ કલાકમાંથી કોઈપણ ઘડીએ આયુ બાંધે તે સમકિતવાળો, અને તે વૈમાનિક સિવાય આયુ ન બાંધે. તે સાથે ત્રીજો નિયમ બાંધ્યો જે લેશ્યામાં આયુબંધ તેજ લેશ્યામાં કાળ કરીને ઉપજવાનું. સમકિતવાળાને ઓછામાં ઓછી તેજોલેશ્યા. તેજો-પદ્મ-શુક્લ તે ત્રણ શુભલેશ્યા. શુભલેશ્યા તો ઓછામાં ઓછી. જ્યોતિષને તેજોલેશ્યા છે, પણ સમકિતની પરિણતિમાં જ્યોતિષની પરિણતિ કામ ન લાગે તેથી સમકિતિ, જ્યોતિષનું આયુ ન બાંધે. વૈમાનિકની જે શુદ્ધિ તેજોલેશ્યા તે ૨૪ કલાક સમકિતિને રહેવી જોઈએ. એ નિયમ ન માનીએ તો ત્રણે વાતો ગબડી જાય. કોઈને મિથ્યાત્વી થવું ગમતું નથી. બધાને પોતાનો આત્મા સમકિતિ રહે એ જ ઈચ્છા. મિથ્યાત્વી ગણાવા કોઈ પણ તૈયાર નથી. ચોવીસ કલાક

શુભ એવી તેજોલેશ્યામાં રહેવા તૈયાર થયા ! ખાતા હો, વેપાર કરતા હો ત્યાં પણ તેજોલેશ્યા હોવી જ જોઇએ. આ તેજોલેશ્યા જ્યોતિષથી આગળના દેવનું આયુ બંધાય તેવી ચડતી તેજોલેશ્યા હોવી જોઇએ. સર્વને સમકિતી થવું ગમે છે, પણ સમકિતિની સ્થિતિ ધ્યાનમાં લો. ૨૪ કલાક સારા ભાવની તેજોલેશ્યા રહેવી જોઇએ. નહીંતર વૈમાનિકને લાયકના આઉખા લાયક, તેવી ચડતી તેજોલેશ્યામાં ૨૪ કલાક ક્યારે રહેવાય ? એકલા દહેરા, ઉપાશ્રયમાં જ શુભ પરિણામ રાખીએ, બીજે શુભ પરિણામ ન રાખીએ તો આપણે વૈમાનિકના આયુષ્યના શી રીતે હક્દાર ? 'નરક તિર્યંચગતિ દૂર નિવારી' એમ કહીએ; એટલે ત્યાં ચોકીદાર નથી બેસાડ્યો પણ સમ્યક્ત્વ પામ્યા પછી નરક, તિર્યંચનું આયુ ન બંધાય. સમકિતિ મનુષ્ય, વૈમાનિકનું આયુષ બાંધે પણ સમકિતિ વૈમાનિક, કોનું બાંધે ? નરકની ગતિ ન બંધાવાના માટે સમકિત ચોકીદાર. એ ચોકીદાર ચાર મીનિટ પાસે રહે ને પછી [illegible] થાય તો શું થવાનું ? આપણે ચોકીદાર ચાર મીનિટ જ રાખવો છે.

## ધર્મ ચોકીદાર.

એક શેઠ દુકાન પર બેઠા ત્યાં ચાઉસ (આરબ) ચાકરી માટે આવ્યો છે. શેઠે કહ્યું શું પગાર લઇશ ? ચાઉસે કહ્યું—પગારનું નક્કી કરું તે પહેલાં વાત સમજી લો કે—તમારો જાનમાલ જોખમમાં હોય તે વખતે મારી ચાકરી ન ગણવી. તેને અંગે હું જોખમદાર નહીં. ભલે પગાર ઓછો આપજો. વરઘોડામાં કુંતલના ઘોડા ચાલે પણ કુંતલના ઘોડા જેવા ચોકીદાર ન ચાલે. સ્વાર–બેઠક વગરનો ઘોડો વરઘોડામાં ચાલે, સૈન્યમાં તેવો સૈનિક ન નભાવી શકાય. તેમ અહીં તે ચાઉસ જેવા ચોકીદાર ચાલે ? એ વાત

કબૂલ કરતા હો તો તમે ધર્મ શા માટે કરો છો ? આર્ત્તરૌદ્રથી બચવા અને ધર્મ–શુક્લનાં પોષણ માટે ધર્મ કરો છો. હવે તમે નિયમ લો તે પહેલાં છૂટીના વખતે શરીરાદિ કુટુમ્બનાં કારણે, રોગાદિનાં કારણે, આર્ત્તરૌદ્ર ધ્યાનનો હલ્લો આવવાનો. તે વખતે કહી દો કે–'ધર્મ સાથે મારે લાગેવળગે નહીં.' તો ધર્મ ચોકીદાર કેવો પકડ્યો ? શેઠે તો પેલા ચોકીદારને વિદાય કર્યો. પણ તમે ધર્મ ચોકીદાર કેવો રાખ્યો ? જાનમાલના ભય વખતે ચોકીદાર નહીં. આપણે તો પહેલેથી ચોકી નક્કી કરીએ છીએ કે–મારા જાનમાલના ભય વખતે તારી ચોકી નહીં. આ કઇ દશાની સ્થિતિ ? આર્ત્તરૌદ્રનાં પોષણો ચાલતી વખતે ધર્મ, સામાયિક વિગેરે છે તે ઊંચાં મેલવાનાં ? ધર્મને પોષણ કરવાની વખતે ધર્મની ક્રિયાને છેટે મેલવાની ! ધર્મને ધર્મ–શુક્લ ધ્યાનનાં પોષણ માટે રાખીએ છીએ, પણ તેમાં પહેલેથી બોલી રાખીએ છીએ કે–ધર્મને આર્ત્તરૌદ્ર વખતે છૂટો રાખીએ છીએ.

## રજા અને રાજીનામું.

ફલાણો મરી ગયો ને કંઇ ન દેખાયું પણ મરતી વખતે શું હતું ? ચારે બાજુ વૈદ્ય, દાક્તર આ હતું. ઉઘાડી છાતીએ સામો થઇને ક્યો મર્યો ? ઉઘાડી છાતીએ મરનાર તો લાવો. એકે પણ રાજીનામું દઈ મરનારા નથી. રજા લઇને મરનારા છે. નોકરને ખાનગી માલમ પડે કે–રજા આપવાના છે, તો અક્કલવાળો હોય તો પહેલેથી રાજીનામું આપે. આ બધું છોડવાનું છે, આટલું જાણવા છતાં રાજીનામું દીધું ? જીવતાં બધું વોસિરે–વોસિરે કર્યું ? રજા આપી તેને કહેવાય કે–'હાથેથી ન છૂટે, પણ પરાણે ઘરમાંથી નીકળવું પડે.' રાજીનામું સામટું હોય, રજા કટકે કટકે હોય. ૨૪–૨૪ કલાકનાં પચ્ચક્ખાણ કરે તે રજા. ડીસ-

મીસ=નાલાયક થઈ કાઢે તે રજા. કેમ ? તો કે-મમતા રહી છે અર્થાત્ આપણે તો છોડવું નથી, પણ છુટી જાય તેમાં આપણો ઉપાય નથી. ઊભે પગે નીકળવા આપણે તૈયાર નથી. આડે પગે ખભે ઉપાડી કાઢે તેમાં તૈયાર છીએ ! શાથી ? ચોક્કસ જાણીએ છીએ કે-આ રજા દઈ દેવાનો છે. આરાધના કેવી રીતની થાય છે ? સમકિતિ ૨૪ કલાક ચાહે જેવી વેદના-દુ:ખ-પીડામાં તેજોલેશ્યાથી નીચે નહીં ઉતરે. હવે ચોથે ગુણઠાણે તેજોલેશ્યા જ ન જોઇએ, કારણ કે-શાસ્ત્રકાર તો છઠ્ઠા સુધી છ એ લેશ્યા હોય એમ કહે છે. **सम्मत्तंमि उ लद्धे**=સમ્યક્ત્વ પામ્યા પછી તો છ-એ ગુણસ્થાનકમાં છ લેશ્યા હોય. આ બે નિયમ પરસ્પર વિરુદ્ધતાવાળા છે. બંને નિયમ શાસ્ત્રીય પરસ્પર વિરુદ્ધતાવાળા છતાં તેનું સમાધાન છે. **અશુભ લેશ્યા આવી જાય તો પણ આયુષ્યના બંધનો કાળ છે, તેટલો કાળ તે લેશ્યા ટકે નહિ.** સર્વવિરતિવાળા પ્રમાદીને અશુભ લેશ્યા આવી જાય પણ ટકે નહીં. તેજો, પદ્મ ને શુકલ તે ત્રણ લેશ્યા ટકનારી છે. આત્મામાં મૂળ બાંધે તો તેજો, પદ્મ ને શુકલ એ ત્રણ લેશ્યા જ મૂળ બાંધે, હવે પદ્મ ને શુકલ તે તો મોટી વાત છે. ઓછામાં ઓછી તેજોલેશ્યાની શુભ પરિણતિ રહે તો આપણો આત્મા સમકિતિ છે. દેરા-ઉપાશ્રય-પૂજા-પ્રભાવનાની શુભ પરિણતિ રહે. ઉપાશ્રયનું પગથિયું ઉતરતાં મહારાજને શુભ પરિણતિ સોંપી જઇએ, તો ૨૪ કલાક શુભલેશ્યાવાળા ક્યાંથી રહીએ ? એ ન હોય તો સમકિતવાળા ક્યાંથી કહેવાઇએ ? આવી આત્માની શુદ્ધિ કરનારો તે મોહના મૂળને ખોદી નાંખે તેમાં નવાઈ શી ? અર્ધ પુદ્ગલપરાવર્ત્તમાં તે સંસાર કાપી જ નાંખે. મૂળમાંથી ઝાડ કાપી નાંખે, પછી વધારે વખત ન ટકે, તેમ જેણે મોહનું મૂળ

કાપી નાંખ્યું, તેવા જીવને વધારેમાં વધારે અર્ધ પુદ્ગલપરાવર્ત્ત કાળ કહ્યો, તે તો સામાન્યતયા અસંભવિત કાળ કહ્યો છે. તેટલો કાળ બધાને રખડવાનો હોતો નથી. એ તો ઘોરમાં ઘોર જગતમાં બધાં પાપો સમકિતમાંથી ચવી કર્યાં હોય તો તે અર્ધ પુદ્ગલપરાવર્ત્તથી વધારે ન રખડે.

જગતમાંના સર્વ ઘોર પાપો કરનારો કોઈક જ જીવ નીકળી આવે. તેવો પણ જીવ હોય તો પણ તેને અર્ધ પુદ્ગલથી વધારે કાળ સંસારમાં રખડવાનું ન હોય. દર્શન આરાધના જઘન્યથી કરે તો આઠ ભવમાં મોક્ષ. સમ્યક્ત્વની ઓછામાં ઓછી આરાધના કરનારો આઠ ભવમાં મોક્ષ પામે. પાપની તેવી આકરી વિરાધનામાં જે ન આવે, તે આઠ ભવમાં મોક્ષે જાય. અસંભવિત કોટી અર્ધ પુદ્ગલપરાવર્ત્ત જણાવી કે તેવો આત્મા, સમકિત મોહનો નાશ કરે. તેજોલેશ્યા ઓછામાં ઓછી રહેવી જ જોઇએ.

**પ્રશ્ન**—તેજોલેશ્યા, સ્વભાવે આવે કે લાવેલી આવે?

**જવાબ**—પોતાની પ્રવૃત્તિ અને વિચારો કરે તેને આધારે આવે. બધાંને સમકિતી થવું ગમે છે, પણ સમકિતી થવા ઈચ્છનારે ૨૪ કલાકની તેજોલેશ્યાથી ઓછી તેજોલેશ્યાવાળા આપણે ન હોવા જોઇએ, આ જ વાત ધ્યાનમાં રાખી ચાલવાનું છે. એ સમ્યક્ત્વનો પ્રભાવ સંસાર પાર ઉતારવાની છાપ. જ્ઞાનચારિત્રમાં છાપ નથી. જ્ઞાનમાં, ચારિત્રમાં અમુક સમયે મોક્ષે જવાનું જ, એ છાપ નહીં. સમ્યક્ત્વમાં એ છાપ કે અર્ધ પુદ્ગલમાં મોક્ષે જવાનું જ. સમ્યક્ત્વની ગેરહાજરીવાળા જ્ઞાનમાં, ચારિત્રમાં મોક્ષે જવાની એવી કોઈ છાપ નથી. સમ્યગ્દર્શનમાં છાપ કે—જરૂર તેનો મોક્ષ થવાનો. 'સમ્યક્ત્વવાળો જ માર્ગમાં. સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયો તે મોક્ષથી ભ્રષ્ટ થયો' એટલું બધું સમ્યક્ત્વ ઉપર જોર દેવાયું, તે સમ-

# દેશના—૧૪

[ આજે ૨૦૦૦ના કા. વ. ૧૧ સોમવારે પૂર્ણ ઠાઠથી વડા ચૌટાના સંઘે આચાર્યદેવનું સુંદર સ્વાગત કર્યું હતું અને પૂજ્યશ્રીએ કલ્યાણ પાર્શ્વનાથજીનાં દહેરાસરના ચોકમાં વિશાળ સુશોભિત તૈયાર કરેલા મંડપમાં વ્યાખ્યાન આપ્યું હતું તેનો ઉતારો. ]

## મૈત્ર્યાદિ ભાવ યુક્ત હોય તે જ ધર્મ.

**सूक्ष्मबुद्ध्या सदा ज्ञेयो०**'=શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન્ **શ્રી હરીભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકાર માટે** ધર્મોપદેશ કરતા થકા આગળ સૂચવી ગયા કે આ જગતમાં સર્વ આર્ય પ્રજા, ધર્મને પ્રાણ કરતાં પણ વહાલો ગણનારી છે. સર્વ આર્યપ્રજા, ધર્મને ચાહવાવાળી હોય તો પણ કરેલી ચાહના ફળિભુત ક્યારે થાય ? જ્યારે ચાહનાનાં યોગ્ય કારણો મેળવવામાં આવે ત્યારે જ ચાહના ફલિભૂત થાય છે. કોઇપણ આર્યે એ માન્યતા ધરાવી નથી કે—ચાહના માત્રથી કાર્ય થઈ જાય. સમગ્ર સામગ્રીને આધીન કાર્યદશા છે. લક્ષ્મીની ચાહના કરીએ પણ કારણો મેળવીએ તો જ લક્ષ્મી સિદ્ધ થાય, એટલા જ માટે નીતિ-

---

કિત કઇ સ્થિતિનું ? તેની દેરાસાં—ઉપાશ્રયમાં ૨૪ કલાક, ૬૦ ઘડી, આઠ પહોર શુભપરિણતિ રહેવી જોઇએ. રસ્તામાં ઉપયોગથી ચાલતાં છતાં ઠેસ વાગી જાય, તેવો અનુપયોગ હોય. તેવો જ અનુપયોગ કોઇ વખત અને કથંચિત આવી જાય. આવું સમકિત આભૂષણોથી શોભાવવાની જરૂર છે. તે કેવી રીતે શોભાવાય ? તે અગ્રે.

કારને એ કહેવું પડયું કે **नाकारणं भवेत् कार्यं** કારણ વગર કાર્ય થઈ શકતું નથી. એ વાત દરેકને માનવી પડે છે, તે સાથે બીજી વાત માનવાની જરૂર છે. '**नान्याकारणकारण**'' માટી કારણ પણ લુગડું બનાવવું હોય તો માટીથી ન બનાવી શકાય. ઘડો બનાવવો હોય ને તાંતણાનું ફીંડલું ઉપાડે તો શું વળે ? તાંતણા વસ્ત્રનું કારણ, નહીં કે ઘડાનું. અન્યનું કારણ તે કારણ ન ગણાય. જે વસ્તુની ચાહના કરી હોય તે જ વસ્તુનાં કારણો મેળવવાં જોઈએ. દરેક જણ ધર્મને કીંમતી ગણે છે, પણ ધર્મનાં કારણો કયા ? કે-જેને પ્રાપ્ત કરવાથી ધર્મની સિદ્ધિ થાય. મનોરથો માત્રથી ધર્મની સિદ્ધિ ન થાય, અન્ય કારણો કામ ન લાગે તેથી ધર્મનાં કારણો દરેક મેળવે છે. ધર્મની ઈચ્છાએ પ્રયત્ન કરે છે, તે પણ કારણ છે, તો દરેકને ધર્મની સિદ્ધિ કેમ નથી થતી ? અન્ય પણ કારણ તો ખરું જ, પણ તે અન્યનું કારણ બને નહીં. માટી વસ્ત્રનું કારણ ન બની શકે. એનાં ખુદનાં કારણો જોઈએ. ખુદનાં કારણો હોય તો જ કાર્યની સિદ્ધિ થાય. દૂધ શબ્દ વાપર્યો પણ થોરીયા-ખરસાણીનું દૂધ કહેવાય, તે દૂધ પોષક થશે ? જેમ થોરીયા-ખરસાણીનું દૂધ કહેવાય, પણ દૂધનું કાર્ય જે પોષકતા, તે બીજા દૂધથી ન થાય; તેમ ધર્મનાં સાચાં-ખરાં વાસ્તવિક કારણો મેળવવામાં આવે, તો જ ધર્મની સિદ્ધિ થાય. આ વાત સર્વમાન્ય છે. તેમાં વિવાદને સ્થાન નથી. આર્યપ્રજા પણ ધર્મની ઈચ્છાવાળી છે. તે વાતમાં વિવાદ નથી. એ વાત નક્કી કર કે-ધર્મનું ખરું કારણ કયું ? એ વિચારવાની દરેકને જરૂર છે. માટે **सूक्ष्मबुद्ध्या.** ધર્મને હંમેશાં સૂક્ષ્મબુદ્ધિથી જાણવો. નહીંતર બુદ્ધિ ધર્મની રહે પરંતુ ધર્મનો નાશ થાય. '**अन्यथा धर्मबुद्ध्यैव, तद्विघातः प्रसज्यते**। વાસ્તવિક કારણને-સાચા હેતુને અમલમાં ન મેલે તો

તે મનુષ્યમાં ધર્મની બુદ્ધિ છતાં ધર્મનો નાશ કરનાર થાય.

## બુદ્ધિ વગરનો પ્રત્યુપકાર.

એક જુવાન મનુષ્યે, કોઇ ઘરડો-લૂલો-લંગડો-બહેરો જતાં જતાં રસ્તામાં ખાડામાં પડી ગયો તેને સાચવીને બહાર કાઢ્યો. ડોસો હતો. માર્ગમાં મેલ્યો. વૃદ્ધે વિચાર કર્યો કે- મનુષ્યમાં સ્વાભાવિક રીતે એવી સ્થિતિ, કે-'હું આખા જગતનું ખાઉં, મારું ખાય તેનું નખોદ જાય.' પૃથ્વી, પાણી આદિ આપણને ઉપકાર કરે, આપણા તરફથી પૃથ્વી, પાણી આદિનો ક્યો ઉપકાર ? હાથી-ઘોડા વિગેરે મનુષ્યને ઉપકાર કરે છે, આપણે ક્યો તેના ઉપર ઉપકાર કરીએ છીએ ? મનુષ્યે મનુષ્યનો કરેલો ઉપકાર તો વાળવો જોઇએ; પૃથ્વી આદિનો શી રીતે ઉપકાર વાળવો ? મનુષ્યનો ઉપકાર પાછો વાળી શકાય છે, તો ડોસાએ વિચાર કર્યો કે-મારે પણ ઉપકાર પાછો વાળવો જોઇએ. આ જુવાન છે, તો તે મારા ભાગ્યયોગે લૂલો-લંગડો-બહેરો-ઘરડો થઈ અશક્ત થાય ને ૧૦૦ હાથના ઊંડા ખાડામાં પડે તો હું કાઢું ને તેનું કલ્યાણ કરું, તો ઉપકારનો બદલો વળી શકે ? ઉપકાર પાછો વાળવાની બુદ્ધિ છતાં ચિંતવન શાનું ? ચિંતવન અનર્થનું. કઇ બુદ્ધિથી કર્યું ? આંધળા બહેરા ડોસાએ ઉપકાર વાળવાની દૃષ્ટિ રાખી પણ શું ચિંતવ્યું ? પેલો જુવાન, આંધળો-બહેરો-લૂલો-લંગડો થાય અને કૂવામાં પડે તો ઉપકાર વાળી શકાય. આમ ડોસાને ઉપકાર વાળવાની બુદ્ધિ છે, છતાં ચિંતવન મહાજુલમવાળું છે. તેમ ધર્મની બુદ્ધિ છતાં ધર્મનાં કારણો સમજવામાં ન આવે તો ઉપકારબુદ્ધિ છતાં ધર્મનો નાશ થાય, તેથી જ ભગવાન્ હરિભદ્રસૂરિજીએ જણાવ્યું કે-ધર્મ કોને કહેવો ? તે માટે કહ્યું કે **मैत्र्यादिभावसंयुक्तं**

**अनुष्ठानं धर्मः** મૈત્રી આદિ ભાવવાળી પ્રવૃત્તિ—અનુષ્ઠાન તેનું નામ ધર્મ! તે કેવું હોવું જોઇએ? જેમાં પ્રથમ પહેલો પાયો હોવો જોઇએ. આખા જગતનું હિત કેમ કરું? ધર્મનો પ્રથમ પાયો કયો? આ વિચાર કે—આખા જગતનું હિત કેમ કરું? મારે હિત કરવામાં મિત્ર કે શત્રુ, સ્વજન કે પરજન ન હોય. સજ્જન દુર્જનનાં ભેદ વગર જગતમાં તમામ જીવોનું હિત કરું. તે વિચાર કર્યા છતાં હવે તેને આગળ શી રીતે વધારવો? એ માટે **प्रमोद**=ગુણની પૂજા. જેટલા જીવો ગુણી છે, ઉત્તમ છે તે બધાનો સેવક તેમાં મિત્ર, શત્રુ, સ્વજન, પરજનનો વિભાગ નહીં. સદ્‌ગુણી ઉત્તમ કલ્યાણના માર્ગમાં વધેલા તે બધા. તેમાંના મારા મિત્ર કે શત્રુ, સગા કે અસગા હોય, તેનો ભેદ ગુણની પૂજામાં નહીં. ગુણની પૂજા અસ્ખલિતપણે પ્રવર્તવી જોઇએ. ધર્મના ધોરી હોય તે સર્વનું સન્માન વંદન, સ્તુતિ કરવાં જોઇએ. તે બીજું કારણ. તે બે કર્યા છતાં જીવે પોતાની કોટીથી અધમ કોટીવાળા જીવો ઉપર ઉપકાર માટે તૈયાર રહેવું જોઇએ; નહીંતર જીવન મેળવી શું કર્યું? તે માટે **कारुण्यः** જાનવરો દૂધ આપવાદ્વારા, ભાર વહન કરવાદ્વારા ઉપકાર કરે છે. અરે! મર્યાદ્વારા ચામડા, દાંત, શીંગડા આદિ આપીને ઉપકાર કરે છે! તો મનુષ્યમાં? મનુષ્ય ધર્મિષ્ઠ થયા પછી ઉપકાર ન કરે તો સ્થિતિ શી? માટે મનુષ્યને જગતનાં દુઃખોનો નાશ કરવાની બુદ્ધિ હોવી જ જોઇએ. કેટલાકો ગુણવાનના સત્કારની બુદ્ધિ તેમજ દુઃખને નાશ કરવાની બુદ્ધિ આવી, છતાં અવળા હોય છે. તમે ફાયદા કર્યા, તે ગુણ માટે બતાવો પણ તેને અવગુણ થાય. તે વખતે આપણા લોકમાં પદ્ધતિ છે કે—ભલું કર્યું તો તે મેં કર્યું અને ભુંડું કર્યું તો તેના નસીબે કર્યું. ભલામાં

# દેશના-૧૫

## ધર્મની પરીક્ષા કરવા માટે ચાર કસોટીઓ.

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ, ધર્મોપદેશ કરતા થકા આગળ સૂચવી ગયા

---

પોતે, ભુંડામાં તેને માથે નાંખવામાં વાર નથી. તે ધર્મબુદ્ધિ નથી. એમાં એક સરખો હિસાબ હોય. જમે અને ઉધાર માટે ગણિત જુદું છે? જો તેમ નથી તો પરોપકારમાં સરવાળો જુદો થયો? સરવાળો એક સરખો ગણો, માટે **माध्यस्थः** પરોપકાર કરી શક્યા તો તે જીવનું નસીબ હતું તો પરોપકાર થઈ શક્યો એમ ગણો. શાહુકારીનું કામ તેજ કે-જેવો જમેનો તેવો જ ઉધારનો હિસાબ. જે મનુષ્ય એક જ ધારે કે-હું ઉપકાર કરું, તેના નશીબે ફાયદો થાય. ઉપકાર કે અનુપકાર થાય, તેમાં વિશેષ મધ્યસ્થપણું, આચારવિચારો ધર્મીજનને આખા જગતને અંગે હિતના, ગુણવાનને અંગે સત્કારના અને દુ:ખીનાં દુ:ખો નાશ કરવાના વિચારો હોય. કર્મનો તેના પ્રભાવનો વિચાર કરે તો કોઈના ઉપર રાગ દ્વેષ ન થાય. આવા વિચારો અનુષ્ઠાનને, ધર્મ કહેવાય. તે વિચારો જેની સાથે હોય તે ધર્મી કહેવાય. '**मैत्र्यादि.**' મૈત્રી-પ્રમોદ-કારુણ્ય-માધ્યસ્થ આ ચાર ભાવનાથી યુક્ત જે અનુષ્ઠાન તે ધર્મ કહેવાય. હવે તે ધર્મ બને કેવી રીતે? તેનાં કારણો ન જણાવો તો ધર્મ ન થઈ શકે. ભયંકર રોગ જણાવે એટલા માત્રથી નિરોગી ન થવાય. આવા વિચારો સાથેની પ્રવૃત્તિ સાથેનું અનુષ્ઠાન કેવી રીતે બને? તેના હેતુઓ ઉત્પન્ન થવાની રીતો બતાવશે તે અગ્રે--

કે—આર્યપ્રજાને ધર્મના અર્થીપણાનું જ્ઞાન ઉત્પન્ન કરવાનું રહેતું નથી. કારણ કે—તેને તો '**अप्रसिद्धमर्थं शास्त्रमर्थवत् भवति** ॥ અપ્રસિદ્ધ અર્થવાળું શાસ્ત્ર, અર્થની જેમ થાય છે, નીવડે છે. વ્યાખ્યાતા બોલે કે—સાંભળજો: '૫×૫=૨૫' તો કેવું ગણાય? જે વાત જાહેરમાં જણાતી હોય તેનો ઉપદેશ કરવાનો રહેતો નથી. શ્રોતામાં જાહેરમાં જે વાત જાણતા ન હોય તે વાત જણાવે તો જ શાસ્ત્ર સફળ ગણાય. શ્રોતાઓએ ન જાણેલી વાત જણાવે તો શાસ્ત્ર સફળ ગણાય. શાસ્ત્ર, સફળ ત્યારે જ ગણાય કે—નહિ જાણવામાં આવેલી વાતને જણાવે. તો જ શ્રોતાને અપૂર્વ જ્ઞાન થાય અને તેથી શાસ્ત્રની સફળતા થાય. તેવી રીતે અહીંઆં આર્યપ્રજાજન દરેક ધર્મનો અર્થી અને પાપથી ડરવાવાળો હોય અર્થાત્ જેમ જગતમાં આગળ એક વખત જણાવ્યું છે કે—એકથી અનેક આવે ત્યારે અનેક કરતાં એક કીંમતી હોય. એક આનાના ચાર પૈસા આવે ત્યારે આનાને કીંમતી માનવો પડે, તેમ અહીં આર્યપ્રજા સ્પષ્ટ તરીકે જાણે છે—માને છે—પ્રરૂપે છે કે—મનુષ્યપણું મળ્યું, તે ધર્મના પ્રભાવે. પાંચ ઇન્દ્રિયો. સંપૂર્ણ લાંબું જીવન, કીર્તિ, જશ, કુટુમ્બ, કાયા, વગેરે નિરોગી મળે તે બધું ધર્મના પ્રભાવે. આર્યપ્રજાજન, આ વાત માનનારો છે કે—ધર્મના પ્રભાવે મનુષ્યભવ, પાંચે ઇન્દ્રિયો સંપૂર્ણ, યાવત્ કુટુંબાદિક મળે છે, તો કીંમતી કોણ? એક વસ્તુથી નેક વસ્તુ મળે તો એક વસ્તુ કીંમતિ હોવી જોઇએ. ધર્મથી બધી વસ્તુઓ મળે તો નીતિ ખાતર પણ ધર્મને કીંમતી કહેવો, માનવો અને ગણવો જોઇએ; માટે ધર્મનું અર્થીપણું નવું ઉત્પન્ન કરવાનું નથી. ધર્મ કીંમતી હોવાથી ધર્મની પાછળ નકલીપણાનો દરોડો છે. દુનિયામાં કોઇ બનાવટી ધૂળ, લોઢું,

તાંબું કરવા બેસતું નથી. રૂપું, સોનું, મોતી, હીરા બનાવટી કરે છે? કેમ? ધૂળમાં કચરાની બનાવટ કેમ નહીં? કીંમત નથી, અર્થાત્ કીંમતી પદાર્થોની પાછળ જ નકલી પદાર્થોનો દરોડો. એ ઉપરથી સમજવાનું છે કે-જે મનુષ્યે કીંમતી પદાર્થ લેવા માટે કેડ બાંધી હોય તેણે નકલી પદાર્થથી બચવા માટે કેડ બાંધવી જ પડે. તેમ કેડ ન બાંધે તો પરિણામ શું આવે?

## ધર્મપરીક્ષામાં ભૂલ્યા તો ભવોભવ રખડયા.

શાક લેવા ગયા ને ભૂલ ખાધી તો એક ટંકનું ભોજન બગડે, લુગડા લેવામાં ભૂલ ખાધી તો એક ઋતુ બગડે. બાયડી લેવા ગયા ને ભૂલ ખાધી, તો ભવ બગડે. પણ ધર્મ લેવામાં ભૂલ ખાધી તો ભવોભવ બગડે. આપણે ધર્મના અર્થી થયા પણ જો ધર્મની ખોજમાં ભૂલ ખાધી, નકલી ધર્મથી ન બચ્યા તો ભવોભવનો બગાડો. આગળ જણાવી ગયા કે-કીંમતી ચીજ પાછળ જ નકલીનો દરોડો, ઈમીટેશન થયાં તેથી ઝવેરાતનો ધંધો છોડી નથી દીધો. 'ઝગડામાં આપણે ન પડીએ, વિરોધ દેખાય તો પડવું જ નહીં' તો હીરાની જોડે પોખરાજનું વિરોધપણું છે, તેથી શું ઝવેરીએ ઝવેરીપણું છોડી દેવું? બનાવટી હીરા, મોતી, ચાંદી નીકળ્યા તો વેપાર છોડી દેવાનો? તેમ ધર્મના ભેદો દેખી 'કોઈ ધર્મ કંઈ કહે છે અને કોઈ ધર્મ કંઈ કહે છે, માટે આપણે ધર્મની પંચાતમાં ઉતરવું જ નહીં એનો અર્થ શો! એક જ કલચર ઈમીટેશન દેખી ઝવેરીપણું છોડી દેવું કે-વધારે સાવચેત થવું? પરીક્ષા કરવા માટે તૈયાર થવું જોઈએ. પરીક્ષા કરી સાચું ગ્રહણ કરવા તૈયાર થવું જોઈએ. લગીર સીધી દૃષ્ટિએ વિચારો કે-તમારી નજરે તમને ધર્મનું કીંમતીપણું ખ્યાલમાં આવશે! જે માલની ઘરાકી વધારે થાય

તેની નકલો વધારે થાય. ખોટા ટ્રેડમાર્ક કરીને પણ બનાવટી માલની વધારે નકલો નીકળે. નકલી વસ્તુઓમાં 'ત્રણ–ચાર–પાંચ–૭ આનામાં' ૧૬ આનાનો માલ મળે છે, તેવું લાગવા માટે આથી જેની કીંમત વધારે તેને અંગે નકલીપણાનો ફેરોડા પડે. ધર્મના ભેદો જોઈને–ફાંટા જોઇને અક્કલવાનને એ વિચાર કરવાનો કે–ધર્મ બહુ કીંમતી છે, કે જેને અંગે આટલી બધી બનાવટો ઉત્પન્ન થઈ છે. અક્કલવાન્ પુરુષ, બનાવટ વધારે દેખીને તો મૂળની કિંમત વધારે સમજે, પણ બનાવટ બહુ દેખીને માલ લેવો છોડી ન દે. તેમ વધારે ધર્મના ભેદો દેખી ધર્મીજન કંટાળે નહિ. કંટાળે તો તે કેવો ગણાય ? જેણે અક્કલ ઘરેણે મૂકી હોય, બુદ્ધિનું બારદાન પકડી રાખ્યું હોય, ખાંડની ગુણ હોય, તેમાંથી ખાંડ નીકળી ગઈ હોય, ને બારદાન–ગુણી રહી ગઇ હોય, તેમ બુદ્ધિ ખસી જઇ જેઓ બુદ્ધિના બારદાન રહ્યા હોય તેજ આમ બોલે કે–આપણે રગડાઝગડા ન જોઈએ. ત્યારે તેને શું કરવું પડે ? ધર્મની પરીક્ષામાં ઉતરવું પડે. ધર્મના ઘણા ભેદો છે. જેઓ કર્મને હેતુ તરીકે માને છે, તેઓ માને છે કે–મનુષ્યની બુદ્ધિ–વિકૃતિઓ જુદી જુદી છે. તેથી લોકો ધર્મના નામે ફસાઈ જાય, તેમાં નવાઇ નથી.

**પરમેશ્વર જગત બનાવનાર નથી પણ બતાવનાર છે.**

હવે જે વાત કહું છું, તે મધ્યસ્થ રીતિએ લેવાની છે. જૈન અને અજૈનમાં ફરક હોય તો માત્ર 'ત' અને 'ન' નોજ ફરક છે. જૈનો પરમેશ્વરને માને છે. પરમેશ્વરને ન માને તો દેશ, તીર્થો, જપ રહેજ નહીં. પણ કેવા પરમેશ્વરને માને છે ? સ્વર્ગ-નરક–પૂણ્ય–પાપ–સદ્‌ગતિ–દુર્ગતિનું સ્વરૂપ **બતાવનાર** તરીકે માને છે, અજૈનો **બનાવનાર** તરીકે પરમેશ્વરને માને છે.

સ્વર્ગ, નરક, પૂણ્ય, પાપ, સદ્ગતિ, દુર્ગતિ કોણે બનાવી? તો કે પરમેશ્વરે. જૈન અને અજૈન વચ્ચે ફરક ત અને ન નો. 'ન'વાળા આખી જોખમદારી પરમેશ્વરને માથે નાખે છે. શિક્ષકો વિદ્યાર્થીને અભ્યાસ કરાવે. સજ્જન, દુર્જન, શાહુકારી, દેવાળીયું, નાગરિક, નીતિ, અનીતિ કોને અને કેમ કહેવાય? તેની રીત-ફાયદા-નુકશાન વગેરે શિક્ષક સમજાવે. તેમાં શિક્ષક તમારી જિંદગીનાં-વર્ત્તનનાં જોખમદાર નહીં, તેની જવાબદારી શિક્ષકને માથે નહીં. પછી તમને ઇષ્ટ લાગે તે રસ્તે જાવ. અને તેની જવાબદારી તમારે જ માથે. તમે સારા કે ખોટા રસ્તે જાવ તેની જવાબદારી શિક્ષકને માથે નહીં. તેનું કામ અસન્માર્ગના દુર્ગુણો અને સન્માર્ગના સદ્ગુણો સમજાવવા તે જ. તે જ તેની ફરજ. તેમ પરમેશ્વર, આમ કરવાથી પાપ થાય. આમ કરવાથી પૂણ્ય થશે-આમ કરવાથી સંસારમાં રખડવું પડશે-આમ કરવાથી મોક્ષ મળી જશે-એમ બતાવે. પણ જોખમદારી અને જવાબદારી તો તમારે જ માથે. સૂર્ય ખાડાને ખાડા રૂપે, કાંકરા-કાંટાને તે રૂપે બતાવશે. ખાડામાં પડતાં સૂર્ય હાથ પકડતો નથી. તેમ જૈનોની માન્યતા પ્રમાણે પરમેશ્વર તીર્થંકર દેવો, માત્ર ધર્મ બતાવે. રીખવદેવજીની પહેલાં હિંસા કરે તો પાપ થતું ન હતું એમ ન માનવું. તેઓ થયા પછી 'પાપ લાગે.' તેમ નવું બતાવ્યું નથી; પણ હિંસાદિકથી પાપ લાગે તે વાત અનાદિથી છે, તેથી કોઈપણ વખતે પાપથી વિરમવાથી ધર્મ થાય છે. આ કરાય તેમાં પાપ, આ કરાય તેમાં ધર્મ થાય, એમ તીર્થંકરદેવે પ્રથમ બતાવ્યું. ધર્મ કયે રસ્તે થાય? તે દુનિયાને માલૂમ ન હતું. તે તીર્થંકર દેવોએ બતાવ્યું. કાયદામાં તો 'હું જાણતો ન હતો' એમ કહી છૂટી જવાય છે.

ક્યારે ? કાયદો પ્રસિદ્ધ ન કરાય તો. કાયદો કરનાર ખાત્રીવાળો છે, પાળનાર નહીં. જેટલી જગો પર કાયદાની હકુમત ચાલવાની હોય, તેટલી જગો પર તે કાયદો, ભરોસાવાળા માણસ પાસે જાહેર કરે. તે કાયદા પર ત્રણે જગતમાં રીખવદેવજી ભગવાનની છાપ લાગે. અજ્ઞાનીને આગે કાયદાનું કંઇ નહીંને ? જેની ઉપર કાયદાનો અમલ કરવાનો છે તેની જાણ ન કરે અને સત્તાનો અમલ કરે તો તેવી સત્તાને કેવી ગણવી ? પંખીમાં, જાનવરમાં એક જાતનાં પંખી વૈશાખ–જેઠમાં બોલે કે–'ટકે વીધું ટકે વીધું.' પરંતુ રાજા જાહેર કરે કે–'ટકે વીધું.' તો લોકો, જમીન લઇ લે, અને ખેડીને પાક તૈયાર કરે. પંખીઓ 'પકડી લાવ ટીપું, પકડી લાવ ટીપું' બોલે, ને ખેડુત પાણી પાઇને પાક તૈયાર કરે. કાયદો જાહેર ન કરું, અને તમે આવ્યા એટલે ધારી રાખેલ કાયદાના ભંગ કરનાર તરીકે ગુનેગાર કરી દઉં તે ન્યાય ન ગણાય. ભગવાન રીખવદેવજીએ 'સત્ય બોલવાથી ધર્મ થાય છે, અને જૂઠથી પાપ થાય છે' એવો પોતે કાયદો કર્યો હોય તો, આખા જગતમાં તે કાયદો જાહેર થએલો હોવો જોઇએ. પરમેશ્વરને કાયદો જણાવવા માટે જોખમદારી નથી. બનાવવા માટે જોખમદારી છે. કર્મની કુટિલ નીતિમાં બધું સમાય છે. ધર્મનાં નામે ધૂતવાનું બનવું, કર્મની કુટિલ નીતિમાં બની શકે છે, સુરચંદભાઈ, બતાવ્યા પછી ખોટી હુંડી જાણે, પણ સાથે તેનાં જ્ઞાન પ્રમાણે આ માણસ ખોટી હુંડી બતાવી મારા નામનો કથનનો દુરુપયોગ કરવાનો છે, એમ જાણે તે વખતે સુરચંદભાઇથી મૌન બેસી ન શકાય. ધર્મના ફાંટા થયા, ધર્મને નામે અધર્મ ફેલાવાયા તે ધર્મના બનાવનારથી કેમ સહન થયું ? સરકારી સત્તાની જેમ ઇશ્વરને ધર્મ બનાવનાર તરીકે માનીએ તો

ઈશ્વર સર્વત્ર સત્તાવાળો હોય. તેની સત્તામાં અધર્મ માનીને અધર્મ કરે તે અક્ષમ્ય છે, તો ધર્મ માની અધર્મ કરે તે કેટલો અક્ષમ્ય ગણાય ? ધર્મ, પરમેશ્વરનાં નામની મીલકત કહીએ તો ચાલે. ફક્ત તેનાં નામનો દુરુપયોગ કરી દુનિયા દોડી રહી છે. કેટલાક નાસ્તિક વાદીઓ કહે છે કે-'પરમેશ્વર બનાવનાર.' તો આજની સત્તા ગુનેગારને સજા કરે તે ગુનેગારના ટોળા વચ્ચે સજા કરે છે, બળવાખોરોને સજા કરાય છે તેમાં પણ બળવો જાગ્યો હોય ત્યાં મુખ્ય મથકે સજા કરાય છે; તેમ ઈશ્વરથી સત્તાથી ચોરી કરે કે તરત હાથ કપાઈ જાય, જૂઠું બોલવા સાથે બોબડો બની જાય, રંડીબાજી કરવા સાથે નપુંસક બની જાય, હિંસા કરવા સાથે તેનો પ્રાણ જાય. પણ અહીં તો મરી જાય ઓણ અને આંસુ આવે પોરની જેમ અધર્મ અહીં કરે, ને સજા ત્યાં ! ગુનો કરે ત્યાં સજા નહીં. જગતકર્તાને તો ગુનાનાં સ્થાનમાં જ સજા કરવી જોઈએ, તો જ ગુના રોકાય.

આ વાત તમને કર્મવાદમાં કેમ નહીં આવે ? દુનિયામાં જુઓ, રેંટમાં શું હોય ? પહેલાનાં ભરેલા ઠલવાય, નીચે નવા ભરાય તેમ કર્મમાં પહેલાં બાંધેલાં કર્મો અહીં ભોગવાય અને નવા કર્મો બંધાય, એટલે તો આગળ જ ભોગવવાનું રહે. કર્મનું જોર છે. એકને બચપણમાં ઢીંચણમાં વાગ્યું, સજ્જડ વાગ્યું, દવા કરી આરામ ન થયો. ઘડપણની અવસ્થા થઈ ત્યાં કળે. અહીં કળે છે કેમ ? તમને બાળપણમાં અહીં વાગ્યું હતું ! ઘડપણમાં તે સાલ્યું. વચમાં કંઈ શિયાળા આવ્યા, તે વખતે કેમ ન સાલ્યું ? દુબળા થયા એટલે પાછું માર્યું એમ નહીં. જુવાનીમાં ખૂનમાં જોર હતું. જુવાનીની વખતે જોમ હોવાથી કળતર ન થયું. ઘડપણમાં જોમ ઘટી ગયું એટલે કળતર થયું.

તેમ પહેલા ભવમાં બાંધેલાં કર્મનું જોમ હોય તે ભોગવવાનું પ્રાબલ્ય હોય ત્યાં વર્તમાનમાં કર્મનું પ્રાબલ્ય ક્યાંથી હોય? પહેલાંના કર્મનું જોર જ્યાં સુધી તૂટ્યું ન હોય, જે આયુષ્ય બાંધ્યું તે પૂરું ન ભોગવાય ત્યાં સુધી અંદર નરકનું આયુ ગતિ બાંધ્યા છતાં જોર ન કરી શકે. કળતર જોર કરી શકતું નથી. પહેલાં ભવોનાં કર્મોના જોરને ભોગવવાના પ્રસંગને લીધે નવા કર્મને ભોગવવાનો વખત ન આવે, તેથી નવાં કર્મોને ભોગવવાનો પ્રસંગ પછી જ આવે. જગતમાં કુધર્મ ચાલે છે તેની જોખમદારી બનાવનારને માથે છે, શા માટે કુધર્મો ચાલવા ફેલાવા દીધા! બનાવનારને બધી સત્તા છે. ઈશ્વરને માત્ર માસ્તર તરીકે માનનારા તે કુધર્મનાં પ્રવર્ત્તનને રોકી શકતા નથી.

## ગુરુ ગંડીયા ક્યા જાને?

જે અધર્મ–કુધર્મ ફેલાવે તે પરમેશ્વરના નામેજ ફેલાવે છે, શા માટે? 'ગુરુ ગંડીયા ક્યા જાને?' એમ કોઈ ન કહી શકે. બાવાજી ચેલાને ભણાવે છે '**रामोऽब्रवीत्**' બાવાજી શુંચ-વાયો કે આનો અર્થ શો કરવો? ચેલાજી! અબ પુસ્તક બાંધ. એવામાં અર્થ યાદ આવ્યો. અરે બેઠ જા. અર્થ મગજમેં આ ગયા. વાક્ય બોલો. રામો, બાવાજીનું કાયમનું બોલવું '**राम**, '**ब्रवी**' સો તો સાલી સીતા, '**त्**' વહ તો ખોડીયા હનુમાન. સબ મિલકે અર્થ–'ટાંગ તૂટ ગઈ હૈ' લોકો કહે–યહ અર્થ, કીસ હિસાબસે શીખે? ચેલાજી કહે–ગુરુજીને શીખાયા! લોકો કહે–'ગુરુ ગંડીયા ક્યા જાને?' તેમ પરમેશ્વરને નામે અધર્મને ફેલાવે તો પોતાને લોકો, તેવા કહી દે. અમારા ગુરુ જૂઠા, હમારા ગુરુ અવળા ચાલેલા, તેમ **ડીંડીમ** પીટાવે, તેવા આગળ રસ્તોજ નહીં. જેઓ જગતમાં ધર્મને નામે કુધર્મ પ્રવર્તાવે

છે, તેઓમાં એક પણ 'ભગવાન ક્યા જાને ?' તેવો હોતો નથી. બાપદાદાના કૂવામાં 'ડૂબી મરવું ?' બાપદાદાએ કૂવો ખોદ્યો, એ વાક્યનો અર્થ શો ? કોઇના બાપદાદા બચ્ચાંને ડૂબી મરવા કૂવો ખોદે ? માબાપ એવી ચીજ છે કે-તેનો પલટો ન થાય. પિતા એ પિતા. જનેતા બીજો થવાનો નથી, ખોળે જાવ પણ જનેતા બીજો નહીં થાય. જનયિત્રી બીજી નહીં થાય. માબાપ અપરાવર્તનીય. દેવગુરુની માન્યતા લોકોને પરાવર્તનવાળી ચીજ ભલે હોય; પરંતુ જગતના સ્વભાવથી અપરાવર્તનીય ચીજ છે. પછી 'ગુરુના કૂવામાં ડૂબી મરવું?' તેવી વાતો કરે તેને કેવા ગણવા ? આ તો કૂવો ખોદનારા પોતે 'અમારે ડૂબી મરવું ?' તેમ બોલે છે ! અને તે વિચાર વગર મોંમાં જેમ આવે તેમ લવ્યા કરે છે. કોઇપણ ધર્મવાળો, ભલે કુધર્મ, અનીતિમય હોય છતાં ભગવાન શું જાણે ? શું સમજે ? તેમ કહેનારો ન હોય. બધા ધર્મવાળા પોતાના ધર્મને માનતા ચલાવતા ફેલાવતા મથાળે શું રાખે ? જેમ ચોપડામાં 'જ———અને ઉ———' હોય તેમ દરેક ધર્મવાળા પોતાનો ધર્મ, અધર્મ—અન્યાય—અનીતિવાળો હોય તોપણ મથાળે—'ભગવાન ભલું કરશે, ભગવાનનું આમ કહેવું છે.' આમ લખશે, અને એટલા પૂરતો એ બતાવનારા પક્ષે બેસશે, પણ બનાવનારના પક્ષમાંથી મુક્ત ક્યાંથી થશે ? જેમ અભ્યાસ કરીને પાસ થઇને સ્કૂલમાંથી નીકળેલો વિદ્યાર્થી પોતાનાં કૃત્યો માટે પોતેજ જોખમદાર જવાબદાર છે, તેમ પરમેશ્વરના ઉપદેશને સમજનારો પોતાના વર્તન માટે પોતેજ જવાબદાર ને જોખમદાર છે. ધર્મને અંગે સાચા ધર્મને લેવા માટે, માનવા માટે જોખમદારી કોને શીર? ધર્મ કરનારને શીર. પરમેશ્વરને શિક્ષક કે સૂર્ય તરીકે માનીએ

તો જવાબદારી જોખમદારી ધર્મને કરનાર ઉપર રહેલી છે. આર્ય-પ્રજા ધર્મને કીંમતી ગણનારી છે પણ કીંમતી વસ્તુ પાછળ ફરેડા પડે છે. ધર્મ કીંમતી હોવાથી ખોટા ધર્મના ફરેડા હોય છે, તેથી ધર્મની પરીક્ષા કરવાની જરૂર છે.

## ધર્મની પરીક્ષા કેવી રીતે કરવી ?

હવે તેની પરીક્ષા કયા દ્વારાએ ? રૂપીયાનો પારેખ પથરો, તેની ઉપર ખખડાવ્યો એટલે રૂપીઓ કે કલાઇ છે તે ખબર પડે. પથરો પક્ષપાત ન કરે. પથરો તો સાચો હોય તો સાચાપણું, ખોટો હોય તો ખોટાપણું દેખાડી દે. ધ્યાન રાખજ્યો પથરો પણ કળદારનો પરીક્ષક ક્યારે ગણાયો ? પથરો પણ પક્ષકાર નથી તો પરીક્ષક ગણાય છે. તેમ દુનિયામાં પણ પરીક્ષક પક્ષકાર ન હોવો જોઇએ. પક્ષકાર બની પરીક્ષક બને તો પથરા કરતાં પણ નપાવટ ગણાય. કોઇ પ્રતિ રાગદ્વેષ નહીં તેજ પરીક્ષક બને. પથરો પણ રાગદ્વેષ હોય તો પરીક્ષક ન બને. માણસ રાગદ્વેષવાળો હોય તો પરીક્ષક ન બની શકે. કસોટી ઉપર ચોકસી પીતળ ઘસે તો કસ ન આવે. મૂર્ખો સોનું ઘસે તો કસ આવે. કેમ ? પત્થરને 'દેવદત્ત–યજ્ઞદત્ત' નથી જોવા, સાચું ને ખોટું બેજ જોવું છે. કસોટીને અગ્નિમાં ધીકાવીને ચંદનથી પૂજીને મેલો તો પણ સોનાનોજ કસ આપશે. પીત્તળનો કસ નહીં આપે. પરીક્ષા માટે વ્યક્તિદ્વેષ, વ્યક્તિરાગ કામ લાગે નહીં ને પરીક્ષકપણું રહેજ નહીં. તેમ ધર્મની પરીક્ષામાં કઈ કસોટી ? ત્યારે શાસ્ત્રકારો કહે છે કે–તારા હાથમાંજ કસોટી છે. દારૂડીયો કલાલની દુકાને ગયો. અરે ! દારૂની વાનગી આપ. દુકાનદાર હસવા લાગ્યો. દારૂડીયો ચિડાયો. કલાલે દેખ્યું કે–બેસશે. પેલો કહે કે–વાનગી શામાં દેવાય ? જે ચીજ કોથળે

બાંધેલી હોય તેની વાનગી ન હોય. કાછીયાને ત્યાં શાકની વાનગી નથી માગતા કેમ ? ખુલ્લી જાહેર પડેલી છે. જાહેરની વાનગી ન હોય. જો મારે ત્યાં પીઇને આ કોઈ દસ ડગલા ઉપર ડસ થઇને પડેલો છે, તો કોઈ ૨૦–૩૦–૪૦–૧૦૦ ડગલા પર પડેલો છે આ દારૂ પીઇને પડેલા જોઇ લે. જેમ આ જાહેર છે, તેમ ધર્મની પરીક્ષા પ્રત્યક્ષ અને જાહેર છે. મને પૂછવાની જરૂર નથી. તે વખતે મન એવું થાય કે–જગતમાં કોઇનું પણ અહિત કરનારો ન થઉં, ને હિત કરનારો જ થઉં. આમાં વ્યક્તિરાગ કે દ્વેષની ગંધ નથી. એવું મન થવું તે આ ધર્મની **પ્રથમ કસોટી.** એ પ્રકારનું મન થયું હોય તો સમજવું કે–ધર્મ અહીં છે. એ બીજી પરીક્ષા. જગતમા જે જે આત્મ-કલ્યાણ સાધનારા તેમાં આગળ વધનારા તે બધાની સેવા કરનારો હું થઉં, ચાહે મિત્ર કે શત્રુ હોય, સ્વ કે પરજન હોય. જે કોઈ મોક્ષમાર્ગના સાધક આત્મકલ્યાણ કરનારા, પોષનારા, વધનારા તે બધાંની સેવા કરનારો થઉં. પત્થર ક્યારે પરીક્ષક બન્યો ? તમારું મન પણ કયારે ખરા ધર્મનું પરીક્ષક બને ? ખરા ધર્મમાં પ્રવર્તવાવાળું બને ? કલ્યાણ સાધનારાની સેવામાં લીન રહું એમ મન થાય ત્યારે તે **બીજી પરીક્ષા.** દરેક જૈનીઓને ધ્યાનમાં છે કે–તીર્થંકર ભગવાન મુખ્યતાએ દેવ-લોકથી ચવી માતાની કૂખમાં આવી રહે, તે વખતે ભાષા કે તેની પર્યાપ્તિ કે યોગ ન હોય, મન કે તેની પર્યાપ્તિ કે યોગ ન હોય, કાયા પણ ઠેકાણા વગરની હોય, તે વખતેય ૬૪ ઇન્દ્રોનાં આસન ચલાયમાન થાય ! ૬૪ ઇન્દ્રો સિંહાસનથી ઉતરી પડે અને એકી કાળે એક સરખી રીતે નમુત્થુણં કહીને સ્તુતિ કરે, તે ક્યા જોરે ? શરીરના જોરે ? શરીર વચન

મનપર્યાપ્તિ નથી, તો પછી કોના જોરે ? એક જ જોર. કયું ? અનેક ભવોમાં જીવન જગતના હિત માટે અર્પણ કર્યું, તેનો પ્રભાવ—**भावितभावो भवेष्वनेकेषु०**

## કોઈના પણ હિતમાં આડો ન આવું તે ઉપર ચંડપ્રદ્યોતનું દૃષ્ટાંત.

તમામ માલ—મીલ્કત—કુટુમ્બ—જીવનથી નિઃસ્પૃહ થઈ જીવનનો ત્યાગ કર્યો. આવી રીતનો ત્યાગ, જીવોનું હિત જ થાય, એ કલ્પનાએ એને અંગે અનેક જીવનોમાં પોતાનું જીવન વેરી નાખ્યું—સમર્પિત કરી દીધું ! જે પરજીવોના હિતને અર્થે દેશ, ગામ, કુટુમ્બ, રિદ્ધિ, ત્યાગ, યાવત્ શરીરસ્પૃહાનો પણ ત્યાગ કર્યો; તે કેટલા બધા ઉચ્ચ કોટીના ? ગર્ભમાં આવે કે તરત ૬૪ ઇન્દ્રોનાં આસનો ડોલાયમાન થાય છે અને નીચે ઉતરી શક્રસ્તવ ભણે છે તે શાનો પ્રભાવ ? જગતના હિત—ચિંતવનનો પ્રભાવ. આપણાં મનની પરીક્ષા કરવી હોય તો પહેલી હિત-ચિંતવનદ્વારા પરીક્ષા કરો કે તું આખા જગતનાં જીવનું હિત કરવા તૈયાર થયો છે ? જગતના જીવોનું હિત કરવાની વાતો નક્કી થાય તો ચાહે શત્રુ હોય તો પણ તેનું અહિત ન જ કરવું, એ નક્કી કરવું. તેને હિતની પ્રાપ્તિમાં જ સહાયક બનું, આડો ન આવું. આ પહેલી પરીક્ષા કેવી કપરી છે ? અહીં એક દ્રષ્ટાંત આપું છું.—કોસંબી નગરીમાં શતાનિક રાજા છે. રાણી મૃગા-વતી છે. અદ્‌ભૂત રૂપવંતી છે. જેનું રૂપ સાંભળી માલવાધિપતિ ચંડપ્રદ્યોત રાજા વિહ્વલ બન્યો. લાજ છોડી મૃગાવતી રાણીની માગણી કરી ! 'વહુ' કે 'મા'નાં માગણાં ન હોય. બેન બેટીનાં હોય. લાજ—મર્યાદા છોડી માંગણી કરી. ૧૮ દેશના માલીકને રાણી મોકલાવવા કહેવડાવે છે. કહેણ કેવું છે ? જેનો ઉત્તર 'ના'માં જ

આવવાનો છે. શતાનિકે કહેવડાવ્યું કે–'રાજા થયો તે નીતિ અનીતિને ન જાણે ?' પણ ઘુવડ દિવસે આંધળા, કેટલાક રાતાંધ રાત્રે ન દેખે, પણ એક એવા હોય કે રાત કે દિવસે કશામાં ન દેખે, કામાંધ-રાત ને દિવસે પણ ન દેખે ! તેમ ચંડ–પ્રદ્યોતન કામાંધ થએલો છે. બસ કહેવડાવ્યું કે–તું ના કહે છે ? મારી ઇચ્છા ને તું ના પાડનારો કોણ ? મિત્ર અને તાબેદાર રાજાઓને ભેગા કર્યા. દુનિયામાં જ્યાં પક્ષ આવ્યો ત્યાં ન્યાય અન્યાય નહીં જોતાં પક્ષગીરી જ જોવાય છે. સામાન્યે કરી જનતામાં અને વિશેષે કરી રાજામાં અન્યાય ને ન્યાય માનવામાં પણ વાંધો આવતો નથી ! ૧૪ની લડાઈમાં ખૂનીના પક્ષકાર બન્યા હતા. ઓસ્ટ્રેલીયાના શાહજાદાના ખૂનમાં લડાઇ થઇ, તેમાં ઓસ્ટ્રેલીયાના રાજાને ન્યાય આપવાના પક્ષમાં જ સહુએ ઊભા રહેવું ઘટે: પણ આધીનતા હોય, બંધનો હોય, ત્યાં ન્યાયાન્યાયને અવકાશ નથી. તેમ ચંડપ્રદ્યોતને પારકી રાણી પડાવી લેવા તૈયારી કરી તે વખતે આધીન રાજાઓને સાથે લડાઇ કરવા નીકળવું પડયું. ૧૪ મુગટબદ્ધ રાજાએ સાથે વત્સદેશમાં લડવા આવવું પડયું. મગજમાં વિચારો ! કઇ સ્થિતિ ? અન્યાયનો રાફડો ફાટવામાં કંઈ બાકી રહે છે ? ચડ્યા વત્સદેશે આવ્યા. શતાનિકમાં તેઓની સામે લડી લ્યે તેટલી તાકાત હતી નહીં. ભય લાગ્યો. અતિસાર થયો. રાતોરાત શતાનિક કાળ કરી ગયો. હવે મૃગાવતી, મહારાજા ચેડાની પુત્રી, સતીમાં શિરોમણી, તેણીએ દેખ્યું કે–મારો માલિક ગયો. આવા હુમલા વખતે રાણી નિરાધાર છે. લૌકિક નીતિમાં કહેવાય છે કે–'તેઓ ખરેખર મૂર્ખા છે, પરાભવ પામવા સરજાએલા છે.' કોણ ? સામો પ્રપંચ કરે તેનો પ્રપંચ જેઓ પ્રપંચથી તોડી નાખે નહિ તે

પ્રપંચીનો પ્રપંચ, પ્રપંચથી તોડી ન નાખે તો તે છાતી જ ખુવે, તેમ નીતિકાર કહે છે; ધર્મ નથી કહેતો. બીજાએ કરેલા પ્રપંચો, પ્રપંચોથી તોડી ન નાંખે તો પોતાનાં જીવનને તોડી નાંખે, તે વચન મૃગાવતીને લેવું પડ્યું. નિરાધાર મૃગાવતીએ દૂત મારફત ચંડપ્રદ્યોતનને કહેવડાવ્યું. સ્વામી ગયા હવે તમારો જ આધાર છે. ચંડપ્રદ્યોતનને થયું કે–વગર યુદ્ધે જોઇતું સામું આવી મળી ગયું ! સંતોષ થયો. પછી બીજો દૂત મોકલ્યો કે–' કુંવર, બાલક રાજા છે, તેનાં રક્ષણના વિચારમાં પડી છે. ' તમને રક્ષણનો વિચાર સૂઝે છે? હવે ચંડપ્રદ્યોતનની છાતીમાં કેટલો સંતોષ થાય ! તેણે મૃગાવતીને કહેવડાવ્યું કે–' ફીકર કરો નહિ, હું બેઠો છું.' મૃગાવતીએ કહેવડાવ્યું કે–" પણ તમે ઉજ્જેણીમાં, હું કૌસંબી. આ સ્થિતિમાં મારી નગરીનું શું થાય ? માટે ( ૧ ) કિલ્લો કરો, ( ૨ ) કોઠાર ભરો ને ( ૩ ) કોષ ( ભંડાર ) ભરપૂર કરો. ૧૪ મુગટબદ્ધ રાજા વિરુદ્ધ થઇ આવે તો પણ ન પડે તેવો કોટ, તેટલું અનાજ, તેટલો ખજાનો ભરો. " ત્રણે માગણી ચંડપ્રદ્યોતને પૂર્ણ કરી. ઉજ્જેણીની ઇંટો મંગાવી કોટ કર્યો. ત્યાંથી માલ મંગાવી કોઠાર ભરાવી દીધો અને ખજાનો પણ ભરી દીધો. હવે બધું રક્ષણ તૈયાર થઈ ગયું. હવે મૃગાવતી ચંડપ્રદ્યોતનને દૂતદ્વારા કહે છે કે–' હવે ઉજ્જૈન પધારો, મને કંઇપણ કારણ હશે તો જણાવીશ. ' ચંડપ્રદ્યોતને મૃગાવતીના કોટ, કોઠાર, કોષ કર્યા–ત્રણે તૈયાર કર્યા તે ઉજ્જૈન પાછા સીધાવવા માટે નથી કર્યા. મૃગાવતીને લઇ જવા માટે કર્યા અને ભર્યા હતા. હવે આવો સંદેશ આવ્યો એટલે ચંડપ્રદ્યોતનને શું થાય ? મૃગાવતીએ નાક

કાપ્યું તો કાપ્યું પણ કાપીને હાથમાં આપ્યું. તેને થયું કે-શાંડ જાતે મને ઠગ્યો. ૧૪ રાજાની સમક્ષ એને આંગણે ઠગ્યો. હવે અંદરના દ્વેષનો પાર રહે ખરો ? માલ લીધો, મતા લીધી, અંતે તાળી આપી દીધી. કહો કેટલી દાઝ ચડે ? ઠગાઈમાં કેટલી બાકી રહી ? આ સ્થિતિમાં ચંડપ્રદ્યોતન પાછો જાય તો દુનિયામાં કેટલો ફીટકાર ? કેમ મૃગાવતીને લઈ આવ્યાને ? શેરીનું છીનાળું શેરીવાળા જાણે, પણ આ તો દેશોદેશનું છીનાળું ! જેટલી જગો પર જાહેરાત તેટલી જગો પર નાકકટ્ટી. ચંડપ્રદ્યોતને ચારે બાજુ ઘેરો ઘાલ્યો. મૃગાવતીને જુએ તે વખતે શું થાય ? એવામાં મહાવીર ભગવાન ત્યાં સમોસર્યા. મૃગાવતીને ખબર મળ્યા. દરવાજા ખોલ્યા ને મૃગાવતીજી સપરિવાર બહાર નીકળ્યા. ચંડપ્રદ્યોતનને વાત પહોંચાડી કે-મૃગાવતી સમોસરણમાં જાય છે. ચંડપ્રદ્યોતન પણ શ્રાવક રાજા છે, તેથી વિચારે છે કે-'અત્યારે તો મૃગાવતી આત્માનું હિત કરવા જાય છે, તેમાં આડા ન પડાય.' નાક કાપીને હાથમાં આપ્યું છે, તેવી તે મૃગાવતીને દેખતાં છતાં તેને અડકાયું નહીં. ચંડપ્રદ્યોતન પણ સાંભળવા સમોસરણમાં આવ્યો. મૃગાવતીને તો દેશના સાંભળી દીક્ષા લેવી છે. દેશના સાંભળ્યા બાદ મૃગાવતીએ ઊભા થઈ પ્રભુને કહ્યું-ભગવાન ! આ ચંડપ્રદ્યોતનની રજા માગું છું. મારે દીક્ષા લેવી છે, હું ચંડપ્રદ્યોતનની રજા માગું છું. વિચારો, આ સાંભળીને હવે ચંડપ્રદ્યોતનના મનમાં શી સ્થિતિ હશે ? કેવો પ્રેમ-દ્વેષ ? કેવી સ્થિતિ ? છતાં વિચાર આવ્યો કે-દીક્ષા લેતાં કેમ રોકાય ? તેનું હિત થતું હોય તેમાં આડા ન અવાય. તેણે ત્યાં ને ત્યાં મૃગાવતીને રજા આપી. મૃગા-

# દેશના—૧૬

જાહેર વ્યાખ્યાનઃ સાહિત્યનું સાધ્ય

[ ૨૦૦૦. ફા. વ. ૧૨. જાહેર વ્યાખ્યાન.
વીફુલવાડી, નાણાવટ, સૂરત. ]

**मज्जत्यज्ञः किलाज्ञाने, वीष्टायामिव शूकरः ।**
**ज्ञानी निमज्जति ज्ञाने, मराल इव मानसे ॥**

વતીએ દીક્ષા લીધી. બીજાનું હિત થતું હોય તેમાં સામેલ થવું, બીજાનું અહિત થાય તેમાં ભાગ ન લેવો, એવું તમારા મનમાં થાય છે! આ કામાંધપણું હતું. જેણીને માટે ૧૪ દેશોની લજ્જા છોડી આ બધું કર્યું છે, તે પલટી ગઈ! તે વખતે દ્વેષમાં પણ બાકી નથી. તેવા વખતે તે રાજાનાં દિલમાં તેણીના હિતનો પ્રસંગ આવ્યો! તે વખતે તેને વિષયાદિ કશાનો સંબંધ રહ્યો નથી! આમ તમારો આત્મા ધર્મમાં ગયો છે કે નહિ? તેની પરીક્ષા મનની કસોટીએ કરી શકો છો. ગુણવાનનાં ચરણકમળની રજ બનાય એટલે ધર્મ. એ મૃગાવતીને નમીને ચંડપ્રદ્યોતન ગયો. ગુણવાન થઈ ત્યાં હાથ જોડ્યા.

મોક્ષમાર્ગે ચાલનારો હોય તેવાની સેવા કરવા અને કોઈપણ જીવના દુઃખને ટાળવા માટે તૈયાર થાય ત્યારે **ત્રીજી કસોટી.** રાગદ્વેષનો પ્રસંગ આવે ત્યારે તે વખતે મૌન રહું--ઉપેક્ષા કરું ત્યારે **ચોથી કસોટી.** આમ ચાર કસોટીએ પસાર થયેલું ચિત્ત તેવી ક્રિયા તે ધર્મ. હવે તે શાથી? વિરોધ વગરનાં શાસ્ત્રવચનો દ્વારા એમ અવિરુદ્ધ કહ્યા પ્રમાણે પ્રવર્ત્તતી ભાવના, તે યુક્ત ધર્મ તેજ ધર્મ કહેવાય.

## સાહિત્ય શબ્દની વ્યાખ્યા.

મહાનુભાવો ! આજનો વિષય '**સાહિત્યનું સાધ્ય શું ?**' એ રાખ્યો છે. સ્હેજે સમજાશે કે-સાધ્ય શી શી ચીજ છે તે ન સમજાય, સાહિત્ય અને સાધ્યનું સ્વરૂપ ન સમજાય ત્યાંસુધી સાહિત્યનું સાધ્ય શું એ વિષય આપણે સમજી શકીએ નહીં, માટે સાહિત્યનું સ્વરૂપ-સાધ્યનું સ્વરૂપ સમજી પછી સાહિત્યનું સાધ્ય સમજવાની જરૂર રહે. સાહિત્ય શબ્દ પ્રચલિત થયો છે. સાહિત્ય શબ્દથી સાક્ષરવર્ગ અજાણ્યો નથી, પણ જેવી રીતે સાહિત્ય શબ્દ, સાક્ષર માત્રમાં પ્રસિદ્ધ છે, તેવી રીતે સાહિત્યનો અર્થ તે તે-વ્યુત્પત્તિ ઘણા થોડા સાક્ષરોના ધ્યાનમાં હોય છે. '**સાહિત્ય**' શબ્દ સંસ્કૃત કઇ રીતે બન્યો ? વ્યાકરણનો ખ્યાલ હશે. સંધાન કરે તેનું નામ '**સંહિત**' જેવો શબ્દ બને તેવો જ વ્યાકરણના નિયમે-સૂત્રના નિયમે તે શબ્દમાંના સમ્‌નો **મ્** ઊડી જાય, તેથી '**સાહિત્ય**' બની શકે; અને સહિત=રચના તેનો ભાવ તે **સાહિત્ય.** રચના દરેક મતવાળા કરે છે. જેને શાસ્ત્ર કહીએ છીએ. **शास्त्रं दर्शनं कश्चित्**' કોઇપણ મત શાસ્ત્ર વગર હોતો નથી. નાસ્તિકો-દેવ ગુરુ ધર્મને ન માનતા હોય, તેઓને પણ શાસ્ત્રો પોતાના મતનાં કહેલાં માનવા જ પડે છે, અર્થાત્ નાસ્તિકો પણ શાસ્ત્રથી દૂર નથી. શાસ્ત્રથી વિમુખ રહી કોઇપણ દર્શન-મત-ધર્મ ઉત્પન્ન થઇ શકતો નથી, ચાલતો નથી, વધતો નથી. દરેક મતમાં, દર્શનમાં, ધર્મમાં શાસ્ત્રને સ્થાન આપવામાં આવેલું છે. શાસ્ત્રને દરેક દર્શનવાળા માને છે. **શાસ્ત્ર એ જ સાહિત્ય.** સાહિત્ય એ નામ એટલા માટે આપેલું છે, કે શાસ્ત્રોનાં નામો જુદા જુદા છે.

કોઈકે આગમ, કોઈકે પુરાણ, વેદ, કુરાન, બાઈબલ ગ્રંથ સંજ્ઞા આપી. દરેક મતવાળાઓએ પોતપોતાના શાસ્ત્રોની રૂઢિથી જુદી સંજ્ઞા આપી. સાહિત્ય શબ્દ દરેક મતને લાગુ પડનારો છે. કોઈપણ શાસ્ત્ર, રચના કર્યા વગર થતું નથી. વિદ્વાનોને જે વિવક્ષા રાખી હોય તે પ્રગટ કરવા માટે જે શબ્દો બોલવા પડે, તેની રચના કરવી પડે તે **શાસ્ત્રસંધાન** પૂર્વાપર=ભાવોનું સંધાન કરવું. વિવક્ષિત શબ્દોને ગોઠવી તેનું સાધન, તેનો હેતુ તેનું નામ સાહિત્ય. તે પછી આસ્તિક–નાસ્તિક, હિન્દુ–મુસલમાનના મતને પોષણ કરનારું હોય, ચાહે તે ધર્મનું પોષણ કરનાર હોય, તે બધાનો સમાવેશ સાહિત્ય શબ્દમાં દાખલ થાય છે. તમામ રચનાઓનો જેમાં સમાવેશ કરીએ તે સાહિત્ય, આગમથી જૈનોના શાસ્ત્રોની રચના આવે તેવી જ રીતે વેદાંતિકો આદિથી વેદ, બાઈબલ, કુરાન આવે. સાહિત્ય શબ્દ એવો કે જેમાં બધાનો સમાવેશ થાય. કોઈપણ શાસ્ત્ર છૂટું પડી શકે તેમ નથી.

તે અપેક્ષાએ વિચારીએ તો એક વાત ધ્યાનમાં રાખવાની છે કે–દરેક સાક્ષરવર્ગે સાહિત્યના રસિક થવાની જરુર છે. સ્વસિદ્ધાંતને જાણનાર થાય તો જ સર્વ સિદ્ધાંતના જાણનાર થઈ શકે. પોતાને સુંદર લાગે તે ગ્રહણ કરી શકે. છોડવાનું ને ગ્રહણ કરવાનું ક્યારે બને ? પદાર્થ જાણે, છોડવા લાયક સમજે, ને છાંડે. આદરવા લાયક સમજે ને આદરે. આ જ કારણથી પ્રવૃત્તિ ને નિવૃત્તિ કરતાં જ્ઞાનની વ્યાપકતા માની છે, જાણ્યા વગરની પ્રવૃત્તિને નિવૃત્તિ, એ ઘેલીનું પેરણું છે. પહેરે ત્યારે સાત પહેરે, નહીંતર ઉઘાડી ફરે. કેટલીક વખત સાત શુભ પ્રવૃત્તિ થાય, કેટલીક વખત એકે

શુભ પ્રવૃતિ ન થાય. જાણ્યા વગર પ્રવૃત્તિ કરનાર ક્યાં પ્રવૃત્તિ-નિવૃત્તિ કરે, તેનો પત્તો નથી: માટે પ્રવૃત્તિ કરનાર, નિવૃત્તિ કરનાર બન્નેને જાણવાની જરુર રહે છે. તે માટે શાસ્ત્ર કહે છે કે '**जं तं पि सिखियव्वं**' જે તે પણ શીખવું જોઇએ. શીખેલું નકામું ન જાય. અપઠિત-અજ્ઞાની શું કરવાનો ? આંધળો એ માત્ર આંખે આંધળો, પણ અજ્ઞાન, એ બધી ઇન્દ્રિયોથી જાણનાર છતાં આત્માર્થી આંધળો છે. અજ્ઞાની સર્વથી આંધળો. એ ફળને મેળવી શકે નહીં, ફળ જાણી શકે નહીં. સાહિત્ય વહાલું ન ગણતો હોય તે મનુષ્ય, હિતની પ્રવૃત્તિ-અહિતની નિવૃત્તિ માટે તૈયાર થઇ શકે નહીં: માટે જે તે પણ શીખવું તે ઉપર દ્રષ્ટાંત આપે છે—

## યવર્ષિની કથા.

એક રાજા જબરજસ્ત બળ-કળવાળો છે. અનેક ધારણાવાળો છે. અક્કલનેજ અવકાશ છે, તે કરતાં સંપત્તિને ઘણો અવકાશ છે. મોટા મોટા રાજ્યોને સંપત્તિની લાલચો આપી દબાવી શકીએ છીએ-ફોડી શકીએ છીએ. યોદ્ધા સેનાપતિઓને ફોડી શકીએ છીએ. જ્યારે અક્કલ એ દુનિયાને દેખાડવાની ચીજ છે. વૈજ્ઞાનિકો, ઉદ્યમીઓ બધા સંપત્તિ આગળ પાણી ભરે છે. ઇતિહાસના ખ્યાલવાળા જાણતા હશે કે-૧૪ની લડાઇમાં વૈજ્ઞાનિકોએ-ઉદ્યમીએ કે સંપત્તિએ વિજય મેળવ્યો ? આ વાત રાજાના ખ્યાલમાં હોવાથી એ ચાલ્યો ગયો. એને એમ થયું કે-કેવળ સંપત્તિ જેમ બને તેમ મેળવવી, સત્તા જમાવવી. રાજાને કોઇક વખત વિચાર થયો કે-સત્તા ચલાવીએ છીએ પણ જે સત્તામાં દખલગીરીનો ઉપાય ન હોય-દખલગીરી ન ચાલી શકે, તે સત્તાની કિંમત શી ? સારી પ્રજામાં

કોઇકને કોઈ ધોલ મારે તો તેને કેદ કરું, પણ મારી પ્રજામાં કોઇ મરી જાય તેનો ઉપાય નહીં. કોઇ કોઈનો એક દાંત પાડે તો કેદ કરું, પણ અવસ્થાથી ૩૨ દાંત પડી જાય તેનો ઉપાય નહીં. આખા અવયવો સડી જાય, ભાંગી જાય તેમાં મારો કંઇ ઉપાય નહીં. યાવત્ મારી પ્રજામાં કોઈ વધ કરે તેને ફાંસી દઉં અને મારી પ્રજાના સેંકડો મરે તે જોયા કરું. તેનો અર્થ શો ? ધોલમાં સજા કરું, એક દાંતમાં સજા કરું, એકને મારે તેને સજા કરું. તે જગો પર કોઇ રિબાય, કોઇને કોઈ રિબાવે તેના પર મારું જોર નહીં. બધા દાંત પાડી નાખે, સેંકડો પ્રજાજનોને મારી નાખે, તે ઉપર મારું જોર નહી; તો હું રાજા શાનો ?

દુનીયાની દૃષ્ટિએ ન્યાયથી કે અન્યાયથી, બીજી સત્તાની દખલગીરીઓ સત્તાધીશોથી સહન થાય નહીં. બીજાની દખલગીરી ન્યાયની કે અન્યાયની હોય પરંતુ તેને સહન કરી જેઓ ચલાવી લે, ઉપેક્ષા કરે તેઓ સત્તા ચલાવવાને લાયક નથી. આવી સ્થિતિ છે તો જે દેશમાં પ્રજા ઉપર સત્તા ચલાવું તેમાં દખલગીરી કરનાર કોણ ? આ કર્મસત્તા માનવામાં આવી છે. તે કર્મસત્તા દરેક આશ્રમને અંગે દખલગીરી કરે છે. દખલગીરી કોઇ સત્તાથી રોકી શકાતી નથી. તેવી દખલગીરી કરનાર સત્તા કામની શી ? માટે મારે આ ન જોઇએ. આવા વિચારથી તે રાજા, રાજ્ય છોડી ત્યાગી થયો: પણ પેલું મગજનું ભુંસું હજુ એમ ને એમ છે, કે–અક્કલ ઉપયોગી ચીજ નથી. સત્તા ને સંપત્તિ સિવાય દુનિયામાં બીજું ઉપયોગી નથી, એ મગજનું ભુંસું ભુંસાયું નહી. પાપકર્મને તોડવા સંયમમાં કેટલાય વર્ષો ગયા. ગુરુએ દેખ્યું કે–હજુ આ સત્તામાં

મગરુર છે. તેને કહેવું શું ? સત્તાના મદમાં ચઢેલો એ મનુષ્ય શું સાંભળે ? તેને અભ્યાસમાં જોડવો. ગુરુમહારાજ જ્ઞાની હતા. તેઓએ એકદા તે રાજર્ષિને કહ્યું કે-"જુઓ તમે જેની સત્તા તોડવા માટે નીકળ્યા છો, તેની સત્તા તમે એકલા તોડો ને ફરજંદો-તમારા બાળકો ન તોડે, તેમાં તમને જશ કે અપજશ ? માટે તમારા રાજ્યમાં જાવ. તમારા ફરજંદો, સંબંધીઓ છે તેમને પણ કર્મની સત્તા તોડવા માટે તૈયાર કરો. લાકડું હોવા છતાં ચંદનનું લાકડું નજીકવાળાને સુગંધ આપે. છેટેવાળાને ભલે ન આપે. નજીકના સગાને કર્મસત્તા તોડવા પ્રયત્ન કરાવો." ગુરુનો હુકમ થયો. રાજર્ષિએ વિચાર્યું કે-ત્યાં જઉં, પણ સમજાવવું શી રીતે ? સત્તા અને સંપત્તિ જમાવટમાં કામ લાગે; પણ સમજાવટમાં કામ ન લાગે. સત્તા દબાવવામાં કામ લાગે, સંપત્તિ ફોડવામાં કામ લાગે, પણ સમજાવટમાં કામ ન લાગે. હવે હું ત્યાં જઈને શું કરીશ ? છતાં ગુરુનો હુકમ, તેથી જઉં છું. હું અત્યારે સત્તાવાળો અને સંપત્તિવાળો નથી, તેમ સમજાવટમાં ય મારું કામ નહીં. એ ચિંતામાં તે પોતાના મૂળ નગરે જાય છે. માર્ગમાં કોઈ એક ગામ કુંભારને ઘેર ઉતર્યા છે. તેને ઘેર નાના ઉંદરડાઓ છે. દરમાંથી નીકળી અહિંથી તહિં દોડાદોડ કરે ને કુંભારને જોઈ દરમાં પેસી જાય.

**सुकुमालकोमलभद्दलया तुम्हे रत्तिहिंडणसीलणया ।**
**अम्हे पसाओ नत्थि ते भयं दीहपिट्ठाओ तुम्ह भयं ॥**

સુકોમળ ઉંદરની જાત, તેમાં ય નાના ઉંદરો એટલે કોમળતા વધારે. ભદ્રિકતા વધારે. આ સ્થિતિમાં જાતિના સંસ્કારને લીધે રાતે દર છોડી આમ તેમ ફરવાની ટેવવાળા ઉંદરનું જોર રાતેજ, પરંતુ કુંભાર તે બચ્ચાંને કહે છે કે-'હું તને

મારવાવાળો નથી. મારાથી તને ભય નથી; પરંતુ આ વેરાન જેવું ઘર છે, તેમાંથી જો સાપ-નાગ નીકળ્યો તો તેનાથી તને નુકશાન થશે, માટે દરમાં પેસી જા.' કુંભાર આટલો સમજુ! શાથી ? સાહિત્યશોખીન તેથી ગાથા કહે છે. રાજર્ષિ વિચારે છે કે-કુંભાર આટલી રચના કરે ને હું કંઇ ન જાણું ! એ જ ગાથા મોઢે કરી. ત્યાંથી આગળ ચાલ્યા. ખેતર આવ્યું. ખેતરમાં જવ વાવેલા છે. બરાબર ઉગેલા છે. એટલે ગધેડાની જાત તે ખેતરને આમતેમ જુએ છે. તે જોઇ ખેડૂત બોલ્યો. **'ओहावसि पेहावसि ममं चेव निरिक्खसि ॥ लक्खिओ ते अभिप्पाओ जवं भक्खेसि गद्दहा ॥** કહે છે કે-'આમનો જાય છે તેમનો જાય છે, પણ તારો વિચાર જાણ્યો; તું આ જવને અંગે લાગણીવાળો થયો છે.' આ સાંભળીને રાજર્ષિને થયું કે-ખેડૂત આટલી રચના કરવાવાળો! સાહિત્યનો શોખીન કુંભાર! એ પદ્ય પણ રાજર્ષિએ મોઢે કર્યું. કુંભાર અને ખેડૂત આવા શોખીન! રાજર્ષિ આગળ ચાલ્યા. છોકરા મોયદાંડીએ રમી રહ્યા છે. ત્યાં મોય ઉછળી ખાડામાં પડી કે કૂવામાં પડી! છોકરા ચારે બાજુ દોડી વળ્યા; પણ ક્યાંઇથી ન મળી એટલે **'अओ गया तओ गया,' न इज्जन्ति न दीसइ । अम्हे न दिट्ठा तुम्हे न दिट्ठा 'अगडे छुढा अणोलिया.'** આમ ગાથાઓ ગોખતા ગોખતા છોકરાઓ ગામમાં ગયા. રાજર્ષિએ તે ગાથા પણ સાંભળી અને મોઢે કરી! હવે અહિં શું બન્યું ? એ રાજાનું નામ છે **યવર્ષિ.** સત્તા સંપત્તિના મદવાળો છે, રાજઋષિ (મુનિ) થયો છે તે યવર્ષિ છે, એના છોકરાનું નામ ગર્દભિલ્લ, પ્રધાનનું નામ દીર્ઘપૃષ્ઠ, છોકરીનું નામ અણોલિકા. દીક્ષા લીધી ત્યારે કુમાર ગર્દભિલ્લ નાનો હોવાથી કુમારને સંભાળવાનું

કામ તે યવરાજાએ **દીર્ઘપૃષ્ટને** ભળાવેલ. હવે રાજાએ દીક્ષા લીધી એટલે પાછળથી પ્રધાને પ્રપંચ કરીને વિચાર્યું કે, કુંવરને મારું, અને કુંવરી અણોલિકાને મારા છોકરા સાથે પરણાવી મારા છોકરાને રાજગાદીએ બેસાડું. યવરાજાના ઘર-જમાઈ તરીકે છોકરાને જ રાજગાદીએ બેસાડું. આ વિચારથી પ્રધાને અણોલિકાને ઉપાડી પોતાનાં ઘર નીચેનાં ભોંયરામાં છૂપાવી દીધી. હવે પેલો ગર્દભિલ્લ કુંવરે (રાજા) પોતાની તે બ્હેનની ચારે બાજુ તપાસ કરવા છતાં તેનો પત્તો ન આવ્યો.

## પ્રધાનનો પ્રપંચ.

તેવામાં ગુરુની આજ્ઞા પામી વિહાર કરતા તે યવ=રાજર્ષિ ત્યાં આવે છે, તે વાત સાંભળી પ્રધાને વિચાર્યું કે–રાજા જ્ઞાની થયાં છે. રાજા મારા પ્રપંચની હકીકત જણાવ્યા વગર રહેશે નહીં. જવર્ષિ વાત ફોડશે તો મારું મોત થશે. કર્મચારીઓ પોતાનાં રક્ષણ માટે શંકાશીલ હોય. ચોવીશે કલાક મન ડંખેલું જ રહે. તેનાં અંતઃકરણમાં શાંતિનું સ્થાન ન હોય. હવે શું? આવનાર બાપ છે, હેરાન થનાર કુંવર છે, પ્રશ્ન છોકરીનો કરશે હવે તેમાં આડું શી રીતે થવાય? પૂછશો નહીં, એમ કુંવરને કહેવાય નહીં. કર્મચારીઓ કુટીલતામાં એટલા વધેલા હોય કે જ્યાં કાંકરો હોય ત્યાં વહાણ ચલાવે. પેલા પ્રધાને ગર્દભિલ્લને ભરમાવ્યો. મહારાજા આપનું લૂણ ખાધું છે ને ખાઉં છું. આપનો વાળ વાંકો થાય તો મારો પ્રાણ જાય. એટલે આપના હિત માટે, આપ આપત્તિમાં ન આવી પડો તે માટે એક વાત કહું. આપના બાપ મુનિ અહીં આવે છે, તે ત્યાગીપણું પાળી શક્યા નથી. રાજ્યની ઇચ્છા થઇ છે. સત્તાના મોહથી પાછા આવે છે. તે સત્તા લેશે, એટલે દરબારી મંડળ તમારું નહીં

રહે. ધ્યાન દેશો કે—આવતા યવર્ષિમાં ત્યાગના તિરસ્કારને, સત્તાના લોભને સ્થાન નથી; છતાં કુટીલ કર્મચારીએ તે ત્યાગીને માટે એવું ચોકઠું ગોઠવ્યું, કે—"આવે છે તે સત્તા માટે તૈયાર થશે, તો રાજ્યમંડળ તેના પક્ષમાં જશે, તો તમારી ભૂંડી વલે થશે. તેથી મારું કાળજું કંપે છે." અહીં દાનત શી છે ? ગર્દભીલે દેખ્યું કે—આમ બને કે ન બને. કુંવરે સીધું જણાવ્યું કે—"મારું સેવકપણું, એમનું સેવ્યપણું આ જીવન સ્થિર રહ્યું છે; ને રહેશે એ સત્તાને ન લેતા હોય તો હું અર્પણ કરું છું. હું એની સેવા માટે જિંદગીભર તૈયાર છું." હવે કર્મચારીના કાંટા બુઠ્ઠા થયા. તેવામાં તે ગામે રાજર્ષિ આવ્યા. કુમાર વિચારે છે કે—પિતા રાજર્ષિ આવ્યા છે. જ્ઞાની થયા હશે. એટલે મારી બેનનું શું ? એ વગેરે તેને પૂછી નિર્ણય કરીશ. ગુપ્તચર્યાએ તપાસવા તો દે કે—જ્ઞાની થઈ આવ્યા છે કે સત્તા લેવા આવ્યા છે ? ઋષિ ઉતર્યા હતા તે ઘરના બારણા પાછળ રાત્રે કુંવર ગુપ્તચર્યાએ ઉભો રહ્યો. હવે ત્યાં જવર્ષિનાં મનમાં એ કે સવારે છોકરો ઠાઠથી આવશે તેને ઉપદેશમાં શું કહીશ ? મને તો કાંઈ આવડતું નથી, માટે ત્રણ ગાથાઓ મળી છે તેને પકડી રાખું. ગર્દભીલ આવ્યો. ત્યાં અંધારી રાતમાં બોલે છે 'ઓહાવસિ પહાવસી' આમ ને તેમ જાય છે, ને મને જ દેખે છે. તારો વિચાર મેં જાણ્યો. હે ગર્દભ ! તું જવની તરફ ઇચ્છા રાખે છે. ત્યાં છોકરાને થયું કે બાપા જબરા જ્ઞાની થઈ આવ્યા છે. રાત્રે એકલો આવ્યો છું. અંધારી રાતમાં તેને માલમ પડી, તારો અભિપ્રાય જાણ્યો, વિચાર જાણ્યો કે તું ગર્દભીલ છો અને યવરાજાને જુએ છે. ગર્દભીલ વિચારે છે કે—હું આવ્યો તે તો જાણી ગયા, પરંતુ મારી બેનનું શું થયું ? તે કહે તો

જ્ઞાની જાણું, તેવામાં યવરાજર્ષિ બોલ્યા, **अओ गया तओ गया** અહીં ગઇ, તહીં ગઈ, ચારે બાજુ તપાસ કરી છતાં માલમ ન પડી, અમને રસ્તામાં ન મળી તેનું કારણ ભોંયરામાં સંતાડી છે.' અહોહો બાપાજી મારા કેવા જ્ઞાની! મનની વાત જાણી! હવે ક્યા ભોંયરામાં? અને ત્યાં મારી બેનનું શું થાય? કોણે સંતાડી તે શી રીતે માલમ પડે? એવામાં યવર્ષિ બોલ્યા– **सुकुमाल कोमल** અરે અત્યંત કોમળ રાજકુમાર, અરે–ભદ્રિક! રાતે તને ભડકવાની ટેવ પડી છે. (પ્રધાને તને ભરમાવ્યો છે કે–તારો પિતા યવર્ષિ, ત્યાગને વોસિરાવવા માગે છે તેથી તને સોંપેલ રાજસત્તા પાછી લેવા માગે છે!) પણ અમારી તરફથી તને ભય નથી, પરંતુ દીર્ઘપૃષ્ઠ પ્રધાન તરફથી ભય છે! આ સાંભળી કુમાર, ગૂપચૂપ પાછો ફર્યો. પ્રધાનના મ્હેલની ચારે બાજુ ચોકી મૂકી. અંદર તપાસતાં ભોંયરામાંથી કન્યા નીકળી! વિચારો હવે યવર્ષિ જ્ઞાની હોવાની પ્રતીતિમાં–ભરોસામાં કુમારને લગીર પણ બાકી રહી? કુંવર, સવારે સામૈયાના ઠાઠથી નમતો આવ્યો, અને 'સાહેબ! આપનું **જ્ઞાન અગાધ**! અમારા ઉપર અનહદ ઉપકાર કર્યો!' વગેરે હેતથી બોલવા લાગ્યો. યવ રાજર્ષિ વસ્તુ સમજી ગયા. દેખ્યું કે–' હમણાં ચૂપ રહેવું ઠીક છે.' સત્તા અને સંપત્તિ કરતાં તેવી સામાન્ય ત્રણ ગાથાના અભ્યાસનો તેવો પ્રભાવ જોઇને મનમાં 'અહિંથી ક્યારે છૂટું અને ગુરુમહારાજને જઈ મળું અને તેઓની પાસે અભ્યાસ કરું?' એમ થયું.

તે મફતની જેવીજ ત્રણ ગાથા–કુંભારની, ખેડૂતની અને છોકરાવની તે ત્રણ તત્ત્વ વગરની ગાથા–હોહાએ આટલું આટલું

ક્રમ કર્યું, તો શાસ્ત્ર તૈયાર–મોઢે કરું તો શું ન થાય?

## માનસ સરોવરમાં જેમ હંસ, તેમ જ્ઞાન સરોવરમાં જ્ઞાની મગ્ન રહે.

એ વિચારમાં કુંવરના સન્માન બાદ સર્વ વાતમાં ચૂપ રહી, ત્યાંથી વિહાર કરી યવર્ષિ ક્રમે ગુરુ પાસે આવ્યા. સાહિત્યમાં રસિક બનવાની થએલ વૃત્તિને લીધે પંડિત થયા! સાહિત્ય, એવી જબરજસ્ત ચીજ છે કે–મગજમાં આવેલું તે ઉપકાર કરનાર થાય જ, માટે સાહિત્યને સર્વેએ મગજમાં લેવાની જરુર છે. પછી છાંડવા લાયકને છાંડી શકો છો, અને આદરવા લાયકને આદરી શકો છો. સાહિત્ય વગરની અજ્ઞાન દશામાં માણસ કેવો હોય? તે જણાવવા કહ્યું કે–' **मज्जन्त्यज्ञः किलाऽज्ञाने** '=અજ્ઞાની અજ્ઞાનમાં ડૂબે છે. કહેશો કે–' અજ્ઞાનપણું કોઇને ગમતું નથી, તો તેને ખસેડનાર સાહિત્ય જેવી સારી ચીજ દરેકને કેમ ન ગમે?' વાત ખરી. ઘણા જીવો તો જાતિસ્વભાવથી એવા છે કે–ખરાબજ ગમે! સારું ન ગમે, ભણતર–શાસ્ત્ર તેને ન જોઇએ! તેઓમાં છેવટે ઊંડે ઊંડે પણ એ જડ બેઠી હોય છે કે–" કાગળો પર લખવું એટલે ધોળાનાં કાળાં કરવાં એજ કે બીજું કાંઈ? આના જેવું પાપ કયું?" છે અજ્ઞાનની હદ? તેઓ તો લખવા માત્રમાં આવું માનવાવાળા–ધોળા ઉપર કાળું કરનારા કહીને અજ્ઞાનમાં લીન રહેનારા! વીષ્ઠા સર્વ માટે બૂરામાં બૂરી ચીજ, પરંતુ ભુંડ હોય તેને શું ગમે? ભુંડને ખીર દૂધપાક ન ગમે, ખરાબ ચીજ વીષ્ટા છતાં તેમાં ભૂંડ દોડ્યો જાય. વીષ્ટા તરફ દોડે તેના ૧૦૦મા ભાગે અનાજ તરફ નહીં દોડે. તેમ અજ્ઞાનની અંદર મૂર્ખાઓ મચી રહે. ભૂંડ વિષ્ટામાં

મસ્ત, તેમ અજ્ઞાની-મૂર્ખ મનુષ્યો અજ્ઞાનમાં જ મસ્ત. તેને જ્ઞાનની દરકાર નહીં.

પરંતુ **'ज्ञानी निमज्जति ज्ञाने'=જ્ઞાની** જ્ઞાનમાં નિમગ્ન હોય છે. સમજવાવાળા જાતિવાન જાનવરો વિષ્ટામાં મુખ નહીં ઘાલે. વિવેક દરેકને છે. ઇન્દ્રિયોના વિષય સંબંધી વિવેક તેના પ્રમાણમાં પંખી, ઢોરઢાંખરનેય હોય છે. ઢોર તરસ્યા થયા છતાં મુતરની કુંડીમાં મોં નહીં ઘાલે, પાણીમાં મોં ઘાલશે. તમાકુના ખેતરને વાડ કેમ નથી કરવી પડતી? જાનવરોમાં એ વિવેક છે કે-આ ખાવા લાયક નથી. એ રીતે સ્પર્શ-રસ-ગંધ-રૂપ-શબ્દ માટે આ બધાને અંગે જાનવરોમાં પણ વિવેક છે, ત્યારે મનુષ્યપણામાં શું અધિક? એ કે-મનુષ્ય, પુણ્ય પાપનો વિવેક કરી શકે. સામાન્ય વિષયના સત્ અસત્પણાનાં વિવેકમાંજ મનુષ્યપણું નથી, સામાન્ય વિષયનું સત્-અસત્પણું તો જાનવર પણ કરી શકે છે, તે પણ વિષયનો વિભાગ-વિવેક કરી શકે છે, મનુષ્યપણા સંબંધી વિવેક તો કયું કરવાથી પુણ્ય અને કયું કરવાથી પાપ બંધાય તે સમજી પાપ બંધ કરવું અને પુણ્ય આદરવું તે છે. તે વિવેક મનુષ્યોમાં જ હોય. એ જે વિવેક તે આવે ક્યાંથી? પરંપરાથી આવતો નથી. શારીરિક સ્થિતિને અંગે બાપના માના રોગો છોકરાને પરંપરાથી આવે, પરંતુ બાપ કે માની બુદ્ધિ છોકરામાં આવે છે? બુદ્ધિ પરંપરાથી આવનારી ચીજ નથી. શરીરનો વાન, રોગો પરંપરાથી આવે છે, બુદ્ધિ પરંપરાથી આવતી નથી. મૂર્ખાના છોકરા વિદ્વાનો હોય છે, વિદ્વાનોના છોકરા મૂર્ખા પણ હોય છે. અક્કલ, વંશઉતાર આવનારી ચીજ નથી. તેવી રીતે વિવેક, વંશઉતાર ન આવે. તે

તો જ્ઞાન આવવાથી આવે છે. સમજદાર હોય તેને બુદ્ધિ શિખામણ અક્કલ મેળવું એમ થાય છે. તેમાંજ તે મગ્ન રહે. હંસ ક્યાં મગ્ન રહે ? શાંતિથી ક્યાં રહે ? માનસ સરોવરમાં મગ્ન રહે. ખાબોચિયાં કે મેલામાં હંસ, મગ્ન ન રહે. જેઓ હંસ જેવા ઉત્તમ હોય, પુણ્ય–પાપના વિવેકને જાણવાની ઈચ્છા હોય, તેવાઓ જ્ઞાનમાંજ લીન રહે. તેનું સાધન કયું ? સેંકડો માણસો જ્ઞાનને વખાણનારા, એકપણ જ્ઞાન સારું નથી એમ નહીં કહે. સારુ કહે મળી જાતું નથી.

## સંપનાં ત્રણ કારણો.

સાધનો એકઠાં કરીએ તો મળે. સંપ સારો કે કુસંપ સારો ? તેમ પૂછવાથી સંપ સારો એમ જ જવાબ મળશે. સંપ પાસ કરવામાં બહુમતિની જરૂર ન પડે. વગર હરિફાઈએ ચુંટાઈ જાય. બીજી વખતે મત લઈએ કે સંપનાં કારણો ક્યાં, ને તેનો અમલ કેટલો તું કરે છે ? ત્યારે કારણો દર્શાવવામાં સેંકડે ૧૦ ટકા નહીં આવે. અમલ કરતી વખતે એક ટકો પણ નહીં નીકળે. ત્રણ વસ્તુ વગર સંપ ઉત્પન્ન થતો નથી, ટકતો કે વધતો નથી. કઈ ત્રણ વસ્તુ ? સાવચેતી રાખવી, ગાંઠ બાંધવી નહીં. વખત મળ્યો વિસારવો નહીં. આપણે કોઇના અપરાધમાં આવવું નહીં. કોઇના અપરાધ–નુકશાનમાં આવવું નહીં, નુકશાનકારક માર્ગે ન જવું, તે સાવચેતી રાખવારૂપ પ્રથમ રસ્તો. આપણને કોઇ નુકશાન કરે તેની ગાંઠ ન બાંધવી, એ સંપનો બીજો રસ્તો, ઉપકારનો વખત આવે તે વિસરવો નહીં, તે સંપનો ત્રીજો રસ્તો. આપણા વર્તનમાં આપણે સાવચેતી ન રાખીએ, કોઇએ કરેલ નુકશાન ખમી ખાઇએ નહિ અને કોઇના ફાયદામાં વર્તીએ નહીં; અને સંપ સંપ સંપ કરીએ

તેમાં શું વળે ? પોપટને રામ શીખવ્યું પણ રામની મૂર્તિ ઉપર વિષ્ટા કરી બેસે ! સંપનાં સાધન ઉપર લક્ષ્ય ન આપીએ અને 'સંપ સારો' કહ્યા કરીએ તેમાં શું વળે ? સંપ સર્વાનુમતે પસાર થાય તેવી ચીજ, પણ તેનાં કારણને અંગે જાણવાપણું ને પ્રવૃત્તિને અંગે દૂર રહેલી ચીજ. તેમ જ્ઞાનને પાસ કરવામાં બહુમતિની ચીજ નથી. વગર હરીફાઈએ સર્વાનુમતિએ જ્ઞાન પાસ થાય, તેવી ચીજ. જ્ઞાનનાં સાધનોને ખીલવવા. જ્ઞાનના ક્યા સાધનો ! કેટલા ખીલવ્યા ? તેને અંગે વિચાર કરીએ તો ? જ્ઞાન શબ્દ સર્વાનુમતિએ પાસ થનારો પણ જ્ઞાનનાં સાધનો અને તેનો અમલ કરવાની વખતે કેટલા ટકા રહે છે ? જ્ઞાનનું મુખ્ય સાધન સાહિત્ય. સાહિત્યદ્વારાએ જ જ્ઞાન મેળવી શકાય છે. તે સાહિત્યને જ્ઞાનનું સાધન ગણ્યું. જ્ઞાન સાધ્ય રહ્યું. સાહિત્ય સાધન. સાધન મળ્યું. એટલે સાધ્ય આપોઆપ થવાનું.

દરેક કાર્યને અંગે ઇચ્છા તેને સાધન માન્યું છે. નીતિકારો કહે છે કે–રોગ થાય છે, તેની ઇચ્છા નથી છતાં કાર્ય કેમ બન્યું ? ઇચ્છા તો સારા કાર્યની સામગ્રી માટે છે. સારા કાર્યને અંગે ઇચ્છા જરૂરી પણ સર્વ કાર્યને અંગે ઇચ્છા જરૂરી નથી, પણ સામગ્રી જરૂરી છે. સામગ્રી ન મળે તો ઇચ્છા છતાં પણ કાર્ય ન થાય, તેમ જ્ઞાન સાધ્ય સાધવું હોય તો સાહિત્યરૂપી કારણો જરુર મેળવવાં પડશે, નહીંતર જ્ઞાનરૂપી કાર્યની સિદ્ધિ થવાની નથી. અનંતર અને પરંપર બે પ્રકારના કાર્યો હોય. બીજ વાવ્યું. અંકુર છોડવો થયો પણ દાણા ક્યારે ? વચમાં ફળની પરંપરા છે. સાહિત્યરૂપી કારણથી જ્ઞાન પ્રાપ્ત થાય તે તો અંકુર સમજવું, ફળ નહીં. સાધ્યમાં લક્ષ્ય ન રહે તો ? શાસ્ત્રોને ભણીને મૂર્ખા રહેવાના. વેદીઆ પંડિતનું સાંભ-

# દેશના—૧૭

## ભરાડીચોર જેવું શરીર ક્યાં સુધી પોષવાનું ?

(૨૦૦૦ ફા. વ. ૧૩ વડા ચૌટા-સુરત)

**કર્તવ્યપરાયણ જીવઃ**—શાસ્ત્રકાર મહારાજા હરિભદ્ર-

---

ષીએ છીએ. કાશીથી ભણીને આવ્યો, ઘી લાવ્યો, આધાર આધેય કોણ ? તપેલીને આધારે ઘી કે ઘીને આધારે તપેલી ? નાનું કોણ ? આધેય નાનું હોય. ઘાસનાં તણખલાં પર સોપારી ન ટકે. આધેય મોટું હોય તે ન ચાલે. તપેલી ૦॥ શેરની, ઘી પાંચ શેર માટે આધાર ઘી હોવું જોઇએ, આધેય તપેલી હોવી જોઇએ. લોકો તપેલીમાં ઘી બોલે છે. અહીં તોલની અપેક્ષાએ ઘી આધાર બને છે, માટે તપાસવા દે. ઘી ઉપર તપેલી રહે છે ? ઉંધું વાળ્યું, ઘી ઢોળાઇ ગયું. આમ જ્ઞાનના સાધ્યને ન સમજે. તેઓ સાહિત્યમાં રસિક બન્યા છતાં આવા વેદીયા બને, માટે કહેવું પડ્યું કે—'**यस्तु क्रियावान् पुरुषः स विद्वान्**' જે જાણી સમજી લાયક કાર્યમાં પ્રવૃત્તિ કરે, અયોગ્ય કાર્યથી નિવૃત્તિ કરે, તેજ ખરેખર વિદ્વાન્. અધ્યયન માત્ર વિદ્વત્તાનું કારણ નથી. શાસ્ત્રો ભણ્યા છતાં મૂર્ખ હોય, સાધ્યમાં પ્રવર્તવા-વાળો ન હોય, અહિતથી દૂર થનારો ન હોય, તેવો ભણ્યો તો યે શું ? ને ન ભણ્યો તો યે શું ? માટે સાહિત્યનું સાધ્ય કોને કહેવું ? તે જણાવતાં સાહિત્યનું સાધ્ય શું ? તેમાં પરંપરાએ ફળ કયું આવવું જોઇએ ? હિતમાં જોડાવું, અહિતાર્થથી નિવૃત્તિ, ફળ ન આવે તો સાહિત્યનું સાધ્ય પામી ન શકે. જેઓ આ ફળને પામશે તે આ ભવ પરભવમાં કલ્યાણ પામી અંતે અનંતું સુખ પામશે.

સૂરિજી મહારાજ, ભવ્યોના ઉપકાર માટે ધર્મોપદેશ કરતા થકા આગળ સૂચવી ગયા કે—આ સંસારમા આ જીવ કર્તવ્યપરાયણ રહ્યો છે. ચાહે સૂક્ષ્મ એકેન્દ્રિયમાં, બાદરમાં, વિકલેન્દ્રિયમાં, તિર્યંચમાં, નારકીમાં, મનુષ્યમાં કે દેવતામાં ગયો. તમામ જગ્યા પર જીવ કર્તવ્યપરાયણ થયા વગર રહ્યો નથી. કોઇપણ સ્થિતિમાં કર્તવ્યપરાયણતા વગરનો રહ્યો જ નથી. કર્તવ્યપરાયણતા વગરનો માત્ર અયોગીપણામાં જ. જ્યાં મન, વચન, કાયાની પ્રવૃત્તિ નથી. એ મોક્ષની નજીકનો અહીં જે અયોગીપણાનો વખત છે, તે સિવાય સર્વ જગ્યા પર જીવ કર્તવ્યપરાયણ જ રહ્યો છે. તેમાં પણ મુખ્ય કર્તવ્ય, ખોરાક લેવો તે. જીવને ખોરાકની સીધી જરુર ન હતી. અરૂપી જીવને રૂપી ખોરાકની શી જરુર? પણ ભઠ્ઠી હંમેશની જોડે જ છે. અગ્નિનો સ્વભાવ છે કે જૂનું બાળે અને નવું માગે. અહીં જ્યાં જાય ત્યાં આગ પોતાની જોડે જ લઇને ફરે છે. અહીં કોઇપણ કાળે કોઈપણ જીવ આગ વગરનો નથી—તૈજસ શરીરની ભઠ્ઠી સાથે જ લઇને ફરે છે ઔદારિકાદિ પાંચ શરીરોમાં ઔદારિકાદિ પછી થાય, પણ ઔદારિક, વૈક્રિય કે આહારકનું મૂળ તૈજસ શરીર અનાદિનું. અનાદિથી રહેલા તે મૂળમાં કદાપિ ખામી આવી જ નથી. સર્વકાળે સાથે રહેવાવાળું ઔદારિક મરી ગયો એટલે તેને ઔદારિકની જડ ગઇ. આહારક શરીર ૧૪ પૂર્વીને જ હોય. આહારકને અંતર્મુહૂર્તથી વધારે રહેવાનું ન હોય, તો તૈજસ અને કાર્મણ અનાદિનાં છે. કાર્મણ, આંગળીએ કમાડ ઠેલનાર. કારણ કે—કાર્મણ એકઠા કરે તે કર્મના પુદ્ગલો આપણને સુખદુઃખ આપે, તે સુખદુઃખનાં બીજાં સાધનો મેળવીને તે દ્વારા આપે. કર્મ સીધું સુખદુઃખ ન આપી શકે. એ તો આગેવાન—મોખરે થનારું.

અનાદિ રહેનારું એટલું જ નહીં પણ મોખરે થનારું. તૈજસ શરીર એવું નથી-તૈજસ શરીર આંગળીએ કમાડ ઠેલનાર નથી. કર્મ. સેનાધિપતિ તરીકે કામ કરે, જ્યારે તૈજસ શૂરા સરદાર તરીકે કામ કરે. શૂરા સરદાર તરીકે હોય તો માત્ર તૈજસ શરીર. એ શરીરને જીવે જ્યાં જાય ત્યાં ઓઢીયા તરીકે સાથે લીધું છે, જેને આપણે જઠરાગ્નિ કહીએ છીએ. એ અનાદિનું. શરીર છે. જીવે પોતાની સાથે જ ભેળવેલું શરીર છે. તૈજસને લીધે જીવને આહાર કરવો જ પડે.

## શરીર ગળે પડેલી ચીજ છે.

શરીર ગળે પડેલી ચીજ છે. જીવે શરીર માટે પ્રયત્ન કર્યો જ નથી. દરેક ગતિ જાતિમાં પ્રયત્નો કર્યા તે માત્ર ખોરાક માટે જ! તેથી નિર્યુક્તિકાર એ જ કહે છે કે-તૈજસ શરીરને લીધે-કાર્મણ સહકૃત એવાં તૈજસ શરીરને લીધે જીવ પહેલ-વહેલો જે ગતિજાતિમાં આવે ત્યાં ખોરાક લે છે. શાને લીધે ? ભઠ્ઠી વળગાડી છે તેથી. અગ્નિનો સ્વભાવ છે કે જૂનાને બાળે ને નવાને વળગે. તૈજસનો અગ્નિ, આવેલા પુદ્ગલોને પરિણમાવે અને નવાને લે. બાળેલા પદાર્થોને અંગે રાખોડા થયો હોય, અગ્નિ તેના તરફ જાય નહીં. તેથી સંતોષ પામે નહીં. જીવ તો રહી શકે નહીં. આપણો જઠરાગ્નિ શરીરના કોઈપણ અંશને લેતો નથી. પાશેર ખોરાકથી જે તૃપ્તિ થાય છે, તે તૃપ્તિ શરીરથી થાય છે ? તૈજસ માટે શરીર એ રાખોડો છે. તેને તો નવું જોઈએ. આ વાત ખ્યા-લમાં લેશો એટલે જીવને અનાદિ માનવો સહેલો થઈ પડશે. એ ભઠ્ઠી-સગડીના પ્રતાપે જીવને ખોરાક તરફ જવું પડે છે. ખોરાકની કર્તવ્યતા થયા પછી ખોરાકના બે ભાગ. એક ધાતુ ભાગ, એક મલ ભાગ. ધાતુ ભાગનું શરીર બંધાય, મલ ભાગ

નીકળી ગયો. એ રીતે જ્યાં ઔદારિક શરીર વળગ્યું એટલે શરીરમાં જે તત્વ છે—તત્વ પુદ્ગલો છે, તેનું ઇન્દ્રિયોપણે પરિણમન થયું, પછી શ્વાસોશ્વાસ. આમ હંમેશાં જીવ કર્તવ્યપરાયણ રહ્યો છે. કોઈ ભવમાં આહાર, શરીર, ઇન્દ્રિયો નથી કર્યા તેમ નથી. બાહ્ય કર્તવ્યમાં પણ જીવ હંમેશાં તત્પર રહ્યો છે. ઇન્દ્રિયોના વિષયો સ્પર્શાદિ યાવત્ સુખદુઃખને અંગે જીવ કર્તવ્યપરાયણ થાય છે. અહીં સુધી માર્ગ બંધ છે. આહારાદિકને અંગે જીવને કર્તવ્યતાનું ભાન રહે. વિષયને અંગે કર્તવ્યતાનું ભાન રહેતાં સુધી મોક્ષનો માર્ગ બંધ. સુખદુઃખનાં સાધનોમાં પ્રાપ્તિ હાનિ કર્તવ્યતા રહે ત્યાં સુધી મોક્ષનો માર્ગ બંધ રહે. મારગનો ઝાંપો ક્યારે ખુલે ? મોક્ષ તો દૂર છે, પણ તેનો ઝાંપો ક્યારે ખુલે ? આહારાદિક, વિષયાદિકમાંથી ખસી જ્યારે ધર્મ તરફ આવે. 'ધર્મ માટે આહારાદિકનો ત્યાગ કરવો પડે તો પણ મારે કબૂલ. ધર્મ માટે ઇષ્ટ વિષયો ચાલ્યા જાય તો પણ તેની મારે દરકાર નહીં.' એમ થાય ત્યારે અનાદિની તે કર્તવ્યતા ફરી જાય. આહારાદિક શા માટે કરવાના ? તેમાં અનાદિકાળથી જીવે કર્તવ્યતા માની હતી. આહારમાં, શરીરમાં, ઇન્દ્રિયમાં અને શ્વાસોશ્વાસમાં જીવે કર્તવ્યતા માની હતી. ઇષ્ટ સ્પર્શાદિક મેળવવા અનિષ્ટ સ્પર્શાદિક છોડવા, આ કર્તવ્યતાબુદ્ધિ અનાદિથી સર્વ જીવોમાં ચાલુ હતી. તેને અંગે આ જીવ પ્રવૃત્તિવાળો જ હતો. ચાહે જેવો જુવાન બહાદુર મનુષ્ય હોય પણ થેલીમાં પૈસા ન હોય ત્યારે શાનો વેપાર કરે ? વક્રગતિમાં ઉપાય નથી; બાકી એવો સમય નથી જેમાં જીવે આહારાદિક માટે પ્રવૃત્તિ ન કરી હોય ! ઇષ્ટ વિષય માટે અને અનિષ્ટ વિષયથી ખસવા માટે પ્રવૃત્તિ ન કરી હોય, તેવો એક સમય નથી. આ પ્રવૃત્તિ ને

નિવૃત્તિના પ્રયત્નો ચાલે ત્યાં સુધી મોક્ષ મળવો તો બંધ છે, પણ તેનો ઝાંપો પણ બંધ છે. દશા પલટે ત્યારે ઝાંપો ખુલે છે.

## સાધુઓ આહાર શરીર ઇન્દ્રિયો વિગેરે શા માટે ધારણ કરે છે?

આહાર પણ શાના માટે? આહાર પણ ધર્મ માટે, શરીર પણ ધર્મ માટે. ધર્મને માટે ઇન્દ્રિયો, પણ ઇન્દ્રિયો માટે ધર્મ નહીં. શ્વાસ રૂંધવો તે ધર્મ માટે, પણ શ્વાસ માટે ધર્મ નહીં. તેમ અનુકૂળ વિષયો છોડવા, પ્રતિકૂળ વિષયોમાં પ્રવર્ત્તવું, તે હોય તોજ મોક્ષમાર્ગનો ઝાંપો ખુલ્લો થાય. બંગલા આગળ કંપાઉન્ડ રાખો છો તેમાં આગળનો ઝાંપો કયારે ખુલે? કર્ત્તવ્યતામાં આટલો ફરક પડે. પહેલી કર્ત્તવ્યતા કઈ હતી? આહાર, શરીર, ઇન્દ્રિયો આ બધું કર્ત્તવ્ય હતું. એ કર્ત્તવ્ય પલટી જાય અને કર્ત્તવ્ય ધર્મમાં થાય. આહારાદિક ધર્મ માટે કરું, ઇષ્ટ વિષયો મેળવું તે પણ ધર્મ માટે. આહારાદિક ધર્મ માટે જ મેળવું, ઇષ્ટ વિષયોની પ્રાપ્તિ અનિષ્ટ વિષયોનો પરિહાર તે પણ ધર્મ માટે. આ પરિણતિ થાય તો માર્ગનો ઝાંપો ખુલ્યો. મોક્ષ માર્ગને હજુ વાર છે. ધર્મની પરમ કર્ત્તવ્યતા થાય. આહાર તેવો કરવો કે જે ધર્મને બાધક ન થાય. યાવત્ શ્વાસોશ્વાસ એવી રીતે ન પ્રવર્તાવું કે જે ધર્મને બાધક હોય.

શાસ્ત્રકારોએ ગોચરી લઇ આવતાં, આલોવતાં એક વસ્તુ કહી. '**मुक्खसाहणहेउस्स**' સાધુ દેહનું ધારણ જરૂર કરે છે. બીજાઓ દેહનું ધારણ રક્ષણ, પોષણ કરે છે, તેમ સાધુઓ પણ ધારણ રક્ષણ પોષણ કરે છે, તેમાં ફરક નથી. ઇતર જીવો ખોરાક દ્વારા, શરીરનું ધારણ પોષણ રક્ષણ કરી રહ્યા છે. તેમ સાધુઓ પણ કરી રહ્યા છે. સાધુના દેહનું ધારણ છે એ ચોક્કસ, પરંતુ

ધ્યેય એ નહીં. ધ્યેય ક્યું ? મોક્ષ સિદ્ધ કરવાનું. જે જ્ઞાન દર્શન ચારિત્ર જોઇએ, જ્ઞાનની પરાકાષ્ઠા ન થઈ હોય, દર્શનની, ચારિત્રની પરાકાષ્ઠા ન થઈ હોય ત્યાં સુધી જીવને મોક્ષ મળી શકતો નથી. પરાકાષ્ઠાએ પહોંચવા માટે–સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રની પરાકાષ્ઠાએ પહોંચવા માટે સાધુને જીવનની જરૂર. તેને અંગે તેને શરીર ધારણ પોષણ રક્ષણ કરવાનું છે. આમાં શરીર ખરેખર મોક્ષનું કારણ નથી. મોક્ષનું કારણ હોય તો સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રની ઊંચી દશા છે. તે વગર મોક્ષ મળી શકે જ નહીં. જીવન ધારણ કરી એ તરફ વળીએ ત્યારે મોક્ષ મળે. **शरीर-माद्यं खलु धर्मसाधनं**ઃ તેનું કારણ સાધુનું શરીર, માટે શરીરનું ધારણ. તમે જે શબ્દ જાણો બોલો છો, માત્ર દુરુપયોગ કરો છો. '**शरीरमाद्यं खलु धर्मसाधनं**' એનો અર્થ તમે ક્યો લીધો ? તમે એનો અર્થ શરીરનાં રક્ષણનાં ધ્યેયમાં લીધો ! પછી શરીર ધ્યેય રાખી અધર્મ થાય, રાત્રીભોજન થાય, કંદમૂળ ખાય, અયોગ્ય પદાર્થો ખાવા પડે તે વખતે 'શરીરમાદ્યં ખલુ ધર્મસાધનં.' તમારા નિયમોને અંગે તે વાક્યથી વૈદ્યો આદિ ભરમાવે. જે વસ્તુ તમે કરવા ન માગતા હો, પણ વૈદ્ય કરવા માગતા હોય ત્યારે ત્યારે આ વાક્ય પોકારે છે. જેઓ શરીરની શેહમાં શરમાઈ ગયા છે, તેઓ 'શરીરમાદ્યં ખલુ ધર્મસાધનં' વાક્યનો તેવો દુરુપયોગ કરે. વિચાર કરે તો માલમ પડે કે શરીર શાના માટે ? શરીર, શરીર માટે નહિ, પણ ધર્મનાં સાધન માટે. ધર્મનું સાધન થાય ત્યાં સુધી જ શરીરનું ધારણ. ધર્મને બાધ થાય તો શરીર વોસરાવવાનું. શરીર ધર્મને જ કરનારું. ધર્મમાં જ ઉપયોગી. આ વાત દૃષ્ટાંત-દ્વારા નક્કી કરી છે.

## ભરાડી ચોરનું દૃષ્ટાંત.

એક રાજ્યમાં ભરાડી ચોર છે. એવી સફાઈથી ચોરી કરે છે કે–તેમાં તેને પોલીસ, ચોકીદારો કશું કરી શકતા જ નથી. એ રીતે તે ચોરની બેઠક બજારમાં, ને તેનો માલ લઈ જનાર મજૂર એકે જીવતો આવતો નથી. જે મજૂરો પાસે ચોરી કરેલો માલ ઉચકાવી લઈ જાય, તેને એકેને બહાર આવવા દેતો નથી. હવે ચોરી શી રીતે પકડાય? તે ચોર તો બજાર વચ્ચે પાટા બાંધીને પડી રહે છે. હજારો આદમી જાય આવે ને બિચારો છે, તેમ લોકો જાણે. જ્યાં મધ્યરાત્રી થાય, આખો દિવસ બજારમાં બધું સાંભળ્યું હોય કે–ફલાણાને ઘેર માલ આમ આમ છે, તે સાંભળી ખાતર પાડી ભિખારીયા મજૂરો પાસે ઉપડાવે, તેને પોતાની ગુપ્ત ગુફામાં ઉતારે, ગુફામાં કૂવો કરેલો ત્યાં ચોરની બહેન તે દરેક મજૂરોની માવજત કરે. સરભરા બાદ મજૂરને આ ઓરડામાંથી બીજા ઓરડામાં લાવી કૂવામાં ફેંકી દે. આમ મજૂરોને કૂવામાં મારી નાંખવામાં આવે છે. આમ ભરાડી ચોર પકડાતો નથી. લોકોએ રાજાને અરજ કરી કે–તમારા સરખા ઉત્તમ રાજા છતાં ગામમાં ચોરી થાય, તેનો અર્થ શો? અર્થાત્ તમે રાજ્ય ચલાવવા માટે નાલાયક છો. Taxes ટેક્સ શાના લો છો? તમારા કરતાં ભીલ કોળી સારા કે જે નુકશાન ભરી દે છે. એવા ભાવનાં વચનોમાં લોકોએ રાજાને સફાઈથી કહ્યું, ત્યારે રાજાને થયું કે–હવે ચોરનો પત્તો મેળવવો જોઈએ. આવી વખતે અહીં ક્યા રાજાને કહીએ? સીધા અર્થમાં ન કહ્યું કે–ભીલ કરતાં હલકા છો. તરત રાજાએ ચોકીદારોને બોલાવ્યા. ચોકીદારોએ કહ્યું કે પકડાતો નથી. રાજાને થયું કે–ચોરને પકડવો ને શિક્ષા કરવી તે મારી ફરજ છે. ચોકી-

દારો તો આરતીયા છે, જોખમદાર હું. સાત દિવસમાં ચોર ન પકડું તો હું ચિતામાં બળીશ. પ્રજાને થતા અન્યાય-હાનિને સાંભળવા તૈયાર નહીં હોય તેવાને રાજા શી રીતે કહેવાય ? રાજાએ પ્રતિજ્ઞા કરી કે-'સાત દિવસમાં ચોર પકડી લાવવો, ન પકડી લાવું તો મારું જીવન વહેલું નકામું છે.' **सुप्रयुक्त प्रपञ्चं ब्रह्मापि तं न रंजयति**=પ્રપંચ પરમેશ્વર પણ પામતો નથી. પ્રપંચના પ્રયોગો એવા વિચિત્ર હોય કે-બ્રહ્મા પણ તેનો છેડો ન પામે. છઠ્ઠા દહાડાની વાત છે. કિલ્લાની અંદર બારણું છે. ત્યાંથી જાય, પાછો આવે તે શી રીતે બને ? રાજા દરિદ્રના વેષે ચોર ખોળવા ભમે છે, પેલો ચોર પાટા બાંધી દિવસે બજારમાં બેસતો હતો. જોગાનુજોગ રાજા મળ્યો. કોણ ? સ્વર વિચિત્ર છે. હવે પલટો ખાવા દે. હું એક મજૂર. (વાસ્તવિક રીતે પ્રજાનો મજૂર) ચાલ તને માલદાર કરી દઉં. રાજાએ વિચાર્યું ચાલવા દે. ચોરે ખાતર પાડ્યું. માલ કાઢ્યો. માલનું પોટલું રાજાના માથે. પોટલું બાંધેલ કપડાનો રાજાના ગળે વીંટેલો છેડો પોતાના હાથમાં રાખ્યો. ભાગવા જાય તો પોટલું ઉંચકનારને ફાંસો આવે. અંધારી રાત છે. ગુફામાં ગયા. માલ મુકાવી દીધો. ચોર બોલ્યો-'એ બેન ! મેમાન આવ્યા' બેન પણ ચોરની ને ? પધારો પધારો !....અહોહો ! ઉનું પાણી નાવાનું લાવી. સામગ્રી લાવી. પગે તેલ ઘસે. એવી સફાઈથી ઘસે કે આવનાર ઉંઘી જ જાય. એ કળાને અંગે મજૂર ઊંઘી જ જાય. જ્યાં ઊંઘી ઝોકું ખાય કે પાટીયું ખેંચી નીચે નાખે. રાજાને ત્યાં બેસાડ્યો, પગ મસળવા માંડ્યા. હવે યમના દ્વારવાળો કૂવો છે. પણ '**वने रणे शत्रुजलाग्निमध्ये, रक्षन्ति पुण्यानि पुराकृतानि**' પૂર્વનાં પુણ્યો જ રક્ષણ કરનાર છે. બેનના મનમાં થયું કે-

આ જીવ કોઈ ભાગ્યશાળી છે. આ ક્યાંથી ભાઈના હાથમાં ફસાયો. આવા ભાગ્યશાળીને મારીને કેટલું જીવવું ? ચોરની બહેન વિચારે છે. વિચારો કે-ભાગ્ય સિવાય અહીં કોઈનો ભરોસો છે ? ગુફા-રાત્રી-નિરાધાર ત્યાં પળમાં પલાયન થવાનો વખત છે ? લગીર ઉંઘ આવી જાય તો નાશમાં વાર છે ? પેલીને વિચાર આવે છે કે-અરે ! મારે કેટલુંક જીવન કાઢવું છે ? હવે શું કરું ? આને જો ન મારું તો અહીં મારો ભાઈ મારી નાંખે છે, એમ અહીં મારું અને અહીં એનું મોત છે ! ભાઈ મને એના પક્ષમાં ગએલી જાણે તો મારું મોત છે ! હવે શું કરવું ? બેને કહ્યું કે ભાગ ! રાજા ચકોર હતો, ભોટ ન હતો. નીકળી પડ્યો. બેને દેખ્યું કે દૂર ગયો હશે. પછી પોતાના બચાવ માટે બૂમ પાડી કે-પેલો નાસી ગયો. ચોર તરત તલવાર લઈ પાછળ દોડયો. રાજા ગુફામાંથી નિકળ્યો એટલે પાછળ પેલો ચોર છેટે દેખાયો. આ જોઈ રાજા કોઈ મંદિરના થાંભલા પાછળ સંતાઇ ગયો. હવે ચોરે દેખ્યું કે તલવારનો ઘા કરી મારી નાખું, પણ મંદિરમાં તલવાર વાગી થાંભલાને. રાજા ત્યાંથી દરબારમાં આવ્યો. જણાવ્યું ચોર હાથમાં આવ્યો છે, પણ તમને જણાવવાની, માલ સોંપવાની થોડી વાર છે. પ્રજાકીય મનુષ્યો આટલી વાત સાંભળે. પછી ઓલંભો રાજાને ન અપાય. તેના મનમાં રાજાએ પ્રથમ ચિતામાં બળી મરવાની કરેલી પ્રતિજ્ઞાને હવે સંબંધ ન અપાય.

## ચોરની મેમાનગતિ શા માટે ?

સવારે પાલખી ચાર મનુષ્યોવાળી મોકલી. રોજના નિયમ પ્રમાણે બજારમાં આવી તે આંખે પાટાવાળો સૂતો હતો, તેને કહ્યું કે-રાજાસાહેબ પ્રસન્ન થયા છે. પાલખી લેવા મોકલી છે.

ડ્રેસ પહેરાવી, પાલખીમાં બેસાડીને જોડે બેસાડયો. ત્યારથી ચોરી બંધ થઈ. થોડા દહાડા થયા બાદ રાજાએ તે ચોરને કહ્યું કે-'એક વાતની માંગણી કરવી છે, ના ન કહે તો વાત કરું.' તે ભરાડી ચોર છે! તેને હોદ્દા પર ચડાવ્યો છે! તેને કહે છે. તેવાએય વિવેક ખાતર પણ હા પાડવી પડે. રાજાને કહે છે કે-'આપને મારા સરખા મામુલી પાસે માગણી હોય? સૂચના-ઓર્ડર કરો, એટલે બસ છે.' રાજાએ પેલાને કહ્યું-'તમારી બેન સાથે હું લગ્ન કરવા માંગું છું. હવે શું થાય? જેમ દુનીયામાં રોતો હોય કે હસતો હોય પણ આવ્યો છે તે પરોણો ખાઇને જ જવાનો. ચોર વિચારે છે કે-'આ તો માગણી કરે છે. પણ ઝુંટવીને લે તો કોણ રોકવાનું છે? એમ વિચારીને હા....સાહેબ, કહી બેનને પરણાવવી પડી. બાદ રાજા, કોઈક વખત ચોરની બેનને કહે છે કે-'આપણે આટલું ધનનું કામ છે, માટે ભાઇને કહે કે-ધન આપે. વળી બીજો પ્રસંગ લીધો અને તેણીને કહ્યું કે-વળી આ કામ આવ્યું, આના માટે આટલું ધન જોઇએ, ભાઈને કહે.' ભાઈ લાવીને ધન આપે છે. એમ આપતાં આપતાં છેવટ એ ભરાડી ચોર ખાલી થયો. કંઈ ન રહ્યું. પરચુરણ ચીજો આવવા લાગી. ચીંદડીઓનું બુંગણ ક્યારે કરાય! બધું તળીયા ઝાટક થયું હોય ત્યારે. નક્કી થયું હવે આની પાસે કંઈ રહ્યું નથી. એટલે એ પછીથી બીજે જ દહાડે દરબારમાં 'ચોર માટે ફરીયાદ કરી હતી તે આ ચોર' એમ જાહેર કર્યું. ફાંસી દેવરાવી. કહેશો કે-તેવા ભરાડી ચોરને રાજાએ આટલા દહાડા કેમ જીવતો રાખ્યો? તો સમજો કે-માલ કઢાવવો હતો. ચોરના પંજામાં પડેલી મીલકત કાઢવા માટે જીવતો રાખ્યો. પાલખીમાં બેસાડીને માલ કઢાવી લીધો,

ચોરની તે બધી મેમાનગિરિ માલ કઢાવવા માટે હતી. ચોરની મેમાનગિરિ ચોર તરીકે ન હતી. તેમ શાસ્ત્રકાર કહે છે કે–આ શરીર ભરાડી ચોર છે. આ શરીર આત્માનું ધન, કેવળજ્ઞાનાદિ ચોરનાર ભરાડી ચોર છે! આવા શરીરને ભરાડી ચોર છતાં તે દ્વારા માલ મેળવી શકાય ત્યાં સુધી ફાંસી ન દેવાય. જ્ઞાન–દર્શન–ચારિત્રની આવક બંધ થાય. એવો વખત આવે ત્યારે આ શરીરને અનશનદ્વારા વિસર્જન કરવાનું. શ્રુતકેવલી ભગવાન શય્યંભવસૂરિએ જણાવ્યું કે–શરીર ભરાડી ચોર છતાં મોક્ષના સાધનોનું કારણ છે. તે મોક્ષના સાધનનું કારણ ન બને ત્યારે વોસરાવવાનું. ધર્મનું સાધન ન બને તે શરીર કામનું નથી. 'ચાહે તેમ, ધર્મ અધર્મ કરી, પાપ કરી, પ્રતિજ્ઞાઓ, સોગન તોડીને પણ શરીર બચાવવું,' તેવો અર્થ કેટલાક કરે છે. **शरीरमाद्यं खलु धर्मसाधनं** વાક્યનો જો એવો અર્થ માનવામાં આવે તો આ શરીર ધર્મનું સાધન બન્યું કે ઘાતક? આ વાક્યથી શરીર ધર્મનું સાધન બનવાને બદલે ઘાતક ન બને તે સમજો. આ આત્માને અનાદિથી આહાર–શરીર–ઇન્દ્રિયો અને વિષયોની કર્તવ્યતા ભાસી છે. જ્યાં સુધી આ કર્તવ્યતા છે ત્યાં સુધી મોક્ષનો જે ઝાંપો છે, તે પણ ખુલવો મુશ્કેલ છે. ખોરાક ધર્મ માટે, શરીર–ઇન્દ્રિયો–વિષયો ધર્મ માટે, શ્વાસ પણ ધર્મ માટે. જ્યારે સર્વની અંદર ધર્મની કર્તવ્યતા ભાસે ત્યારે મોક્ષમાર્ગનો ઝાંપો ખુલે. જૈનોમાં ગ્રંથીભેદ પોકારીએ છીએ. ગ્રંથીભેદ શી ચીજ? "ધર્મ માટે નહીં પણ ભરાડી શરીર માટે એ આહાર શરીર ઇન્દ્રિયો–ઇષ્ટસ્પર્શાદિક મેળવું." આ ધારણા હતી, પણ હવે ધર્મને માટે આહારાદિક કરું. આ બુદ્ધિ પલટી તેજ ગ્રંથીભેદ. આવો ગ્રંથીભેદ થાય ત્યારે જ જીવ

એ બુદ્ધિમાં આવે. અહં અને મમની બુદ્ધિ હતી, તેને બદલે ધર્મ માટે બુદ્ધિ થઈ! 'અહં અને મમ'એ બધું હવે ધર્મ માટે. એ પછી મૈત્રી–પ્રમોદ–કારુણ્ય અને માધ્યસ્થ વસાવે. એટલે કે-(૧) જગતના જીવોના હિત માટે પ્રવૃત્તિ થાય. (૨) હવે ધર્મની સિદ્ધિ કરનારા તરફ બહુમાન થાય. હવે મ્હેર નજર કોની તરફ? ધર્મને રસ્તે આવે તેના તરફ. (૩) ધર્મ ન કરનાર, ધર્મ કરી શકે તેવો નથી એ દૃઢ માન્યતા. (૪) ઉપદેશ પણ ધર્મ ન કરી શકે તેવો હોય તે તરફ ઉપેક્ષાનો ધરાવે. આવા વિચારો પ્રવર્તે તો તેજ અનુષ્ઠાનને ધર્મ કહી શકાય. તે અનુષ્ઠાન આગમને અનુસરતું મૈત્રી–પ્રમોદ–કારુણ્ય માધ્યસ્થ ચાર ભાવનાવાળું હોય છે, તેથી તે ધર્મ કહેવાય.

## અફીણીયાને અફીણ વગર મીષ્ટાન્ન ફીક્કા લાગે.

આપણે આગળ મોક્ષમાર્ગનો ઝાંપો ખોલવા માટે ધર્મની વ્યાખ્યા જણાવી ગયા. ધર્મ કેવો સાધ્ય રહેવો જોઈએ, તે જણાવી ગયા. આ બધાં કારણો જૈનોનેજ લાગુ પડે છે, તેમ નહીં. ઇતરો પણ ધર્મને સાધ્ય ગણે છે. ઇતરોમાં પણ પોતાના ધર્મ માટે સંપત્તિ, કુટુમ્બ, દેશ–ગામ છોડનારા હતા, નથી તેમ નથી. ઇતરોમાં પણ ધર્મ માટે જીવ અર્પણ કરનારા છે. શૈવ ધર્મના વૈષ્ણવના દૃષ્ટાંતો તો સાંભળશો. જીવનધર્મ માટે જીવ અર્પણ કર્યું. મીલ્કત, કુટુમ્બ, જગત ધર્મ માટે છોડી દીધા. ધર્મને સાધ્ય ગણ્યો. ધર્મનું સાધ્ય ન હતે તો કુટુમ્બ, ધન, જીવન શી રીતે છોડતે? પરંતુ નાનું બચ્ચું હીરાને સંઘરે–રક્ષણ કરે, તે માટે લડે; અને ઝવેરી હીરાને સંઘરે–રક્ષણ કરે, તે માટે લડે તેમાં કાંઈ ફરક ખરો? નાનાં બચ્ચામાં ને ઝવેરીમાં ફરક નહીં ને? ફરક એટલોજ કે–એ સાચા

હીરાને બાળક સમજતો નથી તેથી કાચના કટકાને હીરો સમજી બધાં પ્રયત્નો કરે છે. ખાવું પીવું છોડીને હીરો લે. તાળું મારે. ભાઈ બેનમાં પણ બાળક હીરો લઈ લે તો રીસાવા, બચકા ભરવા તૈયાર થાય. અરે, ઝવેરી બોલીને બેસી રહે, પણ બચ્ચું તો લડવાય તૈયાર થાય! ઝવેરી બચકાં–લવુરીયાં ન ભરે, તો હીરાની નાનાં બચ્ચાં જેટલી કીંમત ઝવેરીને નથી? બચ્ચું છે તે બાપ કદી હીરા લઈ લે તો તે સાથે લડે. હીરાનું રક્ષણ કરનાર વધારે કોણ? બાપ કે બચ્ચું? એક વખત તેવું કોઈએ લઈ લેવાનું બન્યું કે–બચ્ચું હીરાનું બરાબર ખંતથી રક્ષણ કરવા માંડે છે. તે એવી રીતે કે–બેનની કે સગાંની દરકાર વગર મારો હીરો મારો હીરો કરે છે. ઝવેરીનો હીરો લીધો હોય તો કળાથી કઢાવે. બચ્ચું માની લીધેલા હીરા માટે આટલું કાળજીવાળું છે, પણ મૂળમાં માલ ખોટો, હવે તેની સમજ તેને નથી. કાચનો કટકો છે. તેને હીરો માન્યો. તેને માટે તેણે આટલી જહેમત ઉઠાવી. રીસાયો, માબાપ ન ગણ્યા! પણ મૂળમાં માલ ખોટો તેમ મિથ્યાદૃષ્ટિઓ કલ્યાણ નહીં કરનારો એવો ધર્મ ગ્રહણ કરવા છતાં લાગણી બચ્ચાની માફક ઊંચી ધરાવે છે. તેઓ વડે સચવાયેલા હીરાની કીંમત વેચતી વખતે કોડીની છે. તેઓએ ધર્મ ગ્રહણ કર્યો, પણ ધર્મનાં સ્વરૂપને નહીં સમજેલો. નામથી તે ધર્મ છે પણ મૂળમાં કીંમતી નહીં ત્યાં શું થાય? માટે જે ધર્મ સાધ્ય તરીકે રાખો આત્મકલ્યાણ માટે લો છો તે પરીક્ષા કરી કીંમતી હોય તો જ લેવાનું રાખો. પરીક્ષા વગર ધર્મના નામે લેવાશે, ભોગ અપાશે, ત્યાગ કરાશે પણ તે ત્યાગ ભોગ બચ્ચાંની સ્થિતિમાં જશે. માલમાં કીંમત હોય તો જ કરેલું રક્ષણ, પાલન, ધારણ ઉપયોગી થઇ પડશે.

મિથ્યાદૃષ્ટિએ ધર્મ સારો કહે, પણ સારો ધર્મ ગ્રહણ ન કરી શકે. અહીં વાસ્તવિકમાં આત્મકલ્યાણ કરનારો હોય તે ધર્મ સારો છે. કીંમતી ધર્મ હોય તો તેની પાછળ આપેલો ભોગ, ત્યાગ વગેરે પ્રશંસાપાત્ર શુભ ફળને દેનાર થાય. દુનિયાદારીના પદાર્થોની પરીક્ષા પળમાં-રેશમ કે સૂતરની પરીક્ષા આંગળી લગાડતાં વાર જ. કડવું કે મીઠું છે તે માટે જીભ ઉપર લગાડીએ એટલી વાર. સુગંધી-દુર્ગંધી માટે શ્વાસ ખેંચીએ તેટલી વાર, કાળા ધોળાની પરીક્ષા આંખનો પલકારો ચમકારા માત્રમાં જ. શબ્દની પરીક્ષા કાન માંડયો કે તરત. ઇન્દ્રિયોના વિષયોની પરીક્ષા પલકની. જ્યારે માણસની પરીક્ષા ? સજ્જન છે કે દુર્જન, તેની પરીક્ષા પલકમાં ન થાય. 'સોનું જોઇએ કસી, માણસ જોઇએ વસી' મનુષ્યની પરીક્ષા દીર્ઘકાળનો વસવાટ થાય ત્યારે. આ રીતે સજ્જન કે દુર્જન તરીકેની પરીક્ષા દીર્ઘકાળના વસવાટ પછી પણ થઈ શકે, પરંતુ ધર્મની પરીક્ષા વસવાટે પણ ન થાય. તે તો વ્યસન પેઠે લાગુ પડે. પહેલવહેલા અફીણીયા થાય, તે અફીણના નામથી ભાગે. અફીણ લેતો થાય, પછી અફીણ વગર ચાલે નહીં. ગળે પડે. તેમ ધર્મ શુદ્ધ હોય કે કુધર્મ હોય, પણ તે ગળે પડવાવાળી ચીજ. તેવી ચીજ હોવાથી અફીણીયા માફક. અફીણ વગર પાંચ પકવાન આપો તો અફીણીયાને ફીક્કા. અફીણ સાથે ઘેંસ આપો તો પણ મીઠી. તેમ જેને કુધર્મના સંસ્કાર પડયા હોય તેને સારો ધર્મ ફીકો લાગે. સારા ધર્મના ગુણોને અવગુણના રૂપમાં દાખલ કરવાનો ધંધો કરવો પડે. કુધર્મના સંસ્કારો થઈ જાય તેને સારો ધર્મ લુખ્ખો લાગે. તેને ખરા દેવ ગમે નહીં: ગ્રંથીભેદ થાય તે પછી મોક્ષમાર્ગ દેખાડનારા, વીતરાગતા

પામેલા કેવળજ્ઞાનીને દેવ માન્યા તે આત્માનો અરીસો. તારા આત્માને કેવો બનાવવો તેનો આદર્શ પરમાત્મા.

## નેતાના બાવલાની ચારે બાજુ દેશભક્તિ ભરેલી હોય.

દેશના નેતાની–બાવલાની ચારે બાજુ દેશભક્તિની હવા જ ભરેલી હોય, દેશ માટે ભોગ આપનાર સૈનિકોના કબ્રસ્તાન ઉપર હારો ચડાવાય છે. તે દેશભક્ત. એ રીતે તેની ચારે બાજુ દેશભક્તની નોબતો વાગી રહેલી હોય છે; તો ધર્મનાં ઊંચે શીખરે ચઢેલા તેની પ્રતિમા તમારો આદર્શ છે. દેશનેતાને કોઇ વ્યક્તિ–જાતિ–પ્રાંત શહેર ઉપર રાગ–રોષ રાખ્યો ન પાલવે; તો વિશ્વના નેતા–જગતના ઉદ્ધારકને કોઇ ચીજ તરફ રાગ કે રોષ રાખ્યો પાલવે જ શાનો ? જ્યારે અમુક ઉપર રાગ અને અમુક ઉપર દ્વેષ ધરાવનાર દેશનેતા થવા લાયક ન રહે, તો જગતની કોઇપણ ચીજ પર રાગ કે દ્વેષ ધરાવે તો તે વિશ્વનો નેતા–પરમાત્મા શીરીતે બની શકે ? વ્યક્તિદ્વેષ કે રાગ, ગામ કે પ્રાંત પ્રતિ રાગદ્વેષ દેશનેતાને કર્યો પાલવે જ નહીં. તેમ વિશ્વનેતાને કોઇપણ જીવ અજીવ વ્યક્તિ પ્રાંત–દેશ તરફ રાગ કે રોષ રાખ્યો પાલવે નહીં. તેવા રાગ–રોષ રહિત એ જ વિશ્વના ઉદ્ધારક. તે જ આપણા નેતા. એની જ પ્રતિમાની ચારેબાજુ આપણી ભક્તિ વ્યાપેલી છે. અફીણનાં વ્યસનીને બરફી આપો પણ કાઢા વગર ફીકી લાગે, તેમ દુનિયાના, સંસારના વિષયના વ્યસનીને વીતરાગ તે પણ ફીકા લાગે. '**वीतरागात् कथं प्राप्यं**.' ગુંજામાં બે બોર હોય પણ ખુશ થાય તો કાઢીને આપે. ખુશ થયા વગર માણસ બે બોર ન આપે, તો જેના પાસેથી કલ્યાણ–મોક્ષ મેળવવો છે, તે ગમે તે આપો

પણ ખુશ થાય તેવા નથી, તો તેની બક્ષ્હાસ કરવાથી શું વળે! આ વિચારોવડે મિથ્યાત્વીઓએ શું કર્યું ? પકવાન ફીકકું લાગ્યું કેમ ? અફીણીયાપણાની ટેવ હોવાથી. નહીંતર પકવાન ફીકું ન લાગત. તેમ રાગ દ્વેષમાં માચેલા એવા મનુષ્યોને વીતરાગપણું ગમે નહીં, એથી આવા ચેડા કાઢયા. વીતરાગ મોક્ષ આપશે તેવી આશા શી રીતે રાખો છો ? સ્તુતિની કીંમત નથી. કાચ ને હીરા સરખે ભાવે વેચનારા વેપારીને ત્યાં કોણ જાય ! આ વસ્તુ કોણ બોલાવે છે ? રાગદ્વેષમાં-કચરામાં ડુબેલા આ બોલાવે છે. સૂર્યની સ્તુતિ કરીએ, નિંદા કરીએ તો શું ? તેવો સૂર્ય ભક્તિ, અભક્તિ, સ્તુતિની, નિંદાની, દરકાર કરતો નથી. તે સૂર્ય, ઉદ્યોત કોઈ દિવસ બંધ કરતો નથી. ભક્તિને લીધે ખેંચાવું. અભક્તિને લીધે ખીજાવું તે કોના માટે ? તે પરિણતિ ટાળવા માટે, તેમની પાસે જઈએ છીએ.

## સનેપાતવાળો વૈદ્ય કેવું ઓસડ આપે ?

વૈદ્યને સનેપાત થયો હોય તેની પાસેથી ઓસડ કયું મળે ? આપણે દુનિયાદારીને અંગે રાગદ્વેષ સ્વાર્થમાં ખુંચ્યા, એટલે જેની પાસે જઈએ તે પણ જો આખા જગતના રાગદ્વેષમાં ગુંચવાયેલો હોય તો તે આપણો રોગ દૂર શી રીતે કરશે ? વીતરાગ, સ્તુતિ-નિંદા, ભક્તિ-અભક્તિની દરકાર કર્યા વગર પોતાના આત્મસ્વરૂપમાં રમણ કરે છે.' રાગ-દ્વેષમાં માચેલા-રમી રહેલા જીવો સુદેવને સુદેવ તરીકે માનવા તૈયાર ન થાય તેમ સુગુરુને અંગે છે. સુગુરુ બાયડી આદિ આપતા નથી અને હોય તે બાયડી છોકરાને દીક્ષા આપી દે છે ! પૈસા ખરચાવી નાંખે છે ! આમ કેમ ? તો સમજો કે-તેનું સન્માર્ગ ધ્યેય હોવાથી સન્માર્ગે પ્રવર્તાવે છે. આ વાત રાગ-દ્વેષમાં ખૂંચેલા

# દેશના—૧૮

(૨૦૦૩ ફા. વ. ૧૪ નેમુભાઈની વાડી, ગોપીપુરા. સુરત)

## કર્મરૂપી દરદની ભયંકરતા સમજો.

શાસ્ત્રકાર મહારાજા ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ કરતા થકા આગળ જણાવી ગયા કે જેમ સંસારમાં હિતબુદ્ધિ, રાજ્યમાં વફાદારી આ બે વસ્તુ ન હોય ત્યાં સંસારમાં કે રાજ્યમાં ભરોસો મૂકાતો નથી. હિતબુદ્ધિ હોય ત્યાંજ ભરોસો મેલાય.

---

ગુરુના ઉપાસકનાં ધ્યાનમાં ન આવે. દયાને અંગે પણ જોશો તો તેઓને 'ઘરનાં છોકરા ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટ્રો આપે !' એમ કહે. છોકરા કરતાં ઉપાધ્યાયની કીંમત નહીં ? તેઓને જીવનના ભોગે ઉપાધ્યાયને આટો આપવો જોઈએ, તે સિદ્ધાંત ક્યાં રહ્યો ? અહીં તો પુણીયો પેટે પાટો બાંધી સાધર્મિક વાત્સલ્ય કરે છે ! આ બે વસ્તુ મેળવશો ? અફીણીયો અફીણ ન મળે ત્યાં સુધી મીષ્ટાન્ન પણ ફીકું ગણે. વિષયમાં રાચેલો એવો આત્મા વીતરાગ પરમાત્માને દેવ, તેમણે કહેલા ગુરુ, તેમણે કહેલો ધર્મ તેને મીઠારૂપે ગણી શકે નહીં; . ફીકારૂપે જ ગણે. અફીણીયાને અફીણની જ ટેવ પડી છે. પીતવાળાને સાકર ખવડાવો તો પણ કડવી લાગે, તેમ કુદેવાદિના સંસ્કારમાં રાચી રહ્યા છે તેવાને સુદેવાદિ ગમે નહીં; માટે ધર્મની પરીક્ષા કરો. ધર્મમાં મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ એ ચાર વિચારો નક્કી હોવા જોઈએ. જગતના જીવોનું હિત કરું વિગેરે તે ચાર ધારણાઓ જેના મનમાં આવે તે આગમમાં કહ્યા પ્રમાણે પ્રવૃત્તિ કરે અને તે સુધર્મ કહેવાય.

હોશિયાર મુનીમ હોય પણ હિત તકાસનાર ન હોય તો તેના પર ભરોસો રહેતો નથી. અહિત ન થાય, હિત જ થાય, એ લક્ષ હોય તો ભરોસો રહે. આવી બુદ્ધિવાળો નોકર હોય તો જ ભરોસાપાત્ર થાય. સગાસંબંધીનું વચન ક્યારે માન્ય થાય? મારું હિત કરે તેના ઉપર જ ભરોસો થાય. હિતની બુદ્ધિવાળો અસુંદર (પરિણામે હિતકર) કહે તો પણ માન્ય થાય.

## હિતબુદ્ધિથી અસુંદર કહેવાએલું માન્ય થાય.

એક વખત મેળામાં કોઈકે ખૂન કર્યું. તેના બારીસ્ટરને માલમ પડ્યું. બારીસ્ટર ગૂનો કબૂલ કરાવે છે. અસીલને કહે છે કે—ખૂન કબૂલ કરી લે. બીજા બધા ગુનામાં બીજી વસ્તુનું જોખમ પરંતુ ખૂન કરવામાં પોતાનું જોખમ. કેસ ચાલ્યો તે વખતે નાકબૂલ કર્યું. પોલીસ હવે સાક્ષી ક્યાં ખોળવા જાય? હિતની બુદ્ધિવાળો ખૂન કબૂલ કરાવે તો પણ કબૂલ કરી લો. હિતબુદ્ધિ હોય તો જ તેની ઉપર પ્રમાણિકતા આવે. અધિકારીઓમાં પ્રથમ વફાદારીનાં સોગન લેવરાવવામાં આવે છે. કોર્ટને વફાદાર રહેવાના સોગન ન લે તો ત્યાં ઊભો ન રખાય. વફાદારી વગરનાં બુદ્ધિબળ નકામા છે. વફાદારી વગરના કાર્યક્રમની કીંમત કોડીની પણ ગણાતી નથી. અનાદિકાળથી અક્કલને માટે ઉદ્યમ કરી રહ્યા છો, જ્ઞાનને ધારણ કરી રહ્યા છો, તેમાં પ્રવૃત્તિ અને બુદ્ધિ પુદ્ગલ તરફ વાપરી છે. ઇષ્ટ વિષય તરફ બુદ્ધિ વાપરો છો. તમારા વર્તનનો ઉપયોગ તમે પુદ્ગલમાં કર્યો છે. પુદ્ગલના હિત તરફ તમે ચાલ્યા છો. પુદ્ગલનું અહિત થાય, તેમ તમે વર્ત્યા નથી. શુદ્ધ કેવળજ્ઞાન-દર્શનમય એવા આત્માને જન્મ, જરા, મરણ, રોગ, શોકની, ભાંજગડમાં ઉતરવાનું શાનું હોય?

પુદ્ગલ મારી સાથે જોડાયું ન હોત તો કોઈ દિવસ હું જન્મ, જરા, મરણ, રોગ, શોકના સકંજામાં આવ્યો ન હોત. શુદ્ધ ચિદાનંદસ્વરૂપ એવો જે આત્મા જન્મજરામરણરોગશોકમાં અટવાય પુદ્ગલની ઘાણીમાં પીલાય તે પુદ્ગલને આધીન થયો તેથી પુદ્ગલની ધૂંસરીમાં આ જીવને પટકવાનું બન્યું ન હોત તો આ આત્માને જન્મ, જરા, મરણ, રોગ, શોકના ચક્કરમાં આવવાનું બનત જ નહીં. દુનિયામાં બાળ્યાને શોચવાનું હોતું નથી, રહ્યાને બચાવવાનું હોય. આગ વખતે મ્યુનીસીપાલિટી પ્રથમ જોડેના છાપરાની પાંખ કાપી નાંખે, જોડેવાળાને બચાવી લે; તેમ અનાદિકાળથી આત્માની આ સ્થિતિ થઈ. હવે તે સ્થિતિનો વિચાર શા કામનો ? કૂવામાં માણસ પડ્યો તો કેમ પડ્યો ? તેની ભાંજગડ ન કરે, પણ કાઢવાની ભાંજગડ કરે. એ બધી ભાંજગડને છોડી દેવામાં આવે, કાઢવાનો રસ્તો લે. કયા ગામનો, કઈ જાતિનો, કેમ આવ્યો, કેમ પડયો તે વિચારાય જ નહિ. તેને કાઢવો કેમ ? તેમ આ જીવને અંગે અનાદિથી કેટલા ભવથી રખડે છે તે વિચારવાનું ન હોય. હવે નિસ્તાર કેમ થાય ? તે જ વિચારવાનું. આત્મા ક્યાસ્નો, કર્મ કેવી રીતે બંધાયું, પુદ્ગલે કેવી રીતે નચાવ્યો ? તે હવે વિચારવાનું ન હોય. હવે માત્ર કેવી રીતે નિસ્તાર થાય ? તે વિચારવાનું. દરદની ભયંકરતા સમજાયા વગર ડૉક્ટર કે વૈદ્યની કીંમત થતી નથી. બાળકને સંગ્રહણી થઈ હોય, વૈદ્ય સંગ્રહણી કહી. બાળક દરદનું નામ બોલે છે પણ બાળકને સંગ્રહણીના રોગની ભયંકરતાની અસર નથી તેવી રીતે અનાદિ આત્મા છે. જન્મ, જરા, મરણનાં ચક્કરમાં આધીન છે. તેની અસારતાનો ખ્યાલ ન આવે ત્યાં સુધી પુદ્ગલની અસારતાનો ખ્યાલ ન આવે. વકીલ અસીલના નામે બોલે છે

બધું, અને શબ્દથી બોલે છે. પણ જોખમદારીનો છાંટો વકીલને નહીં. કોથળી ખાલી થાય તો વાદીની. ભરાય તો વાદીની. વાદીની વતી માત્ર બોલવું છે. જોખમદારી નહી. આપણને પણ જિનેશ્વર મહારાજે નવતત્ત્વો કહ્યાં છે. આમ આશ્રવ, સંવર, નિર્જરા, મોક્ષ કહ્યા છે. જિનેશ્વર મહારાજે કહ્યું છે—એ જે આશ્રવો કહ્યા છે તેના જુલમને કરનાર હું. બંધ કરનાર હું. આશ્રવ બંધથી મારે પાછા હઠવું જોઈએ. જોખમદારી આપણા આત્માની સમજવી જોઈએ. જિનેશ્વરે નવતત્ત્વ કહ્યાં છે, તેમ અભવ્ય પણ નવતત્ત્વો કહે છે. તેનું જ્ઞાન અભવ્ય પણ મેળવે છે. નવતત્ત્વનું નિરૂપણ પણ અભવ્ય જૈન શાસન પ્રમાણે જ કરે છે.

## શાસ્ત્ર કે શાસનથી એક અક્ષર કે પદ વિપરીત બોલનારને શાસનમાં સ્થાન નથી.

જૈન શાસનની મહત્તા એટલી બધી છે કે—અભવ્ય નવે તત્ત્વો ભલે ન માને, અભવ્ય મોક્ષતત્ત્વ માને જ નહીં. મોક્ષ માને તો અભવ્ય હોય નહીં. આટલું છતાં તેને નિરૂપણ તો નવતત્ત્વોનું કરવું પડે. એક અક્ષર આડો બોલાય છો તેને શાસનમાં સ્થાન અપાય નહી. પદો શાસ્રો ઉથલાવે તેને જૈન શાસનમાં સ્થાન નહીં. અક્ષર ઉથલાવે તેને પણ શાસનમાં સ્થાન નથી. તે વાત જમાલિમાં સમજી શક્યા છીએ.

જમાલિ ૫૦૦ રાજકુમાર સાથે દીક્ષા લેનાર. જેની સ્રીએ પણ હજાર રાજકુંવરીઓ સાથે દીક્ષા લીધી છે. આવા જમાલિને એક અક્ષરના ફેરમાં શાસને છોડી દીધો ! કાઢી નાખ્યો ! શાસન આમ મજબૂત, સહનશક્તિમાં—પ્રવૃત્તિમાં મજબૂત, પણ પ્રરૂપણાની બાબતમાં તદ્દન કોમળ ! શાસનમાં એક પદનો, અક્ષરનો ફેર આ શાસન સહન નહીં કરે, તેથી જ અભવ્યને

માન્યતા નહીં છતાં પ્રરૂપણા નવે તત્ત્વની કરવી પડતી. અભવ્યને પણ જિનેશ્વરોએ આમ કહ્યું છે. તેમ કહીને નવેય તત્ત્વો દેખાડવા જ પડે. આપણે નવતત્ત્વ શીખીયે, બીજાને સમજાવીએ આપણો આત્મા આશ્રવ–બંધની ભયંકરતા અને સંવર-નિર્જરાની ઉત્તમતા ન સમજે, ત્યાં સુધી આપણે પણ તે તત્ત્વો બોલીએ તેમાં શું? છોકરો સંગ્રહણી બોલે છે, પણ પોતાને તે રોગ થયો છે તેની ભયંકરતા તેના ખ્યાલમાં નથી ત્યાં સુધી દવા ને દાક્તરની કીંમત બાળકના ખ્યાલમાં આવે નહીં. તેમ અહીં જીવને સમ્યક્ત્વની કીંમત ક્યારે ખ્યાલમાં આવે? અનાદિ સંસારચક્રનું ભયંકરપણું ન સમજે, ત્યાં સુધી તેને સમ્યક્ત્વની કીંમત ન થાય. ભટકવું ભયંકર છે, તે ન સમજે ત્યાં સુધી સમ્યક્ત્વની ઉત્તમતા ન આવે, તેમ સમ્યક્ત્વરૂપી ઓષધ દેનાર વૈદ્ય સમાન જિનેશ્વર દેવ ઉપર આદર થાય નહીં. બચ્ચાંઓ કે મોટા પણ કેટલાક એવા હોય કે દવા ફેંકી દે છે. કેમ? દરદની ભયંકરતા ખ્યાલમાં રહી નથી. તેથી દવાનો, વૈદ્યનો ગરજી નથી બનતો દરદની ભયંકરતાવાળો દવાનો અને વૈદ્યનો બરોબર ગરજી હોય તે કહે તેમ કષ્ટ સહન કરે, અને ચરી પાળે છે. જે મનુષ્ય દરદની ભયંકરતા નથી સમજતો તે ચરી પળાવણાવાળા વૈદ્યને વૈરી ગણે. દરદની ભયંકરતા નહીં સમજનારો વૈદ્ય ઉપર કંતરાજીવાળો થાય. આપણને રોગ, શોક, જન્મ, જરા, મરણ વિગેરેની ભયંકરતા ખ્યાલમાં ન આવે ત્યાં સુધી વીતરાગદેવ કહ્યા છે છતાં તે બાળકની માફક ફેંકી દેવા લાયક થાય. અનાદિનાં ચક્કર–ભ્રમણને તથાપ્રકારે ખરાબ નથી ગણતા એટલે ગુરુમહારાજ હોય તો ધરમ કરીએ, અને ગુરુમહારાજ ગયા એટલે ચ-વળો, કટાસણા અભરાઈએ મેલીએ. દવા કેટલાક બાળકો

માબાપની હાજરીમાં લે, તે આડાઅવળા ગયા તો ઢોળી દેવી. ગુરુમહારાજની હાજરીમાં ધર્મ કરે, વિહાર કરે તો ઉપાશ્રયે ન આવે. હજુ આપણી છોકરમત નથી ગઈ. કારણ શું ? જેમ બચ્ચાંને દરદની ભયંકરતા માલમ ન હતી, તેમ આ આત્માને પુદ્‌ગલની પરાધીનતા, ઇન્દ્રિયની અધમ દશા હજુ માલમ પડી નથી. જેમ પુદ્‌ગલના દરદને અંગે ભયંકરતા માલમ પડે, પછી ડાક્તરે એક વખત દરદ પ્રતિ દવા અને ચરી બતાવી, પછી તે દવા ચરીને આપણે છોડતા નથી એક વખત મુનિ મહારાજનો યોગ મળ્યો પછી આખી જિંદગી ધર્મમાં તન્મય. પ્રાચીનકાળના મનુષ્યોને ઇન્દ્રિયની ભયંકરતા ભાસી હતી. એક જ વખત સારા ડૉકટરે દરદની પરીક્ષા કરી હોય, પછી ડાક્તર ઘેર જાય તો પણ દવા ને ચરી બરાબર પકડી રાખે પ્રાચીન કાળમાં એક વખત મહાપુરુષનો જોગ થયો. તેમણે જે ધર્મ કહ્યો તેની અસર થઈ. તે જિંદગી સુધી ન ભૂલે. તે માટે જ કહે છે કે અનાદિકાળના ચક્કરમાં આપણે રખડયા, હવે ભયંકરતા ભાસે તો નવી ભોગવવાનો વખત ન આવે. આ સમજશો તો સમકિત શી ચીજ છે ? તે સમજાશે. અનાદિ ભવચક્રમાં આ જીવ પીલાયો × તેથી પોતાનાં સ્વરૂપને ઓળખી ન શકયો. હવે ભગવાન જિનેશ્વરરૂપી વૈદ્ય મળ્યા. તે વૈદ્યે ભાન કરાવીને દવા આપી. દરદ માત્રમાં કોઠો ચોખ્ખો કરવો જ પડે. કોઠાની દરકાર નહીં ને દવા કરવી એમ ન કરાય, તેમ મોક્ષ મેળવવા માટે જે અનુષ્ઠાન હોય તેમાં અનાદિનો ભવભ્રમણનો ડર રાખવાનો છે. અનાદિનું ભવભ્રમણ ટાળવાનો ડર દરેકને હોવો જ જોઈએ.

## નિરાશંસપણે તપ કરવો.

તમે તપસ્યા કરો. હું કહું છું, પણ આ લોક પરલોક

કીર્તિવર્ણ પ્રશંસા માટે તપ ન કરો. અહીં એક વાત ધ્યાનમાં રાખજો. અહીં નિષેધ શા માટે કરાય છે? કર્મક્ષયનો મુદ્દો, નિર્જરાનો મુદ્દો હૃદયમાં રાખી જરૂર તપ કરો. આ લોક, પર-લોક, કીર્તિ આદિ માટે તપ ન કરો. કર્મની નિર્જરા માટે તપ કરવાનો. સર્વ તપ આચારની જડ કઈ? અનાદિથી રખડાવનાર કર્મોનો નાશ કરવો. સંવર અને નિર્જરાના અર્થી ન બનીએ ત્યાં સુધી કર્મનાશનો પંથ ક્યાંથી? કોઠો ચોખ્ખો ન હોય ને બહાર લેપ કર્યે જવાય તો? ખસ ઉપર લેપ કરીએ પણ અંદર કોઠો સાફ ન હોય તો લેપ અસર ન કરે. તેમ સંવરની સુંદરતા આશ્રવની અસુંદરતા ન સમજાય તો પછી ગમે તેટલું તપ સંયમ કરાય તેની કીંમત નથી. જડ પદાર્થને આશ્રવબંધ નથી. આશ્રવ-બંધ જીવને-ચેતનને, પરંતુ એ બે કોણ છે? કર્મ રાજાના જાસુસ, આત્મામાં રહ્યા છતાં પોપણુ કર્મ રાજાનું જ કરે છે. આત્માના ખરા શૂરા સરદાર ભાયાત હિતૈષી કોણ? સંવર અને નિર્જરા. એ બેજ આશ્રવો રોકે, કર્મનું નિકંદન કરે. એજ આપણને મોક્ષ દેવડાવનારા. આ બુદ્ધિ થાય ત્યારેજ ધર્મ સમજ્યો ગણાય.

## આશ્રવબંધનું જાસુસપણું

કબજો અને માલિકી છતાં વ્યવસ્થા કરવાનો હક સમજણ વગર મળતો નથી. નાનાં છોકરાને મોતીનો નેકલેસ પહેરાવ્યો. હવે નેકલેસ, તેના કબજામાં છે, તેની માલિકી છે છતાં કોઈને તે આપી શકે ખરો? તેની કીંમત ન સમજતો હોવાથી તેની વ્યવસ્થા કરવાનો હક તેને નથી. આશ્રવ અને બંધ બંને આપણા આત્મામાં રહ્યા છે, પણ એ હિત કરે છે કે અહિત કરે છે? તે ન સમજાય ત્યાં સુધી આપણને તેની વ્યવસ્થા કર-વાનો હક નથી; માટે જ આશ્રવબંધનું જાસુસીપણું ને સંવરને

નિર્જરાનું શૂરવીર હિતૈસ્વીપણું ન સમજાય ત્યાં સુધી સમકિત ન થાય. માથે પડેલો માંદો મનુષ્ય કુંવારો હોય, દરિદ્ર હોય, છતાં તે બૈરી કે નાણું ન માંગે; માત્ર જીવન માંગે. તેમ અહીં અનાદિથી વ્યાધિગ્રસ્ત, મોક્ષ જ માંગે ત્યાં સમકિત. તેમ અહીં જેમને દેવલોક ચક્રવર્તી વાસુદેવપણું એકે ગમતું નથી. માત્ર મોક્ષ જ ગમે છે. સંવર અને નિર્જરા, મોક્ષના મદદગાર; માટે એ જ મારા હિતૈષી. બંધ આશ્રવ એ બેજ મારું નુકશાન કરનારા નિમકહરામ. રહે આત્મામાં અને આત્માને ઊંધે માર્ગે પ્રવર્તાવે ! આ બે આત્માની જોડે રહેનારા છતાં આત્માનું કાસળ કાઢવાનો ધંધો કરનારા ! તેને નિમકહલાલ ન ગણાય. તેમ આત્મામાં રહેલા બંધ આશ્રવ, રહે આત્મામાં--આત્મા સાથે રહે પણ આત્માનું કાસળ કાઢે. જ્યારે સંવર અને નિર્જરા એ બંને નિમકહલાલ.; માટે સંવર અને નિર્જરા તરફ આદર થાય.

## આવેલું સમકિત ટકાવી રાખો.

મોક્ષ સાધ્ય ગણે તો જ સમકિત, પરંતુ શાસ્ત્રકાર કહે છે કે-એવું સમકિત આવ્યા છતાં એ સમકિતને ટકાવી ન શકીએ તો શું થાય ? ચોખા ચડતાં કેટલીવાર ? આંધણ તૈયાર હોય તો ૦। કલાક. આંધણ તૈયાર ન હોય તો ૦॥. કલાક. એક બાઈએ તપેલી ચૂલે ચડાવી, પાછી મિનિટ નીચે ઉતારી, પાછી ઉપર મેલી. ચૂલો ચાલતો રાખ્યો. એમ સાઠ વખત મેલી, તે ચોખા ચડે ખરાં ? ત્રીસ મિનિટને બદલે સાઠ મિનિટ ચૂલે મેલી, કેમ ચોખા ન સીઝ્યા ? અર્ધા કલાકે ચોખા ચડે, નિરંતર અગ્નિ ઉપર રહે તો ચડે. ચડ-ઉતર કર્યા કરવામાં ચોખા ન ચડે. ચોખા તદ્દન પોચા અને વહેલા ચડવાવાળા છે, તેથી દાખલો આપ્યો. પોચા ગણાતા ચોખા પણ તપેલી સ્થિર રહે

તો જ ચડે. ચોખા ચડવાનું સ્થિરતા વગર ન થાય, તો તમારે આશ્રવ બંધને હરામખોર તરીકે સાંભળતી વખતે ખરાબ માન્યા, પણ પછી ? બીજી વખત સાંભળ્યા તો વળી ધ્યાન પર આવ્યું કે—આશ્રવ બંધ હેરાન કરનારા છે. આમ વાત ગઈ વાત આવી તેમાં કંઈ ન વળે. આશ્રવ અને બંધને અંગે હરામખોરી સમજ્યા છો, તે મગજમાંથી ખસવી ન જોઈએ. ખાવા—પીવા, હરવા—ફરવા ચાહે તેમાં હો, પણ તે વાતો મગજમાંથી ખસવી ન જોઇએ. તમને દુનિયામાં કોઇ બનાવી ગયું હોય પછી તે બાબતનો નિકાલ પણ થઈ ગયો હોય—ચોખવટ પણ થઈ હોય, છતાં કીનો મગજમાંથી જતો નથી; તેમ બંધ આશ્રવની કીનાખોરી મગજમાંથી ન ખસે ત્યાં સુધી સંવર નિર્જરા મારો ઉદ્ધાર કરનાર—હિત કરનાર એમ મગજમાં આવે નહિ. એ વસ્તુ મગજમાં આવે ત્યારે સમકિત થયું સમજવું. બુધવારીયામાં જતાં જતાં કોઇકે તેના તમામ દાવા પોતાના ખાતે કબૂલ કર્યા, અને ઉપરથી તેને વેપાર કરવા માટે માલ આપ્યો ! આ રીતે પરનો ઉપકાર પામેલ મનુષ્યને પેલાનો ઉપકાર મગજમાંથી નીકળે ખરો ? જ્યારે તેને ન ભૂલીએ તો નરક નિગોદ માટે આઉખાં બાંધવા તૈયાર થએલો હોય, તેવા આત્માને છેલ્લે ટાંકણે સંવર—નિર્જરાનો સાથ આપ્યો. તે સંવર અને નિર્જરાએ બાંધેલા આઉખાંને રગદોળીને તે આત્માને મનુષ્ય—દેવનું આઉખું બાંધતો કર્યો. આવા અણી વખતે દુઃખ વખતે આધાર થનારા સંવર નિર્જરાને મગજમાંથી કેમ વીસરી શકાય ? આશ્રવ બંધનું જાસુસીપણું વીસરે નહીં અને સંવર નિર્જરાનું હિતૈષીપણું મગજમાંથી વિસરે નહીં, તેનું નામ સ્થિરતા. આમ બુદ્ધિથી સ્થિરતા થઈ હોય તે ખરેખર બીજાની આંખ ઉઘાડી શકે.

## સુબુદ્ધિપ્રધાને સમજાવેલ ઇષ્ટાનિષ્ટ સ્વરૂપ.

એક રાજાને સુબુદ્ધિ નામનો પ્રધાન પરમાસ્તિક. સ્વપ્નમાં પણ જેને આશ્રવ બંધનું ભયંકરપણું અને સંવર-નિર્જરાનું હિતૈષીપણું પણ ખસ્યું નથી. જેઓ આશ્રવ બંધને ખરાબ ગણે તેઓ તેવા આશ્રવ બંધથી નીકળી ગએલાઓને મહાપુરુષ ગણે તેમાં નવાઈ શી? અરિહંત મહારાજા કર્મના આશ્રવથી નીકળી ગયેલા, સંવરના સ્રોતમાં સ્નાન કરેલા, એવા તરફ ઝૂકે તેમાં નવાઈ શી? સુબુદ્ધિ પ્રધાન વિચારે છે કે-જે રાજાનું લૂણ ખાઉં તેનું હિત ન કરું તો કેવું કહેવાય? જેને હું હિત માનું છું, તેવું હિત મારે તેનું કરવું જોઇએ. આ હિત દુન્યવી નહીં પણ વાસ્તવિક હિત હોવું જોઇએ. સંગ્રહણીના દરદવાળાને લાડુ પેંડા અપાતા નથી. કારણ? તેને લાડુ-પેંડા વાસ્તવિક હિતકર નથી. તમારું નાનું બચ્ચું છે. તમે તેના પાળક, તેનાજ આધાર તમે છો. બાળક રડે છતાં લાડવા ન આપો, શા માટે? તેના હિત માટે. એ જ રીતે જગતના જીવો તો પુદ્ગલો મળે તો જ રાજી, પણ સંગ્રહણીના રોગવાળા બાળક માફક તેને નુકશાન-કારી છે. કર્મરાજાએ મોકલેલી પાંચમી કતાર છે, એમ વિચારીને સુબુદ્ધિ ધારે છે કે-હવે રાજાને મારે હિતને રસ્તે લાવવો. આ વિચારમાં રહે છે તેવામાં રાજા, સુબુદ્ધિ પ્રધાન સાથે રવ-વાડીમાં નીકળ્યો છે. ગામ બહાર ખાઈ આવી. મડદાં અને વિષ્ટાની દુર્ગંધ પ્રસરી રહી છે. આખું લશ્કર મુખે ડુચો દઈ ઘોડા દોડાવી ગયું! સુબુદ્ધિ પ્રધાન વિચારતો ચાલ્યો, તેને દુર્ગંધીનો ખ્યાલ નથી. પ્રધાને વિચાર કર્યો. રાજાને બરોબર આ રસ્તે સમજાવી શકાય તેમ છે. એ જ ખાઈમાંથી પ્રધાને પાંચ સાત ઘડા પાણીના મંગાવ્યા. તે મંગાવીને કોલસા, રાખોડી-

દ્વારા ગાળી સંસ્કાર કરીને તે ગંદા પાણીને ફક્કડ બનાવ્યું. સંસ્કારવાળું શીતળ સુગંધી પાણી બનાવી રાજાને નિમંત્રણ કર્યું કે—મારા ઘેર પગલાં કરો.—જમવા પધારો. રાજા આવ્યો. જમવા બેઠો. પાણીનો વખત થયો ત્યારે નોકરે કરેલી સૂચના અનુસાર પેલું પાણી આપ્યું. અરે સુબુદ્ધિ! અરે....તું પાણીથી પાતળો થયો? આવું પાણી તું દરરોજ પીએ છે ને મને દેખાડતો પણ નથી. હું તને અળખામણો લાગ્યો? સુબુદ્ધિ-પ્રધાન સમજ્યો કે ગાડી રસ્તે આવી. પીતા સારું લાગે છે, પણ ઉત્પત્તિ કહી સારુ નહીં લાગે છતાં લાભ થવાનો ધારીને કહ્યું—મહારાજ, જે ખાઈએથી તમે દોડી આવ્યા તેજ ખાઈનું આ પાણી છે. આ રસ્તે—રીતે આ નિર્મળ કર્યું! હવે રાજા ચમક્યા! તે જ આ ગંદું પાણી? છતાં આવું સુંદર થયું? રાજાને જ્યાં પ્રત્યક્ષ પારખું થાય ત્યાં બોલવાનો વખત રહે નહીં. પણ પ્રધાનને આ પ્રયાસ કેમ કરવો પડ્યો? એ નહિ સમજવાથી રાજાએ પૂછ્યું કે—તમે આટલા પાણી માટે આટલી મહેનત કેમ કરી? પ્રધાને કહ્યું—એક જ કારણ. આ પુદ્ગલનું અનિષ્ટપણું થાય ત્યારે તમે 'ઉં ઉં' કરો છો અને ઇષ્ટપણું થાય ત્યારે વાહવાહ હાં....હાં કરો છો. પરંતુ "**कश्चिच्छुभोऽपि विषयः परिणामवशात् पुनर्भवति अशुभः। कश्चिदशुभोऽपि भूत्वा कालेन पुनः शुभीभवति। तस्मात् न विद्यते किञ्चिदिष्टमनिष्टं वा**" એ વસ્તુ તમારા લક્ષ પર લાવવી હતી. આ જીવ તેજ અર્થમાં લીન અને નકામો છું કરે છે. પાંચ પકવાન થાળમાં સુંદર દેખાય તેજ પકવાન ચાવતી વખતે સામું આટલું રાખો તો ગળે પણ ન ઉતરે.

## શરીર એટલે અશુચિકરણ યંત્ર.

અશુચિકરણ યંત્રમાં ખોરાક દાખલ થયો. પદાર્થ ખરાબમાંથી

સારા બનાવે તેવા યંત્રો હોય. પણ સારા પદાર્થને હલકા બનાવનાર યંત્ર જો કોઈ હોય તો આ શરીર. અનાજની વિષ્ટા, પાણીનો પીશાબ, કસ્તુરીનો કચરો કરનાર આ શરીર છે. એ જ પકવાન વિષ્ટારૂપે થયાં, ત્યારે દુર્ગંછા થાય. તે જ ખેતરમાં શાક તૈયાર થયું. પછી પૈસા ખરચી લેવા તૈયાર થયા. આ જીવ ઇષ્ટ હોય ત્યારે તે જ પદાર્થો પ્રત્યે રાગ અને અનિષ્ટ હોય ત્યારે તે જ પદાર્થ ઉપર દ્વેષ કરે છે. સારો થાય તો ખુશીમાં આવે, નઠારો થાય તો નાખુશ થાય. ઇષ્ટપણે હતા એના એ પુદ્ગલો અનિષ્ટપણે પરિણમે. આ ખ્યાલ લાવવા માટે આ પ્રયત્ન કરવો પડયો. આ રીતે જ્યારે જીવાદિક પદાર્થો સમજાવ્યા ત્યારે રાજા સમકિતી થયો. પુદ્ગલનું ઇષ્ટાનિષ્ટપણું તે કર્મરાજાની પાંચમી કતાર છે.

ફકીર, પાદશાહ પાસે આવ્યો. પાદશાહ કાળો છે. અરે.... કોયલા ! ફકીરે પાદશાહને કોયલો કહી બોલાવ્યો. ક્રોધ ચડયો. ફકીરને કહ્યું–ક્યું તણતણતા હૈ ? ફકીરે કહ્યું કોયલા જ તણ તણ થાય. પાદશાહે દેખ્યું કે આ ફકીર, હું પ્રાંતનો માલિક, આ બધે ઘુમવાવાળો તેને હું શું કરીશ ! સિદ્ધવાળાને દંડ થાય. દેશનો હોય તો દેશનિકાલ કરું, કેદમાં નાખું તો ભટકવું મટયું. આવા ને ફકીર ઓલીયાની ઉપર બીજો વિચાર કરીએ તે ઠીક નહીં. પાદશાહ ઠંડો પડી ગયો. અહિં એ ઉપનય લેવાનો કે– તણતણતા રહો તો પણ કોયલો, ધીગતા રહો તો પણ કોયલો. આ પુદ્ગલ સારું રૂપ કરીને ખેંચે તો પણ ખરાબ–પાંચમી કતાર, દ્વેષદ્વારા ખાડામાં નાખે તો પણ પુદ્ગલ છે તે પાંચમી કતાર, માટે હે રાજન્ ! પુદ્ગલના અનુકૂળ પ્રતિકૂળપણાએ આત્માને દોરવાનું હોય નહીં. આત્માને પોતાના સ્વરૂપમાં

રાખવો તેનું નામ સમકિત. આવું સમ્યક્ત્વ ઉત્પન્ન થયાં છતાં એક વાત ધ્યાનમાં રાખવી કે–દરીયામાં મુસાફરી કરનારો દરીયા વચ્ચે (જહાજ) છોડે તો શું થાય? મિથ્યાત્વમાં રહેલો જીવ જેટલું પોતાને દુનિયાને નુકશાન કરે તે કરતાં સમ્યક્ત્વ પામી, ધર્મ પામી, ધર્મથી ખસવાવાળો સજ્જડ નુકશાન પામે.

**સમ્યક્ત્વનું પ્રથમ ભૂષણ.**

તમારામાંથી વટલેલા તે ભરદરીયે જહાજ છોડવાવાળા. તમે સમકિત એટલે ઉત્તમ ખાનદાનીવાળા. ઉપધાન કરાવ્યા તેવી છોકરી બોલવા લાગી કે–મારા બાપે મને ડૂબાડી! એટલે તમને થાય કે–આવા સંતાનો? ધર્મને કુળને ધક્કો લાગ્યો. તમારામાં આવેલો ઘરનો ભેદુ થાય, તે વખતે દુનિયામાં શું થાય? ભરત ચક્રવર્તીએ છ ખંડ સહેલાઈથી જીત્યા તે ભરતને બાહુબળને જીતતાં બહુ મુશ્કેલી પડી. બાહુબળજી આગળ પાંચ પાંચ વખત હાર ખાધી. ધરતીને જીતવો બહુ મુશ્કેલ. ધર્મી ગણાવા લાગેલા એવા ધર્મથી પતિત થાય, અધર્મમાં જાય તેવા અધર્મનું જે પોષણ કરે તે અકથનીય છે. આરોપીનો સંબંધી સાક્ષી પૂરી જાય, તો કોરટ શું ગણે? સમકિતી ધર્મી ગણાયેલો એ જ્યારે ઉલટો થઈ આડું બોલવા લાગે, તો દુનિયામાં શું ગણે? માટે આ સમ્યક્ત્વને ધર્મને એક વાત સચોટ રાખવાની છે કે સમકિત-વાળો સ્થિરતાના ગુણવાળો હોવો જોઇએ. નહીંતર દુનિયાના સમ્યક્ત્વને બગાડે. જન્મનો મિથ્યાત્વી જેટલો ધર્મને નહીં બગાડે તેના કરતાં સમકિતમાંથી નીકળી જે મિથ્યાત્વી થાય તે બહુ નુકશાન કરનાર થાય. તમારો ભાગીયો તમારા ઘરાક પર લૂંટ પાડે તેવી બીજો લૂંટ નહીં પાડે. આ વાત ખ્યાલમાં

લેશે ત્યારે સમ્યક્ત્વનાં ભૂષણની કિંમત જણાશે. સમ્યક્ત્વનાં પાંચ ભૂષણો જણાવતાં સમ્યક્ત્વનું પ્રથમ ભૂષણ–સ્થિરતા બાઈ રૂપાળી હોય પણ લુગડાં લત્તા ઘરેણાં વગરની હોય તો સજ્જનને મોં ફેરવવું પડે સમ્યક્ત્વ સ્થિરતા વગરનું હોય તો નાગું. સમ્યક્ત્વને અંગે લુગડાં લત્તા ઘરેણાં ગણો તો સ્થિરતા છે. આદમી લુગડાં ઘરેણાંવાળો હોય તો દૃષ્ટિ કરવા લાયક. એ લુગડાં કાઢીને બેઠો હોય તો આપણે તે રસ્તો છોડી દેવો પડે. તેમ સમ્યક્ત્વ સુંદર, મોક્ષનો માર્ગ, પણ જો તે સ્થિરતા વગરનું હોય તો તે નાગી દશાનો આદમી–સમ્યક્ત્વ ક્યારે યોગ્ય? સ્થિરતારૂપી આભૂષણ હોય તો જ પ્રશંસવા લાયક છે, માટે "**સ્થૈર્ય**" એ સ્થિરતા કર્યા છતાં એક નિયમ છે કે 'બાનેકા સ્વાદ દુસરેકુ ખીલાવ.' બીજાને જમવા બોલાવ્યા હોય તે પ્રશંસા કરે તો જ ખાવાનો સ્વાદ એમ સમકિત સુંદર લાગ્યું-ગમ્યું પણ બીજાને તેવા તૈયાર કરો તે ક્યારે બને? પ્રભાવના થાય ત્યારે. આથી સમ્યક્ત્વનું બીજું ઘરેણું **પ્રભાવના.** જગતમાં પ્રભાવના–લાણી કરો તેમાં ધર્મની યશકીર્ત્તિ કેવી વધે છે? અહિં પતાસા બદામ લાડવાની પ્રભાવના નહીં પણ શ્રદ્ધાની લાણી સમજવાની છે. તે લાણી કરો. કેટલાકો એવા હોય કે 'ઢોલ વગડાવ્યા તેમાં શું?' એવા બિચારાને માલમ નથી કે–જેટલા જીવો ધર્મને વખાણવાવાળા થાય, જેટલા જીવોમાં ધર્મની કીંમત–બહુમાન થાય, તેટલા અને તેવા જીવો છેવટ આવતા ભવે તો સમ્યક્ત્વ પામે. આપણે સમકિતનું દાન કરનારા થઈએ છીએ.

## એક મનના છતાં ધર્મ સાંભળી ભિન્નમનના થયા!

એક જગો પર બે ગોઠીયા છે. એવા છે કે–સાથે જમનારા

દેશાંતરે જનારા હોય પણ આ બે ગોઠીયા એવા છે કે–"અહીં એકનું મન જે થાય ત્યાં બીજો બીજે ઠેકાણે રહેલો હોય તેને પણ તેજ વિચાર આવે–તેવું જ મન થાય" ગોઠીયાની સ્થિતિ તપાસો તેથી લોકોએ તેનું એકમનિયા નામ પાડયું. કોઈક વખત તે બંને તીર્થંકર પાસે આવ્યા. દેશના સાંભળી. સાંભળતાં સાંભળતાં એકને ધર્મ રુચ્યો, બીજાને ન રુચ્યો. બંને વિચારે છે કે–"આપણે બંને એક મનવાળા છતાં જિંદગીમાં મનમાં ભેદ પડયો નથી છતાં અહીં ભેદ કેમ પડયો ? ચાલ પાછા. પાછા વળીને તીર્થંકરને પૂછયું કે અમો અભિન્ન મનવાળા છતાં દેશનામાં અમને કેમ ભેદ પડયો ? ભગવંતે ખુલાસો કર્યો કે, તમે બંને પૂર્વભવમાં ચોરનો ધંધો કરતાં હતાં. એક વખત ચોરી કરવા જતાં શુકનમાં સાધુ મળ્યા ત્યારે એકે વિચાર્યું કે–બીજા છે તેવા આ પણ મનુષ્યો છે. મુંડીયો અપશુકનીયો છે. બીજાએ વિચાર્યું કે આ સાધુ મહાત્મા છે. આ પ્રમાણે ત્યાં બંનેને વિચારભેદ થવા પામ્યો. આ વિચારના ભેદથી આ ભવે અહીં દેશનામાં તું ધર્મ પામ્યો, અને એ ધર્મ ન પામ્યો.... ચોરી કરવા જતાં સામા સાધુ મળ્યા તેથી હરખાય તેને ધર્મની સુલભતા થાય. પૂજા પ્રભાવના દેખી હર્ષ થાય તેવાને બીજા ભવમાં ધર્મપ્રાપ્તિ, સુલભ થાય, તેમાં નવાઈ નથી. **પ્રભાવના** બીજું ભૂષણ જ જણાવ્યું. હવે પ્રભાવના ઘરેણું કેટલું કાર્ય કરનાર થાય છે ? તે અગ્રે:–

# દેશના—૧૯

(૨૦૦૦ ફા. વ. ૦)) નેમુભાઈની વાડી, સુરત.)

## પ્રશંસા-અનિષેધ-સહવાસ એ અનુમોદનના પ્રકાર છે.

શાસ્ત્રકાર મહારાજા, ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ કરતા થકા આગળ સૂચવી ગયા કે-જગતના વ્યવહારમાં શ્રીમંતાઈને કે ઊંચા કૂળને શ્રીમંત કે ઊંચા કૂળ તરીકે જેવાય છે, તેઓવડે પરનું હિત થવાની બુદ્ધિએ જોવાય છે. તેની તરફ જેવી લાગણી થાય તેવી અહિત જોવાવાળો, રિદ્ધિવાળો, કે કૂળવાળો હોય તો પણ તે તરફ આપણી તેવી મીઠી દૃષ્ટિ થતી નથી. મહારિદ્ધિવાળો હોય-ચાહે જેવો કાર્યકરો હોય, પણ વફાદાર ન હોય તેને જાસુસ ગણાય છે. પ્રજાજન ગણાતો નથી. આત્માને આશ્રીને વિચારીએ તો વફાદાર કોણ ? બીનવફાદાર કોણ ? આત્માના હિતને જ તકાશે તે વફાદાર, અને પુદ્ગલના હિતને જ તકાશે તે બીનવફાદાર. પુદ્ગલના હિતને જ તકાસે તે ચેતનમય આત્માની અપેક્ષાએ કર્મરાજાની પાંચમી કતાર. તે કતાર મારફત કર્મરાજા, આત્માની ઉપર પોતાના પગદંડો જમાવે છે. જગતમાં મનુષ્યના જેમ આર્ય અને અનાર્ય પ્રજા તરીકેના બે વર્ગો છે, તેમ જગતની અંદર-૧૪ રાજલોકની અંદર પણ બેજ વર્ગ છે. જડ અને ચેતન. આ જગતના પદાર્થોને અંગે બેજ વર્ગો છે. જડ અને ચેતન. તેમાં કર્મરાજા જડ પુદ્ગલો દ્વારા જ બીજાઓને નિર્બળ કરે છે. બીજાઓમાં બળવો જગાવવો, બેવફા કરવા, તે બધું તેનું કામ.

પુદ્ગલજ કર્મરાજાની પાંચમી કતારનું કામ કરે છે. સારા સ્પર્શવાળા, સારા ગંધ–રૂપ–રસ–શબ્દવાળા પુદ્ગલો જીવને મુંઝવે, તેમ અશુભ સ્પર્શાદિકવાળા પુદ્ગલો દ્વેષ કરીને આત્માને મુંઝવે. એમ પુદ્ગલો, આત્માને બંને પ્રકારે મુંઝવે. ઇષ્ટ પુદ્ગલો કે અનિષ્ટ પુદ્ગલો રાગ કે દ્વેષદ્વારા આત્માને કર્મ આધીન કરી મુંઝવે આ વસ્તુ સમજવી તેનું નામ સમકિત. સમકિત વસે તેને આવી માન્યતા થાય. આત્માથી પુદ્ગલો કેવા ભિન્ન છે, તેમજ તે બંનેની કેવી વિચિત્રતા છે, તે સમકિતીને ખ્યાલમાં આવે. આત્માની શુદ્ધિ માટે કૃતનિશ્ચયી થાય અને કર્મસત્તાની સામો પડે: ત્યારેજ સમકિત થાય. જ્ઞાતાજીમાં કહ્યું છે કે–જિતશત્રુ નામનો રાજા છે. સુબુદ્ધિ નામનો સમકિતી પ્રધાન છે. પૂરો સમકિતી છે.

શ્રાવકોને ત્રિવિધ પચ્ચક્ખાણ હોતા નથી. સામાયિક કરો તેમાં 'દુવિહં–તિવિહેણું' બોલો છો. કેટલાકો 'દુવિહં–ત્રિવિહં' નો અર્થ શો ? તે નથી સમજતા. તેમ પોસહ, સામાયિક કે પૂજા કરતાં હો, તે વખતે તમે સીવીલડેથમાં નથી. સામાયિક કર્યા પછી પહેલાંની ઉઘરાણી કરી શકે. 'હું માગું છું, મારા આપ'. પણ તું તો હમણાંજ **'सावज्जं जोगं पच्चक्खामि'** કહીને બેઠો હતો. પાપવાળા વેપારનો ત્યાગ કર્યો હતો, તો 'હું માગું છું.' તે ક્યાંથી આવ્યું ? તો સમજો કે–શ્રાવક સામાયિક–પૌષધ–ઉપધાન વગેરેમાં બેસે, પણ લેણદેણની બાબતમાં તે મરણ નથી પામ્યો. માલિકી–કબજો નથી છોડયો. ભલે **'समणो इव सावओ'** સાધુ જેવો ગણાતો છતાં માલિકીને કબજો નથી છોડ્યો. સાધુ દીક્ષા લે તે દિવસે દેવાને માટે લેણદેણને માટે મરી ગએલો. અનુમોદનનો પણ ત્યાગ. આપણામાં પ્રસિદ્ધ તરીકે અનુમોદનાનો અર્થ વખાણવું નહીં એ છે; પણ સ્વરૂપ સમજ્યા નથી.

## દયાના દુશ્મનો.

તેવું સ્વરૂપ દયાના દુશ્મનોએ (તેરાપંથીઓએ) દાખલ કર્યું છે. કેમ કે—એ બિચારાને ખ્યાલ નથી. પણ તારે તો આગળ પણ પંચાત છે. તારા (તેરાપંથીના) હિસાબે તો જીવ મારે તો એક પાપસ્થાનક, અને જીવ બચાવે તો ૧૮ પાપસ્થાનક લાગે. તો 'હવે હું હિંસા ન કરું.' તે પ્રતિજ્ઞા કરનારે કેટલા પાપસ્થાનકો છોડ્યા? એક કે અઢાર? જો એક છોડ્યું તો તેણે તો ૧૮ને નોતર્યા! હિંસા ન કરવામાં બચાવવામાં ૧૮ પાપસ્થાનક લાગે! જીવ ઉપર પગ મેલે તો ૧ પાપસ્થાનક, જીવ ઉપરથી પગ ખેંચી લે તો ૧૮ પાપસ્થાનક લાગે! પોતાનાં પાણીમાં કીડી પડે તો શું કરે? જો કાઢે, તો ૧૮ પાપસ્થાનક લાગે. જીવતાં ન કાઢે તો મારીને કાઢે એમ? અને બચાવે નહિ તો હવે 'હું હિંસા ન કરું' એ પ્રતિજ્ઞા ક્યાં રહી? જીવતા ન કાઢવી એટલે મારવી. તારા સાધુનાં પાણીમાં કીડી પડી, તારા ભોજન ઉપર કીડીઓ ચડી તો કીડીવાળું ખાવું કે કીડી ઉતારીને ખાવું? કહે, તારી અપેક્ષાએ હિંસા ન કરું, તેવી પ્રતિજ્ઞાવાળા દરેકને ૧૮ પાપસ્થાનક લાગે. હિંસા ન કરું તેવી પ્રતિજ્ઞા લેનારો હિંસાની પ્રતિજ્ઞા લઇ જગતના ૧૮ પાપસ્થાનકો વહોરે છે. જ્ઞાતાસૂત્રમાં મેઘકુમારનો દાખલો છે. તેણે હાથીના ભવમાં સસલાની અનુકંપા કરી તો તારા મતે તો તેણે સસલાના ૧૮ પાપસ્થાનકની અનુમોદના કરી, તો તેને પરિણામે તે હાથીનો જીવ નરકે કે તિર્યંચે ગયો? ક્યાં ગયો? સૂત્રકાર તો મેઘકુમાર થયો એમ કહે છે. 'તેં પ્રાણભૂત સત્ત્વને બચાવ્યો તેનું આ મેઘકુમાર થયો તે ફળ.' એમ કહે છે. જો ૧૮ પાપસ્થાનક જીવ બચાવવામાં લાગ્યા તો તે *હાથીનો જીવ નરકે કેમ ન ગયો?*

હવે મૂળ અનુમોદનના પ્રસંગમાં આવીએ. પ્રશંસાદ્વારા, અનિષેધદ્વારા અને સહવાસદ્વારા એમ ત્રણ પ્રકારે અનુમોદના હોય છે. પ્રશંસા કરવી એ અનુમોદના. સહવાસોમાં રહી કરેલાં કર્મોની છાયા આપણે લઈએ તે સહવાસદ્વારા અનુમોદના અને નજર તળે કરતો હોય તેનો નિષેધ ન કરીએ તોતે અનિષેધ અનુમોદના. તે ત્રણને બદલે તરા (તેરાપંથીના) હિસાબે નથી કર્યું, નથી કરાવ્યું, નથી પ્રશંસ્યું=વખાણ્યું, એ ત્રણ પ્રકાર લઈશ ત્યારે પૂર્વે જણાવ્યા તે ત્રણ પ્રકારમાંના સહવાસ અને અનિષેધ એ બે પ્રકાર તને લાગશે. એટલે કે જો તું હિંસાનો નિષેધ ન કરે તો અનુમોદના લાગશે. એમ ન થવા માટે તારે (તેરાપંથીએ) તો હિંસાનો નિષેધ કરવો જોઈએ. નહીંતર હિંસાની અનુમોદના લાગી જાય, અને એમ થાય એટલે તારું ત્રિવિધ ત્રિવિધ પચ્ચક્ખાણ ક્યાં ગયું ? મહાવ્રતનાં નામે જગતની દયાના દુશ્મન બનનાર તેઓને એ રીતે એક અનુમોદના છૂટી મૂકીને મહાવ્રતના નામે ફરવું છે ! મહાવ્રતો માનવા પાળવાં નથી ને દુનિયાને દયાની દુશ્મન બનાવવી છે. તેવાઓ સહવાસ અને અનિષેધને અનુમોદનનો પ્રકાર બતાવી શકે નહીં. મૂળ વાતમાં આવીએ. હિંસાદિકને આ શ્રાવકોથી ચાહે સામાયિક–પૌષધ–ઉપધાનમાં બેસે તો પણ ત્રિવિધ ત્રિવિધ પચ્ચક્ખાણ થતા નથી. પણ એક વસ્તુ એવી છે કે–જેમાં ત્રિવિધ ત્રિવિધ પચ્ચક્ખાણ કરી શકાય છે. કઈ ચીજ ? મિથ્યાત્વનો ત્યાગ.

## શ્રાવકે મિથ્યાત્વનો ત્રિવિધ ત્રિવિધ ત્યાગ કરવો જોઇએ.

મિથ્યાત્વના ત્યાગના ત્રિવિધ ત્રિવિધ પચ્ચક્ખાણ કરવા જ જોઇએ. એ વાત ખ્યાલમાં આવશે ત્યારે પહેલાંના શ્રાવકો

છોકરી પરણાવવી હોય તો પણ જૈનને પરણાવે; અન્યને નહીં એ વાતનું રહસ્ય સમજાશે. સુભદ્રાનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. એ સુભદ્રાની બૌદ્ધ શેઠે પોતાના છોકરા માટે માંગણી કરી હતી પણ સુભદ્રાના બાપે તે બૌદ્ધ હોવાથી ન આપી. છોકરીને મિથ્યાત્વીમાં દેનારો છોકરીના જીવને ભવોભવ હણનારો, ખૂન કરનારો, જીવના એક ભવનો હણનારો. આથી બૌદ્ધ ધર્મવાળાને છોકરી ન આપી. શાથી ન આપી ? સમજો. નહીંતર છોકરી સાસરે જાય પછી બાપને શું ? પરંતુ ધ્યાન રાખવું કે—બાપ વિવાહને અંગે વિધાતા ન હોય—બાપ વિવાહ અંગે સમ્મત ન હોય-છોકરીના વિવાહમાં સહમત ન હોય તેમ આર્યથી ન કહી શકાય. તેથી બૌદ્ધમાં નહીં દઉં. અનિષેધ પણ હિંસાનું અનુમોદન છે. એટલે કે—બૌધને ઘેર જતી ન રોકું, એ વિચારમાં તો મને મિથ્યાત્વની અનુમોદના લાગે. શ્રાવકે મિથ્યાત્વનો ત્યાગ ત્રિવિધ ત્રિવિધ કરવો જોઈએ. આથી સુબુદ્ધિ પ્રધાનને થાય છે કે—મારો રાજા મિથ્યાત્વી તેની સેવા કરું, તો ત્રિવિધ ત્રિવિધ મિથ્યાત્વનો ત્યાગ શી રીતે કરવો ? મારા તે ત્રિવિધ ત્રિવિધ ત્યાગને કેવી રીતે જાળવવો ?

એટલે ગંદા પાણીને સરસ બનાવી રાજાને પ્રતિબોધ પમાડ્યો. હવે રાજા, મુનિમહારાજનાં જ ગુણગાન કર્યા કરે છે. વરસાદને અંગે ઉલટી રમત છે. વાદળાં કાળાં તો આપણે ધોળા, વાદળાં ધોળા તો આપણે કાળા. એમ વાદળાંને અંગે ઉલટી રમત. તેમ બીજા સન્માર્ગ પામે તેમાં ઉન્માર્ગીને ઇર્ષ્યા થાય છે. ઇર્ષ્યા એવી ચીજ છે કે બીજાની અવનતિએ આપણો ઉદય. આપણા ઉદયથી પારકી અવનતિ. કેટલાક બીજાનો ઉદય—પ્રશંસા સહન ન કરી શકે. બીજાનું ખરાબ થાય ત્યારે જ રાજી થાય.

તેવા પણ ઇર્ષ્યાખોર હોય છે. તેવા આત્માઓ, ફોટોગ્રાફના કાચ જેવા છે. રાજા, મુનિમહારાજનું વર્ણન વારંવાર કરે છે ચારે બાજુ મુનિનું જ વર્ણન કરે છે. ઘુવડને મન સૂર્ય-ઉદય ન ખમાય. તેમ ધર્મથી દૂર રહેલા, ધર્મના ઉદયને ન ખમી શકે. રાજાએ કરેલું મુનિગુણવર્ણન સાંભળીને એક એવો માણસ નીકળ્યો કે-'મુનિઓ ઉપસર્ગ-પરીસહ સહન કરે છે. મહાવ્રતો પાળે છે' એ બધું કબૂલ, પણ....કહી આખું જળ-વેલું ઝાડ તોડી નાંખે! મુનિએ ઘરબાર છોડ્યા વગેરે મુનિ-મહારાજ કહે તે, 'પણ'....એમ વાતે વાતે 'પણ' કહી પાણી ફેરવે છે. રાજાને તે નાસ્તિક કહે છે કે-"કર્મબંધનું-આશ્ર-વનું-ભવચક્રમાં ભમવાનું કારણ તો મન છે ને ? મન સ્થિર રહે તેમ છે નહીં; અને મન સ્થિર રહે નહીં એટલે મુનિ મહા-રાજને ય તો અસ્થિરના ભવચક્રમાં ભમવાનું કારણ ગણાય. મન સ્થિર ન હોય તો મહાવ્રત પાલન વગેરે થાય, તો પણ સરવાળે બધું મીંડું છે." નાસ્તિકે કેવી રીતે વાત ગોઠવી ? 'ઉતરડ ખડકાવી નીચેનું માટલું લઈ લઉં છું, બીજાને હું અડતો નથી, સાચવજે.' શું સચવાય ? તેમ રાજાએ જે કહ્યું તે બધું કબૂલ પણ નાસ્તિક કહે છે કે-મન વગર કંઈ ન બને, માટે મુનિપણું વગેરે તો બહારની રમત !' રાજાએ અહીં શું કરવું ? કારણ કે-નાસ્તિકનો તે દુનિયાદારીને બાધક પડછો છે.

મહાત્માના મન મોક્ષ તરફ ઢળેલા હોય છે, એ રાજાની માન્યતા છતાં-સાચું છતાં, સાચું પણ સાબિત કરવું બહુ મુશ્કેલ છે. હવે રાજાએ મહાત્માનાં મન સાબિત કરવાં શી રીતે ? રાજા અક્કલનો આંધળો ન હતો. એ નાસ્તિકનો એક પૂરો પહોંચેલો ગોઠીયો ઊભો કર્યો. એવો ગોઠીયો થયો કે-

એક મોઢે બોલે. રાજાએ જનાનામાંથી અમૂલ્ય હાર ગોઠીયાને આપ્યો. તે નાસ્તિકના ઘરમાં નાંખી આવ. હવે ગોઠીયો નાસ્તિકને ઘેર આવે જાય-ફરેહરે તેનો નાસ્તિકને કોઈ સવાલ નથી. આ બાજુ રાજાએ જાહેર કર્યું કે-'મહેલમાંથી હાર ગયો છે. કોઈ પણ ચોરે ચોરી કરી કોઇને ત્યાં વેચ્યો હોય અગર આપ્યો હોય તો તપાસી લેજો. સાત દહાડામાં નહીં આવે તો પગલાં ભરીશ.' હવે નાસ્તિકના મનમાં વહેમ પણ નથી. સાત દહાડા થઈ ગયા. હારનો પત્તો પણ નથી. રાજાને ઘેર ચોરી થઈ તો પ્રજા શી રીતે શાંતિથી બેસશે? માટે ચોરી પકડવી. જડતી શરૂ કરો. ઘરે ઘરની જડતી લેવા માંડી. પેલા નાસ્તિકને ત્યાંથી હાર નીકળ્યો. હાર લઇને અને નાસ્તિકને લઇને સીપાઇઓ દરબારમાં આવ્યા. રાજાએ હાર બાબત પૂછતાં નાસ્તિકે કહ્યું-હું કંઈ જાણતો નથી. રાજાએ કહ્યું-'તે વાત કેમ મનાય? હું અત્યારે તારી વાત માની લઉં તો સભા મને શું ગણે? માટે તેની ખાત્રી શી?' હવે ગોઠીયાને નાસ્તિકે કહ્યું કે-'તારી સાથે આમ મિત્રતા ને હવે રાજા પાસેથી છોડાવે નહીં?' પેલો ગોઠીયો રાજા પાસે ગયો. રાજાને કહ્યું કે-આવો આ ચોર નથી. રાજાએ કહ્યું-"તારી વાત ખરી પણ એને જ ઘેરથી હાર નીકળ્યો તેનું શું? હાર બાબત તે નથી જાણતો તે શા ઉપરથી માનવું? માટે એ બાબત તો દેવતાઈ નિર્ણય કરવો પડે. અહીંથી તેલનો વાટકો ભરીને આપું, તે વાટકો લઇને બજારમાં ૮૪ ચૌટે ફરે અને અહીં આવે ત્યાં સુધીમાં તેમાંથી એક પણ બિન્દુ ન પડવું જોઇએ. એ પ્રમાણે દેવતાઈ નિર્ણય થાય તો માનું કે-તે હારનો ચોર નથી. જો છાંટોય પડશે તો પાછળ રાખવામાં આવનાર ખુલ્લી શમશેરવાળા સીપાઇઓ તરત માથું

ઉડાવી દેશે. (સીપાઇઓને કોઈ ન જાણે તેમ કાનમાં કાંઈક જુદું જ કહી રાખ્યું.) કારણ કે—ભૂલની સજા છે, એમ મારી પ્રજાને ભરોસો થવો જોઇએ." પેલા ગોઠીયાએ જઇને તે વાત નાસ્તિક મિત્રને કહી, સાથે તે શરત કબૂલ્યા સિવાય જીવિત પણ નથી, એમ કહ્યું. હવે મુંઝાએલા નાસ્તિકે જીવવા સારુ રાજાની શરત સ્વીકારી.

આ બાજુ રાજાએ શહેરમાં ચારે બાજુ રંગ જામેલો દેખાય તેવા રંગ—ખોરાક—પોષાક—નાટક વગેરેની ઠેરઠેર ગોઠવણી કરાવી ! કે કોઇને પણ જોવાનું મન થઈ જાય. પેલો તેલનો વાટકો પકડાવેલ નાસ્તિક તે ચોમેર નાટક—ચેટકાદિના જામેલ ઠાઠ અને ગાનતાનમય ચૌટાઓ વચ્ચેથી તેલના વાટકામાંથી બિન્દુય પડવા દીધા વિના આબાદ પસાર થઈ ગયો ! અને સીપાઇઓના પહેરા સહિત ભરેલ વાટકે રાજા પાસે પાછો આવ્યો. રાજાએ પૂછયું—'આવી તારી આપત્તિમાં સહાયક બને તેવા ચૌટે કોઈ સગાવહાલા હતા કે નહિ ? તારું ઘર, તારી દુકાન વગેરે હતું ને ?" નાસ્તિકે કહ્યું—મને ખ્યાલ નથી. રાજાએ કહ્યું—'સગાવ્હાલા અને હાટ ઘરનોય ખ્યાલ કેમ રહ્યો નહીં ?' નાસ્તિકે કહ્યું—બીજે ખ્યાલ રાખું તો છાંટો પડી જાય, અને છાંટો પડે તો જીવ જાય ! તો જીવને જોઉં કે મને જોનારને જોઉં ? તેથી મેં મને જોનારને માર્ગમાં જોયા નથી. આથી કોણ શું કરતું હતું તે ખ્યાલમાં નથી. રાજાએ કહ્યું—ઠીક છે. બેસી જા. સભાને કહ્યું કે—તેને પૂછો કે—'તારું મન ઠેકાણે કેમ રહ્યું ? આવો શોખીન—આવો એશઆરામી—આવી મમતાવાળો છતાં તેનું મન વશ કેમ રહ્યું ?' એક મોતના ભાનમાં આમ મન વશ રાખે, તો અનંતા મોતમાં મન વશ

# દેશના—૨૦

(૨૦૦૦ ચૈત્ર શુદી ૧ શનિ, નેમુભાઈની વાડી—સુરત)

## આત્માની આઝાદી.

શાસ્ત્રકાર મહારાજા, ભવ્યોના ઉપકાર માટે ધર્મોપદેશ કરતા થકા આગળ સૂચવી ગયા કે—આ જીવ જન્મ અને કર્મની પરંપરામાં જ અટવાઇ રહ્યો છે. અનાદિકાળથી આ જીવને

---

કેમ ન થાય? ડર લાગે તો તારું મન પણ વશ રહે છે, તો જેઓને નાટક અને ચેટક ગમતું નથી, તેઓનું મન વશ કેમ ન રહે? નાસ્તિકની સાન ઠેકાણે આવી ગઈ. 'સાહેબ, મારી ભૂલ થઈ હતી. મનને ભય લાગે તો મન વશ રહી શકે છે.' આ કબૂલ કર્યું. ત્યારે રાજાએ કરેલ હારનો કોયડો પ્રજા વચ્ચે ખુલ્લો કર્યો કે—"આ હાર મેં જ આમુકને આપ્યો હતો. રીતિ તરીકે ઢંઢેરો વગેરે બધું કર્યું હતું. તેને પરિણામે આપણે મન વશ થવાનું કબૂલ કર્યું છે. માટે જાણવું કે—તે ચોર નથી. ધર્મને ધોકો—નુકશાન કરતા હતા, તેથી આવા ગુરુની શ્રદ્ધા કરાવવા માટે આટલું કરવું પડ્યું હતું." આ પ્રમાણે તો રાજાજીનું મન સ્થિર હતું તેથી રાજાજીએ ધડો બેસાડ્યો. પણ પોતાના મનમાં જ સ્થિરતા ન હોય તે બીજાનું શું કરશે? માટે સમ્યક્ત્વ પામ્યા પછી આશ્રવબંધનાં કુરામબોરપણાની ઓળખ રહેવી જોઇએ. પતંગીઓ રંગ, કપડાની કિંમત થવા નહીં દે. તેમ પતંગીયા રંગ તરીકે સમ્યક્ત્વની શોભા નથી. હવે **સ્થૈર્ય** નામનો ગુણ જણાવ્યો. હવે બાકીના સમ્યક્ત્વના ગુણો કેવા ઉપયોગી તે અગ્રે:—

અંગે તપાસ કરીએ તો એની અંદર જ આ જીવ અટવાઈ ગયો છે. પૂર્વભવમાં કર્મ કરવા, આ ભવમાં કર્મ ભોગવવા અને નવા બાંધવાં; એની પરંપરામાં જ આ જીવ અટવાઈ રહ્યો છે. જીવને પોતાની આગાદી આબાદી નથી સૂઝી તે માટે જણાવે છે કે–જીવ પોતે જ અનંત જ્ઞાનસ્વરૂપ છતાં આજે તે પુદ્ગલની મદદ વગર કશું જાણી શકતો નથી. તેનાથી આજે પોતાના સ્વભાવ માટે પણ સ્વતંત્ર કાર્ય કરી શકાતું નથી! જ્ઞાન આત્માનું છે, છતાં પુદ્ગલની મદદ વગર એ જ્ઞાન મેળવી શકે નહીં. કેટલાક પોપટ એવા હોય કે તેને પાંજરામાંથી ઉડાડી મૂકો તો પણ પાછા પાંજરામાં આવીને બેસે તો જ શાંત વળે. પંખી માટે પાંજરું પરાધીનતાનું સ્થાન. તેમ જીવ માટે છે! આ જીવરૂપી પંખીએ આ શરીરરૂપી પાંજરાનું શરણ લીધું છે. આ જીવ પંખીડો આ કાયામાં કેદ પકડાયેલો છે. આ કાયાના નાશે તેને પ્રાણનો વિયોગ થાય. જીવ અમર છે, છતાં મરણ શાથી પામ્યો? પ્રાણના વિયોગે. જીવનું સ્વરૂપ અને જીવનું જીવન તેને નથી. જીવ બે પ્રકારનાં જીવન જીવે છે. એક જડ જીવન અને એક ચેતન જીવન. એ રીતે જીવ બે પ્રકારના ન માનો તો મોક્ષ પામેલાને જીવ ગણવાનો વખત નહીં રહે. સિદ્ધને શરીર–આઉખું નથી. પ્રાણ નથી, તો સિદ્ધના જીવોનું જીવન શી રીતે કહી શકાય? પ્રાણના દશ ભેદોમાં પાંચ ભેદો ઇન્દ્રિયોના. ઇન્દ્રિયો એટલે શું? સ્પર્શ–રસ–ગંધ–રૂપ અને શબ્દને જાણવાનાં પાંચ સાધનો. ત્રણ બળ–મન વચન કાયાના પુદ્ગલોને આધારે જીવની પ્રવૃત્તિ. શ્વાસોશ્વાસ અને આયુષ્ય. આ દશ પ્રાણો સિદ્ધને ન હોય તો સિદ્ધમાં કયા પ્રાણો લેવા કે જેથી તેમને

જીવ કહી શકાય ! ૧૦ પ્રાણમાંથી એકે પ્રાણ સિદ્ધને નથી. પણ જીવજીવનની અપેક્ષાએ તેમને જીવ કહેવાય. કૈવલ્ય જ્ઞાન-દર્શન—વીતરાગતા—અનંતવીર્ય એ છે જીવજીવન તેથી જ સિદ્ધ પરમાત્માને જીવ કહેવાય. બીજી ગતિમાં જાય ત્યારે વચમાં—વિગ્રહગતિમાં ક્યા પ્રાણ ? ત્યાં ચેતનાસ્વરૂપ જીવ રહેલા છે.

## જડજીવન અને જીવજીવન.

આખી દુનિયા જડજીવનમાં જ ફસાઈ છે. ઈન્દ્રિયો. યોગો, શ્વાસોશ્વાસ અને આયુના આધારે જ જીવન વહે છે. આનાથી બીજી પરતંત્રતા કઈ ? જીવ, તે જડનાં નુકશાનમાં નુકશાન અને તેના ફાયદે ફાયદો માને ! કેવળ પુદ્ગલ જે બાજી રચે તે જ બાજીએ પોતાને રમવાનું ! પુદ્ગલની પરાધીનતામાં જકડાએલાને તો પુદ્ગલનો જય તેજ પોતાનો જય અને તેનો પરાજય તે જ પોતાનો પરાજય માનવો છે ! તેની વલે શી ? ગુલામ પ્રજા મોઢે બોલી ન શકે કે—'મારે આઝાદ થવું છે.' આઝાદ થવું છે, એમ બોલે તો ગુનો ! તેમ મિથ્યાત્વમાં રહેલો આત્મા હું મોક્ષ પામું તે બોલે તો ? તેને તો 'હું જન્મ જરા મરણ રહિત થાઉં' આટલો વિચાર પણ ભયંકર, એ વિચાર ધર્મરાજાને ઇષ્ટ છે, પણ કર્મરાજાએ તેને માટે ઢંઢેરો પીટ્યો કે—આ મનુષ્ય હવે દેશનિકાલને લાયક છે. અર્થાત્ હવે એને આપણા રાજ્યમાં એક પુદ્ગલપરાવર્તથી વધારે વખત રાખવો નહીં, મિથ્યાત્વમાં રહેલો. આત્મા, જન્મ—જરા—મરણ રહિત કેમ થવાય તે જાણતો નથી. પરંતુ માર્ગાનુસારી બન્યો ત્યારથી તેણે પોકાર કર્યો—અંતરનો ધ્વનિ કર્યો કે—મારે જન્મ-જરા-મરણ રહિત થવું છે. તે પોકારને કર્મરાજાએ ભયંકર ગુન્હો ગણ્યો. હવે કર્મરાજાના મોતની નિશાની કઈ ? પોકાર એ

વિચાર-પરાવર્તનથી જ ઊભો થાય છે. વિચાર-પરાવર્તન થવું તે કર્મરાજાના રાજ્યમાં એ રીતે ભયંકર નિવડે છે. આ જીવ અનાદિકાળથી મારી બાયડી, મારું ધન વારંવાર પોકારે છે. જ્યારે હવે મારું 'કોઈપણ વખતે પુદ્ગલની ધુંસરીમાંથી નીકળી જન્મ-જરા-મરણ રહિત' સ્થાન મેળવવું છે, એ જ વિચાર. આ વિચાર આવ્યો તેને એક પુદ્ગલપરાવર્તમાં જરૂર મોક્ષ.

પુદ્ગલની દરમ્યાનગીરી ન હોય, પુદ્ગલના હુકમે પ્રવર્તવાનું ન હોય તેવી જગ્યાએ જ મારે રહેવું. આવું થાય તેને શાસ્ત્રકારોએ છાપ આપી એક પુદ્ગલપરાવર્તમાં મોક્ષ જવાવાળો હોવાથી તેને બિરુદ આપ્યું કે-'શુક્લપાક્ષિક.' હવે તે કર્મરાજાની પરાધીનતાવાળી ધુંસરીને દખલ કરવાવાળો થયો; તેથી તેણે તેને નાલાયક દ્રોહી ગણ્યો. અનાદિના પોતાના સહવાસને ભૂલી જનારો તેથી હવે તેને એક પુદ્ગલપરાવર્તમાં પોતાનાં રાજયમાંથી બહાર કાઢી મેલવાનો. હવે કર્મરાજાએ એ પ્રમાણે વિરુદ્ધતા કરી ત્યારે ધર્મરાજાએ શું કર્યું ? આઝાદીના પક્ષવાળા ધર્મરાજાએ તેને બિરુદ આપ્યું કે-'શુક્લપાક્ષિક' એટલે શું ? 'મોક્ષ છે, તે મને મળે' એ જ મનોકામનાવાળો જબરજસ્ત અર્થ છે ધર્મ, અર્થ અને કામ નામનાં બે અર્થ કરતાં કીંમતી ધર્મ અર્થ છે. આપણને તે દશા હજુ નથી આવી. માર્ગમાં આવે ત્યારે **परमट्ठे** આવે. શ્રાવકો પહેલાં દુકાને બેસતાં 'આ શાસન જ અર્થ છે' એમ પોકાર કરતા હતા. દેશનેતામાં વંદેમાતરમનો પોકાર ચાલ્યો છે જૈનો મળતા ત્યાં આ જ પોકારતા કે-જિનેશ્વરનું શાસન એ જ અર્થ. આઝાદીનો એ જ રસ્તો. ધર્મમાં આગળ વધે ત્યારે '**अयं परमट्ठे**' આ શાસન એ જ પરમાર્થ. એથી આગળ વધે ત્યારે '**सेसे अनट्ठे**'

આ આઝાદીના રસ્તા સિવાય આખું જગત ભયંકર છે—અનર્થકારી છે—જુલમકારી છે. કર્મરાજાએ કહ્યું કે—હવે આની હદ આવી છે. રહેશે તો ઘણાને બગાડશે. ત્યારે ધર્મરાજા તેવાને ઈલકાબ આપે છે કે—સમકિત. આ જગ્યા પર સમકિતનો ઈલકાબ. આઝાદીના રસ્તા સિવાય આ ઈલકાબ ન મળ્યા.

## ગુલામ આત્માની આઝાદી.

તમને યાદ આવશે જે દેશે ગુલામી સ્વીકારી છે, તેમણે પોતે પોતાનો ઇતિહાસ ખોયો છે. ઇતિહાસ ન ભુલાવે તો ગુલામી ટકે જ નહીં. તેમ અહીં મારું શરીર, મારી ઇન્દ્રિય, મારું મન—વચન—કાયા, આ ઇતિહાસ અનાદિથી રાખ્યો. હવે તે ગુલામી હું કેવલ્યસ્વરૂપ, કેવળદર્શનસ્વરૂપ, શુદ્ધ વર્તનમય, શુદ્ધ ચિદાનંદમય આત્મા, એનો ઇતિહાસ તેને ખ્યાલમાં આવવા નહીં દે. જેને એ નિશ્ચય થાય કે—મારી આવી રીતની આઝાદી—આબાદી છે, તે પ્રાપ્ત કરવા સિવાય આખું જગત જુલમગાર છે, આત્માને પુદ્ગલની પરાધીનતાની ધુંસરીમાંથી છોડવાનાં જે સાધનો, તે મેળવવાં. તે સિવાયનું બધું જુલમગાર.' આ દૃષ્ટિ આવી તેજ સ્વના પોકારો. દરેક શ્રાવક આ જ વાક્ય બોલે **अयं अट्ठे परमट्ठे सेसे अनट्ठे** સમકિત શબ્દ ઘરગથ્થુ થઈ ગયો છે, પણ સમ્યક્ત્વ ઈલકાબ ક્યાં છે? કઈ દૃષ્ટિમાં છે તેનો વિચાર કરવાનું સૂઝતું નથી. હું જડજીવનને આધીન થયો છું. જીવજીવનને ભૂલ્યો છું તેનું ભાન—વિવેક—તેના રસ્તા ઉપર મુસાફરી કરવાની લાગણી, તેનું નામ સમકિત. જીવ અજીવમાં બધું સમાય જતું હતું, પછી ૭–૯ તત્ત્વો શા માટે કહ્યા? તે ૭ અને ૯ તત્ત્વોવડે તેમને ભાન કરાવે છે કે—તમારી આઝાદી—આબાદીને બગાડનાર

આશ્રવ અને બંધ તત્ત્વો છે. આઝાદી—આબાદીની ટોચે પહોં-ચાડનાર સંવર ને નિર્જરા છે. આત્માની સંપૂર્ણ આઝાદી અને આબાદી તે મોક્ષ. લેશમાત્ર પણ પરાધીનતા નથી. સમૃદ્ધિમાં ન્યૂનતા નથી, તેવું સ્થાન તે મોક્ષ. સમકિતની છાપ શાસ્ત્રકારે કેમ આપી ? તમે આઝાદી મેળવવા માટે સંપૂર્ણ કટિબદ્ધ થયા તેથી દરિદ્રતાને તિલાંજલી આપવા માટે તૈયાર થયા ત્યારે જ તમને સમકિત આવ્યું ગણાયું. સમકિત બીજી ચીજ નથી. નવ તત્ત્વ કેમ કહેવાયા ? આઝાદી—આબાદી—ગુલામી અને દરિદ્રતાનું ભાન થાય, માટે નવતત્ત્વ કહેવાયા. તેથી જ બે ન કહેતાં નવ જણાવ્યા. નવ તત્ત્વ કેમ કહેવા પડયા, તે આથી જણાશે. જીવાદિક પદાર્થો આ રીતે જાણ્યા તેથી આપો-આપ સમકિત. આ જગ્યા પર સહેજે કોઇ કહેશે કે સુધર્મ, ગુરુ, દેવ, માનીએ તો સમકિત ગણાય. દેવમાં દેવપણાની, ગુરુમાં ગુરુપણાની અને ધર્મમાં ધર્મપણાની બુદ્ધિ તે સમકિત.

અમેરિકામાં લોકો વોશીંગ્ટનના નામ પર કામ પડે તો મરી પડે. હમારા દેશને સ્વતંત્ર બનાવનારો વોશીંગ્ટન. તેમ અનંતા કાળચક્રમાંના ફક્ત એક કાળચક્રમાં પણ જીવને ૧૮ કોડાકોડી સાગરોપમના અંધારામાંથી બહાર કાઢનારા, સાગ-રોપમ એટલે અસંખ્યાત વર્ષે ૧ પલ્યોપમ, તેવા ૧૦ કોડા-કોડ પલ્યોપમે એક સાગરોપમ, તેવા ૧૮ કોડાકોડ સાગરો-પમનું અંધારું. તેમાં રસ્તો કાઢનાર કેવલી. વીશ કોડાકોડી સાગરોપમ કાળ પ્રમાણના તે એક કાલચક્રમાંની બે સર્પિણી-માંની એક સર્પિણીમાં તીર્થંકરો, તે તો માત્ર ચોવીશ જ થયા. કેવળજ્ઞાન—દર્શન—ક્ષાયિક સમ્યક્ત્વ—વીતરાગતા—અનંત-વીર્ય એ સર્વ, કેવળી અને તીર્થંકરમાં જુદું નથી. અમે-

રિકન આખી પ્રજા સ્વતંત્ર, પણ તેનો પ્રથમ ઝંડો ઉંચક-નાર કોણ ? વોશીંગ્ટન—જેણે અંગ્રેજોની સામા પ્રથમ ઝંડો ઉંચક્યો કે—હમે કાયદામાં રહેવા—પાળવા તૈયાર છીએ પણ કાયદો તો હમારી પ્રજા કરે તે. દૂર રહેલી લંડનની પ્રજા કાયદો કરે તે અમને કબૂલ નથી. ઈગ્લાંડ અને U. S. A. અમેરિકાનો ભેદ કેટલો ? આટલા જ શબ્દોનો. મારી પ્રજા કરે તે કાયદો અમારે શિરસાવંદ્ય, પરદેશી પ્રજા કાયદો કરે તે અમારે મુદ્દલ માનવા લાયક નથી. જૈનશાસનને અંગે આઝાદી—આબાદી જોઈએ, તેને અંગે પ્રથમ ઝંડો ઉંચકનાર તીર્થંકર ભગવાન. તે ભગવંતે અહીં ૧૮ કોડાકોડીના અંધારા પછી પોતે એકલાએ જ એ ઝંડો ઉંચક્યો ! તો બીજાને થયું કે—દેવલોક ચક્રવર્તિ રાજાપણાના સુખો અમારે ન જોઈએ, માત્ર આઝાદી—આબાદી જોઈએ. આયરીશ પ્રજામાં આયરીશ પ્રજાની કચેરીમાં ગુનેગારને સજા. એક ગુનેગાર બન્યો તેથી પ્રજાની સરકારે કેદ કર્યો. સરકારી કોર્ટને એ જોઈતું હતું. પરદેશી સરકારને દેશની ફૂટ જોઈએ. એટલે સરકારે તેને છોડાવ્યો. હુકમ છૂટ્યો કે—બધી જાળીઓ ઉઘાડી દો.

## સમ્યક્ત્વના પાંચ ભૂષણો.

૧૮ કોડાકોડીના અંધારામાં જો કોઈપણ આઝાદી—આબા-દીનો માર્ગ કરનાર હોય તો માત્ર જિનેશ્વરમહારાજ. તેઓજ આઝાદી—આબાદીના વિચારો સાથે અવતરેલા હતાં. તે જ ભાવના પૂર્વભવથી સાથે ચાલી આવી છે. તેથી જ તે માર્ગ ચલાવી શક્યા. એટલે સુદેવાદિને માનવાનું કારણ એ જ કે આઝાદી-આબાદીમાં લાવનાર દેશપૂજ્ય બને, તેમ આઝાદી-

આબાદી મેળવવાની ઈચ્છાવાળા તીર્થંકર. તેને પૂજ્ય ગણે તો જ સમ્યક્ત્વ ગણાય, માટે સુદેવને સુદેવપણે માન્યા માટે તેમને દેવ તરીકે માને. તેનાં પૂજન જાપ સ્તોત્રાદિક કરે તો તે જ યોગ્ય છે. હવે દેશનેતાના એજંટોને બીજે દરજ્જે માનીએ અને એને ન માનીએ તો દેશનેતાને માન્યા ગણાય નહીં. દુનિયાને દોરવા માટે કુટુમ્બ, મીલકત, સર્વ છોડી દીધાં છે, વગર સજાએ દેશનિકાલની સજા ભોગવે છે; પરંતુ કુટુમ્બીઓથી, મિલકતથી, સ્થાનથી છૂટા પડવું તે દેશનિકાલ. જેઓ આઝાદી—આબાદી મેળવવા માટે મોહરાજાની રાજધાનીમાંથી નીકળી પડ્યા છે, તેવાને સદ્ગુરુ માનવા તે જ બીજો સમ્યક્ત્વનો પાયો. તેવી રીતે ધર્મ, પુદ્ગલની દરમ્યાનગીરી ન રહે તેવું સ્થાન મેળવવાનો જે માર્ગ, અનંતો કાળ જાય તોપણ જ્ઞાનાદિકની સિદ્ધિમાં ન્યૂનતા ન થાય તેવી આબાદી મેળવવાના રસ્તા તેનું નામ ધર્મ. આઝાદ—આબાદીના રસ્તે ન ચઢનાર તે શબ્દો બોલ્યા કરે તેમાં કંઈ ન વળે. આટલા માટે—'સુધર્મને સુધર્મ માને.' સુધર્મને સુધર્મ માનવાનું કારણ કે તે જ રસ્તો છે. આવું સમ્યક્ત્વ થયું હોય તેને પાંચ ભૂષણોની જરૂર છે. સુવસ્તુ પકડ્યા પછી દ્રોહી બનવું ઠીક નહીં. 'એ કરતાં ન ચઢ્યો હોત તો સારું' એમ ન થવું જોઈએ. તે માર્ગે ચઢ્યા પછી મન ડગમગવું ન જોઈએ. જે રસ્તો આઝાદી—આબાદીનો છે, તે રસ્તો સારો ગણાય તેવી **પ્રભાવના** કરો. તે સમ્યક્ત્વનું બીજું ભૂષણ છે. પ્રભાવના કર્યા પછી ભોગ આપવાની સ્થિતિ ભક્તિ લાવો.

જે પ્રમાણમાં ભક્તિ તે પ્રમાણમાં ભોગ અપાય. દેશના ઉદ્ધાર માટે ભક્તિ જાગે તોજ ભોગ આપી શકાય. ત્રણેમાં

ભક્તિ ભરપટે હોવી જોઇએ. તેથી ભક્તિ, તે સમ્યક્ત્વનું ત્રીજું ભૂષણ છે.

## મૂર્ખની ભક્તિ

ભક્તિ મૂર્ખતાની ન હોવી જોઈએ. જેઠ મહિને પરોણા તરીકે શેઠ ગયો છે. ઠંડા પાણીથી નવડાવી, શીખંડ ખવરાવ્યો. આ ભક્તિ જોઇ શેઠે કહ્યું–મારે ત્યાં પધારવું. કોલ આપો. પેલો કહે છે કે–બદલો નહીં વાળું. શેઠ કહે–જાનવર પણ ઘાસ ખાઇને દૂધ આપે છે, માટે પધારવું. પેલો મહા મહિને તે શેઠને ત્યાં આવ્યો. શેઠે તેને બરફ જેવા ઠંડા પાણીએ નવડાવ્યો. પંખો નાખવા બેઠા, શિખંડ જમાવેલું ને ઠંડું થએલું ખવડાવ્યું. બાદ કહ્યું–સાહેબ મારાથી કાંઈ ભક્તિ ન થઈ, માફ કરજો. પેલાએ કહ્યું–અરે ભાઈ! જીવ નિર્ભાગી કે નીકળી ગયો નહીં, બાકી તારી ભક્તિમાં ખામી નથી. ભક્તિની વસ્તુ–તેનું સ્વરૂપ ન સમજે, કાળ ન સમજે તેવી ભક્તિ શા કામની? જિનેશ્વરનાં શાસનમાં કુશળતા–નિપુણતા હોવી જોઇએ; માટે કૌશલ, એ સમ્યક્ત્વનું ચોથું ભૂષણ છે. આમ શાસનની સેવામાં તૈયાર છતાં, એક વાત ધ્યાનમાં રાખવી. કાળાન્તરમાં ધર્મની જડ હોય તો તીર્થ છે. આરાધના કરનારા મરી જવાના, હજ્જારો વર્ષો ઉપદેશકો નહીં રહે જ્યારે ૧૦૦૦ વર્ષ સુધી તીર્થો રહેવાનાં. આથી તીર્થો ચિરસ્થાયી છે; માટે **તીર્થસેવા.** જંગમ ને સ્થાવર તીર્થો. આ તીર્થોની સેવા માટે હંમેશાં તૈયાર રહેવું જોઇએ, માટે 'તીર્થસેવા' પાંચમું ભૂષણ છે. એવા એ પાંચે ભૂષણ જેઓ ધારણ કરશે તેઓ મોક્ષસુખને વિષે બિરાજમાન થશે.

# દેશના-૨૧

( ૨૦૦૦ કા. શુ. ૧૪ કપડવંજ )

## પરીત્તસંસારીના લક્ષણો.

**जिणवयणे अनुरत्ता, जिनवयणं जें करंति भावेण ।**
**अमला असंकिलिट्ठा, ते हुन्ति परीत्तसंसारी ॥**

શાસ્ત્રકાર મહારાજને ભવ્ય જીવે પોતાની સ્થિતિ સુધારવા માટે પ્રશ્ન કર્યો કે-"હે મહારાજ, હું આ ભટકતી જાતમાં અનાદિ કાળથી ભટક્યો છું. ભટકતી જાતમાં એક ફાયદો હતો. ઘર આખું તો નહીં પણ ટોપલે તો ઘર ફેરવતો હતો. કુવારીયો પોતાનો ડબ્બો પોટલામાં ને પોઠીયા પર રાખી એકથી બીજી જગ્યા પર ફેરવે છે. તે ભટકતી જાતમાં ગણાય. તે ડબ્બો (પોતાનો જરૂરી સામાન) જોડે લઇને ફરતી હતી. આ એવી ભટકતી જાતનો કે આખી જિંદગી સુધી ધન, કુટુંબ, કામિનીઓ એકઠી કરે, કાયા-શરીર પણ બાંધે. ચારે ચીજો કંચન, કામિની, કુટુમ્બ અને કાયા એ ચારે 'ક'કાર, આખી જિંદગી મહેનત કરી એકઠા કરે પણ ચલતી કરે ત્યારે એક અંશ પણ સાથે નહીં. આ તો એવી ભટકતી જાતનો છે. ભટકતો કોઈ જગ્યા પર અંતર્મુહૂર્ત, કોઈ જગ્યા પર ત્રણ દિવસ, કોઈ જગ્યા પર બાર દિવસ યાવત્ ૩૩ સાગરોપમ; પણ અંતે સ્થાન છોડનારો, આ ભટકતી જાતમાંથી હું ક્યારે નીકળું? અનાદિકાળથી ભટકતી જાતમાં ભટક્યો ત્યાંથી ક્યારે નીકળું? મારે મેળવીને મેલી દેવું પડે છે. સેંકડો વર્ષ, પલ્યોપમ કે સાગરોપમ સુધી મહેનત કરી મેળવું ને છેવટે મેલી દેવું પડે

છે. એક જગ્યા પર સ્થિર રહી શકું નહીં. મેળવેલું પણ ન રહે માટે મારો નીસ્તાર શી રીતે થાય? ભટકતી જાતમાંથી નીકળવું ને મેળવેલું કાયમ રહે તેવી સ્થિતિ કેવી રીતે મળે?" શાસ્ત્રકારે કહ્યું કે-'**सव्वाणि ठाणाणि असासयाणि**'=સંસારમાં એવું કોઈ સ્થાન નથી કે જેમાં તારે ભટકતી જાતમાંથી નીકળવાનું બને; કેમકે બધાં સ્થાનકો અશાશ્વતા છે. સંસારમાં એવું સ્થાન બતાવી શકાય તેમ નથી કે-જ્યાં તું જાય ને ભટકતી જાતમાંથી બહાર નીકળે. ૧૪ રાજલોકમાં તેવું સ્થાન નથી. ક્ષેત્રમહિમા એવો છે આખા સંસારક્ષેત્રમાં એવો એક મહિમા છે કે-જે સ્થાનમાં ગયેલાને ભટકવાનું નથી. તે કયું સ્થાન? મોક્ષ. મોક્ષમાં ખાવું પીવું પહેરવું વિગેરે નથી. ત્યાં આ જાતને ભટકવાનું નથી. મોક્ષ પામેલો જીવ સ્થિર સ્થિતિવાળો છે. ત્યાં ભટકતી જાત નથી. ભટકતી જાતની બહાર કોઈપણ સ્થિતિ હોય તો માત્ર મોક્ષની જ સ્થિતિ છે. અસંખ્યાતા કાળચક્રો જાય, અનંતા પુદ્ગલપરાવર્તો જાય, પરંતુ ત્યાંથી ખસવાનું નથી. એક જ સ્થાન એવું છે કે-જ્યાં ભટકતી જાત દાખલ થતી નથી એટલું જ નહીં પણ તેં બીજી વાત કરી કે મારું મેળવેલું બધે મેલવું પડે છે; જે ભવમાં કંચન, કામિની, કુટુમ્બ, કાયા મેળવું છું પણ મરતી વખતે બધું મેલી દેવું પડે છે! એ તેં બીજો પ્રશ્ન કર્યો, તેને અંગે લગીર પણ મેળવેલું મેલી દેવું ન પડે, તેવું સ્થાન તે એક જ. અહીં અનંતું જ્ઞાન-દર્શન મેળવો તે સર્વ સાદિ અનંતકાળ રહે. વીતરાગપણું, અનંતું વીર્ય વીગેરે મેળવો તે પણ સર્વ કાળ રહે, તેવું સ્થાન હોય તો માત્ર મોક્ષ જ છે. કેવળજ્ઞાનને, ક્ષાયિક દર્શનને, વીતરાગપણાને, અનંત વીર્યને ટકાવ-

નાર મોક્ષ સિવાય બીજું સ્થાન નથી. જેમાં અંશ પણ ઓછો ન થાય, ફેરફાર ન થાય, જેવું હોય તેવું ને તેવું હંમેશાં રહે.

## સર્વભક્ષક કાળનો ભક્ષક.

આખા જગતમાં એક રાક્ષસ છે. તેનું નામ કાળ. '**कालः सर्वस्व भक्षकः**' કાલઃ સર્વનો ભક્ષકઃ ૧૪ રાજલોકને અંગે બધી વસ્તુને ખાનાર કાળ છે, પરંતુ કાળનો કોળિયો કરનાર, કાળને ખાઈ જનાર અનંતો કાળ જાય તો પણ તેની ગણતરી નહીં—જેવી સ્થિતિ હોય તેવી ને તેવી જ સ્થિતિમાં રાખનાર મોક્ષ છે. આખા જગતમાં કાળ જ બધાનો કોળિયો કરે છે, પણ સિદ્ધિમાં કાળનું કંઈ ચાલતું નથી. સિદ્ધિ પામ્યા પછી ભટકતી જાતમાં આવવું પડતું નથી. મેળવેલું મેલવું પડતું નથી. કાળ અસર કરી શકતો નથી. તેવું સ્થાન માત્ર મોક્ષ—સિદ્ધિ. પરંતુ તે સિદ્ધિ મળે કેમ ?

કક્કો લખવો તે તમારી કાયાનું કામ. કાયાના કામમાં પણ કેટલા કક્કા વાંકા લખાય ત્યારે એક કક્કો સીધો આવે છે. કાયાથી મનથી તમે લખવા માંગો છો, છતાં પણ ટેવ નથી પડી હોતી ત્યાં સુધી કક્કો, એકડો પણ સીધો નથી આવતો તો પછી અનાદિકાળથી ભટકવાનો સંસ્કાર, મેળવેલું મેલી દેવાનો સંસ્કાર પડયો છે. તે સંસ્કાર શી રીતે જવાનો ? અને નહિવત્ ઘુંટેલ મોક્ષ શી રીતે સીધો આવવાનો ? અનાદિકાળથી ભટકતી જાતનો સંસ્કાર પડયો છે. તે મોક્ષસાધનામાં આડે આવ્યા વગર નહીં રહે. અહીંનાં (આ ઉપાશ્રયનાં) પગથિયાં પહેલાં ઊંચાંનીચાં હતાં. પછી સીધા થયા ત્યારે કંઈ વખત ખંચકાવાનું થયું. એ પગથિયાનો જે સંસ્કાર પડયો હતો તે સીધા પગથિયા વખતે પણ ઠેસ વગાડનાર થાય.

અનાદિકાળનો સંસ્કાર અહીં ભટકતી જાતમાંથી નીકળવાની પ્રવૃત્તિ કરો તે વખતે નડ્યા વગર કેમ રહેવાનો ? અનાદિકાળના સંસ્કાર તમને નડવાના છે, તે શાસ્ત્રકારની ધ્યાન બહાર નથી. અનંતી વખત તમે દ્રવ્ય ક્રિયા કરશો ત્યારે તમે ભાવ ક્રિયામાં આવશો. ચારિત્ર જેવી મોક્ષ પહોંચાડનારી મુખ્ય ચીજ, તે માટે શાસ્ત્રકારે એ જ જણાવ્યું કે—અનંતી વખત દ્રવ્યચારિત્ર આવે ત્યારે એક વખત ભાવચારિત્ર આવે.

## ભાવચારિત્ર પામ્યા પછી કેટલા ભવ બાકી ?

શંકા કરવાની છૂટ બધાને છે. શંકા બે પ્રકારે—એક પદાર્થ જાણવાની, કહેલું કબૂલ રાખી વચમાં ખુલાસો કરવા માટે પૂછવામાં આવે તે શંકા. અને કહેલાને અંગે મૂળ કથન ઉપર નિર્ણય ન હોય તેનું નામ સાંશયિક મિથ્યાત્વી. મૂળ કથન ઉપર શંકા, તે સાંશયિક મિથ્યાત્વ. અહીં જે શાસ્ત્રકારે કહ્યું કે—અનંતા દ્રવ્ય ચારિત્ર કરવા પડે, તે વાત કબૂલ, તેમાં શંકા નથી. અનંતા દ્રવ્યચારિત્ર થવાનાં કહ્યાં તે કબૂલ જ, પણ પ્રશ્ન એક રહે છે. મરુદેવા માતા કે જે કોઈ દહાડો પૃથ્વી, અપાદિમાં આવ્યા ન હતા, અને કોઈ દહાડો મનુષ્યપણામાં આવ્યા ન હતા, તેમને દ્રવ્યચારિત્ર અનંતી વખત ક્યાંથી આવ્યુ હશે ? વાત ખરી. તે બાબત શાસ્ત્રકાર ચોખ્ખા શબ્દોમાં સમાધાન આપે છે. આપણે શાસ્ત્રકારની રીતિ સમજી લેવાની. જેને વ્યવહારરાશિમાં આવ્યાને અનંતો કાળ થયો હોય તેવા માટે મુખ્ય પ્રરૂપણા છે. દરેક જીવ દરેક જીવ સાથે અનંતી વખત માતા, પિતા, પુત્ર, સ્ત્રી આદિ દરેક સંબંધથી જોડાયા. વ્યવહારરાશીમાં આવ્યાને જેને અનંતો કાળ થયો છે, તેને માટે તે નિયમ. માટે શાસ્ત્રકારની અનંત સંબંધની પ્રરૂપણા.

જેઓ વ્યવહારરાશીમાં આવ્યાને અનંતો કાળ થયો છે તેવાને માટે 'અનંતા ચારિત્ર કર્યાં'ની પ્રરૂપણા છે. તમારી વાત સીધા ભાવચારિત્રની છે અને તમે તો ભાવચારિત્ર સાથે અનંતા દ્રવ્યચારિત્ર જોડ્યાં છે, માટે જ શાસ્ત્રકારે સમાધાન નથી આપ્યું. સમાધાન ક્યું આપ્યું ? જેમ સ્ત્રી તીર્થંકર થાય તે અનંતી ઉત્સર્પિણીએ થાય તે આશ્ચર્યરૂપ, તેવી રીતે મરુદેવા માતાનું ભાવચારિત્ર એક આશ્ચર્ય. મરુદેવા માતા અનંતી વખત દ્રવ્યચારિત્ર પામ્યા વગર ભાવચારિત્ર પામ્યા તે આશ્ચર્યરૂપ છે. એટલે આપણા માટે આપણે માનવું જ રહ્યું કે-ભાવચારિત્ર પ્રાપ્ત કરવા માટે અનંત દ્રવ્યચારિત્રનો અનંતો કાળ જોઈએ છે.

આ વસ્તુ શાસ્ત્રકારના મુખથી સાંભળી 'શિષ્યની એ સ્થિતિ થઇ તો પછી મારું શું ? હું હજુ અનંતામાં કે ટૂંકી ગણતરીમાં ખરો ?' એમ શ્રાવકને થાય. દ્રવ્યચારિત્ર આવી પણ જાય-ટૂંકા શબ્દમાં કહીએ કે-ચારિત્ર મળી પણ જાય, છતાં અનંતી વખત કરવાં પડે. ભાવચારિત્ર મળે તો **अट्ठभवाओ चरित्ते** ' આઠ જ ભવ કરવા પડે. ભાવચારિત્રના આઠ ભવથી મોક્ષ થઈ જ જાય. ભાવચારિત્ર આવ્યા પછી ૮ ભવમાં જ મોક્ષ.

## સૂર્યાભદેવ.

અવધિજ્ઞાની સરખાને પોતાનામાં રહેલા સમકિત ગુણના નિશ્ચયનું સ્થાન નથી, તેથી સૂર્યાભ સરખા દેવને પ્રશ્ન કરવો પડે છે કે-હે....ભગવાન ! હું સમકિતી કે મિથ્યાત્વી ?

થોરીયાનું દૂધ આંખનું ઔષધ બન્યું ! ભીલે વૈદને પૂછ્યું કે-મારી આંખ દુઃખે છે. વૈદ્યે કહ્યું કે-થોરીયાનું દૂધ લાવી લગાડી દે. બિચારે તેવું દૂધ લગાડયું. આંખ મટી

ગઈ ! બીજે દહાડે કેરીનો ટોપલો ભરી વૈદ્યને ભેટ આપવા આવ્યો. વૈદ્યે કહ્યું શાની ભેટ ? ભીલે કહ્યું ' કાલે દવા બતાવી હતી, થોરીયાનું દૂધ લગાડ્યું. આંખનું દુઃખ મટી ગયું.' વૈદ્યે આવેશમાં ખોટી દવા બતાવી અને તે ખોટી દવાથી પણ સારું થઈ ગયું ! વૈદ્યને આશ્ચર્ય થયું. ભીલને કહ્યું–થોરીયો બતાવ, ઉખેડાવ્યો. ત્યાં કઈ વર્ષોની કોઈની ઘીની વાઢી દટાઈ ગએલી, તેમાં થોરીયાનું મૂળ ગએલું, તેનું દૂધ આંખે લગાડેલ, અને આંખ સારી થયેલ ! તે તો ભવિતવ્યતાથી આંખ સારી થઈ. નહીંતર થોર, આંખનું ઓષધ નહીં. સૂર્યાભ થોરીયો છે.

જિંદગીના થોડા ભાગ સિવાય, જિંદગી સુધી જેના હાથ લોહીથી ખરડાયેલા રહેતા. જે નાસ્તિક પ્રદેશી રાજા હતા, મરીને સૂર્યાભદેવ થએલ. પરંતુ બોલતાં બોલીએ કે–ધર્મે શૂરા, ને કર્મે શૂરા, આ વાક્યને ' તે ધર્મે શૂરા ' એમ ઉલટાવીને લો. કર્મે શૂરાનો બચાવ ક્યારે ? ધર્મે-શૂરા થાય તો જ. કર્મે શૂરા થનારાનું ઓસડ એક જ. ધર્મે શૂરા થાય તો જ એક ઓસડ. આપણે જિંદગીઓ સુધી ધર્મારાધના કરીએ પરંતુ વસ્તુ નજર આગળ રાખો. એ સૂર્યાભ, પ્રદેશીના ભવમાં જીવને, પુણ્ય–પાપને, દેવગતિ, નરકગતિને નહીં માનનારો હતો. એવાની સ્થિતિ વિચારો, ઘરની રાણી ઝેર દે છે ! ઝેર ન મરે તો ગળે નખ દે છે ! દુનિયાદારીમાં બાકી શું ? પોતાની રાણી ઝેર દે છે ! વખતે ઝેરમાં ઉપચારથી બચી જાય તો ? માટે ગળે નખ પણ દે છે ! આ સ્થિતિમાં પ્રદેશી રાજા, પોતે ' ખામેમિ સવ્વે જીવે ' સૂત્રનું શરણ લે છે ! તેમાં પણ વિશેષે કરીને સૂર્યકાન્તાને ખમાવું છું, એ ભાવ-

નાને આગળ કરે છે ? આપણે બધાને મિચ્છામિ દુક્કડં દઈએ ને વેર-વિરોધ થયા તેને ન ખમાવીએ તો કઈ સ્થિતિ? પરિણતિ શોરીયાનીજને ? પ્રદેશી રાજા, પાછળથી કેશીકુમારથી ધર્મમાં જોડાયો હતો. તેના યોગે આવું કરુણ મોત-પ્રસંગેય એવી ઉચ્ચ ભાવનાવાળો બન્યો ! આવો પ્રદેશી રાજા, મરીને સૌધર્મ દેવલોકે સૂર્યાભદેવ થયો. તે અહીં આવીને ભગવાનને પૂછે છે કે મહારાજ ! હું સમકિતી કે-મિથ્યાત્વી ? ત્રણ જ્ઞાનવાળાને પણ સમ્યકૂત્વના નિશ્ચય માટે જ્ઞાનીનું શરણ લેવું પડે છે, તો બીજા ગુણો જાણવા માટે, જ્ઞાનીનું શરણું લેવું પડે તેમાં શી નવાઈ ?

## પરીત્તસંસારીનું એક લક્ષણ.

હવે શિષ્ય અહીં પૂછે છે કે-" મારી શી વલે ? મારે હજુ દ્રવ્યચારિત્ર કેટલાં બાકી હશે ? હું ભાવચારિત્રમાં આવીશ કે નહીં ? પરીત્તસંસારી કોણ થાય ? તેનું લક્ષણ મને જણાવો. પરીત્તસંસારીપણું મને આવી જાય તો હું કૃતાર્થ " સૂર્યાભના પ્રશ્નના ઉત્તરમાં પણ ચરમ ભવ, અને આ પરીત્ત-સંસારના પ્રશ્નમાં થોડા ભવ. એ જીવનું લક્ષણ કયું ? આવા જે જીવો હોય તે થોડો જ વખત સંસારમાં રખડે, તેવા લક્ષણવાળાને અનંત સંસાર રખડવાનો હોય જ નહીં. થોડા ભવો કરી મોક્ષે જાય તેનું લક્ષણ કયું ? **जिणवयणे अणुरत्ता**=તેઓ જિનવચનમાં જ રક્ત હોય છે. રાગ-એ પણ ઊંચી નીચી કોટીનો હોય છે. ઘરે માટીની પોટ નંખાવીએ છીએ, તે માટી ઉપર પણ રાગ છે. તિજોરીમાં મૂકેલા દાગીના પર પણ રાગ છે. સ્ત્રી, પુત્ર, પરિવાર ઉપર પણ રાગ હોય છે; પરંતુ તે ઊંચી નીચી કોટીનો હોય છે. તેમ જિનવચન

ઉપર રાગ તે પણ ઊંચીનીચી કોટીનો હોય. તે માટે જણાવે છે કે–ઊંચી કોટીનો રાગ પણ જિનવચન ઉપર રાખનારા હોય છે.

વલ્લભીપુરમાં બૌદ્ધ ને જૈન આચાર્ય વચ્ચે વાદ થયો. વાદમાં જૈનાચાર્ય હાર્યા. ઓર્ડર કર્યો કે–બધા જૈનો નગરની બહાર નીકળી જાવ. તે વખતે શું ? આખા સોરઠમાં જે જૈનો રહેતાં હતાં તે ટોપલે ઘરવાળા હતાં ? તો શી રીતે કાઠીયાવાડ ખાલી કર્યું ? કુમારપાળની બહેન પોતાના ધણી રાજા સાથે સોગઠે રમે છે. સોગઠીને મારવાની જગ્યા પર 'માર મુંડકો' ને એમ બોલે છે. તેમાં રાણી ધણીને અને રાજને છોડીને ભાઈને ત્યાં ચાલી આવે છે. ધણી ધર્મના તિરસ્કારનો એક જ શબ્દ બોલે છે, અને તે પણ રમતમાં બોલે છે. તેમાં રાજકુટુંબ–ધણીને છોડીને રાણી ભાઈને ત્યાં ચાલી આવે છે ! એટલે એટલી ઊંચી રાગની કોટિ. જિનવચનને અંગે આદરવું ન આદરવું, તે શક્તિની વસ્તુ છે, પણ જિનવચનને અંગે રાગની કોટી ઊંચામાં ઊંચી હોવી જોઈએ. તેવા રાગવાળા અનંતો સંસાર રખડવાવાળા હોય નહીં. કદાચ કહેશો કે–' સમકિત પામ્યા પછી જિનવચનનો રાગ હોય જ છે અને તેને વધારેમાં વધારે અર્દ્ધ પુદ્ગલપરાવર્ત્ત થાય છે, તેની અહીં કેમ ના કહો છો ? ' તો સમજો કે–અહીં જિનવચનનો માત્ર રાગ નહીં પણ અનુરાગ સમજવાનો છે. ઊંચામાં ઊંચી કોટીનો વચનનો રાગ, જિનવચનમાં ઊંચો રાગ ધરનાર પરીત્તસંસારી હોય; તેને અનંત સંસાર ન થાય. આ એક લક્ષણ બતાવ્યું. તેવી રીતે બીજા પણ પરીત્તસંસારીનાં લક્ષણો કેવાં છે તે જોઈએ.

## પરીત્તસંસારીનાં બીજાં લક્ષણો.

પહેલા જણાવેલા અધિકાર પ્રમાણે ઉત્કૃષ્ટ આરાધક

બની શકે, બાકીનાને કઈ સ્થિતિમાં ગણવા ? એ જિનેશ્વરનાં વચનને જેઓ શુદ્ધ અંતઃકરણથી વર્તનમાં મેલવાવાળા છે, તે પણ અલ્પસંસારી બને છે. જિનેશ્વર ભગવાનનું વચન દ્વાદશાંગી, અનંતું અપાર; પરંતુ હેમચંદ્રસૂરિ કહે છે કે-જિનેશ્વરનાં બે જ વચનો-બાકીનો એનો વિસ્તાર છે.

સગાવહાલાં જુદા જુદા હોય, તે કુટુમ્બ શબ્દનો વિસ્તાર, તેમ શ્રીહેમચન્દ્ર મહારાજ કહે છે કે-જિનેશ્વરનું વચન અનંતું, પણ મૂળ શબ્દો બે જ "**आश्रवः सर्वथा हेयः उपादेयश्च संवरः इति इयम् आर्हती मुष्ठीरन्यदस्याः प्रपञ्चनम्**" જિનેશ્વર ભગવાનનાં વચનનું મુષ્ઠીજ્ઞાન-મુઠ્ઠીમાં સમાય એવાં જ્ઞાન. 'આશ્રવ હેય છે અને સંવર ઉપાદેય છે.' આ બે-બાકીનું બધું વિસ્તાર છે.

'કર્મબંધનનાં કારણો સર્વથા છોડવા લાયક છે.'-આ **એક વચન.** 'કર્મ રોકવાના જે જે કારણો તે, તે કારણો આદરવા લાયક જ છે' **તે બીજું વચન.** કર્મબંધના કારણોને સર્વથા છોડવા તે મુષ્ઠીજ્ઞાનનું **પ્રથમ જ્ઞાન.** કર્મબંધ રોકવાનાં કારણો તે આદરવા તે **બીજું જ્ઞાન.** આ મુષ્ઠીજ્ઞાનને જેઓ કરનારા હોય તે પરીત્તસંસારી છે. આપણામાંનાં નવતત્ત્વની ગાથા ભણેલા કેટલાક ભાઈ બ્હેનો, નવતત્ત્વ બોલનારા હોય, પણ તે વકીલાત તરીકે બોલનારા હોય. વકીલ આખો દાવો ચલાવે પણ તેને જવાબદારી એક પૈસાની પણ નહીં. જવાબદારી અસીલને. હુકમનામું થાય તો લાભ-નુકશાન ઘરાકને. 'શાસ્ત્રકાર સંવરના ૫૭ ભેદ કહે છે.' એમ બોલ્યા કરીએ, ને તેમાં પ્રવૃત્તિ ન કરીએ તો આપણે વકીલ જેવા. સંવર કેટલો કર્યો ? આશ્રવ કેટલો રોક્યો ? તે ન વિચારીએ

# દેશના ૨૨

( ૨૦૨૦ ૫ માગશર શુ. ૧૧  લુણાવાડા. )

## મૌન એકાદશીનુ પર્વ

**मन्यते यो जगदत्तत्त्वं, स मुनिः परिकोर्तितः।**
**सम्यक्त्वमेव तं मौनं मौनं सम्यक्त्वमेव वा॥**

શાસ્ત્રકાર મહારાજા મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ, ભવ્ય જીવોના ઉપકાર માટે અષ્ટકજી પ્રકરણ કરતા થકા મૌનપણાને અંગે ૧૩ મા અષ્ટકમાં નિરૂપણ કરે છે,

---

તો આપણે પણ વકીલ જેવા. આ વસ્તુ વિચારશો તો અભવ્ય ૧૦ પૂર્વમાં ન્યૂન ભણેલો છતાં કેમ સંસારનો પાર પામી શકતો નથી? તે ખ્યાલમાં આવશે. અભવી વકીલની સ્થિતિવાળો છે. આશ્રવથી દૂર રહી એક વસ્તુ ખ્યાલમાં રાખવાની. દરેક ગુણનાં અજીરણ છે. દાનગુણનું અજીરણ—દાન કરી ભસવાનું. દાન દઇને "મેં આમ કર્યું" બોલ્યા તો બોળી દીધું. એમ જ્ઞાનવાળો થયો તો 'હું આવો!' એ જ્ઞાન નહીં પણ જ્ઞાનનું અજીરણ=અજ્ઞાન. તેમ તપસ્યાવાળો થયો અને ક્રોધમાં ગયો તો તે તપનું અજીરણ=તેનો તે તપ તપ નહીં, પણ તાપ!

દરેક લાભની પાછળ અલાભના રસ્તા રહેલા છે. મેલ ન જોઇએ. ક્રોધ—માન—માયા—લોભની પરિણતિ ન જોઇએ. અનુરક્ત વચન કરવાવાળો નિર્મળ સંકલેશ વગરના હોય તે જીવો અલ્પસંસારી હોય. આ સાંભળી આ લક્ષણમાં પ્રવૃત્તિ કરશે તે મોક્ષસુખને વિશે બિરાજમાન થશે.

તે પહેલાં વિચારવાનું છે કે–દરેક દર્શન–ધર્મ–સંસ્થા, તહેવાર અને પર્વોને માનનાર હોય છે. વૈષ્ણવો, બ્રાહ્મણો દરેક તહેવારો અને પર્વો માનનારા હોય છે. રાજકીય સંસ્થાઓમાં રાજકીય ઉદ્દેશ પાર પાડવા માટે તહેવારો ને પર્વો રાખવામાં આવેલા છે તેવી જ રીતે જૈન શાસનમાં પણ તહેવારો અને પર્વો રાખેલા છે. પર્વ અને તહેવારમાં ફરક શો ? જે દિવસો, માસિક નિયમિત હોય–વાર્ષિક નિયમિત દિવસો સમુદાયની અપેક્ષાએ હોય તે પર્વો. એક વસ્તુની મહત્તા માટે જે દિવસે ઓચ્છવ જોડવામાં આવે, તે તહેવાર. જેમકે દીવાળી તે મહાવીર પ્રભુનાં નિર્વાણને અંગે હોવાથી તહેવાર, જ્ઞાનપંચમી દરેક શાસનમાં કરવાની. આઠમ, ચૌદશ, પૂનમ, અમાસ કે જેની નિયમિતપણે આરાધના હોય તે પર્વો કહેવાય. જુદા જુદા મુદ્દાથી ઓચ્છવ નિયમિત કરવામાં આવે તે તહેવાર. હવે અહીં મૌન એકાદશી પહેલાથી ન હતી. નેમનાથસ્વામીનાં વખતથી તે દરેક વર્ષે મહીને અગિયારસ આરાધાય છે, તે અપેક્ષાએ પર્વમાં પણ લેવાય. મુખ્ય કારણથી ઊભી થઈ છે. મૌનપણાનું જે ધ્યેય, તે મુદ્દાએ પણ છે. મન માટે, કાયા માટે તે પર્વ ન રાખ્યું, ને વચન રોકવાને અંગે પર્વ કેમ રાખ્યું ? વાત ખરી, એક વાત ધ્યાનમાં લઈશ ? જૈનનાં દરેક અનુષ્ઠાનો મન, વચન, કાયા ત્રણે–ગોપવવાવાળા છે. જૈનના તહેવાર કે પર્વો મન, વચન કાયાના આશ્રવોની છૂટી આપતા નથી. લૌકિક પર્વો કે તહેવારો મન, વચન, કાયાના કર્મોને પ્રવર્તાવવાના સાધનોરૂપ છે. જ્યારે જેને લોકોત્તર કહીએ છીએ તેના પર્વો તહેવારો એકજ ધ્યેયથી ચાલેલા છે. મનના આશ્રવો, વચનના સાવદ્ય નિષ્ઠુર વચનથી બંધાતા કર્મો અને

કાયાથી થતા કર્મો રોકી દેવાના ધ્યેયથી પ્રવર્તેલા છે. જૈનના દરેક પર્વો અને તહેવાર, મન, વચન, કાયાના આશ્રવોને રોકવા માટે જ હોવાથી તેને લોકોત્તર પર્વ અને તહેવાર કહેવાય છે. તે લોકોત્તર પર્વો અને તહેવારોમાં મન વિગેરેને ગોપવવાના હોય છે. લોકોત્તર બીજા બધા પર્વોમાં, જૈનના બીજા બધા તહેવારમાં મન વચન કાયા ગોપવવાની વાત તેમાં કર્મોને પ્રવર્તાવવાનું નહિ, પણ પ્રવૃત્તિપૂર્વકની નિવૃત્તિ. આર્ત્ત રૌદ્ર, રોકી ધર્મ, શુક્લધ્યાનમાં મનને પ્રવર્તાવવું એજ એક ધ્યેય. સાવદ્ય પાપારંભની પ્રવૃત્તિ રોકી દેવવંદન, સામાયિકાદિની પ્રવૃત્તિ વધારવી.

આજનો તહેવાર એક વિશિષ્ટતા જણાવે છે. પહેલા જણાવ્યું કે—લૌકિક પર્વો અને તહેવારો કર્મબંધનોનાં સાધનો પૂરા પાડે છે; જ્યારે લોકોત્તર પર્વો અને તહેવારો શુભ કર્મ તરફ દોરે છે=આત્માની માનસિક, વાચિક, કાયિક પ્રવૃત્તિ તરફ દોરે છે. મૌન એકાદશીમાં કઈ વિશિષ્ટતા? સાવદ્ય કે નિરવદ્ય? એક પણ વચન ન બોલવું, મૌન જ રહેવું, એ મૌન એકાદશીની વિશિષ્ટતા. હવે અહીં નિરવદ્ય વચનની પણ કેમ બંધી કરી? પાપને રોકવું તે શાસ્ત્રકારને ઇષ્ટ છે. નિર્જરા થાય તેમ પ્રવૃત્તિ કરવી તે શાસ્ત્રકારને ઇષ્ટ નથી તેમ નહીં. અભ્યાસ કરનારા બે પ્રકારના હોય. એક ગુણી ને એક અવગુણી. જે મનુષ્ય અભ્યાસના ગુણને ધ્યાનમાં રાખી બીજા ગુણને બાધ ન આવે તેમ અભ્યાસ કરે તે ગુણી. કાળ, અસ્વાધ્યાય છોડી અભ્યાસ કરે તો તે અભ્યાસ ગુણરૂપ. સ્વાધ્યાય વખત ન જુએ તે અભ્યાસનો અવગુણ. સવારના પહોરમાં ગુરુને પૂછે કે—મહારાજ, આજ મારે સ્વાધ્યાય કરવો કે વૈયા-

વચ્ચ? તો ગુરુમહારાજે કહ્યું તેમ અગ્લાનિએ જે કહ્યું હોય તે કરવાનું. આમ કોણ કરી શકે? ગુણી અભ્યાસક હોય તે જ આમ કરી શકે.

## છરીના ઘા રૂઝાય છે, પણ વચનના ઘા રૂઝાતા નથી

તેમ બોલે તે વચનને માટે પણ એ જ વિચાર કરવાનો છે. નિરવદ્ય વચન શુકલધ્યાન કરવાને આજ્ઞા કરે છે=પ્રેરે છે. પણ તે બધાં ગુણરૂપ હોવાં જોઇએ. આ માટે વચનની પ્રવૃત્તિ ઉપર અંકુશ ધરાવવો જોઇએ. મન વિગેરે ત્રણની પ્રવૃત્તિની અંદર મનુષ્યો માટે વચનની પ્રવૃત્તિ ઉપર કાબૂ લેવાની જરૂર છે. કેમકે—જગતમાં વચન જે અનર્થ કરનાર થાય છે, તો મન કે કાયાથી અનર્થ નથી થતો. ઘા માર્યો તો ત્રણ દિવસમાં રૂઝાઈ જાય છે, પરંતુ વચન કહ્યું હોય તો જિંદગી સુધી ભૂલાતું નથી; માટે 'વચન ઉપર કાબૂ રાખતાં શીખો' અધ્યાત્મ-કલ્પદ્રુમમાં કહ્યું છે કે—"**वचोऽप्रवृत्तिमात्रेण, मौनं के के न बिभ्रति? निरवद्यं वचो येषां, वचोगुप्तांस्तु तान् स्तुवे ॥**" =વચનની પ્રવૃત્તિ ન કરવી તે રૂપ મૌન કોણ નથી કરતા? એકેન્દ્રિય અનાદિથી મૌન રહ્યા છે, માટે જેઓનું વચન નિરવદ્ય છે, તે વચનગુપ્તિવાળા મહાત્માઓ છે, અને તેઓની હું સ્તવના કરું છું." માટે આજે મારે મૌનપણું. 'સાવદ્ય કે નિરવદ્ય વચન પ્રવર્તાવવું તે મારે આધીન છે. હું તેને આધીન નથી.' એ જ એનો વિચાર. જેનું મન રોકાયેલું હોય તે જ્યાં સુધી વિચાર કરવા માગે ત્યાં સુધી વિચાર કરી શકે. આયર્લૅન્ડે ૧૦૦ વર્ષ સુધી સ્વતંત્ર થવા પ્રયત્ન કર્યો. ગ્લેડસ્ટને Gladston પણ તેમાં ભીક આપી, પાર્લામેન્ટમાં રજૂ કરી,

છતાં ઊંડી બઈ. તેમે વિચાર કેવો હોય ? પણ ૧૦ વાગે ઊંઘ-વાની ટેવવાળો તે ૧૦ વાગે ઊંઘી ગયો. શ્રીકૃષ્ણ નાસીપાસ થયા છતાં ૧૦ વાગે ઊંઘી ગયો. આ ઓરડો ખોલશો ત્યારે તે વિચાર કરશો. તેવા જ મનુષ્યો વચન ઉપર કાબૂ ધરાવી શકે. વચન ઉપર કાબૂ હોય તો મન ઉપર કાબૂ આવી જાય. કાયાનો કાબૂ સાહજિક છે. મહાવીર મહારાજાને કોડાકોડ સાગ-રોપમ રખડવું પડયું, તે વચનથી સાચી વાત હતી. **आद्योऽहं वासुदेवानां पिता मे चक्रवर्तिनां. पितामहो जिनेन्द्राणामहो मेउत्तमं कुलं ॥** આ બધું સાચું વચન બોલ્યા હતાં. પછી કોડા કોડ સાગરોપમ સંસાર કેમ વધાર્યો ? તેઓ શું વાસુદેવમાં પહેલાં ન હતાં ? પિતા, ચક્રવર્ત્તીમાં પહેલા ન હતા ? દાદા તીર્થંકરમાં પહેલા ન હતા ! હું તીર્થંકર, ચક્રવર્તિ, વાસુદેવ. ત્રિષષ્ઠીની ત્રણ પદવીઓ હતી જ ને ? તો તેમાં ખોટું શું હતું કે જેથી કોડાકોડ સાગરોપમ સંસાર વધાર્યો ? તેમાં હતું એ કે-'તમે બધાં હલકાં ને હું મોટો ! મારું કેટલું ઊંચું કુળ ?' પોતે ઊંચા છતાં બીજાને નીચા-હલકા દેખાડી પોતાની ઉત્ત-મતા જણાવવી તે શાસનને ન પાલવી. ભગવાન ઋષભદેવજીના પૌત્ર તીર્થંકર સરખા જીવને માટે પણ આ સાચી ઉત્તમતા દેખાડી તે પાલવી નહીં. નહીંતર પર્યુષણમાં મહાવીર મહા-રાજાના વચનો સાંભળો છો, તેમાં મીન મેખ નથી. મીન મેખ શામાં ? તમે નહિ, હું જ ઉત્તમ. આજ માત્ર. હવે વિચારો, આ વચન કેવું ભયંકર નિવડયું ? કોડાકોડ સાગરોપમ સુધી હલકા કુળમાં જન્મવું પડયું. તેટલા સાગરોપમે પણ તે કર્મનો છેડો નથી આવ્યો. તીર્થંકરના ભવમાં પણ હલકા (યાચક) કુળમાં ઉપજ્યા, એ બધો શાનો પ્રભાવ ! વચન તે પણ સાચું.

એક જ મુદ્દો, કે-તે વચનો બોલવામાં બીજાની અધમતાને સ્થાન આપ્યું, તેથી તેવા એક જ વચનના યોગે કોડાકોડ સાગરોપમ સુધી સંસારમાં રઝળ્યા અને અંતે નીચ કુળમાં જન્મ્યા. લૌકિક અપેક્ષાએ એક વચન આખા કુટુમ્બનો નાશ કરે છે.

## ગંભીરતા ન રાખવાનું ભયંકર પરિણામ.

એક શેઠ છે, તેનો પરગામ વિવાહ થયેલો. પેલી છોકરી વગર વિચારની દુર્મતિવાળી છે, તેથી સાસરે જવા માંગતી જ નથી. બીજાં તેડાં આવ્યા, ન ગઈ. છેવટે ધણી તેડવા આવ્યો. માબાપે કહ્યું કે—આ વખતે બાંધીને પણ મોકલવી પડશે. વચમાં જંગલ આવ્યું. હવે તેને પીયર છોડવું નથી. અપલક્ષણ નથી, એ સ્થિતિમાં આ છોકરી વિચારે છે કે—' ભલે રાંડું, પણ પીયર ન છોડું. ' આમ વિચારી ધણીને કહે છે કે—મને તરસ લાગી છે. ધણી જરા નજીકના ભાગના કૂવે પાણી ભરવા જાય છે. સ્ત્રીએ ધણીને ધક્કો માર્યો. ધણી કૂવામાં પડ્યો. રોતી રોતી ઘેર ગઈ. પીયરીયાંને કહેવા લાગી કે—ધાડ પડી, સિંહ ધણીને ખાઈ ગયો. પીયરીયાંએ તપાસ ન કરી અને માની લીધું ! પતી ગયું. પીયર રહી છે. અહીં કૂવા પાસે સાર્થવાહ=સથવારો નીકળ્યો છે. પાણી ભરવા કોઈકે ઘડો કૂવામાં નાખ્યો. પેલા કૂવામાં પડેલા શેઠે દોરડું પકડ્યું—હલાવ્યું અને કહ્યું—' હું અંદર છું, બહાર કાઢો. ', કાઢે—ઉભેલો કહે છે કે—તું કેમ કૂવામાં ? હવે શેઠે તેને શું કહેવું ? બનેલી બીના કહી નહીં. કહ્યું કે—પાણી લેવા ગયો હતો ને કૂવામાં પડ્યો. એમ કહી વાત માંડી વાળી પોતાને ઘેર ગયો. સમજી ગયો કે—બાઈને ઘેર આવવું નથી. પેલા સથવારાવાળા શેઠ બાઈને ગામ આવ્યા છે. વેવાઈને ત્યાં જમાઈ જીવ-

નાની ખબર આવી પણ કૂવામાં નાખ્યા હતા તે વાત દબાઈ ગઈ. ઘેર આવેલ ધણીને તેના મિત્રો કહે છે કે-બાઈને તું લઈ આવ, ધણી કહે-હું નહીં જાઉં. મિત્રો કહે- તેડું કરવા જવું જોઈએ. ચાલો, જોડે આવીએ, છતાં ધણીએ ના કહી. મિત્રો કહે-ન જવાનું કારણ કહે. અંતે ગામના પાંચ જણ સાથે બાઈને ત્યાં આવ્યા. પતિને પણ તે વાત વિસારે પડવાને મુદત થઈ, એટલે સમજીને તેઓની જોડે સીધી ઘેર આવી. ઘણી મુદત થઈ-છોકરાંઓ થયાં.

વેપાર ધમધોકાર ચાલે છે-એક વખત બાપ છોકરાઓને શિખામણ આપતા કહે છે કે-ગઈ ગૂજરી ભૂલી જઈએ, પણ નીતલી બોલ્યા ન કરીએ. ગઈ ગૂજરીને યાદ કરી હતે-ગણી હતે તો મારી શી દશા થતે ? દરેક ગામના લોકો તેની પાસે ન્યાય કરાવવા આવે છે, તેને પણ એક જ હિત-શિખામણ આપ્યા કરે કે- ગંભીરતા રાખીએ. ગમ ખાતા શીખીએ તો જ સંસાર-કુટુંબ નભે. છોકરાઓને પણ દરરોજ, વારંવાર આ શિખામણ આપે. એક દિવસ એક છોકરાને કુતુહળ થયું કે પિતાજી એક જ શિખામણ આપણને અને બીજાને આપે છે તો કંઈ કારણ હશે, તેથી પિતાજીને પૂછયું. પિતાજી કહેતા નથી. પણ હઠ કરી પૂછયું તો સ્ત્રીની હકીકત કહી. છોકરાએ માને જઈને પૂછયું કે-મા ! તેં આમ કર્યું હતું ? માએ કહ્યું-જમવા બેસ, પછી કહીશ. ઉપર જઈ ગળે ફાંસો ખાધો. છોકરાને થયું કે-માતાએ મારાં વચનથી ફાંસો ખાધો. એટલે છોકરાએ પોતે પણ ફાંસો ખાધો ! શેઠ ઘેર આવ્યા. રસોડું ખાલી કેમ ? ઉપર જઈને જોયું તો બેયના ગળામાં ફાંસો. આ જોઈને શેઠે પોતે પણ ગળે ફાંસો ખાધો. ત્રણેની લેવાદેવા

વગર હત્યા થઈ! શાથી થઈ? લૌકિકમાં વચન ઉપર કાબૂ ન હોય તો આ દશા આવે છે.

## હવે વાગ્ગુપ્તિ ઉપર એક દૃષ્ટાંત ધ્યાનમાં લઈએ.

કેટલાક સાધુ પૂર્વ સંબંધીઓને જોવા કે મળવા માટે જતા હતા. માર્ગમાં ચોરોએ પકડ્યા. સાધુ જાણી છોડી દીધા પણ અમે અહીં રહ્યા છીએ તેમ કોઈને તમારે કહેવું નહિ, એમ તાકીદ આપી. આગળ જતાં માતા, પિતા, ભાઈ વિગેરે મળ્યા, કેમકે મોટો મેળો હતો. લોકો આવતા હતા, એટલે માતાપિતાદિક સાથે સાધુઓ પાછા ફર્યા. માર્ગમાં 'ચોરો છે, લૂંટારા છે.' તેવું આ સાધુઓએ માતાદિકને કહ્યું નહિં. સાધુ વચનગુપ્તિવાળા હતા. લૂંટારા બધાને લૂંટતા લૂંટતા સાધુ પાસે આવ્યા. કહે કે-આ તો હમણાં જ આપણે છોડી દીધા તે જ સાધુ છે. એ સાંભળી સાધુની માતા ચોરો પાસે છરી માગે છે કે-તમારી છરી આપો, કે જેથી આ મારા સ્તનો કાપી નાખું. ચોરોએ પૂછ્યું, કારણ? પેલીએ કહ્યું કે '—આ મારા સ્તન લજવાયાં. આ ( સાધુ ) કુપુત્ર નીકળ્યો! જાણતો હોવા છતાં અમને ચોરોથી ચેતવ્યા નહિં. અમો લુંટાઈ ગયા.' ચોરોએ સાધુને કહ્યું કે-કેમ ન કહ્યું? સાધુએ કહ્યું કે—મુનિ કહે જ નહિં. મુનિધર્મ એવો જ છે. ચોરો પણ સમજી ગયા. લૂંટેલું પાછું આપી દીધું!

વચનવિભક્તિમાં કુશળ, અને ઉત્સર્ગાદિ જાણતો સિદ્ધાંત-વિધિથી આખો દિવસ બોલે તો પણ વચનગુપ્તિવાળો ગણાય. કુશલ વચન ઉચ્ચારતો જે વચનગુપ્ત, તે વચનસમિત પણ છે. **હે ભગવંત! 'सिद्धान्तोक्तमार्गे वचनसाधारणया स्वाध्याये वाग्गुप्तिसेवनेन जीवाः किं फलं नयंति?'-दर्शनपर्यायान्**

**શોધયતિ** ॥=દર્શનભેદ-પર્યાયો, તેના શબ્દો, સહેલા કહી શકે છે=સાધ્યાય કરી શકે છે. તેથી દ્રવ્યાનુયોગનો સ્વાધ્યાય કરવાથી અનેક પદાર્થો જાણે છે, સુલભબોધિ થાય છે, દુર્લભબોધિ નિર્જરે છે.

આ બે સ્થિતિ નજર સમક્ષ રાખશો ત્યારે સમજશો કે વચન ઉપર કાબૂ રાખવા માટે ઉપાય કરવો જોઈએ. તે માટે જ આ મૌન એકાદશી રાખી છે. હું વચનનો માલિક છું કે વચન મારું માલિક છે? તમારા વચનને તમે આધીન છો કે વચન તમારે આધીન છે? તે વિચારો. વચનનો બેકાબૂ, બોલવામાં અનર્થ હોય તેવું તમારી પાસે બોલાવે છે. આ વાત ધ્યાનમાં રાખશો ત્યારે 'ઠાણેણં મોણેણં ઝાણેણં'વાળી પ્રતિજ્ઞા વચનને અંગે કરીએ છીએ તે સમજાશે. અમુક મર્યાદા સુધી કાયોત્સર્ગમાં મૌન રહેવાનું કહ્યું છે. વચન મારે આધીન ચીજ છે, એની સાબિતી કઈ? એક દિવસ નથી બોલવા માંગતો તે નથી જ બોલતો. 'બોલ્યા વગર ન ચાલે' એ શબ્દો શું કહે છે? વચન તમારું માલિક છે. વચનના માલિક તમે છો કે નહીં? તેની પરીક્ષા મૌન એકાદશીના દહાડે છે. મૌનની અપેક્ષાએ આ વિચારી, વચનનો યોગ આપણા કાબૂમાં છે કે નહીં? તે જોવા માટે મૌન એકાદશી. મૌનની ફરજ પાડ. હવે રૂઢ મૌનને અંગે વિચારીએ. મૌન શી ચીજ? દુનિયામાં 'મૌન' શબ્દ મૂક રહેવામાં વપરાય છે. તે જ અપેક્ષાએ તહેવાર છે. મૌનવ્રત કરનારા સુવ્રત શેઠને મૌનથી કેટલો ફાયદો થયો છે? તે વિચારી લેવું. શાસ્ત્રીય પરિભાષિત મૌન કોને કહેવું? એવી રીતે રૂઢ 'મૌન' શબ્દને અંગે વિચાર્યું. એ સંબંધી જ્ઞાન. રામ લક્ષ્મણ સાથે ફરનારા

હોવાથી, રામનું નામ યાદ કર્યું એટલે લક્ષ્મણનું પણ સ્મરણ થાય. તેમ અહીં મૌન શબ્દનો પારિભાષિક શબ્દ પણ સમજવો જોઇએ. કોઈક કહેનારા નીકળે કે શાસ્ત્રોમાં મૌન શબ્દ જ નથી પણ શાસ્ત્રમાં મૌન માટે મોટું સ્થાન છે. તમે સામાન્યથી સાંભળ્યું હશે. '**जं मोणंति पासहा तं सम्मंति पासहा**' શાસ્ત્રમાં મૌનને સ્થાન નથી, તેમ કહેનારા આચારાંગ સૂત્રના વચનને ખ્યાલમાં લઈ ભૂલ સુધારી શકશે.

## અભવી પણ પ્રરૂપણા શાસનની જ કરે.

સમકિતને દેખો છો ? જૈન સમકિત ગણનારો હોય. મુનિપણું અને સમકિત એ બે જુદી ચીજ નથી. મુનિપણું તેજ સમકિત. આ બે એક કેમ બને ? સમકિત ચોથે ગુણસ્થાનકે શરુ થાય. ૧૭ પાપસ્થાનક છૂટાં પણ હોય. જિનેશ્વરનાં તત્ત્વોને માનનારા હોય, તો તે સમકિતી હોય. મુનિ પણ તત્ત્વોને માનનારા છે. એમ મુનિપણું અને સમકિત એ બે એક બને. સમકિત ત્રણ પ્રકારનું છે. રોચકની અપેક્ષાએ બીજા સમ્યક્ત્વવાળા છે. ચોથા ગુણઠાણાવાળા છે. દીપક રોચક કારક સમ્યક્ત્વ. દીપક કયું ? ઘરમાં દીવો કરીએ છીએ. દીવાથી આખા ચોપડા ઉકેલીયે, દીવો કેટલા અક્ષર ઉકેલે ? તેવીરીતે જૈનશાસનમાં પણ કેટલાક જીવો એવા હોય છે કે—જે પોતાનાં હૃદયથી કોરા ધાકોર. મોક્ષ, સંવર, નિર્જરાને ન માને તેમ અભવી મોક્ષને લાયક સંવર, નિર્જરા ન માને. છતાં તેને જૈનધર્મની પ્રરૂપણા કરવી પડે. સંઘનું જોર હોવાથી અભવી હોવા છતાં પણ તે મોક્ષની પ્રરૂપણા કરે ! પ્રભુનાં એક વચનને ન માનનારાને સંઘમાં સ્થાન ન આપે, તેથી અભવ્યને પણ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે સંવર-નિર્જરા-મોક્ષનું

સ્વરૂપ જણાવવું પડે. તમેજ વિચારો. તમે તો જમાલિને સાચો કહેશો. સ્થૂલ દૃષ્ટિએ કોણ સાચો ? કરવા માંડેલામાં ક્રોડ વિઘ્ન આવે ને કાર્ય ન પણ થાય, તો હવે કર્યું તેને કર્યું કહેનાર સાચા કે કરવા માંડ્યું તેને કર્યું કહેનારા મહાવીર ભગવાન સાચા ? સ્થૂલ દૃષ્ટિથી જમાલી સાચા લાગે અને મહાવીર મહારાજનું વચન સંદેહવાળું લાગે. કર્યાનું વચન ટંકશાળી કહેવાય, તો પછી મહાવીર મહારાજા કાચું કાપનારા ને ? એક વાત ધ્યાનમાં રાખવાની. ધોકડાં× તોલવાનાં કાંટા હોય, તેનાથી હીરા મોતી ન તોલાય. બારીક દૃષ્ટિવાળા ન હોય તે તેવું વિચારે. સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારનારાને જ મહાવીરનું વચન સાચું લાગશે.

જૈન શાસનનો સિદ્ધાંત રોકડીયો. જે સમયે આશ્રવ સંવરના પરિણામ તે જ સમયે આશ્રવનું આવવું ને સંવર રોકાવાનું. બંધના પરિણામનો સમય એ જ બંધ થવાનો સમય, આશ્રવનો જે સમય તેજ સમય પરિણામનો. નિર્જરાનો પરિણામ જે સમયે તેજ સમયે નિર્જરા. એક સમયમાં કર્યું ને કરું છું તે બે વિભાગ કહ્યા છે. એક બારીક ભાગ સમયકાળનો. તેનો પહેલો અને પછીનો ભાગ ન કહેવાય. તેમ સમયમાં આરંભ સમાપ્તિનો ભાગ જ નથી. આરંભકાળ તે જ નિષ્ઠાકાળ. નિષ્ઠાકાળ તે જ આરંભકાળ. સેકન્ડમાં પહેલી સેકન્ડ અને છેલ્લી સેકન્ડ છે, પરન્તુ જેમાં આદિ સમાપ્તિ ભાગ જુદો ન પડે, તેમાં ક્રિયા અને નિષ્ઠાકાળ જુદા ન હોય. આ વાત આટલે જ રાખીએ. જમાલિએ '**કડેમાણે કડે**' ન કહ્યું 'કડે કડે' કહ્યું. '**कडेमाणे कडे**' ન માન્યું, તે ખાતર સંઘ બહાર

× રની ગાસડીઓ.

એક વચન ન માનવાથી સંઘ બહાર કર્યો. પ્રભુ મહાવીરે દીક્ષા લીધી ત્યારે સાથે કોઇ નહીં અને જમાલીએ દીક્ષા લીધી ત્યારે તેની સાથે દીક્ષા લેનાર ૫૦૦ તો રાજકુવર! જમાલીએ દીક્ષામાં કુટુમ્બને જોડે લીધું. તેની પત્નીએ ૧૦૦૦ સ્ત્રીઓ સાથે દીક્ષા લીધી! જેની સ્ત્રી (પ્રભુની પુત્રી) પતિના પક્ષ તરફ છે. પિતા(મહાવીર)ને ખસેડીને પતિના પક્ષમાં રહે છે! તેવા તે જમાલિને ભાણેજ ગણો કે જમાઇ ગણો, તેવાને પણ એક વચન ન માન્યું એટલે સંઘની બહાર કરવામાં સંકોચ ન રાખ્યો. આ બારીક દૃષ્ટિનું વચન ન માન્યું, તો તેવા જમાલિ સરખાને પણ શાસન બહાર કાઢયો!

આટલું બધું સંઘ અને શાસનનું નિશ્ચલપણું હોવાથી અભવીને પણ પ્રરૂપણા તો મોક્ષ ને તેના સાચા માર્ગની જ કરવી પડે. શાસનથી વિરુદ્ધ અભવ્યો પણ ન બોલે, માટે જ તેઓને મોક્ષની માન્યતા નહિ હોવા છતાં સંવર-નિર્જરાને મોક્ષના કારણભૂત કહેવાં પડતાં. સાંભળનારાને માર્ગનું ભાન થાય તેના કારણભૂત અભવ્ય કે મિથ્યાત્વીનું વચન તે દીપક સમ્યક્ત્વ. પ્રભુનું વચન પોતે માનનારો થાય તે રોચક સમ્યક્ત્વ. વાતોના વડાં કરવાનાં, તાવડી મેલવાની નથી. વડાંની વાતો કરવામાં તેલ કેટલું જોઇએ? તેવી રીતે રુચિવાળું સમ્યક્ત્વ, તે ક્રિયામાં કંઈ પણ નહીં. કારણ સમ્યક્ત્વ શ્રદ્ધા, પ્રમાણે જ ક્રિયા કરવાને તૈયાર થાય. સંવર-નિર્જરાનાં જેટલાં કારણો જાણે, તેટલાં આ કરે. બંધ આશ્રવને છાંડે. આમ કારક સમ્યક્ત્વી, બંધ-આશ્રવ-સંવર-નિર્જરાને છોડવા અને આદરવાવાળી ક્રિયાની રુચિવાળો અને કરવાવાળો હોય. આમ સમ્યક્ત્વ ત્રણ પ્રકારનું. તેને અંગે શાસ્ત્રકાર કહે છે કે-કારક

સમ્યક્ત્વ, તે મૌનપણું.—મુનિપણું. મુનિપણું તે જ સમ્યક્ત્વ એમ બંને એક બને. હવે મુનિપણું શું ચીજ? માથું મુંડાવવું ઓઘો લીધો તે? તમને ઘણા કહેવાવાળા છે કે-મન ઠેકાણે વગર શું? તેને કહેવું કે–તો તેવુંય તારે કરવામાં શી હરકત છે? કે મનને બ્હાને ઢોંગ છે? મનને વશ કરવાના નામે ક્રિયાને લોપનારા ઘણા છે. જે સમકિત તે જ મૌન. મુનિપણામાં અને સમકિતમાં ભેદ નથી. જે મુનિપણું તે જ સમકિત. નિશ્ચયવાળા તે નિશ્ચયના નામે પડ્યા છે. મુનિપણું લીધું નથી, તેને હજુ વ્યવહારથી સમકિત છે. નિશ્ચય તો કર્યાને જ ગણનાર છે. નિશ્ચય વગરના પડેલા છે. મુનિપણાનું સ્વરૂપ કહે છે. મુંડાવવું વિગેરે મુનિપણાનું ચિહ્ન છે, સ્વરૂપ નથી. ને ચિન્હ કેવળજ્ઞાનીઓને મંજૂર છે. નહિંતર નવતત્ત્વનાં ભેદો જણાવતાં સ્વલિંગે સિદ્ધો થયા છે, એમ શું કામ જણાવ્યું? ત્યાં ઓઘા વિગેરેને સ્વલિંગ ગણ્યું. અનંતજ્ઞાનીઓએ ત્યાગને સ્વલિંગ ગણાવ્યા છે, ત્યાગ મોક્ષનું લિંગ છે તેને મેલી દઈએ, તો નિશ્ચય વગરનો અગ્નિ કેવો? ત્યારે કાળો ન કહેવાય. ધૂમાડો કાળો પણ તે તો અગ્નિનું લિંગ છે. અગ્નિનું સ્વરૂપ કહેતી વખતે ઉષ્ણતા કહેવી પડે તેમ ઓઘો એ લિંગ છે, સ્વરૂપ નથી. ત્યાગ હોવા છતાં ઓઘો ન હોય તો મુનિપણું નથી. કારણ કે—એ પણ લિંગ-ચિહ્ન છે. મહાવીર મહારાજા સ્નાન નથી કરતાં વિગેરે હોવા છતાં તે પર્યાય, ગૃહસ્થ પર્યાય ગણ્યો છે. તે બે વરસના મુનિભાવ, મુનિપણામાં નથી ગણ્યા. ત્યાગની પ્રતિજ્ઞા કરે નહિ ત્યાં સુધી ત્યાગી ન ગણાય. ભરત મહારાજાને કેવળજ્ઞાન થયું, ઇન્દ્રે વંદના ન કરી. સાધુપણાનો વેષ લો, પછી વંદના કરું.

# દેશના—૨૩

## જાહેર વ્યાખ્યાનઃ વિષય મનુષ્ય કર્તવ્ય.

મહાનુભાવો ! આજનો વિષય મનુષ્ય કર્તવ્ય નામે રાખ્યો છે. આ જીવ જે જે જાતિમાં જન્મે છે, તે તે જાતિનાં કર્તવ્યો વગર ઉપદેશે કરેજ છે. બકરીનાં જન્મમાં જન્મેલો જીવ તેના કર્તવ્યો કરતો કરતો મરે છે. પાડા, ઊંટ, ઘોડા વિગેરે પોતાનાં કર્તવ્યો કરીનેજ પોતાની જિંદગી પૂરી કરે. કોઈ પણ કર્તવ્યવિહીન હોતું નથી. જીવન ટકાવવું, દુઃખથી દૂર રહેવું, સુખ તરફ દોડવું, આ કર્તવ્ય દરેક કરે છે. તેમાં ઉપદેશની જરૂર પડતી નથી. જાનવરો કોના ઉપદેશથી પોતાનું કર્તવ્ય કરે છે ? તેનાં કર્તવ્યનું ભાન પોતાની મેળેજ મેળવે છે, તો મનુષ્ય સરખી જાતિને કર્તવ્યનો ઉપદેશ શો ? બીજા જીવન માફક પોતાનું જીવન વહેવાનું જ છે. પછી તમારે

---

પ્રભુને મનઃપર્યવ જ્ઞાન ક્યારે થયું ? ત્રીસ વર્ષે ત્યાગ કર્યો ત્યારે જ થયું. આ બધું વિચારશું ત્યારે સાધુપણાના ચિહ્નમાં ઓઘો અને લોચ છે, પણ સ્વરૂપે મુનિપણું શી ચીજ ? જગતના સ્વરૂપને ધ્યાનમાં રાખે. જન્માદિથી જગત કેવું પીડાયેલું છે, જગત્ નિઃસાર છે, અશરણ છે, એમ સમજી પોતાના આત્માના ઉદ્ધાર માટે તૈયાર થાય તેનું નામજ મુનિપણું છે. આમ શાસ્ત્રમાં જણાવેલું મુનિપણાનું સ્વરૂપ છે. આ સમજી મૌન એકાદશીની આરાધના માટે કટિબદ્ધ થશે તે કલ્યાણાદિ પામી મોક્ષમાર્ગમાં બિરાજમાન થશે.

કર્તવ્યો શા માટે? મનુષ્યનેજ કેમ! દરેક પ્રાણીઓને કર્તવ્ય રહેલાં છે. મનુષ્ય પણ કર્તવ્ય કરવાનોજ છે. તેમાં ઉપદેશની જરૂર નથી. "**स वातकी वाऽथ पिशाचकी वा, योऽनर्थिने वाचमुदीरयते**=કાં તો વાયુનો રોગ, કાં તો ભૂત વળગેલું છે. કોને? શ્રોતા અર્થી ન થયો હોય, શ્રોતા જિજ્ઞાસાવાળો ન થયો હોય ને તેને સમજાવવા માંડે!" ત્યાં અર્થીપણું નથી. શ્રોતાનું અર્થીપણું ન હોય ત્યાં સુધી તેને ઉપદેશ કરનાર વક્તાને વાયુના રોગવાળો કે ભૂત વળગેલું છે. મનુષ્ય, સ્વાભાવિક તથા કર્તવ્ય કરવાનો છે. ઉપદેશ દો કે ન દો. બાળકને રડવાનું કોણે શીખવ્યું? સુખમાં રાજી થવું, દુઃખમાં દિલગીર થવું તે બાળકને પણ શીખવવું પડતું નથી. એ જ્ઞાન ગર્ભસિદ્ધ છે. એક બાઇને આઠ મહીનાનો ગર્ભ થયો છે, હાથ બહાર નીકળી મેળા છે. શહેર હતું. ડૉકટરો ભેળા થયા. હવે ત્યાં 'છોકરા! હાથ અંદર ખેંચી લે' એમ કહેવાથી છોકરો હાથ

ખેંચી ન લે. કેમ? છોકરો સમજણવાળો નથી. ડૉકટરોએ વિચાર્યું કે ઓપરેશન કરવું પડશે. હાથ અંદર ગોઠવવો પડશે. એક દેશી વૈદ્ય આવ્યો. તેણે કહ્યું—લગીર પાંચ મીનીટ મને આપશો. પાંચ મીનીટમાં કેસ બગડે તેમ નથી. ડોકટરોએ કહ્યું—તું ઇલાજ કર. દીવાસળી મંગાવી, સળગાવીને હાથ પર ચાંપી એટલે હાથ ખેંચી લીધો. આ વાતથી સમજવાનું કે સુખની ઇચ્છા, દુઃખની અપ્રીતિ ગર્ભસિદ્ધ છે. જીવ, ગર્ભમાં પણ સુખની ઇચ્છા, દુઃખની તરફ અપ્રીતિવાળો હોય છે. તેમાં ઉપદેશની જરૂર શી? વાત બધી ખરી. એક વાત ધ્યાનમાં રાખવી. જીવો વર્તમાન સુખ—પૌદ્ગલિક સુખ તરફ જેવી દૃષ્ટિ રાખે છે, તેના બદામના ભાગની પણ દૃષ્ટિ ભવાંતરના સુખની રાખતો નથી.

## મહેલ કે મુસાફરખાનું ?

હું કંઈકની ધર્મશાળામાં ઉતરેલો મુસાફર છું. એક ફકીર-ને અંગે બન્યું. પાદશાહના મહેલમાં વગર પૂછયે ઉતારો કર્યો છે. પાદશાહ આવ્યો. અરે....મુસાફર ! મુસાફરખાના માફક ઇધર કૈસે નિશ્ચિંત સો રહા હૈ ? ફકીરે કહ્યું–એ ભી મહેલ નહીં હૈ, મુસાફરખાના હૈ રાજા કહે–મુસાફરખાના બહાર હૈ, યહ તો રાજમહેલ હૈ. ફકીરે કહ્યું–આપ મુસાફરખાના કીસકુ કહતે હૈ ? રાજાએ કહ્યું–'મુસાફીર ઘુમતા આવે, ઠેરે, ઔર ચલા જાય.' ફકીરે કહ્યું–"તો ઇસી મહેલમેં તુમેરા વડા આયા થા, રહા, ઔર ચલે ગયે ! તુમ ભી ચલે જાયગા ! ફીર તુમેરા લડકા આયગા ! મુસાફરખાના ઔર મહેલમેં કયા ફરક હૈ !"

જેમ રાજ્યોમાં નિકાશની પ્રતિબંધી થાય છે તેમ ભવને અંગે જે મેળવીએ છીએ તે વસ્તુ નિકાશની પ્રતિબંધીવાળી છે. કંચન, કામિની, કુટુમ્બ અને કાયા–આ ચારે ચીજો મેળ-વવા માટે રાતદિવસ મહેનત કરીએ છીએ, તે નિકાશના પ્રતિ-બંધવાળી વસ્તુઓ છે. અબજો રૂપીયા હોય પણ એક રૂપીયો લઈ જવા માંગીએ તો સાથે ન લઈ જઈ શકાય. હજારો સ્ત્રીઓમાંથી એક પણ સ્ત્રીને સાથે ભવાંતરમાં ન લઈ જઈ શકાય. ચારે ચીજો પ્રતિબંધવાળી છે. રાજ્યમાં રહીને ચાહે જેટલું આપો અને લ્યો. બહાર નહિં લઈ જવાય. આ ચારે ચીજો ભવના નિકાશની પ્રતિબંધવાળી છે. નિકળવા માગો તે વખતે એક પણ ચીજની નિકાશ ન કરી શકો. હે પાદશાહ ! આમાં તું કેમ રાચ્યો છે ? આ મહેલ પણ મુસાફરખાનું છે. મહેલ કહો, ઘર કહો, હવેલી કહો, એ બધાં આ જીવના માટે મુસાફરખાનારૂપ છે. આ દૃષ્ટિ આવે ત્યારે મનુષ્ય

ગણાય. વર્તમાન જીવન સુખી નિવડવું જોઈએ તેવી ધારણા-વાળા તો જાનવર પણ છે. વર્તમાન જીવનને અંગે સુખનાં સાધનો મેળવવાવાળા અને દૂરથી દૂર રહેવાવાળા દરેક હોય તેમાં નવાઈ નથી. ચંદ્રહાસ તલવારથી ઘાસ કાપ્યું, તેમાં બહાદુરી નથી. આ મનુષ્ય જન્મ ૮૪ લાખ જીવાયોનિમાં ભટકતાં ભટકતાં મુશ્કેલીથી મળે તેવો છે. મનુષ્યને ૯ મહીના સુધી ગર્ભમાં રહેવું પડે. જાનવરાદિકમાં અલ્પકાળ રહેવું પડે છે. ઉંધે માથે લટકવાનું માત્ર મનુષ્યમાં. તિર્યંચને તિરછું ગર્ભસ્થાન એ અવસ્થાએ તું જન્મ પામી, હજુ વિવેકમાં ન આવે. આવતા ભવનો વિચાર ન કરે તો ગતિ શું ? કુટુમ્બમાં અને કાયાદિમાં ગુંથાઈ રહ્યો તો ભવાંતરમાં સ્થિતિ કઈ ? ઘેર ઘોડો જન્મ્યો, ચરે, માલીકનું કામ કરે, સંતાન પેદા કરે, આયુ પૂરું થાય એટલે ચાલતા થાય. શું લઈ ગયો ? આપણે પણ ભવિષ્યનો વિવેક ધ્યાનમાં ન લઈએ તો આપણી જિંદગી પણ જાનવરની જેવી જાય.

"**येषां न विद्या न तपो न दानं, ज्ञानं न शीलं गुणो न धर्मः । ते मृत्युलोके भूवि भारभूता. मनुष्यरूपेण मृगा-श्चरंति** ॥=મનુષ્યનો વેષ લીધો છે. માત્ર મનુષ્યનુ ચામડું ઓઢ્યું છે. શિયાળ, ગધેડા ઉપર વાઘનું ચામડું પહેરાવે તો ખરેખર વાઘ નથી. તપ, વિદ્યા, ગુણ, શીલ, ધર્મ નથી. તેવા મનુષ્યનું ચામડું ઓઢી જાનવરરૂપે ફરે છે. ભલે, મનુષ્ય-રૂપે હોવાં છતાં ખરેખર જાનવરરૂપ છે. આ મૃત્યુલોકમાં તેવા મનુષ્યો પૃથ્વી પર ભારભૂત છે." વિદ્યા દરેક મેળવે છે, ભીલ પણ પોતાના લાયક કળા પોતાના છોકરાને શીખવે છે. જીવનનિર્વાહની કળા, ચોર–શિકારી–જુગારી પોતાનાં છોકરા-

ઓને શીખવશે. ચોરો ભોઠ હોતા નથી, જુગારીઓ મૂર્ખા હોતા નથી, ચાલાક માણસો હોય છે. તે ગુન્હો કરીને પકડાતા પણ નથી, તો પણ આપણે તેને વિદ્યા કહેતા નથી. કેમ ? **सा विद्या या विमुक्तये**–તે જ વિદ્યા કે જે આત્માના બંધનોને છોડાવવાવાળી થાય. કર્મને છોડવનારી ન હોય તે વિદ્યા નથી. જે મોક્ષ માટે થાય, તેજ અને તેનું નામ વિદ્યા, તે વિદ્યા મળે તો જ મનુષ્યપણું. મોક્ષ મેળવવાની યોગ્યતા–શક્તિ, માત્ર મનુષ્યોમાં. નારકીઓ ભયંકર દુઃખ વેઠે છે. લાંબી જિંદગીઓ ધારણ કરે છે, પણ મોક્ષની લાયકાત નહીં. દેવતા જે સમર્થ પુણ્યશાળી ઠકુરાઇવાળા છતાં તેમાં પણ મોક્ષની લાયકાત નથી. તિર્યંચ અને નારકીમાં તે લાયકાત નથી. પણ દેવતા પરાધીન નથી. શક્તિ વગરના વિવેક વગરના પણ નથી તે છતાં પણ તેઓ મોક્ષ કેમ ન મેળવે ? મનુષ્યો જ મોક્ષ મેળવવાનો ઇજારો લઇને કેમ બેઠા છો ? આપણને આ પ્રશ્ન દેખીતી રીતે ગુંચવાડાવાળો લાગશે. મનુષ્ય પાણીનો પોરો, ધાન્યનો ધનેડો. પોરા પાણી વગર ન ટકે, તેમ આ જીવન પાણી અને ધાન્ય વગર ન ટકે. તેની મોક્ષ મેળવવાની તાકાત શીરીતે ? દેવતા શીરીતે ન મેળવી શકે ? આપણે શક્તિ અધિકને મોક્ષને અનધિકારી ગણીએ છીએ. આ દરેક મતવાળાએ માન્યું છે. સર્વ દેશને માનેલી ચીજ છે. અમે તો યુક્તિથી યોગ્ય હોય તેજ માનવાવાળા છીએ. સ્થિર બુદ્ધિથી વસ્તુ સમજો.

## ડાહ્યા ગાંડા વચ્ચેનો ફરક

એક શેઠ સારી લક્ષ્મીવાળો. કુટુમ્બમાં કોઇક વખત દરિદ્ર દશામાં આવી ગયો. ગણિતમાં, વ્યવહારમાં, ઇન્દ્રિયના વિષય-

માં મતભેદને સ્થાન નથી ૨×૨=૪ સાકરને ગળી કહેવામાં, કરીયાતાને કડવું કહેવામાં કોઇનો મતભેદ નથી. પણ વિચારનો મતભેદ ઠેકાણે ઠેકાણે છે. તેજીના જીવડાને મંદી થાય તો કૃત્રિમ છે. વેપારની રૂખ દરેક વખતે જુદી રહે છે. ઇન્દ્રિય વ્યવહારના વિષયમાં ઐકયમત રહે છે. વિચારમાં ઐકયતા રહેતી નથી. એક જ કુટુમ્બમાં એકને અમુક વેપાર કરવાનો સૂઝ્યો, એકને લાભ એકને નુકશાન. તેમાં મતભેદવાળા હોય. તે શેઠે તેથી વેપારમાં ધન ખોયું. અન્ન દાંતને વેર જેવું થયું. હવે શું કરવું ? જીવન, કુટુમ્બ ટકાવવાની મુશ્કેલી થઇ. અમુક શેઠ મારા કુટુમ્બનો છે તે સુખી છે, માટે કંઇક માંગણી કરું. તેનું શરણ લેવા માટે તેને ત્યાં આવ્યો. ધનવાન શેઠે આ દરિદ્ર દશાવાળા કુટુમ્બીને છેટેથી દેખ્યો. લેવા આવ્યો છે. યુક્તિ કરી લાંબો થઇ સૂઈ ગયો. દેવાની બીકે સૂતેલો દેખ્યો. પેલાને એ ખબર નથી કે મને દેખીને સૂતો છે. "વિનય વશીકરણ છે." મંત્રતંત્રના કાર્યો જે નથી કરી શકતા તે વિનય કરી દે છે. શેઠના પગ દાબવા લાગ્યો. સૂતેલો શું ધારે છે? કે-નોકર આવ્યો છે ને પગચંપી કરે છે. ૦। અડધો કલાક થયો. પેલાએ ધાર્યું કે ગયો જણાય છે. નોકર ધારી સુતેલા શેઠે પૂછ્યું-પેલી બલા ગઇ ? આવનાર પામી ગયો કે-'આ મને આવતો દેખી સૂઇ ગયો, મને બલા ગણાવે છે.' આથી પગ દાબતાં દાબતાં બોલ્યો કે-એ બલા પગે વળગી છે. આ સાંભળી શેઠ ચમકયો. સમજી ગયો કે-કપટ ખુલ્લું થયું. બેઠો થયો. તારામાં ને મૂર્ખમાં આંતરું કેટલું ? પેલાએ આંતરું (શેઠને પોતાની વચ્ચે હતું તે) આંગુલથી વેંતથી ભર્યું. એક-બે-ત્રણ ને ચાર આંગળાનું. મારા ને મૂર્ખ વચ્ચે એક વેંત ને

ચાર આંગળનું આતરુ. મૂળ વાતમાં આવીએ. લાખ ને ક્રોડ વચ્ચે એક પઇનું આંતરૂં. ડાહ્યા ને ગાંડામાં આંતરું કેટલું ? જે વિચારને વિચારથી ગળે, તે ડાહ્યો, અને વિચાર આવ્યો ને ગળ્યા વગર પ્રવૃત્તિ કરે તે ગાંડો. આવેલા વિચાર પ્રમાણે સાધુ વર્તન કરે તે ગાંડો. સભામાં થુંકવાની હાજત થઈ. અહીં ન થુંકાય. બીજે જઇને થું કે તે ડાહ્યો. અહીં જ વિચાર આવ્યો ને અહીં જ થું કે તે ગાંડો. વર્તન અને વિચાર વચ્ચે ગળણું મુકે તે ડાહ્યો. ગળણું મૂક્યા વગર પ્રવર્તે તો ગાંડો.

મનુષ્ય મોક્ષ માટે લાયક ને દેવતા નહીં, તેનું કારણ આ જ. દેવતામાં **'દેવાનાં વાંછાનાં'** દેવતામાં ઇચ્છા સાથે જ કાર્ય થઈ જાય. ઇચ્છા પછી વિચારવાનું સ્થાન હોય તો માત્ર મનુષ્યને ઇચ્છા થયા પછી, વિચારો થયા પછી કાર્યના પરિણામને વિચારવાનું, પછી વર્તન કરવું તે મનુષ્યમાં. મનુષ્યનું મુખ્ય કર્તવ્ય વિદ્યા મેળવવી, પણ કઇ ? ગાય ખેતરમાં ચરવા પેસે પણ આજુબાજુ દેખે છે. જ્યાં ખેતરમાં રખેવાળ દેખે કે તરત જ વાડ કૂદીને નાસે. ગાયો પણ રાતનાં ખેતરમાં પેસે છે. ગાય જેવીમાં ચતુરાઈ છે. મનુષ્યપણામાં જો એ જ ચતુરાઇ–વિદ્યા હોય તો કામની નથી. જે જન્મ, જરા, મરણનાં બંધનોને છેદવાવાળી થાય, મોક્ષ માટે જે વિદ્યા મેળવી હોય તે જ મનુષ્ય છે. નહીંતર મનુષ્યનું ચામડું છે. પણ જાતનો જાનવર છે. જે વિદ્યા મુક્તિ માટે થાય તે કઈ વિદ્યા ? પોપટનું 'અચરે....અચરે....રામ' જેવું નહીં.

## બ્રહ્મજ્ઞાની લવાભાઈ

**લવો કરીને** બ્રહ્મજ્ઞાની કહેવાતો. તેની વાતમાં ભલભલા લીન થઇ જાય. તેની ગોષ્ઠીમાં પરમરાગી એક શાહુકાર છે. તે

પરગામ જાય છે. બૈરી કહે છે કે—મસાલો ગોળ નથી. શાહુકાર કહે છે કે—હું રૂપીઓ આપું છું, લઈ આવજે. લવાભાઈની દુકાન ગોળની જ છે? બૈરી કહે—ઠીક. પેલા ભાઈ તો ગામ ગયા. બાઈને રૂપીયો આપ્યો. ગોઠીમાં નિપુણ લવા ભાઈ મોટા, બાઈ તેની લાજ રાખે છે. એક ખૂણે ઊભી રહીને છોકરા સાથે રૂપીયો તપેલી આપી. છોકરે જઈને લવાભાઈને કહ્યું—ગોળ મંગાવે છે, તે આપો. લવાભાઈ વિચારે છે કે—ભાવ પૂછતી નથી, માલ જોતી નથી, તો તોલ ક્યાં જોવાની છે? કૂતરો પણ ન સૂંઘે તેવો ગોળ આપ્યો અને પાંચ શેરને બદલે ૪॥ શેર આપ્યો! પેલી બાઈ ગોળ લઈને ચાલી, ઘેર આવી. દાળ શાકમાં નાંખ્યો. બીજે દિવસે ધણી ગામથી ઘેર આવ્યો. શાકનું ટોડવું ખાય છે, તો મોંઢામાં પેસે નહિ! કારણ? તે ગોળ ખરાબમાં ખરાબ હતો. અફીણ કરતાં બૂરો. બૈરીને પૂછે છે કે—આ છે શું? બૈરીએ બધે તપાસ કરી, કહ્યું કે—બીજી કોઈ ચીજ નવી નથી પણ આ ગોળ નવી ચીજ છે અને તે ખરાબ હશે. ધણીએ કહ્યું—ગોળ લાવી ક્યાંથી? બૈરી કહે—લવાભાઈને ત્યાંથી ધણી કહે—તેમાં શું પૂછવું? બાઈએ ગોળ તપાસવા કહ્યું—પણ ધણીને લવાભાઈ ઉપર ભરોસો હોવાથી ગોળ તપાસતો નથી. બૈરીએ ચાખીને કહ્યું—આ ગોળ જ એવો છે. પેલો કહે—લવાભાઈ, તે વખતે દુકાને નહીં હોય, માટે ત્યાં જઉં, બદલી આપશે. એમ ધારી પાછો આપવા જાય છે. લવાભાઈ કહે—આવો ભાઈ! પેલો શાહુકાર કહે—આ લગીર ગોળ રાશી છે, ચાલે એવો નથી, માટે બદલી આપોને! લવાભાઈ કહે—ગોળ નાખ ઉકરડે, મને તો તને જોઈને આશ્ચર્ય થાય છે કે—"આટલું આટલું બ્રહ્મજ્ઞાન સાંભળ્યું, છતાં તને હજુ તીખું

કડવું થાય છે! ખારો છે, એવા વિચાર આવે છે? આટલા વરસ તેં સાંભળ્યું શું?" પણ પોતે કર્યું શું? એ લવાભાઇ વિચારતા નથી! આવા વિદ્યાઓની વાતો કરનારા હોય તેનું મનુષ્યપણું નથી.

તપસ્યા જોઈએ, તપસ્યા ન હોય તો તે વિદ્યા મનુષ્યપણાને ઠગનારી બને છે. આવી વિદ્યા મનુષ્યપણાનાં ઘરેણાંરૂપ બનતી નથી. તપ કરી દુઃખ સહન કરવા માંડ્યું કેવી રીતે? ધ્યેય ભજકલદારનું હોય—તે તપમાં કલદારને જ ભજવાની વાતો હોય. આ પ્રકારનું તપ કાયકલેશ છે. આવા કલદારના ધ્યેયને લીધે વાસના તો ચામડી તૂટે પણ દમડી ન છૂટે, તેવી જ હોય; પરંતુ તેઓ હાથના પોલા હોય. એટલે એ દાનવાળા પણ નથી. બાંધી મુઠ્ઠીવાળા કુચ્ચાઇ કરી શકતા નથી, માટે પોલો રાખતા હોય છે. એવી જ્ઞાનશક્તિ, તપ, દાનશક્તિ, મનુષ્યપણાનું ભૂષણ નથી. વિદ્યા, તપ, દાન સાથે પવિત્ર વર્તન હોય, તેજ શોભાવાળું છે. પવિત્ર વર્તનવાળું દાન—તપ—વિદ્યા શોભાપાત્ર. તે ન હોય તો તેવાંઓનાં વિદ્યાદિક મનુષ્યપણાને શોભાવનાર ન બને, માટે પવિત્ર વર્તન. પાંચે ઇન્દ્રિયો ઉપર કાબૂ મેળવનારા થાય. ક્રોધાદિક ઉપર કાબૂ મેળવનારા થાય. તે નવનો કાબૂ ન રાખે તો બીજા ગુણો શોભા પામી શકતા નથી. એ નવનો કાબૂ હોય છતાં જે જે લાયક ગુણો જોઇએ, તે ન આવ્યા તો દારુડીયા હોય, માર્ગાનુસારીને અંગે ૩૫ અને શ્રાવકને અંગે ૨૧ ગુણો કહ્યા છે. લાયકપણા સાથે રહેવાવાળા ગુણો ન હોય તો તે મનુષ્યપણાને શોભાવનારા ન બને. નિર્વ્યસનપણું ગુણ જોડે જોઈએ. આટલું બધું છતાં પણ એક વાત ધ્યાનમાં રાખવાની.

દમણ ગયા હશો ? જૂનું ને નવું દમણ છે. વચમાં ખાડી છે. બે ભાગે શહેર છે. શેઠ બીજા શહેરમાં જવા હોડીમાં બેઠો. શેઠને ખલાસીએ પૂછ્યું-કેટલા વાગ્યા છે ? ઘડીયાળ બતાવ્યું. જો. ખલાસી કહે-હું જોતાં શીખ્યો નથી. એ બે આંકડા વાંચતા આવડતા નથી. તેવામાં ટાવરમાં ટકોરા વાગવા માંડ્યા. શેઠે કહ્યું-ગણ. ખલાસી કહે-ગણતાં શીખ્યો નથી. શેઠે કહ્યું-તારી અડધી જિંદગી એળે ગઈ. એવામાં વચમાં ખડક આવ્યું. ખલાસીએ કહ્યું-'શેઠજી ! તરતાં આવડે છે ?' શેઠે ના કહી. ખલાસીએ કહ્યું-તો સમજો કે-તમારી તો આખીયે ગઇ. વહાણ ડૂબ્યું અને શેઠ તરવાનું ન જાણે તેથી શેઠની આખી જિંદગી ગઇ ! વેપારી હતો, ભણ્યો હતો છતાં જિંદગી ગુમાવી કેમ ? તરવાની આવડત વિના. એમ આપણે ભવમાં-સંસારમાં વહી રહ્યા છીએ; તે વખતે વિદ્યા-તપ-દાન-શીલ મેળવ્યાં, પણ તરવાનું સાધન ધર્મ ન મેળવ્યો હોય તો શું થાય ? શેઠે તરવાનું ન જાણતા હોવાથી બધું ગુમાવ્યું. તમારી આવતા ભવની બેંક કોણ ! અહીંનું કરોડોનું નાણું, સ્ત્રીઓ ગમે તેટલી હોય તે ત્યાં ચેક સ્વીકારે તેમ નથી. પર્વત જેવડી કાયા હોય તો પણ ત્યાં નહી સ્વીકારાય. ત્યાં ઓફિસ કોની છે ? કંચન કામિની આદિની ઓફિસ નથી. માત્ર ધર્મ કે પુણ્યની ઓફિસ છે. તેનો ચેક ન લીધો હોય તો ભલે તમે દાન વર્તન રાખનાર હોય છતાં પણ તરી શકે નહીં; માટે કહે છે કે-'જેને વિદ્યા ન હોય તપ, દાન, શીલ ન હોય, ગુણ ન હોય, ધર્મ પણ ન હોય તે મનુષ્યભવમાં માત્ર ભારભૂત છે. મનુષ્યના વેષથી મૃગલાઓ જગતમાં ચરે છે.' દરેક જીવો બે તાંતણે બંધાય

# દેશના ૨૪

( ૨૦૦૦ માગશર વદી ૪, ગોધરા. ચુહાનો ઉપાશ્રય )

## મનુષ્યભવરૂપી કલ્પવૃક્ષ.

સોમપ્રભ આચાર્યમહારાજ ભવ્યોના ઉપકાર માટે ધર્મોપદેશ દેતા થકાં જણાવે છે કે—આ જગતમાં કલ્પવૃક્ષ વૃક્ષોમાં ઉત્તમોત્તમ ગણાય છે. ઇચ્છિત પૂરવા માટે સમર્થ હોય તો માત્ર કલ્પવૃક્ષ ગણાય. પણ કલ્પવૃક્ષનો અર્થ એ કે—કલ્પનામાં આવ્યા પછી ફળ આપે. વસ્તુ જાણવી જોઇએ. સારી માનવી જોઇએ ને તે મળ્યાની ઇચ્છા કરે ત્યારે કલ્પવૃક્ષ ફળ આપે; પરંતુ આ મનુષ્ય ભવ કલ્પવૃક્ષ કરતાં પણ ચઢીયાતો છે. કારણ તમે દુનિયાદારીના દરેક વિષયોને જાણી તપાસી શકો છો કે ઇષ્ટ છે કે અનિષ્ટ છે, તે જાણી તે મેળવવાની કે તેને છોડવાની મહેનત—પ્રયત્ન કરી શકો છો. એક એવી ચીજ છે કે—જે તમારી કલ્પનાની બહાર છે. તમારો આત્મા, તેને સ્પર્શ, રસ, ગંધ, રૂપ, શબ્દથી જાણતા નથી. બધો આધાર આત્મા ઉપર છે, અને તેનું જ—આત્માનું જ જ્ઞાન આપણને નથી. જે આત્માની ઉપર જ્ઞાન ને સુખનો આધાર છે તે આત્માને આપણે પીછાની શકતા નથી.

---

છે. તે બે તાંતણા કયા ?—કર્મ ને ક્લેશ. પૂર્વના કર્મો ભોગવવા અને નવા બાંધવા. આ સંસારમાં દરેક જીવ આ બે તાંતણથી જ બંધાયા છે. તું મનુષ્ય છે, તેવો પ્રયત્ન કર, તારાથી જ તે કામ બને તેવું છે. કર્મ અને ક્લેશ બન્નેનો અભાવ કરી ચિદાનંદસ્વરૂપ તારા આત્માને બનાવ. આમ મનુષ્યના કર્તવ્યો બતાવ્યા—વિશેષ માટે આગળ.

બે ઝવેરી હતા. જંગલમાં ભૂલા પડ્યા વચમાં ભીલનું ઝુંપડું આવ્યું. વિસામો કર્યો. ઝવેરીઓ પોતાની પાસેના મોતીના પાણીની મહિમાંહે વાત કરે છે. કહે છે કે–આ મોતી તો પાણીનો દરીયો છે–દરીયો આ વાત ભીલે સાંભળી. છેડો લઇ મોતીને અડકાડયો ! છેડો ભીનો ન થયો એટલે ભીલે નક્કી કર્યું કે–દુનીયામાં આવા ને આવા ગપ્પા હાંકનારા પડ્યા છે. દરીયા પાણીની વાત કરે છે અને છેડો સરખો ભીનો નથી થતો ! તે ગમાર ભીલ તળાવ કુવાના પાણીને પાણી સમજે છે. મોતીના પાણીને (તેજને) તે ભીલ પાણી સમજી શકતો નથી. ભીલ સ્વપ્નમાં પણ મોતીનાં પાણીનો ખ્યાલ કરી શકતો નથી. આથી ઝવેરીની સાચી વાત પણ ભીલને ગપ્પાં જેવી લાગી. તેમ આપણે પણ શામાં ટેવાયા છીએ ? પાંચ ઇન્દ્રિયના વિષયમાં. જન્મ્યા પછી ખાઉં....ખાઉં....ખાઉં આટલું બતાવે તો પણ બટકા ભરવા જઇએ. નાના છોકરાય લાકડાનું ચુંસણીયું રાખે છે. શાથી ? ભૂખને લીધે નથી રાખતા. એકજ લત. કઇ ? ખાવાની. બસ ખાવું ખાવું ને ખાવું. પછી સમજણા થયા. આગળ વધતાં ગોઠીયા મળ્યા, પછી રમતની લત લાગી. માબાપ બોલાવ્યા કરે તો પણ રમતમાંજ જીવ-લગોટીયા ગોઠીયા જ્યાં ઊપડ્યા ત્યાં તે પોતે જાય. માબાપ બોલ્યાજ કરે. એ પછી જ્યાં નિશાળમાં દાખલ થયા ત્યાં અભ્યાસની લત. પછી વેપારમાં જોડાયા, ત્યાં ધનની લત લાગી. અહીંથી લઉં કે તહીંથી લઉં. પછી કુટુમ્બમાં પરણ્યો એટલે 'મારી બાયડી–મારાં છોકરાં'ની લત. તેમ કરતાં વૃદ્ધાવસ્થા આવી. એટલે એ બધું વિસારીને 'કેડ, માથું, શરીર' દુઃખે છે; એ જ લત. આખી જિંદગીમાં જે મૂળ આત્મા છે, તેની

લત ક્યારે લાગી ? બાળપણથી તે વૃદ્ધાવસ્થા સુધીની તમામ અવસ્થાઓ તપાસો. જુદી જુદી લતોમાં જીવન પૂરું કરાય છે. તેમાં મૂળ ધણી—આત્માને ક્યારે તપાસ્યો ? તેને તપાસવાને વખત કાઢયો ? કાજીની કૂતરી મરે ત્યારે ગામ શોક પાળે. કાજી મરે ત્યારે કંઈ નહીં. કાજીની કૂતરી જેવી બીજી લતો માટે બધું કરીએ અને આત્મા માટે કશું નહીં ? આત્મા અતીન્દ્રિય છે. ઇન્દ્રિયનો વિષય ન હોવાથી તે લોકોમાં વિવાદનો વિષય બની રહે છે. સુંવાળું, ખરબચડું, ગળ્યું, કડવું. તેમાં કોઈને મતભેદ નથી. ઈન્દ્રિય સિવાયની (આત્માની) બાબતમાં તમારા એક મત નથી. બજારમાં રૂખ તેજી—મંદી. મંદીના જીવડાને મંદી જ દેખાય, તેજી કૃત્રિમ દેખી ફેંકી દે છે. તેજીના જીવડાને તેજી જ દેખાય, તે વળી મંદીને કૃત્રિમ દેખે. એ ભેદ કેમ પડયા ? કહો કે—પ્રત્યક્ષ ઈન્દ્રિયનો સાક્ષાત વિષય નથી. ખાટું, મોળું, તીખું તે પ્રત્યક્ષ વિષય હતા. લડાઈ લડનાર જીતની ઇચ્છાએ જ લડાઈ લડે છે, છતાં એક જ કેમ જીતે છે ? કેમ તેમાં ભેદ પડયો ? મનનાં વિષયને અંગે દુનિયા એક મતે ચાલતી નથી. જ્યારે મતના વિષયમાં મતભેદનો પાર નથી તો આત્મા મન કરતાં પણ પર છે. આવો ઇન્દ્રિયોના વિષયની કલ્પનાથી અતીત આત્મા હોય તો આત્માનું શુદ્ધ સ્વરૂપ મોક્ષ તે કલ્પનાતીત હોય જ. તેથી આપણામાં કેટલાક—'મોક્ષ, મહારાજે કહ્યો માટે માનવો જોઈએ.' એમ કહે—એ રીતે મોક્ષની હા પાડે પણ ગોઠીયા ભેળા થાય ત્યારે 'મોક્ષમાં ખાવાપીવા હરવાફરવાનું નથી' એવું એવું બોલવા માંડે. એટલું ધ્યાન રાખે કે—મા, બાપ, ગુરુ આગળ આમ ન બોલાય. ગાંઠ ખોલાય તે ગોઠીયા. એણે પરમ સુખનું

સ્થાન ખાવાપીવા આદિમાં માની લીધું. બીજી બાજુ તપાસીએ. આ ગુલામી નાબૂદ થઇ તે લડાઇમાં કયા ગુલામોએ હથિયાર ઉપાડ્યા ને લડાઈ થઇ. ગુલામી નાબૂદ કરનારા સામે હથિયારો ઉપાડ્યા કેમ? ગુલામીને ગેલ સમજતા હતા. બિચારા, ગુલામીનું તત્ત્વ ન સમજતા તેને જ સારું ગણતા હતાં. પોપટ, પારેવાને પાંજરામાં રાખો. પછી એ એવો ટેવાઈ જાય કે ઊડાડી મૂકો તો ફરી ત્યાં જ આવ્યા કરે. પાંજરાપોળમાં પારેવાં છે, તે ઊડે જ છે—કોણ બોલાવા જાય છે? પોતાની મેળે જ આવે છે. ટેવાઈ ગયાં. ગુલામીમાં ટેવાઈ ગએલા ગુલામીને જ સારી માને, તેવી જ રીતે આ કેદમાં આપણે ટેવાયા છીએ.

## શરીર કેદખાનું.

ખરેખર આ શરીર કેદખાનું છે. જેલ સળગી જાય તો કેદીને સળગવું જ પડે. સુખદુઃખ, શાના લીધે? દુનિયાદારીની આપત્તિ શાને લીધે? ભટકતી જાતપણું કેવળ આ પાંજરાના લીધે જ. એટલા માટે શ્રીમુનિસુંદરસૂરિજીએ જણાવ્યું કે-

**देहे मुमुक्ष कुरुषे किमघं न वेत्सि, देहस्थ एव भजसे भवदुःखजालं । लोहाश्रितो हि सहते घनघातमग्निर्बाधा न तेऽस्य च नभोवदनाश्रयत्वे ॥** દેહમાં મુંઝાઇને ધન-ધાન્ય-અગ્નિ આદિનાં આરંભસમારંભોનું પાપ કેમ જાણતો નથી? આ શરીરથી તું ટેવાઇ ગયો છે. શરીર એ જ હું, હું એ જ શરીર. આત્માને તો હિસાબમાંથી બહાર કાઢી નાખ્યો છે. શરીર રોગી—નિરોગી તો હું રોગી—નિરોગી, હું ઊંચો તો શરીર ઊંચું; એટલી દશા કરીને તું શરીરમાં મુંઝાઇને દુનિયાનાં બધાં પાપો કરે છે, તે બધાં પાપોનું કારણ શરીર, પરંતુ

ખ્યાલ રાખો કે–સરકાર ગુનેગારને સજા કરે છે, તે સાધન-દ્વારાએ જ સજા કરે છે. આ કર્મરાજા સજા ભોગવે છે, તે આ શરીરદ્વારા. સાગરોપમો સુધી નરકમાં દુઃખ ભોગવાવે છે, તે શરીરદ્વારાએ જ. ત્રણ ગતિમાં તો દુઃખ ભોગવાવે. કોટીધ્વજને ઘેર ધાવણો છોકરો હોય, તેને ઘેર દેવાળું આવ્યું હોય તો છોકરાને કંઈ છે? છોકરાને શાખ–આબરૂનો ખ્યાલ નથી, ખાવા–પીવાનો જ ખ્યાલ છે તેમ તમને મોક્ષ, ખાવા–પીવા કામ ન લાગે તેવો ખ્યાલ છે. આ છોકરાના વિચારો તે અક્કલની ખામીથી કે વસ્તુતાએ છે? દૂધ વખતે દૂધ પીવા ✱ મળી ગયું, તો છોકરાને બસ છે. આબરૂની કીંમત છોકરાને ન હોય. દુનિયાદારીમાં–એના વિષયમાં માચેલા–રાચેલા આત્માના સ્વરૂપને–મોક્ષને સમજે નહીં, તેથી મોક્ષમાં ખાવાપીવાદિનું સુખ નથી, એમ કહ્યા કરે. એ જ બાળક સમજણમાં આવે ત્યારે 'તે વખતે ક્યાં મારી આબરુ હતી' એમ કહે. અક્કલ આવ્યા પછી આબરૂની કીંમત સમજે. તેવી રીતે અહીં પણ મનુષ્ય વિચાર કરે, ત્યારે ખાવું, પીવું, ઓઢવું વિગેરે આત્માને કે શરીરને? શરીર પાંચ ભૂતનું પૂતળું, તેને ઉપયોગી વસ્તુ ન મળે એટલે મોક્ષમાં ખાવાનું નહીં, વગેરે વિચારો થાય. મોક્ષની તુલના પાંચ ભૂતના પૂતળાં સાથે કરી. નાનું બચ્ચું પિતાએ ક્રોડનું દેવાળું કાઢયું છતાં તેના મગજ પર અસર કશી નથી. તેવી રીતે આ આત્માને પણ આ શરીરની કેદમાં–પાંજરામાં એટલી બધી દૃઢતા થઈ ગઈ છે કે–પાંજરાને લીધે આત્માની શી દશા થઈ છે? તેનો ખ્યાલ નથી. આ શરીરરૂપી પાંજરામાં નાખીને કર્મરાજા સજા ભોગાવરાવે છે. જેમ સરકારને હદબહારના ગુનામાં નાઈલાજ રહેવું

પડે છે. એક વધ કર્યો તો ફાંસી, ને ૧૦ ગુના વધના કર્યા તો પણ એકજ ફાંસી. નવ ગુનાનું શું ? સરકાર દશ વખત ફાંસી દેતી નથી. પહેલા છીંડીવાળો કાયદો હતો. પહેલાં ફાંસીની સજામાં ગુનેગારને ફાંસીએ લટકાવવો. સારા શ્રીમંતે ખૂન કરેલું. કોર્ટમાં કેસ ચાલ્યો. બેરીસ્ટર ઊભો રાખ્યો. બેરીસ્ટર કંઇ બોલે નહીં. મારે કંઈ નથી કહેવું. કેસ સાબિત થયો. ક્રોસ પણ ન કર્યો. ચાર્જ કરી આરોપી ઠરાવ્યો. પેલો શ્રીમંત સમજે છે કે—મારો બેરીસ્ટર બચાવ કરશે, બેરીસ્ટરે ના પાડી કે મારે કંઈ નથી કહેવું. હવે કોર્ટનો ઉપાય ન રહ્યો. શેઠ બેરીસ્ટરને કહે છે કે આ શું ? સજા થઈ. સજા અમલમાં મૂકવાનો દિવસ આવ્યો. શેઠને માંચડે ચડાવ્યો કે તરત બેરીસ્ટરે માંચડો તોડી નાંખ્યો. વાંચો, કાયદામાં એમ લખ્યું છે કે–'ગુનેગારને ફાંસીને લાકડે લટકાવવો.' બસ લટકાવી દીધો. લખેલી સજાનો અમલ થઇ ગયો. 'મારી નાંખવો' એમ નથી લખ્યું. સરકારી હોદ્દેદારો વીલે મુખે પાછા ગયા. પછી સુધારો કર્યો કે–મરે ત્યાં સુધી લટકાવવો. આમ પહેલાં બારી હતી. તે વખતે દસ વખત પણ સજા કરી શકતે. હવે તો બારી વગરનો ચોખ્ખો કાયદો છે. જીવ જ્યાં સુધી ન જાય ત્યાં સુધી ફાંસીના લાકડે લટકાવવો. તેમાં પણ કોઇએ દસનાં ખૂન કર્યાં, તેમાં ૧ ગુનાની સજા થઈ, નવનું શું ? ત્યાં સરકારની સજા ચાલી શકતી નથી. સાવરકરને ફાંસી દીધી ત્યાં કહ્યું કે—આ જન્મ કે આવતા જન્મ માટે ? હું અનેક જન્મ માનનાર હિન્દુ છું. એમ અહીં ગુનાની સજા થઇ, પરંતુ આવતો જન્મ પણ તમારે માટે છે. આગળ અહીંયાની સરકારની સત્તા નથી; પરંતુ કર્મરાજાની ચારે ગતિમાં રખડાવ-

વાની સત્તા છે. અહીં આ પાંજરામાં રાખે, ત્યાં શરીરરૂપી પાંજરામાં રાખે તો જ સજા અજાવી શકે. ' **देहस्थ एव भजते**' ભલે શરીરરૂપી કર્મની કેદમાં રહેલો છે માટે ભવદુઃખ ભજે છે. આગને કોઇ ઘણુ મારતું નથી. લોઢામાં પેસે એટલે ઘણુ ખમવા પડે. અગ્નિ ઘણુના માર શાથી સહન કરે છે? લોઢામાં પેઠો તેથી. આથી કહે છે કે–' **नभोवत् अनाश्रयत्वे** ' આકાશની જેમ અનાશ્રયપણામાં–મોક્ષમાં મઝા છે. આકાશને ઘણુ વાગે છે? તે કોઇમાં પેસતું નથી. તું શરીરના બંધનથી નિરાળો હોય તો જન્મ, જરા, મરણાદિ દુઃખ સહન કરવાનું હોય નહીં.

## કલ્પનાતીત સિદ્ધિસુખ,

આવો મોક્ષ જે આપણી કલ્પનામાં પણ ન આવે તેવો કલ્પનાતીત મોક્ષ, એવું ફળ જેમાંથી મળે તેવું ઝાડ તમને મળ્યું. મનુષ્યભવરૂપ કલ્પવૃક્ષ મળ્યું. તેનું ફળ મોક્ષ છે. તેમાં કેવા પ્રકારનું સુખ છે તે વચન–અગોચર હોવાથી અહીં અનુભવ બહારનું દૃષ્ટાંત બિભત્સ છે, પણ સમજવા લાયક હોવાથી અપાય છે.

બે છોકરીઓ ઠેઠ બાળપણથી બેનપણી. કોનું ઘર કયું તે ન ઓળખાય. બે જણી એવી વર્તે કે પોતાનું જ ઘર છે. સૂવું, બેસવું, ખાવું, પીવું વગેરે સાથે જ હોય. આવી બેન-પણીઓ હોય કયા ઘરની છોકરી તે ન વર્તાય–ન જાણી શકાય. બે જણીએ વિચાર કર્યો કે–આપણા માબાપ લગ્નની વાતો કરે છે એમાં શું એવું છે? એક મોટી બીજી નાની હતી. મોટીનાં લગ્નની વાતો કરે છે. નાની કહે–લગ્ન માટે આટલો આડંબર કરે છે, તો તેમાં શું છે તે મને કહેજે. મોટીનાં

લગ્ન થયાં, સાસરે ગઈ. પતિસુખ અનુભવ્યું. પછી પૂછયું કે-શું ? સખીપણામાં ભેદ નથી, આંતરો પણ નથી પણ વાત જ અનુભવની, વચનના અનુભવથી બહાર છે ત્યાં શું કહે ? આત્માના અનુભવની વાત હોય ત્યાં કેવી રીતે કહેવાય ? 'મહારાજ, મને મોક્ષ દેખાડો.' હવે આંતરો શોભી હવે તારું હૃદય ચોખ્ખું નથી. પણ તે બતાવી શકાતું નથી એમ નાની સમજતી નથી. તેમ મોક્ષ બતાવવાની ચીજ નથી. જે વસ્તુ જ્ઞાનીપુરુષોનાં જ્ઞાનથી જ જાણી શકાય, તે ઇન્દ્રિયોના વિષયથી શીરીતે જાણી શકાય ? મોક્ષ અતીન્દ્રિય વિષય છે કે-કલ્પનામાં ન આવી શકે. એવી અતીન્દ્રિય વસ્તુ પરીક્ષામાં ન આવવાથી માંગણી ન કરી શકો, છતાં તમને મોક્ષને રસ્તે લઈ જઈ મોક્ષ અપાવી દે, તેવી તાકાત આ મનુષ્યભવરૂપ ઝાડની. આ મનુષ્યપણારૂપી વૃક્ષ, એવું જબરજસ્ત કે તમને કલ્પનાતીત ફળો આપી શકે છે. બીજ વાવ્યા સાથે ફળ ન થાય. અંકુર-થડ-ડાળાં-પાન-ફૂલ અને પછી ફળ થાય. વચલા ફળો કયા ? એમાં જિનેશ્વર મહારાજને કેમ માનવા ? એ પૂજ્ય કેમ ? અમે પૂજક કેમ ? એક લાખો ખરચી વસાવાય. એક હીરો જંગલમાં દાટી દેવો પડે. તમારે કાયદો છે. ખોટો રૂપીઓ આવે તો ગલ્લામાં મુકાય નહીં, ધણીને પાછો પણ અપાય નહીં. ત્યાં ને ત્યાં ભાંગી નંખાય. તેવીરીતે હીરામાં સારા ચિહ્નવાળા હોય તો ઘરની આબાદી કરે, કેટલાક કાકપગા હોય તો ઘરમાં ન રખાય બીજાને પણ ન અપાય. આપણે પણ હીરા. જિનેશ્વર મહારાજ પણ હીરા. તેઓ સલક્ષણા, આપણે કાકપદા. કર્મરાજા નચવે;તેમ નાચીએ છીએ. કર્મરાજાનાં પાત્રો છીએ જ્યારે તીર્થંકરો કર્મરાજાને પાત્ર બના-

# દેશના—૨૫

( ૨૦૦૦. માગશર વદી ૫ ગુરૂવાર. દેશાખાડકી—ગોધરા )

जिनेंद्रपूजा गुरुपर्युपास्ति, सत्त्वानुकंपा शुभपात्रदानं ।
गुणानुरागः श्रुतिरागमस्य नृजन्मवृक्षस्य फलान्यमूनि ॥

## શ્રાવક પિતા તરીકેનો વારસો.

શાસ્ત્રકાર મહારાજા, ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ કરતા થકા જણાવે છે કે—હરેક મનુષ્ય પોતાનાં જીવનના નિર્વાહ માટે, શરીરરક્ષણ માટે, આબરુ વધારવા માટેનાં આર્થિક સંજોગ સુધારવા માટેનાં પ્રયત્નો વગર ઉપદેશે, પોતાની મેળે જ કરે છે. એક વાત લક્ષમાં લેશો. શારીરિક રક્ષણ કોણ નથી કરતા? જાનવરો નથી કરતાં? જાનવરો પોતાને ઉપદ્રવથી બચવા માટે પ્રયત્ન તો કરે જ છે. ગાય વીંયાણી હોય ત્યારે તમે માલીક હોવા છતાં નજીકમાં ન જઈ શકો. શેરીમાં કૂતરી વીંયાણી હોય, રોટલો ખવડાવનાર નજીક ન જાય. સંતાનપાલન માટે પોતે ધ્યાન રાખનારી જાત છે;

---

વનાર તીર્થંકરપણું એ પણ પુણ્ય નામકર્મ છે. તેના પ્રભાવે શાસન પ્રવર્તાવી કર્મરાજાને પાત્ર બનાવે. આ વાત જણાવવા માટે '**જિન**' શબ્દ રાખ્યો. ઋષભ—મહાવીર ન રાખતાં **જિન** શબ્દ રાખ્યો. તેવા તે જિનેશ્વરે., પોતાના અનુયાયીઓને જણાવે છે કે—તમે કર્મરાજાને પાત્ર બનાવો, તો જ મારા અનુયાયી તે જણાવવા માટે 'જિન' શબ્દ વાપર્યો છે. આપણે જીતનારી પ્રજાને માનનારા છીએ. હવે તે જિનશબ્દ વચનથી અને મૂર્તિ ઉપરથી કેવીરીતે સાબિત થાય છે તે અગ્રે—

એટલું જ નહીં પણ દુનિયાદારીમાં તમે ઘર વેચો છે. તેમાં ઘરની માલીકી વેચી છે તે તમારા નહિ પણ બીજા બધાના હકને એમ ને એમ રાખીને. શેરીમાં રહેવાવાળા કૂતરા બીજાને શેરીમાં પેસવા ન દે. શેરીના ભંગી હોય, ભંગી પણ બીજી શેરીના ભંગીને આવવા ન દે. શેરીઓ ઢેઢીયાઓ ઘરેણે મેલે છે. શેરીમાં તારો જ હક, મારો નહીં. જાનવરો પોતાનું મમત્વ હંમેશાં સાચવે છે. નીચી જાત પણ પોતાની માલીકી હમેશાં સાચવે છે. તમે ઘર વેચ્યું તેમાં ભોગવટો વેચ્યો. શરીરના બચાવ માટેની ક્રિયા, સંતાનના બચાવ માટેની ક્રિયા જાનવરો પણ કરે છે. તે ઉપરથી સમજાશે કે-તે ક્રિયામાં ઉપદેશની દરકાર હોતી નથી. ઉપદેશની જરૂર શામાં હોય?

## અપ્રસિદ્ધ અર્થને જણાવનાર તે શાસ્ત્ર.

શાસ્ત્ર સફળ ક્યારે કહેવાય? જે વાત પોતાની મેળે પ્રવર્તી ન હોય, દુનિયામાં સિદ્ધ ન હોય તેવી વાત જણાવે, ત્યારે શાસ્ત્ર સફળ ગણાય. ૭×૭=૪૯. એ બધા જાણે છે. જે વસ્તુ પ્રવર્તેલી હોય, સિદ્ધ હોય, તે વસ્તુ માટે શાસ્ત્રકારો ઉદ્યમ કરતા નથી. તે માટે ઉપદેશ કરે તો શાસ્ત્રકારપણાને ન શોભાવે. જે પદાર્થો નિશ્ચિત થએલા ન હોય, તે પદાર્થો સમજાવે ત્યારે શાસ્ત્ર સાર્થક ગણાય. શરીર-કુટુમ્બ આર્થિક કારણ માટે જે કરાતાં કર્મો, તે કર્મોને ષટકર્મમાં સ્થાન આપતાં નથી; નહીંતર ઝાડે જવું-દાતણ-બીડી-ચા-પાણી-એ પણ તમારી અપેક્ષાએ ષટકર્મ ગણાવાં જોઈએ.

## ભાવ નવકાર.

અનિષ્ટનું નિવારણ ને ઈષ્ટની પ્રાપ્તિ બતાવે તે શાસ્ત્ર. જે કાર્યમાં અનિષ્ટનું નિવારણ હોય, ઇષ્ટની પ્રાપ્તિ હોય તેવો જ

ઉપદેશ શાસ્ત્રકારોનો હોય. શાસ્ત્રકારો ભલે આ ઇષ્ટ થશે તે ન જણાવે. ઘણી જગ્યા પર શાસ્ત્રકારો જણાવી દે છે. નવકાર બધા જાણો છો. કેટલાકો પાંચ જ પદ ગણે છે. ચાર પદ નથી ગણતા. લોંકા વગેરે પાંચ પદ ગણે છે. બિચારાને ખ્યાલ નથી કે નવકાર બતાવનાર મહાપુરુષે જણાવ્યું કે—આ રસ્તે નવકાર ગણો, તો તમારો ભાવ નવકાર ગણાય. સર્વ પાપના નાશ માટે નવકાર ગણાય, તો જ ભાવ નવકાર. અરિહંતને નમસ્કાર કર્યા છતાં પાપના નાશ માટે ન ગણવામાં આવે તો ભાવ નવકાર ન ગણાય. અભવ્યોને પણ તે બુદ્ધિ હોય છે.

કૃષ્ણજીએ બે કુંવરને હુકમ કર્યો કે—સવારે નેમનાથજીને જે વહેલાં વંદન કરે તેને શ્રેષ્ઠ ઘોડો ઈનામ આપું. કુટુમ્બને ધર્મમાં કેવી રીતે પ્રવર્તાવતા હશે ? સમજતા હતા, કે કૂકા અને રોડાનો વારસો મિથ્યાત્વીને ત્યાં જન્મ્યા હતે તો પણ મળવાનો હતો. મુસલમાનને ઘેર જન્મેલો છોકરો પોતાના બાપદાદાની સ્થાવર જંગમ મિલ્કતનો માલિક છે. તેવી રીતે તમારે ઘરે જન્મેલો છોકરો સ્થાવર જંગમ મિલ્કતનો માલિક થાય, તો તમારે ત્યાં જન્મ્યો તેની વિશિષ્ટતા શી ? એક વાત. બીજી વાત બાપની પાસે રહેલી મિલકત એ છોકરાને ન આપે ને રફેદફે થવા દે, તે બાપની કીંમત શું ? મરતાં સુધી છોકરાને મીલકત આપે કે બતાવે જ નહીં તે બાપની કીંમત કેટલી ગણાય ? આપણે પણ જૈનધર્મ રૂપી અપૂર્વ નિધાન મેળવ્યું. તે બચ્ચાને ન સોંપી શકીએ, લોકોત્તર માર્ગ બચ્ચાને ન મેળવી આપીએ, તો આપણાં કુળમાં ને મ્લેચ્છના કુળમાં જન્મ્યો તેમાં ફરક ન રહ્યો. તમારે ત્યાં જન્મેલો લોકોત્તર સંસ્કાર માગે છે. રાજાને ત્યાં છોકરો જન્મ્યો ત્યારથી જ રાજ્ય

માંગે છે. રાજ્ય ન મળે તો હક છીનવાયો ગણાય. શ્રાવક-કુળમાં જન્મેલા બચ્ચાઓ લોકોત્તર માર્ગ માગે જ છે. બચ્ચાઓને લોકોત્તર માર્ગ પર ન ચડાવે તો તેના હક પર માત-પિતા છીણી ફેરવે છે. છતે છોકરે જમાઈને લખી આપે તો જુલમ ગણીએ છીએ. શ્રાવક વર્ગની આ ભાવના હોવી જ જોઇએ કે-મારા છોકરાને જેવી મારી દ્રવ્ય મિલ્કત મળે છે તેવી જ મારી ભાવ મિલ્કત પણ મળે. તેવી મારી ભાવ મિલ્કત પણ લેનારા હોવા જ જોઈએ. પોતાનાં જીવનના ભોગે પણ ધર્મસંસ્કારનો વારસો આપે.

## શ્રાવક પુત્રનો ભવાંતરમાં પશ્ચાત્તાપ.

એક શ્રાવક છે, ધર્મિષ્ઠ છે. છોકરો બધી કળામાં હોશિયાર છે પણ ' આ ભવ મીઠા તો પરભવ કોણે દીઠા ' એ અવગુણ છે. બચ્ચાઓમાં મીઠાશ ખાવા, પીવા, ઓઢવાની હોય. નાસ્તિક બુદ્ધિવાળાને ' આ ભવ મીઠા તો પરભવ કોણે દીઠા ' હોય. વિચાર કર્યા વગર મનમાને તેમ બોલનારો છોકરો છે. વેપાર-ધંધામાં ચાલાક છે. શ્રાવકે દેખ્યું કે-આ બધું ખરું. નિકાશના પ્રતિબંધવાળી ચીજ આપવાનો ને પ્રતિબંધ વગરની ચીજ નહીં આપવાનો. રોકડા ( મકાન વિ૦) અને રૂપીયા, નિકાશના પ્રતિબંધવાળી ચીજ, આગળના ભવે નહીં લઇ જઈ શકાય. ધર્મજ માત્ર પરભવમાં લઇ જઈ શકાશે. દુનિયામાં બધે મતભેદ છે. જીવને કોઇક માને, કોઇક ન પણ માને, પણ મેળવેલું મેલવાનું છે, તેમાં કોઈનો મત-ભેદ નથી. શ્રાવક પિતાને થાય કે-મેળવેલી ચીજ મેલી દેવાની છે તેનો વારસો છોકરાને આપું છું. ખાલી તિજોરી વારસામાં સોંપાય તેને ઠગાઈ કહીએ. બાપે ઠગ્યો કહેવાય. તેવી જ રીતે

ફુક્કા અને રોડાંનો છોકરાને વારસો આપ્યો તે તો નિકાશના પ્રતિબંધવાળી ચીજનો વારસો આપ્યો. જે ચીજ ભવોભવ કામ લાગનારી તે ધર્મ ચીજનો સદ્ભાવ છોકરામાં નહી, નામ-નિશાન નહીં ! માટે બાપે વિચાર્યું કે–મારાં બચ્ચાંને ધર્મ સમજાવવો જોઇએ. સારા વિદ્વાન સાધુ આવ્યા. બેટા ! ગુરુ-મહારાજ આવા વિદ્વાન છે, જા તો ખરો. કથન તો સાંભળ. વ્યાખ્યાન સાંભળ. છોકરાને જવું નથી, પણ લોકમર્યાદા બાપના કહેવાથી ગયો. મહારાજે પુણ્ય–પાપનું નિરૂપણ કર્યું. કલાક સંભળાવ્યું. ગુરુએ કહ્યું કે–આ જે કહેવાયું તેમાં સમજ્યો ? છોકરો કે–ના, કારણ કે–કહ્યું તેટલી વાર મેં તો દર-માંથી મંકોડા ૧૦૮ વાર નીકળ્યા તે ગણ્યા. સાંજે બાપ આવ્યો. પૂછ્યું તો આમ બન્યું, તેમ બાપને મહારાજે જણાવ્યું. કાર્યોમાં વિઘ્નો આવવાથી મનુષ્યો પાછા પડે, તે મનુષ્ય કે જાનવરની ગણતરીમાં નથી. જાનવર પણ બીજી ત્રીજી એમ અનેક ફાળ મારે છે. શેઠે દેખ્યું કે–ફીકર નહીં. ગુરુ પાસે આવતો તો થયો. બીજી વખત કોઇક આચાર્ય આવ્યા, બાપે છોકરાને કહ્યું કે–આચાર્ય મહારાજ પધાર્યા છે, માટે આજે તું જજે અને મોં સામું જોયા કરજે. ગયો. મહારાજે કલાક સુધી ધર્મોપદેશ આપ્યો. પૂણ્યનો પ્રતાપ સમજાવ્યો. અંતે છોકરાને પૂછ્યું–' વાત ધ્યાનમાં ઉતરી ? ' પેલો કહે–' હા, તમે કલાક બોલ્યા તે દરમ્યાન તમારો હડીયો ૧૦૮ વાર ઊંચો–નીચો થયો. ' હવે શું કરવું ? ગુરુ પાસે જાય પણ તત્ત્વ લેવાની વાત નથી. આવી સ્થિતિ છતાં શેઠ વિચારે છે કે–' વર્તમાન ભવનું ચિંતવન જાનવરો પણ કરે છે, પણ ભવિષ્યના ભવ માટે ચિંતવવું જોઈએ. ' છેવટે તે શ્રાવકે

પ્રભુની મૂર્ત્તિ ઉપર તરત દૃષ્ટિ જાય, માટે ઘરનું બારણું નીચું કર્યું, સામે ભગવાનની મૂર્ત્તિ બેસાડી. પરિણામે છોકરાને મન નહીં છતાં પ્રભુનું દર્શન થઇ જવા માંડયું. ક્રમે કરીને તે શ્રાવક અને છોકરો બન્ને કાળ કરી ગયા. પુણ્યનો પલટો થયો. છોકરો દરીયામાં માછલું થયો. શાસ્ત્રકારોનો સામાન્ય નિયમ છે કે-બે આકાર સિવાય બધા આકારના મત્સ્ય હોય. વલયાકાર અને નળીયા આકાર, એમ બે આકારના જ મત્સ્ય ન હોય. મચ્છો(માછલા)ના આકારની વિચિત્રતામાં આજે નવાઈ લાગે તેમ નથી. મદ્રાસ મ્યુઝીયમમાં તે અનેક આકારમાં જોવા મળે છે. એવામાં પ્રતિમા આકારનો મત્સ્ય છોકરાના જીવ માછલાના જોવામાં આવ્યો. અપૂર્વતા લાગી તે સાથે ખ્યાલ આવ્યો કે કોઈક જગ્યા પર આવો આકાર દેખ્યો છે. એ જ છોકરાના જીવ માછલાંને જાતિસ્મરણ થયું. પછી પૂર્વ ભવ દેખ્યો. લાગ્યું કે-શ્રાવકનો ભવ મીઠો હતો, આ ભવ કડવો નીકળ્યો, પશ્ચાત્તાપ થયો. વસ્તુ વીણસ્યા પછી આપણી કસુરથી તે વસ્તુ નાશ પામી હોય તો પશ્ચાત્તાપ થાય. તે ( છોકરા ) માછલાને તે વખતે પૂર્વભવે મહારાજે જે બે કલાક કહેલું તે સ્મરણમાં આવ્યું. એટલે તે માછલાંએ આત્મસાક્ષીએ વ્રતો લીધાં. અનશન કર્યું. માછલો મરી દેવલોકે ગયો. માબાપોએ છોકરાઓને લોકોત્તર માર્ગે રાખવા માટે ધર્મનું નિશાન સમર્પણ કરવા માટે કટિબદ્ધ રહેવું જોઇએ, તો જ શ્રાવકકુળમાં જન્મ્યા સફળ.

## શાંબપાલકનું વંદન.

કૃષ્ણ મહારાજે ઘોડો છોકરાને આપવો તેમાં શું કહ્યું? 'નેમનાથજીને પ્રથમ વંદન કરે તેને ઘોડો આપવો.' અપૂર્વ

ઘોડો છે. વાસુદેવ સરખા ત્રણ ખંડના સ્વામી તે પણ મારાં બાળબચ્ચાં ધર્મમાં જોડાય, એ તમન્ના રાખે છે ઘરનાં છોકરાં માટે આ ઈચ્છા રાખી. સામાયિક લો, તેમાં આ કરશે તેને આ ચીજ આપીશ તેમ રાખ્યું. પાસ થાય તો સાયકલ, ઘડીયાળ લાવી આપું. પાસ થવાને જેવી તમારી લાગણી તેમાંની શતાંશ લોકોત્તર તત્ત્વ માટે લાગણી છે? ઓળી કરે તો હીરાકંઠી આપું તેમ કહ્યું છે? દરકાર જ નથી. કૃષ્ણમહારાજ—અવિરતિ વાસુદેવ પણ બચ્ચાં માટે લોકોત્તર માર્ગની લાગણીવાળા છે.

શાંબ અને પાલક બે કુંવરને આ વાત કહી કે—પ્રથમ વંદન કરનારને ઘોડો આપીશ. આ વાત સાંભળીને વચમાંથી પાલક, કે—જે નેમનાથ ભગવાનની મહત્તા સમજતો નથી, તેણે ન જોઈ રાત અને ન જોયું અંધારું, ચાર વાગે નીકળ્યો. બીજી બાજુ શાંબ હતો તેને ઘોડો મળ્યો કે ન મળ્યો, પણ આત્માના લાભ માટે વંદન કરવાનું છે. આથી તે ચાર વાગે ઊઠી, નેમનાથજી હતા તે દિશામાં વંદન કરી, આવશ્યક કરી અજવાળું થયા પછી વંદન કરવા માટે ગયો. પ્રથમ આવ્યો છું, તેમ કૃષ્ણજીને કહેજો. પેલા ચાર વાગ્યે પહોંચેલા પાલકે પ્રભુ નેમનાથજીને કહ્યું. એમ કહીને ચાલ્યો ગયો. સાંબ જયણાપૂર્વક દ્વાદશાવર્ત વંદન કરીને ગયો. કૃષ્ણમહારાજે સવારે નેમનાથજીને પૂછ્યું કે—'બે કુંવરમાં પ્રથમ વંદન કરનારને ઘોડો આપવાનો છે, પ્રથમ કોણ આવ્યો હતો?' પ્રભુએ—હવે શું કહેવું? પ્રભુએ કહ્યું—'પાલક આવ્યો તે પહેલાં શાંબે વિધિ સહિત વંદન કરી લીધું છે.' વંદન શાંબે પ્રથમ કર્યું. અહીં પ્રથમ આવ્યો પાલક, પણ વંદન

# દેશના—૨૬

( ૨૦૦૭. માગશર વદી પ્રથમ ૬. ગુહ્યાનો ઉપાશ્રય, ગોત્રરા. )

## હિન્દુશબ્દની વ્યાખ્યા.

શાસ્ત્રકાર મહારાજા ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ કરતા થકા આગળ સૂચવી ગયા કે—જાંબુડાને ઝાડે જાંબુ જ પાકે. કેરી જાંબુડાને ઝાડે ન પાકે. જેવું ઝાડ હોય તેવું જ ફળ થાય, તેવો નિયમ છે. તે નિયમાનુસાર જણાવે છે કે-તમે પણ ઝાડ તરીકેનું મનુષ્ય જન્મરૂપ વૃક્ષ છો. મનુષ્યભવ એક વૃક્ષ છે નારકી, તિર્યંચ, દેવતાનો ભવ એ વૃક્ષ નથી. તે ભવોને વૃક્ષ ન કહ્યા ને મનુષ્ય ભવને જ વૃક્ષ કેમ કહ્યું ? ' નર ' શબ્દ જાહેર છે પણ એ દુનિયામાં જાહેર 'નર' શબ્દનો અર્થ કોઈને માલૂમ નથી. ' હિન્દુ ' શબ્દથી કોઈ

---

કર્યું નથી ! કહેજો કે-પહેલો આવ્યો છે, એમ કહીને જ ચાલ્યો ગયો છે ! આથી કૃષ્ણજીએ શાંબને ઘોડો આપ્યો. કેમ ? ભાવથી વંદન કર્યું. અહીં આવી વિધિપૂર્વક વંદન કર્યું. અહીં પાલકે તો માત્ર આવીને કહ્યું કે-પ્રથમ આવ્યો છું. બસ ! વંદન કર્યું નથી. સર્વ પાપના નાશનો મુદ્દો રાખે ત્યારે જ શાંબના જેવો નમસ્કાર થાય છે. સ્થાનકવાસીઓએ પાંચ પદના નમસ્કાર સાથે આ વાત જોડી દીધી. નમસ્કારમંત્રમાં જણાવેલા પાછલના ચાર પદમાંની અનિષ્ટતા નિવારણની—ઈષ્ટની સિદ્ધિની નમસ્કારના ફલને જણાવનારી વાતને છોડી દીધી ! ગૃહસ્થના ખટકર્મ કયા ? દેવપૂજા વિગેરે ખટકર્મો, ઈષ્ટની સિદ્ધિ અને અનિષ્ટ નિવારણ કેવીરીતે કરે છે તે અગ્રે

અજાણ્યા નથી પણ તે શબ્દનો અર્થ ખૂણે ભરાઈ ગયો છે. મુસલમાનોને હિન્દુ શબ્દનો અર્થ કાફર તરીકે કરવો પડે છે. મુસલમાનો વચમાં રહેનારા. તુર્કસ્તાન, ઇરાન, ફ્રાન્સ, પોર્તુગીઝ પણ હિન્દનો ભાગ છે. આથી તેઓએ શત્રુ તરીકે હિન્દુશબ્દ બદલ કાફર શબ્દ નથી વાપર્યો. નહીંતર યુરોપીયનો માટે પણ કાફર શબ્દ વાપરતે. તેઓ તો હિન્દુ શબ્દનો જ અર્થ કાફર કહે છે. આમાં ખાસ કારણ એ છે કે—તેઓ હિન્દુથી બહુ જ બળે છે. મુસલમાનોને પણ પૂછોને કે—તમે પોતે હિન્દુ શબ્દ જાણો છો, તેઓનો વ્યવહાર પણ જાણો છો, છતાં કાફર ગણો છો તેની જડ કઈ છે? ખુલાસો નહીં કરી શકે. કારણ? તે કોઇના ખ્યાલમાં નથી. મુસલમાનો, ક્રીશ્ચીયનો, યહુદીઓ એ સર્વ ધર્મવાળાએ ન્યાયના નામે= ક્યામતના નામે એક દિવસ માન્યો છે? સારાં અને નબળાં કર્મ કરવાવાળાઓને ન્યાય આપવાનો એક જ દિવસ માન્યો છે! તે દિવસે બધા જીવોને ઘોરમાંથી ઊભા કરશે. તે દિવસે સારા કર્મવાળાને બેસ્ત Beslમાં અને ખરાબ કર્મ કરવાવાળાને દોજખમાં મોકલશે, તેમ તેઓ પણ માને છે. ક્યામતના—ન્યાયના દિવસને માને તે મુસલમાન. દોજખમાં—નાખશે તે તો ઠીક, પરંતુ તેઓ પાછા તેમાંથી નીકળશે ક્યારે? દોજખમાંથી નીકળશે ક્યારે? તેમ પૂછો તો ખાસડું લઇ ઊભો થાય! કેમ? બેસ્ત અને દોજખ પછીની અવસ્થા તેમના ગુરુએ કહી નથી. સ્વર્ગ, નરકમાંથી નીકળવાનું કોઈ તેમના ગુરુને પૂછી શકે નહીં. તે એ લોકોની માન્યતા. તમારી માન્યતા '**भवात्मयं हिन्दते इति हिन्दुः**' એ છે. એક ભવથી બીજે—ત્રીજે—ચોથે ભવે તેમ હિન્ડ્યા જ જવાનું માને તે હિન્દુ

હિન્દુના મત પ્રમાણે આત્મા મુસાફર છે જ્યાંસુધી મોક્ષ ન મળે-શિવ ન જાય, ત્યાંસુધી તેને એક ભવથી બીજો ભવ ચાલ્યા જ કરવાનું. આત્માને એવો માને તે હિન્દુ. મુસાફર તરીકે આત્માને માનનારા હોય તે હિન્દુ. ચાહે શૈવ હો, વિષ્ણુ હો, તેઓ તમારાથી જુદી માન્યતાવાળા છતા આત્માને હિન્ડનારો માનનારા છે. હવે તમે અનેક જન્મની વાતો કરો એટલે તે ( મુસલમાનો ) ચીડાય. તેના પેગમ્બરે-ઇસુએ આમ કહેલ છે. શું ? ' दोषं कोपेन पूरयेत् ' મુદ્દો ચાલે ત્યાંસુધી ઠીક, દલીલ ખૂટે એટલે ક્રોધથી પૂરે. તેથી મુસલમાનો હિન્દુને કાફર કહે છે. હિન્દુ શબ્દ આ આત્માને મુસાફર તરીકે ગણાવનારા હોવાથી એ લોકોને કડવો ઝેર લાગ્યો. તેથી હિન્દુ શબ્દનો કાફર અર્થ તે કહેવા લાગ્યા. આ અર્થમાં નહીં જેવો જ ભાગ ઉતારેલો છે. તેવી રીતે ' નર ' શબ્દ પણ પ્રસિદ્ધ જ છે છતાં ' નર ' શબ્દના અર્થમાં કોઈ ઉતર્યા નથી. જાતિભેદને અંગે નરનારી શબ્દ રાખ્યા છે. મૂળ ભેદનો વિચાર કર્યો જ નથી. એક વાત ખ્યાલમાં લેજો. દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વની બાબતમાં દર્શનકારો વચ્ચે મતભેદ હોય, પરંતુ ગણિતમાં જાતિભેદને સ્થાન નથી. આચારમાં-રિવાજમાં જાતિભેદનો સ્થાન છે, પણ ગણિતમાં-હિસાબમાં તે ભેદને સ્થાન નથી તેવી રીતે દેવગુરુધર્મ ત્રણેનાં સ્વરૂપને અંગે દર્શનકારો વચ્ચે મતભેદને સ્થાન છે, પણ વ્યાકરણ, કોષ, કાવ્ય તેને અંગે દર્શનભેદ-જાતિભેદને સ્થાન નથી. તે વ્યાકરણની અપેક્ષાએ નૄ ધાતુ નયે. નીતિ જાળવનારી કોઈપણ જાતિ ચારે ગતિમાં હોય તો માત્ર મનુષ્યની. તિર્યંચ, નારકીમાં નીતિ નથી. દેવતામાં પણ ઇન્દ્ર એ જ વિચારે છે કે-ક્યારે

બીજાનું વિમાન પડાવી લઉં. પાડોશી રાજ્યોની તકરાર હોય. અરહટની તકરાર સુકાય જ નહીં. તેવી જ રીતે સૌધર્મ ઇન્દ્ર અને ઈશાન ઇન્દ્ર તેની તકરાર સુકાય જ નહીં. એવી રીતે તકરારવાળા છતાં અંકુશવાળા છે. મર્યાદા બહાર નથી. આપણી તકરાર 'હું હું' એવું હથિયાર રાખ્યું છે, કે બૂઠું ન થાય. યુક્તિને બુઠ્ઠી કરી શકાય. સામો કહે કે—મારો આ હક ડુબે છે, તો આપણે કહીએ કે—તારો આ હક રાખીએ છીએ, એમ એ બધાંનું ઓસડ છે, પણ 'હું'નું ઓસડ નથી. આપણે મનુષ્યો થયા. ન્યાયને માટે નર શબ્દ ધારણ કર્યો. નીતિને ઘડનારા, પોષનારા તેથી નીતિના શબ્દને જ ધારણ કરનારા હોવાથી નર. નીતિનું જીવન હોય તો નર, નહીંતર ઢોર તેથી સૌધર્મ-ઈશાન બન્નેના ઇન્દ્રો તકરાર વખતે સનત્કુમારના ઇન્દ્રને યાદ કરે, ત્યાં આવે. આવીને જે ચૂકાદો આપે તે બંનેને માન્ય. બંને ઇન્દ્રોને તે ચૂકાદો કબૂલ કરવો પડે. ઇન્દ્ર પણ 'કોઈનું પડે તે મને જડે' તેવા લોભી હોય છે. રાજાની સભા-માંથી મુગટ કોઇ ચોરી ગયો તેવું કદાપિ સાંભળ્યું નથી. ઇન્દ્રમાં દેવતામાં એ બને છે. ભાગીને જાય ક્યાં? કૃષ્ણરાજીમાં. મુગટ ચોરી દેવતા કૃષ્ણરાજીમાં પેસી જાય. ઇન્દ્રની સભામાં આ સ્થિતિ! તેવી સ્થિતિમાં આ નર શબ્દ લાગુ ન કર્યો! નર શબ્દ નીતિ—ન્યાયને જણાવનાર છે, તેથી તે મનુષ્યમાં જ લગાડ્યો. કર્મને સર્વથા ખસેડી નાંખવાની તાકાત નારકી, તિર્યંચ કે દેવતામાં નથી. માત્ર તે તાકાત નરમાં જ છે. આત્માને કર્મથી સ્વતંત્ર બનાવવો તે મનુષ્યથી જ બની શકે છે. નીતિ સાચવે, અન્યાયને દૂર કરે, આવી રીતે મનુષ્યોની સ્થિતિ હોવાથી મનુષ્યના ભવને વૃક્ષની ઉપમા આપી, હવે તેનાં ફળો કયા ?

## જિનેંદ્રપૂજા.

દરેક દર્શનકાર દેવ-ગુરુ-ધર્મને માને છે. ત્રણ તત્ત્વને ન માને તો દર્શન જ નથી. આર્યસમાજીને પરમેશ્વર તો માનવા જ પડે તેઓ ભૂલ્યા મૂર્તિમાં-અર્ધો મુસલમાનનો સંસ્કાર. મુસલમાન અને હિન્દુમાં મૂર્તિ અને વર્ણાશ્રમનો ફરક. પેલાએ હથિયારથી મૂર્તિ તોડી. આર્યસમાજીઓએ વાગ્બાણથી વર્ણાશ્રમ બગાડયો. જેવું મુસલમાનોને મૂર્તિ પર ઝેર, તેવું જ આર્યસમાજીને પણ મૂર્તિ પર ઝેર. આર્યસમાજી કરાંચીમાં ગયો. હનુમાન-વિગેરેની મૂર્તિ પર ટીકા કરે છે. કહેવા લાગ્યો કે-'હનુમાન-રામની મૂર્તિ ઉપર ચડાવેલો હાર ઉંદર તાણી જાય તે મૂર્તિ તમારું શું ભલું કરશે? એ મૂર્તિ તમારું શું કલ્યાણ કરશે?' સનાતનીઓ પણ ત્યાં આવ્યા હતા. સનાતનીની સભાએ મળી એક કિસ્સો કર્યો. કાલે આમ કરો. આમ કરાંચીમાં બનેલું

## મૂર્તિની માન્યતા.

દયાનંદજીની સારી છબી-ફક્કડ મઢેલી હતી, તે છબીને ગધેડાને પૂંછડે બાંધી. ગધેડો કુદાકૂદ કરવા લાગ્યો. સાથે સનાતનીઓ ઢોલ-ઝાલર વગાડતા હતા. દયાનંદજીની છબીને લાતો વાગી. જેમ જેમ ગધેડો દોડે છે તેમ તેમ લાતો વાગે છે. પેલો આર્યસમાજી ઉતર્યો છે ત્યાં ગધેડાને લઈ ગયા. પેલા આર્યસમાજીએ આ દેખીને ફરિયાદ કરી. મારા ગુરુનું અપમાન કર્યું. સનાતની મહેમાનો કોર્ટમાં બોલાવતાં હાજર થયા. કોર્ટે પૂછયું-તમે આ રીતે સરઘસ કાઢયું હતું? સનાતનીઓએ કહ્યું-હા. કોર્ટ કહે-દયાનંદજીની છબી ગધેડાના પૂંછડે બાંધી હતી? પછી તે ગધેડાને ઢોલ વગાડી ચમકાવ્યો હતો?

ગધેડાએ ફોટાને લાતો મારી હતી ? આમ કોઈની લાગણી દુભાય તે ઠીક કહેવાય ! સનાતનીઓ કહે–સાહેબ ! પહેલાં એમને પૂછવું જોઇએ કે "તે ફોટાને માને છે ? દયાનંદજીનું નામ તો અમે તે સરઘસમાં નથી બોલ્યા. પછી તે ઉશ્કેરાયા કેમ ? પોતે ફોટાને માને છે ? મૂર્તિ માને છે ? ફોટાને ચાહે જે થયું, તેમાં તેને શું ? મૂર્તિને માનતો નથી છતાં તેને આટલું દુઃખ થયું તો કાલે રામચંદ્ર ને કૃષ્ણની મૂર્તિ માટે બોલી ગયો તેમાં અમને કેમ થયું હશે ? નહીં માનનારાને આમ થયું તો માનનારાની લાગણી દુભાય કે નહીં ?" પેલો કોર્ટમાં નાદાન ઠર્યો. પોતા માટે મૂર્તિનું ખરું, માત્ર તમારા માનેલા દેવની મૂર્તિ માટે તે આર્યસમાજીને વાંધો છે ! આ વાત કોરાણે મૂકીએ. તેઓ મૂર્તિને નથી માનતા પણ પરમેશ્વરને તો માને જ છે: પરમેશ્વરને માનવામાં બે મત નથી. ફરક કયાં છે ?

## જૈન–જૈનેતરના દેવ, ગુરુ, ધર્મ.

ભાટ અને ચારણ બે જતા હતા. બેમાં વાત થઇ. ચારણ ગાવાવાળો–ભાટને ચીડવવા માટે બોલ્યો કે–'ભાટ ભાટ ભાટુડો, ગળે બાંધે ચાટુડો.' ભાટને થયું કે–મારી મશ્કરી કરી. આ તો ભાટ–ચારણની જાત. ભાટે કહ્યું 'ચારણ ચારણ ચારણીયો, ગળે બાંધ્યું ઘંટીનું પૈડું !' કહેવાનું તત્ત્વ કે–ભાટ, ચારણનું અનુકરણ કરવા ગયો, પણ ચારણની ચકોરાઇ કયાંથી લાવે ? દેવતત્ત્વ માનવામાં દુનિયાએ તમારું અનુકરણ કર્યું, પણ તત્ત્વ ક્યાંથી લાવે ? તેમણે દેવ માન્યા. કેવા ? જન્મ આપનારા. તેને દેવે જન્મ આપ્યો ! સાક્ષાત્ જન્મ આપનારને ન માનતાં કલ્પિત જન્મ આપનારને માનવા તૈયાર થયો. વરસાદે વનસ્પતિ તૈયાર કરી, ખેડૂત ખોરાક તૈયાર કરે છે,

તે પ્રત્યક્ષ વાત છે. સૂર્યની ગરમી વરસાદને તૈયાર કરે છે, તે તૈયારીમાં જવું કે આ તૈયારીમાં જવું ? આંધળા કર્યા તે પરમેશ્વરે, ને દેખતા કર્યા તે ડૉક્ટરે ! તો દેવ તો પરમેશ્વર, પણ ડૉક્ટર મહાપરમેશ્વરને ? આવી ભૌતિક-કલ્પિત વાતો કરી. પરમેશ્વરને માનવાનું શરુ કરવું પડ્યું. કેમ ? પરમેશ્વરના માર્ગમાં તેમના ગુરુથી આવી શકાય તેમ ન હતું. અહીં તે પરમેશ્વરને મનાય કે-જે આત્માની પરમ દશાએ પહોંચ્યાં હોય. તેવી તાકાત ત્યાં તેમણે ક્યાંથી લાવવી ?

તેનાં દર્શનમાં વિષય-કષાય, આરંભ, પરિગ્રહ, કષાયો ત્યાગવાની બુદ્ધિ થાય ત્યારે બિચારા જિનેશ્વરને માને ને ? ભાટને ચકોરાઈ ન હતી, ચારણને ચકોરાઈ હતી. તેવું જૈન અને જૈનેતરો વચ્ચે છે. તે લોકોને ધર્મને બહાને બીજા લોકોને લૂંટવા છે. નાતનો લાગો બંધ થાય; પરંતુ ધાગાપંથીનો ( બ્રાહ્મણોનો ) લાગો બંધ ન થાય. મર્યા પછી પણ સેજના નામે પણ તેઓ, લોકો પાસેથી પડાવે છે. જન્મ્યા પછી પણ પડાવે, અને મર્યા પછી પણ સેજના નામે-શ્રાદ્ધના નામે પડાવે. આવી રીતે ભક્તોને લૂંટવા માટે ધર્મને નામે જેઓએ ધતીંગો રાખ્યાં, તેમને જિનેશ્વર દેવ માન્યા ન પાલવે. ભગવાનને માત્ર પોતે લખેલી હુંડી સ્વીકારવા માટે જ રાખેલા છે. ક્રિશ્ચીયન-વોરા-મુસલમાન-ખોજા વિગેરે બધાને જોશો તો 'અમને આટલું આપો ! અમે ત્યાં મેળવી આપીએ ! ' તેઓ ભગવાનને કર્તા માનવામાં એક જ મોટી મકસત છે, કે-ભગવાનના નામે હુંડીઓ લખી શકાય. કહો કે એ લોકોએ જિનેશ્વર સરખા દેવોની પ્રવૃત્તિ દેખી-જૈન ધર્મીઓની પ્રવૃત્તિ દેખી દેવ માનવા પૂરતું અનુકરણ કરી વાત આખી પલટાવી !

ચોવીશ કલાક માયાજાળમાં પલટાએલાને માટે અહીં આવો ત્યારે પણ એ જ વાત ! પછી ધર્મનું સ્થાન કયું ? સાધુ પણ તને બાયડી, છોકરા મળશે તેમ કરવા જાય તો, સંસારમાં એ માટે જ ચોવીશ કલાક તપતા હતા, તેમ અહીં પણ એ માટે જ તપવાનું થયું ! પછી કષાયાગ્નિથી શાંત થવાનું સ્થાન ક્યાં ? અને તે કયારે બને ? ધર્મસ્થાન અને સામાયિકમાં ચિત્ત લગાડો તો જ. તો જ તમને શાંતિ વળે. ત્યારે જ જિનેશ્વરને દેવ માની શકો કે–ધર્મગુરુને અને ધર્મને ત્યાગમય માની શકો. કહો જિનેશ્વર ભગવાનને દેવ તરીકે માનવા તે કોને પાલવે ? જેમને મોક્ષમાર્ગ જોઈતો હોય–આત્માને શાંત કરવો હોય, તેને જ જિનેશ્વર ભગવાનને દેવ તરીકે માનવા પાલવે. બીજા મતવાળાને એ ઈષ્ટ નથી, કે હું ભગવાનને લાંચીયા, ડંખીલા માનું. માત્ર ભક્તિ લાંચરૂપ થાય છે. જે દેવને રાગી માને તેને જેમ ડંખીલા લાંચીયા માનવા તૈયાર નથી, તેમ તેઓ માનેલા ભગવાનનું ત્યાગનું સ્વરૂપ કહેવા પણ તૈયાર નથી. '**સંગાત્ પ્રજાયતે**' પરિગ્રહથી કામબુદ્ધિ થાય, પછી ક્રોધ થાય કૃષ્ણ મહારાજે કેટલી વખત સંગ છોડયો ? ત્યાગીનાં લક્ષણ–'**શાંતો દાન્તો મુમુક્ષુઃ**' છે ને ? તેઓને પૂછો કે–' મહાદેવ તેમ ક્યારે રહ્યા ? કૃષ્ણજી રાધાથી છૂટા ક્યારે રહ્યા ?' બચાવમાં લીલાને આગળ કરે. એટલે શું ઠર્યું ? લીલાના પડદા પાછળ આખા જગતને ડુબાડવાનું. ગોકુળના બાળકના નામે જગતને ડુબાડી દેવામાં આવ્યું. એક જિનેશ્વર દેવ જ લીલાના પડદા ફાડીને ફેંકી દે છે તેઓએ ત્યાગ ધર્મ કહ્યો, તેમ ત્યાગમાં રહ્યા છે. કહેણીરહેણી સરખી કરી હોય તો માત્ર જિનેશ્વરે. જિનેશ્વર સિવાય બીજા દેવ કહેણી-

# દેશના ૨૭

## જાહેર વ્યાખ્યાન ( ૨૦૦૭ના આ. વ. ૧૩-ગોધરા. )

## વિશ્વઉદ્ધારક શી રીતે બનાય ?

મહાનુભાવો ! પ્રાયે કરીને તમે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્ર મહારાજના નામથી પરિચિત નહીં હો તેમ નથી. તેમણે

---

રહેણી સરખી રાખી શકતા નથી “ ઉઠો રે....મુરારિ, તમારા વિના દહીંના મટકાં કોણ ફોડશે ? ગોપીઓનાં ચીર કોણ ચોરશે રે ” આ વસ્તુ કેવલ બાઈઓ જ ઘેલી થઈ ને બોલતી નથી, બાઈઓ તો આપણામાં પણ ‘ ગુરુજી બોલાવ્યા બોલે નહીં, તો ક્યાંથી વહોરાવીએ ? ’ વગેરે બોલે જ છે ને ? પરંતુ પરદર્શનોમાં માત્ર કોઈક બોલે છે, તેમ નહીં, તેના ધુરંધરો-વિદ્વાનો તર્કશાસ્ત્રના પારગામી પણ બોલે છે કે-

“ **नूतनजलधररुचये गोपवधूटिदुकूलचौराय । तस्मै कृष्णाय नमः संसारमहीरुहस्य बीजाय.** ” તસ્મૈ કૃષ્ણાય નમઃ વિશ્વનાથ પંચાનન. ” તર્કશાસ્ત્રનો પ્રખર વિદ્વાન્ આમ કહે છે ! ગોવાળીયાની જુવાન સ્ત્રીના વસ્ત્રો ચોરનાર તરીકે કૃષ્ણને નમસ્કાર કરે છે ! જ્યારે જૈનોએ રાગ-દ્વેષને જીતવારૂપે, મોક્ષમાર્ગના પ્રણેતારૂપે જિનેશ્વરને દેવ માન્યા છે. બીજાને લીલાંના નાટકો કરવાં પડે છે-લીલાના પડદા નાખવા પડે છે, તેમ અહીં પડદા નાખવા પડતા નથી. કોઈપણ મતમાં સીધો ઈશ્વરી સંદેશો છે ? ઋષીઓએ અગ્નિ, વાયુમાંથી વેદ કાઢ્યા. ઋષીઓએ સીધા ન કાઢ્યા ! ઈશ્વરી સીધો સંદેશો હોય તો માત્ર જિનેશ્વરના મતમાં છે. તેથી-**जिनेन्द्रपूजा.** હવે જિનેશ્વર કેવી રીતે થઈ શકે ? તે વગેરે અગ્રે.

જૈન ધર્મમાં જેમ મોટો ફાળો આપ્યો છે, તેમ ઈતિહાસ–વ્યાકરણ–કાવ્યો આદિમાં પણ મોટો ફાળો આપેલ હોઇને સર્વ દર્શનને ફાળો આપેલો હોવાથી અને ગુજરાતમાં સર્વ-સાક્ષરપુરુષોમાં–જ્યોતિર્ધર પુરુષોમાં પ્રાચીન તરીકે નામ લેવાતું હોવાથી તેમના નામથી ગુજરાતની પ્રજા અજાણી હોય તેમ માનવાને કારણ નથી. તે જ હેમચંદ્ર મહારાજ જણાવે છે કે–જગતમાં જાનવર, પંખી, જંગલી મનુષ્યો કે અણસમજુ મનુષ્યો લોભથી સર્વ શારીરિક, કૌટુમ્બિક, આર્થિક સાધનો સુધારવા માટે–મેળવવા માટે–પોષવા માટે તો પ્રયત્નો કરે જ છે. જાનવરો પોતાનાં બચ્ચાં–સ્થાન–શરીર માટે ઉદ્યમ નથી કરતા, તેમ કોઈ કહી શકે તેમ નથી. પંખીઓ, પશુઓ, શરીરાદિને પોષવા–રક્ષણ કરવા–વધારવા તૈયાર નથી રહેતા તેમ કહી શકાય નહીં. આમ સ્વાર્થસિદ્ધિ માટે તો જગતના અજ્ઞાની જીવો પણ પ્રવૃત્તિ કરી રહેલા હોય જ છે; પરંતુ બીજાનું સારું થાય એ બુદ્ધિ જાનવરમાં ન હોય. પંખીમાં એ બુદ્ધિ દેખી? જંગલી અજ્ઞાનીમાં એ બુદ્ધિ દેખી? જગતમાં પ્રવર્તતી સ્થિતિ વિષે મારવાડીનું ઉદાહરણ દેવાય છે કે–

બે મારવાડી જંગલમાં જતાં હતાં. ખોદેલો કૂવો હતો. એકે પાણી પીધું–બીજાએ પીધું. આ કૂવો ધસવા લાગ્યો. મેં પીયા, મારા બળદે પાણી પીધું–અબ કૂવા ધસ પડો. એમાં મારે શી ચિંતા? આ દુનિયા એ દશામાં પ્રવર્તી રહી છે. 'વર મરો કે કન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો.' પરંતુ તે ખરી કહેવત નથી. 'વર વરો કન્યા વરો પણ ગોરનું તરભાણું ભરો' એમ કહેવત છે. વર વરો–વરની ફાવટના લગ્ન થાવ કે ન થાવ એમાં ગોરને લેવાદેવા નથી. મારું તર-

ભાણું ભરાયું એટલે બસ. તેવી રીતે આ જગત બીજાનું શું થાય તે જોવા તૈયાર નથી. બીજા સેંકડો જીવોનું સુખ ચાલ્યું જાય, પણ આપણાં સુખની એક ક્ષણ પણ ચાલી જાય, તે જવા દેવા તૈયાર નથી. લાખો જીવનાં જીવનના ભોગે પણ આપણા ક્ષણનાં જીવનને આપણે ટકાવવા-વધારવા માંગીએ છીએ. 'આત્મવત્ સર્વભૂતેષુ' સાંભળીએ છીએ. એ વાતનો કોઈ શાસ્ત્ર નિષેધ કરતું નથી. બધાએ આ વાત એક સરખી રીતે કબૂલ પણ કરી છે; પરંતુ તે કબુલાત માત્ર વચનમાં. વર્તાવમાં સ્થિતિ કેવી છે? વર્તાવમાં આપણે આપણા સંબંધીઓને, નાતીલાને, દેશવાળાને, મનુષ્ય માત્રને-જીવોના જીવન માત્રને આપણા જેવા ગણવા તૈયાર નથી. બોલવામાં કોઈપણ એ વચન જૂઠું છે, એ કબૂલ નથી, તેમ કહેવા તૈયાર નથી. માત્ર વર્તનમાં જ વાંધો છે. કયો આસ્તિક તેમ બોલતો નથી? પણ પ્રવૃત્તિ વખતે કોઈપણ તેમ વર્તવા તૈયાર નથી! પ્રસંગ આવે ત્યારે શી દશા? ચોકસી જેવી.

વણજારો વેપાર માટે દેશાંતર નીકળ્યો છે. વણજારો માલ લઈને નીકળ્યો. પૈસા પૂરા થયા. હવે શું કરવું? માલ રૂખ હોય ત્યાં વેચાય. પોતાનો સોનાનો દાગીનો લઈ ચોકસીને ત્યાં ગયો. કહ્યું કે-આનો તોલ કર. દશ તોલા થયા. મારે વેચવું છે. તેની કિંમત આપ. ચોકસીએ ૧૦ પૈસા ૧૦ તોલાના આપ્યા. પેલાએ પૂછ્યું કે-દાગીનો સોનાનો છે કે નહીં? ચોકસી કહે-હા. વણજારો કહે કે-'તો પછી ૧૦ તોલાના ૧૦ પૈસા જ કેમ?' અહીં સોનું સસ્તું લાગે છે, માટે બીજું કરીયાણું લેવા કરતાં પૈસે તોલો સોનું મળે તો આપણે તે લઈએ એમ વિચારી ચોકસીને કહ્યું-૧૦ રૂપીઆનું સોનું આપો.

ચોકસી ०॥। તોલો ને બે વાલ સોનું આપવા માંડયો. વણ-જારાએ કહ્યું–આમ કેમ? પેલો કહે–તમારા સોનાનો ભાવ પૈસે તોલો અને મારા સોનાનો ભાવ ૩૨) રૂા. તોલો! આવાને ચોકસી શી રીતે કહેવાય! બધા આસ્તિકમાં ખપવા માંગીએ પણ પોતાના જીવને માનવા તૈયાર છે, પણ પારકાના જીવને માનવા તૈયાર નથી. પોતાના સુખ દુઃખ માફક પારકાના સુખ દુઃખની કીંમત કેમ નથી કરતા? જેવી આપણને દુઃખ ઉપર અપ્રીતિ છે, તેવી બીજાનેય દુઃખ ઉપર અપ્રીતિ છે; તેમ સમજી આપણે બીજાઓ પ્રતિ વર્તવું જોઇએ. સુખ ઉપર પ્રીતિ આપણને છે, તેમ જગતના જીવોને પણ સુખ ઉપર પ્રીતિ છે; તેમ સમજીને વર્તીએ નહીં ત્યાં સુધી હૃદયની આસ્તિકતા આપણે ધારણ કરી નથી. વચનની આસ્તિકતા હરકોઈ રાખી શકે છે. વસ્તુતાએ હૃદયમાં વિચાર કરો, કે તમારા જીવને જીવ માનો પરંતુ વિશ્વના સર્વ જીવોને સુખની પ્રીતિવાળા–દુઃખના દ્વેષવાળા માનો, તેમને સુખ દેવાવાળા ન થાવ. દુઃખ દેવાવાળા થાવ, તો તમે આસ્તિક શી રીતે કહી શકાય? તેથી જ આજના વિષયમાં વિશ્વને સ્થાન આપવું પડયું છે, તેથી અમુક દેશ–અમુક કાલ–અમુક ખંડ નથી સમજતા તેમ નથી રાખ્યું, વિશ્વ નથી સમજતું એમ રાખ્યું છે. વિશ્વ શબ્દને એટલા માટે સ્થાન આપવું પડયું છે કે–આસ્તિકતા મનાવવી પડે, ત્યારે 'તું એ વિશ્વ વિશ્વ એ તું' એ બુદ્ધિ નહીં આવે ત્યાં સુધી આસ્તિકપણામાં આવેલો નહીં ગણાય.

મારતાનો હાથ પકડાય, બોલતાની જીભ ના પકડાય પોતા માટે પોતે આસ્તિક બની જાય, તેમાં કોઈ રોકે નહી. પોતાને વિશ્વ જેવો નહીં ગણે ત્યાં સુધી આસ્તિકતાના પગ-

થૈયા પર ચડી નહીં શકે. આ રીતે વિશ્વ શબ્દ રાખીને અશક્ય વાત આગળ કરી શક્ય વાતને ખસેડવા માગતા નથી. ગામ બહાર ભવાઇઆ નાચતા હતા. એક કણબી તાનમાં આવી ગયો ને ભવૈયાને ભેંસ આપી દીધી. પછી મનને થયું તે આ તો બસોની ઉઠી. ભવૈયો આગળ પ્રશંસામાં ગયો. એટલે કણબીએ કહ્યું–બે આપી. અરે ! આખા ગામની આપી. એટલે શું થયું ? એક આપી હતી તે પણ ગઇ ! જેમ પેલાએ બે પાંચ કરતાં આખાં ગામની આપવાનું કહી એકની વાત પણ ઉડાડી દીધી. એક વાત કહીને એટલે કે–એક વિશ્વની કહીને બીજી વાત ઉડાડી દેવા માંગુ છું, તેમ નથી. સામાન્યથી મનુષ્યનું ધ્યેય ઊંચામાં ઊંચું હોવું જોઇએ, એમ કહેવા માંગું છું. ધ્યેય ત્યાં સુધી ઊંચું હોવું જોઇએ કે–ન પુનરાવૃત્તિ: એ વસ્તુ એક જન્મથી શક્ય નથી, છતાં ધ્યેય એ રાખ્યું. અશક્ય લાગતી વસ્તુ સજ્જનોએ મગજમાં રાખવી જોઇએ. આત્માનું પ્રાબલ્ય એવું છે કે–અશક્ય વસ્તુ પણ અભ્યાસથી કાળે આત્માને સુસાધ્ય થાય છે. બચપણમાં બેસતા ક્યારે ? મા પાછળ હાથ રાખતી ત્યારે તે વખતે દોડવાની–કૂદવાની શક્તિનો સંબંધ ખરો ? અશક્ય. અત્યારે ? એ પ્રમાણે કાળાંતરે, અભ્યાસે, પારવર્તને કેટલી વસ્તુ અશક્ય હોય તે પણ સુશક્ય થાય છે, માટે આખા વિશ્વને અંગે જે દુઃખ ભાગવાની બુદ્ધિ, સુખપ્રાપ્તિની બુદ્ધિ મારા માટે જેવો પ્રયત્ન કરું, તેવો જ પ્રયત્ન તેના સુખ મેળવવા માટે, દુઃખ ટાળવા માટે પ્રયત્ન કરું. એ વાત ભાવનામાં હંમેશાં રાખવી. એક વાત ધ્યાનમાં રાખવી. ટૂંકું પણ કરી શકે તે ધીમે ધીમે લાંબું કરે. ઠેલણ ગાડીએ ચાલવા માંડયા. ધીમે ધીમે કૂદ-

તોડા-ફોડનારા થયા તેમ ધીમે ધીમે પહેલાં કુટુમ્બના દુઃખે દુઃખી, સુખે સુખી. કુટુમ્બના દુઃખ દૂર કરવા તયાર થાવ. વિશ્વના અંશ તરીકે કુટુંબ ગણીને જાવ, જેથી આખી જ્ઞાતિમાં જાવ. જીવનના જીવન જાય તો પણ કુટુમ્બમાંથી બહાર નીકળી ન શકો.

## વિશ્વબન્ધુત્વ

શેરીમાં એક કૂતરું નવું આવે, તો બધાં કૂતરા સામા થાય. કુટુમ્બને કુટુમ્બ તરીકે સાચવવામાં વૃદ્ધિ નથી, માટે કુટુંબને વિશ્વના અંશ તરીકે લો. આખા વિશ્વનું હિત કરવું છે, તેનો આ અંશ છે. તેથી આગળ વધો એટલે જ્ઞાતિ, દેશ, વિશ્વ. સર્વ જીવ માટે તેવો પ્રયત્ન કરો-પ્રથમથી શરૂઆત કરો. એકડો ઘુંટવો નથી તેને ગણિત શી રીતે શીખવવું ? જેઓને 'વર વરો ને કન્યા વરો પણ ગોરનું તરભાણું ભરો.' બસ મારું જ. સ્વભાવનો માત્ર વિચાર. પરનો વિચાર જ નથી. પરના હિતમાં રાજી થવાનું નથી. એક ઘર છે એ ૧૦૦૦૦ થી વેચ્યું, બીજાએ લીધું. તેની ૨૫ હજારની કીંમત થઈ, તો તરત મનમાં થાય કે-૧૫ હજાર મફતના ખાઈ ગયો. તેં લીધું અને તેણે લીધું છે, છતાં તેને નફો મળ્યો તેમાં મનમાં એ થયું ! કેમ ? તેને મળ્યા તેમાં તું નારાજ, બીજાના લાભમાં પણ આપણને બળતરા. તેવી રીતે ૧૦,૦૦૦ ની કિંમત ઘટી ગઈ, તો ? તુરત કહે કે-લે....લેતો જા. બીજાના લાભને અંગે નાખુશ અને હાનિને અંગે ખુશ થવાની આદત પડી છે. વિશ્વ તરફ શુભ નજરની આશા શી રીતે રાખી શકાય ? માટે અહીં પ્રથમ વિશ્વ શબ્દ મેલ્યો. અવિભક્ત ભાઈને અંગે જેમ થાય તેમ વિશ્વને અંગે થવું

જોઇએ. કારણ જગતમાં કેઇ વખત આપણી તુચ્છ દૃષ્ટિ આપણને કેવી સ્થિતિમાં મેલે છે? છોકરી કાકાને ત્યાંથી બીજ લઈ ગઇ. બે વરસ પછી છોકરાનાં લગ્ન તેની સાથે થયાં. દુનિયામાં શત્રુ કાળાંતરે મિત્ર થાય. મિત્રો શત્રુ થાય છે. શાસ્ત્રના હિસાબે કશો પણ સંબંધ નિયમિત નથી. આ ભવના પુત્રો પરભવના શત્રુ પણ થાય. આ વિશ્વમાં કશો નિયમ નથી, તેથી સમજુ મનુષ્ય જગતને નાટક તરીકે ગણે છે. આ જગતમાં પણ જીવ ક્યા ભવમાં કઈ સ્થિતિમાં ક્યા સબંધમાં આવે તેનો પત્તો નથી, માટે વિશ્વ શબ્દ લીધો છે. સમુદાય દૃષ્ટિ નહીં રાખીએ તો શું થાય? જે તું કરે તે વિશ્વને નજરમાં રાખી કર. વિશ્વ શબ્દ પછી માતૃત્વ, પુત્રત્વ ન લીધું ને બંધુત્વ કેમ લીધું? બંધુ જુદા રહ્યા છતાં બધો સંબંધ જાળવવાનો રહે છે. મા દીકરાને-પુત્ર બાપને પૃથગ્ રહેવાનું, આર્યશાસ્ત્રમાં સ્થાન જ નથી. માતા-પુત્ર-પિતાપુત્ર જુદા રહે તેને આર્યમાં સ્થાન નથી. ભાઈઓ જુદા રહે છતાં યાવત્જીવન સ્નેહની ગાંઠ છૂટે નહીં. દરેક વ્યક્તિની ચેતના સુખ-દુઃખ, પુણ્ય-પાપકર્મો જુદાં છે, પરંતુ જુદી વ્યક્તિઓ છતાં ભાઇ ભાઇ, બે વ્યક્તિ જુદી છતાં આબરૂ, ધનમાં એક સરખી રીતે ભાગીદારીમાં ચાલે છે. જગતના જીવો આપણાથી જુદી વ્યક્તિઓ છે તે ભેદ છતાં એમની ઉપર આપણી ફરજ હમેશાં એક સરખી રાખવી જોઇએ. તે માટે બંધુ શબ્દ રાખ્યો. સ્નેહના તંતુઓથી બંધાય. તેમાં દોરડી બાંધવાની હોતી નથી. એવી રીતે અહીં, વિશ્વના સમગ્ર જીવો સાથે કર્તવ્ય-તંતુથી બંધાવાનું છે. ત્યારે જ પવિત્ર નામ જ્યોતિર્ધર પુરુષનું જણાવ્યું હતું. તેવી

## દેશના—૨૮

(૨૦૦૦ પોષ શુદી ૧ વેજલપુર.)

### હું એટલે કોણ ?

કલિકાલસર્વજ્ઞ હેમચંદ્ર મહારાજા ભવ્યોના ઉપકાર માટે ધર્મોપદેશ કરતા થકા આગળ સૂચવી ગયા કે—આખું જગત્ એક શબ્દ જાણે છે—માને છે. તે પાછળ ભવો વ્યતીત કરે છે, પણ તેના અર્થ તરફ કોઈ ખ્યાલ કરતું નથી. જે શબ્દ જાણે—માને છે, પણ તેના અર્થનો ખ્યાલ અનેક ભવો થયાં છતાં કરતો નથી. 'હું' એ શબ્દ કયા જન્મમાં ન હતો! બાળક, વૃદ્ધ, જુવાન, સ્ત્રી, પુરુષ કોઈપણની જાણ બહાર નથી. દરેક 'હું' શબ્દ વ્યવહાર કરે છે. 'હું' શબ્દના ખરા અર્થને છોડી દઈને આપણે ફુકા(પૈસા)માં નાંખી દીધો કંઈક નુકશાન થયું, એટલે હું મરી ગયો. એમ જ શરીર આદિમાં—રોગ થયો એટલે 'હું' મરી ગયો. કુટુમ્બમાં નુકશાન થયું એટલે 'હું' મરી ગયો. રૂપીયા—રોકાણમાં, કુટુમ્બમાં, શરીરમાં 'હું' શબ્દ લગાડયો. 'હું' શબ્દથી કોણ લેવાનો છે? આ જગત ચાર થાંભલા ઉપર આખા ભવની ઇમારત ચણે છે.

---

રીતે આખા જગતને ઉદ્ધારવા માટે, અનાવૃતિ કરવા માટે, પાપના ફળોથી મુક્ત કરવા માટે આત્મા તૈયાર થાય છે, અનેક જન્મો સુધી એવી રીતે મંડી રહે તો જ અનાવૃતિ થાય. અનેક જિંદગી જો આવી રીતે જગતનો ઉદ્ધાર કરવાની ભાવના રાખો તો જ જગતના ઉદ્ધારક બની શકો. દરેક જન્મમાં આ ભાવના કેળવવાની જરૂર છે.

કંચન, કામિની, કુટુમ્બ અને કાયા આ ચાર થાંભલા ઉપર આખા ભવનો મહેલ ચણે છે. તમામ ક્રિયાપ્રવૃત્તિ આ ચાર ઉપર. 'હું'તો આવેલો છું ને જવાવાળો છું. '**द्रव्याणि तिष्ठन्ति गृहेषु-नार्यो विश्रामभूमौ स्वजनः स्मशाने०**' ભવ પરાવર્તનનો વખત આવે છે, તે વખતે અબજોની મીલ્કત હોય તો પણ જ્યાં સ્થાપી હોય ત્યાંજ. પ્રસ્થાન તરીકે પણ કામ ન લાગે, જવું હોય તે દિશામા મુહૂર્ત સાચવવા માટે પ્રસ્થાનું કરીએ. આગલો ભવ નક્કી હોય એટલે જો મરણ બાદ નરક ગતિમાં જવું છે, તો ખોદે દાટે. શું કર્યું ? નરકનું પ્રસ્થાન કર્યું. આયુષ્ય મનુષ્યનું છે. અત્યારે નરકે જવાય તેમ નથી. તેથી પ્રસ્થાન કર્યું. ઢોરમાં જવું છે, તે ઘોડા વગેરે વસાવે. મનુષ્ય ગતિમાં જવું છે, તે નિરાશ્રિત-ગરીબ વગેરે માટે ખાવામાં, દવામાં વિગેરેમાં ખરચે. દેવલોકે જવું છે તેઓ મંદિર, જ્ઞાનમંદિર, દેવળમાં વાપરે. નીકળતી વખતે પ્રસ્થાન સાથે લેવાય; પરંતુ આ પ્રસ્થાન એવું છે કે-નીકળતી વખતે જોડે ન લઈ જવાય આ પ્રસ્થાન સાથે ન લઈ જવાય. દ્રવ્ય ચાહે જેટલું એકઠું કર્યું હોય પણ મેલ્યું ત્યાંજ રહેવાનું. છૂટા પડતી વખતે સંબંધી ઊભો થઈ રેલ્વેમા વળાવા આવે પણ જેને માટે જીવન અર્પણ કર્યું, પૂણ્ય પાપ કુટુમ્બ ન ગણ્યું, અને જે દ્રવ્ય ઉપાર્જન કર્યું, તે દ્રવ્ય એક ડગલું પણ પાછળ આવવા તૈયાર નથી. ત્યાં ને ત્યાંજ રહે ! આશા, સદ્ભાવના હોય ત્યાં રખાય. ઘરમાં હોઈએ, બૂમ પાડીએ, સાંભળનારની આશા રાખીએ; પણ બહેરો-લંગડો હોય ત્યાં આવવાની આશા ન રાખીએ. બહેરો બોલાવ્યાથી ન આવે, પાંગળો પણ ન આવે. તેમાં કંઈપણ આશ્ચર્ય નથી. આવવાવાળાની

કાયમાત હોય ને ન આવે તેમાં આશ્ચર્ય શું? દ્રવ્ય અચેતન છે એવું અચેતન દ્રવ્ય પાછળ શી રીતે આવે? વાત ખરી પણ 'ભાર્યા' સ્ત્રીઓ? એ તો ચેતનાવાળી છે ને? આખી જિંદગી સુધી જેને મારી ગણી, જેને પોતાના માન્યા છતાં સ્ત્રીઓ માત્ર વિસામા સુધી જ સાથે આવે. ભૂલ થઈ કે–આપણે પોતાની ગણી. પર-કુટુમ્બની લાવેલી. સ્ત્રીની સગાઈ આજે જેટલી મજબૂત પણ કૃત્રિમ. પિતા પુત્ર વચ્ચેની–માતા પુત્ર વચ્ચેની–મામા ભાણેજ-ની સગાઈ સ્વાભાવિક. સ્વાભાવિક સગાઈમાં સગાઈ કરવાની જરૂર પડતી નથી. જન્મસિદ્ધ સગાઈ છે આ સ્ત્રીની સગાઈ તો કરેલી સગાઈ છે. એટલે અંતે વિસામાથી પાછી વળી. કાકા–મામા–બંધુ આદિ તો જન્મસિદ્ધ સગાં હતાં. 'તાણ્યો વેલો થઈ જાય' તેવી રીતે જન્મસિદ્ધ સગા હજુ સાથે. સ્વ-જનો સ્મશાનમાં આવ્યા. હવે તો સ્વજનોએ દેખ્યું કે–અમે તો ખાવાપીવા આબરૂના ભાગીદાર. સુખદુઃખ–જ્ઞાન અજ્ઞાનમાં ભાગીદાર તો તારું શરીર. આખા જન્મમાં સુખદુઃખ જ્ઞાના-દિકનો ખરો ભાગીદાર દેહ. ધન રહ્યું તિજોરીમાં, સ્ત્રી રહી શેરીમાં, સગાવહાલા સ્મશાનમાં અને શરીરે દેખ્યું કે–ભાગીદારે જંપાપાત કર્યો. હવે રહેવું નકામું. આ ભાઈ (આત્મા)-નું કોણ? નિરાધાર એકીલો જવાવાળો આત્મા એ જ 'હું' બધાને છોડીને બધાથી છૂટો પડી એકલો જવાવાળો એવો હું. આવો 'હું' બાયડી, કુટુમ્બ, ધન, શરીરને અંગે જ મથ્યો! અંતે મરી ગયો. 'હું'નો અર્થ દ્રવ્ય સ્ત્રી, કુટુમ્બ, કે કાયા નથી, તો 'હું' એટલે કોણ? આત્મા. આ ચાર થાંભલાં તો માટી, ઈંટ, ધૂળ ને ભુખરું. ધૂળનો થાંભલો પણ હોય છે. ભુખરું માટીનો–રેતીનો થાંભલો. શરદી લાગતા સાથે ખરી જાય. આ

તારા જીવનનાં ચાર થાંભલા-તે ભુખરું માટીના થાંભલા છે. આપોઆપ ખરવા જ માંડે. તેને એરવવાનો ઉપાય ન કરવો પડે. જેને તું 'હું' શબ્દથી ગણે છે, તારા જીવનને ચલાવે છે, જેની ઉપર તારો આખો ભવ વેઠે છે, તેને હું કહીને સમજવામાં કેટલી ભૂલ કરે છે? ખરેખર 'હું' શબ્દથી જીવ અર્થ લેવાનો છે. જન્મીને તેને ચેતન—પ્રાણી—જન્તુ આ બધાં શબ્દો કહો, છતાં તેમાં દ્રષ્ટિ આગળ નહીં ચાલી શકે. જન્મી એક જન્મવાળો જડ જીવન ધારણ કરે તે પ્રાણી. જીવ અને આત્માને એક ગણીએ છીએ ત્યારે જીવ અને આત્મા જુદી વસ્તુ છે. જીવમાં માત્ર જીવનનો સ્વભાવ, તેથી બીજાઓએ જીવાત્મા ને પરમાત્મા એમ બે ભાગ પાડયા. જેઓ જીવાત્મા તેઓ જ પરમાત્મા છે. તેવો જ જીવાત્મા છે. તેટલા માટે તેને જીવ શબ્દ લગાડવાની જરૂર નથી. આત્મા શબ્દ ખરો છે. કોઈ શાસ્ત્રની અપેક્ષાએ એક અર્થવાચક છે. વ્યુત્પત્તિની અપેક્ષાએ વિચારીએ તો જન્મ શબ્દ જન્મમાં—પ્રાણધારણમાં બીજા અર્થો રહેશે. આત્મા શબ્દથી આખી દશા દેખાડી. તેવો એકે શબ્દ તેમાં નથી. તે માટે આત્મા શબ્દ કહ્યો.

## આત્માની વ્યાખ્યા

આત્મા હંમેશાં અતીત અનંતો કાળ ગયો, અનાગતકાળ અનંતો આવશે વર્તમાનકાળ પ્રત્યક્ષ છે. ત્રણે કાળમાં જે પરિવર્તન સ્વભાવવાળો છે. પરિવર્તનપણા વગરનો કોઈ કાળ નથી. નિગોદ કે નરક, તિર્યંચ, મનુષ્ય દેવમાં હોય તો પણ પરિવર્તન. દુનિયામાં પરિવર્તન બધે છે. પણ સિદ્ધ પરમાત્મા એ તો સંસાર બહાર છે ને ત્યાં આત્મા છે કે નહિ? જેવો સૂક્ષ્મ એકેન્દ્રિય યાવત્ વનસ્પતિ, કીડી, પશુ, દેવતા, મનુષ્યમાં

તેવોજ આત્મા સિદ્ધમાં. આત્મા એનો એ જ. સિદ્ધપણામાં પરિવર્તન ક્યાંથી લાવશો ? **सव्वाणि ठाणाणि असासयाणि** તેથી પરિવર્તન સ્વભાવવાળા છે, પણ સિદ્ધમાં પરિવર્તન ક્યાં છે ? પરિવર્તન. બે પ્રકારનું છે. આંગળીઓ સીધી હતી તેને વાંકી કરી. પ્રસંગે સ્યાદ્‌વાદ સમજી લેશો. કેટલાક સ્યાદ્વાદનો દુરુપયોગ કરે છે. હા એની ના, ને ના એની હા. એવો અર્થ સ્યાદ્‌વાદનો નથી. અપેક્ષાવાળું વચન તે સ્યાદ્વાદ. દીર્ઘ દૃષ્ટિથી વાપરેલું વચન તે સ્યાદ્વાદ. દેવદત્તનો પુત્ર મહાદત્ત તેનો પુત્ર વિષ્ણુદત્ત. મહાદત્ત બાપ કે દીકરો ? દેવદત્ત મહાદત્ત વિષ્ણુ-દત્ત તેમાં કથંચિત્ પુત્રપણું, કથંચિત્ પિતાપણુ છે. એકલું પુત્ર કે પિતાપણું નથી. એવી જ રીતે પીયમાણું મધુ દત્તો વદયતિ પીયમાણની અપેક્ષાએ કર્મ. મધુદત્તને કર્મ છે. 'પીયમાણ'ની અપેક્ષાએ કર્મ છે. 'વદયતિ'ની અપેક્ષાએ કર્તા છે. અપેક્ષાએ જે જે વસ્તુ હોય તે નિરૂપણ કરવું તે સ્યાદ્વાદ છે. હવે આંગળી ઉપર આવીએ. આંગળી તીચ્છીં હતી. વાંકી કરી. એટલે સીધાપણાનો નાશ અને વાંકાપણાની ઉત્પત્તિ થઈ, છતાં તેમાં આંગળીપણું સ્થિર છે. આંગળી વાંકી કરી, કાચમાં દેખી તો આંગળી વાંકી કરી હતી તેવી વાંકી દેખી. હવે પલટ એટલે શું થયું ? પ્રતિબિંબ હતું તેનો પલટો થયો, કાચનો પલટો નથી થયો. પ્રતિબિંબના ફેરે વિશિષ્ટતા ફરી. પરંતુ મૂળ વસ્તુ ન ફરી. આંગળીમાં મૂળ વસ્તુ ફરી નથી. આંગળી પોતે સીધી વાંકી થાય, પણ આંગળી કાયમ રહે. તેમ સિદ્ધ મહારાજમાં લોકાલોકના પદાર્થો પ્રતિભાસિત છે. અત્યારે સિદ્ધ મહારાજ મારો હાથ ઊંચો છે તે જ્ઞાનવાળા છે. એ જ હાથ નીચો કરતાં નીચા હાથના જ્ઞાનવાળા થયા. સિદ્ધ મહારાજનું

જ્ઞાન તે પ્રકારનું છે. આમ સિદ્ધ મહારાજમાં પણ જ્ઞેયના પલટાદ્વારા જ્ઞાનનો પલટો થાય છે. જ્ઞાનદ્વારા પરિવર્તનપણું સિદ્ધમાં પણ રહે છે, તેથી **अतति=सातत्येन गच्छति इति आत्मा** આ શબ્દમાં **अत्** ધાતુ સતતપણે જવું એ અર્થમાં છે સતતપણે જવું, એટલે કે કોઈપણ કાળે તેના પરિવર્તન સિવાયનો નહીં. આ બધી વસ્તુ જણાવવા માટે આત્મા શબ્દ રાખ્યો. તું એક સ્વભાવવાળો નથી. ચેતન દ્રષ્ટા ક્રિયા સ્વભાવવાળો નથી. ગાયક દ્રષ્ટા કરી શકતો નથી. જવાવાળો-પરિવર્તન પામવાના સ્વભાવવાળો પદાર્થ છે. ગુણ નહીં. ગુણવાળો છે-અપરાપર પરાવર્તોને પામનારો એવો આત્મા-'હું' શબ્દથી વાચ્ય છે. તે અર્થનો ખ્યાલ આવે ત્યારે મુંઝવણ મટે.

## પાદશાહનો છેલ્લો હુકમ

સીકંદર પાદશાહ મરવા પડ્યો. ચારે બાજુ સરદારો, હકીમો, ભંડારીઓ બેઠા છે, કુટુમ્બ પણ છે. (મર્યો તેને જનમવાનું થાય કે ન થાય તેમાં શંકા. મોક્ષે જાય તો મરવાનું ન થાય. **जातस्य हि ध्रुवं मृत्यु**, જન્મેલાનું મૃત્યુ ચોક્કસ છે. જન્મેલો મર્યો નથી તેમ બન્યું નથી. ચાહે તેવા સામર્થ્યવાળા પરંતુ મરણ આધીન તો બધા જ છે. સમ્યક્ત્વનું લક્ષણ ફેરવતા કહે છે કે જન્મનો ભય હોવો જોઈએ. મરણનો ભય આવ્યો તેમાં નવું નથી. મરણનો ભય નકામો છે. જનમનો ભય રાખવો જોઈએ. જન્મેલો કોઈ મરણને ખસેડી શક્યો નથી, માટે સમકિતી જન્મથી ડરે. સંસારમાં હું જન્મું નહીં. જન્મેલાને મરણ ચોક્કસ છે.) આ દરેકની વચ્ચે સીકંદર કહે છે કે-હમ જન્મે હૈ તો મરેંગે ચોક્કસ. એ વાત ખ્યાલમાં લઈ લો. જે વખતે હું મરી જાઉં ત્યારે મારી નનામીની

પાસે બધી સ્ત્રીઓને ખડી રાખવી. ભંડારનો ઢગલો કરવો. જેટલા વૈદ્ય હકીમો હોય તેટલાને ત્યાં ખડા કરવા. બડે બડે હકીમો હૈ ઉનોને નનામી ઉઠાની. સબ લશ્કર કો ઉધર ખડા રખના.'

પાદશાહનો હુકમ તેમાં 'કેમ ?' કહેવાનો વખત ન હોય. રાજ સંક્રાન્તિ વખતે રાણીઓ બહાર હોય તો લાવી લાવીને અહીં રાખવી પડે. છૂટા ભંડારને સીલ મારવા પડે. લશ્કરને સીમાડા પર રાખવાનો વખત છે. તેમ અહીં સીકંદરનો સંક્રાંતિ વખત હોવાથી હકીમ વૈદ્યો પશ્ચાત્તાપમાં હોય, પ્રધાનો દિવાનો, રાણીઓ વગેરે નિરાશ થયા હોય તે વખતે પાદશાહનો આ અવાજ કોઇ સમજી શકતું નથી. સીકંદર કહે છે કે–દીવાનજી, શું વિચારો છો ? મેરા કહેનેકા તત્ત્વ ખ્યાલમેં નહીં આયા ? હું દુનિયાને એ બતાવવા માગું છું કે–કોઈ એવું ગુમાન રાખતા હો, કે–હકીમ ડાક્તરોથી જીવી શકશું તો તે ખોટું છે. આટલા વૈદ્યો હોવા છતાં જુઓને મને જ મૃત્યુના મુખમાંથી બચાવવા કોઇ તાકાતદાર નથી. કોઈ સ્ત્રીઓ પણ બચાવી શકતી નથી. આખો ભંડાર પણ બચાવવા તૈયાર નથી ધનથી પણ બચી શકાતું નથી. જનાનો અને ખજાનો એક ક્ષણની પણ જિંદગી આપી શકતો નથી. આખું લશ્કર તે પણ તાકાતદાર નથી. દુનિયાને મારે એ જ બતાવવું છે કે–કોઈ પણ અભિમાન ન કરો કે–હુ સારી સ્ત્રી, પુષ્કળ ધન, અખૂટ બળ અને અગણિત લશ્કરવાળો છું. બધાંને તે બધું નશીબથી પ્રાપ્ત થાય છે. બધું માત્ર દેખવાનું છે. તેમાંનું કોઇ સ્વનુ કાર્યસાધક નથી."

હવે વિચારો કે–'હું' શબ્દથી શરીર, કુટુમ્બ, ધન, સ્ત્રીઓ લેવા માંગીએ તો શું થાય ? તેમાંના એકેયની શાખા પર-

ભવમાં નથી. બધાંની દુકાન કાછીયાની છે. વહીવટી તંત્ર નથી. દીયા લીયા ને ભૂલ ગયા, એવોજ વહેવાર છે. આ ચારે દુકાન કેવી છે? 'દીયા લીયા ને ભૂલ ગયા.' જેવી દુકાન છે. તેની ઉપર શું જોઇને અભિમાન કરે છે? 'હું'ની મીલકતનો ખ્યાલ નહીં હોવાથી તેને જમે કરાવી દે છે. 'હું' એટલે કંચન, કામિની આદિ નહીં. તે તો કાછીયાની દુકાન છે, માટે 'હું' એટલે બીજો કોઈ નહિ, પણ આત્મા. સર્વકાળ અવસ્થાવાળો દ્રવ્ય, કાળ, ભાવથી વિચારવામાં આવે તો જવાબ દેનાર એક જ છે. આમ 'હું' શબ્દથી આત્મા નક્કી કર્યો, પરંતુ દુનિયામાં શબ્દથી કીંમત હોય; પદાર્થની કીંમત હોતી નથી.

## સંપના ત્રણ કારણો

જગતમાં સંપ સારો કે ખરાબ. તેમાં સારામાં બધાના મત નોંધાશે, પરંતુ તેઓને પૂછાય કે—સંપનાં કારણોનો અમલ કરો છો કે નહીં? તો માથું ખજવાળશે. સંપનાં કારણોમાં તેનો વોટ Vot માગે તો? તો ઘણો ભાગ કહેશે કે—કારણો જાણતા નથી. તેનાં કારણોનો ખ્યાલ ન હોય તે કાર્યોમાં શું કરે? આમ દુનિયા, માત્ર શબ્દથી વોટ આપે છે. 'સંપ' શબ્દ સારો પણ અર્થમાં ઉતરે તો કોઇ સંપનો અર્થ કરી શકતું નથી. સંપના ત્રણ કારણ છે. ત્રણ કારણ જ સંપનાં છે. "(૧) તું ગુનેગાર બન નહીં. (૨) બીજાના ગુનાની ગાંઠ ન વાળ. અને (૩) ઉપકારનો વખત જવા દેવો નહીં." ક્યા કારણો જણાવ્યા? પોતે ગુનામાં આગળ વધે નહીં, બીજા ગુનેગાર બને તેની ગાંઠ ન વાળે. અને તેમાંય સંપના મુખ્ય કારણ ઉપકારનો વખત ભૂલે નહીં. આ ત્રણ વસ્તુ કરનારને સંપ કરવો અને આગળ વધારવો સહેલો છે. સંપનાં

કારણોનો ખ્યાલ નથી, તે દુનિયા સંપના અર્થમાં નહીં, માત્ર સંપ શબ્દ માટે ઝૂકે છે. એવી રીતે અહીં દુનિયાએ આત્મા શબ્દ લઈ લીધો. દરેક આસ્તિક દર્શનકારોએ આત્મા માન્યો છે, પરંતુ શબ્દથી જ. જેમ ' સંપ ' શબ્દથી વહાલો છે તેમ દરેક દર્શનકારોએ ' આત્મા ' શબ્દ લીધો છે. શબ્દ એકલો પકડેલો હોવાથી ભક્તિમાં, પ્રાર્થનામાં, સેવામાં તેને માની લીધો. ભક્તિપ્રધાન દર્શનવાળાને ભક્તિ શા માટે ? આત્માના કલ્યાણને માટે. દરેક દર્શનમાં તે જવાબ વ્યાપેલો છે, પરંતુ આત્મા કેવો છે ? તે તપાસવાનો કોઈને ટાઈમ નથી. આત્મા માટેનો ધર્મ એવો હોવો જોઇએ કે જે સાધ્યના સાધનરૂપ હોય. તો જ ધર્મ, નહીંતર ધર્મ નથી. **નિઃશ્રેયસ્** અને **અભ્યુદય** તે બેનું કારણ હોય તે ધર્મ.

ધર્મને મોક્ષનું કારણ બનાવવો છે તો ધર્મ ક્યા સ્વરૂપે છે ? આત્મા ક્યા સ્વરૂપે છે ? તે ન જાણે ત્યાંસુધી તેનાં સાધનો વ્યાજબી છે કે ગેરવ્યાજબી છે તે ક્યાંથી જાણી શકે ? માટે કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્ર મહારાજે આત્માનું સ્વરૂપ જણાવ્યું. નાનો છોકરો હીરો હીરો બોલ્યા કરે છે, પણ તેમાં વળે શું ? હીરાનું સ્વરૂપ ઓળખવું જોઈએ. આપણે આત્માનું સ્વરૂપ ન સમજીએ તો માત્ર ધર્મ—મોક્ષ શબ્દો બોલનાર જ ગણાઈએ. ' ધર્મ સાધન, મોક્ષ સાધ્ય. ' બેનો સંબંધ જાણવો જોઈએ. ભવ્યોને દોરવા માટે એ શ્લોકની વ્યાખ્યા કેવી રીતે જણાવે છે તે અગ્રે—

# દેશના ૨૯

( ૧૦૦૦ પોષ શુદી ૮ વેજલપુર-પંચમહાલ. )

## નિશ્ચય વ્યવહારના સમ્યક્ત્વાદિક.

કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી ધર્મોપદેશ કરતા થકા આગળ સૂચવી ગયા કે—આ સંસારમાં સકળ જાતિ, ગતિ, યોનિમાંના સકળ જીવના ભેદોમાં એક શબ્દ વ્યાપીને રહેલો છે. કોઇ જીવનો, યોનિનો, ગતિનો, જાતિનો એવો ભેદ નથી, જેની અંદર ' હું ' શબ્દ વ્યાપક ન હોય. ક્યા જીવમાં 'હું' એ નથી ? 'હું' સુખી, દુઃખી, રોગી નિરોગી છું. દરેક વ્યવહાર વિચાર હું શબ્દની સાથે રહેલો છે, પણ ' હું'નો કોયડો ઉકેલાયેલો નથી. ચાટલું હાથમાં છે, સુંદર છે. કાચ અવળી બાજુ છે. મોઢું શી રીતે દેખાય ? મોઢાં તરફ કાચ હોય તો પ્રતિબિંબ દેખાય. ' હું ' દરેકના ખ્યાલમાં છે, પણ ' હું ' એટલે કોણ ? તેનો વિચાર આવ્યો નથી, તેથી શાસ્ત્રકાર મહારાજ, આત્માના ત્રણ ભેદ કહે છે. બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા. હુંથી શરીર, કુટુમ્બ, કંચન, સ્ત્રી, ઘર, બહાર, હાટને લે છે. તેમાં નુકશાન થાય તો ' હું ' મરી ગયો, એમ બૂમ મારી ઉઠે છે ! તેવો આત્મા તે બહિરાત્મા. પાંજરાની સળી ભાંગી તેમાં પોપટ મરી જાય ! એમ કંચન-કામની વગેરે બાહ્ય ચીજ, જેને આત્મા સાથે સંબંધ નથી. છતાં પૈસા વધ્યા તો હું વધ્યો, અને કાયા જવાથી હું મર્યો કહે છે ! તો પૈસામાં છે શું ?

રાતનો વખત છે, વિશ્વાસુ મુનીમ છે. તીજોરી ખુલ્લી

કરી ૧. ૨. ૩. ૪. ૫. કોથળીઓ ઉપાડી. ભાર લાગ્યો. દાંતે ચાવવા માંડી. દાંત ખોખરા થવા લાગ્યા. નાકે દીધી. ગંધ ન આવી તો રૂપીયાથી શું સુખ થયું ? તો સુખ શામાં ? શરીરે પૂંચે છે, ગંધ આવતી નથી, તો તે પૈસા બાહ્ય સુખનાં સાધન તરીકે છે. પૈસામાં સુખનો ઉપચાર કર્યો. 'હુ' દૃષ્ટિ ક્યાંથી આવી ? મોહાધીન આત્મા સ્વરૂપને જાણતો નથી. ચાર બહારની વસ્તુ મેળવે. કંચન, કામિની, કુટુમ્બ અને કાયા એ બહારની ૪ વસ્તુ, આહાર, શરીર, ઇન્દ્રિય અને તેના વિષયો તે અંદરની ચાર વસ્તુ. આ જીવ, તે આઠ વસ્તુ મેળવવા માટે મહેનત કરે ને તેમાં 'હુ' માનીને ભવ પૂરો કરે. પણ આત્માને અંગે 'હું'પણું આવવું જોઇએ તે આવતું નથી. જેવી રીતે મુસાફરને ધર્મશાળા સાથે સંબંધ નથી, તેમ આ ભવમાં વિસામો કર્યો છે. આગળ જવાનું છે મુસાફર ધર્મશાળા લઈ જઈ શકતો નથી. આ આત્માને પણ અહીંથી કશું લઈ જવાનો હક નથી. આઠે ચીજો નિકાશના પ્રતિબંધવાળી છે. એકેમાંથી અંશનો પણ નિકાશ થઈ શકતો નથી. કંચન–કામિની–કુટુમ્બ અને કાયા કે તેના અંશનો પણ નિકાશ થતો નથી. ચીજોમાં આપણે મુંઝાયા છીએ. અભ્યંતર વસ્તુ માટે વિચારીએ તો કોઈ ધર્માદા તરીકે પણ ન લે.

## શરતી પ્લોટો,

એક શહેર હતું તેમાં વસાવવા માટે જમીનના પ્લોટ પાડયા. જાહેર કર્યું કે–"પટ્ટે આપવાના છે. નીચેની શરતે પ્લોટો આપવાના છે. અમે કહીએ તે પ્રમાણે અમારા નકશા પ્રમાણે મકાન બાંધવું. તે મકાનમાં દર વર્ષે આટલો વધારો કરવાનો, ને જૂનાનું રક્ષણ કરવું. તેમાં ખામી રાખો તો

જેટલા વરસને પટ્ટે જમીન લો તેની રકમ પહેલેથી દરબારમાં ભરવી. વરસે વરસે ભાડું માંગવા નહીં આવે. તેમાં મકાન ચણવામાં-વધારવામાં-રક્ષણમાં ગફલત કરો તો દંડ કરી, તે દંડની રકમ તેમાંથી જમે કરાશે. તેમાં તમને ખબર નહીં આપવામાં આવે. તે રકમ પૂરી થાય પછી તેથી ૧૦ ગુણી રકમ આપો તો પણ તે મકાન પાછું નહીં મળે. એટલું જ નહીં પણ તમારી રકમ પૂરી થયાની તમને નોટીશ પણ નહીં આપીએ. જે વખતે રકમ પૂરી થશે તે વખતે અમારો માણસ આવશે. તો ખાલી હાથે તમારે નીકળી જવાનું. ધોતીયા પણ મેલીને નીકળી જવાનું." તે શરતે પ્લોટ કોણ લે ? મકાન તમારે ચણવું, વધારવું, રક્ષણ કરવું, પહેલેથી ભાડું જમીનના પટ્ટાનું ભરી દેવું. સિપાઈ આવે ત્યારે પહેરેલ ધોતીયું પણ આપીને નીકળી જવું, તેવો પ્લોટ લેવા કોઈ તૈયાર ન થાય. આ શરીરનો પ્લોટ કેવો છે ? માતાની કૂખમાં કર્મ રાજાએ મૂક્યા, શરીર બાંધવું, વધારવું તે આપણે માથે. આઉખું પહેલાં ભવથી સામટું બાંધી રાખવું. આઉખું તે બદલે દેવભવનું આપો તો પણ કામ ન લાગે. ૧૦૦ ગુણું પાછું આપો તો પણ ત્યાં ન રહેવાય. હવે ડહાપણ હોય તો ભાડાની જમીન લઈ તેના ઉપર મકાન-ઘર કાંઈ જ બાંધે નહીં અને કમાય ! પતરાં ઊભા કરે તે ભલે પણ ચણતર નહીં. થાંભલા ઊભા કરે ને તેમાંથી આવક ખાઈ જાય. અક્કલવાળો ભાડાની જમીનમાં પોતાનો માલ વાપરે તો કમાણી કરી લે.

## અશુચિકરણ યંત્ર શરીર.

આપણે પણ આપણા શરીરનો ઉપયોગ કરીએ તો લાભ ઉઠાવી શકીએ. આ શરીર બાબતમાં ઊંડા ન ઉતરશો. કેમ ?

મ્યુનિસિપાલિટીની મેલાની ગાડી છે. ટીનનું પતરું ચકચક તેમ ચામડી ઉપર છે. ત્યાં સુધી શોભા લાગે છે. નહીંતર અંદર શું ભર્યું છે ? મ્યુનિસિપાલિટીની ગાડી મેલું દૂર કરે છે. આ શરીર પક્વાનની વિષ્ટા, પાણીનો પેશાબ, અને આંખમાં સૂરમો આંજ્યો તો તેનો પણ મેલ કરે છે. આ આપણું શરીર સારી ચીજને ઝેરી બનાવે છે. હવાને પણ ઝેરી વાયુ બનાવે છે. આવી શરતે લીધેલો, આવા સ્વરૂપવાળું શરીર તેને મારું મારું કરી રાખે ને અંદરથી સાર ન મેળવે તો તારા જેવો મૂર્ખ કોણ ? બહિરાત્મ પુરુષો આવા કેદખાનાને પણ મજબૂત બનાવે. અંતે જિંદગી સુધી મહેનત કરી હાથ ઘસતો જાય. જે ખંતથી મેળવ્યું હતું તે બધું છોડ્યું ! દરેક ભવમાં જિંદગીની મહેનતે વસ્તુઓ મેળવી અને એ રીતે પળવારમાં દરેક વસ્તુ પલાયન ! વસ્તુ મેળવવામાં આમ અનંતી વખત નાપાસ થયો છતાં હજુ આ આત્માને વિવેક ન આવ્યો. બહિરાત્મા જ રહ્યો, પરંતુ જેને તે છૂટે છે, તે જડ પદાર્થો છે, તત્ત્વરૂપ નથી. મૂળ વસ્તુ આત્મા છે. આડમ્બર થાય છે. ખુદ વસ્તુનો ખ્યાલ આવતો નથી. ખુદ વસ્તુને અંગે વિચારતાં જણાવ્યું છે કે—જે વસ્તુ હંમેશાં તારી છે, તું એ રૂપે જ છે, તે આત્મા છે તેને અંગે તને વિચાર સરખોયે પણ નથી. રોડા, રૂપીયા માટે હજારોના મુનીમો રાખ્યા. રાત દિવસ તે માટે મથ્યા—મહેનત ઉઠાવી. આત્મા માટે નાની નોટ પણ હિસાબ માટે ન રાખી. કેમ ? તેની કિંમત સમજ્યા નથી. કિંમત સમજવામાં આવે તેને અંગે આદર થાય. કિંમત સમજ્યા પછી આદર ન કરે તો ? ભરત મહારાજા બોલ્યા છે કે—જગત નાસ્તિકને ખરાબ કહે છે ! ના. નાસ્તિકો ખરાબ નથી, હું ખરાબ છું. દૃષ્ટાંત કહે છે—

## ઝવેરી અને મૂર્ખ

ઝવેરી દુકાને બેઠો છે. એવામાં એક ગમાર નીકળ્યો. ઝવેરીના હાથમાં ગમારે હીરો આપ્યો છે. તેને તે ગમાર, ચળકતો પથ્થર કહે છે. શેઠ છોકરાને રમાડવા તે પત્થર લેશે, એમ ધારીને તે ગમાર શેઠ પાસે આવ્યો છે. શેઠ! આ પત્થર લેવો છે! શેઠે કહ્યું–શું લેવું છે? પેલો કહે–પાંચ રૂપીયા. શેઠે દેખ્યું કે–કંઇ ઓછું થશે. બે રૂપીયા આવશે. ગમાર તો તેને પત્થર જાણે છે–તેને પત્થરની જાત તરીકે ઓળખે છે. વિચારે છે કે–આ શેઠ બહુ બહુ તો ૩ રૂપીઆ આપશે, ત્રણથી આગળ ક્યાં લેવાનો છે? આમ વિચારીને પાડોશી ઝવેરીની દુકાને ગયો. ઝવેરીએ કહ્યું કે–હીરો છે. ગમાર કહે ગમે તે હોય મારે તો પાંચ રૂપીયા જોઇએ. ઝવેરીએ તેને તુરત પાંચ રૂપીયા આપી દીધા. ગમાર રૂપીયા લઈને પાછો ફર્યો. પેલા ઝવેરીએ બોલાવ્યો અને કહ્યું કે–અરે, આપ.... આપ. ગમારે કહ્યું–એ તો આપી દીધો. હેં....અરે....મૂર્ખા, તેં તો હીરો હતો. શેઠજી મૂર્ખ કહો તેમાં ના નહીં, પણ ખરો મૂર્ખ કોણ હું કે તમે? હું તો પત્થરના પાંચ માગતો હતો, તમે તો હીરો એમાં ખોયો. મેં તો પાંચમાં પત્થર આપ્યો. આપણે કોઇને પૂછીએ કે મૂર્ખ કોણ? તેવી રીતે નાસ્તિક હોય તે પુણ્ય ન માને, તે પુણ્યના માર્ગે ન ચાલે. પરંતુ હું તો પુણ્યાદિક માનનારો ને તેના પંથથી છેટે રહેનારો, દુર્ગતિ માનનારો ને તેના રસ્તા ખોલનારો! તો હું ખરાબ કે નાસ્તિક ખરાબ? હું તો પુણ્ય–પાપ સદ્ગતિ–દુર્ગતિ વિગેરેને માનનારો છું, છતાં ૫૦–૬૦–૧૦૦ વરસની જિંદગી, તે પેટે સાગરોપમનાં સુખો જાણું છું ને છોડું છું. ન જાણે,

ન માને ને ન આદરે તેનો વાંક કે માને, જાણે ને ન આદરે તેનો વાંક ?

તેવી રીતે ઉપદેશમાળામાં શ્રી ધર્મદાસ ગણિએ કહ્યું કે– **'तें सोयणा जीवलोए, जे नरा जिणवयणं न याणंति'** = ખરેખર તે લોકો દયા—અફસોસને પાત્ર છે ધિક્કારની લાગણીને આધીન છે, કે—જેઓ જિનેશ્વરના વચનને જાણતા નથી. જીવાદિક તત્ત્વો જે ન જાણે તે દયાપાત્ર છે, પરંતુ તે જાણે છે ને કરતા નથી તે શોચ કરવા લાયકમાં વધારે અફસોસ કરવા લાયક છે. જાણકાર મનુષ્યે જરૂર ઉદ્યમ કરવો જોઈએ. આટલા માટે સમકિત નિશ્ચય નયની અપેક્ષાએ રાખ્યું. તેને જ સમકિત સમ્યગ્જ્ઞાન. કોને ? કે—જે અપ્રમત્તપણે સાધુપણું પાળે. કેટલીક વખત કેટલાકો આ નિશ્ચયનો જ દાંડો પકડનારા હોય છે, પરંતુ વ્યવહારની સાથે નિશ્ચયનો સંબંધ રાખવાનો છે. વ્યવહારમાં છોકરો રમકડાને મારી ગાય કહે તેને મૂર્ખ ન ગણીએ. પણ જ્યારે મોટો માણસ પત્થરની ગાયને 'હાલ....ચાલ' કહે તો ? તેવી રીતે વ્યવહારની અપેક્ષાએ એકલું સમ્યક્ત્વ હોય. ચારિત્ર વગરનું જ્ઞાન હોય. નિશ્ચયવાળો તો જે ચારિત્ર એ જ દર્શન માનનારો છે.

ચારિત્ર વગરનું જ્ઞાન કે દર્શન નહીં. **जं सम्मं ति पासहा तं मोणं ति पासहा** । જે મુનિપણું તે જ સમકિત જે સમકિત તે મુનિપણું. તે મુનિપણું કેવું ? એક પ્રમાદી બીજો અપ્રમાદી. નિશ્ચયવાળાને પ્રમાદી જીવનું મુનિપણું કામનું નહીં. તેને તો અપ્રમાદીનું મુનિપણું કામનું. નિશ્ચય સમકિત અપ્રમત્ત ચારિત્રમાં છે. નિશ્ચયવાળાએ અપ્રમત્ત ચારિત્ર ન આવે ત્યાં સુધી મિથ્યાત્વ માનેલું છે. દીપક, રોચક અને કારક

સમ્યક્ત્વ માનેલાં છે. દીપકથી હજારો રકમ લખાય. પણ દીવો એક પણ રકમ ન લખે. તેવી રીતે જે શાસનની ખબરદારીને લીધે શાસનમાં એક પદાર્થ અવળો કહેનાર નીકળે તો શાસન તેને સંઘરવા તૈયાર નથી. એક અપેક્ષાએ જમાલી, મહાવીર મહારાજા કરતાં વધેલા. મહાવીરે એકલાએ દીક્ષા લીધી જ્યારે જમાલીએ ૫૦૦ રાજકુંવર સાથે દીક્ષા લીધી. ભગવાને એકલાએ લીધી, જ્યારે જમાલીએ સ્ત્રી સાથે અને તે સ્ત્રીએ પણ હજાર કુંવરી સાથે દીક્ષા લીધી છે! એ કેટલા પ્રભાવવાળો પુરુષ હોય? એની એક જ વાસના હતી કે- '**णमो भयवं वीरो**' આટલું છતાં એક '**कडमाणे कडे**' ન માન્યું '**कडे कडे**' માન્યું, તેટલામાં જ આ શાસને ખંખેરી ફેંકી દીધો! ૫૦૦ સાથે દીક્ષિત થનારા, ૧૦૦૦ સ્ત્રીઓને લઈને નીકળેલ સ્ત્રી સહિત દીક્ષા લેનારા! તે જમાલીને અને તેની તે સ્ત્રીને બન્નેને ફેંકી દીધા. આટલી શાસનની ખબરદારી હોવાથી અવળો પદાર્થ કહેનાર અહીં નભતો નથી અભવ્ય જીવ સાધુપણું પામેલો, છતાં શ્રદ્ધા ન હોય છતાં તેને પ્રરૂપણા તો શાસનના આધારે જ કરવી પડે. શાસનવિરુદ્ધ પ્રરૂપણાને આ શાસન, લગીર પણ સહન ન કરે. અભવ્ય અને મિથ્યાદૃષ્ટિને શ્રદ્ધા ન હોય, છતાં જૈન શાસનમાં કહેલાં જ પદાર્થો પ્રરૂપણા વડે તે સંઘમાં કહે. તેથી અભવ્યો, પદાર્થોનું નિરૂપણ કયું કરે? શાસ્ત્રોમાં કહેલા પદાર્થો નિરૂપણ કરે. તે વખતે બીજા જીવોને બોધ થાય, માટે તેને સમજાવનારને દીપક સમ્યક્ત્વ કહ્યું. મશાલીને પોતાને અંધારું. જેઓને જીવાદિક પદાર્થોની રુચિ થાય તેને સમકિત.

વકીલનો ધંધો આપણે વધારે કરીએ છીએ. હજારોના

દાવા વકીલો લડે વકીલોને જોખમદારી નથી. તે તો અસીલોને હોય. મારો અસીલ આમ કહે છે. શાસ્ત્રકાર આને આશ્રવ સંવર, બંધ, નિર્જરા કહે છે.

તારો આત્મા એ પ્રમાણે આશ્રવોનું સેવન કરવાથી તેવા પ્રકારનો થાય છે તે વિચાર્યું! આશ્રવાદિકને અંગે પોતાની જવાબદારી જોખમદારી સમજે ત્યારે રોચક સમ્યક્ત્વ. તે સમજ્યા પછી અમલમાં ન મૂકે તો કારક સમ્યક્ત્વ નહીં. પરિસહ ઉપસર્ગ નિરતિચારપણે સહન કરવાપૂર્વક ચારિત્રના આચારો પાળવા તેનું નામ કારક સમ્યક્ત્વ. **जं मोणं ति पासहा तं सम्मं ति पासहा.**=નિશ્ચયનું સમકિત તે જ મુનિપણું એવી નિશ્ચયની વાતો કરનારને સમકિત ન આવી જાય. નિશ્ચય સમ્યક્ત્વ, શુભ વર્તનથી જ આવે છે. જેઓ બહિરાત્માપણું છોડી દે. આપણે ધર્મ કરવા તૈયાર છીએ, પણ મમતાભાવ ખસેલો ન હોય ત્યાં સુધી. કુટુમ્બ, પૈસા શરીરને અગવડ ન આવે, તેવો ધર્મ કરવો. પૈસા–શરીર સાચવવા ને પરમ કર્તવ્ય તેનું રક્ષણ તે પહેલું. એ દૃષ્ટિ હોય ત્યાં સુધી આત્મા માર્ગ ઉપર આવવો મુશ્કેલ છે. જીવન રહો કે જાવ, પણ ધર્મ રહો, એ દૃષ્ટિ આવે ત્યારે માર્ગ પર.

**પ્રશ્ન**:–શાસ્ત્રોનાં પાનાનાં વચનથી તે દરેકને શી રીતે બહાર કરી શકાય?

**ઉત્તર**:–શાસ્ત્રનાં વચનો તે કેવળજ્ઞાનીના વચનો છે. જે શાસનની પ્રણાલિકાએ અર્થ થતો હોય તેથી વિરુદ્ધ ગયો, એટલે ખલાસ. કેવળીનાં વચનોને ન માનીએ તો શું કામનું? કેવળી માનવા શા આધારે? શ્રદ્ધા ઉપર જ કેવળી મનાશે. શ્રદ્ધાથી કેવળી નહીં માનનારા તો કેવળીની હાજરી વખતે

પણ કેવળીને માનતા ન હતા. કેવળી વખતે ક્યાં આપણે જ લીધા હતા ? તે વખતે કેવળીનાં વચનને પણ ગપ્પા. કહેનાર નહીં હોઈએ ? આજે પણ શાસ્ત્રને ગપ્પા કહેનાર છે.

## બહિરાત્મા, અંતરંગાત્મા, પરમાત્મા.

કહેવાનું તત્વ એ કે-હજુ નિશ્ચય નયમાં નથી ગયો, વ્યવહારમાં રહ્યો છે. બહિરાત્માને તો 'મહાજન મારા માથા પર, પણ ખીલી મારી ખસે નહીં.' બધું માને છે પણ કંચનાદિકને ભોગમાં ધરવા ન પડે તો. મારે પુન્યાદિક ધર્મ કામનો છે, એમ તેને ન થાય બહિરાત્મપણું ગયું હોય તેને તો બધું-બધો ભોગ આપવામાં હરકત નથી. મહાવીર મહારાજા કઈ દિશામાં છે તે ખબર આપનારને ૧૨॥ ક્રોડ સોનૈયા વધામણીમાં શી રીતે અપાતા હશે ? ધનના ભોગે, કુટુમ્બ, શરીરના ભોગે પણ ધર્મ કર્તવ્ય એવી ઉત્તમ ધારણા રહેતી હતી. શ્રેણિક સરખા મહાવીરનાં વચન ઉપર શ્રદ્ધા રાખતા હતા. અભયકુમારને મહાવીર મહારાજે દીક્ષા આપી. નંદાએ પણ દીક્ષા લીધી. તેની પાસેનો નવસેરો હાર, દેવતાઈ કુંડળ હલ્લવિહલ્લને આપ્યા. અભયે દીક્ષા લીધી એટલે સીંચાણો હાથી પણ હલ્લવિહલ્લને આપ્યો. કોણિક રાજાને પણ આ વસ્તુ ન મળી. પદ્માવતી રાણીને થયું કે-રાજ્યનો ખરો વૈભવ હલ્લવિહલ્લ પાસે છે. તેણીએ કોણિક રાજાને કહ્યું કે તે હાથી, કુંડળ ને હાર મારે જોઈએ. કોણિકે કહ્યું-શ્રેણિક મહારાજે તેને આપ્યા છે, આપણાથી ન મંગાય. રાણીએ હઠ પકડી. તેઓને તેને બદલે રાજ્ય આપો પણ આ વસ્તુઓ મારે જોઈએ. આથી કોણિકે હલ્લવિહલ્લને કહ્યું કે-રાજ્યનો ભાગ લો, અને હાર-કુંડલ તથા હાથી આપો. હલ્લવિહલ્લે કહ્યું-

ના, અમારે તો પિતાએ આપ્યું તે બસ છે. કોણિકે ઘણું સમજાવ્યા, પણ માનતા નથી. 'હું તો ખાઇશ નહીં' તેમ રાણીએ હઠ પકડી. પેલા હલ્લવિહલ્લ હાથી, કુંડળ, હાર લઇને ચેડા મહારાજા પાસે મોસાળ ભાગી ગયા. કોણિકે કહેણ મોકલ્યું કે-તેઓને પાછા મોકલી આપો, નહીંતર લડો. ચેડા મહારાજે ન મોકલ્યા. અને લડાઈ થઈ. તે લડાઇમાં ક્રોડો માનવીનો સંહાર થઈ ગયો. તે લડાઈની જડ, અભયકુમારની દીક્ષા, અભયકુમાર તથા તેની માતા નંદા દીક્ષા ન લે તો આ લડાઈ થવાની ન હતી. અભયકુમારની દીક્ષા પછી જ શ્રેણિકને કોણિકે કેદમાં નાંખ્યો. દરરોજ ચાબૂકથી માર મારે છે! મગધનો રાજા કેદમાં પડ્યો છે. દરરોજ છોકરાના હાથના ૧૦૦ કોયડા ખાય છે! તેવી કપરી વખતે પણ શ્રેણિકને એ વિચાર આવ્યો ન હતો કે-મહાવીર ભગવાને અભયને દીક્ષા ન આપી હોત તો આ પરિણામ ન આવતે. અભયે દીક્ષા ન લીધી હોત તો તેની બુદ્ધિથી મારી આ દશા ન આવતે. આવા વખતે-મહાવીર મહારાજે મારું નખ્ખોદ કાઢ્યું, તેમ વિચાર ન આવતે? કેમ ન આવ્યો? હૈયામાં તત્ત્વની હયાતિ છે. આત્માને અંગે લોકોત્તર તત્ત્વ હંમેશનું છે. આત્મા, 'દરેક ધર્મનાં કાર્યોને અંગે ચાહે તે ભોગ આપવો પડે તો પણ હરકત નહીં,' એવી સમજવાળો થાય ત્યારે **અંતરાત્મા.** પ્રસંગ આવે તે વખતે ભોગ આપવા તત્પર રહે. દેવ, ગુરુ, ધર્મ ખાતર, બધી જાતના ભોગ આપવા તૈયાર રહે તો **અંતરાત્મા.** તેવો આત્મા, જ્યારે કર્મના બંધનો ખંખેરી નાંખે-આત્માને કેવળજ્ઞાનવાળો બનાવી દે ત્યારે તે **પરમાત્મા.** આત્માના આ ત્રણ પ્રકારો. અંતરાત્મા થાય તે પરમાત્મા

થાય. અંતરાત્મા થયા સિવાય પરમાત્મા થાય તે બને નહીં, માટે કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ કહે છે કે-પ્રથમ આત્માનું સ્વરૂપ ધ્યાનમાં લે. 'હું' એટલે કોણ ? તેનો કીસ્સો ઉકેલ. ક્યારે ઉકલે ? દરેક આસ્તિક દર્શનકારે આત્મા માન્યો છે, પણ સાચું આત્મસ્વરૂપ જાણવામાં અને માનવામાં ન આવે ત્યાંસુધી આગળ ન વધી શકે માટે આત્મા ચીજ શી ? તે સમજવાની પ્રથમ જરૂર છે.

એક વાત જગતની ધ્યાનમાં લો. કાર્ય સાધનાર કોણ બને ? તેમાં ત્રણ વસ્તુ પકડવી પડે છે. કાર્યની સિદ્ધિ માટે દૃઢ નિશ્ચય. '**कार्यं साधयामि**'=કાર્ય સાધવું છે, તેમાં શંકાને સ્થાન ન દેવું. એ નિશ્ચય રાખે તે જ કાર્ય સિદ્ધ કરે છે. કાર્ય સિદ્ધ ન થાય તો '**देहं पातयामि**' એમ નહીં. કાર્ય સાધવું છે, એમ રાખે. ધર્મ-દાન-શીલ-તપ-ભાવ કરવાં છે, પણ અડચણ ન આવે તો. એ વિચારવાળાને તો સગવડીયામાં ધર્મ ન બની શકે. નિશ્ચયના પંથે જાય તે જ કાર્ય સાધી શકે. કાર્યનાં સાધનો ન મેળવે, તે કાર્ય સાધી ન શકે. કાર્યનાં સાધનો જાણીને તેનો સંગ્રહ કરવો, તે તેટલો જ જરૂરી છે

દીવાસળી, રૂ, કોડીયું, દીવેલ વગેરે પાસે જ છે, પણ દીવાસળી ઘસીને દીવો ન કરે તો અજવાળું કયાંથી થાય ? તેવી રીતે સાધનો મેળવનાર રચનામાં ન આવે તો કાર્યસિદ્ધિ ન કરી શકે. કાર્ય કરવાનો નિશ્ચય, પછી સાધન મેળવવાં, પછી કાર્યની રચના તે જ દર્શન, જ્ઞાન ને ચારિત્ર. મોક્ષ મેળવવો તેવો નિશ્ચય તે સમ્યક્ત્વ, આ સમકિત. પ્રાચીનકાળમાં સમકિતનાં વચનો એ જ રૂપે જાહેર હતાં કે **अयमट्ठे परमट्ठे सेसे ऽनट्ठे** જ્ઞાનદર્શનચારિત્રનાં જે સાધનો તે જ અર્થ, પરમાર્થ તે

# દેશના—૩૦

( ૨૦૦૦ પોષ શુદી ૧૨ શુક્રવાર—વેજલપુર )

## આત્માનું સ્વરૂપ.

आत्मैव दर्शनज्ञानचारित्राण्यथवा यतेः ।
यत्तदात्मक एवैष शरीरमधितिष्ठति ॥

કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિજી મહારાજ ધર્મોપદેશ કરતા થકા આગળ સૂચવી ગયા કે—અનાદિકાળથી જે વસ્તુનો ખ્યાલ છે. જે વસ્તુને દરેક ગતિ, યોનિ, જાતિમાં આપણે ભૂલ્યા નથી, તેનું સ્વરૂપ જોવાને આપણે કોઈ દિવસ તૈયાર થયા નથી. એવી કઈ વસ્તુ છે કે—જે યોનિ, જાતિ ભવમાં હતી અને

---

(સિવાયનાં બધા અનર્થરૂપ. જેનો આ પોકાર—ઢંઢેરો ચાલતો હતો. આવો નિશ્ચય તે જ સમકિત. એ શાસનની કાબેલિયત મેળવ્યા પછી જ આશ્રવનો ત્યાગ આદરવો. આ બધું કરવું તેનું જ નામ ચારિત્ર. મોક્ષનો દૃઢ નિશ્ચય તે જ સમકિત. તેનાં સાધનો જાણવાં તે સમ્યગ્જ્ઞાન, તેને અમલમાં મૂકવા તે ચારિત્ર. આ ત્રણ ચીજ હોય તો જ આત્મા. દર્શન, જ્ઞાન, ચારિત્ર જ આત્મા. એકેન્દ્રિયના આત્માનું લક્ષણ, તેવું જ સિદ્ધાત્માનું લક્ષણ. વિષય, કષાય, આરંભ, પરિગ્રહને ચુંથનારા આત્મા નથી લેવા, પણ અપ્રમત્ત સાધુમહારાજના આત્મા તે જ દર્શન—જ્ઞાન—ચારિત્ર આત્મારૂપ છે. અંકુરો—છોડવો પાંદડાં થશે ત્યારે અનાજ થશે. આત્મા, જ્ઞાન—દર્શન—ચારિત્રરૂપે ક્યારે ખુલ્લો થશે ? વ્યવહારિક જ્ઞાનાદિક આદરીશ ત્યારે, તે નિશ્ચય પ્રાપ્ત થશે. હવે વ્યવહારિક જ્ઞાન, દર્શન, ચારિત્ર કયા ? તે દ્વારા તે નિશ્ચયના દર્શનાદિક કેવી રીતે સધાય ? તે અંગે:—

છે ? 'હુ' એ વસ્તુ ક્યા ભવમાં–ગતિ–જાતિમાં ન હતી ? 'હુ' સુખી દુઃખી, સારો કે ખરાબ તેવો વ્યવહાર દરેક ગતિ-વાળાએ રાખેલો છે. પણ 'હુ' એટલે કોણ ? તેનો વિચાર ક્યારે કર્યો ? એક પણ તેવો ભવ, ગતિ, જાતિ નથી જેમાં 'હું' ન હોય. 'હું' સુખી-દુઃખી, દરેક ભવમાં રહેલું છે. પણ 'હું' એટલે કોણ ? તો તુંબડીમાં કાંકરા. 'હું' નો ખુલાસો અનંતા ભવ રખડ્યો તો પણ હજુ મેળવ્યો નથી. 'હું' નો ખુલાસો નહીં મેળવનાર આત્મા, સંસારરૂપી સમુદ્રને તરી શકતો નથી. આસ્તિક મત વિચારીએ ત્યારે એક પગથિયું ચડવાનું મળે. ચાહે નૈયાયિક, વૈશેષિક હોય. 'હું' એટલે આત્મા, એમ તેઓ દરેકને 'હું' શબ્દનો અર્થ મળ્યો, પણ પદાર્થ ક્યાં છે ? હીરો....હીરો, એમ છોકરો પોકારે છે. પણ હીરો શું છે, એમ સમજે ત્યારે ને ? ચળ-કાટવાળો હોય, કીંમતી હોય તેમ સમજે, પણ પદાર્થ ક્યાં છે ? બચપણમાં હીરો....હીરો શબ્દ પોકારતો હતો. આગળ વધ્યો ત્યારે હીરાનું સ્વરૂપ જાણ્યું. તેમ દરેક જીવ, અનાદિ-કાળથી હું....હું એમ પોકારતો રહ્યો છે, પણ 'હું' એટલે કોણ સમજ્યો ન હતો. હવે આસ્તિકમાં આવ્યો ત્યારે હું એટલે જીવ–આત્મા પણ જીવ કેવો ? એમ પૂછીએ તો કહે કે–તે જાણીને શું કામ છે ? જીવનું સ્વરૂપ જાણવાથી તે તેના અસંખ્યાત પ્રદેશમાંથી વધવાનો કે ઘટવાનો નથી–તેનાં કેવ-ળજ્ઞાન સ્વરૂપમા વધવા ઘટવાનું નથી. જેના જાણવાથી કે ન જાણવાથી પદાર્થમાં ન્યુનતા અધિકતા થવાની નથી તેને જાણ-વાની કડાકૂટ શા માટે કરવી ?

## આત્માની ગુલામી.

આત્માના સ્વરૂપને આત્મા જાણે તેથી શું ? ન જાણે તેથી શું ?

વાત સાચી પરંતુ એક વાત ધ્યાનમાં લો. એક માણસ જ્યારે ચક્રવર્તીના જેટલું નિધાન દટાયેલું છે, તે નિધાનની ખબર ન હોય ત્યાંસુધી ભાજી માટે એક પૈસો જોઇએ તો કરગરવું પડે. નિધાનથી અજાણ હોવાથી પઈ—પૈસા બદલે પરસી કરી હેરાન થઈ જતો હોય તો ? અહીં એક પૈસા બદલે પરસી કરવી પડે. કેમ ? તો કે—નિધાનની ખબર નથી તેમ વિચારીએ તો જાણવામાં આવે કે—આપણો આત્મા કેવળજ્ઞાનનો ધણી છે. આત્માનું કેવળજ્ઞાન સ્વરૂપ આપણે પ્રગટ કરી શક્યા નથી. કર્મના કબજામાંથી આપણે તેને છોડાવી શક્યા નથી ત્યાં સુધી આપણી શી દશા છે ? સુંવાળું છે તેટલું જાણવું સ્પર્શન ઇન્દ્રિયનુ જ્ઞાન તે કેવળજ્ઞાનના અનંતમા ભાગે. રસના, ઘ્રાણ, શ્રોત, ચક્ષુનું જ્ઞાન, તે કેવળજ્ઞાનના અનંતમે ભાગે. તેવાં અલ્પતર જ્ઞાન માટે કેવા ફાંફાં મારીએ છીએ ? એટલું પણ ઇન્દ્રિયની મદદથી જાણી શકાય છે. શિયાળામાં સ્પર્શના (ચામડી) ઠરી જાય તો તેટલું સુંવાળાપણું પણ જાણી ન શકાય ! આટલા અજ્ઞાન કોણ રાખે છે ? કર્મરાજા, ઘ્રાણ, ઇન્દ્રિયની મદદ આવે તો જ સુંઘી શકીએ, તેવી જ રીતે શબ્દ, રસ, ગંધ પણ કાન, જીભ, ઘ્રાણથી જાણી શકાય. લોકાલોકપ્રકાશક જ્ઞાન, આત્મા પાસે છે. તે આત્મા સ્પર્શ, રસ આદિનાં જ્ઞાન માટે આ-(કર્મ)ના સામું જુએ ! કેવળજ્ઞાનમાંથી અનંતમા ભાગનું જ્ઞાન કરવું હોય તો કર્મ સામું જોવું પડે. યોગ્ય પુદ્ગલો ન ગોઠવાય ત્યાં સુધી આપણું કામ ન થાય. આપણી ચીજની તો ગુલામી હોય, પરંતુ આ તો પારકી ચીજ માટે ગુલામી કરવી પડે!

જ્ઞાન આત્માનાં ઘરનું—આત્માનો જ સ્વભાવ, તે જ્ઞાનનો અનંતમો ભાગ મેળવવો હોય તો પુદ્ગલને કર્મરાજાની પરસી

(સીપારસ) કરવી પડે. આપણે પુદ્ગલ અને કર્મને આધીન થઈ ગયા છીએ. રાજ્યમાં રૈયત કરતાં લશ્કર વધારે ન હોય, રૈયત કરતાં વધારે લશ્કર હોય તેવું રાજ્ય નહીં મળે. જ્યારે કર્મરાજા આત્માના એક પ્રદેશ ઉપર અનંતી કર્મવર્ગણા લગાડીને રહ્યો છે. ચાહે જેવો કડક દેશ હોય, પણ તેમાં પોતે ઉત્પન્ન કરેલી ચીજ ભોગવે. જ્યારે કર્મરાજાના દેશમાં આત્મા પોતાની ચીજને ભોગવનાર ન થાય. કર્મરાજાદ્વારા પૌદ્ગલિક ઇન્દ્રિયોની મદદ મળે ત્યારે આત્માને જ્ઞાન થાય=ઇન્દ્રિયોદ્વારા આત્માને જ્ઞાન થાય. કર્મરાજાની મહેર થાય. પુદ્ગલને સાચવીએ ત્યારે આપણા ઘરનું જ્ઞાન આપણને મળે. કર્મરાજાની ગુલામીમાં ગયો તેથી આ દશા છે ને? આત્મા કર્મનો ગુલામ ન હોય તો તેને પુદ્ગલની મદદની જરૂર ન રહે. સિદ્ધ પરમાત્માને લોક અલોક સર્વનું સ્વરૂપ દરેક ક્ષણે જાણવાનું. તેમાં પુદ્ગલની મદદની જરુર નથી. કર્મરાજાની મહેરનો સિદ્ધોને અવકાશ નથી.

જૈની હોય તે જીવવિચાર જાણે, નવતત્ત્વ જાણે ત્યારે સમજી શકો છો કે–જેવો આત્મા સૂક્ષ્મ એકેન્દ્રિયનો, તેવો જ આત્મા સિદ્ધ પરમાત્માનો. આત્મા તરીકે બંનેમાં ફરક નથી. જીવના બે ભેદ પાડીને નક્કી કર્યું કે–જેવો સિદ્ધનો તેવો જ એકેન્દ્રિયનો આત્મા. ફરક એક જ. કર્મની ગુલામીમાંથી છૂટી ગયેલા સિદ્ધ, ફસાયેલા તે જ સંસારી. આમાં કંઈ ન્યૂનાધિક્તા નથી! સિદ્ધ સંસારી બંનેનું સ્વરૂપ એક સરખું જ છે. ફરક એક જ. આપણે કર્મની ગુલામીમાં સપડાયા છીએ જ્યારે તેઓ કર્મની ગુલામીમાં છૂટી ગયેલા છે. 'હું'....'હું' બધા દર્શનકારોએ જાણ્યું, પણ તું કોણ છે?

તે જૈન સિવાય કોઇએ ન જાણ્યું. ભૂત આવે તો તેને કોયડા મારીને બોલાવવા પડે છે. કોણ ? પૂછવા ધૂણી દઇને પણ બોલાવવા પડે છે, તેમ 'હું' એટલે કોણ છું તે તો બોલ. 'હું' એનો ખુલાસો મેળવવા જઇએ ત્યારે શુદ્ધ ચિદાનંદ-સ્વરૂપી અસંખ્યાત પ્રદેશી આત્મા, એ જ 'હું' એમ સમજાશે. એમ જાણ્યા પછી સ્વસ્વરૂપને મેળવવાની ઇચ્છા થાય. પદાર્થ ન જાણે ત્યાં સુધી મેળવવાનો શું ? વૈશેષિકો, નૈયાયિકો, સાંખ્ય, શૈવો, વૈષ્ણવો અને તમે આત્મા માનો છો પણ ફરક શો ? ફરક એ એક જ.

જૈનો આત્માને જે કેવળજ્ઞાન–ચિદાનંદસ્વરૂપ–જ્યોતિ-સ્વરૂપ માનો છો, તે તે લોકોને ન માનવાનું. તમે ધર્મની હરેક ક્રિયા કરો તેમાં ધ્યેય કયું ? આત્માને જ્યોતિસ્વરૂપ બનાવવાનું જિનેશ્વરની ભક્તિમાં, સામાયિક, પૌષધ, દાન વગેરે બધામાં ધ્યેય કયું ? શાસ્ત્રકાર જગ્યા જગ્યા પર કહે છે કે– સમકિત વગરની ક્રિયા નકામી. આ તો સમકિતની વાડ બાંધી વાડામાં પૂરવા માગે છે. બીડની જમીન ખરાબ નથી હોતી. વરસાદ બરાબર વરસે છે, છતાં ખેતી કેમ નથી થતી ? એક જ કારણ કે–વાવેતર થયું ન હતું તેથી એકલું ઘાસ ઊગે છે. અનાજ ઊગતું નથી કે જેથી લણે. સારી જમીન–વરસાદ થયાં છતાં વાવેતર ન થયું હોય તો લણવાનો વખત ન હોય. જૈનધર્મ સિવાય બીજા ધર્મમાં દેવ, ગુરુ, ધર્મ અને આરાધના કહો, જાપ–તપ–ધ્યાન બધું કરો પણ વાવેતર ક્યાં છે ? વાવવાનું જ નથી. ક્યા દર્શનની અંદર–મતની અંદર આ વસ્તુ જણાવવામાં આવી છે, કે–કર્મની ગુલામી તોડવા માટે તમારી ભક્તિ કરું છું ? બીજા દર્શનમાં આ

બુદ્ધિ ક્યાં છે ? આ બુદ્ધિ ન હોય તો ધારણા ક્યાંથી રહે?

## સિદ્ધિ અને બુદ્ધિની માગણી.

કલ્પવૃક્ષ કે દેવતા આગળ ધારણા કરવામાં ભૂલ થાય તો ફળ મેળવવામાં મુશ્કેલી થાય. સુંદર ફળ મેળવવા માટે મુશ્કેલીઓ પડે. કામ પડે તો અવળું પણ થાય. સિદ્ધિ ને રિદ્ધિ એ બે બાઈઓ છે. પરસ્પર ઇર્ષ્યાખોર છે. એક બાઈએ દેવતાનું આરાધન કર્યું. ૫૦૦ મહોર મેળવી. બીજીને થયું કે–હું પણ મેળવું. બીજીએ પણ દેવને આરાધ્યો. તુષ્ટમાન થયો. માગ. તેના કરતાં બમણું આપો. દેવતાએ કહ્યું–આપીશ. ૧૦૦૦ સોનૈયા મળ્યા. પહેલીએ ફેર આરાધ્યો, અને તે કરતાં બમણું માગ્યું. તો દેવે તે કરતાં બમણું આપ્યું. ૨૦૦૦ મહોર મળી. હવે પહેલીએ ઈર્ષ્યાથી બીજીની બે આંખ ફોડાવવા માટે પોતાની એક આંખ ફોડવાની માંગી. પોતે ફોડાવી ઘરમાં ગૂપચૂપ ભરાઈ રહી. અપૂર્વ માંગ્યું જણાય છે. હવે દેખાતી પણ નથી. બીજીએ માંગ્યું એના કરતાં બમણું. શું ? બે આંખો ફોડવાનું માગ્યું અને મળ્યું ! એટલે કે–બંને આંખે આંધળી થઈ. ધારણાની અયોગ્યતા હોવાથી દેવતાને આરાધવા છતાં કઈ દશા થઈ ?

દરેક ધર્મવાળા દેવાધિદેવની સેવા, પૂજા, આરાધના કરે છે, પણ ધારણાનું ઠેકાણું નથી. જૈનોએ આત્માનું સ્વરૂપ માની વળગેલા કર્મો માની, તેનો ક્ષય કરી નાખવાનું માન્યું છે, તો ધારણા બીજાને ક્યાંથી હોય ? કોઈ દર્શનમાં જ્ઞાન–દર્શન–સદ્વર્તન રોકનારું કર્મ સાંભળ્યું ? જ્યાં આત્માના ગુણોની વાત ન હોય, જ્યાં તે કર્મોને ભેદવાની વાત ન હોય ત્યાં આત્મા ધારણા શાની કરે ? બીજા દર્શ-

જેમાં 'ધર્મ કરવાથી લીલા-લહેર થાય,' એમ સાંભળો છો, પણ કર્મક્ષય ક્યાંય સાંભળ્યો છે ? તમારી ધારણા નક્કી કરો. દેવની સેવા, ગુરુની ભક્તિ અને ધર્મની આરાધના કરતાં પહેલાં ધ્યેય નક્કી કરો. કર્મને ખસેડવાનું ધ્યેય નક્કી કરો.

## આત્માજ દર્શન-જ્ઞાન-ચારિત્ર.

**आत्मैव, दर्शनज्ञानचारित्राणि**, આત્મા એ કાંઈ બીજી ચીજ નથી. દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણ ચીજ જ આત્મા છે. હવે એમ તમને લાગે કે-" આત્મા જ્ઞાનાદિક પણ અરૂપી, બહારથી દેવાદિનું આલંબન રહેતું હતું પણ અહીં અરૂપી પદાર્થોમાં અંધારામાં ફાંફાં મારવાના રહ્યા. દેવ, ગુરુ, ધર્મને તો દેખતા હતા. હવે આત્મા ઉપર ધ્યાન રાખવા જઈએ તો દેખતા હતા તે ગયું અને દેખતા નથી તેવા આત્મા જ્ઞાનાદિક દેખતા નથી." વાત ખરી પણ સોનું કસ દ્વારાએ જ ઓળખાય ને...? પણ કસ એકલો કોઈ દિવસ ન હોય. સોનાના પુદ્ગલમાં કસ હોય. જેમ સોનું કસદ્વારા ઓળખાય, પણ તે કસ સોનાના પુદ્ગલ વગરનો હોય તેમ હુંનો અર્થ, તે જ્ઞાનાદિકવાળો તે ઓળખાવી આત્માવાળો પદાર્થ ઓળખાવું છું. જે અપ્રમત્ત સાધુ પરમાત્મા મહાત્મા પ્રમાદ રહિત સર્વ પાપથી વિરમેલો તે જ આત્મા. તે જ સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રસ્વરૂપ છે. સાધુ મહાત્માના આત્માઓ તે જ આત્માસ્વરૂપ છે.

સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ ચારિત્રવાળા છે. સંપૂર્ણ દર્શનાદિકવાળા દેવ, ગુરુ, ધર્મને તમો આરાધો છો, તે દર્શન, જ્ઞાન, ચારિત્રની બુદ્ધિએ દેવાદિને આરાધવાના છે. શ્રમણ ભગવાન મહાવીર મહારાજાને એક જિતશત્રુ નામના શ્રાવક

રાજા, વંદન-પૂજન-સામૈયું કરે છે. એક વખત ધારો કે-નંદિવર્ધન સામૈયું કરે તેમાં નંદિવર્ધનને મારો ભાઈ. નંદીવર્ધન, તે જ ભક્તિ, સામૈયું, આરાધના કરે; પરંતુ તેની ધારણા ભાઈ તરીકેની. ત્યારે જિતશત્રુ રાજા, પૂજા-સામૈયું આદિ કરે તે પ્રભુભક્તિથી કરે છે. પણે પ્રભુભક્તિનું ફળ ત્યારે બીજી બાજુ ભાઈપણાનું ફળ છે. એક જ વસ્તુ સુંદર સ્વરૂપવાળી-આરાધવાવાળો જુદા સ્વરૂપે આરાધે તો ફળ જુદા થાય. આપણે પણ જે દેવ-ગુરુ-ધર્મની આરાધના, તેમાં લક્ષ્ય એક જ રાખો. સુંદરમાં સુંદર જ્ઞાન-દર્શન-ચારિત્રસ્વરૂપ વાળા આત્મા છે. તેમની સેવા હું કરું છું. આ શક્તિના તે પ્રાદુર્ભાવવાળા છે, સાધુ મહાત્માઓ સમ્યક્ત્વાદિકની શક્તિને પ્રગટ કરી રહ્યા છે; માટે તેમનો આત્મા સમ્યગ્દર્શનાદિ સ્વરૂપ છે. સાધુનું શરીર તું દેખે છે માટે સાધુનો દાખલો આપું છું. ગાડવામાં ઘી ભરેલું છે. ઘી લાવવું હોય તે ગાડવો ઉઠાવે. સાધુભગવંતો શરીરમાં રહ્યા છે. તેનું શરીર સમ્યગ્દર્શનાદિ સ્વરૂપ છે. ઘીના આધારે જ ગાડવાની કીંમત. નંગના આધારે દાગીનાની કીંમત તેમ અહીં સાધુના શરીરની કીંમત દર્શન-જ્ઞાન-ચારિત્રે ભરેલો આત્મા તેમાં જ છે.

## સમ્યક્ત્વનો સમન્વય.

શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે યોગશાસ્ત્રના પહેલા પ્રકાશમાં શ્રાવક ધર્મ બતાવ્યો. બીજામાં સાધુ ધર્મ બતાવ્યો. ત્યાં કેમ ન કહ્યું કે-'**रुचिः जिनोक्ततत्त्वेषु**' જિનેશ્વરે કહેલા તત્ત્વોમાં રુચિ તે સમ્યક્ત્વ. કેટલાકને સ્વભાવથી ને કેટલાકને ઉપદેશથી પણ થાય. એમ જ્ઞાન કહેતી વખતે જિનેશ્વરે કહેલા જીવાદિક તત્ત્વો, તેનો બોધ થાય તે જ્ઞાન, સાવદ્ય યોગોનો

સર્વથા ત્યાગ તે ચારિત્ર અને તે અહિંસાદિક પાંચ પ્રકારે કહેલું છે. ત્યાં સમ્યગ્દર્શનાદિનું સ્વરૂપ સાધુનું શરીર ન કહેતાં જુદાં લક્ષણો કહ્યાં. ચોથા પ્રકાશમાં આ નવું કહયું. '**અથવા**' કહીને પલટો માર્યો. અથવા શબ્દ વાપરીને અહીં આ રૂપે, ત્યાં તે રૂપે બોલ્યા ! તેમા શું સમજવું ? સર્વ સાવદ્ય યોગોના ત્યાગરૂપ ચારિત્ર કહ્યું છે, તેમાં ના નથી પછી આ શું કરવા બેઠા છો ? વાત ખરી. કેટલીક વખત સ્થૂલ લક્ષણ જ જણાવી, સૂક્ષ્મ લક્ષણો જણાવાય છે. સોનાને ઓળખાવવા માટે **પીળું કહેવાય છે.** આગળ જતાં સમજે ત્યારે કસવાળું કહીએ છીએ. **પહેલાં** સમ્યગ્દર્શનાદિ વ્યવહારિક ઓળખાવ્યા, હવે નૈશ્ચયિક ઓળખાવીએ છીએ. તે બે ભેદો ન પાડીએ, તો જે વખતે તે બારીક દૃષ્ટિવાળો વિચાર કરવા જાય, તો પદાર્થ ખોઈ નાંખે.

જિનેશ્વરે **કહેલા પદાર્થો**માં રુચિ એટલે સમકિત. તે મનદ્વારા પ્રતીતિ, તેનું નામ રુચિ, તો મન જેને નથી તેને સમ્યગ્દર્શન નહીંને ? સિદ્ધો તો બધા મિથ્યાત્વીને ? તેમને મન નથી. એક ગતિમાંથી–બીજી ગતિમાંથી આવતો–અપર્યાપ્તો હોય તે વખતે મિથ્યાત્વી ગણવો ? જિનેશ્વરે કહેલા તત્ત્વોની સત્યપણા તરીકે મનની પ્રતીતિ તેનું નામ સમકિત કહેલું હોવાથી, મન નથી ત્યાં સમકિતને ટકવું મુશ્કેલ પડે. હવે આ જગ્યા પર '**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्**' એક જ જગ્યા પર બોલ્યા છે. બીજું લક્ષણ બોલ્યા નથી. હેમચંદ્રાચાર્ય મહારાજે બે જગ્યા પર સમ્યક્ત્વના લક્ષણ કહ્યાં અને ઉમાસ્વામિજીએ બે વખત ન કહ્યાં એટલે તેઓ તો ડૂબી ગયાને ?

**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनं** । કેમ બોલ્યા ? **तत्त्वार्थ**-

## દેશના ૩૧

( ૨૦૦૦. પોષ વદી ૬ રવિવાર-છાયાપુરી. )

### ઓરમાન પુત્ર જેવો ધર્મ.

શાસ્ત્રકાર મહારાજા હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ કરતા થકા આગળ સૂચવી ગયા કે-આ સંસારમાં, જીવ રખડુ પ્રજાની માફક રખડ્યા

---

**श्रद्धा सम्यग्दर्शनं** । કહેવું હતું ને **श्रद्धानं** આત્માની નિર્મળતા અને મન વડે કરીને શ્રદ્ધા કરાય.-' શ્રદ્ધા ' પણ પકડી અને તેનાં સાધનભૂત આત્માની નિર્મળતા પણ પકડી! બન્ને પકડ્યાં. એવી જ રીતે બન્ને વસ્તુ આવી ગઈ. અપર્યાપ્ત અવસ્થામાં-સિદ્ધ અવસ્થામાં સમ્યક્ત્વ રાખવું મુશ્કેલ પડે. એવી રીતે ' **जीवादीनां जिनोक्तानाम्** ' જિનેશ્વરે કહેલા પદાર્થોનો બોધ, જેને મન નથી તેને તે બધાનો ખ્યાલ ક્યાંથી લાવશો ? માટે અપર્યાપ્તા અને સિદ્ધ અવસ્થામાં આત્મનું સ્વરૂપ જ્ઞાન છે. સર્વ સાવદ્યનો ત્યાગ તે ચારિત્ર પણ તે શરીરવાળાને, પ્રવૃત્તિવાળાને તે ચારિત્ર, પણ સિદ્ધ મહારાજાને પચ્ચખાણ નથી, માટે આત્મા જ ચારિત્ર જ્ઞાન દર્શન-સ્વરૂપ રાખીએ તો બધી જગ્યા પર લાગુ થશે, માટે હેમચંદ્ર મહારાજને કહેવાની જરૂર પડી કે-" આત્મા એ જ સમ્યગ્-દર્શન, જ્ઞાન, ચારિત્ર " તે પણ કોનો ? સાધુનો. તેમના શરીરમાં તે સ્વરૂપવાળો આત્મા રહેલો છે. આ સમજી પોતાના ઉદ્ધાર માટે દેવ, ગુરુ, ધર્મનું આરાધન કરશો તે કલ્યાણ માંગલિકમાળા પહેરીને મોક્ષસુખને વિષે બિરાજમાન થશે

કરે છે. ભટકતી પ્રજા, લુહારીયાની પ્રજા, તેમનું ગામ કયું ? આ જીવ પણ ભટકતી પ્રજા. કેમ ? '**सव्वाणि ठाणाणि असासयाणि**' જે જે સ્થાનકે જાય છે તે તે સ્થાનકો અશાશ્વતાં છે 'સિદ્ધ સુધીનાં અનુત્તર વિમાનના દેવોનું આયુષ્ય ૩૧–૩૩ સાગરોપમ છે. ૩૧ સુધીમાં રખડતી પ્રજાપણે સ્થાન છે. ૩૩ માં ઉપજે તો પછી મોક્ષે જાય જ, તેથી તે પછીથી રખડતી પ્રજામાં ન ગણાય. આપણને પલ્યોપમ, સાગરોપમ કાળ ઘણો લાંબો કાળ લાગે છે, પણ જગતની સ્થિતિ પ્રમાણે પુદ્ગલપરાવર્ત કાળ પણ હિસાબમાં નથી. એક પુદ્ગલ–પરાવર્તના અનંતમાં ભાગનો સાગરોપમ કઈ ગણતરીમાં ? કાળ આખો લઈએ ત્યાં આખો અતીત કાળ લઈએ. અવ્યવહાર રાશિમાં તે ભૂતકાળ કેટલો ગયો, તેનો પત્તો નથી. ત્યાં અસંખ્યાત પુદ્ગલપરાવર્ત્ત, તે એક સરખી લાઈનમાં. અઢી આવલીમાં જેટલા સમય તેટલા પુદ્ગલપરાવર્ત રખડતી પ્રજાપણે જીવ રખડે. આ ભવિ જીવ, પણ ભવિ તરીકે તે સામાન્ય કથન છે ભવ્યને પણ અનંતી વખત નવ ગ્રૈવેયક સુધી જવાનું થયું. એક પક્ષ એવો છે કે—અઢી આવલિકાના સમય જેટલા પુદ્ગલપરાવર્તે જીવ મોક્ષે જાય. આપણે અત્યારે સર્વ અતીત કાળની વિચારણા કરીએ છીએ. એક પુદ્ગલપરાવર્તનો અનંતો ભાગ—કાળચક્ર એવાં તો અનંતા કાળચક્રો ગયાં. અતીત કાળની આખી મર્યાદા વિચારીએ તો સાગરોપમ હિસાબમાં નથી. ૩૩ સાગરોપમની સ્થિતિ મળી તો પણ ત્યાંથી ખસવાનું. નારકીનાં સ્થાનો પણ અશાશ્વતા છે. અશાશ્વતા છે તો બધે. આ જીવ ભટક્યો. **तं नत्थि कोइ पएसो** વાળનો ઉપરનો ભાગ અણી, તેનો પણ

પૂરો. તેટલા ભાગ માત્ર પણ ૧૪ રાજલોકમાં ખાલી નથી કે જ્યાં સર્વે જીવ અનંતી વખત જન્મ્યા મર્યા ન હોય. લુવારીયા પ્રજા ભટકતી કહેવાય છે, તેમ આપણી જાતી જાત ભટકતી છે; તેથી સંસાર શબ્દ રાખ્યો છે. ઉપસર્ગ-ધાતુ ન સમજે, ને સારી રીતે સાર તે સંસાર એમ નહીં. ઉપસર્ગ સાથે જોડાય તે ધાતુ કહેવાય. સૃ—સર:—સરકવું ખસવું. તે પણ સર્ અત્યંત ખસવાનું જ છે. જેમાં ખસવાનું છે, તેથી સંસાર. જેમાં ચારે બાજુ રખડવાનું છે તેથી સંસાર શબ્દ રાખ્યો.

**નિકાશના પ્રતિબંધ અને પ્રતિબંધ વગરની ચીજો.**

એમાં એક નવો વિચાર કરવાનો છે. લુવારીયા પ્રજા પોતાના ચીજ—વસ્તુ ટોપલામાં ભરીને સાથે લઈ જાય છે. મેલીને ન જાય. આ એવી પ્રજા કે બધું પેદા કરે ને મેલીને જાય. ચાર ચીજ આપણે પેદા કરીએ છીએ. કંચન, કામિની, કુટુમ્બ અને કાયા. આ ચાર બાહ્ય વસ્તુ છે. આહાર, શરીર, ઇન્દ્રિય અને તેના વિષયો આ ચાર અભ્યંતર વસ્તુ છે. બહારની ચાર વસ્તુ પણ નિકાશના પ્રતિબંધવાળી. આ ભવમાં છે ત્યાં સુધી ચાહે તેમ ફેરવો. આ ભવ છોડો, તે વખતે નિકાશનો પ્રતિબંધ. અબજો પાઉન્ડ તમારી પાસે હોય તેમાંથી એક ફૂટી બદામ પણ સાથે લઈ જવાની નહીં. ચક્રવર્તીને ૧૯૨ હજાર સ્ત્રી છતાં એક પણ સાથે લઈ જઈ શકાય નહીં. ૫૬ કુલ કોટી યાદવમાંથી એક કુટુમ્બીને કૃષ્ણજી સાથે લઈ ન ગયા. હજાર જોજનના શરીરમાંથી ટુકડો પણ ભવાંતરમાં સાથે ન લઈ જવાય. લુવારીયા પ્રજા છે, તે ભટકતી જાત કહેવાય, પણ તેનેય મેળવેલ માલ સાથે લઈને ફરવાનું.

આહાર આખી જિંદગી કરીએ. સમય પણ આહાર વગરનો નહીં. શરીર ઇન્દ્રિયો બાંધીએ, વિષયો પુષ્ટ કરીએ, પણ ચાલ્યા ત્યારે બધું મૂકીને જવાનું. ખાનગીમાં મૂડી ભેળી કરીએ તે પણ આખર તો છોડવાની જ. એક પણ ચીજ નિકાશની પ્રતિબંધ વગરની કાઢો....તમે આઠ ચીજો ભેગી કરો છો. ચાર બહારની–ચાર અંદરની એ તો આઠે ચીજો નિકાશના પ્રતિબંધવાળી મેળવીએ છીએ. ગુલામીમાં જીવન હોય ત્યાં સુધી તો શેઠના હુકમ પ્રમાણે કરવું જ પડે. સ્વતંત્ર જીવન થાય ત્યારે હિતાહિત જોવું પડે. જ્યાં સુધી કંચનાદિની ગુલામીમાં રહીએ ત્યાં સુધી આત્માનું હિત સાધી શકાતું નથી. નિકાશનો પ્રતિબંધ કોનો છે? તેનો વિચાર નથી. હવે પુણ્ય પાપની તો છૂટ છે ને? આપણે પાપને પ્રતિકૂળ ગણીએ છીએ તેથી પાપ કરવાને અંગે તે આઠ પર પ્રતિબંધ નથી, તે તો પાપ પર પ્રતિબંધ નથી! અને તે તો નુકશાન છે. પાપને અંગે નિકાશનો પ્રતિબંધ હોય તો તો ઉલટું સારું.

## ભીખારી કરતાં પણ ધર્મને ભૂંડો ગણ્યો,

હવે રહ્યો ધર્મ:–સમજવાની જરૂર છે કે ધર્મ શબ્દ રાખ્યો છે, પણ પદાર્થમાં ધર્મ નથી રાખ્યો. ધર્મ કરવો પણ મારા શરીર, ખોરાક, ઇન્દ્રિયમાં, પૈસામાં, કુટુમ્બમાં અગવડ કંઈ નહીં આવેને? ધર્મ કરવો પણ તે આઠ ચીજ સાચવ્યા પછી જ ધર્મ કરવો છે. ધર્મ એક જ ચીજ વહાલી છે અને નિકાશના પ્રતિબંધ વગરની ચીજ છે. વહાલી તો છે પણ સાચી છે કેટલી હદમાં! ભીખારીને માટે કોઈ બહુ સળગાવવું નથી. કુટુમ્બ માટે રસોઈ થાય, ખવાય, પીવાય, ઢોળાય તેમાંથી વધે ને તે વખતે ભિખારી આવી ચડે તો તેને અપાય

આપણે પણ **ધર્મને ભિખારી કરતાં પણ ભુંડામાં રાખ્યો છે.** સવારે ઉઠીએ, ઝાડે-જંગલે જવા આદિ વડે કાયા કુટુમ્બ વગેરે પ્રથમ તપાસીએ. પછી જો ફૂરસદ મળે તો ધર્મ કરવો. તેને માટે ફૂરસદ મેળવવી નથી. ફૂરસદનો વખત મળે તો જ ધર્મ કરવો છે. તેથી ધર્મને હજુ બરાબર સમજ્યા જ નથી. દુકાન-કુટુમ્બ-લેણા માટે પણ ઉઘરાણી કરવામાં ફૂરસદ હશે તો ઉઘરાણી જઇશું-દાવો ફૂરસદ હશે તો કરીશું એમ રાખ્યું છે? કંચન માટે ફૂરસદ ગમે ત્યાંથી મેળવવાની. કામિની-કુટુમ્બ-કાયા માટે પણ ફૂરસદ મળવાની. આહારાદિક માટે ફૂરસદ મેળવવાની. તો દરેકમાં 'ફૂરસદ હોય તો કરૂં' તેમ નહીં, તો ધર્મ માટે પણ ફૂરસદ મેળવવી પડે. ભિખારી માટે ચુલો કોઈ સળગાવે નહીં. ભિખારી કરતાં ધર્મને ભૂંડો ગણ્યો. દહેરે ગયા-પખાલ ન થઇ હોય તો બીજા ભગવાનને ફુલ ભળાવી દેવાય. ડોકટરને ત્યાં જવામાં મોડું થાય-ગાડી મોડી આવે તો ઘેર પાછા આવો છો? તે બધામાં તો કરવું જ છે, તેવો નિશ્ચય! ત્યાં કર્તવ્યબુદ્ધિ છે. મેલી જવાના આઠ પદાર્થો માટે કર્તવ્યબુદ્ધિ છે.-ધર્મને અંગે કર્તવ્ય બુદ્ધિ નથી. જો કે-તમે બધા ધર્મ કરો છો, પણ પરિણામની દશાએ વિચારીએ તો આઠ ચીજ માટે બધું. ધર્મ માટે ખોટી થવું પડે તો? દવાખાના, કોર્ટો-રેલ્વેમાં ટાઈમ ન જળવાય તો આંખ કોણે ન ચડાવી? ધર્મમાં ટાઇમ ન જળવાય તો કોઇએ આંખ ચડાવી? આઠ ચીજોમાં જીવને કર્તવ્ય બુદ્ધિ છે. ધર્મમાં મારી સગવડ થાય તો ધર્મ કરવો છે. જેને અંગે નિકાશનો પ્રતિબંધ નથી-જેના ઉપર ભવિષ્યની જિંદગીનો આધાર છે. આવતા ભવમાં

સુખ મેળવવું છે તેનો ચેક કયો ? સુખ વસુલ કરવાનો ચેક મનુષ્યપણું-પંચેન્દ્રિયપણું, લાંબું આયુષ્ય વગેરે. સુખ મળે ક્યા ચેકથી ? જે આગળ ચાલવાનું નથી-સાથે આવવાનું નથી તેવા માટે કર્તવ્યબુદ્ધિ છે. છોકરીને અંગે પારકું ધન ગણીએ છીએ. વીલ કરતાં છોકરીના નામે લખતાં ખૂબ વિચાર કરીએ છીએ. આ કંચનાદિ-આહારાદિ તેમાં તમારું પોતાનું ધન કયું ? તેને માટે કલમો ને કલમો લખાય છે. તે માટે શ્રીહરિભદ્રસૂરિજીને કહેવું પડયું છે કે-અનાદિકાળથી કઈ સ્થિતિએ રખડ્યા છો, તે વિચારો; માટે જ ધર્મને કર્તવ્ય તરીકે લો. ફૂરસદ મળે તો ધર્મ કરવો તેમ ન રાખો. સામાયિક કરવાની તૈયારી કરતાં ઘરનું, દુકાનનું કામ આવે તો સામાયિક અદ્ધર રહે. ધર્મને સારો ગણે-કીંમતી ગણે, એક પૈસાની ત્રણ પાઇ એટલે પૈસાને કીંમતી માણે. તેમ એક ધર્મ બીજથી અનેક વસ્તુ મળે. લાંબું આયુષ્ય મનુષ્યપણું વીગેરે ધર્મથી મળે તો ધર્મ પદાર્થ કીંમતી છતાં ધર્મ ફુરસદ હોય તો કરીએ. બીજી વસ્તુમાં ફૂરસદ ન મળે તો નથી કરતા તેમ બને છે ? ફૂરસદ ન મળવાથી પૈસા-સ્ત્રી-કુટુમ્બ-શરીર ન સંભાળ્યા તેવા કેટલા દહાડા ગયા ?

## ધર્મ: ઓરમાન માતા.

ઓરમાન માતાને શોકયના છોકરાને લોકલજ્જાએ ખાવા-પીવા આપવું પડે, પણ અંદરથી હૃદય કોરું ધાકોર. વ્યવહાર બધો સાચવવો પડે.-અંદર કશું ન હોય. આઠ ચીજોની સગી માતા, ધર્મથી આઠ ચીજો મળવાની છે. અહીં ધર્મ નિઃશ્રેયસ્-અભ્યુદય માટે કહ્યો છે. ધર્મથી મોક્ષ ન મળે તો સ્વર્ગાદિક મળ્યા પણ ધર્મનું ફળ સ્વર્ગાદિક જ

નથી. કલકત્તા માટે મુસાફરી કરી. વચમાં નાગપુર મુસાફર-ખાનામાં રહ્યા, તેમાં નાગપુરનું મુસાફરખાનું ફળ નથી. તેમ ધર્મ કરતાં વચમાં આયુષ્ય પૂરું થાય. તેથી દેવલોક મળે, તે વિસામા તરીકે છે. ધર્મથી જીવોને મોક્ષના ધ્યેયથી ધર્મમાં પ્રવર્તવાનું હોય, તેથી વચ્ચમાં મળે તો દેવલોક વિસામાં તરીકે છે. મોક્ષ માટે અમુક કરું છું, તેમ સ્વર્ગ માટે કરું છું તેમ નહીં. અહીંથી મોક્ષ ન પમાય તો દેવલોક તો છે જ. અહીંથી બનારસ સ્ટેશન–કલકત્તા માટે અનુકૂળ વચલું સ્ટેશન, કલકત્તે પહોંચવામાં એક દહાડો ચાલે જ નહીં. આથી વચમાં વિસામો લે.

## પુણ્ય પાપની ચતુર્ભંગી.

ધર્મિષ્ઠોને જે સાધનો મળે તે સાકરની માખ. મીઠાશ પણ લે અને તેને ઊડી જવું હોય ત્યારે ઊડી જાય. શ્લેષ્મની માખ તેમાં લપટાઇ રહે જગતમાં શ્લેષ્મની માખ જેવા માણસો નથી તેમ ન કહેવાય. તે વખતે મોક્ષ પામવાનું છૂટું હતું, તો તે વખતે પણ બધા તો જતા ન હતાંને? નવકાર ગણીએ તેમાં સર્વ પાપનો નાશ કહીએ છીએ. સર્વ પાપનો નાશ થાય તેમ ધારણા રાખવાની. તે ધારણા ભવાંતરે ફળીભૂત થાય. બીજા ધર્મને અંગે વખતે તે ને તે ભવે મોક્ષે જાય, પણ તીર્થંકરપણું બંધાવાવાળા ધર્મથી તે ભવે મોક્ષે ન જાય. જેને મોક્ષની ઇચ્છા ન હોય, બીજી ઇચ્છા હોય, તેને પાપાનુબંધી પુણ્ય હોય. મોક્ષના ધ્યેયવાળાને પાપાનુબંધી પુણ્ય ન હોય. પ્રમાદ, બેદરકારી ધર્મમાં હોય, તેથી પાપાનુબંધી પુણ્ય બંધાય. ધર્મને ફૂરસદીઓ ગણીએ તો શું થાય? તો કે–તેવા પ્રકારના ધર્મથી પણ આગળ

જવાય છે. એકે જગ્યાથી દ્વાર બંધ નથી. બાહુબળજી અભિમાનથી ધર્મમાં પેઠા છે. આવું થાય ત્યારે શું ગણશું ?

**પ્રભુશાસન સિવાય તમામ પદાર્થ જુલમ કરનાર**

મોક્ષનું ધ્યેય ચૂકે તો પાપાનુબંધી પુણ્ય બંધાય. એવો ધર્મ કરવો કે જેથી સોનાની બેડી પણ ન બંધાય. પાપનો કે પૂણ્યનો બંધ નહીં, તેવો વખત ૧૪મે ગુણઠાણે આવે. તેવો વખત બોલવા માત્રથી ન આવે. પાંચમા ગુણસ્થાનકથી છઠ્ઠે, સાતમે તેમ અનુક્રમે આગળ ચોદમા સુધી જવાનું કરો તો તેવો વખત આવે. પરંતુ મૂળમાંથી ફૂરસદીયાપણું કાઢી નાંખીએ ત્યારે ને ? આ બધી વાતનું તત્ત્વ એ છે કે—દુનીયાની આઠ ચીજો જેવી કર્તવ્ય તરીકે લાગે છે, તેવી ધર્મમાં કર્તવ્ય બુદ્ધિ થઈ નથી. ધર્મને ફરજ સમજો તો હજુ નિકાસબંધીવાળી અને નિકાસબંધી વિનાની બંને ચીજ સરખી થઈ. **इणमेव निग्गंथे पावयणे अट्ठे परमट्ठे सेसेअणट्ठे** શાસન જિનેશ્વરનો ધર્મ, અર્થ. જેમ બીજા પદાર્થોને અર્થ ગણે તેમ ધર્મ પણ અર્થ છે. તે કહ્યા પછી તે જિનેશ્વરના ધર્મને અર્થાદિક કરતાં પણ અધિક ગણી પરમાર્થ ગણે. પછી અર્થાદિકને અનર્થરૂપ જુલમગાર ગણે. માત્ર આ શાસન જ પરમાર્થ છે, એમ ગણે. પ્રથમના શ્રાવકના આ ત્રણ ઉદ્ગારો દુકાને બેઠા, પૂર્વના શ્રાવકો આ ત્રણ વસ્તુ સમજાવે. ઉપાશ્રયમાં જ નહીં, દુકાને પણ ગ્રાહકને આ પદાર્થ સમજાવી પછી માલ આપે.

## ફુરસદીયો ધર્મ.

**यथा यथा मुंचति वाक्यवाणं तथा तथा तस्य कूलप्रमाणं** આપણે ફુરસદ મળે તો ધર્મ કરવો, તેવું વાક્ય

બોલીએ છીએ. ગોઠીને ચાર દહાડા બહાર જવાનું થાય તો 'હં' થાય છે. ગોઠી તમને દહેરું સંભાળવા કહે છે. પોતાનાં બૈરાં-છોકરાં ઘર સંભાળવાનું કહેતા નથી છતા 'ગયા વગર ચાલે તેમ નથી?' તેમ ગોઠીને કહીએ છીએ. વડોદરા ગયા હો અને સાકરભાઈ શેઠ આવ્યા છે, તેમાં જો ફલાણા શેઠને ત્યાં તેમને જમવાનું થાય તો ઠીક નહીંતર આપણે તો છીએ જ ને! આવા શબ્દો બોલાય તો? શેઠ આવ્યા, તં ગળે પડ્યા તરીકે તું ગણે છે ને? શેઠ એટલા વિચારવાળા અને ભગવાન વિચારશૂન્ય ને? આ તો ભગવાનની સેવાનો દાખલો દીધો. આપણે જનમવાના દહાડાથી મરવાના દહાડા સુધી પૂજા કરીએ, તો આજે બહુ તો ૩૬૦૦૦ વખતથી વધારે કરવાના નથી. ત્યાંનું કામ તો અસંખ્યાત દહાડા સુધી કરવાનુ છે. દેવલોકની અપેક્ષાએ મનુષ્યલોક દુર્ગંધથી ભરેલો. તેમાં દેવતાને વારંવાર આવવાનું શી રીતે પાલવે? ઇન્દ્ર નિર્લોભી છે તેમ માનો છો? ઇન્દ્રોને ઇન્દ્રોની મારામારી છે. સૌધર્મ અને ઈશાન ઇન્દ્રોની મારામારી થાય ત્યારે સનત્કુમારને યાદ કરે, ને તે આવીને બંનેનો ન્યાય ચૂકવે. પેદા નથી કરવું. પેદા કરવા સિવાયના વખતમાં તો જાળવી લેશો ને? ભલે હાસ્યાદિકમાં વખત જાય, પણ પ્રભુપૂજા માટે વખતનો વાંધો. કહેવાનું એ કે-જિનેશ્વરની સેવા સરખો અમૂલ્ય પદાર્થ કરીએ છીએ આપણે જ. પખાળનું ઘી બોલી પખાળ લઈએ છીએ, તે મફત હોય તે દહાડે કરવા તૈયાર નથી. આપણે બોલી બોલનારા, એ જ વખતે આપણા પર ફરજ નાંખે તો? એટલા માટે ધર્મ સ્વરૂપે સમજો, કારણો-ફળો-ભેદોથી સમજો.

## કારણો મેળવો તો પછી કાર્ય આપોઆપ થઇ જશે.

હેતુ–સ્વરૂપ–ભેદ–ફળદ્વારાએ ધર્મ સમજો. ત્યારે જ પરમ-કર્તવ્ય ચીજ સમજાશે. હવે પહેલો ભેદ–હેતુ તેનો પ્રથમ વિચાર કરવાનો. સામાન્યથી મનુષ્યો ફળને ઉદ્દેશીને પ્રવર્તે. તેથી અહીં ધર્મનું ફળ પ્રથમ દેખાડવું જોઇએ. ધર્મનું પ્રથમ ફળ જણાવવું જોઇએ. ધર્મનું અર્થીપણું ઉત્પન્ન કરવા માટે પ્રથમ ફળ કહેવું જોઇએ. પણ જે ધર્મ કરવાની ઇચ્છા-વાળો તેણે પ્રથમ કયું જ્ઞાન મેળવવું ? ત્યારે જૈન શાસ્ત્રની રીતિ પ્રમાણે કારણ સામગ્રી એકઠી થાય તો કાર્ય અનાયાસે પણ થાય, અર્થાત્ ફળ કર્તવ્ય ચીજ નથી પણ આપોઆપ બનવાની ચીજ છે.

રોટલીનું સીઝવું તે કર્તવ્ય નથી. માત્ર સીઝવાના સાધનો એકઠા કરવાં. કારણો મેળવ્યા વગર કાર્ય ન બને. તેમાં જૈનશાસનમાં પ્રથમ નંબરે આ વાત માનવાની. પહેલે ગુણ-ઠાણેથી મોક્ષની ઇચ્છા. તમે ચોથે ગુણઠાણેથી ધારતા હો તો નહીં. મિથ્યાત્વ ગુણઠાણું હોય ત્યાં મોક્ષની ઇચ્છા ઊભી થાય ? હા, શાસ્ત્રમાં નિયમ છે, કે–એક પુદ્ગલપરાવર્ત સંસાર બાકી હોય ત્યારે મોક્ષની ઇચ્છા થાય. તે વખતે મિથ્યાત્વ ગુણઠાણું હોય. ફેર એટલો જ કે પેલામાં મોક્ષ પણ ચોથે મોક્ષ જ. મોક્ષની ઇચ્છાએ પુદ્ગલપરાવર્તથી વધારે સંસાર ન હોય. આપણે શું કહેવા માંગીએ છીએ ? કે મોક્ષની ઇચ્છા થાય પછી પુદ્ગલપરાવર્તથી વધારે સંસાર ન હોય. તેથી એક પુદ્ગલપરાવર્ત્ત સંસારવાળાને મોક્ષની ઇચ્છા થાય તેવો નિયમ નથી. કેટલીક વનસ્પતિમાં

એવા જીવો છે કે-આવતે ભવે જ મોક્ષે જવાના હોય. કોઈ કાળે પહેલે ગુણઠાણે મોક્ષે ગયા ?-માટે મોક્ષ જ જોઈએ, એ વાત ચોથે ગુણઠાણે, સુલસાના નામથી કોઈપણ અજાણ નથી. તેને પુત્ર નથી. લગન થયાને વધારે વખત થયો છે. પોતે વિવેકવાળી છતાં, ધણી વિવેકવાળો હોય તેવો નિયમ નથી. સુલસાને દેવતા પ્રસન્ન થાય છે. સ્વામીને ચિંતામાં દેખીને સુલસા કહે છે કે-તમારે પુત્રની ઇચ્છા હોય તો બીજી પરણી શકો છો. નાગ સારથી કહે- મારે બીજથી પુત્ર ન જોઇએ. અહીં સુલસાને પુત્ર થતો નથી. આથી સુલસાને દઢ ધર્મારાધન કરવાનું થયું અને દેવ તુષ્ટમાન થયો. ' માગ.... માગ, માગે તે આપું.' કહ્યું. પણ સુલસાની સ્થિતિ આપણે જાણીએ છીએ. માને છે કે-મારે માગવું છે તે તારી પાસે નથી. તારી પાસે દેખું તો માગું ને ? મારે સાધ્ય મોક્ષ છે. પછી દેવતાએ પ્રસન્ન થઈ ૩૨ ગુટિકાઓ આપી. સંસારના કંટાળાથી એક સામટી બત્રીશ ખાધી. ૩૨ પુત્રો થયા. દેવતા માગવાનું કહે ત્યારે પણ તે બાઇ જાતને બીજું કાંઇ આગળ આવતું નથી. મોક્ષ આગળ આવે છે !

આપણે સમકિતનાં પડીકાં બાંધી લઇએ. પણ સમકિતની સ્થિતિ નથી જોઇતી. એક જ ચીજ આખા જીવનમાં માંગવાની મેળવવાની. કઈ ? એક મોક્ષ જ. મોક્ષ તો પહેલે ગુણઠાણે પણ પોકારે છે. ચોથે ગુણઠાણે મોક્ષ જ જોઈએ આવો ચોથે ગુણઠાણે અદ્વિતીય અસાધારણ ભાવ હોય છતાં ત્યાંથી અનંતા કાળમાં કોઈ મોક્ષ ગયો નહીં ને જશે નહીં. ૪ થે પાંચમું છઠ્ઠું મેળવવાવાળો જોધ્ધો બન્યો. તે પછી ૧૨ મે ગયો, તો પણ મોક્ષ નથી. ૧૩ મે ગયો તો ત્યાં પણ કેવળ મેળવ્યું;

# દેશના ૩૨

## ૨૦૦૦ પોષ વદી ૭ સોમ-છાણી.

## સ્વરૂપથી ધર્મનું લક્ષણ.

**सुखं धर्मात् दुःखं पापात्, सर्वधर्मव्यवस्थितिः ।**
**न कर्तव्यमतः पापम्, कर्तव्यो धर्मसञ्चयः ॥**

શાસ્ત્રકાર મહારાજા શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ધર્મોપદેશ કરતાં થકાં આગળ સૂચવી ગયાં કે–સંસારમાં નાના રૂચિલોક–'**મુંડે મુંડે મતિર્ભિન્ના**' કહેવાય છે. પણ મૂળ વસ્તુ માટે ભેદ નથી. સુખની પ્રીતિ ને દુઃખની અપ્રીતિ. આ વસ્તુમાં કોઈનો મતભેદ નથી. સુખની ઉપર પ્રીતિ એટલે શત્રુને સુખ ઉપર પ્રીતિ હોય તો પોતે તેથી વિરુદ્ધ ન માને. બધા મોઢે ખાય છે, તો મારે મોઢે ન ખાવું તેમ કોઈ માને છે ? તેમાં એકરુચિ રહેવું પડે છે. જે જીવનો સ્વભાવ સુખ ઉપર પ્રીતિ, દુઃખ ઉપર અપ્રીતિ. દુનિયામાં બીજી વસ્તુ બહેંકાવવાની હોય છે. નાના છોકરાને કાંકરા કે મોતી કે હીરાના ઢગલા ઉપર બેસાડો–તો તેમાં તેને ફરક દેખાશે નહીં; કારણ કે–તેને હજુ તેનું દુનિયાદારીથી કીંમતીપણું લાગ્યું નથી.

---

છતાં મોક્ષ નહીં. ચૌદમે તો મન વચન કાયાના યોગો નથી. તેથી ઈચ્છા સર્વથા જાય ત્યાં મોક્ષ થાય. કારણ મેળવવામાં આવે તો વગર ઈચ્છાએ પણ કાર્ય થાય; માટે ધર્મના અર્થી જીવોને ધર્મનાં ફળ કરતાં ધર્મનું કારણ બતાવવું પ્રથમ જરૂરી છે. હવે તેમાં પ્રથમ શું બતાવવું ? ધર્મનાં મૂળને સહકારી કારણો ક્યા ? તે એ:—

દુનિયાએ હીરા–મોતીનું કીંમતીપણું ગણાવ્યું, તેથી તેની કીંમત. જાનવરને તેની કિંમતનું ભૂત નથી. દુનિયાના પદાર્થો કીંમતી ગણીને તેને કીંમતવાળા ગણ્યા છે. એ જ છોકરા, યુવાન થાય–વિકૃત દશા થાય ત્યારે ? ઘોડીયામાં બાળકો હોય. વર વહુ હોય ને ભાઈ બેન હોય તેમાં ફરક શો ? જુવાનીની વિકાર દશાના ભૂતની કીંમત–વિષયની કીંમત તેને છે. કુટુમ્બ-માં વધારે હોય તો જબરા ગણાય. પણ કૂતરીને સાત જન્મે ગાયને એક વાછરડું તેથી કૂતરી ચડીયાતી ન ગણાય. કંચનનું–કામિનીનું–કુટુમ્બનું વળગાડેલું ભૂત છે. પરંતુ તેમાંના દરેકને સુખ દુઃખ ઉપર પ્રીતિ અપ્રીતિ, તે દુનિયાએ વળ-ગાડેલ ભૂત નથી.

## ગર્ભમાં પણ સુખની પ્રીતિ, દુઃખની અપ્રીતિ છે.

એક બાઈ છે–આઠ મહીના ગર્ભને થયા એવામાં છોકરાનો હાથ બહાર નીકળી ગયો. ડૉકટરો આવ્યા. ઑપરેશન કરી હાથ અંદર ઘાલવો તેમ નક્કી કર્યું. કુટુમ્બનો જૂનો વૈદ્ય આવ્યો. હું જલદી ઉપાય કરું. દીવાસળીને હાથ પર ચાંપી. છોકરાએ હાથ અંદર ખેંચી લીધો. તત્ત્વ એ કે સુખની પ્રીતિ, દુઃખની અપ્રીતિ તે જન્મસિદ્ધ–સ્વભાવસિદ્ધ છે. બાજી બધી ચીજો ભૂત વળગે તેમ વળગાડે છે. સુખનાં સાધનો એકઠાં કરીએ તો તે પણ કેવા જોઈએ ? લાડવા જોડે ખાટું, તીખું જોઈએ. દુઃખને અંગે શાક તરીકે પણ ઈચ્છા નથી. સુખ સાથે દુઃખની ઈચ્છા થાય છે ? જે દુઃખ એક શાકની માફક વચમાં સ્વાદ ફેરવવા તરીકે પણ માગતા નથી. સુખનું અજીરણ ટાળવા પણ દુઃખ ઈચ્છતા નથી. જ્યારે સુખના સાધનો કેવાં એકઠાં કર્યાં ? સુખ ભોગવવું જોઈએ, પણ

સુખનાં સાધનો આ ભવમાં પૂરતા મેળવ્યા ! કંચનાદિ મેળવ્યાં તેમાં પણ ધ્યાન ન રાખ્યું કે તે સાધનો કોણે મેળવી આપ્યા ? ગાડાની નીચે કૂતરું ચાલે-તે પોતે એમ જ માને છે કે-હું જ ભાર ખેંચું છું. એવી રીતે આપણે મહેનત કરીએ ને મળે એટલે મારી મહેનતનું ફળ એમ માનીએ છીએ. તો મહેનત કોણ નથી કરતું ? તો બધાં કેમ પૈસાદિ નથી મેળવી શકતા ? મહેનતથી સ્ત્રીઓ મળતી હોય તો વાંઢા કોણ રહે ? મહેનતથી કુટુમ્બ થાય તો કુટુમ્બ વગરનો કોણ રહે ? મહેનત તો ગાડાની નીચે ચાલતું કૂતરું પણ કરે છે. નશીબ હોય તો જ મહેનત ફળ દે. ગાડીની નીચે કૂતરુ ચાલે તે જાણે કૂતરું કે હું ગાડું ખેંચું છું. મહેનત બધા કરતા હો છતાં દરેક ફળ મેળવતા નથી. મંદીના જીવડા હોય તેને મંદી સૂઝે, તેજીવાળાને તેજી સૂઝે. તેમાં મતભેદ કેમ પડયો ? ૨×૨=૪. માં મતભેદ ન પડ્યો. ને તેજી મંદીમાં કેમ મતભેદ પડ્યો ? નશીબ ચડતું હોય તેનું લક્ષ તેજીમાં હોય છતાં મંદીમાં જવા વિચાર થાય. નશીબને આધારે જ બુદ્ધિ સૂઝવાની. તે પ્રમાણે મહેનત કરશે. વિચારની વસ્તુમાં મતભેદ હોય, ભવિષ્યના સુખના વિચારો લાવે કોણ ? લાભની બુદ્ધિ છતાં અંતરાયનાં કારણના વિચારો આવે તેનું કારણ ? સુખ મેળવવાનાં સાધનો મેળવ્યા છતાં તેવા પ્રકારનો વિચાર કોણે સુઝાડયો ? નશીબદારી સિવાય અનુકૂળ મહેનત સૂઝે જ નહીં !

## ઉંદરનો ઉદ્યમ અને ભોરીંગનું ભાગ્ય.

ઉંદર ભૂખ્યો હતો-મહેનત કરી, કરંડયો કોર્યો. અંદર સાપ ભૂખ્યો હતો-નીકળ્યો ને ભૂખ્યો હતો તેથી ઉંદરને ખાઇ ગયો. સાપના પુણ્યોદયે કહો કે તેને લીધે ઉંદરે કરંડીઓ

કોચ્યો. ભૂખ્યો સાપ. કરંડીયો કોચ્યો ઉંદરે અને ભૂખ ભાંગી સાપની. સુખનું સાધન 'બાંકું' ઊભું કર્યું ઉંદરે, અને ફળ મળ્યું સાપને. અન્ય કરે અને અન્ય ફળ લઇ જાય. ક્યારે? આપણો ભાગ્યોદય ન હોય ત્યારે. **"सुखं धर्मात् दुःखं पापात्"** એકલા ઉદ્યમથી સુખ મળી જશે કે દુઃખ ખસી જશે એમ નહીં, પરંતુ ઉદ્યમ સાથે તમારું ભાગ્ય હશે, તો જ ઉદ્યમથી સુખ મળશે. વિપર્યય હશે તો જ ઉદ્યમથી દુઃખ મળશે. તેટલા માટે **"न कर्तव्यं अतः पापं कर्तव्यो धर्मसंचयः"** પાપથી ખસતા રહો ને ધર્મનો સંગ્રહ કરો." ધર્મ એ જ સુખનું સાધન છે. વન-રણ તમામ જગ્યાએ ધર્મ જ રક્ષણ કરનાર છે. કુટીલ, મનુષ્યના શબ્દ ન વાપરે પણ અશક્ય બનાવી દે.

## બાદશાહનો હુકમ અને બીરબલનો અમલ.

'બીરબલના ચૂલે ઝાડે ફર!' તેવો બાદશાહનો હુકમ હતો બીરબલથી ના ન કહેવાય. આથી તેણે કુટુમ્બનાં માણસોને ખસેડ્યાં અને ચૂલે ઝાડે આવનાર મીયાંને રસોડું બતાવ્યું. કહ્યું કે-'ચૂલો આ રહ્યો, અહીં તમે ખુશીથી ઝાડે ફરો.' પછી બૈરીને ઉદ્દેશીને કહ્યું કે-'અરે....સાંભળે છે કે? જરા છરી લાવજે'. મીયાં ચમક્યો. બીરબલને કહે કે-'છરી કેમ મંગાવી છે? પાદશાહે ઝાડે ફરવાની છૂટ આપી છે.' બીરબલે કહ્યું-'મુસલમાનોમાં પિશાબની વધારે અપવિત્રતા છે, તેથી ઝાડે જજો પણ પિશાબ કરશો તો કાપી નાંખીશ.' બાદશાહનો હુકમ કબૂલ કર્યો પણ મીયા અહીં શું કરે? પિશાબ વગર ઝાડો મનુષ્યને ન હોય એટલે બીરબલે ચૂલે ઝાડે ફરવાની હા કહી અને એ રીતે પિશાબના બ્હાને

મીયાને કાર્ય કરતા રોક્યો. વચમાં એવી ખાંચ ઘાલી કે-'મીયાં બાદશાહનો હુકમ બજાવી ન શકે !' તેમ અહીં શાસ્ત્રકારે ધર્મની સાબિતિ કરી ત્યારે ધર્મની વાત સાંભળી આચાર્યને કહે છે કે-"ધર્મ, એ આવશ્યક ચીજ શી રીતે? દુનિયાનાં આવશ્યક કયા? ભૂખ ભાંગે-તરસ છીપાવે તે. ભોજનથી ભૂખ ભાંગે. પાણીથી તરસ છીપે. ધરમથી ભૂખ ભાંગશે? કાવ્યથી તરસ છીપશે? તમે પણ ભૂખ તરસ વખતે ભોજન-પાણી લો છો. ટાઢ વખતે ધરમનો ઓછાડ નથી ઓઢતા, તમે પોતે જ ભોજન પાણીનો ઉપયોગ કરો છો, વસ્ત્ર મકાનનો ઉપયોગ કરો છો. ધરમનો ઉપયોગ કરતા નથી તો ધરમ તમારા હિસાબે ય કામનો નથી. કારણ કે-તે તે કાર્યમાં તમે ધરમને આવશ્યક નથી રાખ્યો. તમે ભૂખ ભાંગવા વિગેરે માટે ધરમને ઉપયોગમાં લીધો હતે તો તો 'ધર્મ, એ આવશ્યક છે' એવું તમારું કહેવું માનતે પરંતુ આ દરેક બાબત જોતાં આવશ્યક ચીજો સાથે ધરમની જરૂર નથી." આમ વાદી આચાર્યને કહે છે. કહે છે કે-જરુરીયાત વખતે તમે જ ધરમને પાછળ રાખો છો, તમે પોતે જરૂરી ભૂખ વગેરે વખતે ભોજનાદિને જરુરી ગણો છો. આમ શિષ્યે શંકા કરી ત્યારે કહ્યું કે—

## નિરૂપયોગી મૂળીયાં.

બે આદમી વટેમાર્ગુ તરીકે જતા હતા. માર્ગમાં આંબો આવ્યો. એકે કહ્યું કે-"કેરી ખાવા માટે જરુરી; માંજરો કાને લગાડવા માટે જરુરી, પાંદડા, લાકડા વીગેરે પણ બાળવા આદિ માટે જરુરી; પરંતુ આ વાંકાવાંકા મૂળીયાં, વગર-જરૂરી. તે ખાવા પીવા પાટડામાં તોરણમાં મૂળીયા કામ

ન લાગે, માટે તેને કાપી નાંખો. તે નકામું પાણી પી જઈ જમીનનો રસકસ ખેંચી લે છે! માટે મૂળીયાં કાપી નાંખો" વ્યવહારમાં ઉપયોગી તરીકે કેરી, માંજર, પાંદડા, ડાળીં વગેરે જ છે, એ વાત ખરી પણ મૂળીયાં વગર ફળાદિક ન મળે. ઉપયોગ કેરી વિગેરેનો થાય. મૂળીયાં કશા કામના નથી, છતાં બધાંનો આધાર મૂળીઆં જ છે મૂળીઆને આધારે જ ડાળી. પાંદડાં, માંજર, કેરી વગેરે છે. જેમ વ્યવહાર પ્રવૃત્તિથી મૂળીયાં કશાં કામ ન લાગે પરંતુ બધાંનો આધાર મૂળીયાં ઉપર છે, તેમ ધર્મ સીધો ખાવા-પીવા-ઓઢવા-રહેઠાણમાં કામ નથી લાગતો; પણ ભોજન બધાંને કેમ નથી મળતું ? તે કહો. કેટલાકને ખાવાપીવાનું-મકાન-વસ્ત્રો વગેરે બીલકુલ નથી મળતાં, તેનું કારણ શું ? કહેવું પડશે કે-પૂર્વે પુણ્ય કરેલાને સાધનો મળ્યાં છે. પુણ્ય નથી કર્યું તેને સાધનો નથી મળ્યાં. આથી નક્કી થશે કે-આ બધાની જડ ધર્મ છે, માટે કંચન-કામિની આદિ કરતાં ક્રોડગણો કીંમતી પદાર્થ ધર્મ છે.

## કીંમતી વસ્તુની નકલ ઘણી હોય.

આવો ધર્મ જરુરી છે, એમ નક્કી કર્યા પછી સમજવાનું કે-કીંમતી પદાર્થો લેવા જાવ તો પ્રથમ સાવચેત થવું જોઈએ. ધૂળ લેવાવાળીને-સરાખડો લેવા જતાં સાવચેતી રાખવી પડે છે. ધૂળની નકલ કોઈ કરતું નથી ધૂળ, લોઢા, તાંબાવાળાને નકલથી સાવચેત રહેવાનું હોતું નથી.

સોના-ચાંદી, હીરા-મોતી લેવા જવાવાળાને કલાઇ-પીત્તળ, ઇમીટેશન કલચરથી સાવચેત રહેવું પડે છે. કીંમતી પદાર્થો નકલીથી વીંટાએલા હોય છે. તેથી જ કાપડ-દવા સરખામાં ટ્રેડમાર્ક કરવા પડે છે. કીંમતી વસ્તુની નકલ વધારે હોય

નાળીયેરનું ટોપરું અંદર હોય. બહાર ટોપરું કેમ ન ઉગાડયું? ફળ છોતરાં-છોડાં સાથે વીંટાએલું હોય છે; તેમ કીંમતી પદાર્થ નકલીથી વીંટાયેલો હોય છે. લેવાવાળાએ નકલીથી સાવચેતી રાખવી જોઇએ. ધર્મ કીંમતી ઠર્યો. એટલે તેનાં નકલનો પાર ન હોય માટે અસલ ધર્મ, તપાસીને લેવો જોઇએ. ધર્મ તપાસાય તો દેવગુરુની પરીક્ષા થાય. કોઈપણ મતવાળો પોતાના દેવને અધર્મી માનવાવાળો નથી. આચરણ અધર્મનું હોય તો પણ ધર્મી માને લીલાનો પડદો નાંખે છે. વાત એ કે-માનેલ દેવને અધર્મી નહીં માને. ગુરુને વિષયી દેખે, તેમાં તેને-ગોકુળના બાળક માને. કેમ? તેનાં મોહ-જન્ય આચરણને લીલાનો પડદો નાખે છે. દેવગુરુ અધર્મી દેખાતા તેની ફીકર ન હતે, તો લીલાનો પડદો નાખે ખરા?

દેવનો આધાર ધર્મ ઉપર. ગુરુનો આધાર ધર્મ ઉપર. ધર્મ તો ધર્મસ્વરૂપ છે, માટે દેવગુરુના વિચારમાં પ્રથમ ધર્મ સમજવાની જરુર છે. ધર્મ સુંદર મળ્યો તો દેવગુરુ પણ સુંદર મળે માટે દેવગુરુની પરીક્ષા પહેલાં ધર્મપરીક્ષા પ્રથમ કરવી જોઈએ, માટે ધર્મના હેતુ-સ્વરૂપ અને ફળ તરીકે ભેદો વિચારવાની જરૂર છે. અન્યથા ફળની ઇચ્છા સિદ્ધ-નક્કી જેવી છે. કેમકે જો ધર્મ હોય તો ફળની ઇચ્છા ન હોય તોપણ ફળ મળવાનું જ છે, માટે ધર્મમાં ફળની ઇચ્છા નકામી ચીજ ગણી. માત્ર પ્રવૃત્તિને અંગે ભલે ઇચ્છા ઉપયોગી હોય. ધર્મના હેતુ, સ્વરૂપ અને ફળ એ ત્રણ ચીજ સમજવાની જરૂર છે. ભેદો પણ છેલ્લે સમજવાના હોય. મનુ-ષ્યપણાની સિદ્ધિ વગર આર્ય અનાર્ય ભેદો હોઈ શકે નહીં. તેમ ધર્મની સિદ્ધિ વગર તે ભેદો હોઈ ન શકે માટે ધર્મના

ભેદોની વાત હાલ બાજુએ મૂકો, અને ધર્મની વાત કરો.

## પરિણામ ધર્મ ક્યારે બને ?

હવે ધર્મનું સ્વરૂપ ને કારણોનો વિચાર કરે. તેમાં ધર્મ અનુષ્ઠાન ગણીએ, પરંતુ અનુષ્ઠાન તો કર્મ ગણાય, માટે પરિણામ એ ધર્મ કહેવો જોઈએ. પરિણામ એ ધર્મમાં મુખ્ય ચીજ ? ના નહીં. પરંતુ એ પરિણામ ધર્મ માટે ઉપયોગી ક્યાં ? જ્યાં ક્રિયાનો અભાવ હોય ત્યાં. આકસ્મિક સંયોગે ક્રિયાના પલટામાં પરિણામ એ ધર્મ કહેવાય.

નહીંતર બધાં દર્શનો ધર્મના પરિણામવાળા છે. મુસલમાનો–બ્રાહ્મણો, ગાય–બકરાંને ધર્મની ધારણાથી મારે છે. વામમાર્ગીઓ અનાચાર કરે છે તે ધર્મની ધારણાથી જ. પછી કુધર્મને મિથ્યાત્વ કહેવાનો વખત જ નથી. આ તો અન્ય ધર્મની વાત કરી, પણ, સદ્ધર્મ હોય ત્યાં=ધર્મ–બુદ્ધિ હોય તો પણ માત્ર ધર્મનું કાર્ય હોય, પરિણામ ધર્મ ન હોય; તેમ પણ બને. એટલે કે–ધર્મબુદ્ધિ હોય, બારીક બુદ્ધિ ન હોય, તો કરાતો ધર્મ, ધર્મનો નાશ કરનાર થાય. તે માટે દૃષ્ટાંત દીધું છે.—

## વૈયાવચ્ચનું વિચિત્ર ફલ.

એક આચાર્ય મહારાજે વૈયાવચ્ચનું દૃષ્ટાંત દીધું. જ્ઞાન જાય ભૂલવાથી, સમકિત જાય મિથ્યાત્વથી, ચારિત્ર જાય ભ્રષ્ટતાથી, અધ્યયન અહંકારથી જાય, તપસ્યા ક્રોધથી જાય પણ વૈયાવચ્ચનો નાશ કદિ થાય જ નહીં, જેનો નાશક કોઈ નહીં. ક્રોધ–અહંકાર આદિ કશાથી વૈયાવચ્ચનો ગુણ નહીં જાય. માટે **વૈયાવચ્ચ અપડિવાઇ** વૈયાવચ્ચ કર્યા પછી એમ થાય કે–આ મેં ક્યાં કર્યું ? તો પણ તેનો લાભ ન જાય. તેને

અંગે બાહુબળજીને ચક્રવર્તી કેમ ન જીતી શક્યા? એકલા બાહુબળજીને ક્રોડો દેવતાની સહાયવાળો ચક્રવર્તી પણ જીતી શકતો નથી. મહાવીર મહારાજા પોતે કહે છે કે-'गीलाण० જિનવચનને જે માનનારો હોય તે ગ્લાનની માવજત જરૂર કરે. પ્રભુ વચનને માનનારા ગ્લાનની વૈયાવચ્ચ કરેજ.' કોઇક ભાવિકે નિયમ લીધો કે-મારે માંદાની વૈયાવચ્ચ કરવી. તેવો નિયમ લઈ હંમેશાં વૈયાવચ્ચ કરે છે. કોઈક દિવસ એવો આવ્યો કે-કોઈપણ સાધુ માંદો નથી. આથી તેને ચિંતા થવા લાગી અહો કેવો સુંદર નિયમ! પરંતુ આજ મારું નશીબ કમ-નશીબ, કે-કોઈ માંદું ન પડયું. એ ભાવિકને આ વિચારમાં બુદ્ધિ ધર્મની છે, ક્રિયા પણ ધર્મની છે, માત્ર વિવેકની ખામીથી એ રીતે વિચારપલટો થયો. 'કોઈ માદો નથી થયો' એટલા માત્ર પલટાને અંગે ધર્મને વ્યાઘાત થયો-ધર્મનો નાશ થયો, જો બારીક બુદ્ધિ ન રાખે-ક્રિયાબુદ્ધિ ધર્મની છતાં ધર્મનો નાશ થાય; માટે ધર્મ બારીકબુદ્ધિથી તપાસવો જોઈએ-કરવો જોઇએ.

## ગુરુ પરાવર્તનીય હોઇ શકે.

'બાપદાદાના કુવામાં ડૂબી મરવું?' તેમ માનનારાઓએ-કહેનારાઓએ પોતાના બાપદાદા અધર્મને રસ્તે ગયા હતા, તેમ માનવું પડશે. ગુરૂ પરાવર્ત્તન કરી શકે છે. આત્મારામજી મહારાજ ઢુંઢીયામાંથી દીક્ષા છોડી આવેલા છે. બાપદાદામાં પરાવર્ત્તનનો અવસર નથી. ગુરુમાં પરાવર્ત્તનનો અવસર છે. અન્યથા શું ઢુંઢીયાપણાને વળગી રહે? પોતાના વડીલો આચારથી વિરુદ્ધ ગયા હોય તો તેને વોસરાવવા જોઇએને? ગુરુ પરાવર્ત્તનીય ચીજ છે. મૂળ વાતમાં આવો. ધર્મની બુદ્ધિએ ધર્મની ક્રિયા

છતાં વિવેકની-સૂક્ષ્મ બુદ્ધિની ખામી હોય તો ધર્મનો નાશ થશે. માટે બારીક બુદ્ધિએ ધર્મ જાણવાની જરૂર છે. આકસ્મિક પલટાને સૂચવનારા પરિણામે બંધ છે, માટે અનુષ્ઠાન તે ધર્મ છે. **ધત્તે ચેતાન્ શુભસ્થાને૦**' તે વાક્ય ધર્મનું લક્ષણ નથી, પણ ફળ છે. દુર્ગતિથી બચાવે-શુભસ્થાનમાં ધારણ કરે તે ધર્મનું ફળ જણાવ્યું. તેને ફળને બદલે લક્ષણ લઈએ તો સૂક્ષ્મમાંથી બાદરમાં આવ્યો તો ત્યાં ધર્મ હતો ? મહાનુભાવ ! ધર્મનું લક્ષણ જુદી વસ્તુ છે. ધર્મ એ ઉત્કૃષ્ટ મંગળ અને સ્વરૂપ છે, લક્ષણ નથી. અનુષ્ઠાને ક્રિયા-ચેષ્ટા-પ્રવૃત્તિ શબ્દ નથી વાપરતા, પણ અનુષ્ઠાન શબ્દ વાપરે છે. અનુષ્ઠાનના ચાર ભેદો છે. પ્રીતિ-ભક્તિ-તદ્હેતુ અને અસંગ. આ ચાર ભેદોનાં અનુષ્ઠાનો લેવા માટે અનુષ્ઠાન શબ્દ વાપરે છે. હવે અનુષ્ઠાન કેવું જોઈએ ? મૈત્ર્યાદિભાવ જોડે હોય તો જ, ધર્મને અનુષ્ઠાન કહેવાય. તે ઉપરથી અનુષ્ઠાન ગબડી જાય તો પણ ધર્મ નહી ખસી જાય. રોજના ૧૨ સામાયિક કરનારા હોય, છતાં અંત્યસમયે પ્રવૃત્તિ રહેતી નથી. છેલ્લે વખતે ય અનુષ્ઠાન પ્રવૃત્તિમાં હોવું જોઇએ. મહિનાની તપસ્યા કરનારા છતાં છેલ્લી વખતે ય તે જ અનુષ્ઠાન હોય તેને ધર્મ કહ્યો, આમ છતાં અનુષ્ઠાન ક્વચિત મુકાઈ જાય ત્યારે પણ ધર્મ રાખવો છે, તે ધર્મ સાથે મૈત્ર્યાદિ ભાવ હોય તો જ રહે. જેમકે ચૌદમા ગુણઠાણે પ્રવૃત્તિ અનુષ્ઠાન નથી છતાં ધર્મ છે. તે માટે શાસ્ત્રકારને કહેવું પડ્યું કે-'**મૈત્ર્યાદિભાવસંયુક્ત.**' વિધાન કરવામાં કે નિષેધ કરવામાં આવે તે વિશેષણને લાગુ થાય. 'મેલાં લુગડાં કાઢી નાખ.' એમ કહ્યું તેમાં નાગો થઇને આવે તો ? તે વાક્ય કહેવામાં તત્વ મેલાં કાઢવાનું

# દેશના ૩૩

૨૦૦૦ પોષ વદી ૯ બુધ. વડોદરા, કોઠીપોળ.

सूक्ष्मबुद्ध्या सदा ज्ञेयो धर्मो धर्मार्थिभिर्नरैः ।
अन्यथा धर्मबुद्ध्यैव, तद्विघातः प्रसज्यते ॥

**કંચન-કામિની-કુટુંબ અને કાયા, સૂખરી માટીના થાંભલા જેવા છે.**

શાસ્ત્રકાર આચાર્ય ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજ ધર્મોપદેશ કરતા થકા આગળ સૂચવી ગયા કે-મહાનુભાવો ! તમે તમારા જીવનમાં, વસ્તુઓ મેળવવાના પ્રયત્નમાં મથી

---

હતું, લુગડાં કાઢવામાં તત્ત્વ ન હતું. નિષેધ મેલાપણારૂપ વિશેષણમાં હતો. વિધિ પણ વિશેષણને લાગુ થાય. જેમકે-'ન્યાયે કરીને પૈસો પેદા કરેલો હોવો જોઇએ.' તો એ વાક્યથી-પૈસા પેદા ન કર્યા તેમાં ધર્મ નહીં ને ? તેવી રીતે અહીંઆં ક્યા અનુષ્ઠાનને ધર્મ કહ્યો ? પર્યન્ત દશાએ ધર્મ-પણું વિશેષણમાં જાય. મૈત્રી આદિ ચાર ભાવના, માધ્યસ્થ-ભાવના કેવળજ્ઞાન સુધી છે. તેથી વાંધો ન આવે. જ્યારે આ કહ્યું ત્યારે યૌગિક લોકો=યોગાચારવાળા પણ અનુષ્ઠાન માને છે. એવાં અનુષ્ઠાનને ધર્મ ન માની લે, તેથી કહે છે કે-જિનેશ્વરનું વિરોધ રહિત એવું અનુષ્ઠાન તે ધર્મ. તેમનાં વચન-દ્વારા જન્મેલું જે અનુષ્ઠાન તે ધર્મ. આમ ધર્મનું સ્વરૂપ સમજાવ્યું, તેનું ફળ મોક્ષ. આમ સમજીને ધર્મના હેતુ-સ્વરૂપ-ફળભેદોદ્વારા: જે. ધર્મમાં ઉદ્યમ કરશે તે આ ભવ પરભવમાં કલ્યાણ પામી મોક્ષસુખને વિષે બિરાજમાન થશે.

રહ્યા છો. વસ્તુ મેળવવાના પ્રયત્નમાં દિવસે દિવસે વધો છો. ચીજ મળે તેમ સંતોષ પામતા જાવ છો, ને અધિક મેળવવા માટે ઉદ્યમ કરો છો. પણ તમે કઇ ચીજ મેળવો છો, તે વિચારો છો ? બાળકો લેશન કરવાનું છોડી કોઈકના મકાન બંધાવવા માટે આવેલી ધૂળમાં મકાન, બાગ–બગીચા, વાવડી બનાવે, તેમાં બાળકો પરસ્પર કદાચ લડે પણ ખરા. પછી ખાવાનો વખત થયો એટલે તે બધું મૂકીને ચાલ્યા જાય. પછી કરેલા બંગલાનું શું થાય ? તે જુએ છે ? બચ્ચાંની ધૂળ ખેલવાની રમત જેવી આપણી સંસારની રમતો છે. માત્ર તેમણે તેમાં ધૂળની માલીકી પણ માની નથી. આ ધૂળમાં બંગલો ચણ્યો તેને અંગે બાળકે લડાઇ કરી. આપણે પણ ચાર ચીજો ભેળી કરવા મથીએ છીએ. વધારો કરીને સંતોષ માનીએ છીએ. કંચન–કામિની–કુટુમ્બ અને કાયા આ ચાર બાહ્ય ચીજ મેળવવા માટે ઉદ્યમ કરીએ છીએ, તેથી સંતોષ માનીએ છીએ, ને વધારવા પ્રયત્ન કરીએ છીએ. આખો કીંમતી જન્મ તેમાં ગુમાવીએ છીએ, એ ચારની અપેક્ષાએ અભ્યંતરની ચાર વસ્તુ આહાર–શરીર–ઇન્દ્રિય ને વિષયો પણ મેળવવા માંગીએ છીએ. જો કે તેમાં પલટો ખાતા રહીએ. એક સ્થિતિમાં રહેતા નથી. તદ્દન નાની ઉમ્મરમાં હતા ત્યારે ખાવું–ખાવું ને ખાવું હતું. આટલું બતાવે ત્યારે પણ તેને ખાવાની ચીજ ગણીએ. આંગળી–લુગડું–ચુસણીયું વગેરે જે હાથ ચડે તે બધું ખાવા માંડીએ. લાકડાનું ચુંબડીયું માબાપ આપે અને આપણે ચુંબીએ, તે માત્ર ખાવાની ટેવ હોવાને લીધે. આમ ખાઉં ખાઉંની ટેવમાં ચુંબણીએ પહોંચ્યા. તેમાં રસ કાંઇ નથી. પહેલાં જન્મની સાથે ખાવાની ટેવમાં આગળ વધ્યા.

પછી અવાજમાં ઘંટડી વગાડે એમાં વધ્યા તેમ ક્રમે ક્રમે ઈન્દ્રિયોના વિષયોમાં વધ્યા. લગીર ઉંમર થઈ ત્યારે અભ્યાસ પર વધ્યા, એમ કરતાં આગળ વધી કમાવા પર ગયા, એટલે ચોપડીઓ કબાટમાં! પછી કમાવાની ટેવમાં ગયા, પછી કુટુમ્બમાં ગુંથાયાં, પછી શરીરની માવજત. તેમાંથી કઈ સ્થિતિમાં આવીએ છીએ?

## રાજીનામું અને રજા.

સમજુ નોકર હોય તેને માલૂમ પડે કે શેઠ રજા દેવાના છે, તો જાતે રાજીનામું આપી દે. રાજીનામું ન આપે અને શેઠ રજા દે ને નીકળવું પડે, તે કેવો ગણાય? એક વસ્તુ ચોક્કસ સમજીએ છીએ કે–' **जातस्य हि ध्रुवं मृत्युः** ' જન્મવા-વાળાને મરણ ચોક્કસ છે. મરેલાને જન્મવું તે ચોક્કસ નથી. જેમકે–મોક્ષ પામેલને જન્મ નથી; જન્મેલાને મૃત્યુ તે ચોક્કસ જ છે. મરણ નક્કી જાણીએ છતાં દવા દાક્તરમાં ઉદ્યમ થાય, પણ વોસિરે કરવાનો વખત આવે છે? રાજી-નામું આપવાનો વખત આવે છે? ત્યાગ કરીને નીકળ્યો, તે રાજીનામું દઈ નીકળ્યો. આડા પગે કાઢે, ઊભા પગે ન નીક-ળાય. આડા પગે નીકળાય. આમ બન્યા કરે–અને તો બાળ-કની ધૂળની રમત અને આપણી સ્થિતિ તેમાં ફરક શો? બાળકે ધૂળની રમતમાં પડતાં અભ્યાસ ખોયો, માબાપે માર માર્યો, કપડાં મેલાં કર્યાં. તે ધૂળની રમતમાંથી શું લાવ્યો? લુગડાં શરીર મેલાં કર્યાં અને મેતાજીનો માર ઊભો કર્યો, એ કે બીજું કાંઇ? તેમ અહીં આપણે શું ઊભું કર્યું?

## મેળવ્યું તે મેલીને જ જવાનું છે.

દુનિયામાં મેળવો છો તે મેલવા માટે, મેળવીને મેલવાનું

છે. એવી કઈ ચીજ છે કે જે મેળવ્યા પછી મેલવી ન પડે? કંચન. અબજો પાઉન્ડ મેળવો, તો પણ જતી વખતે મેલી દેવાના! સેંકડો સ્ત્રીઓ સાથે લગ્ન કર્યાં, છતાં મરતી વખતે મેલી દેવાનાં! યાદવો પેઠે કરોડોનું કુટુમ્બ હોય, તો પણ મરતી વખતે મેલી દેવાનું! હાથી જેવડું મોટું શરીર હોય તો પણ મરતી વખતે તે મેલી દેવાનું!

કુટુમ્બાદિક કે-જે જિંદગીની મહેનતે મેળવાય છે, તે ચીજો અંતે મેલી દેવાની. એટલે શું થયું? જિંદગીની મહેનતને અંતે સરવાળામાં શૂન્ય! તમારી જિંદગીનો હિસાબ કરો. સરવાળામાં શૂન્ય આવે. કારણ? સરવાળે શૂન્ય આવવાનું કારણ એક જ કે-આપણે રખડતી પ્રજા, અને ચીજ મેળવી નીકાશના પ્રતિબંધવાળી. આપણે એટલે ભટકતી રખડતી પ્રજા. લુવારિયા જેવી રખડતી પ્રજા જેવા આપણે છીએ. લુવારીયા પાંચ દહાડા અહીં, પાંચ દહાડા તહીં. સ્થિર રહેવાવાળી જાત નહીં. આ આત્મા પણ ભટકતી ચીજ. પહેલે ભવે ક્યાં હતા? તે પહેલાં ક્યાં હતા? આવતે ભવે ક્યાં જઈશું? ભવોભવ જુદે જુદે સ્થાને ભટકવાવાળા, એથી આપણેય ભટકતી જાત. લુવારીયા ભટકતી જાત ખરી પણ તેમાં એક વસ્તુ સારી છે કે-જ્યાં જાય ત્યાંથી મેળવેલી મીલકત સાથે લઇ જઇ શકે છે. તે કંચન, કામિની, કુટુમ્બ, કાયા સાથે લઈ જઈ શકે છે. માલને સાથે લઇને ભટકવાવાળી પ્રજા છે. જ્યારે આપણે માલ મેલીને ભટકવાવાળી પ્રજા છીએ. દરેક જન્મમાં આ જીવ, આહાર-શરીર-ઇન્દ્રિય ને વિષય એ ચારે વસ્તુ મેળવે. જાનવરના ભવમાં પણ મેળવે; પરંતુ તે ચારેય વસ્તુની નિકાશનો પ્રતિબંધ હોવાથી તે મેળ-

વીને પાછો અંહીં જ મેલી દે અને ચાલતો થાય. આથી આપણે રખડાઉ પ્રબ. નિકાશના પ્રતિબંધવાળી ચીજ એકઠી કરે, તેની અક્કલ કેટલી ? વ્યાપારિયો પોતાની ચીજ વેચીને તેવી નિકાશના પ્રતિબંધવાળી ચીજ ખરીદે તો ? મૂર્ખો ગણાય ને ? તેમ આપણા આત્મા માટે કદિ વિચાર કર્યો કે-આખી જિંદગી શા માટે પૂરી કરી ?

## ભૂખરું માટીના થાંભલા.

ચાર ચીજ એકઠી કરી તે કેવી છે ? સાથે આવવાની છે ? પત્થરના-લાકડાના, માટીના થાંભલા કરતાં ભુખરું રેતનો થાંભલો એવો કે શરદીની હવા લાગવા માત્રથી ખરવા માંડે. તેવી રીતે તું તે ચાર કેવાં ભેળાં કરે છે ? કેવળ ભુખરું માટીનો થાંભલો જેવા કે બીજું કાંઈ ?

તે માટે કહ્યું છે કે-' **द्रव्याणि तिष्ठन्ति गृहेषु०** ' અબજો રૂપીયા ગમે તે રીતે ભેગા કર્યા તેમાં અનીતિ-અન્યાય ન ગણ્યો. એ દ્રવ્ય ઉપર તારો કેટલો પ્રેમ છે ? તેનું ટેમ્પરેચર લે. પછી નીકળે ત્યારે તે ડગલું પણ સાથે આવે છે ? રેલમાં બે દહાડા ભેગા થયા હો તો ઉતરતી વખતે માણસ બારણા સુધી વળાવવા પણ આવે. આ દ્રવ્ય ડગલું પણ વળાવવા આવે છે ? જે ધન પર તમારું ટેમ્પરેચર તન્મય હતું. ન ગણે ભાઈ-ભાંડું, ધર્મ-અન્યાયને ન ગણે એટલો બધો તેં જેના પર પ્રેમ રાખ્યો હતો, જેને માટે તેં આખો દિવસ માળા જપી હતી. રમા....રમા....રમા કરેલ હતું. તેની માયામાં રામની માળા જપવાનો વખત પણ મેળવતો ન્હોતો. માત્ર રમા= લક્ષ્મી, રામા એટલે બાયડી તેનો જાપ, ૨૪ કલાક ચલાવ્યે રાખતો હતો, તે રમા આદિની શી સ્થિતિ છે ? તે

સમજ. તારે માટે તે ડગલું પણ આગળ ચાલવા તૈયાર નથી. ગામજોનું દ્રવ્ય મેલ્યું ત્યાં જ રહેવાનું. હવે દ્રવ્યની આ વાત બાજુએ રાખીએ, અને ચેતનની વાત વિચારીએ. કારણ કે-વિચારવાળા માટે વર્ત્તનની આશા રખાય. દ્રવ્ય તો જડ ચીજ છે....તેવા જડ માટે-'કેમ પાછળ વળાવવા ન આવ્યું ?' તે વિચાર કરવાનો ન હોય; પરન્તુ ચેતનવાળા માટે તે વગાવાનો અવકાશ હોય. ધન જડ હોવાથી તેના માટે તે અવકાશનું સ્થાન નથી, પરન્તુ સ્ત્રીઓ તો ચેતન છે ને ? તે તો વિચારવાળી છે ને ? છતાં મર્યાદ બાદ તે પણ કેમ વર્તે છે ? "**નાર્યો વિશ્રામભૂમૌ**" સેંકડો સ્ત્રીઓ હોય, પરન્તુ પાછળ આવે માત્ર વિસામાની જમીન આવે ત્યાં સુધી ! પછી ઘર તરફ વળી જાય ! જોડવાળો કહે છે કે-મહારાજ, વાત ઠીક કરી. ઓછા પાત્રને અધિકી કિંમતમાં ગોઠવીએ ત્યારે તેની કિંમત કંઈ વધી જાય ! તેવી રીતે અહીં શાસ્ત્રકાર શું કહેવા માગે છે ? બાયડી એટલે કરેલી સગાઇ; જન્મસિદ્ધ સગાઈ નથી. કોઈ જગ્યા પર બાપા બેટા, મા દીકરા,કાકા ભત્રીજાની સગાઈ થઈ તેમ સાંભળ્યું ? ના. કેમ ? તે તો જન્મસિદ્ધ સગાઇ છે. કરવી પડતી નથી. આ તો સગાઇ કરેલી છે બનાવટી સગાઇ છે-કોઇની સાથે ગોઠવણ કરેલી સગાઈ છે; માટે તે વિશ્રામભૂમિ સુધી આવે, આગળ ન આવે, તેમાં નવાઈ નથી તો ચાલો ત્યારે કુટુમ્બ સાથે તો જન્મસિદ્ધ સગાઇ છે ને ? છતાં '**સ્વજના: સ્મશાને** !'=કુટુમ્બીઓ મસાણ સુધી આવ્યાં ! એ એમ કેમ ? તો કે-તેને પણ એમ જ છે કે-હવે અમે અમારી જાણીએ; એ એની જાણે !

## સ્વાર્થીલા સગા ઉપર શેઠની કથા.

એક શેઠ છે. ઋદ્ધિ-સંપત્તિવાળા હોય, તેને આસપાસ

માણસો વળગતા રહે. બાપ-ભાઈ-ભાઈ ! વગેરે સંપત્તિની સુગંધ હોય તો ભમરા પેઠે વળગે. એ શેઠે દેખ્યું કે-આ બધાં તો એવા છે કે-મારા વગર જીવે જ નહીં. મારું જીવન ટકાવવા પોતાનું જીવન આપે. આવી ધૂનમાં શેઠ પોતાનુ જીવન ચલાવે છે. કોઈ વખત મુનિમહારાજાએ ધર્મદેશનામાં જણાવ્યું કે-જગતમાં સર્વ જીવો સ્વાર્થપરાયણ જ છે. આ સાંભળી શેઠે કહ્યું-મહારાજ આપ કહો છો, તેથી હા કહું છું; પરન્તુ મારું કુટુમ્બ તો મારા માટે પ્રાણ પાથરે એવું છે. મને કાંઈ થાય તો એકે ન જીવે.' મહાત્મા કહે કે-તમારી અપેક્ષાએ તમને એ વાત ખરી લાગે, પણ વસ્તુતાએ '**सर्वे स्वार्थं समीहते**' તમામ સ્વાર્થની જ ઇચ્છા રાખે છે. આમ બન્ને વચ્ચે ગડમથલ ચાલી. હવે નિવેડો શી રીતે લાવવો ? મહારાજે અને શેઠે બેએ નક્કી કર્યું કે-પરીક્ષા કરી નિવેડો લાવવો. એક દિવસ નક્કી કર્યો. શેઠ ઘેર ગયા ને સૂઈ ગયા. તે ઉઠ્યા જ નહીં. વાયુ રોકયો, એટલામાં ત્યાં મા આવી. રડી પડી અને કહેવા લાગી કે-' આના કરતાં હું મરી ગઈ હોત તો સારું થતે. ' આ સાંભળીને શેઠ મનમાં વિચારે છે કે હું કહું છું એ ખરું ને ? એવામાં ભાઈઓ આવ્યા. પોક મૂકીને બોલા ઊઠ્યા-અહોહો !-ઘરનો આધાર ગયો. ત્યાં તો બાયડી આવી પહોંચી અને કહેવા લાગી-' ઓ....ય! મારા જીવનસાથી ! આપ મને મૂકી ક્યાં સિધાવી ગયા ? ' એમ મા-બાપ-બાયડી-ભાઈઓ બધા આવ્યા. શેઠને થયું-' મહારાજ, મારું કહ્યું માનતા ન હતા, પણ જોઈ લો. આ તો માત્ર મારો ઢોંગ છે, છતાં ઢોંગના વખતમાં પણ આ બધાની આવી સ્થિતિ છે.' આમ વિચારી શેઠ પોતાના વિચારમાં

મજબૂત થયા-પોતાની ધારણા ખરી પડી એમ થયું. એવામાં પ્રથમથી કરી રાખેલા સંકેત પ્રમાણે મહાત્મા તે ઘર પાસે નીકળ્યા સંબંધીઓને પૂછયું. શું છે? કહ્યું કે-'શેઠ તમારે ત્યાં ઉપાશ્રયે આવતા હતા, તેને એકાએક કંઈ થઈ ગયું ! અવાચક થયા છે! બોલતા નથી.' મહાત્મા કહે-હં....(પોતે તો સંકેત જાણે છે.) ઉપાય કરીએ. કહીને લોટામાં પાણી મંગાવ્યું. દૂધ મંગાવ્યું. કાચના ગ્લાસમાં દૂધ-પાણી ભેગા કરી એક પડીકી નાંખી. પોતે મંત્ર ભણવાનો ઢોંગ કર્યો. પછી પડીકું પાણીમાં નાંખે છે. જેમ મંત્ર ગણતા જાય, તેમ પાણીના રંગ જુદા જુદા થતા જાય છે. એવામાં અવાચક શેઠ, લગીર હાલવા લાગ્યો. પછી મહારાજ કહે છે કે-'એક વાત છે. આ સંપૂર્ણ સાજો થાય કયારે? કે જ્યારે એને બદલે બીજા તૈયાર થાય તો જ. બીજાનો ભોગ આપીએ તો શેઠ ઊભા થાય. શેઠને સાજા કરવાની ઇચ્છાવાળાએ મંત્રેલી આ દવા પીવા સાથે મરી જવું પડશે. હવે બીજાઓ કહેવા લાગ્યા-ડોશીમા! તમે ઘરડાં થયાં છો, માટે તમે પી જાવ ડોશીમા કહે-તો બીજા ચાર છોકરા છે. ભાઈઓને કહ્યું ત્યારે તેઓએ કહ્યું કે-મા તો ઘરડાં થયાં છે, માટે તેને અડચણ નહીં, અમારી તો બૈરી રાંડે તેનું શું! બાયડીને કહ્યું ત્યારે તેણે કહ્યું-તે તો કાલે ઊભા થઇ બીજી પરણે, પણ મારા છોકરાનું શું થાય? છોકરાને કહ્યું ત્યારે હું મરું તો જીવનો જઉં, મર્યા પછી મારે શો સંબંધ? હવે મુનિરાજ બેઠા. કહ્યું કે-"સહુ આમ કહો છો ત્યાં શું કરવું! કોઈ એક પણ પ્યાલો પીવા તૈયાર થઈને આવે તો બાકીનો રોગ ઉતારી દઉં." કલાક થયો કોઇ આવતું નથી. મરવા માટે કોઈ તૈયાર નથી. મુનિ-

મહારાજ કહે છે કે–“જો આવી ખબર હોત તો હું આ પ્રયોગ કરતે નહીં. હવે શું કરવું ? મેં તો એ ભરોસે આ મંત્રના જાપ જપવા શરૂ કર્યા હતા કે એને બચાવવા સારુ તમે મરવા માટે પડાપડી કરશો. પણ જુઓ છો ને ? તમે ખાળવા માટે પડાપડી કરો તેમ છો કે મરવા માટે ? મારે તો એને બચાવીને જીવતો રાખવાનો હતો, પણ હવે શું થાય? આ મંત્ર એવો છે કે–એના જાપ કર્યા એટલે ગમે તે કોઈ એકને તો એ પ્યાલો પીઈને મરવું જ પડશે.” એમ કહી પાણી અર્ધું કર્યું–હવે મારે પોતે જ મરવુ પડશે.”

આ સાંભળીને પેલા બધા કુટુંબીઓ કહેવા લાગ્યા–‘અહા.... હા. મહારાજ ! આપ પરોપકારી છો, જગતના ઉપકાર માટે શરીર ધારણ કરનારા, આપ અમારા આધારસ્તંભ; મરીને અમને જીવાડો તેમાં નવાઈ શી ?’ પેલા શેઠને સાધુએ પૂરેપૂરું દેખાડવું હતું. સાધુએ કહ્યું–‘મારે તો આવી પડ્યું, હવે શું કરવું ? પણ હું કહું છું કે–એ પ્યાલો પીતી વખતે તેના ઓડકારનો ગંધ પણ જો તમારી ઉપર પડશે, તો છ મહીના પછી તમે પણ એ દશામાં આવશો.’ આ સાંભળીને શેઠ પાસેથી કુટુંબીઓ બધા અંદર ચાલી ગયા ! એટલે સાધુએ શેઠને કહ્યું–ઊઠો. શેઠ સાજા બની બહાર નીકળીને સરત પ્રમાણે દીક્ષા લેવા જાય છે, એટલે બાયડી આવી: ક્યાં જાવ છો ? એમ વારાફરતી બધા આવ્યા. સાજા થયા એટલે સગા થવા સહુ આવ્યા. પણ શેઠ સમજી ગયા અને દીક્ષા લઈ છેવટની જિંદગી સુધારી.

## નિકાશના પ્રતિબંધ વગરની ચીજ કઈ ?

જે કુટુમ્બ માટે જીવન ગુજારીએ છીએ, તે કુટુમ્બીજનો

'**स्वजनाः स्मशाने**' મસાણ સુધી આવ્યા, પછી દૂર જઈ બેઠા છે. કેમ? ધન, બાયડી, કુટુમ્બ એ સુખદુઃખની ભાગીદારીવાળા એ ત્રણ ન હતાં. જેના સુખ દુઃખે આત્મા સુખી દુઃખી, એવી ભાગીદારીવાળું કોઈ હોય તો માત્ર શરીર. શરીર સાથે સુખ દુઃખની ભાગીદારી. આથી '**देहश्चितायां**' કાયાએ વિચાર કર્યો કે–'હવે શું કરવું? નિરાધારપણામાં ધણીની પાછળ સ્ત્રી સતી થાય, એમ હવે શા માટે શરીર ધારણ કરવું? એમ વિચારી તેણે અગ્નિમાં ઝંપલાવ્યું. હવે એ રીતે કાયા ચિતામાં બળી જાય, પણ આતમરામનું શું? એ તો રહ્યો એકલો–હવે એનો કોણ આધાર? આખી જિંદગી જેને પકડયાં હતાં, વધાર્યા હતા તે તો બધા આ દશામાં આવ્યા. આતમરામ જાણે છે કે–નિકાશના પ્રતિબંધવાળા એ કંચનાદિ ચાર, જન્માંતરમાં સાથે ન લઈ જઈ શકાય.

આવાં તે ચારને જિંદગી સુધી મેળવ્યાના સરવાળામાં શું આવે? આખા જનમનું સરવૈયું કાઢીએ તો સરવાળામાં શું નીકળે? માટે શાસ્ત્રકાર કહે છે કે 'હે....ભવ્યો! તમે સરવાળે શૂન્યની દુકાન કાઢી છે, તે કરતાં આગળ કામ લાગે તેવી ચીજ ભેગી કરો.' નિકાશનો પ્રતિબંધ ન હોય તેવી ચીજ માત્ર ધર્મ. ધર્મ, એ એક ભવથી બીજે ભવ સાથે આવવાવાળી ચીજ. જોડે ને જોડે આવવાવાળી એવી ચીજ હોય તો માત્ર ધર્મ છે. એક વાત લક્ષમાં લ્યો. આપણું જીવન–ઇન્દ્રિયો–જન્મ, ધનથી મળવાવાળા નથી. ધન–સ્ત્રી–કુટુમ્બ અને કાયાના જોરે જીવન નથી મળતું. કેવળ ધર્મના=પુણ્યના જોરે જ જીવન મળે છે. ધર્મ–પુણ્ય તૂટે તો જીવન તૂટે. મનુષ્ય જીવન જેવી ચીજ, પંચેન્દ્રિયપણું તે બધું ધર્મના

પ્રતાપથી. દુનિયાથી વિચારીએ કે જન્મ કોના હુકમથી? મા-બાપના હુકમથી મળવાવાળા છે? જીવ માને કે—આ સારી બાઇ છે તેને માતા કરું તો તે તેમ બને તેમ છે? જન્મ કોની હકુમતનો? કહો—નશીબની હકુમતનો—કર્મની હકુમતનો. કર્મ તેવા રૂપનાં હતાં ત્યારે જ જન્મ્યા. સર્વ ઉપર ધર્મની હકુમત ચાલે છે, જેની ઉપર નિકાશનો પ્રતિબંધ નથી.

## જન્માન્તરની બેંક.

પરદેશમાં બેંક હોય—તેનાં ચલણ ઉપર આધાર હોય તો કોને અનુસરીએ? પરભવમાં સુંદર જન્મ, સારી સ્થિતિરૂપ પેઢી વસાવી આપનાર કોણ! કંચનાદિમાંથી કોઇ સાથે ઊભા રહેનાર નથી. સાથે ઊભા રહેનાર કેવળ એકજ ચીજ—ધર્મ. જેને પુણ્ય—નશીબ—કર્મ કહો. એજ આપણી આવતા ભવની બેંક, જેમાંથી સુખ સમૃદ્ધિ મેળવી શકીએ. આવતા ભવમાં સુખસંપત્તિ દેનારી ચીજ ધર્મ. આવી રીતે ધર્મ ઘણો જ કિંમતી છે. એક પૈસાની ત્રણ પાઇ તો પાઇ કરતાં પેસો ઘણો કિંમતી. તેમ એકજ ધર્મના પ્રતાપે મનુષ્ય જીવન. એજ ધર્મના પ્રતાપે પંચેન્દ્રિયની સંપૂર્ણતા—યશ—કીર્તિ—સંપત્તિ બધું આવે, તો કિંમતી કોણ? એક ધર્મથી અનેક કિંમતી ચીજ મળે છે તેથી વધારે કિંમતી ધર્મ છે. આથી જ ધર્મ તરફ આર્યો માત્રે લક્ષ આપેલું છે. તેથીજ આર્યો, ધર્મી શબ્દથી રાજી થાય છે. આર્યોમાં ધર્મની પ્રીતિનો જન્મથી સંસ્કાર છે. આવી રીતે ધર્મ શબ્દ ઉપર આખા જગતને પ્રીતિ છે અને પાપ શબ્દ ઉપર અપ્રીતિ છે. અને તેનું પરિણામ પણ ક્યાં આવ્યું? પોતાને ધર્મી ગણાવામાં પરિણામ આવ્યું છે. કુસંપ કરાવે તેવો ગણો તો લડવા તૈયાર

થાય. વાતોના ગપાટા હાંકી કુસંપના બીજ રોપો છો. ફલાણો આવો છે–તે બધાં કુસંપના બીજ રોપો છો, છતાં કોઈ કહે કે–' તું લડાવી મારનાર છે, તો ? લાલ પીળા ને ? કેમ ? સંપ કરાવનાર થવું ગમે છે. તેવો શબ્દ ગમે છે. તેમ ધર્મી શબ્દ દરેકને ગમે છે, પણ ધર્મનાં કાર્યો કરવા તૈયાર નથી. તે ઉપર શ્રેણિક વખતે એક દાખલો બન્યો છે, કે–

## ધર્મ શબ્દનો પ્યાર દરેકને છે.

શ્રેણિકની સભા ભરાઇ છે. તેમાં વાતો કરે છે. કળજુગ હળાહળ આવી ગયો છે. દુનિયા પાપી–અધર્મી થઇ ગઈ છે. તેમ સભાજનો વાતો કરે છે. અભયકુમાર બેઠેલા છે તે દેખે છે કે– ' દુનિયા અધર્મી બની ગઇ છે ' તેમ કહેવાવાળો લેખું લુચ્ચાઇથી કહે છે. અભયકુમાર સમજે છે કે–બાયડીએ, ઊંઘીને ઉદાસીનપણે બેઠેલા પતિને પૂછયું, " કેમ, આજે ઉદાસીન છો ? " પતિ કહે–' હું સ્વપ્નમાં રાંડ્યો, તેથી દિલગીર થયો છું " બાઇ ચકોર હતી. બાઈ કહે છે "ખમ્મા....તમને, તમે શું કરવા રાંડો, હું જ ન રાંડું ? " તેનો અર્થ ? તેવી રીતે આ સભા કહેવા માંગે છે, પણ ' હું અધર્મી ' એમ કોઇ ધારતો નથી. છતાં આવું બોલવામાં બીજાને અધર્મી બનાવવાનો હેતુ છે, માટે દુનિયામાં કલજુગ આવ્યો છે. સિવાય એવું બોલનાર તું જ પાપ=અધર્મ છોડવા તૈયાર થયો ? નહીં કેમ ? પોતાને ગણાવું છે ધર્મીમાં, પણ ધર્મ કરવો નથી. ધર્મમાં રાચવું નથી ને ધર્મી ગણાવું છે. " આમ સમજીને અભયકુમાર, પેલા વાતોડીયાને કહે છે કે–તમારા ધ્યાનમાં એમ આવે છે, પણ મારા ધ્યાનમાં બીજું આવે છે. હું તો દુનિયામાં ધર્મી વધારે દેખું છું. " સભા અભયકુમારને તર-

છોડતી નથી. પણ તેની વાત માનતી નથી અભયે વિચાર્યું–
'Worth n·ticing' 'यदि इच्छेत् विपुलां प्रीतिं तत्
प्रीणि न कारयेत्'

જે મનુષ્ય સાથે પ્રીતિ થઈ હોય તે ટકાવવી હોય–જીવન સુધી તેને નિભાવવી હોય તો ત્રણ વાનાં ન કરવાં. તેની સાથે (૧) વિવાદ ન કરવો–તેની સાથે ચર્ચામાં ન ઉતરવું. એક કહે અગિયાર નવા, બીજો જૂના કહે. પ્રીતિ રાખવી હોય તો વિવાદમાં ન ઊતરવું. (૨) પ્રીતિ રાખવી હોય તો કોઈ પણ દિવસ પૈસાની લેવડદેવડ ન કરવી. ૨૫) લેતી વખતે ગુલામ થઈને રહે, આપ્યા પછી તમારા ઘરનું બારણું પ્રથમ છોડે–મોઢું ન જુવે. (૩) ઉધરાણી કરો તો, તે વખતે પોતે હાજર ન હોય, ત્યારે તેની બાયડી સાથે ઊભા ન રહેવું.

એટલે અભયકુમારે વિવાદ હમણાં છોડ્યો. નિર્ણયનું સ્થાન અહીં કયું ? ધર્મી વધારે કે અધર્મી ? તેની કસોટી ન હોય. સભામાં તે વાત પડતી મેલી અભયકુમાર ચાર બુદ્ધિનો નિધાન, ચાર મહિના જવા દીધા. પ્રસંગ આવ્યો ત્યારે મહોત્સવ વખતે નગરબહાર ઉદ્યાનમાં એક બંગલો ધોળો અને એક બંગલો કાળો કરાવ્યો. અને ડાંડી પીટાવી કે–' કાલે ઉજાણીમાં દરેકે આવવું. ધર્મીએ ધોળા મહેલમાં અને અધર્મીએ કાળા મહેલમાં ઊજાણી કરવા જવાનું છે.' વળતે દિવસે બધાએ ધોળા મહેલમાં જ લંગર નાખ્યું ! પાછળ ભાયાતો, સામંતો વગેરે લઈને અભયકુમાર ધોળા મહેલની બહાર ઊભા રહ્યા. અભયકુમારને દુનિયાને બતાવવું છે કે–' માનવીને ધર્મ શબ્દ તરફ પ્યાર છે, ધર્મવસ્તુ તરફ પ્યાર નથી' પહેલો એક ખેડુત આવ્યો, તેને પૂછયું કે–તું અહીં ધોળા મહેલમાં

કેમ આવ્યો ? ખેડૂતે કહ્યું-અનાજ પેદા કરું છું, તે ધર્મ ન કરું તો દુનિયા મરી જાય, મારી ખેતીથી આ બધા જીવે છે, માટે હું ધર્મી છું. તેથી આ મ્હેલમાં આવ્યો છું. પછી મચ્છીમાર નીકળ્યો. તેને અભયકુમારે પૂછ્યું. તેણે કહ્યું કે-જગતમાં જેટલા માંસ મચ્છી ખાવા માટે ટેવાયલા છે, તેઓનાં જીવન હું નિભાવું છું. ચોર આવ્યો. તેને કહ્યું કે-અલ્યા તું તો કાલે બંદીખાનામાંથી છૂટ્યો ને આજે અહીં ક્યાંથી પેસી ગયો ? ચોર કહે-સાંભળો ! હું લાખો જનોની આજીવિકા કરાવનારો છું. અમારી જાત કેદ-ફાંસી વેઠે છે. આખી દુનિયામાં ચકોરાઈ અમારા લીધે છે. અમે ન હોઈએ તો કોઈ ચકોરાઈ ન રાખે. એટલું નહી પણ લુહાર-સુથાર-ચોકીદારોને રોજી મળે તે અમારા પ્રતાપે જ. અમે ન હોઇએ તો તાળા, કુંચી, તિજોરી ચોકીદારોનો શી જરૂર ? આટલાં દુઃખ વેઠીને ધંધો કરીએ તો બધા પોસાય છે. એમ અભયકુમારે એકે એકને પૂછ્યું. ત્યારે લુચ્ચા અને લફંગાએ બધાએ આવા કીસ્સા કાઢી પોતાની જાતને ધર્મીપણામાં ખપાવી ! ચાહે તેવી ક્રિયા કરી તેના ઉપર ધર્મનો ઓપ ચઢાવ્યો, તો સમજવું કે-ધર્મ શબ્દના જ પ્યારમાં જવાયું છે, પદાર્થના પ્યારમાં જવાયું નથી. ખરેખર ધર્મપદાર્થની ઇચ્છા હોય તો બુદ્ધિને જોર આપી-ધર્મને કસીને પકડો. બારીક બુદ્ધિ રાખી ધર્મ તપાસવો જોઈએ, નહીંતર બુદ્ધિ ધર્મની રહેશે અને ધર્મનો નાશ થશે.

## બુદ્ધિ ધર્મની છતાં ધર્મનો નાશ

રાજા છે-રસ્તામાં ચાલ્યો જાય છે. તદ્દન ગરીબ માણસ-જાનવરના મોઢામાં ફસાયો છે. રાજા તેને છોડાવે છે. હવે પેલો

વિચાર કરે છે કે—" રાજાએ મને ઉપકાર કર્યો છે. ઉપકાર ખાઇ જવો તે તો જાનવર પણ ન કરે. કૂતરો જેનો રોટલો ખાય તેને કરડતું નથી. પગથી ઘસડે તો પણ તેને કરડતું નથી. કૂતરું પણ ઉપકારને સમજે છે, તો હું તો મનુષ્યજાત, ઉપકાર ન સમજું તો પશુથી ગયો, માટે હું ગરીબ માણસ રાજાનો શી રીતે બદલો વાળું ? જો રાજા રાજગાદીથી ભ્રષ્ટ થઈ જાય, દરિદ્રી થઈ જાય તો બદલો વળે તેમ છે; માટે રાજા દરિદ્ર થઈ જાય તો ઠીક થાય, ને હું રાજાને બચાવી લઉં. જો આમ થાય તો હું મારો ઉપકાર વાળી દઉં." ઉપકારનો બદલો વાળવાની બુદ્ધિ જોઇ ! રાજા ગાદીથી છૂટો થાય—મૂર્ખતાને લીધે અપકારમાં ધકેલવાની બુદ્ધિ થઈ ! તેવી રીતે અહીં બારીક બુદ્ધિએ ધર્મ જોવામાં ન આવે તો ધર્મબુદ્ધિ છતાં ધર્મનો નાશ થાય. આટલા માટે હરિભદ્રસૂરિજી કહે છે કે—ધર્મ, આર્યોનું જીવન છે. પણ ધર્મને સૂક્ષ્મબુદ્ધિએ ઓળખવાની—તપાસવાની પરીક્ષા કરવાની દરેક આર્યોની ફરજ છે. ધર્મને કાંઈ ચાખી ઓછો જ જોવાય છે ? અડ્યાથી—ચાખ્યાથી—સુંઘ્યાથી રૂપ શબ્દથી ધર્મની પરીક્ષા થવાની નથી. દુનિયામાં બુદ્ધિની પરીક્ષા શાથી કરાય છે ? રૂપાદિથી તેની પરીક્ષા થતી નથી, પણ વિચાર—અક્કલ—વિવેકથી બુદ્ધિની પરીક્ષા થાય છે, તેમ ધર્મની ઇન્દ્રિયથી પરીક્ષા ન થાય. તેવો ધર્મ છતાં અક્કલથી સૂક્ષ્મ—બારીક બુદ્ધિથી તેની પરીક્ષા થાય છે. હવે કેવી રીતે ધર્મની પરીક્ષા થાય, તે અગ્રે—

# દેશના—૩૪

૨૦૦૦ પોષ વદી ૧૦ વડોદરા-દેરાપોળ

सम्यग्दर्शनशुद्धं यो ज्ञानं विरतिमेव चाप्नोति ।
दुःखनिमित्तमपीदं तेन सुलब्धं भवति जन्म ॥

## વસ્તુના માલીક છતાં વ્યવસ્થા કરવાનો હક ક્યારે મળે ?

શાસ્ત્રકાર મહારાજા—ભાષ્યકર ઉમાસ્વાતિ મહારાજ, ધર્મોપદેશ કરતા થકા પ્રથમ ભવ્ય જીવોને જણાવે છે કે—મહાનુભાવ ! મળેલી ચીજની કીંમત કરતાં તો શીખ ! વસ્તુ મળવી મુશ્કેલ છતાં મુશ્કેલીના કારણને—તેના સદુપયોગને—તેનાં ફળને—તેના દુરુપયોગને—તેનાં નુકશાનને ન સમજે તો તેને, તે ચીજની વ્યવસ્થા કરવાનો હક માલિકી છતાં મળતો નથી. સગીરોની મીલકતની વ્યવસ્થાનો હક—માલિકી—કબજો છતાં વહીવટ કરવાનો હક સગીરોનો મળતો નથી. મિલકતનો માલીક સગીર, છતાં વહીવટ કરવાનો હક સગીરને ન મળે. તેની પાસેથી વેચાતી લો. ઘર લખી આપે તો કોરટ કાઢી નાંખે. એકાએક છોકરો હોય, ઘરમાં રહેતો હોય—તમને આપે તો ! વ્યવસ્થા કરવાનો હક નથી. કેમ નહીં ? માલીકી મળી ગઈ છતાં, કબજો મળી ગયા છતાં કેમ હક નહીં ! પ્રથમ પ્રયત્ન માલિકી માટે થાય. જગતમાં માલીકી કબજો મેળવાય, આ માલીકી કબજો સગીરને તો જન્મસિદ્ધ છે, છતાં તે સગીરની કરેલી વ્યવસ્થા કોઇને કબૂલ નથી. સગીર, મકાનનો માલીક છતાં તે મકાનને વેચાતું કે ભાડે પણ આપી ન શકે,

કારણ એક જ. મળેલી ચીજની દુર્લભતા, મળેલી ચીજના સદુપ-યોગના ફાયદા, દુરુપયોગના ગેરફાયદા તે બાળક સમજતો નથી. તેની દુર્લભતા ન સમજે, તો માલીકી અને કબજો છતાં, વ્યવસ્થા-વહીવટ કરવાનો હક મળતો નથી. આ વાત દુનિયાદારીને ઓળખનારાને નવેસરથી સમજાવવાની હોતી નથી. આ વાત સિદ્ધ થએલી ચીજ છે, પરંતુ તે વાત આપણા પર ઉતારો. આ તમારો મનુષ્ય જન્મ તમારી માલીકીનો—તમારા પોતાના કબ-જાનો, તેનો બીજો કોઈ માલીક નથી. તમારા મનુષ્ય જન્મનો કબજો તમારા હાથમાં જ છે, છતાં તે ભવની વ્યવસ્થા કરવાનો હક તમને મળતો નથી. અને જે કંઈ વ્યવસ્થા કરો તે કાયદા બહાર. તેવી રીતે મનુષ્યભવ તમારી માલીકીનો, તમારા કબ-જાનો પરંતુ વ્યવસ્થા કરવા માટે તમે લાયક થયા નથી. મનુષ્ય ભવની મુશ્કેલીને તમે સમજ્યા છો ? જે મનુષ્ય, મિલકતની કીંમત, તેની મુશ્કેલી ન સમજે તો તેને વ્યવસ્થા કરવાનો હક શો ? તેવી રીતે મનુષ્યભવની મુશ્કેલી આપણે સમજીએ નહીં ત્યાં સુધી મનુષ્ય ભવના ભલે આપણે માલીક છીએ છતાં વ્યવસ્થા કરવાનો હક આપણને મળે નહીં.

### સર્વ ભક્ષક કાળ.

સર્વ દર્શનકારો—ધર્મકારો એ વાત નક્કી કરે છે કે ૮૪ લાખ જીવાયોનિમાં ભમતાં ભમતાં મનુષ્યભવ પામવો મુશ્કેલ છે, તેમ દરેક કહે છે; પરંતુ ક્યા રૂપે મુશ્કેલ છે, તેનો વિચાર ઓછા દર્શનવાળાએ કર્યો છે ! કારણ એક જ. જગતમાં બે વસ્તુ હંમેશા ટકે. કાં તો સર્વ શક્તિમત્તા, કાંતો સર્વ અશક્તિ-મત્તા. વચલો માર્ગ હંમેશાં ટકતો નથી. ઝુલાવામાં ચડ ઉતર હોય. સર્વ શક્તિમત્તામાં ચડવાનું ન રહ્યું. સર્વ અશક્તિમત્તામાં

ઉતરવાનું ન રહ્યું. જીવનને અંગે વિચારીએ. એ સ્થાને નિંચે-સર્વથા ઊંચું કે સર્વથા નીચું. જેઓને સંપૂર્ણ ગુણો ઉત્પન્ન થએલા છે, આજથી અનંતા કાળ પહેલાં જેમને કેવળ થયું છે-વર્તમાનમાં થાય છે ને થશે, તે બધાનું સ્વરૂપ એક જ સરખું. કાળ આખા જગતને કોળિયો કરે છે. કાળ કોળિયો ન કરે તેવી ચીજ જ જગતમાં નથી. કાળ એવી ચીજ છે કે-તે સર્વને ખાઈ જાય છે. કાળના મુખમાંથી કોઈ નીકળી શકતું નથી. આખા જગતને કાળ કોળિયો કરે છે. કાળનો કોળિયો કરનાર કોઈ હોય તો તે સિદ્ધ પરમાત્મા. ગમે તેટલો અનંતો કાળ જાય તો પણ, અનંતા કાળચક્રો જાય તો પણ, તેમના ગુણમાં રજ માત્ર પણ અધિકન્યૂનપણું ન થાય. આપણી જિંદગીમાં ચાંદા ને સૂરજ જન્મ્યા ત્યારે જેવા હતા તેવા જ યુવાન કે વૃદ્ધાવસ્થામાં છે-એક જ સરખા ચંદ્ર-સૂર્ય એવા ને એવા જ.

## સિદ્ધો ઉપર કાળની અસર નથી.

આપણી જિંદગીની અપેક્ષાએ સૂર્ય-ચંદ્રમાં ફરક નથી. તેમ જ્ઞાની કેવળજ્ઞાનીઓની અપેક્ષાએ સર્વકાળે કેવળજ્ઞાની-સિદ્ધોનું સ્વરૂપ એક સરખું જ રહે. આપણી જિંદગીની અપેક્ષાએ કશો જ ફરક નહીં. તેવી રીતે સિદ્ધ પરમાત્માનું સ્વરૂપ ગમે તો ઉત્સર્પિણીમાં દેખો પણ બધા કાળે સરખું. તેની ઉપર કાળ અસર કરતો નથી. ચંદ્રસૂર્યમાં પૂર્વ પશ્ચિમ મધ્ય-ગામી તેવી અવસ્થા ફરે છે. તેજમાં બિંબમાં ભલે ફરક ન હોય, પણ સંજોગમાં ફરક છે. સિદ્ધ પરમાત્માને અંગે અનંતો કાળ જાય તો પણ સ્વરૂપ, ક્ષેત્ર કે દશામાં ફરક ન પડે. તેથી કાળની અસર સિદ્ધો ઉપર નથી. જેવી રીતે સિદ્ધ પરમાત્મા સર્વો-

ષ્ટ સ્થિતિવાળા છે તેવી જ રીતે સૂક્ષ્મ નિગોદની અવસ્થા સર્વથી ઓછી. સર્વથી હલકામાં હલકી અવસ્થા નિગોદની. એક જ એવું સ્થાન કે જેની અંદર અનંતી ઉત્સર્પિણી સુધી એક સરખી સ્થિતિ સિદ્ધિસ્થાન કે નિગોદ છે. સર્વ શક્તિવાળા સિદ્ધ મહારાજનું સ્થાન ને બીજું નિગોદનું સ્થાન. આપણે સર્વ શક્તિવાળા તો બનેલા નથી. જન્મ, જરા, મરણ, રોગ, શોકના સપાટામાં આપણે છીએ. સિદ્ધ થએલા આત્માઓ, જન્મના મરણાદિના સપાટામાં આવતા નથી. એ જ પુરાવો છે કે–હજુ આપણે સર્વ શક્તિવાળા થયા નથી. ત્યારે હવે નિત્ય અવસ્થા કઈ બાકી રહી ? માત્ર નિગોદની જ.

## અનંતાની ભાગીદારીવાળું નિગોદનું શરીર

નિગોદ શબ્દ આપણે જાણીએ છીએ, બોલીએ–માનીએ છીએ, માત્ર ઊંડા ઉતરવાને અંગે ઢીલ કરીએ છીએ. દુનિયામાં બધી ભાગીદારી હોય. મકાનની, માલીકની, આબરુની પણ ભાગીદારી કુટુમ્બમાં હોય; પરંતુ કોઈ પણ જગ્યા પર શરીર–શ્વાસની ભાગીદારી હોય છે ? શરીર બધાનાં સ્વતંત્ર. શરીર ભાગીદારીની ચીજ નથી. શ્વાસ સ્વતંત્ર ચીજ. આપણી દૃષ્ટિ જગત તરફ જ્યારે ફેરવીએ ત્યારે શરીર, શ્વાસ સ્વતંત્ર માલમ પડશે; પણ નિગોદમાં એક શરીર નાનું, આંગળાનાં અસંખ્યાતમા ભાગ જેવડું, દેખી ન શકાય તેવું તે પણ અનંતા જીવોની ભાગીદારીવાળું !

નિગોદનાં સ્વરૂપમાં દૃષ્ટિ નાંખો. અનંતા જીવોની ભાગીદારીવાળું શરીર. જીવવિચારમાં સાધારણ શબ્દ વાપર્યો છે. કાયા અનંતાની એક. સાધારણ ખોરાક, શ્વાસ અનંતાનો સંચારો. આવા આપણે પહેલાં હતા, જગતના દરેક જીવો

પહેલા આપ હતા જ કોઈક ભવિતવ્યતાનો જોગ થયો, કોઈક આત્માનો તેવો સ્વભાવ ઉલસ્યો, પલટ્યો, ભવિતવ્યતાએ મદદ કરી, ત્યારે આપણો આત્મા આગળ વધ્યો.

## કિંમતી વસ્તુનો ઉપયોગ ગમે તેમ ન કરાય !

જીવની ઉત્ક્રાંતિનો વિચાર કરો. જીવની મૂળ દશા વિચારો, અને પછી તમારી ઉત્ક્રાંતિનો વિચાર કરો. તે વિચાર ન કરો ત્યાં સુધી મનુષ્યપણાની વ્યવસ્થા કરવાનો હક નથી. એ વિચાર કરો ત્યારે જ તમે મનુષ્યપણાની વ્યવસ્થા કરવાના હકદાર થાવ છો. એટલા માટે જ જણાવ્યું કે—આ મનુષ્ય જન્મ, કેવો દુર્લભ છે ? એ અનંતા જીવો એક કાયાના ભાગીદાર હતા. એ ભાગીદારોમાંથી માત્ર એકાદ આગળ આવ્યો. કેટલી મુશ્કેલી ? એક હોડીમાં હજાર બેઠા. હોડી ડૂબી તેમાં ૯૯૯ ડૂબે ને આપણે એક બચ્યા તો આપણને આપણે કેટલા ભાગ્યશાળી ગણીએ ? ૧૦ હજારમાં એક બચે—લાખમાં એક બચે, બાકીના ડૂબે ! બધાં ડૂબે અને એક બચે તો કેટલો બધો ભાગ્યશાળી ? આપણે તેને કેટલો બધો ભાગ્યશાળી માનીએ ? તો આપણે અનંતામાંથી એકલા બહાર નીકળ્યા. વ્યવહાર નિગોદમાં આવ્યા. ત્યાં પણ શરીર એનું એ; માત્ર થોડોક જ ફરક. ભાગીદારી અનંતાની; શરીર-શ્વાસ ભાગીદારીવાળો; ફરક માત્ર પેલું શરીર દેખાય નહીં તેવું સૂક્ષ્મ હતું, જ્યારે આ દેખાય એવું બાદર શરીર. જે કાયા ન દેખાય તેવી હતી તે હવે દેખાવા લાગી. એમ કરતાં આગળ વધ્યો, સ્થાવરમાં આવ્યો, એટલે એક જીવ ને શરીર, શ્વાસ વગેરે સ્વતંત્ર તે પૃથ્વી, અપ્, તેઉ વગેરે કાયાવાળા બાદર પૃથ્વીકાય દેખાય તેવા; પરંતુ તેને રસની ઓળખાણ નથી, માત્ર સ્પર્શ જાણી શકે. તેમાંથી પ્રયત્ન

વધી. બેઇન્દ્રિયવાળો થયો. એટલે સ્વતંત્ર શરીર દેખાય તેવું અને વધારેમાં સ્પર્શ, રસ જાણવાની તાકાતવાળો થયો. તેથી વધે ત્યારે તેઇન્દ્રી, ચઉરિન્દ્રી, પછી પંચેન્દ્રિય. તેમાં પણ આગળ વધ્યા ત્યારે વિચાર કરવાની તાકાત સહેજે મળી ગઈ! ઉપદેશ-પ્રેરણા નહીં. ત્યારે આપણે મનુષ્ય જન્મમાં આવ્યા. જીવનની સાધનસામગ્રીવાળા થયા. હવે ઉત્ક્રાન્તિવાદની અપેક્ષાએ વિચારીએ તો કેટલી મુશ્કેલીએ આપણને આ શરીર મળ્યું ? કેટલા વમળોમાંથી પસાર થઈ નીકળ્યા ? આટલા વમળોમાંથી નીકળ્યા ત્યારે તમે મનુષ્યભવમાં આવવા પામ્યા છો. હવે તેનો સદ્ઉપયોગ કર્યો ? કિમતી પદાર્થ, તેનો ગમે તે ઉપયોગ ન હોય. તેનો ઉપયોગ યોગ્ય હોવો જોઈએ. આવી દુર્લભતાથી આ મનુષ્યભવ મળ્યો, હવે મનુષ્ય ભવનો સદ્ઉપયોગ કર્યો ?

મહાનુભાવ ! ચંદ્રહાસ તલવાર લઈ ઘાસ કાપે ને કહે કે-મેં આ તલવારનો કેવો ઉપયોગ કર્યો ? તો આપણે હસીએ. કારણ ? તેવી તલવારનો ઉપયોગ ઘાસ કાપવા માટે ન હોય. તેમાં તો ચપ્પુ-દાતરડું બસ છે. તેમ સ્પર્શઇન્દ્રિયના સુખો, રસનાના ખાવાપીવા, એશઆરામના સુખ મેળવીએ ને મનુષ્યભવ સફળ થયો ગણીએ તે મનુષ્યભવની સફળતા નથી. તે ગણાવી સફળતા તો તરવારથી તરણું કાપવા જેવી સફળતા છે. ઇન્દ્રિયોના વિષયને લીધે મનુષ્ય ભવની સફળતા ગણતા હો તો વિધાતાને શાપ દેશો કે-નખોદ જજો તારું કે તેં મને મનુષ્ય બનાવ્યો. કારણ સમજો. મનુષ્ય ભવ એટલે મોંઘવારીનો ખાડો. ચીજને મોંઘેરી બનાવનાર, ઘોડા-બળદ-કૂતરા-બિલાડા એ બધા સ્પર્શના સુખને અનુભવે છે. સ્ત્રી-

પુરુષના સમાગમના સુખ અનુભવે છે. તેમને તે મોંઘા નથી, તમારે મોંઘા છે. તમો જવાબદારી ઉઠાવો તો સ્ત્રીસુખ ભોગવી શકો. જૈનનાં કુળમાં ઉપજેલો દીક્ષામાં અજાણ્યો નથી.

સાધુ ગોચરી આવે તો તે વખતે બાલિકાઓ ખસી જાય છે. તદ્દન નાની હોય ત્યારથી જ જૈનની બાલિકાઓ આ સમજે છે. સાધ્વી ગોચરી આવી હોય ત્યારે નાના છોકરા પણ ખસી જાય. જાણે છે કે અડકાય નહીં. સાધુપણાની મૂળ જડનો જૈન બાળકોને ખ્યાલ હોય છે. મહારાજ ગાડીમાં ન બેસે, સાધુ-પણાની મર્યાદા જૈન બાળક પણ સમજે છે, પણ તમે લગ્ન કર્યાં, લગ્ન કર્યાંને આટલી બધી મુદત વીતી ગઈ તો પણ હજી સુધી લગ્નમાં સમજ્યા છો ?

## લગ્નની જવાબદારી.

લગ્નની જવાબદારી સમજ્યા નથી. તે એટલી બધી કરી છે કે–કાળજાં કકડાએ, દુનિયાદારીની સ્થિતિએ કહું છું. દેવા-દાર મનુષ્ય થાય તો ચોપડા મોકલાવી આપે, ને ઇન્સોલવં-સીમાં જવાથી છૂટી જવાય. પણ બાયડીના લેણાથી છૂટાતું નથી. મહીને....મહીને ભરણપોષણ તમારે આપવું જ જોઇએ, ન આપો તો મહીને મહીને કેદ ને હુકમનામું. તેથી જિંદ-ગીના છેડા સુધી જવાબદારી છે. પરણેલાએ આ જવાબદારી ખ્યાલમાં લીધી! તમારામાંથી આ જવાબદારી કેટલાએ વિચારી! એ બાયડી ૧૦૦) રૂા. કમાય તો પણ તમારી પાસે ભરણ-પોષણ જુદું જ માગે. તમારી જવાબદારી ન ખસે. બજાવવામાં ભુલ થાય તો ! સંતાન હોય તો બેનાં ભરણપોષણનો દાવો તમારે અદા કરવો જોઇએ. તેમાં લેણા ન રખાય !....ત્રણ કે પાંચ વરસની તેમાં મુદત જ નહીં. જેમાં બુધવારીયાથી પણ

છટકો ન થાય, તેટલી જવાબદારી લગ્નની છે. પણ તે વિચારી નથી. કહો....જાનવરને આમાંની એકે જવાબદારી છે? તો તો પછી આ મનુષ્યપણાની મોંકાણ જ ને? જાનવરપણામાં આ વિષય મોંઘા ન હતા, તો મનુષ્યપણું મેળવીને શું ફાવ્યા? એવી જ રીતે રસના–ઇન્દ્રિયોમાં કીડી–મકોડી–માખીઓ પેટ-ભર મીઠાઈઓ ખાય તમે કોઈકની દુકાનેથી તે રીતે લઈને ખાવ તો ખરા! બટકુ તો લઈ જુઓ! સજા થાય. મનુષ્ય-પણામાં રસનો વિષય મોંઘો પડયો. તેવી રીતે ઘ્રાણ ઇન્દ્રિય-ને અંગે. રાજાના બગીચામાં ભમરાઓ–માખીઓને કોઈ રોકટોક ન કરે, તમો જાવ તો તરત સિપાઇ રોકે. મનુષ્ય થયા તો તમને રોકટોક છે ને? ભમરા–માખીઓને રોકટોક છે? ઘ્રાણને અંગે તેવી રીતે ચક્ષુ–શ્રોત્રને અંગે તિર્યંચોને રોકટોક નહીં. આપણને એકપણ વસ્તુ મોંઘવારી–જવાબદારી–જોખમદારી વગરની નહીં, તો આપણે મનુષ્યપણું મેળ-વીને કર્યું શું? ઇન્દ્રિયોની જો વિષયના ઉપયોગ તરીકે સફળતા ગણો તો જાનવરપણું સારું. તે માટે ઉમાસ્વાતિજી વાચક કહે છે કે–મનુષ્યપણાનો સદુપયોગ ત્યારે જ કહેવાય કે–(૧) પ્રાપ્ત કરવા લાયક ચીજનો નિશ્ચય કરવો. (૨) પ્રાપ્ત કરવા લાયક ચીજને સિદ્ધ કરવાનાં સાધનો મેળવવા અને (૩) મળેલાં સાધનોની સફળતા કરવી. આ ત્રણ ચીજ કરી શકો તો મનુષ્ય ભવની સફળતા. તે શબ્દો પ્રચલિત લાવીએ તો સમ્યગ્ દર્શન, જ્ઞાન ને ચારિત્ર તે જ પ્રાપ્ત કરવા લાયક ચીજનો નિશ્ચય. તે જ મેળવવું છે; તે સિવાય બીજું નહીં, એ જ નિશ્ચય. આ સિવાય બીજું નહીં. સર્વ કર્મનો ક્ષય કરી, શુદ્ધ સ્વરૂપ દશા પ્રગટ કરવી તે સિવાય બીજું નહીં. આ

# દેશના-૩૫

૨૦૦૦ પોષ વદી ૧૧ દેરાપોળ-વડોદરા.

## મનુષ્યગતિ જ માત્ર મોક્ષની નિસરણી.

શાસ્ત્રકાર મહારાજ ભગવાન ઉમાસ્વાતિજી મહારાજ. ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ કરતા થકા આગળ સૂચવી ગયા કે-મનુષ્યભવ, એ આપણા હાથમાં આવેલી વસ્તુ કે જેના આપણે માલીક છીએ, જેનો આપણે કબજો ધરાવીએ છીએ. પરંતુ માલિકી-કબજો મળવાથી વસ્તુની વ્યવસ્થા કરવાનો હક આપણો નથી. સગીર જે ઘરમાં રહ્યો હોય તે ઘર તેના કબજાનું છે છતાં તેમાંથી એકાદ ઓરડો ભાડે આપવાનો સગીરને હક નથી. કારણ ? જ્યારે માલિકી કબજો તેનો છે તો તે વ્યવસ્થા કરે તેમાં અડચણ શી છે ? તો અડચણ એ છે કે-માલીકી કબજો છતાં પણ મીલકતની ઉત્પત્તિની કીંમત, મીલકતનો સદુપયોગ, એના ફાયદા-ગેરફાયદા, નુકશાન વગેરેને સગીર, બરાબર સમજે નહીં તેવા તે સગીર

---

સ્થિતિ આવે તે જ **સમ્યગ્દર્શન.** આશ્રવ છોડવો, સંવર નિર્જરા આદરવી, એમ જે જાણમાં આવે તે **સમ્યગ્જ્ઞાન.** અને તે આદરાય તે **ચારિત્ર.** આ સમ્યગ્દર્શનાદિ રૂઢિથી બોલાય તે આ જ છે. નિશ્ચય, સાધન અને તેની સફળતા. આ ત્રણ વસ્તુ મેળવવા માટે મનુષ્યભવનો ઉપયોગ કરી શકીએ તો મનુષ્ય ભવ સફળ કરી શકીએ. આ ત્રણ ચીજ દેવતા, નારકી, તિર્યંચો ન મેળવી શકે. મનુષ્ય સિવાય આ ત્રણ ચીજ કોઈ ન મેળવી શકે. હવે આ ત્રણ ચીજ કેવી રીતે મળે છે તે અગ્રે-

મનુષ્યને વ્યવસ્થા કરવાનો હક્ક રહેતો નથી. આ વખત મળેલાં જીવનમાં ભલે મનુષ્યભવના આપણે જ માલીક છીએ. કબજો પણ આપણા હાથમાં છે, છતાં પણ મનુષ્ય જન્મ-ભવની વ્યવસ્થા કરવા માટે આપણે લાયક બન્યા નથી. મનુષ્ય-ભવની કીંમત આપણા ખ્યાલમાં નથી. તે મળવાની મુશ્કેલી આપણા ખ્યાલમાં ન આવે ત્યાં સુધી તેની વ્યવસ્થા કરવાનો અધિકાર આપણને નથી. ગઈકાલે આપણે જીવને અંગે ઉત્ક્રાન્તિ-વાદની દિશા જણાવી. જીવ પહેલાં ક્યાં હતો ? ત્યાં ક્યાં ક્યાં ફર્યો. આગળ ચડીને જે માત્ર સ્પર્શના જ્ઞાનવાળો હતો, તે સ્પર્શ-રસ-ગંધ-રૂપના વિચારવાળો થયો. યાવત્ મોક્ષની નીસરણીરૂપ મનુષ્યભવ મેળવી શક્યો

મોક્ષ મેળવવાવાળાને મનુષ્યભવ એ જ નીસરણી. અનંતો કાળ ગયો, જશે છતાં કોઈપણ જીવ મનુષ્યભવ સિવાય મોક્ષ મેળવી શક્તો નથી-મેળવ્યો નથી તેમજ મેળવશે નહીં. કોઈ પણ કાળે ક્ષેત્રે કોઈપણ અવસ્થામાં મનુષ્યપણા સિવાય મોક્ષ મેળવી શકે જ નહીં. એ વાત શ્રદ્ધાનુસારી માની લે; પરંતુ જગતમાં સર્વ જીવો શ્રદ્ધાનુસારી નથી હોતા. શ્રદ્ધાનુસારી તે કે-" શાસ્ત્રકારે જે કહ્યું તે માનવું, તેમાં યુક્તિ કે બુદ્ધિ લગાવવાનું કામ નથી. મારા કરતાં વિશિષ્ટ જ્ઞાની પુરુષોએ કહેલું છે, તે માનવા લાયક જ છે." આવી શ્રદ્ધાવાળા આત્માઓ કથન માત્રથી માની લે, પરંતુ સર્વ જીવો સરખી ધારણાવાળા હોતા નથી. કેટલાક પુણ્યાત્માઓ આવા શ્રદ્ધાળુ હોય, પણ કેટલાક સારી સ્થિતિમાં ન આવ્યા હોય તે સર્વજ્ઞની વાતમાં પણ તર્કને જરૂર માગે. નારકી, મોક્ષ ન મેળવી શકે તેનું કારણ ? દેવતા શક્તિથી-જ્ઞાનથી-સામર્થ્યથી મનુષ્ય કરતાં

અધિક છતાં તે દેવતાઓ મોક્ષ ન મેળવી શકે તેનું કારણ? એવા તર્કાનુસારીઓને ત્રણ ગતિમાં મોક્ષ નથી મળતો એમ તર્કથી નક્કી થાય, ત્યારે 'મનુષ્ય ભવજ મોક્ષની નિસરણી' એમ મનાય. તેઓને એ ત્રણ ગતિથી મોક્ષ નથી મેળવી શકાતો એ નક્કી થવું જોઈએ. શંકાકારને બોલતો અટકાવવો ન જોઈએ. પૂરી શંકા કરવા જ દેવી. અટકાવવામાં આવે તો તે બોધ પામે જ નહીં. નારકી, તિર્યંચ અને દેવતાને પણ મોક્ષ નહી થવાનું કારણ શું? એ સમજાય તો મનુષ્યભવ મોક્ષની નીસરણી છે એમ મનાય અને તેની કિંમત તથા સદુપયોગ કરવા માટે પ્રયત્ન કરવો સુઝે.

## નારકીની સિદ્ધિ.

બીજા જોડેવાળાએ કહ્યું કે-"એ વાત પછી. મનુષ્યપણું એજ મોક્ષની નીસરણી, પણ તે પહેલાં સિદ્ધ કરો કે નારકી વગેરે માનવા જ શાથી? આ નારકીની જેમ દેવતાને અંગેય શંકા રહે, પણ જ્યોતિષચક્ર મનુષ્ય માટે પ્રત્યક્ષ વિષય છે, તેથી દેવતા હજુ મનાય, પણ નારકી શી રીતે માનવા? નારકી છે, ઉગ્ર પાપ કરનારને નરકમાં જવું પડે છે, ત્યાં કારમાં દુઃખો ભોગવવા પડે છે, તેમાં પ્રમાણ શું?" આ વાત જેઓ શ્રદ્ધાનુસારી નથી, તેઓ માટે છે.

તેવો તે તર્કાનુસારી કહે છે કે-'નારકી છે તે તો જણાવો, પછી નારકી મોક્ષ ન મેળવે તે સમજાય.' મહાનુભાવ! તારી વાત ખરી. એક વાત ધ્યાનમાં લઈશ? ગુના કરતાં સજા ચઢીયાતી હોય. એકે પાંચ રૂપીયાની ચોરી કરી તેના પાંચ રૂપીયા દંડ કરાય તો ચોરી રોકાય ખરી? કહો કે-ગુના કરતાં સજા અધિક હોવી જોઈએ. જગતના નિયમમાં સજા

અધિક હોય તો કુદરતના નિયમમાં ગુના કરતાં સજા અધિક હોય એ વાત સ્પષ્ટ. "**सकृत्कृतस्य दशगुणो उदयो**" એક વખત કરેલું પાપ દશગણું તો જરૂર જઘન્યથી ઉદયમાં આવે. જગતનો તેમજ કુદરતનો નિયમ છે, તે રીતે શાસ્ત્રકાર પણ એમ જ કહે છે કે ગુના કરતાં સજા અધિક હોય. આખી જિંદગી અધમ જીવનથી જીવ્યા, તેને ક્યાં સજા ભોગવે તો તે સજા પૂરી થાય? લાખ વરસ સુધી ખાટકી જેવા અધમ ધંધા કર્યા, લાખ વરસનાં કરેલાં પાપો ભોગવવાનું સ્થાન ક્યાંથી લાવવું? ગમે તેવી કરડી સરકાર હોય છતાં પણ તે સજા કરવામાં પાંગળી છે. એક માણસે એકનો વધ કર્યો, તેની સજા ફાંસી–દસનો વધ કર્યો હોય તો પણ એક જ વખત ફાંસી. તો નવના ખૂનની સજા તે સરકાર શી રીતે પૂરી કરી શકે? એક વખતની સજામાં જ તેની સત્તા બંધ થાય છે. પહેલાના કાળ-માં–અગાઉના વખતમાં ખૂનીને ફાંસીએ લટકાવવો, એમ કાયદો હતો.

એક વખત એક શ્રીમંતના પુત્રે ખૂન કર્યું. કોર્ટમાં કેસ ચાલ્યો. ખૂનીનો વકીલ બચાવમાં કાંઈ જ બોલ્યા વગર બેસી રહ્યો. ખૂની અને તેના સંબંધીઓ વકીલને કહેવા લાગ્યા–'કેસ તો માર્યો જાય છે, કાંઈક તો બોલો.' વકીલે કહ્યું–'મારા ધ્યાનમાં છે, માટે કશું નથી કહેવું.' ખૂનીના બાપે કહ્યું–'શું ધાર્યું છે? મારા છોકરાને ફાંસીએ મોકલવો છે?' છતાં વકીલ કાંઈ જ ન બોલ્યો! કોર્ટે ફાંસીની સજા કરી. લઈ ગયા. ફાંસીને માંચડે લટકાવ્યો. ફાંસો નાખે છે કે–તરત જ વકીલે છોકરાને પોતાના તરફ લઈ લીધો! કોરટવાળા કહે છે–કેમ? શું લખ્યું છે? 'ફાંસીને માંચડે લટકાવવો.'–'મારવો' નથી

જાણ્યું. કોર્ટ હતાશ બની. વકીલ સીધો છોકરાને લઈને ઘેર લાવ્યો. પછી તે કાયદામાં સુધારો કર્યો કે–' જીવ જાય ત્યાં-સુધી લટકાવી રાખવો.'

હવે એ સુધારા પછી પણ દસ જણના ખૂનીને નવ ગુના બાકી રહ્યા તેનું શું ? પેપર વાંચનારને તે ખ્યાલમા કે-સાવરકરને ફાંસી આપી ત્યારે સાવરકર કહે છે કે–' સરકાર આ ભવની સજા કરે છે કે ભવાંતરની ! ' અર્થાત્ સરકાર એક સજા કર્યા પછી પાંગળી છે પણ કુદરત તેવી પાંગળી નથી. તેથી લાખ વરસનાં પાપ ભોગવવા માટે લાખો વરસની લાંબી જિંદગી હોવી જોઈએ તેમ બાળીને માર્યા હોય તેઓને લાખો વખત બળવાનો વખત આવે તેવું સ્થાન માનવું જોઈએ. તે સ્થાન એવું માનવું જોઈએ–માત્ર દુ:ખ જ ભોગવે પણ જીવ ન જાય. અહીંની ટાઢ કરતાં અનંતગુણી ટાઢ ભોગવે પણ જીવ ન જાય. અહીં કરતાં ભૂખ–તરસ–ટાઢ–તાપ–રોગ અનંતગણા સહન કરે, પણ જીવ ન જાય, તેવું સ્થાન માનવું પડે. નરક શબ્દ બોલવાની ભલે જરુર ન હોય; સત્તાની ઉપર અંકુશ રાખનાર હોય તો કુદરત લાખો વરસો સુધી ભૂખે–તરસે, ગરમી–ઠંડી અસંખ્યાતાગુણી સહન કરે તો પણ મરે નહીં. તેવા જીવોનું કોઈપણ સ્થાન માનવું જ પડે. એ માન્યા સિવાય પાપનું ફળ નહીં માની શકો. આવું દુ:ખ ભોગવવાનું સ્થાન તમારે એવું માનવું જ જોઈશે. તેમાં પણ સરકારની સજા ગુનેગાર ખ્યાલમાં લ્યે, તેવી રીતે ભોગવાવે છે. કોઈએ વધ કર્યો હોય તે ફાંસી વખતે બેશુદ્ધ થાય તો સરકાર, ડૉકટર લાવી તેને શુદ્ધિમાં લાવે. પછી ફાંસી આપે. સમજદારીમાં થયેલા ગુનાની સજા સમજદારીમાં ભોગવાવે.

કલ્લારેક્ષિતરમ ગુંબડી ફાંસીએ સુધી લટકાવતાં શા માટે ? સજાનો અમલ સમજદારીમાં હોય. આ વાત ધ્યાનમાં લેશો ત્યારે નારકીના જીવોને અવધિજ્ઞાન નિયમિત માન્યું છે, તેનો ખુલાસો થશે.

જ્ઞાનને અંગે અક્કલવાળો એટલે મતિજ્ઞાની, શિક્ષિત એટલે શ્રુતજ્ઞાની વર્ગ, અતીન્દ્રિય એટલે અવધિજ્ઞાની વર્ગ, મન જાણવાવાળો એટલે મનઃપર્યવજ્ઞાની વર્ગ અને સર્વ જાણવાવાળો એ કેવળી વર્ગ, આવો સમસ્ત જાણનાર વર્ગ-વીતરાગ જ હોય. તેથી તેવાઓને પાપનો સંભવ ન હોય. તે વર્ગ પાપ કરે જ નહીં. તેના વિચારો જાણનાર વર્ગ સંયત જ હોય, માટે તે પણ પાપમાં પડેલો ન હોય. માત્ર પહેલા ત્રણ વર્ગ પાપમાં પડેલા હોય તો હોય. અક્કલવાળો વર્ગ, શિક્ષિત વર્ગ અને દૂર રહેલા પદાર્થોને ઇન્દ્રિયની મદદ વગર જાણનાર વર્ગ, આ ત્રણ વર્ગ ગુના કરનારા. છેલ્લા બે વર્ગ પાપથી દૂર રહેનાર હોય. અર્થાત્ એ ત્રણ વર્ગ પાપને કરવાવાળા હોય, અને છેલ્લા બે વર્ગ પાપ કરનારા ન હોય. શિક્ષા ભોગવવાનું સ્થાન નરક, તેમાં પણ મતિ-શ્રુત-અવધિ એ ત્રણ શક્તિ માનવી પડે. તે ત્રણ શક્તિ સાથે કરેલું પાપ ભોગવતી વખતે ત્રણ શક્તિવાળા રહેવા જ જોઇએ. આ ઉપરથી આપણે સૌ શિક્ષા ભોગવવાની. જ્ઞાનશક્તિ-આયુષ્ય-શરીર વગેરે કેવું હોવું જોઈએ તે નક્કી કર્યું ! આજાથી અનંતગુણી ટાઢ-તાપ-ભૂખ-તરસથી જીવન ન છૂટે, છેદાય-દાઝે તળાય પણ જીવન ન છૂટે, તેવું જીવન માનવું પડે. વૈક્રિય શરીર હોય. ઔદારિક શરીરથી તેટલી વેદના સહન ન થઈ શકે. લાખ વરસ સુધી કરેલાં પાપો ભોગવવા માટે લાંબી શક્તિ-જ્ઞાન-આયુ-શરીરમાન હોય. તેવું સ્થાન જે હોય તેને અમે નરક કહીએ છીએ

## નરક-તિર્યંચ ગતિ મોક્ષની નીસરણી નથી.

આવી સ્થિતિ નરકની હોવાથી કરેલાં પાપો ભોગવવાનું તે સ્થાન. જેલમાં ગયેલાને સ્વતંત્રતા નથી હોતી. ભલે રાજ-કુંવરો હોય કે મોટા શેઠીયા હોય. કરેલાં પાપોનાં ફળ ભોગવે તે વખતે ત્યાં સ્વતંત્રપણે વર્તવાનું ન હોય. પાપ ભોગવવામાં જ જિંદગી પૂરી થાય. પછી નારકીમાં મોક્ષસાધનને અંગે સામગ્રી મળે જ ક્યાંથી ? નરકનો ભવ સાગરોપમ કાળનો અવધિ જ્ઞાનવાળો હોય, વૈક્રિય શરીર હોય તો પણ મોક્ષ સાધવા માટે ઉપયોગી ન થાય. જાનવરને અંગે પરાધીન-વિવેકહીન જિંદગી. આત્માનો વિચાર કરવાની તાકાત ત્યાં ક્યાંથી લાવવી ? ત્યાં વિવેક આવવો અને આત્માહિત ઓળખવા તે શી રીતે બને ?

## દેવગતિમાં પણ મોક્ષ નથી

નરક, તિર્યંચ, મોક્ષની નીસરણી નથી પરંતુ દેવતાઈ જીવન મોક્ષની નીસરણી કેમ ન બને ? તે ન બને તો મનુષ્ય-જીવન મોક્ષની નીસરણી કેમ બને ? દુનિયામાં ડાહ્યા ને ગાંડા વચ્ચે આકાશ જમીનનું અંતર ગણાય છે, પણ બારીક બુદ્ધિથી વિચારીએ તો લગીર જ અંતર છે. લાખ અને કરોડ વચ્ચે અંતર એક પાઈનું જ ૯૯૯૯૯૯૯ રૂપીઆ ૧૫ આના અને ૧૧ પાઈ હોય ત્યાં સુધી લાખના કોઠામાં. તે કોઠામાં માત્ર એક પાઈ ઉમેરીએ તો તે કોઠો કરોડના કોઠામાં. તેમ દુનીયા-દારીની દૃષ્ટિએ વિચારીએ તો મોટું અંતર. વિચારીને વિચાર ગળ્યા વગર વર્તનમાં મૂકે તે ગાંડો. વિચારથી વિચાર ગળે તો ડાહ્યો. અહીં પેશાબની હાજત થઈ, તો અહીં સભામાં પેશાબ ન કરાય એમ સમજે તે ડાહ્યો, પેશાબની હાજત

થઈ, સભામાં પેશાબ કરે તે ગાંડો. દેવતાઓને અંગે "દેવાનાં વાંછામાં' દેવતાઓની સિદ્ધિ-ઇચ્છામાં, વિચારો આવ્યા કે કાર્યની સિદ્ધિ ! તેમને વિચાર ને વર્તન વચ્ચે અંતર નથી. જબરા આયુષ્ય, જ્ઞાન, સામર્થ્યવાળા છતાં વિચાર અને વર્તન વચ્ચે અંતર નથી. વિચાર દબાવવાની તાકાત દેવતામાં નથી. તેવા દેવતાઓ મોક્ષ માટે લાયક ન ગણાય ! મોક્ષની લાયકાતમાં પહેલો નંબર એનો કે જે-અનાદિકાળના મોહના વિચારોને દબાવે. મોહના વિચારો આવે અને તેને દબાવે. વિષયકષાયના આવેશોને દબાવી શકે, તે મોક્ષને લાયક બને. વિચાર દબાવવાથી પહેલાના કર્મો નીરસ બને.-કર્મોને નિરસ બનાવે ને નવા બંધાતા કર્મો રોકે, તે જ મોક્ષને માર્ગે જાય; માટે જ કહ્યું કે-દેવતાઓનો ભવ મોક્ષની નીસરણી નથી.

માટે મનુષ્યભવ મોક્ષની નીસરણી. મનુષ્યભવ કેવો કીંમતી છે તે જોયું, હવે તેનો સદુપયોગ કરો તો મોક્ષ મેળવી શકો. દુરુપયોગ કરો તો અનંતો સંસાર રખડાવે. આ સમજાય તો મનુષ્ય ભવની વ્યવસ્થા કરવાને લાયક ગણાઈએ. કીંમતીપણું સમજીએ તો વ્યવસ્થા કરવાનો હક આપણને મળે તે માટે તત્ત્વાર્થ સરખો ગ્રંથ અને તેનું ભાષ્ય કરતાં શ્રીઉમાસ્વાતિજી મહારાજે આટલું જણાવ્યું કે-તારા જન્મની પ્રથમ પંચાત કર. મહાદુઃખે મળેલો છે. જો તેનો દુરુપયોગ કરીશ તો મળેલ મનુષ્યભવ દુઃખનું જ કારણ છે, માટે મહાદુઃખે મનુષ્યભવ મેળવ્યો છે તેને એળે નહીં ગુમાવ.

અંધારી-ગંધાતી કોટડીમાં ૯ા મહિના ગર્ભમાં રહેવાનું હોય તો માત્ર મનુષ્ય ભવમાં જ. તિર્યંચમાં ગર્ભકાળ એટલો નથી, તેમજ ઊંધે માથે લટકવાનું નથી. તિર્યંચના ગર્ભ-

સ્થાનો તિરછો છે, તેથી તેને ગર્ભમાં ઊંધે માથે લટકવાનું નથી. મનુષ્યને ઊંધે માથે લટકવાનું છે. ૯ા મહિનાસુધી અંધારી–ગંધાતી કોટડીમાં લટકે તો ગર્ભ પાકે, માટે દુઃખનું નિમિત્ત, જન્મ પણ યંત્રપીલણની જેમ દુઃખે મળેલો છે. હવે તેનો દુરુપયોગ થાય તો ભાવીમાં પણ દુઃખનું કારણ છે, તો સદુપયોગ શી રીતે થાય? તે માટે કહે છે કે–ત્રણ ત્રણ વસ્તુ મેળવી લે તો તારા જન્મને વખાણવા લાયક બનાવી શકાય. રખડપટ્ટીમાંથી નીકળી જ્યાં રખડપટ્ટી નથી તેવું સ્થાન મેળવી લે, તેવું સ્થાન મારે મેળવવું છે, તેવો નિશ્ચય કર. '**सव्वाणि ठाणाणि असासयाणि**' જગતનાં તમામ સ્થાનકો મરણવાળાં અશાશ્વતાં છે. મરણ વગરનું માત્ર એક જ સ્થાન છે. અને તેજ મેળવવા લાયક છે, માટે મારે તે મેળવવું જોઈએ, પોતાને માટે એવો નિશ્ચય કરે કે–(૧) તેવો મોક્ષ મને કેમ મળે? એ પછી (૨) તેનાં સાધનો અને તેના બાધકો ધ્યાનમાં લ્યે. પછી (૩) તે બાધકોથી ખસી સાધનોનો ઉપયોગ કરે એ પ્રમાણે તે અમરણ સ્થાન પામવાનો નિશ્ચય આદિ તે ત્રણ વસ્તુ બરાબર સમજાય તે માટે શાસ્ત્રકાર કહે છે કે–સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર, તે અમરણ ધર્મ બનવાનાં સાધનો છે. તેનો ખ્યાલ લેવો તે સમ્યગ્‌દર્શનપૂર્વકનું જ્ઞાન, અને પછી તેનો અમલ કરવો તે ચારિત્ર. તેથી સમ્યગ્દર્શને કરી સહિત જે જ્ઞાન પામે અને તે પછી જે સમ્યક્ચારિત્રને પામે તે આત્મા, ખરેખર મળેલો મનુષ્યભવ સાર્થક કરી શકે છે. આ સાંભળી તે ત્રણ રત્ન મેળવવા જે માનવી ઉદ્યમ કરશે તે માનવી આ ભવ પરભવમાં કલ્યાણની પરંપરા પામી મોક્ષસુખને વિષે બિરાજમાન થશે—

## દેશના ૩૬

૨૦૦૦ પોષ વદી ૧૨ શનિવાર, યાકુબપુરા-વડોદરા

### સ્વાભાવિક સુખ સિવાય દુનિયાનું સુખ શ્વાને હાડકાં ચાટવા જેવું છે.

શાસ્ત્રકાર મહારાજ શ્રી ઉમાસ્વાતિજી મહારાજ, ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ કરતા થકા આગળ સૂચવી ગયા કે—તું શું પામ્યો છે? તે તો જો. નાના મોટા ભાઈઓ વિગેરે પાસે શું શું મિલ્કત છે? તે તું જુએ. પૈસા માટે આટલું લક્ષ રહે છે, તો પુણ્યથી મળેલ વસ્તુનું લક્ષ્ય કેમ નથી રહેતું? મનુષ્યપણું દુનિયાની કોઇપણ બીજી ચીજથી મળી શકતું નથી. એકેન્દ્રિય આદિ તમામ જીવો કરતાં વધારે પુણ્ય આપણી પાસે એકઠું થાય ત્યારે જ આપણે મનુષ્ય થઈ શકીએ.

બીજા જીવો, મનુષ્યો ન થયા અને આપણે મનુષ્ય કેમ થયા? આપણામાં અધિક પુણ્યાઈ હતી ત્યારે જ મનુષ્ય થયા છીએ. કેટલીક વખત બાદી ઉપર આવેલાને રાજ્ય કેમ મેળવાય છે, તેની મુશ્કેલી માલૂમ ન પડે. બાપ દાદાની ગાદી ઉપર આવેલાને રાજ્યપ્રાપ્તિની મુશ્કેલીની ખબર પડતી નથી. આપણે સમજણા થયા, તે પહેલાં મનુષ્યપણું મળી ગયું; એટલે મનુષ્યપણાની મુશ્કેલી આપણને માલૂમ પડતી નથી.

### ખાવાનું ન મળે તો ખાજાનો ભૂકો ખાય પણ ભૂખ્યો શું કરવા રહે?

અરે બીરબલ! એ દુબળા, દુબળા કેમ છે? ભીખારી દુબળો કેમ? બીરબલે કહ્યું—જહાંપનાહ! એને ખાવાનું મળતું

નથી. આ ઉત્તર સાંભળનાર પાદશાહ છે, અમીરીમાં ઉછરેલ છે, પાદશાહી મગજ છે, તેથી કહે છે કે-તે તો બેવકુફ છે, ગદ્ધો છે. ખાવાનું ન મળે તો છેવટ ખાજાનો ભૂકો ખાય, પણ ભૂખ્યો કેમ રહે છે ? પાદશાહના મનથી ખાજાનો ભૂકો એટલે કંઇ નહીં. પાદશાહના ભાણામાં ભૂકો ન પીરસાય, તેના ભાણામાં તો આખું મૂકવું પડે. ખાતાં ખાતાં ભૂકો બાકી રહે તે તો તેને ફેંકી દેવાની ચીજ. આથી પાદશાહને ખબર નથી કે-ખાજાનો ભૂકો દુબળાને તો દેખવોય દુર્લભ.

આપણે મનુષ્યપણામાં ઉછર્યા-ટેવાયા, તેથી તે સિવાયની અવસ્થા ખ્યાલમાં નથી. એટલે આપણને મનુષ્યપણાની કિંમત-દુર્લભતા ખ્યાલમાં નથી. આપણે પણ મનુષ્યપણું પામ્યા પછી સમજણા થયા. આવી આપણી સ્થિતિએ આપણને મનુષ્યપણું એ પાદશાહનો ખાજાનો ભૂકો. જગત સામું દૃષ્ટિ કરે ત્યારે આ લાગતો ખાજાનો ભૂકો દેખવો પણ મુશ્કેલ છે. આપણે પણ મનુષ્યભવની મુશ્કેલી ક્યારે સમજીએ ? કીડી-મંકોડી, પશુ-પંખી, ઝાડ-પાંદડા વગેરે તમામ જીવો, એકેન્દ્રી-વિકલેન્દ્રી-પશુ પંખી કેમ ? અને આપણે મનુષ્ય કેમ ? આટલા બધાને જે નથી મળ્યું તે આપણને મળ્યું છે. આપણને 'સુ-લબ્ધ ' એટલે કોઇએ મનુષ્યપણું આપેલું નહીં, પણ મળી ગયું છે. દુકાન કરો, મુનીમ રાખો, જવાબદારી મુનીમની; જોખમદારી શેઠની. ઠપકો મુનીમને મળે. જેવી રીતે દુનિયામાં તેવી રીતે જીવના કૃત્યની જવાબદારી જોખમદારી. તમને મનુષ્ય ભવ કોઇએ આપ્યો નથી, તમને જ મળ્યો છે. તમે સારાં કૃત્યો કર્યાં તેથી તમને મનુષ્યભવ મળ્યો છે. મહાભાગ્ય યોગે મનુષ્ય-પણાના આયુ-ગતિ બાંધીને મનુષ્યપણું મેળવી શકયા. આ જગ-

તમાં જન્મ માતાની મરજીનો નથી. ફલાણા જીવને કૂખમાં લઉં એમ ધારીને જન્મ આપતી નથી. પિતા પ્રેમ ધરીને કોઇ જીવને ખેંચી શકતો નથી. તેમ જીવે આ માતા સારી, આ પિતા સારો માટે તેની કૂખે કે વંશમાં જઉં તેમ ધારી જન્મ લીધો નથી. મનુષ્ય જન્મ કોના પ્રભાવનો ? કર્મના-પુણ્યના પ્રભાવનો જન્મ. જેવાં પુણ્ય બાંધ્યા હોય તેવાં પુણ્ય ભોગવવાને સ્થાને આ જીવને જનમવાનું થાય છે. આ જીવને બીજો કોઇ જન્મ આપતો નથી તે માટે ' સુલબ્ધ ' એટલે તેને મળેલો જન્મ છે. તે સાથે આર્યક્ષેત્ર, ઉત્તમકૂળ, ઉત્તમજાતિ, પંચેન્દ્રિય સંપૂર્ણપણું, દીર્ઘ જીવન આ બધું ' સુ ' મળ્યું છે. નહીંતર ' **गभत्था वि मणुस्सा**=ગર્ભમાં પણ કોઇ જીવ મરી જાય છે '

આટલી વસ્તુ તને મળી છે, પરંતુ મળેલી વસ્તુનો જે ઉપયોગ કરી જાણે તેને મળેલી પ્રમાણ ગણી શકાય. નહીંતર નાડું પકડયું છે એમ કહેવાય. ગાડું ચાલતું હતું. ઢાળ આવ્યો. વોરાજી ગાડામાં બેઠા હતા. ગાડાખેડુ કહે–વોરાજી પકડજો. વોરાજીએ ચોરણાનું નાડું પકડયું. બળદનું નાડું પકડવાનું કહ્યું હતું. તે જગ્યા પર ચોરણાનું નાડું પકડયું ! ગાડું ઊંધું પડયું. વોરાજીને વાગ્યું. પેલો કહે–કયું નાડું પકડવાનું હતું અને કયું પકડયું ? વોરાજી કહે–મને શું ખબર ? વાત એ કે કોઇને બદલે કોઇ નાડું પકડે, તેમાં કંઈ વળે નહીં. તેવી રીતે મનુષ્ય જન્મમાં મેલવાની વસ્તુ મેળવીએ તેમાં શું ? મેલવાનું તગો મેળવો છો એમાંથી આગળ કંઇપણ લઈ જવાનું નથી. કંચન–કામિની–કુટુમ્બ અને કાયા, તેમ આહાર–શરીર–ઈન્દ્રિય અને વિષયો આઠે ચીજ મેળવવા આખી જિંદગી મથ્યા, પણ અહીંથી ચાલતી વખતે આમાંથી સાથે કોણ ?

તે મેલી જવાની આઠ વસ્તુને માટે આખી જિંદગી ઉદ્યમ કર્યો. આખું મનુષ્ય જેવું કીંમતી જીવન વેડફી નાખ્યું. તે આઠ વસ્તુ માટે અધર્મ–અનીતિ–અન્યાયનો પણ વિચાર ન કર્યો અને તે મેલવી પડે તેવી વસ્તુઓ મેળવી, પણ મેળવીને ન મેલવી પડે તેવી વસ્તુ કઇ ? તે માટે જણાવ્યું–જો ભાઈ ! હંમેશની નિત્ય ચીજ આત્મા–જીવ. તેજ હંમેશની ચીજ. સર્વકાળ ટકવાવાળી ચીજ. સર્વ ભવોમાં સર્વદા રહેવાવાળી તે જ ચીજ. તે આત્માની ચીજ મેળવો તો મેલવી ન પડે. આત્મા સિવાયની ચીજ ભલે મેળવીએ પણ અંતે મેલવી જ પડે. તે માટે '**सम्यग्दर्शनशुद्ध**–આત્માને ન મેલવી પડે એવી ચીજ શુદ્ધ સમ્યગ્દર્શન.' એ ચીજ હંમેશાં રહે. દુનિયાની ચીજ રાખવા માગીએ તો પણ ન રહે.

## બળતું ખોરડું કૃષ્ણાર્પણ કરવા તૈયાર નથી.

મનુષ્ય મરણ પામે. મોત કોઇ માંગતું નથી. કંચનાદિ મને કે કમને છોડવાં જ પડે. એ રીતે બળતું ખોરડું કૃષ્ણાર્પણ કર્યું તેમાં શું ? પણ આપણે તો છેલ્લી વખતે તેટલું પણ કરવા તૈયાર નથી. મારે તો તે વખતે પણ રહેવું છે, પછી જવું પડે છે, આપણે જવા નથી માગતા ! છતાં આ કાયા રૂપ ખોરડું રહેતું નથી. કંચનાદિ ચાહે જેટલા રાખવા માગીએ તો પણ ન રહે. એક વખત સમ્યક્ત્વ આવી ગયું તો અર્ધ પુદ્ગલમાં જરૂર બીજી વખત આવે. નિગોદમાં જાય તો પણ અર્ધપુદ્ગલમાં બહાર નીકળવાનું ચોક્કસ. પંડિતને ને મૂર્ખાને સનેપાત થયા. સનેપાત વખતે બન્ને સરખાં પણ સનેપાત જાય પછી પંડિત તે પંડિત, ને મૂર્ખ તે મૂર્ખ. સમકિતી નિગોદમાં જાય તો પણ ત્યાંથી બહાર

નીકળે એટલે પાછો સમકિતીવાળો તૈયાર. સમકિતે બહાર ખેંચી કાઢ્યો. સમકિત છોડયું છોડાય નહીં, એવી તે આત્માની ચીજ હોવાથી તે મેળવવા માટે આવી દુર્લભતાથી આ મનુષ્ય જન્મ મેળવ્યો છે. હવે કંઈ એવી વસ્તુ મેળવો કે જે હવે મેલવી ન પડે? આ જીવે કઇ વખતે કંચનાદિ નથી મેળવ્યા? અનંતા ભવમાં-દરેક ભવમાં તે વસ્તુઓ મેળવી, પણ અંતે છૂટી ગઇ. જો સર્વદા માટે આત્મામાં રહેવાવાળી ચીજ હોય તો તે સમ્યગ્દર્શન.

## પ્રથમ કઈ ક્રાન્તિની જરૂર પડે?

જગતમાં ચાહે રાજ્ય સંક્રાન્તિ હોય પણ પહેલા કયી સંક્રાન્તિની જરુર પડે? વિચારોની. Congress-કોંગ્રેસ અત્યારે આટલું કામ કરે છે, પણ તેણે પહેલાં વિચારની ક્રાન્તિ સુધારવા કેટલા વરસ વિતાવ્યાં? વિચારની સંક્રાન્તિ વગર ઊંચા માર્ગને ન પમાય. સમ્યગદર્શન પૌદ્ગલિક વસ્તુ નથી, માત્ર વિચારનું પરિવર્તન. અનાદિકાળથી આ જીવે સ્પર્શ-રસના-નાક-ચક્ષુ-શ્રોત્રથી થતાં સુખને સુખરૂપ ગણ્યાં હતાં. પુદ્ગલનાં સુખને સુખ ગણ્યું. કૂતરું હાડકું ચાટે, તેનો ખાંચો તાળવામાં વાગે-પોતાના તાળવામાંથી લોહી નીકળે છે, તેનો સ્વાદ આવે એટલે જાણે કે હું ખાટકીવાડાના હાડકાનું લોહી ચાટું છું. તેમ ઇન્દ્રિયોથી સુખનો ભ્રમ થાય છે. તેમ આપણા આત્માને પુદ્ગલમાંથી સુખ મેળવવાનો ભ્રમ થાય છે. સુખ આત્માનું કે પુદ્ગલનું? સુખધર્મ આત્માનો છે. પુદ્ગલનો સુખધર્મ નથી. આત્માના સ્વરૂપ સિવાયનું સુખ કૂતરાંએ કરડેલાં હાડકાનાં લોહી સમાન છે. તે માટે કહે છે કે-વિચારની ક્રાન્તિની પ્રથમ જરુર છે. આજ સુધી આપણે પુદ્ગલ-

દ્વારા સુખ મેળવીએ છીએ, એમ માનતા. વિચારની ક્રાન્તિ થાય એટલે હવે પુદ્ગલ દુઃખ દેનારા છે-પછી તે ચાહે દેવલોકનાં હો કે મનુષ્ય ભવનાં હો; પરંતુ પુદ્ગલો દુઃખ આપનારા છે. આ વિચારની ક્રાન્તિ તે જ સમ્યગ્દર્શન. મોહની મજબૂત ગાંઠ ભેદાય ત્યારે સમકિત થાય, પરંતુ એ પણ જોડે જ બોલે છે કે-૭૦ કોડાકોડની સ્થિતિ હોય ત્યાં નહીં, પણ એક કોડાકોડ બાકી રહે ત્યાં ગાંઠ. જે ઘરમાં રહેતા હોઇએ તે વખતે તેની ખટક ન રહે, પણ મ્યુનીસીપલ હુકમ આવે કે-ઘર પાડી નાંખવું પડશે તે વખતે ખટક લાગે.

ઘર આટલું ઉપયોગી-કીંમતી-જરૂરી વગેરે તે વખતે ક્યાંથી સૂઝ્યું ? કહો કે-વિનાશની વખતે ઉપયોગિતાનું ભાન વધારે થાય. વિનાશ પામે તે વખતે તેની ઉપયોગિતા ખ્યાલમાં આવે. જે પૌદ્ગલિક વિચારોના નાશનો વખત છે તે સમજણનો વખત છે. તે વખતે ગ્રંથી ભેદાય તેનો નિશ્ચય થાય કે-આત્માનાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ત્રણે જ આત્માની ચીજ મેલવી પડે તેવી નથી. મોક્ષમાં રહેવાવાળી છે. તે સિવાય ભવાંતરમાં કે મોક્ષમાં રહેવાવાળી ચીજ નથી. તે જ સમ્યગ્દર્શન. આપણે વિચારની આ કાન્તિ સ્વપ્નમાં પણ સાધતા નથી, માટે શાસ્ત્રકાર કહે છે કે-સમ્યગ્ દર્શન મનુષ્યભવમાં મેળવવા લાયક.

જગતમાં લુચ્ચાઓ હરામખોરો મૂર્ખા હોતા નથી-અક્કલવાળા હોય તેમ તેની અક્કલની શાબાશી નથી આપતા. કેમ ? એક જ કારણ. જગત માટે તેની અક્કલ-હોંશિયારી શ્રાપ સમાન છે-દુઃખરૂપ છે. આશીર્વાદ સમાન અક્કલ હોય તો શાબાશી અપાય. ન્યાયની પ્રીતિવાળો લુચ્ચાની અક્કલને ધિક્કારે. જેઓ આત્મા તરફ લક્ષ્યવાળા નથી તેવાની અક્કલને

# દેશના—૩૭

**૨૦૦૦ પોષ વદી ત્રયોદશી. જાની શેરી-વડોદરા.**

## દુર્ગતિમાં પડતાને ધારી રાખે તે ધર્મ.

શાસ્ત્રકાર મહારાજા, ભવ્યજીવોના ઉપકાર માટે ધર્મોપદેશ કરતા થકા આગળ જણાવી ગયા કે—દરેક મનુષ્ય, પોતાને

---

શાસ્ત્રકાર ન વખાણે. આત્માનો સાધ્યતાપૂર્વકનું જ્ઞાન મળે તો કામનું. એકલું જ્ઞાન નહીં. કૂવો દેખી ન ખસીએ તો? એક આંધળો કૂવામાં પડે તો દયાનું પાત્ર કોણ? બિચારો પડી ગયો તે દયાપાત્ર. આંધળો ખાડામાં પડી ગયો તે જગતનું દયાનું પાત્ર. દેખતો ખાડામાં પડે તો જગત બેવકૂફ કહે. પડ્યા, વાગ્યું અને ઉપરથી જગતે બેવકૂફ બનાવ્યા! કેમ? કારણ કે—આપણે દેખતા છીએ—જાણી શકીએ છીએ કે—અહીંઆં ખાડો છે. જાણ્યા પછી જાણ્યાનો ઉપયોગ કર્યો નહીં તો બેવકૂફ બન્યો. આંખ ન હતી—અપંગ હતો—કૂવામાં પડ્યો. તેને બહાર કાઢીને દયા પણ ધરે. આંધળો કૂવામાં પડે તો દયાનું પાત્ર થાય. દેખતો કૂવામાં પડે તો ધિક્કારનું પાત્ર થાય. જેઓ આત્મા, પુણ્ય વગેરે ન માને તેઓ પુદ્ગલમાં ગાંડા બને, તે તેવા ધિક્કારપાત્ર નથી, પણ જિનેશ્વરનાં વચનને જેઓ સાંભળે છે—માને છે, તેઓ પુદ્ગલમાં ગાંડા બને તે ધિક્કારપાત્ર; માટે તેવા આત્માઓ પુદ્ગલથી વિરતિ મેળવે. તેથી સમ્યગ્ દર્શન—જ્ઞાન—ચારિત્ર જે મેળવે તેનો મનુષ્યભવ મળેલો સફળ; માટે સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્ર મેળવવા ઉદ્યમ કરવો. એ જાણી જે આત્મા તે ત્રણ વસ્તુનો ઉદ્યમ કરશે તે આ ભવ પરભવમાં કલ્યાણ પામી મોક્ષસુખને વિષે બિરાજમાન થશે.

ઉત્તમ માનનારો હોય. તેમાં પાંચે ઇન્દ્રિયે સંપૂર્ણપણું છે, તે પણ ઉત્તમ છે. લાંબી જિંદગી મળી છે. ગર્ભપણામાં-બાળપણમાં-યુવાવસ્થામાં પણ આપણે જીવ્યા તેથી ભાગ્યોદય છે, તે વાત સર્વે મંજૂર કહે છે. ધર્મનાં ફળ ઇચ્છે છે, પણ ધર્મ કરવા તૈયાર નથી. '**धर्मस्य फलमिच्छंति, न पुनः तत् कर्तुं**' સ્વપ્નમાં દુઃખ થાય ત્યાં ઉદાસી થાય. જીવ સ્વપ્નમાં પણ દુઃખને નથી ઇચ્છતો. અર્થાત્ હરઘડીએ-હરપળે આ જીવ, સુખને-સારી સ્થિતિને જ ઇચ્છે છે. પરંતુ આ સુખ જે પૌદ્ગલિક ભોગવું છું, સારી સ્થિતિ અનુભવું છું, તેમાં પહેલાંની પૂણ્યાઈ આપણે ભોગવી લઇએ છીએ એ ખ્યાલ ઓછાને જ હોય છે. આવક વગરનું ખર્ચ જે પેઢી કરે તેમાં પરિણામે શું હોય ? તેવી રીતે આપણો આત્મા પૂણ્યને હરપળે હરસમયે ભોગવ્યે જાય છે, પણ નવું પૂણ્ય મેળવતો નથી. તે પુણ્ય આવે છે કેમ ? અને તે હું લઉં-ભેગું કરું તે વિચાર આવ્યો ? બાળપણમાં ખાવાપીવાનો વિચાર આવ્યો, પછી ભણવાનો, પછી કુટુમ્બનો, પછી કમાવાનો વિચાર આવ્યો. જન્મ્યા ત્યારથી જિંદગીના છેડા સુધી વિચારો અને વૈતરાં કર્યાં; પરંતુ આગલી જિંદગી માટે શું ? એ વિચાર્યું ?

જગતમાં મતભેદો, શાસ્ત્રો, ધર્મો, દર્શનો જુદા જુદા છે. પણ એક વાત તો દરેક ધર્મવાળાને કબૂલ કરવી પડે છે. નાસ્તિકો પૂણ્ય-પાપ, સ્વર્ગ નરક, આત્મા ન માને પણ હું કહું તેમાં તો મત મેળવે છે. અહીંથી ઉઠાંતરી બધાને કરવાની છે. તેમાં નાસ્તિકને કે બીજા ધર્મવાળાનો મતભેદ નથી. ચાહે અબજાધિપતિ હોય-લાખો સ્ત્રીઓનો માલીક હોય-કરોડોના કુટુમ્બવાળો હોય-મોટી કાયાવાળો હોય તો પણ મરવાનું તો

છે જ. જો અહીંથી આગળ મરવાનું છે, તો તે પછી શું ? ક્યાં જવાનું છે ? તેનો વિચાર કર્યો ? કોઈપણ જીવ આગળના ભવનું સ્થાન–ગતિ હાથમાં લઈ શકતો નથી. જેટલાઓ જન્માંતર કરે, બીજા જન્મમાં જાય તે વખતે પરાધીન હોય–સ્વાધીન નહીં. જન્મ કોને આધીન ? આગલી ગતિ સારી ખરાબ મળવી કોને આધીન ? ધર્મને આધીન.

દાન–શીલ–તપ–ભાવ તેને ધર્મ સંજ્ઞા આપી છે. તે શાથી? પછી–' અ–બ–ક–ડ. ' સંજ્ઞા કે ' ક. ખ. ગ. ઘ ' સંજ્ઞા આપો. ' અ. બ. ક. ડ. ' સંજ્ઞા બોલનારા હિંદુપણામાંથી રાજીનામું આપે છે. તે સંજ્ઞા A B C. D. અંગ્રેજની છે. અ. આ. એવું નામ ન આપતાં ધર્મ એવી સંજ્ઞા કેમ આપી ? એટલા માટે એ સંજ્ઞા આપી કે–જગતમાં નામ ત્રણ પ્રકારનાં છે. પદાર્થમાં જેવા ગુણ હોય ને તેવું નામ હોય, તે સાર્થક નામ. **પદાર્થનું સ્વરૂપ કંઇ હોય અને પદાર્થ** કંઈ હોય ત્યારે તે અનર્થ નામ, અને ત્રીજું **અર્થશૂન્ય નામ** દીવો સાર્થક નામ. દીપ્તી કરે, અજવાળું કરે–દીપાવે, દીપે ત્યારે દીવો, તે નામને **સાર્થક નામ કહેવાય.** ગુણો પ્રમાણે નામ હોય તે **નામ સાર્થિક.** તેવી રીતે ઇન્દ્રગોપક પણ કીડો ઇન્દ્રનું રક્ષણ કરતો નથી, તેથી કીડાનું ઇન્દ્રગોપક નામ તે **નિરર્થક નામ.** કારણ કે પદાર્થમાં અર્થ નથી. ત્રીજું અર્થશૂન્ય. જે નામનો અર્થ જ નહીં. જેમ કે–**डित्थडवित्थ.** એવાં જે કલ્પિત નામ ઊભા કર્યાં. આમ ત્રણ પ્રકારના નામો હોય છે. તેમાં આ ધર્મ એવું જે નામ તે સાર્થક છે. કેમ ? તે માટે શાસ્ત્રકારે જણાવ્યું કે–

**दुर्गतिप्रसृतान् जन्तून्, यस्माद्धारयते ततः ।**
**धत्ते चैतान् शुभे स्थाने, तस्माद्धर्म इति स्मृतः ॥**

## પાપથી રોકનાર-દુર્ગતિમાં પડતાને બચાવનાર ધર્મ.

વિષય-કષાય-આરંભ-પરિગ્રહ તરફ જીવો દોડેલા છે, જેમાં આત્માને પોતાનો પણ ભરોસો નથી. તમે આંખમાં આંગળી તો ન જ મારો, છતાં પણ જો તમારો હાથ આંખ આગળ જાય તો તરત જ તમારી આંખ મીંચાય છે.

એક શેઠ ચેક વટાવી લાવ્યા, રુપિયા લાવીને તિજોરીમાં મૂક્યાં છે. ત્યાં સૂતો, ઊંઘી ગયો. સ્વપ્નમાં ચોર આવીને તિજોરીમાંથી રુપિયા લઇ ગયો. આંખ ઉઘડી એટલે સ્વપ્નમાં દેખ્યું છે, એટલા માત્રથી સંતોષ ન વળે. ચાવી લઇ તિજોરી ઉઘાડી. રુપિયાની રકમ તપાસે છે. આથી સમજો વિષયો અને તેનાં સાધનો તરફ-પરિગ્રહ તરફ આત્મા કેટલો ઝૂકેલો છે? કેટલો ઘેરાયેલો છે તે જુઓ. આમ જગતની વિષય-કષાય, આરંભ-પરિગ્રહ તરફ બુદ્ધિ રહેલી છે, તો જગત દુર્ગતિ તરફ દોડી રહ્યું છે, તેને રોકનાર કોણ? ઘરમાં પાંચ ભાઈ એકઠા થઇને બેઠા ત્યારે 'આરંભ-પરિગ્રહ નકામા છે' તેમ કોઈ એક ભાઈ બીજા ભાઇને કહે છે? નાતીલા પાંચ એકઠા થાય ત્યારે 'વિષય નકામા છે' તે વાત થઈ? ગામ દેશવાળા ભેગા થયા ત્યાં તે વાત કરી? વર્ત્તન તો બાજુએ રહ્યું પણ તે વાત પણ ક્યાં છે? તેની વાત પણ કરતા નથી. 'વિષયકષાય નકામા છે' એ વાત માત્ર બે જ સ્થાને. જિનેશ્વરના મંદિરમાં કે મુનિમહારાજસ્થિત ઉપાશ્રયમાં. આ બે સિવાય આરંભ-પરિગ્રહના ત્યાગની વાત જ ક્યાં? દહેરાસર આગળ આરંભ-પરિગ્રહના નિવારણનું બોર્ડ, ઉપાશ્રયમાં પણ આરંભ-પરિગ્રહના નિવારણનું સ્થાન. ફક્ત દેવ

અને ગુરુ બે જ, આરંભ–પરિગ્રહ નિવારણ કરનારા. વિષય–કષાય, આરંભ–પરિગ્રહ એ ચાર દુર્ગતિના રસ્તા. એ દુર્ગતિના રસ્તા નિવારવાનું કહેનાર કોણ ? તે કહેનારા જગતમાં નથી. જિનેશ્વર મહારાજને પણ તે કહેવાનું–કહેવામાં વાર લાગી. તીર્થંકરોએ પોતે એ નિવારીને સાધુપણાં લીધા, છતાં તે બીજાને કહેવા ન બેઠા. કેવળજ્ઞાન થયા પછી તે કહ્યું. હજાર વરસ પછી કેવળજ્ઞાન થાય તો ત્યાં સુધી કેમ ન કહ્યું ? જે મનુષ્ય પ્રવર્તક હોય તેને અથથી તે ઇતિ સુધીની રજુઆત કરવી પડે છે ત્યારે તીર્થંકરો એટલે ધર્મના પ્રવર્તક તેથી તેમને છેલ્લામાં છેલ્લું કેવળજ્ઞાનનું ફળ રજૂ કરવું પડે છે આ જગતમાં ક્યારે યથાર્થ કહેવાય ? પોતે આરંભ–પરિગ્રહ છોડી કેવળજ્ઞાન મેળવ્યું હોય તો જ ઉપદેશ દઈ શકે. તેથી તીર્થંકરો છદ્મસ્થપણામાં ઉપદેશ દેતા નથી. તેથી કારણ કાર્યનો સાક્ષાત્કાર કરાવવા માટે કેવળીપણામાં જ ઉપદેશ આપે છે. પ્રવર્તકોને ઉપદેશ ફળ મેળવ્યા પછી ઉપદેશ દેવાનો રહે છે. આપણે તીર્થંકર મહારાજની પાછળ ચાલનારા અનુચરો, તેથી તેમનાં નામે કહી શકીએ. અનુચરો પોસ્ટમેનની રીતે કહી શકે. ટપાલમાં લાખ રુપીયાનો ચેક આવ્યો. તે મોકલનારનાં નામે જમે થાય. પોષ્ટમેનના નામે જમે ન થાય. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, તીર્થંકર મહારાજના પોષ્ટમેન. આચાર્યાદિક, " જિનેશ્વર મહારાજે આમ કહેલ છે. " એમ કહી ઉપદેશ આપે. તેમનાં વચનના અનુવાદ તરીકે આચાર્યાદિક ઉપદેશ આપે છે. આચાર્ય, ઉપાધ્યાય, સાધુનું કથન ' જિનેશ્વર મહારાજ કહે છે કે ' એ પ્રકારે નીકળે. કહેવાનું તત્ત્વ એ કે–વિષયાદિકમાં આ જીવ રગદોળાએલો

હોવાથી–રહેવાથી તે તરફ–દુર્ગતિ તરફ જીવો દોડી રહ્યા છે, તેમને રોકનાર કોણ ? દુર્ગતિમાં દોડતા જીવને રોકવાની દેવ ગુરુમાં શક્તિ નથી. જો તેમનામાં એ તાકાત હોત તો એક પણ જીવને દુર્ગતિ તરફ દોડવા ન દેત. પોતાના આત્માને દુર્ગતિથી બચાવવાનું હોત તો ક્યારનીએ દુર્ગતિ બંધ કરી દીધી હોત. ત્યારે દુર્ગતિથી બચાવનાર કોણ ? દુર્ગતિથી બચાવનાર ધર્મ.

તો દેવગુરુ શું કરે ? ધર્મદ્વારાએ દુર્ગતિથી બચાવે. આથી તેઓના ઉપદેશદ્વારા ધર્મનું આલંબન લઈએ, તો દુર્ગતિથી બચીએ. એટલે તીર્થંકરો, ગુરુમહારાજ ધર્મ-દ્વારાએ દુર્ગતિથી બચાવે. કુંભાર ઘડો બનાવે. પણ ચક્ર ફેરવ્યા વગર નહીં. ચક્ર કોરે મૂકી કુંભાર ઘડો બનાવી શકે? તીર્થંકરોને જીવો હોય અને ધર્મ ન હોય તો તીર્થંકરો બચાવી ન શકે. જે સત્તામાં હોય તે સત્તાની વાત પ્રગટ કરી શકે. અનંત શક્તિનો અર્થ એ નથી કે ઊથલપાથલ કરવી. જબરો માણસ મલ્લ જેવો પણ થોરીયે હાથ ઘસવા ન જાય. અનંતી શક્તિવાળા પણ અધર્મનો ઉદ્ધાર કરવા ન જાય. મૂળ વાતમાં આવો. તીર્થંકર મહારાજા જગતનો ઉદ્ધાર કરે. ગુરુમહારાજ શ્રોતાનો ઉદ્ધાર કરે તે નિરપેક્ષ એકાકી પણે નહીં પણ ધર્મદ્વારા ઉદ્ધાર કરે છે. દુર્ગતિ તરફ દોડી રહેલા જંતુને જે ધારણ કરી રાખે–અહીંથી દુર્ગતિ તરફ દોડી રહ્યા છે, તેવાને સદ્ગતિમાં સ્થાપન કરે તે ધર્મ.

## દુર્ગતિના મહેમાન પ્રદેશી રાજાને ધર્મે કેવી રીતે સદ્ગતિમાં સ્થાપન કર્યો ?

આપણામાં પ્રદેશી રાજાની કથા પ્રસિદ્ધ છે. પ્રદેશી રાજા, કેશીકુમારના પરિચયમાં આવ્યો ન હતો ત્યાંસુધી તેના હાથ

૨૪ કલાક લોહીથી ખરડાયેલા રહે. દેવ-ગુરુ-ધર્મ કોઈને પણ નહીં માનનારો તેવો એ આત્મા. તેને કેશીકુમાર મહારાજનો સમાગમ થયો એટલે તે ધર્મમાં દૃઢ થયો. કાળ કરીને સૌધર્મ દેવલોકમાં સૂર્યાભ દેવતા થયો એ જ પ્રદેશી રાજા-નરકનો મહેમાન થવાનો હતો. તે દુર્ગતિનો મહેમાન થવાને તૈયાર થયેલો તેને બચાવી વૈમાનિક દેવતા બનાવ્યો. ધર્મદ્વારાએ ધર્મમાં આવ્યો ત્યારે કઈ સ્થિતિમાં આવ્યો? તે વિચારો. પરિણતિ વિચારીએ ત્યારે વસ્તુ, વસ્તુગતે ઠરી ઠામ થાય. પ્રદેશીરાજા ધર્મમાં દોરાયો. એક વાર ધર્મમાં દોરાયા પછી ધર્મના કાર્યોમાં જ રસ પડે. નાટક-ચેટકમાં રસ ન હોય, તેથી નાટકાદિના રસીલા જીવો, હવે તે ધર્મમાં દોરાએલા પ્રદેશી રાજાને ખરાબ ગણે. મિથ્યાત્વીઓ સમકિતીને સારા નહીં ગણે. વિષયાદિકમાં રાચેલા જીવો, પ્રદેશી રાજાને ખરાબ ગણે. રાણી સૂર્યકાંતા પણ પ્રદેશી રાજા તરફ દ્વેષે ભરાઈ. એને એમ થયું કે-આ કરતાં તો તે મરી જાય તો સારું. જે રાચવા-માચવામાં જોડે રહેવાવાળી હતી તે રાણી, પ્રદેશીને ધર્મની પરિણતિ થઈ ત્યારે 'તે મરી જાય તો સારું' એ દુર્ભાવનામાં આવી! એટલું જ નહીં પણ એને મારું-મારી નાખું એ વિચારે તેને ઝેર ખવડાવ્યું. રાણીએ ધણીને ઝેર આપ્યું! શું કામ? વિષયકષાયના સંતોષ ખાતર. એ આડે હોય ત્યાંસુધી પોતાના વિષય સ્વેચ્છાથી પોષાય તેમ નથી. ત્યારે રાજાને ઝેર ઉતારવાનો મણી લવાય છે. એ રાણી દેખે છે. તેને થયું કે-'ઘડ્યું સોનું ધૂળમાં જશે.' એટલે તરત જ મૂર્ચ્છામાં પડેલ પ્રદેશીરાજા પાસે આવી, ઘૂમટો કરી ઉપર પડી અને નખ ગળે દીધો! જે વખતે ઝેર દીધું માલૂમ પડે તે વખતે

## દેશના-૩૮

૨૦૦૦ પોષ વદી ૧૪ સોમવાર. જાની શેરી, વડોદરા.

यथं सद्भूतयुक्तेन, येन शास्त्रमुदाहृतम् ।
शिववर्त्म परं ज्योतिस्त्रिकोटीदोषवर्जितम् ॥

### ત્રિકોટિ દોષ રહિત શાસ્ત્ર.

શાસ્ત્રકાર મહારાજ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ, ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ કરતાં થકાં જણાવે છે કે-આ જગતમાં કોઈપણ દર્શન-મત-ધર્મ, ત્રણ તત્ત્વોને માન્યા સિવાયનો હોતો નથી. દરેક દર્શન-મત-ધર્મવાળા ત્રણ તત્ત્વ જરૂર માનવાવાળા હોય.

---

પ્રદેશીને શો વિચાર થાય? નખ દઈને મારે તે વખતે પ્રદેશી રાજા શો વિચાર કરે છે? તે કપરી પળે ધર્મ પામેલો રાજા, વિચારે છે કે-જગતના સર્વ જીવોને ખમાવું છું-સૂર્યકાંતાને વિશેષે ખમાવું છું? હવે અહીં વિચારો...તે વખતે એ જીવ કઈ પરિણતિએ આવ્યો હશે? આ નવો આસ્તિક છે, જન્મનો આસ્તિક નહીં. આપણે જન્મના આસ્તિક છતાં આ પરિણતિ છે? ધર્મનો જ પ્રભાવ કે જે દુર્ગતિને રોકી શકે ને સદ્ગતિમાં સ્થાપી શકે. એટલા માટે તે ક્રિયા-અનુષ્ઠાન-પરિણતિનું નામ, ભાવનું નામ ધર્મ રાખ્યું. ભવિષ્યની જિંદગી ન જ બગાડવી જોઈએ, તેવા સદ્વિચારથી દરેકે ધર્મનું સાધન કરવાની જરુર છે. તેવી રીતે જે આચરશે તે કલ્યાણ પામી આત્મા મોક્ષસુખને વિષે બિરાજમાન થશે.

દેવ, ગુરુ અને ધર્મ આ ત્રણ તત્ત્વને દરેક ધર્મવાળા–દર્શનકારો,–મતવાળાઓ માને જ છે, તો પછી દર્શનનો–ધર્મનો–મતોનો પરસ્પર ભેદ કેમ? દેવ નામથી દેવને, ગુરુ નામથી ગુરુને, ધર્મ નામથી ધર્મને દરેક દર્શનકારે માન્યા, પણ તેનાં લક્ષણો પોતે કલ્પિત કરી દીધાં. આવા હોય તેણે આવા દેવ, ગુરુ ધર્મ માનવા, આમ જુદા જુદા લક્ષણો કલ્પીને જુદા જુદા દેવગુરુધર્મની માન્યતા કરી. દેવ–ગુરુ–ધર્મ ત્રણ શબ્દને અંગે દર્શન કે મતમાં મતભેદ નથી, પણ લક્ષણમાં ફરક પડે ત્યારે દેવગુરુધર્મ જુદા પડે. સોનાનું લક્ષણ કરતાં કસોટી પર પરીક્ષા થાય, ચળકતું દેખાય તે સોનું, તો લીંપણ પણ ઘસાઇને ચળકતું થાય.–શું તેને પણ આપણે સોનું કહેવું? નહીં. સોનું, પીત્તળ, ચાંદી ઘસાઇને ચળકે તેથી સોના કે પીત્તળ ચાંદીમાં પણ તે લક્ષણ આવી જાય? યાવત્ પત્થરમાં, આરસમાં ઘસવાથી ચળકતાપણું આવે છે માટે 'ઘસાય ને ચળકે તે સોનું' એ લક્ષણ ખોટું છે. જેણે ખોટું લક્ષણ લીધું, તેને પદાર્થ ખોટો જ મળે. સાચું લક્ષણ ન લે ત્યાં સુધી સાચો પદાર્થ મળી ન શકે.

**હિંસાદિકથી પાપ, તેની નિવૃત્તિથી ધર્મ,**
**એ સર્વકાળ અને ક્ષેત્રમાં સિદ્ધ ચીજ છે.**

જૈનો અને બીજાએ દેવમાં ફરક કયો રાખ્યો? બીજાએ દેવને માનવામાં લક્ષણ શું આગળ કર્યું? ભાઇનો છોકરો આંક લખતો હોય ને તે ૧૬×૫=૯૫ બોલે તો આંખ ફાટી જાય. પાંચ પચીશના ફરકમાં આંખ ચડી જાય છે, પણ એ જ એમનો છોકરો 'ઓ....ઈશ્વર તું એક છે. સરજ્યો તેં સંસાર' એમ બોલ્યો ત્યારે આંખ કેમ નથી રડતી? ૧૬×૫=૮૦,

નખથી શીખા સુધી પરિણમ્યું છે. ઈશ્વર પરિણમ્યો નથી. બીજા મતોએ ઈશ્વરપણું રજીસ્ટર કર્યું છે. એમનાં શાસ્ત્રો, પુસ્તકો અથથી તે ઇતિ સુધી જાણી લો કે-એક વખત જીવને ઈશ્વર થવું હોય તો તેના શાસ્ત્રમાં તે માટેનો કોઈ ઉપાય છે? ના જ કહેશો. શાસ્ત્રોમાં તેમને ઈશ્વર થવાનો વખત નથી, કેવળ જૈન દર્શનમાં જ પોતેય ઈશ્વર થવાનો વખત છે. અહીં ઈશ્વર, ઈશ્વરપણું રજીસ્ટર કરતો નથી. જૈન દર્શન કહે છે કે-હું ઈશ્વર થયો છું અને તમે પણ થઈ શકો છો. લાયક જીવને ઈશ્વર થવાનો અધિકાર સોંપતું હોય તો જૈન દર્શન જ સોંપે છે. જૈન સિવાય બીજો કોઈપણ મત ઈશ્વર થવાને અંગે છૂટ આપતો નથી. આગળ ચાલીએ. ઈશ્વરપણું જૈનોએ અને અન્યોએ કયા રૂપે માન્યું? તે બંનેની માન્યતામાં માત્ર ત અને ન જેટલો જ ફરક છે. જૈનોએ ઈશ્વરને બતાવનાર અને અન્યોએ બનાવનાર માન્યા છે. અન્ય મતવાળાએ જગતને જેણે બનાવ્યું તે ઈશ્વર, જૈન દર્શને જગત તો અનાદિસિદ્ધ છે, તે જગતને જેણે બતાવ્યું તે ઈશ્વર. ઈશ્વર-તીર્થંકર થયા ન હતા, તે પહેલાં પણ પૂણ્યનાં કારણથી પૂણ્ય થતાં ન હતાં તેમ નહીં-તેમ પાપ વિગેરે પણ હતાં જ અને થતા હતા. પણ તે વખતે દયા પાળો, હિંસા કરો તેથી પુણ્ય ન લાગતું હતું, અને હવે દયાપાલનથી પુણ્ય લાગે છે તેમ નથી. હિંસા, જૂઠ, ચોરી, પરિગ્રહ કરનારને પહેલાં પણ પાપ લાગતું હતું જ અને તીર્થંકરો થયા પછી પણ પાપ લાગતું જ હતું. તીર્થંકરોએ નવો કાયદો કર્યો નથી. ત્યારે કહો કે-સર્વકાળે, સર્વક્ષેત્રે, સર્વઅવસ્થાએ તપાસીએ તો હિંસાદિક કરનારને પાપ લાગતું હતું, લાગે છે અને લાગશે. આ વસ્તુ નિત્ય હતી

ત્યારે તીર્થંકર પહેલાં અને પછી પાપમાં શું ફરક ? ત્યારે તો હીરો હાજર હતો. પણ દીવો ન હતો ત્યાં સુધી હીરો અને કાંકરામાં ફરક ન હતો. જ્યારે દીવો થાય ત્યારે બંનેનો ફરક જણાઇ આવે. દીવો, હીરાને હીરારૂપે અને કાંકરાને કાંકરારૂપે ઓળખાવે. તેવી રીતે તીર્થંકર પહેલાં પુણ્ય-પાપ-અધર્મ થતાં હતાં, માત્ર જગતના જીવો ધર્મ-પુણ્યનાં કામોને ધર્મ-પૂણ્યરૂપે જાણતા ન હતા. તે તીર્થંકર મહારાજાએ બતાવ્યા. તમારા ઇશ્વરે તેની પહેલાં જીવોને પાપ લાગતું ન હતું, અને લાગતું કર્યું ? તેમજ હિંસા ન કરે તો પણ પાપ લાગતું હતું, તે બંધ કર્યું ?' કર્યું શું ? હિંસાદિકથી પાપ થવું તે સર્વકાળે-ક્ષેત્રે સિદ્ધ ચીજ હતી.

છતાં માલૂમ ન હતી. દીવો થયો આપણને માલૂમ પડ્યું= પરમેશ્વર થયા તેણે આપણને જણાવ્યું કે-' હિંસાદિકની પ્રવૃત્તિથી પાપ થશે, અને તેની નિવૃત્તિથી દુ:ખી નહીં થાવ.' તેમ બતાવ્યું.

## બીજા મતવાળાએ ઇશ્વરને કઇ જગ્યા પર સ્થાન આપ્યું ?

બીજા દર્શનકારોએ ઇશ્વરનું ઇશ્વરપણું 'બનાવ્યું' તેમાં નાંખ્યું. ઇશ્વરને કઇ જગ્યા પર રાખ્યા ? જંગલીમાં જંગલી પ્રજા, ગુનાને અજ્ઞાને બચ્ચાંને સજા લાયક ગણતી નથી. એક નાનો બાળક કોઇક બાઇના વાળ ખેંચે તો કોઇ તેને ધોલ મારે ? તમારી ટોપી પાડી નાખે, તો તેને ગુનો ગણી સજા કરો છો ? ના. કેમ ? અજ્ઞાન બચ્ચું છે. તે શું સમજે ? વ્યવહારમાં અજ્ઞાનીના ગુનાઓ શિખામણ નિવારણપાત્ર રહે છે,

સજાપાત્ર હોતા નથી, તો ઈશ્વરની અપેક્ષાએ આપણે અજ્ઞાની છીએ. ઉતરતી હદે છીએ. આપણી અપેક્ષાએ બચ્ચું ઉતરતી હદે છે, તો ઈશ્વર બચ્ચાંને સજા કરે તો ઇશ્વર કેવો ગણવો? દુનિયાદારીની આટલી સમજણ ઓછી હોય તો કાયદો તેને સજાપાત્ર ન ગણે. ૧૪ વરસની અંદરનાને ગુન્હેગાર ગણવા કે નહીં ? તે મેજીસ્ટ્રેટે વિચાર કરવાનો હોય છે. સમજણવાળો હોય તો જ તે ગુનાની સજા કરે. કાયદાએ ૭ વરસ પછી સમજણ માની છે. આપણે ધરમનાં કામમાં બચ્ચું શું સમજે ? તેમ કહીએ છીએ, કાયદાએ, ૭ પછી સમજણ છે, તેમ માનેલ છે,

મૂળ વાતમાં આવીએ. કાયદાએ સાત વરસ પહેલાંનો ગુનો ન ગણવો. જગતે બચ્ચાંઓના કાર્યને ગુના ગણવાનું ન રાખ્યું, તો ઈશ્વર એવો કે—અજ્ઞાની બાળકને સજા કરે. ઈશ્વરના જ્ઞાનની અપેક્ષાએ આપણા જ્ઞાનમાં કરોડગણું અંતર છે, તો આપણા કૃત્યને ઈશ્વર ગુનાનું કૃત્ય શી રીતે માને ? અને સજા શી રીતે કરે ? ગર્ભમોત, જન્મતાં મોત, તે અમલ ઇશ્વરની સજાનો છે ને ? જે ઈશ્વરને કર્ત્તા માનનારા છે, તેની તે તે સજા ઇશ્વરે કરીને ? બચ્ચપણમાં રોગો, આંધળા, લૂલા, લંગડા થાય તે જો ઈશ્વરે કર્યું, તો ઇશ્વરની દશા કેવી ગણવી? બચ્ચાં ઉપર વધારે સજા—દંડ કરે તો તે ઈશ્વરને કેવો ગણવો ? એક જ જૈન દર્શન એવું છે કે—જીવોનાં કૃત્યોની જવાબદારી—જોખમદારી જીવોને જ માથે. તમારી અશુભ કૃત્યની જોખમદારી—જવાબદારીમાં ઈશ્વરને સંબંધ નથી. તેમ માન્યતા ધરાવતું હોય તો તે માત્ર જૈન દર્શન જ. પાંચ હજાર અવળા થયા, તો ઠપકો મુનીમને, તેમાં જવાબદારી મુનીમની—જોખમદારી શેઠની. બીજા દર્શનકારોએ જવાબદારી—જોખમદારી કાઢી નાંખી.

## અજ્ઞો પ્રેરિતઃ જંતુઃ=પુન્યપાપના સ્વભાવથી સુખ દુઃખ થાય છે; નહી કે ઈશ્વરના કરવાથી.

પોતાને દુઃખ થવાનું તે દૂર કરવામાં અજ્ઞ અનીશ—અસમર્થ. ઈશ્વરની પ્રેરણાથી થાય પતંગને એંચે તેમ બચ્ચાંઓ દોરાદ્વારા પતંગને ખેંચે. તેમ ઈશ્વર જીવને દેવલોક કે નરકમાં મોકલી દે! કેવી વાત? પોતાનાં કર્તવ્યોની જવાબદારી ક્યાં છે? તેઓ બચાવમાં કહે છે કે—"દુનિયામાં ગુનો કરનાર પોતાની મેળે જેલમાં જતો નથી. ગુનો કરનારને સજા કરનાર ન્યાયાધીશ જોઈએ શીરપાવ આપનાર પણ જોઈએ. સારું કામ કરનારને શીરપાવ આપનાર શેઠ રાજા જોઈએ, માટે દુઃખની સજા, સારાં કામના શીરપાવ આપનારની જરૂર." તેઓએ કુયુક્તિ વળગાડી છે, જેમાં ભોળા લોકો ફસાઈ જાય છે 'આપણે પાપ કર્યું તો તે ભોગવનાર તો જોઈએને?' એમ કહી તે કુયુક્તિમાં મત્તું મારે છે, પરંતુ માલૂમ નથી કે મહાનુભાવ તમે સાકર ખાધી તે સાકરની મીઠાશ એની મેળે થઈ કે બીજો કોઈ દેવા આવ્યો! ત્રિફલા હરડે ખાધી ને જંગલ ફરવાનું થયું, મરચાં ખાધાં ને બળતરા થઈ, તો મરચા તમે ખાધાં ને બળતરા બીજાઓ કરે? માટે સ્વભાવ વિચારો. સાકરનો સ્વભાવ છે કે—મીઠાશ લાગે.

આ પદાર્થોના સ્વભાવ છે—તો પુણ્યપાપના સ્વભાવ હોય તેમાં નવાઈ શી? શરદી, એ પણ સ્વભાવ છે. ન્યુમોનીઆ થયો તો પરમેશ્વરે કર્યો. એ રીતિમાં જાય તો જગતમાં પાપ જેવી ચીજ નથી. જલ્લાદ સેંકડોને ફાંસી દે છે, તો તે બદલ જલ્લાદને કેમ ફાંસી નથી દેતા? કહેવું પડશે કે—તેને તો કોરટના હુકમથી ફાંસી દેવી પડે છે. મનુષ્યવધ તો કરે જ

છે. મનુષ્યવધ તો કરે જ છે પણ તેમાં સદોષ મનુષ્ય-ગુનેગાર જલ્લાદ નથી, માટે તેને નથી મારતા કે ફાંસી નથી દેતા. જલ્લાદ નોકરી રહ્યો છે-નોકરીના પૈસા લે છે, ત્યારે મનુષ્યવધ કરે છે. જલ્લાદ જે મનુષ્યવધ કરે છે તેને સદોષ મનુષ્યવધ નથી કહેતા. કોરટમાં કોઇ-કોઇના હુકમથી કોઇને મારે છે, તેને ઇશ્વરે પ્રેર્યો તો તેને પાપ શાનું ? કાં તો સુખદુઃખ જીવોની પ્રવૃત્તિથી સ્વતંત્ર થાય છે, કાં તો એ ગુનેગાર નથી તેમ માનો-પછી પાપ જેવી ચીજ નથી, માટે પદાર્થના સ્વભાવને ઓળખીને ચાલવામાં આવે તો સહેજે સમજાશે કે પુણ્યનો સ્વભાવ છે કે-તે સુખનાં સાધનો મેળવી આપે છે. તેવી જ રીતે પાપ, દુઃખનાં સાધનો મેળવી આપે છે. તેમાં વચમાં કોઇને આડે આવવાનું હોતુ નથી, પરંતુ એટલેથી નહીં અટકતાં આજ વૈજ્ઞાનિક રીતે પ્રયત્નથી બનવાવાળા પદાર્થને પણ ઇશ્વિર માથે ચડાવવામાં આવ્યા છે. લૂણના અગરમાં લોઢું નાંખીએ તો તે લોઢું મીઠારૂપ થઇ જાય છે. કોલસાની ખાણમાં રેતી નંખાય તો અમુક વર્ષે--૮૦-૯૦ વર્ષે કોલસો થાય છે. આત્મીય ઉપકારથી ઇશ્વિરનું ઇશ્વિરપણું રાખ્યું હોય તો તે માત્ર જૈન દર્શને જ. મારો આત્મા પુણ્યપાપના માર્ગો સમજતો ન હતો, તે હવે સમજીને પ્રવૃત્તિ નિવૃત્તિવાળો થયો. ભગવાનનો ઉપદેશ થયો,, પુણ્ય, આત્માનું સ્વરૂપ સમજાવ્યું ત્યારે પાપના માર્ગને છોડવા લાગ્યો. આત્માનાં સ્વરૂપને સમજી આત્મસ્વરૂપ પ્રગટ કરવા માટે તૈયાર થયો છું. એ રીતે જૈનોએ આત્મીય વસ્તુને સમજાવનાર હોવાથી દેવ માનવામાં આવેલા છે. જન્મ આપ્યો ,છે સૃષ્ટિ, પૃથ્વી, પાણી બનાવ્યાં છે તે રીતે તે ઇશ્વિર નથી

માન્યા પણ આત્મા પાપ-પૂણ્યનાં સ્વરૂપ સમજાવી યોગ્ય માર્ગ બતાવ્યો તેને લીધે દેવ માનેલા છે.

## મૂર્તિ, ચરિત્ર અને વચનદ્વારાએ દેવની પરીક્ષા.

વર્ત્તમાન કાળમાં સહુના પરમેશ્વર સંતાયેલા છે. મુસ્લીમ, ક્રીશ્ચીયન, શૈવ, વૈષ્ણવ કે જૈન ગમે તે હો, સર્વેના પરમેશ્વર સંતાયેલા જ છે. પરમેશ્વર હાજર હતા ત્યારે પરમેશ્વરની પરીક્ષા કરી માનતા હતા, પરંતુ આ વર્તમાનકાળ તે બધાને પરમેશ્વરની ગેરહાજરીનો કાળ છે. હવે પરમેશ્વરને પિછાનવા શાથી ? તે માટે જણાવ્યું કે-જેમ પરોક્ષ પદાર્થને ચિહ્નદ્વારા જાણી શકીએ, સામા ઘરમાં ચૂલો સળગ્યો જોતા નથી, પણ ધૂમાડાથી ચૂલો સળગ્યો હોવાનું નક્કી કરી શકીએ. પરોક્ષ એવો અગ્નિ ધૂમાડાદ્વારા નિશ્ચિત કરી શકયા. તેમ પરોક્ષ એવા પરમેશ્વરનો પણ ચિહ્નદ્વારા નિશ્ચય કરી શકીએ. પરમેશ્વરને ઓળખવાના સાધનો કયા ? તેમની મૂર્તિ, ચરિત્રો અને વચનો. આ ત્રણ પરમેશ્વરની પરીક્ષાનાં સાધનમાં ઊંડા ઉતરીએ તો પરમેશ્વરનો નિશ્ચય કરી શકીએ. મૂર્તિ, વર્તાવ અને વચનો કેવાં હતાં તે બતાવે કોણ ? શાસ્ત્રો મૂર્ત્તિનાં સ્વરૂપનો નિર્ણય, તેમના વર્તાવનાં શુભાશુભપણાનો નિર્ણય, શાસ્ત્રના આધારે; માટે ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજ, દેવતત્ત્વની પરીક્ષામાં એમનું રાગદ્વેષ અને અજ્ઞાન રહિતપણું-નિશ્ચિત મોક્ષે જવાપણું આ બધું જણાવીને એ અનુસારે મૂર્તિની સ્થિતિ જણાવીને દેવપણું દૃઢ કરે છે. તેવા વીતરાગદેવની મૂર્ત્તિની સ્થિતિમાં અવતાર અને ઇશ્વર બન્ને માનનારા છે. અન્ય મતવાળા પણ તેવા છે. તમે અવતારમાંથી ઇશ્વરપણું થયેલું માનો છો, જ્યારે બીજાઓ ઇશ્વરમાંથી ઊભો થયેલો અવતાર માને છે. હવે

જ્યારે અવતારમાંથી ઇશ્વર ઊભો થાય ત્યારે વર્તન કયું કરવું પડે? અવતારમાંથી ઇશ્વર થવાવાળાને આત્માની ઉજ્જવળતા તરફ જવું પડે.

## નીસરણી ચડવાનું સાધન પણ કૂવાની નીસરણી હોય તો?

માયામાંથી નિર્માય તરફ જવાનું થાય. અન્યોને ઇશ્વરમાંથી અવતાર થાય ત્યારે શું બને? માયા રહિતપણામાંથી માયા તરફ ધસવાનું હોય. કર્મમાંથી એક કર્મ રહિત થાવ અને એક કર્મ રહિતમાંથી કર્મ સહિત થાય. આપણો આદર્શ કયો? આપણે કર્મવાળામાંથી કર્મ રહિત થવું છે. દરેક ધર્મિષ્ઠ કબૂલ કરશે કે-આપણો આત્મા કર્મથી લેપાએલ છે. તેમાંથી કર્મ રહિત થવા માગીએ છીએ, તો તેમાં આલંબન કેવું જોઇએ? કૂવાની નીસરણી માળ નહીં ચડાવે. કૂવાની નીસરણી નીચે ઉતારે. મહેલની નીસરણી માળ ચડાવે. નીસરણીનું અવલંબન લીધું, છતાં નીચે ઉતરવાનુ થાય મહેલની નીસરણીનું અવલંબન લઇએ, તો માળ પર ચડાય. આત્માને પાપરહિત કરવો છે, તો આપણે આદર્શ કયો ધરવો જોઇએ? જે આદર્શમાં કર્મની મુક્તિનું સ્થાન હોય તે જ આપણી આગળ આદર્શ ધરી શકાય.

## દેવના બાહ્ય લક્ષણો.

જૈન મતવાળાઓએ બીજું બધું ચાહે તે કરો. માટીની, રૂપાની, સોનાની, હાથીદાંતની, માણેકની, પન્નાની મૂર્ત્તિ બનાવો પણ '**પ્રશમરસનિમગ્નં દૃષ્ટિયુગ્મં પ્રસન્નં**' રૂપ ક્યાંથી લાવો? આખા શરીરનું બાહ્ય-અભ્યંતર ટેમ્પરેચર માપી આપનાર આંખો છે. મનુષ્યની ચાલાકી-ભાગ્યશાળીપણું જોવું હોય ત્યારે

આંખ. હર્ષમાં વિકસ્વર-શોકમાં પાણી મૂકતી હોય તો આંખ. આંસુ માત્ર આંખમાં જ કેમ આવ્યા ? આખા શરીરને અંગે બાહ્ય પ્રકૃતિ મળવાનું યંત્ર ચક્ષુ, માટે પ્રથમ દેવનું સ્વરૂપ જણાવતાં દેવ ચાહે તેના કહો, પરંતુ બે નિર્માયપણા માટે, કર્મજાળથી મુક્ત દેવ લેવા માટે પ્રથમ દૃષ્ટિ, પ્રશમ રસમાં નિમગ્ન હોવી જોઇએ. મુખકમળ પ્રસન્ન હોય. ક્રોધ, દીનતા, શોક કંઇ પણ મુખ પર ન હોય. મુખ એ આત્માનો અરીસો છે, માટે તે વદનકમલ પ્રસન્ન હોય. દેવની આવી સ્થિતિ જણાવી. એ રીતે દેવની જેમ બાહ્યસ્થિતિ ચોર હોય, એમ અંતર સ્થિતિ પણ ચોર હોય. એમ નહીં હોત તો ગૃહીલિંગસિદ્ધ, અન્યલિંગસિદ્ધ વગેરે માનવાનું હોત જ નહીં. એ રીતે સિદ્ધ થએલા આત્માઓને મુનિલિંગને બદલે બીજું લિંગ છતાં જેને દેવ-તીર્થંકર માનીએ તેને અંગે તો અન્યલિંગ નહીં જ. અનંતો કાળ ગયો-જાય છે અને જશે, પણ અચળ નિયમ છે કે-તીર્થંકરો, સાધુપણાના લિંગ સિવાય ન હોય. તીર્થંકરો સાધુ-પણાવાળા જ હોય, તેથી તે દેવનો અંક ( ખોળો ) કામિની-શૂન્ય હોય. પૃથ્વીચંદ્ર ગુણસાગર-ચરિત્રમાં હાથ પકડી ફેરા ફરે છે. આઠ સ્ત્રીઓ ફેરા ફરે છે સંસારભ્રમણનાં કારણમાં કયું ઓછું છે ? ચોરીમાં ફેરા ફરે છે. ત્યાં કેવળજ્ઞાન થાય છે. આમ કેવળજ્ઞાન પામનારા, અન્યલિંગે સિદ્ધ થનારા, બીજા જીવો હોય, પણ જેને જિનેશ્વરો માનીએ છીએ, તે તો બીજા લિંગે કેવળ ન પામે કે બીજા લિંગે મોક્ષે ન જાય, સર્વકાળે-ક્ષેત્રે એક નિયમ કે તીર્થંકરો સ્વલિંગેજ=સાધુ લિંગ-માં જ કેવળ વરે, ત્યાગી થાય અને મુક્તિ પામે. લિંગ વગર કેવળ વરે જ નહીં. સ્ત્રીના સંસર્ગથી રહિત ખોળાવાળા કેટલાક

કાયર પણ હોય; પણ આ તેમ નથી, સમર્થ છે; છતાં **કર-યુગ્મ શસ્ત્રસંબંધવંધ્યઃ** ? કોઇપણ હાથમાં શત્રુના સંહાર માટે સાધન—ઓજાર—હથિયાર રાખવું તે પણ નહી. આ જેમાં હોય તેને જ આપણે પોતે માયાવાળા છતાં તેને માયાથી મુક્ત થએલા ગણીએ છીએ.

## મનુષ્ય, હાજરી માત્ર-મૂર્ત્તિ, હજારો વર્ષો સુધી ઉપકાર કરી શકે.

આપણે પણ માયાથી મુક્ત થવાની ઇચ્છાવાળા હોઇએ તો આપણે એવા થવા માટે તેવા દેવની મૂર્ત્તિ આદર્શ છે. મીસ્ત્રીને મકાન બાંધવા માટે પ્લાન કે નકશો હોય તેમ આપણે પણ જિનેશ્વરની મૂર્તિ આપણા આત્મા માટે પ્લાન—નકશો છે, આદર્શ છે. કુમતિની આ સામેય દલીલ છે કે—"તમારા પરમેશ્વરનો આકાર તમે બીજાનું હલકું દેખાડવા માટે સારો કર્યો છે જેમ કે-માણસ ગૃહસ્થ હોય છતાં પણ પોતાના પ્રતિબિંબનું પરાવર્તન કરી ફોટો પડાવે છે. એક માણસ પોતે અનેક રૂપે ફોટો પડાવી શકે છે. એક જ મનુષ્યના કેટલા બધા આકારો હોય છે. ?" પણ તેના દેવનો તેવો આકાર કરવાનો પ્રતિબંધ કોણે કર્યો હતો ? વાત તો એ છે કે—સંગે રામા અને હાથમાં શસ્ત્ર હોવાનું પ્રસિદ્ધ હતું, પછી તેનો આકાર અન્યો ક્યાંથી બનાવે ? જગત્ મૂર્તિને દેખે છે. મનુષ્યને હાજરીમાં દેખે જ્યારે મૂર્ત્તિને સેંકડો—હજારો વર્ષો સુધી દેખે ! આથી મૂર્ત્તિ હજારો વર્ષ ઉપકાર કરે છે. પરમેશ્વર એક ક્ષેત્રમાં એક કાળ ઉપકાર કરે છે.

## વિદ્યમાન તીર્થંકરો મનુષ્યના પણ પરિમિત ક્ષેત્રમાં ઉપકાર કરે છે, જ્યારે તેઓની મૂર્ત્તિ, સર્વ ક્ષેત્રો અને ત્રણેય ભુવનમાં ઉપકાર કરે છે !

પરમેશ્વરની મૂર્તિ, સર્વ ક્ષેત્રમાં અને સર્વકાળ ત્રણેય

ભુવનમાં ઉપકાર કરે છે. દેવલોકમાં–પાતાળમાં–તીર્થંકરો થયા નથી, છતાં ત્યાંના દેવો અને નારકીઓને સાચા દેવત્વનું ભાન મૂર્તિથી થાય છે. મનુષ્યલોકમાં સર્વ કાળ તીર્થંકરો હોતા નથી, છતાં તેનું ભાન કરાવનાર મૂર્ત્તિ છે. એ જ કારણથી સાધુઓ દર્શન–પૂજાના પચ્ચકખાણ આપીને કડવા ઘુંટડા ઉતરાવે છે. પરમેશ્વરની શ્રદ્ધા રાખવા માટે તમારી પાસે સાધન હોય તો માત્ર મૂર્તિ જ. પ્રભુમૂર્ત્તિ જ આદર્શ. તમારો આત્મા બનાવવા માંગો છો, તેવું રૂપ દેખી લો. મૂર્ત્તિની જેમ ફોટામાં એક નિયમ નથી. માણસ, જેવો હોય તેવો જ ફોટો પડાવાય, એવો નિયમ નથી. વિદૂષકો, અનેક પ્રકારના નવનવા વેષો પહેરીને અને વિવિધ આકૃતિઓ ધરાવીને છબીઓ પડાવે છે. પુરુષ, સ્ત્રીના આકારમાં છબી પડાવે છે. છબીથી નક્કી ન થઈ શકે કે–તે આ જ માણસ છે. દેવ, ક્રોધ વિગેરેવાળા ન હોય, તેટલાં માત્રથી દેવત્વનો નિશ્ચય ન કરાય. તેટલા માટે તેમનાં વચનો જોવાનાં કે–જે છાયા પાડનારી ચીજ છે. વચન બોલનારનું શરીર કીકીમાં આવે છે. તેમ નહીં–બોલનારની છાયા પડે છે. તેમ નહીં પણ તેમના વચનથી તેમનું આખું જીવન આપણાં કાળજામાં આવે. ‘ ડાહી સાસરે જાય નહીં ને ગાંડીને શિખામણ દે,’ એમ નહીં.

## કયા વક્તાનું વચન શ્રોતાને અસર કરે ?

સાંભળનારના કાને જેવા વક્તાના શબ્દો આવે, આંખમાં વક્તાની તસ્વીર આવે, તેવી જ રીતે સાંભળનારનાં હૃદયમાં વક્તાનું જીવન આવે. તે ત્રણે શ્રોતા ઉપર એકરૂપે આવે તો જ શ્રોતાને વક્તાનું વચન અસર કરે. જ્યાંસુધી આ ત્રણ એકરૂપ ન થાય ત્યાંસુધી વક્તાનાં વચનની અસર ન થાય.

નાટકીયા ચાહે જેટલાં વૈરાગ્યનાં વચનો કહે, તેથી કોઈ દીક્ષા નથી લેતું. કેમકે-તેનું તે બોલવું ભાડુતીપણાનું છે, તેથી. અસર થતી નથી. દેવનું સ્વરૂપ-વર્તન, મૂર્તિદ્વારા વિચારીએ તેમાં મુખ્ય આધાર કયો ? શાસ્ત્ર. એ જ મૂર્ત્તિની શંકા ટાળનાર-એજ દેવનાં સાચાં જીવનને જણાવનાર. તેટલા માટે હરિભદ્રસૂરિજી મહારાજ, "જેઓમાં મોહ, રાગ અને દ્વેષ ત્રણે કરીને રહિત, સદ્દવર્તન હતું અને જેઓએ શાસ્ત્રદ્વારા આ જગતને ધર્મમાર્ગ-કલ્યાણનો રસ્તો બતાવ્યો." એમ અષ્ટકજીમાં કહે છે. શાસ્ત્ર કેવું ? વકીલ કે બારીસ્ટરની ઓફિસ આગળ બોર્ડ, કેસની સલાહનું હોય, દાક્તરના દવાખાના પાસે દવાનું બોર્ડ હોય, તેમ જિનેશ્વરે કયું બોર્ડ લગાવ્યું ? 'જેણે મોક્ષમાર્ગ લેવો હોય તેણે મુલાકાત લેવા પધારવું.' આ જીવને આત્માનો રસ્તો બતાવનાર-એ વાત કરનાર આ જગતમાં બીજાં કોઈ નથી. સગાં-વહાલાં-જ્ઞાતીલા-ગામવાળા-દેશવાળામાં કઇ જગ્યા પર આતમરામની વાતો છે? તે સ્થાન હોય તો માત્ર જિનેશ્વર ભગવાનનાં શાસનમાં જ. શાસન એટલે મોક્ષનો રસ્તો.

## ત્રણ દોષ રહિત શાસ્ત્ર.

કેટલીક વખત રસ્તા સુંદર હોય, ધજાવાળા હોય પણ તેનો છેડો જંગલમાં હોય. તેવું આ માર્ગ માટે નથી. શાસ્ત્ર, મોક્ષનો રસ્તો હોવાનો દાવો કર્યો, એ સાથે પરમ જ્યોતિરૂપ થવાનાં સાધનો પણ તેમાં કહેલાં છે **પ્રશ્ન**:-જીવો, દરેક કાળમાં મોક્ષે જવાના, તો ત્યાં સંકડામણ નહીં થાય ? ધ્યાનમાં રાખવું કે-દીવાનાં અજવાળામાં સંકડામણ દેખી ? ના. કેમ? કહો કે-અજવાળું અસરવાળું છે. તે અનેક દિવાનું એક જ

જગ્યામાં વ્યાપીને પ્રસરે, પણ એકેય દીવાનું અજવાળું સ્વતંત્ર જગ્યા નહીં રોકે. તેવી જ રીતે ચિદાનંદસ્વરૂપ આત્માઓ, ભલે એક જ જગ્યામાં સાથે અનંતા રહેઠાણ કરે, પણ જગ્યા રોકનાર નથી. તેથી સિદ્ધશિલા પર સંકડામણને સ્થાન નથી. તેવી જ જ્યોતિરૂપ શાસ્ત્ર છે. તે કેવું છે? ત્રણે પ્રકારના દોષોથી રહિત છે. કેટલાક કહેવામાં સારું બોલે છે. ગુનેગાર સાબિત થએલો પણ એથી કહે છે કે–હું તો નિર્ગુનેગાર મને જાહેર કરું છું. વચન માત્રથી સહુ સારા બનવા તૈયાર છે.

કોઈપણ હેવાનીયતવાળો ધર્મ માનનારો નથી. આથી દરેક ધર્મ દયા પાળવાની વાત તો કરે છે, પણ દયા પાળવાના સાધનો કયા જણાવ્યાં છે? એમ પૂછશો, તો તે અન્ય ધર્મવાળા કહી નહીં શકે. શ્રાવકને ત્યાં ગરણા–પૂજણી–ચરવળા નીકળશે. ઓઘા–દંડાસણ–ચરવળી સાધુ પાસે નીકળશે. બીજા દર્શનોવાળા પાસે તે નહીં નીકળે. કેમ? અન્યોએ દયા પાળવાની કહી પણ દયાનાં સાધનો ન બતાવ્યાં. જૈનો દયાનાં સાધનો માનવાવાળા–દયાના આચારો ગણવાવાળા કેમ? તેનાં શાસ્ત્રો ઈર્યા–ભાષાસમિતિ બતાવનારાં છે.

## દયાની વાતો કરે પણ જીવનું સ્વરૂપ બરાબર ન જણાવે તો?

પ્રતિબિંબ તરીકેના હીરાનું સ્વરૂપ–આકાર–તેજ વગેરે બરોબર છતાં તે પ્રતિબિંબિત હીરાની કિંમત કેટલી આપો? તેની કીંમત કોડીની ન થાય. આત્મા કર્મ બાંધતો ન હોય, આત્માના કર્મ તુટતાં ન હોય, મોક્ષ થતો ન હોય તો શાસ્ત્રમાં બતાવેલ આચાર તેનું કથન વગેરેના શા કીંમત? આરી-સામાં દેખાતા

# દેશના ૩૯

૨૦૦૦ પોષ વદી અમાવાસ્યા. શ્રીકાંટા. વડોદરા.

## આંતર મેલને પ્રક્ષાલન કરનારી ભગવંતની વાણી.

**पान्तु वः श्री महावीरस्वामिनो देशनागिरः ।**
**भव्यानामांतरमलप्रक्षालनजलोपमः ॥**

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ ભવ્ય જીવોના ઉપકાર માટે આશીર્વાદરૂપે ધર્મોપદેશ કરતા થકા આગળ સૂચવી ગયાં કે–આ સંસારમાં આ જીવ, અનાદિ કાળથી

---

હીરાની કિંમત કોડીની પણ રહેતી નથી. તેજ–આકાર–નિર્મળતા છતાં આરીસામાંનો હીરો વ્યવહાર લાયક નથી. તેમ અહીં વચનની સુંદરતાવાળા, વર્તનની સુંદરતાવાળા હોય છતાં જેઓ આત્માના તેવા સ્વરૂપને માનનારા ન હોય=( આત્મા, કર્મને બાંધનારો છે-છોડનારો છે.–મુક્તિ મેળવી શકે છે.–તેનાં સાધનોને મેળવી શકે છે.–) તે પ્રકારનાં તત્ત્વને જેઓ માનનારા ન હોય તો તત્ત્વની કીંમત કેટલી થાય ? માટે કહ્યું કે–**કષ–છેદ–તાપ** એ ત્રણથી શાસ્ત્રની પરીક્ષા કરજો. તેથી વચન અને વર્ત્તનની જેમ માન્યતા પણ શુદ્ધ બને. એ ત્રણ વસ્તુ શુદ્ધ જોઇએ. જે શાસ્ત્ર મોક્ષસાધક થાય. ત્રણે પ્રકારના દોષોથી રહિત શાસ્ત્ર જેમણે કહ્યું છે. તેવા પરમેશ્વરને નમસ્કાર કરીએ. ગુરુ અને ધર્મ દેવે કહેલા જ માનવાના, તેથી ગુરુ અને ધર્મનો આધાર દેવતત્ત્વ હોવાથી જેઓ સત્ય દેવને સ્વીકારી તેમની આજ્ઞા પ્રમાણે વર્તશે તેઓ આ ભવ પરભવમાં કલ્યાણ પામી મોક્ષસુખને વિષે બિરાજમાન થશે.—

રખડપટ્ટી કરી રહ્યો છે. કદાચ કોઇ કહેશે કે-" અમને આ ભવનું પૂરું ભાન નથી. અમે સર્વ જાણીએ છીએ કે-અમે જન્મ્યા, દૂધ પીધું, ધૂળમાં આળોટ્યા, પણ જન્મની અવસ્થાનો અમને ખ્યાલ નથી. પોતે કઈ જગ્યા પર જન્મ્યો ? કઈ દાયણ હાજર હતી ? તે ખ્યાલ હોતો નથી. તેવી રીતે માતાનું દૂધ પીધું છે તે ચોકકસ છે, પણ તેનો ખ્યાલ હોતો નથી. અર્થાત જન્મ્યાં પછીની અવસ્થાનો ખ્યાલ આવતો નથી. આ જન્મનો કે-આ ભવનો પૂરો ખ્યાલ નથી. માતાના ગર્ભમાં આવ્યો ત્યારથી ભવ ગણાય. માતાના ગર્ભમાં અંધારી-દુર્ગંધી કોટડીમાં રહ્યો છે, તેમનો કશો ખ્યાલ નથી. નાક કોઈ બે એક મીનીટ બંધ કરે તો શું થાય ? તો પછી ત્યાં ગર્ભમાં કેવી રીતે રહ્યો હઇશ ? પરંતુ આ જીવને આ ભવનો ખ્યાલ નથી. જન્મનું પણ ભાન નથી. તેવા જીવની આગળ અનાદિની વાત કરો કે-'અનાદિથી આ જીવ રખડે છે.' ભેંસ આગળ ભાગવત વાંચવા જેવું થાય. ભેંશને કંઇપણ શ્લોકનો બોધ થાય નહીં. અમે આ જન્મનો પણ ખ્યાલ કરી શકતા નથી. તેવા પાસે 'અનાદિથી રખડપટ્ટી કરતો આવ્યો છે.' એમ વાત કરો છો, તે ભેંસ આગળ ભાગવત વાંચવા જેવું થાય.

વાત ખરી-આ ભવનુંય ભાન નથી, તેવા પાસે અનાદિની વાતો કરવી તે ભેંસ આગળ ભાગવત વાંચવા જેવું થાય; પરંતુ વિચારશક્તિથી મુશ્કેલ કોયડાને પણ ખોલી શકાય છે. આપણા હાથમાં બાજરી કે ઘઉંનો દાણો હોય તે ફલાણી જગ્યા પરથી લીધો તેનું ભાન છે, પણ તે દાણો ક્યા ખેતરમાં ઊગ્યો ? કોણે વાવ્યો ? કોણે લણ્યો ? તેનું ભાન નથી, છતાં ઉત્પત્તિ શક્તિનો વિચાર કરીએ તો ઉત્પત્તિ શક્તિ તેમાં

અનાદિની છે, એમ સમજી શકીએ તેમ છીએ.' કેમકે જો અનાદિની ન હોય તો અંકુરા વગર બીજ અને બીજ વગર અંકુરો થયા તેમ માનવું પડે. બીજાંકુરની સ્થિતિ પરંપરાએ અનાદિની છે. તેથી તેમાં જે ઉત્પત્તિ શક્તિ છે તે અનાદિની છે, તેમ માનવું જ પડે. તેમ ન માનીએ તો બીજ અંકુર વગર અંકુર બીજ માનવું પડે. અને અંકુર અન્યોઅન્ય કાર્યકારણરૂપ હોય તો તે વસ્તુ અનાદિથી હોય. બેટા વગર બાપ નહીં, બાપ વગર બેટો નહીં. કુકડી વગર ઈંડું નહીં, ઈંડા વગર કુકડી નહીં. માટી અને ઘડો પરસ્પર કાર્યકારણરૂપ હોવા છતાં ઉભય કારણકાર્યરૂપ નથી, બીજ અંકુર બન્ને ઉભય કારણકાર્યરૂપ છે. કારણરૂપે પહેલાં બીજ હતું-તેમાંથી કાર્યરૂપે અંકુર થયો અંકુરરૂપ કાર્યમાંથી વળી પાછું બીજરૂપ કાર્ય થયું! એટલે કાર્યરૂપ અંકુરો વળી પાછો બીજનું કારણ થશે. જે કોઈ એક બીજ તે ભૂતકાળના અંકુરનું કાર્ય, ભવિષ્યના અંકુરનું કારણ. તેનો તે જ અંકુર, બીજનું કાર્યકારણ છે. અર્થાત્ બીજ-અંકુર પરસ્પર કાર્યકારણરૂપ છે, માટે તે બન્નેની પરંપરા અનાદિની માનવી જોઈએ.

## શંકરાચાર્યે બીજાંકુર ન્યાયે જન્મ કર્મ અનાદિના માન્યા છે.

જૈનો જ એકલા આમ માને છે તેમ નહીં, પણ શંકરાચાર્યે પણ બીજાંકુર ન્યાયે-બીજ અંકુરના દૃષ્ટાંતે કરી સંસાર અનાદિથી છે એ સૂત્રની વ્યાખ્યામાં કહ્યું કે-'**उपपद्यते युक्त्या घटते**-સંસારનું અનાદિપણું યુક્તિથી ઘટે છે.' સર્વ જીવોને આ વસ્તુ જન્મસિદ્ધ પ્રત્યક્ષ છે-સ્વયં અનુભવસિદ્ધ છે. જન્મ, કર્મ હોય ત્યારે અને કર્મ, જન્મ હોય ત્યારે. એમ બીજાં-

કુર પ્રમાણે જન્મકર્મની પરંપરા અનાદિની છે. કર્મ વગર જન્મ નહીં, ને જન્મ વગર કર્મ પણ નહીં. જન્મ જેમ કાર્ય-કારણરૂપ તેમ કર્મ પણ કારણકાર્યરૂપ છે. તેથી તે કર્મ અનાદિનાં માનવાં પડે. અનાદિનાં કર્મ છે, તો એક વાત સ્પષ્ટ થઈ જાય છે કે—આત્મા પોતાના શુદ્ધ સ્વભાવમાં કોઈ દહાડો આવેલો નથી. જન્મ, કર્મની પરંપરા અનાદિની છે, તેથી આ જીવ કોઈપણ વખતે કર્મ અને જન્મ વગરનો ન હતો. જન્મ અને કર્મ એ બે વસ્તુ આત્માને વળગેલી છે. હવે પહેલા બેથી છૂટવાવાળાએ કોનો વિજોગ કરવો ? પહેલો કર્મનો વિજોગ કે પહેલો જન્મનો વિજોગ કરવો ? જન્મ કર્મની, પરંપરામાં એકના નાશથી બન્નેનો નાશ થાય તેવું નથી. ત્યાં આગળ સ્વયં અંકુરનો—બીજનો નાશ થઈ શકે છે. અહીં કર્મ ફળ આપ્યા વગર રહે જ નહીં માટે જન્મ થયા વગરનો નાશ ન થાય એટલા માટે સામાન્ય રીતે નીતિને અનુસરીનેય એ કબૂલ કરવું પડે છે. કર્મ બંધાયા તેને ભોગવ્યા સિવાય ક્ષય જ નથી, કર્મ ફળ દીધા વગર નાશ પામનારી ચીજ નથી. જન્મ નાશ પામે, તો કર્મ થવાવાળી ચીજ નથી, જેને મુક્ત થવું હોય, તે મુક્ત થનાર જીવને કર્મનો નાશ કરવો તે જ કર્તવ્ય રહેવાનું છે. કર્તવ્ય ન રોકે તો જન્મ નહીં રોકાય. જન્મ ક્યારે રોકાય ? કર્મ રોકાય ત્યારે; માટે શાસ્ત્રકાર, ભવ્ય જીવને એક જ કહે છે કે—કર્મોનો ક્ષય કરો. ભવ્ય તેનું જ નામ કહેવાય જેઓ સર્વથા કર્મનો ક્ષય કરવો એ જ ધ્યેય રાખે, મોક્ષમાં પણ આ સિવાય બીજું કશું નથી. જે આત્મા કર્મ વિનાનો—શુદ્ધ સ્વરૂપવાળો છે, તેનું જ નામ મોક્ષ. માત્ર એક જ ચીજ કર્મ તેનો આત્માને વળગેલો લેપ દૂર થાય એટલે આત્મા

પોતાના શુદ્ધ સ્વરૂપમાં આવે. તેનું નામ જ મોક્ષ. સારો પદાર્થ ગમે છે તો દરેકને, પણ ગમ્યા માત્રથી જ સારા પદાર્થની સિદ્ધિ થતી નથી. 'આત્માનું શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ પ્રગટ થાય તેવા મોક્ષને હું મેળવું' એવી જેની ઈચ્છા થાય તેને જ શાસ્ત્રકારો ભવ્યની છાપ આપે છે. ભવ્ય એટલે મોક્ષ માટે લાયક. મોક્ષ માટે લાયક નહીં તે અભવ્યો. આત્માનું શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ જે માને, મેળવવાને ઈચ્છે-મેળવવા મથે તે ભવ્ય. તેનું નામ લાયક. ક્યા જીવોને લાયક ગણવામાં આવ્યા છે? ભવ્ય ગણવામાં આવ્યા છે? જેઓ આત્માના શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપને માનવાવાળા થાય તેઓને તે માનવાવાળો ન થાય, ત્યાં સુધી તેને લાયક કહેતા નથી. ભવ્યની નિશાની એ કે-ભૂત, વર્તમાન કે ભવિષ્ય કાળમાં આત્માના શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપે મન- વાવાળા થાય. તેવા જીવોને ઉપદેશ-ધર્મને લાયક માને છે. તેવા ભવ્ય જીવો મોક્ષની માન્યતાવાળા થયા, પરંતુ ઈચ્છા માત્ર કાર્ય કરનારી ચીજ નથી. કાર્ય કરનારી ચીજ બીજી જ છે. સર્વને ધનવાન થવાની ઈચ્છા હોય છે, પણ સર્વ ઈચ્છા માત્રથી ધનવાન થઈ જતા નથી. '**कारणं हि कार्यायत्तं**' કારણો મળી ગયાં, તો કાર્ય આપોઆપ સિદ્ધ થવાનું. કારણો ન મળે તો કાર્ય ન થાય. શુદ્ધ ચિદાનંદસ્વરૂપ થવું, તેનાં કારણો ક્યા? જે જે આસ્તિક મતવાળા છે, તે તમામ મોક્ષનો રસ્તો બતાવે છે તેમાં કેટલાક જ્ઞાન માત્રને, કેટલાક ક્રિયા માત્રને, કેટલાક શ્રદ્ધા માત્રને, કેટલાક શ્રદ્ધા, જ્ઞાન અને વર્તનને મોક્ષનો રસ્તો બતાવે. કોઈ પણ કાર્ય કરતી વખતે ત્રણ વસ્તુ ઉપર ધ્યાન રાખવું પડે. પ્રથમ કાર્ય કરવાનો નિશ્ચય. મારું આ જ કર્તવ્ય, આમ નિશ્ચય કરે તો જ કાર્ય સાધી શકે. નહીંતર મુસાફર જેવી દશા થાય.

## નિશ્ચય વગરના મુસાફરની મનોદશા.

મુસાફર રસ્તામાં જાય છે. રસ્તામાં વણેલી દોરડી પડેલી છે, એ દેખી, એટલે 'આ સારી છે—મજબૂત છે, લાવ—લઈ લઉં' એમ ધારી લેવાનો વિચાર કર્યો. પાછો બીજો વિચાર આવ્યો કે—"આ દોરડી ઉકરડાની નથી, કોઇના કામની છે. તે હું લઉં તો ખરેખર અયોગ્ય જ ગણાય." તેથી ન લીધી. આગળ ચાલ્યો. એકાદ ફર્લાંગ ગયો ત્યાં વળી વિચાર આવ્યો કે—જંગલમાં દોરડી અમથી નાશ પામવાની, નિરુપયોગીપણે નાશ પામે તેના કરતાં હું લઉં તો ખોટું શું? પાછો આવ્યો. ત્યાં વળી વિચાર્યું કે—'પારકી ચીજ નાશ પામે તો ભલે નાશ પામે. માલીકને એ વિચાર કરવાનો છે. માલીક વગર એનો દુરુપયોગ સદુપયોગ વિચારવાની સત્તા બીજાને નથી.' આથી દોરડી લીધા વિના વળી પાછો ગયો. વળી વિચાર આવ્યો કે—'કબજો હોય તો માલિકીની ચીજને, આનો તો કબજો નથી માટે લેવી જોઇએ.' એમ વિચારી વળી પાછો આવી દોરડી લે છે, ત્યાં વિચાર આવ્યો કે—'એણે છોડી છે કે છૂટી ગઈ છે? એ શું ખબર? માટે એના માલિકનો હક ગયો નથી માટે મારાથી ન લેવાય.' તેમ કહી પાછો ગયો. વળી પાછો વિચાર આવ્યો કે—'માલિક મેળવવા માટે હકદાર છે! માલીકીની નહીં ને મારી પણ નહીં. માટે લઈ લો, માલીક માગશે તો દઈ દેવાશે.' એમ વિચારી પાછો લેવા આવ્યો અને વળી વિચારવા લાગ્યો કે—"માલીકની માલિકી ગઇ નથી. માલિકને શી ખબર કે એમની દોરડી મેં જ લીધી છે? માટે આ દોરડીને ખોળનાર અહીં આવે ત્યાં સુધી મારે અહીં જ ઊભા રહેવું જોઇએ." એમ વિચારી ત્યાં ને ત્યાં ઊભો. પછી

'તડકો થયો. માલિક ન આવ્યો. હવે લેવામાં અડચણ નથી.' એમ વિચારીને તે દોરડી લીધી. ચાલ્યો. પાછો વિચાર આવ્યો કે–'માલીકે હજુ પોતાની માલિકી છોડી નથી. હું તો પારકી માલિકીની વસ્તુ પડાવી લેવાવાળો ખરો ને?' એમ વિચારતાં ફર્લાંગ આગળ ગયો ને વિચાર આવ્યો કે–'પારકી માલિકીની ચીજ મેં લીધી તે ઠીક નહીં.' વળી વિચાર આવ્યો કે–'દુનિયામાં જેના કબજામાં આવે તેની માલિકી.' એમ વારંવાર જાય આવે ને દોરડી લ્યે અને પાછી મૂકે.

ન્યાયના રસ્તાને ચૂકે તેજ રસ્તાની પહેલી વસ્તુ લ્યે. અનિશ્ચિત દશાને લીધે જવા આવવાના વિકલ્પની પરંપરામાં જ દહાડો પૂરો થયો, માટે. કાર્ય કરવું જ છે તેવી ધારણાવાળા ન હોય તો ઘડીક પોષણ કરનારા, ઘડીક શોષણ કરનારા થાય. ઘડીકમાં મંડન કરનારા, ઘડીકમાં ખંડન કરનારા થાય છે; માટે પ્રથમ શુદ્ધ સચ્ચિદાનંદસ્વરૂપ થવું જોઇએ. અને તે થવું હોય તો નિશ્ચય કર કે–તેમાં ન્યૂન નહીં. તે સિવાય નહીં. આ ત્રણ નિશ્ચય એ વિરોધીઓને ભારે પડે છે. (૧) એજ, (૨) એ સિવાય નહીં અને (૩) સંપૂર્ણ. ઘુવડની ખૂમોએ–ઘુવડના બરાડાએ–ઘૂવડના ઘૂતકારે કાંઈ સૂર્ય ઉગતો હોય તેને બંધ કરાય નહીં, એમ નક્કી કરી વિરોધીઓને કહો કે–ઓ...વિરોધીઓ! તમે કરવાના નિશ્ચયમાં આવો. આથી વિરોધીઓ દુભાય તેની દરકાર કરો તો કાર્ય સાધી ન શકો. ક્યારે, તો નિશ્ચયમાં આવો ત્યારે જ કાર્ય સાધી શકો. તે જ [illegible].

## કાર્યસિદ્ધિના ત્રણ કારણ.

આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવાનું કાર્ય જ સંપૂર્ણ કરવું છે. લગીર પણ ડાઘ–આવરણ રહે તેવું નહીં. 'સમ્યક્ત્વ'

શબ્દને હમણાં કોરાણે મૂકો. સમ્યગ્દર્શન એટલે શ્રદ્ધા લ્યો. સમ્યગ્દર્શન-મિથ્યાદર્શનને શીંગડા પુંછડા નથી. પહેલાં કાર્ય કરનારાએ આત્માની હાલત નિશ્ચિત કરવી જોઈએ એ જ શ્રદ્ધા. એ નિશ્ચય કર્યા છતાં સાધનો ખ્યાલમાં લેવાં જોઈએ, તેમજ બાધકનો ખ્યાલ કરવો, તેનું જ નામ સમ્યગ્ જ્ઞાન. આત્માનાં શુદ્ધ સ્વરૂપને મેળવવાનાં સાધનો નિશ્ચિત કરવાં, બાધકોનો નિશ્ચય કરવો તે સમ્યગ્જ્ઞાન ત્રીજે નંબરે. સાધકોને સાંધી બાધકોને દૂર કરવા જોઈએ. એમ થાય એટલે નિશ્ચય બોધ. સાધનોને ગ્રહણ કરે-બાધકોને દૂર કરે તેનું નામ ચારિત્ર. તો જ કાર્યસિદ્ધિ થાય. તેનુંજ નામ દર્શન, જ્ઞાન અને ચારિત્ર.

આત્માનો મેલ ખસે ત્યારે આ કાર્ય થાય. સાધકપણાની બુદ્ધિ થાય ક્યારે ? આત્માનો મેલ ખસે ત્યારે. આત્માને શુદ્ધ કરવા માટે સાબુ ક્ષારની-બાફની જરૂર નથી, પણ મહાપુરુષોનો ઉપદેશ આત્માનો મેલ દૂર કરી શકે. એટલા માટે શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય મહારાજ કહે છે કે-ભગવાન મહાવીરની વાણી તે જ તમારાં કાર્યને કરનારી છે. '**भव्यानाम्.**' જેમ બહારના મેલને દૂર કરવા માટે પાણી અપૂર્વ સાધન છે, તેમ આત્માના શુદ્ધ નિશ્ચય બોધ-વર્ત્તનને રોકનારા મેલ-તે ત્રણે પ્રકારના મેલ, તે અંતરના મેલ. તે મેલનું પ્રક્ષાલન કરી નાખનાર-તેને સર્વથા ધોઈ નાખવા માટે મહાપુરુષોનો ઉપદેશ અપૂર્વ સાધન છે. પાણીના પ્રવાહથી ધોએલી ચીજ ફરી પાછી મેલી થવા પામે છે, પણ ભગવાનની વાણીથી ધોવાએલ આત્મા તો ફરી મલિન થતો નથી. આત્માની ફરી મલિનતા ન થાય, તેવી રીતનું જે ધોવું તે ધોવા માટે પાણી સમાન કોઈપણ ચીજ હોય તો, મલક્ષયદ્વારા-મહાવીર ભગવાનની વાણી છે.

# દેશના-૪૦

સંવત્ ૨૦૦૦ મહા શુદ ત્રીજ. ડભોઇ.
પ્રવેશોત્સવ પછીની દેશના.

**दया भूतेषु वैराग्यं, विधिवद्गुरुपूजनम् ।**
**विशुद्धा शीलवृत्तिश्च, पुण्यं पुण्यानुबन्ध्ययः ॥**

## અણીયાલીને બદલે પડીયાલી.

શાસ્ત્રકાર મહારાજ હરિભદ્રસૂરિજી મહારાજ, ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ કરતા થકા આગળ જણાવી ગયા કે-શિષ્યે શંકા કરી કે-મહારાજ અમારે કરવું શું ?

અણીયાળીને બદલે પડીયાળી થઈ જાય તો ? એક અકર્મી સિપાઈ હતો. અણીયાળી ગામથી ઠાકોરને બોલાવવો હતો. માલિકે કહ્યું-તું જઈશ ? હા. જઈશ. અણીયાલી એ ગામનું નામ યાદ નહીં રહે. લાકડીમાં આર હતી. તેનું નામ શું ? અણી. તો તે ઉપરથી યાદ રાખજે કે-અણીયાલી. અણીયાલી યાદ રાખવા માટે માલિકે, લાકડીમાંની અણી બતાવી. સીપાઈ હવે નીકળ્યો. વચમાં પત્થરો આવ્યો, પડી ગયો. અણી જોતો જોતો ગયો, પણ વચમાં પડી ગયો, તે યાદ રહ્યું. આથી અણીયાળીને બદલે લોકોને 'પડીયાલી' પૂછે છે કે પડીયાલી ક્યાં ? લોકો કહે-આગળ. એમ આગળ ચાલ્યા જ કર્યું. લોકો કહે-તે નામનું ગામ ક્યાંય નથી. ગામ ન મળ્યું. તેણે

આ સાંભળી જે ભગવાનની વાણી તરફ આદરવાળા થશે, તે આ ભવ પરભવમાં માંગલિક માળા પહેરીને મોક્ષસુખને વિષે બિરાજમાન થશે.

અણીયાલી કહ્યું હતું ને પૂછ્યું પડીયાલી, તો કોણ બતાવે? સાધ્ય ચૂકે પછી પ્રવૃતિ ગાઢે જેટલી કરે તેમાં કંઈ ન વળે. નાસ્તિકો, મિથ્યાત્વીઓ—અજ્ઞાનીઓ બેસી રહેલા નથી હોતા. બધા પ્રવૃતિવાળા હોય છે, પણ ધ્યેય કયું? આત્માનું સાધવાનુ ધ્યેય, નાસ્તિકાદિને આવતું નથી. પ્રવૃતિ આખો દિવસ કરે, પણ પેલા સિપાઈ જેવું થાય. અણીયાલી ભૂલી ગયો. આપણે આત્માનું સાધવાનું ભૂલી જઈએ, અને છોકરાનાં નામે ધન—કુટુમ્બ વિષયમાં પ્રવૃતિ કર્યા કરીએ તો શું થાય? આથી શિષ્ય કહે છે કે—'મહારાજ! પ્રથમ નિશ્ચય કરાવો કે-અમારે ધ્યાન કયાં રાખવું? મોક્ષ એ મુખ્ય ધ્યેય હોવું જોઈએ. પણ જે કાળમાં મોક્ષે જવાતું ન હોય તો ધ્યેય રાખે શું વળે?' ગુરુમહારાજ કહે છે કે—" પણ એક દહાડે મુંબઈ ન પહોંચાય તો વચમાં વિસામો કરી મુંબઈ પહોંચાય એક ભવમાં મોક્ષ ન મળે તો વચ્ચે સારા ભવના વિસામા લેવાય, એ રીતે મોક્ષ સાધવો. મરતાં 'નરકે જાઉં તો ઠીક' એમ કોઈ બોલતું નથી અને 'મારી ગતિ સારી થાય તો ઠીક' એમ સહુ ઈચ્છા કરે છે; પરંતુ તાંબાયો પૈસો લઈ બજારમાં જાય ને ઝવેરી પાસેથી તેનો હીરો માગે તો મળે? તેમ પાપ એકઠું કરી સદ્ગતિ માંગીએ તો ન મળે. પૂણ્ય પ્રકૃતિ ન મેળવી હોય, તો સગદ્ગતિ કયાંથી મળે?

**ચાર દહાડાની ચાંદરણી, પછી ઘોર અંધારી રાત.**

કુટુમ્બાદિક સારાં મળી ગયાં છતાં—'ચાર દહાડાની ચાંદરણી ને પછી ઘોર અંધારી રાત' સુભૂમચક્રી ને બ્રહ્મદત્તચક્રીને મળવામાં કંઈ બાકી હતું? જેવા ભરતમહારાજાને ૭ ખંડ, ૧૪ રત્નો, ૯ નિધાન તેમ તેમને પણ બધું મળ્યું

જ હતું. પૂણ્ય ઉદય તો સરખો જ છે. ચક્રવર્ત્તીપણાની અપેક્ષાએ પૂન્યોદય સમાન હોવા છતાં ભરત-સનત્કુમારના પુણ્યોદયમાં પૂણ્યની પાછળ પણ પૂણ્ય ભોગવે છે ને પાછળ પૂણ્ય બંધાય. જ્યારે સુભૂમ બ્રહ્મદત્તને પૂણ્યોદય પ.પ બંધાવવાવાળો હતો. કેટલાક પૂણ્યોદયો પાપનો બંધ કરાવે.

શિષ્ય ચોંકયો. જે ભક્તિમાં રહે-શરણાગત થાય, તેને અડચણ આવે તો માલીકને જવાબદારી. શરણાગતને પાળવા માટે ચેડા મહારાજે લડાઈ કરી હલ્લવિહલ્લ શરણે આવ્યા, તો તેને પાળવા માટે લડાઈ કરી પોતાનો પ્રાણ આપ્યો, પણ શરણાગતીનું રક્ષણ કર્યું. શિષ્ય કહે-અમે શરણે આવ્યા. સન્માર્ગે દોરો. આ ભવની વાત છે. આવતા ભવમાં તમે અને અમે કોણ જાણે કયાં હઇશું ? માટે આ ભવમાં એવું પુણ્ય થાય કે-આવતા ભવમાં અમને ઊંચે ખેંચ્યા વગર ન રહે. અનાર્યોમાં, મિથ્યાત્વીમાં, મ્લેચ્છોમાં રિદ્ધિ સમૃદ્ધિ આદિ છે પણ તે પૂણ્ય, પાપને નોતરવાવાળું છે, માટે અમને એવો રસ્તો બતાવો કે-જે પૂણ્ય-પાપને જણાવી દે. સારાંશ એ કે-આવતા ભવની સ્થિતિ અત્યારથી નક્કી કરવી. હવે હરિભદ્રસૂરિજી કહે છે કે-એ રસ્તો પણ જ્ઞાનીએ કહેલો છે કે આવતા ભવે પણ પૂણ્ય જ બંધાય. તે માટે ચાર રસ્તા જણાવ્યા. કયા ? '**दया भूतेषु वैराग्यं०**'=(૧) જીવ માત્રમાં દયા. (૨) **वैराग्यं०**=લૂખાપણું-આસક્તિ ન હોવી જોઈએ. (૩) મુનિમહારાજની વિધિપૂર્વક સેવા અને (૪) નિર્મળ એવા શીલનો વર્તાવ. આ ચાર વસ્તુ એવી કે-આ ભવમાં પૂન્ય બંધાવે ને તે ઉદયમાં આવે તો પણ પૂણ્ય જ બંધાય. હવે વૈરાગ્ય-ક્રિયા આદિ કેવા હોય તે અગ્રે—

# દેશના—૪૧

૨૦૦૦ મહા શુદ ત્રીજ શનિવાર ડભોઈ.

## પુન્યાનુબંધી પુન્ય બાંધવાના રસ્તા.

दया भूतेषु वैराग्यं विधिवद् गुरुपूजनं।
विशुद्धा शीलवृत्तिश्च पुण्यं पुण्यानुबंध्यदः ॥ १ ॥

## બધી ઈચ્છામાં જડ સુખની છે.

શાસ્ત્રકાર મહારાજ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ, ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ કરતા થકા આગળ સૂચવી ગયા કે—સંસારમાં સામાન્ય રીતે એમ કહેવાય છે કે—મત કેળવવા જોઈએ. દરેકના મગજ જુદા જુદા હોય છે. લોકમાં ભિન્ન ભિન્નરુચિ હોય છે. કોઈને કુટુમ્બની, કોઈને કીર્તિની, કોઈને લાડીની, કોઈને વાડીની એમ અનેક પ્રકારની રુચિ હોય તેમ જીવને પણ જુદા જુદા વખતે જુદી જુદી રુચિ હોય છે. રુચિઓ અપાર છે, છતાં પણ જેમ જગતમાં બધાનો એક મત પણ હોય છે. જેમ કે—ભૂખ લાગે ત્યારે બધાંનો ખાવાનો જ મત થાય છે. જુદી જુદી રુચિ, ઈચ્છા, મનોરથ, અભિલાષ છતાં, એ બધા માત્ર ડાળાં પાંદડા છે. રુચિનું મૂળ એક જ છે. આંબાનાં ઝાડને ૧૫૦ ડાંખળા હોય, પણ મૂળ એક જ. ખંધ એક જ. ડાળાડાંખળા જુદા છતાં મૂળ એક જ હોય, તેમ ઈચ્છાદિક દરેક જીવમાં જુદા હોય છે, છતાં સહુને ઈચ્છા એક જ. સહુને સુખની જ ઈચ્છા. કુટુમ્બ—ધન—મકાન—લાડી—વાડી ગમે તે ઈચ્છા હોય પણ તે દરેકનું મૂળ શું ? એક જ કે—

મને સુખ થાય. તે માટે જંગલમાં જાય, ત્યાં લૂંટારાઓ મળે તો બચવા ખાતર બધું ધન આપી દે. શા માટે? સુખ મેળવવા માટે. સુખ માટે જે ધન વહાલું હતું, તે ધન બચવાના સુખ માટે આપી દીધું! જગતમાં સોનું કીંમતી છતાં કોઈ તે સોનું તપાવી–લાલચોળ કરીને હાથમાં આપે તો તેવું સોનું કેટલા હાથમાં લે? ધન સુખ માટે જોઈએ છે. દુઃખ દેનારું ધન કોઈ નથી લેતો. રાવણ સરખા રાજવીએ પણ મૂળ નક્ષત્રમાં છોકરી જન્મી તો તેને જંગલમાં તજાવી દીધી. કુટુમ્બાદિક લઈએ તે તો તેમાં પણ પરમ સાધ્ય સુખ માટેજ. સુખને સાધવાનું હોય ત્યાં સુધી હ્યે, તે જ દુઃખને બોલાવનારું માલમ પડે તો પછી ચાહે જે હોય તો પણ છોડી દે છે. અંગ સડવા માંડે તો તે પોતાના અંગને પણ કાપી નાંખે છે. કારણ કે–એ અંગ દુઃખ દે એવું છે. કહો....ચાહે પૈસા, લાડી, વાડી, કુટુંબ વગેરે કોઈપણની ઇચ્છા હોય પરંતુ તે બધી ઇચ્છામાં જડ સુખની છે. આથી નક્કી છે કે–દરેક ઇચ્છામાં દરેક જીવ મુખ્યત્વે સુખ ઇચ્છે છે. તેથી શ્રીહેમચંદ્રાચાર્ય મહારાજને "**आत्मवत् सर्वभूतेषु यः पश्यति सः पश्यति.**' શ્લોક પલટાવી નાખવો પડ્યો, એ શ્લોકનો સીધો અર્થ એમ છે કે–"પોતાના આત્મા માફક જગતને જુએ તે જોનાર ગણાય." ચોકસી, પોતાનાં સોનાની કીંમત કરે તેવી જ રીતે પારકાનાં સોનાની પણ કિંમત કરે છે. ચોકસીની ફરજ છે કે–પોતાનાં કે પારકાનાં સોનાની કિંમત સરખી રીતે જ કરે. તેમાં જરાપણ ફેરફટકો થવા દેતો નથી. તેમ આ જીવ, વસ્તુ પ્રમાણે તે વસ્તુની કીંમત કરતાં શીખ્યો નથી. આ જીવ બીજા જીવોની પોતા તરીકે કિંમત કરતાં શીખ્યો નથી!

## તારું સોનું પૈસે તોલો મારું ૨૫) રૂા. તોલો. આ ચોકસી કેવો ગણાય ?

એક વણુઝારો હતો. તે માલ લઈને પરદેશ નીકળ્યો છે. કોઈક શહેરમાં આવ્યો. પોતાની પાસેનો માલ ત્યાં વેચાય તેવો નથી. હવે થાય શું ? પાસે પૈસા નથી અને ખરચી તો જોઈએ જ. દાગીનો વેચવા માટે ચોકસીને ત્યાં ગયો. તોલ કરાવી દાગીનાની પરીક્ષા કરાવી. જે કિંમત થાય તેના પૈસા આપવા કહ્યું. ૨૫ તોલાનું સોનાનું કડું હતું. ચોકસીએ તેના ૨૫ પૈસા આપ્યા. વણઝારાએ જાણ્યું. અહીં સોનું સોંઘું જણાય છે. કડું પાછું લઈ લીધું અને સામેથી ચોકસીને કહ્યું–તમે સોનું તોળો. ચોકસી કહે કેટલું ? વણઝારો કહે–૧૦૦ તોલા તોળો. ૧૦૦ તોલા સોનાનાં વણઝારાએ ચોકસીને ૧૦૦ પૈસા આપવા માંડ્યા. ચોકસી કહે–હોય....રૂપીઆ ૨૫૦૦) જોઈએ. વણઝારો કહે–એમ કેમ ? ચોકસીએ કહ્યું.–તમારું સોનું પૈસે તોલો, મારું સોનું ૨૫) રૂા. તોલો. આ ચોકસી કેવો ગણવો ? એ વાત તમને આશ્ચર્યકારક લાગે છે, પણ એ વાત અનુભવમાં ઉતારીએ તો રાતદિવસ આપણો જ તેવો ધંધો છે, એમ કબૂલવું પડે તેમ છે ! કહેશો કે–શું એવો ધંધો અમે કરીએ છીએ ? તો....હા.

## પોતાના જીવની કિંમત ત્રણ લોકના રાજ્યઅધિક પારકાની કોડી જેટલી પણ નહિ.

તમે જીવ માનો છો, પણ પોતાના માનો છો ! પારકો નહીં. પોતાના જીવ જેવો પારકો ગણો તો–' અનંતકાય ગાજર, લસણ, ડુંગળી, આલુ, સોયની અણી ઉપર જેટલું શરીર રહે, તેટલામાં અનંતા જીવો. તેને લસોટી, શેકીએ તો શું થાય ?

એ વિચાર પ્રથમ આવે. માટે આપણા જીવની કીંમત છે. પારકાના જીવની કીંમત નથી. ચોકસીએ પોતાનાં સોનાની કીંમત કરી, પારકાનાં સોનાની નહીં. આપણા જીવની કીંમત આપણે ત્રણ લોકના રાજ્યથી અધિક ગણીએ છીએ. પારકા જીવની કીંમત કોડીની ગણતા નથી ! રશિયાના ઝારે, ઈરાનના શાહે વિગેરેએ ગાદી કેમ છોડી દીધી ? બચવા માટે પોતાનો જીવ બચાવવા માટે. 'હું મરી ન જાઉં' એ એક જ ગણત્રીએ. વર્ત્તમાન જમાનામાં પોતાના જીવનને રાજ્ય, કુટુમ્બી સમૃદ્ધિ કરતાં પણ અધિક ગણવામાં આવે છે. આ રીતે એક બાજુ આપણે જ્યારે આપણા જીવની કીંમત ત્રણ લોકની ઠકુરાઈ મળે તે કરતાં અધિક ગણીએ છીએ, ત્યારે બીજી બાજુ આપણે એ જીવના ક્ષણભરનાં સુખને ખાતર આપણે અનંતા જીવને લસોટી–શેકી નાંખીએ છીએ. બોલો આપણે કેવા પ્રકારના ચોકસી ? આપણને તો આપણા જીવની કીંમત. આપણને આપણો પોતાનો જીવ વહાલો, પારકાના જીવની કીંમત નહીં. નહીંતર બીજા જીવના વધના આરંભસમારંભ કરીએ છીએ તે કેમ બને ? આથી જ બીજાએ જે રાખ્યું હતું કે–"**आत्मवत्सर्वभूतेषु यः पश्यति सः पश्यति**=પોતાની માફક સર્વ જીવને દેખો." તે ઉપરથી શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે વિચાર્યું કે–"શું પોતે મૂર્ખ હોય તો બીજાને પણ મૂર્ખ ગણવા ? પોતે રોગી હોય તો બીજાને પણ રોગી ગણવો ? પોતે વિદ્વાન હોય–નિરોગી હોય–ધનવાન હોય–ધરાયેલા હોય તો તેવા શું બીજાને ગણવા ?" ના....ત્યારે શી બાબત પોતાની જેવા બીજા જીવોને ગણવા ? એ સ્પષ્ટ કહે છે કે–'**यः पश्यति सः पश्यति**' વાક્ય નહિ, પણ **सुखे दुःखे प्रियाप्रिये**=સર્વ

જીવોમાં સરખાપણું, પણ શાની અપેક્ષાએ ? તારા આત્માને સુખ વહાલું છે તેમ જગતના તમામ આત્માને સુખ વહાલું છે. તેમજ તને દુઃખ અળખામણું છે, તેમ જગતના સર્વ જીવને દુઃખ અળખામણું છે, માટે બીજા જીવોનાં સુખદુઃખમાં તેઓને પોતાની જેવા માનવા." આ સ્થિતિ નક્કી કરી શક્યા. જગતમાં જુદી જુદી ઇચ્છાવાળા, મનોરથોવાળાની જુદી જુદી રુચિ છતાં બધાંને જડ એક સુખ જ છે, એમ કહી શક્યા. આંબાની ડાળો-ડાળીઓ અનેક છતાં, મૂળીયું-જડ એક જ. તેવી રીતે અહીં જુદી જુદી ઇચ્છાઓ છતાં પણ બધાંની જડ દેખીએ તો એક જ કે-સુખની ઇચ્છા. यन्न दुःखेन संभिन्न '

## સર્વાંગપરિપૂર્ણ સુખ જોઇએ.

સુખ પણ કેવું મેળવવા માગે છે ? જમવા બેસાડે ને એકલા લાડવા પીરસે તો ? અર્ધો લાડવો ખાય ને મોં ભાંગી જાય. મીઠારસ સાથે સાધન તરીકે ખાટો ખારો રસ માંગે છે. તેમ સુખની અંદર સાધન તરીકે પણ દુઃખ કોઈ માંગતું નથી. એકલા સુખમાં અજીરણ થશે, માટે વચમાં લગીર દુઃખ આવે તો ઠીક, તેમ કોઈ ઇચ્છતું નથી. પક્વાન સાથે શાકની માફક-અથાણાંની માફક કોઈ સુખ સાથે દુઃખ માંગતું નથી જેમાં બીલકુલ દુઃખ મળેલું ન હોય, તેવું સુખ માગે છે. શ્રીમંત માણસ-કોટીધ્વજ હોય, કુટુમ્બવાળો હોય, છતાં સંગ્રહણીનું દરદ હોય તો ? આપણું શરીર સાડાત્રણ મણનું છે. અંદર અંગૂઠો પાક્યો છે તે વખતે ચિત્ત નિરોગી ભાગ તરફ જાય છે કે લગીર પાકેલો ભાગ છે ત્યાં જાય છે ? ચણાના ભાગ જેટલો ભાગ સડ્યો છે ત્યાં જ ચિત્ત જાય છે. સુખ માગે છે કેવું કે દુઃખ વગરનું. વચમાં દુ.ખની મેખ પણ ન

જોઇએ. સર્વાંગે પરિપૂર્ણ સુખ માગે છે. એક અંગે દુ:ખ હોય તો તે સિવાયના સર્વ અંગે સુખ હોવા છતાં દુ:ખ માનીએ છીએ. જે સુખ, દુ:ખની સાથે મિશ્રિત ન હોય તેવું સુખ આત્મા માગે છે. દુ:ખ લગીર પણ ખપતું નથી. લગીર પણ દુ:ખ આવે તો આખા સુખ ઉપર છીણી ફરી વળે છે. બાકીનાં બધા સુખ માથે છીણી ફરી વળે છે. આથી સમજો કે-જીવ સુખ માંગે છે, તે પણ દુ:ખ વગરનું માગે છે. જોડે લેશ પણ દુ:ખ જોઇએ નહીં,

**સુખ મળ્યા પછી જવું ન જોઇએ, તેવું માંગે છે.**

'**न च आगमनंतरं**'=તેવું પણ સુખ, કદી પાછું ન જવું જોઈએ. લેણાની-દેવાની મર્યાદા '**जातस्य हि ध्रुवं मृत्युः**= શરીર-આયુષ્યની મર્યાદા, છતાં સુખની ઇચ્છા મર્યાદાવાળી છે? આયુષ્ય ફરવાનું જાણ્યા છતાં સુખની બુદ્ધિ ફરતી નથી? આવતે ભવે દુ:ખી ન થઉં, સુખી થઉં. ગોવાળીઆ, ખેડૂત જાત વગેરે પણ ' ભગવાન! આવતે ભવે સુખી થઉં" એમ વિચારે છે. સમજુ કે અણસમજુ તમામ વર્ગ આવતા ભવનાં સુખની ઇચ્છા કરે છે. ત્રીજા ચોથે ગમે તે ભવે પણ એવું સુખ જીવ માગે છે કે-આવ્યા પછી ખસે નહીં. જો કે-દુનિયાનાં સુખો તે તો કાળાં પાંખડાં છે. કુટુમ્બાદિક મેળ-વાય છે તે પણ કાળાંપાંખડાં છે, છતાં લોભને થોભ હોતો નથી.

## લોભને થોભ હોતો નથી તે ઉપર બ્રાહ્મણ વિદ્યાર્થીની કથા.

એક બ્રાહ્મણ વિદ્યાર્થી હતો. વિદ્યાભ્યાસ કરવા માટે બહાર ગયો છે. કર્મોદયે જેને ત્યાં ખાય પીએ છે ત્યાં એક ગુલામડી રહે છે હલકી જાતને ચાળાચટકામાં ઠેકાણું ન

હોય. આ બ્રાહ્મણ છોકરો હતો. યાવત્ વિદ્યાર્થીને પેલી ગુલામડી સાથે ઘરવાસ થયો. એટલે હવે કલદાર જોઇએ. છોકરો મુંઝાયો. હવે વિદ્યાભ્યાસ કરવો કે કલદાર કમાવા જવું ? બ્રાહ્મણનો છોકરો છે. ફસાઈ ગયો. શેઠ વિદ્યાભ્યાસ કરે સો જ ભરણપોષણ કરે એમ છે. હવે શું કરવું ? મુંઝાયો. સ્ત્રીએ કહ્યું–કેમ મુંઝાય ? રસ્તો બતાવું. બ્રાહ્મણને ક્યાં કાપડના તાકા ફેરવીને કમાવાનું હોય છે ? આશીર્વાદથી કમાવાનું. સવારે આશીર્વાદ આપે તો બે માસા સોનું રાજા આપે છે. રાજા પાસે પહોંચી જવું. કહેવું કે–ઓચ્છવમાં ખરચવા મારે જોઈએ છે. આ સલાહ સાંભળીને પેલો સૂતો. સૂતો સૂતો વિચાર કરે છે કે–" બ્રાહ્મણની વસ્તિ ઘણી છે, તેમાંથી પહેલો કોઇ જશે ને સોનું લઈ આવશે તો શું થાય ? માટે સહુથી પહેલાં મારે રાજાને ત્યાં જવું. વિચારમાં ઊંઘ ન આવી. અજવાળી રાત દેખી કે–પ્રભાત થઈ ગયું જાણીને નીકળ્યો. પહેલાંના કાળમાં કોઇ અકાળે ફરે તો ચોકીમાં બેસાડી દે. અજાણ્યા ગામના બ્રાહ્મણનો છોકરો નીકળ્યો. પોલીસે પકડ્યો. ચોકીએ બેસાડ્યો. છોકરાને થયું કે–' અતો ભ્રષ્ટઃ તતો ભ્રષ્ટઃ'= અભ્યાસ ગયો, આશીર્વાદ પણ ગયો ને સોનું પણ ગયું ! સવારનો પહોર થયો. ચોકીવાળો સિપાઈ, તેને રાજા પાસે લઈ ગયો. રાજાએ છોકરાને પૂછ્યું–કેમ ? છોકરો વિચારે છે કે–અહીં ખુલ્લી વાત કર્યા વગર ચાલે તેમ નથી. એટલે તેણે રાજાને કહ્યું કે–" હું ફલાણા શેઠને ત્યાં રહું છું. ત્યાં રહેતી ગુલામડી જોડે આમ સંબંધ થયો છે. તેમાં કલદારની જરુર પડી, તેથી તે બાઈની સલાહથી કલદાર માટે આશીર્વાદ આપવા આવતો હતો. વહેલો નીકળ્યો એટલે આ સીપા-

ઈએ પકડ્યો. રાજાએ વિચાર્યું કે-"ચોખ્ખી વાત કરી છે. મેલી-ગંદી-ખરાબ વાત હતી, પણ સ્પષ્ટ વાત કહી દીધી છે. આવો સીધો મનુષ્ય ફસાઈ ગયો છે. હવે તે વિદ્યાભ્યાસ છોડી દેશે તો તેની જિંદગી કેમ જશે? માટે તેનું મન ખુશ કરવા દે." આમ વિચારી રાજાએ કહ્યું કે-તારે જોઈએ તે માગ. વિદ્યાર્થીએ વિચાર્યું કે-શું માગું? તેને એ રીતે વિચારમાં પડેલો જોઈ રાજાએ શાન્તિથી વિચારવા સારુ તેને એક બાજુ ઝાડ નીચે વિચારમાં બેસાડ્યો. હવે ત્યાં બેઠો તે છોકરો વિચારે છે કે-'બે માસા માટે નીકળ્યો હતો, તો બે માસા સોનું માગી લઉં, પણ તેમાં તો કાલનો ઓચ્છવ પૂરો થશે. પાછી પંચાત તો ઊભી રહેવાની માટે દસ માસા માગું. પણ તેમાં તો છ મહીના જ માત્ર ચાલશે. વિદ્યાભ્યાસ તો વધારે કરવાનો છે, માટે ૨૫ માસા માગું તો વરસ દિવસ ચાલશે. એમ આગળ આગળ વિચારતાં '૧૦૦ માસા માગું' એમ થયું. પાછો વિચાર આવ્યો કે-તે તો તેના-મારા તહેવારોને પેટે, પણ તેટલામાં ઘરેણાં ગાંઠા ન મળે માટે ૧૦૦૦ માસા માગું? પણ તેમાં તો રસાએલા સોનાનાં ઘરેણાં થાય માટે, નક્કર નલને માટે ૧૦૦૦૦ માસા માગું. વળી વિચાર આવ્યો કે-"દસ હજાર માસા સોનામાં તો માત્ર ઘરેણાં થાય, પણ ગાડીવાડી ન થાય. ગાડીવાડી વગર તો અમે રખડતા છીએ અને રખડતાં રહીએ, માટે એક લાખ માસા માંગું. રાજા દેવાવાળો બેઠો છે તો પછી મારે માગવામાં ખામી શા માટે રાખવી?"

વળી વિચાર્યું કે-પણ મકાન વગર શું કરીશ? માટે ૧૦ લાખ માંગું. વળી વિચાર આવ્યો કે-"દસ લાખથી તો

માત્ર હું માલદાર થાઉં પણ કુટુંબી-જ્ઞાતીલાઓ સુખી ન થાય માટે ક્રોડ માલા માગું !" પછી વિવેક સૂઝયો. આ જીવ "**જ્ઞહા લાહો તહા લોહો**"=જેમ જેમ લાભ થાય તેમ તેમ તેની પાછળ લોભ ઊભો કરે છે ! લોભ પાછળ લાભ ઊભો કરે છે ! તળાવમાં કાંકરી નાંખે ત્યારે પહેલું કુંડાળુ નાનું હોય, પણ પછી પહોળું પહોળુ થતું જાય. કુંડાળું ઊભું ન થાય ત્યાં સુધી કાંઇ નહીં, થયું એટલે વધુ વધુ પહોળું ! જેમ જળાશયમાં છોકરાની રમતમાં કાંકરાથી થએલા તે કુંડાળાનો છેડો કાંઠા વગર આવતો નથી, એમ આ જીવની પાસે કંઇ નથી હોતું ત્યારે–'૧૦૦) રૂપીયા મળે તો ગંગા નાયા, પછી પૈસો લેવો હરામ'–પણ તે પ્રતિજ્ઞા, ૧૦૦ ન મળે ત્યાં સુધી. ૧૦૦ મળે પછી ૧૦૦૦ ની ઇચ્છા. હજાર મળ્યા પછી લાખની ઇચ્છા. લાખ મળ્યા પછી ક્રોડની વાત. પણ તે વાત પણ ક્રોડ મળ્યા નથી ત્યાં સુધી જ, ક્રોડ મળ્યા પછી તે અબજની જ વાતો કરે ૧૦) રૂા. ના–૨૫) રૂા. ના પગારના ગુમાસ્તા લાખોપતિ થાય છે. આવી નોકરીમાં હતા ત્યારે તેવાએ તેવા નિયમો કર્યા હતા તે નિયમો ટકાવી શકયા નથી. 'આ તો બાયડીના નામે, આ તો છોકરાને નામે.' એ બધું શાથી ? એક જ કારણ "**निर्धनो पकशतं पश्चात्तु चक्रवर्त्यपि देवत्वं**" તળાવમાં કુંડાળા હોય, તેમ લોભના કુંડાળા બતાવે છે. નિર્ધન, ૧૦૦) રૂપીઆ બસ કહે છે. ૧૦૦) વાળો થયો એટલે હજાર. તે થયા એટલે લાખ. લાખનો માલીક થયો એટલે ક્રોડ. કોટીશ્વર થયો એટલે રાજાપણું માગે. રાજા ચક્રવર્તીપણું માગે, ચક્રવર્તી દેવતા થવા ઇચ્છે અને દેવતા ઇન્દ્ર થવા ઇચ્છે. લોભ મૂળમાં નાનો હોય, પણ "**शराव इव वर्धते**" સરાવ–શકો-

રાની બેઠક હોય તે વધતી વધતી મોટી થાય છે. શરાવલાંની પહોળાઇ ચારે દિશાએ વધે છે-તેમ આ લોભ છે. જેમ જેમ મળતું જાય તેમ ચારે બાજુ વધતો જ જાય. છેડો જ નહીં.

## જે પ્રમાણમાં સુખ જોઇએ તે પ્રમાણમાં સાધનરૂપ ધર્મ કરવો જોઇએ.

તેમ સુખની અપેક્ષાએ વિચારીએ તો સુખનો છેડો ક્યો? દેવતા તુષ્ટમાન થાય અને 'જોઇએ તેટલું સુખ માંગ' કહે તો શું માગે? 'મારી કલ્પનામાં ન આવે તેવા હંમેશ માટેના દુઃખ વગરના સુખ આપ.' એ જ ને? કહેવાનું તત્ત્વ એ કે-આ જીવ સુખ, દુઃખ વગરનું અને ખસે નહીં એવું માંગે છે! તે પણ કેવું? મારી ઇચ્છા કરતાં અધિક! વિચારો....સુખ આવું મેળવવું છે! અને તે માટેનાં સાધન કેવાં મેળવીએ છીએ? દુનિયામાં લોઢાનો થાંભલો મજબૂત, તેનાં કરતાં પત્થરનો કમજોર, તેનાથી ઈંટનો કમજોર પરંતુ ભૂખરુ માટીનો થાંભલો હોય તે કેટલો વખત ટકે? જેને પડવા માટે પાણીની જરૂર નહીં-શરદીની હવા લાગે એટલે ખરી પડે. ભુખરું માટીથી માણસ મહેલ બનાવે, તે માટીના થાંભલા ઉપર મહેલ બનાવવા તૈયાર થનારાની અક્કલ કેટલી? તે પ્રમાણે આપણે હંમેશનું કલ્પિત સુખ માંગીએ છીએ, અને સાધન કરીએ છીએ ત્યારે-ભુખરું માટીના થાંભલા. આખા જીવનમાં 'કંચન કામિની કુટુમ્બ અને કાયા' આ ચાર જ વસ્તુ ભેળી કરીએ છીએ. અંદરની અપેક્ષાએ આહારાદિ ચાર વસ્તુ ભેળી કરીએ છીએ, આ આઠે સગાં ક્યાં સુધી? અહીંથી નીકળીએ નહીં ત્યાં સુધી. અંદરથી નીકળ્યા ત્યારે સગામાં કોણ? અબજો રૂપિયા હોય, લાખો સ્ત્રીઓ હોય, યાદવો પેઠે કરોડોનું કુટુંબ હોય,

હજાર ગાઉનું શરીર હોય, તેમાંથી કંઈપણ કે કોઈપણ સાથે આવશે ? ત્યારે સુખ અવોભવ જોઈએ છે અને સાધનો ભેળાં કર્યાં, આ ભવ પણ ટકે નહીં તેવાં ! આ બે શી રીતે બને ? પાંચ રૂપીયાભાર માટી લઈને કેટલાય મણની કોઠી બનાવવી તે કુંભારથી પણ નથી બનતું. રૂપીયા, સ્ત્રીઓ તે તમામ આ ભવ માટે પણ રજીસ્ટર થએલી વસ્તુ નથી. આ ભવનું પણ પૂરું સુખ ન દે, તો તે આવતા ભવનાં સુખનું સાધન ક્યાંથી બને ? વિચારો....કેવું સાધન મેળવો છો ? 'હું વડોદરા તરફ જાઉં છું.' કહે અને દોડે સૂરત તરફ ! તો એ વાત કરનાર સાંઢો ગણાય કે નહીં ?

સુખ આવું જોઈએ, ને સાધનો વિચિત્ર મેળવે છે ! કહેશો કે—" સુખ જોઇએ છે—દુઃખ વગરનું, ખસે નહીં એવું અને તે પણ ઇચ્છા પૂરી થતાં આગળ વધે તેવું, છતાં તેવું સુખ આપે તેવી કોઇ ચીજ અમને મળતી નથી !" પણ શાકવાળાને ત્યાં મોતી લેવા જાય તો વાંક કોનો ગણાય ? મોતી મળતું નથી કે મોતી મેળવવાનો રસ્તો લીધો નથી ? સદાનું, દુઃખ વગરનું અને ઇચ્છાવધારનું સુખ મેળવવું છે, પણ તેવું સુખ જે મેળવી આપે તેને પગલે પણ પહોંચ્યો ? આખો દિવસ "રમા—રામા ! ઘર જા અને વિસર જા ! કોઇનું પડે ને મને જડે." આવું જ ધ્યાન ધર્યા કરે છે ! કદિ પુણ્યનો આવો જાપ કર્યો ? ભવોભવ પાપ હેરાન કરે છે. નારકીનાં દુઃખો પાપથી મળે છે. લૂલાં—લંગડા—દરિદ્રી—રોગી પાપથી થવાય છે. પણ તે તો કર્યા જ કરો છો ! આ જોતાં કહેવું પડે કે—ખરેખર તમે શાસ્ત્રકાર અને આચાર્ય માટે માત્ર મીઠા-ભાષીયા છો. મીઠાભાષીયા જનો, માત્ર મીઠું બોલે—કરવાનું

કંઈ નહીં, 'હું....સાહેબ! પાપ ખરાબ છે? દુર્ગતિ દેનાર છે?' તેમ કહી આચાર્યને મીઠું લગાડવાવાળા છો. ખોટું ન લગાડશો; આ એક દાખલો તમને કહું છું.

## સ્વપ્નમાં સાપ વીંટાયો તેની અસર અને પાપ કરીએ તેની અસર કેટલી?

આ ભાઈ બેંકમાંથી સાંજના મોડું થતાં ૫૦ હજાર લાવ્યા, પેટીમાં મેલ્યા છે, તિજોરીને તાળુ માર્યું છે. તિજોરી ઉપર સૂતા છે, ઊંઘ પણ આવતી નથી. કાચી ઊંઘમાં સ્વપ્ન દેખ્યું કે—ચોર લૂંટારુ આવ્યા. તિજોરીમાંથી રૂપિયા કાઢી લઈને નાસી ગયા. ભાઈ જાગ્યા. સ્વપ્ન નક્કી થયું. હવે તો ઉચાટ નથી ને? છતાં કહો....કે—સ્વપ્નમાં ચોરાયું દેખાયું તે બદલ તપાસી લેવા તિજોરી ખોલશે કે નહિ! રકમ દેખે નહીં ત્યાં સુધી જંપ વળે ખરો? જીવ, રમા રામાને કેવો ચોંટ્યો છે? પોતે ચોરાયું તે સ્વપ્ન જાણ્યા છતાં તીજોરી તપાસ્યા વિના જંપ ન વળ્યો! સ્વપ્નમાં સાપ પગે વીંટળાયો છે. જાગ્યો. વીંટાયેલો ન હતો. ચોક્કસ થયું; છતાં તેનો સ્વર તપાસો! જે સ્વર ભયવાળો થઇ ગયો છે, તે દસ મીનીટ સુધી ઠેકાણે આવતો નથી કેમ? તેની અસર લાંબી ચાલે છે. કાળજા પર હાથ મેલો—કાળજામાં ધડ ધડ ધડાકા થાય છે. કાયા માટે જૂઠી વસ્તુની કેટલી બધી અસર? લક્ષ્મી પર જૂઠો ભય તેની પણ કેટલી અસર? એજ રીતે સમજો કે—પાપનું કામ કરી સ્વપ્નમાંથી જાગ્યા. મોં લગીર બગડશે, પણ સ્વરમાં લગીર પણ અસર નથી! કાળજામાં લગીર પણ અસર નથી! સ્વપ્નના સાપ અને ચોરીની જેમ સ્વપ્નાનાં પાપમાં લગીર પણ અસર કેમ ન થઈ! કારણ? કહો કે—પાપ સમજાવનાર આચાર્ય મહારાજને અંગે આપણે

માત્ર ભિક્ષાભાઓ બન્યા છીએ. પાપના અંગે અંદર ભય નથી. પાપથી થતી હેરાનગતિનો ભય નથી. 'મહારાજ! આપ સરખા પરોપકારી અમને રસ્તો નહીં બતાવે, તો કોણ બતાવશે?' એમ માત્ર બોલવાનું.

મહાનુભાવ! આ ભવમાં એવી કેટલીય ક્રિયાઓ કરાય છે કે—જે ક્રિયાઓથી આવતા અને તેથી પણ આગળના ભવનુ સુખ આપનાર થાય છે. આથી શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ કહે છે કે—'મોક્ષ ન પામો ત્યાં સુધી દરેક ભવમાં રજીસ્ટર સુખ માટે કાંઇ કરી શકો તેવુ બતાવું છું.' એ સાંભળવા માટે શ્રોતા તૈયાર થયા—ઉત્સુક બન્યા, ત્યારે હરિભદ્રસૂરિજી મહારાજ, તે માટે ક્યા રસ્તા બતાવે તે અગ્રે.

[ અત્રે સીનોરનો સંઘ આવેલ હોવાથી, આવેલ સંઘની ભક્તિ સચવાય તે માટે વ્યાખ્યાન ફરીથી વંચાયું હતું. ]

**પ્રશ્નઃ**—સુખ જોઈએ છે પણ તેના સાચાં સાધનો મેળવવા માટે પ્રયત્ન કયો કરાય છે? અને કયો કરવો જોઈએ?

ભિન્ન ભિન્ન રુચિની જડ એક જ હોય છે. મનુષ્યના વિચારો—રુચિઓ જુદી છતાં જડ એક જ. કેવળ સુખની જ જડ. લાડુ ખાતાં પણ તેનો સ્વાદ ફેર લાડુ જ માંગે છે. તે માફક સુખમાં દુઃખ માંગતો નથી. લાડુ સાથે તીખું તમતમતું માંગે છે. તેમ સુખમાં લગીર પણ સુખફેર માગતો નથી. સુખ સંપૂર્ણ માગે છે, પણ સુખનાં સાધન તરીકે કંચનાદિ માગે છે—આહારાદિ માગે ? કે—જે એક ભવમાં પણ પુરા ટકે નહીં.

## નવા લખેશ્રી ભલે ન થાય પણ એક લખેશ્રી ભિખારી ન બનશો.

નિકાશના પ્રતિબંધવાળી શી ચીજ છે, તે પહેલાં તમને

ખબર ન હતી. આજકાલ નિકાશનો પ્રતિબંધ કેવો નડવાવાળો છે? તે હવે તમો બરાબર સમજી ગયા છો. તેમાં પણ ઘી–ઘઉં–ચોખાનો પ્રતિબંધ નડે છે, પણ કંચન–કામિની–કુટુંબ અને કાયાનો પ્રતિબંધ ( કે જે ભવાંતર માટે છે, તે ) નડે છે? કરોડોની મીલકતમાંથી, લાખો સ્ત્રીઓમાંથી, કરોડો કુટુંબમાંથી એક પણ ભવાંતરમાં સાથે લઈ જઈ શકાય છે? આ ભવ પૂરતો પણ જવાબ ન દે, તેની પાછળ જિંદગી પૂરી કરાય છે, પણ આવતા ભવમાં જવાબ દેવાવાળી ચીજ માટે કંઈ પણ વિચાર કરાય છે? આખા જીવનમાં એવી એક જ ચીજ છે કે–જેની ઉપર કોઈનો પ્રતિબંધ નથી. એવી કઈ ચીજ? પૂણ્ય. પૂણ્ય એક જ એવી ચીજ છે કે–જેની ઉપર નિકાશનો પ્રતિબંધ નથી. આવતા ભવે જોડે આવવાવાળું છે. પૂણ્ય જ એવી ચીજ છે કે–જેના ઉપર નિકાશનો પ્રતિબંધ નથી. સર્વાર્થસિદ્ધમાં દેવતા થાય તે અહીંના પૂણ્યના પ્રતાપે. ત્યાંનું પૂણ્ય કરેલું નથી. તેટલું પૂણ્ય ત્યાં થઈ શકે જ નહીં. દેવતા મરી દેવતા ન થાય. એ દેવતાને લાયક પૂણ્ય ઉપાર્જન કરવાની તાકાત મનુષ્યોમાં જ છે. મનુષ્યોમાં એવું પુણ્ય ઉપાર્જન કરવાની તાકાત છે કે–સાત રાજ છેટે જાય તો પણ પુણ્ય તેની સાથે જ રહે! પરંતુ પુણ્યમાં પણ એક વાત ધ્યાનમાં રાખજો. ૧૦૦ નવા લખેશ્રી ભલે ન થાય, પણ એક લખેશ્રી ભિખારી ન બનશો.

**હજારો સારા કરતાં એક ખરાબ બહુ જ ખરાબ છે.**

આખું શરીર ચોખ્ખું છે. એક અંગુઠા પર લગીર ફોલ્લી થઈ છે. એક જગ્યા પર તુવેરની દાળ જેટલું પાકે છે. આપણો જીવ કહી આપે છે કે–હજારોગણું સારા કરતાં એક લગીર

ખરાબ થાય તેને વધારે ખરાબ ગણે છે. હજારો સારા કરતાં એક ખરાબ બહુ જ ખરાબ. એવી રીતે લક્ષ્મી આવે તો ? માટે આવો કે ન આવો પણ હોય તેનું ન જાય; તેથી સિદ્ધાંત રાખ્યો છે કે–પૂણ્ય એવું મળે કે આવેલું પાછું ન જાય આથી પુણ્ય એવું જોઇએ કે–જે ગુણાકર થઈ સુખરૂપે થાય. તળાઈમાં સુવાની ટેવ છે, પણ પૌષધની ટેવ નથી–સંથારે સુવાની ટેવ નથી તેવાને સંથારે સુવું પડે તો આખી રાત ઊંઘ ન આવે. કેમ ? દુઃખ આપે છે. પરંતુ જે ટેવાયલો નથી–ગાદીએ ટેવાયલો છે, તેવાને કોઇ વખત ગાદી ન મળે તો ? શાક વગર ખાવાનું ન ભાવે તેવી ટેવ પાડી હોય ત્યારે જ ને ? તમારી શાકની ટેવ પરિણામે પ્રસંગે અજીરણ કરાવનારી થઈ. જીસ સુખમેં ફીર દુ.ખ વસે. ત્યાં આખું શરીર સુખદુઃખરૂપે થાય. સુખનો ગુણાકાર, દુઃખના ગુણાકારરૂપે થાય; માટે અમને પુણ્ય એવું મળવું જોઇએ કે–મળેલું ખસે નહીં. અર્થાત્ પુણ્યાનુબંધી પુણ્યવાળું સુખ જોઈએ. અમારે તો એવું પુણ્ય જોઇએ કે–ખસે જ નહીં. દુઃખ વગરનું '**अभिलाषापनीत**' સુખ જોઈએ. વાત સાચી. અહીંથી પણ તેવા રસ્તા છે. અને તે પુણ્ય ભોગવતા આગળ નવું પુણ્ય બંધાય. સાકરની માખ, મીઠાશ લે. ભય લાગે કે ઊડી જાય તેને મીઠાશ મરણરૂપ ન થાય. મધની માંખ મધમાં પડી મીઠાશ લે, પણ લેપાયાથી બહાર ન નીકળે. જેમ દેવ-લોકે ગએલા ચક્રવર્તી. અહીં સુખ ભોગવે, ત્યાગી થાય અને દુર્ગતિએ ન જાય. કેટલાક શ્લેષ્મની માંખ જેવા હોય છે. જેમ વાસુદેવ સરખા ત્રણ ખંડ વશ કરે, પણ પરિણામે દુર્ગતિ કેમ ? નવું પુણ્ય ન મેળવી શકે. કેટલાક પત્થરની

# દેશના ૪૨

## વરબોધિ.

[ સંવત ૧૯૯૬ પોષ શુદ ૩ ]

**वरबोधित आरभ्य परार्थोद्यत एव हि।**
**तथाविधं समादत्ते, कर्मस्फीताशयः पुमान् ॥**

શાસ્ત્રકાર મહારાજા ભગવાન શ્રીહરિભદ્રસૂરિજી, ભવ્ય જીવોના ઉપકાર માટે અષ્ટકજી પ્રકરણમાં આગળ પુણ્યાનુબંધી પુણ્યના હેતુઓ જણાવી ગયા, ત્યારબાદ દેશનાના અધિકારમાં જિનેશ્વરો દેશના આપે છે, તે વીતરાગ થયા પછી જ દેશના દે છે, તે જણાવે છે. ગણધરાદિક બે અવસ્થામાં દેશના આપે. સરાગ અને વીતરાગ બન્ને અવસ્થામાં આપે. તીર્થંકરો વીતરાગ થયા પછી જ દેશના દે છે. જગતને પોતે ધર્મોપદેશ કરે છે, તેનું ફળ કેવળજ્ઞાન અને મોક્ષ. વીતરાગતા

---

માંખ જેવા હોય છે. તેમને દુનિયાનું સુખ નથી પણ ત્યાગી થઇ શકે છે. ચાર પ્રકારના સુખ છે. આ ચાર પ્રકારની માંખમાંથી કોઇપણ સાકરની માંખ સિવાય બીજું કાંઇ નહીં માગે કેમ ? સુખ ભોગવે ને દુર્ગતિ ન જાય, તેવું સુખ, તેનું જ નામ પુણ્યાનુબંધી પુણ્ય. એવું પુણ્ય કેમ બંધાય! ચાર કારણો–મોક્ષની પ્રાપ્તિ ન થાય ત્યાંસુધી દુઃખ ન હોય. તેનાં ચાર કારણ જીવ માત્રમાં દયા, જ્ઞાનગર્ભિત વૈરાગ્ય, વિધિપૂર્વક ગુરુમહારાજની સેવા અને નિર્મળ શીલમાં વર્તવું. આ ચાર વસ્તુ પુણ્યાનુબંધી પુણ્ય બંધાવે. હવે દયા આદિ કેવા ? તે અધિકાર અગ્રે વર્તમાન.

કેવળ અને મોક્ષ એ જૈનધર્મનું સાધ્ય હોવાથી પોતે વીત-રાગ-સર્વજ્ઞ થાય પછી ધર્મનાં ફળનું દૃષ્ટાંત પ્રત્યક્ષ બને છે. પોતે વીતરાગ કેવળી થયા, તે ધર્મના પ્રતાપથી. દરેક તીર્થંકરને અંગે એક નિયમ. ગણધરો દ્વાદશાંગી ગૂંથી અર્થ નિરૂપણ કરે. તે વખતે પ્રથમ અંગના છેલ્લા ભાગમાં ચરિત્ર તેમનું હોય કે–જે તીર્થંકરની દ્વાદશાંગી હોય–જેનું શાસન હોય, તેથી આચારાંગમાં મહાવીરનું ચરિત્ર વર્ણવ્યું. સાધુપણું લઈને કેવળજ્ઞાન મેળવ્યું તે વચ્ચેની ધર્મકાયની અવસ્થા-કર્મકાય–ધર્મકાય–તત્ત્વકાય. અંગના અંતમાં નવમા અધ્યયન તરીકે તીર્થંકરની ધર્મકાયનું વર્ણન હોય જે વર્ણન કરવામાં આવે તે કેવળ ધર્મકાય અવસ્થામાં–એ ધર્મકાય અવસ્થા, આખા શાસનને દૃષ્ટાંતરૂપ. આ માટે પોતે છદ્મસ્થપણામાં દેશના આપતા નથી. છદ્મસ્થપણામાં ફળ ન જણાવી શકે. આ વીતરાગપણું, સર્વજ્ઞપણું પોતાનામાં આવ્યું તે ધર્મનું ફળ પ્રત્યક્ષ છે. તે માટે તીર્થંકરો જે દેશના દે, તે વીતરાગ અવસ્થામાં દે. સરાગ અવસ્થામાં કંઈપણ નિરૂપણ કરે તે શાસનના સંબંધમાં ન આવે. શ્રીનેમનાથજીએ રથ વાળતી વખતે 'હિંસાનું આવું ફળ છે.' એ વગેરે કહ્યું, તે દેશનામાં ન ગણાય. મલ્લિનાથજીએ દીક્ષા લીધા પહેલાં મિત્રોને જે વચનો કહ્યાં તે, મહાવીર ભગવાનને સ્વાતિ નામના બ્રાહ્મણ સાથે વાતચીત થઈ તે, દેશનારૂપે નથી; સામાન્ય વાર્તાલાપ રૂપે છે. તમે સરાગ અને વીતરાગ અવસ્થામાં–બંનેમાં દેશના દેતા હો તો ફીકર નથી. પણ તીર્થંકરને માટે તો નિયમ છે કે–વીતરાગ થયા પછી જ ધર્મદેશના. વીતરાગપણા પછી આત્મદશા.

## દુનિયાદારીની અપેક્ષાએ સાધુ–ત્યાગી–ગાંડા.

'પારકાની તારે શી પડી? તું તારું સંભાળને...' એ દશા રાગીને કહે કે–'અમારી સાથે તારે સંબંધ નહીં, અમે તો તમારી અપેક્ષાએ પૂરેપૂરા ગાંડા.' બજાર વચ્ચે જતાં કાછડી નીકળી જાય તો ? ગાંડા જ ગણોને ? તીર્થંકરને વસ્ત્ર નથી, માથું ખુલ્લું છે. દીક્ષા લઈએ ત્યારે પૈસા ફેંકી દઈએ છીએ. દુકાન પર બેઠેલો માણસ ગલ્લામાંથી પૈસા ફેંકવા માંડે તો તેને મેડહાઉસમાં મોકલવો પડે. દુનિયાદારીની અપેક્ષાએ સાધુ–સંત ગાંડા. ' અમોસે મત મીલો લોકો ! હમકો દીવાના કહતા હે ' એક સરાગી સંત પણ દુનિયાદારીની દરકાર વગરનો હોય, તો આ વીતરાગ થયા, તેમને દરકાર શી ?. એને તો એક જ વાત ' પરની તારે શી પડી, તું તારી સંભાળ. ' પાણી જેટલું કામ આવે તેટલું ગળ. કૂવા, તળાવ કોઇ ગળતું નથી. સામાન્ય સંતો માટે દુનિયાની દરકાર કરવાની નથી તો વીતરાગ થયા પછી કેવળ આત્મરમણતા હોવી જોઈએ આ આવ્યો તેને આમ બચાવું–ધર્મ કહું, એ વીતરાગને નહીં. ફક્કડ થયા એટલે આખા જગતની ચિંતા ઊભી કર. પણ એમ નહીં. સંતપણાથી તો આત્મારામી થવાનું છે, તો પછી વીતરાગ પરમાત્માને જગતની પંચાત શી ? પહેલાં કર્મ બાંધ્યુ છે. નહીંતર શાસન પ્રવર્તાવવાની જરૂર નથી. કર્મ બાંધ્યું છે. કયું ?

## શુભ કર્મ બાંધવામાં જીવ સ્વતંત્ર.

તીર્થંકરનામકર્મ. તે કર્મ બીજાં કર્મો જેવું નથી. બંધે, ઉદયે અને ફળે ત્રણેમાં તે કર્મ શુભ છે. સમ્યક્ત્વરૂપી ગુણથી તે બંધાય. સમ્યક્ત્વી ન હોય તે તીર્થંકરનામકર્મ

ન બાંધી શકે. તેથી તે સમ્યક્ત્વ, બંધ વખતે પણ શુભ ઉદયે આહારકાદિ અશુભ. અહીં ઔદારિક એવું કે–ઉદય વખતે પણ શુભ લોકોને ધર્મ પમાડવાનું સાધન. તે શરીરરૂપ સાધનનું ફળ પણ શુભ=મોક્ષ. એ રીતે તીર્થંકરનામકર્મ. હેતુ–સ્વરૂપે–અનુબંધે શુભ. એ કર્મનો હેતુ વીશ–સ્થાનકનું આરાધન. સ્વરૂપે જ્યાંસુધી તીર્થંકરનામકર્મ સત્તામાં રહે તે ન નિર્જરે ત્યાં સુધી જ્યાં હોય ત્યાં ઉત્તમતા હોય. એકેન્દ્રિમાં જાય તો પણ રત્ન જેવી ઉત્તમ જાતિમાં જાય એ પ્રમાણે અનુબંધે પણ શુદ્ધ હોય તો=તો ત્રણે પ્રકારે શુદ્ધ હોય તો આ તીર્થંકરનામકર્મ છે. ૧૫૮ પ્રકૃતિમાં એક તીર્થંકરનામકર્મની પ્રકૃતિ જ તે ત્રણેય પ્રકારે શુભ. એના ઉદયથી વીતરાગ થયા છતાં દેશનામાં પ્રવર્તે છે. તે પ્રકૃત્તિ જ વીતરાગનેય દેશનામાં પ્રવર્ત્તાવે છે! અહીં વાદીએ શંકા કરી કે–'કર્મ બાંધવામાં–ભોગવવામાં જીવને સ્વતંત્ર માનો છો?' તેને સમાધાન આપે છે કે–"કર્મ, બાંધવા ભોગવવામાં સ્વતંત્ર નથી કર્મ, જીવોને રોકે છે. કર્મ નચાવે તેમ જીવ નાચે છે" છતાં અહીં કહો કે–તીર્થંકરો પોતાની ઇચ્છાએ કર્મ બાંધે છે કર્મ બે પ્રકારનાં–શુભ અને અશુભ શુભ કર્મ ઇચ્છાથી બાંધી શકાય. જિનનામકર્મ વીશ સ્થાનકની આરાધનાથી બંધાય. કર્મો કર્મોનાં કારણથી બંધાય છે. શુભ કર્મોના કારણો જીવોને મેળવવા પડે છે. શુભ કર્મ બાંધવાં, તેમાં જીવ સ્વતંત્ર. આત્મા ઉદ્યમવાળો થાય, પહેલાંનો ક્ષયોપશમ કરી લે, તો ભલે બાંધે. પરીક્ષામાં પાસ થાય તે આળસ છોડવાવાળા. અભ્યાસ કરવો સ્વાધીન, પણ તે કોને? આળસ છોડે તેને સ્વાધીન. તેમ તીર્થંકરનામકર્મ બાંધવું તે સ્વાધીન, પણ ઉદ્યમવાળા થાય

તેને. તીર્થંકરનામકર્મ, જીવ સ્વતંત્ર બાંધે છે તીર્થંકરનામકર્મ બાંધે ક્યારે? વીસ સ્થાનકની આરાધના કરે ત્યારે. તેમાં જગતના ઉદ્ધારનું ધ્યેય રાખે. જિનેશ્વરની પૂજા કરે ત્યારે, તે પૂજાને દેખનારા સમ્યક્ત્વ પામે. તે પૂજાને સ્થિર કરે- તેમાં આગળ વધે=પૂજા આંગી કરે તો પણ ધ્યેય એક જ કે- જગતનો ઉદ્ધાર કરું. એ ઉદ્યમથી ત્રીજે ભવે તીર્થંકર થાય. તીર્થની સ્થાપના કરે, વૃદ્ધિ કરે, તેમાં જગતનું કલ્યાણ થાય એ અરિહંતની આરાધના તેમ સિદ્ધની-વીસે સ્થાનકની આરાધના તેઓ ત્રીજા ભવે જગતના કલ્યાણ માટે કરે.

## કોઈકવાર જીવ બળીયો, કોઈકવાર કર્મ બળીયાં.

તેથી આ અષ્ટકજીની ટીકામાં જિનેશ્વરસૂરિજીએ જણાવ્યું કે-પરોપકાર કયા દ્વારાએ? અરિહંતાદિક ૨૦ સ્થાનકની આરાધના કરવા દ્વારાએ પરોપકાર. તે આરાધના, તીર્થંકરનામગોત્ર બંધાવે. તીર્થંકરનામકર્મ એવું કે જીવ બાંધવામાં સ્વતંત્ર.

કેટલીક જગ્યા પર જીવ બળવાન છે. જીવ બળવાન ન માનીએ તો અજ્ઞાનમાંથી જ્ઞાની થવાનો વખત ન આવે. ચારિત્રાદિક પ્રાપ્ત ન જ થાય; માટે જ '**कत्थइ जीवो बलिओ**' તો જગતના જીવો દુઃખી કેમ થાય છે? તો સમજો કે- 'દરેકને સુખ આપનારું આવું પુણ્ય જોઈએ છે, પણ કર્મને દાબીને કમજોર કરવા, તે કરી શકતા નથી. માટે '**कत्थइ कम्माइ होंति बलियाइं**' જીવને બળવાન કરી શકતા **નથી.**' તીર્થંકરનામકર્મ એવું છે કે-જીવ બળવાન થાય તો જ તે મેળવી શકે. જીવની બળતરાએ મળવાનું નથી. તીર્થંકરનામકર્મ બાંધવું, ભોગવવું અને તોડવું-તેમાં જીવ સ્વતંત્ર છે. બાંધવામાં સ્વતંત્ર કેમ? ૨૦ સ્થાનકની આરાધના કરે તો

તીર્થંકરનામગોત્ર બાંધી શકે. હવે તીર્થંકરનામકર્મ બાંધ્યું શી રીતે? તીર્થંકરોનાં સમ્યક્ત્વ બે પ્રકારનાં. નયસારના ભવમાં સમ્યક્ત્વ પામ્યા, તે મહાવીરના ભવ સુધી ટક્યું નથી. એક પ્રતિપાતિ=ચાલી જાય તેવું અને એક **વરબોધિ**, ઉત્તમબોધિ=આવ્યું કદિ જાય નહીં તેવું. તીર્થંકરના જીવને પણ બંને પ્રકારના સમ્યક્ત્વ હોય તીર્થંકરનામકર્મ પડવાવાળું સમ્યકત્વ હોય ત્યારે નિકાચિત ન બંધાય. નિકાચિત ત્યારે જ કરે કે—નહીં પડવાવાળું સમ્યકત્વ થાય તો તીર્થંકરનામકર્મ ઓપશમિક સમ્યક્ત્વ વખતે બાંધે, પણ નિકાચિત ક્યારે કરે? સમ્યક્ત્વપણાની અવસ્થામાં ઉત્તમ અથવા અપ્રતિપાતી એવું સમ્યક્ત્વ થાય, ત્યારે જ વિચારણા એવી થાય કે—'જગતનો ઉદ્ધાર કરું.'

## જેના યોગે તીર્થંકરનામગોત્ર ઉપાર્જન કરે, તે વરબોધિ સમ્યક્ત્વ ક્યારે?

તીર્થંકર થવાવાળો જીવ છે, સમ્યક્ત્વ પામે છે; પરંતુ જે સમ્યક્ત્વથી તીર્થંકરનામકર્મ બાંધે છે, તે **વરબોધિ** ક્યારે?

"**વરબોધિ,** એ કેવળ તીર્થંકર. મહારાજ માટે જ કેમ? એવું એ સમ્યક્ત્વ કેમ છે? દર્શનમોહનીની જે સાત પ્રકૃતિ છે, તે બીજા જીવોને છે, તે જ તીર્થંકર મહારાજને સાત પ્રકૃતિ છે. ત્યારે તેના સમ્યક્ત્વને વરબોધિ કેમ કહો છો?" તારો પ્રશ્ન વ્યાજબી છે. પરંતુ સાત પ્રકૃતિ તોડવી તે દરેકનું કાર્ય છે તે તોડ્યા વગર કોઈપણ સમ્યક્ત્વ પામતો નથી. જાગે ત્યારે આંખ ઉઘડે બધાની. જે વેપારવાળો હોય તેને આંખ ઉઘડવા સાથે જ વેપારનો વિચાર. અભ્યાસીને અભ્યાસનો વિચાર. પરંતુ લક્ષ્યમાં ફરક હોય છે તીર્થંકરને

સમ્યક્ત્વ થાય. પ્રકૃતિનો ક્ષયોપશમ થાય. પ્રતીતિ થવા સાથે એને એ થાય કે-જગતનું અંધારુ નાશ કરું, ધર્મનું તેજ તેવું હોવા છતાં જગતના જીવો કેમ ભટકી રહ્યાં છે ? બીજાને એ વિચાર થાય કે-હું કેમ ભટક્યો ? આવું ધર્મ-તેજ, આવો ધર્મરૂપી સૂર્ય, છતાં આ લોકો હજી પણ કેમ અંધારામાં ભટકે છે ? જગતના જીવો સંબંધીનો એ વિચાર વરબોધિને અંગે થયો. બીજા સમ્યક્ત્વીને-' આવું શાસનનું તેજ છતાં લોકો હજી ભવમાં કેમ ભટકે છે ? માટે તે સહુને તારું ' એવો વિચાર ન આવે. તીર્થંકર થવાવાળો સમ્યક્ત્વ પામે ત્યારે તેની વિચારણા જુદી જ હોય. ભાષ્યકારે કહ્યું છે કે-

**जन्मजरामरणार्त्तं, जगदशरणमभिसमीक्ष्य निःसारम् ।**
**स्फीतमपहाय राज्यं, शमाय धीमान् प्रवव्राज ॥**

તીર્થંકર દીક્ષા લે ત્યાં આગળ **मरणार्त्त जगद् अभिसमीक्ष्य** જગતને જન્મ, જરા વેદનાગ્રસ્ત દેખી=અસાર, પીડાયેલું, વ્યાધિ, વેદનાથી ભરેલું દેખી દીક્ષા લે જગતની વ્યાકુળતા બંધ કરું, તે માટે જેઓ દીક્ષિત થાય છે. તેઓની કર્મકાય પછીની અને કેવળજ્ઞાન પહેલાંની દીક્ષાવાળી બધી ધર્મકાયની અવસ્થા એને જ માટે. આ બધો પ્રભાવ ત્રીજે ભવે સમ્યક્ત્વ વખતે જે પરોપકારની બુદ્ધિ ઝળકી તેનો છે, માટે તીર્થંકર ભગવાનો '**वरबोधितः आरभ्य**' જ્યારથી=ત્રીજાભવથી શ્રેષ્ઠ સમ્યક્ત્વ થયું છે ત્યારથી સતતપણે પરાર્થક વ્યસની આદિ હોય છે. ત્રીજા ભવે ચક્રવર્તીપણામાં પોટ્ટીલાચાર્ય દીક્ષા લીધી ત્યારથી વ્રત ચાલ્યાં છે. સતત આરાધના ચાલી છે. ચક્રવર્તીપણા પછી હલકો ભવ આવ્યો નથી પછી '**परार्थोद्यत एव हि**' =લોકોને તારવાનો દૃઢ વિચાર. '**पर**' એટલે પોતાના સિવાયના-

પોતાના આત્મા સિવાયના જગતના સર્વ જીવો ' **પર.** તે પર-ના **અર્થે**=માટે જે હિત કરવું-તેઓવડે **પરનું** અહિત કોઈ પણ પ્રકારે ન થાય તેવું કરુ અર્થાત્ તેઓને પાપ કરતાં બંધ કરું=દુઃખી થતા બંધ કરું-મોક્ષ પમાડું. બીજા સમ્યક્ત્વવાળાને 'જગતના જીવો મારા વૈરી હો કે મિત્ર હો, સ્વજન હો કે પરજન હો. કોઇપણ પાપને રસ્તે ન જાવ.' **એટલી** ભાવના હોય છે.

છતાં જીવો પાપને રસ્તે જાય, તો પણ જૈન શાસ્ત્ર દંડપ્રધાન નથી, મહેરપ્રધાન છે=દયાપ્રધાન છે. દુઃખી એટલે જૂના પાપી. તમે નવા ગુનેગારને અંગે દંડદષ્ટિ રાખો તો મહેરદષ્ટિ રહેવાની ક્યાં ? દયાનું સ્થાન કોણ ? દુઃખી ભાવથી દુઃખી હોય તે પહેલાંના કર્મ બાંધનારા હોય. નિર્વિશેષપણે શક્તિ અનુસાર દ્રવ્ય અને ભાવ બન્ને પ્રકારે અનુકંપા કરે તો દયા કરી કહેવાય. ગુનેગારનો દંડ થવો જ જોઇએ, તો દયાદષ્ટિ રહે જ નહીં, તો અત્યારના દુઃખીની પણ દયા ન રહે. જેને દયાપાત્ર ગણીએ છીએ તે જૂના પાપી છે. પછી તેઓ દંડદષ્ટિમાં રહેતા નથી. આથી સમ્યક્ત્વની ભાવના કે-જગતનો કોઈપણ જીવ દુઃખી ન થાવ. જે નવાં કર્મ બાંધે છે, તે પણ દુઃખી ન થાવ. દંડદષ્ટિમાં ન આવવા માટે એ બીજી ભાવના રાખવી પડી. જૈન દષ્ટિમાં ' **નામૂત્ કોऽપિ દુઃખિતઃ**' બાંધેલા પાપને તપસ્યાદ્વારાએ તોડનારા થાવ પણ કોઇ દુઃખી ન થાવ. અર્થાત્ આખું જગત કર્મથી રહિત થાવ. અહીં શંકાકારે શંકા કરી કે-જૈનશાસ્ત્ર પ્રમાણે પણ આ વાત વાહિયાત લાગે છે ! કારણ કે-અભવ્ય તો મોક્ષે જવાના નથી ! ભવ્યો પણ બધા મોક્ષે જવાના નથી ! તો આ વિચાર યથાર્થ કઈ રીતે ?

કુટુમ્બી માંદો પડ્યો. સર્જન આવ્યો. બચવાની આશા નથી, છતાં કુટુમ્બી સજ્જન મનુષ્યો એમ બોલી શકે ખરા ? કે-ત્યારે....**મરો.** માંદા કુટુમ્બી માટે એ શબ્દ તો તેઓનાં મોઢામાંથી ન જ નીકળે. ભલે મરવાનો પાંચ જ મીનીટ પછી હોય, છતાં સજ્જન કે કુટુમ્બી એમ કહે જ નહીં. અભવ્ય પોતાના સ્વભાવ પ્રમાણે મોક્ષ ન મેળવી શકે, છતાં ઉત્તમ જીવોની ભાવના એ ન હોય કે-એ તો ભટકો. એની ભાવના તો એ જ હોય કે-આખું જગત મુક્ત થઇ જાવ. આ સમ્યકત્વ વાળાની ભાવના. જગતનો કોઇપણ જીવ પાપ ન કરો. દુઃખી ન થાવ-મુક્ત થાવ.

તો તીર્થંકરના સમ્યક્ત્વમાં વધારે શું ? જેથી તેમનાં સમ્યક્ત્વને વરબોધિ કહો છો ? તેનાં સમાધાનમાં સમજો કે- સમ્યક્ત્વી શું વિચાર કરે છે ? કે-' જગના જીવોને પાપ બાંધતાં રોકી દઉં. દુઃખી જીવોને દુઃખી થતાં બંધ કરું તેમજ **બધાં જીવો મોક્ષ પામો.**' ત્યારે તીર્થંકરના જીવને ત્રીજા ભવે એ ભાવના હોય કે-હું **બધાને મોક્ષ પમાડું.** આ વિચારવાળું જે સમ્યક્ત્વ, તે **વરબોધિ.** એ જ્યારથી એ મહાપુરુષને પ્રાપ્ત થાય, ત્યારથી તે બીજાના ઉપકારમાં જ ઉદ્યમવાળા, એના હાથે ઉપકારનાં જ કાર્યો થતાં જાય. અપકારનાં કાર્યો બને જ નહીં. આથી જ '**परार्थोद्यत एव हि**' એવા હોવાથી '**तथाविधं समादत्ते कर्म**' દેવતાએ કરેલા પ્રાતિહાર્યો તેમજ સમોસરણદ્વારાએ જે કર્મ ભોગવાય-જગતના ઉદ્ધાર માટે જે તીર્થંકરનામકર્મ, તે પણે બંધાય. '**तथाविधं**' કહી તેવુંજ કર્મ કે જે કર્મ. દેવતાની પૂજાને આપવાવાળું. '**समादत्ते कर्म**'=તે દ્વારા શાસન સ્થપાવાવાળુ

# દેશના-૪૩

## સાન્વર્થ જગદ્દગુરુ કોણ હોઇ શકે ?

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ, અષ્ટકજી પ્રકરણ રચતાં થકા "ભગવાન જિનેશ્વર મહારાજને કેવળજ્ઞાનથયા પછી-વીતરાગ થયા પછી શામાટે દેશના આપે છે ?" તેવા પ્રકારનાં શિષ્યના પ્રશ્નનું સમાધાન કરતાં જણાવે છે કે-કોઇપણનો પક્ષ કરનાર ન્યાય ચૂકવવાને લાયક નથી. પરમેશ્વરને આખા જગતનો ન્યાય ચૂકવવાનો છે. પૂણ્ય-પાપ-બંધ-નિર્જરાનાં કારણ તરીકે જે પદાર્થો જેમણે જણાવ્યા, તેને બાહ્ય પદાર્થને અંગે રાગ હોય તો પક્ષ ખેંચ્યા વગર ન રહે. સ્વજન પરજનમાં ચૂકાદો આપવાનો બરાબર ન હોય, તેથી જીવ અજીવની પરિણતિનો-રાગદ્વેષની પરિણતિનો ક્ષય થાય, પોતાનાં શરીર પર પણ જેમને મૂર્ચ્છા-પ્રીતિ ન થાય તેવા વીતરાગ. વીતરાગ કહો છો, તેના કરતાં રાગ વગરનાં જણાવોને ? અરાગ કહોને ? તો કે-નહીં. કોઇપણ જીવ અના-

---

તીર્થંકરનામકર્મ બાંધે છે. પરોપકારમાં જ લીન હોય. પરિણામો ઉચ્ચતર જ રહે. આ ઉચ્ચ આશયવાળા પુરુષ જ્યારથી વરબોધિ થાય ત્યારથી પરોપકારમાં લીન હોવાથી-ઉચ્ચ આશયવાળા હોવાથી તીર્થંકરનામકર્મ બાંધે છે. તેઓ પણ વીતરાગ થઈને દેશના દે છે. તીર્થંકરનામકર્મના કારણ તરીકે પરોપકારીપણું, સ્ફીત-ઉદાર આશયપણું જણાવ્યું એ જે તીર્થંકરનામકર્મ, તે ક્યાંસુધી ટકે ? ટકે ત્યાંસુધી શું પરોપકારના કાર્યો કરે છે ? કેવાં કરે છે ? તે અંગે—

દિકાળથી રાગ વગરનો તો છે જ નહિં. બીજાઓ એમ માને છે કે–' જૈનો જીવો ત્રણ પ્રકારના માને છે. નિત્યમુક્ત, સિદ્ધ અને સંસારી. નિત્યમુક્ત તીર્થંકર, મુક્તિના ને સંસારના ' આમ જૈનધર્મનું ખંડન કરવા જાય છે, પણ તેઓ જૈનધર્મનું સ્વરૂપ જ જાણતા નથી. શાંકરભાષ્યમાં તેઓ એમ માને છે. જૈન મતમાં એવા ત્રણ ભેદો છે જ નહીં તીર્થંકરોને પણ નિત્યમુક્ત ગણવામાં આવ્યા જ નથી.

## વીતરાગશાસન થવાનું કારણ.

પહેલાં તો તીર્થંકરો પણ રાગદ્વેષવાળા જ હતા સન્માર્ગ જડ્યો, વીર્યોલ્લાસ થયો, તેથી તેઓ પોતાના આત્માને રાગમુક્ત કરી શક્યા તીર્થંકરનો દરેક જીવ હંમેશનો રાગ રહિત હતો–તેમ બનતુ નથી. જેને જન્મ છે, તેને કર્મ છે જ. વીતરાગને તો જન્મ થાય જ નહીં. તેને કર્મ બાંધવાના ન હોય, તે વીતરાગને ફરીથી જન્મવાનું હોય જ નહીં. જે જે જન્મવાળા છે તે બધા રાગવાળા છે, તેથી ચાહે તો તીર્થંકર મહારાજનો કે–ગણધર મહારાજનો જીવ હોય. કોઈપણ અનાદિથી શુદ્ધ નથી. આથી વીતરાગ શબ્દ રાખવો પડ્યો. **वि**–વિશેષ કરીને **इतो–गतो रागो यस्य सः**=વીતરાગ–હતો ત્યારે રાગ ગયો, ન હોય તેને જવાનું છે જ નહીં. રાગને દૂર કરે ત્યારે જ વીતરાગ બને. અતરાગ વાપરો. ' ગતો, રાગો અસ્માત્ ' એમ રાખો. રાગ જવામાં જગતમાં કોઈપણ જીવ સર્વવિષયીક રાગવાળા હોતા નથી. કોઈકને કોઈક પર રાગ ખસેલો હોય. કોઈ વખત શરીર પર રાગ ગયેલો હોય, કોઈ વખત સ્ત્રી પર, ધન પર. માટે તેમ અર્થ ન લેવો. ' સર્વથા પ્રકારે ગતઃ ' એવો અર્થ લેવો. બંધ, ઉદય કે સત્તામાં

જેને રાગ ન હોય તેવા વીતરાગ. જે યુવરાજ હતો, પછી રાજગાદી પર અભિષેક થયો. તેને મહારાજા કહીએ. યુવરાજ તો અપમાનવાચક ગણાય. પોતે કુંવર હતા એ બધું ખરું પણ અત્યારે રાજાપણાની ચડતી અવસ્થા હોવાથી તેને હવે યુવરાજ ન કહેવાય તેમ વીતરાગપણું-જગતના રાગદ્વેષથી ભરેલા આત્માઓની અપેક્ષાએ ભલે અડિયાતું છે, પણ સર્વજ્ઞપણાની અપેક્ષાએ વીતરાગપણું સામાન્ય છે કહેશો કે-"તો પછી તેરમા ગુણસ્થાનકની આટલી ઊંચી હદને પામેલાને વીતરાગ કહી કેમ સંબોધો છો? કારણ કે-સર્વજ્ઞ થએલાને વીતરાગથી ઓળખાવવા તે નીચી પાયરી છે." તો સમજો કે-વીતરાગપણું, એ સર્વજ્ઞપણું લાવનાર વસ્તુ છે. વીતરાગપણા વગર સર્વજ્ઞપણું આવતું નથી. વીતરાગપણાને અને સર્વજ્ઞપણાને આંતરું કાચી બે ઘડીનું છે. બારમા ગુણઠાણાના વીસામામાં જે અંતર્મુહૂર્ત જવાનું તેટલું જ આંતરું. વીતરાગપણું સર્વજ્ઞપણાની પહેલાં થનાર. પહેલું જ વીતરાગપણું, પછી જ સર્વજ્ઞપણું થાય. સર્વજ્ઞપણા માટે કરેલા ઉદ્યમો, એ વીતરાગપણાને ના લાવે. વીતરાગપણા માટે કરેલા ઉદ્યમો સર્વજ્ઞપણું લાવે, માટે એ વીતરાગપણું સર્વજ્ઞપણું લાવનાર છે. જગતનો પ્રાણી, વીતરાગપણા માટે ઉદ્યમ કરે તો તે વીતરાગપણું સર્વજ્ઞપણું લાવે. આ શાસનને પણ તેથી વીતરાગશાસન કહીએ છીએ, પણ સર્વજ્ઞશાસન નથી કહેતા. એનું ધ્યેય એ જ કે-તમો રાગ-દ્વેષ-મોહનો નાશ કર્યો એટલે સર્વજ્ઞપણું તમારી પાસે જ છે

**આત્મા પણ કેવળસ્વરૂપ છે.**

જે જે મતોવાળા જીવને માને છે, તે ચેતનાને માને છે. પ્રચ્છન્ન સર્વજ્ઞ એનું નામ જીવ. ઢંકાએલા સર્વજ્ઞ, એ જીવ.

એ માને તેજ સમ્યક્ત્વનું પ્રથમ પગથિયું. એકેન્દ્રિયથી માંડી સર્વ સંસારી જીવો કર્મથી અવરાયેલા કેવળજ્ઞાનવાળા જીવો છે. અભવ્ય લઈએ. અભવ્યનો જીવ પણ એ રીતે કેવળજ્ઞાનસ્વરૂપ. અભવ્યના જીવને કેવળજ્ઞાનસ્વરૂપ ન માનીએ તો તેને કેવળજ્ઞાનાવરણીય માનવું કે નહીં? તેને કેવળજ્ઞાનાવરણીય બંધાય તે કોને રોકશે? એકેન્દ્રિયથી માંડી સર્વાર્થસિદ્ધ સુધીના જીવો તે કર્મથી અવરાયેલા છે. સર્વજ્ઞપણું-સિદ્ધપણું આવરણ ખસે એટલે પ્રગટ થાય. આથી શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ કહે છે કે-ક્રોધાદિક રાગ-દ્વેષ ને માનસિકાદિ વિકારોથી દૂર થાય. આ જૈન દર્શનનો સિદ્ધાંત તેથી જિનેશ્વરો, વીતરાગ થએલા છતાં અને સર્વજ્ઞ થએલા હોવા છતાં પણ ધર્મદેશનામાં તો પ્રવર્તે.

## વીતરાગ થયા પછી દેશના કેમ આપે?

"આ રીતે સર્વજ્ઞ, દેશના આપે અને તેમાં જગતનું ચાહે તે થાવ તેની તેને દરકાર નથી, તે વાત કેમ માની શકાય? લાગણીથી દેશના દેવી છે અને લાગણી ભગવાનને થતી નથી, એમ માનવું છે, એ બે સાથે ન બને. વીતરાગપણા સાથે ધર્મદેશના બની શકે નહીં." આવી શંકા કરી, તેના જવાબમાં જણાવે છે કે-વીતરાગપણું, રાગીપણું શાના અંગે હોય? સચેતન અને પૌદ્ગલિક પદાર્થોના અંગે. તેમાં સુખનાં સાધન તરીકેની જે પ્રીતિ તેનું નામ રાગીપણું. આત્માના ગુણોને અંગે જે પ્રીતિ થાય તેને રાગ નથી કહેતા. વૈરાગી એ તો તમારા હિસાબે મોટા રાગી. જગતમાં ધન-કંચનની કીંમત કેટલી? આત્માના ગુણોની કીંમત કેટલી? જગતની અસાર વસ્તુનો રાગ છોડી અજરામર જેવી મોટી પદવીમાં રાગ રાખવા

લાગ્યા તો તમારા હિસાબે મોટા રાગી. પરંતુ આત્માના ગુણોનો જે રાગ તે પરમાર્થથી રાગ જ નથી. વિષયસુખનાં સાધનની લાગણીને રોકે તે વૈરાગી. કેવળજ્ઞાન મોટામાં મોટું કીંમતી. મોક્ષ પર રાગ થયો, તો મહારાગી થયો. વૈરાગી ક્યાં રહ્યો ? પણ એમ નથી. વિષયસુખનાં સાધનો પર જે લાગણી થવી તે રાગ. તે રાગ ખસ્યો હોય તે વીતરાગ. અહીં પણ જે જે જગતના જીવોને ઉપદેશ આપે છે, તેમાં મારા સ્નેહી અમુક મારા છે, તેનાં ધન-માલ મારા થાય એવી કોઈની વાસના નથી. તેમને તો દેશનામાં—"જગતના આ જીવો, વેદના અને વ્યાધિથી ભરપૂર બન્યા છે, અસાર દુનિયામાં સારું સમજીને બેઠા છે, તેમને સમજાવું છું." એમ જ લક્ષ હોય. એવી રીતે જગતના ઉદ્ધાર કરવાના મુદ્દાએ પોતે પ્રવૃત્તિ કરે છે. અહીં વિષયસુખ કે કુટુમ્બ-કબિલા તરીકે લાગણી નથી કારણ કે—વીતરાગપણું છે. હવે બીજી વાત લઈએ કે—"પ્રભુએ જેને ધર્મોપદેશ દીધો, તે લાગણીથી આવ્યાં. ન સાંભળવા આવ્યા તો લાગણી બહાર રહ્યાને ? તેઓ ઉપર તો પ્રભુ લાગણી વિનાના ગણાયને ?" તો સમજો કે—"સાંભળવા નહિ આવેલાઓને પ્રભુ પોતે તેવા રૂપે રાખતા નથી, કે—તેઓ ન આવે ન સાંભળે." આવતાને રોકે તો લાગણી વિરુદ્ધ ગણાય. તે માટે જણાવ્યું કે—વીતરાગપણું છતાં દેશના દે છે, તેમાં લાગણી નથી. તેવાઓ દેશના સાંભળવા આવ્યા પછી પ્રભુ તેઓ માટે ના કહે તો તમે તેમ કહી શકો. પ્રભુની દેશનાના પહેલે-ચોથે પહોરે સર્વને સાંભળવાનું. યોજન સુધી તમામ સાંભળી શકે. પ્રશ્નઃ— "બીજા કેવળીઓ એ રીતે દેશના ન કરે ને તીર્થ કરો જ કરે તો શું બન્નેનાં કેવળજ્ઞાનમાં ફરક છે ? બીજા કેવળી-

ઓએ પણ ચારે કર્મો સરખી રીતે ક્ષય કર્યા છે, તો તીર્થ કરી જ શાસન સ્થાપે એને લેકો ન સ્થાપે, તેમાં કંઇ કારણ ?"

## દેવત્વ એક ભવે સિદ્ધ ન થાય.

કેવળીપણું-સિદ્ધત્વ-આચાર્યાદિપણું એ વગેરે એક જિંદગીનું કાર્ય પણ દેવાધિ દેવત્વ એ અનેક જિંદગીએ જ થાય. કોઇ તીર્થંકર, તે જ ભવમાં ૨૦ સ્થાનકની આરાધના કરી, તીર્થંકર થઇ મોક્ષે ગયા, તેવું બન્યું જ નથી, બનતું નથી અને બનવાનું નથી. મિથ્યાત્વી સમ્યક્ત્વ પામે, દ્વાદશાંગી ગુંથે તે કેવળ પામી મોક્ષે જાય, તે બની શકે; પરંતુ એ રીતે તીર્થંકરપણું એક જ જન્મનું કાર્ય નથી. આવશ્યક સૂત્રની વ્યાખ્યા કરતાં જણાવેલ છે કે-૨૦ સ્થાનકની આરાધના એવી કે-સંસાર કાપી નાંખે, પણ બધો સંસાર ન કાપે; ત્રણ ભવ છોડીને સંસાર કાપે વીસ સ્થાનકની વિચિત્ર આરાધના છે. તીર્થંકર મહારાજના જીવથી ૨૦ સ્થાનકની આરાધના આખા સંસારચક્રને ન કાપે. ત્રણ ભવ તો બાકી રહે જ. એ ત્રણ ભવ બાકી રહે, તે વસ્તુ વિચારીએ તો દેવાધિદેવપણું એક એક ભવથી સાધ્ય નથી. દેવાધિદેવ=તીર્થંકર પૂર્વના ત્રીજા ભવે એ ૨૦ સ્થાનક આરાધે. તીર્થંકરનામકર્મ નિકાચીત કરે, અને તે પછી પણ બીજે ભવે તો તીર્થંકર ન જ થાય. ત્રીજે ભવે જ તીર્થંકર થાય. તીર્થંકર મહારાજા વીતરાગ અવસ્થામાં આવ્યા-સર્વજ્ઞ થયા ત્યારે બાંધેલું તીર્થંકરનામગોત્ર, પૂજ્યતા ઊભી કરવી, અગ્લાનિએ ધર્મદેશના પ્રવર્તાવવી વગેરે કાર્ય કરે. ૨૦ સ્થાનકની આરાધનામાં પૂજ્યતા આનુષંગીક રહે. પૂજ્યતાના નામે તીર્થંકરનામકર્મ બાંધવા જાય તો તીર્થંકરનામકર્મ બંધાય જ નહીં. ૨૦ સ્થાનકની આરાધનામાં તે આરાધનાના યોગે આમ

અતિશય પ્રાતિહાર્યવાળો થઉં ? તેમ ધારણા રાખે તો તીર્થંકરપણું પ્રાપ્ત કરે જ નહીં જગતના ઉદ્ધારની બુદ્ધિએ ૨૦ સ્થાનક આરાધે તો જ તીર્થંકરનામકર્મ બાંધે.

## વરબોધિ અને સામાન્ય સમ્યક્ત્વ વચ્ચેના ઉદ્દેશનો આંતરો.

મોહ અંધકારમાં રખડતા જીવોને કેવળજ્ઞાનરૂપી સૂર્ય ઉગાડી માર્ગે લાવું. જેની પહેલાં ભવોમાં આ દશા હોય કે–જગતને તારું. સામાન્ય સમ્યક્ત્વવાળો હોય, તેને ત્રણ ભાવના હોય. (૧) જગતનો કોઈપણ જીવ દુઃખી ન થાવ (૨) પાપ ન કરો, (૩) સર્વ જીવો મુક્ત થાવ. તો તીર્થંકરની ભાવના કઈ હોય ? (૧) જગતના જીવોને પાપ–દુઃખથી બચાવું. (૨) સુખ અપાવું. (૩) પાપમુક્ત કરાવું. ભાવના બન્નેની બધાને અંગે છે ફરક એટલો કે–સામાન્ય સમ્યક્ત્વવાળો આશીર્વાદમાં છે, જ્યારે વરબોધિવાળો ફરજ સમજે છે. પાપ કરતાં બંધ કરવા, પાપથી બચાવવા તે મારી ફરજ. જીવોનાં દુઃખનો નાશ મારે કરવો. જગતના જીવો, રાગ–દ્વેષ કર્મોથી ઘેરાઈ અસારપણે રખડે છે, તેને રખડવાથી હું મુક્ત કરું. પોતે જવાબદારી લે છે. આવી રીતે તમામ જીવોને પાપ રહિત કરાવવાની, દુઃખ રહિત કરાવવાની ફરજ ગણીને એમાં જ લીન થવાવાળા હોય તેઓ જ ત્રીજે ભવે= અંતિમ ભવે તીર્થંકર થઈ શકે. તીર્થંકરનામગોત્ર બાંધવામાં જીવ સ્વતંત્ર છે. બીજાં કર્મો સ્વતંત્રતાએ બાંધવાના ન થાય, પણ તીર્થંકરનામકર્મ, સ્વતંત્રતાએ બાંધે–ભોગવે ને તોડે. આવું વિશિષ્ટનામકર્મ, બાંધી કોણ શકે ? '**વરબોધિતઃ આરભ્ય**' જેઓ વરબોધિ પામ્યા પછી સતતપણે પરાર્થ

વ્યસની આદિ હોય તે. સમ્યક્ત્વ બે પ્રકારનાં. વિશિષ્ટ અને સામાન્ય. સામાન્યમાં–'બધા જીવો પાપ ન કરો, દુઃખી ન થાવ. મુક્ત થાવ.' એ ભાવના, અને વિશિષ્ટમાં 'હું જગતના બધા જીવોને પાપમુક્ત કરું, દુઃખથી બચાવું.' એ ભાવના. આમ વિશિષ્ટ સમ્યકત્વ ન થાય ત્યાંસુધી તીર્થંકરનામકર્મ ન બંધાય. 'જગતના જીવનું દુઃખ રોકું, તેઓને કર્મ રહિત કરું.' 'એવી ભાવનામય પ્રવૃતિ' એનું જ નામ વરબોધિ. વરબોધિ જ્યારે થાય ત્યારથી તીર્થંકરનામકર્મની શરુઆત. વરબોધિથી શરૂ કરીને તીર્થંકરનામકર્મ બંધાય ત્યાંસુધી એ ભાવનામય સતત પ્રવૃત્તિ. વરબોધિ ન થાય તે પહેલાં તીર્થંકરનામગોત્ર ન બંધાય. વરબોધિથી શરૂ કરીને જ બંધાય. એને જ કેમ વરબોધિ ? **परार्थोद्यत एव हि**=વરબોધિવાળો પરોપકાર કરવામાં જ ઉદ્યમવાળો છે–બીજાના કલ્યાણમાં જ પ્રવૃતિ કરનારો હોય છે તેથી વરબોધિ થાય ત્યારથી પરમાર્થના જ ઉદ્યમવાળો હોય.

## સરકારી કેટલકેમ્પ અને પાંજરાપોળના ઉદ્દેશો વચ્ચેનો ફરક.

સરકાર ગાયોનો કેમ્પ ઉછેરે છે, એ રીતે ગાયોને બચાવવામાં તેની દૃષ્ટિ ક્યાં છે? "આવતે વરસે જાનવરો ન હોય તો ખેડુતો ખેતી ક્યાંથી કરશે ? અને ખેતી નહીં કરશે તો રાજ્યને આવક ક્યાંથી આવશે ?" જ્યારે પાંજરાપોળમાં ઢોર રાખો તેમાં દૃષ્ટિ ક્યાં છે? તેનો બચાવ કરવામાં અને તેની દયામાં. આજે પરજીવોની દયા, એ **परार्थ=परमार्थ**. તેમાં સ્વાર્થને લગીર આગળ કરતા નથી. ગૌશાળામાં ફરક આટલો કે–ગૌશાળા ગાયને માતા માની પૂજ્ય માને છે અને તે

અપેક્ષાએ બચાવે છે. દેશની અપેક્ષાએ બચાવો તો બધા દુધાળાને બચાવો. એમાં પણ થયું તો બચાવવાનું ને ? તો તે પણ **પરાર્થોદ્યત** જ થયો ને ! તો કે ના, કારણ કે—તે બચાવવાની અંદર સ્વાર્થ સમાયેલા છે. પરાર્થ કરવામાં સ્વાર્થ ન જોઈએ. માટે **સ્ફીતાશય**=કેવળ ઉદ્ધારનો જ અભિપ્રાય. જગતના ઉદ્ધાર માટેની એ પ્રવૃત્તિમાં પોતાને કંઈપણ સ્વાર્થ—ફાયદાનો આશય નથી. દેવદત્તને પ્રતિબોધ કરીશ તો તે મારી પરંપરામાં આવશે. એમ થશે તો તે માર્ગ રાખશે. દુનિયાદારીની ઈચ્છા રાખે તો ઉદાર આશય ન ગણાય. એ ઉપકારથી પાછો બદલો જોઈતો નથી. જે ઉપકાર બદલો મેળવવાની ઈચ્છાએ હોય તે સ્વાર્થ ગણાય. જેનો આશય પાછો બદલો લેવાની લાગણી વગરનો છે, તે **સ્ફીતાશય**=વિશુદ્ધ આશય. બીજાના ફાયદા માટે પ્રવૃત્તિ કરે તે તીર્થંકરનામકર્મ બાંધે છે. એ રીતે બદલાની લાગણી વગર બાંધેલું તીર્થંકરનામકર્મ જ્યાંસુધી રહે છે ત્યાંસુધી તે આત્મા જગતને સહજ ઉપકાર કર્યા કરે છે.

## તીર્થંકરપણું અપરાવર્તનીય.

કેટલાંક કર્મોનો છેડો આવી જાય. ચક્રવર્તિપણાનું કર્મ નિર્ગંથપણું લે, એટલે છેડો. એક ભવમાં ચક્રવર્તિપણાં ખસવાવાળાં છે. લાભની પાછળ અલાભ એક જન્મમાં હોય છે. પરાવર્તનવાળી વસ્તુઓ છે. આ તીર્થંકરનામકર્મ એવી વસ્તુ છે કે—જેનો એક ભવમાં છેડો નથી અને નિર્ગંથપણું લે, તોપણ તેનો છેડો નથી ! સંસારનાં છેડામાં જ તેનો છેડો ! એવો તીર્થંકરનો આત્મા, ત્રીજા ભવથી બદલાની ઇચ્છા વગર, બીજાને પાપથી બચાવવાની લાગણીથી ઉદ્યમ

કરે. જગતના જીવોને પાપ રહિત, દુઃખ રહિત કરવાની કોશિષ કરે. ભવની વચમાં એ પલટી જાય જ નહીં. તીર્થંકરનામકર્મ એવી ચીજ કે ભવની વચ્ચે પલટે જ નહીં. એક ભવમાં તીર્થંકર અને અતીર્થંકર એ બે થાય જ નહીં. વાસુદેવ કે ચક્રવર્તિપણું પલટી જાય.

## તીર્થંકરો જ જગદ્‌ગુરુ છે.

પૂજ્યતા પહેલાં થઈ ગઈ છે, તેથી કર્મનો ઉદય, કેવળી બને પછી જ. તીર્થંકર ભગવાનના પાંચ કલ્યાણક માનીએ છીએ. પછી ઉદય ચોથા કલ્યાણકથી કેમ ? તો જે ધ્યેય સિદ્ધ કરવાનો ઉદય છે, તે ૧૩મા ગુણઠાણાથી છે, પણ પૂજ્યતાને લાયક તો પ્રથમથી જ છે. ધ્યેયની સિદ્ધિરૂપે જે ઉદય તીર્થંકરનામકર્મનો તે કેવળી બને પછી. તે દેવપણું મોક્ષે જાય ત્યાં સુધી. આવ્યું તે આવ્યું જ, પછી તે જાય જ નહીં. ગુરુપણું પતિત થવાવાળી ચીજ છે. દેવપણું એ નીશ્ચિત વસ્તુ છે. તેથી અપ્રતિપાતીપણું છે. આખો જન્મ દેવપણાનો છે. ગુરુપણું આવ્યું ગયું થાય. જ્યાં સુધીનું જિનનામકર્મ બાંધેલું છે ત્યાંસુધી તીર્થંકર મહારાજ દેશનામાં પ્રવર્તે છે. દરેક મનુષ્યો પોતાના દેવગુરુને જગદ્‌ગુરુ-જગતના દેવ તરીકે શબ્દ વાપરે છે, પણ તે શાના અંગે ? દેવને પહેલાં તો જગતની ભાષા નથી, વિદ્વાનો સમજી શકે તેવી ભાષા છે. ગીર્વાણગીરા. તીર્થંકરોએ બોલવામાં જગતની ભાષા નથી રાખી, વિદ્વાનોની ભાષા રાખી છે. પછી જગદ્‌ગુરુ શી રીતે ? અહીં ૧૮ દેશે મિશ્રિત એવી અર્ધમાગધીથી ઉપદેશ. '**गृणाति तत्त्वमिति गुरुः**' તત્ત્વને નિરૂપણ કરે તે ગુરુ જગતની ભાષા પોતાને બોલવી નથી, તો જગતગુરુ શી રીતે ?

ગુજરાતીમાં અમે ઉપદેશ આપીએ છીએ. મારવાડ, મેવાડમાં ભાષા પલટવી પડે. ગ્રંથની ભાષા અનિયમિત રહેવી જોઇએ, પરંતુ અર્ધમાગધી કોઈ દેશની ભાષા નથી. તો શાસ્ત્રો તે ભાષામાં કેમ રાખવા ? કેટલીક વસ્તુઓ વક્તાની સૂચનાથી ગ્રહણ કરવાની હોય છે કેટલીક ઉત્પાદકના સામર્થ્યથી ગ્રહણ કરવાની હોય છે. ખાડામાં નહીં પડીશ. ખાડો કોને કહેવો ? સૂચના માત્રથી સાવચેતી લેવાની હોય. તેમાં મૂળ ઉત્પાદકને ન જોવો પડે, પણ વિશ્વાસદ્વારા પ્રવૃત્તિ કરવાની હોય ત્યાં પ્રામાણિકતા તેના ઉત્પાદક પર. વક્તાની પ્રમાણિકતાના આધારે પ્રવૃત્તિ નિવૃત્તિ કરવાવાળા છે. પ્રત્યક્ષ પદાર્થમાં પ્રવૃત્તિ નિવૃત્તિ કરાવવાવાળા ધર્મ–અધર્મ–અરૂપી વસ્તુ, વક્તાનાં વાક્યના આધારે પ્રવૃત્તિ નિવૃત્તિ કરાવે છે. હિંસાથી અધર્મ થાય તેમ માનીએ તો હિંસાથી ખસીએ. અહિંસામાં ધર્મ થાય તેમ માનીએ તો અહિંસામાં પ્રવૃત્તિ કરીએ. વક્તાનાં વચનને રાખી મેલવું જોઇએ અર્ધમાગધીમાં શાસ્ત્રો છે ત્યાં સુધી તીર્થંકરકથિત કહેવાય. બીજી ભાષામાં લઇ જાઓ તો તીર્થંકરભાષિત નહિં કહેવાય. સૂત્રની ઉત્પત્તિ અર્ધમાગધીમાં છે. તેમના વર્તનકાળમાં તેઓ જગતની વ્યાપક ભાષામાં ઉપદેશ આપતા હતા. તે દ્વારાએ જ જગદ્‌ગુરુ છે. પોતાના ઉપદેશના શ્રવણ માટે અયોગ્ય કોને ગણ્યા છે ?

'ક્ષુદ્રના કાનમાં શબ્દ પડે તો તપેલું સીસું રેડી મારી નાંખો ! શ્રુતિના શબ્દો, ક્ષુદ્રો સાંભળે તો મારી નાંખો !' તેવાને જગદ્‌ગુરુ શી રીતે બનાવી શકે ? સર્વજાતિને ધર્મ સાંભળવાની–આદરવાની અને અધર્મને છોડવાની–તજવાની છૂટ. આખા જગતને હિત કરવાવાળો સ્વભાવ. આથી જગતની

# દેશના—૪૪

૧૯૯૮ વૈશાખ વ. ૫ મોતીસુખીયાની ધર્મશાળા પાલીતાણા.

## ધર્મના હેતુઓ.

साधुसेवा सदा भक्त्या, मैत्री सत्त्वेषु भावतः ।
आत्मीयग्रहमोक्षश्च, धर्महेतुप्रसाधकः ॥

નિર્ણય એ જ: સર્વશક્તિસંપન્ન, કે દરિદ્રનારાયણ

શાસ્ત્રકાર મહારાજા હરિભદ્રસૂરિજી મહારાજ ભવ્યજીવોના ઉપકાર માટે ધર્મોપદેશ કરતા થકા આગળ સૂચવી ગયા કે—આ જીવ કેટલે ચડ્યો છે, તે તો તપાસો. સામાન્યથી પોતાની શક્તિનો ખ્યાલ પ્રથમ કરવો જોઈએ. દરેક ક્ષણે પોતાની શક્તિને અને કાર્યને તપાસતો નથી. તે કોઈ દિવસ બૃહત્કાર્યની સિદ્ધિ કરી શકતો નથી. શક્તિ અને કાર્ય તરફ હંમેશાં લક્ષ રાખી કાર્યારંભ કરવો જોઈએ. આપણી શક્તિ કેટલી ? ઈતરની અપેક્ષાએ શક્તિ તપાસવામાં સહેજે વિચાર આય, પણ જન્મસિદ્ધ શક્તિનો વિચાર કરવા ટેવાયેલા નથી. સંયોગી વસ્તુને, બળને અંગે હંમેશાં દૃષ્ટિ રાખીએ છીએ, પરંતુ સાંસિદ્ધિક બળ કેટલું છે ? કેમ મળ્યું છે ? કેટલી દુર્લભતાએ મળ્યું છે ? તે ઉપર વિચાર કરતા નથી. પાછલી દશા ઉપર ધ્યાન દેવામાં ન આવે, ત્યારે આપણી અત્યારે દશા

---

વ્યાપક ભાષાથી ઉપદેશ આપી દેશનામાં જગદ્ગુરુ પ્રવર્તે છે કેવળીમાં કઈ લાગણીનો ફરક ? કેવળજ્ઞાની તીર્થંકર જેટલું જાણે છતાં તેટલું હિત કેવળી કેમ ન કરે ? એવી વિશિષ્ટતા તીર્થંકરનામકર્મમાં છે, હવે તે કેવી રીતે તે અગ્રે—

કેટલી વધી છે ? તે ધ્યાનમાં ન આવે. આપણા સાંસિદ્ધિક બળ પહેલાં દશા કઈ હતી ? જૈન શાસન ફરમાવે છે કે—જીવ પ્રથમ શક્તિને પ્રથમ પગથિયે હોય. ઊંચી કે અધમ બે સ્થિતિ હંમેશાં ટકી શકે. નીચી વસ્તુને ભય ન હોય. ઊંચામાં ઊંચીને ભય ન હોય. ચક્રવર્તીને કોઇનો ભય નથી. એવી રીતે જેની પાસે કોડી નથી તેને ભય નહીં. એ સ્થાનો નિર્ભય હોય. તે સ્થાન જ હંમેશનાં હોઇ શકે. એ બે સ્થાન, શાશ્વતા હોઈ શકે. એ જ અપેક્ષાએ **सव्वाणि ठाणाणि असासयाणि**=સર્વ સ્થાનો અશાશ્વત છે. કેમ કે—બે સિવાય બીજાં બધાં સ્થાનો મધ્યમ છે. નિત્ય એ જ. ઊંચામાં ઊંચુ સંપૂર્ણ બળ હોય, કર્મ શત્રુનો જ્યાં ભય નથી; એવી સ્થિતિ સિદ્ધદશા. એ દશા આત્માના સંપૂર્ણ ઉદયવાળી છે. જ્યાં કર્મનો પ્રચાર નહી ! કાં તો હલકામાં હલકી સ્થિતિ. જીવનું ચૈતન્ય ઓછામાં ઓછું ખુલ્લું હોય, તેટલુ જ જ્ઞાન ઉઘાડું હોય, તે હલકામાં હલકી સ્થિતિ. જન્મસિદ્ધ શક્તિ ઓછામાં ઓછી નિગોદમાં રહેલી છે.

એ ઉચ્ચતર અને નીચતર બંને શક્તિમાં આખા જગતનાં કર્મો એકઠાં થાય, ને એક જ જીવને—એ જ નિર્મળ ચેતનાને આવરવા તૈયાર થાય, તો પણ આવરી શકે નહીં. ચાહે જેટલાં સજ્જડ વાદળાં થાય, પરંતુ દિવસ અને રાત્રિનો વિભાગ મટે જ નહીં. એ સ્થાન એવાં છે કે—જેમાં કર્મનું જોર ચાલતું નથી. એક તો સંપૂર્ણ આત્મબળ, સિદ્ધિ. ત્યાં કર્મનું જોર ન ચાલે અને બીજું—સૂક્ષ્મ એકેન્દ્રિય અપર્યાપ્તાનો પ્રથમ સમય. ત્યાં પણ બધાં કર્મો એકઠા થઈ રોકવા જાય તો પણ તે આત્માનો જઘન્ય જ્ઞાનગુણ રોકી શકે નહીં !

સર્વદાની ચીજો હોય તો તે બે જ, નિર્ભય ચીજો બે જ. સર્વશક્તિવાળો કે દરિદ્રનારાયણ. જીવની સ્વાભાવિક શક્તિની અપેક્ષાએ એ જ સ્થાન નિર્ભય. સૂક્ષ્મ નિગોદને ભય નથી. સિદ્ધને ભય નથી. આ જીવ, એ બેમાંથી એકમાં કોઇ સ્થાને અનાદિથી રહેલો હોવો જોઇએ, સિદ્ધમાં ગયો નથી તે નિગોદમાં ગયા સિવાય રહ્યો નથી. કર્મનો ઉપદ્રવ સિદ્ધમાં કદાપિ ન થાય આપણે તેવા નહીં હોવાથી તે સ્થાન પામેલા નથી. એ સ્થાન પામ્યા પછી કોઈ કર્મના ઉપદ્રવને આધીન ન હોય. સૂક્ષ્મ એકેન્દ્રિય જીવ, કેવલજ્ઞાની જીવ જેટલી જ ચેતનાવાળા. અનાદિકાળથી સ્થિર રહ્યા હોય તો નિગોદમાં. એક વાત મગજમાં લેવી પડે કે—જગતનો કોઇપણ જીવ પ્રથમ દરિદ્રનારાયણની દશાવાળો હોય. તેમાંથી આજે કઇ દશામાં આવ્યો? ન હતી નિગોદમાં વિચાર કરવાની, ઉચ્ચાર કરવાની તાકાત. સ્પર્શન સિવાય ચાર ઇન્દ્રિય તો સ્વપ્ને પણ નહીં. મનવચન યોગનું સ્વપ્નું નહી. માત્ર કાયયોગે હતો. એ સ્પર્શન ઇન્દ્રિય પણ એટલી અલ્પ કે—આંગળાના અસંખ્યાતમાં ભાગ જેટલું જ માત્ર શરીર.

### જાનવરમાં ભક્ષ્યાભક્ષ્યનું જ્ઞાન છે;

નિગોદમાં અનંતાનંત જીવ હોય પણ કોઈપણ નિગોદીયાનું શરીર આંગળના અસંખ્યાતમાં ભાગ જેટલું. અનંતા ભાગીદાર થાય ત્યારે આંગળની અસંખ્યાતા ભાગ જેટલી કાયા બનાવે. અનંતાનો પ્રયત્ન એકસાથે ચાલે. આહાર પણ એકસાથે પરિણમાવે. અનંતાએ તેવા અતિ બારીક એક જ શરીરદ્વારા એકી સાથે આહાર લેવાનો અને પરિણમાવવાનો પ્રયત્ન છતાં તે બધાય મળીને તે બધાયને રહેવા શરીર બનાવે

ત્યારે આંગળના અસંખ્યાતા ભાગ પ્રમાણ ? દુનીયામાં પૈસાની, સુખ-દુઃખની, આબરૂની ભાગીદારી હોય, પણ આહારની ભાગીદારી ક્યાંઇ હોતી નથી. ખોરાક ખાવામાં ભાગીદારી હોતી નથી. ત્યાં સૂક્ષ્મ એકેન્દ્રિયપણામાં ખોરાકમાં ભાગીદારી ! અનંતના પ્રયત્ને ખોરાક લેવાય-પરિણમાવાય. શ્વાસ લેવા કાઢવા તે પણ અનંતાની મદદે. અનંતા જીવો મહેનત કરે ત્યારે શરીર આંગળના અસંખ્યાતમા ભાગ જેટલું, સ્વપ્નના સંતાનથી વશેવેલો ન રહે, અનંતા જીવો મળી શરીર બનાવે તે સૂક્ષ્મ. ન દુનિયાને ઉપયોગી. ન પોતાને વ્યક્તિગત ઉપયોગી ! આવું સૂક્ષ્મ શરીર, એ અનંતા જીવો મથે ત્યારે બની શકે. શરીર બનાવવામાં જે એકલો હોય તે જ સ્થૂલ શરીર બનાવે. એકલો હોય તે હજાર જોજનનું પણ શરીર બનાવે. એ અનંતામાંથી એકલો છૂટ્યો અને તેવી તાકાતમાં આવ્યો. સ્પર્શન-રસ-ઘ્રાણ ત્રણ ઇન્દ્રિવાળો થયો. તેમ રૂપ-શબ્દ જાણવાવાળી શક્તિ-વિચારની શક્તિ મેળવી. તેમાં પણ ભાગ્યયોગે સદ્-અસદ્ વિચારની તાકાત મળી. સામાન્યતયા જાનવરો પણ સદ્-અસદ્ વિવેકવાળા છે. એરંડીયા પર કીડી ચડતી નથી. સાકર પતાસા પર કીડીઓ ચડી. પથરા પર કેમ નથી એકઠી થતી ? એને એ વિચાર તો છે જ, કે આ મારું ભક્ષ્ય છે. પથરામાં મારું ભક્ષ્ય નથી. જાનવરની આગળ ખરાબ પદાર્થ હોય-મુતરડીની ડોલમાં મોં નહીં નાંખે. ઇન્દ્રિયના હિસાબે શુભ અશુભ વિચાર જાનવરોને પણ છે-ઇન્દ્રિયોના વિષયોને અંગે ખરેખર સારાસાર જાણવાની તાકાત મનુષ્યોને છે.

## ભવિષ્યનો ઉદય સંકલ્પાધીન છે.

મનુષ્યની વિચારશક્તિ શામાં ચરિતાર્થ થાય ? આ-આને

અંગે સારાસાર પદાર્થનો વિચાર કરે તો. વિચાર કરવાની તેવી તાકાત આપણને આવી. પ્રથમ આપણે ક્યાં હતા? કેટલી સ્થિતિએ આવ્યા? મોક્ષ મેળવવો એ બે ઘડીનું કામ. આર્યક્ષેત્રમાં ઉત્તમાદિ કૂળમાં આવ્યા પછી જે પ્રાણી, પોતાના આત્માને ધર્મને રસ્તે ખીલવી લે, તો અંતર્મુહૂર્તમાં મોક્ષ. મરુદેવા માતા અનાદિકાળથી ધર્મને પામેલા નથી. અનાદિથી રખડતા કદિ મનુષ્યપણું કે જાનવરપણું પામ્યા નથી. કેવળ વનસ્પતિમાં જ રખડ્યા હતાં. વનસ્પતિ સિવાય બીજો ભવ નથી. અનાદિ વનસ્પતિમાંથી આવેલો જીવ, એકાએક યુગલિક થયો. ત્યાં જુગલીયાપણામાંય ધર્મ સંબંધી પવન નથી. એ સ્થિતિના મનુષ્યપણામાં પણ જેણે લાખો પૂર્વો પસાર કર્યાં છે. એને સંસ્કારનું સ્થાન નથી. આમ છતાં એક મનુષ્યપણાના પ્રભાવે ચમત્કારીકરીતે અંતર્મુહૂર્તમાં મોક્ષે જાય છે? સાધનો કેટલાં અને કેવા મળ્યા છે? એક અંતર્મુહૂર્તમાં મળેલા સાધનોનો ઉપયોગ કરી શકીએ તો સંપૂર્ણ સાધી શકીએ, આટલું બળ-સાધન આપણને આજે મળ્યાં છે. ચક્રવર્તિની સેવામાં હજારો દેવો છતાં સંકલ્પમાં હારી જાય તો? આ જીવ બીજું ભલે ન કરી શકે તોપણ કાર્ય સિદ્ધ કરી શકે. આ જીવને ભવિષ્યનો ઉદય સંકલ્પને આધીન છે. આ જીવ જરૂર કાર્યસિદ્ધિ કરી શકે. આ બધી જગતની સ્વાભાવિક સ્થિતિ જણાવી છે. જગતની સ્વાભાવિક સ્થિતિમાં પુરુષાર્થ રહેલો હોતો નથી. સૂર્યનું અમુક ટાઈમે ઊગવું-આથમવું સ્વાભાવિક હોવાથી તેને અંગે પુરુષાર્થ હોય નહીં. સ્વભાવસિદ્ધનું નિરૂપણ પુરુષાર્થ માટે ઉપયોગી નથી.

## સાધકની શક્તિ સાધન ઉપર આધાર રાખે છે.

જીવનાં બળો જણાવ્યાં પણ પુરુષાર્થને સ્થાન ક્યું?

આ જીવ પુરુષાર્થ કરે તો ભવચક્રમાં એક અંતર્મુહૂર્તમાં પોતાના સાધ્યને સિદ્ધ કરી શકે. પણ એ પુરુષાર્થ ક્યારે? સાધ્યને સિદ્ધ કરી શકે તેવાં સાધન મળે ત્યારે. સાધનને આધીન જ સાધ્યસિદ્ધિ છે. દીર્ઘ દૃષ્ટિથી વિચારીશું તો માલમ પડશે કે—સહસ્રયોધી મલ્લ હોય-હજારની સામા એકલો યુદ્ધ કરી શકે તેવો હોય, તેવાના હાથમાં યુદ્ધ વખતે બુઠ્ઠી સોય આવે તો શું કામ કરી શકે? તલવાર ન હોય પણ બુઠ્ઠી સોય હોય, તો તેથી તે શું કામ કરી શકે? પુરુષમાં તાકાત ચાહે જેટલી હોય પણ નરણીથી માત્ર નખ ઉતરે, બીજું કામ તેથી ન થઈ શકે. સાધક, શક્તિસંપન્ન છતાં સાધકની શક્તિનું ફળ તેનાં સાધન ઉપર આધાર રાખે છે. જીવ એકનો એક જ, બાળક હોય ત્યારે શરીર નાનું, જુવાન થયા પછી પાટલો ઉપાડી શકે. તો આ શક્તિ શરીરની કે આત્માની? આત્માની શક્તિ હોય તો બાળક હોય જુવાન હોય કે ઘરડા હોય, તોપણ સરખી શક્તિ હોય. બચ્ચપણમાં તદ્દન ઓછી શક્તિ હોય. સાધક શક્તિસંપન્ન છતાં, સાધકની શક્તિ સાધનાના આધારે જ ફલદ્રૂપ નીવડે છે. ચશ્મા લાલ આવે તો બધું લાલ દેખાય. ચક્ષુ, સાધન દ્વારાએ જ દેખે છે. સાધનને આધારે જ સાધકની શક્તિનો ઉપયોગ. શક્તિની ઓછાશવાળું સાધન ત્યાં કાર્ય ઓછું થાય. આત્માને શક્તિ એટલી બધી મળી છે કે—ધારે તો અંતર્મુહૂર્તમાં મોક્ષ મેળવી લે. ઝડપી લે. પરંતુ "ક્યા કરે નર બકડા. થેલીકા મેં સંકડા." સાધન વગરનો મનુષ્ય શક્તિવાળો છતાં કંઈ કરી શકતો નથી, તેમ દરેક ભવ્ય, મોક્ષની લાયકાત ધરાવે છે. તે જો સાધનોને મેળવી શકે તો

અંતર્મુહૂર્તમાં મોક્ષ મેળવી શકે છે. મોક્ષ મેળવવા માટે ક્યા સાધનો જોઈએ તેના બે પ્રકાર છે.

## આંધળો વણે ને વાછડો ચાવે તેવી આત્માની દશા.

સાધનો મેળવનારે સાધનો તરફ જેવું લક્ષ રાખવું જરૂરી છે, તેવું બાધકો દૂર કરવા માટે પણ લક્ષ્ય રાખવું જરૂરી છે. આખો દેશ જીતીલે ને આક્રમણ ન હઠાવી શકે તો તેનું શું થાય ? જીત મેળવે પણ 'આંધળો વણે ને વાછડો ચાવે' આંધળો ચોવીશ કલાક દોરી વણે પણ વણતો જાય તેમ તેમ વાછડો ચાવતો જાય, પછી તેણે કેટલા હાથની દોરી વણી ? એકાદ બે હાથ પણ નહીં ! કેમ ? કહો કે–સાધન સામગ્રીનો ઉપયોગ કરતાં બાધક દૂર કરવાની તાકાત મેળવી નથી. શત્રુના આક્રમણને હઠાવનાર જીતનું ફળ ભોગવી શકે. એવી રીતે અહીં ભગવાન હરિભદ્રસૂરિ કહે છે કે–' સાધનનો ઉપયોગ કરવા પહેલાં બાધક હલ્લાને દૂર કરો '– સંવર એટલે શું ? કર્મશત્રુનાં આવરણને–હલ્લાને રોકવા તે. તેના આક્રમણને રોકવા, બંધ કરવાં એ જ સંવર. કર્મ તમારી ઉપર ક્યા દ્વારાએ હલ્લો કરે છે ? કર્મ તમારી ઉપર અઢાર દ્વારોથી હલ્લો કરે છે. કર્મને તમારા પર હલ્લો કરવાને ૧૮ દ્વાર ખુલ્લાં છે. બચાવની દીવાલ ઊભી ન કરી શકો ત્યાંસુધી તેનાં આક્રમણથી બચી ન શકો. સંવરનો અર્થ એજ છે કે–કર્મના તે અઢારે મોરચાઓ એવા બંધ કરી દો કે–તમારા આત્મઘરમાં તે ઘુસી ન શકે. આથી પહેલાં હરિભદ્રસૂરિજી મહારાજે સંવરનો ઉપદેશ આપ્યો. ' **हिंसाऽनृतादयः पंच॰**" કર્મશત્રુ ક્યા ક્યા મોરચેથી હલ્લો લાવી હેરાન કરે છે, તે

જણાવી ગયા. હવે વર્ત્તમાન ઇતિહાસ જાણનાર સારી રીતે જાણે છે કે–મોરચો થયા પછી, જીત્યા પછી સાફસુફી ન કરે તો બળવો થયા વગર ન રહે. તેવી રીતે અહીં અઢાર પાપસ્થાનકના મોરચાને રોકો, બેસાડી દો. પણ તમારામાં ઘુસેલા ગેરીલા, તેની સાફસુફી નહીં કરો ત્યાંસુધી તમને પજવનારા તે ગેરીલા, અંદરના રાજા છે. પૂર્વકાલના કર્મો–પાપો–ગેરીલા અંદર ઘુસેલા પડ્યા છે. તેની સાફસુફી ન કરો તો બળવો થયા વગર નહીં રહે. ૧૧મા ગુણઠાણા સુધી બળવાનો ભય છે.

## ક્યા ત્રણ ગુણવાળા આગળ વધી શકે ?

૧૧ની અંદર હો ત્યાં સુધી નિર્ભય નહિ. બારમા ગુણઠાણામાં પેસો તો નિર્ભય છો. ક્ષીણમોહનીય ૧૨મું ગુણસ્થાનક. ત્યાં ગયેલો, તેને કર્મ શત્રુનો ભય નથી, ૧૧ ગુણઠાણા સુધી આ જીવ–હુમલા, બળવાના ભયમાં છે. ૧૧ ઓળંગવા. શી રીતે ? ૧૨મે પહોંચવું શી રીતે ? જગત આખું સારાની ઇચ્છાવાળું પણ શ્રેય–ઉદય મેળવી કોણ શકે ? જેઓ સાધનો મેળવી ન શકે, તે શ્રેયઃ મેળવી શકતા નથી. અંદરની સાફસુફી કરવા માટે, સાધનના સદુપયોગ માટે ઉપયોગ દેવો જરૂરી છે. શાસ્ત્રકાર, બતાવે છે, તે મેળવી લો તો સાફસુફી થવામાં અડચણ નહીં પડે. એ સાધન તેની તાકાત ન સંભાળીએ ત્યાં સુધી તે સાધનોને હસ્તગત કરવા મહેનત કરી શકીએ નહીં. દેશને ઊંચો લાવવો હોય તેવાઓને શું કરવું પડે ? આબાદીના બધા રસ્તા ઊભા કરી દેવા જોઇએ. તે જ દેશ ઉદયમાં આવી શકે કે–જે આબાદીના રસ્તા પૂરેપૂરા તૈયાર કરે. જેઓ અંદર અંદરના સંપને ન જાળવી શકે, સંપને મજબૂત ન કરી શકે તેવા સંપૂર્ણ આઝાદીવાળા હોય તો

ખણુ ચીનની શહેનશાહત જેવા છે ચીન દેશ, આઝાદ હોવા છતાં માંહોમાંહેની સ્થિતિ વિષમ હોવાથી ગુલામીમાં આવી ગયો છે. અંદરની ઐકયતા ઊભી ન થઇ હોય; પોતાના જીવન-નિભાવને જેઓ નિયમિત કરી શકતા ન હોય, તો સમજવું કે-તેઓ મુગલાઈની પેઠે એશઆરામમાં થઇ ગયા કે પોતાને આગળ વધવું કે ટકવું મુશ્કેલ થવા માંડયું. ટકી કોણ શકે? જેઓ (૧) આબાદીના રસ્તા પૂરેપૂરા તૈયાર કરે, (૨) આબાદીમાં વધતા જાય અને (૩) ઐકયને સંગઠિત કરતા જાય—આવા ત્રણ ગુણવાળા હોય તેઓ જ આગળ વધી શકે.

## સાધુ-સમાગમ વગરનું પરિણામ.

આબાદ બનવાનું સ્થાન કયું? ઐકયના સાધનો કયા? નિર્વાહના સાધનો કયા? 'उपदेशः शुभो नित्यं०' હંમેશાં સારો ઉપદેશ, 'साधुसेवा सदा भक्त्या०' હંમેશાં અંતઃકરણથી—અંતઃકરણની ભક્તિથી સાધુ મહાત્માની સેવા, વિનય, વૈયાવચ્ચ વિગેરે. ગુણ મેળવી આપવાનું સ્થાન હોય તો સાધુ-મહાત્માની સેવા. વસ્તુની છતમાં વસ્તુના ગુણો માલૂમ ન પડે, કાન વગર શી અડચણ તે કાનવાળાને માલૂમ ન પડે. જન્મથી જ બરોબર સાંભળીએ છીએ. જન્મથી દેખતાને આંધળાની અડચણનો ખ્યાલ ન આવે. એવી રીતે આપણને સાધુનો સમાગમ હંમેશાં મળેલો હોવાથી સાધુના અભાવે કઇ આપત્તિઓ છે, તેનો ખ્યાલ ન આવે. પોતાની નજરે જોવા સાથે, બીજાની અવસ્થાને ચશ્મા તરીકે લે તો બીજાની અવસ્થા ખ્યાલમાં આવે. અહીં સાધુ મહાત્માનો જન્મથી સમાગમ છે, તેથી તેઓના સમાગમ સિવાય કઇ અડચણ છે, તે ખ્યાલમાં ન આવે. નંદ મણીયાર સરખો રાજગૃહીનો રહેનાર, ધના-

ઢ્ય, આટલો જબરજસ્ત છતાં ધર્મના માર્ગે એટલો આગળ વધેલો કે–ઉનાળામાં ચોવિહારઅઠ્ઠમ કરી પોષધ કરે છે! કેટલી બધી ધર્મની પરિણતિ હોવી જોઇએ. આવો જીવ પણ ભગવાનનાં વચનને વેરી નાંખનાર થયો. સમ્યક્ત્વાદિ મોક્ષમાર્ગ તે મોક્ષમાર્ગ ચૂકી નાવું–ધોવું–ખાનપાન વગેરેમાં મોક્ષ માર્ગ, તેવી માન્યતામાં દોરાઈ ગયો. બારવ્રતધારી મોક્ષ ચૂકી, ખાવા–પીવા–હરવાફરવામાં દોરાઈ ગયો! શાથી? સાધુના સંસર્ગ, સુશ્રુષા, સમાગમના અભાવે હારી ગયો. વ્રતનું રક્ષણ કરવું મુશ્કેલ છે. સાધુના ઉપદેશમાં રહે તે જ વ્રત ટકાવી શકે. આ વાત ખ્યાલમાં લઈશું ત્યારે '**साधुसेवा सदा भक्त्या**' ની કિંમત સમજાશે. બીજી બાજુ પ્રાપ્ત થએલા ધર્મનું સંરક્ષણ અને નવા ધર્મની પ્રાપ્તિ, એ પણ એટલું જ જરૂરી છે. સંપ્રતિ મહારાજને અનાર્યોમાં પણ ધર્મ પ્રવર્તાવવો હતો, તેથી ત્યાં વેષધારી સાધુને પણ મોકલ્યા–આચાર્યધારી નહીં.

આનંદ મણીયારની વાત, સંપ્રતિ મહારાજાની વાત, સાંભળતાં નક્કી કરવું પડશે કે–સાધુની હંમેશાં સેવા કરવી. સાધુની સેવા મળવા છતાં ઐક્ય સાધવાની જરુર છે. ધર્મને રસ્તે વધેલો પ્રાણી, ઘરનું ઐક્ય–કુટુંબનું–નાતનું–દેશનું ઐક્ય ન સમજે, રાજ્યનું ઐક્ય ન સમજે, પણ જગતના જીવ માત્રનું ઐક્ય સમજે, આટલું છતાં પણ–ઐક્ય સંગઠિત થયા છતાં પણ જેઓ વર્તનમાં મીંડાવાળા હોય તો તેનું શું થાય? માટે શ્રી હરિભદ્રસૂરિજીએ ત્રીજો ઉપાય બતાવ્યો. કયો? **आत्मीयग्रहमोक्षश्च** '=મારા તરીકેની બુદ્ધિને છોડી દો. આ ત્રણ વસ્તુ કરી શકો તો ધર્મનાં સાધનો, કારણો અને ઉપાયો છે, તે બધા આનાથી સિદ્ધ થવાના છે.

# દેશના ૪૫

૧૯૯૮ પ્ર. જે. વદ ૧૪ મોતીસુખીયાની
ધર્મશાળા-પાલીતાણા. પ્રશમરતિ.

## આરાધના વિષયક વ્યાખ્યાન.

**धर्मावश्यकयोगेषु भावितात्मा प्रमादपरिवर्जी ।**
**सम्यक्त्वज्ञानचारित्राणामाराधको भवति ॥**

શાસ્ત્રકાર મહારાજા ઉમાસ્વાતિજી મહારાજ, ભવ્યોના ઉપકાર માટે આરાધનાની ઉપયોગિતા હોવાથી આરાધના કરનાર કોણ ગણાય તેની સમજણ માટે આ શ્લોક જણાવે છે. આરાધનાની ઉપયોગિતા હોય, તો આરાધના કેમ બને તેનો વિચાર કરાય. જ્યાંસુધી આરાધના અનુપયોગી જણાતી હોય, ત્યાં સુધી તે કેવી? વિગેરે વિચારવાની જરૂર રહેતી નથી. જૈન શાસ્ત્રકારોએ મુખ્ય વસ્તુ એ જ રાખી કે—મોક્ષમાર્ગે ન ચડ્યા તે અનારાધક માર્ગે ચડેલા તે આરાધક. આ જ કારણથી ઉવવાઇ સૂત્રમાં પ્રથમ દેવલોકે યાવત્ વ્યંતરમાં જવાવાળો જીવ જણાવ્યો. છેવટે ગૌતમસ્વામીજીએ જ પ્રશ્ન કર્યો કે—મહારાજ! તેઓ આરાધક ખરા કે નહીં? ૨૨ અધિકારમાં છેલ્લો પ્રશ્ન એ રહ્યો કે—હે ભગવાન! તેઓ આરાધક ખરા કે નહીં? જવાબમાં—અજ્ઞાન તપસ્વી આદિ માટે આરાધક નહીં, બીજાઓ માર્ગે હતા તે માટે આરાધક છે; એમ જણાવ્યું. જૈન શાસ્ત્રમાં આરાધક અને અનારાધક, શબ્દો પ્રચલિત થયા છે. તેથી વીતરાગ સ્તોત્રમાં '**वीतरागसपर्यायाः तवाज्ञापालनं परं**' તમારી સેવા કરતાં તમારી આજ્ઞાનું આરાધન જબરજસ્ત છે.

મોક્ષમાર્ગમાં આગળ વધવાની જે સ્થિતિ થાય તે આરાધનામાં ગણાય. દેવલોકને ઓળંગીને નવગ્રૈવેયક પામવા જેવી સ્થિતિ થાય તેટલા માત્રથી આરાધના આવી જતી નથી. વિચારો.... નવમા ગ્રૈવેયક, બારમા દેવલોક જેવી સ્થિતિ થાય તો પણ આરાધના ખેંચાઈ આવતી નથી, તો મનુષ્યમાં-રાજામહારાજા-પણામાં આરાધના કેમ ખેંચાઈ આવે? પૂણ્ય પ્રકૃતિ સાથે આરાધનાનો નિયત સંબંધ નથી. આરાધના ઔપશમિક ગુણ નથી, ક્ષાયોપશમિક ગુણ છે. બાહ્ય સંયોગ કારણ બને, પણ તે આધીન નથી. આરાધના એટલે મોક્ષમાર્ગની પ્રાપ્તિ અગર તે માર્ગે વધવું. શ્રીમંતે ઘેર પોપટ પાળી તેને 'રામ' બોલતાં શીખવ્યું. પણ તેથી શું વળે? એ તો 'રામ-રામ' બોલતો જાય અને રામની મૂર્તિ ઉપર બેસી, તેની ઉપર જ ચરકે! કારણ? મૂર્તિની ઓળખાણ-ખબર તેને નથી. તેમ અહીં આરાધના પોકારે, પણ સ્વરૂપ ન જાણે ત્યાં આરાધના પોકારતાં છતાં વિરાધનાને રસ્તે જાય છે; માટે આરાધનાની આવશ્યક્તા સમજવાની જરૂર છે.

## મરણની ભીંતમાં કાણું પાડયું નથી.

દુનિયાદારીના વિચારમાં મગ્ન હોય તે ચાર વસ્તુમાં લીન રહેવાના. કંચન, કામિની, કુટુંબ અને કાયા. આ ચાર સિવાય પાંચમું તેને નથી. આ ચારે કે જેની ઉપર આ ભવનો આધાર રાખું છું. મારા મનુષ્ય ભવને કુરબાન કરું છું. તે ચાર વસ્તુ કઇ સ્થિતિની છે? આ ચારે ભૂખરુ માટીના સ્તંભો છે. ભૂખરુ માટીના થાંભલા હોય તે શરદીમાં ખરી પડે. તેમ તમારે સંસારના-ભવના-મનુષ્ય જીવનના ચાર થાંભલાં છે, તે કેવળ ભૂખરુ માટીના છે. એકે પર સુખ દુઃખનો આધાર

નથી. તે વિચાર ન આવે અને ભવમાં ભમવાના સાધનોમાં વિચાર આવે મારું શું ? એ વિચાર ન આવે. આવતા ભવે હાજર રહે તેવી કઈ ? હજુ તો મરણની ભીંતમાં કાણું પાડ્યું નથી કે–આગળ જોઈ શકાય. જેણે મરણની ભીંતમાં કાણું પાડ્યું નથી તે આગળ ક્યાંથી જોઈ શકે ? મરણ પછીની વિચારણા કરી નથી, તેવા મનુષ્યને આવતા ભવનો વિચાર ન આવે. અને એ વિચાર ન આવે તો 'આવતા ભવમાં શું રહેશે ? મારું શું ?' એ વિચાર ક્યાંથી આવે ? પૂણ્ય પાપ બેજ સાથે આવવાના છે, છતાં તે બને પણ આત્માના નથી ! એ તો 'ખેતરમાં ખેતી થઈ. ઊગ્યું છતાં ઊનાળો આવ્યો કે–સૂકાઈને સાફ,' જેવું થયુ ! તેમ પૂણ્ય કે પાપ આત્માના ફળ દઈ દે કે વિદાય લે. પુણ્ય અને પાપ એ બને વસ્તુ શુભાશુભ ફળ દીધા પછી ટકવાવાળી ચીજ નથી. હંમેશાં ટકવાવાળી ચીજ કઈ ? કંચનાદિ આગલા ભવે ન આવનારી ચીજો, પુણ્ય–પાપ આગળ ચાલી જનારી ચીજ, તો ટકનારી ચીજ કઈ ? સર્વકાળ માટે આત્મામાં રહેવવાળી ચીજ કઈ ? આત્માના ઘરની ચીજ કઈ ? આત્માને અંગે વિચાર કરવાની હજુ આત્માને ફૂરસદ નથી.

## આંખ ચકોર છતાં અપલક્ષણવાળી.

આંખ, રતન કહેવાય. ઉપયોગી–જરુરી કહેવાય. આંખ વગરનાને આંધળો કહેવાય તેટલો તિરસ્કાર બહેરા, મુંગાપણામાં નથી, પણ તેમાં જબરજસ્ત અપલક્ષણ છે. આંખ જગતને દેખે પણ પોતાને ન દેખે. પોતાનાં રક્ષણ માટે આંખે પડદો રાખ્યો. બીજી ઇન્દ્રિયોએ પોતાનાં રક્ષણ માટે પડદો રાખ્યો નથી. બાપનો કે પોતાનો ભરુંસો આંખ ન કરે.

આંખ, સગા બાપનો પણ ભરોસો ન કરે. આટલી બધી ચકોર રક્ષણ માટે સાધન રાખનારી! રત્ન તરીકે પંકાયેલી છતાં તે જ આંખ પોતાને પોતે જુએ નહીં. જગતને આંખ ઉપયોગી છતાં મોટી ખોટ કે—પોતાને જ પોતે જુએ નહી. પૈસા, સ્ત્રી, કુટુંબ, કાયાની ચિંતા રાતદિવસ, આવતા ભવને માટે પુણ્યપાપની ચિંતા રાતદિવસ, પણ પોતાની ચિંતા ક્ષણભર નથી. પોતાની ચિંતા કરી હતે તો 'મારું શું?' એ વિચારવાનો અવકાશ મેળવત એ અવકાશ નથી મળ્યો, તેનું કારણ એ જ કે પોતે પોતાને સમજવા તૈયાર નથી. જ્યાં સુધી પોતાનું સ્વરૂપ ન જાણે—ન સમજે ત્યાં સુધી શાણો આત્મા, શાંતિથી બેસે નહી. પણ આપણે શાંતિથી બેઠા છીએ—નિરાંત છે. ઉચાટ નથી. શાથી? આત્માની વસ્તુ સમજાઇ નથી. આરાધના પદાર્થનો ખ્યાલ ન આવે ત્યાં સુધી ઉચાટ નહી આવે, માટે આરાધના ચીજ શી? આત્માની આરાધક બને કોણ? આરાધકની ગણત્રીમાં ન આવે ત્યાં સુધી મોક્ષમાર્ગની ગણત્રીમાં આવ્યો નથી. મુમુક્ષુ ગણાય નહીં. આરાધકપણાના માર્ગમાં આવ્યા સિવાય મોક્ષના મુસાફર ગણાય નહીં તેમાં આવવાનું સાંભળ્યા પછી આરાધક હોય તે, દરિદ્ર હોય તો પણ તેને તેનો દરિદ્રપણાનો હિસાબ નથી. પણ આરાધક કોટિનો હિસાબ છે.

## માસતુસ મુનિની આરાધકતા.

અનારાધક ચક્રવર્તી હોય તો પણ તેને આરાધ્ય કોટીમાં સ્થાન નથી. પરમેષ્ઠીમાં '**નમો રાયાણં**' આદિ નથી કહેતા. સાધુને સ્થાન આપ્યું. આરાધનાને માર્ગે ચડ્યા તે પોતે આરાધના કરનારા અને બીજાને કરાવનારા છે. બી. એ. માં

ભણતા હોય તે પણ નિશાળીયા. પરિપક્વ થવા આવેલા તે પણ અભ્યાસી. 'માસતુસ' મુનિ, પાઠ કરતાં ભૂલ્યા તે પણ અભ્યાસી. તેમ આત્મા સાધુ થાય અને વધીને કેવળજ્ઞાની થાય તો પણ પરમેષ્ઠિ. માસતુસ સરખા પણ પરમેષ્ઠિ. ગુરુએ તેને 'મા રૂસ, મા તુસ=રોષ ન કર તોષ ન કર.' એટલું જ શીખવ્યું. તારા આત્માને સમજાવી રાખ, કશા ઉપર રોષાયમાન, તુષ્ટમાન ન થઈશ. એ બે વસ્તુ સમજાવવા માટે એટલું શીખવ્યું, પણ જેને તેટલું પણ નથી આવડતું, તેવા શબ્દો પણ ભૂલી જાય છે. ગોખે...ભૂલી જાય! એટલે કોઈક યાદ કરી આપે, ત્યારે પાછું યાદ આવે અને ગોખે. આથી શેરીવાળા છોકરાઓએ તેનું 'માસતુસ' નામ પાડ્યું. વિચારો. જ્ઞાનનુ કેટલું પર્યવસાન? જ્ઞાનાવરણીયનો એ કેટલો અપ્રકર્ષ? એવાં છતાં તે આરાધ્ય. કારણકે–તેઓ આત્માનાં સ્વરૂપમાં આવી ગયા છે. ચાહે 'એમ. એ' થયેલ હોય, છતાં પણ વિદ્યાર્થી. મા, બા, ભૂ પા. તો પણ તે વિદ્યાર્થી, અથથી ઇતિ સુધીની કોટી તપાસીએ, તેમ આરાધ્ય અને આરાધ્યતાની કોટી અથથી ઇતિ સુધી છે. પોતે આરાધનામાં ઊતર્યા હોય તો આરાધ્ય બનાય. આરાધનામાં ઉતર્યાં સિવાય આરાધ્ય બનતા નથી. પાંચ પરમેષ્ઠી, આરાધનાની કોટીમાં ન ઉતર્યા હોય તો આરાધ્યમાં આવી શકતા નથી. આરાધનામાં તત્પર ન હોય, તેવાઓને જૈનશાસન આરાધ્ય કોટીમાં દાખલ કરતું નથી. આરાધના કહેવી કોને? નોકારવાળી ગણવાથી આરાધના આવી જતી નથી. વારંવાર જાહેરાત કરવાથી આરાધના આવી જતી નથી.

## આરાધના કોની?

આરાધના, પિતાની? માતાની? મહાદેવની? કોની આરા-

ધના કરવી ? આરાધના કેવળ ત્રણની 'સમ્યગ્ જ્ઞાનદર્શન-ચારિત્રાણામારાધના'=સમ્યગદર્શન-જ્ઞાન ને ચારિત્રની. એની જ આરાધના કરવા લાયક જણાવી છે આ આરાધના કરનાર આરાધક ગણાય. જૈન શાસનમાં આરાધક થયો કોણ ગણાય ? આરાધના શબ્દ વહાલો છે. તેવી જ રીતે જૈનજગતમાં સમ્યગ્દર્શનાદિ ત્રણ વહાલાં છે. પણ શબ્દપ્રીત ચાહે જેટલી હોય; પરંતુ પદાર્થપ્રીતિ ન થાય ત્યાંસુધી કાર્યસિદ્ધિ ન થાય. લાખ મનુષ્યને પ્રશ્ન કર્યો કે-સંપ વહાલો કે કુસંપ ? એક પણ કુસંપ સારો એમ નહીં કહે સહુ 'સંપ' સારો એમ જ કહે, પરંતુ માત્ર શબ્દના જ પ્રીત. 'સંપ' પદાર્થની પ્રીતિ નહીં. પદાર્થપ્રીતિને અંગે પ્રયત્ન કરો. સંપના કારણ કેટલાં ને અમલ કેટલો કર્યો ? કારણો બતાવનાર પણ નહીં નીકળે. પોતે ગુનેગાર ન બનવું. બીજાના ગુનાની માફી આપવી. બીજાને ફાયદો થતો હોય તો ન કરવો. કુટુંબ, નાત કે દેશને અંગે આ ત્રણ વસ્તુ આવશે તે સંપ જાળવી શકશે. પોતે ગુનેગાર ન થવું. ગુનો થવાથી હંમેશાં પાછા હઠવું. બીજા ગુનેગાર બન્યા હોય તેની ગુનાની માફી આપવી. તેવી રીતે બીજાને ફાયદાનો વખત જવા ન દેવો, પરંતુ લાખ માણસોમાં તેવા કેટલા નીકળે ? સંપ શબ્દની પ્રીતિ હોય—સંપ શબ્દની પ્રીતિ હતી, પરંતુ 'સંપ' પદાર્થ નથી તો વિચાર્યો કે નથી તો વર્તનમાં મૂકયો. આરાધના શબ્દને અંગે પ્રીતિવાળા હોય છે, બોલે છે પણ આરાધનાનો પદાર્થ કયો ? વેશ્યા વધારે ઘુંમટો કાઢે. કુલીન સ્ત્રી આંખ કે મોઢું ઢાંકે, વેશ્યા પેટ સુધી લાજ કાઢે. અનારાધકો આરાધકપણાનો દેખાવ વધારે કરે, તેથી આરાધકપણું આવી ન

જાય. લાંબો ધુમટો કુટે તેથી કાંઇ વેશ્યા ખાનદાન ન કહેવાય જેમ દેખાવની લાજ. તેનાં વર્તનમાં, કુટુમ્બમાં લાજનો છાંટોયે નથી. આરાધના શબ્દ પોકાર્યો જાય. પદાર્થ ન હોય ત્યાં આરાધનાના માર્ગમાં કીંમત થઇ શકતી નથી. ત્રણેને આરાધનારા મુમુક્ષુ હોય. કથંચિત્ આરાધકો જુદા પણ હોય. 'આરાધના કરનારો છું' એ શબ્દ બધાને ગમે છે.

દરેક જણ ઉત્તમ શબ્દો, પોતાને લાગુ પાડવા માગે પણ વાસ્તવિક લાગુ કોને પડે? તે માટે જણાવ્યું કે-આરાધના શાની? કે-જેથી આરાધનાર આરાધના-આરાધના પોકારે છે. પહેલાં મુમુક્ષુઓએ સમજવું જોઇએ કે-આરાધના ત્રણ ચીજની. એક વાત ધ્યાનમાં રાખવી જિનેશ્વર મહારાજા સરખા શાસનનું નિરૂપણ કરનારા, તેઓએ વીરની કે ગૌતમની આરાધના ન જણાવી. 'વીરની, ગૌતમની આરાધના એ જ આરાધના' એમ કેમ ન જણાવ્યું? આરાધનામાં સમ્યક્ત્વાદિ કેમ જણાવ્યા? આજકાલ પોતાને પોતાની કીંમત આંકાવવાનું ચાલ્યું છે! છગનીરામનું સમકિત, ચોથમલનું સમકિત એ જ આરાધના. એમની અપેક્ષાએ મહાવીર મહારાજા ભૂલ્યા કે જેથી વીરસમ્યક્ત્વ ન જણાવ્યું 'વીર અને ગૌતમની આરાધના એ આરાધક' એ વસ્તુ ઊભી ન કરી. કોની આરાધનાએ આરાધક? સમ્યક્ત્વની. પછી સમ્યક્ત્વવાળા જે હોય તે, ચાહે વીર મહારાજા હો, કે-ચાહે પાર્શ્વનાથજી હો, કે પછી કેશીકુમાર હો. શાસ્ત્રમાં સ્પષ્ટ જણાવી દીધું કે-વ્યક્તિપૂજાને શ્રીજિનશાસનમાં સ્થાન નથી, ગુણવાનને અંગે સ્થાન છે. સમ્યગ્દર્શનાદિના અંગે આરાધના છે. પ્રશ્ન થશે કે-'તો પછી ગુણ માનવા, વ્યક્તિઓને ન માનવા' પણ મહાનુભાવ! એવે-

# દેશના—૪૬

## દ્રવ્ય, ક્ષેત્ર અને કાળ આરાધના.

૧૯૯૮ દ્વિ જે સુ. ૧, મોતીસુખીયાની ધર્મશાળા, પાલીતાણા.

### ભાવનમસ્કાર.

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ ઉમાસ્વાતિજી મહારાજ, શ્રીપ્રશમરતિપ્રકરણમાં મોક્ષના ઉપાય તરીકે એક જ વસ્તુ જણાવે છે કે-આરાધના વગર મોક્ષ પામી શકતો નથી, કોઈ પામશે પણ નહીં. મોક્ષ પામ્યા, પામે છે અને પામશે એ સર્વ જીવો આરાધનાના પ્રતાપે જ. આરાધનાથી નિરપેક્ષ રહીને મોક્ષ પામી શકાતો નથી આથી આરાધના સિવાય મોક્ષ નથી પણ આરાધના વસ્તુ ન સમજાય તો ? આરાધના શબ્દ લખીને તેના સામું જોયા કરીએ, તો શું વળે ? આજે લોકો—આરાધના આરાધના શબ્દ પોકારે.છે. પંચપરમેષ્ઠિની નોકારવાળી ગણે છે, તે છોડીને **આરાધનાય નમો** એમ ગણે

---

રીએ હીરાનું તેજ લેવું. હીરો નં લેવો ને ? હીરા, મોતી, સોનું એ વગેરે પાણી–કસ–તેજને અંગે લેખાય છે. મહાવીર મહારાજા, ઋષભદેવજી આદિ યાવત્ આજના સાધુઓ પણ ગુણવાળી વ્યક્તિ હોવાથી આરાધ્ય છે. ત્રણેની આરાધના કરનારો આરાધક છે. આરાધનાનું સ્વરૂપ કોણ ? આરાધ્ય તે જણાવ્યા, કે—જેનો આત્મા આવશ્યક યોગોમાં ભાવિત હોય, તે આત્માઓ આરાધક છે. પ્રમાદોને ડગલે પગલે ટાળવા તૈયાર હોય, તેઓ આરાધક બને છે. તેઓ મોક્ષમાર્ગના મુસાફર બની શકે છે.

તો આરાધના થઇ જાય કે ? આરાધનાનું ધ્યેય અંદરથી ખસવું ન જોઇએ. આરધના વગર 'नमो कम्मखयस्स' કર્યા કરે તો આરાધના ન થાય તેમ આરાધનાને નમો કહેવાથી આરાધના થઈ જતી નથી. આગળનાં વ્યાખ્યાનમાં કહી ગયા હતા કે-આરાધના ત્રણ પ્રકારની. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણની જ આરાધના. તે ત્રણ વસ્તુની આરાધના ન હોય તો આરાધના નથી. નોકાર જેવી સામાન્ય ક્રિયાથી, પાપનો નાશ થાય અને મંગળની પ્રાપ્તિ થાય બે એ ફળ નોકારમાં લેવાં પડ્યાં. પાપના નાશનું ધ્યેય રાખી, મંગળની પ્રાપ્તિનું ધ્યેય રાખી નમસ્કાર કરવાનો છે. તે ભાવનમસ્કાર છે. નમસ્કારના પાંચ પદ અને નવપદમાં કયો ફરક પડે છે ? પાંચ પદ ધ્યેય-શૂન્ય, એટલે કે-ધ્યેય વગરનો નમસ્કાર. અને નવપદ, એ ધ્યેય-વાળો નમસ્કાર. ધ્યેયવાળો નમસ્કાર તેઓનું છે કે-જેઓ 'સર્વ પાપનો નાશ અને પ્રથમ મંગળ' તરીકે નવકારફળ સહિત માને સર્વ પાપનાશના કારણ તરીકે નમસ્કાર છે. જેમ પંચ પરમેષ્ઠીને નમસ્કાર એ પણ પાપના નાશદ્વારાએ છે. સર્વ પાપના નાશનું ધ્યેય ન હોય તો એ નમસ્કાર ભાવનમસ્કાર સુધી આવી શકતો નથી. કહેશો કે-'તો ભગવતીજી વિગેરેમાં પાંચ પદ જ કેમ કહ્યા ? નવ પદ કેમ ન મેલ્યા !' પણ મહાનુ-ભાવ ! આરાધનાને અંગેનો નમસ્કાર અને મંગળ તરીકે ગણાતો નમસ્કાર તેમાં ભેદ સમજી શકે નહીં ? સૂત્રની આદિમાં બીજું ન બોલતાં 'નમો અરિહંતાણં' આદિ પાંચ પદ કેમ કહ્યાં ? નમસ્કારમાં પણ આરાધના બુદ્ધિ' લાવવા માટે. એ નમસ્કારથી 'પાપનો નાશ અને મંગળ બુદ્ધિ,' એ ધ્યેય રાખે છે. મંગળની પ્રાપ્તિનું ધ્યેય હોય તો નમસ્કાર

વાસ્તવિક ફળ દે. પણ તે ધ્યેય ન હોય તો ખુદ અરિહંતને કરેલ નમસ્કાર પણ વાસ્તવિક ફળ દેતો નથી.

## કૃષ્ણજી અને વીરાનું વંદન.

કૃષ્ણ અને વીરો સાલવી સરખા નમસ્કાર કરનાર હતાં ૧૮ હજાર સાધુને બંનેએ વાંદ્યા છે. આથી વીરાને ક્ષાયિક સમ્યક્ત્વ ગણવું ? વીરા સાલવીનું ધ્યેય કૃષ્ણજીનો હાજીયો એ વંદનમાં 'કૃષ્ણજી મારા પર ખુશ રહે' એ એનું ધ્યેય. જ્યારે શ્રી કૃષ્ણજીનું ધ્યેય, કર્મનો ક્ષય. તે મુદ્દો આગળ કરીને જેઓની પ્રવૃત્તિ થઇ, તેને ભાવવંદન ગણવામાં આવ્યું. વીરાનાં વંદનને ભાવવંદન ન ગણ્યું કેમ ? તેનું ધ્યેય, પાપના નાશનું ન હતું. મંગળપ્રાપ્તિનું ધ્યેય ન હતું. કૃષ્ણજી, દુનિયામાં દેવ તરીકે ભલે મનાય, પણ જૈન શાસનમાં માત્ર સમ્યક્ત્વના ધણી દ્રવ્ય તીર્થંકર હતા. વીરાજીએ વંદનમાં કૃષ્ણજીને રાજી રાખવાની વાત રાખી હતી. કૃષ્ણ પણ દ્રવ્યતીર્થંકર હતા, તો તેને ખુશી કરવાની ભાવના હોય તો પણ વીરાને ફળ થવું જોઇએ. પણ તે ભાવનાથી શાસ્ત્રમાં વ્યક્તિને અંગે ખુશનું સ્થાન નથી. દ્રવ્ય તીર્થંકર જેવા હોય તો પણ તેના ખુશીપાની કીંમત નથી. વીરો સાલવી, કૃષ્ણમહારાજને અંગે તેની અણુજાએ—અનુજ્ઞાએ વંદન કરે તો તેથી વંદનના ફળમાં તે અનુજ્ઞા કામ ન લાગી, તો પછી જૈન શાસનમાં બીજી કોઈ વ્યકિતનું અણુંજાઈપણુ કામ લાગતું નથી.

## ભરતમહારાજા મરીચિને કઈ દષ્ટિએ વંદન કરે છે ?

જૈન શાસનમાં કામ લાગતું હોય તો કેવળ ગુણની દૃષ્ટિ. વીરાને કૃષ્ણની અણુજાઈની સ્થિતિ કામ ન લાગી, તો ભરત મહારાજાએ મરીચિને કરેલ વંદન તે કેમ કામ લાગ્યું ? તેને તો

તીર્થંકર થવાને, હજી ૨૩-૨૪ ભવ બાકી હતા! તે પણ મોટા ભવ! તેમાં પણ સૂક્ષ્મ તો ઘણા ભવો બાકી હતા ૨૭ ભવમાં ક્રોડાક્રોડ કાળ પૂરો નહિં! ૩૩ સાગરોપમ ભોગવનાર. ફેર: ૩૩માં ન હોય. ૩૩ ભોગવનાર નારકી કે દેવતા હોય. ઉત્કૃષ્ટ સ્થિતિવાળા. એથી આગળ કોઇ ન વધે. મહાવીર મહારાજાને (ક્રોડાક્રોડ સાગરોપમ સંસારમાં બાકી હતા તેવા નેઃ) અવળે માર્ગે ગયેલા મરીચિને વંદન કરનાર ભરત-મહારાજાને વંદન કેમ કામ લાગ્યું? તો સમજો કે-ભરત-મહારાજા, એ મરીચિના ખુદ પિતા હતા, છતાં તેને વંદન કરતી વખતે તેઓ ડાંડી પીટીને કહે છે કે-'તું અવળે માર્ગે છો. આ વંદન કરું છું, તે મારે કુળે જન્મ્યો તેથી કીંમત નથી." જૈન શાસન ગુણ ઉપર કેટલું બધું ધસે છે? વ્યક્તિથી કેટલું ખસે છે? મરીચિ સાધુપણામાં રહેવા તૈયાર ન હતો. ઘેર જવા તૈયાર હતો છતાં **भरतलज्जया गृहे गंतु न शक्नोति=** ઘેર જવું છે પણ ભરત મહારાજાની લજ્જાથી ઘેર જઈ શક્તો નથી; ચક્રવર્તી પોતાનો છોકરો ઘેર આવે તો ન ખમે. પતિ-તને ચક્રવર્તી પણ અપનાવવા તૈયાર ન હતા કેમ? પડયો તે ન ઘરનો ન બહારનો. ભરત મહારાજાના છોકરા પતિત થઈ ભરતને ઘેર આવે તે ભરતને પાલવતું નથી. નહીંતર મરીચિને ઘેર જવામાં શરમ શાની? બાપ તેવા ન હોત તો પડીને આવ્યો છતાં 'આવ...ભાઈ! સારું થયું" એમ આદ-રની જ આશા રહેત. પણ મરીચિને પાછું ઘેર જવામાં તે આશા નથી તેથી વિચારે છે કે-'લાજથી ઘેર ન જવાય.' ભરત ધિક્કારે ત્યારે? ભરત મહારાજા તે વસ્તુને અધર્મ ન ગણે તો મરીચિને ઘેર જવામાં વાંધો જ શું? પોતાનો છોકરો

પતિત થાય તેને ભરત ધિક્કારનાર હતા. મરીચિ ત્યાં પણ ન દઇ શકયો. કેમ ? ભરત મહારાજા, પતિત તરફ ધિક્કાર નજર રાખે છે. ભરત મહારાજના હૈયામાં ગુણની પૂજા કેટલી હદે હશે ? ગુણના હ્રાસમાં, ગુણથી દૂર થવામાં પોતાના પુત્ર ઉપર પણ પ્યાર તો નહીં, પણ ધિક્કાર છે.

ભરત મહારાજાનાં હૈયામાં એક અંશ પણ ગુણની કીંમતમાં ખામી હોત તો મરીચિને પોતાનાં ને કુટુમ્બની કીંમત આગળથી થયા વગર રહેતે નહીં. છોકરા તરફ પ્રીતિ રહે છે, છતાં ધર્મશાસ્ત્રની રીતિએ અવગુણ તરફ ધસેલા તરફ ધિક્કાર જ હોય. આથી એ મરીચિને 'પરિવ્રાજકપણું સ્વીકારું પણ ઘેર ન જવું.' એ નિર્ણય ઉપર આવવું પડ્યું. ભરતમહારાજાએ પણ 'આ બિચારો રખડી જશે' એમ પ્રભુને ન કહ્યું ! પરિવ્રાજકપણું કર્યું તો પણ ન કહ્યું કે—પતિત થયો છતાં ઉત્તમ પ્રરૂપણાવાળો તો છે, છતાં ન પાલવ્યો ? અધમ પ્રરૂપણાની વાત જુદી છે. મરીચિની પરિવ્રાજકપણામાં પણ 'સાધુ ઉત્તમ છે. હું પાપી હલકો છું.' આ સ્થિતિ છે. ત્યાં સુધી સમકિત ખસ્યું નથી ગણતા. પતિત થયો છતાં પ્રરૂપણામાન્યતા સાચી જ છે. સાધુઓ ઉત્તમ છે, એમ જ માન્યતા છે. એક બાજુ પતિત થાય અને બીજી બાજુ સાધુ કરતાં પણ પોતાને મહાસ્થિતિમાં મૂકવા જાય તેવાને કહેવું જ શું ? મરીચિ, પોતાનાં મનમાં સાધુની મહત્તા રાખીને પરિવ્રાજકપણામાં રહેલ છે.

પ્રભુને ભરત મહારાજાએ પ્રશ્ન કર્યો કે—કોઇ તીર્થંકરનો 'જીવ અત્રે છે !' પ્રભુએ મરીચિ જણાવ્યો. ભરતમહારાજે જોયું તો એ ખૂણામાં રહેલો છે. એ જોઇ વિચારે છે કે—"પતિત પરિ-

ણામને ધિક્કારતો હોવો જોઈએ, કારણ કે-પરખદામાં નથી બેસતો. ખૂણામાં બેસે છે. જે પતિતપણામાં સમજતો હોય તેને જાહેરમાં બેસવાનું સ્થાન ન હોય." ત્યારે ભરતમહારાજા મરીચિને વંદન કરવા જાય છે. અને ત્યાં પણ સ્પષ્ટ કહે છે- 'હે....મરીચિ! હું તારા જન્મને, ઈક્ષ્વાકુ કુળમાં જન્મ્યો, તે વગેરેને વંદન નથી કરતો-તારા પરિવ્રાજકપણાને નથી માનતો.' મરીચિમાં તેવાં અપમાનજનક વાક્યો સાંભળવાની કેટલી તાકાત? તે વાક્યોથી ક્લેશ ન થયો! નીચી પાયરીએ-નીચે પગથીએ ઉતરી ગયેલા આત્માઓ, પોતાની નીચાપણાની જાહેરાતને અંગે આવેશમાં ન આવે ત્યારે સમજવું કે-આત્મામાં કંઈ છે. મરીચિ કહી શકતે કે કોણે વાંદવા આવવાનું નોતરું દીધું છે; તેમ કહી શકતે. પણ કહેતો નથી કેમ? સમજે છે કે-હવે તેઓ મને ન વાંદે-મારા જન્મને, મારા કૂળને ન વાંદે-પરિવ્રાજકપણાને ન વાંદે તેમાં નવાઈ નથી.

પોતાને હીનગુણવાળા-ગુણહીન તે જ દેખી શકે જેને ઉત્તમ ગુણ તરફ માન હોય. પોતાના હીનગુણ સાંભળવા સાથે જેનું ધ્યેય ટકતું નથી, તે માર્ગમાં નથી. ભરત મહારાજા કહે છે તે મરીચિ સાંભળી લે છે. આથી ભરતમહારાજે તેને તેમ કહીને ય વાંધા કહેશો કે વાંધા-વાંધાને, આ બોલીને શું કરવા વાંધા? એટલું જ કહેવું હતું કે-'તીર્થંકર થવાનો છે, માટે વાંદું છું.' શાસન માનનારા મનુષ્યને અવગુણીજનને તેના અવગુણ જણાવ્યા સિવાય વંદના અયુક્ત લાગે. અવગુણ ન જણાવી શકે તો ગુણ પણ જણાવી શકે નહીં. પોતાનો છોકરો તીર્થંકર થનારો, છતાં તેમાં અવંદનીય પદાર્થો હતા તે ખુકલા કરવા પડયા. અત્યારે શું વિચા-

રવાનું છે ? ભરતમહારાજાએ મરીચિને વંદન કર્યું, તે વંદન આથી લેખામાં ગણાયું. ધર્મઘોષ આચાર્ય મહારાજાએ તે દ્રવ્ય તીર્થંકરનાં વંદનના અંગે દાખલો દીધો. વીરાસાલવીના વંદનમાં મીંડું ગણે છે. આથી લાંબે કાળે થવાવાળા તે મહાવીર તીર્થંકરનાં વંદનને આરાધનામાં ગણ્યું. વીરા સાલવીએ વંદન કર્યું તે તો કૃષ્ણનું અનુકરણ કર્યું. 'કૃષ્ણ ત્રણ ખંડના માલીક છે, માટે તેમને ખુશી કરું.' એ ધ્યેયથી વંદન કર્યું છે. વંદનમાં એ રીતે બંનેનાં ધ્યેય જુદાં થઇ ગયા છે. અણુજાઈમાં વાસુદેવ ખુશ થાય, એ પ્રકારે વીરાને ધ્યેય પલટાવવાથી આરાધનાના માર્ગમાં ન ગણ્યો. ભરતમહારાજાને આરાધનાના માર્ગમાં ગણ્યા. કર્મક્ષયનો મુદ્દો હોય, ધ્યેય હોય તેનું વંદન તે આરાધના. આમ તો જૈનશાસન, વ્યક્તિની પૂજાને પણ માને છે. નહીંતર "**उसभमजिअं च वंदे**" એમ ચોવીશને વંદન ન કરતે. ચોવીશ તીર્થંકર વ્યક્તિ છે કે જાતિ ? ઉસભાદિ વ્યક્તિ તીર્થંકર છે.

## ગુણના ધ્યેય વગર આરાધના નથી.

વ્યક્તિનું આરાધન જૈનશાસનમાં છે, પણ વ્યક્તિ તરીકે આરાધના નથી. ગુણવાન તરીકે આરાધના છે **अरिहन्ते कीत्तइस्सं चउवीसंपि** કેવલિ રીખવદેવજીપણાને અંગે વંદન નથી. ત્યારે તીર્થંકરપણાને અંગે–જિનેશ્વરપણાને અંગે–કેવલીપણાને અંગે વંદન છે. આમાં વ્યક્તિની પૂજા છે, પણ ગુણવાન વ્યક્તિ છે; માટે પૂજા છે–વંદન છે. સોનું અને કસ. સોનાને છોડી કસ જુદો નથી

હીરા મોતીનાં પાણી જુદા નથી. વ્યક્તિનું આરાધન ન માનીએ તો ચાર પદ છોડી દેવાં પડે. શાસ્ત્રકાર કહે છે

કે–મુખ્ય નમસ્કાર, વંદન, સત્કાર, પર્યુપાસના, વ્યક્તિની હોય; પણ વ્યક્તિની વ્યક્તિ તરીકે નહીં પણ ગુણવાન તરીકે આરાધના છે. તેથી નવકારમાં પાંચ પદ રાખી શકીએ. ગુણનું ધ્યેય ન હોય તો આરાધના નથી. ગુણને વધારવાનું ધ્યાન રાખો. સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર એ ત્રણે ગુણોની આરાધના કરો. ત્રણ ગુણો જ આરાધ્ય. મુખ્યતાએ ત્રણ ગુણો આરાધ્ય.

## આરાધનાના દ્રવ્યાદિક ચાર નિક્ષેપાઓ.

આવી રીતે આરાધનાના વિષયને જોઈ ગયા, પણ આરાધનાનાં સ્વરૂપને–હેતુને આપણે જોયા નથી; માટે હવે '**जत्थ न जाणिज्जा०**=વધારે ભેદ ન પાડી શકો, ત્યાં ચાર ભેદ તો જરુર પાડજો જ' **દ્રવ્યથકી આરાધના,** તે સમ્યક્ત્વનાં સાધનો જિનેશ્વરની પ્રતિમા વગેરે જે જે દ્રવ્યો તે આરાધનાના વિષયો. સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, જે જે આલંબનભૂત દ્રવ્યો, તે દ્રવ્ય આરાધન.

## ક્ષેત્ર આરાધના.

ક્ષેત્રથી આરાધના, તે પાંચસે....પાચસે....પાંચસે જોજનના મોટા મોટા દેવતાઈ પ્રાસાદો હોય, ત્યાં એકાદ ખીલી કેટલા હિસાબની ? તીર્ચ્છાલોકમાં આરાધનાનું ક્ષેત્ર અઢીદ્વીપ સિવાય નહીં. અઢીદ્વીપમાં માત્ર કર્મભૂમિ, એ સિવાય આરાધનાનું ક્ષેત્ર નથી. કર્મભૂમિમાં પણ આરાધનાનું ક્ષેત્ર, હજારમે ભાગેય નથી. ૩૨ હજાર દેશમાં પણ આર્ય દેશો માત્ર સાડી પચ્ચીશ. હજારમો ભાગ પણ નહીં. વિચારો કેટલામો ભાગ ? સાડીપચ્ચીશ આર્યદેશ છે, તેમાં પણ હંમેશાં ધર્મની પ્રવૃત્તિ હોય તેમ નહીં. સર્વકાળે જિનેશ્વરની, ચક્રવર્તિની, વાસુદેવ, બળદેવની ઉત્પત્તિ થવાને લાયક ક્ષેત્ર તે આર્યક્ષેત્ર. ક્ષેત્ર તરીકે–

જ્ઞાન આર્ય, દર્શન આર્ય, ચારિત્ર આર્ય, એની કોઈ ક્ષેત્ર-મર્યાદા નથી, પણ સર્વકાળ ચક્રવર્તિ-આદિ જે ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ શકે, તેવી યોગ્યતાવાળા ક્ષેત્રો, તે આર્યક્ષેત્રો. આરાધનાનું સ્થાન આ.

## થોરીયાનું દૂધ આંખ ફોડનાર, છતાં આંખ સારી કેમ થઈ?

એક ગામડીયાને આંખમાં દુખવા આવ્યું. વૈદ્યને ત્યાં આવ્યો. ગમાર છે. વૈદને જેમ તેમ બોલવા લાગ્યો, જેથી વૈદ્ય અકળાયો. વૈદ્ય પૈસાનો પૂજારી હતો. તેથી તે ગામડીયો તેને પૈસા આપી એ રીતે હેરાન કરવા લાગ્યો કંટાળીને વૈદે કહ્યું-જાને....થોરીયાનું દૂધ આંજી લે. વૈદે ઉપાય બતાવ્યો એટલે ગામડીયો ચાલી નીકળ્યો. વૈદે ફેર બૂમ મારી, પણ એ તો પાછો ન આવ્યો. તેણે તો થોરીયાનું દૂધ લાવી આંખમાં નાખ્યું. સવારે ઉઠયો ત્યાં વેદના શમી ગઈ! ગામડીયાને થયું કે-મારો વ્હાલો....વૈદ્ય જબરો! અઠવાડીયા સુધી ન મટે તે એક રાતમાં મટાડી દીધું! ખુશ થઈ કેરીનો ટોપલો ભરી વૈદ્યને ભેટ આપવા ગયો. વૈદ્યને કહ્યું કે-આંખ સારી થઈ ગઈ, માટે લે આ કેરીનો ટોપલો. વૈદ્યને આશ્ચર્ય થયું. ગમારને લઈને વૈદ્ય થોરીયો જોવા ગયો. થોરીયાને ખોદ્યો. થોરીયાનું દૂધ આખ ફોડનાર છતાં પણ આંખ સારી કેમ થઈ? એ જાણવા સારુ ખોદ્યો. જોયું તો નીચે ઘીનો ગાડવો હતો. જાણ્યું કે-થોરની ગરમી બધી ઘીથી સહી ગઈ. ગમારને એ રીતે થોરના દૂધથી આંખ મટી, માટે શું થોરીયાનું દૂધ દવા ગણવી? ભાગ્યનો યોગ હોય અને ઘીના ગાડવાવાળો થોરીયો મળી ગયો તેથી કાંઈ તે થોરીયો દવા ન ગણાય.

તેમ ક્વચિત્ ભાગ્યયોગે અનાર્યક્ષેત્રમાં ધર્મ મળી જાય તેથી અનાર્યક્ષેત્ર ધર્મનું સ્થાન ન ગણાય. ધર્મનું સ્થાન તો આર્યક્ષેત્રજ. એવાં આર્યક્ષેત્ર ૨૫ા છે.

### કાળ આરાધના.

તે સામાન્યથી ત્રીજા આરાનો છેડો, ચોથો આરો અને પાંચમા આરામાં ૨૧ હજાર ઓઘે કાળ. જિનેશ્વર મહારાજે તેટલો કાળ સાધુ શ્રાવકોને આરાધનાને અંગે નિયમિત ઉપયોગી તરીકે વિશેષથી જણાવ્યો. જિનેશ્વર મહારાજાએ કાળનું નિયમન કરી આરાધના કહી છે, સાધુને અંગે આવશ્યકમાં-વ્યવહારમાં આઠમ, ચઉદશ ઉપવાસ ન કરે તો આલોયણ, ચોમાસીએ છઠ્ઠ, સંવચ્છરીએ અઠ્ઠમ ન કરે તો આલોયણ આવે. આરાધન કાળથકી નિયમિત કર્યું. ઉપવાસ કરે ત્યારે આઠમ માનવી એમ નહીં; પણ આરાધનાને અંગે તિથિ લેવા માંગે છે, તેઓને ઉપવાસ કરે તે જ દિવસે આઠમ. જેઓ ઉપવાસને અંગે આઠમ, ચઉદશ માનનારા હોય તેઓને આઠમનો ક્ષય કર્યો કેમ પાલવશે?

### પર્વતિથિલોપકોને શાસ્ત્રકારની ચીમકી.

છોકરાની વહુને તેડવા જાય ને છોકરો રાંડયો છે...પછી કોને તેડવા જવું? આઠમને અંગે ઉપવાસ ન કરે તો પ્રાયશ્ચિત પણ આઠમ છેજ નહીં તો પ્રાયશ્ચિત શાનું? ક્ષય પામેલી આઠમ ગણી તો ઉપવાસ ક્યાંથી આવ્યો? કહો કે-તિથિને અંગે આરાધના છે. આરાધનાને અંગે તિથિ નથી. આરાધનામાં પર્વતિથિ ક્ષય પામેલી માનીને તેનું આરાધન કરનારાઓ, મગજ ઠેકાણે લાવી વિચારે તો આ વસ્તુ બરાબર સમજાશે. ટીપ્પણામાં ભાદરવા શુદ ૪નો ક્ષય આવ્યો, તો આરાધનામાં સંવચ્છરી ક્યારે ગણવી? ક્યારે

*કરે ? ત્રીજે માનશે ને સંવચ્છરી કરશે ? શાસ્ત્રને અનુસરનારા.* ત્રીજનું નામ નહીં કહે. તત્ત્વતરંગિણીમાં ચોખ્ખા શબ્દેાાં કહ્યું છે કે–'૧૪નો **ક્ષય હોય તે વખતે 'તેરસ' એમ બોલાય નહીં**. કેટલાકો લબાડી કરે છે કે—એ તો પાંચ પચાસ વરસથી ચાલ્યું છે, તેમને ૧૬૧૪નો **તત્ત્વતરંગિણી** ગ્રંથ જોઇ લેવો કે–'ચૌદશના ક્ષયે તેરસ એવું નામ પણ કહેવાનો સંભવ નથી. ધર્મના કામમાં ચૌદશ જ છે. મુહૂર્તાદિ વિશેષકાર્ય સિવાય ૧૩ કહેવાય નહીં. હીરા સાથે તાંબાનું ઘર હોય, તેમાં હીરો જડયો હોય તો તાંબું લાવ તેમ કહે નહીં. હીરો લાવ. ટીપ્પણાની ચૌદશના ક્ષયે તેરશ તાંબા જેવી, ચૌદશ હીરા જેવી. તે વખતે ચૌદશનો જ વ્યપદેશ થાય જરૂરી મુહૂર્તાદિક સિવાય ૧૩ના નામની શંકા પણ ન કરવી. આ દરેક પાઠો શું કહે છે ? ૧૪ના ક્ષયે ૧૩ કરી લો, પણ ચોમાસી ૧૪ના ક્ષયે જો તમો તેરસ કરવા જાવ તો આચાર્ય કહેશે કે–તમે તો ૧૪ કે પુનમ બંનેમાં ન રહ્યા. બેમાંથી એકેમાં ન રહ્યા એ જ વાત **તત્ત્વતરંગિણી**માં જણાવે છે કે–'તારા કરતાં કૂતરાનું પુછડું સીધું કરવાનો ઉદ્યમ કર્યો હોત તો ઠીક થતે.' તે દહાડે ૧૩ કહેનારને કૂતરાના પુછડા જેવો વાંકો ગણ્યો. કેટલી વાંકાઈ ? આરાધનામાં પર્વતિથિનો ક્ષય માનનારા પાસે કોઇ એક પણ પાઠ કે પરંપરાનો આધાર નથી છતાં હજુ વાંકાઈ ગઈ નથી. તે વાંકાઇમાં તેઓ ચર્ચાનો ગ્રંથ ભલે લખે.

આગમની વાત કાઢો. જૈન ગણિત પ્રમાણે દરેક યુગમાં અંતમાં બે અષાડ. બીજી અષાડ સુધી પુનમનો ક્ષય જ હોય. ટીપ્પણામાં બીજા અષાડની પુનમ હોય જ નહીં, છતાં જ્યાં

યુગમાં ચોમાસી મર્યાદાનું વર્ણન કરે છે ત્યાં તે ક્ષીણ પુનમને અષાડી પુનમ ગણે છે=પુનમના નામથી જ શાસ્ત્રકાર સંબોધે છે. તે ક્ષીણ પુનમને પંચાંગીકાર પોતે અષાડી પૂનમ કેમ કહે છે? પૂનમનો ક્ષય છતા. ૧૪ ઉદયવાળી છતાં, પૂનમ ઉદયવગરની છતાં શાસ્ત્રકારે તેને પૂનમ તરીકે લીધી તેથી ૨૦ દહાડા સ્થિરતાના આવ્યા. ક્ષયવાદી-તિથિલોપકોને પૂછીએ કે--ભાદરવા સુદ ૪ને દિવસે તે ચોથનો ક્ષય હોય તો શું કરશો? ઉદયવાળી ત્રીજ માનીને તે ત્રીજને દિવસે સંવત્સરીની આરાધના કરશો?

યુગપ્રધાન કાલકાચાર્ય મહારાજા કહે છે કે-'એક પણ દિવસ ન વધારવો.' તો તમારે તો બીજે વરસે, તમે ચોથે સંવત્સરી કરો તો રાત્રી, ઉલ્લંઘન થાય કે નહીં? આ વર્ષે માની ત્રીજ, અને બીજે વરસે માની ચોથ! તો ૩૬૦ રાત્રીની મર્યાદા તમારે ક્યાં રહી? ૩૬૧મી રાત્રી ઉલંઘન થાય તેનું કેમ? ચોમાસી ચઉદશનો ક્ષય હોય તો આ વખતે તેરસે ચોમાસી કરશો પણ પછી બીજા વખતે શું કરશો? ૧૨૦ દિવસે કરશો કે ૧૨૧ દિવસે? સંજ્વલનની અપેક્ષાએ આગળ આગળના કષાયમાં જશો. એ રીતે પર્વલોપકોને કાલકાચાર્ય મહારાજાએ ના કહી તે રાત્રી ડગલે ને પગલે ઓળંગવી પડી. કાળથી અષ્ટમી આદિ તિથિઓ નિયમિત આરાધવાની જણાવી તે આઠમ-ચઉદશ-પૂનમ-અમાવાસ્યા તરીકે જણાવી. તેમાં પૌષધનિયમિત તિથિ ઉડાડી પૌષધ કરે તો આરાધનાના માર્ગમાં ન રહે કારણ કે-તે તિથિઓ નિયમિત પૌષધવાળી છે. આઠમ ચઉદશ સિવાય સાધુઓ ઉપવાસ ન કરે તો પ્રાયશ્ચિત નથી એટલા જ માટે શાસ્ત્રકારોએ "चतुष्पर्व्यां" કહ્યું. તે ચાર પર્વોમાં

ઉપવાસ ન કરે તો પ્રાયશ્ચિત કહ્યું. કેટલાક ઊંટ-ઉપાધ્યાયો પર્વતિથિને લોપવાના રસમાં શાસ્ત્રસિદ્ધ એવી રીતે ચારપર્વીને પણ જૂઠી રીતે પ્રચારે છે! યોગશાસ્ત્રની ટીકામાં ખુદ હેમચંદ્રાચાર્ય મહારાજે તે ચારપર્વીની વ્યાખ્યા કરેલી છે કે-આઠમ-ચૌદશ-પૂર્ણિમા અને અમાસ એ ચતુષ્પર્વી ગણાય છે, છતાં તેવા ઉંટ ઉપાધ્યાય, પુનમ અને અમાસને શાસ્ત્રસિદ્ધ પર્વમાંથી લોપી નાખવા બે આઠમ અને બે ચૌદશને ચતુષ્પર્વી તરીકે છાપીને પ્રચારે છે! એ પક્ષવાળાએ પ્રશ્નના ઉત્તરમાં ઉતરવું નહીં, અને આમ સ્વેચ્છાચારીપણે લખ્યા જ કરવું એ જ વાત રાખી છે. મળીને પ્રશ્નોત્તર કરવા, તે વાત એ વર્ગ શીખ્યા જ નથી. લખવાનો વખત આવ્યો, ત્યારે એકાંતમાં બેસીએ બંને પક્ષે પ્રશ્નોત્તરો કરવાનું અને પ્રશ્નોનો ખુલાસો કરવાનું નક્કી થવા મુજબ ૧૫ દિવસ સુધી પ્રશ્નો થયા. અહીંથી લેખિત સહી સાથે જવાબો અપાયા; અને એમને પ્રશ્નોના ઉત્તરો આપવાનું જણાવ્યું ત્યારે કહે-અમારે તો પ્રશ્નોના ઉત્તરો લેવાના છે, આપવાના નથી! આવી તો એ વર્ગની પ્રમાણિકતા છે. તે પર્વક્ષયવાદીઓએ ૧૫ દિવસ સુધી જે પ્રશ્નો પૂછ્યા છે, તે પ્રશ્નો પણ બધા લૌકિક ટીપ્પણ સંબંધીના જ પૂછ્યા! આગમ, શાસ્ત્ર કે સામાચારી આદિનો કોઈ ખાસ પ્રશ્ન જ નહીં! માત્ર 'અમે ગંભીર પ્રશ્નો કર્યા છે' એમ બિચારાઓએ પોતાના અંધ અનુયાયીઓને ઘડીભર બતાવ્યું. ટીપણું બંનેને માન્ય છે. પછી એને અંગે પ્રશ્નો શાને? હમારા પ્રશ્નો? તો વાત [illegible]ડાવી! ઉત્તરોની અશક્તિને પોકારતું લખાણ લખી મોકલ્યું. [illegible]ત અટકી. અટકવામાં સદ્‌ગૃહસ્થોને વચમાં નાખ્યા.

કહ્યું કે-અમારા પ્રશ્નો શરૂ કરવા જોઈએ. તેને બદલે લેખી ના કહી છે. એટલે તે ગૃહસ્થે કહ્યું-સાહેબ! પ્રશ્નો પૂછવાની ના કહેવાય? એટલે આપણે કહ્યું કે-બોલો, ત્યારે ક્યારે શરૂ કરીએ? તરત જ પ્રર્વલોપકે વકતા આદરી કે-'મારા પ્રશ્નો પૂરા થાય ત્યારે.' આપણે કહ્યું-ક્યારે પૂરા કરશો? તો કહે જ્યારે થાય ત્યારે! વચલા સદ્‌ગૃહસ્થને કહેવું પડેલ કે-"અંતઃકરણ સાફ ન થાય ત્યાં સુધી રસ્તો નહીં થાય.' પહેલાં હાલસોલ હું. એ જ પક્ષે નવું કાઢયું, ત્યારે કોને પૂછયું હતું! અત્યારે હું તમને જૂઠા વિરોધી કહું છું, પછી બીજાને વચમાં નાખવાની જરૂર શી? છતાં ગૃહસ્થોએ એ વાત ઉપાડી લીધી. અમારી તરફથી ત્રણની સંમતિ ન નાંખશો. બહાર નીકળે જ નહીં દૂરનાં નામ નાખ્યા. વાત રખડાવી. બચાવ આદર્યો કે 'મારે તો કમીટી શું કરે છે તે જોવાનું છે.' અંતે આપણે કમીટી કેમ નીમાઇ! તે વગેરે લોકોમાં જણાવી દેવું પડયું. મતલબ કે-પર્વલોપકો ચ્હાય તેટલા મથે પરંતુ પર્વતિથિનું આરાધન કાળથકી હોવાથી આરાધનામાં પર્વતિથિનો ક્ષય ગણવાનું આરાધકને પરવડે તેમ જ નથી. પર્વતિથિ કાળથકી આરાધનાનું સ્થાન ગણાય, તેથી પર્વતિથિનો આરાધનામાં ક્ષય ગણાય નહીં. જ્યોતિષચક્રે પર્વતિથિઓનો લોપ બતાવ્યો-અષાઢી પૂનમ જેવી પર્વિણીનોય ક્ષય બતાવ્યો, પણ પર્વનું આરાધન કાળથકી હોવાથી શાસ્ત્રકારોને તે પાલવ્યો નથી! એ પ્રમાણે દ્રવ્યથી, ક્ષેત્રથી અને કાળથી આરાધના જણાવી. ભાવથી આરાધના અગ્રે:—

**ભાગ ૧ લો સમાપ્ત.**